
દીપ ત્રિવેદી

બેસ્ટસેલર 'હું મન છું' ના લેખક દ્વારા લિખિત



હું કૃષ્ણ છું

કૃષ્ણની આત્મકથા 2

મથુરામાં મારા સંઘર્ષશીલ જીવનની કહાણી

VISIT…

LANZAROTE
Caliente.COM

હું કૃષ્ણ છું
ભાગ – 2

કૃષ્ણની આત્મકથા

મથુરામાં મારા સંઘર્ષશીલ જીવનની કહાણી

નં. પ્રસ્તાવના

નં. વિષય

લેખકનો પરિચય



દીપ ત્રિવેદી એક પ્રસિદ્ધ લેખક, વક્તા અને સ્પિરિચ્યુઅલ સાયકો-ડાયનેમિક્સના અગ્રિમ પ્રણેતા છે, જેઓ એક વ્યાપક દ્રષ્ટિકોણથી ન માત્ર લખે છે, બલ્કે વિભિન્ન વિષયો પર વ્યાખ્યાનો પણ આયોજીત કરે છે. તેમની સહુથી મોટી વિશેષતા એ છે કે તેમને વાંચવા અને સાંભળવા-માત્રથી માણસમાં આમૂલ સકારાત્મક પરિવર્તન આવી જાય છે. તેઓ પોતાના કાર્યો દ્વારા, આજ સુધી હજારો લોકોને સુખ અને સફળતાના માર્ગ પર અગ્રસર કરી ચૂક્યા છે.

દીપ ત્રિવેદીએ પોતાના આ કાર્યો દ્વારા પ્રકૃતિ, તેના નિયમ, તેનું આચરણ, તેની સાયકોલોજી અને તેના માનવી-જીવન પર પડનારા પ્રભાવને ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવ્યા છે. જીવનનું એવું કોઈપણ પાસું નથી જે તેમણે સ્પર્શ્યું ન હોય. તેઓ કહે છે કે સાયકોલોજી વિશે ઓછું જ્ઞાન અને અલ્પ સમજણ હોવી, એ જ મનુષ્ય-જીવનના તમામ દુ:ખો અને અસફળતાઓનું મૂળ કારણ છે.

શ્રેષ્ઠ વેચાણ કરનાર (બેસ્ટસેલર) પુસ્તક ‘ હું મન છું’ અને અન્ય અનેક પુસ્તકોના લેખક, દીપ ત્રિવેદીની ખાસ વાત એ છે કે તેઓ જીવનના ગહનતમ પાસાઓને સ્પર્શે છે અને તેમને સરળતમ ભાષામાં લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે, જેને કારણે કન્ફ્યૂઝનની ક્યાંય કોઈ ગુંજાઈશ જ નથી બચતી.

મનુષ્યજીવનની અગાધ સાયકોલોજી પરના તેમના પ્રભુત્વનો અંદાજો એ જ વાત પરથી લગાવી શકાય છે કે મનુષ્યના જીવન, સાયકોલોજી, આત્મા, પ્રકૃતિના નિયમ, ભાગ્ય તથા અન્ય વિષયો પર સર્વાધિક (લગભગ ૧૨૦૩૮) ક્વોટેશન લખવાનો રેકૉર્ડ તેમના નામે નોંધાયેલો છે, તદ્દુપરાંત મનુષ્યજીવન પર સર્વાધિક વ્યાખ્યાનો અને ‘ ભગવદ્ગીતા’ પર સર્વાધિક વ્યાખ્યાનો આપવાનો રેકૉર્ડ પણ તેમના નામે નોંધાયેલો છે, જેમાં તેમણે ૫૮ દિવસોમાં ગીતા પર ૧૬૮ કલાક, ૨૮ મિનિટ અને ૫૦ સેકંડ લાંબી ચર્ચા-વિચારણા કરી છે. આનાથી વિશેષ અષ્ટાવક્ર ગીતા તથા તાઓ-તે-ચિંગ પર સર્વાધિક વ્યાખ્યાનો આપવાનો રેકૉર્ડ પણ તેમના નામે નોંધાયેલો છે. આ બધા રેકૉર્ડ્સ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય રેકૉર્ડ્ પુસ્તકોમાં નોંધાયેલ છે અને આ બધા વ્યાખ્યાનો ભારતમાં લાઈવ ઑડિયન્સની સામે થયેલા છે.

તેઓ પોતાના લેખન અને વ્યાખ્યાનોમાં જે અનોખી સ્પિરિચ્યુઅલ-સાયકોલૉજીકલ ભાષા તથા અભિવ્યક્તિનો ઉપયોગ કરે છે, તેનો વાચકો અને શ્રોતાઓ પર તાત્કાલિક પ્રભાવ પણ થવા લાગે છે અને આ જ વાત તેમને આ ક્ષેત્રના અગ્રિમ પ્રણેતા બનાવે છે.

એમના વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો: www.deeptrivedi.com

દીપ ત્રિવેદી - વિખ્યાત વક્તા

દીપ ત્રિવેદી સાયકો-સ્પિરિચ્યુઅલ કન્ટેંટ, અવાજ, ભાષા તથા અભિવ્યક્તિનું એવું મિશ્રણ પ્રસ્તુત કરે છે કે જેને લીધે તેમને જોનારા અને સાંભળનારાઓમાં તત્કાળ પરિવર્તન આવે છે. સેંકડો લોકો કેવળ તેમને સાંભળવા-માત્રથી પરિવર્તિત થઈ ચૂક્યા છે. આ જ કારણ છે કે તેમને સ્પિરિચ્યુઅલ સાયકો-ડાયનેમિક્સના અગ્રિમ પ્રણેતા પણ કહેવાય છે.

દીપ ત્રિવેદી જીવન-સંબંધિત પ્રત્યેક વિષય પર પ્રકાશ પાડે છે. જીવનનું એવું કોઈ જ પાસું નથી જે તેમણે સ્પર્શ્યુ ન હોય. તેમણે અનેક વિષયો પર વક્તવ્ય આપ્યાં છે, જેમ કે ભગવદ્ગીતા, તાઓ-તે-ચિંગ, અષ્ટાવક્ર ગીતા તથા-

* પ્રકૃતિ કે નિયમ
* ટાઈમ એન્ડ સ્પેસ
* ધર્મ
* ડીએનએ-જીન્સ
* જીવન કી રાહ
* ડે-સ્લીપ
* મન ઔર બુદ્ધિ
* વ્યક્તિત્વ
* હીનતા
* ડર
* ગિલ્ટ
* ઈન્વોલ્વમેંટ
* પક્ષપાત
* અપેક્ષા
* સ્વીકાર્યશક્તિ
* નેચરલ ઇંટેલિજેંસ
* ટ્રાન્સફર્મેશન
* વિવાહ
* સ્વતંત્રતા
* ભવિષ્ય
* હિપોક્રેસી
* ક્રિએટિવિટી
* કોન્સન્ટ્રેશન
* સુખ ઔર સફલતા
* સમૃદ્ધિ
* અચ્છા-બુરા
* ભગવાન
* અહંકાર
* ક્રોધ

* સેલ્ફ-કૉન્ફિડેંસ
* પ્રેમ
* કન્ફ્યૂઝન

આ બધું તથા અન્ય પણ ઘણું બધું www.aatmanestore.com
તથા અન્ય ઈ-કોમર્સ સાઈટ્સ પર ઉપલબ્ધ છે.

લેખકની કલમથી...

'કૃષ્ણ' એક એવું વ્યક્તિત્વ છે કે જેના વિશે સૌ કોઈ જાણવા અને સમજવા ઈચ્છે છે. પરંતુ તેમને પૂર્ણપણે ભાગ્યે જ કોઈએ ક્યારેય જાણ્યા કે સમજ્યા હશે, જે કદાચ ક્યારેય કોઈની સમજમાં નથી આવ્યું. તેમના વ્યક્તિત્વની એટલી તો વિભિન્નતાઓ હતી કે તેઓ સંપૂર્ણપણે તો કોઈનીયે પકડમાં નથી આવ્યાં. છતાં પણ જેટલો પ્રેમ કૃષ્ણને મળ્યો અને જે રીતે લોકોએ તેમને હૃદયમાં વસાવ્યા, એ સ્વયં જ એક મિસાલ છે. તેમના વ્યક્તિત્વની કમાલ તો એ છે કે કોઈ તેમને પ્રેમી માને છે તો કોઈ ધ્યાની, કોઈ યોગી માને છે તો કોઈ કર્મવીર. અને મજાની વાત તો એ છે કે જે કોઈ, તેમના જે પણ રૂપને જાણે કે માને છે, તે તેમના તે સ્વરૂપનો દિવાનો બની જાય છે. જો કે ચોતરફ સૌ કોઈ તેમના પ્રશંસક જ છે, એવું પણ નથી. તેમના વ્યક્તિત્વનો વિરોધાભાસી પ્રભાવ એ પણ છે કે જ્યાં હિન્દુ ધર્મનાં અમુક જ્ઞાનીઓએ તેમને એકમાત્ર "પૂર્ણ-અવતાર" માન્યા, ત્યાંજ જૈન શાસ્ત્રકારોએ પોતાની જ સમજ, પોતાના જ હેતુઓ અને પોતાના જ કારણોસર, તેમને નરકમાં સ્થાન આપ્યું. પરંતુ કૃષ્ણનું વ્યક્તિત્વ આમનામાંથી કોઈની પણ વિચારસરણીનું મોહતાજ ક્યાં છે?

હવે ભલે તેમનું વ્યક્તિત્વ અન્ય કોઈની વિચારધારાનું મોહતાજ નથી, પરંતુ તેમનું વાસ્તવિક વ્યક્તિત્વ સમજવું તો છે જ. તેમનું જીવન જાણવું તો છે જ. આપણે એ તો જાણવું જ છે કે કારાગૃહમાં જન્મ પામી અને મોતનાં ઓથારમાં મોટા થયા બાદ પણ એમણે કઈ રીતે દ્વારકાધીશની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી? એ જાણવું પણ રોચક છે જ કે રાધા અને તેમનો પ્રેમ શું હતો? તેમણે શા માટે રાધાને છોડ્યા? શા માટે રાધા જીવનભર તેમની યાદમાં વ્રજની કુંજગલીઓમાં બાવરી બની ફરતી રહી? એ તો સમજવું જ પડશે કે આ વ્યક્તિ શું છે કે જેમની ઉપર એક તરફ તો મહાભારત જેવું વિનાશકારક યુદ્ધ કરાવવાનો આક્ષેપ મૂકાય છે, અને સાથે જ, બીજી તરફ જેમને ભગવદ્ગીતા જેવા સર્વશ્રેષ્ઠ જ્ઞાનના દાતા તરીકેનું ગૌરવ પણ પ્રાપ્ત છે. કૃષ્ણ એવું તે કેવું વિરોધાભાસી વ્યક્તિત્વ છે કે જેમને ચોર, કપટી, જૂઠ્ઠા અને દગાબાજ કહેનારાઓની પણ આજીવન ક્યારેય કોઈ કમી ન રહી, તો સાથે જ તેમના જીવનમાં વાસુદેવ, મધુસૂદન, કનૈયા, પરમાત્મા અને જ્ઞાની કહેવાવાળાઓની પણ ક્યારેય કોઈ અછત ન રહી. આટલું જ શું કામ, કૃષ્ણએ કેટલા લગ્ન કર્યા, તેમને કેટલા સંતાનો હતા, આ યાદવાસ્થળી શું છે, જેવા અનેક પ્રશ્નો પણ તેમના વિશે જાણવાની જિજ્ઞાસા જગાડે જ છે.

પરંતુ જિજ્ઞાસા જાગૃત થવા છતાં, તેમના જીવન વિશે કેટલા લોકો જાણે છે? કૃષ્ણનાં જીવન વિશેના તમામ સવાલોના જવાબ ક્યાં ઉપલબ્ધ છે? તેથી, આ વર્તમાન પુસ્તક મેં આ જ ઉદ્દેશથી લખ્યું છે કે જેથી તેમના જીવનનાં બધાં જ મહત્વપૂર્ણ પાસાઓથી સહુને જ્ઞાત કરાવી શકું. આને માટે મેં કૃષ્ણ વિશે ઉપલબ્ધ તમામ પૌરાણિક ગ્રંથો જેવા કે હરિવંશ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ્ભાગવત પુરાણ, માર્કન્ડેય પુરાણ, કૂર્મ પુરાણ, ભવિષ્ય પુરાણ, મહાભારત તથા અન્ય ઐતિહાસિક ગ્રંથોનું ગહન અધ્યયન કર્યું અને ત્યારબાદ તેમનામાં ઉલ્લિખિત તમામ સંવાદો અને કથા-પ્રસંગોના વ્યવહારિક તથા મનોવૈજ્ઞાનિક પાસાને સમજી લીધા બાદ જ આ પુસ્તક લખ્યું છે. આમાં, મેં ન માત્ર કૃષ્ણનાં ૧૦૮ વર્ષ લાંબા સંપૂર્ણ જીવન તથા તેની

તમામ મહત્વપૂર્ણ ઘટનાઓને સમાવિષ્ટ કરી છે, બલ્કે સાથે જ આમાં મેં કૃષ્ણનાં વ્યક્તિત્વને તેમની વાસ્તવિક સાયકોલોજીની વધુમાં વધુ નિકટ રાખવાની કોશિશ પણ કરી છે. સાથે જ તેમની જીવન-યાત્રાને રોચકતા પ્રદાન કરવાના હેતુથી, આને મેં એક વાર્તાનું સ્વરૂપ આપ્યું છે. અને કહેવાની આવશ્યકતા નથી કે જ્યારે વાર્તા છે, તો અનેક પ્રસંગોને સાહિત્યિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યથાસાધ્ય વિસ્તાર પણ આપવો પડ્યો છે.

હકીકતમાં હું એક સાયકોલૉજિસ્ટ છું. અને એક સાયકોલૉજિસ્ટની દ્રષ્ટિથી સમજીએ, તો વ્યક્તિ હોય, તેનું જીવન હોય અથવા તેના જીવનમાં ઘટનારી કોઈપણ અને કેવી પણ ઘટના હોય, છેવટે તો બધું જ એક સાયકોલૉજિકલ શ્રૃંખલાનો જ ભાગ છે. અને કૃષ્ણનું વ્યક્તિત્વ પણ, પોતાની તમામ મહાનતાઓ તથા જટિલતાઓ ધરાવતું હોવા છતાં, આમાં અપવાદ નથી. માન્યું કે માનસિક સ્તરે તેમણે આકાશની ઊંચાઈઓ આંબી છે, પરંતુ તેમ છતાં તેમની મનોદશા સમજથી પરે બિલકુલ નથી. અને મારું તો એ માનવું છે કે કોઈપણ ઘટનારી ઘટના કરતાં તેનાં ઘટિત થવાના કારણો વધારે મહત્વપૂર્ણ હોય છે. મનુષ્યએ “શું કર્યું” એ જાણવાથી વધુ મહત્વપૂર્ણ એ છે કે તેણે એ “કેમ કર્યું” તે જાણવું. તેથી, આ પુસ્તકમાં મેં જેટલું મહત્વ કૃષ્ણનાં જીવનને આપ્યું છે, તેટલું જ મહત્વ તેમની મનોદશાને પણ આપ્યું છે. અત: મને વિશ્ર્વાસ છે કે આ પુસ્તક આપને ન કેવળ કૃષ્ણના જીવનથી સુપરિચિત કરાવશે, બલ્કે તેમના વાસ્તવિક વ્યક્તિત્વ સાથે પણ તમારો પ્રત્યક્ષ પરિચય કરાવશે.

જ્યાં સુધી મારો સવાલ છે, તો મારું તો જીવન ભગવદ્‌ગીતાએ જ ઘડ્યું છે તથા કૃષ્ણ અને ભગવદ્‌ગીતા પૂર્ણપણે મારા હ્રદયમાં પોતાની પૂરેપૂરી સચ્ચાઈ સાથે વસેલાં છે. પરંતુ સામાન્ય માન્યતાથી અલગ, મારું એ સ્પષ્ટ માનવું છે કે કોઈને પણ ભગવાન બનાવી દેવા, એ તેમને આપણાથી દૂર કરી દે છે. એ કહેવું કે તેઓ ભગવાન જ જન્મ્યા હતા, એ તો તેમના દ્વારા પોતાની પ્રતિભાને વિકસાવવા માટે કરાયેલી મહેનત, તેમની પ્રજ્ઞા, તેમની ક્ષમતા અને તેમની જિજ્ઞાસાનું સરાસર અપમાન છે. કારણ કે સત્ય તો એ છે કે અહીં જે પણ વ્યક્તિ જે કંઈ પણ બન્યું છે, તેમાં તેની પ્રજ્ઞા, તેની ક્ષમતા અને તેની મહેનતનું સિંચન થયું જ છે. બાકી તો એ કહી દેવું બહુ સહેલું છે કે આ મહાન બન્યો, કારણ કે તેના ભાગ્યમાં લખ્યું હતું. બની શકે કે આ કદાચ તમને પોતાના મહાન ન બની શકવાનું એક મજબૂત બહાનું પ્રદાન કરી દે છે, પણ સત્ય એ છે કે વ્યક્તિની મહાનતાને તેના ભાગ્ય સાથે જોડીને, આપણે તેની પ્રતિભા અને મહેનતનું અપમાન કરીએ છીએ. એટલે જ મેં આ પુસ્તકમાં, કૃષ્ણની શીખવાની કળાથી માંડીને તેમના દરેક ગુણને પૂરા વિસ્તારપૂર્વક પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. અને તેમને યથારૂપ જાણવા અને ઓળખવાથી જ આપણને તેમના એ ગુણો શીખવામાં મદદ મળે છે. કૃષ્ણએ પણ જીવનમાં દરેક ઘટના અને દરેક વ્યક્તિ પાસેથી શીખ્યું છે. પ્રેમ, ધ્યાન, કર્મ અને જ્ઞાનના સર્વે શિખરો તેમણે પોતાની જિજ્ઞાસા અને કટિબદ્ધતાના આધારે જ સર કર્યા છે. અને...આ જ તેમનાં જીવનમાંથી શીખવા જેવું છે. ...હકીકતમાં, આ પુસ્તકે તેમના સંપૂર્ણ જીવનની સાથોસાથ તેમના ‘કૃષ્ણ’થી ‘જય શ્રીકૃષ્ણ’ બનવાની સંપૂર્ણ દાસ્તાન પણ પોતાનામાં સમાવિષ્ટ કરી છે. અને હું એ દાવા સાથે કહું છું કે હા, કૃષ્ણ, માનવજાતિના ઈતિહાસના એકમાત્ર સંપૂર્ણ વ્યક્તિત્વના સ્વામી છે, પરંતુ એનાથી પણ વધુ દ્રઢતાપૂર્વક હું એ કહું છું કે તેમણે આ મુકામ પોતાની લગની અને પ્રતિભાથી પ્રાપ્ત કર્યો છે. એટલે હું તેમની સાથોસાથ તેમના ખંત અને પ્રતિભાને પણ સલામ કરું છું.

અને જ્યાં સુધી મારો પ્રશ્ર્ન છે, તો હું તો તેમના ગુણોને પોતાના જીવનમાં ઉતારીને, તેમની સાયકોલોજી સાથે પોતાનું અંતર ઓછું કરવા માટે કટિબદ્ધ છું, જેથી તેમની જ જેમ, મને પણ જીવનના દરેક પડાવ પર માત્ર જીત હાંસલ થાય. હું પણ, ન માત્ર પોતાનું જીવન તેમની જેમ હસતા-ગાતા વીતાવી શકું, બલ્કે તેમની જ જેમ, મારું પણ આ જીવન માનવતાને કામ આવે, આ વાતની તેમનામાંથી પ્રેરણા પણ લઈ શકું. અને મને વિશ્ર્વાસ છે કે કૃષ્ણનાં જીવન તથા વ્યક્તિત્વ પર આધારિત આ પુસ્તક તમને પણ ઘણું બધું શીખવા અને સમજવાની પ્રેરણા આપશે. ...બસ, એ જ આશા સાથે કૃષ્ણની આ રસપ્રદ કહાણી હું તમને સમર્પિત કરી

રહ્યો છું.

દીપ ત્રિવેદી

કૃષ્ણ પર રિસર્ચની સંપૂર્ણ કથની

એમાં કોઈ બે મત નથી કે કૃષ્ણ એક ઐતિહાસિક વ્યક્તિત્વ છે, કેમ કે ઈતિહાસના અગણિત પૃષ્ઠોમાં તેઓ અંકિત છે. આ વાત હું એટલે કહી રહ્યો છું કેમ કે અનેક બુદ્ધિશાળી લોકો આવા મહાપુરુષોના જીવન અને અસ્તિત્વને એક સુંદર વાર્તાથી વધુ કંઈ નથી માનતા. ભલે બીજા ઘણાબધાની બાબતમાં આ વાત સાચી પણ છે, પરંતુ કૃષ્ણ વિશે એવું નથી. સાયકોલૉજિકલી કહું તો, જ્યારે વાર્તાના તાણાવાણા અને મનુષ્યના વ્યક્તિત્વની હારમાળા ભળી જાય, તો પછી તે વ્યક્તિ તથા તેના જીવનને કેવળ એક ચીલાચાલુ વાર્તા નથી માની શકાતાં.

ત્રણ વાતો કૃષ્ણના જીવનના ખરેખરા અસ્તિત્વની નક્કર સાક્ષી પૂરે છે. એક, જે વાર્તા હોય છે તેનો વાર્તાકાર એક જ હોય છે. ...એટલે તેનું સંપૂર્ણ જીવન એ વાર્તામાં જ સમાઈ જાય છે. પરંતુ કોઈ એવો ગ્રંથ નથી, જેમાં કૃષ્ણના સંપૂર્ણ જીવનનું વર્ણન હોય. કૃષ્ણ વિશે સૌથી વધુ ચર્ચાયેલો જૂનો તથા લોકપ્રિય ગ્રંથ મહાભારત છે. પરંતુ આ ગ્રંથ હસ્તિનાપુર-કેન્દ્રિત છે, તેથી તેની સમગ્ર વાર્તા કૌરવો અને પાંડવોની આસપાસ ભમે છે. આમાં મહદ્ અંશે કૃષ્ણનો ઉલ્લેખ ત્યારે જ આવે છે જ્યારે કૃષ્ણ, કૌરવો-પાંડવો કે હસ્તિનાપુરના સંપર્કમાં આવે છે. તેથી મહાભારતમાં ન તો કૃષ્ણના જન્મ કે બાળપણની કોઈ ચર્ચા છે કે ન તો તેમના જીવનના અંતિમ ૩૬ વર્ષોની કોઈ જ ચર્ચા છે. પણ તે છતાં એ માનવું પડશે કે કૃષ્ણનું સંપૂર્ણ સાયકોલૉજિકલ વ્યક્તિત્વ કેવળ મહાભારતમાં ઉપલબ્ધ છે. આ હું એટલે કહી રહ્યો છું કેમ કે ભગવદ્ગીતા મહાભારતનો જ અંશ છે, જે કૃષ્ણ-અર્જુન વચ્ચેના સંવાદ સ્વરૂપે સંકલિત છે. અને આમાં કૃષ્ણ અર્જુનને જે સમજાવે છે, તે ન માત્ર તેમના જીવનનો અનુભવ છે, પણ એ તમામ વાતો તેમના વ્યક્તિત્વનો ભાગ પણ છે.

આ ઉપરાંત કહું તો કૃષ્ણનું જીવન ટુકડે-ટુકડે અનેક ગ્રંથોમાં ઉપલબ્ધ છે, અને જો આ બધાના તાણાવાણા મેળવવામાં આવે તો બહુધા તેમનું સંપૂર્ણ જીવન મળી જાય છે. અહીં ખાસ કરીને એ વાત સમજવાની છે કે મહાભારતના પણ લગભગ એક લાખ શ્લોકોમાંથી માત્ર ૮૮૦૦ શ્લોકો જે "જય-ખંડ" તરીકે ઓળખાય છે, તેમની રચના જ ઈ. પૂર્વે ૩૦૦૦માં થઈ છે, ...બાકીના સઘળા શ્લોકો મહાભારતમાં ઈ. પૂર્વે ચોથીથી બીજી સદી દરમ્યાન જોડી દેવામાં આવ્યા છે. અર્થાત્ જણાવવાની જરૂર નથી કે નેવું ટકા મહાભારત પણ પાછળથી જુદાજુદા લોકો દ્વારા લખવામાં આવ્યું છે.

જો કે, ત્યાર બાદની વાત કરવામાં આવે તો મહાભારત પછીના લગભગ ૧૦૦૦ વર્ષોમાં ૧૫ બીજા મુખ્ય ગ્રંથો છે જેમાં કૃષ્ણના જીવનનો ઉલ્લેખ છે. પણ તેમાં મુખ્યત્વે હરિવંશ પુરાણ અને વિષ્ણુ પુરાણ જ છે, જેમાં કૃષ્ણના જીવનનો સંપૂર્ણ ઉલ્લેખ છે. અને જો કૃષ્ણના જીવન વિશે કંઈ પણ લખવું કે બોલવું હોય તો આ બે ગ્રંથો જ છે કે જેમને સૌથી વધુ મહત્વના અને વિશ્વાસપાત્ર માની શકાય છે. ...તે છતાં હું તમારી સમક્ષ મહાભારત ઉપરાંતના તમામ પંદર ગ્રંથોનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત કરી રહ્યો છું.

ગ્રંથનું નામ સર્વમાન્ય રચનાકાળ

૧. મહાભારત :- સંપૂર્ણ એક લાખ શ્લોકોમાંથી મૂળ ૮૮૦૦ શ્લોકો (જે 'જય-ખંડ'ના નામથી પણ ઓળખાય છે)ની રચના લગભગ ઈસ્વીસન પૂર્વે ૩૦૦૦માં થઈ તથા શેષ રચના ઈસ્વીસન પૂર્વે ચોથી થી બીજી સદીમાં થઈ.

૨. શતપથ બ્રાહ્મણ :- લગભગ ઈસ્વીસન પૂર્વે નવમી સદીમાં રચાયેલા યજુર્વેદની શાખાના આ બ્રાહ્મણ ગ્રંથમાં કૃષ્ણનું વર્ણન વૃષ્ણિવંશીઓના એક સંઘર્ષશીલ યોદ્ધાના રૂપે થયું છે.

૩. ઐતરેય આરણ્યક :- લગભગ ઈસ્વીસન પૂર્વે નવમી સદીમાં રચાયેલા ઋગ્વેદની શાખાના આ આરણ્યક ગ્રંથમાં પણ કૃષ્ણનું વર્ણન વૃષ્ણિવંશીઓના એક સંઘર્ષશીલ યોદ્ધાના રૂપે થયું છે.

૪. નિરુક્ત :- મહર્ષિ યાસ્ક દ્વારા ઈસ્વીસન પૂર્વે છઠ્ઠી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં સ્યમન્તક મણિનું વર્ણન

મળે છે, જે કૃષ્ણ-કથાનો એક મહત્વપૂર્ણ અંશ છે.
૫. અષ્ટાધ્યાયી :- પાણિનિએ આ ગ્રંથની રચના ઈસ્વીસન પૂર્વે છઠ્ઠી સદીમાં કરી. આ વ્યાકરણ ગ્રંથમાં, કૃષ્ણ તથા તેમના જીવન સાથે સંકળાયેલા કેટલાક શબ્દોની વ્યાખ્યા અપાયેલી છે.
૬. ગર્ગ સંહિતા :- ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં, કૃષ્ણના જન્મ અને શૈશવકાળનું વિવરણ મળે છે. પરંતુ પંદરમાં સૈકામાં પહોંચ્યા બાદ બ્રાહ્મણવાદ, અવતારવાદ તથા પૂજાપાઠ અને કર્મકાંડને લગતી સામગ્રીને ભારે પ્રમાણમાં આમાં ઘુસાડીને એને વિકૃત કરી દેવાયો. એટલે આ ગ્રંથના અધ્યયનમાં સાવચેતીની આવશ્યકતા છે.
૭. જાતક કથા :- લગભગ ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં રચાયેલા આ બૌદ્ધ ગ્રંથના ઘટક પંડિત જાતક કથામાં કૃષ્ણનો ઉલ્લેખ કરાયો છે.
૮. અર્થશાસ્ત્ર :- ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં કૌટિલ્યએ પોતાના આ પ્રસિદ્ધ ગ્રંથમાં વસુદેવના પુત્ર વાસુદેવના રૂપે કૃષ્ણનું વર્ણન કર્યું છે.
૯. ઈંડિકા :- ઈસ્વીસન પૂર્વે ચોથી અને ત્રીજી સદીમાં યુનાની વિદ્વાન મેગસ્થેનિઝ દ્વારા રચાયેલા આ ગ્રંથમાં સૌર્સેની આદિજાતિના હેરાક્લિસના રૂપે કૃષ્ણનું જ વર્ણન કર્યું છે.
૧૦. હરિવંશ પુરાણ :- ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં ઉગ્રશ્રવા દ્વારા રચાયેલા આ ગ્રંથમાં કૃષ્ણના જન્મથી લઈને તેમના લગભગ સર્વ પરાક્રમોનું વર્ણન છે.
૧૧. વિષ્ણુ પુરાણ :- ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં કોઈ અજ્ઞાત રચનાકાર દ્વારા રચાયેલો આ જ સૌથી જૂનો ગ્રંથ છે, જેમાં સૌપ્રથમ વાર કૃષ્ણના જન્મથી લઈને મૃત્યુ સુધીનું પૂર્ણ વિવરણ એકત્ર કરાયું છે.
૧૨. મહાભાષ્ય :- ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં પતંજલિએ આ ગ્રંથમાં કૃષ્ણનું યશોગાન કર્યું છે.
૧૩. પદ્મ પુરાણ :- ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં પાતાલ ખંડની અંદર રામની સાથેસાથે પ્રસંગોપાત કૃષ્ણ-જન્મ તથા તેમની બાળલીલાનું વર્ણન મળે છે.
૧૪. માર્કન્ડેય પુરાણ :- ઈસ્વીસન બીજીથી ચોથી સદી દરમ્યાન રચાયેલા આ પુરાણમાં પણ ઘણી જગ્યાએ પ્રસંગોપાત કૃષ્ણનું નામ આલેખિત છે.
૧૫. કૂર્મ પુરાણ :- ઈસ્વીસન બીજીથી ચોથી સદી દરમ્યાન જ રચાયેલા આ પુરાણમાં પણ કૃષ્ણ-બલરામ સહિત યદુવંશીઓનું વર્ણન મળે છે.

હવે આમાં મહત્વની વાત એ છે કે આ ગ્રંથોમાં પણ કૃષ્ણના જીવન સંબંધી અનેક્ વાતોમાં વિરોધાભાસ છે. પરંતુ, મેં આ વિશાળ કહાણી લખતી વખતે, તેમના જીવનની જે વાતો કે કિસ્સા તેમના વ્યક્તિત્વ સાથે સુસંગતતા ધરાવે છે, તેમને જ પસંદ કર્યા છે. હું એ સ્પષ્ટ કરી દઉં કે હું એક સાયકોલૉજિસ્ટ છું તથા સ્પિરિચ્યુઅલ સાયકોલોજી લખું, બોલું અને જાણું છું, અને સ્પિરિચ્યુઅલ સાયકોલોજીનો અર્થ છે કે સંસારમાં કંઈ પણ રહસ્ય નથી, એટલે એવી કોઈ વાત નથી જે જાણી અને કહી ન શકાતી હોય.

આ વાતને આગળ વધારું, તો ભગવદ્દગીતા એક એવો ગ્રંથ છે જેને વાંચતાં જ સમજાય જાય છે કે આ વાતો કોઈ ચેતનાના શિખર પર બેઠેલા વ્યક્તિએ કહી છે. કોઈપણ સ્પિરિચ્યુઅલ સાયકોલોજીનો જાણકાર આ વાતની સાક્ષી પૂરી દેશે. અને જ્યારે ભગવદ્દગીતા કહેનાર વ્યક્તિ આટલો જ્ઞાતા હોય તો એનો અનુભવ પણ બહોળો હોવો જ જોઈએ. કેમ કે એ સ્પષ્ટ સમજી લેવું કે સાયકોલૉજિકલી, જે કોઈ, જે કંઈ પણ કહી રહ્યો છે એ તેનો અનુભવ છે, અને જણાવવાની જરૂર નથી કે આ અનુભવ તેને જીવનમાંથી થયો છે. અર્થાત્ જે કોઈ, જે કંઈ પણ કહી રહ્યો છે એ તેના જીવનનો સાર છે, અર્થાત્ એ જ તેનું વ્યક્તિત્વ છે જેની આસપાસ તેનું જીવન વીત્યું છે. તેથી હું અહીં સ્પષ્ટ કરી દઉં કે કૃષ્ણના જીવન પરના તમામ રિસર્ચ ઉપરાંત, મેં તેમના જીવન પર આધારિત આ કહાણી લખતી વખતે ભગવદ્દગીતામાં તેમના સ્વયંના શબ્દોમાં વર્ણવેલા તેમના સ્વભાવને વધુ મહત્વ આપ્યું છે. કારણ કે માનવજીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ તેની પોતાની સાયકોલોજી છે, અને તે જ

એ નક્કી કરે છે કે કઈ પરિસ્થિતિઓમાં કયો મનુષ્ય શું કરશે અથવા તેણે શું કર્યું હશે. માટે કઈ પરિસ્થિતિઓમાં કૃષ્ણએ શું વિચારીને, શું અને શા માટે કર્યું હશે, એ જ તેમના જીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ છે. સાચું કહું તો જેના અંતરમાં સ્પિરિચ્યુઅલ સાયકોલોજીની જ્યોત પ્રગટી રહી હોય, તેના માટે તો કૃષ્ણનું સંપૂર્ણ જીવન ભગવદ્‌ગીતામાં વર્ણવેલું જ છે, બાકી તો તેણે ફક્ત જીવનના તાણાવાણા જોડવાના છે. તથા એ જ કારણ છે કે મેં આ આખા પુસ્તકમાં, જ્યારે પણ કૃષ્ણએ જે અનુભવ્યું અને પોતાનો તે અનુભવ તેમણે ગીતાના કથન વખતે અર્જુનને કહ્યો, એ બધા શ્ર્લોકોને એ કિસ્સાઓ સાથે જોડી દીધા છે.

આ પુસ્તકને રિસર્ચ કરવામાં અને લખવામાં મને પૂરા પાંચ વર્ષ લાગ્યા, અને દેખીતી રીતે જ એ પાંચ વર્ષોમાં મેં બીજું કંઈ નથી કર્યું. અને ચોખ્ખું કહું તો એ પાંચ વર્ષ મેં કેવળ કૃષ્ણ અને તેમની કહેલી ભગવદ્‌ગીતા સાથે વીતાવ્યા. ...અથવા કહું કે એ દરમ્યાન મેં પોતાની પૂરેપૂરી ચેતના કૃષ્ણમય કરી દીધી હતી, તો એ અયોગ્ય નહીં ગણાય.

ખેર, કૃષ્ણના જીવન વિશેના ગ્રંથોમાં કરાયેલી ચર્ચાઓને જો હું બે ભાગમાં વિભક્ત કરું તો એક એ ગ્રંથો છે, જે ઈસ્વીસન પૂર્વે લખાયા જેમાં કૃષ્ણને એક કુશળ યોદ્‌ધા અને એક મહામાનવ તરીકે વર્ણવવામાં આવ્યા છે, પરંતુ તત્પશ્ર્ચાત્ અનેક ગ્રંથો ઈસ્વીસન પશ્ર્ચાત્ લખાયા જેમાં સૂરદાસ દ્‌વારા રચાયેલા સૂરસાગર તથા પ્રસિદ્‌ધ ગ્રંથ ભાગવત્ પુરાણ પણ સમાવિષ્ટ છે.

અને સ્પષ્ટ રીતે, આ તમામ ગ્રંથોના આગમન પછી જ કૃષ્ણના જીવનમાં શ્રૃંગારરસ અને ચમત્કારોનું આગમન થયું. હશે, મેં તો કૃષ્ણને એક સદ્‌ગુણી મહામાનવ તરીકે જ જાણ્યા છે. તેથી મેં આ પુસ્તકના રિસર્ચમાં પ્રાચીન તેમજ પ્રામાણિક ગ્રંથોનો જ આધાર લીધો છે. હા, વચ્ચે જ્યાં તંત ન મળ્યો, ત્યાં સાયકોલૉજિકલી જે શ્રેણીમાં હોવો જોઈએ તે કિસ્સો ચિત્રાંકિત કર્યો છે. ઈસ્વીસન પછીના ગ્રંથ તથા તેમનો સર્વમાન્ય રચનાકાળ:

ગ્રંથનું નામ સર્વમાન્ય રચનાકાળ

૧. ભાગવત પુરાણ :- ઈસ્વીસન પાંચમીથી દસમી સદીની વચ્ચે રચાયેલા આ ગ્રંથના સંપૂર્ણ દશમ સ્કંધ તથા પ્રારંભિક અગિયારમાં સ્કંધમાં કૃષ્ણ-જન્મથી લઈને યાદવાસ્થળી માટે પ્રયાણ કરવા સુધીની કથાનું વિસ્તૃત વર્ણન મળે છે.

૨. જૈનોનું હરિવંશ પુરાણ :- ઈસ્વીસન સાતમીથી આઠમી સદીમાં એક જૈન સંત, આચાર્ય જિનસેન દ્‌વારા રચાયેલા આ ગ્રંથમાં પણ સમગ્ર કૃષ્ણ-કથાનું વિવરણ ઉપલબ્ધ છે.

૩. ગીત ગોવિન્દ :- તેરમાં સૈકામાં જયદેવ દ્‌વારા લખાયેલા આ સંસ્કૃત ગ્રંથમાં કૃષ્ણ-રાધાનાં પ્રેમને અલૌકિક દર્શાવીને તેમની અનેકવિધ લીલાઓનું વર્ણન કરાયું છે.

૪. પદાવલી :- સદીમાં બિહારના વિદ્યાપતિએ ભાગવત પુરાણ અને જયદેવના ગીત ગોવિન્દનો આધાર લઈને, રાધા-કૃષ્ણની અનેકવિધ લીલાઓનું વર્ણન કર્યું છે.

૫. સૂર સાગર :- પંદરમાં સૈકામાં પુષ્ટિમાર્ગના કવિ સૂરદાસ દ્‌વારા રચાયેલા આ ગ્રંથમાં મુખ્યત્વે કૃષ્ણની બાળલીલાનું વર્ણન છે.

૬. ગુરુ ગ્રંથ સાહેબ :- ઈ. ૧૪૬૯ થી ૧૭૦૮ દરમ્યાન ભિન્ન-ભિન્ન શીખ ધર્મગુરુઓ દ્‌વારા સંકલિત પદોમાંથી ૨૪૯૨ દોહા કૃષ્ણની અનેકવિધ લીલાઓ સાથે સંકળાયેલા છે.

૭. પ્રેમ સાગર :- વિષ્ણુ પુરાણ અને ભાગવત પુરાણની કથાઓના આધારે ઈ. ૧૮૧૦માં લલ્લુ લાલે આ ગ્રંથની રચના કરી. આમાં કૃષ્ણની અનેકવિધ લીલાઓનું અતિશયોક્તિભર્યું વર્ણન છે.

૮. શ્રી પ્રેમ સુધા સાગર :- ગીતાપ્રેસ દ્‌વારા ભાગવત પુરાણના દશમ સ્કંધનું હિન્દીમાં ભાષાંતર કરી, આ નામથી ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

૯. સુખ સાગર :- ભાગવત પુરાણની કથાને સરળ હિન્દી ભાષામાં લખી માખનલાલ ખત્રી દ્‌વારા આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

આ ઉપરાંત, કૃષ્ણ ઉપર લખાયેલી એક કહાણી 'મેરી આત્મકથા'માંથી પણ અમુક કિસ્સા આમાં લેવામાં આવ્યાં છે.

નોંધ: સાથે જ મેં વાચકોની અનુકૂળતા માટે, કૃષ્ણના જીવનના જે કિસ્સા મારા પુસ્તકમાં વર્ણવ્યા છે, તેમને કયા-કયા ગ્રંથોમાંથી લેવામાં આવ્યા છે, તે એક ફૂટનોટ થકી એ જ પેજ પર દર્શાવી પણ દીધું છે. હું આશા રાખું છું કે મારો આ પ્રયાસ તથા મારા દ્વારા લખાયેલી આ રસપ્રદ કહાણી તમને ગમશે. અને એનાથી પણ વધુ મહત્વપૂર્ણ એ કે કૃષ્ણના ચૈતન્યની ઊંચાઈ અને તેમની જીવવાની કળા, આપણને સહુને પોતાના જીવનની નવી ઊંચાઈઓ પર પહોંચવામાં મદદરૂપ સિદ્ધ થશે. ...બસ, આ આશા સાથે હું આ પુસ્તક તમને લોકોને સમર્પિત કરું છું.

કહાણી અત્યાર સુધીની...
હાર અને જીત; બન્નેમાં ઝૂમનારા બહુ જ ઓછા થયા છે...
હું તેમનામાંનો જ હતો...!

મથુરાના એક કારાગૃહમાં જનમવા છતાં, હું પિતા વસુદેવને લીધે મોતને હરાવી શક્યો, જેઓ મને એ રાતે મથુરાની પાસે આવેલા ગોકુળ નામના ગામે લઈ ગયા. મારું બાળપણ મારી પ્રેમાળ મા યશોદાનાં લાડ પ્રેમમાં વીત્યું અને મોટો થતાં થતાં તો હું ગોકુળમાં સૌની આંખોનો તારો બની ગયો. જોકે મારું બાળપણ મામા કંસને કારણે સંકટ અને સંઘર્ષોથી ઘેરાયેલું રહેતું હતું, પરંતુ હું કૃષ્ણ હતો - એક કર્મવીર, જેણે ક્યારેય હાર નથી માની અને દરેક સંકટમાં વિજય મેળવ્યો. આમ, સંકટોને પરાજીત કરવા અને જીતવું એ બહુ જલદી મારો સ્વભાવ બની ગયો. જ્યારે મેં જોયું કે મનુષ્યતાની પરવા કર્યા વગર ઈન્દ્રપૂજા જેવી જૂની પરંપરાઓનું પાલન થઈ રહ્યું છે, ત્યારે મેં તેનો સખત વિરોધ કરીને તેને રોકાવી. જ્યારે વરુઓનાં ઝુંડે મારા સુંદર ગામ ગોકુળ પર હુમલો કર્યો, ત્યારે મેં ગોકુળવાસીઓ સાથે સ્થળાંતરનો નિર્ણય કર્યો અને યમુના નદીના કિનારે ગોવર્ધન પર્વતની તળેટીમાં સ્થિત વૃંદાવનમાં આશરો લીધો.

મોટો થતાં થતાં મારું આકર્ષણ અનેકગણું વધી ગયું અને આવામાં વૃંદાવનની પ્રત્યેક ગોપીના હૃદયમાં બસ એક જ નામ ધબકવા લાગ્યું... કનૈયો. પરંતુ બધાનાં દિલો પર રાજ કરનારો... આ કનૈયો, જેના અને જેના મનમોહક હાસ્યએ વૃંદાવનની ગોપીઓ પર પોતાનો જાદુ વેરી રાખ્યો હતો, એજ કનૈયો એક દિવસ રાધાની સુંદરતા પર પૂર્ણપણે વારી ગયો હતો. અને પછી એજ રાધા આગળ જતાં મારા જીવનનો પ્રેમ પણ બની અને મારી પ્રેરણા પણ. તેમજ રાધા મારી મિત્ર પણ બની અને માર્ગદર્શક પણ. ખેર, મારે માટે જીવન ઉતાર-ચડાવથી સભર એક સુંદર યાત્રા હતી, જ્યાં ક્યારેક હું કેશી અને પૂતના જેવા રાક્ષસોનો સામનો કરતો, તો ક્યારેક રાધા અને ગોપીઓ સાથે રાસલીલા રમીને આનંદની પરાકાષ્ઠાનો અનુભવ કરતો. મેં વિચાર્યું હતું કે મારું જીવન આમ જ વીતી જશે, જ્યાં વૃંદાવનનો આ ગોવાળ ક્યારેક ગોપીઓ સાથે રાસ રમશે તો ક્યારેક રાક્ષસો સાથે બાથ ભીડશે. પણ કુદરતને કંઈ બીજું જ મંજૂર હતું. હકીકતમાં એક અણધારી અને રોચક ઘટના મારી સાથે ત્યારે બની જ્યારે મામા કંસે મને મથુરામાં આમંત્રિત કર્યો. જોકે હું એ સદૈવ જાણતો હતો કે તેઓ મારા લોહીનાં તરસ્યા છે, પણ મને એ ખબર નહોતી કે આ બધું આટલી જલદી બની જશે. બન્યું એવું કે જ્યારે હું મથુરા પહોંચ્યો, તો ત્યાં તેમણે ષડયંત્રપૂર્વક આ ધરતીપરથી મારું અસ્તિત્વ ખતમ કરવાની શક્ય હોય તેટલી બધી જ કોશિશ કરી, પણ હું હેમખેમ બચવામાં સફળ રહ્યો. પરંતુ જ્યારે તેમણે પિતાજી અને ગોવાળો સહિત બધાંને મારવાનો આદેશ આપ્યો, ત્યારે કોઈ જ વિકલ્પ ન રહેતા, મારે તેમનો વધ કરવો પડ્યો. કેમકે મારું કાયમ એ માનવું હતું કે જ્યારે કોઈ મનુષ્યતા માટે જોખમરૂપ થઈ જાય, ત્યારે તેનો વિનાશ અનિવાર્ય છે. જોકે મેં તેની હત્યા નિ:સ્વાર્થભાવથી જ કરી હતી, પરંતુ મને એનું ભાન હતું કે આમ કરવાથી હું મારા જીવનને ખૂબ જ મોટા જોખમમાં નાંખી રહ્યો છું. મને લાગી જ રહ્યું હતું કે મારું જીવન અહીં જ સમાપ્ત થઈ જશે, કારણ કે મારા જેવા એક સામાન્ય ગોવાળે મથુરાના રાજાનો વધ તેની જ પ્રજાની સામે કર્યો હતો. હવે તેના સૈનિકો શું કરશે? મથુરાની પ્રજાની શું પ્રતિક્રિયા હશે? શું તેમના રાજાની હત્યા કરવા બદ્લ મને સજા કરવામાં આવશે? કે પછી મારા જીવનને બક્ષવામાં આવશે...?

અધ્યાય - ૧

મારું મથુરાની રાજગાદીને ઠુકરાવવું

આ તરફ આખા પ્રાંગણમાં હજુ પણ ઉહાપોહ મચ્યો હતો. કેટલાક લોકો તો ડરને લીધે ઘરે જવા લાગ્યા હતા. પણ બાકીના લોકો ઉત્સુકતાવશ હજુ પણ બેઠેલા હતા. બધું સમુંસૂતરું થતું જોઈને હું પણ મહદ્અંશે નિશ્ચિંત થઈ ગયો હતો. અને કહેવાની જરૂર ખરી કે નિશ્ચિંત થતાં જ અવળચંડી નજર ફરી એક વાર રુક્મિણી પર જઈને અટકી. અત્યાર સુધી તો એ પણ સામાન્ય થઈ ગઈ હતી અને સાચું કહું તો શાંત રુક્મિણી ઘણી પ્રેમાળ લાગી રહી હતી. હું એની આ ભોળી મુખમુદ્રા પર એવો મોહી ગયો હતો કે હાથ હલાવીને એનું અભિવાદન કરી બેઠો. અને તમે માનશો નહીં કે પ્રત્યુત્તરમાં એણે પણ ઊભાં થઈને હસીને હવામાં હાથ હલાવ્યો. હું તો ગાંડો થઈ ગયો. મને રાજકુમારી પાસેથી આવા પ્રેમસભર પ્રતિસાદની આશા નહોતી. ખુશીનો માર્યો હું તો એવો ઝૂમી ઊઠ્યો કે પગ જમીન પર પડતા નહોતા. ...પરંતુ શું કહું, મારી આ ખુશી લાંબા વખત સુધી ટકી નહીં, કારણ કે ત્યારે જ ત્યાં આવેલ રુક્મીએ આ દ્રશ્ય જોઈ લીધું. કોણ જાણે કેમ પણ એનું હાથ લહેરાવીને મારું અભિવાદન કરવું એનાં ભાઈ રુક્મીને ગમ્યું નહીં. એણે હાથ પકડીને રુક્મિણીને પાછી નીચે બેસાડી દીધી. મને રુક્મીની રુક્મિણી પરની, ...મારી રુક્મિણી પરની, આવી જોર-જબરદસ્તી પસંદ ન પડી. હું ઉદાસ થઈ ગયો. સાચું કહું તો રુક્મીના વ્યવહારથી મને એવી અનુભૂતિ થઈ ગઈ કે રુક્મિણી હજુ મારી નથી. ...હજુ હું આ આઘાતમાંથી બહાર આવું, એ પહેલા એક બીજો ઝટકો લાગ્યો. અચાનક સેનાપતિને શું સૂઝ્યું કે એ પોતે કડક સુરક્ષા સાથે રાજમહેલની મહિલાઓ, રાજકુમારીઓ અને યુવરાજોને રાજમહેલમાં લઈ ગયા. અફસોસ એ કે સાથે રુક્મિણીને પણ જવું પડ્યું. એટલે સેનાપતિજીએ મારો અહેસાસ વધારે પાક્કો કરી દીધો. બસ, હું આ ખીચોખીચ ભરેલા પ્રેક્ષાગારમાં જતી મારી સપનાની રાણીને, ભારે હૈયે જોતો રહી ગયો.

ખેર! એનાં જતાં જ હું પૂર્ણ રીતે પ્રાંગણમાં આવી ગયો. આ પણ મારા મનની એક અદ્ભુત વિશેષતા હતી, કે એક રંગથી બીજા રંગમાં ઢળતા પળવાર પણ લાગતી નહોતી. આમ પણ આજે આ ગુણ અતિ મહત્વપૂર્ણ હતો. પળપળ બદલાઈ રહેલી પરિસ્થિતિ અને ઝડપથી ઘટી રહેલી ઘટનાઓ પર તીક્ષ્ણ નજર સતત રાખવા માટે આજ એક ગુણનો આશરો હતો. બસ, રુક્મિણીના પ્રસ્થાન સાથે જ હું પૂર્ણ રીતે હોશમાં આવ્યો, અને હોશમાં આવતાં જ હું પૂર્ણ રીતે સાવધાન પણ થઈ ગયો. હવે આટલા મોટા રાજાના હિતેચ્છુઓ પણ જરૂર હશે, જેમને મારા દ્વારા થયેલો 'કંસ-વધ' ન ગમ્યો હોય. ક્યાંક એવું ન થાય કે તેઓ કંસના મોતનો બદલો લેવા માટે મારા પર હુમલો કરી બેસે. એટલે હું ઈચ્છું કે ન ઈચ્છું, ફરી એક નવા ઘર્ષણની મજબૂત શક્યતા ઊભી જ હતી. અને ચોક્કસપણે આવામાં રાજકીય મંચ પર રોકાવું સુરક્ષિત કહી શકાય તેમ નહોતું. બસ, આ વિચાર આવતા જ હું તરત ભાઈની સાથે, રાજકીય મંચ પરથી પલાયન થઈ ગયો અને પ્રાંગણમાં આવીને સામાન્ય લોકોની વચ્ચે ઊભો રહી ગયો. દોટ તો એવી મૂકી કે જાણે મોત આવી જ ગયું હોય. મોત આવી પણ શકતી હતી. કારણ કે કોઈપણ અણધાર્યો હુમલો રાજકીય મંચ પર જ થઈ શકે એમ હતો. સીધી રીતે, કંસના મોટા ભાગના હિતેચ્છુઓ ત્યાંજ હાજર હતા. એનાથી તો હું જનતાની વચ્ચે પ્રાંગણમાં વધારે સુરક્ષિત હતો. આમ તો ભલે ગમે ત્યાં રહુ પણ ક્યાંય સંપૂર્ણ રીતે સુરક્ષિત નહોતો... આ વાતનું મને બરાબર ભાન હતું. દ્રશ્ય એવું હતું કે હું સામાન્ય પ્રેક્ષકગૃહમાં આમ પ્રજાની વચ્ચે ઊભો હતો. દરેક જણ મને વિસ્મયભરી નજરે જોઈ રહ્યું હતું. આમ તો અહીંથી ભીડ સતત ઓછી થતી જતી હતી. એક સમયે ખીચોખીચ ભરાયેલા આ પ્રાંગણમાં અત્યારે સહેલાઈથી આવન-જાવન શક્ય હતું. બીજી બાજુ અત્યાર સુધીમાં રાજકીય-મંચ તો લગભગ ખાલી થઈ ગયો હતો. ખાલી તો ત્યાં પડેલું કંસનું સિંહાસન પણ દૂરથી જ નજરે ચડતું હતું. હા, વીસ-ત્રીસ શસ્ત્રસજ્જ સૈનિકો અવશ્ય એની આસપાસ હજુ પણ ધીરેથી ચાલતા દેખાતા હતા. ચાલવા દો, આ તરફ નથી આવી રહ્યા, ત્યાં સુધી કોઈ જોખમ નથી. એકંદરે મારી નજર સતત 'રાજકીય મંચ' પર જ ચોંટેલી હતી. હું હજુ પણ ત્યાંની પ્રત્યેક નાનામાં નાની ગતિવિધિઓ પર નિરન્તર નજર જમાવીને બેઠો હતો. ત્યાંજ કંસની બંને પત્નીઓ અસ્તિ અને પ્રાપ્તિ, એટલે મારી મામીઓ, કંસની લાશ પાસે આવીને વિલાપ કરવા લાગી. એ બિચારીઓનો શોક વાજબી જ હતો અને એમનાંથી મને કોઈ જોખમ પણ ન હતું. હા, એ વાત અલગ છે કે એમનું રુદન ઘણું જ વધારે હતું. એમાંથી પહેલી રાણી તો વિલાપ કરતાં જ બોલી- તમે તો કેટલા શ્રેષ્ઠ અને બળવાન હતા, તમે કેવી રીતે મરી ગયા? તમે અમને એટલો પ્રેમ આપ્યો હતો કે હવે અમે વિધવા અને અનાથ બનીને કેવી રીતે જીવીશું? તમે અમને પરમ સુખ આપીને પાળતાં હતા, અચાનક અમને દીનતાભર્યું જીવન વીતાવવા માટે એકલા છોડીને કેમ ચાલ્યા ગયા? આ તો ઠીક પણ ત્યાં પહેલીને આ રીતે રોતી જોઈને બીજીથી પણ ના રહેવાયું. એ તો વધુ મોટેથી પોક મૂકતા બોલી- તમારા પ્રેમમાં ઓટ કેમ આવી ગઈ? તમે અમને સાથે કેમ ન લઈ ગયા? ભલા હવે અમે જીવીને શું કરીશું?

આ બાજુ સાચું કહું તો ઘટનાઓ એટલી ઝડપથી બની હતી કે મામીઓને રોતાં જોઈને મને પહેલી વાર પાક્કી ખાતરી થઈ કે ખરેખર મારા હાથે 'મહારાજ કંસ'નો વધ થઈ ગયો છે, નહીંતર રહીરહીને હજીયે મને એ સપના જેવું જ લાગતું હતું. સ્વાભાવિક રીતે, એક અઢાર વર્ષના છોકરાના હાથે પોતાના રાજાનો વધ થવો એ કોઈ સાધારણ ઘટના તો નથી જ ને? વૃંદાવનનો એક સાધારણ ગોવાળ જેનું આખું ગામ કંસની આપેલી ગાય-ભેંસો ઉપર જ નભતું હોય, એના હાથે પોતાના શક્તિશાળી રાજાની હત્યા થવાની વાત દરેક દ્રષ્ટિકોણથી ચોંકાવનારી તો હતી જ. આ પણ ઠીક, પરંતુ હમણાં તો મામીઓના રુદને મને પૂર્ણપણે ચોંકાવી મૂક્યો હતો. સત્ય તો એ છે કે એમના આ અવિરત વિલાપે મને એક નવી જ ચિંતામાં નાખી દીધો. મારું મગજ ચકરાવે ચડ્યું. ...અચાનક મારા મનમાં લોહિતાની લાશ પર વિલાપ કરતી એની પત્નીની યાદ તાજી થઈ આવી, તમને પણ યાદ હશે કે

તેના વિલાપે ભીડને ખૂબ જ ઉશ્કેરી મૂકી હતી. આ પણ હું સારી રીતે જાણતો હતો કે સામાન્ય રીતે સહાનુભૂતિ ભીડની કમજોરી હોય છે, અને આવામાં એ ઘણીવાર, વગર વિચાર્યે જલ્દીથી એની તરફ ઢળી પણ જાય છે કે જેના પર સંકટ આવ્યું હોય છે. અને ચોક્કસપણે અત્યારે સંકટ મામીઓ ઉપર આવેલું હતું. એટલું જ નહીં, દુર્ભાગ્યવશ હું પણ અત્યારે ભીડની સાથે જ ઊભો હતો. સરવાળે મારી હાલત જોવા જેવી થઈ ગઈ હતી. કંસની હત્યા કરતાં તો કરી નાખી, પરંતુ અત્યારે હું પોતાને ક્યાંય પણ સુરક્ષિત નહોતો પામતો. મારા માટે ન તો રાજકીય મંચ સલામત હતો કે ન તો સામાન્ય જનતાનું આ પ્રાંગણ. ...એટલે જ તો કહેવાય છે કે પોતાના પગ કરતાં મોટા પેંગડામાં પગ નાખતા પહેલા હજાર વાર વિચારી લેવું જોઈએ.

ખેર! આખરે કોઈ સહારો ન દેખાતા, મેં તરત જ દૂર ઊભેલા ગોવાળોને મારી પાસે બોલાવ્યા. વિચાર્યું કે સંકટની આ ઘડીએ બેથી ભલા ચાર. આ તરફ ભાઈ જરાય ચિંતિત નહોતા. એ તો જ્યાં હું જતો ત્યાં લહેરાતા પડછાયાની જેમ મારી પાછળ પાછળ પહોંચી જતા હતા. આમ પણ એમના માટે બળ-પ્રયોગ કંઈપણ સમજવા-વિચારવા કરતાં વધારે આસાન બાબત હતી. હશે... આમ તો અત્યારે એ પણ અતિ મહત્વપૂર્ણ હતું. અહીંની પરિસ્થિતિઓમાં એની ક્યારે પણ જરૂર પડી શકે એમ હતું; ખાસ કરીને એ જોતા કે એ તરફ મામીઓનો વિલાપ હજુ પણ યથાવત્ હતો. ચોક્કસપણે એ બંને ઘણી દુ:ખી લાગતી હતી. કંસની પત્નીઓ હોવાનાં નાતે એમનું દુ:ખી થવું વ્યાજબી પણ હતું. પરંતુ આ બાજુ એમનું વધતું જતું દુ:ખ મારે માટે ચિંતાનો વિષય બની રહ્યું હતું, એનું શું? સાચું કહું તો મને તો અત્યારે શું કરું, શું ના કરું, કંઇ સમજમાં નહોતું આવતું; અને એ તરફ મામીઓનાં આંસુ હતા કે રોકાવાનું નામ જ નહોતાં લઈ રહ્યાં. અહીં તો ઉલ્ટું સમયની સાથે એમનું રુદન વધતું જ જતું હતું. ત્યારે જ એક રાણી હીબકાં ભરતા બોલી- તમે હંમેશાં સુંવાળી સેજ પર જ સૂતા હતા, આજે જમીન પર સૂતા તમને તકલીફ નથી પડતી? આટલું કહેતાં કહેતાં એ હજી વધારે જોરથી આક્રંદ કરવા લાગી. હવે "મૃત"ને સેજ શું અને જમીન શું? નાહકનું રડી રડીને ભીડને ભાવુક કરી રહી છે. હમણાં આ બધું વિચારીને હું ચિડાવા પર જ હતો, ત્યારે જ રોતાં રોતાં કંસનાં માતાજી પણ ત્યાં આવી પહોંચ્યા. એટલે કે મુશ્કેલીઓ રોકાવાનું નામ જ નહોતી લેતી. માનું દર્દ પણ અનોખું હતું. એ તો એનાં પુત્રની લાશ જોઈને વારંવાર બેહોશ થઈ રહી હતી. વચ્ચે વચ્ચે ભૂલથી ભાનમાં આવતી તો હાય મારો પુત્ર... હાય મારો પુત્ર કહીને બૂમો પાડતી પાડતી ફરી બેભાન થઈ જતી. આ પણ ઠીક રહ્યું, આમ સરવાળે સમસ્યા હળવી થવાને બદલે વધારે ને વધારે ગંભીર બની રહી હતી. અને મજાની વાત તો એ કે સમસ્યા આપનારાં બધાં મારા સંબંધીઓ જ હતા. હવે કંસની મા તો મારી નાની જ થઈને. વળી કંસની પત્નીઓ મારી મામીઓ થઈ; એટલે મારો જીવ મારા જ સંબંધીઓને કારણે તાળવે ચોંટ્યો હતો. સમજાઈ નહોતું રહ્યું કે પહેલી વાર દર્શન થવાની ખુશીમાં નાનીને પ્રેમ કરું, એનાં આશીર્વાદ લઉં કે પછી એમની પર ક્રોધ કરું? સમજાતું તો એ પણ નહોતું કે ભલા આવા દુષ્ટ પુત્ર માટે આટલું આક્રંદ શા માટે? અરે મારા વ્હાલી નાની! ...બસ કરો. સમજાતું નથી કે આનાથી તમારાં પૌત્ર પર કેવું મોટું સંકટ આવશે? યાદ કરો મારા પ્રેમાળ નાની, આણે જ તમારાં પતિ અને મારા નાનાજીને વર્ષોથી કેદ કરી રાખ્યા છે. ...પછી ભલા તમે એના માટે આક્રંદ કેમ કરી રહ્યાં છો? ખેર, અત્યારે આ બધી વાતો નાનીને કોણ સમજાવે? નક્કી જ આ બધી વાતો તો મારા મનમાં જ ચાલી રહી હતી, નાની પાસે તો જઈ શકાય તેમ નહોતું; ત્યાં તો જીવને વધારે જોખમ હતું. હું પણ કેવો દુર્ભાગ્યશાળી છું; આજે નાનીનાં પહેલી વાર દર્શન થયાં તો એ પણ કેવા સંજોગોમાં? આમ તો મામીઓને પણ આજે પહેલી વાર જ ધ્યાનથી જોયાં હતા. તેઓ બંને હતી સગી બહેનો અને તેવી લાગતી પણ હતી, ન કેવળ ચહેરેથી, બલ્કે તેમના રુદનથી પણ. હશે, સૌથી મોટી અજાયબી તો એ કે સગાઓની આ મુલાકાતોમાં મામા કંસ સાથે પણ આજે મારી પહેલી અને છેલ્લી મુલાકાત થઈ જ ચૂકી હતી. એટલે કે આજે અઢાર-અઢાર વરસ પછી મારા અંગત સંબંધીઓ સાથે મારી મુલાકાત થઈ રહી હતી અને એ પણ કેવા સમય-સંજોગ અને સ્થિતિમાં! વાહ રે કુદરત, તારી વાહ અને... વાહ રે તારો આ 'કૃષ્ણ'!

ખેર! સો વાતોની એક વાત એ કે અત્યારે નાની અને મામીઓનો વિલાપ મારા જીવનો દુશ્મન બની રહ્યો હતો. એમનું સતત ચાલતું આ રુદન ગમે ત્યારે મથુરામાં મારા વિરુદ્ધનું વાતાવરણ ઊભું કરી શકે એમ હતું. આમ પણ ભીડ હંમેશાં ભાવુક હોય છે; એ ભાવનાઓમાં આવી, સારાં-નરસાનું ભાન ભૂલીને કોઈપણ હદે જવા માટે પ્રસિધ્ધ જ છે. વળી એ પણ સત્ય છે કે આવા ગાંડા ભાવુકોને કારણે જ આટલા ઉત્પાતો થાય છે. એનાથી પણ મોટું સત્ય એ છે કે મનુષ્ય કાં તો ભાવનાઓમાં તણાઈ જાય છે અને કાં તો ક્રૂર બની જાય છે; સંતુલન જાળવતા એને આવડતું જ નથી. મેં ભગવદ્ગીતામાં અર્જુનને આજ તો કહ્યું હતું. "જે અત્યાચારી અને ક્રૂર છે એ તો પાપી છે જ, અને હું એનો વિનાશ અવશ્ય કરું છું. પરંતુ યાદ રાખ, અર્જુન! જે ભાવુક છે, એ પણ પાપી છે; ફરક માત્ર એટલો જ છે કે એ પોતે જ પોતાનો વિનાશ કરે છે [38] ." તમને તો યાદ હશે જ કે એ ક્ષણે અર્જુન પણ ભાવનાઓમાં તણાઈને પોતાનો વિનાશ નોતરી રહ્યો હતો. ત્યારે તો મેં એને કહ્યું હતું કે "તું બધી તરફથી નિસ્પૃહ અને મમતાવિહીન થઈ જા. કારણ કે જે મમતા કર્મની આડે આવી જાય, તે બે કોડીની હોય છે [39] ." મેં 'ભગવદ્ગીતા'માં જે કંઇ પણ કહ્યું હતું, એનો મેં જીવનભર અનુભવ કર્યો હતો. એટલે તો કહું છું કે "ગીતા" બીજું કંઇ નથી, મારા જીવનના અનુભવોનો સાર છે. તમે તો જાણો છો કે દરેક પરિસ્થિતિ, દરેક ઘટના, દરેક વ્યક્તિમાંથી શીખવું, એના પર ચિંતન કરવું, અને પછી એનું વિશ્લેષણ કરવું એ બધું મારો સ્વભાવ હતો. ...અને આ દૃષ્ટિથી ભગવદ્ગીતા બીજું કંઇ નહીં, બસ, જીવનના મારા એ તમામ

અનુભવોનો નિચોડ-માત્ર હતી. મારા શીખવા-સમજવાની ટેવની એ સ્થિતિ હતી કે મામીઓનું રુદન પણ મને ઘણું બધું શીખવી રહ્યું હતું. ચોક્કસપણે આ સમયે મામીઓનાં રુદન અને એમની વાતોથી સ્પષ્ટ થતું હતું કે મનુષ્ય ગમે તેટલો પણ દુષ્ટ કેમ ન હોય, એ એની આસપાસના કેટલાક લોકોને પ્રેમ અવશ્ય કરે છે. સ્વાભાવિક રીતે, એ જેને પ્રેમ કરે છે એની સાથે સારો વ્યવહાર પણ કરે જ છે. ...એટલે દુષ્ટમાં દુષ્ટ મનુષ્યમાં પણ ક્યાંક ને ક્યાંક માનવતા તો જીવિત રહે જ છે. ચોક્કસપણે, એજ પ્રમાણે કંસનો પણ આ મામીઓ સાથે વ્યવહાર સારો જ રહ્યો હશે, એટલે જ તો મામીઓ આટલી દુ:ખી થઈ રહી હતી. અર્થાત્ દુષ્ટોને પણ ચાહનારા તો હોય જ છે. એનો અર્થ એ પણ થયો કે એક મનુષ્યનો બીજા મનુષ્ય સાથેનો સંબંધ એમના પરસ્પરના વ્યવહાર પર આધાર રાખે છે; એના જીવનનાં કર્મો કે એના વ્યક્તિત્વ સાથે કોઈને કંઇ લેવા-દેવા નથી. પણ મારી દ્રષ્ટિએ, આ ખોટું છે. ખરી રીતે તો એક મનુષ્યનો બીજા મનુષ્ય સાથેનો સંબંધ એનાં વાસ્તવિક વ્યક્તિત્વ પર નિર્ભર હોવો જોઈએ. જો કંસ દુષ્ટ છે...તો દુષ્ટ છે; પછી ભલેને એનો મામીઓ સાથેનો વ્યવહાર સારો હોય, તો પણ સૈધાન્તિક રીતે મામીઓએ કંસથી નારાજ જ રહેવું જોઈએ. મારો મનુષ્યો સાથેનો સંબંધ તો એનો વ્યવહાર મારા પ્રતિ કેવો છે એના પર નિર્ભર નથી રહ્યો. મેં તો હંમેશાં સંપૂર્ણ મનુષ્યતા સાથેનો એનો વ્યવહાર કેવો છે તેને જ મહત્વ આપ્યું છે, અને આમ જ હોવું જોઈએ.

ખેર! વળી એક બીજી વાત જે હું આ સમયે સમજી રહ્યો હતો તે એ હતી કે ક્યારેય કોઈ વ્યક્તિ એકલો નથી મરતો, એની સાથે એનો આખો પરિવાર, એના પર આશ્રિત લોકો અને એને ચાહનારા, બધા મરે છે. બસ, પછી શું હતું; એજ ક્ષણે મેં નક્કી કર્યું કે કોઈપણ સમસ્યાનો જ્યારે બીજો કોઈ ઉપાય ન બચે, ત્યારે અંતિમ ઉપાય સ્વરૂપે જ મનુષ્યની હત્યા થવી જોઈએ. જ્યાં સુધી સમસ્યા ઉકેલવાનો બીજો કોઈ રસ્તો હોય, ત્યાં સુધી નાહકમાં કોઈની પણ હત્યા ન કરવી જોઈએ. ...જોકે આજે કંસની હત્યા પણ મેં અંતિમ ઉપાય સ્વરૂપે જ કરી હતી. એણે મને ગાંડા હાથી દ્વારા મરાવવા ઇચ્છયું, પરંતુ હું નારાજ નહોતો થયો. મને ખતમ કરવા માટે જ એણે યોજનાપૂર્વક ચાણૂર સાથે મારું યુદ્ધ ગોઠવ્યું, છતાં પણ મને એના પર ક્રોધ નહોતો આવ્યો; કારણ કે ત્યાં સુધી એ માત્ર મારો શત્રુ હતો. ...પરંતુ જ્યારે સવાલ તમામ ગોવાળો અને પિતાજી તથા અન્ય મથુરાવાસીઓનો ઊભો થયો, ...ત્યારે વિવશતાથી મારે એનો વધ કરવો પડ્યો. કહેવાનું તાત્પર્ય એ કે જે માત્ર મારા જીવનો દુશ્મન છે કે મને ધિક્કારે છે, એને હું મારો શત્રુ ક્યારેય નથી માનતો. હું તો શત્રુ એને માનું છું, જે "મનુષ્યતા"નો દુશ્મન હોય. ...એટલે કે જેનાથી બીજાનું જીવન નર્ક બનતું હોય, હકીકતમાં એજ મારો શત્રુ છે. તમે નહીં માનો કે કંસની હત્યા કરતી વખતે મારા મનમાં ક્યાંય પણ ન તો મા દેવકીનું દર્દ હતું, ન મારી નાખવામાં આવેલા મારા ભાઈઓનું દુ:ખ, અને ન તો એણે મને મરાવવા માટે કરેલા પ્રયાસો બદલ ક્રોધ હતો; આ બધું તો વીતી ગયું હતું. ...અને મારી દ્રષ્ટિમાં તો કંસ જે વીતી ગયું એનું નિમિત્તમાત્ર હતો. પ્રતિશોધ મારો સ્વભાવ નહોતો, અને એ દ્રષ્ટિએ સમજવામાં આવે તો હું પણ જે ભયાનક બનવાનું હતું એને રોકવાનું નિમિત્તમાત્ર હતો. આમ મારા દ્વારા કરવામાં આવેલી કંસની હત્યાને પણ એક નિમિત્ત સ્વરૂપે જ જોવી જોઈએ; પ્રતિશોધ, દુશ્મની કે ક્રોધ સ્વરૂપે જરાય નહીં.

ખેર! ચિંતન અને વિચાર વિમર્શ ઘણો થઈ ગયો. આ તરફ હાલની પરિસ્થિતિ પર પાછો આવું તો ખેલ ગજબનો જામ્યો હતો. ક્રૂર કંસ મરી ગયો હતો, નાની બેહોશ હતી, ભાવુક મામીઓ રોઈ રહી હતી; અને દૂર ઊભેલો હું ભાવનાઓનો આ તમાશો જોઈ રહ્યો હતો. કંઇ ખબર નહોતી પડતી કે ભાવનાઓનું આ વહાણ કયા કિનારે નાંગરશે. આમ તો સૌથી વિચિત્ર હાલત મા અને પિતાજીની હતી. મા તો ખરેખર ખૂબ દુ:ખી નજર આવતી હતી. આખરે એણે પોતાનો વ્હાલો ભાઈ ખોયો હતો. સાથે જ કદાચ એના મનએ ઊંડી ચિંતા પણ પકડી લીધી હતી, કારણ કે એનાં જ લાડકાએ એના ભાઈની હત્યા કરી હતી. ...એટલે ભાઈ તો ખોઈ ચૂકી હતી, ક્યાંક "લાલ"થી પણ હાથ ધોવા ન પડી જાય? વળી બિચારા પિતાજી હજુ પણ ખૂબ ચિંતિત મુદ્રામાં ત્યાંજ બેઠા હતા. તેઓ બિચારા તો કંઇ કહે તો પણ કેવી રીતે અને શોક પાળે તો પણ કેવી રીતે...? એમનાં જ પુત્રના હાથે રાજાની હત્યા થઈ હતી. વાસ્તવમાં જન્મના સમયે પણ મેં બંનેને ઘણી કઠિનાઈમાં મૂક્યા હતા અને આજે પણ કંસની હત્યા કરીને બંનેને અજબ ગૂંચવાડામાં ફસાવી દીધા હતા. ત્યાં નંદજી અને ગોવાળોની હાલત તો એમનાથી પણ ખરાબ હતી. પ્રશ્ર્ન એ કે જાણીજોઈને ભલે ન થયું હોય, પણ મારા આ કૃત્યનો સંબંધ ક્યાંક નહીં ને ક્યાંક એમની સાથે પણ જોડાયેલો હતો. કોઈપણ વંટોળિયું ફૂંકાય તો તેમાં તેમનું લપેટાઈ જવું નક્કી હતું.

...હજુ તો હું આ બધું વિચારી જ રહ્યો હતો કે ત્યારે જ અચાનક સેનાપતિજી થોડા સૈનિકોની સાથે પ્રાંગણમાં આવી ચડ્યા. આશ્ર્ચર્યજનક રીતે એમની સાથે 'રાજા ઉગ્રસેન' અર્થાત્ મારા નાનાજી પણ પધાર્યા હતા. આ દ્રશ્ય જોતાં જ મારા મનમાં હાલ ચાલી રહેલા વિચારોએ વિસામો લીધો, પણ તત્ક્ષણ "ચિંતન" કંઈક નવું, ધારણા બહારનું ન બની જાય એમાં ગૂંચવાઈ ગયું. હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો, મામીઓ અને નાનીએ શું ઓછી મોકાણ કરી હતી કે હવે સેનાપતિજી આપ મહાશયને પણ લઈને આવી પહોંચ્યા છે. હવે લઈ આવ્યા તો લઈ આવ્યા, પણ મામલો અહીં થંભી જાય એમ જણાતું નહોતું. આ બાજુ એક પછી એક આશ્ર્ચર્ય સામે આવી રહ્યાં હતાં. કારણ કે નાનાજીની પાછળ પાછળ જ અન્ય પ્રદેશોથી આવેલા બધા યુવરાજ પણ ચાલી આવ્યા હતા. જોકે આ આશ્ર્ચર્ય એની સાથે એક ખુશી પણ લાવ્યું હતું, કારણ કે એ યુવરાજોની સાથે મારી 'રુક્મિણી' પણ પાછી પધારી હતી. જોકે આ સમયે રુક્મિણી પર ધ્યાન દેવાને બદલે મેં મારું ધ્યાન અત્યારે ચાલી રહેલા

ઘટનાચક્ર પર કેન્દ્રિત કરવાનું યોગ્ય માન્યું. કારણ કે એ 'જાન' પર ધ્યાન આપવા માટે પણ આ 'જાન'નું રક્ષણ કરવું જરૂરી હતું. અને વળી અત્યારે ભટકવાનો અવકાશ જ ક્યાં હતો, કેમકે પહેલાથી જ ઘટનાચક્ર એવી તીવ્ર ગતિએ ફરી રહ્યું હતું કે આ ગોવાળ સમજે તો શું સમજે અને કેવી રીતે સમજે? ...વળી નાનાજીની વાત કરું તો ધ્યાનથી જોતા એ બહુ જ સરળ વ્યક્તિ દેખાતા હતા. જોકે એ પણ ખૂબ દુ:ખી દેખાઈ રહ્યા હતા. છેવટે એમણે પણ એમનો પુત્ર ગુમાવ્યો હતો. ...આવતાં જ, થોડી વાર સુધી તો એ કંસની લાશ પાસે ગુમસુમ બેસી રહ્યા, ત્યાર બાદ એમણે એમના મૃત પુત્રના માથા પર હાથ ફેરવ્યો અને ઊભા થઈ ગયા. સાથે જ એમણે રડી રહેલી મામીઓને પણ સાંત્વના આપી, અને બેહોશ નાનીનાં પણ ખબરઅંતર પૂછ્યાં. ત્યાર બાદ તરત જ એમણે મને બોલાવવા સેનાપતિને કહ્યું. વખાણવા જેવી વાત એ હતી કે આ બધા કામ 'નાના ઉગ્રસેને' પળવારમાં જ આટોપી લીધાં હતા.

આ તરફ સ્વાભાવિક રીતે એમના બોલાવવાથી હું ચિંતામાં મુકાઈ ગયો. હું સાચે જ એમના બોલાવવાનું પ્રયોજન નહોતો સમજી શકતો. ખરું કહું તો મન કોઈ મોટી મુસીબતની સંભાવનાથી ડરતું હતું. ખેર, પ્રયોજન સમજાય કે ન સમજાય, એમણે બોલાવ્યો હતો એટલે મારે જવાનું તો હતું જ. રાજીખુશી નહીં જાઉં તો સૈનિકો પકડીને લઈ જશે. બસ, આમ વિચારીને હું ચૂપચાપ ચાલવા લાગ્યો. ભાઈ પણ પાછળ પાછળ આવી રહ્યા હતા. સાચું જ છે, આવી મુસીબતની ઘડીમાં એ મને એકલો કેવી રીતે મૂકી શકવાના હતા? આ સમયે મારી મનોદશા પણ અજબ હતી. મનમાં હજારો વિચારો આવ-જા કરી રહ્યા હતા. આમ તો હું કોઈપણ અણધાર્યા હુમલાને બધી રીતે પહોંચી વળવા સક્ષમ પણ હતો. પણ રાજ-હત્યાના અપરાધ બદલ પકડી લેવાયો, તો શું? પછી તો બધી સાવધાની અને બહાદુરી એમની એમ જ રહી જવાની હતી. વળી નાનાજીની આજુબાજુ પચાસો સૈનિકોને જોઈને તો આમ પણ જીવ ઊંચો થઈ ગયો હતો. એક તરફ જ્યાં મનમાં આવા વિચાર વંટોળ ઉઠી રહ્યા હતા, ત્યાં બીજી તરફ હું નાનાજીની દરેક ગતિવિધિ ઉપર પણ નજર રાખી રહ્યો હતો. કારણ કે બધો આધાર એમના મનની અંદર શું ચાલી રહ્યું છે, એના પર જ હતો. અહીં પ્રાંગણમાં તો ભીડ આમ પણ વિખેરાઈ ગઈ હતી. અત્યારે, અમારા સહિત, માંડ ચારસો પાંચસો માણસો હશે. ...પણ ત્યાં રાજકીય-પ્રેક્ષકગૃહ ફરીથી પુરેપુરું ભરાઈ ગયું હતું. ત્યાં આવન-જાવન પણ ઘણી વધી ગઈ હતી. આગળનો સઘળો કારભાર સ્પષ્ટપણે નાનાજીનાં હાથમાં હોય તેમ દેખાઈ રહ્યું હતું. આ તરફ અમે પણ સામાન્ય-પ્રેક્ષકગૃહ છોડીને, સપાટ મેદાનમાંથી ધીમી ગતિએ પસાર થઈને રાજકીય-પ્રેક્ષકગૃહ તરફ જઈ રહ્યા હતા. બીજી બાજુ, હું તો માથે સંકટ ઉભું હોવા છતાં મનનાં કોઈ ખૂણામાં નાનાજીથી પ્રભાવિત પણ થઈ રહ્યો હતો. મને એમની એ વાતે સહુથી વધારે પ્રભાવિત કર્યો હતો કે આટલા વર્ષે કારાગૃહમાંથી છૂટ્યા પછી પણ એમનો પ્રભાવ અકબંધ હતો. મેં વિચાર્યું હતું કે આટલા વર્ષો કેદમાં વીતાવ્યા પછી એ બિમાર, થાકેલા અને હારેલા હશે. પરંતુ એમણે મારી માન્યતાને હરાવી દીધી હતી. ...અને કોઈ મારી માન્યતાને હરાવે એ મને ગમતું હતું. સાચું કહું તો જેને પામી શકાય કે એ શું કરવાનો છે એનો અંદાજ બાંધી શકાય તો પછી એને માણસ કેમ કરીને ગણાય? એ તો વસ્તુ બની ગયો, પછી તો એનો વસ્તુની જેમ ઉપયોગ કરી શકાય છે. એ રીતે હું 'આચાર્ય શ્રુતિકેતુજી' પછી પહેલીવાર આવું પ્રભાવક વ્યક્તિત્વ જોઈ રહ્યો હતો. ...ચાલો મરતી વખતે આવું પ્રભાવશાળી વ્યક્તિત્વ જોવા મળી રહ્યું હતું, એ કંઈ ઓછું હતું? નહીંતર તમને તો ખબર જ છે કે મેં આજ સુધી બધા મનુષ્યોનો વસ્તુની જેમ જ ઉપયોગ કર્યો હતો. પછી ભલે એ માની મમતા હોય કે પિતાજીનું મૌન, રાધાની જિદ્દ હોય કે ભાઈનો ક્રોધ, અંતે તો બધા મને ફાયદો જ કરાવતાં હતા. પરંતુ એનાથી વિપરીત, ન તો મારો કોઈ ઉપયોગ કરી શક્યું હતું કે ના કરી શકશે. કારણ કે ન તો મારી કોઈ જિદ્દ છે અને ન મારો પોતાનો કોઈ કાયમી સ્વભાવ પણ છે. યાદ રાખજો, જે માણસનો પોતાનો કોઈ કાયમી સ્વભાવ પણ છે અથવા કોઈ વાતની જીદ છે, એનો વસ્તુની જેમ સહેલાઈથી ઉપયોગ કરી શકાય છે.

...ચાલો, જ્યારે મારા સ્વભાવ વિશે આટલી વાતો કહી છે તો મારી શીખવાની કળા વિશે પણ થોડું કહી નાંખુ. ...ખબર નહીં કાલે મોકો મળે કે ન પણ મળે? તમે તો જાણો જ છો કે મારા માટે તો આ જીવન જ એક નિશાળ હતી. હું જીવનમાં જે કાંઈ શીખતો ગયો, એમાં જાતને ઢાળતો પણ ગયો. સત્ય પણ એજ છે કે કોઈ બાળક શીખીને જન્મતું નથી, જીવન જ એને શીખવા જેવું બધું શીખવ્યે રાખે છે. આથી મારી એવી માન્યતા છે કે મનુષ્યના જીવનનો વિકાસ એજ વાત પર નિર્ભર કરે છે કે એ એના જીવનમાં કેટલી ઝડપથી કેટલું વધારે શીખી શકે છે. મારો જ દાખલો લો. મેં જીવનમાં શીખવાનો એક પણ મોકો ગુમાવ્યો ન હતો. કોઈ ચીજ મારે ફરી શીખવી નહોતી પડતી. અને મારી શીખવાની આજ ગ્રહણશક્તિ અને શીખીને જાતને એમાં ઢાળી શકવાની ક્ષમતાએ મળીને મારા અત્યારનાં 'વ્યક્તિત્વ'ને ઘડ્યું હતું. સતત પોતાના મનને જાણવાની અને બીજાના મનને ઓળખવાની કોશિશને કારણે જ મારી આંખો, મારી બુદ્ધિ, મારી વાણી અને હવે મારું સ્મિત પણ મારા મહત્વપૂર્ણ હથિયાર બની રહ્યા હતા. કારણ કે જે બીજાના મનને સમજે છે તે એમના મનને બદલી પણ શકે છે. તેમજ જો મનુષ્યનું પોતાનાં મન ઉપર સંપૂર્ણ નિયંત્રણ છે તો એ બીજાના મનને સહેલાઈથી પોતાના નિયંત્રણમાં લઈ શકે છે, અને જે પોતાની સાથે સાથે બીજાના મનને પણ નિયંત્રણમાં રાખી શકે છે, એને ભલા જીવનમાં કોઈ કેવી રીતે હરાવી શકે? તેથી, આ વિદ્યાથી મોટી બીજી કોઈ વિદ્યા નથી. ભલા બીજા મનુષ્યો ઉપર નિયંત્રણ મેળવવાના શિક્ષણથી મોટું બીજું કયું શિક્ષણ હોઈ શકે છે? વળી આનો એક બીજો ફાયદો એ છે કે તમારું મન હંમેશાં તમારા નિયંત્રણમાં રહે છે. હવે તમે જ તમારા મનના માલિક હો, તો આનાથી મોટી બીજી સિદ્ધિ કઈ છે?

મને જ જુઓને! મારું મન કાયમ મારા સંપૂર્ણ નિયંત્રણમાં રહ્યું છે. એટલે જ તો રુક્મિણીની પાછળ પૂર્ણપણે મોહિત હોવા છતાં, અત્યારે રુક્મિણી પર મારું જરાય ધ્યાન નહોતું. જીવન પસંદગી છે. અત્યારે પસંદગી રુક્મિણી અને સેનાપતિની ગતિવિધિઓની વચ્ચે હતી. રુક્મિણીનાં હૃદય તથા નાનાજીના મનની વચ્ચે પસંદગી કરવાની હતી. અને રુક્મિણી પર ધ્યાન ન આપવાથી કંઇ વધારે લાભ કે નુકસાન થવાનું નહોતું, પરંતુ સેનાપતિની ગતિવિધિઓને અણદેખી કરવાથી જીવનું જોખમ ઊભું થઈ શકે એમ હતું. નાનાજીનું મન ન સમજવા બદલ બાકી બચેલું જીવન કેદમાં પસાર થઈ શકે એમ હતું. સો વાતોની એક વાત ‘સર સલામત તો પઘડિયાં બહોત’. આ ફક્ત હાલની પરિસ્થિતિની વાત નથી, દરેક સ્થળે કે પરિસ્થિતિમાં જીવનના આજ હાલ છે. ...આમ જીવનમાં એક-બે સ્થાને નહીં પણ ડગલે અને પગલે પસંદગી ઊભી છે. થોડું ધ્યાનથી સમજો તો કંસ-વધના સમયે પણ પસંદગી જ તો હતી. જાત સહિત પિતાજી અને ગોવાળોનો વધ અથવા કંસનો વધ; અને મારી પસંદગી હતી... કંસનો વધ. ...આ પણ કમાલ થઈ ગઈ! મોત મારી સામે મોં ફાડીને ઊભું હતું અને મન વિચારોમાં અટવાયેલું હતું, અને એ પણ જેવા તેવા નહીં, શ્રેષ્ઠ વિચારોમાં. કદાચ મોત સામે ઊભું હોય તો ‘પરમ હોશ’ જાગૃત થઈ જ જાય છે. આમ પરમ જાગૃતિ શું આવી, મારો આત્મવિશ્ર્વાસ જ પાછો આવ્યો. હવે હું ભલે ધીમાં પગલે, પણ ઘણી મક્કમતાપૂર્વક નાનાજી તરફ આગળ વધી રહ્યો હતો. ...જોઈએ તેઓ શું કહે છે?

અહીં હું ચાલતો ચાલતો રાજકીય-પ્રેક્ષકગૃહની ઘણો પાસે પહોંચી ગયો હતો, તો મારા વધતા પગલા સાથે એ તરફ ગોવાળો ઘણા ભયભીત દેખાઈ રહ્યા હતા. જ્યાં સુધી માનો સવાલ છે, એ તો કંસના મોત પછીથી ચિંતા અને દુ:ખના ઊંડા સાગરમાં ડૂબી ગઈ હતી. ત્યાંજ રાજનીતિના જાણકાર એવા પિતાજી પણ આ ઘડીએ ખૂબ વ્યાકુળ દેખાતા હતા. ત્યાં જનતા પણ વિચલિત હતી, ખબર નહીં ક્યારે શું થઈ જાય? ...અને એમ ન સમજતા કે અનિશ્ર્ચિતતાનું વાતાવરણ રાજકીય-પ્રેક્ષકગૃહમાં નહોતું. ત્યાં તો, નાનાજીને બાદ કરતાં, સહુ વ્યાકુળ દેખાઈ રહ્યા હતા. સેનાપતિ સહિત બહારથી આવેલા યુવરાજ પણ બેચેન હતા, આગળ જતા શું થવાનું છે એની કોઈને કંઇ જ ખબર નહોતી. કેમકે અત્યારે કમાન નાનાજીએ સંભાળેલી હતી, અને તેઓ એટલા સ્થિર અને શાંત નજર આવી રહ્યા હતા કે તેમના હાવ-ભાવથી તેમના અંતરમાં છુપાયેલા તોફાનનો અંદાજો લગાવી શકવું સહેલું નહોતું. કહેવાનું તાત્પર્ય એજ કે એકલો હું જ નહીં, બધા દ્વિધામાં હતા. આ બધું તો ઠીક પણ બેચેન તો રુક્મિણી પણ દેખાતી હતી. એટલે અપવાદરૂપે કોઈ નિશ્ર્ચિંત હતા તો એ કેવળ નાનાજી જ હતા. હવે એમની નિશ્ર્ચિંતતા મારા માટે શુભ છે કે અશુભ એ તો ત્યાં પહોંચ્યા પછી જ ખબર પડવાની હતી. તો એ પણ ક્યાં દૂર હતું, પડાવ આવી જ ગયો. હું નાનાજી અને સેનાપતિજીની સામે ઊભો હતો. દેખીતી રીતે સહુથી પહેલા હું ઘણા પ્રેમ અને સંપૂર્ણ આત્મવિશ્ર્વાસ સાથે નાનાજીને પગે લાગ્યો. એમણે પણ આગળ વધીને મને વ્હાલથી હૈયા સરસો ચાંપી લીધો. એ જ્યારે મને ભેટ્યા ત્યારે મારા જીવમાં જીવ આવ્યો. કારણ કે જે રીતે એમણે વ્હાલથી હૈયા સરસો ચાંપ્યો હતો, એનાથી એ તો સ્પષ્ટ થઈ જ ગયું હતું કે હવે રાજમહેલ તરફથી મારા ઉપર કોઈ જોખમ નહોતું. આમ તો નાના-પૌત્રનો દુલાર જોઈને પ્રજાએ પણ નિરાંતનો શ્ર્વાસ લીધો હતો. નાનાજીના ભેટતાવેંત જ, મા અને પિતાજીની આંખો ભીની થઈ ગઈ હતી. મેં વિચાર્યું, જ્યારે જુદા રહી રહેલો અને એક યા બીજા કારણસર વિખૂટો પડેલો પરિવાર પાસે આવી રહ્યો હતો તો મામીઓમાં પણ કંઇ પરિવર્તન જરૂર આવ્યું હશે. ...કદાચ એમનામાં પણ ભાણેજ માટે પ્રેમ ઉભરાયો હશે. આવી આશા સાથે મેં મામીઓ તરફ નજર કરી. ...પણ ‘ભાણેજ-પ્રેમ’ તો ગયો ચૂલામાં, એમને તો નાનાજીએ મને હૈયા સરસો ચાંપ્યો એ પણ નહોતું ગમ્યું.

...જોકે એ મારી જ એક આગવી ખાસિયત હતી કે ભલે કેવી પણ પરિસ્થિતિ કેમ ન હોય, હું હંમેશાં મારી ચારે તરફ કોના મનમાં શું ચાલી રહ્યું છે એ તાગવાનો પ્રયત્ન કરતો રહેતો હતો; જેથી કરીને જો કોઈનાય મનમાં એવું કંઇ ચાલતું હોય કે જેનાથી મારું કે અન્યનું અહિત થાય એમ હોય તો એની સામે વહેલાસર પગલાં ભરી શકાય અને અહીં તો એ સ્પષ્ટ થઈ જ ગયું હતું કે મામીઓનો અણગમો યથાવત્ હતો. ભલે હોય, હાલ પૂરતો એ કોઈ ચિંતાનો વિષય નહોતો. કારણ કે એ ક્યાં રાજમહેલનાં કાર્યોમાં દખલઅંદાજી કરી શકવાની હતી? આ સમયે મહત્ત્વપૂર્ણ નાનાજીના વિચારો હતા અને એમણે મને ભેટીને મારા પ્રત્યેના સારા વલણનું પ્રમાણ પહેલેથી જ આપી દીધું હતું. ...જોકે નક્કી જ નાનાજીનું આમ મને હૈયા સરસુ ચાંપવુ મારે માટે પૂર્ણપણે અણધાર્યું હતું. અને કહે છે ને કે એક આશ્ર્ચર્ય બીજા આશ્ર્ચર્યની અને એક ખુશી બીજી ખુશીની પાછળ પાછળ ચાલી જ આવતી હોય છે; બરાબર એ મુજબ જ નાનાજીએ મને પ્રેમથી ભેટીને પહેલેથી જેવો એક આશ્ર્ચર્યમાં તો નાખી દીધો હતો, તેવી જ રીતે એમણે બોલતાવેંત જ મને બીજા આશ્ર્ચર્યમાં ય નાખી દીધો. અચાનક જ નાનાજી ઉગ્રસેને ઘણા પ્રેમથી મારા માથા પર હાથ ફેરવીને કહ્યું- રાજ્ય હંમેશાં વીરો દ્વારા જ ભોગવવામાં આવે છે અને તે પહેલા કુવલયાપીડ, પછી ચાણૂર અને ત્યાર બાદ કંસનો વધ કરીને પોતાની વીરતાનો પરિચય આપી દીધો છે. તું મથુરાવાસીઓને પણ અનહદ ચાહે છે, એ તારા વ્યવહારથી વર્તાઈ આવે છે. અને મથુરાવાસીઓ પણ તને ચાહવા લાગ્યા છે, એ પણ પ્રાંગણના વાતાવરણ ઉપરથી દ્રષ્ટિગોચર થઈ જ રહ્યું છે.

આટલું કહીને તેઓ તો મૌન થઈ ગયા, પણ હું તો આશ્ર્ચર્યચકિત થઈ ગયો હતો. મારા પક્ષમાં આટલી તર્કપૂર્ણ વાતો થતી જોઈને મને સારું તો લાગી રહ્યું હતું, પરંતુ હું એનું પ્રયોજન સમજી શકતો નહોતો. હા, જીવ ઉપર કોઈ જોખમ નહોતું એવો

ભરોસો જરૂર બેસી ગયો હતો. અને સ્વાભાવિક રીતે, અત્યારે બીજું કંઇ પણ સમજવાને બદલે આ સમજવું વધુ મહત્વપૂર્ણ હતું. આ બાજુ મારા હાવ-ભાવ ભલે કંઇ સમજવાની મથામણ કરી રહ્યો હોઉં તેવા રહ્યા હોય, પણ બીજી બાજુ નાનાજીની આ વાત સાંભળતા જ યુવરાજોનાં મોઢા જરૂર મોળા પડી ગયા હતા. આ વાત મારા માટે એક નવો જ કોયડો બનીને ઉમટ્યો હતો. મને સમજાતું નહોતું કે નાનાજીની વાતોથી એમનું શું બનતું-બગડતું રહી ગયું હતું? હશે, હમણાં તો અહીં મને આ રીતે નાદાનની જેમ ઉભેલો જોઈ, નાનાજીએ પોતાની વાત આગળ વધારતા કહ્યું- કંસના મૃત્યુ બાદ મથુરા અત્યારે રાજા-વિહીન થઈ ગઈ છે; અને કોઈપણ રાજ્ય એક દિવસ પણ રાજા વગર રહી શક્તું નથી. ...એ નિયમ પણ છે કે જે રાજાનો વધ કરે છે એજ રાજા બનવાનો અધિકારી પણ હોય છે. વળી, તમે તો મારા પૌત્ર પણ છો અને સાથે જ તમારા પિતાજીને રાજમહેલ સાથે નજીકનો સંબંધ પણ છે. ...આથી હું સમગ્ર મથુરા વતી તથા રાજમહેલ વતી, તમને તમારી યોગ્યતાને કારણે મથુરાનું રાજપાટ સંભાળવાની વિનંતી કરું છું. મારી આ વિનંતી સંપૂર્ણ રાજમહેલ તરફથી સમજવી જોઈએ. એટલે મારું તમને આ નમ્ર નિવેદન છે કે તમે મથુરાના રાજા બનવાનું સ્વીકારો.

...હું તો અવાચક થઈ ગયો. શું ધાર્યું હતું... ને શું થઈ ગયું? હવે ભલા એક ગોવાળ જે મોતના વિચારોથી ઘેરાયેલો હોય, એને અચાનક રાજા બનવાનો પ્રસ્તાવ આપવામાં આવે, તો શું એનાં કોઈપણ ઈન્દ્રિય કામ કરી શકે? મારી સમજવા-વિચારવાની જ નહીં, પણ જોવા-સાંભળવાની ક્ષમતા ય બહેર મારી ગઈ. હમણા સુધી તો ધરતીમાં ધરબાઈ જવાની તૈયારી કરી બેઠો હતો, ને અત્યારે નાનાજીએ આવીને આકાશ આંબવાની વાત છેડી દીધી. હું તો મૂર્તિઓનો પણ મહા-મૂર્તિમંત થઈ ગયો હતો. ...બીજી તરફ નાનાજીએ આવીને મને રાજા બનવા માટે રજૂઆત શું કરી, કે પ્રાંગણમાં ઘણી જગ્યાએથી મારા સમર્થનમાં અવાજો ગૂંજવા લાગ્યા. નૈસર્ગિક રીતે આ ગૂંજતા અવાજોથી હું ફરી તરત જ હોશમાં આવ્યો. હું બાળક અને... રાજા? હોશમાં તો આવ્યો પણ હજુ વિશ્ર્વાસ નહોતો પડતો. છેવટે જ્યારે મને કંઇ ગતાગમ ન પડી તો મેં પોતાને ચૂંટણી ખણી, ક્યાંક કોઈ સપનું તો નથી જોઈ રહ્યો ને? પણ ના; મારી સામે કંસની લાશ પડી હતી અને પ્રજાનો ઉત્સાહ, આ બધું હકીકત છે એનું પ્રમાણ પૂરતો હતો. જો આ વાસ્તવિકતા જ છે તો સાવધ થવું જરૂરી છે. મેં તરત જ મારી સમગ્ર ચેતના સમજ વધારવામાં કામે લગાડી, કારણ કે હવે એક બાળકનો પરિપક્વ થવાનો સમય પાકી ગયો હતો. ...એક પરિપક્વ વિચાર જ આ પરિસ્થિતિમાંથી ઉગારી શકે તેમ હતો. આ તો મારી વાત થઈ, પણ એ તરફ ભાઈ અને ગોવાળો તો આ સાંભળતા જ ઝૂમી ઉઠ્યા હતા. પિતાજી પણ થોડા રંગમાં આવેલા જણાતા હતા, પણ મા પર આનો કોઈ વિશેષ પ્રભાવ પડ્યો હોય, એવું લાગતું નહોતું. હવે મા પર પ્રભાવ પડ્યો હોય કે ન પડ્યો હોય, પણ અહીં એનો લાલ બરાબરનો ફસાઈ ગયો હતો. નાનાજીએ તો એકદમ સરળતાથી એક ગોવાળને રાજા બનવા માટેનો પ્રસ્તાવ આપી દીધો હતો, પણ બીજી તરફ આ ગોવાળ માટે રાજા બનવાનું તો છેટે રહ્યું... પણ પરિસ્થિતિને સમજવાનું ય કઠિન થઈ પડ્યું હતું. ક્યાં હમણાં સુધી તો અહીંથી બચીને વૃંદાવન પાછા ફરીને એક ગોવાળનું જીવન ફરી શરૂ કરવાનું હતું અને ક્યાં અત્યારે ભાગ્યમાં રાજસિંહાસન આવી ગયું હતું. કદાચ એક જ પળમાં આવી મોટી અને વિપરીત ઉડાન ભરવાનો મોકો કોઈને ક્યારેય નહીં મળ્યો હોય. ...અરે, રાજા બનવાની વાત ક્યાં કરો છો, મેં તો આજે જીવનમાં પહેલી વાર કોઈક રાજાને જોયો હતો, એવામાં આ બિચારાને એ નિયમની શું જાણ કે રાજાને મારવાવાળો રાજા બનવાનો અધિકારી બને છે? હવે જે હોય તે, નાનાજીની વાત પર મનન તો કરવાનું જ હતું. ન કેવળ પરિસ્થિતિનું યોગ્ય વિશ્ર્લેષણ કરવું જરૂરી હતું, બલ્કે એમની વાતનો યોગ્ય જવાબ પણ આપવાનો હતો અને બીજું કંઇ નહીં તો જ્યારે નાનાજીએ પોતાના પક્ષેથી આટલો ભરોસો બતાવ્યો હતો તો આપણા પક્ષેથી પણ ઓછામાં ઓછું થોડી પરિપક્વતાની છાપ તો છોડવી જ હતી. એટલે જો આપણી ક્ષમતા કરતાં વધારે મોટો પ્રસ્તાવ આવ્યો હતો તો પછી જાતથી આગળ જઈને વિચારવું પણ જરૂરી હતું. બસ, મારા મનમાં એવો મોટો વિચાર વંટોળ ચાલ્યો કે જેમાં પ્રસ્તાવનાં વિવિધ પાસાઓની નાની મોટી અનેક બાબતો સંકળાઈ ગઈ.

...એ તરફ આ બધી જંજાળથી દૂર, ભાઈ અને ગોવાળો તો હજુયે આનંદથી ઝૂમી રહ્યા હતા. બીજી બાજુ આખાં પ્રાંગણમાં પણ ધીમે ધીમે ઉષ્મા ફેલાઈ રહી હતી. આમ તો હું પણ ખુશ હતો, કારણ કે એક તો જીવ બચ્યો હતો અને બીજું પળવારમાં રુક્મિણીને લાયક બની ગયો હતો. લો, રુક્મિણીની યાદ આવતા જ મારી નજર આપમેળે એના તરફ ગઈ. એ પણ આશ્ર્ચર્યભરી નજરે મને જ જોઈ રહી હતી. મારી નજર પડતાં જ ન કેવળ એણે હાથ હલાવીને મારું અભિવાદન કર્યું, બલ્કે પ્રસ્તાવ સ્વીકારી લેવા માટે મારો ઉત્સાહ પણ વધાર્યો. હવે ઉત્સાહ વધારવામાં એનું ક્યાં કશું જતું હતું, રાજા તો મારે બનવાનું હતું. અને મારે માટે એના પ્રેમનું ગાંડપણ એની જગ્યાએ હતું અને મથુરાની પ્રજાનું ભવિષ્ય એના સ્થાને. સરવાળે આટલી મહત્વપૂર્ણ બાબતે હું ઉતાવળે 'હા' કે 'ના' કહેવાના પક્ષમાં બિલકુલ નહોતો. કોઈપણ ઉત્તર આપતા પહેલા યોગ્ય રીતે બંને શક્યતાઓના લેખાજોખાં તપાસી લેવા માંગતો હતો. હવે ઉતાવળમાં આવી મહત્ત્વપૂર્ણ બાબતે વિચારવું એ કાંઈ મજાક થોડું હતું. સાચું કહું તો અત્યારે હું બે વિપરીત ભાવ-પ્રવાહની વચ્ચે વિભાજીત થઈ ગયો હતો. એક તરફ જ્યાં રુક્મિણીનાં ઉત્સાહવર્ધનના ચક્કરમાં અટવાઈ ગયો હતો, ત્યાં બીજી તરફ પોતાની યોગ્યતાનુસાર જ આગળ વધવા બાબતે કટિબદ્ધ પણ હતો. અને આજ બે ભાવ-પ્રવાહના ખેંચાણ વચ્ચે મેં મારી સમગ્ર ચેતના ઘટી રહેલા ઘટનાક્રમને સમજવામાં લગાવી દીધી, જેથી પરિસ્થિતિનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરીને 'હા' કે 'ના' નો ઉચિત ઉત્તર આપી શકું. પંરતુ જેવું કે મેં કહ્યું, એમ આ વિષયમાં

સમુચિત ચિંતન કરવું પણ એટલું સહેલું નહોતું. એક તો પળવારમાં નાનાજીએ મને ધરતી પરથી ઉઠાવીને આકાશની ઊંચાઈ પર પહોંચાડી દીધો હતો. હવે હું જે બાળપણથી પથરાળ ધરતી પર ચાલતો આવ્યો છું, તેને આકાશની વાતો સમજવામાં વાર તો લાગવાની જ હતી. બીજું, જીવનમાં પહેલી વાર એક પછી એક અણધાર્યા હુમલાઓનો આવો મારો મારા પર થઈ રહ્યો હતો. એકથી બચું ન બચું ત્યાં તો બીજો અને બીજાથી બચું ન બચું ત્યાં ત્રીજો. અને આ બધા અણધાર્યા બનાવોના મૂળમાં નાનાજી જ હતા. ચાલો, હું આનાથી ઉગરી પણ જાત અને કોઈ નિષ્કર્ષ પર પહોંચી પણ જાત, પણ મારી સમસ્યા એ પણ હતી કે હું ચાહીને પણ એમના પ્રભાવથી બહાર નીકળી શકતો નહોતો. એમને આવ્યે હજુ માંડ થોડોક જ સમય થયો હતો, પરંતુ આ થોડાક સમયમાં એમણે કેટલું બધું કરી દેખાડ્યું હતું.

...સહુથી પહેલી વાત તો એ તમામ યુવરાજોને પોતાની સાથે લાવ્યા હતા. યુવરાજોને ફરી પ્રાંગણમાં લાવવાનો સીધો અર્થ એ હતો કે ભલે અહીંના રાજાની હત્યા થઈ ચૂકી છે, પણ હવે સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને ચોક્કસપણે યુવરાજોના મનમાં એવી છાપ ઊભી કરવી મથુરાના રાજકીય અસ્તિત્વ માટે અત્યંત જરૂરી હતી. એમને પ્રાંગણમાં ફરી વખત લાવીને નાનાજીએ ન તો માત્ર એમની દ્રષ્ટિમાં મથુરાની લાજ બચાવી હતી, પણ મથુરાને, ઊભી થનારી સંભાવ્ય અરાજકતાથી પણ ઉગારી લીધી હતી. કદાચ નાનાજી યુવરાજો અને મથુરાવાસીઓને એ સ્પષ્ટ સંદેશ આપવા માંગતા હતા કે મથુરા કંસના મૃત્યુ પછી પણ શાસન વિહોણી નથી થઈ. ...નહીં તો એવું પણ બની શકે એમ હતું કે મામીઓનાં રુદનથી થોડા લોકો સહાનુભૂતિવશ કંસના પક્ષમાં ઊભા થઈ જાય, બીજી તરફ કંસ-વિરોધીઓની તો આમ પણ મથુરામાં કોઈ કમી નહોતી; આવા સંજોગોમાં ચોક્કસપણે મથુરા બે જૂથોમાં વહેંચાઈ જાત અને એમનાં અંદરો અંદરના ઘર્ષણથી મથુરામાં અરાજકતા ફેલાવાનો ભય ઊભો થઈ જાત. સાથે જ નાનાજીના માનસિક સંતુલનની પણ પ્રશંસા કરવી પડશે. અને એમનાં સંબોધનનું તો કહેવું જ શું, એક-એક શબ્દની પસંદગી કેટલી અદ્ભુત હતી. એ આટલા વર્ષોની કેદમાંથી પહેલીવાર પૂર્ણપણે છૂટ્યા હતા. અને આવતા જ શું જોયું હતું, પોતાના વીર પુત્રની લાશ? છતાં પણ એમણે પોતાનું માનસિક સંતુલન ગુમાવ્યું નહોતું. આ શું ઓછું પ્રશંસનીય હતું? જોકે આ માનસિક સંતુલન જાળવી રાખવાનો એમનો ગુણ મેં કાયમ માટે મારા વ્યક્તિત્વમાં ઉતારી લીધો હતો. ખરેખર નાનાજી પાસેથી આજે મેં દરેક પરિસ્થિતિમાં પોતાનું માનસિક સંતુલન કેવી રીતે જાળવી રાખવું, એ બાબત શીખી લીધી હતી. સાચું કહું તો આજે નાનાજી પાસેથી મેળવેલું માનસિક સંતુલન જાળવી રાખવાનું આ શિક્ષણ મારા જીવનના શ્રેષ્ઠતમ શિક્ષણોમાંનું એક કહી શકાય તેમ છે. કેમકે પ્રતિકુળ પરિસ્થિતિઓમાં માનસિક સંતુલન ગુમાવી દેવાના કારણે જ માણસ પતનના અંધકારમાં ગરકાવ થઈ જાય છે, જ્યારે હકીકતે તો અવળી સ્થિતિમાં જ માનસિક સંતુલન જાળવી લેવાની તાતી જરૂર હોય છે. ...આમ તો નાનાજીની સહુથી મોટી કમાલ તો એ હતી કે પોતાના દીકરાની લાશ જોઈને પણ તેઓ ન તો રોયા હતા, કે ન તો એનો શોક મનાવ્યો હતો; ન તો ક્રોધે ભરાયા હતા કે ન શોકમગ્ન થયા હતા. પળવારમાં એવી રીતે શ્રદ્ધાંજલિ આપી દીધી હતી, કે જાણે કંઇ બન્યું જ ન હોય. એમના વ્યક્તિત્વની આ વિશિષ્ટ છટાને કારણે જ આવો ચમત્કાર સર્જાયો હતો કે ડહોળાયેલું વાતાવરણ પળભરમાં જ સામાન્ય બની ગયું હતું. ...એટલે જ તો કહું છું કે આ સમગ્ર સંસાર એક વિદ્યાપીઠ છે, અને દરેક ઘટના, દરેક વ્યક્તિ, એક શિક્ષક. આજે હું મહારાજ ઉગ્રસેન પાસેથી જ નહીં, કંસ અને મામીઓ પાસેથી પણ ઘણું બધું શીખ્યો હતો. એટલે એ સત્ય સાબિત થઈ રહ્યું હતું કે સંસારમાં કોઈ આપણું મિત્ર કે શત્રુ હોતું નથી. ક્યારેક કોઈ આપણો શિક્ષક બનીને સામે આવે છે, તો ક્યારેક કોઈ વિદ્યાર્થી બનીને સામે આવી જાય છે. અને ધ્યાનથી જોવા જઈએ તો ચોવીસે કલાક આપણે શું કરતાં હોઈએ છીએ? કાં તો કંઈક ને કંઈક શીખતા હોઈએ છીએ, કાં તો બીજાને કાંઈક શીખવા મળે એવા અવસરનું નિર્માણ કરતાં હોઈએ છીએ.

ખેર! તમે કહેશો કે બાકી બધી વાતો તો તમે સારી રીતે સમજાવી અને અમે બરાબર સમજી પણ ગયા, પણ તમારા રાજા બનવાના પ્રસ્તાવનું શું થયું? ...તો એવું છે કે અંતરનાં ઊંડાણમાં તો એના ઉપર જ મનન ચાલી રહ્યું હતું, પરંતુ કોઈપણ નિષ્કર્ષ પર પહોંચવું એટલું સરળ ક્યાં હતું? જરા અહીંનું દ્રશ્ય તો જુઓ, સામે જ નાનાજી ઊભા છે જે ધ્યાનથી મારી અંદર ચાલી રહેલા વિચારોની ભરતી-ઓટ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સામે કંસનું શબ પડ્યું છે, જેના કારણે આ રાજા બનવાનો પ્રશ્ન ઉદ્ભવ્યો છે. જમણી બાજુ રુક્મિણી અને મામીઓ ઉભી છે, તો ડાબી બાજુએ કેટલાય યુવરાજો ઊભા છે. વળી આટલી ભીડમાં માતા-પિતા સહિત અક્રૂરજી પણ એક ખૂણામાં ઉભેલા દેખાઈ રહ્યા છે. દૂર સામાન્ય પ્રજાના પ્રેક્ષક ગૃહમાંથી પણ જાતભાતના પોકાર સંભળાઈ રહ્યા છે. જો નજર ફેરવીને એ પ્રેક્ષકગૃહો ઉપર દોડાવું તો ઉછળતા-કૂદતા ગોપ-મિત્રો પણ સાફ સાફ દેખાઈ રહ્યા છે. અને મારી બરાબર ઉપર ભાઈ ઊભા છે, જેઓ જ્યાં પણ જોઉં ત્યાં નજરે પડે છે. હવે આવામાં આ ગોવાળિયો ગહન ચિંતન કરે તો પણ કેવી રીતે કરે? જોકે આ ગોવાળ એટલો શાણો અવશ્ય હતો કે જ્યારે રાજા ઉગ્રસેન બોલી રહ્યા હતા ત્યારે પણ એણે કોઈ પ્રતિભાવ આપ્યો નહોતો અને હજુ પણ એ પૂર્ણ શાંતિ ધારણ કરીને જ ઊભો હતો. એટલે કે આવો મોટો અણધાર્યો પ્રસ્તાવ પામ્યા પછી પણ હું ભાવહીન જ હતો. ચોક્કસપણે આ કમાલ હમણા જ મહારાજ ઉગ્રસેન પાસેથી સંતુલન જાળવી રાખવાનું જે તાજુ તાજુ શિક્ષણ મેળવ્યું હતું, એની જ હતી. નહીંતર ઘણું કરીને આપણા હાવભાવો ઉપરથી જ બીજાને આપણી અંદર શું ચાલી રહ્યું છે એની ખબર પડી જતી હોય છે, અને સ્વાભાવિક રીતે આ આપણા માટે જરા પણ યોગ્ય નથી.

વળી એક બીજી વાત કરી દઉં કે ભલે હું મારા હાવભાવો પર કાબૂ રાખીને ઊભો હતો, પરંતુ મારી ચાંપતી નજર સતત બીજાના હાવભાવ સમજવામાં જ પરોવાયેલી હતી. અને તેનો નિચોડ કહું તો મહારાજા ઉગ્રસેનના પ્રસ્તાવથી પ્રાંગણમાં ઉપસ્થિત મોટા ભાગની પ્રજા આનંદથી નાચી ઊઠી હતી. ત્યાંજ બીજી તરફ ગોવાળો તો એ વાતથી સાવ ગાંડા થયા હતા કે એમનો મિત્ર રાજા બની રહ્યો હતો. એ તરફ રુક્મિણી પણ ઓછી ખુશ નહોતી. અને ભાઈનું તો કહેવું જ શું, તેઓ તો સારા એવા રોફમાં આવી ગયા હતા. મા અને પિતાજી પણ આટ-આટલું બની ગયા પછી હજુ માંડ માંડ સ્વસ્થ થઈ શક્યાં હતા. જોકે આ દરમ્યાન એક-બે વાર નાનાજી ઈશારાથી મને નિર્ણય બાબત પૂછી પણ ચૂક્યા હતા, અને હું તેમને ઈશારા દ્વારા પ્રસ્તાવ ઉપર મનન ચાલુ છે, એમ સમજાવી પણ ચૂક્યો હતો. અહીં એ પણ જણાવી દઉં કે નાનાજીના પ્રસ્તાવ પર ફક્ત હકારાત્મક પ્રતિક્રિયાઓ આવી રહી હતી એવું પણ નહોતું. નાનાજીના પ્રસ્તાવથી મામીઓ અત્યંત વિચલિત થઈ ઊઠી હતી. ભલા એમનાં વ્હાલા પતિનો હત્યારો મથુરાનો રાજા બની બેસે, એ તેઓ કેવી રીતે સહી શકવાની હતી? મામીઓ જ શું કામ, મોટા ભાગના યુવરાજ પણ નાનાજીના આ પ્રસ્તાવથી રાજી નહોતા. 'રુક્મી' ...તો ખુલ્લેઆમ પ્રસ્તાવના વિરોધમાં ઊભો થઈ ગયો હતો. આમ તો હું આ યુવરાજોની વિવશતા પણ સમજી રહ્યો હતો. એ રાજાના પુત્ર હોવાને કારણે જ તો યુવરાજ હતા. અને જે રાજાના પુત્ર ન હોય, ખાસ કરીને ગોવાળોને પણ રાજા બનાવવાની પરંપરા શરૂ થઈ જાય તો આ બિચારાઓનું શું થાય...? પરંતુ નાનાજીની પ્રશંસા કરવી પડશે કે એમણે અહીં બધી પરંપરાઓને કોરાણે મૂકીને એક ગોવાળને રાજસિંહાસન સોંપવાનું સાહસ દેખાડ્યું હતું. સાચે જ જો આ પરંપરા વિકસિત થઈ ગઈ તો આ યુવરાજોના અસ્તિત્વ પર જ પ્રશ્નાર્થચિહ્ન લાગી જશે. આમ તો મારી સમજણ પ્રમાણે નાનાજી દ્વારા દર્શાવાયેલા આ સાહસની પાછળ હું એમનો પૌત્ર હતો એ બાબતે પણ એક આગવી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હશે. વળી જો મારી સમજને હજુ આગળ વધારું તો એ પણ સ્પષ્ટ હતું કે રુક્મીની પાસે પ્રસ્તાવથી નારાજ થવાનું એક બીજું કારણ પણ હતું, જી હા... અમે એને માર્યો હતો તે. સાથે જ રુક્મિણીનું મારા તરફ કંઈક વધારે ઢળવું પણ એના વિરોધનું એક મુખ્ય કારણ બની શકતું હતું. જોકે પ્રસ્તાવથી નાખુશ થનારાઓની સૂચિ અહીં જ પૂરી નહોતી થતી, એમાં એ તમામ 'યાદવ સમ્રાટ' પણ સામેલ હતા જે આ સમારોહના મુખ્ય મહેમાન હતા, જેમ કે સત્રાજિત, કૃતવર્મા, સાત્યકિ વગેરે. એકંદરે બહારથી આવેલા યુવરાજ અને મથુરાના સમૃદ્ધ લોકો, જેમનું રાજમહેલ પર સારું એવું વર્ચસ્વ હતું, એ મને રાજા બનાવવાના પક્ષમાં બિલકુલ નહોતા. ...જ્યારે બીજી તરફ મોટા ભાગના જનતા જનાર્દનનો એક બહોળો વર્ગ મારા પક્ષમાં હતો.

...એટલે સરવાળે હંમેશાંની જેમ, આજે પણ એક અઘરી પસંદગી મારી સામે ઊભી હતી. અને આજની આ પસંદગીમાં ન કેવળ રાજા બનવું કે ગોવાળ જ રહેવું એ બેમાંથી એક પસંદ કરવાનું હતું, બલ્કે આજની આ પસંદગી રાજા કે રંકનું જીવન વીતાવવા વચ્ચેની પણ હતી. આમ તો કોણ રાજા બનવા નથી માંગતું? વળી અહીં તો રાજા બનવાથી મને મારી સ્વપ્નસુંદરી 'રુક્મિણી' મેળવવાની શક્યતાઓ વધી જતી હતી. સ્પષ્ટપણે રાજા બનવાની સાથે જ પળવારમાં બધી રીતે એની બરાબરીનો થઈ જતો હતો. ...બીજી તરફ તમે તો એ પણ જાણો છો કે યુવરાજોના ઠાઠથી હું કેટલો અંજાઈ ગયો હતો. વિચારો, રાજા બનતા જ શું ઠાઠ હશે મારો. દરેક કામ માટે દાસ-દાસીઓ. જ્યાં જાવ ત્યાં મોટું નામ ને માન-સન્માન, એટલે રાજા બનવાના વ્યક્તિગત ફાયદા તો ચોખ્ખા નજરે પડતા હતા, પરંતુ સાથે જ હું એ પણ સમજી રહ્યો હતો કે પરિસ્થિતિ અને સંજોગવશ એકાએક રાજા બનવાનો મોકો મળવો તે એક વાત છે, અને રાજા બનવાની લાયકાત હોવી તથા રાજપાટ ચલાવવાની આવડત હોવી તે પૂરી રીતે બીજી વાત છે. એટલે મેં ચિંતનને સ્વાર્થ પરથી હટાવીને યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને હું મારામાં રાજા બનવાની યોગ્યતા શોધવા લાગ્યો. અને અહીં દૂર જવાની કોઈ આવશ્યકતા જ નહોતી. 'મહારાજ ઉગ્રસેન'ના રૂપમાં એક રાજા મારી સામે ઊભા હતા, અને એમના ભવ્ય વ્યક્તિત્વ અને સંતુલિત માનસિકતાને જોઈને તુલના કરતાં, એ બધી રીતે સ્પષ્ટ થતું હતું કે મારામાં હજુ રાજા બનવાની કોઈ લાયકાત નથી. એક રાજાએ તો રોજ ઘણી નવી નવી પરિસ્થિતિઓ અને મુસીબતોનો સામનો કરવો પડે છે. રોજ હજાર સમસ્યાઓ મોં ફાડીને સામે ઊભી થઈ જતી હોય છે. અરે, અહીં એક પરિવારનું ધ્યાન રાખવું સહેલું નથી, ત્યાં આખાં રાજ્યની ચિંતા કરવી એ કાંઈ રમત વાત થોડી છે? ...આજની જ આ ઘટના લઈ લો. જો રાજા ઉગ્રસેનની જગાએ હું હોત તો ખબર નથી કે શું કરત; પરંતુ એટલું તો ચોક્કસ છે કે જે એમણે કરી દેખાડ્યું એમાંનું કાંઈપણ હું ન કરી શકત. યુવરાજોને પ્રાંગણમાં પાછા બોલાવવા એ તો મારી સમજમાં જ ન આવત. એમણે પરિસ્થિતિનો જેટલો સચોટ તાગ મેળવી લીધો હતો, અને જે રીતે પળવારમાં જ એની ઉપર નિયંત્રણ મેળવી લીધું હતું, એનાથી જ સ્પષ્ટપણે પ્રગટ થઈ જાય છે કે "રાજા" બનવા માટે એક જુદા જ પ્રકારની બુદ્ધિ અને અનુભવની જરૂર પડે છે. કહેવાનું તાત્પર્ય એ કે અત્યારે રાજા બનવાના વ્યક્તિગત ફાયદા પણ મેં સમજી લીધા હતા અને મારી રાજા બનવાની અયોગ્યતાને પણ પારખી લીધી હતી. ચાલો એક વાર એ રીતે પણ વિચારી લેવામાં આવે કે મારા જેવા વિચારશીલ અને બહાદુરને રાજા બનવા માટેની યોગ્યતા કેળવતા કેટલી વાર લાગશે? તો ભલા માત્ર યોગ્યતા ઓછી અંકાવાના ગ્રહીત કારણે આંગણે આવેલો રાજા બનવાનો અવસર છોડી થોડો દેવાય? સાથોસાથ હું એ કેમ ભૂલી જાઉં કે સવાલ મારા દિલનો પણ છે, મારા રાજા બનવાની સાથે જ રુક્મિણી નામનું સપનું સાકાર થવાની શક્યતા પણ ભરપૂર માત્રામાં વધી જશે.

ના...ના, આનો એવો અર્થ ન કાઢતા કે હું રાજા બનવાની તૈયારી કરી રહ્યો છું. ...કારણ કે મામલો અહીંથી તો માત્ર શરૂ થાય છે, હજી આગળ ઉપર અધિક આંટીઘૂંટીઓ પણ ઊભી જ છે. માન્યું કે મથુરાવાસીઓ મારી સાથે છે, પરંતુ આ યુવરાજોનું શું જે સતત વિરોધનું રણશિંગુ ફૂંકી રહ્યા છે. સમજોને કે એ તો બહારથી આવ્યા છે, કેટલા દિવસ વિરોધ કરશે? જલ્દીથી બધું ભૂલીને પોતપોતાના રાજ્યમાં પાછા ફરશે. પરંતુ મુખ્ય સવાલ તો આ યાદવ આગેવાનોનો છે જેમને હું ફૂટી આંખે પણ ગમતો નથી. અને એમના સહયોગ વિના મથુરાની રાજગાદી ટકાવી રાખવી અસંભવ છે. કારણ કે એકંદરે અહીંની સાધારણ પ્રજા એમના ગાઢ પ્રભાવમાં છે. એમણે ભડકાવ્યા કે તરત જ પ્રજા પોતાનો રંગ બદલી નાખશે. એટલે એક વાર માટે રાજા બનવું તો સહેલું હતું, કારણ કે નાનાજી પ્રસ્તાવ આપી જ ચૂક્યા હતા; પણ ભવિષ્યમાં એને ટકાવી રાખવું મુશ્કેલ લાગતું હતું. ક્યાંક એવું ન થાય કે થોડાક દિવસો માટે મથુરાના રાજા બની ગયા અને પછી મથુરાથી જ ભગાવી દેવામાં આવ્યાં. ...અને "રાજા કૃષ્ણ" ફરી ગાય-ભેંસ ચરાવવાના કામ પર લાગી ગયા. ચાલો આ મજાક છોડું તો પણ રાજા બનવાનો અર્થ એ થયો કે યાદવ-મુખીઓ સાથે રોજેરોજનો ખટરાગ. અને આ ખટરાગનું અંતિમ પરિણામ એ કે મથુરામાં અશાંતિ અને અરાજકતા ફેલાશે. એટલે કે જો મારો નજીકનો ફાયદો જોઈને રાજા બનવાનું પસંદ પણ કરી લઉં તો પણ એમાં મથુરાને તો નુકસાન જ નુકસાન હતું. અને મારી પ્રકૃતિ પ્રમાણે, હું મારો સ્વાર્થ સાધવા આખી મથુરાને અશાંતિની આગમાં ન હોમી શકું. હવે જ્યાં સુધી રુક્મિણીનો સવાલ છે તો એ તો મારું સપનું છે. અને સપનાંઓનું શું છે એને જોવામાં પણ એટલો જ આનંદ આવે જેટલો એને પૂરા કરવામાં આવે. વાસ્તવમાં સપનાં તો પ્રગતિના પંથે લાગવાનો એક અવસર-માત્ર છે. એ પૂરા થાય જ એવું જરૂરી થોડું છે? સપનાં તો સાચવી રાખવાની વસ્તુ છે. હા, એ જુદી વાત છે કે સમય અને પરિસ્થિતિ બધી રીતે અનુકુળ થઈ જાય તો એવાં સપનાં પાર પાડવામાં પણ કોઈ વાંધો નથી. પણ પોતાનાં સપનાં પાર પાડવા માટે માણસાઈ સાથે બાંધછોડ થોડી કરી શકાય છે? સપનાં કંઈ ગમે તે સંજોગોમાં પૂરી કરવાની વસ્તુ થોડી છે? આ તો એક કળા છે. સપનાં જોવાની કળાની ફળશ્રુતિ એ કે એ તમારી યોગ્યતા વધારે, અને તમારા દર્શનને વિરાટ બનાવે. જો સપનાંઓને હીનતાપૂર્વક પૂરાં કરવામાં આવે તો સપનાં અને કામનાઓમાં તફાવત શું રહી જશે? આમ એ સ્પષ્ટ છે કે સપનાંઓ મનુષ્યને ઉપર ઉઠાવે છે, જ્યારે કામનામાં મનુષ્ય નીચો પડે છે. સો વાતની એક વાત, ...આ બધી વાતોનો સાર એ છે કે રાજગાદી સ્વીકારવાનું મારા વ્યક્તિગત લાભમાં હોવા છતાં, મારામાં ન તો રાજા બનવાની કોઈ યોગ્યતા છે, અને ન મથુરાનું સ્થાનિક વાતાવરણ એનાં પક્ષમાં દેખાતું હતું. એટલે સરવાળે રાજા બનવાનું સ્વીકારાય તેમ નહોતું. ભલે મને નિર્ણય પર પહોંચતા વાર લાગી હતી, પણ સંતોષ હતો કે પહોંચ્યો તો હું શ્રેષ્ઠ નિર્ણય પર જ હતો. આ તરફ મને આ રીતે ઊંડાં ચિંતનમાં ડૂબેલો જોઈને નાનાજીએ મારું મૌન તોડવાનો પ્રયત્ન કરતાં આ વખતે શબ્દોમાં કહ્યું- હું તને વ્યક્તિગત રીતે એક નિવેદન કરવા ચાહું છું, ભલે તું વિચારવામાં જેટલો ઈચ્છે તેટલો સમય લે, પણ હું તારી પાસેથી કંસની સ-સન્માન અંત્યેષ્ટિની રજા માંગુ છું.

હું તો આ સાંભળતા જ ચોંકી ઊઠ્યો. હું તો વિચારશુન્ય થઈ ગયો. ભલા મારી રજા કેમ? હું અહીંનો રાજા થોડો જ છું. તો શું... ક્યાંક નાનાજી મારા મૌનનો એ અર્થ તો નથી કાઢી રહ્યા ને કે મેં મથુરાના રાજા બનવાનું સ્વીકારી લીધું છે. અરે કનૈયા! જલ્દીથી બધી વાતની ચોખવટ કર. પોતાના મનની વાત કહે. ક્યાંક એવું ન બને કે તારું રાજતિલક થઈ જાય અને તું આ રીતે મૂર્તિમંત બનીને ઊભો રહી જાય. ...બસ, તરત મેં હાંફળાંફાંફળા થઈને નાનાજીને કહ્યું [40] - મેં મામાનો વધ ન તો મારી વીરતાના પ્રદર્શન માટે કર્યો હતો કે ન તો રાજા બનવાના કોઈ પ્રયોજનથી. મારા મતે એમનું મોત એમનાં કર્મોને લીધે જ થયું છે એમ માનવું જોઈએ, અને મને તો એ ભયાનક કર્મના નિમિત્તમાત્ર સ્વરૂપે જ જોવો જોઈએ. વળી, જ્યાં સુધી રાજા બનવાનો પ્રશ્ન છે, તો હું એ સ્પષ્ટ કરી દઉં કે હજુ ન તો મારી રાજા બનવાની ઉંમર છે અને ન તો રાજા બનવાની મારામાં કોઈ યોગ્યતા છે. કારણ કે મારું લાલન-પાલન એક સાધારણ ગોવાળના રૂપમાં જ થયું છે. આમ મારા મત પ્રમાણે તમે જ મથુરાના રાજા બનવા યોગ્ય છો. પહેલા પણ તમારા શાસનમાં જ મથુરાએ સુખચેનનો અનુભવ કર્યો છે, તેથી હું તમને નિવેદન કરું છું કે તમે ફરી એક વાર મથુરાને સુખચેન આપવાના નિમિત્ત બનો. અને જ્યાં સુધી મામાની અંત્યેષ્ટિનો સવાલ છે તો એ એક રાજા હતા, અને એમના અંતિમ સંસ્કાર પણ પૂરા 'રાજકીય સન્માન' સાથે જ થવા જોઈએ. ...આને માટે રાજમહેલે મારી અનુમતિ લેવાની આવશ્યકતા મને બિલકુલ જણાતી નથી.

આટલું કહીને હું તો ચૂપ થઈ ગયો, અને એ તરફ નાનાજીએ પણ પ્રસ્તાવ સ્વીકારવામાં આના-કાનીજ દેખાડી. એટલે મથુરાના રાજા બનવાનો જે મામલો ગૂંચવાયેલો રહ્યો હતો તે એવો જ ગૂંચવાડાભર્યો રહ્યો. હા, આ સાથે જ 'મહારાજા કંસ'ના અંતિમ સંસ્કાર પૂરા રાજકીય સન્માન સાથે કરવાનું અવશ્ય નક્કી થઈ ગયું, તો બીજી બાજુ સાચું કહું તો નાનાજીએ રાજા બનવા માટે કરેલા નકારમાં પણ ક્યાંક ને ક્યાંક એમના મનમાં ઉઠેલી રાજા બનવાની ઈચ્છા ચોખ્ખી જોઈ શકાતી હતી. એટલે કે એમની 'ના'માં કાંઈ બહુ વધારે નક્કરતા નહોતી. આ વાત મેં, ચતુરે સારી રીતે સમજી લીધી હતી. આમ તો નાનાજી અર્થાત્ રાજા ઉગ્રસેનના મનમાં ઉઠેલી પુન: રાજા બનવાની ઈચ્છા સમજી શકાય એવી હતી. એક સફળ રાજા જે આટલા વર્ષો સુધી કેદમાં સબડ્યો હોય, એનામાં ઉંમરના આ પડાવે પોતાની જાતને સિદ્ધ કરવા માટે રાજા બનવાની ઈચ્છા જાગે એ સ્વાભાવિક વાત હતી. વળી બીજી બાજુ એક વધુ સ્વાભાવિક ઘટના પણ સાથે જ ઘટી હતી. મારા તરફથી નાનાજીને રાજા બનાવવાના થયેલા

પ્રસ્તાવ-માત્રથી યાદવ આગેવાનોના સમૂહમાં આનંદની લહેર ફરી વળી હતી. આ વાત સમજવી તો હજી વધુ સહેલી હતી. નક્કી જ તેઓ મારાથી છુટકારો મેળવવાનો હાથ લાગેલો આવો સરસ મોકો જરા પણ છોડવા નહોતા માંગતા. મજાની વાત તો એ હતી કે એમણે રાજા ઉગ્રસેનના પક્ષમાં સૂત્રોચ્ચારો પણ શરૂ કરી દીધા હતા. એટલું જ નહીં તેઓએ પોતાના તરફથી મહારાજા પર પ્રસ્તાવ સ્વીકારવાનું સામૂહિક દબાણ પણ શરૂ કરી દીધુ હતું. આ તરફ નાનાજી કે જેમની ના પહેલેથી જ નક્કર નહોતી, જલ્દીથી યાદવ આગેવાનોના દબાણ સામે ઝૂકી ગયા. એમણે મથુરાની રાજગાદી સંભાળવાનું સ્વીકારી લીધું. આ બાજુ નાનાજીના રાજી થતાં જ, મેં ચારે તરફ એમનો જયજયકાર કરાવી દીધો. આ રીતે ફરી એક વાર મથુરાની રાજધૂરા ‘મહારાજા ઉગ્રેસન’ના હાથમાં સોંપવાની તૈયારી થઈ ગઈ.

...ચાલો આ મામલો તો થાળે પડ્યો, પણ ત્યાં નાનાજીએ પ્રસ્તાવ સ્વીકારવા માટે એક વિચિત્ર શરત મુકીને મારા સહિત બધાને આશ્ર્ચર્યમાં મૂકી દીધા હતા. નાનાજીની શરત એ હતી કે હું મથુરામાં રહીને રાજપાટના કામમાં એમની સહાયતા કરવાનું વચન આપું તો જ એ આ રાજસિંહાસન સ્વીકારવા માટે તૈયાર છે. હવે યાદવ-મુખીઓને નાનાજીની આ શરત ઠીક લાગવાનો તો પ્રશ્ર્ન જ નહોતો ઉઠતો. પણ દુર્ભાગ્યવશ યાદવ આગેવાનો એ સ્થિતિમાં પણ નહોતા કે નાનાજીની આ વાતનો વિરોધ કરી શકે. આ બાજુ મારે તો આ બાબતમાં ના પાડવાનો સવાલ જ નહોતો. હું ય રાજ્યનો વહિવટ શીખવા તો માંગતો જ હતો અને ઉપરથી એમનો પૌત્ર પણ હતો. વળી મથુરા નગરી પણ મને ગમી જ ગઈ હતી. અને આ ઉંમરમાં જો હું નાનાને સાથ નહીં આપું તો બીજું કોણ આપશે? સરવાળે શરતમાં એવું કંઈ હતું નહીં જેનો હું અસ્વીકાર કરી શકું. એક તો શરત સ્વીકારવી એ મારું કર્તવ્ય પણ હતું, અને બીજું સાચું કહું તો એ કે વાત મારી મન-મરજી પ્રમાણેની હતી. હું તો આને રુક્મિણીને લાયક બનવાના એક અવસર સ્વરૂપે જ જોઈ રહ્યો હતો.

ખેર! મારા રાજી થવા સાથે જ આ મામલો હવે પૂર્ણપણે સુનિશ્ર્ચિત થઈ ગયો. મહારાજ ઉગ્રસેનનું ફરી એક વાર રાજગાદી પર બેસવું નક્કી થઈ ગયું. અને આ દ્રષ્ટિથી આજનો દિવસ અમો નાના-પૌત્ર, એટલે કે મારા અને નાનાજી બંને માટે ઘણો અદ્‌ભુત હતો. લગભગ બંને માટે એક સરખો જ અવસર હતો. એક તરફ જ્યાં મને પળવારમાં ગોવાળમાંથી રાજા બનવાનો અવસર મળ્યો હતો, ત્યાં બીજી તરફ નાનાજી... જે એવું વિચારી રહ્યા હતા કે આખું જીવન કારાગૃહમાં જ વિતી જશે... અને પળવારમાં રાજા બની ગયા હતા. સાચે જ સમય કેટલી ઝડપથી પડખું બદલે છે; પળવારમાં રાજાને રંક અને રંકને રાજા બનાવી દે છે. એટલા માટે તો કહે છે ને કે આ દુનિયામાં “સમય”થી બળવાન બીજું કંઇ નથી. જોકે આ તો મારી અને નાનાજીની વાત થઈ. ત્યાં સ્વાભાવિક રીતે મેં રાજા બનવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો એનાથી ગોવાળો અને ભાઈ ઉદાસ થઈ ગયા હતા. અને જ્યાં સુધી મથુરાવાસીઓનો પ્રશ્ર્ન છે, એમને હું રાજા બનું કે નાનાજી, એનાથી કાંઈ મોટો ફરક પડતો હોય એવું દેખાતું નહોતું. એમને તો બસ “કંસથી” છુટકારો જોઈતો હતો. અને જે મેં એમને મેળવી આપ્યો હતો. બાકી અત્યારે મથુરામાં મારો કંઈ એટલો બધો પ્રભાવ થોડો જ હતો કે મારા રાજા ન બનવાને કારણે એ બધા ઉદાસ થઈ જાત. હવે રહ્યો પ્રશ્ર્ન યુવરાજો અને યાદવ-આગેવાનોનો, તો તેઓ તો ખુશ જ હતા.

ચાલો, આ બધી વાતો બહુ થઈ ગઈ. હવે જો હું આ સમગ્ર ઘટનાક્રમ પર નવી રીતે વિચાર કરું તો સહુથી વધારે પ્રશંસનીય કામગીરી સેનાપતિજીએ બજાવી હતી. આ મથુરાનું ભાગ્ય જ હતું કે એમની નિયુક્તિમાં જરાસંધનો કોઈ હાથ નહોતો. અને આજ કારણ હતું કે એ સંપૂર્ણપણે મથુરા પ્રત્યે સમર્પિત હતા. એમણે ‘મહારાજા ઉગ્રસેન’ને કેદમાંથી મુક્ત કરીને તરત જ સભાસ્થળે લાવીને ખરેખર કૂનેહપૂર્ણ કાર્ય કર્યુ હતું. બીજી બાજુ, જો પ્રાંગણની હાલની મેદનીની વાત કરું તો ઘણાં લોકો પહેલેથી ડરને લીધે પોતપોતાના ઘરે ચાલ્યા ગયા હતા, કોણ જાણે ક્યારે શું થઈ જાય. જોકે હજુ પણ થોડા સાહસિક અને જીજ્ઞાસુ લોકો પ્રાંગણમાં ઉપસ્થિત હતા. કેમકે આ તરફ એક એક કરીને તમામ સમસ્યાઓનું સમાધાનકારક નિરાકરણ આવી ગયું હતું, એટલે પ્રાંગણનું વાતાવરણ પણ ઝડપથી રાબેતા મુજબનું થઈ રહ્યું હતું. અહીં મથુરાને પણ પોતાનો નવો રાજા મળી જ ગયો હતો, એટલે હવે અરાજકતાના અણસાર પણ પૂરી રીતે નિર્મૂળ થઈ ચૂક્યા હતા. હવે તો એક જ સવાલ લઈ દઈને સૌની સામે મોં ફાડીને ઊભો હતો, અને એ હતો કંસના સન્માનપૂર્ણ અંતિમ સંસ્કારનો. મહારાજ ઉગ્રસેને એની જવાબદારી સેનાપતિજીને સોંપી હતી, અને ચપળ સેનાપતિએ સત્વરે અંત્યેષ્ટિની તમામ તૈયારીઓ પણ કરી લીધી. કમાલ એ કે બધા યુવરાજો સહિત સહુ કોઈ અહીં હજુ પણ હાજર હતા. એટલે કે રાજકીય શિષ્ટાચારના પાલનમાં કોઈ અપવાદ નહોતો થઈ રહ્યો. અને મારી વાત કરું તો, હું પણ અત્યારથી જ નાનાજીની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. ...અને ભાઈ મારી પાછળ ચાલતા હતા. એ તરફ જેવી બધી તૈયારી થઈ ગઈ કે તરત જ પૂરાં રાજકીય સન્માન સાથે કંસની સ્મશાનયાત્રા આજ પ્રાંગણથી કાઢવામાં આવી. એ બાજુ ખબર નહીં કેવી રીતે, આ ખબર આગની જેમ આખા મથુરામાં ફેલાઈ ગઈ અને પછી તો કંસના અંતિમ સંસ્કારમાં સામેલ થવા માટે લગભગ આખી મથુરા ઉમટી પડી. બધા અંત્યત દુ:ખી પણ દેખાઈ રહ્યા હતા. ...એટલે કે મર્યા પછી “મનુષ્યના પાપ ધોવાઈ જતા હોય છે” એ સાંભળ્યું તો હતું, ...આજે જોઈ પણ રહ્યો હતો. નાનાજીની સાથોસાથ મારા સહિત ઘણાં યુવરાજ અને યાદવ આગેવાનો પણ રાજકીય સ્મશાન ઘાટ તરફ જઈ રહ્યા હતા. અને એમની પાછળ બે-અઢી હજાર જેટલી મેદની પણ ચાલી રહી હતી. કહેવાની જરૂર નથી કે મહારાજ કંસ મૃત્યુ પામતાજ લોકપ્રિય થઈ ગયા હતા. ખેર! સ-સન્માન અંતિમ સંસ્કાર

તો સંપન્ન થઈ ગયા અને અમે લોકો પ્રાંગણમાં પાછા ફર્યા; પરંતુ અહીં આવતા જ ફરી મુસીબતનો સામનો થઈ ગયો. એજ રુદન કરતી મામીઓનો સામનો કરવો પડ્યો. વાસ્તવમાં મામીઓનો ક્રોધ હજુ પણ મારા માટે ચિંતાનો મુખ્ય વિષય બની રહ્યો હતો. જ્યારે પણ આમનો-સામનો થતો કે નજરો મળતી એ ઘૂરવાનું ચૂકતાં નહીં. એમની કાતિલ નજરોથી એ સ્પષ્ટ થતું હતું કે જો મોકો મળે તો એ મને કાચો જ ખાઈ જાય. ભલે નાનું તો નાનું, પણ સાચું કહું તો રાજગાદી ઠુકરાવવાનું એક કારણ આ પણ હતું; કેમકે મામીઓનાં ક્રોધ પરથી એ ચોખ્ખું દેખાતું હતું કે એ મને મથુરાની ગાદી પર ચેનથી બેસવા ન દેત. સાથે જ મારા દુર્ભાગ્યે એમનાં પિતા 'રાજા જરાસંધ' વીર, પરાક્રમી અને અત્યંત શક્તિશાળી રાજા છે. તેથી, જો મેં રાજા બનવાનું સ્વીકાર્યું હોત તો એ નક્કી હતું કે મારી મામીઓ જરૂર એમનાં પિતાજીને ઉશ્કેરીને મથુરામાં મારા માટે નિત નવી મુસીબતો ઊભી કર્યા કરત. છોડો; મામીઓની ચર્ચા ફરી ક્યારેક. હમણાં તો મામીઓની સાથે રુક્મિણીના દર્શન પણ થઈ ગયા હતા તેની વાત કરું. તેની સાથે આ દરમ્યાન બે-ત્રણ વાર આંખો ચાર થઈ ચૂકી હતી પણ એના હાવ-ભાવ કંઈ સમજમાં નહોતા આવી રહ્યા. ...આમ પણ અત્યારે હું કંઈ વિચારવા કે સમજવા લાયક બચ્યો પણ ક્યાં હતો?

ખેર! આ તરફ કંસની અંત્યેષ્ટિ પૂરી થતાં થતાં સાંજ થઈ ગઈ હતી. અમે બધા ખૂબ થાકી ગયા હતા, ખાસ કરીને મારી અને ભાઈની હાલત તો સાવ લથડી ગઈ હતી. સવારથી ત્રણ ત્રણ મહાયુદ્ધ કર્યાં હતા અને ઉપરથી અનાજનો એક દાણો પણ હજુ સુધી પેટમાં નહોતો ગયો. હાલત ત્યાં સુધી બગડી ગઈ હતી કે હવે તો અમે પગે ચાલીને ઘર સુધી જવામાં પણ સક્ષમ નહોતા. કોઈક રીતે લથડાતા પગે અને પછી અક્રૂરજીના રથમાં બેસીને અમે એમના ઘરે પહોંચ્યા હતા. સાચું કહું તો, આજે અમારામાં નહાવા જેટલી તાકાત પણ બચી નહોતી; પરંતુ હકીકત એ હતી કે આ હાલતમાં નાહ્યા વિના ચાલે એવું પણ નહોતું. દિવસભર લોહિયાળ યુદ્ધ કર્યાં હતા ને. આમ તો સ્નાન કરવું સા જ રહ્યું, કેમકે નાહવાથી ઘણી બધી હદે થાક ઓછો થઈ ગયો હતો. અહીં થાક ઓછો થતાં જ હવે ભૂખે ગાંડા કરી મૂક્યા હતા. આમ પણ આ રીતે ભૂખ્યા રહેવાનો જીવનનો આ પહેલો જ પ્રસંગ હતો. કહેવાની જરૂર ખરી કે ભોજન પીરસાતાં જ હું અને ભાઈ ભોજન પર ભૂખ્યાં સિંહની જેમ તૂટી પડ્યા હતા. આમ તો આજે દિવસે પણ કંસ અને એના દાનવો પર પણ અમે લોકો ભૂખ્યાં સિંહની જેમ જ તો તૂટી પડેલા, આ દ્રષ્ટિએ તો અત્યારે અમે ફક્ત એ પરંપરાને આગળ વધારી રહ્યા હતા. ખેર, આ બાજુ કારણ ભલે ગમે તે હોય, પણ આજે અક્રૂરકાકા મહેમાનગતિ થોડી વધારે જ કરી રહ્યા હતા. ભોજનમાં પણ અમારે માટે છપ્પન-ભોગ જ બનાવાયા હતા. નક્કી જ આજની આ મહેમાનગતિ અને આ છપ્પન-ભોગ મથુરામાં અમારા વધતા જતા "રાજકીય પ્રભાવ"ને આભારી હતા.

...આ બાજુ છપ્પન-ભોગ શું ખાધાં કે ઊંઘ મારા આખાય અસ્તિત્વ પર છવાઈ ગઈ. હું તરત સૂવા ચાલ્યો ગયો. ઘણીવાર સુધી પડખાં બદલતો રહ્યો, પરંતુ આજે આટલો થાક હોવા છતાં પણ ઊંઘ હતી કે આવવાનું નામ જ નહોતી લેતી. મન વારંવાર દિવસભરના ઘટનાચક્રમાં ગૂંચવાઈ રહ્યું હતું. ખરેખર આજનો દિવસ કેટલો લાંબો અને મહત્ત્વપૂર્ણ હતો. સવારે ઘરેથી નીકળ્યો હતો મહોત્સવમાં ભાગ લેવા, થઈ ગઈ ટક્કર ગાંડા હાથી સાથે, પછી ચાણૂર સાથે યુદ્ધ. પછી તો પરિસ્થિતિવશ કંસનો જ વધ કરવો પડ્યો. અને અચાનક... નાનાજી દ્વારા રાજા બનવાનો પ્રસ્તાવ! એ તો કમાલ જ રહ્યો. ...પ્રસ્તાવથી યાદ આવ્યું, કે જ્યારે નાનાજીએ રાજા બનવાનો પ્રસ્તાવ કર્યો અને મેં એનો અસ્વીકાર કર્યો; આ બંને ક્ષણોની વચ્ચે થોડા સમય માટે તો હું "રાજા" બની જ ગયો હતો. એટલે કે ભલેને થોડી ક્ષણો માટે જ, પણ આજે આ ગોવાળે રાજપાટ તો ભોગવી જ લીધું હતું. અને કંઈ નહીં તો ઓછામાં ઓછું આજ પછી હું મારા વિષયમાં એ તો દાવા સાથે કહી જ શકું એમ છું કે હવે હું વૃંદાવનનો સામાન્ય ગોવાળ નથી રહ્યો, થોડી ક્ષણો માટે રાજપાટ પણ ભોગવી ચૂક્યો છું. ખેર, આમ સરવાળે આજનો દિવસ મારી જિંદગીનો વિજય-દિવસ હતો. પહેલાં પાગલ હાથી સામે જીત્યો, પછી ચાણૂર સામે જીત્યો, અને પછી તો કંસની વિચારધારાને પરાજિત કરી. ...પરંતુ સાચું કહું, એ વિજયની સામે આ તમામ વિજય ફિક્કા હતા જે મેં રુક્મિણીનું અભિવાદન મેળવીને પ્રાપ્ત કર્યો હતો. રુક્મિણીનું મને ઉત્સાહિત કરવું, મારી જીતથી ખુશ થવું, વાતેવાતે મારું અભિવાદન કરવું- ચોક્કસ જ આ મારા જીવનનો સહુથી મોટો વિજય નહોતો તો બીજું શું હતું? આમ પણ વૃંદાવનના એક રસિક ગોવાળ પ્રત્યે રાજકુમારી આકર્ષિત થાય એનાથી મોટો બીજો કયો વિજય હોઈ શકે?

...પરંતુ સવાલ એ કે આવો મોટો વિજય મને અનાયાસે કેવી રીતે મળ્યો? એના પર ચિંતન-મનન કરું છું તો થાય છે કે મારી આ વિજય-યાત્રામાં ઘણા લોકોનો સહયોગ હતો. ઘણા લોકો મારા આ વિજયના નિમિત્ત બન્યા હતા. હવે અક્રૂરકાકાને જ લઈ લો. જો એમણે વૃંદાવનથી મથુરા આવતી વખતે મને કંસથી સાવધાન રહેવાની સલાહ ન આપી હોત, તો કદાચ કંસ મારો વધ કરવામાં ક્યારનોય સફળ થઈ ચૂક્યો હોત. અક્રૂરકાકા જ કેમ, એ વૃદ્ધનો ઉપકાર પણ કંઈ ઓછો હતો, જેણે પગપાળા બજાર ફરતી વખતે કંસ પર એક શાનદાર વ્યંગ કર્યો હતો. ...તમને યાદ છેને એણે કહ્યું હતું- મામાએ ભાણિયાને સમારોહમાં ભાગ લેવા બોલાવ્યો છે, પરંતુ જુઓ એને લેવા રથ સુદ્ધાં નથી મોકલ્યો; બિચારો બજારમાં પગપાળા જ જઈ રહ્યો છે. તમને સારી રીતે યાદ હશે કે એ વૃદ્ધના આ એક વ્યંગે મને તત્ક્ષણ એક કસાયેલો કૂટનીતિજ્ઞ બનાવી દીધો હતો. જો હું યોગ્ય સમયે કૂટનીતિ ન શીખત તો કદાચ કંસ એના નાપાક ઈરાદાઓમાં ક્યારનોય સફળ થઈ ગયો હોત. આ વાત તો એકદમ સાચી છે. બસ, આ વિચાર આવતા જ ચિંતન સક્રિય થઈ ગયું. હવે ઊંઘ તો આમ પણ નહોતી આવી રહી. વિચાર્યું એક પછી એક ઘટેલા આ ઘટનાક્રમોનું ચક્કર શું

છે, એ સમજવાના પ્રયત્નો કરી લઉં. હજારો સવાલ આમેય મનમાં ઊઠી રહ્યા હતા. શું કોઈ શક્તિ છે જે આપણું જીવન ચલાવી રહી છે? શું અક્રૂરકાકા અને એ વૃદ્ધને પેલી શક્તિએ જ નિમિત્ત બનાવીને મોકલ્યા હશે? જો યોગ્ય સમયે હું સાવધ ન થયો હોત કે કૂટનીતિ ન શીખી શક્યો હોત, તો શું મારું અસ્તિત્વ જ ખતમ ન થઈ ગયું હોત? શું મારા શીખવામાં અને બચીને જીવિત રહેવાની વચ્ચે કોઈ તાલમેળ છે? ...જો એવું છે, તો એનો અર્થ એ થયો કે એ શક્તિ જ આપણું જીવન ચલાવી રહી છે. એનો અર્થ એ પણ થયો કે પછી તો એ શક્તિ જ કોઈ વ્યક્તિ કે કોઈ ઘટનાને નિમિત્ત બનાવીને આપણે ક્યારે શું કરવું, ક્યાં જવું એનો સંદેશો મોકલ્યા કરે છે. જો ખરેખર એવું છે તો આપણું એકમાત્ર કર્તવ્ય એ સંદેશાઓને સમજવાનું અને એના પર અમલ કરવાનું જ રહી જાય છે. હા... એવું જ કંઈક હોવું જોઈએ; કારણ કે એટલે જ તો કુદરતના મોકલેલા સંદેશને શીખતા શીખતા અને સમજતા સમજતા વૃંદાવનના આ ગોવાળને મથુરાના રાજા બનવા સુધીની હરણફાળ ભરવાનો મોકો મળી ગયો હતો. અને જો એવું જ છે, તો જે સંદેશ ન સમજે એ લોકોનું શું? પછી તો કદાચ એ ગોવાળ જ પેદા થતાં હશે અને ગોવાળ જ મરતા હશે.

પરંતુ આ તો સારું હતું કે હું વીર હતો, પહેલવાન હતો, સાહસિક હતો, નહીંતર હાથી કે ચાણૂર મને ક્યારનાય મારી ન ચૂક્યાં હોત? અરે, તારે બચવાનું હતું એટલે તો વીર અને સાહસિક નીકળ્યો હતો. પરંતુ હું વીર અને સાહસિક બન્યો કેવી રીતે? કદાચ મારી શીખવાની આદત અને મારા નિસ્વાર્થભાવનું એમાં ઘણું મોટું યોગદાન હતું. પરંતુ આવા સ્વભાવના તો ઘણા લોકો હોતા હશે, કંઇ બધા જ સાહસિક અને વીર થોડા જ બની જાય છે? તો શું... કાલીયા, કેશી કે માતેલો સાંઢ વગેરે મારી શક્તિ અને સાહસ વધારવાનાં નિમિત્તમાત્ર હતા? જો એમ જ છે ત્યારે તો એ મારા શત્રુ ન હોઈને મિત્ર થયા; અને આ રીતે તો કોઈ ક્યારેય આપણું દુશ્મન નથી હોતું. તો પછી એનો અર્થ એ થયો કે જીવનનો આ ખેલ માત્ર મનુષ્ય સ્વયં અને એનું જીવન ચલાવનારી પ્રકૃતિની વચ્ચે જ ચાલી રહ્યો છે, બાકી જે બધાં આવ-જા કરે છે એ તો નિમિત્તમાત્ર છે. "જો આ સાચું છે તો- જે પણ થઈ રહ્યું છે એ સારું થઈ રહ્યું છે. જે થયું તે પણ સારું જ થયું. ...અને આગળ ઉપર જે કંઇ પણ થશે તે સારું જ થશે." જોયું તમે, આજે મારું ચિંતન કંઈક વધારે ઊંચાઈ પર પહોંચી રહ્યું હતું. એટલે જ તો આ બેઅદબ ચિંતન આજે પ્રકૃતિનાં રહસ્યોને સમજવાનું દુ:સાહસ કરી બેઠું હતું. કદાચ ક્ષણભર માટે જ ભલે હોય, પણ આ 'રાજા' બનવાનો પ્રતાપ હતો. જે પણ હોય તે, ભૂમિગત વાસ્તવિકતા એ હતી કે હજુ મારી પ્રજ્ઞા, મારું ચિંતન એટલાં વિશાળ નહોતાં થયાં કે એ પ્રકૃતિનાં આ રહસ્યોને સંપૂર્ણ રીતે સમજી શકે; કે એનાં રહસ્યોનું બરાબર રીતે મૂલ્યાંકન કરી શકે. ...તો શું, આજે જીવનમાં પહેલી વાર મારા ચિંતને આટલી ઊંડી ડૂબકી લગાવી તો હતી; કાલે બાકીના પડાવ પણ સર કરી લઈશું.

બસ, આવું વિચારીને મન શાંત થયું જ હતું અને ઊંઘ આવવામાં જ હતી કે ફરી એક સવાલે ટકોરો મારીને નિદ્રાને પૂરી રીતે ઉડાડી દીધી. પણ ચિંતનેય મારો સાથ છોડી દીધો હતો. એટલે હવે હાલત એ હતી કે ઊંઘ નહોતી આવી રહીં અને ચિંતન સાથ આપતું નહોતું. જોકે કંઈક ને કંઈક કરવું પણ જરૂરી હતું. આવામાં એમને એમ સુસ્ત પડ્યા રહી શકાય તેમ નહોતું. વિચાર્યું કે વાસંળી વગાડવામાં આવે તો કેવું! વાંસળીની ધૂનમાં ડૂબી જવાથી જાતને વિચારોમાંથી મુક્ત કરવાનું પણ સરળ બની જશે અને મજા પણ આવશે. વિચાર શુભ હતો, એટલે એના અમલ માટે રાહ જોવા જેવી નહોતી. તરત હાથમાં વાંસળી લઈને બહારની તરફ ચાલવા લાગ્યો. થોડું આગળ ગયો અને ત્યાં એક વૃક્ષ નીચે બેસીને મેં વાંસળીના સૂર છેડ્યા. તમે માનશો નહીં, આજે વાંસળી પર સૂર એવા તો વાગવા લાગ્યા કે સવાર ક્યારે પડી, કંઇ ખબર જ ન પડી. કદાચ વાંસળી પણ વિજયનો ઉત્સવ ઉજવવા માટે તડપી ઊઠી હતી. ચાલો એની તડપ પણ દૂર થઈ, પણ હવે આગળ શું? ન સમજ્યાં, આખા દિવસનો થાક અને રાતભરનો ઉજાગરો; ...હવે કરવું તો શું કરવું? વિચાર્યું, થોડી લટાર મારી લઉં. આમેય ઉજાગરાને કારણે ચડેલી સુસ્તીને ભગાડવાની આ એક જ શ્રેષ્ઠ યુક્તિ દેખાતી હતી. ચાલો, ફરી પણ આવ્યો. ...પાછો આવીને જોઉં છું તો ભાઈ બહાર ઓસરીમાં નાહી-ધોઈને મારી રાહ જોઈ રહ્યા છે. અરે હા, યાદ આવ્યું, અમારે તો સવાર-સવારમાં જ નાનાજી પાસે જવાનું હતું. બસ, બીજું શું, ઉતાવળે ઉતાવળે તૈયાર થઈને અમે બંને જણા નાનાજીને મળવા રાજમહેલ તરફ ચાલી નીકળ્યા. ...અજબ હાલત હતી મારી. ચાણૂર અને કંસ જેવા શત્રુઓ સાથે તો ભરી પીધું હતું, પરંતુ આ 'ઊંઘ' નામના મહાશત્રુનો કોઈ ઉપાય દેખાતો નહોતો. ઉપરથી થાક નામની મહા-બીમારી તો એવું ઘર કરી ગઈ હતી કે જવાનું નામ જ નહોતી લેતી.

ખેર! કંસના મૃત્યુ પછીનો આજે પહેલો દિવસ હતો. રાજમહેલ પણ આજે અમે પહેલી જ વાર જઈ રહ્યા હતા. રાજમહેલ જોવાની જિજ્ઞાસા તો ક્યારની મનમાં દબાવીને બેઠા હતા, પરંતુ અત્યાર સુધી મામાની બીકના કારણે જાતને એનાથી દૂર રાખીને બેઠા હતા. એ તરફ મારી ધારણા કરતાં પણ રાજમહેલ ઘણો વધારે ભવ્ય અને વિશાળ હતો. વૃંદાવનમાં સહુથી મોટા ઘરમાં રહેનારાના ગર્વમાં જીવવાવાળા ગોવાળની તો રાજમહેલ જોઈને બોલતી જ બંધ થઈ ગઈ હતી. રાજમહેલ શું હતો, જાણે કે મોટો જબરો કિલ્લો લાગતો હતો. અંદરથી એટલો ભવ્ય કે હું એક પળ માટે તો એના અગણિત વિશાળ ઓરડા, મોટા-મોટા સ્તંભ અને દીવાલો પર ટીંગાડેલી એકથી એક ચઢિયાતી ભવ્ય ચિત્રશૈલીઓમાં જ ખોવાઈ ગયો હતો. રાજમહેલની ભવ્યતા જોઈને મારી તો આંખો જ અંજાઈ ગઈ હતી. સત્ય કહું તો કાચાં ઘરોમાં રહેવા ટેવાયેલા આ ગોવાળ માટે આ ભવ્ય રાજમહેલ કોઈ સ્વપ્નથી ઉતરતો નહોતો. ખરેખર શહેર... શહેર હોય છે. ધન... ધન હોય છે. રાજમહેલ... રાજમહેલ હોય છે અને રાજા... રાજા હોય છે. અચાનક રાજમહેલની ભવ્યતા જોઈને મારા મનને એક મશ્કરી સૂઝી અને સ્વયં સાથે મજાકમાં બોલ્યો- અરે ગાંડા,

રાજા બનવાની ના પાડીને નાહકમાં આટલો ભવ્ય રાજમહેલ હાથમાંથી જવા દીધો ને. ખરેખર આવી પહેલાં ખબર હોત તો કદાચ રાજા બનવાની ના ન પાડત. ચોક્કસપણે પોતાની સુસ્તી ભગાડવા માટે જ હું જાત સાથે આમ મશ્કરી કરી રહ્યો હતો, તમે આને ગંભીરતાથી લગીરે ન લેતા.

...આ તરફ સ્વાભાવિક રીતે રાજમહેલ ખૂબ શોકાતુર હતો. અમને સીધા નાનાજીના ઓરડામાં જ લઈ જવામાં આવ્યા. નાનાજીએ તો મને જોતાં જ ગળે લગાવી લીધો. હું પણ એમને જોતાં જ ગદ્ગદ્ થઈ ગયો. હજુ કાલે જ તો હું એમને પહેલી વાર મળ્યો હતો; પરંતુ જુઓને, એક જ દિવસના ટૂંકા સંબંધમાં અમારી આત્મીયતા આભે આંબવા લાગી હતી. અમે બંને એકબીજાને સારી રીતે સમજવા પણ લાગ્યા હતા. ...આમ પણ નાના-પૌત્રનો પ્રેમ કંઈ વિશેષ જ હોય છે. તેથી, એ વાતને જવા દો. હમણાં થોડી વાર આડી-અવળી વાતો કરીને તરત જ નાનાજી અમને મુખ્ય સભા-ખંડમાં લઈ ગયા. સભા-ખંડ ખીચોખીચ ભરેલો હતો. મથુરાના સન્માનનીય વ્યક્તિઓની સાથે સાથે મામીઓ પણ ત્યાં પહેલેથી જ હાજર હતી. એમની આંખો પરથી જ લાગી રહ્યું હતું કે એ આખી રાત સૂતી નથી. ભલા પોતાનો પતિ ગુમાવીને કોણ સૂઈ શકે છે? ...પરંતુ આશ્ચર્ય એનું હતું કે આટલા થાક અને શોક પછી પણ મને જોતાંવેંત એમની આંખોમાં કોણ જાણે ક્યાંથી ઘૂરકિયા કરવાની તાકાત જરૂર આવી ગઈ હતી. મોઢું તો એવું ફાડ્યું હતું જાણે કે મને કાચોને કાચો ખાઈ જશે. આ તો સાચે જ કમાલ થઈ ગઈ હતી. આ તો સમયની સાથે એમનો ક્રોધ વધતો જ જઈ રહ્યો હતો. હું પૂર્ણપણે આશ્ચર્યચકિત હતો. કારણ કે મેં આજ સુધી જેટલા ક્રોધ જોયા હતા એ બધાં સમયની સાથે શાંત થવાવાળા જોયા હતા. ભાઈનો, પિતાજીનો, માનો અને હા... રાધાના ક્રોધનો પણ હું ઘણીવાર સામનો કરી ચૂક્યો હતો. પરંતુ આ બધા ક્રોધને મેં સમયની સાથે શાંત થતાં જ જોયા હતા. સમયની સાથે વધવાવાળા ક્રોધનો પરિચય મને પહેલીવાર થઈ રહ્યો હતો. જોકે પહેલો અનુભવ હોવા છતાં એમનાં ક્રોધનું આ સ્વરૂપ જોઈને મને એટલું તો સમજમાં આવી જ રહ્યું હતું કે જો મામીઓનો ક્રોધ આ રીતે જ વધતો રહેશે, તો આજ નહીં તો કાલ એ મારા માટે કોઈને કોઈ મુસીબત અચૂક ઊભી કરશે. આ તરફ યાદવ-આગેવાનોનો મારા પ્રત્યેનો ભાવ પણ કંઈ ઠીક નહોતો લાગતો. ચોક્કસપણે નાનાજી સાથે મારી વધતી જતી નિકટતા એમના માટે અસહ્ય બની રહી હતી. એટલે "કૃષ્ણ મહારાજ" નાનાજી પ્રતિ પોતાનું કર્તવ્ય જાણી અને માનીને અને મનની મહેચ્છાઓ પૂર્ણ કરવાનાં સમ્મિશ્રિત કારણોથી મથુરામાં રોકાઈ તો ગયા હતા, પણ આગળ ઉપર કંઈપણ સરળ નહોતું દેખાઈ રહ્યું. હશે, હમણાં તો હું મારા સુરક્ષા-કવચ નાનાજીની બાજુમાં જ બેઠો હતો. આ તરફ હજુ પણ લોકો આવી રહ્યા હતા. સહુના શિરે શોકનો ભાર હતો, પણ મામીઓનો શોક તો કંઈ અધિક જ હતો. એમનું રોવા-ધોવાનું તો અટકવાનું નામ જ નહોતું લઈ રહ્યું. અને તેમના આ રુદને કંસના મૃત્યુબાદ પણ મને હેરાન કર્યો હતો, અને અત્યારે પણ હું એનાથી પરેશાન થઈ રહ્યો હતો.

ખેર છોડો! હમણાં તો વાતાવરણમાં જે એકાએક પલટો આવ્યો તેની વાત કરું. અમારા આવ્યા પછી થોડી જ વારમાં યુવરાજોનું આગમન પણ શરૂ થઈ ગયું. યુવરાજોને જોતા જ મને રુક્મિણીની યાદ આવી ગઈ. એની યાદ શું આવી, ચકળવકળ ફરતી મારી નજરો આપમેળે જ પ્રવેશદ્વાર પર ખોડાઈ ગઈ. મારી ઉત્કંઠાની સ્થિતિ તો એ હતી કે મારી થાકેલી આંખો પણ અપલક નજરે ખૂબ આતુરતાથી 'રુક્મિણી-આગમન'ની રાહ જોવા લાગી.

તમે જોયું ને, મારું આંતરિક વાતાવરણ કેવી રીતે પરિવર્તિત થઈને સુંદર થઈ ગયું. હવે જો એક વાર મનમાં રુક્મિણીનું પદાર્પણ થયું, તો પછી મામીઓના રોદણાં પર કોણ ધ્યાન આપે? અને આને લીધે દ્રશ્ય કંઈ અજબ થઈ ગયું હતું. આ વિશાળ અને ભવ્ય સભાગૃહમાં અત્યારે લગભગ ત્રણસો લોકો હાજર હતા. જમણી બાજુએ જો અમે પુરુષો બેઠા હતા, તો ડાબી બાજુએ મામીઓની સાથે મહિલાઓ પણ બેઠી હતી. નક્કી જ એમાં દેવકી પણ હતી, તો વસુદેવજી અને અક્રૂરજી અમારી સાથે જ બેઠા હતા. આટલે સુધી તો ઠીક પણ એક તરફ જ્યાં બાકી બધા શાંત, ઉદાસ અને ગંભીર હતા, તો બીજી તરફ હું મારી ડોક વાંકી કરી કરીને નિરન્તર એ પ્રવેશદ્વાર ભણીજ જોઈ રહ્યો હતો કે જ્યાંથી રુક્મિણીના આગમનની અપેક્ષા હતી. આ તો મહેરબાની હતી કે મને વધારે રાહ ન જોવી પડી. નહીં તો આ દ્રશ્ય જોઈને કોઈપણ મને ગાંડામાંનો એક ગણી લેત અને વિચાર પણ કરત કે સારું થયું કે આ રાજા ન બન્યો. છોડો, કોણ ફિકર કરે છે? આશિક તો પાગલ હોય જ છે. હમણાં તો રાહતની વાત એ કે એનાં આગમનની સાથે જ અમારી આંખો ચાર થઈ. આંખો ચાર શું થઈ, મારો બધો થાક દૂર થઈ ગયો. આ તરફ રુક્મિણી આવતાં જ મામીઓની પાસે બેસી ગઈ. જોકે મારું ચોરીછૂપીથી એને જોવાનું હજુ પણ યથાવત્ હતું. ફરક માત્ર એટલો હતો કે હવે હું સામાન્ય રીતે બેસી ગયો હતો, કારણ કે મહારાણી સામે જ બિરાજમાન હતી. બીજી બાજુ ક્યારેક ક્યારેક એની પણ કૃપા-દ્રષ્ટિ મારા ઉપર પડી જતી હતી. સાચું કહું તો- એનું આમ વારંવાર મને જોયા કરવાનું મનમાં અપાર રોમાંચ ઊભો કરતું હતું. ચોક્કસપણે, બીજી કોઈ પરિસ્થિતિ હોત તો હું મારી સૂધ-બૂધ ક્યારનોય ગુમાવી બેઠો હોત. જોકે અત્યારે પણ અમુક હદ સુધી તો હું સૂધ-બૂધ ગુમાવી જ બેઠો હતો. હું ક્યાં બેઠો છું, કેમ બેઠો છું...? એ બધું વીસરીને રુક્મિણીને જોવાનાં આનંદમાં જ હું તો ખોવાઈ ગયો હતો. ...તો આમાં કંઈ ખોટું પણ નહોતું. પરંતુ દુર્ભાગ્યે અમારું આ તારામૈત્રક લાંબુ ન ચાલ્યું. થોડી વાર પછી અચાનક શું થયું કે રુક્મિણી ઊઠી અને બહાર ચાલી ગઈ. હું ઉદાસ થઈ ગયો. જોકે ઉદાસ નજરે પણ હું બહાર ચાલી જતી રુક્મિણીને જ જોઈ રહ્યો હતો. હું અહીં બેઠો છું અને એ ચાલી નીકળી, મારું દિલ જ તોડી નાખ્યું. મારો તો જીવ જઈ રહ્યો

હતો. અર્થ સ્પષ્ટ હતો, હું એનાં આકર્ષણમાં બરાબરનો ફસાઈ ગયો હતો. જોકે મારી અને એની વચ્ચે કોઈ વાતચીત તો નહોતી થઈ કે ન તો કંઈ ખાસ મળવાનું પણ થયું હતું; એટલે કે મેં મારા તરફથી જ આંખો દ્વારા તારામૈત્રી રચીને આખી વાત જમાવી હતી. મજા એ કે ભૂલ આંખોએ કરી હતી અને સજા દિલ ભોગવી રહ્યું હતું. ...અને એ પણ એવી રીતે કે એનાં આવવાથી આનંદમાં ઝૂમી ઊઠે અને એનાં ચાલ્યા જવાથી ઉદાસ થઈ જાય. એની કૃપા-દ્રષ્ટિ થઈ જાય તો ઘેલછા છવાઈ જાય, અને જો ભૂલથી પણ ઉપેક્ષા થઈ જાય તો જીવ જ નીકળી જાય. હજુ તો હું આવાજ બધા સ્વાનુભવના વિચારોમાં ખોવાયો હતો કે અચાનક મને એવું લાગ્યું કે જાણે રુક્મિણી મને ઈશારો કરીને બહાર બોલાવી રહી છે. મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. ના... ના... આવું બની જ ન શકે. તું તો ધોળા દિવસે પણ સપનાં જોવા લાગ્યો છે કનૈયા! રુક્મિણી તને બોલાવે, એ પણ રાજમહેલમાં ...અને બધાની સામે. કૃષ્ણ, તું ઘેલો થયો છે. કોઈ કામનો નથી રહ્યો. કનૈયા, આ બધી તારા મનની ભ્રમણાઓ છે. એટલે તને બધું ઉંધું-ચત્તું દેખાઈ રહ્યું છે. તારી હેસિયતમાં આવી જશે એજ ઠીક થશે અને પછી ચૂપચાપ બેસી રહે, એમાં જ ભલીવાર છે. ...બસ, હું ચૂપચાપ ગુમસુમ બેસી ગયો. હવે તો રુક્મિણી પરથી આંખ પણ હટાવી લીધી.

હવે આ તો બુદ્ધિએ લાદેલું નિયમન હતું, મન કંઈ એને માનતું હશે? બસ, આ આતુર નજર તો ફરી રુક્મિણી તરફ દોડી ગઈ. એવું લાગ્યું કે જાણે એ મારા ન જવાથી ગુસ્સે થઈ ગઈ છે, એજ ઈશારાથી બોલાવી તો હજી પણ રહી છે. હવે તો વાત પાકી થઈ ગઈ. રાજકુમારી ગોવાળને બોલાવી જ રહી છે. હું ખુશીનો માર્યો ગાંડો થઈ ગયો. ઉદાસી ઉપર આનંદ સવાર થઈ ગયો. હું તરત ઊભો થઈને ચાલવા લાગ્યો. ક્યાં? શું કામ.? કેમ...? સમજવાની કોશિશ સુદ્ધાં ન કરી. આમ પણ રાજકુમારીઓની છટા સમજવાની આ ગોવાળની શી હેસિયત હતી? એના માટે તો બસ, રાજકુમારીનો હુકમ જ શિરોમાન્ય હતો. બસ, ...હું તત્કાળ ત્યાં પહોંચી ગયો જ્યાં રુક્મિણી ઊભી હતી. હું નિકટ પહોંચ્યો કે તરત જ એણે પાછા વળીને ચાલવાનું શરૂ કરી દીધું. મારા પગ આપમેળે એની પાછળ ચાલવા લાગ્યા. અચાનક એક જગ્યાએ આવીને એ થોભી ગઈ. હું પણ રોકાઈ ગયો. રોકાતા જ થોડો ભાનમાં પણ ચોક્કસ આવ્યો. ભાનમાં આવતાં જ, મેં પોતાને એક એકાંત ખૂણે ઉભેલો જોયો કે જ્યાં કોઈ અવરજવર નહોતી. ઠીક, તો રાજકુમારીએ આ સુંદર મુલાકાત માટે ખૂણો પણ શોધી કાઢ્યો હતો. ...હજુ હું કાંઈ સમજું-વિચારું કે ખુશીમાં ઝુમી ઉઠું તે પહેલા તો રુક્મિણીએ અત્યંત આત્મવિશ્ર્વાસ સાથે મારી આંખમાં આંખ પરોવીને મને જોવાનું શરૂ કરી દીધું. આમ તો કાલે જ મેં એક પછી એક એમ ત્રણ ત્રણ કતલ કરી હતી અને એ પણ એકથી એક ચઢિયાતા વીરોની, પણ આજે રુક્મિણીની નજરના આ એક જ ઘાએ મારા જેવા બહાદુરને પણ ભોંયભેગો કરી દીધો હતો. એનો કતલ કરવાનો અંદાજ નિરાળો જ હતો. ન તીર, ન તલવાર, ન ચાલબાજી, ન દગાબાજી; છતાં પણ મને એવો માર્યો હતો કે હું પાણી સુદ્ધાં માંગી શકતો નહોતો. હજુ હું આ બધી વાતોથી બહાર આવીને પોતાના તરફથી સ્વસ્થ થવાની કોશિશ જ કરી રહ્યો હતો કે એણે મને એક સીધા સવાલથી બેભાન જ કરી દીધો. એણે અધિકારપૂર્વક સીધું જ પૂછ્યું- તમે રાજા બનવાનો કેમ અસ્વીકાર કર્યો?

...આવી કાતિલ નજરો મને આવો સવાલ કરશે એવી તો મેં જરા પણ અપેક્ષા નહોતી રાખી. આજે મારા 'મનનું ગણિત' કંઈ કામ નહોતું આવી રહ્યું. મારી બધી વિશેષતાઓ કે જેના પર હું અભિમાન કરતો હતો, એ એમની એમ રહી ગઈ હતી. પહેલેથી જ બેશુદ્ધ એવો હું, આ સવાલ સાંભળતા જ ભૂંડી રીતે મૂંઝાઈ ગયો. મારા જ્ઞાન-ચક્ષુઓએ કામ કરવાનું જ બંધ કરી દીધું. અને બાકી બચેલી કસર એની વેધક રૂઆબદાર આંખો પૂરી કરી રહી હતી. હવે તમે જ કહો ભલા, હું બચું તો પણ કેવી રીતે? અને આનો શો જવાબ દઉં? પરંતુ અણીનું ચૂક્યુ સો વરસ જીવે એમ વિચારીને મેં ઝડપથી મારો આત્મવિશ્ર્વાસ જગાડ્યો. આજે પહેલી મુલાકાતમાં જ આ રીતે ભોંયભેગો થઈ જઈશ તો જીવનભરનો સાથ કેવી રીતે પામી શકીશ? ખરેખર, રુક્મિણીએ પહેલી જ મુલાકાતમાં મને સંપૂર્ણ રીતે પોતાનાં વશમાં કરી લીધો હતો. અથવા તો એમ કહું... હું જાતે એનાં વશમાં આવી ગયો હતો. ચાહે જે હોય તે, અત્યારે તો વાત ગોપીઓનાં લાડલાં 'કનૈયા'ની ઈજ્જત પર આવીને અટકી હતી. ...અરે ગાંડા, હજુ કાલે જ તો નાનાજી પાસેથી સંતુલન બનાવી રાખવાનું શીખ્યો હતો, તો પછી સંતુલન કેમ નથી રાખતો? રાજકુમારી જ છે, કોઈ સ્વર્ગની અપ્સરા તો નથીને... મેં તત્કાળ મારી ભીતર આત્મવિશ્ર્વાસ ફૂંક્યો. પોતાનું સંતુલન બનાવ્યું. સજાગ થયો, અને એની નજરોમાં નજર પરોવીને પૂરેપૂરા આત્મવિશ્ર્વાસપૂર્વક કહ્યું- કારણ કે હું મારામાં રાજા બનવાની યોગ્યતાઓ નથી જોતો.

...આ સાંભળતાં જ રુક્મિણી અવાક્ રહી ગઈ. ત્યાર પછી એક ઊંડો શ્ર્વાસ ભરીને અત્યંત ગંભીરતાથી બોલી- ખોટું! હું તો સફળ રાજા બનવા માટે માત્ર ત્રણ યોગ્યતાઓનું હોવું અનિવાર્ય માનું છું. પહેલી, જે એટલો વીર હોય કે પોતાનાં સિંહાસનની રક્ષા કરી શકે. બીજું, જેને જનતાનું સમર્થન પ્રાપ્ત હોય. અને ત્રીજું, જે પ્રજાના હિતની ચિંતા કરતો હોય. ...અને મને તો તમારામાં આ ત્રણેય ગુણ દેખાઈ રહ્યા છે.

તમે તો પામી જ ગયા હશો કે વૃંદાવનના આ સીધા-સાદા ગોવાળને કુંડિનપુરની આવી પ્રભાવશાળી રાજકુમારી સામે પોતાની જાતને નિરન્તર સંભાળવામાં કેટલી તકલીફ પડી રહી હશે. હું તો બસ, અવાક્ ઊભો ઊભો એની વાતો સાંભળતો જ રહી ગયો. આજે મારી પાસે વ્યક્ત કરવા માટે ન તો કોઈ ભાવ હતા, કે ન તો મોંમાંથી કોઈ શબ્દ નીકળી રહ્યા હતા. શું બોલું? આ કક્ષાની વાત ક્યારેય જાણી કે સાંભળી હોય તો કંઈક બોલુંને. તમે તો જાણો છો કે પ્રથમ દ્રષ્ટિમાં જ હું એનાં પ્રભાવશાળી વ્યક્તિત્વ પાછળ ગાંડો થઈ ગયો હતો. પછી એનાં ભોળપણમાં ખોવાઈ ગયો હતો. ત્યાં વળી એનાં સૌંદર્યની ઘેલછાએ તો પહેલેથી બધી

જ હદ વટાવી દીધી હતી. અને હવે આજે એનાં સાહસ અને સમજદારી મને નતમસ્તક બનાવવા કટિબધ્ધ હતા. એટલે કે 'કાના'ના અસ્તિત્વ પર રુક્મિણીનો જાદૂ સંપૂર્ણ રીતે છવાઈ ગયો હતો. હવે જ્યારે કાનો આ હદે મરી ફીટ્યો હોય તો બોલે શું...? અત્યારે કાનો મર્યો હતો, પણ તેને મારવાવાળી તો જીવિત જ હતી. તેથી, મને આ રીતે ગુમસુમ ઊભેલો જોઈને એ પોતે જ બોલી ઊઠી. હવેના એનાં બોલવામાં પણ ગજબની દ્રઢતા હતી. એ સીધી જ આંખોમાં આંખોને પરોવીને બોલી- એ ચોખ્ખે ચોખ્ખું સમજી લો કે મારી દ્રષ્ટિએ તમારો રાજપાટ ન સ્વીકારવાનો નિર્ણય યોગ્ય નહોતો. કદાચ તમે નથી જાણતા કે રાજાના પુત્ર ન હોવા છતાં પણ રાજા બનવાનો અવસર મળ્યો, એ પણ એક ગોવાળને... આ ઘટના પોતે જ એક ઈતિહાસ છે. કદાચ તમને ફરી વખત આ ઈતિહાસ રચવાનો મોકો ન મળે. બની શકે છે કે રાજાના તમામ ગુણ હોવા છતાં પણ રાજા ન બની શકવાનું દુ:ખ તમને જીવનભર સાલતું રહે.

...હજુ તો હું યોગ્ય રીતે એના કહેવાનો અર્થ સમજી શકું અથવા તો એની બોલવાની છટા પર પૂર્ણપણે આફરીન થઈ જાઉં, ત્યાં તો ક્યાંકથી એનો ભાઈ રુક્મી ટપકી પડ્યો. એણે મને બહુ હીનતાભરી નજરે જોયો તો જોયો, પણ શું કહું... ગુસ્સામાં મારી રુક્મિણીનો હાથ પકડીને એને ત્યાંથી ખેંચીને લઈ પણ ગયો. આ સાથે જ અમારી આ સુંદર જ્ઞાન-ગોઠડી સમાપ્તિનાં આરે પહોંચી ગઈ. એક વાર ફરી રુક્મીએ મને એ વાતની અનુભૂતિ કરાવી દીધી કે એક ગોવાળનું હ્રદય ભલેને ગમે તેટલું ઉત્કંઠાથી ધડકતું કેમ ન હોય, પણ હજુ રાજકુમારી એની પહોંચથી ઘણે દૂર છે. ખરેખર રુક્મીના આ વ્યવહારે મને અંદરથી વિચલિત કરી મૂક્યો. જોકે તેમ છતાં હું હજુ પણ મારી નજરો ચાલી જતી રુક્મિણી પર ટેકવીને બેઠો હતો. ...પણ કમાલ તો રુક્મિણીએ કરી બતાવી. આટલું બધું બની ગયા પછી પણ એ સંપૂર્ણ રીતે શાંત દેખાઈ રહી હતી. અને નિશ્ચિંત તો એવી કે આંખથી ઓઝલ થતાં પહેલાં સ્મિતસહ હાથ હલાવીને મારું અભિવાદન પણ કરતી ગઈ. કદાચ એક અભણ ગોવાળ અને એક ભણેલી-ગણેલી રાજકુમારીનાં વ્યક્તિત્વ વચ્ચેનો આજ પાયાનો તફાવત હતો. પરિસ્થિતિઓ એને ક્યાં વિચલિત કરી રહી હતી? આમ તો હું પણ પરિસ્થિતિઓથી વિચલિત થાઉં એમાંનો નહોતો, આ તો હ્રદયના કારણે થોડો ઢીલો પડી ગયો હતો. અને એ પણ એ હદે કે રુક્મિણી તો ચાલી ગઈ હતી પણ દીવાનો બની, હું ઊભો ને ઊભો રહી ગયો હતો. સાચું કહું તો આજે રુક્મિણીની સાથે સાથે 'કૃષ્ણ' પણ ચાલ્યો ગયો હતો. ...રહી ગયું હતું તો કેવળ એનું શરીર. અને જો આ શરીરમાં કંઈ રહી ગયું હતું તો તે હતું રુક્મિણીનું ચિંતન. તેથી, હમણાં બસ, ત્યાંજ એક સ્તંભ પર હાથ રાખીને રુક્મિણીનાં વિચારોમાં મગ્ન થઈ ગયો હતો. સાચે જ રુક્મિણીની દરેક વાત નિરાળી હતી. જ્યારે એણે મને ઈશારો કર્યો હતો, ત્યારે એ કેટલી નિશ્ચિંત દેખાતી હતી. અને વાતચીતની શરૂઆતથી જ એણે મારી કાબેલિયત પર કેટલો ભરોસો દાખવ્યો હતો. સૌથી મોટી વાત તો એ કે આટલી મોટી રાજકુમારી હોવા છતાં પણ એણે એક સાધારણ ગોવાળના ઉજ્જવળ ભવિષ્યમાં કેટલો રસ લીધો હતો. તદુપરાંત, આટલી નાની ઉંમરે પણ એનું વ્યક્તિત્વ કેવું સંતુલિત હતું? રુક્મીના અણધાર્યા આગમન પછી પણ એ ક્યાં ગભરાઈ હતી? ગુસ્સે ભરાયેલો ભાઈ સાથે હોવા છતાં પણ એ જતાં-જતાં હાથ હલાવવાનું ક્યાં ભૂલી હતી?... અત્યારે તો હું એ પણ નહોતો જાણતો કે એને કેવળ મારી યોગ્યતામાં જ રસ છે કે મારામાં પણ, પરંતુ મારા દિલની સ્થિતિ સ્પષ્ટ હતી, અને તે એ કે એને કોઈપણ ભોગે પામવા માટે એ તલસી ઉઠ્યું હતું. અને એને પામવાની ઈચ્છા સાથે જ આજે ત્યાં ઊભા ઊભા જ મેં બે સંકલ્પ કર્યા. એક, મારે કોઈપણ ભોગે રુક્મિણીને પામવી છે અને બીજું, મારે પોતાની જાતને એને લાયક બનાવવી છે. ...એટલે આ મોકો ગયો તો શું, તો પણ મારે રુક્મિણીને રાજા બનીને બતાવવું જ છે.

...પરંતુ શું આટલાથી જ મારા રુક્મિણી સાથે વિવાહ થઈ જશે? શું અમારાં પ્રેમને રુક્મીના ક્રોધનો ભોગ તો નહીં બનવું પડેને? આ મારો સાળો તો સાળો બનતા પહેલાં જ મારાથી નારાજ થઈને બેઠો છે. એનો સ્વભાવ જોતા તો એ નક્કી જ હતું કે મારા સાળા ન બનવું પડે, એ માટે બની શકે તેટલો પ્રયત્નશીલ રહેશે. ...લો, હવામાં તો એવો ઉડવા લાગ્યો હતો કે જાણે હું રાજા બની જ ગયો હોઉં, રુક્મિણીએ તો વિવાહમાં રસ પણ દેખાડી દીધો હોય. એટલે, હવે રુક્મીના વિષયમાં વિચારવું જરૂરી બની ગયું હોય. ગાંડો નહીં તો! આ તો ભેંસ ભાગોળે ને છાશ છાગોળે જેવો ઘાટ થયો. હવે ગોવાળ છું તો ઉદાહરણ પણ ગોવાળો જેવું જ આપીશને. અરે કૃષ્ણ! દાખલા ભલેને ગોવાળોવાળા આપો, પણ ઓછામાં ઓછું ગોવાળ જેવા વર્તનથી તો દૂર રહો. આ શું, સભાખંડ છોડીને અહીં દીવાના બની ઊભા છો. કંઈક પરિપક્વતા દર્શાવતા, બધાંની વચ્ચે જઈને બેસો... લ્યો ચાલી નીકળ્યા. આ સાથે જ હું ફરી સભા-ખંડમાં તો ગયો, પરંતુ કૃષ્ણ હજુ સુધી પાછો ફરી શક્યો નહોતો; માત્ર એનું શરીર જ સભા-ખંડમાં પહોંચ્યું હતું. હું તો હજુ પણ પૂર્ણતયા રુક્મિણીનાં વિચારોમાં જ ખોવાયેલો હતો. મને રહી રહીને બસ, રુક્મિણીએ મારી ક્ષમતાઓ ઉપર મૂકેલો વિશ્વાસ યાદ આવતો હતો.

કમાલ હતી! જે માતા-પિતાએ પાળી-પોષીને મને આટલો મોટો કર્યો હતો, એમણે પણ આજ સુધી મારી ક્ષમતા પર આટલો વિશ્વાસ ક્યારેય દેખાડ્યો નહોતો. જે ભાઈની સાથે હું ચોવીસે કલાક રહું છું એને પણ મારી કાબેલિયત ઉપર કંઈ આટલો વિશ્વાસ થોડો જ હતો? આવામાં નાનાજી અને રુક્મિણીનું થોડી મુલાકાતોમાં જ મારી ક્ષમતા ઉપર આ હદે આશ્વસ્ત થવું મને આશ્ચર્યચકિત કરતું હતું. જ્યાં સુધી મારો સવાલ છે, તો મને તો મારી યોગ્યતા પર બાળપણથી જ ભરોસો હતો. મેં મારા મનથી તો પોતાને ક્યાં ક્યારેય સાધારણ માન્યો હતો? કાલીયા અને કેશી સામે બાથ ભીડવા કંઈ અમસ્તો થોડો જ

પહોંચી ગયો હતો? એટલે હું બાળપણથી જ પોતાને યોગ્ય તો માનતો આવ્યો હતો, અને હું યોગ્ય છું એમાં કોઈ બેમત પણ નથી. સવાલ એ છે કે તો પછી કેમ આ 'બે'એ જ વિશ્વાસ વ્યક્ત કર્યો, ને બાકીનાએ નહીં? એનો અર્થ તો એ થયો કે કોઈની યોગ્યતા પરખવા માટે માણસે પોતે પણ યોગ્ય હોવું જરૂરી છે. હશે! અત્યારે તો બપોર થવા આવી હતી અને લોકો ઘરે પાછા જવા લાગ્યા હતા. થોડી જ વારમાં સંપૂર્ણ સભા-ખંડ ખાલી થઈ ગયો હતો. સહુના જવાની સાથે જ નાનાજી અમને પોતાના ભોજનકક્ષમાં લઈ ગયા. ઓ હો, આવો વિશાળ અને ભવ્ય ભોજનકક્ષ...? હું તો દંગ થઈને જોતો જ રહી ગયો. વળી ભોજનકક્ષ જ નહીં, હવે તો હું રાજમહેલની દરેક વસ્તુને ખૂબ ધ્યાનપૂર્વક જોતો હતો. ભૂલી ગયા કે, હવે આ ભવ્ય વસ્તુઓને જોવા- જાણવાનું જ નહીં, પણ બનાવડાવવાનુંય મારા માટે જરૂરી બની ગયું હતું. સમજ્યાં નહીં, હવે એક ગુણવાન રાજકુમારીને ઘરે લાવવાની ઈચ્છા હોય તો આ બધું તો કરવું જ પડશે ને?

...તો એ બધું તો કરતાં રહેશું, હમણાં તો જે જોરદાર ભૂખ લાગી હતી તેની બાબત વિચારું. અને એ બાબત પણ વિચારવું શું હતું, અમે આટલા વિશાળ ભોજનકક્ષમાં પ્રવેશી જ ચૂક્યા હતા. પોતાનું સ્થાન પણ ગ્રહણ કરી લીધું હતું, દાસ-દાસિઓ પણ ભોજન પીરસવા માટે સક્રિય થઈ ગયા હતા; બસ, રુક્મિણીનો જાદુ આપમેળે જ ઓસરવા લાગ્યો હતો. હું ભોજનની રાહ જોતો, ભોજન કક્ષ જોવા લાગ્યો. અહીં એકસાથે લગભગ વીસ માણસો ભોજન કરી શકે એવી વ્યવસ્થા હતી. અમારા બેસવાનું આસન તો પોચું હતું જ, સાથે પાછળ ટેકો લેવા માટે સરસ તકિયો પણ ઉપલબ્ધ હતો. આટલું ઓછું હતું તો સામે રાખેલો પાટલો પણ ચાંદીથી બનેલો હતો અને ભોજન કરવાનો થાળ પણ ચાંદીનો જ બનેલો હતો. સાથે જ આ કક્ષ એક એકથી ચઢે તેવા ચિત્રકામથી પણ સજાવેલો હતો. જોકે અત્યારે જમવા માટે પાંચ જ લોકો બેઠા હતા, એટલે કે હું, ભાઈ અને નાનાજી સિવાય સેનાપતિજી અને મહામંત્રી પણ પછીથી આવી ગયા હતા. હવે એમનું એ જાણે, અહીં ગોવાળોને તો મજા પડી ગઈ હતી. પણ આ શું? છપ્પનભોગની આશામાં બેઠેલા અમને, એકદમ સાદું ભોજન પીરસવામાં આવ્યું હતું. આ જોઈને તો જાણે ભૂખ જ મરી ગઈ. આટલો ભવ્ય રાજમહેલ અને આટલું સાદું ભોજન. કદાચ નાનાજીની ઉંમરને કારણે હશે, અથવા તો બની શકે કે રાજમહેલ કંસના શોકમાં ગરકાવ હોય અને એ કારણે સાદું ભોજન પીરસવામાં આવ્યું હોય. હવે કારણ જે હોય તે, એક ગોવાળની છપ્પનભોગ ખાવાની ઈચ્છા તો મનની મનમાં જ રહી ગઈને? ખેર, જેવું પણ હોય, જમવાનું તો પતી ગયું હતું. દરદ મટ્યું ને વૈદ વેરી. હવે મારું મન રાજમહેલમાં નહોતું લાગી રહ્યું. થોડી સુસ્તી પણ ચઢી હતી. હવે પરમ દિવસે કરેલું મહાકાર્ય અને ઉપરથી પાછલી રાતનો ઉજાગરો, સુસ્તી તો ચઢવાની જ હતી. એટલે મેં નાનાજી પાસે જવાની રજા માંગી.

જોકે રજા લેવા માટે થોડી આજીજી કરવી પડી; કારણ કે એ ઈચ્છતા હતા કે હું રાજમહેલમાં જ રોકાઉં. રોકાવા તો હું પણ ઈચ્છતો હતો, પણ મારી કૂટનીતિજ્ઞ સજગતા મને રાજમહેલમાં રોકાવાથી રોકી રહી હતી. યાદવ-આગેવાનો, જે પહેલેથી જ મારી અને નાનાજીની નિકટતાથી અકળાયેલા હતા, સ્વાભાવિક રીતે જ હું રાજમહેલમાં રોકાઉં તો એ લોકો નાનાજી માટે ઘણી અડચણો ઊભી કરી શકે તેમ હતા. આમ તો વાસ્તવમાં મારું મન આ ભવ્ય રાજમહેલમાં રોકાવા માટે ખરેખર તડપી રહ્યું હતું, પરંતુ પોતાના મનને મનાવી શકાય તેમ હતું; પણ આ સન્માનનીય યાદવોને સમજાવવાનું અસંભવ હતું. એટલે પસંદગી મારી ઈચ્છા અને નાનાજીની શાંતિ વચ્ચે કરવાની હતી, અને સ્વાભાવિક રીતે, વિજય નાનાજીની શાંતિનો જ થવો જોઈએ. આ તરફ નાનાજીએ પણ બહુ જોર ન કર્યું... એમને લાગતું હતું કે હું મામીઓના ક્રોધના કારણે રાજમહેલમાં નથી રોકાવા માંગતો. ચાલો આ પ્રકરણ તો પૂરું થયું, પણ કદાચ મને સતત આશ્ચર્યમાં મૂકતાં રહેવાની નાનાજી અને રુક્મિણીને ટેવ પડી ગઈ હતી. એટલે જ તો જતી વખતે, નાનાજીએ મને એક ભવ્ય 'રથ' ભેટમાં આપ્યો. હું તો આવી અદ્‌ભુત ભેટ મેળવીને ગાંડો જ થઈ ગયો. ખુશીનો માર્યો હું નાચી પણ ઊઠ્યો. સરવાળે નાનાજીની આ અનોખી ભેટે મારું દિલ જીતી જ લીધું.

આ બાજુ રથ શું મળ્યો, મન હવા સાથે વાતો કરવા લાગ્યું. એ તો બમણી ખુશીથી ઝૂમી ઊઠ્યું. એક તરફ જ્યાં રથ પામવાનો આનંદ હતો, ત્યાં બીજી તરફ રુક્મિણીને લાયક બનવા માટે પહેલું ડગ ભરવાની ખુશી પણ હતી. કેટલો ફર્ક હતો વૃંદાવન અને મથુરાના જીવન ધોરણમાં. ત્યાં પિતાજી ક્યારેક ક્યારેક કોઈ નવા વસ્ત્ર લઈ આવતા તો અમે ખુશીના માર્યા ઝૂમી ઊઠતા. તમને યાદ હશે, જે દિવસે પિતાજીએ નવી વાંસળી ભેટમાં આપી હતી ત્યારે મારા પગ ધરતી પર પડતા જ નહોતા. ...અને અહીં ભેટમાં સીધો રથ, એ પણ ભવ્ય અને રાજકીય. એટલે તો કહે છે કે મોટા શહેરની દરેક વાત મોટી હોય છે. પણ મેં તો એજ ક્ષણે નાનપણ દેખાડી દીધું. આ તરફ રથ જોતાં જ હું રુક્મિણીનાં સપનાંઓમાં ખોવાઈ ગયો. શું ક્યારેક કોઈ એવો દિવસ પણ આવશે જ્યારે એ મારી સાથે રથમાં બેઠી હશે? હજુ મેં આવા સુંદર સપનાં જોવાનું શરૂ જ કર્યું હતું કે સારથિએ અમને રથમાં બેસવાનો ઈશારો કર્યો. તો પણ આ કંઈ ઓછા ગર્વની વાત હતી? બસ, હું અને ભાઈ બહુ ઠાઠથી રથની પાછળની બાજુએ બેસી ગયા. સાચું કહું તો હું થોડો વધારે જ ઠસ્સાથી બેઠો હતો. આ તરફ અમારા બેસતાની સાથે જ સારથિએ રથ હાંક્યો, અને અમે સીધા અક્રૂરકાકાના ઘર તરફ ચાલી નીકળ્યા. રથ ચાલવા લાગ્યો અને "રુક્મિણી" વિસરાવા લાગી અને હું સંપૂર્ણ રીતે "રથમય" બની ગયો. જોયું તમે, મથુરા આવ્યા પછીનો ઘટનાક્રમ કેટલી ઝડપથી ઘટી રહ્યો હતો? બની શકે કે મહાનગરોમાં એજ ધારો હશે. સારું હતું, મને આ ધારો અનુકુળ પણ આવી રહ્યો હતો. જીવનની જેટલી ચડતી-પડતી અને એના રંગ મેં અઢાર અઢાર વરસ વૃંદાવનમાં રહીને નહોતા જોયા, એનાથી ક્યાંય વધારે અહીં બે જ મહીનામાં જોઈ લીધા હતા.

એટલું જ શું કામ, વૃંદાવનમાં રહીને આખા જીવનમાં જે પ્રગતિના સોપાન પર ડગ માંડવાની કલ્પના સુદ્ધાં નહોતો કરી શકતો, તે અહીં આવતાની સાથે સર કરી લીધા હતા.

બસ, આજ વિચારપ્રવાહમાં હતો, ત્યાં તો અક્રૂરજીનું ઘર પણ આવી ગયું. આમ તો થાકીને લોથ થઈ જ ગયો હતો, તેથી સીધો સૂવા ચાલ્યો ગયો. પણ સાચું કહું, બહાર ઊભેલો કમબખ્ત રથ બરાબર સૂવા જ નહોતો દેતો. આમેય નવો-નકોર રથ ઘરની બહાર ઊભો હોય અને નટખટ કનૈયાને ઊંઘ આવી જાય... એવું બને જ શી રીતે? તેથી, સુવાનું તો બાજુએ રહી ગયું ને સાંજ પડતાં જ અમે બધા રથ લઈને બજારમાં ફરવા નીકળી પડ્યા. રથમાં બેસીને બજારમાં ફરવાની મજા જ કંઈક નિરાળી હતી. એવું લાગી રહ્યું હતું... જાણે આજે પહેલીવાર મથુરાનું બજાર જોઈ રહ્યા હોય. હા; પાછા ફરતી વખતે હું માલિનીને ત્યાં શરબત પીવાનું ભૂલ્યો નહોતો. કેટલા ઠાઠથી રથમાંથી ઉતરીને માલિનીને ગળે લગાવી હતી. આમ તો એને પણ આજે એનાં પ્રેમીની પ્રગતિ પર ગર્વ થઈ રહ્યો હતો, ભેટી તો એ પણ પૂરી મસ્તીથી હતી. એ એનો અધિકાર પણ હતો. તમને યાદ હશે કે મથુરા-આગમનના પ્રથમ દિવસે જ એની સાથે મુલાકાત થઈ હતી. એ દિવસના ‘કૃષ્ણ’ અને આજના ‘કૃષ્ણ’માં કેટલો ફર્ક પડી ગયો હતો. કાલ સુધી જે વૃંદાવનનો સામાન્ય ગોવાળ હતો “એ” આજે જોતજોતામાં મથુરાનો વીર અને ‘પરાક્રમી કૃષ્ણ’ બની ગયો હતો. ...અને મારા આ પરિવર્તનમાં સહુથી મોટું યોગદાન તેનું જ હતું. અને આ પરાક્રમ કરી બતાવવાનું જ પરિણામ હતું કે આજે અહીં બજારમાં દરેક જણ મને સન્માનપૂર્વક જોઈ રહ્યો હતો. ખેર, માલિનીને મળીને અમે તરત પાછા ઘર તરફ વળ્યા.

સાચે જ આજની આ બજાર યાત્રા એક યાદગાર યાત્રા બનીને રહી ગઈ હતી. રથમાં રીતસર બેસીને બજાર ફરવાનો ભરપૂર આનંદ લીધો હતો, સાથે જ યુવરાજો જેવા મોભાનો અનુભવ પણ લીધો હતો. એકંદરે ગોવાળિયાએ પ્રગતિનાં દ્વાર ઉપર પહેલો ટકોરો મારી દીધો હતો. આ તરફ ઘરે પહોંચીને ભોજન વગેરે કરીને અમે લોકો બહાર ફળિયામાં જ બેઠા હતા. બરાબરની ઊંઘ આવી રહી હતી પણ મન હજુ પણ રથમાં જ અટવાયેલું હતું. જોકે ભાઈ થોડી વાર બેઠા પછી ચોક્કસ સૂવા જતા રહ્યા હતા. પરંતુ હું રહ્યો બેચેન આત્મા, ભલા મને નિદ્રા ક્યાં આવવાની હતી? સીધી વાત છે; બહાર ઉભેલો રથ સાચે જ મારી બેચેનીનું કારણ બની બેઠો હતો. અંતે મારાથી ના રહેવાયું. મેં સારથિને બોલાવ્યો અને રથ લઈને યમુનાકિનારે જવા નીકળી પડ્યો. તમે તો જાણો જ છો કે આમ પણ યમુના મારી દુ:ખતી નસ હતી. પરંતુ શહેરથી દૂર હોવાને લીધે, મથુરા આવ્યા પછી ત્યાં જવાનું ઘણું ઓછું થઈ ગયું હતું. ...પણ હવે અમે રથવાળા હતા, એટલે હવે કોઈ સમસ્યા નહોતી. સાચે જ થોડી વાર રાતે અંધારામાં યમુનામાં પગ બોળીને શું બેઠો, મનને ઘણી રાહત થઈ. આમ પણ છેલ્લા બે દિવસોના ઝંઝાવાતી ઘટનાક્રમો પછી થોડા આરામ અને શાંતિની જરૂર પણ હતી જ. એટલું જ નહીં, પણ પાછા ફરતી વખતે તો હું રથ હંકારવાનું પણ શીખ્યો. બહુ મજા આવી. હવે ભલા રુક્મિણીને ફરવા લઈ જવી હશે તો રથ કાંઈ સારથિને થોડો હાંકવા દઈશ. પ્રિયતમાં સાથે જીવનમાં થોડું એકાંત તો જોઈએ ને?

ખેર! ઘરે પહોંચતા જ સીધો સૂવા ચાલ્યો ગયો. પરંતુ એક તો રુક્મિણીના પ્રેમે પહેલેથી જ ઊંઘ ન આવે એવી પેરવી કરી રાખી હતી; ઉપરથી આ રથ. બંને મળીને મારી ઊંઘના એવા તો વેરી થયા હતા કે વાત ન પૂછો. જોકે આજે ઊંઘવું જરૂરી હતું. બે દિવસના ઉજાગરા હતા અને થાક પણ ગજબનો હતો. હવે શરીર “મન”ને વધું સાથ આપવા માટે સમર્થ નહોતું. હવે મન ચાહે લાખ હવાતિયાં મારે પણ શરીર તો ‘શરીર’નું કામ કરે જ છે. તેથી, આખરે કેમે કરીને મેં પોતાને નિદ્રાધીન કરી જ દીધો. આ તરફ ઊંઘ પૂરી થતાં જ ‘બુદ્ધિ’એ પોતાનું કામ શરૂ કરી દીધું. અંતે અક્રૂરકાકાને ત્યાં કેટલા દિવસ ધામા નાખવાના? મહોત્સવ સુધી તો ઠીક હતું, પણ હવે મથુરામાં કેટલુ રોકાવું પડશે એની કંઇ જાણ નહોતી. નસીબમાં ક્યારે ફરી વૃંદાવન જવાનું થશે, એ તો નાનાજી પર નિર્ભર કરતું હતું. બીજી બાજુ, રાજમહેલમાં રોકાવું સુરક્ષા અને શાંતિ બંને દ્રષ્ટિએ ઠીક નહોતું લાગતું. અને આવામાં પિતાજીને ત્યાં રોકાવું એજ માત્ર વિકલ્પરૂપે બચતું હતું. વળી હવે તો એ કારણનું પણ નિરાકરણ થઈ ગયું હતું કે જેના ડરથી અમે પિતાજીને ત્યાં રોકાતા નહોતા. કંસનો વધ તો થઈ જ ચૂક્યો હતો. થઈ શું ગયો હતો, મેં જ કર્યો હતો. જ્યારે આટલું નક્કી કરી લીધું તો ગોવાળો પણ હવે મથુરામાં નાહકના પડ્યા રહે એનો કોઈ અર્થ નહોતો. બસ, બપોરે એમની સાથે મુલાકાત થતાં જ એમને મેં વૃંદાવન પાછા ફરવાનો નિર્દેશ આપ્યો. ...પણ આની સાથે જ એક નવી મુસીબત ઊભી થઈ. એ અમને પણ વૃંદાવન સાથે આવવા માટે જિદ્દ કરવા લાગ્યા. હવે ભલા આ તે કંઇ વાત થઈ? અત્યારે અમે મથુરા છોડી શકીએ તેમ નહોતા. અમારું અહીંયાં રોકાવું ખૂબ જરૂરી હતું. એટલે મેં એમને મથુરાની પરિસ્થિતિથી વાકેફ કર્યા અને જલ્દીથી વૃંદાવન આવવાનું આશ્ર્વાસન આપી કોઈક રીતે સમજાવવાની કોશિશ કરી. બાકી બધા ગોવાળો તો સમજી ગયા, પરંતુ ઉદ્ધવ અને શ્રીપાદ અમને લીધા વિના જવા માટે જરાયે તૈયાર નહોતા. અજબ દ્રશ્ય સર્જાયું હતું. રાજકીય વિશ્રામાલયની પાસેની જ એક સડક પર ઊભા ઊભા અમે લોકો આ બધી વાતો કરી રહ્યા હતા. અને ત્યાં સડકો પર જતા-આવતા લોકો અમને આટલી ઊંડી ચર્ચામાં ગરકાવ જોઈને આશ્ર્ચર્યચકિત થઈ રહ્યા હતા. ઘણાં લોકો દૂરથી જ મારું અભિવાદન પણ કરી રહ્યા હતા. હવે હું તેમને જાણું કે ન જાણું, પણ મથુરામાં એવું કોણ હશે જે પોતાના રાજાને મારનારાને ન ઓળખે? આ બધું તો ઠીક, પણ આ બાજુ ગોવાળોએ ખાસ્સી મહેનત કરાવી. જોકે અંતે સફળતા તો મારા જ હાથમાં આવી. પણ હેરાનગતિનો અહીં જ અંત આવતો નહોતો. જતાં જતાં ઉદ્ધવે પરેશાન કરવાના હેતુથી પૂછ્યું- રાધાને કંઇ કહેડાવવું છે?

હવે આ વાતનો શું જવાબ વાળું? હું ચૂપ જ રહ્યો. વળતો જવાબ આપીને નાહકમાં બીજા અવસર શું કામ આપવા. જોકે હું એ પણ જાણતો હતો કે વાત આ રીતે થાળે પડવાની નથી, એક વાર ગોવાળો ટીખળે ચડ્યા છે તો પૂરેપૂરી મજાક ઉડાવીને જ જંપશે.

અને થયું પણ કંઈક એવું જ. હવે શ્રીપાદને ટીખળ સૂજ્યું. એણે ઘાંટો પાડીને કહ્યું- ત્યાં બધા લોકો પૂછપરછ કરે તો શું શું કહું?

આ કવખતના સવાલોથી હું અકળાઈ ઊઠ્યો; અને આ અકળામણમાં જ મારા મોંમાંથી નીકળી ગયું- જે અહીં બન્યું અને જે અહીં ચાલી રહ્યું છે એ બધું.

કદાચ ઉદ્ધવ આવા જ કોઈ જવાબની રાહ જોતો હતો. એણે તરત જ ચૂંટી ખણી- તો શું કુબ્જાવાળી વાત પણ બધાને કહી દઉં?

મેં કહ્યું- હા.

ઉદ્ધવ બોલ્યો- રાધાને પણ!

મારી તો બોલતી જ બંધ થઈ ગઈ. મેં હથિયાર હેઠાં નાખી દીધા. મારી પાસે હસી કાઢવા સિવાય કોઈ રસ્તો નહોતો. મેં માત્ર સ્મિત વેરી દીધું. ખરેખર જે મજા મિત્રોની નિખાલસતામાં આવે છે, એ મજા દુનિયાનાં બીજાં કોઈ સુખમાં આવતી નથી. આવા મિત્રોથી વિખૂટા પડવાનું મન તો બિલકુલ નહોતું થતું. ...પણ છૂટા પડવું એ પરિસ્થિતિની જરૂરિયાત હતી, તેથી પડવાનું તો હતું જ. આમ પણ જીવનમાં બધું જ મન-ગમતું તો ઘટતું નથી; મનને તો સમજાવવું જ પડતું હોય છે. ...બસ, સમજાવી દીધું હતું. ખેર, અત્યારે તો અમે જલ્દી પાછા આવીશું એવી પાકી ખાતરી મેળવીને ગોવાળ-મંડળી તો રાજીખુશીથી વૃંદાવન જવા માટે રવાના થઈ ગઈ. પણ મારે માટે દુ:ખની વાત એ હતી કે સાથે મા યશોદા અને નંદજી પણ ચાલ્યા ગયા. કંઇ વાંધો નહીં, અહીં વસુદેવ-દેવકી અમને પોતાને ત્યાં આવેલા જોઈને ધન્ય થઈ ગયાં. એમના ચહેરાઓ ઉપર આવેલી ખુશીએ નંદ-યશોદાના જવાનું દુ:ખ ઘણાં ભાગે હલ્કું કરી દીધું. એ તો ઠીક પણ કેમકે પિતાજીનું ભવન વિશાળ હતું, તેથી મને અને ભાઈને શીઘ્ર એક એક શાનદાર ઓરડો પણ સોંપી દેવામાં આવ્યો હતો. ઓરડા એટલા ભવ્ય હતા કે એમની વૃંદાવનનાં ઓરડાઓ સાથે સરખામણી જ ન કરી શકાય. મને તો પ્રવેશતાવેંત 'ઓરડો' પોતીકો લાગવા લાગ્યો હતો. પરંતુ એક વાત મારી સમજમાં નહોતી આવી રહી કે ખબર નહીં કેમ બધું જ હોવા છતાં... હું મા દેવકી પ્રત્યે એટલી મમતા નહોતો અનુભવતો જેટલી મમતા હું મા યશોદા માટે અનુભવતો હતો. કદાચ મા યશોદાની અઢાર વર્ષ સુધી મને ઉછેરવાની મમતા, જન્મ આપનારી "મા" કરતાં આગળ નીકળી જતી હતી.

હશે; આ તરફ, મહોત્સવ જોવા આવેલા બધા યુવરાજો પણ મથુરાથી વિદાય થઈ ચૂક્યા હતા. દુ:ખની વાત એ હતી કે એમની સાથે જ મારી પ્યારી રુક્મિણી પણ ચાલી ગઈ હતી. સ્વાભાવિક રીતે જ રુક્મિણીના જવાનું દુ:ખદ તો હતું જ, પરંતુ એના કરતાંય દુ:ખદ એ હતું કે જતી વખતે અમારી વચ્ચે બીજી મુલાકાત પણ નહોતી થઈ શકી. બની શકે કે રુક્મી એ દિવસે જ રુક્મિણીને લઈને 'કુંડિનપુર' રવાના થઈ ગયો હોય, જેથી અમારી વચ્ચે કોઈ વાત આગળ ન વધે. સાળો ક્યાંયનો; હવે તમે જ ન્યાય કરો શું સાળા આવા હોતા હશે? આ સાળાનાં ચક્કરમાં તો હવે આ ગોપની હાલત વર્ણવવાલાયક જ નહોતી બચી. આ બેવડા આઘાતે એને સંપૂર્ણ રીતે ગમગીન બનાવી દીધો હતો. લડતા-ઝઘડતાં પણ રાધા સામે તો રહેતી, આ તો આંખથી જ ઓઝલ થઈ ગઈ હતી. હવે મન મથુરા પરથી તો છોડો, સંસાર પરથી પણ ઊઠી ગયું હતું. એક-બે દિવસ તો ઘેલછામાં ડૂબેલો રહ્યો. પૂર્ણ એકાંતમાં શાંત, દુ:ખી, ગમગીન અને ગુમસુમ. ...પણ છેવટે ક્યાં સુધી? જ્યારે જનારને તમારી કંઇ પડી નહોતી તો પછી તમે શું કામ અમથેઅમથાં એની યાદમાં દુબળા થઈ રહ્યા છો? આમ પણ મારા સ્વભાવની એક ખાસિયત હતી. હું વધારે વખત સુધી ગમગીન રહી શકતો નહોતો. આનંદ મારી પ્રકૃતિના મૂળમાં પડેલો હતો. ...આવામાં દુ:ખ લાંબો વખત કેવી રીતે ટકવાનુ હતું? અને દુ:ખને ભૂલવાનો સૌથી સરળ ઉપાય હોય છે મનને કોઈ બીજી જગ્યાએ પરોવી દેવું. પરંતુ મુશ્કેલી એ હતી કે અહીં મન પરોવવા માટે પણ નવું તો કંઇ હતું જ નહીં. કરવું શું, મેં ચૂપચાપ નિત્યકર્મમાં જ મારું મન પરોવી દીધું. એ સાથે જ જીવન એક ઢાળામાં ઢળાઈ ગયું. દિવસે રાજમહેલ જવું, પછી બજારમાં ફરવું અને કુબ્જાને મળવા જવું. સાંજે રથ ચલાવવાનું શીખવું અને રાતે મા-પિતાજી સાથે ભોજન કરવું.

આ તરફ મનને દુ:ખ પરથી હટાવ્યું તો એનું એક સુખદ પરિણામ પણ આવ્યું. હું જલ્દી જ રથ ચલાવતા શીખી ગયો. આ થઈને મનને ખુશ કરી દે એવી વાત. બસ, રથે રુક્મિણીની જગા લઈ લીધી. હું સંપૂર્ણ રીતે 'રથમય' બની ગયો. જ્યારે એક વાર રથ ચલાવવાનું શીખી લીધું તો પછી સારથિનું શું કામ? એને મેં રાજમહેલ પાછો મોકલી દીધો. ખરેખર, જાતે રથ ચલાવવાની મજા જ કાંઈક અનોખી હતી. હવે તો આખો દિવસ મારો રથ મથુરાની ગલીઓમાં ઠાઠથી ફરતો રહેતો. આવામાં એક દિવસ શું સૂઝ્યું કે મોડી રાત્રે હું ભાઈ સાથે યમુના તરફ ફરવા નીકળી ગયો. પાછા ફરતી વખતે ખાલી સડકો પર એવો તો રથ દોડાવ્યો... મજા આવી ગઈ. સાચું કહું છું કે રથ ચલાવવાનું શું શીખ્યો, મને તો મથુરામાં મજા પડવા લાગી. પરંતુ બીજી બાજુ આનંદનાં વેરી એવા ભાઈનું મન મથુરામાં બિલકુલ નહોતું લાગી રહ્યું. કારણ સ્પષ્ટ હતું. એમને ન તો રાજનીતિમાં કોઈ રૂચિ હતી, ન તો રથ

ચલાવવામાં રસ હતો, કે ન તો એમને 'કુબ્જા' જેવી કોઈ સખી હતી. આમ તો ભાઈ કંઈ કહેતા નહોતા, પરંતુ એમના ઉદાસ હાવ-ભાવ બધું જ કહી દેતા હતા. ક્યારેક ખૂબ ઉદાસ થઈ જતા તો આટલું પૂછી લેતા- શું લાગે છે, આપણે વૃંદાવન પાછા ક્યારે જઈ શકીશું?

હું ભાઈનું દુ:ખ સમજી રહ્યો હતો. આમ તો વાત માત્ર મન પરોવવાની હતી અને ભાઈનું મન લગાવવાનું જરૂરી હતું. નહીં તો કાં તો એ મને ઘસડીને વૃંદાવન લઈ જશે અથવા પછી મથુરામાં મારું જીવવું જ મુશ્કેલ કરી દેશે. બસ, મેં જલ્દીથી એનો પણ ઉપાય શોધી કાઢ્યો. અમે અખાડામાં જવાનું શરૂ કરી દીધું. અખાડામાં પગ મૂકતા જ એ એવા રંગે રંગાઈ ગયા કે એમણે ગદા-અભ્યાસ પણ ફરીથી શરૂ કરી દીધો. આ તરફ ચાણૂર અને મુષ્ટિક, મથુરાના બે સહુથી બળવાન મલ્લોને તો અમે પહેલેથી જ મારી નાખ્યા હતા. હવે કોણ હતું મથુરામાં જે ભાઈનો મલ્લયુદ્ધમાં સામનો કરી શકે? ભાઈ મથુરાના નાના-મોટા પહેલવાનોને હરાવીને ખુશ રહેતા હતા. આ બાજુ ભાઈએ અખાડે જવાનું શું શરૂ કરી દીધું કે જોતજોતામાં આખી મથુરામાં એમની વીરતાનો ડંકો વાગવા લાગ્યો. નક્કી જ ભાઈને અખાડો પૂર્ણપણે અનુકુળ આવી ગયો. હું મુક્ત થયો. હવે મારે તેમની સાથે રોજ જવાની જરૂર નહોતી રહી. તેઓ પોતે જ પોતાના બળનો રોફ જમાવવા અખાડે પહોંચી જતા હતા. જોકે ઘણીવાર કુબ્જાને લઈને હું પણ ભાઈની વાહવાહી કરવા માટે અખાડે પહોંચી જતો હતો. ઘણીવાર કુબ્જા મને પાણી ચડાવતી તો હું પણ અખાડામાં બે-ચાર દાવપેચ અજમાવી દેતો હતો. ...આમ તો હવે ભાઈનો અભ્યાસ એટલો પાક્કો થઈ ગયો હતો કે તેઓ એકલા હાથે જ ચાર ચાર પહેલવાનો સાથે બાથ ભીડવા લાગેલા, અને હદ તો એ કે ઠેઠ ત્યારે એમને થોડો સંતોષ મળતો હતો. આ તરફ ક્યારેક ક્યારેક ભાઈના ઉત્સાહ વધારવાને કારણે, હું પણ ગદા-અભ્યાસ કરી લેતો હતો. વળી ભાઈની વાત કરું તો ભાઈનું અખાડામાં એ હદે મન લાગી ગયું હતું કે હવે એમણે રાજમહેલ જવા-આવવાનું બિલકુલ ઓછું કરી નાખ્યું હતું. એ તો ઠીક, પણ ખુશીની વાત એ કે ધીમે ધીમે કરતાં ભાઈને અખાડામાં જ હવે બે-ત્રણ મીઠાઈના દુકાનદારો સાથે સારી એવી ભાઈબંધી થઈ ગઈ હતી. એટલે ભાઈનો સમય પણ પસાર થતો હતો અને મફતમાં શ્રેષ્ઠ પકવાન પણ ખાવા મળતાં હતા. સાથોસાથ દિવસે ને દિવસે મથુરામાં એમનો વટ તો વધી જ રહ્યો હતો, એ નફામાં.

...આ તરફ હું રાજમહેલ એક પણ દિવસ પાડ્યા વિના રોજ જતો-આવતો હતો. મંત્રીમંડળની ચર્ચાઓ પણ નિયમિત રીતે સાંભળતો હતો. નાનાજી પણ મારો ઉત્સાહ વધારવાનો કોઈ મોકો ચૂકતા નહોતા. નાનાજીના અવિરત પ્રોત્સાહનથી મારો આત્મવિશ્વાસ પણ દિવસે ને દિવસે વધતો જતો હતો. જોતજોતામાં વાત ત્યાં સુધી પહોંચી ગઈ કે હવે તો કોઈ વાત સમજમાં આવી જાય તો હું પણ મારો અભિપ્રાય આપવામાં જરાય મૂંઝાતો નહોતો. તદુપરાંત જો મારી બુદ્ધિમત્તાના વખાણ થઈ જાય તો પછી કહેવું શું? તરત જ ભયો ભયો. હજી પરિપક્વતા પણ કેટલી હતી? ...હવે ખબર નહીં કે હું ખરેખર બુદ્ધિમાનીની વાતો કરતો હતો, કે નાનાજી એમને એમ જ મારો ઉત્સાહ વધાર્યે રાખતા હતા. હવે એમના પક્ષે કારણ જે હોય તે, પરિણામે મારો આત્મવિશ્વાસ ચોક્કસ વધી રહ્યો હતો.

...એક દિવસ એમ જ મંત્રીમંડળની બેઠક ચાલી રહી હતી કે સેનાપતિજીએ સહુનું ધ્યાન એક ગંભીર સમસ્યા તરફ દોર્યું. મેં પણ ધ્યાનથી વાત સાંભળવી શરૂ કરી. આમ પણ મને મહત્વ આપવા માટે નાનાજીએ મારું એક નાનું સરખું સિંહાસન પોતાની બાજુમાંજ મુકાવી દીધું હતું. બાકી ચારેય બાજુ, દરબારીઓની બેસવાની વ્યવસ્થા હતી. એ તરફ સેનાપતિજીનું કહેવાનું હતું કે કંસના શાસનકાળમાં થોડી સેના મગધથી આવી હતી. જેને બાદમાં કંસે કાયમી નિમણૂક આપી હતી. પણ કંસ વધ પછી, સેનાપતિજીને હવે એમની વફાદારી પર શંકા થઈ રહી હતી. એમનો મુખ્ય સવાલ એ હતો કે આવી હાલતમાં એને રાખવી કે કાઢી મૂકવી? આમ તો નાનાજી પણ એટલું તો માની જ રહ્યા હતા કે જે માગધી સૈનિક કંસ પ્રત્યે સંપૂર્ણ રીતે વફાદાર હતા, એ આજે કદાચ રાજમહેલ પ્રત્યે એટલા વફાદાર ન પણ હોય. પરંતુ નિર્ણય લેવો જેટલો દેખાતો હતો એટલો સહેલો નહોતો. કારણ કે માગધી સેનાને પાછી મોકલવાનો અર્થ હતો જરાસંધ સાથે દુશ્મની; અને જરાસંધને દુશ્મન બનાવવાથી હર કોઈ ડરી રહ્યું હતું, ખાસ કરીને નાનાજી. આમ તો એમનું આ રીતે ભયભીત થવું પૂરી રીતે વાજબી પણ હતું. ...એ જરાસંધનું પીઠબળ જ તો હતું જેણે માત્ર એમની રાજગાદી જ નહોતી છીનવી, પરંતુ વરસો સુધી એમને કેદખાનામાં સડવા માટે વિવશ બનાવી મૂક્યા હતા. આમ તો સેનાપતિજીએ આખી વાત કરી ત્યારે ખબર પડી કે એમની ચિંતા વફાદારીથી પણ બે ડગલાં આગળ હતી. એમને ડર એ હતો કે ક્યાંક કંસના મોતનો બદલો લેવા જરાસંધના ઈશારે આ માગધી સેના વિદ્રોહ ન કરી બેસે. બીજી તરફ જોતજોતામાં મહામંત્રીજી પણ સેનાપતિના સમર્થનમાં ઉતરી આવ્યા. આ બાજુ મહામંત્રીજી તો વાસ્તવમાં હાલની સમસ્યાથી પણ ઘણું આગળનું વિચારી રહ્યા હતા. વફાદારી ઉપરાંત એમને તો રાજ્યની તિજોરીની પણ ચિંતા સતાવી રહી હતી. ચોક્કસપણે કંસના રાજમાં રાજ્યની તિજોરી તળિયાઝાટક થઈ ગઈ હતી; કારણ કે કંસે મથુરાના રાજ-કોષ તરફ કદી ધ્યાન આપ્યું જ નહોતું. આમ રાજ-કોષને લક્ષમાં રાખીએ તો વર્તમાન સમયે મથુરા માગધી સૈનિકોના વેતનનો ભાર કોઈપણ રીતે ઉઠાવી શકે તેમ નહોતું, એવી મહામંત્રીજીની સ્પષ્ટ સલાહ હતી.

...અત્યારે કેમકે સમસ્યા ગંભીર અને બહુમુખી હતી, એટલે ચર્ચા વિચારણાનો એક લાંબો દોર ચાલ્યો. મને પણ સમસ્યા અને ચર્ચા, બંને રસપૂર્ણ લાગી રહ્યાં હતાં. હું ખૂબ ધ્યાનથી ચર્ચા સાંભળવા લાગ્યો. તરફેણ અને વિરોધમાં થતી એક એક દલીલ

હું મારા મનમાં ઉતારી રહ્યો હતો. સાથોસાથ સમસ્યાના ઉકેલ માટે મેં મગજને કસવાનું પણ શરૂ કરી દીધું હતું. ...આમ તો જીવનમાં પહેલી વખત આટલી બુદ્ધિમત્તાપૂર્ણ ચર્ચા-વિચારણા સાંભળી રહ્યો હતો. સત્ય કહું તો શરૂઆતમાં મારી ઘણી અજબ હાલત થઈ ગઈ હતી. જ્યારે પ્રસ્તાવના સમર્થનમાં કોઈ નક્કર અભિપ્રાય આપતું તો મારું મન એની સાથે થઈ જતું; પછી જ્યારે કોઈ એનાથી તદ્દન ઊલટી સલાહ આપતું તો મારું મન એ સલાહથી પ્રભાવિત થઈ જતું. જોકે આવું વધારે વખત ન ચાલ્યું અને ધીમે ધીમે વાત મારા મગજમાં ઉતરવા લાગી હતી. તમને વિશ્ર્વાસ નહીં આવે કે થોડો સમય ચર્ચા સાંભળીને જ હું પણ આ વિષયે મારો એક દ્રષ્ટિકોણ બનાવી ચૂક્યો હતો. પરંતુ કંઈ બોલતો નહોતો, ડરતો હતો કે ક્યાંક એ મૂર્ખતાના પ્રદર્શન જેવું સાબિત ન થઈ જાય.

આ તરફ ચર્ચાના અંતમાં એક આશ્ર્ચર્યજનક ઘટના ઘટી. જ્યારે બધી ચર્ચા-વિચારણાને અંતે સહુ નિર્ણાયક ક્ષણ પાસે આવીને ઊભા, તો નાનાજીએ નિર્ણય લેતાં પહેલાં આ વિષય પર મારો અભિપ્રાય પણ માંગ્યો. પળવારમાં મારી અંદર અસંખ્ય ભાવો અને વિચારોનું યુદ્ધ જામ્યું. મનનાં જાણે બે ભાગ પડી ગયા. એક મન તો સ્પષ્ટ કહી રહ્યું હતું કે મોં ના ખોલતો કનૈયા, નહીંતર ઈજ્જત ધૂળધાણી થઈ જશે. જોકે ત્યારે તત્કાળ બીજું મન ઉત્સાહ વધારતા એમ કહેતું હતું, ગાંડપણ ન કરતો, પોતાની સમજદારી દેખાડવાનો સોનેરી અવસર હાથ લાગ્યો છે, આવો અવસર છોડાય ખરો? હું બરાબરનો હાલક ડોલક થઈ રહ્યો હતો. ક્યારેક એક મનની સાથે તો ક્યારેક બીજા મનની સાથે. પહેલા મને ચર્ચા-વિચારણાના તર્ક-વિતર્કોએ ચકડોળે ચડાવ્યો હતો, અને હવે મારું જ મન મને આમથી તેમ જૂલાવી રહ્યું હતું. આ બાજુ મને આ રીતે અવઢવમાં મૂકાયેલો જોઈને નાનાજીએ મારો ઉત્સાહ વધારતા કહ્યું- નિ:સંકોચપણે પોતાનો અભિપ્રાય આપ, કનૈયા. એક હું જ નહીં, આખો દરબાર આ બાબતે તું શું માને છે તે જાણવા માંગે છે.

...હવે ઉત્સાહ અને આત્મવિશ્ર્વાસ તો આમ પણ મારી અંદર ભારોભાર હતા. ઉપરથી નાનાજી પલિતો ચાંપી ચૂક્યા હતા. હું તરત જ પૂરા આત્મવિશ્ર્વાસ સાથે બોલવા ઊભો થયો. મેં કહ્યું- મથુરાના રાજ-કોષની સ્થિતિ અને માગધી સેનાની વફાદારી પર ઉઠેલો પ્રશ્ર્ન, મારા મતે આ બે બાબતો જ માગધી સેનાને બરખાસ્ત કરવા પૂરતી છે. અને જ્યાં સુધી જરાસંધનો પ્રશ્ર્ન છે, તો એ ક્યારેય મહારાજનો હિતેચ્છુ હતો જ નહીં. એક વાર માટે તો મથુરા જરાસંઘ સાથે બાથ ભીડી શકે એમ છે, પણ જો માગધી સેના વિદ્રોહની સ્થિતિ ઊભી કરશે તો આપણને ભારે પડી શકે છે. આ એક ઐતિહાસિક સત્ય છે કે ઘરમાં જ ઉછરી રહેલા શત્રુ સાથે બાથ ભીડવી હંમેશાં મુશ્કેલ હોય છે. ઈતિહાસ સાક્ષી છે કે રાવણ જેવા શક્તિશાળીને પણ ઘરના ભેદી વિભીષણને લીધે હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. ધ્યાન દેવા જેવી વાત એ પણ છે કે આપણે સહુ જાણીએ છીએ કે કંસે પોતાના શાસન-કાળમાં માગધી સેનાને કંઈક વધારે પડતું જ મહત્ત્વ આપ્યું હતું. ચોક્કસપણે, એનાથી સ્થાનિક સૈનિકોના મનમાં અસંતોષ ઊભો થયો હશે, અને સ્વાભાવિક રીતે જ કંસના શાસન વખતે આ અસંતોષ દબાવી રાખવો એમની વિવશતા પણ રહી હશે; પણ હવે કંસના વધ બાદ, ન કેવળ એમનો આ અસંતોષ આગનું સ્વરૂપ લઈ શકે છે, બલ્કે એમની સુષુપ્ત આશાઓ પણ જાગી શકે છે. ...જો એવું થાય તો આ કારણે મથુરાની સેનામાં ભાગલા પડી જશે અને કહેવાની જરૂર નથી કે વિભાજિત સેના, 'સેના' હોવા છતાંય, ન હોવા બરાબર હોય છે. એટલે મારો આ સ્પષ્ટ મત છે કે અત્યારના સંજોગોમાં, માગધી સેનાને વિખેરી નાખવી એજ શ્રેષ્ઠ વિકલ્પ બચે છે. ...આટલું કહીને હું તો બેસી ગયો, પરંતુ તમે નહીં માનો કે મારી સલાહ ઉપર સહુ વાહ વાહ પોકારી ઊઠ્યા. બધાએ ન માત્ર મારી ખૂબ પ્રશંસા કરી, બલ્કે એની સાથે જ માગધી સેનાને તાત્કાલિક અસરથી બરખાસ્ત કરવામાં આવી. આ રીતે મારી એક સલાહે મને ન માત્ર નાનાજીનો લાડકો બનાવી દીધો, પરંતુ મંત્રીમંડળની નજરમાં એક સમજદાર વ્યક્તિ તરીકે સ્થાપિત પણ કરી દીધો.

...આ તરફ મારી ધારણા પ્રમાણે, સ્થાનિક સૈનિકોમાં પણ આનો સારો પ્રતિસાદ જોવા મળ્યો. બધાએ ઉત્સવ પણ મનાવ્યો. આ તરફ માગધી સેનાની હકાલપટ્ટીથી મથુરાવાસીઓના દિલમાં પણ રાજમહેલ પ્રત્યે એક વિશ્ર્વાસ જાગ્યો. વર્ષો પછી પહેલી વાર સામાન્ય પ્રજા અને રાજમહેલ વચ્ચે નિકટતા સ્થપાઈ. એનું કારણ પણ બિલકુલ સ્પષ્ટ હતું, કંસના શાસનકાળમાં આમ-પ્રજા પર બધા અત્યાચાર આ માગધી સૈનિકોએ જ કર્યા હતા. એટલે સ્વાભાવિક રીતે જ, એમની હકાલપટ્ટીની સાથે જ મથુરાવાસી રાજમહેલને પોતાના હિતેચ્છુ માનવા લાગી. ચારે તરફ 'રાજા ઉગ્રસેન'નો જયજયકાર થઈ ગયો. ...તો જયકારમાં તો આ પૌત્રય પાછળ નહોતો. આ તરફ મથુરામાં તો મારી ખ્યાતિ વધી જ રહી હતી, તો બીજી તરફ મારી વીરતાનો ડંકો સમગ્ર આર્યાવર્તમાં વાગવાનો શરૂ થઈ ગયો હતો. તમે તો જાણો જ છો કે એક ઈન્દ્રપૂજા રોકાવવાને કારણે આર્યાવતમાં મને થોડી ઘણી પ્રસિદ્ધિ તો પહેલા જ મળી હતી, ઉપરથી કંસ-વધે એ પ્રસિદ્ધિમાં ચાર ચાંદ લગાવી દીધા. એક છોકરાએ કંસને મારી નાખ્યો, એ સ્વયં જ બહુ મોટી વાત હતી. અહીં એ વાત પણ ધ્યાન આપવાલાયક છે કે સામાન્યરીતે આર્યાવર્તમાં ખ્યાતિ કાયમ કેટલાક પરાક્રમી રાજાઓ અને થોડા શ્રેષ્ઠ આચાર્યોની જ ફેલાયા કરતી હતી. આ દ્રષ્ટિથી જોવા જઈએ તો આર્યાવર્તના આ ખ્યાતનામ લોકોમાં "હું" જ એક અપવાદ હતો. હું ન તો રાજા હતો ન યુવરાજ, ન મંત્રી હતો ન સેનાપતિ, ન તો આચાર્ય હતો કે ન કલાકાર. છતાં પણ કમાલ તો જુઓ કે આજે પ્રસિદ્ધિમાં 'હું' કોઈનાથી સહેજે ઉતરતો નહોતો. તેથી જ તો કહું છું કે મનુષ્ય ક્યાં જન્મ લે છે કે કયા સંજોગોમાં ઉછેર પામે છે એનાથી કંઈ ફરક નથી પડતો; મહત્ત્વપૂર્ણ એ છે કે એ

સંજોગોમાંથી એ શું અને કેટલું શીખે છે?

ખેર! આ તરફ હું અને મારું નિત્યકર્મ. અહીં બીજું કંઇ હતું જ નહીં. દરબારમાં જવું, માતા-પિતા સાથે ભોજન કરવું, કુબ્જાને મળવું અને રથ હાંકવો. રથ હાંકવા પરથી યાદ આવ્યું, પરિવર્તનમાં ગણો તો એક પરિવર્તન આવ્યું હતું કે રથ ચલાવવામાં દિવસે ને દિવસે હાથ બેસતો જતો હતો. બે સુંદર, બળવાન અને શ્ર્વેત રંગના ઘોડાઓથી જોતરાયેલો આ રથ હવે સંપૂર્ણ રીતે મારા નિયંત્રણમાં રહેતો હતો. તેજ ગતિથી જતાં રથને અચાનક રોકી દેવો, અને પળવારમાં જ એને ચારે દિશામાં ફેરવવો એ તો હવે મારા ડાબા હાથનો ખેલ બની ગયો હતો.

ચાલો આ પણ ઠીક, અહીં પરિવર્તનની વાત થઈ, તો પરિવર્તનની એક સશક્ત આશાએ ટકોરા પણ દઈ દીધા. અને આશ્ર્ચર્યજનક રીતે, આ પરિવર્તનના નિમિત્ત ભાઈ બન્યા. થયું એવું કે આમ જ એક રાત્રે હું ભાઈની સાથે પોતાના રથ પર સવાર થઈને મથુરાનું ચક્કર લગાવવા નીકળ્યો હતો. અચાનક ભાઈને શું સૂઝ્યું કે એમણે કહ્યું- કનૈયા! આ મીઠાઈનો ધંધો સારો છે. શા માટે આપણે આ ધંધામાં ન ઝંપલાવીએ... મને તો વાત તરત જ ગમી ગઈ. આમ પણ હું પણ જીવનમાં આગળ વધવા માંગતો જ હતો અને તમે તો સુપેરે જાણો જ છો કે એનું કારણ રુક્મિણી અને માત્ર રુક્મિણી જ હતી. તો, ભાઈએ વાત શું કરી... હું તો સપનાંમાં જ ખોવાઈ ગયો. દુકાન પર બેસીને પકવાન વેચતો "શેઠ કનૈયો." પરંતુ સપનું તો સપનું હોય છે. હકીકત એનાથી વધારે કડવી હોય છે. સાધારણ ચર્ચા-વિચારણા પછી સમજમાં આવી ગયું કે દુકાન નાખવા માટે આપણી પાસે ધન ક્યાં છે? સરવાળે વિચાર સારો હોવા છતાં પણ એના પર અમલ કરવાનો કોઈ રસ્તો નહોતો. અને આની સાથે જ મને એ પણ સારી રીતે સમજાઈ ગયું કે ગરીબ ગોવાળો માટે આગળ વધવું એટલું સહેલું નથી. હું તો ઠીક, પરંતુ ભાઈ આનાથી ઘણાં ઉદાસ થઈ ગયા. અને તમે તો જાણો છો કે હું બધું જોઈ શકું છું પણ ભાઈને ઉદાસ જોવાનું મારું ગજું નથી. પરિણામે ભાઈની ઉદાસીએ મને હતાશાના ઊંડા કૂવામાં ધકેલી દીધો. ...જોકે અહીં "સમય"એ પલટી ખાઈને, પરિવર્તનની પ્રવર્તમાન હવાને પુષ્ટિ પણ પ્રદાન કરી દીધી. જલ્દીથી નાનાજીએ મારી ઉદાસી પારખી લીધી. એમના પૂછવા પર મેં એમને સવિસ્તાર આખી વાત જણાવી પણ દીધી. વાત સાંભળતા જ પહેલા તો એ હસી પડ્યા અને થોડીવાર પછી સ્વસ્થ થઈ મારા માથે હાથ ફેરવતા બોલ્યા- બસ! આટલી અમથી વાત!!

હજુ તો હું... એમની આ ચેષ્ટાનો અર્થ સમજી શકું તે પહેલા તરત જ એમણે રાજમહેલ પાસેથી અમને સામાન્ય વાર્ષિક-મૂલ્ય પર સો ગાયો અપાવવાની ગોઠવણ કરી નાંખી... લો, બની ગયાને ધંધાદારી. એ તરફ જ્યારે મેં ભાઈને આ સમાચાર સંભળાવ્યા તો એ નાચી ઊઠ્યા. હવે તો એમને સાંચવે કોણ? એ તો પકવાનોની યાદી બનાવવા બેસી ગયા. એટલા ઉત્સાહમાં આવી ગયા કે આગળનાં કાર્યોની ચર્ચા સિવાય એમને બીજું કંઇ સુઝતું જ નહોતું. સામાન્ય રીતે ભાઈ શાંત પ્રકૃતિના માણસ હતા, ઉત્સાહમાં આવી જવું એમનો સ્વભાવ નહોતો; પરંતુ માનવું પડશે કે અત્યારે ઉત્સાહની બાબતમાં એ મારાથી પણ આગળ નીકળી ગયા હતા. ધંધાની રૂપરેખા તો રાતોરાત ઘડી કાઢી હતી. બીજે દિવસે અમે સૌથી પહેલા, ગાયો ચરાવવાના કામ માટે થોડા ગોવાળોની નિમણૂક કરી દીધી હતી. અરે ભાઈ, હવે તો અમે વેપારી થઈ ગયા હતા, કાંઈ ગોવાળ થોડા જ રહ્યા હતા કે પોતે ગાયો ચરાવવા જઈએ. એ તરફ જ્યારે પિતાજીને આ વાતની ખબર પડી તો એમણે પણ અમારો ઉત્સાહ વધારવા માટે પોતાની જમા પૂંજીમાંથી અમને થોડી રકમ મદદ તરીકે આપી, જેના વડે અમે જલ્દી જ એક તબેલો ખોલ્યો. હવે સ્વભાવથી તો આમ પણ અમે ગોવાળો હતા, એટલે મહેનત કરવાથી થાકવાનો તો સવાલ જ નહોતો ઊઠતો. હોંશે હોંશે હું અને ભાઈ દિવસ રાત મહેનતથી લાગી પડ્યા.

ધંધો જામતો ગયો. તમે માનશો નહીં કે પછીના બે મહિનામાં જ અમે ન માત્ર બજારમાં એક દુકાન ખરીદી લીધી, પણ મીઠાઈની એ દુકાનનો શુભારંભ પણ કરી દીધો. દૂધ, દહીં, માખણ અને મેવામાંથી બનેલાં એકથી એક ચડિયાતાં પકવાન અમારે ત્યાં હાજર હતા. વેપાર જામતો ગયો. એની સાથોસાથ અમારી મહેનત અને લગન પણ વધતી ગઈ. જોતજોતામાં મથુરાના ત્રણેય મુખ્ય બજારોમાં અમારી દુકાનો ખૂલી ગઈ. જોકે ત્રણેય દુકાનો ભાઈ જ સંભાળતા હતા. મજાની વાત તો એ છે કે ભાઈ દુકાન પર એવા રોફથી બેસતા હતા કે જાણે મથુરાનો કોઈ 'નગર-શેઠ' બેઠો હોય. બીજી બાજુ મથુરાના બધા યાદવ-આગેવાનો જે પહેલેથી જ અકારણ અમારાથી નારાજ હતા, અમારા વધતા વેપારે એમની નારાજીની આગમાં ઘી હોમવા જેવું કામ કર્યું. એમને લાગતું હતું કે જાણે અમે એમનો ધંધો છીનવી રહ્યાં છીએ. વાત પણ બરાબર હતી, એમની જૂની અને પ્રતિષ્ઠિત દુકાનોની સરખામણીએ અમારી દુકાનો પર ઘરાકી વધારે રહેતી હતી. એ માટે જવાબદાર મારો અને ભાઈનો વ્યવહાર હોય કે તાજાં મિષ્ટાનોની ગુણવત્તા, ...કે પછી અમારો રાજકીય પ્રભાવ પણ એ માટે સહાયરૂપ થઈ રહ્યો હોય, કારણ જે હોય તે, પરંતુ હકીકત એ હતી કે અમારો વેપાર રાત-દિવસ ઝડપથી વધી રહ્યો હતો અને મથુરામાં રહી આજ વિકાસપી સમૃદ્ધિદાયક વ્યવસાયમાં અમારા દિવસો સુખચેનમાં પસાર થઈ રહ્યા હતા.

અધ્યાય - ૨

જરાસંધ સાથે ટક્કર

...એ સમજાતું જ નહોતું કે મથુરા અમને ધીમેધીમે સ્વીકારી રહ્યું હતું કે પછી અમે મથુરાને ઝડપથી અપનાવી રહ્યા હતા. જે હોય તે, પણ હવે અમે પાક્કા મથુરાવાસી ચોક્કસ બની ગયા હતા. અમારા દિવસો ખૂબ આનંદથી વીતી રહ્યા હતા. ત્યાંજ અચાનક જીવનમાં આનંદનું મોજું ફરી વળ્યું. થયું એવું કે રોજની દિનચર્યા મુજબ, તે દિવસે પણ હું મુખ્ય બજાર ખાતે આવેલી અમારી દુકાને બેઠો હતો કે પિતાજીનો સેવક મને ગોતતો ગોતતો ત્યાં આવ્યો, ...અને શું ખબર લાવ્યો તે જાણો છો? “મા યશોદા અને પિતા નંદજી મથુરા પધાર્યાં છે”. નંદજી તો વાર્ષિક વેરો ચૂકવવા દર વર્ષે આમેય મથુરા આવતા જ હતા, પણ આ વખતે એમને શું સૂઝ્યું કે મા યશોદાને પણ સાથે લેતા આવ્યા હતા. કદાચ માને પોતાના લાલની યાદ આવી રહી હશે અને તેણે નંદજીને આ કમાલ કરવા વિવશ કરી દીધા હોય. જે પણ હોય, હું દુકાનના વરંડાથી જે કૂદ્યો કે સીધી ઘર ભણી દોટ મૂકી. ખરેખર બિચારીએ આટલા દિવસ મારા વગર કેવી રીતે વીતાવ્યા હશે? બીજી તરફ મને નિર્મોહીને જુઓ, મથુરામાં એવો વસી ગયો હતો કે ક્યારેય એમની ખબર સુદ્ધાં નહોતી કાઢી. પરંતુ શું કરું, પરિસ્થિતિઓ જ કંઈક એવી બની હતી. કામકાજમાં એવો અટવાઈ ગયો હતો. પણ હવે શું ચિંતા? માના આવવાની ખબર શું આવી... હું એમાં ખોવાઈ ગયો. મનમાં ને મનમાં એની સાથે વાતો પણ કરવા લાગ્યો. હવે તમે તો જાણો છો કે ‘યશોદા’ સાથે મારો સંબંધ જ કંઈક એવો હતો કે એના આવવાના ફક્ત વાવડ મળતાં જ મારે તો હરખઘેલા થવાનું જ હતું. સાચું કહું છું કે મથુરા આવ્યા બાદ, આટલો ખુશ હું પહેલા ક્યારેય નહોતો થયો. આમ પણ “મા”ના દર્શન થશે એનાથી વધુ ખુશીની વાત મારે માટે બીજી કોઈ હોઈ પણ નથી શકતી. સ્વાભાવિક રીતે જ એ વસુદેવજીને ત્યાં રોકાયાં હતા. આમ પણ મથુરામાં એમનું બીજું કોણ હતું? અને વળી એમણે તો ત્યાંજ રોકાવાનું હતું જ્યાં એમનો ‘લાલ’ રહેતો હતો.

...ત્યાં મા-યશોદા તો ઝૂલા ઉપર બેઠી બેઠી મારી વાટ જ જોઈ રહી હતી. નંદજી પણ એમની બાજુમાં જ બેઠા હતા. દેવકી અને વાસુદેવ પણ પાસેની એક બેઠક પર બિરાજમાન હતા. મેં તો પહોંચતાવેંત જ મા અને પિતાજીના ચરણ સ્પર્શ કર્યા. માએ તો પોતાના વીર લાલને હૈયા સરસોં જ ચાંપી લીધો. ...પછી તો ભાવનાઓનું એવું પૂર ઉમટ્યું કે અમે બંને, મા-બેટા તેમાં વહી ગયા. એ તરફ સાંજ થતાં ભાઈ પણ આવી ગયા. પછી તો વાતચીતની જે રમઝટ જામી તે ઠેઠ મોડી રાતે જ પુરી થઈ. એટલી મજા પડી કે બીજે દિવસે પણ આજ અમારો નિત્યક્રમ બની ગયો. સાચે જ મા યશોદા શું આવી... મારું આખું બાળપણ સાથે લઈ આવી. એ રોજ વૃંદાવનનાં સ્મરણોનો પટારો ખોલતી અને હું એ સ્મરણોમાં ખોવાઈ જવા વિવશ થઈ જતો. વૃંદાવનની ગલીઓ, યમુના, સરોવર, ગોવર્ધન, ગોપીઓ અને... રાધા! શું જીવન હતું એ? મનુષ્યને જીવવા માટે જે જોઈએ, એ બધું ત્યાં હતું. જો એની તુલના મથુરા સાથે કરું તો ચોક્કસપણે મથુરા મોટું શહેર હતું. અહીં સારો વેપાર હતો, મોટું ઘર હતું, રાજમહેલમાં મહત્ત્વ હતું અને હવે તો મારી પાસે પોતાનો રથ પણ હતો. બીજી બાજું આ શહેર ઉજ્જવળ ભવિષ્ય માટેની સંભાવનાઓથી ભરપૂર હતું. વળી તુલના છોડી, મારી વાત કરું તો ‘કનૈયા’ને તો બંને પસંદ હતા. આમ પણ બંને પોતપોતાની જગ્યાએ વિશિષ્ટ હતા. એક જગ્યાએ જે હતું એ બીજી જગ્યાએ નહોતું. બંનેના જીવનની દિશાઓ વિપરીત હતી. હમણાં આ બધું વિચારી રહ્યો હતો, ત્યારે ચિંતને એક નવી જ દિશા પકડી લીધી. હું વિચારવા લાગ્યો, મથુરામાં પેદા થવા છતાં પણ વૃંદાવન જવાનો નિર્ણય મારો થોડો જ હતો, એ તો પરિસ્થિતિવશ જવું પડ્યું હતું. એજ રીતે વૃંદાવનથી મથુરા આવવાનો નિર્ણય પણ મેં થોડો કર્યો હતો? મામાના પ્રેમનો ઉભરો મને અહીં ખેંચી લાવ્યો હતો. અને પછી મથુરા રોકાવાનો નિર્ણય પણ ક્યાં મારો પોતાનો હતો? નાનાજીની જરૂરત અને મથુરાની ભલાઈએ મને અહીં રોકી રાખ્યો હતો. ક્યારે ક્યાં રોકાવું એ બધા નિર્ણય આજ સુધી પરિસ્થિતિઓએ જ તો લીધા છે, ત્યારે આજે હું આવી તુલના કરવા કેમ બેઠો? ખાસ તો ત્યારે કે જ્યારે મને બંને જ એકસરખા પસંદ છે. ...હું ક્યાં કરી રહ્યો છું? ...આ તુલના તો લેવાદેવા વગર મા યશોદા મારી પાસે કરાવી રહી છે. જ્યારથી આવી છે વૃંદાવનનો પટારો ખોલ્યે જાય છે અને પરિણામે, હું બિચારો ત્યાંની યાદોમાં ખોવાયેલો રહુ છું. ક્યાં વૃંદાવનનું શાંતિપૂર્ણ, આનંદદાયક અને પ્રેમપૂર્ણ જીવન ...અને ક્યાં કઠિન, શુષ્ક, મિત્રવિહોણું અને સંઘર્ષથી ભરેલુ મથુરાનું જીવન. ક્યાં વૃંદાવન, જે ભોળા અને પ્રેમાળ લોકોથી ભરેલું હતું અને ક્યાં આ સ્વાર્થમાં આળોટતી મતલબી દુનિયા? ...લ્યો માના આવતાવેંત પલટી ખાધી. થઈ ગયું વૃંદાવનનું પલડુ ભારે? ના...ના, એવું નથી. આ તો ભાવનાઓમાં તણાઈ ગયો, નહીં તો મારે એની સાથે શું લેવાદેવા? હું પહેલા જ કહી ચૂક્યો છું કે મારા માટે પસંદગીનો કોઈ પ્રશ્ર્ન જ નહોતો, બંને પોતપોતાની જગાએ મહત્ત્વપૂર્ણ હતા. આ તો અમસ્તો કરવા ખાતર જ તુલના કરી રહ્યો હતો. પરંતુ મારા ચિંતનનું શું કરું, જે એક વાર શરૂ થઈ જાય તો પછી રોકાવાનું નામ જ નહોતુ લેતું; કોઈક રીતે એક જગ્યાએથી હટાવો તો બીજી જગ્યાએ ચોંટી જતું હતું. ...અને મા આવી હતી ત્યારથી તો આ રોજ રાતનો ક્રમ થઈ ગયો હતો. માના મુખેથી વૃંદાવનની વાતો સાંભળીને જ સૂવા જતો, પણ સૂઈ ન શકતો

અને ત્યાંની યાદોમાં ખોવાઈ જતો. ...પણ એક દિવસ તો કમાલ જ થઈ ગઈ. વૃંદાવન-મથુરાના વિચારો કરતાં કરતાં ઘણો આગળ નીકળી ગયો. અને ત્યારે જ અચાનક વિચાર સ્ફૂર્યો કે શું પ્રેમ અને પ્રગતિ એકસાથે ન થઈ શકે? ...કેમ ન થઈ શકે? હું મારા જીવન દ્વારા પ્રેમ અને પ્રગતિનો સંગમ શક્ય છે એ સિદ્ધ કરીને બતાવીશ. કારણ કે હું પોતે, બંને વિના જીવી શકું તેમ નથી. મને વૃંદાવનનું પોતાપણાથી ભરેલું શાંત જીવન અને મથુરાનું પ્રગતિશીલ જીવન, બંને ગમે છે. અને જ્યારે બંને ગમે છે તો બંને એકસાથે જોઈએ જ. નાહકમાં એકના અભાવનું દુ:ખ શા માટે વેંઢારું? ભલે બહુ ઊંચું હતું, પણ ખરેખર, આ તો બહુ જ હકારાત્મક વિચાર્યું હતું. અને સારું હતું કે આજે રાત્રે ઊંઘ પણ આજ સકારાત્મક વિચાર સાથે જ આવી હતી.

ખેર! મા યશોદાના આવ્યા પછી મારું બંને વખતનું ભોજન વસુદેવજીને ત્યાં થવા લાગ્યું હતું. નક્કી આ બહાને માના પટારાની મજા પણ માણતો રહેતો હતો, અને રોજ રાત્રે જમ્યા પછી બગીચામાં બેઠા બેઠા અમે લોકો કલાકો વાતો કરતાં રહેતાં. બસ, મા યશોદા વૃંદાવનનાં સોનેરી સ્મરણો તાજા કરી દેતી, અને હું એ સ્મરણોમાં ખોવાઈ જતો. એકંદરે, માના આવ્યા બાદ, આ અમારો નિત્યક્રમ થઈ ગયો હતો. એક રીતે તો કહી શકાય કે 'મા'ના પાલવમાં સંતાઈને વૃંદાવન ફરી આવતો હતો. દ્રશ્ય એવું બનતું કે રોજ દેવકી અને યશોદા બંને ઝૂલા ઉપર બેસી જતાં; નંદજી અને વસુદેવજી પાસેની જ બેઠક ઉપર બેસીને પોતપોતાની જ વાતોમાં ખોવાયેલા રહેતા; અને હવે બચ્યા હું અને ભાઈ, ...તો અમે ઝુલાની સામે જ જમીન ઉપર બેઠા બેઠા કલાકો સુધી મા યશોદાની વાતોમાં ખોવાઈ જતા. ખરેખર, જેનું બાળપણ બાળક જેવું પસાર થયું હોય એજ સારો યુવાન બની શકે છે. યુવાન આગળ વધવા માંગે છે, જ્યારે બાળક માત્ર મોજ-મસ્તી ઈચ્છે છે. આવામાં એ પાક્કુ છે કે જેણે બાળપણની નિર્દોષ મજા માણી હોય એજ યુવાન બન્યા પછી પ્રગતિના રસ્તે ચાલી શકે છે. કદાચ મથુરા આવ્યા પછી ઉત્તરોત્તર થયેલી મારી પ્રગતિનું રહસ્ય પણ આજ હતું. હું ખાતરીપૂર્વક કહું છું કે જેણે બાળપણને પણ ગંભીરતાથી જીવ્યું હોય એ ક્યારેય સારો યુવાન નથી બની શકતો. અને અહીં કહેવાની આવશ્યકતા નથી કે જે સારો યુવાન નથી બની શકતો, એ શ્રેષ્ઠ વૃદ્ધ કેવી રીતે બની શકવાનો?

ખેર! મા યશોદા સાત દિવસ રોકાઈ. કમાલની વાત એ હતી કે એણે આ સાત દિવસ મથુરામાં વીતાવ્યાં, જ્યારે મેં આ સાતે સાત દિવસ વૃંદાવનમાં ગાળ્યા. આને લીધે, બીજું બધું તો ઠીક પણ મથુરાનું હાલનું જીવન મને શુષ્ક-નીરસ લાગવા લાગ્યું. અહીં ન ઉત્સવ હતા, ન મહોત્સવ. હતું તો બસ, બીબાંઢાળ શુષ્ક દૈનિક જીવન. હવે જે હતું, તે હતું. ઓછામાં ઓછું મા જતા જતા મારા અસ્તિત્વમાં સદા માટે વૃંદાવનનાં સોનેરી સ્મરણો વસાવી ગઈ હતી. મને વૃંદાવનનાં ખયાલોમાં ડુબાડી તો ગઈ હતી. ...અને એ પણ એવી રીતે કે પછી આજીવન એ યાદો મારાથી વિખૂટી ન પડી. અને તદ્ઉપરાંત, મા યશોદાની લીલાનું તો કહેવું જ શું? એ દેવીએ આટલા દિવસોમાં એક વાર પણ પૂછ્યું નહોતું કે લાલ... તું વૃંદાવન પાછો ક્યારે આવવાનો છે? એનાં માટે તો હંમેશાંની જેમ આજે પણ એનાં લાલની ખુશી જ વધારે મહત્ત્વપૂર્ણ હતી. પછી ચાહે એ વૃંદાવનમાં રહે કે મથુરામાં, પાસે રહે કે દૂર; તેને શો ફરક પડતો તો? એ તો મને પોતાનાં હૈયામાં એવો વસાવી ચૂકી હતી કે એનાથી હું અળગો થઈ જ ન શકું. હતી ને કમાલની, મા 'યશોદા'! આ તો હું ભાગ્યશાળી હતો કે મને અઢાર વર્ષ સુધી મમતાની આ મહાન મૂરતે મોટો કર્યો હતો. મને હસતો જોઈને જેણે પોતાની એકની એક દીકરીનાં બલિદાનને પણ સહજ રીતે સ્વીકારી લીધું હતું. આવી વ્હાલી 'મા'ની જોડ દુનિયામાં ક્યાં મળે એમ હતી? સાચું કહું તો જ્યાં સુધી મા રોકાઈ, સતત મનમાં એવું થતું હતું કે એની સાથે જ વૃંદાવન ચાલ્યો જાઉં. પરંતુ નવો નવો વેપાર હતો, ઉપરથી નાનાજી પણ ક્યાં છોડે એમ હતા? પછી વિચાર્યું એક દિવસનો જ તો રસ્તો છે... ગમે ત્યારે જઈ આવીશ. અને હવે તો મારી પાસે પોતાનો રથ પણ છે; જ્યારે હું રથ મારી મૂકીશ પછી અડધા દિવસની જ તો વાત છે. આ બધી વાત એટલા માટે કે માના ગયા પછી હું એટલો ઉદાસ થઈ ગયો હતો કે મન ક્યાંય લાગતું જ નહોતું. માને સ્મિત સાથે વિદાય તો કરી દીધી, પણ પછી આખો દિવસ એકાંતમાં યમુનાકિનારે બેસીને નદીમાં કાંકરા ફેંક્યા કરતો હતો. આમ કરતાં કરતાં સાંજ પડી ગઈ, પણ રાહત ન થઈ. આ તો ઠીક, પણ ખરી મુસીબત તો હવે શરૂ થઈ. દિવસ તો કોઈક રીતે પસાર થઈ ગયો, પણ રાતનું શું...? રોજ યશોદાની સાથે બેસીને તેની વૃંદાવનરૂપી વાતોનો ખજાનો સાંભળવાની આદત જે પડી ગઈ હતી; પણ હવે તો એ છે નહીં. બસ, આ વિચાર-માત્રથી હું ખૂબ બેચેન થઈ ગયો હતો. ગુસ્સામાં એક છેવટનો પથ્થર જોરથી નદીમાં ફેંક્યો. પણ આ બધી ચેષ્ટાઓથી મા થોડી જ પાછી આવી જવાની હતી. આમ, ખૂબ હતાશા સાથે ઘર તરફ વળ્યો. પણ ઘરે પહોંચીને તો હાલત હજુ વધારે બગડી ગઈ. ભોજન કરવાનું પણ મન નહોતું થતું. એક વાર તો અકળાયો પણ કે આના કરતાં તો સારું થાત કે માની સાથે વૃંદાવન જ ચાલ્યો ગયો હોત.

અજબ દશા થઈ ગઈ હતી. સૂવાની કોશિશ કરું તો ઊંઘ ન આવે અને ઉલ્ટું યશોદાની વાતો યાદ આવે જ રાખે. આંખ બંધ કરવા મથું કે વૃંદાવન આંખોની સામે તરવરવા લાગે. હવે સૂવાનું તો હતું જ ને, મનનો સાથ દે ભાઈ, મા નહીં તો માના સ્મરણો જ ભલા ...બંને મા કેટલી ખુશ થઈ હતી જ્યારે એમને રથમાં બેસાડીને મથુરા ફરવા લઈ ગયો હતો. અને એ કેમ ભૂલી જાઉં કે મારી મીઠાઈની દુકાનો જોઈને તો યશોદાનો હરખ હ્રદયમાં સમાતો નહોતો. અને મા યશોદાને જ્યારે મેં મારા હાથેથી મારી જ દુકાનના પકવાન ખવરાવ્યાં હતા, ત્યારે... ત્યારે એ મીઠાઈ ખાઈને કેવી તૃપ્ત થઈ ગઈ હતી. તો, મા પણ જ્યારે પોતાના હાથેથી મને ખવરાવતી હતી ત્યારે હું પણ કેટલો તૃપ્ત થઈ જતો હતો. મા, તું કેમ ચાલી ગઈ? ...જો આવું જ હતું, તો પછી તું માની સાથે કેમ ન ચાલ્યો ગયો? વાત તો સાચી હતી. ઓછામાં ઓછું મા મળવા તો આવી, મેં તો આજ સુધી વૃંદાવનની ખબર

સુદ્ધાં નહોતી લીધી. તમને શું કહું, એના ગયા પછી હું સંપૂર્ણપણે 'વૃંદાવનમય' બની ગયો હતો. ચાહું તો પણ વૃંદાવનમાંથી બહાર નહોતો નીકળી શકતો. આમ તો ઘણીવાર હું 'રાધામય' થઈ ચૂક્યો હતો; 'રુક્મિણી-મય' તો હું અત્યારે પણ હતો; પરંતુ 'વૃંદાવનમય' થવાનો તો કેફ જ કંઈ જુદો હતો. કારણ કે એક વૃંદાવનમાં બધા જ સમાઈ જાય છે. કદાચ એટલે જ રાધામય કે રુક્મિણીમય થવામાં એવી વેદનાનો અનુભવ ક્યારેય નહોતો કરવો પડ્યો, જેવી વેદનાનો અનુભવ વૃંદાવનમય થવામાં થઈ રહ્યો હતો... તો વૃંદાવનની યાદ આવતાં જ કેમ ન તડપી ઊઠું? યમુના અને ગોવર્ધન પર હરવું-ફરવું કેવી રીતે ભૂલાવું? ગોપ-ગોપીઓને યાદ કેમ ન કરું? માતા-પિતાનાં પ્રેમ વિના કેવી રીતે રહું? અને રાધા વગર તો જીવું જ કેવી રીતે?

લો, રાધા શું યાદ આવી, એના જ વિચારોમાં ખોવાઈ ગયો. ખરેખર જ્યારે પણ વૃંદાવન જઈશ ત્યારે પહેલા તો ક્રોધને કારણે રાધા મારી સાથે વાત જ નહીં કરે. ...પણ ક્યાં સુધી? જેવી એને મારી સાથે રથ પર આગળ બેસાડીને ગોવર્ધન ફરવા લઈ જઈશ કે "એનો" બધો ક્રોધ યમુનામાં વહી નહીં જાય? અને ગોપીઓ... એ તો રથમાં પહેલા બેસવા માટે અંદરોઅંદર જ એટલી ઝઘડી પડશે કે કદાચ મારામારી ઉપર જ ન ઉતરી આવે. સાચે જ, રાધાનું રિસાવું ને ગોપીઓનું ઝઘડવું, ...કેટલી મજા આવશે. જોયું તમે, હું વૃંદાવન ગયા વિના વૃંદાવનનો ભરપૂર આનંદ ઉઠાવી રહ્યો હતો, જેમ આજે રુક્મિણી વિના પણ રુક્મિણીની સાથે જીવવાનો આનંદ માણી રહ્યો છું. આજ તો મારી સદાકાળની પ્રસન્નતાનું રહસ્ય હતું. મેં શારીરિક રીતે સાથે રહેવાને કે છૂટા પડવાને ક્યારેય મહત્ત્વ નહોતું આપ્યું. સાચું કહું તો મિલન અને વિરહના ચક્કરમાં હું ક્યારેય પડ્યો જ નથી. મારા માટે તો કોઈને યાદ કરવું કે કોઈનું સપનું જોવું એ પણ એની સાથે જીવવા જેટલું જ સંતોષકારક હતું. કારણ કે મારું સ્પષ્ટ માનવું છે કે હૃદયમાં સાચો પ્રેમ હોય એજ પૂરતું છે. હવે કોઈને મળવું કે કોઈથી છૂટા પડવું એ તો સામેવાળાની ઈચ્છા, અને આપણી તથા એની અસંખ્ય પરિસ્થિતિઓ અને કારણો ઉપર નિર્ભર કરે છે. પરંતુ સપનાં જોવા માટે તો ફક્ત આપણી પોતાની મરજી જ પૂરતી થઈ પડે છે. એજ રીતે, સાચા પ્રેમ માટે પોતાનું શુદ્ધ હૃદય જ પૂરતું હોય છે. વળી સપનાંઓની એક બીજી ખાસિયત એ છે કે જો તમારી ઈચ્છા દ્રઢ હોય અને પ્રેમમાં પૂર્ણતા હોય તો એજ ક્ષણે એની સાથે જીવી શકાય છે, જેવી રીતે હું જીવી રહ્યો છું. હૃદયથી વૃંદાવનમાં છું, મનથી રુક્મિણીની સાથે; અને તેમ છતાંય અહીં મથુરામાં પડ્યો છું. એનો અર્થ એ નથી કે હું અહીં દુ:ખી છું. ના, અહીં મથુરાના પોતાનાં કામો હતા. અહીંનું પોતાનું એક જીવન હતું, તેમજ અહીંનો પોતાનો જ કંઈ આનંદ હતો. તેથી એ સ્પષ્ટ કરી દઉં કે અહીંના કર્મ કરતી વખતે હું મથુરામય જ થઈ જતો હતો. અને વળી જ્યાં સ્મૃતિઓ અને સપનાઓનો પ્રશ્ન છે, તો તેના ઈલાજરૂપે મારી પાસે મારી વાંસળી તો હતી જ. રાધાના પ્રેમએ તેમાં એવા જાદુમય સુર પૂર્યા હતા કે ઊડીને ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી શકતો હતો. જ્યારે પણ વૃંદાવન કે રાધાની યાદ આવતી ત્યારે વાંસળીની ધૂન પર સવાર થઈને વૃંદાવન ફરી જ આવતો હતો. અને આવી જ રીતે જ્યારે પણ રુક્મિણીની યાદ સતાવતી ત્યારે વાંસળીની લહેરોના સહારે એની સાથે પણ હવામાં ઉડ્યા કરતો હતો. આજ કારણે હું 'રાધા' અને 'રુક્મિણી'થી દૂર હોવા છતાંય, ક્યારેય જુદો નથી પડ્યો. બંને સાથે વાંસળીના માધ્યમથી ઘણીવાર મિલન-મુલાકાત થતી જ રહેતી હતી. જ્યારે મારું શુદ્ધ હૃદય અને મારી વ્હાલી વાંસળી મારી સાથે છે તો હું રાધા અને રુક્મિણીથી તો શું, કોઈનાથી પણ જુદો કેવી રીતે પડી શકું? એટલે એ સ્પષ્ટ સમજી લેજો કે 'અસંતોષને મારા જીવનમાં ક્યાંય સ્થાન જ નથી.' હું જીવનની વિવશ વાસ્તવિકતાને સમજી-સ્વીકારીને આગળ વધતો રહેતો હતો. પરિસ્થિતિ બદલવાની જિદ્દ કરવાને બદલે, પરિસ્થિતિ મુજબ પોતાને ઢાળીને પ્રસન્ન બની જીવતો હતો. આજ તો મારા મુખ પર સદૈવ રમતાં સ્મિતનું રહસ્ય હતું. મેં મારી અંદર એક એવી આત્મનિર્ભર પ્રસન્નતા પામી લીધી હતી, જેને કોઈ પરિસ્થિતિ, કોઈ વ્યક્તિ કે કોઈ સમય ક્યારેય પણ છીનવી શકતો નહોતો. બસ, આજ બધા વિચારો અને યાદોમાં રાત વીતી ગઈ. સૂર્યોદય થઈ ગયો. અને ઠેઠ ત્યારે વળી વિચારોની હારમાળા થંભી, વિચારોની હારમાળા શું થંભી, આંખ લાગી ગઈ. એટલે કે માના જતાવેંત બધું ઉંધુ-ચત્તુ થઈ ગયું. રાત આખી જાગ્યો અને સવાર પડતાં જ સૂઈ ગયો.

ખેર! હજુ માંડ માંડ આંખ મળી જ હતી કે રાજમહેલના સિપાઈ નાનાજીનું કહેણ લઈને આવી ચઢ્યા. હવે પહેલી વાર નાનાજીએ આમ મને ખાસ યાદ કર્યો હતો. જરૂર કોઈ ગંભીર વાત હશે. આ વિચાર આવતા જ ઊંઘ ઊડી ગઈ અને નાનાજીએ શા માટે બોલાવ્યો હશે એના વિચારોમાં ખોવાઈ ગયો. અર્થાત્ નાનાજીના કવેળાનાં કહેણને કારણે હું પળવારમાં વૃંદાવનથી નીકળીને ફરી મથુરામાં આવી ગયો. તરત તૈયાર થઈને કહેણના કારણ પર વિચાર કરતો કરતો રાજમહેલ તરફ જવા નીકળી પડ્યો. રથથી રાજમહેલ પહોંચવામાં ક્યાં વાર લાગવાની હતી? રાજમહેલ તો પહોંચી ગયો, પણ કહેણના કારણ પર હજુ રહસ્યનો પડદો જ પડેલો હતો. આ તરફ રાજમહેલનું વાતાવરણ પૂરી રીતે અલગ હતું. દરબાર ખીચોખીચ ભરેલો હતો. નાનાજી પણ પોતાના સિંહાસન પર જ બિરાજી રહ્યા હતા. સમગ્ર મંત્રીમંડળ સ્વસ્થાને હાજર હતું. એ તો ઠીક પણ ઘણા પરદેશી પણ પોતાનાં પરિવારો સાથે નાનાજીની બરાબર સામે ભોંય ઉપર બેઠેલા નજરે ચડી રહ્યા હતા. આ આશ્ચર્યજનક ઘટના હતી. રાજભવનમાં આવું દ્રશ્ય પહેલી વાર જોઈ રહ્યો હતો. જોકે મને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એવી એક બીજી વાત હતી. પરદેશીઓની સાથે સાથે મથુરાના તમામ સન્માનનીય યાદવો પણ સ્વસ્થાને દરબારમાં બિરાજમાન હતા. અને સૌથી આશ્ચર્યકારક વાત એ હતી કે તેઓ ઘણાં ઉકળેલા અને ગુસ્સામાં હોય એવું દેખાતું હતું. એટલે એકંદરે આખેઆખી બાબત સમજ બહારની હતી. ...તો મારી સમજ પણ કેટલી હતી? હજુ ચાર-પાંચ દિવસથી જ તો રાજમહેલ જતો-આવતો થયો હતો.

રાજનીતિ અને રાજકાજ અંગે શું જાણતો હતો? ...આ તો આમજ વ્હાલનાં લાડ હતા, નહીં તો આ રાજમહેલ મારે માટે એક ગુરુકુળ જ હતું, જેમાં રોજ અવનવું શીખવા મળી જ જતું હતું. બીજી તરફ હું પણ મારા તરફથી એક સારા શિષ્યની જેમ નિતનવું શીખવા આતુર રહેતો જ હતો. ...પરંતુ અત્યારનું દ્રશ્ય પૂરેપૂરી રીતે મારી સમજણ બહારનું હતું. બસ, આજ બધું વિચારતા, મેં નાનાજીની બાજુમાં મારે માટે રાખેલા સ્થાનને ગ્રહણ કરી લીધું. એમણે તરત મહામંત્રીને કાર્યવાહી શરૂ કરવા કહ્યું. એટલે મારા આવવાની પ્રતીક્ષા થઈ હતી. આ તો નાનાજીએ મને સાચે જ ઘણું ઊંચુ માન આપ્યું હતું. સાચે જ રાજમહેલમાં મારી જે આછી પાતળી હયાતી હતી એ એમના પ્રેમ અને સહયોગને જ આભારી હતી; ચોક્કસપણે મારી આવડતનું એમાં કોઈ યોગદાન નહોતું. બસ, હું આજે પોતાની જાતને નાનાજીના પ્રેમને યોગ્ય બનાવવા માટે કટિબદ્ધ થઈ ગયો.

ખેર! આ બાજુ હું આ બધું વિચારતો રહ્યો ને ત્યાં નાનાજીની આજ્ઞા પ્રમાણે, મહામંત્રીજીએ પોતાને સ્થાને ઊભા રહીને સમસ્ત દરબારને આખી વાત ટૂંકાણમાં સમજાવતા કહ્યું- આ પરદેશી પહેલા મથુરાવાસી જ હતા. બધાં ઘણાં સુખી અને સમૃદ્ધ હતા, પરંતુ કંસના ભય અને અત્યાચારથી ગભરાઈને એ સમયે આ લોકો પોતાનાં પરિવાર સાથે મથુરા છોડીને ચાલ્યા ગયા હતા. હવે કંસ-વધ બાદ જ્યારે પરિસ્થિતિઓ સુધરી છે, તો આ લોકો સપરિવાર આશ્રયની શોધમાં ફરી પાછા મથુરા આવ્યા છે. તેમાં અમને કોઈ વાંધો નથી, પરંતુ હકીકતમાં બીના એવી છે કે આ લોકો પોતાની એ જમીનો અને દુકાનો પાછી મેળવવા ઈચ્છે છે, જે મથુરા છોડતી વખતે એમને મજબૂરીવશ અહીંયાં છોડવી પડી હતી. હવે સ્વાભાવિક રીતે એ મિલ્કત રાજકીય સંપત્તિનો એક ભાગ છે. આ તરફ અહીંના સ્થાનિક સન્માનનીય યાદવો એમને કંઈ પણ પાછું આપવાનો જોરદાર વિરોધ કરી રહ્યા છે, એમનું માનવું છે કે એનાથી એમના ચાલુ વેપાર ધંધામાં નુકસાની થઈ શકે છે. સૌથી મોટી વાત તો એ છે કે આ મુદ્દે મંત્રીમંડળમાં પણ મતભેદ છે. એટલે આ મુદ્દે બધાનો અભિપ્રાય જાણીને આ વિષય ઉપર સામૂહિક ચર્ચા કરવા માટે આજની આ સભા બોલાવવામાં આવી છે. રાજમહેલ પોતાને પક્ષે બધા સાથે ચર્ચા કરી જ ચૂક્યું છે, અને બધાના અભિપ્રાય પણ મેં ચોખવટપૂર્વક જણાવી જ દીધા છે. ...હવે આટલું કહીને મહામંત્રીજી તો બેસી ગયા. આ તરફ થોડીવાર થયેલ ચર્ચા બાદ જ એ સ્પષ્ટ થઈ ગયું હતું કે સમૃદ્ધ-યાદવો, રાજમહેલ આ પાછા-ફરેલા યાદવોને કંઈપણ આપે એના પક્ષમાં હજુ પણ ન હતા. બીજી બાજુ મંત્રીમંડળ પણ નિર્ણય નહોતું લઈ શકતું કે બંને પક્ષોને કઈ રીતે કોઈ એક વાત પર સહમત કરી લેવામાં આવે. રાજમહેલ બંનેમાંથી કોઈને પણ નારાજ કરવા નહોતું માંગતું. આ બાજુ ન કેવળ મેં મહામંત્રીજીની પ્રસ્તાવના એકાગ્રતાપૂર્વક સાંભળી હતી, બલ્કે બધી ચર્ચા પણ સમજી જ રહ્યો હતો. એ તરફ સર્વપક્ષે ખાસ્સી ચર્ચા પછી પણ કોઈ માર્ગ ન નીકળ્યો, તો નાનાજીએ મારો અભિપ્રાય જાણવા માંગ્યો. આ તો મહત્વ પ્રદાન કરવાની પણ હદ જ થઈ ગઈ. ખરેખર નાનાજી મને સન્માન આપવાનો કે મારું કદ વધારવાનો કોઈ અવસર ચૂકતા નહોતા. હવે એ મારું કર્તવ્ય બની જતું હતું કે હું એમની આશાની એરણ પર ખરો ઊતરું. અને આજે તો હું નાનાજી તરફથી આપવામાં આવેલા 'સન્માન'નું 'માન' રાખવા પણ ચાહતો જ હતો. આમ પણ હું પરિસ્થિતિનો ક્યાસ કાઢી લેવામાં પાક્કો હતો જ, અને એ સર્વજ્ઞાત છે- કે જો એક વાર પરિસ્થિતિનો બરાબર ક્યાસ કાઢી લેવામાં આવ્યો હોય તો યોગ્ય તારણ પર પહોંચવું ઘણું સહેલું બની જતું હોય છે. અને વળી અત્યાર સુધીમાં મારી સમજમાં આખી વાત બરાબર બેસી ગઈ હતી. આમ તો વાત બે ને બે ચાર જેવી હતી. હવે સવાલ પરિસ્થિતિનો યોગ્ય ક્યાસ કાઢવા પૂરતો જ રહેતો હતો. આમ તો પરિસ્થિતિને બરાબર રીતે તાગવાનું કામ તો હું ગોકુળ-વૃંદાવનમાં પણ ઘણીવાર કરી ચૂક્યો હતો. અહીં પણ એજ મનનમાં ડુબી ગયો. હું મનન શું કરવા લાગ્યો કે આખા દરબારની નજરો મારા પર સ્થિર થઈ ગઈ. ઘણાં લોકો તો મનમાં ને મનમાં હસી પણ રહ્યા હતા કે આ બાળક વળી શું વિચારવાનો હતો? હમણાં ખબર પડશે, બાપુ. તમે નહીં માનો કે થોડી જ વારના ગહન ચિંતન પછી હું સમસ્યાના મૂળ સુધી પહોંચી ગયો હતો. આમ પણ સંસારના તમામ સમાધાન સમસ્યાના મૂળમાં જ છુપાયેલા હોય છે. અત: મારી નજર સામે વસ્તુસ્થિતિ પૂર્ણપણે સ્પષ્ટ હતી. તદ્નુસાર નિર્ણયનો પ્રભાવ ત્રણ લોકો પર પડી રહ્યો હતો, એક રાજમહેલ પોતે, બીજા પરદેશી અને ત્રીજા અહીંના સ્થાનિક સન્માનનીય યાદવો. એટલે કોઈ એવું સમાધાન શોધવાનું હતું જેમાં ત્રણેયના હિત જળવાતાં હોય. અને તો જ આ સમસ્યાનું નિરાકરણ મળે એમ હતું, અન્યથા ઘર્ષણ સ્થાયી બનવાના ચિહ્નો દેખાતાં હતા. સમાધાન તો મારા મનમાં સ્પષ્ટ હતું, પરંતુ આટલી મોટી વાત કેવી રીતે કહેવી; કે પછી કહેવી કે ન કહેવી, એ અવઢવમાં પડી ગયો હતો. હવે વૃંદાવનવાસીઓને સલાહ દેવી કે એમના માટે યોજનાઓ બનાવવી જુદી વાત છે, પણ અહીં તો એકથી એક દિગ્ગજ અને અનુભવી બેઠા છે; ક્યાંક એવું ન થાય કે જે થોડી ઘણી શાખ ઊભી થઈ છે એ પણ ધૂળમાં મળી જાય. ...ક્યાંક મારું સૂચવેલુ સમાધાન બાલિશ પુરવાર થાય એવું તો ન થવું જોઈએ. તો શું? બાળક તો હું છું જ. વળી જે સમસ્યાનું સમાધાન આ દિગ્ગજોને નહોતું સૂઝતું, ને જો એમાં મારું સૂચવેલું સમાધાન એળે ગયું તો કોઈ પહાડ થોડો જ તૂટી પડવાનો છે? અને વળી જ્યારે નાનાજીએ આટલો ભરોસો દેખાડ્યો છે તો એમના ભરોસાનું માન જાળવીને પણ કાંઈક તો કહેવું જ પડશે. બીજી તરફ સૌથી મોટી વાત એ હતી કે મને મારા સમાધાનમાં કોઈ ખોટ નહોતી દેખાતી. આવામાં દરબારમાં છવાઈ જવાની આ તક શું કામ જતી કરવી?

...જોકે આ તરફ જ્યાં મને વિચારવા માટે સમય આપવામાં આવ્યો હતો, તો એ તરફ અંદરોઅંદર બધાની ચર્ચા-વિચારણા પણ ચાલુ જ હતી. સન્માનનીય-યાદવો હજુ પણ ઘણા ક્રોધિત દેખાઈ રહ્યા હતા. સ્પષ્ટ હતું કે એ પોતાનાં હિતને

નુકસાન થાય એવું કાંઈ પણ વેઠવાના પક્ષમાં બિલકુલ નહોતા. આમ તો અત્યાર સુધીમાં હું પણ પૂરી રીતે તૈયાર થઈ ગયો હતો. તેથી, પોતાના સ્થાનથી ઊભા થઈને નાનાજી પાસે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની અનુમતિ માંગી. જોકે રજા માંગતી વખતે પણ એક નજર પૂરા ખીચોખીચ ભરાયેલા દરબાર પર પણ ફેરવી લીધી. દ્રશ્ય એવું હતું કે અત્યારે દરબારમાં લગભગ બસ્સો જેટલા માણસો ઉપસ્થિત હતા. જોકે એમાં પચાસ જેટલા તો પરદેશી હતા જે મારી સામે જ બેઠા હતા. બાકી સ્થાનીય સન્માનનીય-યાદવ હતા અને થોડા સૈનિક-સિપાઈ હતા, અને સંપૂર્ણ મંત્રીમંડળ તો હાજર હતું જ. સૌથી મોટી વાત તો એ કે આમાંથી મોટા ભાગના પચાસ થી સીત્તેર વર્ષની વચ્ચેની ઉંમરના હતા. એમની વચ્ચે મુજ ઓગણીસ વરસના બાળકનું આ રીતે મંતવ્ય પ્રગટ કરવા ઊભું થવું, વિશ્ર્વાસની થોડી પરીક્ષા લેનારી વાત તો હતી જ. પણ હું તો સ્વયં મૂર્તિમંત આત્મવિશ્ર્વાસ હતો, બસ, નાનાજીનો સંકેત પામીને મેં ઘણા આત્મવિશ્ર્વાસ સાથે સમસ્યાનું સમાધાન સૂચવતા કહ્યું- એ સર્વવિદિત છે કે કંસનો શાસનકાળ મથુરા માટે એક વિકટ સમય હતો. ચોક્કસપણે એ સમયે આ સન્માનનીય યાદવોના કુટુંબ અહીં સુરક્ષિત ગણી શકાય તેમ નહોતાં. પણ આ લોકો ધનવાન હતા એ કારણે સુરક્ષાની શોધમાં મથુરા છોડીને જઈ શક્યા. ધ્યાન દેવા જેવી વાત એ છે કે બધા યાદવ-આગેવાનો મથુરા છોડીને ભાગ્યા નહોતા. સ્પષ્ટ રીતે, જેમણે સંકટના સમયે મથુરાનો ત્યાગ કર્યો હોય અને સંકટના વાદળો હટતા જ જેમને ફરી મથુરા યાદ આવી હોય, ...તેમને લગીરે સાચા મથુરાવાસી ન કહી શકાય. જોકે મથુરા એક મોટું રાજ્ય છે, અને મોટા રાજ્યનું હૃદય પણ વિશાળ જ હોવું જોઈએ. એ રીતે મથુરાની સમસ્યા એ છે કે એ આજે ન તો એમનો અસ્વીકાર કરી શકે છે, અને ન તો ખરા દિલથી એમનું સ્વાગત પણ કરી શકે છે. આમ તો અત્યાર સુધી પરદેશમાં રહીને એમણે એ પણ સમજી જ લીધું હશે કે જે સન્માન મનુષ્યને પોતાની ધરતી પર મળે છે એ વિદેશમાં કદાપિ નથી મળતું. ...આ સંજોગોમાં, જો આપણે એમને એમની તમામ જમીનો અને દુકાનો પાછી આપી દેશું તો આ એ સન્માનનીય-યાદવો સાથે અન્યાયપૂર્ણ હશે કે જેમણે કપરા કાળમાં મથુરાનો સાથ નિભાવ્યો હતો. બીજી તરફ જો આપણે કઠણ વલણ અપનાવીને એમની જમીનો પાછી નહીં આપીએ તો આ મથુરાનો પોતાનાં જ સંતાનો પ્રત્યેનો કઠોર વ્યવહાર લેખાશે. એટલે હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે એમને એમની અડધી જમીનો પાછી આપવી જોઈએ, પરંતુ એના બદલામાં એમની ઉપર વ્યાવસાયિક કર બમણો લાદવો જોઈએ, જેથી એમના આવવા બાદ સ્થાનિક મથુરાવાસીઓના વ્યાવસાયિક હિતની સુરક્ષા કરી શકાય. આગળ જે દરબાર નક્કી કરે તે.

...આટલું કહીને હું બેસી ગયો. બાકી બધાં તો ઠીક, હું સ્વયં પોતાના વિશ્ર્લેષણ અને સ્પષ્ટ વક્તવ્ય પર અચંબિત હતો. ખરેખર, મારા સૂચવેલાં ઉકેલમાં ત્રણેય પક્ષોના હિત જળવાતાં હતા. એક તરફ જ્યાં બહારના યાદવોને મથુરામાં રહેવાનો મોકો આપીને એમને ફરી મથુરાવાસી બનવાનું ગૌરવ આપી રહ્યો હતો, ત્યાંજ બીજી બાજુ રાજમહેલને એમની અડધી જમીનો અને બમણો વાર્ષિક કર મળી જ રહ્યો હતો. ...રહ્યા સ્થાનિક યાદવો, તો ચોક્કસપણે પરત આવેલા યાદવો પર બમણો કર નાખીને આ ઉકેલમાં એમના હાલના વેપાર ધંધા માટે સલામતીની જોગવાઈ પણ કરી જ દીધી હતી. આમ સરવાળે મારો ઉકેલ એટલો યોગ્ય હતો કે નાનાજીનું સમગ્ર મંત્રીમંડળ જ નહીં, સ્થાનિક સન્માનનીય યાદવો અને પાછા આવેલા સમૃદ્ધ યાદવો, બધા એની સાથે સંપૂર્ણપણે સંતુષ્ટ થયા હતા. સાથે જ મારી સલાહ ઘણી સમજદારીભરી હતી. આમ તો પહેલા પણ માગધી સૈનિકોના મુદ્દે મારી સલાહ આપીને મારી સમજદારીનું પ્રમાણ આપી જ ચૂક્યો હતો, પરંતુ આ વખતની વાત થોડી વધારે જ અટપટી હતી. અને હું સ્પષ્ટ જોઈ શકતો હતો કે આ ઉકેલે મથુરાના રાજ-દરબારમાં મારી સમજદારીનો ડંકો પૂર્ણપણે વગાડી દીધો હતો. નાનાજી તો એટલા ખુશ થઈ ગયા કે તમામ રાજકીય શિષ્ટાચારને બાજુએ મૂકીને તેઓ તરત જ મને ભેટી પડ્યા હતા. આ તરફ બહારથી આવેલા પરદેશી અને અહીંના સ્થાનિક સન્માનનીય યાદવો પણ આશ્ર્ચર્યચકિત હતા. મંત્રીમંડળ તો મારા પર પૂરેપૂરું વારી ગયું હતું. આ બાજુ, સાચું કહું તો રાજદરબારમાં મળેલું આ સન્માન હું પચાવી શકતો નહોતો, અને તેની સાબિતી એ કે મનમાં ને મનમાં ફૂલીને ફાળકો થઈ રહ્યો હતો. આમ તો આ સમયે જાત માટે ગૌરવની લાગણી થવી એ એક તરફ મારી યોગ્યતાનો અધિકાર હતો, તો બીજી તરફ એ મારી હાલની અપરિપક્વતાનો પુરાવો પણ હતો. જે હોય તે, મારો સુઝાવ શબ્દશ: માન્ય રખાયો હતો. અને મને પોતાની ઉપર ખરેખર અનહદ ગર્વ થયો.

ખેર! એકંદરે બસ, મથુરામાં દિવસો આમ જ વીતી રહ્યા હતા. સમયની સાથે સમજદારીની સાથોસાથ વ્યાવસાયિક પ્રગતિ પણ ચાલુ હતી. અને એનાથી પણ મોટી વાત તો એ કે હમણાં હવે રાજભવનમાં મામીઓની આગ ઝરતી આંખોનો સામનો નહોતો કરવો પડતો. વાસ્તવમાં એ છેલ્લા ઘણા સમયથી પોતાના પિતા જરાસંધને ત્યાં રહેવા મગધ ચાલી ગઈ હતી. કદાચ એમનું મથુરામાં મન નહોતું લાગતું. ખરું જ તો છે, મામા વિના અહીં એ કરે પણ શું? ચાલો મામીઓ ખુશ તો ભાણાંનેય શાંતિ. ...ત્યાંજ એક દિવસ અચાનક મારા પરમ આશ્ર્ચર્ય વચ્ચે ઉદ્ધવ મથુરામાં ટપકી પડ્યો. હું તો એને જોતાં ખુશીનો માર્યો ગાંડો થઈ ગયો. પરંતુ આ શું? એને મને મળીને કોઈ પ્રસન્નતા ન થઈ. એ ખૂબ દુ:ખી દેખાઈ રહ્યો હતો. કદાચ મારાથી નારાજ પણ હતો. એની નારાજગી તો મારી સમજમાં આવી રહી હતી કે હું વૃંદાવન કેમ પાછો નથી આવી રહ્યો, પરંતુ એનું દુ:ખ મારી સમજની બહાર હતું. પણ ઉદ્ધવ થોડો રાધા હતો, એને ફોસલાવવાનું ક્યાં કઠિન હતું? ...હમણાં બધી વાત ખૂલીને બહાર આવી જશે. આમ વિચારીને એને શાંત કરવાના ઉદ્દેશથી મેં ઘણા લાડ સાથે એને વૃંદાવનના હાલચાલ પૂછ્યા. પણ આ તો પાસું

ઊલટું જ પડી ગયું. એ તો જાણે કે આવા જ કોઈ મોકાની શોધમાં હતો. બસ, સવાલ સાંભળતાં જ એ તો મારા પર ખરાબ રીતે અકળાઈ ગયો અને ખૂબ તોછડા અવાજે સવાલના જવાબમાં એણે વેધક સવાલ કર્યો- શું તને હજુ પણ વૃંદાવન યાદ છે? કહેવાની આવશ્યકતા નથી કે એના આવા વેધક સવાલથી જ મને એની માનસિકતાનો અંદાજો આવી ગયો. ખરેખર મારી ગેરહાજરીમાં વૃંદાવને ઘણી પ્રગતિ કરી લીધી છે. હવે મિત્ર આટલે દૂરથી મને મળવા નહીં પરંતુ નારાજગી વ્યક્ત કરવા પધાર્યા હતા. કાંઈ વાંધો નહીં, આપણે મૌન સાધી લઈએ. તો, હું એકદમ ચૂપ થઈ ગયો. ...કારણ કે અત્યારે એની સાથે કોઈપણ વાત કરવાથી દરેક વાતનો કઠોર જવાબ જ મળશે એ નક્કી હતું. મેં શાણાએ થોડીવાર માટે વૃંદાવનની વાત જ છોડી દીધી; ઉલટું ધીમે ધીમે એની નારાજગી દૂર કરવાના બીજા ઉપાયો શરૂ કરી દીધા. સૌ પ્રથમ એને બજારે ફરવા લઈ ગયો. સાંજે એને રથમાં બેસાડીને મથુરા દર્શન કરાવવા પણ લઈ ગયો. જોકે અત્યારે પણ અમારા બંને વચ્ચે કોઈ ખાસ વાતચીત નહોતી થઈ રહી. તો મારે શી વાત કરવી હતી? હું તો એનો ગુસ્સો શાંત કરવામાં વ્યસ્ત હતો અને હું સ્પષ્ટ જોઈ રહ્યો હતો કે એની નારાજી ધીમે ધીમે ઓછી પણ થઈ રહી હતી. ...આખરે “કૃષ્ણ”થી કોઈ ક્યાં સુધી નારાજ રહી શકે? બસ, સાંજે ભોજન પછી એ મહદ્ અંશે સામાન્ય થઈ ગયો હતો. તો, આજ ઉદ્દેશથી તો ભોજનમાં ‘છપ્પન ભોગ’ ખવરાવ્યાં હતાને.

રાત્રે ભોજન બાદ હું એને થોડીવાર માટે ફરવા લઈ ગયો. જોકે વધુ વાતચીત કરવાની હિમ્મત હું હજુયે નહોતો કરી શકતો. પાછા આવ્યા બાદ અમે બંને બહાર બગીચામાં ઝુલો ઝુલ્યા. મેં એક મશાલ પણ પેટાવી દીધી હતી કે જેથી એના હાવભાવ અને ક્રોધની અવસ્થા સ્પષ્ટરૂપે જોઈ શકું. જોકે વાતચીત તો હજુ પણ નહોતી થઈ રહી, પણ એની અત્યારની પરિસ્થિતિ જોતાં સંવાદ સાધવાની સંભાવના હતી. એટલે લાગ જોઈને મેં એક વાર ફરી એને એજ સવાલ પૂછ્યો જેના કારણે સવારે એણે મોં બગાડ્યું હતું- વૃંદાવનમાં બધા ઠીક તો છેને? ...આ વખતે સવાલ સાંભળતા જ એ ઘણો ઉદાસ થઈ ગયો, ...અને એવા જ ઉદાસ સ્વરે બોલ્યો- શું ધૂળ ઠીક છે? આખું વૃંદાવન તારા વગર સૂનું પડ્યું છે. ગોપીઓ તો હસવાનું જ ભૂલી ગઈ છે. એમનું હવે કોઈ કામમાં મન નથી લાગતું. વૃંદાવનના વડીલોની આંખો તારી રાહ જોતા જોતા થાકી ગઈ છે. સાચું માન કનૈયા, એ ફરી એક વાર તને જોવાની લાલસામાં જ જીવી રહ્યા છે. એ ભોળા વડીલો તારા પરાક્રમો બદલ તારા પર આશીર્વાદ વરસાવવાની ઈચ્છા રાખે છે. બિચારા આંખ મિંચાતા પહેલા ‘કનૈયા’ અને ‘પરાક્રમી-કૃષ્ણ’માં શું ફર્ક છે ...એ જોવા માંગે છે. આ તરફ ગોવાળોએ પણ રમવા-કૂદવાનું છોડી દીધું છે. જ્યારે કનૈયો જ નથી તો રમવાની શી મજા? યમુનાનાં પાણીએ તો જાણે વહેવાનું જ બંધ કરી દીધું છે. હવે યમુના ન તો ટાઢક આપે છે, ન આરામ. બીજી બાજુ, ગોવર્ધન પણ સંપૂર્ણ રીતે સુકાઈ ગયો છે. વૃંદાવનનાં ફળ-ફૂલ તો એટલા રિસાઈ ગયા છે કે એ ખીલવાનું જ ભૂલી ગયાં છે. એટલે, બધાએ મળીને ...ખાસ તો ગોપીઓએ તને વૃંદાવન પાછો લઈ આવવા માટે મને મોકલ્યો છે.

હું મનોમન હસતા હસતા ઉદ્ધવની આખી વાત સાંભળી રહ્યો હતો. આમ તો એની વાતો સાંભળીને મને હસવું પણ આવી રહ્યું હતું ...પરંતુ અત્યારે હસવાથી વાત વણસી જાય એવું હતું. માંડમાંડ ટાઢો પડેલો ઉદ્ધવ ફરી ઉકળી ઉઠે તો મને જ ભારે પડે એમ હતું. એટલે ચૂપચાપ એની હાએ હા કરવામાં જ મારી ખેરિયત હતી. ...ચોક્કસપણે એનું વર્ણન દર્શનની તમામ સીમાઓ પાર કરી ચૂક્યું હતું. પ્રેમની આજ ખૂબી હોય છે; પ્રેમીનાં સપનાં, પ્રેમીની વાતો, પ્રેમીની વેદના, બધું ઘણું કાવ્યાત્મક હોય છે. ...હંમેશાં વ્યવહારિકતાથી ઘણે દૂર હોય છે. જોકે આવા વિચારોની ખૂબી એ કે ડહાપણભર્યું ન હોવા છતાં પણ સાંભળવામાં હંમેશાં સારું લાગે છે. ખેર! જેમ તેમ કરીને મેં મારા હસવા પર તો કાબૂ રાખ્યો પણ હોઠ પર ફરકતાં મંદ મંદ સ્મિત પર કાબૂ રાખી શક્યો નહીં; અને સ્મિત ફરકાવતાં જ પૂછી બેઠો- રાધાનાં શું હાલચાલ છે, એ તે કહ્યું નહીં.

ઉદ્ધવ તત્ક્ષણ બોલ્યો- મેં માનેલું કે તું સમજદાર છે! બાકી બધાનાં હાલચાલ પરથી તને રાધાની સ્થિતિનો અંદાજો આવી જ ગયો હશે. છતાં પણ મારા મોંએથી સાંભળવા માગે છે તો સાંભળ- એ સંપૂર્ણ રીતે પાગલ થઈ ગઈ છે. એ કોઈની સાથે વાત સુદ્ધાં કરતી નથી. ન હસે છે ન રડે છે. બસ, આખો દિવસ વૃંદાવનની શેરીઓમાં ઘેલી થઈને આમથી તેમ ફર્યા કરે છે. ...એવું લાગે છે જાણે વૃંદાવનના કણેકણમાં એ તને શોધી રહી હોય.

મેં મનોમન વિચાર્યું, કદાચ રાધા દિલથી નહીં શોધતી હોય; નહીંતર ખરેખર વૃંદાવનના કણેકણમાં મને પામત. જોકે હું કંઈ બોલ્યો નહીં, મૌન જ રહ્યો. કારણ કે આજે બોલવાના શોખીન કન્હૈયાએ ચૂપચાપ સાંભળવાનો સમય હતો. આ બધું તો ઠીક પણ આગળ જતા મજા એ થઈ કે ત્યાં ઉદ્ધવ તો પોતાની હૈયાવરાળ ઠાલવીને સૂઈ ગયો, અને આ તરફ એણે ફરી એક વાર મને વૃંદાવનની યાદોમાં ગરકાવ થઈ જવા વિવશ કરી મૂક્યો. ...કેટલું સુંદર હતું બાળપણ મારું. ખરેખર, બાળપણ જો ગામમાં વીતે તો જ યાદગાર બને છે. આમ તો સામે એ પણ એટલું જ સાચું છે કે યુવાવસ્થા નગરમાં વીતે તો જ મનુષ્ય પ્રગતિ કરી શકે છે. છોડો આ વાતોને, હમણાં મારી ચિંતાનો મુખ્ય વિષય ઉદ્ધવ અને વૃંદાવનવાસીઓનું દુ:ખ ઓછું કરવાનો હતો; કારણ કે હું એમને દુ:ખી નહોતો જોઈ શકતો. પરંતુ કેવી રીતે? એમને કનૈયો જોઈતો હતો, જે અત્યારની પરિસ્થિતિમાં મથુરા છોડીને જઈ શકે એમ નથી. અને મારા ગયા વિના એમનું દુ:ખ ઓછું થાય એમ નહોતું. ચોક્કસપણે મામલો અટપટો હતો અને આવામાં કોઈ મધ્યમ માર્ગ કાઢવો જરૂરી હતો. બસ, મારું ચિંતન શરૂ થઈ ગયું. ચિંતન ચાલુ શું થઈ ગયું, તરત જ બધું અરીસાની જેમ સાફ પણ થઈ ગયું. આ આખી સમસ્યાનો સાર એ હતો કે વૃંદાવનવાસીઓ મારા મોહને લીધે દુ:ખી હતા, અને અહીં હું એમનાં

પ્રત્યેના મારા પ્રેમભર્યા હૃદયને કારણે દુ:ખી હતો. ચોક્કસપણે આ અમારી વ્યક્તિગત કમજોરીઓ હતી, અને પરિસ્થિતિઓને એની સાથે કંઇ લાગતું વળગતું નહોતું. એટલે અમારી વ્યક્તિગત સમસ્યાને જોયું- ન જોયું કરીને એનો પોતાનો ખેલ તો એની નિરાળી રીતે જ ચાલતો હતો. આવામાં મારે તો કુદરતી પરિસ્થિતિઓની સાથે જ ચાલવાનું હતું, એટલે અમારે પોતે જ પોતાને સંભાળવાની જવાબદારી ઉઠાવવાની હતી. ...આ વિચાર આવતા જ હું પણ ઉદ્ધવની બાજુમાં જઈ નિરાંતે ઊંઘી ગયો.

બીજા દિવસે વહેલી સવારે હું ઉદ્ધવને ફરવા લઈ ગયો. નક્કી જ, ફરવાનું તો એક બહાનું હતું, હકીકતમાં તો હું એને વાસ્તવિક પરિસ્થિતિ સમજાવવા લઈ ગયો હતો. તેથી, થોડે દૂર ગયા પછી મેં એને ઘણી ગંભીરતાપૂર્વક કહ્યું- જો ઉદ્ધવ! હું મારો નવોસવો અને માંડ જમાવેલો વેપાર-ધંધો છોડીને અત્યારે તો વૃંદાવન નથી આવી શકવાનો. વળી બીજું, નાનાજી પ્રત્યે પણ મારી કંઈક ફરજ બને છે. એમને પણ ઘણીવાર મારી જરૂર પડ્યા કરે છે. આવામાં તું જ કહે હું વૃંદાવન કેવી રીતે આવી શકું?

મેં વાત પૂરેપૂરી ગંભીરતાથી કહી હતી અને ઉદ્ધવની પ્રશંસા કરવી પડશે, કેમકે એણે પ્રત્યુત્તર પણ પૂરી ગંભીરતાથી જ આપ્યો. એણે કહ્યું- ઠીક છે, તો બે-ચાર દિવસ માટે તો ચાલ.

મેં કહ્યું- ભાઈ મારા! બે-ચાર દિવસ રોકાવામાં ન તો મને મજા પડશે કે ન તમને લોકોને સંતોષ થશે. ઉલટું એનાથી તો બંને બાજુએ વિરહની આગ વધારે ભડકશે.

મેં સીધી અને સાફ વાત કરી હતી, છતાં પણ ઉદ્ધવ મારી કોઈ વાત પર સહમત નહોતો થઈ રહ્યો. હું આશ્ચર્યચકિત હતો... આવું કેમ? ઘણી ખણખોદ પછી એવી વાત બહાર આવી કે જેની હું કલ્પના ય નહોતો કરી શકતો. હકીકતમાં એ આવ્યો નહોતો પણ એને ડરાવી-ધમકાવીને મોકલવામાં આવ્યો હતો. અને જાણો છો એને કોણે ડરાવ્યો હતો? ...ગોપીઓએ. સત્ય કહું છું કે આ પહેલા મેં ઉદ્ધવને આટલો ડરેલો ક્યારેય જોયો નહોતો. એણે થરથર કાંપતા કહ્યું- કનૈયા મારી વાત માન, જો હું તને લીધા વગર ગયો તો ગોપીઓ મને સાચેસાચ મારી નાખશે.

...હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે આ તે કંઇ વાત થઈ? કનૈયો નથી આવતો તો કનૈયાને મારો, એમાં બિચારા ઉદ્ધવનો શું વાંક? સાચું કહું તો વિચારતા વિચારતા એક વાર માટે તો હું પણ ગભરાઈ ગયો. ...ગોપીઓ ખરેખર ઘણો આતંક મચાવી મૂકે એવી હતી. અહીં મને આમ વિચારમાં ગરકાવ થયેલો જોઈને ઉદ્ધવે વાત આગળ વધારતા કહ્યું- સાંભળ કનૈયા! એમણે મને સ્પષ્ટ ધમકી આપી છે કે જો આ વખતે કનૈયાને ન લાવી શક્યોને તો ફરી વૃંદાવનમાં પગ મૂકવાની હિંમત ક્યારે પણ ન કરતો.

હું સમજી ગયો કે અત્યારે એનાં મનમાં ખૂબ જ ગુસ્સે ભરાયેલી ગોપીઓની ધાક જામી ગઈ છે. આમ પણ ઉદ્ધવ પહેલેથી જ ગોપીઓથી ફફડતો રહેતો હતો. આમ તો ઉદ્ધવ જ કેમ, ગોપીઓથી તો બધા ડરતા હતા. ભાઈ જેવાને પણ એમની સાથે બનતું નહોતું. આખા વૃંદાવનમાં એક હું જ તો હતો કે જેને માત્ર ગોપીઓ સાથે બનતું હતું, એટલું જ નહીં પણ બાળપણથી એમનો લાડકો પણ હતો. ઉલટું એ મારાથી ગભરાતી રહેતી હતી. ડંફાસ મારવી છોડો ને નરી વાસ્તવિકતા ઉપર પાછા ફરો કન્હૈયા, એ બધી તો ગઈ ગુજરી થઈ...કનૈયા, પણ આજે એજ ગોપીઓ માથે ચઢી ગઈ છે, એનું શું? ...હમણાં બળવો પોકારી રહી છે, એનું શું? અરે, જ્યારે રાધાને સમજાવી લઉં છું તો ગોપીઓ શું ચીજ છે? પહેલા એક વાર જરા ઉદ્ધવ મહારાજ સાથે તો પતાવટ કરી લઉં. હવે હું પાછળ પડી જાઉં તો મુશ્કેલ શું હતું, બસ, જેમતેમ કરીને મેં એને મારી વાતોમાં લપેટી, વૃંદાવન પાછા જવા માટે મનાવી લીધો. મેં એને ભરોસો બંધાવ્યો કે તું મારો સંદેશ લઈને ગોપીઓની પાસે જજે. મારો સંદેશ સાંભળીને જ એ શાંત અને પ્રસન્ન થઈ જશે. ...પછી તને કંઇ નહીં કહે. આમ તો ગોપીઓનો તાંડવ જોઈ ચૂકેલા ઉદ્ધવને ભરોસો તો બેસતો નહોતો, પણ બસ, એક વાર એણે હિંમત એકઠી કરીને મારા પર વિશ્વાસ મૂકી દીધો હતો. કનૈયાનો સંદેશ લઈને જઈ રહ્યો છું... એવું બને કે મને માફ પણ કરી દે. આ તરફ મારો સંદેશ જ્ઞાનથી ભરપૂર હતો, જેનો સાર હતો- વ્હાલી ગોપીઓ, તમારો કનૈયો ક્યારેય તમારાથી વિખૂટો પડ્યો જ નથી. એ મનથી તો આજે પણ તમારા લોકોની સાથે વૃંદાવનમાં જ વસી રહ્યો છે. શરીરનો સાથ તો સમયની વાત છે, પણ મનનો સાથ તો સદાયનો સાથ છે. અને હું મનથી તમારી સાથે જ છું. તેથી તમે લોકો મારાથી વિખૂટા પડી જ નથી શકતા. બસ, આ પરમ સત્ય સમજીને તમે બધાં પ્રસન્ન રહો.

હવે ઉદ્ધવ સંદેશ કેટલો સમજ્યો એ તો હું નથી જાણતો...પણ હા, એણે સંદેશ બરાબર ગોખી લીધો હતો. કમાલ તો એ હતી કે સંદેશ એણે કંઠસ્થ કરી લીધો હતો, હું તેને હૈયાધારણ પણ દઈ ચૂક્યો હતો; તેમ છતાં કોણ જાણે કેમ હજુપણ ઉદ્ધવ વૃંદાવન જવાના નામથી ફફડતો હતો. એટલે કે ગોપીઓની ધાક હજુ પણ એના મન પર છવાયેલી હતી. સાચું કહું તો મને એની આ હાલત જોઈને વારંવાર હસવું આવી રહ્યું હતું. ...તો એમાં કંઇ નવી નવાઈની વાત ન હતી, આમ પણ બીજાની દુર્ગતિ પર હસવું હંમેશાં આસાન હોય છે. પરંતુ વિચારવાનો વિષય એ હતો કે શું ખરેખર ગોપીઓ કોઈને આટલો ડરાવી શકે, કે આ ઉદ્ધવ પોતાની જ કમજોરીનું પરિણામ ભોગવી રહ્યો છે? જે હોય તે, હમણાં તો ઉદ્ધવ પાસેથી રહસ્ય ઓકાવીને અને એને પાઠ પાકો કરાવીને, એની સાથે ઘેર પાછો ફર્યો હતો.

ખેર! એક બે દિવસ રહીને કોઈક રીતે ઉદ્ધવ તો ચાલ્યો ગયો, પરંતુ મારા દિલો-દિમાગ પર વૃંદાવનની સોનેરી યાદો ફરી જીવંત કરી ગયો. સાથે જ હજારો વ્યર્થ જિજ્ઞાસાઓ પણ જગાડી ગયો. ગોપીઓ પર મારી વાતની શું અસર થશે? ગોપીઓ

ઉદ્ધવની સાથે કેવો વ્યવહાર કરશે? હવે એકતરફ વૃંદાવનની યાદો અને બીજી બાજુ મારા સંદેશા બાબતની મનમાં ઉઠી રહેલી અસંખ્ય જિજ્ઞાસાઓ...મન બીજે ક્યાં લાગવાનું હતું? આ અસમંજસ અને વિચારણામાં હજુ તો થોડા જ દિવસો પસાર થયા હતા કે એક દિવસ અચાનક સાંજે ઘરે પહોંચતા જ ઉદ્ધવ મહારાજના દર્શન થઈ ગયા. મહારાજ ઘણાં ઉદાસ થઈને બગીચામાં આંટા મારી રહ્યા હતા. હું તો એના આગમનથી જ ઘણો સ્તબ્ધ થઈ ગયો અને એનાથી પણ વધારે આશ્ચર્યની વાત એ હતી કે આ વખતે એની હાલત પહેલા કરતાં પણ વધારે બદતર દેખાઈ રહી હતી. લેવાઈ ગયો હતો. સાચું કહું તો મારો સંદેશ લઈ ગયો હોવા છતાં એની આ હાલત જોઈને એક વાર તો હું પણ ડરી ગયો. ...જોકે આ વખતે આશ્ચર્યોની આ હારમાળા હજી અહીં જ સમાપ્ત નહોતી થઈ, હવે ઉદ્ધવ પોતોની સાથે બહેન સુભદ્રાને પણ લઈને આવ્યો હતો. અને તે માથું ખંજવાળતા, ચક્કર મારી રહેલા ઉદ્ધવને જોઈ ઝૂલા પર બેઠી હસી રહી હતી. કહેવાની જરૂર નથી કે એને જોતાં જ, ધ્યાન ઉદ્ધવથી વિમુખ થઈને તરત જ બહેનના આગમન પર લાગી ગયું. સ્વાભાવિક રીતે મારી ખુશીનો પાર ન રહ્યો. તેટલામાં ભાઈ પણ પાછા આવી ગયા. તેઓ તો સુભદ્રાને ઘરે આવેલી જોઈને ઝૂમી જ ઉઠ્યા. બીજી તરફ માની ખુશી તો એવી કે એ તો રસોડામાં ઘુસીને રજવાડી ભોજનની તૈયારીઓમાં લાગી ગઈ હતી. આ તરફ સુભદ્રા પણ આટલા સમય પછી પોતાનાં ભાઈઓને મળીને હરખઘેલી થઈ રહી હતી. વાતવાતમાં ખબર પડી કે સુભદ્રાને મથુરા મોકલવાનો સુખદ નિર્ણય મા યશોદાનો જ હતો. એ ચાહતી હતી કે આ બહાને એ મથુરા પણ જોઈ લેશે અને ભાઈઓનો પ્રેમ પણ મેળવી લેશે.

સાચે જ માના નિર્ણયો કેટલા અદ્ભુત હતા. એને પોતાના લાલની ખુશીની કેટલી ચિંતા હતી. ખરેખર સુભદ્રાએ તો આવતાંવેંત જ મથુરાના અમારા નીરસ જીવનમાં રંગ ભરી દીધો હતો. ખેર, આ તો અમારી વાત થઈ, બીજી બાજુ સુભદ્રાની પ્રસન્નતા તો પૂર્ણપણે અવર્ણનીય હતી. એ તો આવું ભવ્ય નગર જોતાં જ ગાંડી થઈ ગઈ હતી. એના પગ જમીન પર પડતા જ નહોતા. દૃશ્ય કંઈક એવું જામ્યું હતું કે હું અને ભાઈ ઝુલા ઉપર ખુશી-સભર સુભદ્રાની આજુ-બાજુમાં બેસી ગયા હતા. માએ મોકલેલા થોડા ફળ વગેરે આરોગી રહ્યા હતા, અને અમારી લાડકી બેની સાથે વાતોમાં મગ્ન હતા. ...તથા સૌથી સુંદર દૃશ્ય તો એ હતું કે અમારી બરાબર સામે માથું ખંજવાળતા અને ચિડાયેલા ઉદ્ધવ મહારાજ આંટા મારી રહ્યા હતા, ને તેની ઉપર કોઈ ધ્યાન નહોતું આપી રહ્યું. હવે ધ્યાન આપો કે ન આપો, પણ તેનું ઉતરેલું મોં સુભદ્રાના આગમનથી આવેલા આનંદ પર પાણી ફેરવી રહ્યું હતું. વળી સત્ય એ પણ છે કે ઈચ્છું કે ન ઈચ્છું તો પણ, મારા મનમાં પણ એની ઉદાસીને લઈને હજારો જિજ્ઞાસાઓ જાગી રહી હતી. જોકે થોડીવાર તો હું મારી જીજ્ઞાસાને દબાવીને બ્હેનડી સાથે વૃંદાવનની વાતો કરીને ત્યાંની યાદો તાજી કરતો રહ્યો, પણ આખરે મારાથી રહેવાયું નહીં. હું ઝુલેથી ઉતરીને આંટા મારી રહેલ ઉદ્ધવને રોકી અને તેના ગળાને ફરતે હાથ મૂકીને તેને બહાર શેરીમાં ફરવા લઈ ગયો.

...મજાની વાત તો એ કે અમે લટાર મારવા તો નીકળી પડ્યા હતા, પરંતુ ન તો એ કંઈ કહી રહ્યો હતો કે ન હું એને કંઈ પૂછતો હતો. એટલું જ નહીં, ઘણું વિચારવા છતાં પણ હું એટલે જ એની ઉદાસીનું રહસ્ય પામી શકતો નહોતો. એની દશા જોઈ મારી બુદ્ધિ પણ બહેર મારી ગઈ હતી. ...અંતે થાકીને શરણાગતિ સ્વીકારીને મેં એને સીધું પૂછી જ લીધું. અને એણે એની ઉદાસીનું જે કારણ બતાવ્યું એનાથી હું પૂરેપૂરો વિચારશૂન્ય થઈ ગયો. ...એનું કહેવું હતું કે જેવો હું વૃંદાવન પહોંચ્યો કે મેં રાધા સહિત તમામ ગોપીઓને ભેગી કરી. મને એકલો આવેલો જોઈને પહેલા તો એ બધી મારા પર તૂટી પડી, પણ જ્યારે મેં કહ્યું કે હું તારો સંદેશો લાવ્યો છું ત્યારે એ થોડી શાંત થઈ. અને બધીએ બધી મને પકડીને વસતીથી દૂર યમુનાકિનારે લઈ ગઈ. એમના વ્હાલા "કનૈયા"નો સંદેશ હતો, તેથી એકાન્તમાં શાંતિથી સાંભળવામાં આવે. મેં પણ વાતાવરણ યોગ્ય લાગતા, એમને એ બધી વાત કરી, જે તે મને એમને કહેવા માટે કરી હતી. હવે ખબર નહીં, એ લોકોએ તારા સંદેશાનો શું અર્થ કાઢ્યો, પરંતુ હકીકત એ છે કે સંદેશ સાંભળતાં જ બધી જ મને ગાળો દેવા લાગી. જ્યારે આટલાથી એમનું મન ન ભરાયું તો સહુએ ભેગા મળીને મને બહુ માર્યો. મને ઘણા અપશબ્દ કહ્યા. ત્યાં સુધી કે મને દુષ્ટ અને કામચોરની પદવીથી પણ સન્માનિત કર્યો અને જ્યારે આટલાથી પણ સંતોષ ન થયો તો એમણે તારો વારો પણ કાઢ્યો. ...તને પણ ન છોડ્યો. તારા વિશે પણ ઘણી ભલીબુરી વાતો કરી. એમનું કહેવું હતું કે દુષ્ટનો મિત્ર દુષ્ટ ન હોય તો બીજું શું હોય? સાચું કહું તો તને તો કંઈ કહેવાનું બાકી જ ન રાખ્યું.

બિચારો ઉદ્ધવ તો કહેતા-કહેતા પૂરી રીતે દુ:ખી થઈ ગયો, પણ આ બાજુ ગોપીઓની આવી અદા જોઈને મને તો હસવું આવી ગયું. હવે આવી ગયું તો આવી ગયું. પછી તો મેં ઉદ્ધવને સસ્મિત સીધું જ પૂછ્યું-સારું! તો પછી મને કેવા કેવા અલંકારોથી નવાજવામાં આવ્યો, એ પણ જરા વિસ્તારથી કહે.

કદાચ આ સવાલ ઉદ્ધવને અનુકુળ લાગ્યો. એ તરત જ બોલ્યો- પૂછ જ નહીં. ઠગ, કપટી, દગાબાજ, જૂઠો, મક્કાર, મતલબી, ચાલબાજ સહિત એવા કયા અલંકારો છે જે એમણે તારી શાનમાં ન કહ્યા હોય? એક ગોપી તો સતત તારા ચરિત્ર પર જ કાદવ ઉછાળી રહી હતી. એનું કહેવું હતું કે કનૈયો મથુરા જઈને નગરની છોકરીઓના ચક્કરમાં ફસાઈ ગયો હશે. એટલે જ તો એને આપણે યાદ નથી આવતા. બસ, આ સાંભળીને એક બીજી ગોપી પણ ગુસ્સે ભરાઈને બોલી- સાંભળ્યું છે કે આજકાલ કુબ્જાની સાથે બહુ ઠાઠથી ફરે છે, એટલે હવે એને આપણાં જેવી ગામડાંની ભોળી ગોપીઓમાં રસ ક્યાંથી રહ્યો હોય? પછી તો આજ હારમાળા આગળ ચાલી. ...કોઈ કહેતી કે કંઈ નહીં, અભિમાન આવી ગયું છે. નગરમાં જઈને મોટો બહાદુર બની ગયો છે

ત. પણ એ કૃતઘ્ની ભૂલી ગયો છે કે એના બધાં પરાક્રમોનું મૂળ તો વૃંદાવન જ છે, ...આ તો ઠીક પણ એક ગોપીએ તો ત્યાં સુધી કહ્યું કે- મથુરા જઈને મોટો વેપારી બની બેઠો છે, પરંતુ એ ભૂલી ગયો કે અહીં અમારું માખણ ચોરીને ખાતો હતો. ભલા એનાં જેવી મીઠાશ એને ક્યાં મળવાની?

હવે આવી પ્યારી પ્યારી વાતો સાંભળીને હું શું કરી શકતો હતો, બસ, ચૂપચાપ મલકાતા મૂખે ગોપીઓની રચેલી મારી ચરિત્ર-કથા ધ્યાનથી સાંભળી રહ્યો હતો. વચ્ચે વચ્ચે કોઈ જોરદાર વાત આવી જતી તો ખડખડાટ હસી પણ લેતો હતો. પણ મારું આ રીતે નફ્ફટાઈથી હસવું ઉદ્ધવને ગમ્યું નહીં; એ વધારે ઉકળી ઊઠ્યો. ...હવે ઉકળે તો ભલે ઉકળે; એમાં હું શું કરું? હા, ભૂખ લાગી હતી તો ફરવાની દિશા ઘરભણી ફેરવી દીધી. આ બધું તો ઠીક પણ ગરબડ એ કે મારા હસતાવેંત જ ઉદ્ધવ ચૂપ થઈ ગયો હતો. ...પણ હું સાંભળવા માંગતો હતો, તેથી મેં તો ફરી હસીને જીજ્ઞાસા પ્રગટ કરી- બધાએ આટઆટલું કહ્યું, રાધાએ કંઇ ન કહ્યું?

હવે તો ઉદ્ધવ ખૂબ ચિડાઈ ગયો. ...પછી તો મેં એને ખભે રાખેલો હાથ હટાવતા બોલ્યો- કેમ નહીં! એણે પણ ઘણું બધું કહ્યું છે, પરંતુ મેં વિચાર્યું કે તને રાધાની વાતમાં કાંઈ રસ નહીં હોય. આમ તો તારા જેવા બુદ્ધિશાળી માટે ગોપીઓની વાત પરથી તારે માટે રાધાની વાતનો અંદાજો લગાવવાનું ક્યાં અઘરું છે?

કમાલ તો એ કે ડર અને ગુસ્સામાં પણ ઉદ્ધવ વ્યંગબાણ ચલાવવાનું ચૂકતો નહોતો. આમ તો પ્રેમાળ મિત્ર હતો. જલ્દીથી માની ગયો. અંતે એણે રાધાની વાત પણ કહી જ સંભળાવી. મારા જાનની જાન રાધા બાબત એનું કહેવું હતું કે જ્યાં સુધી ગોપીઓ ગુસ્સો કરી રહી હતી અને મને પીટી રહી હતી, એ ચૂપ જ રહી. એટલું જ નહીં, ઉલ્ટું એજ ગોપીઓને આ બધું કરવા માટે ઉશ્કેરી રહી હતી. આ તો સારું હતું કે બધી મને પકડીને યમુના સુધી ઘસડીને લઈ ગઈ હતી અને મારી પિટાઈ પણ ત્યાંજ કરી હતી, નહીં તો વસતિમાં પીટત તો તો ગોપોની સામે મારી શું આબરૂ રહી જાત?... આ સાંભળતા જ એક વાર તો મને ખડખડાટ હસવાનું મન થયું, પણ આ વખતે એને રોકી દીધું. ...વિચાર્યું, આમ કરવાથી રાધાની પ્રતિક્રિયા જાણવામાં નકામું મોડું થશે. ખેર, મેં જેવી ઉદ્ધવને સહાનુભુતિ દર્શાવી, એણે ફરી બોલવાનું શરૂ કર્યુ- વાસ્તવમાં મારા પર ક્રોધ ઠાલવીને ગોપીઓ હવે શાંત થવામાં જ હતી કે રાધાએ એમને ફરી ઉશ્કેરતા કહ્યું કે એ તો શરૂઆતથી જ કપટી હતો. દગાબાજી એનો સ્વભાવ હતો. એણે એના સંદેશમાં એક વાર પણ આવવાનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી. એ બદમાશ શરૂઆતથી પોતાને હોંશિયાર અને બીજાને મૂર્ખ સમજતો આવ્યો છે. બસ, રાધાનાં કથને ગોપીઓને ખૂબ વધારે ઉશ્કેરી મૂકી. અને પછી તો એજ ઉશ્કેરાટમાં બધાએ મળીને એ પ્રસ્તાવ પણ પસાર કર્યો કે જો કનૈયાને આપણી નથી પડી તો આપણને પણ એને ભૂલાવવાનું આવડે છે. ફર્યા કરે એ મથુરાની છોકરીઓ સાથે, અહીં વ્રજમાં એને કોઈ યાદ નથી કરી રહ્યું. અને આમ કહીને ન કેવળ ગોપીઓએ મને ફરી મારઝૂડ કરી, બલ્કે મને વૃંદાવનમાંથી બહાર પણ તગેડી મૂક્યો. એમનું સ્પષ્ટ કહેવું હતું કે વૃંદાવનને ન તો કનૈયાની ન તો એના 'સંદેશવાહકો'ની કોઈ જરૂર છે. ...અને પછી હું એવો ગભરાયેલો હતો કે પાછો વસતીમાં ગયો જ નહીં, અને ચૂપચાપ વળતે પગે સીધો અહીં ચાલી આવ્યો.

સાચું કહું તો ઉદ્દવની આપવીતી સાંભળીને હું પોતે ખૂબ ગભરાઈ ગયો. બધું હાસ્ય પલાયન થઈ ગયું. ક્યાંક વૃંદાવન જવા પર મારું પણ આવું સ્વાગત ન થાય? આવો વિચાર આવતાં જ, થોડી વાર માટે તો હું પણ મૂંગોમંતર થઈ ગયો. મને તો યમુનાતટે ગોપીઓથી પીટાતો "કનૈયો" દેખાવા લાગ્યો. ઉછળી તો અત્યારે પણ રહ્યો હતો પરંતુ નૃત્ય કરવા માટે નહીં, પણ "મારથી બચવા" માટે. દ્રશ્ય ખરેખર બહુ ભયાનક હતું. જોકે જલ્દીથી પાછો સ્વસ્થ પણ થઈ ગયો; અને સ્વસ્થતા આવતાં જ મેં ઉદ્ધવને ખૂબ પ્રેમથી કહ્યું- કાંઈ વાંધો નહીં! એમને ભલે 'સંદેશવાહક'ની જરૂર ન હોય પણ મને તો છે જ. તું મારી સાથે અહીં મથુરામાં જ રોકાઈ જા. હવે એ બિચારા પાસે તો બીજો રસ્તો પણ ક્યાં હતો? અને મુખ્ય વાત તો એ કે ઉદ્ધવે આ બે સંદેશા લાવવા-લઈ જવાનું કામ શું કર્યું, એ એક ઘડાયેલો સંદેશવાહક બની ગયો. પછી તો જીવનભર ઉદ્ધવે મારા સંદેશ લઈ જવાનું અને મને બીજાના સંદેશ પહોંચાડવાનું આ કામ સજ્જતા સાથે નિભાવ્યું. આ દ્રષ્ટિએ તો હું કહી શકું કે મને તો ગોપીઓના રિસામણાંથી પણ ફાયદો જ થયો.

હશે! હમણાં તો ઘરે પહોંચતા જ બીજો લાભ પણ થયો. અત્યાર સુધીમાં પિતાજી પણ પાછા આવી ગયા હતા. બીજી બાજુ, માએ રસોઈ પણ કરી રાખી હતી. બસ, સુભદ્રાના આવવાની ખુશીમાં વાતાવરણ ઉત્સવ જેવું થઈ ગયું હતું. અમે સૌએ બહાર બગીચામાં બેસીને જ ભોજન કર્યું. આ પણ પોતાની રીતનો એક નવો જ અનુભવ હતો. વૃંદાવનમાં તો આ સંભવ જ નહોતું. એક તો ત્યાં જમવામાં અહીંની જેમ કોઈપણ વાનગીઓ હોતી જ નહોતી, બસ, એજ ફળ-ફૂલ અને દહીં ખાધે રાખતા હતા. ...બીજું, ત્યાં સેવક પણ ક્યાં હતા? ખરેખર સુભદ્રાના આગમનથી આખું વાતાવરણ જ બદલાઈ ગયું હતું. અમે મોડી રાત સુધી ગપ્પા મારતા રહ્યા. મા-પિતાજી ઝુલા પર આવી ગયા, સુભદ્રાએ પાસેની એક બેઠક પર કબ્જો જમાવ્યો; અને અમે ત્રણેય ત્યાં જમીન ઉપર બેસી ગયા અને રાતનાં મોડે સુધી વાર્તાલાપ કરતાં રહ્યા. અહીં સુધી તો બધું ઠીક ચાલ્યું, પણ દાવ રાત્રે થયો. ઓરડામાં જતાવેંત જ પોતાનો ઉકળાટ કાઢી ચૂકેલો ઉદ્ધવ તો તરત જ ઘસઘસાટ ઊંઘી ગયો, અને આ બાજુ મારા મનમાં ગોપીઓનો તાંડવ પુનઃ પ્રારંભ થઈ ગયો. ઘણી વિચારણાં બાદ, એક વાત તો સમજાતી જ હતી કે ગોપીઓના વ્યવહારે મારા

સંદેશામાં છુપાયેલી ખામીઓને જ છતી કરી હતી. એ કાં તો મારા આવવાના વાયદાને સ્વીકારત, કાં તો મારા આવવાની તિથિ સ્વીકારત. પ્રેમની દીવાની આ ઘેલીઓ નકરી વાતોનાં ભુલાવામાં ફસાઈ જાય તેમ નહોતી. મને એ સ્વીકારવામાં જરા ય સંકોચ નથી કે પ્રેમ-ઘેલી આ ગોપીઓની સામે જ્ઞાનનું વાજું વગાડવું એ મારી જ મૂર્ખતા હતી. અને આજ વાત જે હું આજે ગોપીઓ પાસેથી શીખ્યો હતો, એજ મેં ગીતામાં અર્જુનને કહી હતી, "ભક્તિ પોતે જ પરિપૂર્ણ છે. પછી એને કોઈ કર્મ નથી, અને કોઈ જ્ઞાન નથી [41] ." ભલા, પ્રેમથી ભરેલાં હૃદયને કોઈ વિષય બાબતે જાણવા-સમજવાની જરૂર જ ક્યાં છે? પ્રેમ તો સ્વયં દરેક સત્યની ચાવી છે. ...એવું નહોતું કે ગોપીઓ મારો સંદેશો સમજી ગઈ હતી બલ્કે સત્ય તો એ છે કે પ્રેમમાં ડૂબેલી આ ગોપીઓ તો માત્ર એ સંદેશાની વ્યર્થતા સમજી ગઈ હતી. એ શું ઓછાં વિસ્મયની વાત છે કે એ સમજી ગઈ હતી કે ન તો કનૈયો આવ્યો છે કે ન તો એના સંદેશામાં આવવાનો કોઈ વાયદોય છે. માટે આ આખો સંદેશો આપણા માટે એક વ્યર્થ બકવાસ સિવાય બીજું કંઇ નથી. અને સાચું કહું તો ગોપીઓના આ અણધાર્યા વ્યવહારે અને એમાં છુપાયેલ પ્રેમે મારા મનમાં એક તડપ પેદા કરી. મારું મન વૃંદાવન જવા માટે ઉત્કંઠાપૂર્વક તડપી ઉઠ્યું. પરંતુ વાત હજી પણ ત્યાંની ત્યાંજ હતી. મથુરાની અત્યારની પરિસ્થિતિઓને જોતાં, આજકાલમાં વૃંદાવન જવું શક્ય નહોતું. અને જે હતું તે હતું; હું મારો સ્વાર્થ સાધવા માટે કર્તવ્યને પીઠ થોડો દેખાડી શકું? તો પણ જેમ તેમ કરીને પોતાને સમજાવી બુજાવીને મધરાત સુધી મેં પોતાને નિદ્રાધીન કરી જ દીધો.

પણ બીજે દિવસે સવારે ફરી કમાલ થઈ ગઈ. રાતે શાંત થયેલ ઉદ્ધવ સવારે ફરી વિફર્યો. એણે ફરીથી વૃંદાવન જવાનું રટણ શરૂ કર્યું. ...જોકે આ વખતે એની જેમ મેં પણ પલટી મારી. સ્પષ્ટ નનૈયા ને બદલે ઉદ્ધવને આશ્વાસન આપતા કહ્યું કે જ્યારે સુભદ્રાનું મન મથુરાથી ધરાઈ જશે, ત્યારે આપણે બધા એકસાથે વૃંદાવન જઈશું. પછી જોજેને હું જતાંવેંત જ બધું કેવી રીતે થાળે પાડી દઉં છું. કહેવાની જરૂરત નથી કે મારા આ આશ્વાસને ઉદ્ધવને મહદ્અંશે હળવો કરી દીધો. ભાઈ અને સુભદ્રા પણ મારા આ નિર્ણયથી ઘણાં ખુશ થયાં. તો હવે ઉદ્ધવ પ્રકરણને મૂકો બાજુએ. હમણાં તો અમારા મુખ્ય મહેમાન એટલે કે અમારી વ્હાલી બહેન સુભદ્રાની થોડી વાત કરીએ. ચોક્કસપણે અત્યારે મારું અને ભાઈનું સમગ્ર ધ્યાન એના ઉપર કેન્દ્રિત હતું. હું તો સુભદ્રાને રોજ બજારમાં ફરવા લઈ જતો હતો. એ મારી સાથે રથ પર આગળ બેસીને ધન્ય થઈ જતી હતી. મેં એને ઘણાં ઘરેણાં અને વસ્ત્ર પણ અપાવ્યાં હતા. કહેવાનું તાત્પર્ય એ કે હું મારા તરફથી મારી પ્રેમાળ બહેનનો પૂરેપૂરો ખયાલ રાખતો હતો. આ તરફ ભાઈ પણ સુભદ્રાની કાળજી રાખવામાં પાછળ નહોતા. એ પણ રોજ સાંજે એને પોતાની દુકાને લઈ જતાં હતા. એમણે પણ પોતાના તરફથી વહાલી બહેનને ઘરેણાંઓથી શણગારી હતી. ...અને ઉપરથી સૌથી મોટી ખુશખબરી એ કે આ તરફ ઉદ્ધવ પણ સમયની સાથે સાથે મથુરાના વાતાવરણમાં ભળી રહ્યો હતો. હવે તો એણે ગૌ-શાળાનો બધો કાર્યભાર સંભાળી લેવાનું શરૂ કરી દીધું હતું. આમ તો ક્યારેક ક્યારેક એ ભાઈની સાથે દુકાને પણ જતો-આવતો હતો. એટલે ઉદ્ધવ અને સુભદ્રા બંને મથુરામાં ઘણાં આનંદથી રહી રહ્યા હતા. અને એમની પાછળ-પાછળ અમે પણ આનંદમાં ઉડી રહ્યા હતા. હા, એક ગરબડ જરૂર થઈ ગઈ હતી. સુભદ્રાના આગમન પછી કુબ્જા સાથે મુલાકાતો ઘણી ઓછી થઈ ગઈ હતી. હવે એક જ સમયે સઘળી ખુશીઓ સાથે તો કેવી રીતે મળે ભલા? છતાં પણ જામતો જતો ધંધો, સુભદ્રા અને ઉદ્ધવની સંગાથે, દિવસોને તો જાણે પાંખ લાગી હતી, એમાં કોઈ બે મત નહીં.

ખેર! આ રીતે લગભગ એક માસ જેટલો સમય વીત્યો હશે, એક દિવસ રાત્રે ભોજન પછી અમે એમ જ આડી-અવળી વાતો કરી રહ્યાં હતાં. ત્યારે અચાનક જ રાજમહેલથી મંત્રીમંડળની બેઠક માટે નાનાજીનું કહેણ લઈને એક સૈનિક આવ્યો. આટલી રાતે મંત્રી પરિષદની બેઠક? ક્યાંક કોઈ મોટી મુસીબતે તો મથુરામાં પદાર્પણ નથી કર્યુંને? હોઈ શકે છે, બસ, આ વિચાર આવતા જ હું તરત રાજમહેલ પહોંચ્યો. મારું અનુમાન સચોટ હતું. દરબાર ખીચોખીચ ભરેલો હતો. અને નાનાજી ખરેખર ઘણા ચિંતિત દેખાતા હતા, અને એ પણ એટલી હદે કે સિંહાસનની આસપાસ ફરી રહ્યા હતા. ચિંતિત તો સેનાપતિજી પણ લાગી રહ્યા હતા. એ તો આખા દરબારમાં અહીંથી તહીં ચક્કર મારી રહ્યા હતા. બાકીનાં દરબારીઓ પણ ઘણાં જ ઉદાસ બનીને પોતપોતાના સ્થાન ઉપર બેઠા હતા. હું તો દ્રશ્ય જોતાં જ સ્તબ્ધ થઈ ગયો. શું કરું? જ્યારે કંઇ ખબર ન પડી તો નાનાજીની પાછળ પાછળ આંટા મારવા લાગ્યો. કોઈ કાંઈ કહી નહોતું રહ્યું, અને આગળ આવીને પુછવાની મારી હેસિયત નહોતી. પછી ખબર પડી કે મથુરાના સન્માનનીય-યાદવોને પણ કહેણ મોકલવામાં આવ્યું હતું અને એ લોકોની વાટ જોવાઈ રહી છે. ...ચાલો આપણે પણ રાહ જોઈ લઈએ. બીજી બાજુ, જેવા એ લોકો આવવા શરૂ થયા, નાનાજીએ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું. તેમને જોઈને હું પણ બેસી ગયો. આ તરફ યાદવ-મહાનુભાવોની સાથોસાથ રાજગુરુ, આચાર્યજી અને અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ નિરન્તર આવી રહ્યા હતા. મને તો કંઇ પણ સમજમાં નહોતું આવતું; હા, આટલી મોડી રાતે મથુરાના તમામ મહત્ત્વપૂર્ણ આગેવાનોનું રાજમહેલમાં ભેગા થવું સમગ્ર બાબતની ગંભીરતા ચોક્કસ છતી કરી રહ્યું હતું. તો હવે આટલી વાત તો નાનાં બાળકને ય ખબર પડે. પરંતુ એવું શું હોઈ શકે કે જે સમજવા માટે મારી 'રાજકીય સમજશક્તિ' પણ ઓછી પડી રહી હતી? તો એમ કહો ને... હા, હા, એટલે તો હું પણ ચિંતિત મુખમુદ્રા ધારણ કરીને ચૂપચાપ નાનાજી પાસે બેઠો હતો. ચાલો છોડો, હમણાં તો રોજ ઊભી થતી નિતનવી સમસ્યાઓ જોઈને હું એટલું તો સમજી જ રહ્યો હતો કે રાજા બનવું કે રાજ કરવું એ કોઈ મજાકની વાત નથી. સાચું કહું તો આજે મને રાજપાટ ન સ્વીકારવાના મારા નિર્ણય પર ઘણો ગર્વ થઈ રહ્યો હતો. ખરેખર, દૂરથી જોઈએ

તો લાગે કે રાજાના ઘણા ઠાઠમાઠ હોય છે; પરંતુ વાસ્તવિકતા એ છે કે એક રાજા પાસે જેટલો ઠાઠ હોય છે એનાથી હજારગણી તો જવાબદારીઓ એના ઉપર હોય છે.

ખેર! જ્યારે મોટા ભાગના લોકો આવી ગયા, તો રાજા ઉગ્રસેનજીએ કાર્યવાહી પ્રારંભ કરતાં બોલવાનું શરૂ કર્યું- એ તો તમે બધા જાણો જ છો કે કંસની પત્નીઓ પાછલા ઘણા વખતથી મગધ રહેવા ચાલી ગઈ છે. એ કેટલી દુ:ખી હતી, એ આપણે બધા જાણીએ છીએ. લાગે છે કે એમનાં દુ:ખ અને ક્રોધ સહનશક્તિની હદ વટાવી ગયાં હતા, એટલે લાગણીવશ થઈને એમણે પોતાના પિતા રાજા જરાસંધને મથુરાની વિરુદ્ધ ઉશ્કેર્યા. હવે જરાસંધ, જે આમ પણ મથુરાનો જૂનો શત્રુ છે, પોતાની પુત્રીઓ દ્વારા કાનભંભેરણી થતાં, એને ઉશ્કેરાવામાં ક્યાં વાર લાગવાની હતી? અને આ બધી વાતોનું દુષ્પરિણામ એ આવ્યું કે જરાસંધે તાબડતોબ મથુરા પર હુમલો કરવાનો નિશ્ચય કરી લીધો. આપણા ગુપ્તચરોએ બાતમી આપી છે કે જરાસંધની સાથે બીજા ઘણા રાજાઓ પણ પોતપોતાની સેના સાથે આ હુમલામાં જોડાયા છે. એટલું જ નહીં, એકઠા થયેલા રાજાઓની આ સેના મથુરા પર આક્રમણ કરવા નીકળી પણ ચૂકી છે. ગુપ્તચરોનું માનીએ તો આ વિશાળ સેના વધુમાં વધુ પંદર દિવસ સુધીમાં મથુરા પહોંચી જશે. એ તરફ જરાસંધે પોતાની સેનાને સ્પષ્ટ સૂચના આપી છે કે એ બંને છોકરાઓ 'કૃષ્ણ અને બલરામ'ને જોતાં જ મારી નાખે. અને મથુરાને થઈ શકે એટલી ખેદાનમેદાન કરી નાંખે.

...વાસ્તવમાં આ મામલો તો ઘણો ગંભીર હતો. સ્વાભાવિક રીતે, આ સાંભળતા જ આખા દરબારમાં સન્નાટો છવાઈ ગયો. વાતાવરણમાં ભયનો ઓથાર પથરાઈ ગયો. હવે મામીઓ કોઈને કોઈ ત્રાગું અવશ્ય કરશે એ તો હું પહેલાથી જ જાણતો હતો. પરંતુ એમનો ક્રોધ આવું ભયંકર પરિણામ લાવશે એ તો મેં ક્યારેય નહોતું વિચાર્યું. દરબારીઓ તો ઠીક, સહુથી વધારે ભયભીત હાલત મારી જ હતી. એક તો સમસ્યાનાં મૂળમાં 'હું' હતો, અને બીજું... જરાસંધનું નિશાન પણ 'હું' જ હતો. હું તો આંખો નીચી કરીને, ચૂપચાપ મોં લટકાવીને બેસી ગયો. આ તરફ દરબારમાં પથરાયેલા સન્નાટાને નાનાજીએ જ તોડ્યો. એમણે ખાસ કંઈ ન કર્યું, બસ, ઊભી થયેલી સમસ્યા પર બધાનાં સુચન માંગ્યા. પણ કોઈ કંઈ બોલ્યું નહીં. બોલવા જેવું હોય તો બોલેને? ફરી એક વાર દરબારમાં અનંત મૌન છવાઈ ગયું. હું અંદર ને અંદર ઘણો ઊંચો-નીચો થઈ રહ્યો હતો. છેવટે મારાથી ન રહેવાયું અને હું મારી બેઠક છોડીને ઊભો થયો અને તરત જ સેનાપતિજીની જેમ ચાલવાનું શરૂ કરી દીધું. હા, કેમકે આ સંકટે મારે કારણે જન્મ લીધો હતો, એટલે કોઈની સાથે નજર નહોતો મેળવી રહ્યો, એટલે કે માથું નીચું ઘાલીને જ આંટા મારી રહ્યો હતો. વળી મનોમન બધા ઉપર થોડો ઉભરો પણ ઠાલવી રહ્યો હતો. હવે જ્યારે જરાસંધ આવી જ રહ્યો છે તો એનાથી બચવાના ઉપાય પર ચર્ચા કરો. સમજતા કેમ નથી, છેવટે મારા જીવનનો સવાલ છે. ...ના કનૈયા! કોઈ શું કામ તારા જીવની પરવા કરવાના હતા? તારે જ તારો જીવ બચાવવાના પ્રયત્નો કરવા જોઈએ. પરંતુ આમાં હું શું કરી શકું એમ છું? કોઈ જાનવર, રાક્ષસ કે શેતાન આવી રહ્યો હોય તો લડી પણ લઉં. આ તો આખી ફોજ આવી રહી છે. તો શું? તારે આજે નહીં તો કાલે રાજા નથી બનવાનું? રુક્મિણીની આંખોમાં પોતાને સિદ્ધ નથી કરવાનો? એ બધું પણ છોડ, શું તારે જીવતા નથી રહેવાનું? હા... હા... કેમ નહીં. હું જાગી ગયો. એક તો પોતાનો જીવ જોખમમાં, અને બીજું મારા જીવથી પણ વધારે એવી 'રુક્મિણી'નો સવાલ. મને પોતાનું જ જુનું તારણ યાદ આવી ગયું. કોઈપણ સંકટનો નિવેડો લાવવાનો માર્ગ "કર્મ"થી જ ખુલી શકે છે; એટલે આ રીતે જરાસંધની વાટ જોતા બેઠા રહેવાથી તો કંઈ વળવાનું નથી, જવું તો કર્મના શરણે જ પડશે. બસ, આ વિચાર આવતાં જ મારું ચિંતન સક્રિય થઈ ગયું. મારો આત્મવિશ્વાસ જાગ્યો. અને તમે નહીં માનો કે ઘણી ઊંડી વિચારણા પછી દરબારમાં છવાયેલો સન્નાટો મેં જ તોડ્યો. મેં દરબારની બરાબર વચ્ચે ઊભા રહીને ઘણા આત્મવિશ્વાસ સાથે સેનાપતિજીને સંબોધન કરતાં પૂછ્યું- હું મથુરાની તૈયારીઓ વિશે જાણવા માંગુ છું.

ત્યાં સેનાપતિજીએ ઘણી ગંભીરતા સાથે જવાબમાં કહ્યું- મથુરા જીતવા માટે તો એકલા જરાસંધની સેના જ પર્યાપ્ત હતી. આવામાં એ સ્પષ્ટ છે કે મથુરા આ 'સંયુક્ત સેના'નો સામનો સાત દિવસ પણ નહીં કરી શકે. એનું મુખ્ય કારણ એ છે કે મહારાજ કંસને પોતાની સૈન્યશક્તિ પર ધ્યાન આપવાની ક્યારેય કોઈ જરૂર પડી જ નહોતી; કારણ કે આખું આર્યાવર્ત જાણતું હતું કે કંસ જરાસંધનો જમાઈ છે. હવે આર્યાવર્તમાં છે કોણ જે જરાસંધના જમાઈ પર હુમલો કરવાનું દુ:સાહસ કરી શકે?

...આ સાંભળતા જ મારી હિંમત જવાબ દેવા લાગી. આ તરફ આખા દરબારની ગભરામણ પણ અધિક વધી ગઈ. ફરી એક વાર સોપો પડી ગયો. હવે આવામાં કોઈ બોલે પણ તો શું બોલે? ત્યાં સુધી કે મોટા ભાગના લોકોને તો ચર્ચા-વિચારણા કરવી જ વ્યર્થ લાગી રહી હતી. આ તો ઠીક, પણ ત્યાંજ ક્યારનાય લાગ શોધી રહેલા યાદવ-આગેવાનોને એક નવો જ દાવ સૂઝ્યો. એક તો પહેલેથી જ હું એમને જરાય ગમતો નહોતો; ઉપરથી આ ભયાનક મુસીબત મારા કારણે જ આવી રહી હતી. એમના મતે તો વાત એક જ હતી કે ન હું કંસને મારત ને ન મથુરાને આ દિવસો જોવા પડત. ...બસ, એમણે બધાં કામ છોડીને મને તાકવાનું શરૂ કરી દીધું, ...જાણે કહી રહ્યા હોય કે આ છોકરાને મારવા માટે જરાસંધની રાહ જોવાની ક્યાં જરૂર છે? મને વાત તો એમના ઘૂરકિયા કાઢતા નેત્રો જોતા જ સમજાઈ ગઈ હતી, પણ મને એમના પર ધ્યાન આપવાનું યોગ્ય ન લાગ્યું. એમની સાથે તો પછી પણ ફોડી લેવાશે, પહેલા જરાસંધથી બચવાનો રસ્તો તો હાથ લાગે. પણ કેવી રીતે? બસ, આજ તો વાત હતી; હતાશા મારી અંદર એટલી છવાઈ ગઈ હતી કે ચિંતન સાથ જ નહોતું આપતું. હવે ચિંતન સાથ આપે કે ન આપે, છતાં પણ હથિયાર ફેંકી

દેવાય એમ નહોતું. મોતને થોડું વ્હાલું કરાય? અને વળી એ મારો સ્વભાવ પણ નહોતો. ...એટલે પરિસ્થિતિ સામે તો ગમે તે સંજોગોમાં ઝઝૂમવાનું જ હતું. એટલે કોઈક રીતે મસ્તિષ્ક ફરી સક્રિય કર્યું. એક વાર ચિંતન સક્રિય થયું તો નાની-મોટી યોજના પણ આકાર લેવા લાગી. હવે કોઈ હુમલો કરવા આવી રહ્યું છે તો યુદ્ધ તો કરવું જ પડશે. વળી, ફોજ સાથે મારે એકલાએ જ થોડું ટકરાવાનું હતું? આખી મથુરા મારી સાથે હતી. ...હજુ મારા મનમાં આ બધી વાત ચાલી રહી હતી કે અચાનક નાનાજીએ સન્નાટો તોડ્યો અને ફરી એક વાર એમણે મારા પર વિશ્વાસ દેખાડ્યો. એક ઊંડો શ્વાસ લેતા મને સીધું જ પૂછી બેઠા- કનૈયા, તું જ કંઈક કહે! હવે અમે શું કરીએ?

કહેવા માટે હું ઘણું બધું કહી શકું એમ હતો; પોતાનો જીવ બચાવવા માટે બધાને સક્રિય કરવા પણ માંગતો હતો. તેમ છતાં હું વિચારમાં પડી ગયો હતો કે કહું કે ન કહું...? કારણ કે હુમલો મથુરા પર ઓછો અને મારા પર વધારે હતો, અને આવામાં મારું કંઈ પણ કહેવું કઈ હદે યોગ્ય હશે એ હું નહોતો જાણતો. આમ તો હું પરિસ્થિતિનું બરાબર વિશ્લેષણ કરી ચૂક્યો હતો. વળી બીજી બાજુ વિચારું તો સવાલ પણ મારા જ જીવનો હતો, તેથી "યોગ્ય-અયોગ્ય" ગયું ખાડામાં. જાન બચાવવો હોય તો મોઢું ખોલવું જ પડશે. અને હવે જ્યારે નાનાજીએ પૂછી જ લીધું છે, તો મારે સલાહ દેવામાં શા માટે ગભરાવાનું? કદાચ કોઈ રસ્તો નીકળી પણ જાય. આમ પણ બીજું કોઈ કંઈ બોલવાનું હોય એવું લાગતું નહોતું. બીજું કોઈ કંઈ કહે પણ શા માટે? જીવ તો મારો જોખમમાં મુકાય ગયો છે, તેથી છેવટે મેં ભલે મજબૂરીવશ, પરંતુ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહેવાનું શરૂ કર્યું-મારી દ્રષ્ટિએ મથુરા યુદ્ધ કરવા માગે છે કે નહીં, આપણે યુદ્ધ કરવાની સ્થિતિમાં છીએ કે નથી; આ બધા સવાલ હવે ગૌણ થઈ ગયા છે. કારણ કે જરાસંધે આપણા માટે યુદ્ધ અનિવાર્ય બનાવી મૂક્યું છે. એટલે પહેલા તો હું જે વાત સમજાવવા માગું છું તે એ છે કે હવે યુદ્ધ અટલ બની ગયું છે. ...આમ તો આવા મહાયુદ્ધને સમજવા માટે હું હજુ સંપૂર્ણ રીતે નાસમજ છું. નક્કી જ મેં અત્યાર સુધી કાં તો જાનવરોને માર્યા છે અને વધુમાં વધુ તો સામસામી લડાઈમાં કેટલાક બહાદુરોને પછાડ્યા છે; જ્યારે આ એક સેના અને બીજી સેના વચ્ચેનું તથા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચેનું યુદ્ધ છે. ...છતાં પણ અત્યાર સુધીની ચર્ચાઓ સાંભળીને હું જે નિર્ણય પર પહોંચ્યો છું એ તમારી સમક્ષ મુકવું એ મારું કર્તવ્ય સમજું છું. જો મારું વિશ્લેષણ ક્યાંયથી પણ ખોટું જણાય તો હું ક્ષમા માગું છું; કારણ કે મેં પહેલાં જ કહ્યું છે કે આવા યુદ્ધના સંદર્ભમાં મારો કોઈ વિશેષ અનુભવ નથી.

મારી વાત સાંભળીને નાનાજીએ મારો ઉત્સાહ વધારતા તરત કહ્યું- હા... હા, તું તારો મત બેફિકર થઈને આપ. આમ પણ તે હંમેશાં બુદ્ધિમત્તાપૂર્વક જ સલાહ-સૂચન આપ્યાં છે. એટલે અમે આ વિષય પર પણ તારા તારણો જાણવા માટે આતુર છીએ.

જોકે નાનાજીએ જે રીતે મારો ઉત્સાહ વધાર્યો, અને મને જે રીતે સન્માન આપ્યું તે મથુરાના મોભાદાર યાદવોને બિલકુલ નહોતું ગમી રહ્યું, પરંતુ હું પહેલા જ કહી ચૂક્યો છું કે આ સમય એમને મહત્ત્વ આપવાનો હતો જ નહીં. અત્યારે તો જરાસંધનો હુમલો અને મારા જીવ પરનું જોખમ એજ વાસ્તવિકતા મારી સામે મોં ફાડીને ઊભી હતી, અને આવામાં નાનાજી દ્વારા મને આપવામાં આવતું પ્રોત્સાહન જ મારા માટે ઘણું થઈ પડતું હતું... એટલે મેં તરત મારી વાત આગળ વધારી. મેં કહ્યું- સઘળી વાતોથી એ સ્પષ્ટ જણાય છે કે હાલની પરિસ્થિતિઓમાં ફાયદાની વાત વિચારવી વ્યર્થ છે. કહેવાનું તાત્પર્ય, મથુરાએ નાનું મોટું નુકસાન તો વેઠવું જ પડશે. તેથી સમજદારી એમાં જ છે કે આપણે એવા તમામ ઉપાય કરવા જોઈએ જેના કારણે મથુરાએ ઓછામાં ઓછું નુકસાન વેઠવું પડે. જો આપણે યુદ્ધ નહીં કરવાનો નિર્ણય લેશું તો મથુરા પર જરાસંધનું એટલે કે માગધી સેનાનું શાસન કાયમ માટે સ્થપાઈ જશે અને એ ઉપરાંત જાન-માલનું જે નુકસાન ઉઠાવવું પડશે તે વધારામાં. ધ્યાન આપવા જેવી બાબત એ છે કે આ વાત અહીં જ નહીં અટકે. આપણે ભૂલવું ન જોઈએ કે આપણે હમણાં જ માગધી સેનાને બરખાસ્ત પણ કરી છે; અને આપણે એ પણ જાણીએ છીએ કે કંસના રાજમાં યાદવો ઉપર બધા અત્યાચાર આ માગધી સૈનિકોએ જ કર્યા હતા. એના પરથી એ પણ નક્કી થાય છે કે જો સત્તા ફરીથી એમના હાથમાં આવી તો હતપ્રભ થયેલી આ માગધી સેના મથુરાવાસીઓ પર હવે બમણી તાકાતથી અત્યાચાર કરશે. એટલે કે એ દુષ્ટો પોતાની બરતરફીનો બધો ક્રોધ આ બિચારા નિર્દોષ મથુરાવાસીઓ ઉપર ઠાલવશે. તેથી રાજ્ય માટે નહીં તો કંઈ નહીં, પરંતુ રાષ્ટ્રીય કર્તવ્યનો સાદ સાંભળીને મથુરાવાસીઓ માટે પણ આ યુદ્ધ આપણે લડવું જ પડશે.

વાત અરીસા જેવી સ્પષ્ટ હતી. બધાને તરત સમજાઈ પણ ગઈ. ...પછી શું હતું? મારી પ્રશંસા થઈ એટલું જ નહીં, પરંતુ સહુમાં કર્તવ્યબોધ પણ જાગ્યો. મુજ આશાવાદીને તો યુદ્ધ લડવા માટેની માનસિકતા ઘડાતી હોય એવું પણ લાગવા માંડ્યું. જોકે આ બધું તો મારું ચિંતન હતું, ત્યાં તો હંમેશાંની જેમ ફરી એક વાર દરબારમાં સોપો પડી ગયો હતો. તો ભલે છવાયેલો રહે, અત્યારે તો મને મળેલી પ્રશંસા અને મારી વાતના હકારાત્મક પરિણામની આશાને લીધે, હું પૂરા ઉત્સાહથી ભરાઈ ગયો હતો; અને તમે તો જાણો જ છો કે એક વાર હું ઉત્સાહથી ઓતપ્રોત થઈ ગયો કે પછી તો ચિંતન હજારગણી ગતિએ સક્રિય થઈ જ ઉઠે છે. બસ, 'કુવલયાપીડ-વધ' યાદ આવી ગયો. એ ગાંડો હાથી કંઈ ઓછો શક્તિશાળી હતો? પરંતુ 'સંતાકૂકડી'ની રમત રમીને એને પણ મારી નાખ્યો હતો. એ પ્રહાર કરવા આવે તો સંતાઈ જાઓ અને મોકો મળતાં જ વળતો પ્રહાર કરી દો. શા માટે આજ રણનીતિ જરાસંધની સામે પણ ન અજમાવવામાં આવે? ...ભલેને જરાસંધ શક્તિશાળી હોય, કૃષ્ણની પાસે દરેક ઝંઝાવાતનો તોડ છે. મનમાં યોજના સ્પષ્ટ થઈ ગઈ હતી. આ તરફ મારો આત્મવિશ્વાસ વધેલો જ હતો; બસ, મારી વાત કહેવા હું ઉત્સુક

હતો, જોકે આ બધું મારી અંદરને અંદર ચાલી રહ્યું હતું, બહારથી હજુ પણ હું મૌન હતો. વાસ્તવમાં કોઈ બીજી પ્રતિક્રિયા આવે એની રાહ જોઈ રહ્યો હતો. ...પરંતુ ખામોશી હતી કે તૂટવાનું નામ જ નહોતી લેતી. અને હું આટલી સચોટ યોજના પૂછાયા વિના કહીને એને વ્યર્થ વેડફવા નહોતો માંગતો. આમ પણ હવે તો જીવન અને મૃત્યુ વચ્ચે આશરો હતો તો તે બસ, આજ એક યોજનાનો. આ બધું તો ઠીક, પણ આ સન્નાટાનું શું?... ત્યારે જ હંમેશાંની જેમ, ફરી એક વાર નાનાજીએ જ ચૂપકીદી તોડી. ...એમણે સીધેસીધું મને કહ્યું- કનૈયા! અમને તારી વાત તો સમજાઈ ગઈ છે. અમે યુદ્ધ કરવા માટે તૈયાર પણ છીએ. પરંતુ શું આ યુદ્ધ માટે તું કોઈ રણનીતિ સૂઝાડી શકે છે?

...લો! દોડવું હતું અને ઢાળ મળ્યો. આ તો બિલકુલ મારા મન મુજબનો જ સવાલ થઈ ગયો. હું તો આવા કોઈક સવાલની રાહ જ જોઈ રહ્યો હતો. રણનીતિ સૂઝાડવા તો હું ક્યારનોય ઉતાવળો થઈ રહ્યો હતો. એટલે હમણાં કોઈ બીજું કાંઈ કહે અથવા કોઈ વાતને નવો જ મોડ આપી દે તે પહેલા, મેં તરત મારા સ્થાન પર ઊભા થઈને આખા દરબારને સંબોધન કરતાં કહ્યું- એ સર્વવિદિત સત્ય છે કે યુદ્ધમાં જ્યાં સુધી રાજાને ન હરાવવામાં આવે કે રાજમહેલ જીતી લેવામાં ન આવે, ત્યાં સુધી યુદ્ધ જીતાયેલું માનવામાં આવતું નથી. એટલે જો આપણે કિલ્લાને ઠીકઠાક કરીને બરાબર રીતે કિલ્લેબંદી કરીએ તો મથુરાનો મજબૂત કિલ્લો તોડીને એને જીતવાનું જરાસંધ માટે એટલું સહેલું નહીં બને. એટલે આખા યુદ્ધ દરમ્યાન આપણે મહારાજ ઉગ્રસેનને મહેલપી કિલ્લાથી બહાર નીકળવા જ નહીં દઈએ, હવે જો એ યુદ્ધ કરશે તો હારશે ને...! એનાથી આપણી યુદ્ધ હારવાની શક્યતા આપમેળે જ ક્ષીણ થઈ જશે. અહીં એક ધ્યાનમાં રાખવા જેવી બીજી વાત એ છે કે આ યુદ્ધ માત્ર જરાસંધની જિદ્દને લીધે થઈ રહ્યું છે, દેખીતી રીતે અન્ય રાજાઓને આ યુદ્ધમાં કોઈ રસ નથી; એમને ન તો આપણી સાથે કોઈ બદલો લેવાનો છે કે ન એમને મથુરામાં કોઈ રસ છે. તેથી જો આપણે યુદ્ધ લાંબુ ખેંચવામાં સફળ થઈ ગયા તો એ નક્કી છે કે એ લોકો જલ્દીથી થાકી જશે. આમ પણ દુશ્મનની સેના એટલી દૂરથી આવી રહી છે કે સ્વાભાવિક રીતે, એ પહેલેથી ઘણી યાત્રાને કારણે થાકેલી હશે. આવામાં જો આપણે એમને ભોજન-પાણી મળવામાં પણ અડચણ પેદા કરી શકીએ તો ચોક્કસપણે એ જલ્દીથી થાકીને ભાગી જશે. એટલે, આપણે સહુથી પહેલા મથુરાના વડીલો, મહિલાઓ અને બાળકોને મહેલના પાછળના ભાગમાં મોકલવા પડશે, જેથી આ પૂરા યુદ્ધ દરમિયાન એમને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખી શકાય. સાથે જ આપણે આપણા બજારો ખાલી કરી દેવા પડશે, જેથી એમને ખાદ્યાન્ન સહિત જીવન જરૂરિયાતની અન્ય કોઈ સામગ્રી લૂંટવાનો મોકો ન મળે. એટલું જ નહીં, જે રસ્તેથી એ મથુરામાં પ્રવેશ કરવાના છે, ત્યાંના તમામ જંગલો સળગાવી દેવા જોઈએ, જેનાથી એમને ભોજન માટે જરૂરી ફળ અને ફૂલ પણ ન મળી શકે. સાથે જ રસ્તામાં આવતાં તમામ સરોવરોનું પાણી પણ ઝેરીલું કરી દેવું પડશે, જેના ફળસ્વરૂપ એમના સૈનિકોને પીવા માટે પાણી પણ નસીબ ન થાય. સાથે જ આપણે મથુરાના તમામ કૂવાઓનું પાણી પણ ગંદુ અને ઝેરીલું કરી દેવું જોઈએ. અને જ્યાં સુધી આપણાં પીવાનાં પાણીનો પ્રશ્ન છે તો એ તો યમુનાથી આવશે. યમુના મહેલની પાછળના ભાગે વહેતી હોવાથી એ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે, કારણ કે દુશ્મન કિલ્લો જીત્યા પહેલા યમુના સુધી ક્યારેય નહીં પહોંચી શકે.

આટલું કહીને હું તો એક ક્ષણ માટે ચુપ થઈ ગયો, પણ ત્યાં મારી વાત સાંભળતા જ દરબારીઓની આંખોમાં ચમક આવી ગઈ. નાનાજીને પણ આશાનું એક કિરણ દેખાવા લાગ્યું. સેનાપતિજીનો પણ ગુમાવેલો આત્મવિશ્ર્વાસ પાછો આવવા લાગ્યો. જોતજોતામાં ચારે તરફ મારી પ્રશંસાનાં માંડવા પણ રોપાવા લાગ્યા. સ્વાભાવિક રીતે દરબારમાં ફેલાયેલો ડર પણ અત્યારે ઘણો ઓછો થઈ ગયો હતો. અને કહેવાની જરૂર નથી કે આગળની યોજના સાંભળવા એકેએક જણ આતુર થઈ ગયું હતું. ...તો, મારે શેની વાર હતી? આવો પ્રોત્સાહક પ્રતિસાદ પામ્યા બાદ હું ક્યાં વધારે વાર ચુપ રહેવાનો હતો? બસ, મેં પણ બમણા ઉત્સાહથી મારી આગળની યોજના સંભળાવવાનું શરૂ કર્યું. મેં કહ્યું- સહુથી મહત્ત્વપૂર્ણ વાત આ કે આપણે એમની સાથે યુદ્ધ કરવા નહીં જઈએ, બલ્કે તે સાથે જ એમને યુદ્ધ કરવા માટે આપણા સુધી આવવા દઈશું. એટલે કે આપણે આમને-સામનેનું યુદ્ધ નહીં કરીએ પણ ગેરીલા-યુદ્ધ કરીશું. અને આ માટે રસ્તા ઉપરના બધાં ઘરોને યુદ્ધની છાવણીઓમાં ફેરવી નાંખવામાં આવશે, અને ત્યાંથી જ આપણી ટુકડીઓ એકસાથે યુદ્ધ નહીં કરે પણ વારાફરતી યુદ્ધ કરશે. આનો સૌથી મોટો ફાયદો એ થશે કે આખા યુદ્ધ દરમ્યાન આપણી સ્ફૂર્તિ અને તાકાત જળવાઈ રહેશે. મને આશા જ નહીં, પણ વિશ્ર્વાસ છે કે આ રણનીતિ સામે જરાસંધની સેના કિલ્લો તો નહીં જ જીતી શકે, પણ સાથોસાથ પાણી અને ભોજનની અછતને લીધે વધારે દિવસ મથુરામાં ટકી પણ નહીં શકે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે આપણે ઓછામાં ઓછી પાયમાલી વેઠીને યુદ્ધને લાંબુ ખેંચવા ઉપર જ ધ્યાન આપવાનું છે. આ રીતે આપણે આપણી પ્યારી મથુરા અને મથુરાવાસીઓને અવશ્ય બચાવી જ શકીશું.

આ બાજુ એક વાર તો હું પોતાની વાત પુરી કરીને બેસી ગયો, પણ બીજી બાજુ, તમે માનશો નહીં કે બધાએ ઊભા થઈને સન્માનપૂર્વક તાળીઓ પાડીને મારી યોજનાની પ્રશંસા કરી. કોઈપણ વિવાદ વિના મારી સૂચવેલી રણનીતિથી જ યુદ્ધ લડવાનું નક્કી થયું. સાચું કહું તો આજના આ વિશ્ર્લેષણ અને સન્માનથી હું સ્વયં પોતાની નજરમાં પણ ગૌરવાન્વિત થઈ ગયો હતો. જોકે મારી આ પ્રતિભાને ખિલવવાનું બધું શ્રેય નાનાજીને જ જતું હતું; તો પણ પ્રતિભાને નિખારી તો મેં જ હતી. ખેર, પ્રભાત થતાં પહેલા જ બધા નિર્ણય લેવાઈ ગયા હતા. બસ, સઘળાં નિર્ણય લઈ લેવાયા પછી તરત જ હું ઘર ભણી દોડ્યો. ચોક્કસપણે, આજની રાત મારા જીવનની સહુથી યાદગાર અને સફળ રાત હતી. આજે મારા વિશ્ર્લેષણ અને ચૈતન્યએ એવી ઊંચાઈઓ સર

કરી હતી કે જ્યાંથી હવે ભવિષ્યમાં મારી સાથે ટકરાવું કોઈનાય માટે આસાન નહોતું રહ્યું. મારી અંદર તો આત્મવિશ્વાસની એવી આંધી ઊઠી હતી કે જો વાત વટ ઉપર આવે તો હું પળવારમાં આકાશ સાથે ટકરાઈ જાઉં. સો વાતોની એક વાત, અત્યારે ઘરે પાછા ફરતી વખતે, મારી તો વાત થાય એમ જ નહોતી. ખેર, ઘરે આવતા આવતા તો પ્રભાત થઈ ગઈ હતી, છતાં પણ મેં થોડો આરામ કરવાનું જ યોગ્ય માન્યું. થોડી વાર માટે ઊંઘ પણ આવી ગઈ અને સાચું કહું તો આ ટૂંકી ઊંઘે મને પૂરી રીતે તાજોમાજો કરી દીધો.

...એ તરફ સ્વાભાવિક રીતે ભાઈ, ઉદ્ધવ, પિતાજી સહિત બધા મારા ઉઠવાની જ રાહ જોઈ રહ્યા હતા. એટલું તો એ પણ સમજી રહ્યા હતા કે આટલી મોડી રાતે રાજમહેલથી કહેણ કોઈ ઉત્સવ મનાવવા માટે તો નહીં આવ્યું હોય. ઉપરથી આવતા આવતા સવાર થઈ ગઈ, સ્પષ્ટ છે, સમસ્યા પોતાની જટિલતા પોતે જ કહી રહી હતી. આમ એમનું વ્યગ્ર થવું સ્વાભાવિક જ હતું. પરંતુ પહેલાં મેં નિત્યકર્મથી પરવારવાનું જ યોગ્ય માન્યું, જેથી તાજગી સાથે વિસ્તારથી ચર્ચા કરી શકું. સીધી વાત છે, હવે આટલી વાર થઈ તો થોડી વધારે. એ તરફ તરોતાજાં થતાં જ મેં બધાને રાજમહેલમાં થયેલી ચર્ચાની વાત કરી. મારી ધારણા પ્રમાણે, બધા ખૂબ ચિંતિત થઈ ગયા. પણ ભાઈનો તો રંગ કંઈક જુદો જ હતો. આ સમાચારથી ઊલટા એ તો ખુશ થયા કે ચાલો યુદ્ધ કરવાનો મોકો તો મળ્યો. આમ પણ અત્યારે મથુરામાં સહુથી બળવાન અને બહાદુર ભાઈ જ હતા, કદાચ આ કારણે જ એમની વીરતા મથુરા પર પોતાના બળનો પ્રભાવ જમાવવા ઉત્સુક થઈ રહી હશે. આમ તો મેં પણ ભાઈને તેમની ઈચ્છા અનુસાર એક જ કામ સોંપ્યું કે એ શારીરિક અને માનસિક રીતે પોતાની જાતને આ યુદ્ધ માટે પૂરેપૂરી રીતે તૈયાર કરી લે. ભલા ભાઈને આમાં ક્યાં કોઈ વાંધો આવે એમ હતો? એ તો તત્કાળ અમલથી જ વ્યાયામ અને ગદાયુદ્ધની તૈયારીઓમાં લાગી ગયા. આ તરફ ઉદ્ધવને મેં સુભદ્રાને લઈને વૃંદાવન પાછા જવાનું કહ્યું. આમ પણ આ વ્યર્થની લડાઈમાં હું એમનાં જીવ પર કોઈ જોખમ આવે એવું નહોતો ઈચ્છતો. અને સમય ઓછો હોવાથી આ બધા કામ મેં શીઘ્ર જ પતાવ્યા હતા.

...સમય ઉપરથી યાદ આવ્યું, ખરેખર સમયએ ખૂબ જ અજબ પડખું ફેરવ્યું હતું. ક્યાં તો હું સપનાંમાં રાચતો હતો કે આ વખતે અમે બધા વૃંદાવન જઈશું અને ક્યાં વૃંદાવનથી આવેલા બે સ્નેહીઓને પણ વૃંદાવન પાછા મોકલવા પડી રહ્યા હતા. અને સપના પણ કેવા કેવા જોઈ રહ્યો હતો કે ગોવાળોની સાથે યમુનામાં જલ-ક્રિડા કરીશું, ગોપીઓની સાથે રાસ રચાવીશ; આખો દિવસ એ બધી રમત રમીશું જે અમે રમતા આવ્યા હતા. સરવાળે હું મારું બાળપણ એક વાર ફરી મનભરીને જીવીશ. ...અને રાધાને તો એવી રીતે મનાવીશ કે એનો ગુસ્સો જીવનભર માટે પલાયન થઈ જશે. પરંતુ બધાં સપનાં ચૂરચૂર થઈ ગયાં. કદાચ આનું જ નામ જીવન છે. જ્યાં પોતાનું ધાર્યું ક્યારેય નથી થતું. આમ પણ ક્યાં કોઈને ક્યારેય મરજી મુજબની દુનિયા પામવાનું સદ્ભાગ્ય મળ્યું છે? આમ પણ ઈચ્છાની બાબતમાં બે વાતો સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ. એક, ઈચ્છા કરો તો પૂરી દ્રઢતાથી કરો અને એને પૂરી કરવાનો અવસર મળે તો ક્યારેય છોડો નહીં; અને બીજું, જો પરિસ્થિતિ સાથ ન આપે અને કોઈ કારણે ઈચ્છા પૂરી ન થઈ શકે તો ક્યારેય એનો શોક ન કરવો. કારણ કે ઈચ્છાઓ પૂરી થવી ન થવી, અને દુ:ખોની આવ-જા, આ બધું તો જીવનની એ રમતનો એક ભાગ છે કે જેનાથી આ જીવન રચાયું છે. એટલે જ્યાં સુધી હૃદય ધબકે છે, ત્યાં સુધી જીવનની આ રમત તો ચાલું જ રહેશે. એટલે મારી દ્રષ્ટિએ તો જે માણસ અધૂરી રહેલી ઈચ્છાઓનો શોક મનાવે છે કે જીવનમાં આવેલા સંકટોથી ગભરાઈ જાય છે, એમને ન તો ઈચ્છા કરવાનો કોઈ અધિકાર છે કે ન તો જીવવાનો. ચોખ્ખી વાત છે; સંસારમાં ઘણા બધા લોકો અગણિત ઈચ્છાઓ કર્યા કરતાં હોય છે અને આ કારણે એમની ઈચ્છાઓ આપસમાં જ ટકરાયા કરે છે, આવામાં બધાની ઈચ્છા પૂરી થવાનો તો કોઈ સવાલ જ નથી ઉઠતો. હાલનું જ ઉદાહરણ લો, જરાસંધની ઈચ્છા મને મારવાની છે, તો એનાથી વિપરીત મારી ઈચ્છા બચવાની છે, હવે ભલા એકસાથે બંનેની ઈચ્છા તો પૂરી નથી થઈ શકવાની? અને વળી અમે એ કેમ ભૂલી જઈએ છીએ કે આ બાબતમાં કુદરતની પણ પોતાની ઈચ્છા હશે. ...ચાલો એક વાર માટે મનુષ્યની ઈચ્છાઓને તો માત આપી પણ શકાય છે, કદાચ હું બુદ્ધિ અને બળનો યોગ્ય પ્રયોગ કરીને જરાસંધની ઈચ્છાને તો માત આપી પણ દઉં; પરંતુ સામી બાજુએ કુદરતની ઈચ્છાનું શું? ...એ તો કરોડો ઈચ્છાઓ અને કર્મોનો સરવાળો છે. એટલે કે કુદરતની મરજી તો અંતિમ "ન્યાય" છે. અને આ ન્યાય સામે લડી શકાતું નથી કે ન તો એને બદલી શકાય છે; એનો તો બસ, સ્વીકાર જ કરવાનો હોય છે. જેમકે રુક્મિણીને પામવાની મારી ઈચ્છા છે. તો શું...? રુક્મી અને કુંડિનપુરનું રાજમહેલ શું એમની રાજકુમારીનો વિવાહ એક ગરીબ ગોવાળ સાથે થવા દેશે? હવે હું ગોવાળ છું... એ કુદરતની ઈચ્છા છે. એ રાજકુમારી છે... એ પણ કુદરતની ઈચ્છા છે. સાથે જ રુક્મિણીની પોતાની પણ કોઈ ઈચ્છા છે, જેની મને હજુ સુધી કાંઈ ખબર નથી. આવામાં મારી ઈચ્છાનું ઔચિત્ય કેટલું અને એનું અસ્તિત્વ કેવું? એટલે તો કહું છું કે રુક્મિણી તો મારું એક એવું સપનું છે જે મને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી રહ્યું છે; એનું સાકાર થવું કે ન થવું એ તો ઘણી દૂરની જ વાત છે. આમ તો ઘણી ઈચ્છાઓ એવી પણ હોય છે જેને મનુષ્ય પોતાના સ્વભાવના કારણે પૂરી નથી કરી શકતો. મારું જ ઉદાહરણ લો, હવે એ તો કહેવાની જરૂર નથી કે મારી વૃંદાવન જવાની ઈચ્છા ઉત્કટ છે. જવા માટે તો મારી પાસે હવે રથ પણ છે. બીજું કંઈ નહીં તો એક-બે દિવસ માટે તો જઈને આવી પણ શકું છું. પરંતુ મારો સ્વભાવ છે કે હું અધૂરો નથી જઈ શકતો, એટલે જ્યારે પણ જઈશ... પૂરો જઈશ. કહેવાનું તાત્પર્ય કે હું વૃંદાવન મારી સાથે રાજમહેલની ચિંતા, વ્યવસાયની જંજાળ અને પાછા આવવાની ઉતાવળ લઈને નથી જઈ શકતો. કારણ કે મારી દ્રષ્ટિમાં

અધૂરું જવું ન જવાથી પણ વધારે બદતર છે. એનાથી સારું તો એ છે કે હું વૃંદાવનના સપનાં ન જોઉં? એની યાદમાં વાંસળી વગાડીને ખોવાઈ ન જાઉં? કમસેકમ આ સપનાં જોવાનું કે યાદોમાં ખોવાવાનું પૂરું તો થાય છે ને? અહીં એ પણ જાણી લેજો કે વૃંદાવન, રાધા, રુક્મિણી આ બધી મારી વેદનાઓ છે, મારું દુ:ખ નહીં. વાસ્તવમાં આ બધું એટલે ઊંડે સુધી મારામાં એકરૂપ થઈ ગયું છે કે હું એનાથી દૂર રહેવાનું મીઠું દર્દ હંમેશાં ઉછેરું છું, પરંતુ તેમ છતાં, મને એમનાથી દૂર થવાનો કોઈ અહેસાસ નથી થતો. દુ:ખ અને દર્દમાં આજ તો ફરક છે. દર્દનો પોતાનો એક આનંદ હોય છે એની પોતાની એક મીઠાશ હોય છે; જ્યારે દુ:ખ પોતાના વિનાશ સિવાય બીજું કંઈ નથી હોતું.

ખેર! ક્યાં વાત સમયની અછતથી શરૂ કરી હતી અને ક્યાં આ નાહકનાં વિચારોમાં અટવાઈ પડ્યો. તેથી ફરી એક વાર પૂરું ધ્યાન કાર્યો પર લગાવ્યું. અને અત્યારે ઉદ્ધવને વૃંદાવન મોકલવો એ મારી સામે ઉભેલું સૌથી મોટું કાર્ય હતું. એ અને સુભદ્રા મારો પ્રસ્તાવ સાંભળીને ચોક્કસ જ ઉદાસ થઈ ગયા હતા. તેમ છતાં તેમને મોકલવાનાં તો હતા જ. બસ, મેં બીજા સો કામ છોડી, ઉદ્ધવને પકડીને તેને સમજાવતા કહ્યું- જો ઉદ્ધવ, ક્યાં આપણે બધા સાથે વૃંદાવન જવાના હતા, અને ક્યાં આ મુસીબત માથે આવી પડી. કદાચ આ સમયે કુદરતની ઈચ્છા નથી કે હું વૃંદાવનનો આનંદ લઈ શકું. અને તું તો જાણે જ છે કે કુદરતની ઈચ્છા સ્વીકારવામાં જ બુદ્ધિમત્તા છે; એની વિરુદ્ધ જવામાં કોઈ ફાયદો નથી. બસ, એક વાતનું ધ્યાન રાખજે કે જ્યાં સુધી મથુરાની પરિસ્થિતિ સામાન્ય ન થઈ જાય, ત્યાં સુધી ન તો તું મથુરા આવજે- ન કોઈ વૃંદાવનવાસીને અહીં આવવા દેજે... ઉદ્ધવ વાત તો સમજી રહ્યો હતો, પરંતુ ઉદાસીએ ફરી એક વાર એનો કેડો પકડી લીધો હતો. એને લાગી રહ્યું હતું કે ફરી એક વાર એ મને પોતાની સાથે લઈ જવામાં અસમર્થ પૂરવાર થયો છે. જોકે આ વખતે એની પાસે મને સાથે ન લાવી શકવાના યોગ્ય કારણ હાથવગાં હતા અને નક્કી જ આ વાતનો એને સંતોષ પણ હતો કે ઓછામાં ઓછું આ વખતે તો વૃંદાવન ગયા બાદ એ કારણોને લીધે, એ ગોપીઓનાં આતંકથી મુક્ત હશે. હવે બચી સુભદ્રા, તો એણે તો ભાઈને કોઈપણ રીતે ના કહેવાનો પ્રશ્ન જ નહોતો ઉઠતો. અત્યારે અહીં કરવાના કાર્યોની લાંબી સૂચિ જોતાં, બંનેને તરત જ રવાના કરવું આવશ્યક હતું. બસ, સારથી સાથેના મારા જ રથમાં બંનેને રવાના કરી દીધા.

ખેર! બંનેને રવાના કરીને લગભગ બપોર પછી હું સીધો રાજમહેલ પહોંચ્યો. ચોક્કસપણે રણનીતિ બનાવવી એક વાત હતી અને એનાં પર અમલ કરવો સર્વથા બીજી વાત. આમ તો કેશીથી માંડી કુવલયાપીડ-હાથીનાં યોજનાબદ્ધ વધ પછી હું એ તો સારી પેઠે સમજી રહ્યો હતો કે એક સારી રણનીતિ ઘડવી બીજું કંઈ નહીં તોયે અડધું યુદ્ધ જીતવા બરાબર તો છે જ. આ તરફ, આશા પ્રમાણે આજે રાજભવનમાં ઘણી ચહલપહલ હતી. આજે તો પ્રવેશદ્વારથી માંડીને ઉપવન સુધી બધી જગ્યાએ પ્રવૃત્તિસભર વાતાવરણ નજરે પડતું હતું. આમ તો આજે મારી આગતા સ્વાગતા અને પૂછપરછ પણ કંઈક વિશેષ જ થઈ રહી હતી. ...જોકે સૌથી મોટી ખુશીની વાત એ હતી કે સેનાપતિજી પોતાનાં કામમાં લાગી ગયા હતા. હું પણ રાજમહેલમાં પ્રવેશ કરવાને બદલે બહાર પ્રાંગણમાં બધાને નિર્દેશ આપી રહેલા સેનાપતિજીને પ્રણામ કરીને, એમની પાસે જ રોકાઈ ગયો. ત્યાં લગભગ સો જેટલા સૈનિકો અને કેટલાય કુશળ યોદ્ધા હાજર હતા. મારા ત્યાં જતાવેંત જ વાતાવરણમાં અધિક જોશીલાપણું આવી ગયું. મારે માટે તો આ આખું દ્રશ્ય એકદમ નવી જ વાત હતી. તેથી, કોઈ જાતના સલાહસૂચન કરવાને બદલે, હું તો સેનાપતિજીની કાર્યવાહી નિહાળવામાં વ્યસ્ત થઈ ગયો. વાસ્તવમાં તેઓ અત્યારે સેનાને વિભાજીત કરીને તેની ટુકડીઓ બનાવવામાં વ્યસ્ત હતા. દરેક ટુકડીમાં તેઓ લગભગ બસો સિપાઈઓને સમાવી રહ્યા હતા. મજા એ કે તેઓ નિર્દેશ આપતા જતા હતા અને પાસે ઉભેલા ત્રણ-ચાર સૈનિક એની નોંધ કરી રહ્યા હતા. એમણે ભાઈ, સાત્યકિ, ચિત્રક, શ્યામ, યુયુધાન, રાજાધિદેવ, મુદુર, શવફલક, સત્રાજિત અને મારા સહિત તમામ વીર યોદ્ધાઓને એક એક ટુકડીનું નેતૃત્વ સોંપી દીધું હતું. વળી સેનાપતિજીના નેતૃત્વમાં, પાંચસો વ્યક્તિઓની એક વિશાળ ટુકડી અલગથી બનાવવામાં આવી હતી. બચેલા એક હજાર સૈનિક રાજમહેલની સુરક્ષા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ...હું સેનાપતિજીની કાર્યક્ષમતાથી ઘણો પ્રભાવિત થઈ રહ્યો હતો. એમણે સમય બગાડ્યા વિના રણનીતિ મુજબ કાર્ય કરવાનું શરૂ કરી દીધું હતું. આજ રણનીતિ તો મેં સૂચવી હતી કે આપણે અડધી તાકાતથી રાજમહેલની સુરક્ષા કરીશું અને બચેલી અડધી તાકાતથી યુદ્ધ કરીશું. આ તો ઠીક, પણ આ તરફ સેનાપતિજીની સાથે ચાલી ચાલીને સાંજ થવા આવી. હું તરત એમની રજા લઈને દરબાર ભણી દોડ્યો. ચોક્કસપણે ત્યાં નાનાજી પણ ઘણી આતુરતાપૂર્વક મારી રાહ જોઈ રહ્યા હતા. કમાલ એ થઈ ગઈ હતી કે મારી પાછળ-પાછળ સેનાપતિજી પણ દોડી આવ્યા હતા. કદાચ એમનું કાર્ય પણ પુરું થઈ ચૂક્યું હતું. તો સરવાળે દરબારમાં પ્રવેશ અમો બંનેએ સાથે જ કર્યો.

...આ તરફ દરબાર આજે પણ અપેક્ષા પ્રમાણે પૂર્ણપણે ખીચોખીચ ભરેલો હતો. તમામ યાદવ-પ્રમુખ, સમગ્ર મંત્રીમંડળ અને નાનાજી તો હતા જ, સાથે જ એ બધા હાજર હતા જેમણે હાજર રહેવું જોઈતું હતું. વળી આજે દરબારમાં મારો માન મરતબો કંઈ અલગ જ હતો. એકંદરે કાલે સૂઝાડેલી રણનીતિની અસર મને અપાતા આવકાર પર ચોખ્ખી દેખાઈ રહી હતી. ...હવે સન્માન કોને ન ગમતું હોય? મનોમન મારો પણ હરખ માતો નહોતો. રાજમહેલમાં મળી રહેલું આ સન્માન એક સાધારણ ગોવાળને કેટલું હૃદય-સ્પર્શી લાગે છે એ કદાચ “તમે” કલ્પી પણ નહીં શકો. એ તો ઠીક, પણ છાતી તો એ સમયે ગર્વથી વધુ ફુલાઈ ગઈ જ્યારે ખુદ સેનાપતિજીએ મને એક આજ્ઞાકારી સૈનિકની જેમ કહ્યું- ટુકડીઓ બનાવવાનું અને સૈનિકોનાં

વિભાજન પછી મારું કામ પૂર્ણ થયું. કારણ કે મથુરા આ યુદ્ધ તમારી રણનીતિ પ્રમાણે લડી રહ્યું છે, એટલે ન કેવળ હવે પછીના બધાં દિશા નિર્દેશો તમારે જ આપવા પડશે, બલ્કે યુદ્ધની તમામ યોજનાઓ પણ તમારે જ બનાવવી પડશે.

...અત્યારે હું તો દરબારમાં મળતા સન્માનથી આમ પણ ગૌરવાન્વિત થઈ રહ્યો હતો, ઉપરથી સેનાપતિજી દ્વારા આપવામાં આવેલાં સન્માનને કારણે તો મારા પગ જમીન પર પડતા જ નહોતા. ...સાથે જ મારો આત્મવિશ્વાસ પણ આકાશને આંબવા લાગ્યો હતો. આમ પણ આ સન્માન અકારણ તો હતું નહીં, ધ્યાનથી જોવામાં આવે તો સેનાપતિજીની વાત યોગ્ય પણ હતી અને સમજદારીપૂર્વકની પણ; કારણ કે એ નિર્વિવાદ સત્ય છે કે જે રણનીતિ બનાવે છે, એજ એનો શ્રેષ્ઠ અમલ પણ કરી શકે છે. ...જોકે એ પહેલાં કે હું સન્માનોના કારણે ફૂલાઈ જાઉં, સેનાપતિજીના ઉદાહરણ પરથી પ્રેરણા લઈને, હું પાછો જમીન પર આવી ગયો. ક્ષણભરમાં મેં મારો અહંકાર ત્યાગીને “જાત”ને નવી જવાબદારીઓ ઉઠાવવા માટે તૈયાર કર્યો. આ તરફ દરબાર તો આમ પણ મને સાંભળવા માટે આતુર થઈને બેઠો હતો, બસ, મેં તત્ક્ષણ વિનમ્રતાપૂર્વક કહેવાનું શરૂ કર્યું. મેં કહ્યું- હું ન માત્ર સેનાપતિજી દ્વારા આપવામાં આવેલાં સન્માન અને વિશ્વાસ બદલ આભારી છું, બલ્કે સાથે જ હું મથુરાને બચાવવાની મારી જવાબદારીનો સ્વીકાર પણ કરું છું.

...આ સાંભળતા જ નાનાજીએ મારી પીઠ થાબડી. નાનાજીએ પીઠ શું થાબડી, હું ઉત્સાહિત થઈ ગયો. અને પછી આ ઉત્સાહવશ જ મેં ‘યુદ્ધની રણનીતિ’ પર એક સારું એવું પ્રવચન જ આપી દીધું. મેં કહ્યું- કોઈપણ યુદ્ધમાં સહુથી વધારે મહત્ત્વપૂર્ણ છે યુદ્ધની પૂર્વ તૈયારીઓ. અને એને માટે કાર્યોની યોગ્ય વહેંચણી જેટલી જરૂરી છે, એટલું જ જરૂરી છે દરેકે પોતપોતાની જવાબદારીનું યોગ્ય રીતે પાલન કરવું. ...એ તો સ્પષ્ટ છે કે જરાસંધની આટલી વિશાળ સેનાનો સામનો આપણે માત્ર મથુરાની સેનાના ભરોસે તો ન જ કરી શકીએ. વળી એ પણ નક્કી છે કે જરાસંધ સાથે દુશ્મનીનું જોખમ ઉપાડીને કોઈપણ મિત્ર રાજ્ય પણ અમને મદદ કરવા આગળ નહીં આવે. એટલે દેખીતી રીતે મથુરાના યુવાનોએ પણ ખભેખભા મિલાવીને આપણો સાથ આપવો પડશે. એજ શા માટે, બધા યાદવ-પ્રમુખોએ પણ આ યુદ્ધમાં રસ લેવો પડશે, ...એ દૂર ઊભા રહીને તમાશો કદાપિ નહીં જોઈ શકે. આપણે બધા જાણીએ છીએ કે સત્રાજિત, સાત્યકિ, ચિત્રક, શ્યામ, યુયુધાન, રાજાધિદેવ, મુદુર, શવફ્લક, પ્રસેન જેવા યાદવ-પ્રમુખોનો મથુરાના યુવાનો પર કેવો ગાઢ પ્રભાવ છે. એટલે હું નાનાજીની મંજૂરીથી ન કેવળ પોતપોતાની ટુકડીઓનું નેતૃત્વ આજથી જ સંભાળી લેવા યાદવ-પ્રમુખોને વિનંતી કરું છું, બલ્કે યુવાનોને એકત્રિત કરવાની વધારાની જવાબદારી પણ સોંપું છું. કારણ કે મારી દ્રષ્ટિએ આ યુદ્ધમાં જેટલી મહત્ત્વપૂર્ણ મથુરાની સેના છે, એનાથી પણ ઘણી વધારે મહત્ત્વપૂર્ણ ભૂમિકા આ સન્માનનીય યાદવ-પ્રમુખોની છે. વળી એ પણ એટલું જ સાચું છે કે જો મથુરા પર માગધી સૈનિકોનો અધિકાર થઈ જશે તો જેટલું નુકસાન સામાન્ય મથુરાવાસીને ભોગવવું પડશે, એનાથી અનેકગણું વધારે નુકસાન આ યાદવ-પ્રમુખોએ ભોગવવાનું આવશે. ...કારણ કે રાજકોષ ખાલી જોઈને જરાસંધ આ યુદ્ધનો ખર્ચ એમની પાસેથી જ વસૂલ કરશે.

...આટલું કહીને હું ચૂપ થઈ ગયો અને ચૂપચાપ ત્રાંસી નજરે યાદવ-પ્રમુખોની સામે જોવા લાગ્યો. મારું તીર યોગ્ય નિશાન પર વાગ્યું હતું. બધાને જરૂરી મહત્ત્વ પણ મળી ગયું હતું અને ઈમાનદારીથી કામ કરવા માટે પ્રેરક ભય પણ દેખાડી જ દેવાયો હતો. હવે એમણે જખ મારીને યુદ્ધમાં બરાબર સમાન રીતે ભાગ લેવાનો જ હતો. અને વર્તમાન યુદ્ધ માટે આ અત્યંત આવશ્યક હતું. ઘણું કરીને રાજ્યનાં સન્માનનીય લોકોનું યુદ્ધ સાથે કંઈ લેવા-દેવા ન રહેતું, રાજ જેનું પણ હોય, એમનું વર્ચસ્વ સદાયે સ્થાયી રહેતું. પરંતુ મેં વાતને એવો તો વળાંક આપ્યો હતો કે વાત શીરાની જેમ એમને ગળે પૂર્ણત: ઉતરી ગઈ હતી. આમ પણ પોતાને સુરક્ષિત માની જો તેમણે વર્તમાન યુદ્ધમાં રસ ન દાખવ્યો, તો સામાન્ય પ્રજા પણ આને રાજ્ય શાસનની જ જવાબદારી માનીને દૂર થઈ શકે છે. પરંતુ મથુરા આ વર્તમાન યુદ્ધ સહુના વર્ચસ્વનો સહિયારો ઉપયોગ કર્યા વિના લડવાની પરિસ્થિતિમાં બિલકુલ નહોતું. આમ જુઓ તો ખરેખર મેં ચતુરાઈપૂર્વક એક તીરથી બે શિકાર કરવામાં સફળતા મેળવી હતી. અને આ સફળતાથી ઉત્સાહિત થઈને એમના મૌનને સ્વીકૃતિ ગણીને મેં વાત આગળ વધારી અને મજા તો એ કે હવે તો મેં સીધું જ એમને નિર્દેશ આપતા કહ્યું- યાદવ-પ્રમુખોએ હવે પછીના દસ દિવસોમાં આ યુવાનોને સાથે લઈને બે મુખ્ય કામ પાર પાડવા પડશે. સૌથી પહેલું તો એમણે સંગઠિત કરવામાં આવેલા યુવાનો અને પોતાની સૈનિક ટુકડીની મદદથી બધાં બાળકો, મહિલાઓ અને વડીલોનું કિલ્લાના પાછળના ભાગમાં સ્થળાંતરણ કરાવવું પડશે. બીજું, સ્થળાંતરણ પામેલા લોકોની અને બધા સૈનિકોના ભોજન-પાણીની યોગ્ય વ્યવસ્થા પણ એમનાં નેતૃત્વમાં આ યુવાનોએ જ કરવાની રહેશે. સરવાળે એક મહિના સુધી બધાને ભોજન મળી રહે એટલાં દાણા દુણી એમણે કોઈપણ સંજોગોમાં એકઠાં કરવાં પડશે. ચોક્કસપણે એનો સીધો લાભ સેનાની કાર્યક્ષમતા ઉપર પડશે. આ ઝંઝટથી મુક્ત થતાં જ, સેના આજથી જ યુદ્ધની પૂર્વ તૈયારીઓમાં લાગી જશે. અને જ્યાં સુધી યુદ્ધની મુખ્ય રણનીતિ અને સૈન્ય ટુકડીઓનાં કાર્યોનાં વિભાજનનો સવાલ છે, તો હવે હું એના પર આવું છું. ...જેવું કે હું પહેલા પણ કહી ચૂક્યો છું, આપણે માત્ર એમને હેરાન કરીને વધારેમાં વધારે દિવસ અહીં ગૂંચવાડામાં નાંખવા માંગીએ છીએ, આવામાં તેઓ ભલે યુદ્ધ કરવા આવી રહ્યા હોય, પણ આપણે લડાઈ ટાળવાના જ પ્રયત્નો કરતાં રહીશું. એટલે કે આપણે તેમના સુધી ન જાતા તેઓ આપણાં સુધી પહોંચે તેની રાહ જોઈશું, અને એ વાટમાં બને તેટલા વધુ અંતરાય ઊભા કરીશું, જેથી કરીને

એમની સાથે આપણી ઓછામાં ઓછી મુલાકાત થાય. એકંદરે તેઓ વ્યાકુળ થઈને પાછા ફરે તેની જ આપણને ઈંતેજારી રહેશે. અમુક મુખ્ય ટુકડીઓને તો અગાઉથી જ ભોજન-પાણીની સગવડ કરવાની અને યુવાનોને સક્રિય કરવાની જવાબદારી સોંપી દેવામાં આવી છે. હવે બાકી બચેલી ટુકડીઓમાંથી સર્વપ્રથમ સેનાપતિજીની ટુકડીએ મગધથી આવવાવાળા રસ્તાને એકદમ સાંકડો બનાવી દેવો પડશે. ત્યારબાદ માટી, પથ્થર અને કાંટાઓથી આખા રસ્તાને ભરી દેવો પડશે. ...પછી આગળ જતાં, આજ કામ મથુરાના રાજમાર્ગને જોડવાવાળા દરેક રસ્તા ઉપર પણ કરવું પડશે, જેથી માગધી સેનાની અડધી શક્તિ તો રસ્તો શોધવામાં અને રસ્તો સાફ કરવામાં રોકાયેલી રહે. બીજી તરફ મારી અને ભાઈની ટુકડી એમને મળનારાં ભોજન-પાણીના સંભાવિત શ્રોતો પર હુમલો કરી દેશે. એમના રસ્તામાં આવતાં તમામ સરોવરો અને કૂવાઓનું પાણી અમે ગંદુ અને ઝેરીલું કરી મૂકીશું. એમના માર્ગમાં આવનારા જંગલોનાં તમામ ફળ-ફૂલ પણ નષ્ટ કરી દેવામાં આવશે. કહેવાનું તાત્પર્ય એ કે જેમ બને તેમ લાંબા સમય સુધી યુદ્ધ ટાળતા રહેવું અને દુશ્મનસેનાને યુદ્ધના સમય પહેલાં જ વધારેમાં વધારે થકવી દેવી એજ આપણી રણનીતિનો મુખ્ય ભાગ હશે. મારું સહુને નિવેદન છે કે સમયની કમીને ધ્યાનમાં રાખીને આપણે આજથી જ પોતપોતાના કામોમાં જોતરાઈ જવું જોઈએ. સાથે જ આપણે એ પણ નક્કી કરી લેવું જોઈએ કે આપણે સહુ પોતપોતાનાં કાર્યોની પ્રગતિનો અહેવાલ સમયસર મંત્રીમંડળને આપતા રહીએ. એટલે કે એક રીતે મંત્રીમંડળ ‘સંકલન-સમિતિ’નું કાર્ય કરશે; અને આજથી ઠીક દસમા દિવસે, કરવામાં આવેલાં બધાં કામોનાં વિશ્લેષણ માટે આપણે બધા આજ સભાગૃહમાં ફરી એક વાર મળીશું.

તમે નહીં માનો પણ હું દરબારમાં એવો તો છવાઈ ગયો હતો કે જેટલી દ્રઢતાથી હું રણનીતિ સૂઝાડી રહ્યો હતો, એનાથી પણ અધિક વિશ્વાસથી મારી રણનીતિ શીઘ્રતાથી સન્માનપૂર્વક અપનાવવામાં આવી રહી હતી. મારે માટે તો એનાથી વધારે ગર્વની બીજી કઈ વાત હોઈ શકે કે જંગલી જાનવરો સાથે બાથ ભીડવાવાળો એક ગોવાળ આજે એક મહાયુદ્ધનું સંચાલન કરી રહ્યો હતો. એનાથી બીજું એ પણ નક્કી થઈ ગયું હતું કે ભલેને આર્થિક બાબતમાં નહીં, પણ યુદ્ધની બાબતમાં તો હું “રાજા”ના સ્તર સુધી ઉપર પહોંચી જ ગયો હતો. અને મને આ વાતની અનહદ ખુશી હતી, કે આ યોગ્યતાની સાથે રુક્મિણીને લાયક બનવા તરફ હું બહુ મોટી પહેલ કરી ચૂક્યો હતો. આ તો હદ થઈ ગઈ. ત્યારે જ મેં મનમાં ને મનમાં જાતને ભારે ઠપકો આપ્યો; આ પણ કોઈ વખત છે આવી વાતો વિચારવાનો? તો જાણતો નથી પોતાની જાતને? ક્યાંક એવું ન થાય કે તું એનાં સપનાંમાં ખોવાયેલો રહે, અને અહીં યુદ્ધ તથા યુદ્ધની રણનીતિ, બંને એમની એમ રહી જાય? પળવારમાં મેં મારી ભલાઈ ખાતર ‘રુક્મિણી’ને આવતાં પહેલાં જ વિદાય આપી. જ્યારે હું પોતે કસમયે કોઈ કામ નથી કરતો, તો પછી બીજા કોઈને ભલા કસમયે મારા મનમાં કેવી રીતે આવવા દઉં?

ખેર! હું આ બધું વિચારતો રહ્યો અને બીજી બાજુ દરબાર ખાલી પણ થઈ ગયો. સ્વાભાવિક રીતે બધાએ આગળના કાર્યોમાં લાગવાનું હતું ને. ...તો ભીડવાનું તો મારે પણ હતું. બસ, હું નાનાજીની પરવાનગી લઈને, ભાઈને શોધવા અખાડે જઈ પહોંચ્યો. નક્કી જ કાર્યોનું વિભાજન કરતાં કરતાં ભાઈના ભાગે જંગલ ઉજાડવાનું કામ આવ્યું હતું અને મારા ભાગે પાણી ગંદુ કરવાનું. બંનેને પોતપોતાની પસંદનું કામ મળ્યું હતું. અને અખાડામાં ચાર-ચાર મલ્લો સાથે ભીડી રહેલા ભાઈને જેવા મેં ખૂણામાં લઈ જઈને ખબર આપ્યા કે એ તો ઉત્સાહનાં માર્યા ઉછળી જ પડ્યા. સૌથી ખુશીની વાત તો એ કે એમનો ગદા-અભ્યાસ પણ પુરજોશમાં ચાલી રહ્યો હતો. આમ પણ અમારા સાંભળવામાં આવ્યું હતું કે જરાસંધ ગદાયુદ્ધનો એક પ્રખ્યાત યોદ્ધા હતો; એટલે ભાઈનું ગદા-કૌશલ્ય આ યુદ્ધમાં મહત્વપૂર્ણ પુરવાર થઈ જ શકે છે. ...જોકે હવે ભાઈનો અભ્યાસ પુરો થઈ ચૂક્યો હતો અને અમે ઘરભણી નીકળી પડ્યા હતા. રસ્તામાં કાર્યની વહેંચણી બાબત થયેલી ચર્ચામાં જણાયું કે ભાઈનું કામ ઘણું વધારે જ કપરું હતું. કારણ કે ભાઈએ ફળ-ફૂલ નષ્ટ કરતાં પહેલા બને તેટલા વધુ ફળ-ફૂલ ભેગા કરવા ઉપર પણ ધ્યાન આપવાનું હતું. નક્કી જ યુદ્ધ દરમિયાન મથુરાના ભોજનનો સારો એવો આધાર આ એકઠાં કરાયેલાં ફળ-ફૂલો પર જ હતો. આમ ભાઈના કામનું મહત્ત્વ સમજી મેં “રથ”ને ઘરને બદલે રાજમહેલ તરફ વાળી દીધો અને તરત જ મહારાજને કહીને ભાઈને દસ બળદગાડાં અને લગભગ પચાસ મજૂર પણ ઉપલબ્ધ કરાવી દીધાં હતા. હવે ભાઈએ કોઈપણ સંજોગોમાં એ પાક્કુ કરવાનું હતું કે જે ફળ-ફૂલ ભેગાં ન કરી શકાય એને જ નષ્ટ કરવામાં આવે.

ખેર! આજે રાત્રે તો સૂઈ ગયા, પણ ઉત્સાહસભર ભાઈ તો બીજે દિવસે સવાર થતાં જ પૂરા ઉત્સાહથી કામમાં લાગી ગયાં. પોતે જ રાજમહેલ જઈ પહોંચ્યા અને ત્યાંથી બળદગાડા અને મજૂરો સહિત પોતાની બધી સાધન-સામગ્રી એકઠી પણ કરી લીધી. આ તરફ હું પણ પાછળ રહું તેવો નહોતો. ...ભલેને મારું કામ સહેલું હતું, પરંતુ એનું મહત્ત્વ કંઇ ઓછું થોડું જ હતું? મેં તત્કાળ મારી હાજરીમાં જ સરોવરો અને કૂવાના પાણીમાં ઢગલો લીમડાનાં પત્તાં અને કાંટા નખાવવાનું શરૂ કરી દીધું. એક અમે જ કેમ, બધા પોતપોતાનાં કાર્યોમાં ઘણી લગનથી લાગી ગયા હતા. ખરેખર સહુના ઉત્સાહ અને વિશ્વાસ જોવાલાયક હતા. એની સ્પષ્ટ અસર દરબાર પર પણ જોઈ શકાતી હતી. સહુના ચહેરા પરનો ભય ઘણાં પ્રમાણમાં ઓસરી ગયો હતો. એ તરફ પછીના દસ દિવસોમાં તો બધાએ પોતપોતાના કાર્યોને સફળતાપૂર્વક પરિપૂર્ણ પણ કરી દીધાં હતા. સૌથી મોટી વાત એ કે યાદવ-પ્રમુખ પણ સક્રિયતામાં કોઈનાથી પાછળ નહોતા રહ્યા. આમ સરવાળે, હવે યુદ્ધની નિર્ણાયક રણનીતિ નક્કી કરવાનો સમય પાકી ગયો હતો. જોકે આ અંતિમ રણનીતિ પણ મારે જ સૂઝાડવાની હતી અને હું રણનીતિ સાથે સંપૂર્ણ રીતે તૈયાર પણ હતો.

બીજી તરફ આમેય કાર્યોની વહેંચણી બાદનો આજે દસમો દિવસ હતો અને બધાં દરબારમાં હાજર પણ હતા. હું પણ ભાઈને લઈને યોગ્ય સમયેજ દરબારમાં પહોંચી ગયો હતો. દરબાર આનાથી વધારે ભરચક મેં આ પહેલા ક્યારેય નહોતો જોયો. ત્યાં સુધી કે આજે તો ઘણી વધારાની બેઠકોનું પણ આયોજન કરવું પડ્યું હતું. અને ઉત્સુકતા તો એવી હતી કે જ્યાં એક બાજુ સમય ઓછો હોવાથી હું મારી રણનીતિ સાથે તૈયાર હતો, તો વળી બીજી તરફ આખો દરબાર પણ રણનીતિ સાંભળવા આતુર થઈને જ બેઠો હતો.

આ તરફ મેં પણ કોઈ પ્રસ્તાવના વિના રણનીતિ પર ચર્ચા શરૂ કરી. મેં કહ્યું- આપણે સહુ એ સારી પેઠે જાણીએ છીએ કે જરાસંધની સેના દરેક દ્રષ્ટિકોણથી આપણને હંફાવી મૂકે તેમ છે, એટલે કે એને યુદ્ધમાં ક્યારેય હરાવી શકાય તેમ નથી. આથી આપણી રણનીતિ સ્પષ્ટ છે. આપણે એમને હરાવવાના નથી, થકાવવાના છે. આપણે ઈચ્છીએ છીએ કે એ થાકીને ખાલી હાથે પાછા ફરે. અને જેમ કે હું પહેલા પણ કહી ગયો છું, એ ત્યારે જ શક્ય છે જ્યારે યુદ્ધ લાંબુ ખેંચાય. અને યુદ્ધ ત્યારે જ લાંબુ ખેચાય જ્યારે આપણે યુદ્ધ કરવાને બદલે એને ટાળવાનો ઉદ્દેશ રાખીએ. અને આજ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને એ અગાઉ જ નક્કી કરી ચૂક્યા છીએ કે આપણે યુદ્ધ કરવા જઈશું જ નહીં; એટલે જરાસંધ અને એની સેનાએ જખ મારીને યુદ્ધ કરવા માટે આપણા સુધી આવવું પડશે. અને એજ અમારી પરીક્ષાની ઘડી હશે. બસ, એને જ ઉદ્દેશ માનીને, હું આપણી સૈન્ય ટુકડીઓને બે ભાગમાં વિભાજિત કરું છું. પહેલી ભાઈ અને સેનાપતિજીની ટુકડી, જે જરાસંધ સાથે આમને-સામનેનું યુદ્ધ કરશે અને બીજી, આપણા બધાની ટુકડી જે સંતાઈ-સંતાઈને માત્ર ગેરિલાયુદ્ધ કરશે. એટલે કે આપણે પોતાને બચાવતા બચાવતા સંતાઈ-સંતાઈને એમના પર પ્રહાર કરીશું. આપણું લક્ષ્ય એક જ હશે કે આ યુદ્ધ એટલું લાંબુ ચાલે કે એ લોકો થાકીને મરી જાય તો પણ એમની કોઈપણ મોટી ટુકડી રાજમહેલ સુધી ન પહોંચી શકે. ત્યાં સુધી કે એમને રાજમહેલ સુધી પહોંચતા રોકવા માટે એમના માર્ગમાં આવતાં ઘરોમાં સંતાઈને તક મળે-ન મળે એમના પર હુમલા કરતાં રહીશું. ચોક્કસપણે આ એમને માટે એક એવો નવો અનુભવ હશે જે કદાચ એમને ગાંડા કરી મૂકવા માટે પૂરતો સાબિત થશે.

બીજી તરફ આપણે આજથી જ, દિવસ રાત મહેનત કરીને રાજમહેલ જવાવાળા દરેક રસ્તાને એટલો સાંકડો અને ગંદો કરી નાંખશું કે રસ્તો શોધવામાં અને સાફ કરવામાં જ એમની પૂરી તાકાત વેડફાઈ જાય. જોકે આ તમામ તૈયારીઓ અને અંતરાયો છતાં રાજમહેલ પર આપણા એક હજાર સૈનિક હંમેશાં ગમે તે પરિસ્થિતિમાં જરાસંધની ટુકડીઓથી રાજમહેલની રક્ષા કરશે.

બીજી તરફ આ સઘળી તૈયારીઓ કરવામાં આપણો એક જ પ્રયત્ન હશે કે કોઈપણ સંજોગોમાં માગધી સેનાના પાંચસોથી વધારે સૈનિક એક જ સમયે રાજમહેલ સુધી ક્યારે પણ ન પહોંચી શકે. એટલે કે રાજમહેલ તરફ જવાવાળી દરેક ટુકડી આપણાથી હારે અને મરે એ જરૂરી છે. સાચે જ રણનીતિ નવી અને વિચિત્ર હોવા છતાં પણ એટલી સટીક હતી કે બધા નવા ઉત્સાહ અને વિશ્ર્વાસથી છલકાઈ ગયા હતા. અને આજ સમયની સહુથી મોટામાં મોટી માંગ હતી. અને આનું એક તાત્કાલિક સુખદ પરિણામ એ થયું કે અમે બધા યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ચૂક્યા હતા. આ તરફ ગુપ્તચરોની સૂચના અનુસાર, જરાસંધની સેના કોઈપણ સમયે ત્રાટકવાની હતી. ...તો અમે પણ તૈયાર જ હતા. વડીલો અને મહિલાઓને અગાઉથી જ યમુનાતટે ઉતારો આપી દીધો હતો. દુકાનો પણ ખાલી થઈ જ ગઈ હતી. અને જ્યાં સુધી રસ્તો ગંદો કરવાનો પ્રશ્ર્ન હતો, માટી, કીચડ, પાણી, કાંટા અને અણીયાળા પથ્થર તૈયાર જ હતા; બસ, પાથરવાની વાર હતી. તેથી જરાસંધનાં શીઘ્ર ટપકી પડવાની ખબર સાંભળીને તે કાર્યમાં લાગી ગયા. આમ પણ કોઈપણ વસ્તુ બનાવવામાં વાર લાગે છે... બગાડવામાં કેટલી વાર? બેજ દિવસમાં રસ્તાઓની એવી દશા કરી દીધી કે એ ચાલવાલાયક ન બચ્યા.

આ તરફ કાર્ય સંપન્ન થતાં જ, નવા નિત્યક્રમ મુજબ, અમો સહુએ રાજમહેલમાં જ રહેવાનું રાખ્યું હતું. મંત્રીમંડળ અને અમારા સહિત બધા યાદવ-પ્રમુખો પણ આસ-પાસનાં વિશ્રામાલયોમાં જ આશરો લઈ ચૂક્યા હતા. કામની વાત કરું તો, પતાવેલા કાર્યોનું વિશ્ર્લેષણ ચાલી રહ્યું હતું અને બહુ થાય તો યુદ્ધ વિષે એકમેકને હૈયાધારણ દેતા હતા. ...પણ હકીકત તો એ છે કે એકંદરે જરાસંધની રાહ જ જોવાઈ રહી હતી. અને પ્રતીક્ષાની આ ક્ષણો જો કોઈનાંથી સહન નહોતી થઈ રહી, તો એ ભાઈથી જ. આમ પણ મથુરાનાં દિગ્ગજ વીરોમાં એમનો સમાવેશ થઈ જ રહ્યો હતો, એમને એ પ્રમાણેનું માન-પાન પણ મળી જ રહ્યું હતું; બસ, બીજું-ત્રીજું આગળ-પાછળનું વિચાર્યા વગર, પોતાને પુરવાર કરવાના ઉત્સાહથી સભર થઈ ગયા હતા. એ તરફ, ખબર સારી કહો કે ખરાબ 'જરાસંધ'એ અમને લાંબી રાહ ન જોવડાવી. તે દિવસે સાંજે પણ અમે બધા બેઠા બેઠા દરબારમાં યુદ્ધ વિષે ચર્ચા કરી જ રહ્યા હતા કે ગુપ્તચર મહારાજ જરાસંધના પધારવાના વાવડ લઈ જ આવ્યો. ખબર વધારે ભયાનક એ કારણે પણ થઈ ગઈ કે તેની સેનામાં લગભગ દસ હજાર સૈનિકોની સાથેસાથે ઘણા વીર યોદ્ધા અને રાજાઓ સામેલ હતા, જેમાં શાલ્વ, શ્રુતાયુ, બાદિક, ગોનર્દ, દંતવકા, સોમક, ચેકિતાન, શતધન્વા, વિદૂરથ, જયદ્રથ આદિ મુખ્ય હતા. ચોક્કસપણે આ બધા મોટા રાજા હતા, અને એનો સ્પષ્ટ અર્થ એ હતો કે જરાસંધની પાસે ઘણાં બધાં રાજ્યોની શ્રેષ્ઠ સૈનિક ટુકડીઓ હતી. કારણ કે કોઈપણ રાજ્યની શ્રેષ્ઠ સૈન્ય ટુકડી હંમેશાં એના રાજાની સાથે જ જતી હોય છે. એટલું જ નહીં, ગુપ્તચરના અહેવાલ મુજબ, સેના એકથી એક આધુનિક શસ્ત્રોથી સજ્જ જણાતી હતી. ...જેનાથી વિપરીત, અમારી પાસે કાટ ખાધેલી તલવાર અને તૂટી-ફૂટી ગદા સિવાય કંઇ નહોતું. હા, કહેવા ખાતર થોડા ભાલા, તીર અને બીજાં નાનાં-મોટા હથિયાર જરૂર હતા. સ્વાભાવિક રીતે,

સાથે આવેલા રાજાઓની સૂચિ જાણીને મારું માથું પહેલેથી જ ભમી ગયું હતું, અધૂરામાં પૂરું, સૈનિકોની સંખ્યા અને હથિયારોની યાદી જાણીને હવે એમાં સખત ડરનો પણ ઉમેરો થયો. એક ક્ષણ માટે તો બધો ઉત્સાહ છૂમંતર થઈ ગયો. સ્પષ્ટ રીતે અમારા મૃત્યુનો સામાન પૂરા સાજ-શણગાર સાથે મથુરા આવી ચઢ્યો હતો. દેખીતી રીતે જ અમારે તો એમની સામે કોઈપણ જાતના સાજ-શણગાર વિના ગોપીઓની જેમ નાચવાનું હતું. મારા જ નહીં, આખા દરબારના હોંશ ઉડી ગયા હતા. પણ ભાઈ ગજબ હતા, આટલું બધું જાણવા છતાં એમનો ઉત્સાહ ઘટતો નહોતો. હવે આને એમની બહાદુરી કહું કે પછી નાદાની કે પછી એમના ઉત્સાહની પરાકાષ્ઠા કહું? હવે ભલે જે મરજી પડે તે કહું, પણ અત્યારે તો હકીકત એ હતી કે જો અમારે યુદ્ધમાં ટકવું હશે તો ભાઈ પાસેથી પાઠ ભણીને તેમની જ જેમ, બુદ્ધિને તાળુ મારીને ઉત્સાહપૂર્ણ રહેવું પડશે. તો લ્યો ભરાઈ ગયા કનૈયા મહારાજ પણ ઉત્સાહથી! બસ, એજ પ્રમાણે સૌથી પહેલા મેં જાતને સંભાળીને એવું દર્શાવ્યું કે જાણે જરાસંધની સેનામાં કોઈ ખાસ વાત ન હોય. ઉલ્ટું જરાસંધની સેનાના રાત્રિ-વિશ્રામની પળપળની ખબર મેળવવાના હેતુથી બીજા દસ ગુપ્તચરને દોડાવ્યા. સીધી વાત હતી, રણનીતિકાર ઉત્સાહ દાખવશે તોજ વાતાવરણ યોગ્ય રહેશે. એજ પરાસ્ત થયેલો દેખાશે તો અહીં બાકીના બધાં તો પરાસ્ત થવા તૈયાર જ બેઠા છે. તેથી, હમણાં તો ઉત્સાહ ટકાવી રાખવા માટે, મેં બધાને પોતપોતાના કાર્યોનું અંતિમ વિશ્લેષણ કરી લેવાનો નિર્દેશ આપી દીધો. એ તરફ બધાં કાર્યોમાં વ્યસ્ત થઈ ગયા અને આ બાજુ હું, નાનાજી અને સેનાપતિજીની સાથે, ગુપ્તચરોની આગલી બાતમીની રાહ જોવામાં લાગીગયા.

...એ તરફ સેનાએ જેવા મથુરાની બહાર ડેરા-તંબૂ નાંખ્યા, કે જરાસંધે પૂરજોશમાં ભાષણ કર્યું - આખી મથુરાને ઘેરી લો. પથ્થરોના ગોળા વરસાવવાળા યંત્રોને ઊંચાઈ પર ગોઠવી દો. અને કાલે સવારે યુદ્ધની શરૂઆતમાં જ પ્રાસ, તોમર અને બાણોનો વરસાદ વરસાવો. આખી મથુરાને ધમરોળી નાખો. એ બંને છોકરાઓ, કૃષ્ણ અને બલરામને જોતા જ હજારો તીરથી વીંધીને ચારણી જેવા કરી નાખો અને યુદ્ધ ત્યાં સુધી ચાલું રાખો જ્યાં સુધી એ મરી ન જાય. ...આ સાથે જ જરાસંધનું ઉત્સાહપૂર્ણ ઔપચારિક ભાષણ પૂરું થયું. હવે લાંબી યાત્રાનો થાક તો હતો જ, બસ, આખી રાત બધાએ આરામ કરીને થાક ઉતાર્યો. એટલે ત્યાં આજે રાત્રે આ સિવાય કંઇ વિશેષ ન થયું. આમ તો આજે રાતે કંઇ વિશેષ થવાનુ પણ નહોતું. અમે પણ એમ વિચારીને રાહતનો શ્ર્વાસ લીધો કે ચાલો પહેલી રાત તો વીતી ગઈ.

એ તરફ બીજે દિવસે સવાર પડતાં જ રંગ જામી ગયો. જરાસંધની સેના તો ઉત્સાહવશ સવાર થતાં જ તૈયાર થઈ ચૂકી હતી, પરંતુ હજુ સુધી મથુરાની સેના યુદ્ધ કરવા નહોતી આવી. આ તો ઠીક, હવે તો સૂરજ પણ ચડવા લાગ્યો હતો તો પણ સેના આવવાની કોઈ એંધાણી નહોતી દેખાતી. જરાસંધ ઘણો મુંઝાઈ ગયો. આજ સુધી આર્યાવર્તમાં તમામ યુદ્ધો એક જ રીતે લડવામાં આવતા હતા કે જે રાજ્ય પર આક્રમણ થયું હોય એની સેના નગરની બહાર જઈને જ યુદ્ધ કરતી હતી, જેથી નગર અને નગરવાસીઓને યુદ્ધથી દૂર રાખી શકાય. પરંતુ અહીં કેમકે મથુરા મારી રણનીતિથી યુદ્ધ લડી રહ્યું હતું, તેથી કોઈને કોઈ પરંપરા તો તૂટવાની જ હતી. આ વાતથી બેખબર, જરાસંધે સાંજ સુધી મથુરાની સેનાની રાહ જોઈ, પરંતુ સેના લડવા ન આવી તે ન જ આવી. આવે કેવી રીતે? આજ તો મારી રણનીતિ હતી. એટલે આજનો એક દિવસ તો બગડ્યો. હવે એની પાસે રાત્રિ-વિશ્રામ સિવાય કોઈ બીજો રસ્તો નહોતો. બાકી બધું તો ઠીક પણ જરાસંધ આખી રાત પડખાં બદલતો રહ્યો. ...અને અંતે બિચારો એવાં તારણ પર પહોંચ્યો કે આજે પૂરી તૈયારીઓ નહીં થઈ હોય, કાલે સવારે મથુરાની સેના આવી પહોંચશે.

...તો સવાર ક્યાં દૂર હતી? સવાર પણ થઈ ગઈ, તોય સેના ન આવી. હવે તો આખી રાતનો જાગેલો જરાસંધ ગાંડો થઈ ગયો. જોયું તમે, મારી રણનીતિના એક જ પાસાએ એમના મુખ્ય હથિયાર જરાસંધના કેવા હાલ કરી મૂક્યા? ઉજાગરો પણ કરાવ્યો અને ગાંડો પણ કરી મૂક્યો. બિચારાને રાહ જોતા જોતા તો બપોર થઈ ગઈ, ...અને પછી દિવસ પણ આથમી ગયો. તેથી ફરી એક વાર જરાસંધના ભાગ્યમાં ઉજાગરો અને ગાંડપણ જ આવ્યાં. અને ત્યારે વળી છેક ત્રીજા દિવસે બપોર થતાં થતાં એની બુદ્ધિ ચાલી અને સેનાને મથુરામાં ઘૂસીને હુમલો કરવાનો હુકમ કર્યો. ...પણ એય ક્યાં સરળ હતું; તમે તો જાણો જ છો કે મથુરાની ગલીઓ એકદમ સાંકડી કરી દેવામાં આવી હતી; રસ્તાઓ ઉપર પથ્થર અને કાંટાઓ પાથરી દેવામાં આવ્યા હતા, જમીન પર કાદવ જ કાદવ હતો; અર્થાત્ જરાસંધની સેના સહેલાઈથી મથુરા-પ્રવેશ ન કરી શકે એની તમામ વ્યવસ્થા પહેલેથી જ કરી લીધી હતી. અને આ રણનીતિએ શીઘ્ર જ પોતાનો રંગ પણ દેખાડ્યો. સાંજ થઈ ગઈ, પરંતુ આવી મોટી અને શસ્ત્ર-અસ્ત્રથી સજ્જ સેનાનો એકપણ સૈનિક મથુરામાં પ્રવેશ ન કરી શક્યો.

આ તરફ અમે લોકો તો રાજમહેલમાં બેસીને જ ગુપ્તચરો આપી રહ્યા હતા તે માહિતી સાંભળી રહ્યા હતા. સ્વાભાવિક રીતે યુદ્ધમાં તો ત્યારે જોડાત જ્યારે જરાસંધ આ કષ્ટોથી મુક્તિ પામી લેત. આ તરફ જરાસંધની આજની આ નિષ્ફળતાએ તો વાતાવરણ જમાવી દીધું હતું. ખૂબ જ ખુશ નાનાજી મને શાબાશી આપતા ભર દરબારે જ ભેટી પડ્યા. સાચું કહું તો એમના મનમાં પહેલી વાર વિશ્ર્વાસ જાગ્યો હતો કે જરાસંધથી બચી પણ શકાય છે. અને બીજી બાજુ આખી મથુરામાં પણ મારી રણનીતિનો ડંકો વાગવા લાગ્યો હતો. રાત થતામાં તો રાજમહેલના બાગમાં ઉત્સવ સમું વાતાવરણ થઈ ગયું હતું. ચારે તરફ મારી વાહવાહ થઈ રહી હતી. મને શાબાશી આપવાવાળાઓની કતાર લાગી ગઈ હતી. વાતાવરણ એવું થઈ ગયું હતું કે જાણે અમે યુદ્ધ જીતી જ ગયા હોઈએ. ઉત્સાહ તો એવો છવાઈ ગયો હતો કે પછી મારા જ નેતૃત્વમાં થોડાક યુવાનો ઢોલ-નગારાં સાથે

યમુનાકિનારે ગયા, જ્યાં ખુલ્લામાં અને તંબુઓમાં વડીલો અને મહિલાઓએ આશરો લીધો હતો. અમારા આ ઉત્સાહએ તેમને પણ ઘણી રાહત પહોંચાડી. ...પણ આ તો અમારી વાત થઈ. આ તરફ જરાસંધની છાવણીમાં આખી રાત ગડમથલ ચાલી. મોડી રાત સુધી એ લોકો અંદરોઅંદર ચર્ચા-વિચારણા કરતાં રહ્યા. 'અણધાર્યું' કરવાનો એજ તો ફાયદો છે કે મનુષ્યની બધી શક્તિ વિચારવામાં જ વેડફાઈ જાય છે. એક તો થકવી મૂકે એવી આટલી લાંબી યાત્રા કરીને સેના માંડમાંડ મથુરા પહોંચી હતી, ઉપરથી બે રાતના ઉજાગરા હતા. અને તેમા વળી મજા એ કે ત્રીજા દિવસે પણ મોં વકાસતા જ રહી ગયા હતા. ત્રણ ત્રણ દિવસ વીતી જવા છતાં હજુ સુધી કોઈ મુકાબલો જ નહોતો થયો. એટલે હું ખુશ! રાજમહેલ ખુશ!! મથુરાવાસી ખુશ!!! અને પેલી તરફ... જરાસંધ પાગલ! રાજાઓ બેચેન!! અને એમની સેના ચકિત!!!

ખેર! ચોથા દિવસે સવારે જરાસંધના મનમાં શું કરવું એ નક્કી હતું. એમાં હવે કોઈ અવઢવ નહોતી. સહુએ દળ-બળ સાથે મથુરા-પ્રવેશ કરવાનો હતો. બસ, સવાર થતાં જ જરાસંધના જોશપૂર્ણ ભાષણની સાથે આ કામ શરૂ થઈ ગયું. ...તો તેનાથી શું થવાનું હતું? અહીં પણ એમને અચરજનો જ સામનો કરવાનો હતો. જે કામ સીધેસીધું પતી જતું હોય એમાં પણ અમે હજારો અડચણો પહેલેથી જ ઊભી કરીને રાખી હતી. એટલે અહીં પણ કનૈયાની રણનીતિ સામે એમણે ઝઝૂમવાનું જ હતું. તો ચોથે દિવસે વાજતા ગાજતા તેમણે હુમલો તો કર્યો, પણ આખો દિવસ વીતવા છતાં ત્રણસો રથ, પચાસો બળદગાડાં, અગણિત હાથી અને ઘોડાઓથી સજ્જ આ સેના મથુરામાં ઘૂસવાનો પ્રયત્ન જ કરતી રહી ગઈ; અને જોતજોતામાં સંધ્યા પણ ઢળી ગઈ. ચાર દિવસ ચાલ્યા અઢાર કોસ! જરાસંધ તો આ બધું જોઈને સાવ ગાંડોતૂર થઈ ગયો. પછી તો થોડા દિવસ સુધી આ એમનું નિત્યકર્મ થઈ ગયું, જે લગભગ સાત દિવસ ચાલ્યો. હાલત એવી કે દરેક વીતતા દિવસ સાથે જરાસંધની અકળામણ વધતી રહી, તો બીજી તરફ દરેક વીતતા દિવસ સાથે મારી વાહવાહી વધતી રહી. જ્યાં સુધી રથો અને બળદગાડાંઓનો સવાલ છે, રસ્તાઓ એટલા સાંકડાં કરી દેવામાં આવ્યા હતા કે એ બધાનો તો મથુરા-પ્રવેશનો સવાલ જ ઉઠતો નહોતો. આવામાં ઘોડા અને હાથીઓનો જ આશરો બચ્યો હતો. તો એમની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સતત કાદવથી પાથરીને રસ્તાઓ એટલા ચીકણાં કરી દેવામાં આવ્યા હતા કે હાથી-ઘોડા ઘૂસવાની કોશિશમાં જ લપસી પડતાં હતા. હવે આવામાં લઈ દઈને પગપાળા સિપાઈઓ સિવાય કોઈ આરો બચ્યો નહોતો. કમાલ એ કે આ વાત સમજવામાં એમણે આખું અઠવાડીયું લગાડી દીધું હતું. અને આજે, જ્યાં સુધી પગપાળા સૈનિકોનો પ્રશ્ન છે તો એમની પણ સજ્જડ વ્યવસ્થા કરવામાં આવી જ હતી. ચીકણા રસ્તાઓ ઉપરાંત એમને માટે ધારદાર પથ્થર અને કાંટાઓ આખા રસ્તે પાથરવામાં આવ્યાં જ હતા. અર્થાત્ પાયદળ સૈનિકોનો પ્રવેશ પણ એટલો સહેલો નહોતો. હવે સહેલું હોય કે નહીં, એમના પ્રયત્નો ચાલુ તો થઈ જ ગયા હતા. અને એ અવિરત પ્રયત્નો પછી જે એકલ-દોકલ સૈનિક મથુરાની શેરીઓમાં ઘૂસી આવતા, એ સૈનિકોનો પણ ખાતમો જ થવાનો હતો. કારણ કે મારા સહિત બધા ગેરિલા-યુદ્ધ કરવા માટે ઘરોની અંદર સંતાઈને તૈયાર જ બેઠા હતા. બસ, જે ગણ્યાં ગાંઠ્યા બહાદુરો ભૂલથી પ્રવેશ કરી પણ લેતા હતા, બિચારા અમારી રણનીતિનાં શિકાર બની જતા. એટલે કે ઘરોનાં છાપરે અને ગલીઓમાં છુપાયેલા અમારા સૈનિકો એમના પર દૂરથી જ હુમલો કરી દેતા. કહેવાનું તાત્પર્ય એ કે ત્રણ દિવસ આમ જ થતું રહ્યું. અર્થાત્ કુલ દસ દસ દિવસ વીતવા છતાં જરાસંધ આ બધી માથાકૂટમાં જ અટવાયેલો રહ્યો, પરંતુ મથુરા-પ્રવેશ ન કરી શક્યો તે ન જ કરી શક્યો.

...આ તરફ સ્વાભાવિક રીતે, જ્યારે પૂરા દસ દિવસ વીતવા છતાં જરાસંધ કોઈનો વાળ પણ વાંકો ન કરી શક્યો, એટલે અહીં મથુરામાં ઉત્સવ જેવું વાતાવરણ થઈ ગયું. ચારે તરફ કનૈયાની રણનીતિનો ડંકો વાગી ગયો. ત્યાં સુધી કે એક વાર તો ઉત્સાહવશ મારું વિજય-સરઘસ પણ કાઢવામાં આવ્યું. આગળ અનેક દુષ્કર પરિસ્થિતિઓનો સામનો કરવાનો જ હતો, આથી હું પૂર્ણપણે જમીન પર જ રહ્યો અને સહુને શાંત પણ કર્યા; કારણ કે યોજનાએ રંગ દેખાડવાનું શરૂ જ કર્યું હતું, કાંઈ યુદ્ધ થોડું જ જીતી ગયા હતા? જરાસંધ કંઇ મગધ પાછો થોડો જ ચાલ્યો ગયો હતો? એ હજુ પણ મથુરાના માથા પર સવાર હતો. ચાલો આ તો અમારા વિચાર અને અમારી વાત થઈ. એ તરફ અંતે જરાસંધને સમજમાં આવી જ ગયું કે રસ્તાઓની સાફ-સફાઈ કર્યા વિના મથુરા-પ્રવેશ અશક્ય છે. સાથે જ એને એ પણ સમજાઈ ગયું કે આ બધું એક રણનીતિ પ્રમાણે ચાલી રહ્યું છે. પછી શું હતું, પછીના બે દિવસ એમણે રસ્તાઓની સાફસફાઈમાં ખર્ચી નાખ્યા. રસ્તાઓ પર ખૂબ પાણી ઢોળવામાં આવ્યું. ઠીક થયું, કે એ બહાને એમનાં અમૂલ્ય પાણીનો બગાડ થઈ રહ્યો હતો. સાથે જ ત્યાં ચાર ટુકડી અલગથી તૈયાર કરવામાં આવી હતી જે કપરી મહેનત કરી રસ્તા પરથી ધારદાર પથ્થર અને કાંટા પણ હટાવી રહ્યા હતા. ખરેખર આ દ્રશ્ય ઘણું જ આહ્લાદક લાગી રહ્યું હતું. ઘરોની છત પર છુપાઈને અમે બધા આ તમાશો જોઈને ઘણો આનંદ પામી રહ્યા હતા. મને તો એટલી મજા આવી રહી હતી કે ન પૂછો વાત. આવ્યા હતા યુદ્ધ કરવા અને સાફસફાઈમાં લાગી ગયા હતા. વાહ કનૈયા વાહ! શું દિમાગ ચલાવ્યું છે. આર્યાવર્તના મોટા-મોટા રાજાઓની સહુથી ઉચ્ચ કક્ષાની સેના તમારા નગરની સાફસફાઈ કરી રહી છે. શું કહું, હું મનમાં ને મનમાં જાત પર એટલું ગૌરવ અનુભવી રહ્યો હતો કે દિવસમાં કેટલીયે વાર પોતાની જ પીઠ થાબડી લેતો હતો.

ખેર! આ તમાશો પણ પૂરો થયો. અંતે તેરમા દિવસે જરાસંધની સેનાએ નિર્વિઘ્ને મથુરામાં પ્રવેશ કરી જ લીધો. કંઇ વાંધો નહીં, ભાઈ અને સેનાપતિની ટુકડીઓ એમનું સ્વાગત કરવા તૈયાર જ ઊભી હતી. જોકે રસ્તાઓ ભલે પહોળા કરી લેવાયા હતા, પણ તેની ઉપરની ચીકાશ હજુ પૂરી રીતે ગઈ નહોતી. તેથી, રહીરહીને હજુ પણ રથ લપસી જતા હતા. ઘણીવાર એમના જ

રથથી એમના જ સિપાઈ ઘાયલ થતાં હતા. જે હોય તે, છતાં પણ એમનો મથુરા-પ્રવેશ તો થઈ જ ચૂક્યો હતો. અને જ્યારે પ્રવેશ થઈ જ ગયો છે તો યુદ્ધ પણ કરવું જ પડે તેમ હતું. બસ, એ સાથે જ મથુરાના રસ્તાઓ ઉપર ઘમાસાણ યુદ્ધ આરંભાયું હતું. ભલે થાય, પણ અમે સીધું યુદ્ધ તો લડી રહ્યા નહોતા, સેના અહીં-તહીં ઘરોમાં જ છુપાયેલી હતી; પરિણામે અમારા સિપાઈઓને શોધવામાં જરાસંધની સેનાને જબરી મહેનત કરવી પડી રહી હતી. પહેલા એમને અમારા સૈનિકોની શોધખોળ કરવી પડતી હતી, અને ત્યાર બાદ એમની સાથે યુદ્ધ લડી શકાતું હતું. આ વાતથી પરેશાન થયેલા માગધી સિપાઈઓએ મકાનો પર પોતાનો ક્રોધ ઉતારવાનું શરૂ કરી દીધું. જોતજોતામાં એમણે ઘણાં મકાનો ધરાશાયી કરી નાખ્યાં. જોકે એ મકાનોમાં કોઈ રહેતું નહોતું, એટલે જાન-હાનિ તો થતી નહોતી, પરંતુ હા ...માલ-હાનિ જરૂર થઈ રહી હતી. આમ સરવાળે મારી રણનીતિ જરાસંધ અને એની સાથે આવેલા રાજાઓની ધીરજને આકરી કસોટીએ કસી રહી હતી. એમણે અમારી સાથે ત્રિપાંખીયો જંગ લડવો પડતો હતો. એક તો સાંકડી ગલીઓ અને લપસણા રસ્તાઓ સાથે એમનો સંઘર્ષ યથાવત્ હતો. તો બીજી બાજું, છાતી ફુલાવીને ઉભેલા ભાઈ અને સેનાપતિજીની ટુકડીઓ સાથે એમણે આમને-સામનેનું યુદ્ધ લડવું પડતું હતું. અને ત્રીજી તરફ, ...છતો, મકાનો અને શેરીઓમાં સંતાયેલી અમારી ટુકડીઓ સામે એમને ગેરિલા-યુદ્ધ લડવુ પડતું હતું. પરિણામે એમને વેઠવી પડતી વધતી હેરાનગતિઓએ ધીમે ધીમે ગાંડપણનું રૂપ ધારણ કરી લીધુ હતું. એક તો મહિનાઓની યાત્રા કરીને, પારાવાર તકલીફો વેઠીને અહીં સુધી પહોંચ્યા હતા. આટલા હાથી અને પગપાળા સિપાઈઓ સાથેની યાત્રા ધાર્યા કરતાં પહેલેથી ઘણી વધારે લાંબી થઈ જ ગઈ હતી; અને ઉપરથી અહીં આવીને એમને યુદ્ધને બદલે ન જાણે કેવા ઉટપટાંગ કામોમાં જોતરાઈ જવું પડ્યું હતું. શું વિચારીને આવ્યા હતા અને શું થઈ ગયું હતું.

ખેર! મજાની વાત તો એ હતી કે એ લોકો આટલી મહેનત એજ આશાએ કરતાં હતા કે આજે નહીં તો કાલે એમને સામસામું યુદ્ધ લડવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. અને તેમની કર્મઠતા જોઈને એ દિવસ બહુ દૂર હોય તેવું દેખાતુ નહોતું. જોકે માથે ભમતા મોતને ક્યાં સુધી ટાળી શકાય? અંતે એક દિવસ ભાઈ અને જરાસંધની સેના વચ્ચે સીધી મુઠભેડ થઈ ગઈ. એટલું જ નહીં એમની મુઠભેડ પછીના બીજા જ દિવસે ભાઈ અને જરાસંધની વચ્ચે પણ ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ ગયું. હવે જેમ કે તમે જાણો જ છો કે બંને જણાં 'ગદા-યુદ્ધ'ના મહારથી હતા [42] . પછી શું હતું, યુદ્ધ તો સ્વસ્થાને હતું, બંનેને તો બસ, મજા પડી ગઈ હતી. સવાર થતાં જ બંને લડવા માંડતા તે સાંજ થતાં થતાં કમને જ યુદ્ધ વિરામ કરતાં. અને કમાલ એ હતી કે આ બંનેનું યુદ્ધ શહેરના એક વિશાળ અને મુખ્ય ચોકમાં થઈ રહ્યું હતું. મજાની વાત એ કે તેની જ આસ-પાસના મકાનોમાં અમે લોકો સંતાઈ બેઠા હતા. જે કોઈ ત્યાંથી આગળ વધતું એની ઉપર અમે તૂટી પડતા અને પછી ભાઈ અને જરાસંધ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આનંદ માણતા. વળી બીજી બાજુ, આની પહેલાના ચોક ઉપર જરાસંધના લગભગ ત્રણસો સૈનિક સેનાપતિજીની ટુકડી સાથે લડી રહ્યા હતા. એટલે સરવાળે મથુરાનાં પ્રત્યેક ચોકમાં આ યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. ...જોકે તેમ છતાં આ બધું પોતાની જગ્યાએ હતું અને ભાઈ અને જરાસંધનું યુદ્ધ પોતાની જગ્યાએ. ખરેખર ભાઈ અને જરાસંધ બંને પાકા ગદાધારી હતા. એ બંનેનું યુદ્ધ શરૂ થતાં જ જાણે બધું થોભી જતું હતું. દરેક જણ એમનું યુદ્ધ જોવામાં લીન થઈ જતું. ઉપરથી વધારે આનંદ તો એટલે આવી રહ્યો હતો કે બંને ગદા-યુદ્ધના નિયમોનું સંપૂર્ણ રીતે પાલન કરતાં હતા. ચોક્કસપણે એના લીધે 'યુદ્ધકલા' એના સર્વોચ્ચ શિખરને સ્પર્શી રહી હતી. બીજાની શું વાત કરું, હું પોતે આ મહાન ગદા-યુદ્ધ જોઈને ધન્ય ધન્ય થઈ રહ્યો હતો. ગદા-યુદ્ધ આટલું કલાત્મક પણ હોઈ શકે છે એની તો મેં ક્યારેય કલ્પના સુદ્ધાં નહોતી કરી. એવું લાગી રહ્યું હતું કે જાણે બે મોટા પહાડ એક સમજી-વિચારેલી વ્યુહરચના પ્રમાણે સામસામા ટકરાઈ રહ્યા હોય. હું પોતાને બડભાગી માની રહ્યો હતો કે મને આ યુદ્ધ સાક્ષાત્ જોવાનો મોકો મળી રહ્યો હતો.

...પણ ત્યાંજ એક ચિંતા જન્માવે એવી વાત પણ બની. આ યુદ્ધની આડમાં જરાસંધની બીજી ટુકડીઓ આગળ વધી રહી હતી. સેનાપતિજી પણ હવે એમને રોકવામાં અસમર્થ પુરવાર થઈ રહ્યા હતા. અને ધીમે ધીમે કરીને સ્થિતિ એ હદે વણસી હતી કે અમારે પણ 'ગેરિલા-યુદ્ધ' છોડીને સામસામું યુદ્ધ કરવા મેદાનમાં કૂદવું પડી રહ્યું હતું. એટલે દ્રશ્ય કંઈક એવું હતું કે પેલી તરફ ભાઈ અને જરાસંધ ભીડાયેલા હતા, તો આ તરફ અમારા લોકોની સામૂહિક શક્તિનું જરાસંધની સેના સાથે યુદ્ધ ચાલી રહ્યું હતું. ત્યારે જ એક દિવસ રુક્મીની ટુકડી સાથે મારો સામનો થયો. આ અહીં કેવી રીતે? એને જોઈને એક વાર તો હું ચકિત થઈ ગયો. હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો મારો સાળો થઈને દુશ્મનના પક્ષેથી લડે છે? આ તો મારી વાત હતી, પણ આ તરફ રુક્મી મને જોતાં જ ઉકળી ઊઠ્યો હતો. ઉકળી શું ઊઠ્યો હતો, એ તો મને જોતા જ મારી ઉપર તૂટી પડ્યો હતો. સ્પષ્ટપણે એના જૂના ઘા હજુ પણ તાજા હતા. હવે મારા જેવા વીરની સામે એની શું વિસાત? મેં એક વખત નહીં પણ બે બે વખત એને બરાબરનો ભરડામાં લીધો હતો, પણ પછી કોણ જાણે કયા વિચારે એને જતો કર્યો. ...કદાચ મારા પણ જૂના ઘા હજુ તાજા જ હતા. તમને યાદ જ હશે કે પાછલી વખતે જ્યારે મેં મારા સાળાને માત્ર બે લાતો જ મારી હતી તો પણ રુક્મિણી કેટલું રિસાઈ હતી. અને આવામાં જો આજે એને ઘાયલ કરી દીધો તો...? તોબા-તોબા...! હવે હું કોઈપણ ભોગે મારી પ્રાણપ્યારી રુક્મિણીની નારાજગી વહોરવા તૈયાર નહોતો. પરંતુ આ તરફ રુક્મી આ વાત સમજે તો ને! ખેલ કંઈક એવો થઈ રહ્યો હતો કે રુક્મિણીની શરમે હું વારંવાર એને છોડી દેતો હતો; અને એ નફ્ફટની જેમ વારંવાર મારી સામે જ લડવા આવી જતો હતો. કહેવાય છે ને

અહીંનું કરેલું અહીં જ ભોગવવું પડે છે- એટલે જ તો પેલી તરફ હું જરાસંઘના ધૈર્યની કસોટી લઈ રહ્યો હતો, અને આ તરફ રુક્મી મારી ધીરજને કસોટીની એરણ પર કસી રહ્યો હતો. એટલે કે જરાસંઘ અને ભાઈની જેમ જ, મારી અને રુક્મીની વચ્ચે અવિરત યુદ્ધ ચાલી રહ્યું હતું. ન એનું કોઈ પરિણામ આવી રહ્યું હતું, કે ન તો કોઈ પરિણામ આવતું દેખાઈ રહ્યું હતું.

...તો આ મહાયુદ્ધનું પણ હજુ સુધી કોઈ પરિણામ આવતું નહોતું દેખાઈ રહ્યું. લગભગ વીસ દિવસ વીતી જવા છતાં કોઈ ખાસ હોનારત નહોતી થઈ. ઉપરાંતમાં સારી ખબર એ હતી કે ધીમે-ધીમે કરીને હવે જરાસંઘની સેનાને ખાવા-પીવાની મુશ્કેલી ઊભી થવી શરૂ થઈ ગઈ હતી. સાથે લાવેલું ખાવા-પીવાનું ખતમ થવા આવ્યું હતું. એમને એ વાતનો પણ અંદાજો જ નહોતો કે કૂવાનું પાણી કડવું અને કાંટાવાળું હશે કે જંગલ ઉજ્જડ કરી દેવામાં આવ્યા હશે. વળી એમને એ વાતનો પણ અંદાજો નહોતો કે યુદ્ધ આટલું લાંબુ ખેંચાશે. આમ તો જરાસંઘની એકલ દોકલ ટુકડીઓ હવે રાજમહેલ સુધી પણ પહોંચવા લાગી હતી. પરંતુ એટલી મોટી સંખ્યામાં નહીં કે મથુરા માટે કોઈ ખતરો ઊભો કરી શકે. જ્યારે આનાથી વિપરીત, બીજી બાજુ સહુથી મોટા શુભ સમાચાર એ હતા કે મોટા ભાગના રાજાઓ હવે કંટાળી ગયા હતા. આમ પણ એમને યુદ્ધમાં કોઈ રસ તો હતો જ નહીં, એમણે તો બસ, જરાસંઘના પ્રભુત્વને કારણે મને-કમને આવવું પડ્યું હતું; આવામાં એમનું જલ્દીથી થાકી જવું સ્વાભાવિક હતું. નક્કી જ આ બધું જોઈને મારો ઉત્સાહ આભને આંબી રહ્યો હતો. અને એક વાર ઉત્સાહ વધે તો મારી કલાકારી વધી જ જતી હોય છે. ત્યાંજ એક પછી એક મળતી સફળતાઓને કારણે મારામાં આશાનો સંચાર થતો જ જતો હતો. બસ, એવામાં અચાનક મને એક જલદ યોજના સૂઝી. એમના રહ્યા-સહ્યાં ભોજનના ગાડાંઓમાં આગ ચાંપી દઈએ તો કેવું? અન્ન-જળ વિના આપમેળે જ ભાગી જશે. પરંતુ એમાં એક અડચણ હતી. દિવસે આ કામ થાય એમ નહોતું અને રાતે કરવું તે યુદ્ધ-નીતિની વિરુદ્ધ હતું. તો આનો ઉપાય કરવા માટે મેં આ યોજનાની ચર્ચા મહારાજ અને સેનાપતિજી સાથે કરી. સાંભળતા જ બંને જણા બરાબરના ચોંકી ઊઠ્યા. એ તો ઠીક, સમજ્યાં, પણ એમણે મને યુદ્ધ-નીતિની વિરુદ્ધ કંઈ પણ ન કરવાની સ્પષ્ટ સૂચના પણ આપી દીધી. હું મનમાં ને મનમાં અકળાઈ ઊઠ્યો. ...તો પછી આ યુદ્ધ મારી રણનીતિથી કેમ લડી રહ્યા છો? યુદ્ધ-નીતિનું પાલન જ કરવું હતું તો જવું હતુંને પોતાની સેના લઈને જરાસંઘનો મુકાબલો કરવા. ...બે જ દિવસમાં નીતિ શું છે એ સમજાઈ ગયું હોત.

ખેર છોડો. મેં તો એમની વાત એવી રીતે માની લીધી જાણે હું એમની આજ્ઞાનું પાલન કરવાનો હોઉં. પણ હું મારા સ્વભાવ સામે વિવશ હતો. હું ક્યાં કોઈ નીતિ કે કોઈનાં સલાહ-સૂચનને માનું એવો હતો. તમે તો જાણો જ છો કે હું માત્ર મારા સ્વયં સૂચનોનો જ ગુલામ હતો. ...અને મારું મન સ્પષ્ટ રીતે કહેતું હતું - માથે આવેલા મોતને કોઈપણ ભોગે ટાળવું જોઈએ. બસ, હું તો રાતે મારી આગેવાની હેઠળની ટુકડી લઈને ચાલી નીકળ્યો, અને દૂર આવેલા એ મેદાનમાં પહોંચી ગયો કે જ્યાં દુશ્મનની છાવણી વસેલી હતી. મશાલો પ્રગટેલી હતી, પણ શત્રુ સૂઈ રહ્યા હતા. માંડ વીસ-ત્રીસ સૈનિકો અહીં-તહીં ચોકી પહેરો કરી રહ્યા હતા અને તે પણ રાજાઓનાં તંબુઓની આજુબાજુ. આ તરફ ખાદ્યસામગ્રીથી ભરેલા વીસ-ત્રીસ અલગથી વેગળા જ ઉભેલા ગાડા અમને દ્રષ્ટિગોચર થઈ ગયા હતા. આમ પણ કોઈ જાતની અડચણ તો હતી નહીં, બસ, મેં ગાડાંઓમાં આગ ચાંપી દીધી. ચોક્કસપણે સેનાના ભોજન પરના આ અણધાર્યા હુમલાથી જરાસંઘ ભારે અકળાઈ ઊઠ્યો. અકળાવા દો. આમ પણ જે કંઈ નથી કરી શકતો એજ અકળાય છે. તેથી એની વાત છોડો, મજા તો એ આવી કે આ દ્રશ્ય જોઈને સાથે આવેલા રાજાઓ એકદમ સ્તબ્ધ થઈ ગયા. છેલ્લા ત્રણ મહિનાથી અકારણ હેરાનગતિ વેઠતા આ રાજાઓ અન્ન-જળના અભાવનું દબાણ વેઠવા માટે અસમર્થ દેખાતા હતા. એમની વાત પણ બરાબર જ હતી; એક તો દોઢ-બે મહિનાની કપરી યાત્રા, ઉપરથી લગભગ એક મહિનાથી અહીં કરવી પડેલી માથાકૂટ. અને ઉપરથી પાછા જવાની ચિંતા તો સામે મોં ફાડીને ઊભી જ હતી. રાજાઓનું તો ઠીક, પણ હવે તો સેનાની પણ સ્થિતિ એવી હતી કે પરાણે એને લાંબા વખત સુધી યુદ્ધરત રાખવાનું મુશ્કેલ હતું. ભોજન-પાણી વિના ભલા કોઈ ક્યાં સુધી લડી શકે? એટલે જરાસંઘ પરેશાન! સેના હેરાન!! અને સાથે આવેલા રાજાઓ હતપ્રભ!!! અંતે સત્યાવીસ દિવસો પછી વિવશ જરાસંઘે યુદ્ધ આટોપીને પાછા ફરવાનો નિર્ણય લેવો જ પડ્યો. ...એટલે આટલી મોટી જાને નવવધૂનું મોં જોયા વિના જ પાછા ફરવું પડ્યું. અને એની સાથે જ મથુરાના ઈતિહાસમાં આવેલું સહુથી મોટું સંકટ સંપૂર્ણ રીતે ટળી ગયું. સાથે જ મારી સામે ઊભું થયેલું લગભગ અટળ મૃત્યુનું સંકટ પણ ટળી ગયું.

...ચોક્કસપણે આનાથી મથુરામાં દિવાળી જેવું વાતાવરણ રચાઈ ગયું. ચારે તરફ ઉત્સવની ઉજવણી અને સમારંભોના આયોજન થવા લાગ્યા. રાજમહેલ તો દીવાઓથી શણગારવામાં આવ્યો. રાત્રિ-મશાલોએ તો રાજમહેલની રંગત જ બદલી દીધી. મહેલની બાજુમાં આવેલા બાગ પર તો જાણે મશાલોનું સામ્રાજ્ય થઈ ગયું. એનાથી પણ વિશેષ વાત એ હતી કે જ્યાં જુઓ ત્યાં મારી પ્રશંસાના ગુણગાન ગવાઈ રહ્યા હતા. આખી મથુરામાં મારા નામનો ડંકો વાગી રહ્યો હતો. ત્યાં સુધી કે મને ખભે બેસાડીને મારું સરઘસ કાઢવું એ તો યુવાનો માટે રોજિંદી ઘટના બની ગઈ હતી. બસ, ક્યારે પણ પચાસ-સો યુવાનો ઢોલ-નગારા સાથે આવી પડતા, મને અને ભાઈને ખંભે બેસાડતા અને પછી નાચતા-ગાતા પૂરા મથુરામાં ફેરવતા. અમારું સરઘસ જ્યાંથી પણ નીકળતું, રસ્તાની બંને બાજુ વધુ ભીડ થઈ જતી, અને આ દ્રશ્ય જોઈને તેઓ પણ અમારો જયજયકાર બોલાવતા. આ તરફ અમો “ગોવાળો” આ પ્રેમ અને સન્માન પામીને ઘણાં ગૌરવાન્વિત થતાં.

...ચાલો આ બધું છોડો, એક અત્યંત રહસ્યમય વાત કરું. ભલે કહેવાં પુરતું તો આખું મથુરા ખુશ-ખુશાલ હતું, છતાં પણ નાનાજીની ખુશી કંઈક વિશેષ અને સર્વોચ્ચ હતી. આમ પણ જરાસંધથી વધારે ભયભીત પણ એજ હતા. કારણ કે એમની અને જરાસંધની વચ્ચેના જૂના મનદુ:ખ હજુ પણ તાજા હતા. એવામાં આજે એનું આ રીતે હાથ મસળતા પાછા ફરવું, નાનાજી માટે આ ઉંમરે તો એક મહાન ઉપલબ્ધિ સમાન હતું. વળી એ પણ નક્કી હતું કે આ વિજય પછી, આર્યાવર્તમાં ચારે તરફ એમના નામનો ડંકો વાગી જશે. અને જ્યાં સુધી મારો સવાલ છે, તો મારે માટે તો આ બધું એક સપના જેવું હતું. મથુરા આવ્યા બાદ ઘટનાઓ એટલી ઝડપથી ઘટી રહી હતી કે ઘણીવાર તો વિશ્ર્વાસ કરવાનું જ અઘરું થઈ જતું હતું. છતાં પણ હકીકત તો એ હતી કે વૃંદાવનનો “કનૈયો” મથુરા આવીને “મહાપરાક્રમી કૃષ્ણ” બની ગયો હતો. હાલત તો એવી હતી કે જ્યાં એક તરફ હું મળી રહેલા સન્માનથી ફૂલીને ફાળકો થઈ રહ્યો હતો, તો ત્યાં બીજી તરફ જાત પર ગર્વ કર્યા વિના પણ નહોતો રહી શકતો અને ખુશી તો એટલી હતી કે મનમાં સમાતી જ નહોતી. જાનવરો અને મોતપી રાક્ષસોને તો ઘણીવાર એક એક કરીને યોજનાપૂર્વક મારી ચૂક્યો હતો, કુદરતના કોપને પણ ગોકુળથી વૃંદાવન સ્થળાંતર કરીને માત આપી ચૂક્યો હતો; પરંતુ આજે... “આજે” તો આર્યાવર્તની સહુથી વિશાળ સેનાને ભાગવા માટે વિવશ કરી મૂકી હતી. ભલા તમે જ કહો, આવી ભવ્ય સિદ્ધિ બદલ કોને ગુમાન ન થાય? વળી સતત મળી રહેલા વિજય અને એક પછી એક સીધા પડી રહેલાં પાસાંઓને લીધે, મારો આત્મવિશ્ર્વાસ દિવસે ને દિવસે વધી રહ્યો હતો. સાચું કહું તો ધીરે ધીરે આ વધતા આત્મવિશ્ર્વાસને કારણે હું અજેય બની રહ્યો હતો. આમ પણ જીતવાનું મને પસંદ હતું, હારવાનું મારા વ્યક્તિત્વને માફક નહોતું આવતું. આવવું પણ ન જોઈએ, આખરે જીવન “જીત”નું જ તો બીજું નામ છે. અહીં સુધી તો બધું ઠીક, સ્વાભાવિક જ હતું; પણ અહીં તો જલ્દી જ જીતની ખુશીમાં મન લાગ્યું પાંખો પ્રસારવા. હવે તમે તો જાણો જ છો કે એ દિવસોમાં મનનું દરેક ઉડ્ડયન “રુક્મિણી”ની આસપાસ જ ફર્યા કરતું હતું. બસ, હું વિચારવા લાગ્યો કે હવે જીવનમાં આટલી જીત મેળવી છે, ક્યારેય હારનો સામનો નથી કરવો પડ્યો, તો આજે નહીં તો કાલે રુક્મિણી ઉપર..., મારી પોતાની રુક્મિણી પર પણ વિજય મળી જ જશે. અરે મળી શું જશે, જો અત્યારે રુક્મિણી તારી રણનીતિના પ્રભાવને જોઈ લેત તો કદાચ તત્ક્ષણ તારી સાથે મથુરામાં વસવા રાજી થઈ ગઈ હોત.

ખેર! હવે હું ઉડું કે ન ઉડું પણ એ સત્ય જ હતું કે મારી અંદર પ્રતિભાના નિતનવા અંકુર ફૂટી રહ્યા હતા. ચોક્કસપણે આ જાત સાથે સાધેલા તાલમેલનું જ પરિણામ હતું. ખરેખર જોવામાં આવે તો કુદરતે મનુષ્યને કેટલી અદ્ભુત શક્તિઓ અને અગણિત સંભાવનાઓની ભેટ આપી છે. ...છતાં પણ કોણ જાણે કેમ આ મનુષ્ય પોતાની આંતરિક શક્તિઓને જાગૃત કરવામાં રસ કેમ નથી દાખવતો? કોણ જાણે શું વિચારીને પોતાની આંતરિક શક્તિઓને વિકસાવવાનો મોકો જ નથી આપતો? સાચે જ મનુષ્ય ધારે તો શું ન કરી શકે? મને જ જુઓ; કેવી રણનીતિ બનાવી હતી? કોઈપણ યુદ્ધ જીતવામાં સક્ષમ એવી જરાસંધની સેના માત્ર એક મારા કારણે જ વિજય મેળવ્યા વિના પાછી ફરી હતી કે નહીં? હું તો કહું છું કે આવી જ અદ્ભુત આંતરિક શક્તિઓની અનંત સંભાવના સાથે દરેક મનુષ્ય જન્મ લેતો હોય છે. હા, એ વાત અલગ છે કે કોઈમાં સંભાવના ઓછી હોય છે અને કોઈમાં વધારે. કે પછી કોઈ એક ક્ષેત્રમાં હોય છે તો કોઈ બીજાં ક્ષેત્રમાં. પણ મૂળ પ્રશ્ર્ન ઓછી કે વધારે સંભાવનાનો નથી, કે નથી ક્ષેત્રોની ભિન્નતાનો. વાસ્તવિક સવાલ તો એ આંતરિક શક્તિને ઓળખવાની અને ત્યાર પછી એને ખીલવવાની છે. પછી એ ભલેને ગમે તેટલી અને ગમે તે હોય, ગમે તે ક્ષેત્રની કેમ ન હોય; શો ફરક પડે છે? આમ તો સમજવા જેવું બધું હું ગીતામાં સમજાવી જ ચૂક્યો છું, અને અહીં પણ જ્યારે અવસર મળે છે ત્યારે હું સમજાવવાનું ચૂકતો નથી; ફક્ત એટલું જ ઈચ્છું છું કે તમારું જીવન શોભી ઉઠે, સુસજ્જ થાય અને પ્રગતિના પંથે આગળ ધપો.

છોડો, પોતાની વડાઈ પણ બહું કરી લીધી અને ચિંતન-મનન પણ ઘણું ઝાડી લીધું; અત્યારે મથુરાની હાલની પરિસ્થિતિ પર થોડી વાત કરી લઈએ. મારી કહાણી થોડી આગળ વધારવામાં આવે. આ તરફ યુદ્ધમાં મળેલી જીત હવે ભૂતકાળ બની ગઈ હતી. મથુરાની જે હાલત હું જોઈ રહ્યો હતો એના પરથી એ સ્પષ્ટ થતું હતું કે અસલી સમસ્યાનો સામનો તો મથુરાએ હવે કરવાનો હતો. કારણ કે ઘણાં મકાન તો પૂરેપૂરી રીતે પડી ગયાં હતા, વળી મોટા ભાગના મકાનોને નાનું-મોટું નુકસાન તો થયું જ હતું. એટલે સહુથી પહેલા તો રહેવાની સમસ્યા સામે મોં ફાડીને ઊભી હતી. બીજી બાજુ રસ્તા જેવું કાંઈ બચ્યું જ નહોતું. કૂવાઓનું પાણી તો અમે પહેલેથી જ ગંદુ કરી મૂક્યું હતું. સાથોસાથ, ચોતરફ આખે આખું જંગલ પણ અમે લોકો પહેલેથી જ ઉજાડી ચૂક્યા હતા. એટલે કે જે-જે ખાડા અમે જરાસંધ માટે ખોદયા હતા, અમે અત્યારે એમાં જ ખરાબ રીતે પડી રહ્યા હતા. આમ પણ આજ કુદરતી ન્યાય વ્યવસ્થાની રીત છે, તો ભલા એમાં અમે અપવાદરૂપ કઈ રીતે રહી શકીએ? ખેર, સરવાળે કહેવાનું તાત્પર્ય એ કે મથુરાનું શાસન તો બચી ગયું હતું, પણ જીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું હતું. રહેણાંક અને ખાવા-પીવાની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. એ ઓછું હોય તેમ, પહેલેથી જ જે કંગાળ રાજકોષ હતો તે હવે સંપૂર્ણ રીતે ખાલી થઈ ચૂક્યો હતો. એટલું જ નહીં, ...ઉપરથી લગભગ ત્રણસો જેટલા સૈનિક પણ મરી ગયા હતા. આવામાં ભલા કોણ કોની મદદ કરે? દરેક વ્યક્તિ ઘાયલ હતો, દરેક શરીર તરસ્યું હતું અને અત્યારે મથુરાની જે અવદશા હતી તે વર્ણવી શકાય તેવી નહોતી. એટલે વાસ્તવિકતાનો સામનો થતાં જ, જીતની મદહોશી ઓગળી રહી હતી.

પરંતુ મારી વાત જ કંઈ જુદી હતી. હું રહ્યો પાક્કો કર્મવીર. હથિયાર હેઠાં મૂકવાનો તો સવાલ જ નહોતો ઉઠતો. સમસ્યા

કોઈપણ સ્વરૂપ ધારણ કરીને આવી હોય, એની સામે બાથ ભીડવી એને હું મારું કર્તવ્ય માનતો હતો. આવામાં સ્વાભાવિક રીતે મથુરાને બેઠું કરવાની જવાબદારી મેં મારા માથે ઉઠાવી લીધી. તત્કાળ મથુરાના થોડા સ્થાનિક યુવાનોને સાથે રાખીને હું સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં જોતરાઈ ગયો. અમે લોકોએ દિવસ-રાત મહેનત કરી. પહેલા કૂવાઓનું પાણી સાફ કર્યું. રસ્તાઓ થોડા ઠીકઠાક કર્યા. સાથે જ ધીમે ધીમે મકાનોનું સમારકામ પણ હાથ પર લીધું. ...પણ શું કહું, મહિનાઓ સુધી રાત-દિવસ મહેનત કરવા છતાં પણ મથુરાની સ્થિતિમાં કોઈ ખાસ સુધારો ન લાવી શક્યા. લાખ પ્રયત્નો પછી પણ મથુરાના બજારોની રોનક પાછી ન ફરી તે ન જ ફરી. માંદગી અને ભૂખમરો હવે ઘરઘરની સમસ્યા બની ગયા હતા. જોકે અત્યારની સમસ્યાઓ સામે ઝઝૂમતા ઝઝૂમતા મને સ્પષ્ટપણે એવી પ્રતીતિ થઈ રહી હતી કે શ્રેષ્ઠ રણનીતિથી યુદ્ધ તો જીતી શકાય છે, યુદ્ધમાં હારથી પણ બચી શકાય છે... થઈ શકે છે... એવું પણ બને કે યોગ્ય રણનીતિ હોય તો યુદ્ધમાં થનારી પાયમાલીને પણ ઓછી કરી શકાય છે; પરંતુ ક્યારેય યુદ્ધમાં થનારી પાયમાલીથી પૂરેપૂરી રીતે બચી નથી શકાતું. ...એટલે કે પાયમાલી દરેક યુદ્ધનો અનિવાર્ય "નિયમ" છે. આજે હું આ સ્પષ્ટપણે સમજી રહ્યો હતો કે "યુદ્ધ" બે અહંકારની એ ટક્કર છે, જેની કિંમત હજારો નિર્દોષ સૈનિકો અને લાખો માસૂમોએ અકારણ ભોગવવી પડે છે. સમજાતું નથી કે આવા અહંકારનો શું ફાયદો, જે માનવતાનો જ વિનાશ નોંતરે? સાચું કહું તો અત્યારની સ્થિતિ જોઈને મને યુદ્ધ માટે ઘૃણા થવા લાગી હતી. જુઓને એક મામીઓના અકારણ ક્રોધ અને બીજું જરાસંધના અહંકારને કારણે, મથુરા આજે કોઈ વાંક ગુના વગર કેટલી મુસીબતોનો સામનો કરી રહ્યું હતું.

ખેર! મથુરામાં ચાલી રહેલા પુનઃનિર્માણના કામને ત્રણ મહિના વીતી ગયા હતા, પરંતુ હજી સુધી સ્થિતિમાં કોઈ વિશેષ સુધારો દેખાતો નહોતો. એનું સહુથી મોટું કારણ એ હતું કે રાજકોષ સાવ ખાલી હતો. અને વ્યવસાય પહેલેથી જ ઠપ્પ થઈ ગયા હતા, એટલે આવામાં નવા કરની આવક એકઠી થવાનો તો કોઈ સવાલ જ ઉઠતો નહોતો. બીજું કંઇ નહીં તો આ કડવા અનુભવે મને રાજકીય-કોષના મહત્વનું ભાન અવશ્ય કરાવી દીધું હતું. ખરેખર મથુરામાં આવીને મારામાં સૌથી મોટું પરિવર્તન જો આવ્યું હોય તો તે એજ હતું કે મેં અહીં આવીને "ધન"નું મહત્વ જાણ્યું હતું. ચાલો આ બધું તો ઠીક પણ એ તરફ મથુરાનાં આ શુષ્ક જીવનમાં અચાનક એક ખુશખબરએ ટકોરા માર્યા. અચાનક જ ઉદ્ધવ મથુરા આવી પડ્યો. હદ તો એ થઈ ગઈ કે એને જોઈને મને યાદ આવ્યું કે વૃંદાવન નામનું કોઈ ગામ હજુ પણ અસ્તિત્વમાં છે. હું તો મથુરાની ગડમથલમાં એવો અટવાઈ ગયો હતો કે વૃંદાવનનું અસ્તિત્વ જ ભૂલી બેઠો હતો. એ તરફ ખુશીની વાત એ હતી કે ત્યાં બધું ઠીકઠાક હતું. વાસ્તવમાં એને અમારા ખબર-અંતર પૂછવા માટે મોકલવામાં આવ્યો હતો. આમેય જો વૃંદાવનવાસી પોતાના વહાલા કનૈયાની ચિંતા નહીં કરે તો બીજું કોણ કરશે? અત્યારે અહીંના ખબરમાં કહેવા જેવું ક્યાં કંઇ હતું જ? આ તરફ ઉદ્ધવ ભલે મને અને ભાઈને સલામત જોઈને ખુશ થયો હોય, પણ મથુરાની હાલત જોતા જ હતપ્રભ પણ થઈ ગયો. નક્કી જ એણે જે મથુરા જોઈ હતી તે આ નહોતી. એટલે મનુષ્યના તમામ ભાવ, પછી એ ખુશીના હોય કે દુઃખના, બધાના મૂળમાં તુલના જ ચાલ્યા કરતી હોય છે. આનો સીધો અર્થ એ પણ થયો કે જો મનુષ્ય તુલના કરવાનું છોડી દે તો ભાવ આપમેળે જ ગાયબ થઈ જાય, અર્થાત પછી જે રહી જાય તે સદૈવ રહેવાવાળો 'આનંદ' હશે. જોકે અહીં મથુરામાં તો હમણાં "આનંદ" કઈ બલાનું નામ છે એજ ભુલવાના દિવસો આવ્યા હતા. બીજાઓની શું વાત કરું, અમારો પોતાનો વેપાર-ધંધો પણ પૂર્ણપણે ચોપટ થઈ ગયો હતો. જોકે ભાઈ આખો દિવસ વ્યવસાયની ગાડી ફરી પાટા પર લાવવાના પ્રયત્નો કરતાં રહેતા હતા; પણ જ્યારે આખું શહેર જ નષ્ટ થઈ ગયું હોય, તો એ એકલા શું કરી શકવાના હતા? જે પણ હોય તે, મેં ઉદ્ધવને પણ ભાઈની સાથે જ લગાવી દીધો. સ્વાભાવિક રીતે હું તો મારા પુનઃનિર્માણના કાર્યોમાં જ અટવાઈ પડ્યો હતો, અને તે પણ એ હદે કે માલિનીની મુલાકાતો પણ લગભગ બંધ થઈ ગઈ હતી. હવે જે હતું તે હતું, અને મને એ સંપૂર્ણપણે સ્વીકાર્ય હતું.

અધ્યાય - ૩

મારું શિક્ષણ

છ મહીનાની મહેનત બાદ, હજુ માંડ માંડ મથુરાનું જનજીવન થાળે પડી રહ્યું હતું કે મથુરા પર ફરી મુસીબતના વાદળો ઘેરાવા લાગ્યાં. લાગે છે કે ચેનથી જીવવું કે ખુશહાલ રહેવાનું મથુરાવાસીઓના ભાગ્યમાં જ નહોતું. આમ તો એ સર્વવિદિત સત્ય છે કે ભાગ્યનું નિર્માણ મનુષ્યનાં "કર્મ" જ કરે છે; અને સાથે જ એ હું સ્વાનુભવથી કહી શકું છું કે મથુરાવાસીઓથી મોટા કામચોર શોધવા અઘરા હતા. અર્થાત્ વાસ્તવમાં જોવામાં આવે તો "ભાગ્ય" નામની કોઈ વસ્તુ હોતી જ નથી. હકીકતમાં તો મનુષ્યનાં "કર્મ" જ એના જીવનની ચડતી-પડતીનો ફેંસલો કરે છે. તમે કહેશો કે એવી તે કઈ સમસ્યા આવી પડી કે મારે ચિંતા પરથી સીધા ચિંતનમાં સરી જવું પડ્યું?... તો ભાઈ વાત એમ છે કે હું તો સીધો-સીધો થોડાક યુવાનોને લઈને બજાર ગયો હતો, વિચાર્યું હતું કે બજારની રોનક કઈ રીતે પુનર્સ્થાપિત કરી શકાય, એ બાબતમાં થોડી ચર્ચા-વિચારણા કરી લઈશ. પરંતુ હજુ તો બજારમાં પગ જ મૂક્યો હતો કે એક ગુપ્તચર દોડતો દોડતો આવ્યો અને મને ખૂણામાં લઈ જઈને જે ખબર આપ્યા તે સાંભળીને મારા તો હાથ-પગ ઠંડા જ પડી ગયા. વાત એમ હતી કે ગુપ્તચરોને ક્યાંકથી બાતમી મળી હતી કે જરાસંધ ફરી મથુરા પર હુમલો કરવા રવાના થઈ ગયો છે. એટલું જ નહીં, હવે તો એણે પ્રતિજ્ઞા લીધી છે કે એ 'કૃષ્ણ'ને ખતમ કર્યા વિના મથુરા નહીં છોડે. ...ગુપ્તચરોએ એ પણ સૂચના આપી કે હવે એ પોતાની સાથે નાની પરંતુ મજબૂત સેના લઈને આવી રહ્યો છે. વધુમાં, આ વખતે સાથે ત્રણ મહિના સુધી ચાલે એટલાં ભોજન-પાણી પણ લઈને નીકળ્યો છે. આ ખબર ખરેખર ખતરનાક હતી. એટલે કે આ વખતે એ ખેલ પૂરો કર્યા વિના અહીંથી ટસ કે મસ થવાના પક્ષમાં નહોતો. એકંદરે જૂના અનુભવથી એ ઘણું બધું બહુ જલ્દીથી શીખી ગયો હતો. હશે, હમણાં તો અહીં વિચારવાયોગ્ય વાત એ હતી કે મથુરાવાસીઓનું તો સમજાઈ એવું હતું કે સ્વભાવથી જ કામચોર હતા, એટલા માટે એમના પર વારંવાર મુસીબતના વાદળો ઘેરાતા રહેતા હતા; પરંતુ હું તો કર્મવીર છું, છતાં પણ વારંવાર મારો જીવ જોખમમાં શા માટે મૂકાય છે? ...કદાચ મારી કર્મઠતાની કસોટી કરવા. સાચું કહું તો આ વિચાર સાથે જ મેં જાતને આવી પડનાર યુદ્ધ માટે તૈયાર કરી લીધી. હવે પહેલીવાર પણ યુદ્ધ ક્યાં સહેલું હતું, છતાં પણ રસ્તો તો કાઢી જ લીધો હતો. એમ જ આ વખતે પણ કોઈને કોઈ રસ્તો કાઢી લેવામાં આવશે.

પરંતુ આ તો મારી વિચારધારા અને મારી પ્રતિક્રિયાની વાત થઈ. એ તરફ આ ખબર સાંભળતા જ નાનાજીની સ્થિતિ તો વિકટ થઈ ગઈ. એમણે તરત મંત્રી-પરિષદની બેઠક બોલાવી, જેમાં મારા સહિત તમામ યાદવ-પ્રમુખોને પણ બોલાવવામાં આવ્યા હતા. અર્થાત્ હું ખબર સાંભળીને રાજમહેલ પહોંચ્યો ત્યાર સુધીમાં તો નાનાજીએ બેઠક પણ બોલાવી દીધી હતી. અને આશ્ચર્ય તો એ કે હજુ તો હું અને નાનાજી પરસ્પર કંઇ વાત કરી શકીએ, ત્યાં તો લોકો આવવા પણ લાગ્યા હતા. જોતજોતામાં સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયો હતો. કહેવાની જરૂર નથી કે આ સમાચારે હાજર રહેલા તમામ મહાનુભાવોને હચમચાવી દીધા હતા. ...અથવા તો એમ કહું કે સહુને ચિંતાની એક ઊંડી ખીણમાં ધકેલી દીધા હતા. હવે મનોદશા જે પણ હોય, મુસીબત ગંભીર હતી તેમ છતાં મુસીબત પર ચર્ચા તો કરવાની હતી, એટલે શરૂ કરી. ...અને ઘણી ચર્ચા-વિચારણા પછી જે એક મુખ્ય વાત ઊભરીને સામે આવી તે એ હતી કે મથુરા હવે કોઈપણ રીતે એક બીજું યુદ્ધ કરવાની સ્થિતિમાં બિલકુલ નથી. હવે નથી તો નથી, હું તો આખો વખત ચૂપ જ રહ્યો. ...હું શું કહેત? આ આખી સમસ્યાનું કેન્દ્રબિંદુ તો હું જ હતો. નાનાજીએ એક-બે વાર પૂછ્યું પણ ખરું, છતાં મેં મારું મૌન તોડ્યું નહીં. શું કહું? શું કરું? કોઈ ઉપાય હોય તો બોલુંને, કોઈ રણનીતિ હોય તો સૂઝાડુંને. જ્યારે મથુરા યુદ્ધ કરવાની સ્થિતિમાં જ નથી તો પછી આમ પણ કહેવા જેવું બાકી શું રહે છે? પરંતુ એ તરફ 'તારણહાર'નું મૌન દરબારથી સહન ન થયું. મારા મૌને વાતાવરણમાં થોડો વધારે જ ભય ફેલાવી દીધો. તો મને ક્યાં ઓછો ગભરાટ હતો? પણ એનો અર્થ એવો થોડો જ હતો કે કોઈપણ કઢંગી વાત કરી નાંખુ? બસ, મોં ન ખોલ્યું તો ન જ ખોલ્યું. અંતે કોઈપણ નિષ્કર્ષ પર પહોંચ્યા વિના સભા સમાપ્ત થઈ ગઈ.

અજબ હાલત હતી. ગંભીર સમસ્યા મોં ફાડીને ઉભી હતી પરંતુ કંઇ કરી શકાય તેમ નહોતું; કારણ કે મથુરા પાસે ન સેના હતી કે હથિયાર અને ન તો પ્રજામાં હવે એવો ઉત્સાહ બચ્યો હતો કે એ કોઈપણ યુદ્ધનો સામનો કરી શકે. સાચું તો એ હતું કે મારા સહિત આખું મથુરા લડ્યા પહેલાં જ યુદ્ધ હારી ચૂક્યું હતું. હું, જેણે જીવનમાં ક્યારેય પરાજયના દર્શન નહોતા કર્યા, એને પણ આ વખતે બચવાના કોઈ અણસાર નહોતા દેખાતા. બીજી બાજુ અમારા બધાથી વિપરીત, આખા મથુરામાં જો કોઈ ઉત્સાહથી છલોછલ દેખાતું હતું તો એ હતા ભાઈ. પણ એમનો આ ઉત્સાહ તો એમના પોતાના બળ પર આધારિત હતો, એમાં સમજદારીનો સદંતરપણે અભાવ હતો. હકીકત એજ હતી કે જરાસંધ બે-ચાર દિવસોમાં જ આખાં મથુરાને હતું ન હતું કરી નાંખશે. હવે વાસ્તવિકતા ચાહે જે પણ હોય, પણ એનો સ્વીકાર કરી શકાય એવું જરાય નહોતું. હું દિવસ-રાત આ ચિંતામાં જ ગરકાવ રહેવા લાગ્યો. જોકે દિવસ-રાત વિચાર્યે રાખવાથી પણ શું થવાનું હતું? જ્યાં સુધી કુદરત કોઈ સચોટ ઉપાય ન સૂઝાડે,

ત્યાં સુધી કોઈપણ પગલું ભરવું વ્યર્થ હતું. ચોક્કસપણે આ મારા અત્યાર સુધીના જીવનનું સહુથી મોટું સંકટ હતું, ને લડીને કે મરીને પણ એનું કોઈ નિરાકરણ આવશે એવું અત્યારે તો દેખાતું નહોતું. એટલે કે જીવન પ્રત્યે અનુરાગ રાખનાર 'કનૈયા'નું મૃત્યુ અટલ બની ગયું હતું, બસ, વખત આવવાની જ વાર હતી. હવે હું સમયની વાત સમય પર તો છોડી શકતો હતો, પણ મારા સ્વભાવને કારણે હું હજુ હથિયાર હેઠાં બિલકુલ નહોતો મૂકી શકતો; તેથી બચવાના ઉપાયો ઉપર હું હજુપણ મગજ કસી જ રહ્યો હતો. સો વાતની એક વાત એ કે મૃત્યુ પહેલા મરવું એ મારી પ્રકૃતિમાં નહોતું... ચાલો મારા ઈરાદા મારી સાથે હતા, પરંતુ શું કહું, આટલેથી જ કુદરતનાં હૈયે ટાઢક ન વળી. સમસ્યા, જે પહેલેથી જ જટિલતાની એ હદે પહોંચી હતી કે જ્યાંથી એના વધારે જટિલ થવાની કોઈ શક્યતા જ નહોતી, પોતાનાં ખરાબ ઈરાદાઓને કારણે એને પણ કુદરતે એકદમ વધુ જટિલ કરીને બતાવી. એવું લાગી રહ્યું હતું કે જાણે એણે સદૈવ વિજયી રહેવાની આકાંક્ષાથી જીવતા આ 'કૃષ્ણ'ના જીવન પર પૂર્ણવિરામ મૂકવાનું નક્કી કરી લીધું હતું. એટલે જ તો એક એવા સમાચાર આવ્યા કે જેણે મારા મૃત્યુના પરવાના પર મત્તું મારી દીધું એટલું જ નહીં, પણ મારા હાલના સમગ્ર અસ્તિત્વને હચમચાવી મૂક્યું.

વાત એમ બની કે તે દિવસે રાત્રે જમ્યા પછી હું અને ભાઈ બહાર ઓસરીમાં બેઠા હતા. નક્કી જ જરાસંધ સિવાય વાત કરવાનો બીજો કોઈ વિષય જ નહોતો... ત્યારે અચાનક સાત્યકિ મને મળવા ઘરે આવ્યો. રાતે આટલું મોડું મને ઘરે મળવા કોઈ આવ્યું નહોતું. તમને કહી દઉં કે એ એક જ એવો યાદવ આગેવાન હતો જેની સાથે મારે મિત્રતા બંધાઈ હતી, નહીંતર બાકી તો કોઈ યાદવ આગેવાનને હું જોવોય નહોતો ગમતો. ચાલો આ તો ઠીક, પણ આવતાવેંત એ મને એક ખૂણામાં લઈ ગયો અને પછી બહાર લટાર મારવા આવવાનું નિવેદન કર્યું. મે ધ્યાનથી જોયું, એ ઘણો વ્યાકુળ અને ચિંતિત દેખાઈ રહ્યો હતો. હવે આવામાં મારે ના કહેવાનો તો પ્રશ્ન જ નહોતો થતો. બસ, અમે સુમસામ શેરીઓમાં આંટો મારવા નીકળી પડ્યા. એણે તે દિવસે જે વાત જણાવી એણે મારા હૃદયને હજારો ઘાની પીડા આપી. હું કહી શકું કે આવી પીડા સહન કરવાનો આ મારો પહેલો અનુભવ હતો અને એ પણ એટલો કડવો કે એનું બીજું કોઈ ઉદાહરણ પણ આપી શકાય તેવું નહોતું. ...એના જણાવ્યા પ્રમાણે, કાલે રાજભવનમાં યાદવ-પ્રમુખો... ખાસ કરીને સત્રાજિત, કૃતવર્મા અને શતધન્વાના આગ્રહથી એક સભા બોલાવવામાં આવી હતી. સભાનો ઉદ્દેશ જરાસંધ તરફથી થનારા હુમલા પર ચર્ચા કરવાનો હતો. આખા મંત્રીમંડળની સાથોસાથ તમામ યાદવ-પ્રમુખ અને તમારા પિતા વસુદેવ તથા અક્રૂરજીને પણ આ ચર્ચામાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ આ સભાથી તમને જાણીજોઈને દૂર રાખવામાં આવ્યા હતા. હકીકતમાં, યાદવ-પ્રમુખોનું નાનાજી પર એટલું બધું દબાણ હતું કે એમની ઈચ્છા હોવા છતાં પણ એ તમને આ સભામાં આમંત્રિત કરી શક્યા નહોતા. સભામાં વિરુદ્ધ [43] એ યાદવ-પ્રમુખો તરફથી એક સ્પષ્ટ ઠરાવ મૂક્યો, જેનો સાર આ પ્રમાણે હતો- આપણે બધા જાણીએ છીએ કે મથુરા હાલની પરિસ્થિતિમાં જરાસંધનો સામનો કરવાની સ્થિતિમાં નથી. આપણે એ પણ જાણીએ છે કે જરાસંધની મથુરા સાથે કોઈ દુશ્મની નથી. એ આપણી ઉપર આક્રમણ કેવળ "કૃષ્ણ"ને કારણે કરી રહ્યો છે. એટલે આ સંકટથી બચવાનો એકમાત્ર ઉપાય છે, કાં તો એને પકડીને જરાસંધને હવાલે કરી દેવામાં આવે, અથવા તો કૃષ્ણ-બલરામને મથુરા છોડી દેવાની સૂચના આપવામાં આવે. બંને સ્થિતિમાં આપણે આ આવનારી આફતથી બચી શકીએ એમ છીએ. જો એ બંને મથુરામાં હશે જ નહીં તો જરાસંધના આ હુમલાનો કોઈ અર્થ નહીં રહે. અને એટલે ચોક્કસપણે એ લાવ-લશ્કર સાથે મથુરા છોડીને પાછો જતો રહેશે. આમ પણ જો બે વ્યક્તિઓની જિંદગીનો સોદો કરીને બદલામાં હજારો જિંદગીઓ બચાવી શકાતી હોય, તો 'રાજ-ધર્મ' આવું કરવા માટે સંબંધોથી પણ ઉપર ઉઠવાનો અને આમજ કરવાનો સ્પષ્ટ સંકેત આપે છે.

હું તો વાત સાંભળીને સફાળો ચોંકી ઊઠ્યો. કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ થઈ ગઈ. અરે કૃતઘ્નીઓ! શું એ ભૂલી ગયા કે ગયા વખતે મેં જ તમને જરાસંધથી બચાવ્યા હતા. આજે થોડું સંકટ શું આવ્યું કે દૂધમાંથી માખીની જેમ મને કાઢીને ફેંકી દેવા માગો છો? ચાલો છોડો, આમ પણ યાદવ-પ્રમુખોને તો પહેલેથી જ હું દીઠો નહોતો ગમતો; પરંતુ એમના કહેવાથી શું થવાનું છે? આખું મંત્રી-મંડળ તો મારી સાથે છે. અને વળી, પિતાજી અને નાનાજી પણ તો છે. આમ વિચારીને એ ક્ષણે તો મેં જાતને આશ્વાસન આપ્યું અને વળી સાત્યકિની વાત પણ ક્યાં પૂરી થઈ હતી? જોકે આ બધી વાત પણ જાતને દિલાસો આપવા સમાન જ હતી, બાકી તો ઝડપે ચાલવા ટેવાયેલા મારા પગ અત્યારે માંડમાંડ ઉપડતા હતા. ...આ બાજુ મને થોડો શાંત થયેલો જોઈને, સાત્યકિએ પણ થોડી વાર મૌન રહીને એક રાહતનો શ્વાસ લેતા પોતાની વાત આગળ વધારી. એણે કહ્યું- આ પ્રસ્તાવથી આખા દરબારમાં થોડી વાર માટે શાંતિ પ્રસરી ગઈ. પરંતુ દુર્ભાગ્યવશ કોઈ ઉપાય ન દેખાતા ધીરે ધીરે ઠરાવ સહુની સમજમાં આવવા લાગ્યો. ...આટલું કહીને સાત્યકિ સંપૂર્ણ રીતે ચૂપ થઈ ગયો. એની ચૂપકીદી મારા હૃદયના ધબકારા અધિક જ વધારી દીધા. આ તો જરાસંધની સાથેસાથે મથુરા પણ મારી વેરી બની રહી છે. આ સાંભળીને ચાલવાનું છોડીને હું તો જ્યાં ઊભો હતો ત્યાંજ સ્થિર થઈ ગયો. વિચારોની આવન-જાવન પૂર્ણપણે થંભી ગઈ હતી. જ્યારે કંઈ ન સૂઝ્યું તો એક ઝાડનાં થડનો ટેકો લઈને ઊભો રહી ગયો. નક્કી જ મારી આ હાલત સાત્યકિથી પણ જોવાતી નહોતી.

ખેર! અત્યારે એ બિચારા પાસે ઉપાય પણ શો હતો? જ્યારે એણે આટલી વાત જણાવી છે તો પૂરી વાત પણ જણાવવાની જ હતી. એટલે, થોડી વાર ચૂપ રહ્યા પછી મારા ખભે હાથ રાખીને ઘણા દુ:ખી સ્વરે એ પોતે જ બોલી ઊઠ્યો- આશ્ચર્યની વાત

છે કે સહુથી પહેલા તમારા પિતા વસુદેવે જ આ ઠરાવનું સમર્થન કર્યું. પછી તો ધીરે ધીરે અક્રૂરજી સહિત આખું મંત્રીમંડળ આ ઠરાવના પક્ષમાં થઈ ગયું. ફક્ત રાજા ઉગ્રસેન આ વાત સાથે સહમત નહોતા, એ પૂરી રીતે મક્કમ હતા. એટલું જ નહીં, તમારા પિતાજીના વ્યવહારથી એમને ઘણો આઘાત પણ લાગ્યો હતો. અને એમની પ્રશંસા કરવી પડશે કેમકે એ એકલા પડી ગયા તો પણ એમણે સહુને નિવેદન કર્યું કે આપણે કૃતઘ્ની ન થવું જોઈએ. એ કૃષ્ણ જ હતો જેણે પોતાની વીરતાથી કંસનો વધ કરીને મથુરાને એના આતંકમાંથી છુટકારો અપાવ્યો હતો. એ કૃષ્ણ જ હતો, જેની રણનીતિને કારણે જરાસંધે પોતાના ગયા હુમલામાં હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. ...એ બલરામની વીરતા જ હતી જે જરાસંધ જેવા વીર ઉપર પણ ભારે પડી હતી. એ તરફ મુશ્કેલી એ હતી કે દરબારમાં ગભરાટ એવો છવાઈ ગયો હતો કે નાનાજીની વાત સાચી હોવા છતાં પણ કોઈને પ્રભાવિત કરી શકતી નહોતી. કોઈ એકનું બે થવા તૈયાર નહોતું. અંતે પોતે નિરુપાય છે એ જોઈને નાનાજીએ એક વાત તો સાફ સાફ શબ્દોમાં કહી દીધી કે હું પ્રાણાંતે પણ, એ બંનેને જરાસંધના હવાલે નહીં કરું. ...અંતમાં બિચારાએ લગભગ રોતા રોતા સહુને સમજાવવાનો છેલ્લો પ્રયાસ કર્યો. એમણે કહ્યું- જરા વિચારો! જેમણે દરેક સંકટમાં મથુરાને આટલો સાથ આપ્યો હોય, શું સંકટ સમયે એમને એકલા છોડી દેવાનું ન્યાયોચિત લેખાશે? અને વળી આપણે બધા જાણીએ છીએ કે જરાસંધનો પ્રભાવ આર્યાવર્તના મોટા ભાગના રાજ્યો પર છે. આમ જરાસંધના સમર્થક રાજા જરાસંધને ખુશ કરવા માટે ચારે તરફ કૃષ્ણ-બલરામને શોધશે અને મળતા જ મારી નાખશે. ...એનાથી તો સારું એ છે કે આપણે બધા ભેગા મળીને જરાસંધનો સામનો કરીએ; એનાથી ઓછામાં ઓછું એટલું તો થશે કે આપણે લોકો સાથે જીવીશું અને સાથે મરી શકીશું. ...પરંતુ આખા દરબાર પર જરાસંધના આતંકનો ઓથાર એવો છવાયેલો હતો કે કોઈએ પણ નાનાજીની વાત સાંભળી નહીં. ઉલટું સહુનું કહેવું હતું કે કૃષ્ણ અને બલરામના માથે મોત ભમી રહ્યું છે, આપણે નાહકમાં શું કામ એમની સાથે મરવું જોઈએ. અંતે સહુના દબાણને લીધે નાનાજીએ પણ ઠરાવ સ્વીકારવો જ પડ્યો. એટલું જ નહીં, તમને લોકોને મથુરા છોડી દેવાની સૂચના આપવાનું કપરું-કામ પણ નાનાજીને જ સોંપવામાં આવ્યું. હા; તમને લોકોને ક્યારે અને કેવી રીતે ખબર પહોંચાડવી એનો પૂરો અધિકાર નાનાજીએ પોતાની પાસે જ રાખ્યો છે. હવે એ એમના વિવેક ઉપર નિર્ભર કરે છે કે એ તમને મથુરા છોડવાની સૂચના ક્યારે અને કેવી રીતે આપે છે. ...મેં તમને પહેલેથી આ સમાચાર એટલા માટે આપ્યા કે જેથી ‘ક્યાં જવું - કેવી રીતે જવું’ એ બધી વાતો પર બરાબર રીતે વિચારવા માટે તમને થોડો સમય મળી રહે.

...આટલું કહીને સાત્યકિ તો ચૂપ થઈ ગયો, પણ હું અહીં જે વૃક્ષનો ટેકો લઈને ઊભો હતો, ત્યાંજ બેસી ગયો. બિચારો સાત્યકિ પણ કહેતા-કહેતા જ ઘણો ઢીલો પડી ગયો હતો. એ પણ મારી સામે જમીન પર પલાઠી વાળીને બેસી ગયો. ખરેખર સાત્યકિના એક એક શબ્દે મને હજાર હજાર ઘા આપ્યા હતા. એવું લાગતું હતું કે જાણે મારા હૃદયના હજારો કટકા થઈ ગયા હોય અને દરેક કટકો અઢળક આંસુ સારી રહ્યો હોય. મને ચિંતા એ વાતની નહોતી કે હવે અમારું શું થશે? ...ન મને એ વાતની ફિકર હતી કે હવે અમે ક્યાં જઈશું? દુ:ખ તો હતું બધાના વ્યવહારનું. ક્રોધ આવતો હતો સહુની એ સ્વાર્થી માનસિકતા પર, જેણે મને પીડાની ઊંડી ખાઈમાં ધકેલી દીધો હતો. આમ તો મેં જીવનમાં ઘણી મુસીબતો જોઈ હતી, એનો હિંમતભેર સામનો પણ કર્યો હતો; પછી ચાહે એ સંકટ ગોકુળ પર આવ્યું હોય કે વૃંદાવન પર, ‘કાલીયા-નાગ’ સાથે ટકરાવવાનું હોય કે કેશી સાથે, પાગલ હાથી સાથે બાથ ભીડવાની હોય કે ચાણૂર સાથે મલ્લયુદ્ધ કરવાનું હોય, વૃંદાવનનું નિર્માણ કરવાનું હોય કે મથુરાનું, ઈન્દ્ર સાથે સંઘર્ષ કરવાનો હોય કે જરાસંધ સામે યુદ્ધમાં ઉતરવાનું હોય; કોઈપણ સંકટની ઘડીએ હું કદી વિચલિત નહોતો થયો... કેમકે હું માનતો હતો કે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સંકટોની અવર જવર તો ચાલતી રહેવાની. તમને યાદ હશે કે જ્યારે હું કાલીયા નાગના વિષાક્ત ફેણ સામે લડી રહ્યો હતો અને મૃત્યુ તો ચોક્કસપણે સામે આવીને ઊભું હતું, ત્યારે પણ ગોવાળો દૂર ઊભા ઊભા જ મારી ચિંતા કરી રહ્યા હતા; એટલે કે તે વખતે પણ મને બચાવવા આવવાનું કોઈ વિચારતું નહોતું. ...અને નક્કી જ ત્યારે પણ મને પળવાર માટે દુ:ખ જરૂર થયું હતું કે કેમ કોઈ મને બચાવવા આવ્યું નહીં? જોકે પછી એમ વિચારીને મેં તરત જાતને સંભાળી પણ લીધી હતી કે હજુ એમની ઉંમર જ ક્યાં છે આવું વિચારવાની? અને વળી એમનામાં સાહસ પણ કેટલું છે? એજ શું કામ, વૃંદાવન ન જઈ શકવાનું દુ:ખ હોય કે રાધાથી વિખૂટા પડવાનું દુ:ખ, આ બધી વેદનાઓને પણ હું મારી વાંસળીની ધૂનમાં પરોવીને, એમનો પણ આનંદ માણતો આવ્યો છું. આ દર્દોએ કદી મને નબળો નથી કર્યો. હજુ તાજેતરનું જ ઉદાહરણ જોઈ લો. રુક્મિણીના પ્રભાવનો જાદૂ મારા પર એવો ચાલ્યો હતો કે એને પામ્યા વગરનું જીવન જ અસાર લાગી રહ્યું હતું. હવે આજ તો ઉંમર હોય છે આવી ઝંખનાઓ કરવાની, વળી હું એ પણ જાણું છું કે એ ઝંખનાઓને પાર પાડવાનું એક ગોવાળ માટે દુ:સ્વપ્નથી વધીને કંઈ નથી અને આ સમજીને જ એના પ્રેમમાં મળી રહેલી પીડાને પણ મેં ઉત્સાહમાં બદલી કાઢી હતી. અને તમે જોઈ જ રહ્યા છો કે તે દિવસથી જ દરેક રીતે એને લાયક બનવા માટે પ્રયત્નશીલ થઈ ગયો છું. ...પરંતુ આજે હૈયું તૂટવાનું કારણ હતું. આજનું દુ:ખ જુદું હતું અને ઊંડું પણ હતું; કારણ કે આજે દુ:ખ દેવાવાળા સક્ષમ પણ હતા અને સમજદાર પણ. ...ઉપરથી એ બધાંએ બધાં પોતાના જ તો હતા. અને આજ કારણ હતું કે જે હજારો સંઘર્ષો સામે ક્યારેય નથી થાક્યો, જે રોજબરોજ આવતા મૃત્યુથી ક્યારેય વિચલિત નથી થયો, સેંકડો દર્દ દિલમાં સમાયેલા હોવા છતાં પણ જે ક્યારેય નથી રોયો... એ ‘કૃષ્ણ’ આજે અંદરથી હચમચી ગયો હતો. મેં તો રાજમહેલના દરેક સંકટને ન માત્ર મારું સંકટ માન્યું હતું, બલ્કે મથુરાને પણ

હંમેશાં પોતાની માની હતી. છતાં પણ...? ખેર, બાકી તો ઠીક છે... પિતાજી, તમે પણ...? શું આ દિવસ માટે મને તમે કંસથી બચાવ્યો હતો, ...જેથી જુવાનીમાં જરાસંધને મારો ભોગ ચઢાવી શકો?

ચાલો માન્યું કે દુ:ખ ઊંડું હતું, પરંતુ આ દુ:ખ કંઇ જીવનનો અંત તો નહોતું. માન્યું કે મોત માથે ભમતું હતું, ...પરંતુ મર્યા પહેલા તો મરી શકાતું નથી. અત્યાર સુધીમાં તમે એટલું તો સમજી જ ગયા હશો કે દુ:ખ, દર્દ, ચિંતા, ભય ઇત્યાદિ મારા સ્વભાવ સાથે બંધબેસતા નથી. લાખ કોશિશ કરવા છતાં પણ આ બધું થોડી ક્ષણોથી વધારે ટકી જ નહોતા શકતા. તરત જ આમાંથી બહાર આવવા માટે મારા ચિંતને બીજી દિશા પકડી. એમણે જે કર્યું તે એમની સમસ્યા છે અને એમનો સ્વભાવ છે; આવામાં એમની ભૂલની પીડા હું શા માટે વેઠું? એનાથી બહેતર તો એ છે સામે મોં ફાડીને ઉભેલી સમસ્યા વિશે વિચારું. અને તેમ છતાં કોઈ ઉપાય ન સૂઝે તો કમસેકમ જેટલા દિવસ બચ્યા છે એને તો આનંદથી પસાર કરવા પર ધ્યાન આપું. બસ, આ વિચાર સાથે જ હું ઝટ ઊભો થયો અને હાથ ઝાલીને ઉદાસ સાત્યકિને પણ ઊભો કર્યો, અને પછી પાછા વળ્યા અમો ઘર ભણી. મને ઘરે છોડીને સાત્યકિ તો પાછો ફર્યો, એ તરફ બેફિકર ભાઈ પણ નિદ્રાધીન થઈ જ ગયા હતા; બચ્યો હતો હું, જે પૂર્ણપણે કામે લાગી ગયો હતો. સૂવા તો ગયો હતો, પણ ઊંઘ આવવાનો તો પ્રશ્ન જ નહોતો ઉઠતો. કોઈને ભાંડીને પોતાનું મષ્તિષ્ક વધુ ખરાબ કરવા પણ નહોતો માંગતો. તેથી, વિચારપ્રવાહ ને હકારાત્મક દિશામાં વાળી દીધો. અને સકારાત્મક વિચારણા એજ હતી કે મથુરાથી હાંકી કાઢે ત્યારે જવું ક્યાં?... ચાહે જ્યાં પણ જવાનું વિચારીએ પણ અત્યારે વૃંદાવન તો જઈ શકાય એમ નહોતું. માન્યું કે એ મથુરાથી દસ કોસના અંતરે જ છે, એ પણ માન્યું કે બિચારા વૃંદાવનવાસીઓ કાગડોળે મારી રાહ જોઈ રહ્યા છે; પરંતુ નાહકના મારે કારણે ભોળા વૃંદાવનવાસીઓ સંકટમાં મૂકાય એવું થોડું થવા દેવાય? ચોક્કસપણે ત્યાં આશ્રય લેવાથી તો તરત જ જરાસંધ મારું પગેરું ખોળતો લાવ-લશ્કર સાથે વૃંદાવન પહોંચી જ જશે. આ તો સમજ્યાં, પણ હવે વૃંદાવન નહીં તો બીજે ક્યાં જઈએ? અને બીજી કોઈ જગ્યા તો જોઈ જ નહોતી. અને બીજે ઠેકાણે જવા જેટલું ધન પણ અમારી પાસે નથી. આ બધું વિચારતા વિચારતા અચાનક હસવું આવી ગયું. દિલનાં કોઈક ખૂણેથી અવાજ ઊઠ્યો કે ન તો જવાના ઠેકાણાની ખબર છે, ન તો પાસે ધન છે કે ન તો જરાસંધ સામે બાથ ભીડવાનાં સાધન-સરંજામ પણ છે; જ્યારે કંઇ છે જ નહીં તો નાહક ચિંતા શું કામ કરે છે, ગાંડા...? વાત તો ખરી જ હતી... જો સંકટમાંથી ઉગરવાનો કોઈ ઉપાય દેખાય તો હિંમતભેર સંકટનો સામનો કરી શકાય, પણ જે સમસ્યાનું કોઈ નિરાકરણ જ ન હોય, તો પછી સમજદારી એમાં જ છે કે એને કુદરતના ન્યાય પર છોડીને હાલ પૂરતા ચિંતામુક્ત થઈ જઈએ. જોકે જીવનમાં પહેલી વાર કોઈ એવી સમસ્યાનો સામનો કરી રહ્યો હતો જેનો કોઈ ઉકેલ કેમેય કરીને નહોતો સૂઝી રહ્યો. પરંતુ કેમકે ચિંતા કરવી એ મારા સ્વભાવમાં નહોતું, એટલે હું કુદરત પર સમસ્યા છોડીને તરત ચિંતામુક્ત થઈ ગયો. ...અને ચિંતામુક્ત થતાં જ ઊંઘ પણ આવી ગઈ.

એ તરફ સવારે ઉઠીને હાથ મોઢું ધોઈને ઓરડા બહાર પગ મૂક્યો જ હતો કે બહાર ઓસરીમાં ભાઈને ઉત્કંઠાપૂર્વક મારી રાહ જોતા બેઠેલા પામ્યા. મને જોતાં જ તેમણે મને પોકાર કરી બોલાવ્યો, હું પણ શાંતિથી તેમની બાજુની બેઠકમાં બેસીને બહાર ચાલી રહેલી પ્રવૃત્તિઓને નિહાળવા લાગ્યો. ભાઈએ પોતાની જ ઢબે મને ઉપરથી નીચે સુધી પારખતાં પૂછ્યું- ગઈકાલે સાત્યકિ શું કામ આવ્યો હતો? ...મેં પણ મારી રીતે વાત ફેરવી દેતા કહી દીધું- આમ જ, તેનું ઘરે મન નહોતું લાગી રહ્યું તેથી લટાર મારવા ચાલી આવ્યો હતો. બસ, વાત જાણે વિસરાઈ ગઈ. ભાઈને આ વાત જણાવવાનું મને યોગ્ય નહોતું લાગ્યું. નકામું એમનું દિલ શા માટે દુભવવું? ...ખાસ કરીને પિતાજીવાળી વાત તો હું તેમને આજીવન કહીં શકું તેમ નહોતો. એવું પણ બને કે એ જાણ્યા પછી એ જીવનભર પિતાજી અને યાદવ-પ્રમુખોથી નારાજ રહે. ...અને હું એ લગીરે ચાહતો નહોતો. જ્યાં સુધી મારો પ્રશ્ન છે, મને કોઈથી જરાય નારાજગી નહોતી; કારણ કે અત્યારે મારી ચેતના ફરી પોતાની સામાન્ય સ્થિતિમાં પાછી આવી ગઈ હતી. હું તો દરેક ઘટનામાંથી કાંઈક શીખ પામવામાં વિશ્વાસ ધરાવતો હતો, અને આ ઘટનામાંથી જે શીખવા જેવું હતું તે "શીખી" જ લીધું હતું. "જ્યારે મનુષ્યનો પોતાનો પ્રાણ સંકટમાં હોય છે ત્યારે પોતાનો પ્રાણ બચાવવા સિવાય એનો બીજા સાથે કોઈપણ જાતનો સંબંધ નથી રહેતો." આવામાં ભલા હું એ લોકોથી નાહકનો નારાજ શા માટે રહું? ઉલટું મારું મન તો પિતાજી અને યાદવ-પ્રમુખોને ધન્યવાદ આપી રહ્યું હતું કે જેમને લીધે આજે મને જીવનનો આટલો મહત્ત્વપૂર્ણ પાઠ શીખવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું.

ખેર! ભાઈ તો ન્હાઈ-ધોઈને પોતાને અખાડે ચાલી ગયા. મેં પણ ન્હાય-ધોય લીધું હતું, પણ શું કરું કે ક્યાં જાઉં કંઇ સમજાતું નહોતું. મન દરબારની વાત પર વિચારવા નહોતું ઈચ્છતું અને એ સિવાય વિચારવા માટે બીજું કંઇ હતું નહીં. સમસ્યા જટિલ હતી અને સમાધાન હતું નહીં. મોત માથે ભમતું હતું અને ઉપાય સૂઝી નહોતો રહ્યો. હાથમાં સમય જ સમય હતો ને મન ક્યાંય લાગી રહ્યું નહોતું. આવામાં વાંસળીનો જ સહારો હતો. એક એજ હતી જે આ સ્થિતિમાં મારો સાથ નિભાવી શકતી હતી. વિચાર ઉત્તમ હતો પરંતુ તેને અમલમાં મૂકવા પણ સાંજ સુધી વાટ જોવી પડે તેમ હતું. કંઇ ભર દિવસે તો બંસરી વગાડી શકાય તેમ નહોતું, અને ખાસ કરીને ત્યારે કે જ્યારે મારી બંસી બજાવવા જરાસંધ આવી જ રહ્યો હોય. આનાથી તો ઉલ્ટું જગ-હાંસી થઈ જાત; બધાં કહેત કે જરાસંધનાં આવવાની સૂચનાએ જ કૃષ્ણને પાગલ કરી નાખ્યો. તેથી, હું આ ઈચ્છાને મનમાં જ ધરબી દઈને સીધો કુબ્જાને ત્યાં ચાલ્યો ગયો. નક્કી જ એ તો મને આટલા દિવસો પછી આવેલો જોઈને જ ઘેલી થઈ ગઈ. બસ,

સાંજ સુધી એની સાથે ગપ્પા હાંકતો રહ્યો અને એના સાથ-સંગાથનો આનંદ માણતો રહ્યો. સાંજ ઢળતાં જ રથ ઉપાડ્યો અને યમુના તટે જવા નીકળી પડ્યો. ત્યાં પહોંચતા જ દૂર કિનારે જઈને રથને રોક્યો અને તેની પાછળની બેઠકમાં બેઠા-બેઠા જ બંસીના સુર છેડી દીધા. હવે મારી વાંસળીની વિશેષતા તો તમે જાણો જ છો; એની ધૂન મારા જીવનના એ સુંદર પાનાંઓને ખોલી દેતી હતી, જેને વાંચીને હું ગમે તેવી જંજાળોમાંથી તરત જ છુટકારો પામી લેતો હતો. સાથે જ એની ધૂન મારા અંતરમાં છુપાયેલાં એ સુંદર સપનાંઓને પણ જગાડી દેતી હતી, જેમાં ખોવાયા પછી મારા વર્તમાન દુ:ખ-દર્દ ભુલાઈ જતાં હતા. આજે પણ એજ આશા સાથે વાંસળીના શરણે ગયો હતો કે એ મને વૃંદાવનની સુંદર ‘કુંજ’ ગલીઓમાં વિહાર કરવા લઈ જાય. પણ શું કહું, અત્યારે બંસીની તાન પણ કંઈ બરાબર જામી નહોતી રહી. કાંઈ વાંધો નહીં. યમુનાનું વહેતું પાણી આમ પણ મારો આત્મા હતું. તેથી, રથમાંથી ઉતરીને યમુનાકિનારે ફરવાનું ચાલુ કરી દીધું. આમ પણ મન આજે યમુનાનાં વહેતા પાણી સાથે એકાંત માગી જ રહ્યું હતું, બસ, કિનારે ચાલતા ચાલતા હું ઘણો દૂર નીકળી ગયો. લોકોની આવ-જાથી દૂર... ઘણે દૂર, જ્યાં કોઈ જોવાવાળું ન હોય, કોઈ સાંભળવાવાળું ન હોય. અંતે એક સૂમસામ સ્થળે વૃક્ષ નીચે શરણ લીધું અને થોડી વાર આંખો બંધ કરીને ત્યાંજ બેસી રહ્યો. મનને શાંત કર્યું. જ્યારે મન સંપૂર્ણ રીતે શાંત થઈ ગયું તો જઈને યમુનાનાં જળમાં પગ પ્રસારી દીધા. આમ કરવાથી પૂરી રીતે તાજો માજો થઈ ગયો. હવે ખબર નહીં કે અત્યારે પોતાને બંસીના સુરમાં મગ્ન કરી દેવા માટે તૈયાર કરી રહ્યો હતો કે પછી વ્યાકુળતાને કારણે જાત સાથે જ ખેલ ખેલી રહ્યો હતો. ભલે જે પણ હોય, ફરી એક વાર સામે વહેતી યમુનાને નિહાળતા નિહાળતા બંસીની તાન છેડી દીધી. હમણાં હું ખરેખર ખૂબ જ મનમોહક મુદ્રામાં બેઠો હતો. વૃક્ષનો ટેકો ચોક્કસ લીધેલો હતો, પણ બંને પગ પૂર્ણપણે ફેલાવી દીધા હતા. ...અને બંસી તો હોઠોંથી લાગેલી હતી જ, બસ, શીઘ્ર જ તેની ધુનમાં ખોવાતો ચાલ્યો, ડૂબતો જ ગયો. ...આજે પણ બંસીએ મને દગો ન દીધો. આ વખતે એની ધૂન શું છેડાઈ... એ મને વૃંદાવન લઈ ગઈ. ...મા તો મને જોતાં જ ઘેલી થઈ ગઈ. કમાલની સ્ત્રી હતી એ; આટલો મોટો થઈ ગયો હતો, છતાં પણ એ મને પોતાનાં હાથે જ ખવરાવવા માંગતી હતી. માખણની કેટલીય મટકીઓ લઈને બેસી ગઈ હતી મને ખવરાવવા. આ તરફ હું પણ માના પ્રેમમાં એવો તણાઈ ગયો કે બધું સફાચટ કરી ગયો હતો. તેટલામાં ગોપીઓ આવી ચડી ને એ તો મને ઘેરીને જંગલમાં લઈ ગઈ. ...ત્યાં એવો રાસ રચાવ્યો કે હું સંપૂર્ણ રીતે ઝૂમી ઊઠ્યો. એવો તો ઘેલો થયો કે એક એક કરીને બધીને થકવી મૂકી, પરંતુ હું તો રોકાવાનું નામ જ નહોતો લઈ રહ્યો. બીજી તરફ ગોવાળોની તો ઘેલછા જ કંઈક અલગ હતી. એ સવારે ઉઠતાવેંત મને પકડીને સીધા ગોવર્ધન લઈ ગયા. તરત રમવા-કૂદવાનું શરૂ થઈ ગયું. આજે તો એ દરેક રમતમાં મારી સામે એવી રીતે હારી રહ્યા હતા જાણે કે રમવાનું જ ન ભૂલી ગયા હોય. અને રાધાની તો વાત જ ના પૂછો... પહેલા દિવસથી આજ સુધી એ બિલકુલ બદલાઈ નહોતી. થોડો પ્રેમ-થોડો ઝઘડો. પ્રેમ કરતાં કરતાં ઝઘડી પડતી હતી અને ઝઘડતાં ઝઘડતાં જ પ્રેમ કરવા લાગતી હતી. ક્યારેક વખાણ કરતાં કરતાં ફરિયાદ કરવા લાગતી હતી, તો ક્યારેક ફરિયાદ કરતાં કરતાં પ્રેમ કરી બેસતી હતી. ક્યારેક ગોપીઓ સાથે રાસ રચાવવાને કારણે મારી સામે ડોળા કાઢતી, તો ક્યારેક ગોવાળો સાથે રમવા કેમ ગયો... કહીને ધમકાવતી. મારી તો શું વાત કરું? હું તો રાધાનો અજબ દીવાનો હતો જ. મને તો એનો પ્રેમ અને ઝઘડો બંને સરખા ગમતા હતા. વાહ મારી વાંસળી! કેવી શાતા આપી હતી. એટલું મન ભરીને જીવી લીધું હતું વૃંદાવનમાં કે હવે જરાસંધ આવીને મારી નાખે તો પણ કોઈ રંજ નહોતો.

બસ, હજુ તો આ વિચારની સાથે બંસીની ધૂન અટકી જ હતી કે અચાનક હું ફરી બેચેન થઈ ગયો. એવું લાગ્યું જાણે કાંઈક અધૂરપ રહી ગઈ છે. અચાનક જ મન ઉદાસ થઈ ગયું. ત્યારે જ યાદ આવ્યું...! બધાને મળ્યો પણ મારો જીવ જેનામાં છે એને મળવાનું તો રહી જ ગયું. ન સમજ્યાં? ...રુક્મિણી. પરંતુ એમાં વાંસળીનો શું વાંક? ભલા એને વૃંદાવનમાં ક્યાંથી મળી શકાતું હતું? જોકે રાત ઘણી થઈ ચૂકી હતી, પરંતુ આ ગાંડો-ઘેલો રુક્મિણીને મળ્યા વિના કેવી રીતે પાછો જઈ શકવાનો હતો? યમુના સામે જ વહી રહી હતી, બસ, હાથ-મોં ધોઈને ફરી વૃક્ષ નીચે આસન જમાવ્યું. ફરી વાંસળીની ધૂન રેલાવી. એ તરફ વાંસળી પણ આજે મારી દરેક ખુશી પૂરી કરવા ઉતાવળી થઈ હોય એવું લાગતું હતું; કદાચ એને પણ સમયની તાણનો અહેસાસ થવા લાગ્યો હતો. જે પણ હોય તે, હમણાં તો વાંસળીએ તત્ક્ષણ રુક્મિણીને મળવાની વ્યવસ્થા પણ કરી દીધી. એ આવી વસી મારા ચેતનામાં. આજે બોલવાનો વારો મારો હતો. ...એને ઘણું બધું સમજાવવાનું અને કહેવાનું હતું. જોકે હું પણ ગજબ હતો, સમજાવતા-સમજાવતા એની ક્ષમા પણ માગી લીધી. ...ક્ષમા એ વાત માટે કે એને લાયક બની શકું, એ પહેલા જ આ ભયાનક મુસીબત આવી ગઈ. હવે જ્યારે રહેવાનું ઠેકાણું જ બચ્યું નથી તો રાજ્ય શું ધૂળ સ્થાપી શકવાનો? એ તરફ ભોળી રુક્મિણી તો આ સાંભળતા જ રોઈ પડી. ...મારાથી એનું રુદન ન જોઈ શકાયું. વિચલિત હૈયે મેં એને તરત જ સાંત્વના પણ આપી દીધી- રડ નહીં ગાંડી! મારા પર ભરોસો રાખ. મારો તો જન્મ જ કારાગૃહમાં થયો છે. પહેલા જ દિવસે મોતને થાપ આપીને જેલમાંથી ભગાડવામાં આવ્યો હતો. પછી તો જીવનભર ન કેવળ મુસીબતોમાં જ રહ્યો છું, બલ્કે મોતના પાલવમાં જ ઉછર્યો છું. હવે તો સંકટો પર વિજય મેળવવાની અને મોતને થાપ આપવાની જાણે કે આદત પડી ગઈ છે. આ સંકટમાંથી પણ ઉગરી જ જઈશ. કોઈક દિવસે મોતને થાપ આપીને તારી સામે પ્રકટ થઈશ. ...ચિંતા ના કર મારી ગાંડી; સંકટ ટળતા જ કઠોર પરિશ્રમ કરીને તારે લાયક બનીશ. મારો વિશ્ર્વાસ કર, આજે નહીં તો કાલે તારી સાથે વિવાહ જરૂર કરીશ. ...આ સાંભળતાં જ એ હસી પડી. એણે ખરેખર ઘણી રાહત અનુભવી. આ રીતે પ્રસન્ન અને હસતી રુક્મિણીને જોઈને આ ગોવાળ કેટલો તૃપ્ત થયો, શું કહું? આ

રમતમાં જ મધરાત પણ વીતી ગઈ. વીતવા દો, હવે જ્યારે જીવનની જ અંધારી રાત થવા આવી ગઈ, તો આ એક રાતની પરવા કોણ કરે? હમણાં તો મજા પડી ગઈ. વાહ મારી વાંસળી. વૃંદાવનમાં વિહાર પણ કરાવી લાવી અને રુક્મિણી સાથે મિલન પણ કરાવી આપ્યું. એક તારા ઉપર જ તો મારું અસ્તિત્વ ટકેલું છે, ...આમ કહેતા મારી વહાલી વાંસળીને ચૂમી લીધી. હવે હું સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગયો હતો. પછી ઘરે જઈને સૂઈ ગયો તો સીધો ભોજનના સમયે જ ઊઠ્યો.

...ખરેખર, એક જ દિવસની કોશિશથી હું માનસિકરૂપે આ મહામુશ્કેલીથી મુક્ત થઈ ચૂક્યો હતો. જ્યારે કંઇ કરી શકવું એ આપણાં હાથમાં ન હોય તો નાહકની ચિંતા શું કામ કરવી? બસ, હવે તો જે કંઈ ગણ્યા-ગાંઠ્યા દિવસો છે એમાં મનભરીને જીવવાનું નક્કી કરી લીધું. જ્યારે નાનાજી કહેશે મથુરા છોડો ત્યારે જોયું જશે. હા, નહીં તો 'ખબર નથી પળની અને ચિંતા કરું કાલની', ગાંડો થોડો છું...? ચાલો આ તો ઠીક, પણ સવાલ એ હતો કે અત્યારે મારી પાસે હવે કંઇ કામ તો હતું નહીં, કામના નામ પર બહુ બહુ તો નાનાજીના આમંત્રણ અર્થાત્ મારી મોતના ફરમાનની રાહ જોઈ રહ્યો હતો. વળી હા, જીવવાના નામ પર રોજ કુબ્જાના હાથોનું શરબત અવશ્ય પી રહ્યો હતો. એટલે સાવ નિરાશ્રય પણ નહોતો થઈ ગયો. મસ્તી ખાતર એની પાસે માલિશ કરાવતો હતો, તો ધીંગા-મસ્તીના નામ પર મથુરામાં અહીંથી ત્યાં રથ પણ દોડાવતો હતો. અને નિરાંત માટે વહી જતી યમુનાને તાક્યા કરવા રોજ ત્યાં પહોંચી જ જતો. મજા તો એ કે આ બધું કરતાં-કરતાં ત્રણ દિવસ વીતી ગયા પરંતુ રાજમહેલ તરફથી કોઈ આમંત્રણ ન આવ્યું. એનાથી પણ મોટી મજા એ કે પિતાજી સાથે રોજ મેળાપ થઈ રહ્યો હતો પણ એ તો એવા અજાણ બની ફરતા હતા કે જાણે કંઇ થયું જ ન હોય. કદાચ મારામાં નાટકીયતા એમનામાંથી જ આવી હશે. હશે, અત્યારે તો નાનાજીનું આમંત્રણ ન આવવાવાળી વાત સમજમાં નહોતી આવી રહી. બની શકે કે કદાચ નાનાજી મને મથુરા છોડવાનું કહેવાની હિંમત એકઠી કરી શકતા નહોતા. આમ તો હું પણ કાંઈ ઓછો કલાકાર થોડો જ હતો, મેં જ્યારથી આ સાંભળ્યું હતું, રાજમહેલ જવાનું જ બંધ કરી દીધું હતું. ભલા હું પોતે સામે ચાલીને મોતના મોંમાં શું કામ જાઉં? મારું સ્પષ્ટપણે માનવું હતું, સામે ચાલીને મોતના મોંમાં જવા કરતાં તો બહેતર છે કે મોતને સામે ચાલીને આપણા સુધી આવવા દઈએ. કમસેકમ આ બહાને મોત થોડા સમય માટે તો ટળી જાય.

...હવે મૃત્યુ ભલે ટળી રહ્યું હોય, પણ માથે ભમી તો રહ્યું જ હતું. આવામાં જેમના કારણે આ મૃત્યુ માથે આવી પડ્યું હતું, એ વાતને ભૂલવું પણ સહેલુ નહોતું. હું ચાહું કે ન ચાહું, એક વાત મને હજુ પણ પરેશાન કરી રહી હતી કે જે મથુરાના અસ્તિત્વ માટે હું આટલા વર્ષો લડ્યો, આજે એણે જ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે મને ઠુકરાવવામાં એક ક્ષણ પણ ન લગાડી. ભલા આ ક્યાંનો રિવાજ હતો? અને જો દુનિયાનો આજ રિવાજ છે, તો એનો ચોખ્ખો અર્થ એ થયો કે મારે જીવવા માટે મારું અસ્તિત્વ મથુરા કરતાં પણ વિસ્તારવું પડશે. હવે જો જીવતા રહીશું તો આ પણ કરી લઈશું. આજે તો જ્યાં જીવવાના જ સાંસાં પડ્યા છે, તો આવામાં આ બધાં હવાઈ કિલ્લા બાંધવાનો શું મતલબ? ...પછી સવાલ એ કે ફાયદો હોય કે ન હોય, એ હકીકતનો સ્વીકાર તો કરવો જ રહ્યો કે છેવટે હું વાટ તો મૃત્યુની જ જોઈ રહ્યો હતો. હવે આમ તો હું પહેલાં પણ ઘણીવાર મોતની રાહ જોઈ ચૂક્યો છું, ધીમે ધીમે તો કુટિલતાપૂર્વક એની રાહ જોવાની ટેવ પણ પડી ગઈ હતી. તો પણ આ વખતની પ્રતીક્ષા કંઈક અનોખીજ હતી, કારણ કે આ વખતે સ્વજનોએ જ માર્યો હતો. હશે, આ વખતે પણ વધારે રાહ ન જોવી પડી. બે દિવસ પછી જ રાજમહેલ તરફથી આમંત્રણ આવી ગયું. હું તો મારા મોતનું ફરમાન સાંભળવા તૈયાર જ બેઠો હતો. સંપૂર્ણ નિશ્ચિંતતા સાથે રાજમહેલ જઈ ચડ્યો.

પરંતુ આ શું...? મારી અપેક્ષા વિરુદ્ધ, નાનાજી ઘણા પ્રસન્ન લાગી રહ્યા હતા. કદાચ મને આશ્ચર્યમાં નાખવાનો એમનો સ્વભાવ બની ગયો હતો. જોકે ધ્યાનથી જોતાં, એમના ચહેરા પર આજે છવાયેલી આ પ્રસન્નતા મારા જીવન માટે કોઈ શુભ સંકેત જ કરી રહી હતી. કેમકે જો એવું ન હોત તો આ સમયે એ માથે હાથ મૂકીને રોઈ રહ્યા હોત. મનમાં ને મનમાં મેં ઘણી નિરાંત અનુભવી, છતાં પણ વાતની ખાત્રી થઈ જાય તો સારું. પરંતુ એ તો ત્યારે જ થઈ શકવાની હતી જ્યારે નાનાજી પોતાનું મોં ખોલે, જ્યારે હજુ તો એવા કોઈ સંકેત દેખાતા નહોતા. કારણ કે અહીં તો એક વધારાનું વિસ્મય મારી સામે પ્રકટી રહ્યું હતું. નાનાજીના સિંહાસન પર નાનાજી નહીં, કોઈ આચાર્યજી બેઠા હતા. આ દ્રશ્ય પણ હું પહેલી જ વાર જોઈ રહ્યો હતો. ચાલો એ તરફ મગજ ન દોડાવું તો પણ હવે એમની સામે કોઈ આડી-અવળી વાત થોડી થવાની હતી? કાંઈ વાંધો નહીં, પહેલાં કર્તવ્ય નિભાવવામાં આવે. મેં તરત જ પહેલા નાનાજી અને પછી આચાર્યજીના ચરણસ્પર્શ કર્યા. તરત નાનાજીએ આચાર્યજી સાથે મારી ઓળખાણ કરાવી. એ 'આચાર્ય સાંદીપનિ' હતા. તેઓ ખરેખર બહુ જ પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવતા હતા. હું પહેલી નજરે જ એમનાથી પ્રભાવિત થયા વિના ન રહી શક્યો. જોકે મેં જીવનમાં જોયું જ શું હતું? આચાર્ય શ્રુતિકેતુજી બાદ, પહેલી વાર કોઈ અન્ય આચાર્યને જોયા હતા, એ રીતે જોઈએ તો મારું પ્રભાવિત થવું સહજ પણ હતું. એમ તો હું વાતાવરણથી પણ ઘણો પ્રભાવિત થઈ રહ્યો હતો. અત્યારે દરબારમાં ન તો કોઈ સૈનિક હતો કે ન સેવક. સિંહાસન પર આચાર્યજી બિરાજમાન હતા અને એમની આસપાસની બેઠક પર હું અને નાનાજી બેઠા હતા. સાચું કહું તો આ એકાન્ત ખૂબ જ જીજ્ઞાસાપ્રેરક હતું. હશે, અત્યારે તો વાતચીતનો દોર નાનાજીએ હાથમાં લીધો. એમણે મારી સામે જોઈને કહ્યું- આચાર્ય સાંદીપનિજી આ સમયે આર્યાવર્તના શ્રેષ્ઠ આચાર્યોમાંના એક છે.

...આટલું કહીને તેઓ મૌન થઈ ગયા. ઠીક છે, મેં એમને ફરી એક વાર પ્રણામ કરી લીધા. ...પણ મનમાં ને મનમાં ખૂબ અકળાઈ ઊઠ્યો. હવે એ તો એમના પ્રભાવ પરથી જ વર્તાય છે. ...પણ મારા માથે ભમી રહેલી મુસીબત માટે કંઇ વિચાર્યું છે કે નહીં? દ્રશ્ય તો એવું જામ્યું હતું કે આ તરફ હું મારી ચિંતામાં અટવાયેલો હતો, અને ત્યાં નાનાજી તો પોતાની જ ધૂનમાં હતા. મારા હાવ-ભાવ પર એમનું ધ્યાન જ નહોતું જતું. ત્યાં સુધી કે આ વખતે તેમણે ઉત્સાહપૂર્વક આચાર્યજી ને સંબોધન કરતાં કહ્યું- આ મારો પૌત્ર 'કૃષ્ણ' છે. એ ઘણોજ પ્રતિભાશાળી અને બહાદુર છે. આજે મથુરામાં એનાથી વધારે સમજદાર કોઈ જડે એમ નથી. એ જેટલો બુદ્ધિશાળી છે એટલો જ શૂરવીર પણ છે. એણે જ કંસનો વધ કર્યો હતો, અને એની જ વ્યુહાત્મક રણનીતિના કારણે મથુરાને જરાસંધથી પણ બચાવી શકાયું છે. આ વખતે તો હું હજુ વધારે ઉકળી ઊઠ્યો. હવે અત્યારે મારી બહાદુરી અને સમજદારીની વાતો કરવાની શી તુક? એટલો જ બહાદુર છું તો મથુરાથી શું કામ ભગાડી દેવાના છો? હજુ તો મેં આમ વિચારવાનું શરૂ જ કર્યું હતું કે ત્યાંજ નાનાજીએ એક વધુ આશ્ચર્યજનક ઝટકો મારા અસ્તિત્વ પર ચોડી દીધો. મારા પરમ આશ્ચર્ય વચ્ચે નાનાજીએ આચાર્યજીને વિનંતી કરતાં કહ્યું- આચાર્યજી! હું એ તો જાણું જ છું કે આની ઉંમર હવે શિક્ષણ મેળવવા લાયક નથી રહી; પણ સંજોગવશાત આ બાળક શિક્ષણથી વંચિત રહી ગયો છે. એટલે, તમારો મોટો ઉપકાર થશે જો તમે આ ગુણવાનને કેળવણી આપવાનું સ્વીકારો. ...હું તો ચકિત થઈ ગયો. મારું ચકિત થવું સ્વાભાવિક હતું. આમ તો હું શું, તમે પણ ચકિત થઈ ગયા હશો. ક્યાં તો એમ વિચારીને આવ્યો હતો કે નાનાજી મને મથુરા છોડવાની જાણ કરશે. પણ અહીં તો નાનાજી મને 'સાંદીપનિ' [44] જેવા શ્રેષ્ઠ આચાર્યને ત્યાં વિદ્યા અભ્યાસ માટે મોકલવાની ગોઠવણ કરી રહ્યા હતા. જોકે મેં શરૂઆતથી જોયું છે, નાનાજીની બાબતમાં પહેલેથી ધારણા બાંધીને રાખવી એ પોતાને જ ખોટા પુરવાર કરવાનું સિદ્ધ થાય છે.

...તો ખોટા પુરવાર થઈ ગયા. પણ અત્યારે તો ભણવાની વાત સાંભળીને આ અભણ ગોવાળ કેટલો ખુશ થયો હશે એની તમે કલ્પના સુદ્ધાં નહીં કરી શકો. પરંતુ ફરી તરત જ ઉદાસ પણ થઈ ગયો. જીવતો રહીશ તો શિક્ષણ મેળવીશ ને? હવે નાનાજી દુનિયાભરની વાતો કર્યે રાખે છે, પણ મારા માથે જે કાળ નાચી રહ્યો છે, એ બાબત તો કંઇ જ બોલી નથી રહ્યા. ...હવે તો મને રહીરહીને નાનાજી પર ખીજ પણ ચડતી હતી. ત્યાંજ મારા મનમાં ફાળ પડી, ઉંમરનો તકાજો છે, ક્યાંક એવું તો નથીને કે ઉંમર થવા આવી છે એટલે નાનાજી જરાસંધવાળી વાત સાવ ભૂલી ગયા હોય? એવું જ હશે, કદાચ એટલે જ તો ન કેવળ અકારણ હરખાઈ રહ્યા છે, બલ્કે મને શિક્ષિત કરવાના દિવાસ્વપ્ન પણ જોઈ રહ્યા છે. જરૂર ભૂલી ગયા હશે કે મને મથુરામાંથી હદપાર કરવાનો છે. લાગે છે મારા પ્રેમે એમને પાગલ કરી મૂક્યા છે. મારા પર આવેલી મુસીબતને કારણે એમનાં માનસિક સંતુલનમાં ગરબડ ઊભી થઈ હોય એવું લાગે છે. અને પુરાવો એ છે કે એટલે જ તો પોતાનાં સ્થાને આચાર્યજીને સિંહાસન પર બેસાડ્યા છે. લ્યો, જ્યાં એક તરફ મારા મનમાં આ બધું ચાલી રહ્યું હતું, તો ત્યાં બીજી તરફ આચાર્યજીએ ગંભીરતાપૂર્વક મારી ઉલટતપાસ લેવાનું શરૂ પણ કરી દીધું. એમણે ખૂબ ધ્યાનપૂર્વક મને નખશિખ જોયો. એટલે કે એમણે નાનાજીની વાતને સંપૂર્ણ ગંભીરતાથી લીધી હતી. જીવનમાં પહેલી વાર કોઈ મારી પરીક્ષા લઈ રહ્યું હતું. હવે આટલા મોટા આચાર્ય પાસેથી શિક્ષણ લેવાની ઈચ્છા કોને ન હોય? ખાસ કરીને મારા જેવા ગોવાળ માટે તો આ રુક્મિણીનું સપનું સાકાર કરવા સમાન હતું. હવે એ તો હતું જ, પણ અહીં તો ફરી કમાલ થઈ ગઈ; રુક્મિણીની યાદ આવતાં જ હું પણ જરાસંધને ભૂલી આચાર્યજી અને નાનાજીની સંગાથે જોડાઈ ગયો. માથે ભમી રહેલ મોતને ભૂલીને, શિક્ષિત થવાના સપનાંઓમાં ખોવાઈ ગયો. વિચાર્યું, આ ગાંડપણમાં ખોટું શું છે, જો એનાં કારણે હાલ પૂરતી તો મજા પડી રહી હોય? બસ, બધું ભૂલીને મેં પણ શિક્ષિત થવાની ઉત્સુકતાનું નાટક શરૂ કરી દીધું.

...સહુથી મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે ક્યાં માથે મોત ભમી રહ્યું હતું અને ક્યાં જીવનમાં આગળ વધવાની વાત ચાલી રહી હતી. નક્કી જ આવામાં સકારાત્મક બાબતોને જ સાથ આપવો બહેતર હોય છે. કમસેકમ એના લીધે સુંદર સપનાં જોવાનો મોકો તો મળે છે. ચાલો આ તો મારી વાત થઈ, પણ એ તરફ આચાર્યજીએ મારામાં એવું તે શું જોઈ લીધું કે તેઓ એક ગહન ચિંતનમાં ડૂબી ગયા. આ તરફ હું આશાભરી નજરે એમની મુદ્રાને ન જોતાં, અપલક એમની સહમતિની એમ રાહ જોઈ રહ્યો હતો જાણે કે ખરેખર શિક્ષિત ન થવાનો હોઉં. જોકે થોડું વિચાર્યા પછી જ આચાર્યજી મને શિક્ષણ આપવા માટે રાજી થઈ ગયા. મેં પણ ખુશી અનુભવતો હોઉં તેવું નાટક કરતાં કરતાં તત્ક્ષણ આચાર્યજીના ચરણ સ્પર્શ કરીને એમના આશીર્વાદ લીધા. એ તરફ આચાર્યજી રાજી થતાં જ, નાનાજી આ ઉંમરે પણ ખુશીથી ઝૂમી ઉઠ્યા. એ તો ઠીક, પણ ખુશીનાં અતિરેકને કારણે, નાનાજીના મોંમાંથી નીકળી ગયું - ચાલો, તમારા આશ્રમમાં મારો 'કનૈયો' સુરક્ષિત તો રહેશે.

આ સાંભળતાં જ આચાર્યજીએ આશ્ચર્યથી પૂછ્યું- એટલે...?

હું પણ તદ્દન ચોંકી ઊઠ્યો હતો. આ તરફ નાનાજીને પણ લાગ્યું કે કંઈક કાચું કપાયું છે. પણ હવે શું થાય? આચાર્યજી આગળ ગલ્લા-તલ્લા કરી શકાય તેમ નહોતું. એટલે એમણે જરાસંધની આખી ઘટનાની જાણ કરતાં કહ્યું- કનૈયો પ્રતિભાશાળી છે એમાં કોઈ બેમત નથી. હું એને શિક્ષિત જોવા માંગુ છું, એ પણ સત્ય છે. પરંતુ અત્યારે મારી પહેલી પ્રાથમિકતા એને જરાસંધરૂપી મોતના સકંજામાંથી બચાવવાની છે, જે કોઈપણ ઘડીએ એને મારવા માટે મથુરા આવી પડવાનો છે. હવે તમે તો જાણો જ છો કે આશ્રમ ઉપર રાજકીય હુમલો વર્જ્ય છે; એટલે આ શિક્ષિત પણ થઈ જશે ...અને સુરક્ષિત પણ રહેશે.

આટલું કહીને નાનાજીએ ઘણી આશાભરી નજરે આચાર્યજીની સામે જોયું. આ તરફ આચાર્યજીએ પહેલા નાનાજીને અને

પછી મને જોયો. હું તો આશ્ચર્યમિશ્રિત આનંદથી ગદ્‌ગદ્ થઈ ગયો હતો. આ તો ખરેખર કમાલ થઈ ગઈ હતી. માનવું પડશે, નાનાજીએ બહુ લાંબી વ્યુહરચના કરી હતી. અને આ તરફ હું ગાંડો નાહકમાં એમના વિશે ગેરસમજ કરી રહ્યો હતો. મને મારા પ્રેમાળ નાનાજી પર ખૂબ જ પ્રેમ ઉભરાયો. સાથે જ પોતાની જાત પર થોડો ક્રોધ પણ આવ્યો કે કેવું કેવું વિચારેલું નાનાજી માટે. હવે તો હું પણ આચાર્યજીની સામે ઘણી આશાભરી નજરે મીટ માંડી રહ્યો હતો. નક્કી જ આજે મારા જીવન-મરણનો ફેંસલો એમના હાથમાં હતો. ...એ તરફ, થોડી વાર વિચાર્યા પછી એમણે ખૂબ પ્રેમથી મને પોતાની પાસે બોલાવ્યો અને જાણે આશીર્વાદ આપી રહ્યા હોય, એ રીતે માથે હાથ ફેરવીને બોલ્યા- જેણે કંસ જેવા પાપીનો વધ કર્યો હોય, એવા હોનહારને શિક્ષણ આપવું એને હું મારું કર્તવ્ય સમજું છું.

...લો! આ તો વાત પાક્કી થઈ ગઈ. એટલે પાસું જ પલટાઈ ગયું. બચી તો ગયો જ, સાથેસાથે વિદ્યાભ્યાસ કરવાનો અવસર પણ મળી ગયો. સ્વાભાવિક રીતે, વાતાવરણ એકદમ ખુશનુમા થઈ ગયું હતું. થોડી વાર તો અહીં-તહીંની વાતો થતી રહી કે ત્યારે મને યાદ આવ્યું... મારું તો ઠીક, પણ ભાઈનું શું? જરાસંધરૂપી મોત તો અમારા બંનેના માથા પર એકસરખું જ ભમી રહ્યું છે. હું એમને છોડીને તો ન જઈ શકુને? તો શું કરું? વાત ફરી ત્યાંને ત્યાં આવીને ઊભી રહી ગઈ. નહીં... નહીં... જો આચાર્યજી ભાઈને પણ શિક્ષિત કરવા માટે રાજી થઈ જાય તો જ વાતનો મેળ પડી શકે છે. ...પણ મેળ પડે કેવી રીતે? પરંતુ આચાર્યજીનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી હતું કે કંઇ કહેવાની હિંમત નહોતી થતી, છતાં પણ કહેવાનું તો હતું જ. તેથી, આખરે મેં હિંમતપૂર્વક આચાર્યજીને વિનંતી કરીને પૂછી જ લીધું- જો તમે મારા ભાઈ બલરામને પણ મારી સાથે શિક્ષિત કરવાનું સ્વીકારો તો તમારો મોટો ઉપકાર થશે. કારણ કે જન્મ્યો ત્યારથી આજ દિવસ સુધી હું એક દિવસ પણ મારા ભાઈથી જુદો નથી રહ્યો. આમ તો ભાઈ પણ ઘણા ગુણવાન અને બળવાન છે. ગદાયુદ્ધમાં તો એટલા નિપુણ છે કે એમણે જરાસંધ જેવા ગદાધારીને ઘણા દિવસો સુધી ગદાયુદ્ધમાં ટક્કર આપી હતી. એમને પણ તમારા જેવા કોઈ આચાર્યજીના આશીર્વાદની અભિલાષા છે.

...આ વખતે આચાર્યજીએ વધારે સમય ન લીધો. થોડી વાર બાદ જ એમણે મને એમની પાસે બોલાવ્યો અને ફરી મારા માથા પર હાથ ફેરવતા કહ્યું- હું તારી વાત તો માની લઉં છું, પરંતુ ધ્યાન રાખજે શિસ્ત મારા આશ્રમની પહેલી જરૂરિયાત છે. કેમકે અત્યાર સુધી તમે લોકો સ્વચ્છંદતાથી જીવન જીવતા આવ્યા છો, બની શકે છે કે કડક શિસ્તને લીધે તમને મારો આશ્રમ કારાગૃહ લાગશે. મેં હસીને કહ્યું- આચાર્યજી! તમે એ વાતની ચિંતા ન કરો. મારો તો જન્મ જ કારાગૃહમાં થયો છે. આ સાંભળીને આચાર્યજી હસી પડ્યા. કહેવાની જરૂર નથી કે એ મારા હાજર-જવાબીપણાંથી ઘણા પ્રભાવિત થયા. એ તો થવાનાં જ હતા, પણ આગળ જતાં આચાર્યજીએ મને બીજી એક ગંભીર વાત કહી. એમણે કહ્યું- મારા આશ્રમમાં મોટા ભાગના વિદ્યાર્થી રાજ-પરિવારમાંથી છે, અને એ ઘણાં વર્ષોથી શિક્ષણ મેળવી રહ્યા છે. એટલે તમારે બંનેએ એમના સ્તર સુધી આવવા માટે ન કેવળ આકરી મહેનત કરવી પડશે, બલ્કે સાથે જ ગોવાળ હોવાની લઘુતાગ્રંથિથી પણ ઉગરવું પડશે. વાત તો એમણે બહુ મહત્વની કહી હતી, પણ મને પોતાની ઉપર વિશ્ર્વાસ હતો જ; બસ, મેં પણ ઘણા આત્મવિશ્ર્વાસ સાથે કહ્યું- તમારા આશીર્વાદથી અમે તમને નિરાશ નહીં કરીએ.

...અને પછી આટલું કહેતા કહેતા બંનેને ચરણસ્પર્શ કરીને હું ત્યાંથી નીકળી ગયો. કારણ કે મને એવું લાગ્યું કે નાનાજી અને આચાર્યજી એકાંતમાં થોડી વાતો કરવા માગે છે, વળી બીજી બાજુ હું આ ખુશખબર ભાઈને આપવા માટે અધીરો બની રહ્યો હતો. કહેવાની જરૂર નથી કે આ સમયે મારી પ્રસન્નતાનો કોઈ પાર નહોતો. હું શું, આજે મારો રથ પણ હવામાં ઉડી રહ્યો હતો. ક્યાં થોડી ઘડીઓ પહેલા જીવવાના સાંસા પડી રહ્યા હતા અને ક્યાં હવે ‘કનૈયા-મહારાજ’ શિક્ષિત થવા જઈ રહ્યા હતા. ...એ પણ સાંદીપનિજીના આશ્રમમાં, જ્યાં જરાસંધ તો શું, એનું ભૂત પણ પહોંચી શકે એમ નહોતું. એટલે “કનૈયો” હવે સંપૂર્ણ રીતે સુરક્ષિત હતો, કારણ કે આર્યાવર્તની પ્રવર્તમાન પ્રણાલી અનુસાર, આશ્રમ પર કોઈપણ પ્રકારનો રાજકીય હુમલો કરવો અથવા બીજા કોઈ પ્રકારની હિંસા કરવી એ પ્રતિબંધિત હતું. આવામાં જરાસંધ જેવા મોટા રાજા પાસેથી આ કદાપિ અપેક્ષિત નહોતું કે એ આર્યાવર્તના પ્રચલિત નિયમોનું ઉલ્લંઘન કરે. ખરેખર સદ્‌ભાગ્યે નાનાજીની એક જ ચાલથી જીવન પણ બચી ગયું હતું અને પ્રગતિનો માર્ગ પણ મોકળો થયો હતો. હું શિક્ષિત થઈ જઈશ; રુક્મિણીને લાયક બનવા તરફ એક ડગ વધારે આગળ ભરીશ; અચાનક જીવનમાં અજવાળું જ અજવાળું દેખાવા લાગ્યું. ખરેખર, રાત જેટલી અંધારી હોય છે, સવાર એટલી જ ઉજ્જવળ હોય છે. ...બસ, શર્ત એક જ છે અને તે એ કે કાળમીંઢ રાતમાં પણ મનુષ્યની આશા અને તેનો આત્મવિશ્ર્વાસ, બંને અડગ રહેવા જોઈએ.

ખેર! હું તો અંત:કરણપૂર્વક નાનાજીના પ્રેમની દૃઢતાનો ભક્ત થઈ ગયો હતો. આને જ તો પ્રેમ કહે છે. પ્રેમ કંઈ કોરી ભાવના કે શ્રેષ્ઠ શબ્દોનું જ નામ નથી, પ્રેમ તો પ્રેમ-પૂર્ણ પરિણામનું નામ છે. નાનાજી જાણતા હતા કે અમારે મથુરા તો છોડવી જ પડશે, પરંતુ એમને એ ચિંતા કોરી ખાતી હતી કે છેવટે અમે ક્યાં જઈશું? કારણ એ જાણતા હતા કે જરાસંધનો તો આખા આર્યાવર્તમાં દબદબો છે, એટલે અમે ગમે ત્યાં જઈએ, પણ પરિસ્થિતિ મથુરાથી જુદી તો નહોતી જ થવાની. ખરેખર જ્યારે પ્રેમ ખરા હૃદયનો હોય, તો એ રસ્તો શોધી જ લે છે. ...અને જુઓ, અંતે એમના પ્રેમે ‘આચાર્ય સાંદીપનિ’ના રૂપમાં અમારા જીવિત રહેવાની એક સુરક્ષિત જગ્યા શોધી જ કાઢી. એ તો ઠીક, પણ આજે જીવનમાં પહેલી વાર દિલ કુદરતને પણ ધન્યવાદ આપી રહ્યું

હતું, કારણ કે નાનાજી મને બચાવવાની ગૂંચવણમાં અટવાયેલા હતા અને એ દરમ્યાન જ આચાર્ય સાંદીપનિજીનું મથુરામાં આગમન થયું હતું; અને ચોક્કસપણે બચવાનો રસ્તો તો આ સંજોગમાંથી જ નીકળ્યો હતો.

...ચાલો આ વાત પણ છોડો. આ તરફ જ્યારે મેં ભાઈને આ સમાચાર આપ્યા તો એમને કાંઈ ખાસ પ્રસન્નતા ન થઈ. એક તો એમને શિક્ષણમાં આમ પણ કોઈ વિશેષ રુચિ નહોતી, એવામાં એમનું માનવું હતું કે નાહકમાં શિસ્તના નામે ગુલામી શા માટે વેઠવી? આમ પણ ભાઈ રાજમહેલની અમારા મથુરા છોડવાની ઈચ્છાથી માહિતગાર નહોતા, નહીંતર કદાચ એમનો દ્રષ્ટિકોણ મારી સાથે મેળ ખાત. એ કદાચ સમજી જાત કે મોતથી તો ભલું અનુશાસન. સવાલ આ કે એ સમજે કે ન સમજે, મારે તો એમને સમજાવવું જ રહ્યું. તેથી જાત-ભાતનાં પ્રલોભન આપીને અને મીઠાં મીઠાં સપનાં બતાવીને કોઈક રીતે મેં ભાઈને પણ અભ્યાસ માટે રાજી કરી જ લીધા. આ બાજુ ઉદ્ધવને મેં પાછો વૃંદાવન મોકલી દીધો અને અમે જવાની તૈયારીઓમાં લાગી ગયા. હવે તૈયારી શું કરવાની હતી, બસ, ઉત્સાહને માર્ગ આપવાનો હતો. ...આ તરફ કુબ્જા આ સમાચારથી ઘણી દુ:ખી થઈ હતી. એજ જૂના રોદણા, એટલે એનાં દુ:ખનાં મૂળમાં છૂટા પડવાનું દુ:ખ જ હતું. મને તો એજ નહોતું સમજાતું કે પ્રેમમાં છૂટા કેવી રીતે પડી શકાય છે? મારા માનવા પ્રમાણે તો જે પ્રેમમાં છૂટા પડી શકાય એ પ્રેમ નથી, બલ્કે અહંકારની એક જરૂરિયાત-માત્ર છે.

ખેર! છોડો આ વાતોને. બે દિવસ પછી જ, અમારે સાંદીપનિજીના આશ્રમ ‘ઉજ્જયિની’ જવા માટે નીકળવાનું હતું. અને સાચું કહું તો મારાથી તો આ બે દિવસ પસાર જ નહોતા થઈ રહ્યા. તો પણ સમય પસાર તો કરવો જ હતો, તેથી મોટા ભાગનો સમય હું નાનાજી સાથે જ વીતાવી રહ્યો હતો. બીજી તરફ ભાઈ તો સાથે લઈ જવાની સાધન-સામગ્રી એકઠી કરવામાં લાગી ગયા હતા. મોકો જોઈને મેં પણ મારી એક લાંબી સૂચિ એમના હાથમાં પકડાવી દીધી હતી. ...ખબર નહીં કેટલા વર્ષ ત્યાં રોકાવું પડે? આ બધું તો ઠીક, પણ કહે છે ને કે શિયાળનું મોત આવે છે ત્યારે તે શહેર તરફ ભાગે છે. બસ, એજ અમારી સાથે પણ થયું. ઉત્સાહવશ અમે આચાર્યજીને સામાનની સૂચિ બતાવવા શું ગયા કે ભૂંડી રીતે ફસાઈ ગયા. આચાર્યજીના એક આદેશે બધાં કર્યાં-કારવ્યા પર પાણી ફેરવી દીધું. એમણે સ્પષ્ટ આદેશ આપ્યો કે અમે અમારી સાથે માત્ર બે જોડી કપડાં અને બે બીજી કોઈ વસ્તુ લઈ જઈ શકીએ છીએ. ભાઈ તો આ સાંભળતા જ ચોંકી ગયા. એક ક્ષણ માટે તો હું પણ ચોંકી ગયો હતો. પરંતુ મજબૂરી હતી; જીવનમાં પહેલી વાર કોઈની આજ્ઞા સાંભળવા માટે બંધાયેલો હતો. આમ તો આચાર્યજીએ પહેલાથી માનસિક રીતે તૈયાર કરી જ દીધા હતા કે આશ્રમમાં રહેવું હોય તો સ્વચ્છંદતા છોડી, શિસ્ત સ્વીકારીને ચાલવું પડશે. તેથી મેં એમ માનીને સંતોષ માન્યો કે ચાલો, સારું હતું અભ્યાસ અત્યારથી જ શરૂ થઈ ગયો. સ્વાભાવિક રીતે મેં મારી સાથે વાંસળી અને ચક્ર લીધાં અને ભાઈએ પોતાની ગદા અને હળ લેવાનું નક્કી કર્યું.

હશે, અત્યારે તો અમે ત્યાંથી ચૂપચાપ સરકી ગયા. આમ પણ બીજા કામો કરવાના હતા, ઉદાસ થવા સિવાયના. બસ, આ સઘળું ભૂલાવીને અમે આગળનાં કાર્યોમાં પરોવાઈ ગયા. આમ પણ હવે અમારી પાસે માત્ર બે દિવસનો સમય હતો અને આ બે દિવસોમાં કરવા માટે તો એટલું બધું હતું કે અન્ય કોઈ વાત માટે સમય નહોતો બચ્યો. જવાની તૈયારી તો કરવાની જ હતી, સાથે જ નાનાજીની સાથે પણ યોગ્ય સમય વિતાવવાનો હતો. કુબ્જાને પણ સંભાળવાની હતી. મા અને પિતાજીનાં આશીર્વાદ પણ લેવાના હતા. અને સહુથી મોટી વાત તો એ હતી કે મારે મારી જાતને એવો ભરોસો આપવાનો હતો કે અમે ખરેખર જઈ રહ્યા છીએ. શું કરું? જીવન છલાંગ જ એવી લગાવતું હતું કે પળભરમાં જ એક કિનારેથી બીજે કિનારે લાવીને ઊભો કરી દેતું હતું. ક્યાં લાગ જોઈને મોત તૈયાર ઊભું હતું, અને ક્યાં વિદ્યાભ્યાસ માટે પ્રારબ્ધ ખૂલી રહ્યું હતું? તેથી રહી રહીને દિલને ભરોસો દેવરાવવો પડી રહ્યો હતો.

ખેર! બે-દિવસનું શું હતું? મળવા-મેળવવામાં જ વીતી ગયા. આજે વહેલી સવારે અમારે નીકળવાનું હતું. એટલે વાત પાકી થઈ ગઈ હતી. હું ઉત્સાહિત અને ભાઈ ઉદાસ, બંને મા અને પિતાજીની સાથે સવાર થતાં થતાં રાજમહેલ પહોંચી ગયા હતા. અમારા પરમ આશ્ચર્ય વચ્ચે બહોળી સંખ્યામાં મથુરાવાસી પણ અમને વિદાય આપવા માટે ત્યાં પહેલેથી જ ઊભા હતા. હું ભાવુક થઈ ગયો. આ તો ફરી એક છેડેથી છલાંગ મારીને બીજા છેડે નીકળવા જેવું થયું હતું. ક્યાં તો મને હદપાર કરવામાં આવવાનો હતો અને ક્યાં આ ભાવવિભોર વિદાયનું સદ્ભાગ્ય સાંપડી રહ્યું હતું અને એ પણ કેવું કે રાજમહેલના મુખ્યદ્વારની બહાર જ અમે લોકો બધાં ઊભા હતા. સામેજ આઠ-દસ રથ પણ ઊભા હતા. સો આસપાસ લોકો અમને વિદાય આપવા આવ્યા હતા, જેમાં કુબ્જા અને સાત્યકિ તો હતા જ, સાથે ભાઈનાં અખાડાનાં ઘણા મિત્રો પણ હતા. હજુ તો અમે સહુની સાથે વાતચીત જ કરી રહ્યા હતા કે નાનાજી અને આચાર્યજી મુખ્યદ્વારથી પધાર્યા. એમના આવતાવેંત તત્પરતા વધી ગઈ. ચોક્કસપણે આચાર્યજીનાં આશીર્વાદ લેવા બધાં તૂટી પડ્યા. એ તરફ આ બધું પતાવીને, આચાર્યજીએ કેટલાક અંતિમ શબ્દો નાનાજીને કહ્યા અને તરત રથ પર સવાર થઈ ગયા. આ જોતાં જ અમે પણ ઉતાવળે સહુનાં આશીર્વાદ લીધા, સામાન રથમાં ચઢાવ્યો અને ચૂપચાપ રથમાં જઈને બેઠા. આ રીતે હાંફળા-ફાંફળા થવાનો પણ મારો આ પહેલો અનુભવ હતો. વિચારવાની વાત એ કે જો અહીં આ સ્થિતિ છે, તો આશ્રમમાં શું થશે? મારું તો સમજ્યાં, પણ પહેલેથી જ મન મારીને જઈ રહેલા ભાઈનું શું થશે? આ તરફ હું આ બધું વિચારતો રહ્યો અને ત્યાં અમારા બેસવાની સાથે જ રથ ચાલવા પણ લાગ્યો, અને આમ આ રીતે

અમારી "આશ્રમ" જવાની યાત્રા આરંભાઈ. આ સાથે જ જીવનએ એક નિર્ણાયક પડખું ફેરવ્યું. વૃંદાવનના આ અભણ ગોવાળો વિદ્યાભ્યાસ માટે જઈ રહ્યા હતા, એ પણ રાજકુમારોની સાથે; અને તે પણ આર્યાવર્તના શ્રેષ્ઠ આચાર્યોમાંના એકને ત્યાં.

ખેર! અમારા કાફલામાં બધું મળીને ચાર રથ હતા. એકમાં આચાર્યજી બિરાજમાન હતા, તો બીજામાં હું અને ભાઈ બેઠા હતા. અને આગળ પાછળ બે સેવકોના રથ ચાલી રહ્યા હતા, જેમાં યાત્રામાં ઉપયોગી થોડી આવશ્યક સામગ્રી પણ રાખી હતી. એટલે અમે ભલે ગોવાળો હોઈએ, પણ નાનાજી અમને રાજકુમાર જેવા ઠાઠથી જ મોકલી રહ્યા હતા. અત્યારે અમારો આ ખૂબસૂરત કાફલો મથુરાની શેરીઓમાંથી પસાર થઈ રહ્યો હતો. દુ:ખની વાત એ હતી કે કેમકે અમે પ્રભાત થતાં જ રવાના થયા હતા, તેથી મથુરાની શેરીઓમાં કોઈ ખાસ પ્રવૃત્તિ નહોતી થતી. એટલે કૃષ્ણનાં આવા ઠાઠ મથુરાવાસીઓને નજરે નહોતા ચડતા. કંઇ વાંધો નહીં, યાત્રા તો ભવ્ય હતી. જીવનએ પ્રગતિ તો કરી હતી. આ બાજુ પ્રગતિનું શું વિચાર્યું, કનૈયા-મહારાજ વિચારોમાં જ ખોવાઈ ગયા. નક્કી જ આ બધું એકદમ અચાનક જ બન્યું છે એવું પણ નહોતું. મથુરા આવ્યા પછીથી જ જીવન પ્રગતિના પંથે ચાલી નીકળ્યું હતું. આટલા મોટા શહેરમાં ન કેવળ મારો પોતાનો વ્યવસાય હતો, બલ્કે મારી પોતાની બોલબોલા હતી અને દબદબો પણ હતો. મહારાજનો પૌત્ર જ નહીં, એમનો સહુથી પ્રિય અને વિશ્ર્વાસુ સલાહકાર પણ હતો. અને આ દ્રષ્ટિએ હું મથુરાનો એક સન્માનનીય નાગરિક બની જ ગયો હતો. અને એ તો માનવું જ પડશે કે જીવનમાં થયેલી આ પ્રગતિમાં મારા કર્મો અને મારી સમજણશક્તિનું બહુ મોટું યોગદાન હતું.

આમ તો મથુરા આવ્યા પછી મેં ઘણાં વિવિધ ક્ષેત્રોમાં પણ પ્રગતિ કરી હતી. ખાસ કરીને મિત્રો અને રમતગમતનાં મામલામાં તો મારું ઉડ્ડયન સાચે જ અજોડ હતું. વૃંદાવનમાં મારા તમામ મિત્રો મારી ઉંમરના હતા, તો અહીં મારા સહુથી ખાસ મિત્ર નાનાજી હતા. વળી ત્યાં બધા ગોવાળો મારા મિત્ર હતા, ...તો અહીં રાજા પોતે મારા મિત્ર હતા. તેવી જ રીતે રમતોની વાત કરું, તો ત્યાં દોડપકડ અને સંતાકૂકડી રમ્યા કરતો હતો, તો અહીં રાજનીતિ અને કૂટનીતિ રમવાનો આનંદ ઉઠાવી રહ્યો હતો. ત્યાં પાગલ સાંઢ, ઝેરીલા નાગ અને અન્ય જંગલી જાનવર મારા શત્રુ હતા. અહીં ગર્ભશ્રીમંત યાદવો મારા શત્રુ હતા, ...તો અહીં ગર્ભશ્રીમંત યાદવો જ શું કામ, હવે તો આર્યાવર્તનો સહુથી શક્તિશાળી રાજા 'જરાસંધ' પણ મારો વ્યક્તિગત શત્રુ બની ગયો હતો. હવે તમે જ કહો, કોણ પોતાના આવા સર્વાંગી વિકાસથી પ્રસન્ન ન થાય? આમ તો ચારે તરફની આવી પ્રગતિ ઉપરાંત પણ આનંદિત થવાના કેટલાક ખરાં કારણ આ યાત્રામાં હાજર હતા. સહુથી મોટું તો એ કે જન્મની ક્ષણથી આજ સુધીના જીવનમાં પહેલી વાર સુરક્ષિત થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થઈ રહ્યું હતું. અત્યારે જીવન પૂર્ણપણે મોતના પડછાયામાંથી મુક્ત થયું હતું. ત્યાં સુધી કે હવે જરાસંધની સેના અમારી સામે આવી જાય તો પણ એ હુમલો કરી શકે તેમ નહોતી; કારણ કે હવે અમે આચાર્યજીની શરણમાં હતા. ...અર્થાત્, આ એક યાત્રાને કારણે, જીવનનાં તમામ સંઘર્ષોથી હાલ પૂરતી તો મુક્તિ મળી જ ગઈ હતી. નહીં તો તમે જાણો જ છો કે મૃત્યુની છાયાએ જ્યાં વૃંદાવનમાં મારો પીછો ક્યારેય નહોતો છોડ્યો, તો અહીં મથુરામાં પણ તેણે સંપૂર્ણ વફાદારીપૂર્વક મારો સાથ નિભાવ્યો જ હતો.

ચાલો છોડો આ બધી વાતોને. હું પણ ક્યાં નાહક વિચારપ્રવાહમાં તણાઈ ગયો અને અમારો રથ મથુરાના રસ્તાઓ પરથી આગળ નીકળી આવીને મુખ્યમાર્ગ ઉપર પણ આવી ગયો હતો. લ્યો, આ તો "કૂવા" માંહ્યલો દેડકો "દરિયા"ની સેર કરવા નીકળી પડ્યો. પહેલી વાર વૃંદાવન તથા મથુરા બહારની દુનિયા જોવા મળી રહી હતી. આ બધું પણ છોડો, એનાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ વાત તો એ હતી કે આ સાથે જ રુક્મિણીને લાયક બનવા તરફ હું એક સૌથી નિર્ણાયક ડગલું ભરી ચૂક્યો હતો. તમે જ વિચારો, હોનહાર કૃષ્ણને આર્યાવર્તના શ્રેષ્ઠ આચાર્ય પાસેથી શિક્ષણ ગ્રહણ કર્યા પછી રુક્મિણીને લાયક બનવામાં કેટલી વાર લાગવાની હતી? હવે તમારાથી શું છુપાવવાનું, જો જીવન સાથ આપે અને અવસર મળે, તો આજે પણ મારો 'પરમ આનંદ' 'રુક્મિણી'ની આસપાસ જ ફરી રહ્યો હતો. ...આમ તો ઉંમરનો તકાજો પણ આજ હતો. કૃષ્ણ પાછો ફર..., પાછા વળો કૃષ્ણ; ફરી ખોવાઈ ગયો વિચારોમાં? અરે, અદ્ભુત યાત્રા પર નીકળ્યો છે, કંઈક બહારનાં રમણીય દ્રશ્યનો પણ આનંદ માણી લે. બસ, આ વિચાર આવતા જ હું બહારની સુંદરતામાં ખોવાઈ ગયો. ક્યાંક પહોળા રસ્તાઓ, ક્યાંક સાંકડી કેડીઓ. ક્યારેક જંગલ, ક્યાંક નદી તો ક્યાંક પહાડ. હું તો એવો ખોવાઈ ગયો હતો કે લગાતાર નાનાં બાળકની માફક કુતુહલભરી આંખે બહારનાં દ્રશ્યો જોવાનો આનંદ માણી રહ્યો હતો. આમ તો મારી ઉંમર બાલ્યાવસ્થાની નહોતી, વીસ વર્ષનો થયો હતો; પણ માણસ ઉંમરથી નહીં, અનુભવથી પરિપક્વ થાય છે. એટલે યાત્રાના દ્રષ્ટિકોણથી તો હું ચાર વર્ષનો જ હતો અને એ પ્રમાણેનો જ આનંદ લૂંટી રહ્યો હતો.

ખેર! બે દિવસના પ્રવાસમાં જ અમારો એક નિત્યક્રમ બંધાઈ ગયો હતો. બપોરનાં ભોજન પછી થોડી વાર આરામ કરવો અને સાંજ ઢળતાં જ કોઈ સુરક્ષિત જગ્યાએ પડાવ નાખવો, બાકી સમય યાત્રામાં પસાર કરવો. અહીં સુધી તો બધું બરાબર હતું, પણ ત્રીજે દિવસે આચાર્યજીએ અમારા રાજકુમાર સમા વૈભવનો નશો એક જ ઝાટકે ચકચૂર કરી નાખ્યો. આમ તો યાત્રામાં નાનાજીએ અમારી સાથે મોકલેલા સેવકોની કોઈ કમી નહોતી, તેમ છતાં અચાનક આચાર્યજીએ આજ્ઞા કરી કે અમારે અમારું કામ જાતે જ કરવું પડશે. એટલે કે આશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં જ અમારો અભ્યાસ ચાલુ થઈ ગયો હતો. હાલ એ કે હવે ન કેવળ અમારે અમારા ભોજન માટે ફળ તોડવાં પણ જાતે જ જવું પડતું હતું, બલ્કે પોતાનાં કપડાં પણ જાતે જ ધોવાં પડતાં હતા. હવે

કપડાં ધોવાનો આ અમારો પહેલો અનુભવ હતો. એ તરફ સ્વાભાવિક જ ભાઈને આ બધું બિલકુલ માફક નહોતું આવી રહ્યું. આવામાં ભાઈ કોઈ ગરબડ ન કરી બેસે એ બીકે આચાર્યજીની જાણ બહાર ભાઈના કપડાં પણ હું જ ધોઈ નાખતો હતો. કંઈ ગરબડ થઈ અને આચાર્યજી નાખુશ થઈ ગયા તો ખબર પડે કે ફરી જરાસંધના આતંક તળે જીવવા માટે વિવશ થઈ ગયા. ના બાબા ના, એના કરતાં તો બમણો શ્રમ કરવો હિતાવહ!

ચાલો આમાંથી તો પરવાર્યા, એમાં કંઈ ખાસ વાત પણ નહોતી. ખાસ વાત તો એ હતી કે હું અવિરતપણે અનુભવી રહ્યો હતો કે આખું આર્યાવર્ત આચાર્યજીનું ઘણું સન્માન કરતું હતું. એ વાત યાત્રા દરમ્યાન સ્પષ્ટ થતી રહી. અમે જે કોઈપણ નગરમાંથી પસાર થતાં, ત્યાંના રાજા એમને મળવા અવશ્ય આવતા. સાથે જ ઢગલાબંધ પકવાન અને મીઠાઈ પણ ભેટ ધરતાં. પરંતુ આનું એક દુ:ખદ પાસું પણ હતું, અને તે એ કે આચાર્યજી અમને આ પકવાન ખાવાં નહોતા દેતા. અમારે મન મારીને સાદું ભોજન જ કરવું પડતું હતું. આશ્ચર્ય તો એ વાતનું હતું કે આચાર્યજી પોતે પણ અમારી સાથે સાદું ભોજન જ ગ્રહણ કરતાં હતા. ત્યાં સુધી તો ઠીક, પણ હદ તો ત્યારે થતી જ્યારે અમારી નજર સામે આચાર્યજી આ પકવાન સેવકો અને સૈનિકોમાં વહેંચી દેતા. અમે જોતાં જ રહી જતા અને એ લોકો ફટાફટ પકવાન ઝાપટી જતા. કદાચ એમને જ શ્રેષ્ઠ આચાર્ય કહેવાય કે જેમના દરેક વ્યવહાર પરથી શીખવા મળે. આ દ્રષ્ટિએ કહું તો આશ્રમમાં તો પહોંચવાના હોઈશું ત્યારે પહોંચીશું, પરંતુ મારો અભ્યાસ તો અત્યારથી જ શરૂ થઈ ગયો હતો. બીજી બાજુ, પરેશાની તો આવવાની હશે ત્યારે આવશે, પણ ભાઈ અત્યારથી પરેશાન થઈ રહ્યા હતા. ...કહેવાય છે ને કે પુત્રનાં લક્ષણ પારણાંમાં; આજ બાબત અત્યારે અમારી સાથે બની રહી હતી. આશ્રમમાં ગયા પછી અમારા બંનેનું ભવિષ્ય કેવું હશે એ વાતનો અણસાર અહીંથી જ દેખાવા લાગ્યો હતો. આ તરફ હું જેમ દિવસે ને દિવસે આચાર્યજીથી પ્રભાવિત થઈ રહ્યો હતો, એજ ગતિએ ભાઈના મનમાં આચાર્યજી માટે નારાજગી ક્રમશ: વધી રહી હતી. અને ચોક્કસપણે એમની નારાજગીનાં મૂળમાં એ પકવાનો હતા જે મોં સુધી આવીને ઝૂંટવાઈ જતાં હતા. એક દિવસ વાતમાં ને વાતમાં એમણે મને કહ્યું પણ ખરું કે આ આચાર્ય તો ઊલટી ખોપરીના લાગે છે; પોતાના ભાગમાં આવેલા પકવાન પણ સેવકોને ખવરાવી દે છે. ...હવે એમને કોણ સમજાવે કે પકવાન સેવક નહીં પણ માલિક ખાતા હોય છે. ...હું ભાઈની વાત સાંભળીને હસવામાં કાઢી નાંખતો હતો. એટલે બસ, કોઈપણ રીતે શાંતિ જળવાઈ રહે, એવા પ્રયત્ન કર્યા કરતો હતો. ક્યાંક એવું ન બને કે આચાર્યજી અમને અડધે રસ્તેથી જ પાછા મોકલી દે. ...જોકે હું ભાઈની પીડા સમજી શકતો હતો, હું જાણતો હતો કે ભોજન એમની સહુથી મોટી કમજોરી છે; પણ સમય, સંજોગો અને પરિસ્થિતિ પણ જોવી પડે કે નહીં? હવે એમ તો એમની જ કેમ, ભોજન મારી પણ એવી જ કમજોરી હતી, તો શું હું ઉત્પાત કરતો ફરું? માન્યું કે પકવાન અને મીઠાઈ અમારી સહુથી મોટી દુ:ખતી રગ હતી, માન્યું કે ભાઈ તો ભોજનના એવા શોખીન હતા કે પકવાન ખવરાવીને એમની પાસેથી કોઈપણ કામ કઢાવી શકાતું હતું; એનો અર્થ એવો થોડો જ હોય કે એક ભોજનનાં મોહમાં, જરાસંધનું ભોજન બની જઈએ?

ચાલો છોડો! અમારા બંને ભાઈઓનું આ બધું તો કદાચ આશ્રમમાં રહીશું, ત્યાર સુધી ચાલ્યા જ કરશે. જ્યાં સુધી મારી વાત કરું તો હું તો આચાર્યજીના વર્તન તથા હાવભાવ પરથી દરેક અનુભવને એક પાઠની જેમ જ ગ્રહણ કરવાનું શરૂ કરી ચૂક્યો હતો. અને તેથી મને દરેક દ્રષ્ટિકોણથી આચાર્યજીની સાથે રહેવું ઘણું જ ગમતું હતું. ત્યાં સુધી કે યાત્રા દરમિયાન ઘણીવાર હું આચાર્યજીની આજ્ઞા લઈને એમના રથમાં એમની સાથે પણ બેસી જતો હતો. મને એવું લાગી રહ્યું હતું કે એમની હાજરી-માત્રથી મારી અંદર કંઈ પરિવર્તન થઈ રહ્યું છે. સાચું કહું તો થોડા દિવસોના સહવાસ દરમ્યાન જ હું સંપૂર્ણ રીતે આચાર્યજીને સમર્પિત થઈ ચૂક્યો હતો. આ તરફ આચાર્યજી પણ પ્રત્યેક મુલાકાત પછી મારાથી પ્રભાવિત થઈ જ રહ્યા હતા. હવે તો એ મારી સાથે વાતચીત કરવામાં રસ દાખવવા લાગ્યા હતા એટલું જ નહીં પણ મને ઘણી વાતો સમજાવવા પણ લાગ્યા હતા, ...એટલે કે અમે બંને એકમેક તરફ આકર્ષિત થઈ રહ્યા હતા. એક દિવસ એજ રીતે હું એમના રથમાં બિરાજમાન હતો. બહારનું દ્રશ્ય અને મોસમ બંને સોહામણાં હતા. બપોરનો સમય હતો અને અમારો રથ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. ...અચાનક મારા મનમાં આશ્રમનાં વિદ્યાભ્યાસ વિશે જાણવાની જીજ્ઞાસા જાગી. તેમણે શીઘ્ર જ એના જવાબ આપતા કહ્યું- વાસ્તવમાં આશ્રમમાં આવેલા રાજકુમારોને બે રીતે તૈયાર કરવામાં આવે છે. એક તરફ રાજકુમારનો વ્યવહાર કેવો હોવો જોઈએ, એ કેવી રીતે શ્રેષ્ઠ રાજા બની શકે છે, શ્રેષ્ઠ રાજાના ગુણ કયા હોય છે; આ બધું શીખવાડવામાં આવે છે. તો બીજી તરફ મારું એ માનવું છે કે રાજપાટ અને વૈભવનો ભોગવટો એ એક રાજાનો અધિકાર છે, પરંતુ સૈદ્ધાંતિક રીતે જોવા જઈએ તો રાજાએ પ્રજાના ઉત્તમ સેવક બનવું જોઈએ. અને સાચું કહું તો હકીકતમાં તો એ પ્રજાના સેવક જ હોય છે. એટલે એણે બધું ભોગવવા છતાં પણ દરેક હાલમાં મોહમાયાથી પર રહેવું જોઈએ. એને વખત આવ્યે, માત્ર શરીરથી જ નહીં, પણ મનથી પણ સીધું સાદું જીવન જીવતા આવડવું જોઈએ. એટલા માટે જ આશ્રમમાં બધાને અન્ય અભ્યાસ ઉપરાંત કઠોર શિસ્તબદ્ધ જીવન જીવવા માટેની તાલીમ પણ આપવામાં આવે છે. બરાબર એવી જ રીતે, કેમકે એક રાજા માટે બધી શસ્ત્રવિદ્યામાં સ્વયં નિપૂણ હોવું અનિવાર્ય છે, આથી રાજકુમારોને શસ્ત્રવિદ્યા પણ શીખવાડવામાં આવે છે.

...સારું તો અમને એ માટે સાદું ભોજન કરાવવામાં આવે છે, અને કદાચ એટલે જ અમારી પાસે આટલી મહેનત પણ કરાવવામાં આવે છે. પણ અમે ક્યાં યુવરાજ છીએ? અમારે માટે તો આમ પણ શ્રમ વગર "જીવનનો ગુજારો" જ શક્ય નથી. કોઈ

પ્રસંગ હોય તો ઠીક, નહીંતર આમ પણ અમારે તો સાદું ભોજન જ ખાવું પડે છે. ...તો પછી અમારી ઉપર આ જુલમ કેમ? ખેર, આ તો મજાકની વાત થઈ. સાચું તો એ છે કે આચાર્યજીની આ વાત સાંભળીને મને રુક્મિણીએ કહેલી વાત યાદ આવી ગઈ. એણે પણ રાજા બનવા માટે આજ ત્રણ ગુણ તો બતાવ્યા હતા. એ વીર હોય, એને પ્રજા માટે સહાનુભૂતિ હોય અને જરૂર પડે તો દુ:ખભર્યું જીવન વિતાવી શકે. ...અને તેણે તો એ પણ કહ્યું હતું કે આ ત્રણેય ગુણ મારામાં છે. આચાર્યજીની વાત સાંભળીને મને પણ ખાત્રી તો થવા લાગી હતી. ખરેખર રુક્મિણીની વાત કેટલી સાચી હતી. ...જો એની વાત એટલી જ સાચી લાગી રહી છે તો ભૂલી ગયો કે તેણે એમ પણ કહ્યું હતું કે રાજા બનવાની તક તમે વ્યર્થ જ જતી કરી; હવે જીવનમાં તમે ક્યારેય રાજા નહીં બની શકો. એના કહેવાથી શું થાય છે? મારામાં રાજા બનવાના ગુણ છે અને રાજા તો બનીને બતાડીશ. ચાલો તમારા સંકલ્પની અમે પ્રશંસા કરીએ છીએ, પણ જરાસંધ જીવતો છોડશે તો ને... અરે, તેનો પણ ઉકેલ શોધી લેવાશે. મારી બાબતમાં મેં કુદરતનું ચાલવા ન દીધું તો જરાસંધ અને રુક્મિણી તો શી વિસાતમાં આવે? અને વળી આચાર્યજીનાં સાન્નિધ્યમાં બેઠો છું, નકારાત્મક વિચારું જ શીદને? ...હમણાં તો એ વિચારી રહ્યો છું કે આચાર્યજીનાં મતાનુસાર મારે એક સારા રાજા બનવા માટે શસ્ત્ર-વિદ્યા સિવાય બીજું શું શીખવાનું બાકી રહેતુ હતું? સાદું અને સરળ જીવન તો હું બાળપણથી જીવતો જ આવ્યો છું, વળી એક શ્રેષ્ઠ રાજાના ગુણ તો હું નાનાજી પાસેથી રોજબરોજ શીખી જ રહ્યો હતો; તેથી બસ, હવે તો અવસરની જ વાત છે. એટલે અત્યારે હું ન કેવળ આત્મવિશ્ર્વાસથી છલકાતો હતો, બલ્કે હું આચાર્યજીની વાતનો આખેઆખો સાર જ સમજી ગયો હતો. એમના કહેવાનો સીધો અર્થ એ હતો કે રાજા બનવાનો અધિકાર એને જ છે, જેના મનમાં પોતાની પ્રજા માટે પ્રેમ હોય. જેની ઈચ્છા એમના પર શાસન કરવાની નહીં, પણ એમની સેવા કરવાની હોય. અને જે પોતાના તમામ રાજકીય વૈભવને માત્ર એક રાજાનું શારીરિક કર્મ માનતો હોય, પરંતુ મનથી હંમેશાં તેના વગર રહેવાની તાકાત ધરાવે. એટલે કે જે જરૂર પડ્યે જમીન પર પણ સૂઈ શકે અને ભૂખ્યો પણ રહી શકે એજ શ્રેષ્ઠ રાજા છે. અર્થાત્ રાજભવનમાં રહેવા છતાં જે રાજમહેલના તમામ વૈભવોથી પર રહી શકે એજ રાજા બનવાનો ખરો અધિકારી છે, જેમ કે ‘રાજા જનક’.

...લ્યો, હું પણ અજબ છું. આ તરફ આ બધાં વિચારોમાં મગ્ન રહ્યો ને બીજી બાજુ સાંજના પડાવનો સમય પણ થઈ ગયો. મજા એ કે આજે ગાઢ જંગલમાં હોવાને કારણે અને આસપાસમાં કોઈ ધર્મશાળા ન હોવાને કારણે એક નાના તળાવના કિનારે જ આજનો પડાવ નાંખ્યો હતો. મોસમ અને દ્રશ્ય બંને સોહામણા હતા પરંતુ રાત પથ્થરો ઉપર વિતાવવાની હતી. કંઈ વાંધો નહીં, ફળ વગેરે ખાઈને અને થોડી વાર આડી-અવળી વાતો કરીને અમે સૂવા ચાલ્યા ગયા. હું ત્યાંજ એક પથ્થરની છાટ ઉપર પાંદડા પાથરીને આડો પડ્યો. આચાર્યજી અને ભાઈએ પણ આવો જ આશ્રય ગ્રહણ કર્યો. આચાર્યજી તો પડતા ભેગા સૂઈ ગયા હતા, ભાઈને તો આ રાત ગુસ્સામાં જ કાઢવી હતી; અને બચ્યો હું... તો ભલે હું ભાઈ પર ધ્યાન ન દઉં પણ નીંદર ક્યાંથી લાવું? તેથી વિચારોમાં અવશ્ય ગરકાવ થઈ ગયો. વિચારને જ્યાંથી પણ પ્રારંભ કરું પણ આચાર્યજીને પથ્થરની શિલા પર સૂતા જોઈ, મારા મનમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે આખા આર્યાવર્તમાં આચાર્ય સાંદીપનિજીનું આટલું સન્માન કેમ છે? કેમ એમને શ્રેષ્ઠ આચાર્ય કહેવામાં આવે છે? આ વિચારતા વિચારતા અચાનક મારું ચિંતન મને ઢંઢોળી-ઢંઢોળીને પૂછી રહ્યું હતું કે આખરે મારા જેવા ગોવાળને આટલા શ્રેષ્ઠ આચાર્ય પાસેથી શિક્ષણ મેળવવાનો અવસર કઈ રીતે મળ્યો? ...હવે તમે તો જાણો જ છો કે ફક્ત એક વાર મારા ચિંતનને જાગૃત કરી દેવામાં આવે, પછી તો એ આમ પણ વિશ્ર્લેષણનું શોખીન છે; બસ, લાગી ગયું પરિસ્થિતિનો તાગ લેવામાં અને શોધવા લાગ્યું આ મહાન ઘટનાનાં મૂળને. શું આમાં મામીઓના ક્રોધનો અને જરાસંધના ગુસ્સાનો સહયોગ નકારી શકાય એમ છે? શું એમણે મને શત્રુ ન માન્યો હોત તો આ જનમમાં મને આવા શ્રેષ્ઠ આચાર્ય પાસેથી શિક્ષણ મેળવવાનો અવસર મળત ખરો? તો શું જીવનમાં જે બન્યું છે તે સારું બન્યું. જો આ સાચું છે તો જે થઈ રહ્યું છે એ પણ સારું જ થઈ રહ્યું છે. અને જો ઉપરોક્ત બંને વાતો સાચી છે, તો આ મનુષ્ય ચિંતા શું કામ કરે છે? શા માટે દુ:ખી રહે છે? કારણ કે પછી તો જે થશે એ પણ સારું જ થશે. નિષ્કર્ષ સાંભળવામાં તો સારો લાગી રહ્યો હતો, પરંતુ સત્ય એ છે કે હજુ મારું ચિંતન એટલું વિકસિત નહોતું થયું કે હું આ સત્યોનાં મૂળ સુધી જઈ શકું. ખોટું શું કામ બોલું, હજુ મારી પ્રજ્ઞા એટલી વિકસિત નહોતી થઈ કે જીવનનાં આ વાસ્તવિક રહસ્યને સમજી શકે. પરંતુ આજે આ ચિંતનના નિષ્કર્ષથી મારા મનમાં મનુષ્યના જીવન અને બ્રહ્માંડના રહસ્યોને જાણવાની જિજ્ઞાસા અવશ્ય જન્મી ચૂકી હતી. પરંતુ કેમકે આજનું આ ચિંતન ખૂબ ગહન અને મારી અત્યારની હેસિયત બહારનું હતું, આથી મેં ચિંતન પર અહીં જ પૂર્ણવિરામ મૂકી, નિદ્રાનો આનંદ લેવાનું યોગ્ય માન્યું. જોકે ઊંઘ તો પણ મધરાત પછી જ આવી. કંઈ વાંધો નહીં, સવારે નિત્યકર્મ પતાવીને ત્યાં સરોવરમાં છલાંગ લગાવી દીધી. બીજી તરફ ભાઈ અને આચાર્યજીએ સરોવરને કિનારે બેસીને જ સ્નાન કર્યું. અને આ સાથે જ અમારી આ સુંદર યાત્રા પુન: પ્રારંભ થઈ.

ખેર! બધું મળીને આર્યાવર્તની સુંદરતાને જોતા-જોતા અને આચાર્યજી પાસેથી શિક્ષિત થતાં થતાં અમારી આ લાજવાબ યાત્રા સહજ ગતિએ આગળ વધી રહી હતી. શું નહોતું આર્યાવર્તમાં - એકએકથી સુંદર નદીઓ, સરોવર, જંગલ અને પહાડોથી આખું આર્યાવર્ત હર્યુંભર્યું હતું. મારી દશા તો એવી હતી કે જેવો રથ ચાલવા લાગતો, હું બહારનાં દ્રશ્યોમાં ખોવાઈ જતો. ...અંતે દસ દિવસની લાંબી અવિરત યાત્રા પછી અમે ‘ઉજ્જયિની’ પહોંચી ગયા. પહેલી દ્રષ્ટિએ ઉજ્જયિની નગરી પણ ઘણી જ ભવ્ય લાગી રહી હતી. ભલે આ મથુરા જેટલી વિશાળ નહોતી, તો પણ તેના કરતાં ઘણી વધારે સુનિયોજીત દેખાઈ રહી હતી. અમારા

રથ જ્યાંથી પસાર થતાં, આચાર્યજીનાં આશીર્વાદ લેવાવાળાની પંક્તિ બની જતી. હવે એક તો શહેરની ભીડભાડ, ઉપરથી લોકોનો અંતરાય, નક્કી જ આને લીધે યાત્રાની ગતિ અત્યંત મંદ પડી ગઈ હતી. અને આ દરમિયાન જ્યારે અમારો કાફલો બજારમાંથી પસાર થયો ત્યારે તો ગતિ જાણે થંભી જ ગઈ. સા જ હતું, કમસેકમ આ બહાને, બજારને સારી પેઠે જોવા તો મળી રહ્યું હતું. છેવટે બજારમાંથી પણ પસાર થઈ ગયા અને લગભગ સાંજ થતાં સુધીમાં અમે આશ્રમમાં પ્રવેશ કર્યો. સૌથી મોટી વાત તો એ કે આશ્રમ શહેરથી દૂર એકાન્તમાં હતું. ક્ષિપ્રા નદીના કિનારે વસેલો આ આશ્રમ ઘણોજ મનમોહક હતો. આશ્રમની પાછળ પર્વતો જ પર્વતો હતા. ...એટલે આગળ વહેતી નદી અને પાછળ પહાડ. સાચે જ આચાર્ય સાંદીપનિજી જેવાના આશ્રમ માટે આનાથી યોગ્ય જગ્યા બીજી કઈ હોઈ શકે. વળી જો ફક્ત આશ્રમની વાત કરું તો આશ્રમ વિશાળ અને વ્યવસ્થિત હતો. આશ્રમમાં કુલ સાત ઓરડાઓ દેખાઈ રહ્યા હતા. એકમાં આચાર્યજીનો પોતાનો નિવાસ હતો. બીજો ભોજનકક્ષ હતો. અન્ય પાંચ ઓરડાઓ વિદ્યાર્થીઓ માટે હતા. એટલે કે સુખસુવિધાની દ્રષ્ટિએ પણ આશ્રમ સારો જ લાગી રહ્યો હતો. વળી આશ્રમમાં હરિયાળી પણ અદ્‌ભુત હતી. મોટા-મોટા વિશાળ વૃક્ષોની વચ્ચે આવેલો આ આશ્રમ એવો લાગી રહ્યો હતો જાણે કે એને કોઈક ઘનઘોર જંગલની વચ્ચે બનાવાયો હોય. ...સાચું કહું તો આશ્રમ જોતા જ મને વૃંદાવન યાદ આવી ગયું. તો વૃંદાવન પણ આટલું જ રમણીય હતું. ...પણ વૃંદાવન જ કેમ? શું મેં ત્યાં જીવન વીતાવ્યું છે એટલે? પહેલા હું વિચાર્યા કરતો હતો કે વૃંદાવનમાં યમુના નદી છે, ગોવર્ધન પર્વત છે, સરોવર છે; વૃંદાવન જેટલું સુંદર બીજું કયું સ્થળ હોઈ શકે? પણ દસ દિવસની આ યાત્રા પછી અનુભવાયું કે ચારે તરફ સમગ્ર પ્રકૃતિ સુંદરતાથી છલોછલ છે. કંઈ એકલા વૃંદાવનમાં જ ચાર ચાંદ લાગેલા નથી. ઠેકઠેકાણે સુંદર નદીઓ અને ભવ્ય પહાડ છે. એકથી એક ચઢિયાતા સરોવરોથી આખું આર્યાવર્ત ભરેલું છે. એટલે સુંદરતાની બાબતે પ્રકૃતિએ ક્યાંય કોઈ પક્ષપાત નથી કર્યો. હા, એ વાત અલગ છે કે દરેક સ્થળની પોતાની એક આગવી સુંદરતા છે. ...તો પછી વૃંદાવન માટે આટલો પક્ષપાત કેમ? લો, હજુ તો આશ્રમમાં દાખલ થયા જ છીએ ...અને પોતે જ, પોતાને શિક્ષિત કરવાની શરૂઆત કરી દીધી!

ખેર! આશ્રમ પહોંચતા જ સહુથી પહેલા તો અમે સ્નાન કર્યું. એ પછી તરત અમે ભોજન કર્યું. ભોજનની તમામ વ્યવસ્થાની જવાબદારી આચાર્યજીના પત્ની અર્થાત્ 'આચાર્ય-મા' સંભાળતાં હતા. આશ્રમમાં અમારી સાથે કુલ પંદર વિદ્યાર્થી હતા. જોકે હજુ સુધી એમની સાથે અમારો ઔપચારિક પરિચય નહોતો થયો. ...તો એ પણ થઈ જશે. હમણાં તો ભોજન કર્યા પછી થોડી વાર માટે અમે બધા ફરવા નીકળ્યા. કદાચ આશ્રમનું આ નિત્યકર્મ હતું. ત્યાર પછી અમે બધા આશ્રમની વચ્ચે આવેલા એક ખુલ્લા મેદાનમાં બેસી ગયા. આચાર્યજી અને આચાર્ય મા, ત્યાંજ અમારી સામે એક વૃક્ષને અડીને બનેલાં ઊંચાં આસન પર બિરાજમાન થયા. ચોક્કસપણે આ પણ આશ્રમના નિત્યકર્મનો એક ભાગ હોય એમ લાગી રહ્યું હતું. અને તમે નહીં માનો, પણ છેક હવે આચાર્યજીએ અન્ય શિષ્યો સાથે અમારો પરિચય કરાવ્યો. શરૂઆત એમણે આચાર્ય-માથી જ કરી, પછી તમામ સહાધ્યાયીઓ સાથે પરિચય કરાવ્યો. મારી ધારણા પ્રમાણે, બધા શિષ્યો રાજપરિવારના જ હતા. હા; એક છોકરો જેનું નામ આચાર્યજીએ સુદામા બતાવ્યું હતું... એજ એકલો રાજપરિવારનો નહોતો. બાકી બધા તો ઠીક પણ 'વિન્દ' અને 'અનુવિન્દ' નામના બે રાજકુમાર પ્રથમ નજરે જ બહુ અભિમાની લાગતા હતા. બની શકે કે એ કારણે કે એ બંને ઉજ્જયિનીના જ રાજકુમાર હતા, અને આશ્રમ એમના રાજમહેલના અનુદાનથી જ ચાલતો હતો. હશે, એમાં અમને શું? અમે તો અહીં આચાર્યજીને શરણે આવ્યા હતા. ખેર, આજે બીજી કોઈ ખાસ વાત ન થઈ. કદાચ આચાર્યજી થાક્યા હતા. આમ તો થાકેલા અમે લોકો પણ હતા; જલ્દીથી બધા સૂવા માટે રવાના થયા. હા, આચાર્યજીએ જતા પહેલાં અમને બધાને સવારે સૂર્યોદય સાથે જ નિત્યકર્મથી પરવારીને આજ મેદાનમાં ભેગા થવાની સૂચના ચોક્કસ આપી હતી.

...એ તરફ સ્વાભાવિક રીતે સવાર થતાં જ બધા નક્કી કરેલા સ્થાને ભેગા થઈ ગયા હતા. રાતે તો યોગ્ય રીતે કંઈ સમજાયું નહોતું, પણ સવારે જોતાં જ ખરેખર એ અનુભૂતિ થઈ ગઈ હતી કે આશ્રમની વચમાં આવેલું આ મેદાન બહુ જ સુંદર હતું. જ્યાં તેની જમણી બાજુ ઓરડા નજરે પડતા હતા, તો ડાબી બાજુ ગાઢ હરિયાળી ફેલાયેલી દેખાતી હતી. અમે જ્યાં બિરાજમાન હતા તેની સામે દૂર દૂર સુધી લીલોતરીથી આચ્છાદિત પર્વતો-જ-પર્વતો દેખાઈ રહ્યા હતા અને પાછળ ફરીને જોઈએ તો ખળ-ખળ કરતી ક્ષિપ્રા નદી સ્પષ્ટ રીતે દેખાતી હતી. સાચે જ વિદ્યાભ્યાસ માટે આનાથી વધુ સુંદર જગ્યા હોઈ જ નહોતી શકતી. હશે, અત્યારે તો આચાર્યજી અને મા અમારી બરાબર સામે ઝાડને અડીને બનેલા એક આસન પર બિરાજમાન હતા. ...એ તરફ આચાર્યજીનો ઈશારો મળતા જ સુદામા એમના ચરણોની પાસે જઈને ઊભો રહી ગયો, અને તેણે ગુરુવંદના શરૂ કરી દીધી. કદાચ આ પણ અહીંનું નિત્યકર્મ જ હતું. હશે, હમણાં તો સુદામાનું ગાન સાંભળીને કોણ જાણે કેમ મને પણ વાંસળી વગાડવાની ઈચ્છા થઈ. ...કદાચ મારામાં પોતાની પ્રતિભાનો સહુને પરિચય કરાવવાનો અહંકાર જાગ્યો હતો. જે હોય તે, તત્ક્ષણ પોતાના સ્થાને ઊભા થઈને મેં આચાર્યજી પાસે સુદામાના ગાયન સાથે વાંસળીની સંગત કરવાની રજા માંગી. આચાર્યજીએ પ્રસન્નતાપૂર્વક એની રજા આપી. ...પછી તો સુદામાના ગાયન અને મારી વાંસળીનું એવું મિલન થયું કે આખો આશ્રમ મંત્રમુગ્ધ થઈ ગયો. એ તો ઠીક, પણ બીજા દિવસથી પછી તો આશ્રમનું આ નવું નિત્યકર્મ જ થઈ ગયું. થવાનું જ હતું; કૃષ્ણ આવે અને પરિવર્તન નલાવે!

ખેર! શાનદાર ગાયન અને વાદનની સમાપ્તિ બાદ, આચાર્યજીએ આજે તો અમને બધાને પાંચ-પાંચની ત્રણ ટુકડીમાં વિભાજિત થવા માટે કહ્યું. મેં તત્ક્ષણ સુદામાને મારી સાથે લીધો; આ તરફ ખબર નહીં શું વિચારીને, વિન્દ-અનુવિન્દ જાતે જ અમારી ટુકડીમાં જોડાઈ ગયા. ...હવે અમારે પાંચે જણાએ અન્ય ગતિવિધિઓની સાથે સાથે, સૂવાનું પણ એક જ કક્ષમાં હતું.

અધ્યાય - ૪

આત્મબોધ

આમ આશ્રમમાં વ્યતીત કરેલા પહેલા દિવસ પછી નિશ્ચિતપણે કહી શકાય કે હવે અમારું શિક્ષણ ઔપચારિક રીતે શરૂ થઈ ગયું હતું. અત્યાર સુધી તો હું એજ શીખ્યો જે મને જીવનના સંઘર્ષોએ શીખવાડ્યું હતું. આવામાં નક્કી જ જો આચાર્યજીનો સાથ ન મળત તો ચોક્કસ હું ઘણું બધું શીખવાથી વંચિત રહી જાત. ખરેખર આ વાત માટે હું નાનાજીનો જેટલો પાડ માનું એટલો ઓછો હતો. આમ જોવા જઈએ તો બાળપણ મા યશોદાનો પ્રેમ પામીને ધન્ય થયું હતું, અને યુવાની નાનાજીનું માર્ગદર્શન પામીને ધન્ય થઈ ગઈ હતી. ...વળી આચાર્યજીનાં સાન્નિધ્યમાં, ભવિષ્યમાં જીવન કોઈ ઊંચા પંથે ચડતું દેખાઈ રહ્યું હતું. આ વિચારતા વિચારતા અચાનક મારા ચિંતને એક નવી જ દિશા પકડી. હું વિચારવા લાગ્યો, આચાર્ય સાંદીપનિ જેવા કેટલા આચાર્ય હશે? એ તો ઠીક, પણ મારા જેવા શિષ્ય પણ કેટલા હશે, જે ગુરુજીની દરેક વાતમાંથી શીખવા તત્પર રહેતા હોય? ...કદાચ ઘણા ઓછા. આમ પણ શીખવાની લાલસા અને ગ્રાહ્યતાની બાબતમાં મને શરૂઆતથી જ સ્વયં પર ગર્વ હતો. અને કેમ ન હોય? જરા વિચારો કે કોઈ પાસેથી કાંઈ પણ શીખ્યા વિના જો જીવનમાં હું આટલું બધું શીખી ગયો હતો, તો હવે આવા ગુરુ મને ક્યાંથી ક્યાં પહોંચાડી દેશે, એ તો તમે સમજી જ શકો છો.

ખેર! આજનો અમારો આખો દિવસ તો અંદરોઅંદર તાલમેલ બેસાડવામાં જ વીતી ગયો. છતાં પણ હું કહી શકું છું કે આ મારા અત્યાર સુધીના જીવનનો સહુથી મહત્ત્વપૂર્ણ અનુભવ હતો. આ તો ઠીક, પણ હજુ તો આશ્રમમાં બીજી જ રાત હતી અને એક અણધાર્યો અનુભવ પણ થઈ ગયો. આચાર્યજીએ આજે સહુને પોતાના ઓરડાની બહાર પથરાળ જમીન પર કંઈ પણ ઓઢ્યા-પાથર્યા વિના સૂવાનો આદેશ આપ્યો. આશ્ચર્ય એ વાતનું હતું કે આચાર્યજી પોતે પણ પોતાના ઓરડાની બહાર, કંઈ પણ ઓઢ્યા-પાથર્યા વિના સૂતા હતા. ...આ પણ અજબ હતું. ખરેખર, જો સાંદીપનિ જેવા ગુરુ હોય અને મારા જેવા શિષ્ય હોય તો શિક્ષણ રાત-દિવસ ચાલ્યા જ કરે છે. એટલે જ તો આચાર્યજીના દરેક વ્યવહારને હું ઘણાં ધ્યાનથી જોયા કરતો હતો. આચાર્યજીના અત્યારના વ્યવહાર પરથી હું એજ શીખી ગયો કે આપણે બીજાને એજ કામ કરવાનું કહેવું જોઈએ, જે આપણે ક્યારેય કર્યું હોય અથવા તો કરતાં હોઈએ, અથવા તો કરવાની ક્ષમતા ધરાવતા હોઈએ. એમની તો શ્વાસ લેવા-છોડવાની અને આંખો ખોલવા-મીચવાની ક્રિયા પણ શીખવા જેવી હતી. સરવાળે ધીરે ધીરે મને એવી પાકી અનુભૂતિ થઈ રહી હતી કે આચાર્યજી જે શીખવાડતા હતા, એનાથી અનેકગણું શિક્ષણ તો એમને સતત જોયા કરવાથી મળે એમ હતું. અને પુરાવાપે, જ્યારથી એમની સાથે મુલાકાત થઈ હતી, હું સતત એમનું નિરીક્ષણ કરતો હતો અને કંઈક ને કંઈક શીખતો રહેતો હતો.

ચાલો જવા દો! હાલમાં થયેલા એક અનોખા અનુભવની વાત કરું, જેને કારણે આટલી વાત થઈ હતી. એક તો બરાબરની ટાઢના દિવસો હતા અને ઉપરથી ઉજ્જયિનીમાં આમ પણ ટાઢ વધારે પડતી હતી. એ ઓછું હોય તેમ, આશ્રમ નદીકિનારે વસ્યો હતો અને તેથી સાંય-સાંય કરતી હવા સતત વાતી રહેતી હતી. તમે તો સમજી જ શકો છો કે આવામાં કાંઈપણ ઓઢ્યા-

પાથર્યા વિના જમીન ઉપર સૂવું કેટલું કષ્ટદાયક હોય. પણ આચાર્યજીની આજ્ઞા હતી, તેથી કોઈ ઉપાય ન જોઈને હું તો ચૂપચાપ સૂઈ ગયો. પરંતુ ત્યાં ભાઈ ઘણી તકલીફમાં હોય એવું લાગી રહ્યું હતું, બસ, ક્રોધને કારણે પડખાં બદલી રહ્યા હતા. આમ તો અમે લોકો ગરીબ ગોવાળો હતા, અમને વધારે કષ્ટ ન થવું જોઈએ; પણ શું કરીએ... હજુ સુધી ક્યારેય આ રીતે ઓઢ્યા-પાથર્યા વિના સૂવાનો અવસર આવ્યો નહોતો. ઉપરથી આવી કડકડતી ઠંડીનો તો અમે ક્યારેય અનુભવ જ નહોતો કર્યો. ચોક્કસપણે ઉજ્જયિની 'વૃંદાવન-મથુરા'ની સરખામણીમાં ઘણું વધારે ઠંડુ હતું. ...પણ જે હતું, તે હતું. ઊંઘ તો મને પણ નહોતી આવતી, થોડીઘણી તકલીફ તો મને પણ પડતી હતી; પણ સાથોસાથ, આચાર્યજીનો આદેશ માનવાનો જે આનંદ હતો એને કારણે બધું સચવાઈ જતું હતું. ચાલો અમારું તો ઠીક, પણ આ બાજુ વર્ષોથી અહીં ભણતા વિન્દ-અનુવિન્દના હાલ પણ અમારાથી જુદા નહોતા. લઈ દઈને અમારી ટુકડીમાં એક જ ભાગ્યશાળી હતો, સુદામા, કેમકે આડા પડતાવેંત જ એના નસકોરાં બોલવાના શરૂ થઈ ગયા હતા. દ્રશ્ય એવું હતું કે બધા ભેગા થયેલા લોકોમાંથી બે, એટલે કે આચાર્યજી અને સુદામા ઊંઘી ગયા હતા અને અમે ચારેય પડખાં ફેરવી રહ્યા હતા. વળી બાકીના શિષ્યો પોત-પોતાના ઓરડાઓમાં ચેનથી સૂઈ રહ્યા હતા, કારણ કે આચાર્યજીનો આ કૃપા પ્રસાદ ફક્ત અમારી ટુકડીને જ મળ્યો હતો.

હવે એક તો અમારો ઓરડો આમ પણ ખૂણામાં પડતો હતો અને ઉપરથી એનો વરંડો પણ સીધો ક્ષિપ્રા નદી તરફ ખૂલતો હતો; ફળસ્વરૂપ, સાંય-સાંય કરીને વાતી હવાઓ કેટલી ઘાતક પુરવાર થઈ રહી હશે, એ તમે સમજી જ શકો છો. તેથી, બાકીનાઓનું છોડો, હું પોતે હાથને ઘુંટણમાં ઘાલી સૂતો હોવા છતાં ઠંડીથી થથરી રહ્યો હતો. અત્યારે ઊંઘ તો આવતી નહોતી, તેથી સમય પસાર કરવા માટે બે-બે હાથના અંતરે સૂઈ રહેલા અન્યો પર થોડી-થોડી વારે નજર ફેરવી લેતો હતો. ત્યારે મેં જોયું કે વિન્દ-અનુવિન્દ પોતાના ઓરડામાંથી ઓઢવા-પાથરવાનું લઈ આવ્યા. હું આચાર્યજીની અવજ્ઞા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. ...હજુ આ દુષ્કર્મને થોડી જ વાર થઈ હતી કે મને અને ભાઈને સતત પડખાં બદલતા જોઈને વિન્દે મારી પાસે આવીને ધીરેથી કહ્યું- તમે લોકો પણ ઓરડામાંથી ઓઢવા-પાથરવાનું શા માટે નથી લઈ આવતા? એ તરફ વિન્દને આ રીતે મારી પાસે આવેલો જોઈને ભાઈ પણ જીજ્ઞાસાવશ ત્યાં ચાલી આવ્યા. એમના આવતાં જ અનુવિન્દ પણ ત્યાં આવ્યો. આમ અચાનક થયેલો અમારો આ મેળાપ એક સારી એવી સભામાં પરિવર્તિત થઈ ચૂક્યો હતો. અને મજા એ કે એ બંને તો પોતાના ઓઢવા-પાથરવાના લઈ આવ્યા હતા, પણ અહીં અમે ઠંડીમાં ધ્રુજી રહ્યા હતા. ચાલો આ પણ જવા દો, પણ આ ટાઢથી બચવા માટે સુઝાવ પણ કેટલો વાહિયાત આપી રહ્યા હતા. મને આચાર્યજીની આજ્ઞાથી વિરુદ્ધ હોય એવી એમની સહાનુભૂતિ સ્હેજ પણ પસંદ ન આવી. એ તરફ આચાર્યજી પણ ક્યાં કંઈ દૂર સૂતા હતા. આટલું અંધારું હોવા છતાં ધ્યાનથી જોતા, તેઓ પોતાના ઓરડાની બહાર સૂતા સ્પષ્ટ દેખાતા હતા. આવામાં આ કાર્ય કરવું એ ખરેખર ખરાબ મનોવૃત્તિનું પ્રમાણ હતું. વૃંદાવન હોત તો પળવારમાં એમને ઠેકાણે લાવી દેત, પણ અત્યારે ક્યાં બખેડો ઊભો કરવો? તેથી મેં ઘણી વિનમ્રતાથી કહ્યું- કેમકે એનાથી આચાર્યજીની આજ્ઞાનું ઉલ્લંઘન થાય, તેથી અમે એવું નહીં કરીએ, નહીં તો ઓઢવા-પાથરવાની જરૂરત તો અમને પણ છે.

...મારી ચોખવટ સાંભળીને હવે અનુવિન્દ વચ્ચે કુદી પડ્યો. એ ઘણી જ બેદરકારીપૂર્વક બોલ્યો-હવે જવા દે ને, ઉલ્લંઘન થયું કે નહીં એ કોણ જુએ છે?

એના વ્યવહારને લીધે ક્ષણભર તો હું ઉકળી ઊઠ્યો, છતાં પણ જાત પર કાબુ રાખીને મેં ઘણા શાંત ચિત્તે ઉત્તર વાળ્યો. મેં કહ્યું- કોઈ જુએ કે ન જુએ, આપણે પોતે તો જોઈએ જ છીએ ને. અને મહત્ત્વ પણ કોઈ બીજાના જોવાનું નહીં, પરંતુ આપણા પોતાના જોવાનું હોય છે.

મારી સીધી વાત પણ વિન્દથી સહન ન થઈ હોય એવું લાગ્યું. એણે તરત જ એક વ્યંગ કર્યો- અરે! હું તો ભૂલી જ ગયો હતો. તમે તો ગોવાળો છો, તમને તો આ રીતે સૂવાની આદત જ હશે. હા, જો અમારી જેમ રાજપરિવારમાંથી હોત તો ફરક સમજાત.

...આ બાજુ મારું તો ઠીક પણ એ તરફ ભાઈ, જે પહેલેથી જ આશ્રમના અનુશાસન અને સાદાં ભોજનથી પરેશાન હતા, બસ, વિન્દનો વ્યંગ સાંભળી પોતાનું સુધબુધ ખોઈ બેઠા. મેં માંડમાંડ એમને શાંત કર્યા. અરે, કોઈના ગોવાળ કહેવાથી શું થાય છે? વળી, એણે ખોટું પણ શું કહ્યું? આપણે ગોવાળ જ છીએ. અને મને મારા ગોવાળ હોવા બદલ સ્હેજ પણ શરમ નથી. હા, એ વાત જુદી છે કે એમને પોતાના રાજકુમાર હોવા બદલ ગર્વ છે, પરંતુ આ તો એમની સમસ્યા થઈ. ભલા એના કારણે આપણે શું કામ ઉશ્કેરાવાનું? હજી તો હું ભાઈને આ બધું સમજાવી જ રહ્યો હતો કે અચાનક ક્યાંકથી આચાર્યજી પ્રકટ થયા. કદાચ એમના કાન સુધી આ ચડસા-ચડસીનો અવાજ પહોંચી ગયો હશે. એમણે આવતા જ મને પૂછ્યું- શું વાત છે, ઊંઘ નથી આવતી?

હું શું કહેવાનો હતો! ચૂપ જ રહ્યો.

મને આમ ચૂપ જોઈને એ પોતે જ બોલ્યા- આ જગ્યા બદલાઈ એનો પ્રભાવ છે. જો મનુષ્ય પરિસ્થિતિની સાથે સાથે પોતાનું મન બદલવાનું પણ શીખી લે તો એને આવી સમસ્યાનો સામનો ક્યારેય નહીં કરવો પડે. ખેર, તમારા લોકોનો તો આજે પહેલો દિવસ છે ...એટલે સમજી શકાય. કેટલાક લોકો તો અહીં રહી વર્ષોના અભ્યાસ પછી પણ પોતાનું જીવન નથી બદલી શક્યા.

વિન્દ-અનુવિન્દ તો આચાર્યજીની વાત સાંભળતા જ ઊભા થઈ ગયા. એમના ચહેરા પર ડરની રેખા સ્પષ્ટ જોઈ શકાતી હતી. એમણે તરત ઓઢવા-પાથરવાનું હટાવી દીધું. પરંતુ કદાચ આટલાથી આચાર્યજીનું કામ પૂરું નહોતું થતું. એમણે ઘણી વેધક દ્રષ્ટિ કરીને પૂછ્યું- શું વાત છે, આ મૃગચર્મ ખૂંચી રહ્યું છે?

બંનેએ બહુ ગભરાતા ગભરાતા હકારમાં માથું હલાવ્યું. આ વખતે આચાર્યજીએ હસીને કહ્યું- તો પછી તમે એને હટાવી કેમ રહ્યા છો? જો તમને જમીન પર સૂવું કષ્ટદાયક લાગી રહ્યું હોય તો એને પાથરેલું રહેવા દો. આ આશ્રમ છે ધર્મસ્થાન નથી, જ્યાં મનુષ્યને જબરદસ્તીથી બદલવાની કોશિશ કરવામાં આવે, ...કે એને અકારણ કષ્ટ આપવામાં આવે. અહીં તો તમને મન પરિવર્તન કરવાનું શીખવવામાં આવે છે. જે દિવસથી તમે જમીન પર સૂવાનું જાતે સ્વીકારી લેશો, એ દિવસથી તમારે આ ઓઢવા-પાથરવાની જરૂરિયાત નહીં રહે. સાચું કહું છું, એ દિવસથી આ ટાઢ પણ તમને પરેશાન નહીં કરે.

આટલું કહીને આચાર્યજી તો ચાલ્યા ગયા, પરંતુ જતાં પહેલા ફરી એક અદ્ભુત પાઠ ભણાવી ગયા. 'સ્વીકાર' કરવાનો પાઠ. હું આ પાઠ એવો ભણ્યો કે એજ ક્ષણે જમીન પર સૂવાનું સ્વીકારી લીધું. "ટાઢ" તો એ ઘડીએ જ અલોપ થઈ ગઈ. હવે ન ઓઢવાની જરૂરત હતી, ન કંઇ પાથરવાની. ક્ષણભરમાં જ મારા નસકોરાં બોલવા લાગ્યા. ...આ તો કમાલ થઈ ગઈ. 'સ્વીકાર-ભાવ' તો જાદૂ હતો જાદૂ. એને સાધારણ પાઠ કહેવો એ તો એનું અપમાન કરવા જેવું થશે. આમ તો બાળપણથી જ મારો સ્વીકારભાવ સારો હતો, લગભગ તો હું ચીજોને જલ્દીથી જ સ્વીકારી પણ લેતો હતો; પરંતુ હવે તો એનો ગૂઢાર્થ જ સમજી ગયો હતો. હવે તો સમજાઈ ગયું હતું કે પરિસ્થિતિને બદલી શકો છો તો બદલી દો, અને જો નથી બદલી શકતા, તો એને સ્વીકારી લો.

...ચાલો, આ રીતે બીજી રાત પણ વીતી ગઈ. પછી તો ધીમે ધીમે અમે આશ્રમનાં વાતાવરણ સાથે ઠરીઠામ પણ થવા લાગ્યા. આ તરફ સુદામા અને મારી મિત્રતા દિવસે દિવસે વધતી જઈ રહી હતી. નિશ્ચિત જ એનું એક મુખ્ય કારણ સંગીત તો હતું જ; પણ બીજું મહત્ત્વપૂર્ણ કારણ એ પણ હતું કે એ રાજપરિવારનો નહોતો. આ કારણે એનો અહમ્ અમારી સાથે ટકરાતો નહોતો. આમ તો એ ગુરુપુત્ર હતો, અને સાથે જ આચાર્ય-માનો ઘણો લાડકો પણ હતો, પરિણામે ક્યારેક ક્યારેક એનો આ ગર્વ વ્યવહારમાં દેખાઈ પણ આવતો હતો; છતાં મારે મન એનો આ અહમ્ સહી શકાય એમ હતો. એ સિવાયની વાત કરું તો અહીં આશ્રમમાં આવીને અમારું જીવન ઘણું શિસ્તબધ્ધ થઈ ગયું હતું. કપડાં ધોવાથી લઈને પથારી કરવા સુધીનાં અમારા બધા જ કામ અમારે જાતે જ કરવા પડતા હતા. એટલું જ નહીં, આશ્રમ માટે જરૂરી બધી સાધન-સામગ્રી એકઠી કરવા પણ અમારે પોતે જ જવું પડતું હતું. સાથે જ નિયમિત કસરત કરવી અને સમયસર સૂવા-ઉઠવાનું પણ આશ્રમની શિસ્તના ભાગરૂપે હતું. હવે તમે તો જાણો જ છો કે આ શિસ્તબધ્ધતા અમારા માટે એકદમ નવી વાત હતી, જોકે હું તો એને સ્વીકારી ચૂક્યો હતો, પરંતુ ભાઈને રહીરહીને તકલીફ થયે રાખતી હતી; ખાસ કરીને ઉઠવામાં. તેમ છતાં કોઈપણ રીતે સમજાવીને અથવા ક્યારેક તો ફોસલાવીને પણ હું તેમને આશ્રમની જીવનશૈલીમાં ઢાળવાની કોશિશ કરતો રહેતો હતો. પણ મુશ્કેલી એ હતી કે ભાઈને એક નહીં, હજાર હેરાનગતિ હતી. અને વળી ઉપરથી નવી-નવી તકલીફો તો નિતનવાં સ્વરૂપ ધારણ કરીને પણ આવ્યા જ કરતી હતી. એક દિવસની જ વાત લો. ...રાજભવનમાંથી આશ્રમ માટે પકવાન મોકલવામાં આવ્યા. સ્વાભાવિક રીતે આ જોઈને હું અને ભાઈ તો ઘણા ખુશ થઈ ગયા. મારું તો સમજ્યાં, પણ ભાઈના ચહેરાની તો રોનક જ બદલાઈ ગઈ. હવે તમે તો જાણો જ છો કે અમે બંને ખાવાના કેટલા શોખીન હતા. એ ઓછું હતું તે મથુરા આવ્યા પછી અમને સારા ભોજનનો ચસકો પણ લાગી ગયો હતો. શું મીઠાં અને શું ચટપટાં, હવે તો બંને સ્વાદના ભોજન અમારી દુ:ખતી રગ બની ગયાં હતા. એક તો આમ પણ હું અને ભાઈ ચાર ચાર માણસોનું ભોજન એકલા જ હજમ કરી જનારા માંઘ્યલા હતા, અને અહીં આશ્રમમાં એકદમ સાદું ભોજન...એ પણ જરૂર પૂરતી માત્રામાં જ પીરસવામાં આવતું હતું. હવે એનાથી અમારું પેટ ક્યાં ભરાવાનું હતું? આવામાં આશ્રમમાં આવેલાં પકવાન જોઈને અમારું પેટપુજારીઓનું ખુશ થવાનું વાજબી જ હતું. પણ જેમ સહુ કોઈ જાણે છે કે જીવનમાં હંમેશાં બધું આપણી ધારણા પ્રમાણે થતું નથી; અને કદાચ એજ જીવનની મજા છે. આ કહેવતને બરાબર સાચી પુરવાર કરતાં, આચાર્યજીએ અમને લોકોને રાજમહેલ તરફથી આવેલા ભોજનમાંથી માત્ર ફળ અને દહીં ખાવાની છૂટ આપી. આ સાંભળતા જ અમારો જુસ્સો તો ટાઢો પડી ગયો. તેઓ તો આ આજ્ઞા આપીને ચાલ્યા ગયા, પણ આ બાજુ ભાઈને તો એવું લાગ્યું જાણે કોઈએ એમના મોંનો કોળિયો જ ઝૂંટવી લીધો હોય.

...એટલે મુસીબતે તો હાકલ દઈ જ દીધી હતી, હવે તો તે ભયંકર રૂપ ધારણ કરી લ્યે એની જ રાહ જોવાની હતી. તો એમાં પણ કેટલી વાર? અમે લોકોએ મુંગે મોઢેને વીલે મોંએ ફળ અને દહીં ખાવાની શરૂઆત જ કરી હતી કે વિન્દ-અનુવિન્દથી ન રહેવાયું. હકીકતમાં ભોજન જોતા જ એમનાં મોંમાં એવું પાણી આવી ગયું કે એમણે આચાર્યજીની આજ્ઞાથી ઉપરવટ જઈને મીઠાઈ અને પકવાન ગપાગપ ખાવાનું શરૂ કરી દીધું. ...આ તો ભારે જોવા જેવી થઈ. એક તો સામે મૂકાયેલું ભોજન આમ પણ લલચાવીને હેરાન કરી રહ્યું હતું, ઉપરથી કોઈને આમ ભોજન ઝાપટતા જોવાનું વધારે કષ્ટદાયક થઈ રહ્યું હતું. આ પણ એકદમ અનોખો અનુભવ હતો. મનગમતી વસ્તુ સામે રાખી હતી, મન ખાવા માટે લલચાઈ પણ રહ્યું હતું; છતાં પણ ખાઈ નહોતા રહ્યા. આ રીતે તો આજે વ્યક્તિત્વનાં એક નવા જ પાસા સાથે મુલાકાત થઈ રહી હતી. કદાચ આ આચાર્યજીના સ્વૈચ્છિક આજ્ઞાપાલનની આકાંક્ષાની અસર હતી. કહી શકાય કે આમાં મારા ગુણ કરતાં આચાર્યજીના પ્રભાવની જ પ્રમુખ ભૂમિકા હતી.

એટલે કે સામે કોઈ સાધારણ આચાર્ય હોત તો કદાચ હું પોતે પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પકવાન ઝાપટી ગયો હોત.

...પરંતુ અત્યારે તો કંઈક નોખું જ દ્રશ્ય જામ્યું હતું. હું અને સુદામા ચૂપચાપ અને ભાઈ ગુસ્સામાં, પીરસાયેલા ફળ, ફૂલ અને દહીં ખાઈ રહ્યા હતા. બીજી તરફ અમારી બરાબર સામે, વિન્દ-અનુવિન્દ ઠસ્સાથી બેસીને ગપાગપ પકવાન ખાઈ રહ્યા હતા. ખેર, મારું અને સુદામાનું ભોજન તો પતી ગયું હતું, છતાં પણ ભાઈ ત્યાંથી હટવાનું નામ લેવા તૈયાર નહોતા. ના... ના, એ ખાતા નહોતા. પણ સામે રાખેલાં પકવાનોને એવી રીતે જોઈ રહ્યા હતા કે જાણે આંખોથી જ ખાઈ જશે. ખાઈ શું જશે...? આંખોથી જેટલું ખાઈ શકાતું હતું એટલું તો એ ખાઈ ચૂક્યા હતા. વધુ પીડાકારક એ હતું કે વિન્દ-અનુવિન્દ તો હજુ પણ પકવાનો ઝાપટી રહ્યા હતા. આ તો ઠીક, પણ અત્યારે તો બાકી શિષ્યોનો પણ અહીં જમાવ થઈ ગયો હતો. સહુ કોઈ આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયું હતું. આ તરફ હું ભલે જમીને ઉઠી ગયો હતો, પણ એ બંનેને ખાતા જોવાની મજા હજુ પણ માણી રહ્યો હતો. એ તરફ અમને આ રીતે પકવાનોને જોતા જોઈને અનુવિન્દે અમને લોકોને પૂછ્યું પણ ખરું કે શું તમને લોકોને પકવાન ખાવાની ઈચ્છા નથી થતી?

હવે આ તે કંઈ વાત થઈ? બધાં આ તમાશો જોઈ જ રહ્યાં છે, તો પછી અમને જ શું કામ સવાલ પૂછ્યો? હશે, હમણાં તો વાત ટાળવા માટે મેં કહ્યું- ઈચ્છા તો થતી હતી. ખોટું શું બોલું, થોડે ઘણે અંશે હજુ પણ થાય છે; પરંતુ એનાથી ઘણી વધુ ઈચ્છા તો આચાર્યજીની આજ્ઞા પાળવાની છે.

વિન્દ તો જાણે આવા જ કોઈ અવસરની રાહ જોતો હતો. એણે તરત પોતાનું જૂનું વ્યંગબાણ ચલાવ્યું- અંતે તમે તો રહ્યા ગોવાળ જ, એ પણ છેક વૃંદાવનના જંગલોના; ક્યારેય પકવાન ખાધા હોય તો એનું મહત્ત્વ જાણોને?

આ સાંભળતા જ ભાઈનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. હું ગભરાઈ ગયો. ક્યાંક પકવાન ન ખાઈ શકવાનો બધો ક્રોધ વિન્દ ઉપર ન ઉતારી દે! તમે નહીં માનો, ઘણી આજીજી કરીને મેં એમને માંડમાંડ શાંત પાડ્યા. જોકે તેમ છતાં પણ ભાઈએ વિન્દને ઘૂરકિયું કરતાં એટલું તો કહી જ દીધું- ધ્યાન રાખજે, મને ટોણા સાંભળવાની જરા પણ ટેવ નથી.

આ વાત પર વિન્દ ખૂબ ગર્વથી સામું બોલ્યો- પણ મને ટોણા મારવાનું બરાબર ફાવે છે.

આ તરફ વાત વણસતી જોઈને, વાત સંભાળવાની ચેષ્ટા સાથે હું તરત મેદાનમાં કૂદી પડ્યો. મેં ઘણી વિનમ્રતાથી કહ્યું- ઠીક છે, ભાઈ! તમે જરૂર વ્યંગ કરો. અમે ધીરે ધીરે વ્યંગ સાંભળવાની ટેવ કેળવી લઈશું. થોડું આચાર્યજી પાસેથી શીખી રહ્યા છીએ, થોડું તમારી પાસેથી પણ શીખી લઈશું.

બીજી તરફ બીજા બધા તો ઠીક, પણ દૂર ઉભેલો સુદામા આ વિવાદની પૂરેપૂરી મજા માણી રહ્યો હતો. કદાચ એને આચાર્યજીના આજ્ઞાપાલનની સાથે સાથે આ બંનેના વ્યંગ સહેવાની પણ સારી એવી ટેવ પડી ગઈ હતી. એ આ આશ્રમનો જૂનો જોગી જ હતો ને. એટલામાં અનુવિન્દને અચાનક શું થયું, ...અથવા એને લાગ્યું કે હું શું કામ બાકી રહી જાઉં. બસ, એ મેદાનમાં કૂદી પડ્યો. જોકે એણે સીધું અમને કંઈ ન કહ્યું, પણ ભારે વ્યંગાત્મક ઢબે એ સીધું વિન્દને સંબોધીને બોલ્યો- આચાર્યજી પણ ક્યાંથી આ બે જંગલી કબૂતર પકડીને લઈ આવ્યા? સાચે જ, આખા આશ્રમની આબરૂ ધૂળધાણી કરી નાખી.

...આ સાંભળતા જ ભાઈ તો અત્યંત ગુસ્સા સાથે ઊભા થઈ ગયા. મને લાગ્યું ક્યાંક વિન્દ-અનુવિન્દને મારી ન બેસે. સ્થિતિ ખરેખર કાબૂ બહાર જઈ રહી હતી. હું મામલો શાંત કરવા માટે જેટલી કોશિશ કરી રહ્યો હતો, એનાથી અનેકગણી કોશિશ તો એ બંને મામલાને ગરમ રાખવા કરી રહ્યા હતા. દુર્ભાગ્યે, જીત એમની થતી હોય એવું લાગી રહ્યું હતું. આમ તો મને હારવાની જરા પણ આદત નહોતી, પણ તમે બધા એ તો જાણો જ છો કે મામલો શાંત કરવા કરતાં ગરમ રાખવાનું હંમેશાં વધારે સહેલું હોય છે. એટલે સ્વાભાવિક રીતે એ લોકો ભારી પડી રહ્યા હતા.

ખેર, હજુ વાત પૂર્ણપણે વણસવાની અણી ઉપર હતી કે ત્યાંજ ક્યાંકથી આચાર્યજી પ્રકટ થઈ ગયા. એમને જોતા જ મારા જીવમાં જીવ આવ્યો. લાગે છે કે એ પણ સતત થઈ રહેલી આ કચકચથી વાકેફ થઈને ત્યાં આવી ગયા હતા. એમણે આવતાવેંત જ વિન્દ-અનુવિન્દની સામે જોઈને કડક લઢણમાં કહ્યું-આશ્રમની આબરૂનો સંબંધ અહીં કોણ કેળવણી લેવા આવે છે એની સાથે બિલકુલ નથી. વાસ્તવમાં આશ્રમની આબરૂનો સીધો સંબંધ અહીંથી કેળવણી પામેલા વિદ્યાર્થી જીવનમાં આગળ શું કરે છે, એના પર આધાર રાખે છે. ...ખેર જવા દો, આ વાત તમારા જેવા અહંકારી ક્યાંથી સમજશે? જાવ, આજથી તમે બંને ભાઈઓ મારી દરેકે દરેક આજ્ઞાથી મુક્ત છો. કેમકે મારું કામ તમારી ઈચ્છાઓનું દમન કરવાનું નથી, પરંતુ એમાં પરિવર્તન લાવવાનું છે, એટલે કે એને કેળવવાનું છે, કારણ કે દમન કરવાથી તો ઈચ્છાઓ બમણા વેગથી ઉછળે છે. અસ્તુ, મારે તમને આ બધું સમજાવવાની જરાય જરૂર નથી. મેં તમને મારી દરેક આજ્ઞામાંથી મુક્ત કર્યા છે તો સામે પક્ષે એટલી અપેક્ષા પણ છે કે આજ પછી તમે બંને ભાઈઓ બીજાની બાબતમાં કોઈ દખલઅંદાજી નહીં કરો. ...પછી થોડી વારના મૌન બાદ સણસણતા સ્વરે બોલ્યા- નહીંતર ગંભીર પરિણામ ભોગવવા માટે તૈયાર રહેજો.

આચાર્યજીનો મિજાજ જોઈને વિન્દ-અનુવિન્દના તો હોશ જ ઉડી ગયા. હું પોતે આચાર્યજીનો રુઆબ જોતો જ રહી ગયો. ખેર, આચાર્યજી તો ચાલ્યા ગયા, પરંતુ જતા પહેલા ફરી એક કમાલની વાત શીખવાડી ગયા. એમની વાતનો સાર સ્પષ્ટ હતો. દેહથી વસ્તુનો ત્યાગ કરવો એ બહુ મોટી વાત નથી; મહિમા તો મનથી ત્યાગ કરવામાં છે. મેં એમની આ વાત હંમેશ માટે

આત્મસાત કરી લીધી. ત્યાર પછી ક્યારેય આશ્રમ-જીવન દરમ્યાન ફરી વાર મીઠાઈ ખાવાની ઈચ્છા જ ન થઈ. અને જ્યાં સુધી દમનનો સવાલ છે, હું તો આમ પણ પહેલેથી દરેક પ્રકારના દમનનો વિરોધી રહ્યો હતો. સંપૂર્ણ સ્વછંદતાનો હું શરૂઆતથી જ પક્ષધર હતો. આ બધું તો ઠીક, પણ આ આખા ઘટનાક્રમમાં એક વાત સારી થઈ હતી કે આચાર્યજી સમયસર આવી પહોંચ્યા હતા; નહીંતર વિન્દ-અનુવિન્દ અને ભાઈ વચ્ચે મારામારી જરૂર થઈ હોત. અને જો એવું થયું હોત તો ભાઈ દ્વારા વિન્દ-અનુવિન્દની શું હાલત થાત એ તો ભગવાન જાણે. અરે, એમનું તો જે થવાનું હોત તે થાત, પણ અમારું શું થાત? બંને ઉજ્જયિનીના રાજકુમાર હતા. આશ્રમ એમના ઉપકારો તળે આમ પણ દબાયેલો હતો. આવામાં જો ભૂલથી પણ અમને આશ્રમમાંથી કાઢી મૂકવામાં આવત તો જરાસંધના હાથે અમારું મરવાનું નિશ્ચિત થઈ જાત. જોયું તમે, આશ્રમે જરાસંધ નામની બલાથી તો અમને જરૂર સુરક્ષા જરૂર આપી હતી, પરંતુ હજુ એના આતંકથી મુક્તિ મળવાનું સદ્ભાગ્ય અહીં પણ નહોતું મળી રહ્યું. કારણ એક જ હતું કે ભાઈ નામની એક હરતી-ફરતી મુસીબત હતી જે જરાસંધનો ઓછાયો હટવા જ નહોતી દેતી.

ખેર! હમણાં તો મામલો થાળે પડતા જ અમે ફરીથી પોતપોતાના ઓરડામાં સુવા ચાલ્યા ગયા. કમાલ એ કે હજી હમણાં જ વિન્દ-અનુવિન્દ સાથે ઝઘડો થયો હતો અને અત્યારે ફરી એક જ ઓરડામાં સુવું પડી રહ્યું હતું. હશે, તેઓ અને ભાઈ ફરી બાધી ન પડે, એનું ધ્યાન રાખવાના હેતુથી, મારે તો જાગતા જ રહેવાનું હતું. અને મનોમન આ વાતનો બધો ગુસ્સો વિન્દ-અનુવિન્દ પર ઠાલવી પણ રહ્યો હતો. તમને યાદ હશે કે મથુરામાં યુવરાજોને જોઈને હું કેવો ખુશ થતો હતો. એમને જોઈને એવું લાગતું હતું જાણે કે એ કોઈ ચાંદ-તારાઓની દુનિયામાંથી પધાર્યા છે. પરંતુ આજે જ્યારે એમની થોડું નિકટ આવવાનો અવસર મળ્યો ત્યારે તો સમજાયું કે ડુંગરા દૂરથી રળિયામણાં. આ તરફ યુવરાજો વિશે વિચારતા વિચારતા મારા ચિંતને એક નવી જ દિશા પકડી લીધી. વિચારવા લાગ્યો કે કાલે આજ લોકો રાજા બનશે; આવામાં આર્યાવર્તનું ભવિષ્ય કેવું હશે? સામાન્ય પ્રજા સુખ-ચેનથી કેવી રીતે જીવી શકશે? શું રાજા બનવાની પરંપરામાં પરિવર્તન જરૂરી નથી? શું જનતાના ભવિષ્યને ધ્યાનમાં રાખીને રાજસિંહાસને, "રાજકુમાર"ને સ્થાને રાજ્યના સહુથી યોગ્ય વ્યક્તિએ ન બેસવું જોઈએ? આમ તો ઘણી વાતો એવી હોય છે જેના પર વિચારી તો શકાય છે, પરંતુ કંઇ કરી શકાતું નથી. ...આ ચિંતન પણ કંઈક એવું જ હતું. અને આજ બધાં વિચારોમાં સવાર ક્યારે થઈ ગઈ એ ખબર પણ ન પડી.

ખેર! છોડો આ વાતોને. બહેતર છે કે આશ્રમની જ વાત કરવામાં આવે. આ તરફ પછીનાં થોડા દિવસોમાં જ અમારી શસ્ત્રવિદ્યા પણ શરૂ થઈ ગઈ હતી. આમ તો અહીં દરેક જાતનાં શસ્ત્ર ચલાવવાનું શીખવાડવામાં આવતું હતું, પરંતુ આચાર્યજીનો વિશેષ ઝોક ગદા અને તલવાર પર રહેતો હતો. કહેવાની જરૂર નથી કે- અમે લોકો પહેલી વાર વ્યવસ્થિત રીતે શસ્ત્ર ચલાવવાનું શીખી રહ્યા હતા. ચોક્કસપણે એક રીતે આ ઘણો મહત્ત્વપૂર્ણ અનુભવ હતો. ખેર, હવે શસ્ત્ર ચલાવવાનું તો શીખીશું ત્યારે શીખીશું, પણ એક વાત અત્યારથી જ સારી થઈ ગઈ હતી કે શસ્ત્રવિદ્યા શરૂ થવાથી ભાઈનું મન હવે આશ્રમમાં લાગવા માંડ્યું હતું. અને એ સાથે જ મને વારંવાર એમને સંભાળવાના ભયાનક કાર્યમાંથી મુક્તિ મળી ગઈ હતી. અને જ્યાં સુધી મારો સવાલ છે, તો હું તો આચાર્યજીની દરેક વાતથી એટલો પ્રભાવિત હતો કે હું સંપૂર્ણપણે 'આચાર્યમય' બની ગયો હતો. હવે તો ન મથુરા યાદ આવતી હતી ન જરાસંધ; અને ન વૃંદાવન કે ન તો રુક્મિણી. બસ, આ બધાને સ્થાને આચાર્યજી સંપૂર્ણ રીતે મારા અસ્તિત્વમાં સમાઈ ગયા હતા. બીજી તરફ આચાર્યજીની વાત કરું તો તેઓ પણ મારા આવવાથી ઘણા ખુશ હતા. વધુ શું, કદાચ આ ખુશીમાં જ એમણે સંધ્યાસભા પણ શરૂ કરી દીધી હતી. આ બહુ જ ઉપયોગી પ્રયોગ હતો. સંધ્યાસભા દરમ્યાન અમારા મનમાં ઉઠતા પ્રશ્નોનું આચાર્યજી દ્વારા નિરાકરણ કરવામાં આવવાનું હતું. આ સાંભળતા જ મારા મનમાં તો હજારો પ્રશ્નો અત્યારથી જ ફરવા લાગ્યા હતા.

ખેર! આજે આ પ્રયોગનો પહેલો દિવસ હતો. હું તો સવારથી જ, એટલે કે જ્યારથી આ જાહેરાત થઈ હતી ત્યારથી જ સાંજની વાટ જોઈ રહ્યો હતો. બસ, સાંજે જમ્યા પછી અમે બધા આશ્રમની વચ્ચેના ખુલા મેદાનમાં પહોંચી ગયા હતા. અમે સહુએ પોત-પોતાનું આસન પણ ગ્રહણ કરી લીધું હતું. ઉત્સાહવશ હું તો સુદામા અને ભાઈ સાથે પ્રથમ હરોળમાં જ બેસી ગયો હતો. નિશ્ચિતપણે ઉજ્જયિનીની ટાઢમાં, ખુલ્લામાં ઘાસ પર બેસવાનો પણ એક અનેરો જ આનંદ હતો. એ તરફ થોડી જ વારમાં આચાર્યજી પણ આચાર્યમા સાથે પધાર્યા. અમે ઊભા થઈ તેમને પ્રણામ કર્યા અને તેઓ સામે વૃક્ષને અડીને બનેલી ઉંચી બેઠક ઉપર બિરાજમાન થતાં જ અમે સ્વસ્થાને ફરી બેસી ગયા. બીજા બધાનું તો ખબર નહીં પણ મારું તો કામ થઈ ગયું હતું. પોતાના મનમાં ઉઠી રહેલા પ્રશ્નોનું નિરાકરણ થાય, એનાથી વધારે મોટું અને સારું શિક્ષણ બીજું કયું હોઈ શકે છે? આ બધું તો ઠીક, પણ આશ્ચર્ય એ કે આચાર્યજીએ એક-બે વાર પ્રશ્ન આમંત્રિત કર્યા બાદ પણ કોઈ કંઈ પૂછી નહોતું રહ્યું. ભલે ન પૂછે, હું તો તૈયાર જ હતો. એટલે આ સભાનો શુભારંભ મારા પૂછેલા પ્રશ્નથી જ થયો. જોકે ઊભા થઈને પ્રશ્ન પૂછતા પહેલા મેં સારી એવી ભૂમિકા પણ બાંધી હતી- આચાર્યજી, હું એકદમ નવો વિદ્યાર્થી છું, જો પ્રશ્નમાં કોઈ ખામી જણાય તો માફ કરજો. વાસ્તવમાં હું સમજવા માગું છું કે પકવાનોના ત્યાગનો કે જમીન પર સૂવાની શિક્ષાને ભવિષ્ય સાથે શો સંબંધ છે? એની પાછળનો ઉદ્દેશ શું છે? જે ચીજ આપણને એમને એમ સામેથી મળી રહી છે એનો ત્યાગ કેમ કરવાનો? જેમાં કોઈ ખરાબી પણ

નથી તો એનાથી અંતર કેમ પાળવાનું?

મારો પ્રશ્ન પુરો થતાં જ આચાર્યજીએ બેસી જવાનો ઈશારો કર્યો. પછી આચાર્યજીએ મારો ઉત્સાહ વધારતા કહ્યું- શિષ્ય! તારો પ્રશ્ન શ્રેષ્ઠ છે. વાસ્તવમાં આની પાછળ બે ઉદ્દેશ છે: એક તો વસ્તુ તમારી સામે છે, અને તમને પસંદ પણ છે..., છતાં પણ મારી આજ્ઞાથી તમે એનો ત્યાગ માત્ર તનથી નહીં મનથી પણ કરી શકો છો, તો એનો ચોખ્ખો અર્થ એ થયો કે તમે મારું સન્માન કરો છો; અને શિક્ષણ એ આચાર્ય પાસેથી જ લઈ શકાય છે કે જેનું તમે સન્માન કરતાં હો. નહીંતર બધી શિખવાડેલી વાતો એળે જાય છે. ...બીજું, જીવન ચાહે રાજાનું કેમ ન હોય, હંમેશાં એક જેવું નથી રહેતું. નિતનવી મુસીબતોથી ઘેરાયેલું રહે છે. આ આશ્રમ છે અને અહીં તમને આવનારી કાલ માટે તૈયાર કરવામાં આવે છે. ધ્યાન રહે, એક રાજાને પણ યુદ્ધ પર જતી વખતે તમામ રાજવી વૈભવ છોડીને જ જવું પડતું હોય છે. બલ્કે યુદ્ધ હાર્યા પછી ઘણીવાર કેદ પણ ભોગવવી પડે છે. બસ, એમ સમજી લો કે આ બધી એની જ પૂર્વ તૈયારીઓ છે.

મારું શું હતું? ઊભા થઈને મેં ફરી બીજો પ્રશ્ન કર્યો- એનો અર્થ એ થયો કે વાસ્તવમાં તમને વૈભવ કે પકવાનો સામે કોઈ વાંધો નથી.

આચાર્યજી હસીને બોલ્યા- જરાય નહીં. આશ્રમથી નીકળીને બધાએ રાજસુખ તો ભોગવવાનું જ છે. યાદ રાખો; જેની પાસે વૈભવ નથી અને ભોગવવા માગે છે, એ ગાંડો છે. બીજી તરફ જેની પાસે વૈભવ છે છતાં પણ ભોગવતો નથી એ એનાથી પણ મોટો ગાંડો છે.

...આચાર્યજીએ વાત તો ઘણી કામની કહી હતી. મારી શંકાનું સમાધાન થઈ ગયું હતું. એ સાથે જ આજની આ ભવ્ય સભા તો પૂરી થઈ, પણ ધીમે ધીમે રહીને મને આ પ્રશ્નોત્તર સભામાં એટલો આનંદ આવવા લાગ્યો હતો કે સવાર થતાં જ હું સંધ્યાસભાની રાહ જોયા કરતો હતો. આ તો મારી વાત થઈ, પણ એ તરફ, ખબર નહીં કેમ ભાઈનું મન હજુ પણ સંપૂર્ણ રીતે આશ્રમમાં લાગી નહોતું રહ્યું. આમ પણ શિસ્તબધ્ધ રહેવાનું કે શિક્ષિત થવાનું એમના ગજા બહારની વાત હતી. અહીં સુધી તો ઠીક, પણ સમય જતા એમની પરેશાની એટલી વધી ગઈ કે મન બહેલાવવા માટે એ ઘણીવાર આચાર્યજીની જાણબહાર, બહાર ફરવા જવા લાગ્યા હતા. સાચું કહું તો ભાઈને આ રીતે આશ્રમની બહાર જતા-આવતા જોઈને હું ઘણો ગભરાઈ ગયો હતો. મેં એક-બે વાર ભાઈને સમજાવવાની કોશિશ પણ કરી, પરંતુ બધું વ્યર્થ. મારો ડર એક જ હતો; ક્યાંક આચાર્યજી સુધી આ વાત પહોંચી ગઈ તો એવું ન બને કે એ ભાઈને આશ્રમમાંથી જ કાઢી મૂકે? એવામાં તો મારે પોતે પણ સ્વેચ્છાએ આશ્રમબહાર થવું પડે. ભાઈનો સાથ તો ન છોડી શકાયને? અને એક વાર આશ્રમમાંથી નીકળ્યા નથી કે જરાસંઘ નામનું ભૂત અમારી પાછળ લાગ્યું સમજો. શિક્ષણ તો શિક્ષણના ઠેકાણે રહી જશે, પણ જીવથી જવાનો વખત આવશે. પરંતુ આ બધું માને કે સમજે તો ભાઈ શાના? એટલે એક તરફ જ્યાં મને આશ્રમમાં ખૂબ જ આનંદ અને સંતોષ મળી રહ્યો હતો, તો બીજી તરફ આ માનસિક ત્રાસ પણ વેઠવો જ પડતો હતો.

હશે! ભાઈ તો બદલાવાના હતા જ નહીં. હવે તો એમનું આશ્રમથી ભાગી જવું રોજનું થયું. ...એક દિવસ એમ જ ફરતા ફરતા ભાઈ જંગલથી થોડે દૂર નીકળી ગયા હતા. આમ તો જંગલ આશ્રમના પાછળના ભાગમાં જ પડતું હતું, પરંતુ એ દિવસે ભાઈ થોડા વધારે જ દૂર ગાઢ જંગલ તરફ નીકળી ગયા હતા. આમ ફરતા ફરતા હજુ બપોર જ થઈ હતી કે અચાનક એમની સામે એક મોટો વાઘ આવી ગયો. હવે ભલા ભાઈ વાઘથી થોડા ડરે એમ હતા? આમ પણ ઘણા દિવસોથી આશ્રમમાં ખાસ કંઈ કર્યું નહોતું. આવામાં ભાઈ આવો સરસ મોકો છોડે એ તો શક્ય જ નહોતું. ગાઢ જંગલ, ચોતરફ નિર્જન જગ્યા અને લગભગ પચાસ ગજનાં અંતરે ઉભેલો વાઘ. બસ, ભાઈ તો નાસી જવા કે રસ્તો બદલવાને બદલે ડગલા માપી તેની તરફ વધવા લાગ્યા. આવામાં વાઘ ક્યાં દિશા બદલવાનો હતો? બંને એકમેકની તરફ આગળ વધ્યા અને અંતે ટક્કર થઈ જ ગઈ. ...પરંતુ વાઘ પણ ઘણો મોટો અને શક્તિશાળી હતો. ભાઈ કરતાં બમણો દેખાતો એ વાઘ અતિ સ્ફૂર્તિલો પણ હતો. વૃંદાવનની આસપાસ તો આટલા મોટા વાઘ હતા નહીં, અને કદાચ એજ ભ્રમને કારણે ભાઈ હળ જમીન ઉપર મૂકીને બાથ ભીડી રહ્યા હતા. પણ જ્યારે ઘણીવાર સુધી યુદ્ધ ચાલ્યા બાદ પણ કોઈ પરિણામ ન આવ્યું તો ભાઈએ ધીરજ ગુમાવી દીધી. એવામાં ભાઈના હળથી બચવાનું વાઘ માટે ગજા બહારનું હતું. એમણે દૂરથી જ ઘૂમાવીને વાઘ પર હળનું એવું તો નિશાન તાક્યું કે વાઘ કંઈ સમજે કે વળતો પ્રહાર કરે એ પહેલા તો 'હળ' પોતાનું કામ કરી ચૂક્યું હતું. હવે ઘાયલ વાઘને મારવો એ તો ભાઈ માટે બકરી મારવા જેવું કામ હતું. તેથી જલ્દીથી વાઘ મરણ પામ્યો. ભલે જે પણ હોય, હકીકત તો એ હતી કે હાથોહાથની જગ્યાએ હથિયારથી વાઘની હત્યા કરીને ભાઈ પોતાની વીરતા તો બતાવી જ ચૂક્યા હતા, તેમા વળી એમના મનમાં વિચાર આવ્યો કે પોતાની આ વીરતાનો ડંકો આખા આશ્રમમાં શા માટે ન વગાડવામાં આવે? ચોક્કસપણે એના મુખ્ય બે કારણ હતા; એક તો એ બધા પર પોતાની વીરતાનો રોફ જમાવવા માગતા હતા અને બીજું એ કે આચાર્યજી દ્વારા હંમેશાં થતી મારી પ્રશંસાથી ક્યારેક ક્યારેક એ થોડા અકળાઈ પણ જતા હતા. આ વાત હું આમ જ નથી કહી રહ્યો, એક દિવસ વાતવાતમાં એ પોતાનું આ દુ:ખ મારી પાસે વ્યક્ત પણ કરી ચૂક્યા હતા. એક વાર એકાંતમાં એમણે ઘણા લાચારીભર્યા સ્વરે મને પૂછ્યું હતું- કનૈયા! આપણે આશ્રમમાં હજુ કેટલા દિવસ રોકાવાનું છે?

મેં પૂછ્યું હતું- કેમ?

અને એ બોલ્યા હતા- મારું મન અહીંયાં નથી લાગતું.

મેં કહ્યું- આચાર્યજી આટલી સારી સારી વાતો શીખવાડે છે, આ વાતો આપણું જીવન પરિવર્તિત કરી શકે છે; તો પછી તમારું મન કેમ નથી લાગતું?

એ બોલ્યા- પણ એ જે કંઇ પણ પાઠ ભણાવે છે એ તને તરત જ યાદ રહી જાય છે, જ્યારે મને યાદ જ નથી રહેતું.

મેં કહ્યું- આ તો બહુ સાદી વાત છે. આચાર્યજી જ્યારે સમજાવે ત્યારે એટલા ધ્યાનથી સાંભળો કે પોતાની હયાતિને જ ભૂલી જાઓ. બસ... તમને પણ બધું કંઠસ્થ થઈ જશે.

ભાઈ બોલ્યા- એ બધું તો ઠીક છે, પણ આચાર્યજી વાતે વાતે મને ઠપકો આપતા રહે છે. એ કહે છે કે એક તું છે જેને કંઇ યાદ રહેતું નથી, બીજી બાજુ તારો ભાઈ છે જેને બધું એક વારમાં જ કંઠસ્થ થઈ જાય છે.

હું સમજી ગયો, સમસ્યા આચાર્યજી ઠપકો દેતા હતા કે યાદ નહોતું રહેતું એ નહોતી; અસલ સમસ્યાનું મૂળ તો આચાર્યજીએ કરેલી મારી સાથેની એમની સરખામણીમાં હતું. નિશ્ચિતપણે એનાથી ભાઈનો અહં ઘવાયો હતો. જોકે એમના અહંકારને આજ એક ચોટ વાગી હતી, એવું પણ નહોતું. અહીં સતત યુવરાજોની વચ્ચે રહેવાને લીધે ભાઈ અકારણ લઘુતાગ્રંથિથી પીડાઈ રહ્યા હતા. વાસ્તવમાં એને લીધે પોતે સાધારણ પરિવારના હોવાની વ્યથા એમને અંદરોઅંદર કોરી ખાતી હતી. જ્યારે એનાથી વિપરીત એક હું હતો કે હું તો આમ પણ પોતાને હજારો યુવરાજોથી વધારે ચઢિયાતો માનતો હતો. મને આવી આડીઅવળી સમસ્યાઓ ક્યારેય નહોતી નડતી. તમે તો જાણો જ છો કે હું તો બાળપણથી જ પોતાના સમ્મોહનમાં પડેલો માણસ હતો. ...આમ સરવાળે કહેવાનું તાત્પર્ય એ કે ભાઈ પોતાની ડીંગ હાંકવા માટે હાથ લાગેલો આ અવસર છોડવા નહોતા માંગતા. પરંતુ આ માટે મરેલા વાઘને આશ્રમ સુધી ઢસડીને લાવવાનું જરૂરી હતું. હવે અહંકાર પણ ચેતનાનું જ એક સ્વરૂપ છે, એ પણ મનુષ્ય પાસે કપરામાં કપરું કામ સહેલાઈથી કરાવી આપવામાં સક્ષમ છે. બસ એજ કારણે, ભાઈ પણ ઘણી મહેનત કરીને પોતાનાથી બમણા વજનવાળા એ વિશાળકાય વાઘને કોઈક રીતે ઢસડીને આશ્રમ સુધી લઈ જ આવ્યા.

એ તો ઠીક, પણ વાઘને આશ્રમનાં દરવાજા પર છોડીને તેઓ મને શોધતા શોધતા અંદર આવી ગયા. હું તે સમયે બધાની સાથે મેદાનમાં જ હતો. હાંફતા ભાઈને જોઈને એક વાર તો હું ઘણો ચોંકી ગયો. એ તરફ મને કંઇ પણ કહ્યા વગર ઢસડીને મને મુખ્ય દ્વાર તરફ લઈ ગયા. જીજ્ઞાસાવશ બધાં પાછળ પાછળ ચાલવા લાગ્યા. મુખ્ય દ્વાર પાસે પડેલો મરેલો વાઘ જોઈને મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. બાકી બધા પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પણ જેવો ભાઈએ પેલા મરેલા વાઘને પૂરા ઠસ્સા સાથે એક મુક્કો માર્યો કે હું સમજી ગયો કે વૃતાંત શું છે. હવે આવો વિશાળ વાઘ તો મેં વૃંદાવનમાં કદી જોયો નહોતો. મજા તો એ કે એ મરેલાં વાઘે આ ઠંડી ઋતુમાં પણ ભાઈને પરસેવાથી રેબઝેબ કરી મૂક્યા હતા. ...ભાઈની આ હરકત જોઈને મને યાદ આવ્યું કે એક વાર ભાઈએ બાળપણમાં વિશાળ બગલાને માર્યો હતો, ત્યારે પણ ઘણા દિવસો સુધી બધાને એ વાત કરીકરીને પોતાનો રોફ જમાવતા રહેતા હતા. એટલે કે રોફ જમાવવો એમની ઘણી જૂની આદત હતી. પછી આ તો વાઘ હતો. બીજી તરફ આશ્રમ યુવરાજોથી ભરાયેલો હતો, એટલે અવસર એમને મળી ચૂક્યો હતો અને ધારો પણ. હવે વાટ જોવાતી હતી તો તે ભાઈનાં પોતાના વખાણમાં થોડા શબ્દો કહેવાની. ...જોકે આ ઈન્તેઝારી ફક્ત હું કરી રહ્યો હતો, બાકીનાઓ માટે તો મામલો હજુ પણ સમજણની બહાર હતો. કારણ કે યુવરાજો તો કોઈ આટલા મોટા વાઘને મારીયે શકે એ વિચાર જ નહોતા કરી શકતા. કંઈ વાંધો નહીં, એ તો ભાઈ પોતાની ડંફાશ મારશે કે બધાને ખબર પડી જશે. હું બહુ ખુશ હતો કે હવે સહુ કોઈ ભાઈની વીરતાના વખાણ કરશે. એટલે હવે ભાઈની આશ્રમ છોડી જવાની ચિંતા પુરી થઈ. એટલી વારમાં ઘોંઘાટ સાંભળીને આચાર્યજી પણ દોડી આવ્યા હતા. તેઓ તો પ્રવેશદ્વાર પાસે પડેલા મૃત વાઘને જોતા જ રહી ગયા. પછી તેમણે ધ્યાનથી વાઘની પીઠ ઉપર પગ રાખીને ઉભેલા ભાઈને જોયા. ત્યારબાદ ધ્યાનપૂર્વક તમાશો નિહાળી રહેલા અમો સહુ પર પણ એક નજર ફેરવી. એ તરફ ભાઈ તો આચાર્યજીના આગમન સાથે જ પૂરેપૂરા જોશમાં આવી ગયા. આ તરફ આચાર્યજીને આવેલા જોઈને હું ભાઈની પાસે જઈને ઊભો રહી ગયો. તો સ્વભાવથી વિવશ, ભાઈ વાતાવરણ બનેલું જોઈને શરૂ થઈ ગયા- હું તો આમ જ જંગલમાં ફરી રહ્યો હતો કે આ વાઘે મારી સામે આવવાનું દુ:સાહસ કર્યું. મને ક્રોધ આવી ગયો. એક-બે ઘામાં જ એને ધૂળ ચાટતો કરી દીધો.

આ સાંભળતા જ સહુ કોઈ ભાઈની બહાદુરીના વખાણ કરવા લાગ્યા. તો, આનાથી ભાઈ વધુ ઉત્સાહિત થયા, હવે એ આચાર્યજી સામે જોઈ છાતી ફૂલાવીને બોલ્યા- તમને ભેટ ધરવા માટે જ હું આને અહીં સુધી ઢસડીને લાવ્યો છું.

...આચાર્યજી હજુ સુધી સંપૂર્ણ રીતે મૌન જ હતા. એમના ચહેરા પર કોઈ હાવભાવ પણ દેખાતા નહોતા. મારે માટે આ બિલકુલ અણધાર્યું હતું. એ શું વિચારી રહ્યા છે એ મારી સમજમાં નહોતું આવી રહ્યું. છતાં મેં વિચાર્યું કે એ શું વિચારી રહ્યા છે એ સમજવાનું મુશ્કેલ છે ...એટલે જ તો એ આચાર્ય છે, જ્યારે ભાઈએ વાઘને કેમ માર્યો અને કેમ ઢસડીને આશ્રમ સુધી લાવ્યા, આ બધું સમજવાનું સહેલું હતું, એટલે જ એ ભાઈ હતા.

ખેર; આચાર્યજીના મનની વાત સમજમાં નહોતી આવતી, કાંઈ નહીં. તો પછી એવી રીતે કેમ ન વિચારવું કે જે આપણી વિચારવાની ક્ષમતાની મર્યાદામાં આવતું હોય. આ વિચાર આવતા જ મને આચાર્યજીનાં એ વ્યંગ પર હસવું આવી ગયું કે જેને

લીધે આ નિર્દોષ વાઘને પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. ...હવે આ વિચારતા તો વિચારી ગયો પણ આ વિચારે ચિંતનને ફરી હચમચાવીને રાખી દીધું. શું ખરેખર બીજાના શબ્દો અને વ્યવહાર મનુષ્યને આ હદે પ્રભાવિત કરી શકે છે? શું મનુષ્યને રમકડું બનાવી શકાય છે? આમ તો આચાર્યજી દ્વારા વ્યંગ કરવો અને ભાઈનું વાઘને મારવું આ બંને વચ્ચે ચોખ્ખો સંબંધ સ્પષ્ટ હતો. જો આ સાચું છે, ત્યારે તો આજ શ્રેષ્ઠ રમત છે. આનાથી તો સહેલાઈથી માણસોનો રમકડાંની જેમ ઉપયોગ કરી શકાય છે. બસ પછી શું હતું, આ રમત મને એવી માફક આવી ગઈ કે ત્યાર પછી મેં જીવનભર મનુષ્યોનો રમકડાંની જેમ ઉપયોગ કર્યો. ...જોકે એ વાત જુદી છે કે એમાં મેં ક્યારેય મારો કોઈ સ્વાર્થ સિદ્ધ નથી કર્યો. વળી આ રમત રમવાનો એક બીજો ફાયદો પણ થયો હતો, ત્યાર પછી હું ક્યારેય કોઈની કોઈપણ વાતથી ન તો વિચલિત થયો કે ન પ્રભાવિત. અરે ભાઈ, રમકડાંઓ સાથે રમવાની મજા આવે, કંઈ પોતે થોડું રમકડું બની જવાય છે? કમાલ હતું! આટલી ગહન વાત સમજી ગયો હતો, પણ આચાર્યજીના મનમાં શું ચાલી રહ્યું છે, એ વાત હજુ પણ સમજમાં આવતી નહોતી. છોડો, એટલે જ તો એ આચાર્ય હતા અને હું શિષ્ય.

આ બધું તો ઠીક, પણ તેનાથી પણ મોટું આશ્ચર્ય એ હતું કે હું આટલું વિચારીને ફરી પોતાની સામાન્ય મનોદશામાં પણ આવી ગયો હતો, પણ એ તરફ આચાર્યજીનું મૌન હતું જે ભંગ થવાનું નામ જ નહોતું લઈ રહ્યું. હું ક્યારેક મરેલા વાઘ ઉપર પગ રાખીને ઉભેલા ભાઈને જોઈ રહ્યો હતો, તો ક્યારેક શિષ્યોની આગળ ઉભેલા આચાર્યજીના હાવભાવ જોઈ રહ્યો હતો. જોકે ભલે જે પણ કરી રહ્યો હતો, પરંતુ આ ખામોશી તોડવાની હિમ્મત હજુ પણ એકઠી નહોતો કરી શકતો. ત્યારે અચાનક આચાર્યજીનાં ચહેરાની ભાવ રેખા બદલાઈ, તેઓ થોડા ગુસ્સે ભરાઈને અમારી તરફ ચાર ડગલા આગળ વધ્યા. ...પછી અચાનક ભાઈ પર ઘણાં જ વરસી પડ્યા. એકદમ કડક અવાજમાં ભાઈને સંબોધીને કહ્યું- તે એકસાથે બે ગુનાઓ કર્યા છે. એક તો મારી રજા વગર આશ્રમની બહાર ગયો અને બીજું આ વાઘને મારીને તે અકારણ જીવ-હત્યા કરી. તું એકસાથે આ બે ગુના કરી શક્યો, કારણ કે તે હજુ સુધી ગુરુની કૃપા જોઈ છે ...એમનો ક્રોધ નથી જોયો.

આચાર્યજીની વાત સાંભળતા જ ભાઈ તો બરાબરના ગભરાઈ ગયા. હું પહેલી વાર એમને આટલા ડરેલા જોઈ રહ્યો હતો. ભાઈનું છોડો, હું પોતે પણ બહુ ગભરાઈ ગયો હતો. કેટલો કડક અવાજ હતો એમનો? કેટલા રૂઆબદાર હાવભાવ હતા એમના? જોકે એ સારું રહ્યું કે વાત બહુ આગળ ન વધી. પણ હા, જતા જતા આચાર્યજીએ ભાઈને એક અંતિમ ધમકી ચોક્કસ આપી દીધી- પહેલી વાર છે એટલા માટે માફ કરું છું, પરંતુ યાદ રાખજે, આ આશ્રમમાં માંસ લાવવું અને ખાવું બંને વર્જ્ય છે. આટલું કહીને આચાર્યજી તો ચાલ્યા ગયા, પાછળ પાછળ અમે બધા પણ ચાલતા થયા. ભાઈ સ્વાભાવિક રીતે ઘણા ઉદાસ થઈ ગયા હતા. વાત જ ઉદાસીની હતી. એક તો આચાર્યજીએ એમને સહુની સામે ધમકાવ્યા હતા, એ પણ ખાસ કરીને એ સમયે જ્યારે એ સન્માન થશે એવી આશા રાખીને બેઠા હતા. પરિણામે આજે સંધ્યા સભામાં બધા મૌન હતા. ભાઈ તો માથું નીચું કરીને બેઠા હતા અને મોં ઊંચું કરવાનું નામ જ નહોતા લઈ રહ્યા. બાકી બધાં પણ ગભરાયેલા જ હતા. ક્યાંક કોઈ બેઅદબી ન કરી બેસે કે જેને લીધે આચાર્યજીનો ઠપકો સાંભળવો પડે. સહુથી અજબ હાલત મારી હતી. એક તરફ જ્યાં ભાઈની હાલત ઉપર દયા આવી રહી હતી, તો સાથે જ બીજી તરફ આજની વાતને લઈને મનમાં ઘણાં વિચારો પણ ઊભા થઈ રહ્યા હતા. સ્વાભાવિક રીતે, મેં જીવહિંસા જેવી કોઈ વાત પહેલી વાર સાંભળી હતી, મારા મનમાં પણ આ વિષયને લઈને ઘણા પ્રશ્નો ઉઠી રહ્યા હતા; પણ આજે મોઢું ખોલવાની તાકાત નહોતી કેળવી શકતો. હવે મેં તો અત્યાર સુધી ઘણા બધાં જાનવરોને મારી નાખ્યાં હતા. તો શું મેં ખોટું કર્યું હતું? હવે આ તો આચાર્યજી જ કહી શકતા હતા. પણ એને માટે પણ પૂછવું તો પડશે જ. એ હિંમત હજુ પણ એકઠી કરી શકતો નહોતો. એવામાં કોઈ બીજાએ કંઈ પૂછવાનો તો સવાલ જ નહોતો ઉઠતો. આમ પણ અન્ય કોઈને સવાલ પૂછવામાં રસ જ ક્યાં હતો? એ તરફ સભામાં આવી રીતે સોપો પડેલો જોઈને અંતે આચાર્યજીએ મને પૂછી જ લીધું- શું વાત છે, આજે તારે પણ કંઈ પૂછવું નથી, કનૈયા?

મારી તો હિંમત જ ખૂલી ગઈ. હવે મુરત ક્યાં જોવાનું હતું? મેં તત્ક્ષણ સવાલ ધરી દીધો. મેં પૂછ્યું- આચાર્યજી! જો કોઈ હિંસક પશુ આપણા પર આક્રમણ કરે, તો શું આત્મરક્ષા માટે પણ આપણે એમને ન મારવું જોઈએ?

આચાર્યજીએ કહ્યું- આત્મરક્ષણ માટે આપણે કંઈ પણ કરી શકીએ છીએ, પરંતુ ધ્યાનમાં રાખો કે આજ અધિકાર પશુને પણ છે. જેમ તમને પોતાની રક્ષા કરવા માટે કોઈ પશુને મારવાનો અધિકાર છે, એજ રીતે એ પશુને પણ પોતાની આત્મરક્ષા કરવા માટે તમને મારવાનો અધિકાર છે જ. સત્ય તો એ છે કે કોઈ પશુ ત્યાં સુધી તમારા પર આક્રમણ નહીં કરે કે જ્યાં સુધી એને તમારા તરફથી કોઈ ખતરાની પ્રતીતિ નહીં થાય. હા, જો પશુ પાગલ કે હિંસક પ્રવૃત્તિનું હોય તો વાત જુદી છે. મને જ જુઓ, વાઘ-સિંહ તો કોઈ કોઈ વાર મારા પડખે આવીને સૂતા હોય છે; પરંતુ આજ સુધી ભૂલથી પણ એમનો નખ સુદ્ધાં મને વાગ્યો નથી.

આ વાત તો સમજમાં આવી ગઈ. એટલે કે મેં આજ સુધી યોગ્ય જ કર્યું હતું. આત્મરક્ષણ માટે તો ઠીક, મેં તો સહુનાં હિતને લક્ષમાં રાખીને પ્રહાર કર્યા હતા. ચાલો આ વાત તો પૂરી થઈ પણ આચાર્યજીના જવાબે એક બીજા સવાલને જન્મ આપી દીધો. હવે જ્યારે હિમ્મત ઉઘડી જ ગઈ છે તો નાહકમાં જિજ્ઞાસા શું કામ દબાવું, એમ વિચારીને મેં ફરી પૂછ્યું- તો મનુષ્યની આવી પ્રકૃતિ કેમ નથી? એ તો અકારણ શત્રુતા પાળે છે.

સવાલ સાંભળી આચાર્યજી હસીને બોલ્યા- કારણ કે મનુષ્યએ પોતાના આત્માને બદલે પોતાની બુદ્ધિનો વિકાસ વધારે કર્યો છે. અને ધીરે ધીરે એના ભરોસે જ જીવન વિતાવવાની એને ટેવ પડી ગઈ છે. એ દરેક કાર્યના મૂળમાં કાર્ય અને કારણની શોધ કરવા લાગી ગયો, આજ તો કારણ છે, કે એ પોતાના સીમિત સામર્થ્યથી એ અસીમિતને માપવાની કોશિશમાં લાગી ગયો; જેનું અંતિમ પરિણામ એ આવ્યું કે એ કુદરતની પરમ ઊર્જાથી વિખૂટો પડીને અસાહજિક બની ગયો. આજ કારણ છે જેને લીધે આજનો મનુષ્ય આટલો દુ:ખી છે, અસફળ થઈ ગયો છે. હકીકતમાં આજનો મનુષ્ય બૌદ્ધિક સ્તરે આટલો આગળ હોવા છતાં પણ વાસ્તવમાં માનસિક રીતે ઘણા બધાં ક્ષેત્રોમાં જાનવરથી પણ બદતર બની ગયો છે. એનું પ્રમાણ એ છે કે જાનવરોને આવનારી ઋતુ અને આવનારા સંકટની પ્રતીતિ સમયસર થતી રહે છે, જ્યારે મનુષ્યને મરતા સુધીમાં ય પોતાના માથે ભમતા સંકટનો અણસાર પણ નથી આવતો. વળી એનું અંતિમ પરિણામ એ પણ આવ્યું કે આજે એ ન કેવળ પોતાના સ્વાર્થની પૂર્તિ માટે હિંસા પણ કરે છે; બલ્કે જો કોઈ કારણે એનો અહંકાર ઘવાય તો પણ એ હિંસાનો રસ્તો અપનાવે છે.

...લો, હવે આટલા પ્રેમથી સમજાવશો તો મારી જિજ્ઞાસા તો વધુ ઉદ્દીપ્ત થશેજ ને. મનમાં એક જુદો જ પ્રશ્નને ઉદ્ભવ્યો. મેં વિચાર્યું, જ્યારે સમજાવવાવાળો નથી થાકતો તો પછી પૂછવાવાળો શા માટે પીછેહટ કરે? એટલે મેં ફરી પૂછ્યું- તો શું ધર્મ-શાસ્ત્ર અને નીતિ-શાસ્ત્ર આ બાબતે મનુષ્યની મદદ નથી કરતાં?

આ સાંભળતા જ આચાર્યજીએ હસતા હસતા કહ્યું- તમામ શાસ્ત્રો પુસ્તકની સમસ્યાઓથી વધીને કંઇ નથી. શાસ્ત્ર તો વધુમાં વધુ નાસમજોને થોડે દૂર સુધીનો રસ્તો બતાવી શકે છે; વાસ્તવમાં તો મનુષ્યની ચેતના અને આત્મા જ એનાં વાસ્તવિક શાસ્ત્રો છે. તેથી એને જગાડ્યા વિના એનો ઉદ્ધાર નથી.

જવાબ સાંભળ્યા બાદ હવે મારામાં આ વિષયે વધારે જિજ્ઞાસા જાગી. હું હવે અટકવા નહોતો માંગતો. જ્યારે કૂવો તરસ છિપાવવા માટે તૈયાર છે, તો ભલા તરસ્યો શું કામ શરમ-સંકોચ રાખે? મેં ફરી ઊભા થઈને એક સવાલ ધરી દીધો- આચાર્યજી! મનુષ્યમાં આત્મા હોવા છતાં પણ એ દુરાચાર કેવી રીતે કરી શકે છે? દુ:ખી કેમ રહે છે? શું મનુષ્યનો આત્મા આ બાબતે એની કોઈ મદદ નથી કરતો?

આચાર્યજીએ કહ્યું- કારણ કે મનુષ્યએ પોતાના મન, બુદ્ધિ અને અહંકારને વધારે મહત્ત્વ આપ્યું છે, એટલા માટે એની ભીતર આત્મા હોવા છતાં પણ એ હંમેશાં ઢંકાયેલો જ રહી જાય છે. સ્વાર્થ અને અહંકારથી ઢંકાયેલો હોવાને લીધે જ ક્યારેક લાખોમાં કોઈ એકની ચેતના જાગૃત થાય છે.

મેં ફરી પૂછ્યું- તો કોઈ મનુષ્યની ચેતના જાગી છે, એની ખબર કેવી રીતે પડે? ...ચોક્કસપણે હું પોતાની સ્થિતિનો અંદાજો લગાવવા માગતો હતો.

આચાર્યજીએ હસીને કહ્યું- શાસ્ત્ર, નીતિ અને પરંપરાઓમાં અરુચિ થવી એજ એનું પ્રમાણ છે.

અરે! આ તો મજાની વાત છે. મેં તો ક્યારેય શાસ્ત્રો વાંચ્યાં જ નથી. આમ, રુચિ-અરુચિનો સવાલ જ નહોતો પેદા થતો. નીતિમાં તો મને ક્યારેય વિશ્ર્વાસ બેસતો જ નહોતો, અને પરંપરાઓનો તો હું આમ પણ વિરોધી રહ્યો હતો. મને ભરોસો બેઠો કે મારી ચેતના ચોક્કસ જાગૃત થવી જોઈએ. ચોક્કસપણે મારા ભાવિ જીવન માટે આ એક નક્કર આશ્ર્વાસન હતું. હવે તો આ વિષયમાં મારી ઉત્સુકતા વધતી જ જઈ રહી હતી. બસ, તેથી હું ફરી એક પ્રશ્ર્ન કરવાથી જાતને રોકી ન શક્યો- મનુષ્ય પોતાના આત્માને કેવી રીતે પામી શકે છે?

આ વખતે આચાર્યજીએ હસીને કહ્યું- જો કોઈ મનુષ્યનો સ્વભાવ ધ્યાનનો હોય અને એ પોતાનું નાનું મોટું દરેકે દરેક કાર્ય લગાતાર ધ્યાનપૂર્વક કરતો રહે, પછી ધીરે ધીરે એ પોતાના ધ્યાનની એકાગ્રતા વધારતો જાય તો પછી એક દિવસ, આ ધ્યાન એટલું વધી જાય છે કે એ પોતાના મન, બુદ્ધિ, અહંકાર અને શરીર જ નહીં, પણ પોતાના અસ્તિત્વને પણ ભૂલાવી બેસે છે; બસ, એજ ક્ષણે એ આત્માને પામી લે છે. પરંતુ આ અત્યંત દુર્લભ ક્ષણ છે. લાખોમાં કોઈ એક એને પામે છે. એ ક્ષણ એ મનુષ્ય કે મનુષ્યતા માટે જ નહીં, પરંતુ સંપૂર્ણ બ્રહ્માંડ માટે પણ અત્યંત અમૂલ્ય અને દુર્લભ હોય છે. કારણ કે પોતાનાં અસ્તિત્વને ભૂલતા જ એ કુદરતનું અસ્તિત્વ પામી લે છે.

તમે નહીં માનો પણ આજે તો એટલો આનંદ પામી રહ્યો હતો કે મારી વધતી જતી જિજ્ઞાસાએ એક છેલ્લો પ્રશ્ર્ન પણ પૂછી જ લીધો- તો શું ગુરુકુળ આ વિષયમાં સહાયરૂપ નથી.

આચાર્યજી બોલ્યા- ગુરુકુળ આ વિષયમાં સહાયરૂપ બને છે. પરંતુ એ ગુરુના પ્રેમ અને શિષ્યની ગ્રહણશક્તિ આ બંને પર આધાર રાખે છે. ...આટલું કહેતા કહેતા અચાનક એમના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા. પછી થોડા ક્રોધિત થઈને બોલ્યા- છોડો! આજકાલ તો ગુરુ અને ગુરુકુળ બંનેનું પતન થઈ રહ્યું છે. જુઓને! હસ્તિનાપુરમાં આચાર્ય દ્રોણનું ગુરુકુળ છે જ્યાં એ પોતાના શિષ્યોને ધનુર્વિદ્યા શીખવાડે છે. હવે એક આદિવાસી કોઈની પણ મદદ વિના શ્રદ્ધાપૂર્વક માત્ર એમની મૂર્તિ સ્થાપી ધનુષ ચલાવવાનું શીખી ગયો. આ ખરેખર પ્રશંસાને પાત્ર વાત હતી, પણ ઉલ્ટું દુષ્ટ દ્રોણનો અહંકાર એનાથી ઘવાયો. ...જો કોઈ ગુરુ વિના એની પ્રતિમા બનાવીને જ ધનુર્વિદ્યા શીખી જાય તો પછી આચાર્યોનું શું થશે? બસ, આ પાગલ વિચારે જ એમને બેચેન કરી મૂક્યા. હવે એ શિષ્ય ધનુર્વિદ્યા શીખ્યો એ એની ગ્રહણશક્તિનો ચમત્કાર હતો, ચોક્કસપણે આમાં દ્રોણનું કોઈ

યોગદાન નહોતું. પરંતુ એ ભોળા માણસને આની ક્યાં ખબર હતી? એ ભોળા શિષ્યે તો શિષ્ટાચારવશ ગુરુ દ્રોણને ગુરુદક્ષિણા આપવા ચાહી. અને નીચ દ્રોણે મોકાનો ફાયદો ઉઠાવીને એના જમણા હાથનો અંગૂઠો જ ગુરુદક્ષિણામાં માગી લીધો. બિચારો આદિવાસી! હવે એ ધનુષ કેવી રીતે ચલાવી શકશે?

અને આ વાતનું સૌથી ભયંકર પાસું એ છે કે દ્રોણે આવી ભયાનક ગુરુદક્ષિણા એ શિક્ષણની લીધી, જે એમણે ક્યારેય એ શિષ્યને આપ્યું જ નહોતું. જો આચાર્યોનું જ પતન પશુઓનાં સ્તર જેટલું નીચું જાય તો શું ગુરુ અને શું ગુરુકુળ? ...આ બધું કહેતા કહેતા આચાર્યજી તો એટલા દુ:ખી થઈ ગયા કે વધુ કંઈ પણ કહ્યા સાંભળ્યા વિના પોતાના કક્ષમાં ચાલ્યા ગયા. અને એમના જતાવેંત અમે પણ પોતપોતાના ઓરડામાં પાછા ફર્યા.

ખરેખર! હું આશ્રમમાં આવીને અને સાંદીપનિજી જેવા મહાન આચાર્યનું સાંન્નિધ્ય મેળવીને ધન્ય થઈ ગયો હતો. મારું વ્યક્તિત્વ દિવસે બમણી અને રાતે ચાર ગણી ગતિથી ઉજ્જવળ થઈ રહ્યું હતું. હવે તો ચિંતન પણ મનના ગણિતથી ઉપર ઊઠીને સંસારનાં રહસ્યોમાં ગૂંચવાવા લાગ્યું હતું. કહેવાનું તાત્પર્ય એટલું કે મારા અંતર્મનનો વિકાસ એટલો ઝડપથી થઈ રહ્યો હતો કે મારા ચૈતન્યએ રોજ નિતનવી રીતે છલાંગ મારવાનું શરૂ કરી દીધું હતું. બીજી બાજુ આશ્રમમાં પણ હવે શાંતિ જ શાંતિ હતી. ટક્કરનું વાતાવરણ સમાપ્ત થઈ ગયું હતું. અહીં હવે બધા મિત્ર હતા. ત્યાં સુધી કે વિન્દ-અનુવિન્દ સાથે પણ મિત્રતા થઈ ગઈ હતી. સુદામા, શ્ર્વેતકેતુ વગેરે તો પહેલેથી જ મિત્ર થઈ ગયા હતા. મને આમ પણ શરૂઆતથી જ મિત્રોની સાથે રહેવાનું ગમતું હતું. આ કારણથી જ આશ્રમમાં આવીને એક બાજુ જ્યાં મારા વ્યક્તિત્વની ઉંમર વધી રહી હતી, ત્યાં બીજી બાજુ મિત્ર-મંડળી પામીને મારો મસ્તીખોર સ્વભાવ પણ પાછો ફર્યો હતો. હવે તો કક્ષમાં પણ મજા જ મજા હતી. ત્યાં પણ ધીંગામસ્તી થયા જ કરતી હતી. આ બાજુ યુવરાજોની મિત્રતા પામીને ભાઈનું ગોવાળપણું પણ દૂર થઈ ગયું હતું. અને સંપૂર્ણપણે મારી વાત કરું તો હું તો એટલો બધો ખુશ હતો કે મારું તો જીવન આ આશ્રમ જ બની ગયું હતું.

...આવામાં એક રાતે અમે પાંચે જણા અમારા કક્ષમાં સૂઈ રહ્યા હતા. એ રાતે ઊંઘ તો મને પણ બધાની સાથે સમયસરજ આવી ગઈ હતી, પણ અડધી રાતે આંખ ખૂલી ગઈ હતી. હવે એક વાર આંખ ખૂલી તો તાત્કાલિક ઊંઘ આવવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. બસ, મન આશ્રમમાં ચાલી રહેલા ઉપદ્રવોનાં ચિંતનમાં ખોવાઈ ગયું. આમ પણ તે રાત્રે અમે સૂતા પહેલા અંદરોઅંદર ઘણી ધમાચકડી કરી જ હતી. ખરેખર અહીં આશ્રમમાં આચાર્યજી પાસે અભ્યાસ માટે આવવું મારા જીવનની સર્વશ્રેષ્ઠ ઘટના હતી. બસ, આ વિચાર સાથે જ ચિંતન બીજી દિશામાં સક્રિય થઈ ગયું. ...હવે કહેવામાં તો આ ઘટના પળવારમાં બની ગઈ હતી, પણ હકીકતમાં વિચારવામાં આવે તો આ ઘટિત થવામાં ઘણાં વર્ષો લાગી ગયા હતા. એક દીર્ઘ દ્રષ્ટિથી જોવામાં આવે તો આ ઘટના ઘણી નાની નાની ઘટનાઓનું પરિણામ હતું. જેમ કે- જો કંસ મને જન્મતાવેંત જ મારવા ન માંગત તો હું ક્યારેય વૃંદાવન ન પહોંચત. જો વૃંદાવનમાં જંગલી જાનવરો અને રાક્ષસોની વિપત્તિઓ ન આવી હોત, તો હું આટલો બળવાન ક્યારેય ન બની શકત. વળી જો કંસ મથુરામાં મારી હત્યાનું ષડયંત્ર ન ઘડત તો કદાચ મથુરા જવાનો અવસર જ મારા ભાગ્યમાં ન આવત. તેવી જ રીતે, જો કંસનો કોપ ગોપો અને પિતાજી ઉપર ન ઉતરત તો મેં એની હત્યા જ ન કરી હોત, કદાચ ચૂપચાપ વૃંદાવન પાછો જતો રહ્યો હોત. સહુથી મહત્ત્વપૂર્ણ તો એ હતું કે જો મામીઓ ભડકી ન હોત તો જરાસંધનો ભય ન હોત. અને જો જરાસંધનો ભય ન હોત તો નાનાજી ક્યારેય મને સાંદીપનિજીના આશ્રમમાં મોકલવાની વ્યવસ્થા ન કરત; અર્થાત્ હું સાંદીપનિજીના આશ્રમમાં કદાપિ જઈ ન શકત. આમ સરવાળે મારા ચિંતનનો સાર એ કે આપણી સાથે ઘટિત થતી દરેક ઘટના હકીકતમાં આપણી સાથે જ પહેલાં બનેલી અનેક ઘટનાઓનો સરવાળો છે. ...એનો અર્થ તો એ પણ થયો કે વર્તમાનના ઉતાર-ચઢાવનો સંબંધ ભવિષ્યમાં ઘટનારી કોઈ મોટી ઘટનાની માત્ર કડી સમાન છે. એ તો ઠીક પણ આશ્ર્ચર્ય તો એ વાતનું હતું કે જો હું મારી સાથે ઘટનારી આ તમામ ઘટનાઓને ધ્યાનથી જોઉં તો આ બધી ઘટનાઓમાં ક્યાંકને ક્યાંક મારા શત્રુઓનો મુખ્ય હાથ છે. અને જો આ તમામ ઘટનાઓના અંતિમ પરિણામને ધ્યાનથી જોઉં તો એમના જ ફળસ્વરૂપ, મને સાંદીપનિજીનું સાન્નિધ્ય મળ્યું હતું. એનો એક સીધો અર્થ એ પણ થયો કે જીવનમાં મેં જે કંઈ પણ શ્રેષ્ઠ મેળવ્યું છે, એમાં શત્રુઓનો મોટો સહયોગ રહ્યો છે. તો પછી આ સંસારમાં શત્રુ રહ્યું કોણ? આવામાં, આ સંસારમાં શત્રુ કોને માનવો? ...કદાચ કોઈને પણ નહીં. મારું જ ઉદાહરણ લઈ લો; મારા જીવનમાં તમામ શત્રુ આખરે તો મારા પરમ મિત્ર જ સિદ્ધ થયા હતા. વસ્તુત: તો એજ સહુ જીવનનો માર્ગ બતાવનારા સાબિત થયા હતા. બસ, આ વાત સમજમાં શું આવી કે અચાનક મારું હૃદય વૃંદાવનમાં આવેલા સંકટો અથવા કંસ અને મામીઓનો જ નહીં, બલ્કે જરાસંધનો પણ ખરાં હૃદયથી આભાર માનવા લાગ્યું. કારણ કે આજે હું જ્યાં છું, એ વાસ્તવમાં એમની જ મહેરબાનીઓનું પરિણામ છે.

...ચાલો, આ તારણ તો નીકળ્યું, પણ લાગે છે કે આજે મારું ચિંતન અહીં જ રોકાવા તૈયાર નહોતું. કારણ કે બે-ચાર વાર વધારે પડખાં ફરતા ફરતા આ બધું વિચારતા વિચારતા એ પણ વિચારી લીધું કે ક્યાંક એનો એક અર્થ એ પણ નથી ને કે મનુષ્યની સાથે જે કંઈ થઈ રહ્યું છે, એ એને કોઈ મંઝિલ સુધી પહોંચાડવા માટે જ થઈ રહ્યું છે? આમ તો મારી પાસે આવું વિચારવા માટેનું એક યોગ્ય કારણ પણ હતું. સ્પષ્ટપણે મારી સાથે અત્યાર સુધી જે કંઈ બન્યું હતું, એ બધી ઘટનાઓએ સાથે મળીને જ મને સાંદીપનિજીના આશ્રમ સુધી પહોંચાડ્યો હતો. બસ, એક પછી એક થઈ રહેલા સફળ વિશ્ર્લેષણ પછી આજે રાત્રે મારું ચિંતન

બે-લગામ થઈ જ ગયું, તક પામીને એણે વધુ નવી ઉડાન ભરવાનું શરૂ કરી દીધું. હવે આમાં ચિંતનનું તો કંઇ નહોતું જઈ રહ્યું, ઊંઘ તો મારી હરામ થઈ રહી હતી. છોડો, અત્યારે તો તેનો સાથ આપવા સિવાય વિકલ્પ પણ શો હતો મારી પાસે? તેથી, છુટો દોર મળતાં જ એ હવે પ્રકૃતિનાં રહસ્યોને ખોળીખોળીને ખોલવાનો પ્રયત્ન કરવા લાગ્યું. પરંતુ વર્તમાન વિવેકશક્તિ માટે આ બધું એટલું સહેલું નહોતું. જોકે મને વિશ્વાસ હતો કે આજે નહીં તો કાલે, મારું ચિંતન પ્રકૃતિનાં તમામ રહસ્યોનો તાગ મેળવીને જ જંપશે. ચોક્કસપણે આ ભરોસો મને મારી પોતાની ગ્રહણ કરવાની શક્તિ અને શીખવાની જીદ, બંને પર હતો.

...શીખવાથી યાદ આવ્યું, મારી શીખવાની જીદ્દની તો એ સ્થિતિ હતી કે મથુરાથી ઉજ્જયિનીની આખી સફર દરમિયાન હું લાંબી યાત્રાઓ કરવાની તૈયારીઓ શીખતો આવ્યો હતો. આ બાબત, પ્રત્યેક નાનામાં નાની વસ્તુઓનું નિરીક્ષણ કર્યું હતું. અને પરિણામ એ કે લાંબી યાત્રામાં કઈ કઈ સાધનસામગ્રી લઈ જવી જરૂરી છે, રથ કેવી રીતે વ્યવસ્થિત રાખવાનો છે, પૈડાઓની સાર-સંભાળ કેવી રીતે કરવાની છે, એ બધું આપમેળે શીખી ગયો હતો. બીજી તરફ મને એ સમજતા પણ ક્યાં વાર લાગી હતી કે ‘રાત્રિ-વિશ્રામ’ લાંબી યાત્રાઓનું સહુથી વધારે જરૂરી પાસું હોય છે. હું તો એ એક જ યાત્રામાંથી એ પણ સમજી ચૂક્યો હતો કે રાત્રિ-વિશ્રામ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી વસ્તીની પાસે આવેલાં કોઈ મંદિર કે ધર્મશાળામાં કરવો જ શ્રેષ્ઠ હોય છે. રાત્રિ-વિશ્રામથી યાદ આવ્યું કે જ્યારે અમે ચંબલનાં ઊંચા-નીચાં વિકટ જંગલોને પાર કરી રહ્યા હતા, ત્યારે રાત્રિ-વિશ્રામ માટે કોઈ યોગ્ય સ્થાન મળી રહ્યું નહોતું. મને બરાબર યાદ છે કે એ રાત્રિ અમારે પથ્થરો પર જ વીતાવવી પડી હતી. એટલું જ નહીં, એ રાત્રે વારાફરતી ચાર ચાર લોકોએ આખી રાત પહેરો ભરવો પડ્યો હતો, જેથી કોઈ જંગલી જાનવર રાત્રે અમારી પર હુમલો ન કરી દે. એટલે લાંબી યાત્રામાં સતર્કતા અને બહાદુરી ઉપરાંત રાતના ઉજાગરા માટે તૈયાર રહેવું પણ આવશ્યક હોય છે. આમ તો લાંબી યાત્રા દરમિયાન ઘોડાઓને સમયસર પાણી પીવરાવવાનું પણ વિશેષ ધ્યાન રાખવું પડે છે. એમને સમયસર ભોજન કરાવવાનું, બપોરે એમને યોગ્ય આરામ આપવો, આ બધી નાની નાની વાતો પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આમ સરવાળે અહીં આ વાત કરવાનું તાત્પર્ય એ હતું કે આ બધું હું આપમેળે શીખ્યો હતો, કોઈએ શીખવાડ્યું નહોતું કે ન કોઈએ આ બધું શીખવાનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું... હું આ બધું શીખ્યો હતો મારી શીખવાની લગનને કારણે.

ખેર! હું પણ હું હતો... ત્યારે તો જુઓ ને, લાંબી યાત્રાની વાત કરતાં કરતાં અચાનક મારા મનમાં કોઈ લાંબી યાત્રા કરવાની ઈચ્છા જાગૃત થવા લાગી. પરંતુ પાછલી યાત્રા જેવી નહીં, એક સ્વચ્છંદ યાત્રા, જે કેવળ મિત્રોની સાથે હોય. કારણ કે તમને યાદ હશે કે પાછલી યાત્રા દરમિયાન “આચાર્યજી” સાથે હોવાને કારણે અમારે ઘણું શિસ્તમાં રહેવું પડ્યું હતું. અને ચોક્કસપણે આ શિસ્ત લાંબી યાત્રાના આનંદમાં બાધારૂપ સાબિત થઈ હતી. હવે અમારું મન સરોવરમાં નહાવાનું હોય અને આચાર્યજીનો આદેશ ફળ તોડીને લાવવાનો હોય. અમારું મન હોય આડા પડવાનું પણ આચાર્યજીના હિસાબે અમારે વ્યાયામ કરવાનો સમય થઈ ગયો હોય. ...આવામાં મનમાં એક સ્વચ્છંદ યાત્રા કરવાની ઈચ્છાનું જાગવું સ્વાભાવિક જ હતું. ખરેખર જો માત્ર મિત્રોની સાથે કોઈ સ્વતંત્ર અને લાંબી યાત્રા કરવા મળી જાય તો કેટલી મજા આવી જાય! રસ્તામાં આવતા દરેક પહાડ, નદી, વસ્તી, ગામ, નગર, જાતભાતનાં પશુ-પક્ષી, અલગઅલગ છોડ-ઝાડ - આ બધું કેટલો આનંદ આપશે? શું ખરેખર આખા રસ્તે રોકાતા રોકાતા, ખાતાં-પીતાં, લડતા-ઝઘડતા, ખેલતા-કૂદતા, નદી-તળાવમાં નહાતા-ધોતા યાત્રા કરવાનું રોમાંચથી ભરપૂર નહીં હોય?

મારું ચિંતન ખરેખર બે-લગામ છે. ક્યાં એ શરૂ થયું હતું પ્રકૃતિનાં રહસ્યો સમજવાથી, અને ક્યાં એક સુંદર યાત્રાનાં સપનાંઓમાં ખોવાઈ ગયું હતું. આમ તો જીવન હોય કે ચિંતન, એના ઉતાર-ચઢાવનો પોતાનો જ એક આનંદ હોય છે. આ લો, ઉતાર-ચઢાવની વાત કરી અને આશ્રમના સુખી જીવનમાં ઉતાર-ચઢાવની નોબત આવીને ઊભી રહી. અત્યારે આજના જાગરણ પછી હજી થોડાક દિવસો જ વીત્યા હતા કે મારા થોડા બીજા જાગરણની પાક્કી વ્યવસ્થા આપમેળે જ પ્રગટ થઈ ગઈ. થયું એવું કે એક દિવસ અચાનક ક્યાંકથી રુક્મી આવી ચઢ્યો. એ વિન્દ-અનુવિન્દને મળવા આવ્યો હતો... કદાચ એમનો મિત્ર હશે. પરંતુ એને જોતાં જ મારા મનમાં રુક્મિણીની યાદ તાજી થઈ ગઈ. સ્વાભાવિક રીતે જ મારું મન બેચેન થઇ ગયું. જોકે બદલાયેલાં પરિવેશને કારણે એનું મને ઓળખી શકવું એટલું સરળ નહોતું, છતાં પણ એ જ્યાં સુધી રોકાયો, હું સાવધાનીવશ મારા કક્ષમાંથી બહાર ન નીકળ્યો. આમ તો એ વધારે રોકાયો નહોતો, જલ્દીથી આચાર્યજીની રજા લઈને વિન્દ-અનુવિન્દને પોતાની સાથે લઈ ગયો. કદાચ રાજમહેલમાં કોઈ ઉત્સવ હશે. ...હવે એ તો ચાલ્યો ગયો, પણ જતાં જતાં જરાસંધ નામની બીમારીની યાદ તાજી કરતો ગયો. તેમજ રુક્મીની વિન્દ-અનુવિન્દ સાથેની મિત્રતાથી મને વધુમાં એ ખબર પડી ગઈ કે આખું આર્યાવર્ત જરાસંધના મિત્ર રાજાઓથી ભરેલું છે. અર્થાત્ જરાસંધથી લાંબો વખત સુધી બચી રહેવાનું અશક્ય છે. મને જરાસંધથી એજ બચાવી શકે છે, જે મને આજ સુધી બચાવીને રાખી શકી છે... અર્થાત્, મારી જીવવાની જીદ્. ...નહીંતર પોતાને ભરોસે તો આ આત્મકથા ક્યારની પૂરી ન થઈ ગઈ હોત?

ખેર! સો વાતની એક વાત, “રુકમી-દર્શન”એ મારા આખાં અસ્તિત્વને ઢંઢોળી દીધું હતું. હું, જે આજ સુધી આશ્રમને સંપૂર્ણ રીતે આત્મસાત કરી વર્તમાનનો પૂર્ણ આનંદ લઈ રહ્યો હતો, રુક્મી એટલે કે મારા સાળાએ આવીને બધું કર્યું-કારવ્યું ધૂળમાં મેળવી દીધું હતું. મારું મન એક વાર ફરી ભૂતકાળની મીઠી યાદો અને ભવિષ્યની ચિંતાઓની વચ્ચે હિલોળા લઈ રહ્યું હતું. સહુથી પહેલો ગુનો તો એણે એ કર્યો હતો કે ‘રુક્મિણી’ની યાદ મારા અસ્તિત્વમાં ફરી તાજી કરી દીધી હતી અને બીજું એ કે ‘જરાસંધ’

નામના ભૂતની ફરી યાદ અપાવી દીધી હતી... સાથે જ વિન્દ-અનુવિન્દ સાથે રુક્મીની મિત્રતાએ એ પણ સાબિત કરી જ દીધું હતું કે 'ઉજ્જયિની' પણ જરાસંધના પ્રભાવથી બાકાત નથી. એનો અર્થ એ થયો કે આજે નહીં તો કાલે જરાસંધને આશ્રમમાં અમારા હોવાની જાણ થઈ જ જશે. પછી તો આશ્રમમાંથી બહાર નીકળતા જ અમારી પર એ તૂટી પડશે. જોયું તમે, એક રુક્મીના આગમને મારા ચિંતનને આ વ્યર્થ બાબતોમાં બરાબરનું ગૂંચવી દીધું હતું. આમ પણ વ્યર્થ વ્યક્તિને જોઈને વ્યર્થ વિચારો આવવાનું સ્વાભાવિક જ હતું. ...હું આરામથી જીવી રહ્યો હતો અહીં આશ્રમમાં, ખબર નહીં કેમ જરાસંધ નામના ભૂત અને રુક્મિણી નામના પ્રેમની યાદ અપાવવા આ 'સાળો' આવી ચઢ્યો. આમ તો હકીકતની દુનિયામાં આ બંને બહુ દૂરના પાસા હતા; આજે ન તો રુક્મિણી આશ્રમમાં આવી શકતી હતી, ન તો જરાસંધ નામનું ભૂત અહીં ઝાંખવાની હિંમત કરી શકતું હતું. આમ મારી ભલાઈ એમાં જ હતી કે સત્વરે આ વ્યર્થના વિચારોમાંથી છુટકારો પામી લઉં.

...અને મેં છુટકારો મેળવી પણ લીધો. પરંતુ સ્વયં છુટકારો મેળવવાથી શું થવાનું હતું? કુદરત મને ક્યાં ચેનથી જીવવા દેવા ઈચ્છતી હતી? મોતના ઓથારથી નહીં તો પ્રેમની તલવારથી જ ભલે, પરંતુ મને બેચેન રાખવો કદાચ કુદરતની પ્રકૃતિ બની ચૂકી હતી. બીજે જ દિવસે આશ્રમમાં એક એવી ઘટના ઘટી, જેણે મને આશ્રમમાં આવ્યા બાદ પહેલીવાર સંપૂર્ણ રીતે ફરી આશ્રમ બહારની દુનિયામાં ખોવાઈ જવા માટે વિવશ કરી દીધો. વાસ્તવમાં થયું એવું કે આજે આશ્રમ તરફથી ભિક્ષા માંગવા જવાનો વારો મારો હતો. મને કોણ જાણે શું સૂઝ્યું કે હું ભિક્ષા માંગવા રાજમહેલ તરફ નીકળી પડ્યો. હવે કારણ કે આશ્રમ શહેરની બહાર હતો, એટલે આશ્રમમાંથી બહાર જતો રસ્તો અવરજવરથી સંપૂર્ણ રીતે મુક્ત હતો. બંને બાજુ વૃક્ષોની હરિયાળીથી ઘેરાયેલો આ રસ્તો ચાલવા માટે ખરેખર આરામદાયક હતો. દૂર સુધી નજર કરો તો પણ માંડમાંડ કોઈ વટેમાર્ગુ કે પશુ જોવાં મળતાં હતા. બસ, આવા સૂમસામ " પર હું શાનપૂર્વક શહેર તરફ આગળ વધી રહ્યો હતો. ...લો, આ તો ઠીક પણ મેં તમને એક વાત તો બતાવી જ નહીં. કદાચ એટલા માટે કે તે એટલી મહત્ત્વપૂર્ણ પણ નહોતી. પણ આજે જે વાત હું તમને કહેવા જઈ રહ્યો છું તે બાબત માટે આ મહત્ત્વપૂર્ણ હતું. હકીકતમાં આશ્રમમાં આવ્યાના ત્રીજા દિવસે જ અમારા ભવ્ય વાંકડિયા વાળ પર કાળો કેર વર્ત્યો હતો. જી હા, અમારું મુંડન કરી દેવાયું હતું. એટલું જ નહીં, અમારે પણ તમામ શિષ્યોની સાથે, રાજમહેલથી આવેલા સાદા વસ્ત્રો જ પહેરવા પડતા હતા. તે માત્ર આશ્રમના અનુશાસનનો એક ભાગ જ નહોતો, પણ આ ઉજ્જયિનીમાં સાંદીપનિજીના શિષ્યોની એક ઓળખ પણ હતી. ખરેખર હું અને ભાઈ શરૂઆતમાં તો ચોટી નીકાળેલાં અમારાં આ નવાં પને જોઈને એકબીજા પર ખૂબ હસતા હતા. ...પણ હવે ટેવાઈ ગયા હતા. અને વળી, વાળનું તો શું હતું, એને વધવામાં ક્યાં વાર લાગવાની હતી? અરે, આ વાત વળી ક્યાંથી ક્યાં જવા લાગી? લ્યો ફરી પાછો મૂળ વાત પર આવું તો હજી તો હું મારા આશ્રમની વેશભૂષામાં જ આ નિર્જન રસ્તા પર 'ભિક્ષા' માંગવા માટે એકલો આગળ વધતો જઈ રહ્યો હતો. હજુ મને આશ્રમમાંથી નીકળે થોડી જ વાર થઈ હતી કે પાછળથી આવીને ધડધડાટ કરતો એક રથ પૂરપાટ ઝડપે મારા આખાય અસ્તિત્વને ચીરતો બાજુમાંથી નીકળી ગયો. જોકે મારી ધૂનમાં ચાલી રહ્યો હોવા છતાં મારી દક્ષ નજરોથી રથ બચી ના શક્યો. એના આવવાનો અણસાર આવતા જ મેં માથું ફેરવીને એને જોઈ લીધો હતો. આ તો ઠીક, પણ મેં રથમાં જોયું તો જોતો જ રહી ગયો. ...એ રથમાં 'રુક્મિણી' બેઠેલી હતી. કેટલી શાંત, સૌમ્ય અને સુંદર દેખાઈ રહી હતી એ. વધુમાં, એ જેટલી આકર્ષક હતી, એટલાં જ આકર્ષક એનાં વસ્ત્ર પણ હતા. અરે... રે... રે... મારા સપનાંની રાણી મને ચીરીને આગળ નીકળી ગઈ, અને હું જોતો જ રહી ગયો! શું કહું... રથ તો નીકળી ગયો, પણ રુક્મિણી મારી આંખોમાંથી નીકળી ન શકી. હું ત્યાંજ મૂર્તિ સમો ખોડાઈ ગયો. એ રોકાઈ કેમ નહીં, એ વિચારથી થોડો ઉદાસ પણ થયો. પછી વિચાર્યું, કદાચ એણે મને ઓળખ્યો જ નહીં હોય. ...ઓળખતી પણ કેવી રીતે? માથા પર વાળ જ ક્યાં હતા? હવે જ્યારે વાળ જ નહોતા તો મારી ઓળખાણ સ્વરૂપ 'મોરપિંચ્છ'નું પણ માથા પર હોવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. ઉપરથી આ બ્રહ્મચારીઓનાં કપડાં...? કદાચ આજ બધી અડચણ રહી હશે. ...આ વિચાર આવતાવેંત જ મને આ પહેરવેશ ખૂંચવા લાગ્યો. કાશ હું મારા પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં જ હોત... તો તો ચોક્કસપણે એ મને ઓળખી લેત અને ઓળખત, તો રોકાત પણ ચોક્કસ. જોકે મારો આ વિચાર એક નર્યા આશાવાદથી વધારે કંઈ નહોતો. કારણ કે રુક્મિણી પ્રત્યેનું મારું આકર્ષણ સંપૂર્ણ રીતે મારી આંતરિક બાબત હતી. ન ભાઈ, ન ઉદ્ધવ, ન તો રુક્મિણી પોતે આ બાબતમાં કંઈ જાણતી હતી. એક ગોવાળ રાજકુમારીનાં આકર્ષણ બાબતે કહે તો પણ કહે કોને?... પાગલોમાં ગણતરી ન થાત?

છોડો! હજી તો હું અહીં રુક્મિણીનાં ચિંતનોમાં જ ખોવાયેલો હતો કે ત્યારે જ થોડે આગળ જઈને રથ અચાનક રોકાઈ ગયો. રોકાઈ શું ગયો... એ પાછો આવવા લાગ્યો. હું તો ખુશીનો માર્યો નાચી ઊઠ્યો...! અરે વાહ, લાગે છે કે મારી રુક્મિણીએ મને બ્રહ્મચારીનાં રૂપમાં પણ ઓળખી લીધો. જો આવું જ હોય તો એ પણ ચોક્કસપણે મારાથી આકર્ષિત હોવી જ જોઈએ. આ વિચારમાત્રથી આ ગોવાળનું રોમેરોમ પુલકિત થઈ ગયું. રમણીય દ્રશ્ય પણ એવું કે ચકિત થઈ, પાછા વળી રહેલા રથને ખૂબ આશાભરી નજરોથી નિહાળી રહ્યો હતો. આ એક જ ક્ષણમાં હજારો તો સપનાં જોઈ નાખ્યા હતા. ...આ તરફ રથ પણ મારી પાસે આવીને જ રોકાયો. અર્થાત્ રથ મારા માટે જ પાછો ફર્યો હતો. આ જોઈને હું તો હર્ષાતિરેકમાં મન પર કાબૂ જ ખોઈ બેઠો. રોમાંચ એની ચરમ સીમા પર પહોંચી ગયો. અહીં રથ મારી પાસે આવી રોકાતા જ, રુક્મિણીએ ભારે ભવ્યતાપૂર્વક એક એક પગલું ઉતરવું શરૂ કર્યું. હું તો આ છટાથી ઉતરી રહેલી રુક્મિણીને જોતો જ રહી ગયો. ...આ તરફ રથમાંથી ઉતરતાં જ રુક્મિણી

સીધી મારા તરફ જ આગળ વધતી રહી. એને મારી તરફ આવતી જોઈને મારા ધબકારા બેકાબૂ બની રહ્યા હતા. એમની તો છટા હતી, મારો તો જીવ ગયો. પરંતુ આ શું...? એણે નજીક આવીને કેટલાક ફળ મારા ભિક્ષાપાત્રમાં નાખી દીધાં. એણે મારી તરફ જોયું પણ નહીં? અને એની સાથે જ મારી તમામ ખુશી છૂમંતર થઈ ગઈ. અજબ હાલત થઈ ગઈ હતી મારી. એક ક્ષણ માટે તો હું ભિક્ષાપાત્રમાં નાખેલા ફળોને જ જોતો રહી ગયો. એમાં એના આપેલા ફળની સાથે મારું તડપતું દિલ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. જોકે તરત જ મેં નજરને ભિક્ષાપાત્રથી હટાવીને સામે ઉભી સ્મિત કરતી રુક્મિણી પર એકાગ્ર કરી. કમાલ એ કે સામે મારી પ્રાણ પ્યારી ઊભી હતી અને છતાં પણ હું પ્રાણહીન થતો જઈ રહ્યો હતો. હૃદય જેનાં વિચાર માત્રથી ધડકી ઉઠતું હતું, એ મને ઓળખવા સુદ્ધાં તૈયાર નહોતી. બીજું કંઈ નહીં તો રાજકુમારીનાં આ વ્યવહારે મને એ ભાન તો કરાવી જ દીધું કે એ રાજકુમારી છે, અને હું એક સાધારણ ગોવાળ. ...તું ખોવાયેલો રહે સપનાંઓમાં, એ તને ઓળખવા સુદ્ધાં તૈયાર નથી.

પરંતુ આ તો મારી હાર થઈ. અતિ જબરજસ્ત હાર...! આ મારી જ હાર કેમ, એ દરેક દિલવાળા ગોવાળની હાર થઈ જે પ્રેમની સુંદર પાંખો લગાવીને ઉડવા ઇચ્છે છે. આમ તો તમે જાણો જ છો કે મને હારવું જરાય પસંદ નથી; અને હવે તો પ્રશ્ન તમામ ગરીબ દિલવાળાઓનો પણ આવીને ઊભો હતો. પરંતુ શું કરું? આ કોઈ યુદ્ધ થોડું છે, જેને બળ કે છળથી જીતી શકાય. તો શું...? પ્રેમની પણ પોતાની યુક્તિઓ હોય છે, એને જ અજમાવી જોઈએ. અંતે જીતવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ; સપનાને આમ તો ચકનાચૂર ન જ થવા દેવાય ને. બસ, આ વિચારીને તત્ક્ષણ મેં જાતને સંભાળી, મનને મજબૂત કર્યું; હૃદયને સાંત્વના આપી કે બની શકે કે કોઈ કારણસર નારાજ હોય. ...ચિંતા કેમ કરે છે, આખરે નારાજગી તો પ્રેમનું પહેલું પગથિયું જ હોય છે ને? તેથી મેં આશાભરી નજરે એની ઉપર મારું ચિર-પરિચિત સ્મિત પાથરવાનું શરૂ કરી દીધું. ...પરંતુ રાજકુમારીનો મોભો તો જુઓ! ના તો એણે મારા સ્મિતને કોઈ મહત્ત્વ આપ્યું અને ના તો કોઈ પ્રત્યુત્તર આપવાનું યોગ્ય માન્યું. ...આ તો હદ થઈ ગઈ. ઓછામાં ઓછું ગરીબ આશિકનું દિલ તો રાખો. જૂઠ્ઠો જ ભલે, કોઈ પ્રત્યુત્તર તો આપો. પરંતુ નહીં, એણે અવગણના કરવાનું ચાલુ રાખ્યું. હું સામે ઊભો હતો, પણ એની નજરો પોતાનાં રથ પર ચોંટેલી હતી. મારો તો જીવ જ નીકળી ગયો. એટલે કે ભિક્ષામાં ફળ આપી દીધા- કામ પૂરું. અરે, મારે ફળ-ફૂલ નહીં 'દિલ' જોઈએ. ...આ તો રાજકુમારીએ ધનના નશામાં છકી જઈને એક ગરીબ પ્રેમીની મજાક જ બનાવી દીધી. હું તો અહીં આ બધું વિચારતો રહી ગયો અને એ બાજુ તે પાછી વળીને રથ તરફ આગળ વધવા લાગી. મારો તો જીવ જ નીકળી ગયો. ...ત્યાં તો અચાનક તે ચાલતાં ચાલતાં જ પાછી ફરી. હું તો તેની તરફ જ જોઈ રહ્યો હતો. એનાં પાછાં વળતાં જ ફરી મારી આશાઓ જાગી. મેં વિચાર્યું, તરત કહેશે- મજાક કરી રહી હતી, કેવું લાગ્યું? પણ દુર્ભાગ્યે, આવું કંઇ ન થયું. આ રાજકુમારીઓનો ઠસ્સો તો જુઓ. ...તોબા-તોબા. હજુ પણ મારા સ્મિત પર કોઈ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું નહોતું, ઉલ્ટું આ તો એનો મને 'ગોવાળ હોવાનો' અહેસાસ કરાવવાનો એક અંદાજ સાબિત થયો. એ તો મારી તરફ વળી બંને હાથ જોડીને વિનમ્રતાથી બોલી-ક્ષમા કરજો, અમારો રથ જરા ઝડપથી જઈ રહ્યો હતો, એટલા માટે એ રોકાઈ ન શક્યો. અમે જાણીએ છીએ કે ભિક્ષાર્થી બ્રહ્મચારીને જોઈને કોઈએ ભિક્ષા આપ્યા વગર આગળ વધવું એ શિષ્ટાચાર નથી.

...આ સાંભળતાં જ મારામાં ફરી ચેતનાનો સંચાર થયો. સાથે જ એ તમામ આશાઓ પણ ફરીથી જાગી જે હું એની સાથે જોડીને બેઠો હતો. વાસ્તવમાં એણે મને ઓળખ્યો જ નહોતો. મને પોતાની જાત પર ગુસ્સો આવવા લાગ્યો, નાહકની એને કેટલી ગાળો આપી દીધી. કદાચ પ્રણયમાં આવું જ થાય છે, દોષ લાખ પોતાનો હોય... બીજાના માથે જ થોપી દેવામાં આવે છે. ...તરત જ બીજો વિચાર આવ્યો. ચાલો, પહેરવેશથી થાપ ખાઈ ગઈ, કાંઈ વાંધો નહીં... પરંતુ મારા સ્મિતનું શું? શું એને પણ ભૂલી ગઈ? આ તો વાત ઉપેક્ષાથી હટીને મારા અસ્તિત્વ પર આવીને અટકી. અને અસ્તિત્વ પર પ્રશ્નચિહ્ન લાગે એ હું જરાય સહન ન કરું. વિચાર્યું, થોડું વધારે સ્મિત વેરી દઉં... કદાચ ઓળખી લે. થોડાં વાક્ચાતુર્યનો ઉપયોગ કરું... કદાચ ખ્યાલ આવી જાય કે એનો કોઈ ગરીબ પ્રેમી પણ છે. આમ પણ વાત માત્ર ન ઓળખવા પૂરતી હતી એ જાણીને હું ઉત્સાહમાં ભાવવિભોર થઈ જ ગયો હતો. જાણીજોઈને અવહેલના નથી કરવામાં આવી રહી, આ સમજીને મારો આત્મવિશ્વાસ તો પાછો આવી જ ગયો હતો. બસ, મેં પૂરા રોફથી બે કદમ તેની તરફ આગળ વધી એકદમ હસીને કહ્યું- આમ તો બ્રહ્મચારીને ભીખ અને રસ્તે ચાલનારાને સહુ કોઈ શિખામણ આપે. આવામાં તમારો આભાર શું માનું?

કદાચ એને મારી વાત કરવાની આ છટા પસંદ આવી ગઈ, અથવા તો બની શકે કે એક બ્રહ્મચારી પાસેથી એણે આવાં વાક્ચાતુર્યની આશા ન રાખી હોય, હવે કારણ જે હોય તે, એણે પહેલીવાર ન માત્ર મારી તરફ ધ્યાનથી જોયું, પરંતુ મારા સ્મિત ઉપર પણ ધ્યાન આપ્યું. ...વાત અહીં જ ન રોકાઈ, ઘણી શાંત નજરે એણે મને નખશિખ જોવાની શરૂઆત પણ કરી. જાણે કે ઓળખવાની કોશિશ કરી રહી હોય. હું તો આશાના અંતિમ શિખર પર જઈને બેઠો. હજારો આશાઓ મનમાં પાંખો પ્રસરાવવા લાગી. અને સારું એ થયું કે મને નખશિખ જોતી વખતે એની નજર મારી વાંસળી ઉપર જઈને અટકી. એ તરત ઝૂમી ઊઠી. જોકે એનાં ઝૂમવામાં પ્રેમ ઓછો અને નિર્દોષતા વધારે હતી. એ જે હોય તે, મારા માટે તો એણે મને ઓળખી લીધો... એજ પર્યાપ્ત હતું. તત્ક્ષણ મારા પ્રાણ સાથે સાથે મારું ચૈતન્ય પણ પાછું ફર્યું. ગરીબ પ્રેમીના તો દિવસો જ ફરી ગયા. હું તરત મારા સ્વાભાવિક રંગમાં આવી ગયો. ...આ તરફ મને ઓળખતાવેંત એ પણ ઝૂમીને ખૂબ આત્મીયતાથી બોલી-...અરે કૃષ્ણ તમે! તમારા તો રંગ-

ઢંગ જ બદલાઈ ગયા છે!

...આ વખતે મેં પણ હસીને પૂરેપૂરા ઠસ્સાથી કહ્યું- રંગ-ઢંગ જ શું, મારું તો જીવન પણ બદલાઈ ગયું છે.

એ બોલી- પણ તમારી પ્રકૃતિ બદલાઈ નથી. આ મનુષ્યની પ્રકૃતિ જ તો છે જે એના ભૂતકાળને ભવિષ્ય સાથે જોડીને રાખે છે.

મેં કહ્યું- આમ તો મારી વાંસળી પણ બદલાઈ નથી, જે મને હંમેશાં સોનેરી યાદોમાં ડૂબાડીને રાખે છે. ...પછી એક ઠંડો શ્વાસ લેતા કહ્યું- સાથે જ મિત્રોને ઓળખવાની તક પણ આપ્યા કરે છે.

મારી આ વાત સાંભળી એ હસતી હસતી જ રથ તરફ જવા લાગી. આ શું વાત થઈ? કંઈ વાત તો કરો- ઘણી મજા આવી રહી છે. પણ તમારા મનનું સાંભળે, તો તે રાજકુમારી શેની? એ તરફ તેનો સારથિ પણ એકીટશે અમને જ જોઈ રહ્યો હતો. કદાચ તે પણ સમજવાની કોશિશ કરી રહ્યો હતો કે કુંડિનપુરની રાજકુમારી અને ઉજ્જયિનીના એક ભિખારી વચ્ચે આ કેવી ઓળખાણ-પિછાણ? સમજવાની કોશિશ ના કર મારા ભાઈ; આજ તો 'કૃષ્ણલીલા' છે. ...જવા દો, કૃષ્ણની લીલામાં શું રાખ્યું છે. હાલ તો રુક્મિણી જે લીલા બતાવી રહી છે તેની વાત કરું. અને એમાં હું રસ્તાના કિનારે ઊભો રહી ગયો અને તે રથ પર સવાર પણ થઈ ગઈ. હજી હું થોડો ઉદાસ થયો જ હતો કે તેણે ઈશારાથી મને પાસે બોલાવ્યો. હું તો એવો દોડીને રથની પાસે પહોંચી ગયો જાણે એણે મને પોતાની સાથે કુંડિનપુર આવવાનું આમંત્રણ જ આપી દીધું હોય. પરંતુ રુક્મિણીની અદાનું કહેવું જ શું? મેં રથને અઢેલીને તેની તરફ હસવાનું શરૂ જ કર્યું હતું કે તે ઘણી ગંભીર થઈને બોલી- આશ્ચર્ય છે! કંસનો વધ કરવાવાળો વીર અને રાજ્ય ઠુકરાવવાવાળો વૈરાગી, અહીં આશ્રમમાં બીજું શું શીખવા માટે આવ્યો છે? મનુષ્ય-જીવનમાં વીરતા અને વૈરાગ્ય, એ બે જ તો શીખવા જેવી વાતો હોય છે. અને આ બંને પર તમે તો અમલ કરીને બતાવી જ ચૂક્યા છો.

...બસ, આટલું કહેતાં કહેતાં એનો રથ ચાલવા લાગ્યો. એની સાથે જ અમારી આ સુંદર મુલાકાત અહીં જ સમાપ્ત થઈ. પણ મારા તરફથી આ ખૂબસૂરત મુલાકાત હજી પણ ચાલી જ રહી હતી. જી હા, હું હજુ પણ રસ્તાની વચ્ચોવચ ઊભો રહી, જઈ રહેલા રથને અને તેની ઉડી રહેલી ધૂળને જોઈ રહ્યો હતો. આખરે જ્યારે રથ ઓઝલ થઈ ગયો અને ધૂળ પણ સ્થિર થઈ ગઈ તો કંઈક હોશમાં આવ્યો; અને હોશમાં આવતાં જ, હું એનામાંથી નીકળીને, એની વાતોમાં ખોવાઈ ગયો. ખરેખર, આજે પણ કેટલી ગહન વાત કરી હતી તેણે. ફરી એક વાર એણે મને ચિંતનની ગહનતાનાં દર્શન કરાવી જ દીધા હતા. ખરેખર, ગુરુના રૂપમાં છુપાયેલી એક એવી પ્રેમિકા મળી હતી મને, જે જ્યારે પણ મળતી, કંઈક સારું શીખવાડીને જ જતી.

ખેર! એ તો જતી રહી, પણ મારા આખાં અસ્તિત્વને 'રુક્મિણીમય' કરી ગઈ. મારા શરીરનાં રોમેરોમમાં વસી ગઈ. મારું દિલો-દિમાગ જ નહીં, મારા હાડકાં, માંસ, મજ્જા અને લોહી સુદ્ધાં રુક્મિણી-રુક્મિણી પોકારવા લાગ્યાં. ફરી એક વાર રુક્મિણી પોતાની આંખો અને વાતોથી મને ઘાયલ કરવામાં સફળ થઈ ગઈ હતી, અને ફરી એક વાર હું હંમેશાંની જેમ એને જોતો જ રહી ગયો હતો. સાચે જ રુક્મિણીનો નશો એવો તો છવાયો કે ઉતરવાનું નામ જ નહોતો લઈ રહ્યો. ...તો મારે વળી ક્યાં ઉતારવાનો હતો? જો આ નશો ઉતરી ગયો તો જીવનમાં શું બાકી રહી જશે? ...હાય! કેટલી સુંદર ક્ષણ હતી...! શું એ હજી થોડી વધારે વાર રોકાઈ શકે તેમ નહોતી...? પરંતુ કેવી રીતે રોકાય? શું કામ રોકાય? ઘાયલ... તો હું હતો, એ થોડી જ હતી? એટલે જ તો હસીને ચાલી ગઈ. આમ પણ કતલ કરનારા પાસેથી દયાની આશા રાખવી જ વ્યર્થ છે. હવે જ્યારે એજ હસીને ચાલી ગઈ છે તો હું શાને માટે મૂર્તિની જેમ ખોડાઈને ઉદાસીમાં ડૂબેલો રહું? જ્યારે રોગ લગાડવાવાળાં જ કોઈ ઉપચાર કરવા નથી ઈચ્છતા, તો સમજદારી એમાં જ હતી કે જાતે જ પોતાનો ઉપચાર કરી લો. તો, રુક્મિણી ભલે ન હોય એનાં ભિક્ષારૂપે અપાયેલાં ફળ તો છે ને. બસ, ફળો પર મારી દાનત બગડી ગઈ. ...જોકે રુક્મિણીએ આપેલાં ફળો મને ભિક્ષામાં મળ્યાં હતા અને ચોક્કસપણે એનાં પર આખા આશ્રમનો અધિકાર હતો, છતાં પણ હું એ ફળ આશ્રમમાં ન આપી શક્યો. કેવી રીતે આપી શકું? એ તો 'કૃષ્ણ'ના 'કૃષ્ણ' હોવાનાં ફળ હતા. એની ઉપર માત્ર 'કૃષ્ણ'નો અધિકાર હતો. બસ, હું ખૂબ પ્રેમપૂર્વક ત્યાં ઊભા ઊભા જ એ બધા ફળ આરોગી ગયો. ભલા મુજ આશિકને એ ફળોથી વધારે મીઠું બીજું શું લાગી શકવાનું હતું?

ચાલો, ફળ પણ ખાઈ લીધાં, હવે આગળ શું? શું સાંજ સુધી અહીં જ ઊભા રહેશો? ઊભા તો નહીં રહે, પણ હવે કૃષ્ણ મહારાજ ભિક્ષા માંગવા આગળ પણ નથી જઈ શકવાના. એટલે ચૂપચાપ ધીમા પગલે પાછો આશ્રમ તરફ ચાલી નીકળ્યો. ...જોકે જેમ જેમ આશ્રમ તરફ આગળ વધતો ગયો, તેમ તેમ રુક્મિણી મારા અસ્તિત્વથી છૂટી પડતી રહી, અને "આચાર્યદર્શન"ની સાથે તો રુક્મિણીનો નશો સંપૂર્ણ રીતે ઉતરી ગયો. તત્ક્ષણ હું એક વાર ફરી સંપૂર્ણ રીતે 'આચાર્યમ્ ચરણમ્ ગચ્છામિ' થઈ ગયો. ખરેખર આ મારી અદ્‌ભુત વિશેષતા હતી. જ્યારે રુક્મિણી સામે હતી, ત્યારે મારું અસ્તિત્વ સંપૂર્ણ રીતે "રુક્મિણીમય" હતું, એ સમયે જો મારા લાખો ટુકડા કરવામાં આવત તો પણ દરેક ટુકડામાંથી માત્ર રુક્મિણી જ નીકળત; પરંતુ આશ્રમમાં પાછો ફરીને હવે જ્યારે હું "આચાર્યમય" થઈ ચૂક્યો છું, તો તમને રુક્મિણી મારા અસ્તિત્વમાં શોધેય નહીં જડે. સીધી વાત છે, રુક્મિણી એ પળનું સત્ય હતી, જ્યારે આચાર્યજી આ પળનું સત્ય છે. આજ તો મારી સંપૂર્ણતાથી જીવવાની એ આદત હતી કે જેને લીધે મારા ચિંતને જ્યારે જે પકડ્યું, સંપૂર્ણ પકડ્યું અને જે છોડ્યું, સંપૂર્ણ રીતે છોડ્યું. સાચું કહું તો આ મારો સૌથી વધારે પ્રશંસનીય ગુણ હતો, જેમાં ઓતપ્રોત થવું એ પોતે જ સહુથી મોટી ઉપલબ્ધિ હતી. પરંતુ દુર્ગતિ આ કે મારી એક સહુથી

વધુ બદનામી આ એક ગુણને કારણે જ થઈ. મારી આ પૂર્ણતા, જે "મહાસન્માન" યોગ્ય હતી, વિપરીત રીતે, મનુષ્યોની અણસમજણને કારણે મને છલિયા, દગાબાજ, જૂઠ્ઠો, માયાવી, કપટી જેવાં ઉપનામોથી નવાજવાની નિમિત્ત બની. અરે ભાઈ... જ્યારે રાધા હતી ત્યારે રાધા જ હતી, જ્યારે કુબ્જાની સાથે હતો ત્યારે કુબ્જાની સાથે જ હતો. જેમ કે હમણાં પળવાર પહેલાં રુક્મિણીની સાથે હતો અને આ સમયે સાંદીપનિજીના સાંન્નિધ્યમાં છું; પણ વિશેષતા એ છે કે જ્યારે જ્યાં છું... પૂર્ણપણે છું. ...પરંતુ કોણ જાણે કેમ, મારી આ પૂર્ણતા બધાને માટે એક સમસ્યાનું કારણ બની ગઈ? જોકે આનું કારણ સમજવું એટલું અઘરું પણ નહોતું. ખરું જોતા, હું જ્યારે જેની સાથે રહ્યો, "પૂર્ણતાથી" એટલે કે પૂરી પ્રામાણિકતાથી રહ્યો. અને ચોક્કસપણે, કોઈની સાથે પરિપૂર્ણતા સાથે વિતાવેલી પળ, મનુષ્ય માટે ભૂલાવવી સહેલી નથી હોતી. છળ-કપટ અને જૂઠથી ભરાયેલી આ દુનિયામાં કોણ કોની સાથે પૂર્ણતાથી રહે છે? અને કોઈ ક્ષણભર માટે જ ભલે, પરંતુ સંપૂર્ણ રીતે તમારો થઈને રહે તો તેનાથી વધારે સુંદર પળ તે વ્યક્તિ માટે બીજી કઈ હોઈ શકે છે? બસ, આજ કારણ હતું કે દરેક જણ મને સંપૂર્ણપણે પકડવાની તમન્ના કરવા લાગ્યું. હવે મારું જીવન તો એક વહેતી ધારા છે, હું ક્યાં કોઈની પકડમાં આવવાનો હતો? અને વળી જેને પકડી શકાય, એ પૂર્ણ કેવી રીતે હોઈ શકે છે? બસ, આ છોડ-પકડના ખેલમાં, બધા મારાથી વારાફરતી છૂટા પડતા ગયાં. અને સ્વાભાવિક રીતે, જે છૂટા પડતા, ...એ વરસી પડતા. તેઓ આ કબૂલતા નહીં કે તેઓ મારા વિના જીવી નથી શકતા અથવા તો તેમને મારી યાદ સતાવે છે, પરંતુ ઊલટું તેઓ મારા પર દોષારોપણ કરીને મને ગાળો આપવા લાગી જતા.

ખેર! જવા દો, આ બધી વાતો તો રોજની થઈ ગઈ હતી અને જૂની પણ. હમણાં તો આશ્રમમાં દિવસો આવી જ મસ્તીમાં વીતી રહ્યા હતા. શું આચાર્યજીની વાતો, ને શું શસ્ત્રવિદ્યા, શું મિત્રોનો સાથ અને શું આશ્રમનું અનુશાસન; મને તો અહીંની દરેક વસ્તુમાં મજા આવતી હતી. એવામાં જ એક દિવસ એક એવી ઘટના ઘટી જે સંપૂર્ણ રીતે અસાધારણ હોવા છતાં મારા જીવનની સહુથી મોટી ઘટના બનીને રહી ગઈ. એક દિવસ બપોરના ભોજન પછી અમે બધા શિષ્યો આશ્રમની પાછળ આવેલાં વૃક્ષોનાં ઝૂંડ નીચે વાતો કરી રહ્યા હતા. ...એવામાં અચાનક ગુરુમાએ સુદામાને બોલાવ્યો. હું પણ અનાયાસે જ સુદામાની પાછળ પાછળ ચાલી નીકળ્યો. વાસ્તવમાં, આશ્રમમાં બળતણ માટેનાં લાકડાં ખલાસ થઈ ગયાં હતા. આથી અમારા પહોંચતા જ માએ સુદામાને કહ્યું- આજે બળતણ માટે લાકડાં નથી.

હું કંઇ વિચારું એ પહેલાં તો સુદામા તરત કુહાડી અને દોરડું શોધી લાવ્યો અને બળતણ માટેનાં લાકડાં લાવવા તૈયાર થઈ ગયો.

આ જોઈને માએ કહ્યું- કોઈ બીજાને પણ સાથે લેતો જજે.

સુદામાએ કહ્યું- કૃષ્ણ તો છે જ.

આ સાંભળતા જ હું પણ તરત કુહાડી અને દોરડું લઈને તૈયાર થઈ ગયો. હવે અમે જવા નીકળતા હતા, તેવામાં જ માએ સુદામાને ઈશારાથી બોલાવ્યો. સુદામા આવતાં જ, મા તેને ચૂપચાપ અંદર લઈ ગઈ. થોડી વાર પછી એ જ્યારે અંદરથી બહાર આવ્યો ત્યારે મેં દૂરથી જ જોઈ લીધું હતું કે એના હાથમાં પોટલી હતી અને એ એને પોતાની કમરમાં ખોસવાની કોશિશ કરી રહ્યો હતો. મને કંઈ સમજાયું નહીં એટલે પાસે આવતાં જ મેં સુદામાને પૂછ્યું- માતાજી પાસેથી શું લાવ્યો, મિત્ર?

એ બોલ્યો- બસ, એમ જ સાવધ કરવા બોલાવ્યો હતો.

મેં આશ્ચર્યથી પૂછ્યું- કોનાથી સાવધ કરવા?

એણે કહ્યું- એજ કે જંગલી જાનવરો સાથે છેડછાડ ન કરતો.

હું સમજી ગયો કે સુદામા ખોટું બોલી રહ્યો છે, સ્પષ્ટ વર્તાઈ રહ્યું હતું કે તે મારાથી કંઈક છુપાવી રહ્યો છે. જવા દો, મેં પણ એની ન બતાવવાની ઈચ્છા જાણીને ફરીથી પૂછવાની ચેષ્ટા ન કરી. બંને ચૂપચાપ નીકળી પડ્યા. ગળામાં દોરડું લટકાવીને અને હાથમાં કુહાડી લઈને ચાલતા અમે બંને ઘણાં વિચિત્ર લાગી રહ્યા હતા. ચોક્કસપણે અમે જંગલની દિશામાં જઈ રહ્યા હતા. જંગલ પણ ક્યાં દૂર હતું? જલ્દીથી અમે એમાં પ્રવેશી ગયા. બસ, અમે બંને ચાલતા જઈ રહ્યા હતા, પણ ક્યાંય સુકાયેલું વૃક્ષ નજરે પડી રહ્યું નહોતું. વર્ષાઋતુ હતી અને જંગલ એવું લાગી રહ્યું હતું કે જાણે વર્ષાનું પાણી ઝાટકીને આખું જંગલ હરિયાળીની સાથે નૃત્ય કરી રહ્યું ન હોય! હવે વાતાવરણ સુંદર તો હતું, પણ અમારી મુસીબત એ હતી કે વર્ષાઋતુમાં સૂકાં વૃક્ષ સહેલાઈથી મળતાં નથી. જ્યારે ઘણીવાર સુધી કોઈ સૂકું વૃક્ષ નજરે ચઢ્યું નહીં, તો સુદામાએ અકળાઈને કહ્યું- લીલાં વૃક્ષને કાપીને પણ લાકડાંઓ સૂકવી શકાતાં હોય છે, પછી માતાજીએ સૂકાં વૃક્ષનાં લાકડાંઓ લાવવા માટે જ કેમ કહ્યું હશે? ...હું ચૂપ જ રહ્યો. થોડી વાર પછી એ પોતે જ બોલ્યો- બની શકે કે એને સળગાવવામાં સરળતા રહેતી હોય. હું હજુ પણ ચૂપ જ રહ્યો. સાચું કહું તો હું આ સુંદર વાતાવરણમાં એવો ખોવાયેલો હતો કે બીજી કોઈપણ વાતમાં મને મજા નહોતી આવતી. બસ, અમે એજ મુદ્રામાં ચાલી રહ્યા હતા. એક પર્વતથી બીજો પર્વત, પરંતુ સૂકું વૃક્ષ ક્યાંય નજરે નહોતું પડી રહ્યું. શોધતા શોધતા સાંજ ઢળી ગઈ. અમે બંને થાકીને ચૂર થઈ ગયા. પરંતુ આશ્રમમાં અનુશાસન ઘણું અદ્ભુત હતું. જો અમને સૂકાં લાકડાં લાવવા માટે મોકલ્યા હતા તો અમારે સૂકાં લાકડાં લઈને જ જવાનું હતું; અને લાકડાં લીધા વગર તો કદાપિ પાછા જઈ શકતા નહોતા. જોકે હવે સાંજ ઢળી ચૂકી હતી, આથી સ્વાભાવિક રીતે આજે તો કંઇ કરી શકાય તેમ નહોતું. અમારે કાલ સવાર સુધી રાહ જ જોવાની હતી. મારું તો

ઠીક, પણ સુદામા આ વાતથી બરાબરનો અકળાયો હતો.
હશે, અંતે થાકી-હારીને એક ઝરણાના કિનારે અમે શરણ લીધું. એક મોટા ખડક નીચેથી વહેતું આ ઝરણું ખરેખર સુંદર લાગતું હતું. ઊંચાઈ પર સ્થિત આ ઝરણાંની ખૂબી એ હતી કે એ ત્રણ વિશાળ વૃક્ષોથી ઘેરાયેલું હતું. અને જે જગા પર આ ઝરણું હતું તેની ઉપર દૂર દૂર સુધી પર્વતમાળાઓ જ દેખાઈ રહી હતી, જ્યારે એની બરાબર સામે, ચારે તરફ ફેલાયેલું જંગલ દેખાઈ રહ્યું હતું. સાચું કહું તો હું પ્રથમ નજરે જ આ ઝરણાંની સુંદરતા જોઈને મુગ્ધ થઈ ગયો. આ બાજુ થાકેલો સુદામો તો તરત બેસી ગયો, પરંતુ હું તો કુદરતની સુંદર લીલાનો દીવાનો. હું તો માથું ફેરવી ફેરવીને આ ઝરણાંને ચારેબાજુથી જોતો રહ્યો. જ્યારે સહેજ મન ભરાયું તો આ ઝરણાનાં શીતળ અને સ્વચ્છ પારદર્શક પાણીથી મેં મારી તરસ છીપાવી. હવે શું? કાંઈ વાત કરવા જેવું તો વાતાવરણ હતું નહીં, ઉપરથી થાક એટલો હતો કે ચૂપચાપ એજ શિલાખંડ પર સૂઈ ગયો. કમાલ હતી! સુદામા તો આડો પડતાં જ સૂઈ ગયો. મને ઊંઘ નહોતી આવી રહી. બની શકે કે ભૂખના કારણે મને ઊંઘ ન આવી રહી હોય. આમ પણ મેં બપોર પછી કંઇ ખાધું નહોતું. અને બિલકુલ ભૂખ્યા રહેવાનો આ મારા જીવનનો પ્રથમ અવસર હતો. બની શકે કે સુદામાને તેની આદત પડી હોય. ...જોકે હું પણ પડખાં ફેરવીને સૂવાના પ્રયાસમાં તો લાગ્યો જ હતો, પણ હાથમાં નિષ્ફળતા જ આવતી હતી.
...ત્યારે જ અચાનક વીજળી ચમકવાની શરૂ થઈ ગઈ. સુદામા પણ ગભરાઈને ઊઠી ગયો. જોતજોતામાં તીવ્ર વાવાઝોડાની સાથે વરસાદ શરૂ થઈ ગયો. પછી તો ધોધમાર વરસવા લાગ્યો. મેં ચારે તરફ નજર ફેરવી, પણ ક્યાંય કોઈ ગુફા નજરે નહોતી પડતી. અચાનક મારી નજર એક મોટા પહોળા પથ્થર પર પડી. એની નીચે બે-ત્રણ વ્યક્તિ ઊભા રહી શકે તેમ હતા. મેં સુદામાને ત્યાં જવા માટે કહ્યું. ઓછામાં ઓછું પલળવાથી તો બચીશું. બસ, પળવારમાં બંને ભૂખ્યા આ પથ્થર નીચે ઊભા રહી ગયા હતા. અમે તો વરસાદથી બચી ગયા હતા, પણ ચારે તરફ તોફાની વરસાદ પડી રહ્યો હતો. એનો અવાજ આખાયે વાતાવરણમાં પડઘાઈ રહ્યો હતો. અંધારું તો એટલું ઘેરાયું હતું કે એકબીજાનો હાથ જોઈ શકાતો નહોતો. હા, વચ્ચે વચ્ચે થતાં વીજળીના કડાકામાં ચોક્કસ થોડું ઘણું જોઈ શકાતું હતું. આ તરફ ધીમે ધીમે વરસાદે તોફાનનું રૂપ લઈ લીધું. એવું લાગી રહ્યું હતું કે જાણે આભ ફાટી પડશે. ઝડપી પવન ફૂંકાવા લાગ્યો હતો. વીજળીના કડાકા થઈ રહ્યા હતા. પર્વત પર ઠેર ઠેર ઝરણાં ફૂટી નીકળ્યાં હતા. એમનાં અવાજો પણ વધતાં જઈ રહ્યાં હતાં. સુદામા બરાબરનો ગભરાઈ રહ્યો હતો. એ બોલ્યો પણ- હવે શું થશે, કન્હૈયા? હે ભગવાન! આ વરસાદ ક્યારે રોકાશે?
મેં મરકતા કહ્યું- નકામો ચિંતિત ન થા, સુદામા. રાત જેટલી તોફાની હશે, સવાર એટલી જ સોહામણી હશે.
હું કંઇ નકામું ચિંતન તો કરી રહ્યો નહોતો. આ તો મારા પોતાના જીવનનો અનુભવ હતો. ક્યાં જીવનમાં જરાસંધરૂપી અંધારી રાત છવાયેલી હતી, અને ક્યાં આચાર્યપી સવાર નસીબ થઈ હતી. આથી મેં સંપૂર્ણ વિશ્ર્વાસ સાથે મારું આશ્ર્વાસન આગળ વધારતાં કહ્યું- જો વરસાદે પોતાની તમામ શક્તિ આજ રાતે જ ખર્ચી લીધી, તો એની પાસે સવારે વરસવા માટે ઊર્જા જ ક્યાં બચવાની છે? એટલે, નકામી ચિંતા ન કર.
પરંતુ આજે રાતે શું થશે?- ગભરાયેલો સુદામા બોલ્યો.
મેં કહ્યું- આ રાત પણ વીતી જશે, જેમ જીવનની અનેક રાતો વીતી છે. તું અકારણ ડરી રહ્યો છે. એક વાત કહે મિત્ર, ડરવા અને મરવા વચ્ચે શો ફરક છે? ...પરંતુ મારી તમામ સમજણને એના ડરે નકામી કરી દીધી હતી. મેં વીજળીના ચમકારામાં સ્પષ્ટ જોયું કે વ્યગ્રતા અને ડરના કારણે એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. મેં એનો મિજાજ બદલવા માટે કહ્યું- આ રીતે ચૂપચાપ બેસવાથી શું ફાયદો?
તો શું ઇચ્છે છે, બેસીને રોઉં?- એ અકળાયો.
મેં કહ્યું- નહીં, ગા. કેવો મનોહર વરસાદ છે. તું ગા અને હું વાંસળી વગાડું, તો કેવી મજા આવે.
સુદામા બોલ્યો- તું પણ ભારે વિચિત્ર છે. ઇચ્છે છે કે મૃત્યુના પંજામાં બેસીને પણ હું ગાઉં. ઘેલો થયો છે કે શું?
મેં કહ્યું- વિચાર, જો આ મોસમમાં આપણે આશ્રમમાં હોત તો શું કરત? ચોક્કસપણે તું ગાઈ રહ્યો હોત અને હું વાંસળી વગાડી રહ્યો હોત. આવા વરસાદમાં આપણે આવું જ કરતાં આવ્યા છીએ, અને આજ જીવવાની કળા છે.
સાચું તો આજ છે, આજની ચિંતામાં કાલ અને "કાલ"ની ચિંતામાં આજને બગાડવી એ નરી મૂર્ખતા છે. આમ પણ મને ભય, ચિંતા અને દુ:ખથી ભારે નફરત હતી. હું આનંદ અને મસ્તીનો શોધક હતો. વ્યર્થ ચિંતા કરીને, આ નાના પણ અમૂલ્ય જીવનની આટલી મૂલ્યવાન રાત નાહકની શું કામ બગાડવાની? પણ આ તો મારો વિચાર અને સમજણ હતા, આ બાજુ સુદામા પર એવો ડર છવાયેલો હતો જે ઓછો થવાનું નામ જ નહોતો લેતો. તો હું પણ ક્યાં આસાનીથી હથિયાર હેઠાં નાખવાવાળામાંથી હતો? મેં એને સહજ કરવાનો એક વધારે પ્રયત્ન કરતાં કહ્યું- ભલે આશ્રમ ન હોય, જંગલ જ હોય, વરસાદ તો છે. કેવી સુંદર મોસમ છે. તો પછી આપણે શું કામ ન ગાઈએ... ન વગાડીએ? જો પરિસ્થિતિ મનુષ્યની પ્રકૃતિ જ બદલી દે, તો એ મનુષ્ય શાનો?
આ કહેતા તો મેં કહી દીધું, પણ તરત જ મેં મારા પર પણ ધ્યાન આપ્યું. જ્યારથી આચાર્યજીના સાંન્નિધ્યમાં આવ્યો હતો, હું જ્ઞાન-વર્ધક વાતો થોડી વધારે જ કરવા લાગ્યો હતો. જોકે જ્ઞાન-વર્ધક વાતોની અસર ન થતી જોઈને હું તત્ક્ષણ

જરૂરિયાતવાળી વાતો પર ઉતરી આવ્યો. મેં વાતનું સ્વરૂપ બદલતા કહ્યું- બહુ ભૂખ લાગી છે, કંઇ હોય તો કાઢ.

એ થોડો શરમાતા બોલ્યો- મારી પાસે શું છે? ક્યાંથી આવશે?

મેં આશ્ચર્યચકિત થઈને પૂછ્યું- કેમ? તને નીકળતી વખતે માતાજીએ કંઈક નહોતું આપ્યું?

નહીં તો...! સુદામા એકદમ જૂઠ્ઠું બોલી ગયો.

પરંતુ એનું જુઠ્ઠાણું લાંબો સમય સુધી સુરક્ષિત રહી ન શક્યું. મને જલ્દીથી એમ લાગ્યું કે એ છુપાઈને કંઈક ખાઈ રહ્યો છે. ...મારાથી ના રહેવાયું. મેં પૂછ્યું- શું ખાઈ રહ્યો છે, મિત્ર?

એ બોલ્યો- કંઇ પણ નહીં!

તો પછી તારા દાંત કેમ કકડી રહ્યા છે? મેં ફરી પૂછ્યું.

એ બોલ્યો- કદાચ ઠંડીને કારણે દાંત કકડી રહ્યા છે. તીવ્ર પવન ફૂંકાઇ રહ્યો છે ને.

હું સમજી ગયો. જેટલા સવાલ કરીશ એટલું જૂઠ્ઠું બોલશે. આમ પણ એક જૂઠ્ઠાણાને છુપાવવા માટે ઘણા જૂઠ્ઠાણા બોલવા જરૂરી બની જ જાય છે; અને આ વાત મારાથી વધારે સારી રીતે બીજું કોણ જાણી શકવાનું હતું? માખણ મોં પર ચોંટેલું રહેતું હતું અને યશોદાને કહેતો હતો- “મા, મૈં નહીં માખન ખાયો.” અને પછી એનાં દરેક સવાલના અંત સુધી જવાબ પણ આપતો રહેતો હતો. એજ, આ સમયે સુદામા કરી રહ્યો હતો. કડાકા મારતી વીજળીમાં મેં સ્પષ્ટ જોઈ લીધું હતું કે એ પોટલીમાંથી કાઢી-કાઢીને ચણા ખાઈ રહ્યો હતો. પરંતુ મેં ધીરજ રાખવાનું જ યોગ્ય સમજ્યું, એટલે એના જૂઠ્ઠાણાને સંપૂર્ણ રીતે ઉઘાડું પાડવું યોગ્ય ન લાગ્યું. ચાલો, સુદામાને તો જવા દીધો, પણ સાચું કહું તો આગળ વિચારતા મને ગુરુમાના વ્યવહાર ઉપર પણ આશ્ચર્ય થઈ રહ્યું હતું. કારણ કે એ ગુરુમા હતી, આખા આશ્રમની મા. એમનો વ્યવહાર તો દરેક વિદ્યાર્થીની સાથે એકસરખો હોવો જોઈએ. જો એમને સુદામાને ચણા આપવા હોય તો મને પણ આપવા જોઈએ. ઓછામાં ઓછું આચાર્ય સાંદીપનિની પત્નીને માટે આ વાત જરાય શોભાસ્પદ નહોતી. અને વળી સુદામા તો મારો પ્રિય મિત્ર છે. કેટલો સીધો લાગે છે એ. જોકે મારા જીવનનો આ અનુભવ છે કે અવસર આવ્યે આ સીધા લોકો જ વધારે વિચિત્ર બની જાય છે. જોયું તમે, કેટલો ભયભીત હતો સુદામા. આમ તો આવા ભયભીત વ્યક્તિ પાસેથી કઈ અપેક્ષા રાખી શકાય છે? શ્રેષ્ઠ કર્મ તો નીડર મનુષ્ય જ કરી શકે છે.

બસ, થોડી વાર તો હું મનમાં ને મનમાં આમ જ બળાપો ઠાલવતો રહ્યો. પછી વિચાર્યું, નાહક આ માથાકૂટમાં હું મારી રાત શા માટે બગાડું? તેથી મેં મારું ધ્યાન ગુરુમા, સુદામા અને ચણા પરથી હટાવવાનું જ યોગ્ય માન્યું. પરંતુ આ સમયે સ્વયં પર પણ ધ્યાન લગાવવા જેવું કંઇ ક્યાં હતું? બહાર વરસાદ તોફાની હતો અને કકડીને ભૂખ લાગી હતી. વળી ભૂખને કારણે ઠંડી પણ કંઈક વધારે જ લાગી રહી હતી. ...હવે આ બધું તો હતું જ. તત્ક્ષણ સ્વયંને સમજાવી લીધું કે જે વાતનો કોઈ ઉપાય જ ન હોય એના પર વધારે ધ્યાન આપવાથી શું ફાયદો? ખાવાનું મળશે, ત્યારે મળશે; અને વરસાદને રોકાવું હશે, ત્યારે રોકાશે. ...તેમજ સવાર પણ પોતાના સમયાનુસાર જ ઉગશે. જ્યારે આમાંથી કંઇ પણ તારા હાથમાં નથી, તો નકામી ચિંતા કેમ કરે છે? બધું સ્વીકારી લઈને આ ખૂબસૂરત મોસમનો આનંદ લેવામાં તરબોળ કેમ નથી થઈ જાતો? વાત તો સ્પષ્ટ હતી. સમસ્યાથી ધ્યાન હટાવવું જ સમસ્યાનું સમાધાન હોય છે. મજા એ વાતની હતી કે એક તરફ હું જ્ઞાની, જાત સાથે સંઘર્ષ કરી રહ્યો હતો અને ત્યાં સુદામા ખાઈ-પીને સૂઈ ગયો હતો. હવે જેનું પેટ ભરેલુ હોય, એ તો સૂઈ જ શકે છે. દ્રશ્ય પણ જોવા જેવું જામ્યું હતું. એક તરફ ખડકની આડશમાં સુદામાં નિદ્રાધીન હતો, તો બીજી તરફ, બરાબર એના માથાની સામે, ઘૂંટણિયે પડેલો હું ઠંડીમાં મારા હાથ મસળી રહ્યો હતો. ...ત્યારે અચાનક મારો હાથ વાંસળી સાથે ટકરાયો. અરે! હું વાંસળીને કેવી રીતે ભૂલી ગયો? મારા સુખ-દુ:ખની સાથી તો મારી પાસે જ છે. ભલે કોઈપણ દગો આપે, મારી વાંસળી ક્યારેય દગો નથી આપતી. હવે મને કોની દરકાર અને શી ભૂખ? મેં ઝડપથી વાંસળી કાઢી અને સૂર રેલાવી દીધા.

...હવે હું ઠંડી વગેરે ભૂલીને, એ રીતે પલાંઠી વાળીને બેસી ગયો જાણે કે મુલાયમ આસન પર ન બેઠો હોઉં. ...ધીમે ધીમે હું વાંસળી વગાડવામાં તલ્લીન થતો ગયો. આ તલ્લીનતા થોડી વધતાં જ ભૂખ છૂમંતર થઈ ગઈ, વરસાદનું પણ ભાન ન રહ્યું. બસ, વાંસળી વાગતી ગઈ... વાગતી ગઈ... સાચું કહું છું, વાંસળીની આવી મધુરી ધૂન પહેલા ક્યારેય છેડી નહોતી. હું તો ઝડપથી વાંસળીમાં મગ્ન થતો જતો હતો. ભૂખ અને તોફાની વરસાદની અનુભૂતિ તો ક્યારનીય ભૂલી ગયો હતો. ...તમે નહીં માનો, હવે તો હું ધીમે ધીમે શરીરનું અસ્તિત્વ પણ ભૂલતો જઈ રહ્યો હતો. આશ્ચર્ય હતું! જેમ જેમ હું વાંસળીની ધૂનમાં ખોવાતો જઈ રહ્યો હતો, તેમ તેમ મારી તમામ યાદો લુપ્ત થતી જઈ રહી હતી. જોતજોતામાં વૃંદાવનની, મા યશોદા અને રાધાની, ગોવર્ધન અને યમુનાની તમામ યાદો વાંસળીની ધૂનમાં વહી ગઈ હતી. હવે તો ન મથુરા યાદ હતું ન જરાસંધ. અરે... ભાઈ સુદ્ધાંને ભૂલી રહ્યો હતો. બસ, એક તરફ મોરલી વાગતી જતી હતી અને બીજી તરફ હું મારું અસ્તિત્વ ભૂલતો જઈ રહ્યો હતો. હવે તો મારું મન, મારી બુદ્ધિ અને મારો પરમ શક્તિશાળી અહંકાર પણ શૂન્ય થવા લાગ્યો હતો. ખબર નહીં શું થઈ ગયું હતું કે આજે વાંસળીની ધૂન પોતાની સાથે બધું જ વહાવીને લઈ જઈ રહી હતી. ધીમે ધીમે તો એણે રુક્મિણી અને સાંદીપનિજીને પણ ભુલાવી દીધા હતા. હવે ન તો હું હતો, ન મારા હતા અને ન તો કંઇ જ મારું હતું. માત્ર પ્રકૃતિ રહી ગઈ હતી. બસ, એક શુદ્ધ-

બુદ્ધ ચૈતન્ય બચી ગયું હતું. બસ, આવી જ તલ્લીનતામાં આખી રાત વીતી ગઈ. જોતજોતામાં સવાર થઈ ગઈ. ત્યાં સુધી કે સૂર્યનું પહેલું કિરણ પણ મારા પર પડવા લાગ્યું. ...અચાનક વાંસળી પરથી હાથ હટ્યો, અને હાથ હટતાં જ મારી સંવેદના પાછી ફરી. સંવેદના પાછી ફરતા જ આંખ ઉઠાવીને સૂર્યનાં કિરણો જોવા લાગ્યો... અને જોતાંવેત જ હું તો ઝૂમી ઊઠ્યો. ઝડપથી ઊભો થયો અને દોડ્યો, પહોંચ્યો દૂર ખુલ્લા મેદાનમાં. થોડી વાર તો બંને હાથ ઊંચા કરીને સૂર્યને જોતો રહ્યો. પછી પોતાની જ મસ્તીમાં નાચવા લાગ્યો... આ તો કમાલ થઈ ગઈ. ...અરે! હું જ તો સૂર્ય છું. આ કિરણો પણ તો હું જ છું. પરમ આશ્ચર્ય... આ સોહામણી સવાર, પ્યારું જંગલ, વહી રહેલી નદી, બધું હું જ તો છું. આ ઊડતાં પંખી, આ ખીલી રહેલાં વૃક્ષ, આકાશ, હવા, ચંદ્ર, પૃથ્વી, વર્ષા, અગ્નિ- હું શું નથી? આજ કેમ, સુદામા અને ગુરુમા પણ હું જ તો છું. એ તો ઠીક, રાધા અને રુક્મિણી પણ મારું જ તો રૂપ છે. શું જરાસંધ, શું કંસ, મારાથી કોણ જુદું છે? આચાર્યજી પણ હું જ તો છું. અરે! સમય પણ હું જ છું. ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન બધું મારાથી જ તો ચલાયમાન છે. આ સમગ્ર બ્રહ્માંડમાં મારાથી અળગું કોણ છે?

...આ આશ્ચર્યમાં ડૂબેલો હતો ને મારું ધ્યાન ફરી મારા હાથમાં રહેલી વાંસળી પર ગયું. અચાનક થોડું હોશ આવ્યું. હોશ આવતાં જ મારું મન સ્વયં સાથે એકરૂપ થવા પ્રેરાયું. જરા તપાસી લઉં કે બધું બરાબર તો છે ને. ...બસ, એક વૃક્ષ નીચે અઢેલીને પગ લાંબા કરીને બેસી ગયો. ...બેસતા જ ખ્યાલ આવ્યો કે આ બધાની સાથોસાથ હું શરીરમાં કેદ વૃંદાવનનો એક ગોવાળ 'કૃષ્ણ' પણ છું. આ... હા! આ શરીર મારું જ તો છે. પરંતુ આત્મા હોવા છતાં પણ, બધું જ હું હોવા છતાં પણ, મારું અલગથી શરીર કેમ? આ માનવ-જન્મ કેમ? આશ્ચર્ય હતું! સવાલ પણ મારો હતો અને ઉત્તર પણ મારે જ દેવાનો હતો. જોકે ઉત્તર તો આત્મામાં જ સ્વયં હાજર હતો. ...આ ક્ષણભંગુર માનવજીવન સપનું હોવા છતાં પણ સત્ય છે. નાટક હોવા છતાં પણ હકીકત છે. આ માનવજીવન પોતાની જ રચનાનો આનંદ ઉઠાવવા માટે બન્યું છે. શરીર, મન, ઇન્દ્રિયો જ કેમ, બુદ્ધિ અને અહંકાર પણ આ ઉદ્દેશની પૂર્તિ માટે તો ઉપલબ્ધ છે. આ... હા! સાચું જ તો છે. આ પાંચે તત્ત્વોનો માલિક પણ હું જ તો છું. અરે... હું જ તો પરમાત્મા છું.

વાહ! શું શિક્ષણ આપ્યું હતું આચાર્યજીએ... મને 'આત્મજ્ઞાન' થઈ ગયું હતું. એમણે ઠીક જ તો કહ્યું હતું- "જો મનુષ્ય ક્ષણ વાર પણ પોતાનાં સંપૂર્ણ અસ્તિત્વને ભૂલી જાય, તો એ એજ ક્ષણે આત્માને પામી લે છે!" વાહ મારી વાંસળી, તે મને કેવો ધ્યાનમગ્ન કર્યો હતો. હજારો જન્મોમાં જે માંડ માંડ બને છે, એ સહજરૂપથી મારી સાથે બની ગયું હતું. ના કોઈ પ્રયત્ન કર્યો કે ના કોઈ ક્રિયા, ન તો આત્મપ્રતીતિની ઇચ્છા. બધું સહજતાથી જ તો બની ગયું હતું. ચોક્કસપણે હું હવે દ્રઢતાપૂર્વક મારા શરીરમાં સ્થિર હતો. જોકે સંવેદનાઓની આવ-જા સંપૂર્ણપણે રોકાઈ ગઈ હતી. બસ, પરમાત્મા હોવાની એક અનુભૂતિ બાકી રહી ગઈ હતી.

અચાનક ખબર નહીં કેમ, કઈ ધૂનમાં મેં ફરી વાંસળી વગાડવાનું શરૂ કરી દીધું. વાંસળીની ધૂન છેડાતા જ મારી સુધબુધ વધવા લાગી. મારું મન, મારી ઇન્દ્રિયો ફરી ચેતનવંત થવા લાગી. શરીરનો સંપૂર્ણપણે આભાસ થવા લાગ્યો. હવે તો બુદ્ધિ અને અહંકાર પણ સામાન્ય રીતે પ્રગટવા લાગ્યા હતા. ધીરે ધીરે મને બધું યાદ આવવા લાગ્યું હતું. ગોકુળ, વૃંદાવન, માલિની, ભાઈ, ગોપમિત્રો, મા યશોદા, ગોપીઓ, મથુરા, નાનાજી, રુક્મિણી, સાંદીપનિજી- બધાં બરાબર યાદ આવી ગયાં હતા. અને હા, રાધા પણ અસ્તિત્વમાં પાછી સમાઈ ગઈ હતી. સંવેદનાઓમાં સર્વપ્રથમ મારામાં ધન્યવાદની લાગણી પ્રકટ થઈ. પછી ધીમેધીમે આ લાગણી પ્રગાઢ થતી ગઈ. અચાનક હું મારા પાછલા જન્મમાં જઈ ચઢ્યો. ...આભાર કુદરતનો કે એણે મને ગત જન્મમાં આટલો મૂર્ખ અને ભોળો પેદા કર્યો હતો. એ કારણે જ તો હું મરતી વખતે સદૈવ વિજયી રહેવાનો "સંકલ્પ" લઈ શક્યો હતો. ...આભાર છે કંસના જુલ્મોની પરાકાષ્ઠાનો અને નારદની કરુણાનો, જેના કારણે મને દેવકીની કૂખે અવતરવાનો અવસર મળ્યો. ...આભાર તો નંદજીનો પણ, કેમકે જો તેઓ પોતાના બાળકની કુરબાની ન આપત તો આજે હું જીવતો જ ક્યાં બચવાનો હતો? અને મા...! જો એનો પ્રેમ ન મળ્યો હોત તો હું આજે અહીં સુધી પહોંચ્યો જ ન હોત. સાથે સાથે એ ગોવાળો અને ગોપીઓનો પણ આભાર જે મારી સાથે રમ્યા. રાધાનો આભાર, જેનાં પ્રેમે મારામાં આત્મવિશ્વાસ જગાવ્યો. ભાઈનો આભાર, જેમણે હંમેશાં મારો સાથ આપ્યો. કંસના એ વિચારનો ખાસ આભાર જેનાથી પ્રેરાઈને એ મને મારી નાખવા માટે વિચલિત થઈ ઊઠ્યો. જો કંસની આ ઇચ્છા જાગૃત ન થઈ હોત તો એ મને મથુરા ન બોલાવત, અને બની શક્યું હોત કે મારું આખું જીવન વૃંદાવનમાં એક ગોવાળની હેસિયતથી જ વીતી જાત. મથુરાના યાદવ-પ્રમુખોનો પણ આભાર, જેમણે મારા નાનાજી પર મને મથુરાથી ભગાડવાનું દબાણ કર્યું; અને જેના પરિણામે મને સાંદીપનિજીનું સાંન્નિધ્ય મળ્યું. એમ જ આચાર્ય મા અને સુદામાનો તો જેટલો આભાર માનું એટલો ઓછો હતો. જો આચાર્ય માએ પક્ષપાત ન કર્યો હોત અને સુદામા જૂઠ્ઠું ન બોલત, તો આવી વાંસળી ક્યારેય ન વાગત, જે મારા અસ્તિત્વને જ ભુલાવી દેવામાં સફળ થઈ હતી. આચાર્ય શ્રુતિકેતુ જેમણે વાંસળી વગાડવાનું શીખવાડ્યું અને સાંદીપનિજીનો તો કેવી રીતે આભાર માનું? એમણે તો જે કંઇ કર્યું, એના માટે તો આભારની લાગણી પણ ઘણી જ ઓછી પડતી હતી. આજે હું અનુભવી રહ્યો હતો કે શ્રેષ્ઠ આચાર્ય તો કુદરતથી પણ વધારે ચઢિયાતા હોય છે. ...સાચે જ, આજે મેં જે છલાંગ મારી છે, એમાં કેટલા બધા લોકોનો ફાળો છે. કેટલા બધા લોકોએ નિમિત્ત બનીને એમાં પોતાની ભૂમિકા ભજવી છે. પરંતુ શું માત્ર આટલાથી કોઈ કામ બની શકતું હતું? શું મારો પોતાનો આમાં કોઈ સહયોગ નહોતો? ચોક્કસપણે મારી પોતાની ચેતનાએ

મને અહીં સુધી પહોંચાડવામાં સહુથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આથી હવે તો હું પોતાના જ અનુભવથી આ વાત સાફ કહી શકું છું કે કોઈપણ મનુષ્ય પોતાના ગુણોનો વિકાસ કરતો જાય અને કુદરતની સાથે કદમતાલ મિલાવતો જાય, તો એ પણ ગોવાળમાંથી "આત્મજ્ઞાની કૃષ્ણ" સુધીની સફર સહેલાઈથી નિશ્ચિત કરી શકે છે.

ખેર! આત્મજ્ઞાનનો પ્રભાવ તો જુઓ કે હવે મને મારું નટખટપણું, ગોપીઓની સાથે રાસ રચાવવું, એમની માટલીઓ ફોડવી, એમનાં વસ્ત્રો ચોરવાં, એમને સ્નાન કરતી જોવાનું, રાધાનો પ્રેમ, રુક્મિણીનો પ્રભાવ, આ બધું પહેલાં કરતાં બમણો આનંદ આપી રહ્યું હતું. એટલે કે જ્યાં એક તરફ મને પોતાના અસ્તિત્વને ઓળખવાનો આનંદ હતો, તો ત્યાં બીજી બાજુ સ્વયંના મન અને અહંકાર પણ ઘણો આનંદ દઈ રહ્યા હતા. અને બંને આનંદ પોતપોતાની જગાએ ઘણા અદ્ભુત હતા. આવામાં તમે તો મારો સ્વભાવ જાણો જ છો, એમાં શરૂઆતથી જ 'આનંદ' પરમ રહ્યો છે. હું જેમતેમ જીવી જ નથી શકતો, આથી મેં અન્ય આત્મજ્ઞાનીની જેમ પોતાના મન, બુદ્ધિ અને અહંકારને ક્ષીણ ન થવા દીધા. એમને શત્રુ નહીં, પણ આનંદના સ્ત્રોત ગણ્યા. આજ કારણ હતું કે એક વાર મન, બુદ્ધિ અને અહંકાર પાછા શું ફર્યા... હું તે જ વખતે સંપૂર્ણ રીતે એવો ને એવો બની ગયો જેવો આશ્રમથી લાકડાં કાપવા માટે નીકળતી વખતે હતો. ફરક હતો તો 'આત્મબોધ'નો. એક અતિ સૂક્ષ્મ, પરંતુ જાગૃત અને મહત્ત્વપૂર્ણ અનુભવ. બીજી એક વાત કહી દઉં. ભગવદ્ગીતા મારા ચૈતન્ય અને ધ્યાનની પરમ ઊંચાઈ હતી, એ પણ માન્યું કે એ સીધી કુદરતી ઊર્જાથી વહી ગઈ હતી, પરંતુ એમાં પણ મારો સહયોગ અવગણી શકાય તેવો નહોતો. કારણ કે એનો પાયો તો મારા જીવનના અનુભવોએ જ નાખ્યો હતો. મેં જીવનમાંથી જે કંઈ શીખ્યું, જે અનુભવ કર્યો, જે ચિંતન કર્યું, જે હું જીવનભર બોલતો-કરતો આવ્યો, એજ વાતો મેં ગીતામાં અર્જુનને કહી હતી. એમાં કુદરતનાં ચૈતન્યની સાથે સાથે મારો અનુભવ પણ બરાબર રીતે ભળ્યો હતો. યાદ કરો! મેં જ્યારે અર્જુનને કહ્યું કે હું સૂર્ય છું, પૃથ્વી, જળ, વાયુ, આકાશ - બધું તું મને જ માન, તો આ મારા આત્મજ્ઞાન મળ્યા બાદનો પહેલો અનુભવ હતો. જો હું એને સહેલાઈથી કહી શક્યો કે મન, બુદ્ધિ અને અહંકાર પણ તું મને જ માન, તો આ મારો જીવનભરનો અનુભવ હતો. જીવનભર એની સાથે હું જીવ્યો હતો; હા, એટલો ફરક જરૂર હતો કે એ બધા મારા નિયંત્રણમાં હતા.

એટલે સાચું કહું તો મારી સફળતામાં જેટલો હાથ કુદરતનો કે નિમિત્ત બનેલા સહયોગીઓનો માનું છું, એટલો જ હાથ સ્વયંના ગુણોનો પણ માનું છું. અને બિલકુલ સાચું કહું તો ભલે તમે એને મારો અહંકાર ગણો પણ હકીકત આજ છે કે એનાથી પણ ઘણો વધારે ફાળો સ્વયંના ગુણોનો જ માનું છું. હું એ લોકોમાંનો નથી જે બીજાના ઉપકાર ગણાવવાની વિનમ્રતા દાખવતી વખતે પોતે પોતાના પર કરેલા ઉપકારને જ ભુલાવી દે. ...જોકે દુર્ભાગ્યપૂર્ણ વાત એ કે આ કારણથી મારા જેવા 'નિર-અહંકારી'ને પણ ઘણા લોકો 'પરમ અહંકારી' માનવા લાગ્યા. માનવા દો, મેં કહ્યું ને કે હું જેટલો પૂજારી 'આત્મા'નો છું, એટલો જ 'અહંકાર' પણ મારા માટે પૂજ્ય છે. આમ પણ આત્મા તો અદ્રશ્ય છે, દ્રશ્યમાન તો અહંકારે જ થવાનું હોય છે. એટલે એના મહત્ત્વને અવગણવું એ જીવનને ખતમ કરવા જેવું જ સિદ્ધ થાય છે. ના, ભાઈ ના. કૃષ્ણ તો રંગીનીયતની એ ઊંચાઈ છે જેની અંદર બધું સમાઈ જાય. આથી "આત્મજ્ઞાન" પછી પણ મેં અહંકારને છોડ્યો નહોતો, બલ્કે એનો સારથિ બની ગયો, બરાબર એજ રીતે જેમ મહાભારતના યુદ્ધમાં અર્જુનપી અહંકારી રથનો સારથિ બન્યો હતો. એટલે જ ધર્મના વિષયમાં સમજદાર લોકો મને મનુષ્ય-જાતિના ઈતિહાસનો એકમાત્ર "પૂર્ણ અવતાર" કહે છે. ...અને એ ખોટું પણ નથી કહેતા. ચૈતન્ય મારો આધાર છે. સાધારણ રીતે, આત્મજ્ઞાન એટલી મોટી ઘટના છે કે કોને ક્યારે થયું એ ખબર પડી જ જાય છે. અને કંઈ નહીં તો ઓછામાં ઓછું એની આજુબાજુવાળા તો જાણી જ જાય છે, પરંતુ મારા તો મન-અહંકાર બધું સામાન્ય હતું; કોઈ ઓળખે તો પણ કઈ રીતે? આજ મારું વખાણવાલાયક ચૈતન્ય છે, જે મને હંમેશાં બીજા કરતાં વિશિષ્ટ બનાવી રાખશે. તમે જ જોઈ લો! મને આત્મબોધ ક્યારે થયો, એ કોઈને ખબર પણ ન પડી. એટલું જ નહીં, મને આત્મજ્ઞાન થયું છે... એ પણ ક્યારેય કોઈ જાણી ના શક્યું. કારણ કે મેં ના તો બીજા જ્ઞાનીઓની જેમ જ્ઞાન વહેંચવાની ચેષ્ટા કરી, ના તો આશ્રમ ખોલ્યો, ના તો ભગવાં ધારણ કર્યાં, ના તો ઘર છોડ્યું. ઊલટું, મેં તો આત્મજ્ઞાન થયા બાદ ઘર વસાવ્યું. ...ધ્યાનમાં રાખવા જેવી વાત તો એ પણ છે કે મને આત્મજ્ઞાન સહજ પ્રાપ્ત થયું હતું. ના વેદ, ના યજ્ઞ, ના ધ્યાન... ના પૂજાથી. આમ તો આ બધાથી જ્ઞાન મેળવી પણ શકાતું નથી. આખી ગીતામાં વારંવાર હું અર્જુનને આજ "સહજ યોગ"ની તો ચર્ચા કરી રહ્યો હતો. મેં અર્જુનને કહ્યું હતું ને કે "મને ના વેદોથી, ના તપોથી, ના યજ્ઞથી, ના ધ્યાનથી અને ના તો પૂજા કરીને પામી શકાય છે. મારું મળવું તો સહજ છે [45] ." બસ, જે બની રહ્યું છે એને બનવા દો, તમે પહોંચી જ જશો તમારે જ્યાં પહોંચવાનું છે. જેવી રીતે હું પહોંચી ગયો.

જવા દો, હાલ તો જે તાજો તાજો અનુભવ થયો છે તેની જ ચર્ચા કરું. એક 'આત્મા'થી આ દેખાય છે તે જગત વ્યાપેલું છે. સમગ્ર બ્રહ્માંડ, પૃથ્વી, મનુષ્ય, જાનવર બધાં એ એક 'આત્મા'થી ઓતપ્રોત છે. જુઓ આજે સહજરૂપથી મને એજ 'આત્મા'નો અનુભવ થઈ ગયો. વિચારવાયોગ્ય વાત એ કે જ્યારે બધું આત્મા જ છે, તમામ સંવેદનાઓ પણ આત્મા જ છે તો ભલા કોને ચાહવાનું અને કોને માટે દ્વેષ રાખવાનો? અર્જુનને ગીતામાં મેં આજ તો કહ્યું હતું કે "જેને તું સારો માને છે એજ નહીં, જેને તું ખરાબ માને છે એ પણ હું જ છું. આ બધામાં પણ આત્મા છે જ. જુગાર પણ હું છું. અહંકાર પણ હું છું. યુદ્ધ પણ હું જ છું. એ તો ઠીક, મેં કહ્યું હતું ને કે પ્રજોત્પત્તિ માટે 'કામ' પણ તું મને જ માન [46] ." ...હવે હું "ભગવાન" બની ગયો

હતો. હું જ ઈશ્ર્વર હતો. પરંતુ મારે તો ઈશ્ર્વરોના પણ ઈશ્ર્વર બનવું હતું. એજ શું કામ, મારે મારા જીવનનો હજારગણો આનંદ પણ લેવાનો હતો. પોતાની જ રચનાનો સુખદ અનુભવ પણ લેવાનો હતો. અર્થાત્ જીવનમાં કર્મોની હારમાળાની નવેસરથી શરૂઆત કરવી હતી. કારણ કે માન્ય છે કે આત્માનું જ્ઞાન હોવું 'પરમ જ્ઞાન' છે, એ પણ માન્યું કે એ હારમાળા જ સર્વજ્ઞ છે, એ પણ સમજ્યો કે સંસારની ઉત્પત્તિ અને વિનાશનો એજ તો એક સાક્ષી છે; છતાં પણ તે શરીરથી બંધાયેલો છે તો જીવવું તો પડશે જ. અને જ્યારે જીવવાનું જ છે, તો કર્મ-કર્તવ્ય આનંદથી કરીને મસ્તીથી જ જીવવાનું છે. એટલે, મેં તો નક્કી કરી લીધું કે હું તો હવે વધારે આનંદથી જ જીવવાનો. હું મારા કણેકણને સ્વીકારીશ. વાસ્તવમાં આજ જ્ઞાન તો મેં મેળવ્યું છે; અને એટલા માટે તો આત્મા બધું જાણવાવાળો છે. અરે, એટલે જ તો મેં ગીતામાં કહ્યું હતું કે આ "આત્મજ્ઞાન" તમામ વિદ્યાઓનો રાજા છે. આમ તો ગીતામાં અર્જુનને એ પણ કહ્યું હતું કે 'પરમ જ્ઞાન' ભીતરમાં જ ધરબાયેલું હોય છે. "જેમ માતાના ઉદરમાં ગર્ભ ઓરથી ઢંકાયેલો રહે છે અને ધુમાડાથી અગ્નિ ઢંકાયેલો રહે છે, એજ રીતે આ જ્ઞાન અન્ય વ્યર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાના કારણે ઢંકાયેલું રહે છે [47] ." જોકે અર્જુનને આત્મજ્ઞાનમાં ક્યાં રુચિ હતી? એ તો આખી ગીતા દરમિયાન એજ શાસ્ત્રો અને સિદ્ધાંતોમાં અટવાયેલો રહ્યો, જેની હું સતત ઉપેક્ષા કરતો આવ્યો હતો.

હશે! હાલ તો આત્મજ્ઞાન વિશે મારા અનુભવની ચર્ચા કરું... જે અહંકારના પૂર્ણરૂપે હાજર રહેવાના કારણે અન્યો કરતાં બધી રીતે જુદું હતું. હજુ સુધી આત્મજ્ઞાન મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય માનવામાં આવી રહ્યું છે. પરંતુ મારા જેવો કર્મવીર અહીં પહોંચીને થંભી જવામાં ક્યાં સંતોષ પામવાનો હતો? હું તો આનાથી પણ ઊંચે ઊડવા માંગતો હતો. એક નવી, પરમ ઊંચી અને અદ્ભુત્ ઉડાન. અર્થાત્ હું બચેલા જીવનને જ્ઞાનના કોરા ત્રાજવામાં તોલીને શુષ્ક બનાવવાને બદલે, એને પ્રેમના રંગોથી ભરીને વધારે સુંદર બનાવવા માંગતો હતો. જોકે આ કામ સહેલું નહોતું. આના માટે 'આત્મા' અને 'અહંકાર', બંનેને પોતાના અસ્તિત્વમાં સંપૂર્ણ દ્રઢતા સાથે ટકાવી રાખવાનું જરૂરી હતું. મહત્વની બાબત એ કે એવું આજથી પહેલા કોઈએ વિચાર્યું નહોતું કે કદાચ ના તો કોઈની કલ્પનામાં પણ આવ્યું હતું. આજ સુધી તો એજ જોવામાં આવ્યું છે કે મનુષ્યનો આત્મા સુષુપ્ત છે, કારણ કે એનો અહંકાર મજબૂત થઈને પડ્યો છે; અને જેવો અહંકાર શૂન્ય થાય છે 'આત્મા પ્રગટ થઈ જાય છે.' કહેવાનું તાત્પર્ય એટલું કે બંને ક્યારેય કોઈનામાં ય એકસાથે પૂરેપૂરી રીતે અસ્તિત્વમાં નથી હોતા. પરંતુ હું આ અદ્ભુત કરામત કરી બતાવવા માંગતો હતો. આ રીતે તો હું એ પણ કહી શકું કે હું કુદરતની રચનાને જ પડકારવા માંગતો હતો. મારી તો એકમાત્ર માન્યતા હતી કે જીવન... "મૃત્યુ" સુધીનાં કર્મોનો એક અવિરત સિલસિલો છે. આત્મજ્ઞાન થઈ ગયું તો હવે બીજું આગળનું વિચારો. આમ પણ આત્મા તો એક વાર પ્રગટ થઈ ગયા બાદ વિખૂટો પડવાનો નથી. એજ રીતે અહંકાર પણ આ વિચારની સાથે જ પોતાની પૂર્ણતા સમેત પ્રગટ થઈ જ ગયો હતો. કહેવાનું તાત્પર્ય એટલું કે હાલ પૂરતું તો બંને મજબૂતીથી ઊભા હોય એમ લાગી રહ્યું હતું; છતાં પણ એ સિદ્ધ થઈ જાય તો સાચું. ...આંખ સામે હોય એને પુરાવાની ક્યાં જરૂર? હું ઊઠીને પાછો એ શિલા તરફ ચાલી નીકળ્યો, જ્યાં સુદામા સૂતો હતો. બસ, હવે એને સાણસામાં લઈ શકું તો વાત પાક્કી. તો, આજ વ્યગ્રતામાં મેં પહોંચતાવેંત સુદામાને ઢંઢોળીને ઉઠાડ્યો. આજ મારી કસોટીની ક્ષણ હતી. જો એને જરા પણ અણસાર આવી જાય કે મારી સાથે આટલી મોટી ઘટના બની ગઈ છે, તો મારા નાટકમાં ક્યાંક ને ક્યાંક કોઈ ખામી છે; અન્યથા માની લેવાનું કે મારા બંને સ્વરૂપ, અર્થાત્ એક શુદ્ધ-બુદ્ધ આત્મા અને બીજું 'કૃષ્ણ' જે એક જીવતું જાગતું નાટક હતું... પોતપોતાની જગાએ પૂરી મક્કમતા સાથે સ્થિર છે.

...આ બાજુ મારા ઢંઢોળવાથી સુદામા રઘવાઈને ઊભો થઈ ગયો. સૂર્ય ઊગેલો જોઈને એની ખુશીનો પાર ના રહ્યો. એની સાથે જ મારા નાટકની શરૂઆત થઈ ગઈ. તત્ક્ષણ અમે ઝરણાંનાં વહેતા પાણીથી મોં ધોયું અને સીધા જ બળતણનાં લાકડાં શોધવા નીકળી પડ્યા. હવે ચારે તરફ લાકડાં જ લાકડાં હતા. વરસાદ અને તોફાની વાવાઝોડાએ ઘણાં વૃક્ષોને ધરાશાયી કરી દીધાં હતા. અમે ફટાફટ બળતણનાં લાકડાં લઈને આશ્રમ તરફ જવા નીકળી પડ્યા. મારી પહેલી જીત થઈ ચૂકી હતી. 'કૃષ્ણ' પોતાને જેવો હતો તેવો જ સાબિત કરી ચૂક્યો હતો, જેવો આશ્રમથી નીકળતી વખતે હતો. સુદામાને મારામાં કોઈ પરિવર્તન દેખાતું નહોતું. કદાચ બાળપણથી મેં કરેલાં નાટકોનું આમાં ઘણું મોટું યોગદાન હતું. હશે, હમણાં હાલ તો એ કે લાખોમાં એક મનુષ્યની સાથે ઘટનારી 'આત્મજ્ઞાન'ની ઘટના મારી સાથે ઘટી ચૂકી હતી. ...જે ઘટતાની સાથે દૂર દૂર સુધી ખબર ફેલાય જાય છે અને વિચારો કે એવી ઘટનાને હું કેવી સહેલાઈથી છુપાવવામાં સફળ થઈ ગયો હતો. અને ચોક્કસપણે જ આ બીજી સિદ્ધી પહેલી કરતાં ઘણી મોટી હતી. આ માટે જ તો કહું છું કે આત્મજ્ઞાની તો ભલે ઘણા બધા હોય, પણ મારા જેવો તો એકેય નહીં. એક વાર સૂર્યને તો છુપાવી શકાય છે, પણ કહેવાય છે ને કે આત્મજ્ઞાનીને કદી છુપાવી નથી શકાતો; પરંતુ જુઓ, મેં બધું વિપરીત કરી દીધું; સુદામાને મારામાં કોઈ પરિવર્તન દેખાયું નહીં. દેખાવું પણ ન જોઈએ, ...નહીંતર મારી અભિનય-ક્ષમતાનું શું?

ખેર! આ બાજુ અમે તો માથે ભારો બાંધીને લાવેલાં બળતણનાં લાકડા ઊંચકીને આશ્રમ તરફ ચાલી રહ્યા હતા. ખરેખર, એક હાથમાં કુહાડી અને બીજા હાથમાં લાકડાઓ- બહુ વિચિત્ર હાલતમાં ચાલતા જઈ રહ્યા હતા. સ્વાભાવિક રીતે આવામાં વધારે વાતચીત શક્ય જ નહોતી, એટલે તો ચૂપચાપ જંગલની હરિયાળી જોતાં જોતાં આગળ વધી રહ્યા હતા. આ બાજુ જેવા આશ્રમમાં પહોંચ્યા તો બધા લોકો પ્રવેશદ્વાર પર ટોળે વળીને અમારી જ રાહ જોઈ રહ્યા હતા. સ્વાભાવિક રીતે જ રાતે પડેલો મુશળધાર વરસાદ અને અમે પાછા નહોતા ફર્યા એ બાબતે સહુને ચિંતાતુર કરી દીધા હતા. આ બાજુ અમારા આવવાના

સમાચાર સાંભળીને આચાર્યજી અને ગુરુમા પણ દોડી આવ્યાં હતા. બધું કુશળક્ષેમ જોઈને સહુને ઘણો સંતોષ થયો હતો. ભાઈનો તો જીવમાં જીવ આવી ગયો હતો. મિત્રોએ પણ રાહતનો દમ લીધો હતો. આચાર્યજી અને ગુરુમાતાએ પણ નિરાંતનો શ્વાસ લીધો. તરત અમારા માથેથી બળતણનાં લાકડાંનો ભારો ઉતારીને અમને અંદર લઈ જવાયા. બીજી બાજુ અમારા પ્રવેશતાંવેત જ, અમારો થાક જોઈને આચાર્યજીએ સીધું જ પૂછી લીધું- તમને બેઉને ભૂખ તો જરૂર લાગી હશે.

મારે તો જલસો થયો. મેં ભારે કટાક્ષમાં કહ્યું- મને તો કકડીને ભૂખ લાગી છે. સુદામાનું તો સુદામા જાણે કાં તો ગુરુમાતા.

આ સાંભળતા જ બંનેના ચહેરા ફિક્કા પડી ગયા. આ મારી બીજી જીત થઈ. કારણ કે હું તો આત્મા હતો, જ્યારે જવાબ મારા અહંકારે આપ્યો હતો. અર્થાત્ હવે હું પાક્કી રીતે કુદરત કે સંપૂર્ણ મનુષ્યોનો જ નહીં, સ્વયંના અહંકારનો પણ ‘દ્રષ્ટા’ બની ગયો હતો. આ ખરેખર ઘણી મોટી પ્રશંસનીય પ્રાપ્તિ હતી. હવે હું આ રમતને વધારે આગળ વધારવા માંગતો હતો. આવા જ વિચારોમાં ખોવાયેલો હું ક્યારે બધાની સાથે પ્રાંગણમાં પહોંચી ગયો તે ખબર જ ના પડી. હશે, હવે તો બધાની સાથે ત્યાંજ જમીન પર બેસી ગયો હતો. પણ ખોવાયેલો તો હજીયે વિચારોમાં જ હતો. આજે તો આચાર્યજી પણ અમારી સાથે જ બેસી ગયા હતા. બેસવા દો, મારું મન તો આ સમયે આત્મિક ઊંચાઈના નવા નવા શિખરો સર કરવા મથી રહ્યું હતું. એક રીતે તો કહી શકાય કે હું મારા અહંકારની હાજરીને પાક્કી કરી લેવા માંગતો હતો. ઉડાન તો એવી ભરવા માંગતો હતો કે જે જીવન પાસેથી મેં આત્મા મેળવ્યો હતો, હવે એજ આત્મા પાસેથી હું જીવન મેળવવા માંગતો હતો. હું ઈચ્છત તો “આત્મ-પ્રાપ્તિ” પછી જીવનના ભયંકર કર્મોથી બચી શકતો હતો, પરંતુ હું “કર્મ”નો માર્ગ જ પસંદ કરવા ઈચ્છતો હતો; કારણ કે મારી દ્રષ્ટિમાં જીવન જેવું છે, એને એવું જ સ્વીકારવું એ જ એકમાત્ર “અહિંસા” છે. ...ઊલટું, હું તો ભવિષ્યમાં બનવાવાળા આત્મજ્ઞાનીઓને પણ કહું છું કે તે લોકો જીવનને સહજરૂપથી સ્વીકારે. આ સત્ય છે કે આત્મ-પ્રાપ્તિ બાદ, દુનિયામાં એવી કોઈ ચીજવસ્તુ નથી જે પ્રાપ્ત કરવાલાયક હોય, અને પ્રાપ્ત ન થઈ જતી હોય. કારણ કે દરેકમાં તમે છો અને તમે તમને મેળવી જ ચૂક્યા છો. આજ તો મેં ગીતામાં અર્જુનને કહ્યું હતું કે- “એવી કોઈ પ્રાપ્ત કરવાયોગ્ય ચીજવસ્તુ નથી જે મને પ્રાપ્ત ન હોય. છતાં પણ મારી ખૂબી એ છે કે કર્મોમાં હું જ વર્તાઉં છું.” “કારણ કે જો હું કદાચિત્ સાવધાન રહીને કર્મ ન કરું તો આખી મનુષ્ય જાતિ નિષ્ક્રિયતાને ધર્મ માની લે, અને હું સંકીર્ણતા કરવાવાળો કહેવાઉં [48] .” “આ આપણે બધા જાણીએ છીએ કે મહાન પુરુષ જે સિદ્ધ કરે છે, બધા એનું જ અનુકરણ કરે છે. એ જે પ્રમાણિત કરે છે, એજ પ્રમાણ બની જાય છે [49] .” એટલે જ આત્મજ્ઞાનીઓએ પણ કર્મમાં સાવધાની રાખવી જરૂરી બને છે. કહેવાનો અર્થ સ્પષ્ટ અને ઊંડો હતો. જો તમામ સામાન્ય મનુષ્ય આત્મજ્ઞાનીઓનું અનુસરણ કરવા લાગ્યા તો કોઈ રાજા નહીં રહે અને કોઈ ક્ષત્રિય નહીં રહે... પછી તો ના પ્રેમ રહેશે, ના કોઈ સંતાનો રહેશે. આનાથી, પહેલા તો સંસાર નીરસ બની જશે અને પછી ધીમેધીમે મનુષ્યતા જ નાબૂદ થઈ જશે. એટલે આનાથી તો ન કેવળ અબજો વર્ષોની અથાગ મહેનત નકામી થઈ જશે, બલ્કે સૂક્ષ્મ કીટાણુઓથી મનુષ્ય સુધીની લાંબી સફરનો પણ અંત આવી જશે. આવામાં આ બ્રહ્માંડનાં હોવાનો શું હેતુ રહી જશે? એક મનુષ્ય જ તો છે જેમાં આત્મા પોતાના પૂર્ણરૂપમાં પ્રકટ થઈ શકે છે. તમે જ બતાવો... જો મનુષ્ય જ સમાપ્ત થઈ જશે, તો શું આટલું વિશાળ બ્રહ્માંડ ઔચિત્યહીન નહીં બની જાય? આત્માએ પુન: પોતાનાં પૂર્ણરૂપમાં પ્રગટ થવા માટે ફરી અબજો વર્ષો સુધી અકારણ રાહ જોવી નહીં પડે? ફરી ક્યારે કીટાણુ બને, ક્યારે એ મનુષ્ય સુધીની યાત્રા ખેડે... અને હું ફરી ક્યારે આ વિશાળ બ્રહ્માંડનો આનંદ લઈ શકું. ના... હું રાહ શા માટે જોઉં? જે હાથવગું ઉપલબ્ધ છે તેને નાહક શા માટે ગુમાવું? ધ્યાન રહે, અણસમજુઓ દ્વારા આપવામાં આવેલું અહિંસા અને બ્રહ્મચર્યનું શિક્ષણ અંતમાં સહુથી મોટી હિંસા સાબિત થઈ શકે છે. આનાથી મનુષ્યજાતિ જ નષ્ટ થઈ શકે છે અને હું તો મનુષ્ય અને મનુષ્યતા, બંને ફેલાવવા માંગુ છું કારણ કે તે નિર્મિત બ્રહ્માંડનો આનંદ લઈ શકે. એટલે જ તો ગીતા કહેતી વખતે હું અર્જુનને કેટલી સહેલાઈથી કહી શક્યો હતો કે “પ્રજોત્પિત માટે ‘કામ’ પણ તું મને જ માન [50] .” અને તમે તો જાણો જ છો કે મેં કદી નકામી વાત નથી કરી. તમે આ પણ જાણો છો કે હિંસા અને કામથી મને આમ પણ કોઈ વાંધો નથી રહ્યો. ...અને એટલે જ તો હું અર્જુનને કહી શક્યો કે “ના કોઈ મારે છે- ના કોઈ મરે છે. જીવન તો અનંત છે [51] .”

છોડો! બીજી એક રહસ્યની વાત કહું, ગીતામાં અપાયેલો મારો ઉપરોક્ત ઉપદેશ, અર્જુન માટે ઓછો અને આત્મજ્ઞાનીઓ માટે વધારે હતો; એટલા માટે તો હું આજ દિન સુધીના મનુષ્ય-જાતિના ઈતિહાસનો એકમાત્ર ‘પૂર્ણ-અવતાર’ છું. કારણ કે મેં એમને પણ ઉપદેશ દઈ દીધો હતો કે જેમણે આત્મા પામી લીધો હતો. ખરેખર ભગવદ્ગીતા કહેતી વખતે મારું જ્ઞાન અને મારી ચેતના તેનાં સર્વોચ્ચ શિખરે બિરાજમાન હતા. એટલે જ તો જે આત્મજ્ઞાની આખા સંસારમાં જ્ઞાન વહેંચે છે, મેં ‘ગીતા’માં એમને જ જ્ઞાન આપી દીધું હતું. ...મેં કહ્યું હતું ને કે “હે આત્મજ્ઞાનીઓ, આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ સંન્યાસ ના લો, ભગવાં ધારણ ના કરો કે ના હિંસાનો યા કામનો વિરોધ કરો. મનુષ્યને વિકાસ માટેના માર્ગે લગાડો. વૈભવના નિત નવા સાધનો શોધો. સામાન્ય મનુષ્યો જેવું જીવન જીવો. કારણ કે હકીકતમાં ‘આત્મબોધ’ મનુષ્યની પોતાની એક વ્યક્તિગત પ્રાપ્તિ છે [52] .” “...નાહકનો સંન્યાસ લઈને કે હિંસા, કામ, વિકાસ કે વૈભવનો વિરોધ કરીને સામાન્ય લોકોની બુદ્ધિમાં ભ્રમ પેદા ન કરો. મનુષ્યમાં વિકાસ અને વૈભવની એ શક્યતા પડી છે કે એ ચાંદ-તારા પર રાજ કરી શકે, જો તમે આત્મજ્ઞાની લોકો નાહકનો

સંન્યાસ ફેલાવીને કર્મોમાં અરુચિ પેદા ના કરો [53] ." સાચું કહું તો આજ મારું જ્ઞાન, મારું ચૈતન્ય અને મારી દ્રષ્ટિ સમસ્ત "અંશાવતારો"ની ભીડમાં મને એકલાને "પૂર્ણ અવતાર"બનાવે છે. જોકે એ પણ સત્ય છે કે મારી આવી વાતોને કારણે જ કેટલાક "નાદાનો"એ મને પરમ અહંકારી પણ માન્યો. હશે! વર્તમાન વિષય પર પાછો આવું તો આચાર્યજીનું પણ ન જાણી શકવું કે મારી અંદર કંઈક બન્યું છે, ચોક્કસપણે મારી એક વિશિષ્ટ પ્રાપ્તિ હતી. હવે જ્યારે આચાર્યજીને જ ખબર નથી પડી કે મને 'આત્મજ્ઞાન' થઈ ગયું છે, તો બાકી કોઈને ખબર પડવાનો તો સવાલ જ નથી ઉઠતો. હું ખુશ હતો! કારણ કે મારા "પરમ ચૈતન્ય"ને કારણે મને આત્મબોધ હોવા છતાં, એક સામાન્ય જીવન જીવવાનો મોકો મળવાનો હતો. એટલે નવેસરથી કર્મોની એક નવી લીલા રમવાનો અવસર નસીબ થયો હતો. લો,... આ તરફ હું આ બધું વિચારતો રહ્યો અને તે તરફ ગુરુમાતાનું ભોજન માટેનું નિમંત્રણ પણ આવી ગયું. ભૂખ તો લાગી જ હતી, બસ, હું બધાને ત્યાંજ છોડી, ભોજન માટે દોડી ગયો.

અધ્યાય - ૫

ગુરુદક્ષિણા ચૂકવવા પંચજન સાથે બાથ ભીડવી

આમ તો હવે હું સંસારના બધા રહસ્યોનો જ્ઞાતા હતો, આવામાં આશ્રમમાં શું શીખવાનું બાકી રહી ગયું હતું? પરંતુ મજા તો એ હતી કે હું હજુ પણ આચાર્યજીને એટલા જ કુતૂહલથી સવાલ પૂછ્યા કરતો હતો. કહેવાનું તાત્પર્ય એટલું કે હું ઘણી સહેલાઈથી મારી અંદર "ભગવાન શ્રીકૃષ્ણ" અને વૃંદાવનના "કનૈયા", બંનેનું અસ્તિત્વ સમાંતરે ટકાવી રાખવામાં સફળ થઈ ગયો હતો. સાચું કહું તો એનાથી મારો આશ્રમનો આનંદ અનેકગણો વધી ગયો હતો. ચોક્કસપણે આમાં મારી ઓછી અને મારા દ્રષ્ટાની કમાલ વધારે હતી. ...એટલે કે આશ્રમમાં બધું પહેલા જેવું જ ચાલી રહ્યું હતું, પણ મજા વધારે આવી રહી હતી. હજી આ મહાન ઘટનાને થોડા જ દિવસ વીત્યા હતા, ત્યારે જ અચાનક એક દિવસ મારા પર વજ્રઘાત થયો. થયું એમ કે એક દિવસ આચાર્યજી મને એમની સાથે ફરવા લઈ ગયા. સવારનો સમય હતો અને અમે નિર્જન માર્ગ પસંદ કર્યો હતો. માનવું પડશે કે આ ઉંમરમાં પણ આચાર્યજી મારી સ્વાભાવિક ચાલ સાથે કદમથી કદમ મિલાવી રહ્યા હતા. જોકે જતી વખતે તો એમણે મારી સાથે કોઈ ખાસ વાત ન કરી, પરંતુ પાછા ફરતી વખતે મારા પરમ આશ્ર્ચર્યની વચ્ચે માથે હાથ ફેરવતા કહ્યું- કૃષ્ણ, હવે તારું શિક્ષણ પૂરું થયું...

મને તો વાત સમજાઈ જ નહીં. હજુ આશ્રમમાં આવ્યે માંડ છ મહિના જ થયા છે, અને શિક્ષણ પૂરું પણ થઈ ગયું? મારી ઉપર તો જાણે હજારો વીજળીઓ તૂટી પડી, કારણ કે કેટલાક વિદ્યાર્થીઓ વર્ષોથી અભ્યાસ કરી રહ્યા હતા, એમનું શિક્ષણ હજુ પણ પૂરું નહોતું થયું. ક્યાંક મને આશ્રમથી કાઢવા માટે જરાસંધનું દબાણ તો કામ નથી કરી ગયું ને? ના... ના..., આચાર્યજી માટે આવું કેવી રીતે વિચારી શકાય? એ ભલા ક્યાં કોઈ દબાણમાં આવવાના? ...તો પછી શું વાત બની? વસ્તુતઃ આ બધું વિચારતા, પળભર તો હું જ્યાં હતો, ત્યાંજ ઊભો રહી ગયો હતો. આ જોઈને આચાર્યજીએ પણ પોતાના પગલા રોકી લીધા. હવે એમનાંથી મારા મનમાં ચાલી રહેલી મૂંઝવણ ક્યાં છાની રહેવાની હતી? આચાર્યજીએ તે જ ક્ષણે મારી પાસે આવીને મારી પીઠ ઉપર હાથ ફેરવતા ફેરવતા કહ્યું- મેં તમામ વિદ્યા તને આપી દીધી. હકીકતમાં તો મારું દાન એટલુ મહત્ત્વનું નહોતું જેટલી તારી ગ્રાહ્યતા હતી. જેમ ધરતી પાણી શોષી લે છે, તેવી જ રીતે તે મારી વિદ્યા શોષી લીધી. હકીકતમાં તે એજ નથી શીખ્યું જે મેં તને શીખવ્યું, વધારામાં તે એ પણ શીખી લીધું જે મેં તને નથી શીખવ્યું. ખરેખર, તારા જેવો શિષ્ય મેળવીને હું ધન્ય થઈ ગયો.

લો! આ તો કાંઈક બીજી જ વાત નીકળી. મને મારી યોગ્યતા અને ગ્રહણશક્તિનું સહુથી મોટું પ્રમાણ પત્ર મળી ગયું. બસ, આ સાંભળીને હું ખુશ થયો અને તરત ચાલવાનું શરૂ કરી દીધું. મારા ચાલવાની સાથે જ મારું ચિંતન પણ ચાલવા લાગ્યું. આચાર્યજીની વાત તો ઠીક જ હતી, હું આ પ્રમાણપત્રને લાયક હતો જ. ખરેખર મારી શીખવાની જીદ્ અને ગ્રાહ્યતા બંનેનો કોઈ તોલ નહોતો. હું હંમેશાં, દરેક સમયે ...દરેક ઘટનાથી શીખવા તત્પર રહેતો જ હતો. ત્યારે જ બીજો વિચાર આવ્યો, મારું તો ઠીક, પણ ભાઈનું શું? એજ ક્ષણે મેં જિજ્ઞાસા જાહેર કરતાં આચાર્યજીને પૂછ્યું- અને ભાઈ? આચાર્યજી બોલ્યા- એ પણ એટલું શીખી ગયો જેટલું એ શીખી શકતો હતો, અને હું પણ એને એટલું શીખવાડી ચૂક્યો જેટલું એને શીખવી શકતો હતો.

...અર્થાત્ અમને બંનેને એકસાથે મુક્ત કરવામાં આવ્યા હતા. આમ પણ હું ભાઈ વિના આશ્રમથી બહાર નીકળીને શું કરત? બીજી તરફ ભાઈ તો મારા વિના એક પળ પણ આશ્રમમાં રોકાવાની કલ્પના સુદ્ધાં કરી શકતા નહોતા. સારું હતું કે આચાર્યજીની અવજ્ઞા કર્યા વિના જ સમસ્યાનું સમાધાન થઈ ગયું હતું. બસ, એટલામાં અમે આશ્રમ પહોંચી ગયા. અત્યાર સુધી તો બધું બરાબર હતું, પણ ખરી સમસ્યા તો હવે શરૂ થઈ. મન એકાંત શોધી, હજાર નવી રીતે વિચારવા મજબૂર થઈ ગયું. હવે આશ્રમમાં એકાંતની ક્યાં કમી હતી? બસ, આશ્રમના પાછલા ભાગેથી થોડું નીચે ઉતરીને સામે વહી રહેલી ક્ષિપ્રા નદીને જોતા જોતા એક વૃક્ષ નીચે બેસી ગયો. વિચારવાલાયક સહુથી મોટી વાત તો આ હતી કે બાકી બધું તો પોતાની જગાએ હતું, પણ વાત તો ફરી ફરીને ચાર ગાઉં ચાલ્યા ને ઠેરના ઠેર જેવી હતી. વાત ત્યાંની ત્યાંજ આવી ગઈ હતી. ન સમજ્યાં...? અરે ભાઈ, શિક્ષણ પૂરું થયા બાદ હવે વધારે દિવસ આશ્રમમાં તો રોકાઈ શકાય તેમ નહોતું; અને બહાર નીકળતા જ ફરી એજ જૂની જરાસંધવાળી સમસ્યા મોં ફાડીને સામે ઊભી રહેવાની હતી. આમ પણ હજુ થોડા દિવસો પહેલા જ નાનાજીના ગુપ્તચરો આશ્રમમાં આવ્યા હતા. નિશ્ચિત જ નાનાજીએ મથુરાની વર્તમાન સ્થિતિથી મને જ્ઞાત કરવા માટે જ એમને અહીં મોકલ્યા હતા. એમના મતાનુસાર, જરાસંધ મથુરા પર હુમલો કરવા તો આવ્યો હતો, પરંતુ અમને ત્યાં ન જોઈને યુદ્ધ કર્યા વિના જ પાછો જતો રહ્યો હતો. પરંતુ આનાથી બલા ટળી નહોતી. તેમના કહેવા મુજબ, ક્રોધિત જરાસંધે એના તમામ મિત્ર રાજાઓને અમને જોતાવેંત કેદ કરીને તરત જ તેને બોલાવવાની સૂચના આપી રાખી હતી. અર્થાત્ આશ્રમને કારણે જ અમે લોકો હજુ સુધી સુરક્ષિત હતા. એટલે સરવાળે સો વાતની એક વાત એ કે એક વાર ફરી આશ્રય-હીન જીવન જીવવા માટે તૈયાર રહેવાનું હતું. કારણ કે આવી સ્થિતિમાં મથુરા તો અમને સ્વીકારવાની નથી અને બીજી બાજુ જ્યાં જઈશું ત્યાં જરાસંધનો ડર તો માથે ભમવાનો જ. અને વળી અમારી પાસે તો ક્યાંય આવવા-જવા માટે ધન પણ નથી. એટલે સમસ્યા તો એ પણ હતી કે જઈશું ક્યાં અને રહીશું કેવી રીતે? આમ તો નાના મકાનોમાં રહેવાની આદત અમને ગોકુળ-વૃંદાવનથી પડી જ ગઈ હતી, અને એ ઓછું હતું તો રહ્યું-સહ્યું શિક્ષણ આશ્રમમાં આવીને મળી ગયું હતું. કહેવાનું તાત્પર્ય એ કે આચાર્યજીએ ઠંડી અને વરસાદમાં જમીન પર, અને એ પણ કશુંય ઓઢ્યા-પાથર્યા વિના સૂવાનો સારો એવો અભ્યાસ કરાવી જ દીધો હતો. આમ, આને કોઈ વિશેષ સમસ્યા ન માનું, તો પણ અસલી સમસ્યા તો એ હતી કે જરાસંધથી કેવી રીતે બચી શકાય અને ક્યાં જવામાં આવે? હશે, આમ જોવા જઈએ તો આ બધું મેં આજ સુધી ક્યાં નક્કી કર્યું હતું? હું તો આમ પણ હરહંમેશ કુદરતના સંકેતોની જ રાહ જોનારામાંનો એક હતો. કારણ કે મારું સ્પષ્ટ માનવું હતું કે જેણે પેદા કર્યો છે, એ આપણને ચલાવવાની જવાબદારી ઉપાડવા તૈયાર જ બેઠો છે... શરત એટલી કે તેને જવાબદારી સોંપવામાં આવે.

આમ પણ વિચારવું એ આ સમસ્યાનું સમાધાન નહોતું. તેથી, થોડી વાર મનને શાંત કરીને વહેતી નદી જોવાનો આનંદ ઉઠાવતો રહ્યો. પછી ધીમા, પણ નિર્ણાયક પગલે આશ્રમ પાછો ફર્યો. આચાર્યજીના આદેશાનુસાર તો હજી ત્રણ દિવસો બાદ અમારે આશ્રમમાંથી નીકળવાનું હતું, તો પછી હમણાંથી ચિંતિત શા માટે રહું? બહેતર છે કે પૂર્ણતાથી જીવીને આશ્રમના આ અંતિમ ત્રણ દિવસોને યાદગાર બનાવી લઉં, પછી બહાર નીકળીને આગળનું વિચારી લેવામાં આવશે. ...આ તો ઠીક, પણ બીજી તરફ આચાર્યજી પણ આ છેવટના ત્રણ દિવસોને યાદગાર બનાવવામાં વ્યસ્ત જ હતા. એટલે સુધી કે એમણે મારા સન્માનમાં આ ત્રણ દિવસો માટે તમામ અનુશાસન હટાવી દીધા હતા. આશ્ચર્ય તો એ કે એકલા અમે જ નહીં, તમામ વિદ્યાર્થીઓને આશ્રમના અનુશાસનથી આઝાદ કરી દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, રોજિંદા શિક્ષણ પર પણ પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યો હતો. અર્થાત્ ત્રણ દિવસ માત્ર આનંદ, મસ્તી અને ઉત્સવ. પરિણામ એ કે મારી વાંસળી અને સુદામાની ગાયિકીનો તાલમેલ તો સવાર-બપોર-સાંજ થવા લાગ્યો હતો. આ ઓછું હતું કે રાત્રિભોજનમાં ફરસાણ અને મીઠાઈ પિરસાવા લાગ્યા હતા. અમારે તો મોજ થઈ પડી હતી. હું અને ભાઈ, ખાસ કરીને ભાઈ તો પકવાનો પર તૂટી જ પડતા હતા. જોકે જ્યાં એક બાજુ ખુશીનું વાતાવરણ હતું, તો ત્યાં બીજી બાજુ સહુએ રહીરહીને ગંભીરતા પણ ધારણ કરી લીધી હતી. અનુશાસન હટવાથી તો તમામ મિત્ર ખુશ હતા, પરંતુ સાથે જ એમના માટે અમારા આશ્રમ છોડીને જવાનાં દુ:ખથી બચવાનું પણ મુશ્કેલ થઈ ગયું હતું. જોકે સહુથી વધારે દુ:ખી તો આચાર્યજી જ લાગી રહ્યા હતા. પહેલી વાર એમની વેદના એમના હાવભાવોમાંથી સ્પષ્ટ વર્તાઈ રહી હતી. ખરેખર થોડા દિવસોમાં જ એમને મારાથી ખૂબ લગાવ થઈ ગયો હતો.

ખેર! આ બધું તો ઠીક પણ અમારા બધામાં અપવાદરૂપે તો ભાઈ જ હતા, જે માત્ર ખુશ હતા. એ તો આશ્રમથી છૂટવાના અને મથુરા જવાના નામથી જ ઘેલા થઈ રહ્યા હતા. સાચું કહું તો એમની આ ખુશી મારામાં રહીરહીને ડર જન્માવી રહી હતી.

કારણ કે મથુરા જવાની પરિસ્થિતિ હજુ ક્યાંયથી વર્તાતી હોય તેવું લાગી નહોતું રહ્યું. આથી એની પહેલા કે એમની ખુશીઓ પર કોઈ વજ્રપાત થાય, મને ધીમેધીમે એમને સંભાળવાનું જ યોગ્ય લાગ્યું. ...મારે મજબૂરીવશ ભાઈને અડધું સત્ય કહેવું જ પડ્યું. ઈચ્છા ના હોવા છતાં પણ એમને મથુરાની પરિસ્થિતિ અને દરબારના વિચારોથી માહિતગાર કરવા જ પડ્યા. જોકે એક બાબતમાં હું સ્પષ્ટ ખોટું બોલી રહ્યો હતો, મેં ત્યાં ઘટિત પરિસ્થિતિઓ માટે દોષનો ટોપલો માત્ર યાદવ પ્રમુખો પર નાખ્યો. નાનાજીની સાથે સાથે પિતાજીએ પણ આ વાતનો જોરદાર વિરોધ કર્યો હતો, એવું કહીને પિતાજીની મનોદશા ઢાંકી દીધી હતી. કારણ સાફ હતું, જેથી ભાઈના મનમાં ક્યારેય પિતાજી માટે બીજા વિચાર ન આવે. ખરેખર અસત્ય કેટલું સુંદર હથિયાર છે, જો એનો ઉપયોગ સ્વાર્થપૂર્તિ માટે કરવામાં ન આવે... તો!

પરંતુ આ બાજુ ભાઈ પણ ભાઈ હતા! એ મને ક્યાં આરામથી બેસવા દે એવા હતા? એ આટલું બધું સાંભળીને પણ ચિંતિત થયા નહોતા, ઊલટું એ જરાસંધ પર ક્રોધિત થઈ ગયા. ...એ મને શું શોધશે, હું જ એને શોધીને મારી નાખીશ. આ એક નવી મુસીબત ઊભી થઈ ગઈ. માન્યું ભાઈ વીર હતા, પરંતુ વીરતાની સાથે જે બુદ્ધિમત્તાની જરૂરિયાત હોય છે, એ એમનામાં સર્વથા ગાયબ રહેતી. ભલા જરાસંધ કંઈ એકલો જ થોડો આવશે અને કહેશે, આવો બલરામ આપણે યુદ્ધ કરીએ. એની સેના પળવારમાં આપણને ખેદાન મેદાન નહીં કરી નાંખે? પરંતુ ભાઈને આ બધું સમજાવવાની કોશિશ કરવાનું જ બેકાર હતું. એ નિશ્ચિંત હતા, મારે માટે આ સમયે બસ, આટલું જ પૂરતું હતું. મારે એ વાતથી સંતોષ માનવાનો હતો કે કમસેકમ અમે મથુરા નથી જઈ રહ્યા આટલું તો એમની સમજમાં આવી ગયું હતું. જોકે સમસ્યાઓ અહીંયાં જ અટકતી નહોતી. ક્યાં તો મેં વિચાર્યું હતું કે આશ્રમનાં આ છેલ્લા ત્રણ દિવસનો માત્ર આનંદ માણીશ અને અહીં તો હું ભાવિ સમસ્યાઓમાં ગૂંચવાઈને રહી ગયો હતો. ચાલો એ તો નક્કી હતું કે અમે મથુરા નહીં જઈ શકીએ, પણ ત્યાં ન જઈએ તો ક્યાં જઈએ, એ તો વિચારવાનું જ હતું. સમસ્યા એટલા માટે પણ અટપટી બની રહી હતી કેમકે ભાઈથી એમના સ્વભાવને કારણે કયા પ્રદેશમાં જવું, એની કોઈ ચર્ચા પણ કરી શકાતી નહોતી. જોકે સમયની માંગ તો આજ હતી કે જરાસંધના કોઈ શત્રુ રાજાના રાજ્યમાં જવું જોઈએ; અને જે સમય મુજબ ચાલે એજ બુદ્ધિમાન હોય છે. પરંતુ ભાઈને આવો વિચાર આપ્યો તો એ કહેશે- શું હું જરાસંધથી ડરું છું? અરે મારા ભાઈ, જ્યારે સમય જ ડરવાનો હોય અને છતાં પણ ડરી નથી રહ્યા તો એ બહાદુરી નહીં, કેવળ મૂર્ખતા છે. હવે એમને કોણ સમજાવે કે મનુષ્યની દરેક મૂર્ખતા અંતમાં તો આત્મદાહનો એક પ્રયાસ જ સિદ્ધ થાય છે.

ખેર! આમ સરવાળે, ચોક્કસપણે આજે અમે લોકો દરેક રીતે એકદમ એકલા પડી ગયા હતા. સાધન વિના, આશ્રય વિના, બિલકુલ લાચાર. ઉપરથી આર્યાવર્તનો સહુથી શક્તિશાળી રાજા અમારા લોહીનો તરસ્યો હતો, એ અલગ. આવામાં જઈએ તો ક્યાં જઈએ અને કરીએ તો શું કરીએ? બાબત એટલી ગૂંચવણભરી હતી કે કંઈ સૂઝવાનો સવાલ જ ઊઠતો નહોતો. પાસે ધન નહોતું, જવા માટે સાધન નહોતું, રહેવા માટે જગ્યા નહોતી, કોઈ આશ્રય આપી શકે તેવી સ્થિતિમાં નહોતું; ઉજ્જયિની અને મથુરા સિવાયની કોઈ અન્ય જગ્યા જોઈ નહોતી; આવામાં પગપાળા ચાલીને પણ ક્યાં અને કેટલે સુધી જઈ શકીશું? ...એટલે બે બિચારા પોતાના સર્વોચ્ચ શિખરે અસહાય થઈ ગયા હતા. હશે, જ્યારે તમે કંઈ કરી જ શકતા ન હો ત્યારે ઓછામાં ઓછું એક બુદ્ધિમાનની જેમ, એને કુદરતના ન્યાય પર તો છોડી જ શકો છો. મેં પણ એજ કર્યું. હું કુદરતની લીલા જાણતો હતો. જો એ અમને જરાસંધના ક્રોધથી બચાવવા માંગતી હશે તો કોઈ સુરક્ષિત સ્થાન તરફ ઈશારો જરૂર કરશે. ...અર્થાત્ જે રીતે ગત વખતે બચવા માટે સાંદીપનિજીનો આશ્રમ મળી ગયો હતો, એજ રીતે બચવાનું હશે, તો કોઈ બીજું સુરક્ષિત સ્થાન મળી જ જશે; નહીંતર જે થશે તે જોયું જશે. ભલા સાંદીપનિજીના આશ્રમમાં જવાની યોજના કે વિચાર કંઈ મારો થોડો જ હતો? હું તો સાંદીપનિજીને ઓળખતો સુદ્ધાં નહોતો. અર્થાત્ કુદરત જો કોઈ નવી સુરક્ષિત જગ્યા શોધી કાઢશે તો સમજી લેવાનું કે એ હમણાં અમને બચાવવા માંગે છે, નહીંતર સમજી લેવાનું કે અમારો સમય પૂરો થયો. ભલા આ સત્ય સમજવામાં એક આત્મજ્ઞાનીને શું વિમાસણ? યોગ્ય દ્રષ્ટિથી જોવામાં આવે તો મનુષ્યએ કુદરતની મરજી વિરુદ્ધ જવાની જીદ્દને કારણે જ પોતાના જીવનમાં આટલા કષ્ટ ઊભા કર્યાં છે. જીવનના દરેક નિર્ણયો મનુષ્ય પોતાની બુદ્ધિથી કરવા માંગે છે, ...પરંતુ હકીકત તો એ છે કે જીવનના કેટલાક મુખ્ય સવાલ કુદરતના ન્યાય પર છોડવા જ પડે છે. અને મારો આ વિશ્વાસ કોરી માન્યતાઓ ઉપર આધારિત નહોતો, બલ્કે એ તો મારા અનુભવનો દ્યોતક હતો. જીવન-મરણની તો કેટલીય ક્ષણો મારા જીવનમાં આવી ચૂકી હતી, છતાં પણ હજુ સુધી સલામત છું, ...શું આ હકીકત ઉપરોક્ત વાત સમજવા માટે પૂરતી નથી? બસ, આ જાણીને મેં સ્વયંને એજ ક્ષણે ચિંતામુક્ત કરી લીધો. કારણ કે હું એ સત્ય પણ જાણતો હતો કે કુદરત ચિંતિત વ્યક્તિઓનો હાથ કદી નથી ઝાલતી. બીજી બાજુ મારા જીવનનો અત્યાર સુધીનો અનુભવ પણ આજ કહી રહ્યો હતો કે મારી સાથે જે કંઈ પણ બન્યું, તેનું અંતિમ પરિણામ હંમેશાં સારું જ આવ્યું છે, તો આજે વળી કઈ નવી વાત બની જશે? બહુધા કુદરત પોતાની અસીમિત દ્રષ્ટિથી આપણા ભલા માટે સંકટ મોકલે છે અને આપણે પોતાની સીમિત દ્રષ્ટિને કારણે એને સંકટ માનીને એમાં ગૂંચવાઈ જઈએ છીએ.

ખેર! આમ સરવાળે જો હું મારી આ ચિંતાઓ અને ચિંતનોની ક્ષણોને છોડી દઉં, તો આશ્રમના આ ત્રણ દિવસો ખૂબ ભવ્ય રીતે વીત્યા. હવે આ શાંતિવાળું સુરક્ષિત જીવન છોડવાનો સમય આવી ગયો હતો. આજે સવારે જ અમારે નીકળવાનું હતું. સામાન-બામાન તો કંઈ ખાસ નહોતો. સામાન શું, અમારી પાસે રથ જ ક્યાં હતો? બસ, સવારે તૈયાર થઈને હું ચિંતાવશ અને

ભાઈ ઉત્સાહસભર, કક્ષની બહાર નીકળ્યા. બહાર મેદાનમાં બધા લોકો અમારી રાહ જોઈ રહ્યા હતા. અમે લોકો પણ સીધા ત્યાં પહોંચી ગયા. વાતાવરણ ખરેખર ગમગીન હતું. ગુરુમાતા અને મિત્રો જ નહીં, આચાર્યજી પણ ઉદાસ હતા. થોડી વાર બધા સાથે હળીમળીને વાત કરી, ગુરુમાતાના હાથે સમારાયેલાં થોડાં ફળ ખાધાં અને મુખ્ય દ્વાર તરફ નીકળી પડ્યા. હું આચાર્યજીની સાથે આગળ ચાલી રહ્યો હતો, ભાઈ બાકીના લોકોની સાથે પાછળ આવી રહ્યા હતા. નાનાજીને તો આ વાતનો અણસાર આવવાનો સવાલ જ ઊઠતો નહોતો કે અમારો અભ્યાસ આટલો જલ્દી પૂરો થવાનો હતો, નહીંતર એમણે ચોક્કસ જ રથ મોકલાવી દીધો હોત. હવે કારણ ભલે જે પણ હોય, પરિણામમાં તો એ કે આગળની યાત્રા અમારે પગપાળા જ કરવાની હતી. તો શું, હું તો દરેક કર્મ માટે હંમેશાં તૈયાર જ રહેતો હતો. સુદામા, શ્ર્વેતકેતુ, વિન્દ, અનુવિન્દ સહિત તમામ મિત્રોને અમે ગળે મળ્યા. અમે આચાર્યજી અને ગુરુમાતાને પગે લાગીને આશીર્વાદ લીધા અને એની સાથે જ અમે અમારા જીવનને કઠિનમાં કઠિન યાત્રા માટે તૈયાર કરી લીધું. એ વખતે અમને આ રીતે સાધનવિહોણા જોઈને, વિન્દ-અનુવિન્દે અમને રથ ઉપલબ્ધ કરાવવાની દરખાસ્ત કરી હતી, પણ મને એમાં જોખમ લાગી રહ્યું હતું. કારણ કે તેઓ રુક્મીના પણ મિત્ર હતા, અને રુક્મી જરાસંધના પ્રભાવમાં હતો. આમ, એમની પાસેથી રથ લેવાનો અર્થ હતો... પોતાનાં ચિહ્નો છોડવા... ના બાબા ના. જરાસંધના હાથે મરવા કરતાં તો અમે પગપાળા જ ભલા. જતા જતા આચાર્યજીએ મારા માથે હાથ ફેરવતા દિલને ઘણી ટાઢક વળે તેવી વાત કહી. એમણે કહ્યું કે કૃષ્ણ! તું મારો શિષ્ય ઓછો અને મિત્ર વધારે બની ગયો છે. જ્યારે કદી પણ આ તરફ આવવાનું થાય તો કોઈપણ ખચકાટ વિના અમારી પાસે જ રોકાજે. તું મારા પુત્ર જેવો છે, અને આ નાતે આ આશ્રમને આજથી તું તારું ઘર જ માનજે. ...કહેવાની જરૂરત નથી કે જીવનના આ નાજુક વળાંક પર આચાર્યજીની આ વાત મારા દિલને સ્પર્શી ગઈ હતી. આમ પણ આવા સમયે આવી કોઈ સદ્ભાવના અને આશ્ર્વાસનની જરૂરિયાત હતી જ. મારે માટે આ ગર્વની વાત હતી કે આચાર્યજી પાસેથી જેટલું જ્ઞાન મળ્યું એટલો જ એમના તરફથી પ્રેમ પણ મળ્યો.

...પરંતુ એ તરફ કોણ જાણે શું થયું કે આચાર્યજીના મુખેથી પુત્રની વાત સાંભળતાં જ ગુરુમાતાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પળવારમાં જ એ તો પોતાનું ભાન ગુમાવી બેઠા. જોરજોરથી રોવાનું શરૂ કરી દીધું. ગભરાયેલા આચાર્યજી એમને સાંત્વના આપવા લાગ્યા. મને વાત સમજાઈ જ નહીં. આખી ઘટના મારી સમજણથી પર હતી. આચાર્યજીને ગળે લાગીને રડી રહેલા ગુરુમાતાને જોઈને, હું જ નહીં, પણ બધાંય હતપ્રભ હતા. નક્કી જ આ દૃશ્યએ પહેલાથી જ ગમગીન વાતાવરણને હજી વધારે ગમગીન બનાવી દીધું. અંતે મારાથી ના રહેવાયું. ભલા “મા”ના આંસુ ક્યાં સુધી જોઈ રહેત? મેં જેમતેમ હિંમત એકઠી કરીને ગુરુમાતાને પૂછી જ લીધું- શું વાત છે માતાજી? શું હું તમારાં આંસુ લૂંછવામાં તમારી કંઈ મદદ કરી શકું છું?

મારી વાત સાંભળતા જ ગુરુમાતા હોશમાં આવ્યા, અને એ તરત પોતાનાં આંસુ લૂંછતા બોલ્યા- કોઈ ખાસ વાત નથી. બસ, મારા પુત્રની યાદ આવી ગઈ હતી.

હું ચોંકી ઊઠ્યો- ...પુત્ર! ક્યાં છે એ?

આ વખતે આચાર્યજી બોલ્યા- અમારા પુત્ર “પુનર્દત્ત”ને આજથી બાર વર્ષ પહેલા પંચજન નામનો રાક્ષસ ઉઠાવીને લઈ ગયો હતો, ત્યારે એની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી.

પરંતુ કેમ?- મેં પૂછ્યું.

એ બોલ્યા- કારણ કે એ ચાહતો હતો કે હું એના પુત્રને શિક્ષણ આપું.

મેં કહ્યું- અને તમે પંચજનના પુત્રને શિક્ષણ આપવા માટે રાજી ના થયા.

આચાર્યજી બોલ્યા- કૃષ્ણ! હું કેવી રીતે રાજી થાઉં? જો આચાર્ય જ ડરીને કોઈના દબાણમાં આવીને નિર્ણય કરવા લાગ્યા, તો પોતાના શિષ્યોને શીખવાડવા માટે એમની પાસે બાકી જ શું રહી જશે? તું જ વિચાર કૃષ્ણ, જો આશ્રમ જ પુત્ર-મોહમાં અટવાઈ જાય તો એ આશ્રમના વિદ્યાર્થી મોહ-માયાથી કેવી રીતે છૂટી શકે?

આચાર્યજી અને આચાર્યજીની વાતો, બંને લાજવાબ હતા. ખરેખર હું ધન્યભાગી હતો જે મને આવા આચાર્ય પાસે અભ્યાસ કરવાનો મોકો મળ્યો હતો. ભલેને આત્મજ્ઞાન બાદ હું જ્ઞાતા હતો, તેમ છતાં મારું શીખવાનું હજુ ચાલું જ હતું. કારણ કે જ્ઞાતા તો આત્મા હતો. હું તો મારા મન, બુદ્ધિ, અહંકારને પણ એવી ઊંચાઈ પર પહોંચાડવા માંગતો હતો, જ્યાં તેઓ પણ જ્ઞાતા બની જાય. હું તો મારા રોમરોમને “જાગૃત આત્મા”થી પરિપૂર્ણ બનાવી દેવા માંગતો હતો. ...અને ‘મહાભારત’ સુધી તો મેં આ અદ્ભુત સિદ્ધિ મેળવી પણ લીધી હતી. એટલે જ તો સમગ્ર ગીતા દરમિયાન “હું” મારા “હું”નો ઉપયોગ “કુદરત”ની રીતે કરી શક્યો હતો. આજ સુધી કોણ કરી શક્યું છે આવું? કોઈ નહીં. ...કોણ કરી શકશે આવું? કદાચ કોઈપણ નહીં. એટલા માટે તો ‘કૃષ્ણ’ને અદ્વિતીય કહેવાય છે.

ખેર! અદ્વિતીય ભલે હોઉં પણ એકલો તો નથી, એટલે આ સમયે મેં આંસુ સારતા ગુરુમાતાની આંખોમાં ડોકિયું કર્યું. એમની આંખો કંઈ ન કહેવા છતાં, ઘણું બધું કહી રહી હતી. ...અને મારે માટે એમની લાચારી જ આજ્ઞા હતી. આ આશ્રમમાં રહીને શું નહોતું મેળવ્યું મેં? સાંદીપનિજી પાસેથી શિક્ષણ અને પ્રેમ તો મેળવ્યો જ હતો, સાથે જ એમના આશીર્વાદથી આત્મજ્ઞાન પણ પ્રાપ્ત થઈ ગયું હતું. આવામાં બચેલું જીવન એમની ખુશીઓ માટે સમર્પિત કરવું એ મારું કર્તવ્ય બનતું હતું.

...આમ પણ સાંદીપનિજીએ શિક્ષણ આપવાનું ન સ્વીકાર્યું હોત, તો આ જીવન ક્યાં બચવાનું હતું? ...જરાસંધે ક્યારનોય અમારો ખાતમો ન બોલાવી દીધો હોત? ...અને વળી આશ્રમથી નીકળ્યા બાદ જિંદગી ક્યાં સુરક્ષિત હતી? મથુરા જઈ નહોતા શકતા અને બાકી જ્યાં જઈએ ત્યાં, જરાસંધ અને એના સાથીઓ અમને શોધી જ લેશે. અને જ્યારે મોતના ઓથાર નીચે જ રઝળવાનું છે, તો ગુરુમાતાના આંસુ લૂંછતા જ કેમ ન મરીએ? આમ પણ એનાથી વધારે ખુશીની વાત બીજી કઈ હોઈ શકે એમ હતી કે મને મારા મહાન ગુરુના દુ:ખ દૂર કરવાનો મોકો મળી રહ્યો હતો? આમ પણ આવા મહાન આચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરવાનો મોકો ભાગ્યે જ મળે છે. બીજું... ક્યાં જવું એ અસમંજસ સમસ્યા બની જ હતી, બસ... મેં એને કુદરતનો સંકેત જ માન્યો. આમ કોઈપણ બીજા વિચાર કર્યા વિના, મેં એજ ક્ષણે ગુરુમાતાને સાંત્વના દેતા કહ્યું- હું સંકલ્પ કરું છું કે જો તમારો પુત્ર “પુનર્દત્ત” હજી જીવિત છે, તો હું એને લાવીને તમારાં ચરણોમાં અવશ્ય સોંપીશ. મારા આ મહાન ગુરુ માટે મારી આજ ગુરુદક્ષિણા હશે [54] .

મારા મુખેથી આ સાંભળતા જ ગુરુમાતાએ મને છાતીસરસો ચાંપી લીધો. હું તો એમને ભેટતા જ સંપૂર્ણ રીતે ભાવવિભોર થઈ ગયો. આચાર્યજી હજી પણ ગુરુમાતાની બાજુમાં જ ઊભા હતા, અને આ આખીયે ઘટના હજુ પણ મુખ્ય દ્વારની બહાર જ ચાલી રહી હતી. આખી મિત્રમંડળી પણ અમને બધાને ઘેરીને ત્યાંજ ઊભી હતી. મારી વાત સાંભળતા જ કેટલાક ખુશ થયા તો કેટલાક આશ્ચર્યચકિત હતા અને થોડા ચિંતિત પણ લાગી રહ્યા હતા. ભાઈને તો આ બધી વાતોથી કંઇ લેવાદેવા નહોતી, એમના પર તો સંપૂર્ણ રીતે આશ્રમથી મળનારી મુક્તિની મસ્તી છવાઈ ગઈ હતી. આ બધું તો ઠીક, પણ એ બાજુ આચાર્યજી તરફથી હજુ પણ કોઈ વિશેષ પ્રતિસાદ નહોતો મળ્યો. જે પણ કારણ હોય, મારા આ પ્રસ્તાવથી તેઓ બિલકુલ ખુશ નહોતા દેખાતા. અને આને અનુરૂપ જ એ બાજુ થોડી વાર ચૂપ રહ્યા બાદ એમણે પોતાનો વાંધો ઉઠાવતા કહ્યું સુદ્ધાં - નહીં કૃષ્ણ! પંચજન ન કેવળ અત્યંત શક્તિશાળી રાક્ષસ છે, બલ્કે એ દસ્યુ સમ્રાટ પણ છે. એની પાસે વિશાળ સેના છે. હું મારા એક પુત્ર, જેના વિશે હું આજે એ પણ નથી જાણતો કે એ કયા હાલમાં છે કે કેટલો પ્રતિભાવાન છે, એના માટે હું મારા અત્યંત કાબેલ પુત્રની જિંદગી જોખમમાં નહીં નાખી શકું.

હું તો મારા મોહથી દૂર ‘આચાર્યજી’ના સંતુલનને માની ગયો. આમ પણ મોહમાં ફસાયેલો વ્યક્તિ ક્યારેય સંતુલિત રહી જ નથી શકતો. ખેર, આચાર્યજી પોતાની ચિંતા વ્યક્ત કરી ચૂક્યા હતા, પરંતુ સામે પક્ષે મને પણ મારા કર્તવ્યોનો પૂર્ણ અહેસાસ હતો. આથી મેં એમની ચિંતા પર જ પ્રશ્નાર્થચિહ્ન ઊભો કરતાં કહ્યું-આચાર્યજી! તમે મારી ચિંતા કરીને મારી જ ક્ષમતા પર શંકા કરી રહ્યા છો. સેના તો કંસની પાસે પણ હતી. શક્તિશાળી તો કેશી પણ હતો. સવાલ છે, તમારું ધ્યેય યોગ્ય છે કે નહીં? સંકલ્પ દ્રઢ છે કે નહીં? આમ પણ હવે મારું બાકી જીવન તમારા જ્ઞાનને આભારી છે. આથી ‘પુનર્દત્ત’ને પાછો લાવવાની રજા આપી, મને આભાર પ્રકટ કરવાનો એક મોકો આપો.

થોડી રકઝક બાદ જ ભલે, અંતે આચાર્યજી રાજી થઈ જ ગયા. એની સાથે જ અમારું નીકળવાનું મુલત્વી રહ્યું, કારણ કે આચાર્યજી પાસેથી ‘પંચજન’ના વિષયમાં સંપૂર્ણ જાણકારી લેવાનું જરૂરી હતું. સાથે જ આ અનોખી યાત્રાની અલગથી તૈયારી પણ કરવાની હતી. તો એમાં શું, આવનારા બે દિવસોમાં જ આચાર્યજીએ “પંચજન”ના વિષયમાં એ તમામ માહિતી આપી દીધી જે એમની પાસે ઉપલબ્ધ હતી. એમની વાતનો સાર હતો કે- “પંચજન” સમુદ્રી રાક્ષસ છે. “કુશસ્થળી”ની પાસે એનું રાજ્ય છે. વૈવસ્વતપુર એની રાજધાની છે. એટલું જ નહીં, આસપાસના તમામ સમુદ્રી કિનારા પર એનું શાસન છે. એટલે કે સરવાળે શત્રુ એટલો શક્તિશાળી છે કે એની જાળમાંથી પુનર્દત્તને મુક્ત કરાવવાનું લગભગ અસંભવ છે.

...તો શું? એક વાર સંકલ્પ લઈ લીધો તો લઈ લીધો. અને પછી એવા જીવનનું પણ શું ઔચિત્ય જે આચાર્યજીના જ કામે ના આવી શકે? આમ પણ દોડતાં-ભાગતાં, જરાસંધના પ્રતિશોધના શિકાર થવાને બદલે પંચજનથી પુનર્દત્તને છોડાવવાની કોશિશ કરતાં કરતાં મરવાનું વધારે સારું હતું. આમ સરવાળે, મારું પુનર્દત્તને મુક્ત કરાવવા જવાનું પાકું હતું. આમ તો એક વાત સારી હતી કે હવે સાધનની સમસ્યા સમાપ્ત થઈ ગઈ હતી. આચાર્યજીએ પોતે પોતાનો રથ અમને ઉપલબ્ધ કરાવી દીધો હતો. જોકે રથ જૂનો હતો, છતાં પણ ચલાવી શકાય તેવો હતો. આ બાજુ આચાર્યજીએ સૌથી પહેલાં અહીંથી સીધા કુશસ્થળી જવાની સ્પષ્ટ સૂચના આપી હતી. ત્યાં એમનો એક શુભચિંતક રહેતો હતો “જૈવિક”, અમારે જઈને સીધું એને મળવાનું હતું. વાસ્તવમાં એ “પંચજન”ના વિષયમાં ઘણું બધું જાણતો હતો. એને પુનર્દત્તના વિષયમાં પણ ઘણીબધી જાણકારી હોવાની શક્યતા હતી. સાથે જ, તેની પાસેથી શક્ય તેટલી મદદની અપેક્ષા પણ હતી. એટલે કે એ તરફ આચાર્યજી તરફથી તમામ તૈયારીઓ થઈ ગઈ હતી અને આ બાજુ મારી સાથે સાથે હવે તો ભાઈ પણ માનસિક અને શારીરિક, બંને રીતે યાત્રા માટે તૈયાર થઈ ગયા હતા. જોકે એમના તૈયાર હોવામાં ‘સ્વતંત્રતા’ મુખ્ય હતી. બાકી કંઈ વિચારવું એ એમનો વિષય નહોતો. અને પંચજન શું, કોઈની પણ તાકાતથી ડરી જવાનો એમના માટે તો પ્રશ્ન જ ઉદ્ભવતો નહોતો. આ બધું તો ઠીક પણ એ તરફ, જ્યારે મેં ગુરુ-પુત્રને મુક્ત કરાવવાની વાત કરી હતી, ત્યારથી મારું મન એક નવાજ ચિંતનમાં ફસાઈ ગયુ હતું. આચાર્યજીએ એક-થી-એક શક્તિશાળી રાજાના યુવરાજોને શિક્ષિત કર્યા હતા. એમનામાંથી કોઈએ કેમ પુનર્દત્તને ન છોડાવ્યો? જવાબ સહેલો હતો, કદાચ, પરોપકાર માટે વીરતા દેખાડવી મનુષ્યનો સ્વભાવ નથી.

ખેર; આચાર્યજીના આશીર્વાદ, ગુરુમાતાની દુવા અને મિત્રોની ભાવભીની વિદાયની સાથે અમારી આ અદ્વિતીય યાત્રાનો પ્રારંભ થયો. મારા ઉત્સાહ અને આનંદનો કોઈ પાર નહોતો. ભાઈ પણ ખુશ હતા. જરાસંધ નહીં તો પંચજન જ ભલે, એમને તો બસ, પોતાની વીરતા દેખાડવાથી મતલબ હતો. અને વળી રથ આશ્રમ છોડતા જ, એ તમામ અનુશાસનોથી પણ મુક્ત થઈ ગયા હતા.

હશે, હજી તો ત્રણ જ દિવસમાં આજે અહીં અમારો બીજો વિદાય સમારંભ હતો. બીજી બાજુ આચાર્યજીનો જર્જરિત અને જૂનો રથ આશ્રમની બહાર તૈયાર જ ઊભો હતો. ઘોડાની હાલત પણ રથથી કંઈ બહુ અલગ નહોતી. અમે પણ વાજા-બાજાની સાથે પ્રવેશદ્વાર પર પહોંચી જ ગયા હતા. અમારો સામાન રથમાં મુકાઈ ગયો હતો. બસ, બધાને ગળે મળ્યા અને ગુરુમાતા તથા આચાર્યજીના આશીર્વાદ લીધા. આજ દ્રશ્ય બે દિવસ પહેલા પણ પુનરાવર્તન પામ્યું હતું, જો એમાં કંઈ નવું હોય તો તે રથ જ હતો, અમે બધાને મળીને જેના પર સવાર થઈ ગયા હતા. આમ તો આ વખતે હું બીજું એક પરિવર્તન પણ જોઈ રહ્યો હતો, જ્યાં ગત વખતે બધા ગમગીન હતા, ત્યાં આ વખતે બધા ઉત્સાહથી ભરેલા હતા. હવે આ બધા ગમગીન હોય કે ઉત્સાહથી ભરેલા હોય, અમારે તો જરાસંધ ના હોય તો પંચજન જ ભલો... જવાનું તો મોતના મોંમાં જ સમાવા માટે હતું. હા, અહીં એક ફરક અવશ્ય હતો; ત્યાં બેમોત મરવાનું હતું, અહીં કર્તવ્ય નિભાવતા નિભાવતા મરવાની તક પેદા થઈ હતી.

જવા દો! તમને યાદ હશે કે જ્યારે આચાર્યજીની સાથે મથુરાથી ઉજ્જયિની સુધીની યાત્રા કરી હતી ત્યારથી મારા મનમાં એક ઈચ્છા જાગૃત થઈ હતી કે કેટલી મજા આવે જો ફરીથી આવી લાંબી યાત્રા કરવાનો મોકો મળે તો! રથની કમાન મારા હાથમાં હોય- ના આચાર્યજી હોય, ના એમનું અનુશાસન હોય. ...કહેવાય છે ને કે, "મક્કમ ઈચ્છા હોય તો ચોક્કસ પૂરી થાય છે; અને જેટલી મક્કમ હોય એટલી જલ્દી પૂરી થાય છે." હવે તમે તો જાણો જ છો કે હું તો જે પણ કરતો હતો પૂર્ણતાથી કરતો હતો, આથી મારી ઈચ્છા તો તત્કાળ પૂરી થવાની જ હતી. અહીં હું એક બીજી વાત કહી દઉં કે હું અત્યાર સુધીના જીવનમાંથી એટલું તો સારી રીતે જાણી ગયો હતો કે સફળતા માટે સવાલ સારા-નરસાનો કે પાપ-પુણ્યનો છે જ નહીં; અસલ સવાલ તો એક અને અનેકનો છે. એક ઈચ્છા તમને મંઝિલ સુધી પહોંચાડી દે છે, જ્યારે એનાથી વિપરીત, અનેક ઈચ્છાઓ મનુષ્યને રઝળાવી દે છે. પ્રાય: એક ઈચ્છા, એક અહંકાર, એક જૂઠ અથવા એક ચોરી પણ પુણ્ય સાબિત થઈ શકે છે, ...એટલે જોઈતી સફળતા અપાવી શકે છે; જ્યારે અનેક ઈચ્છાઓ, અનેક અહંકાર કે અનેક જૂઠ જ નહીં, એક વારમાં અનેક સત્ય, અનેક પરોપકાર અને અનેક સેવા પણ અંતમાં જઈને પાપ જ સિદ્ધ થાય છે. આમ કરવાથી ન ઈચ્છતા હોઈએ તો પણ અસફળતાનું મોં જોવું જ પડે છે. સમજી લેવું કે એક-ચિત્ત 'આત્મા' છે અને અનેક ચિત્ત અહંકાર. પછી નામ ભલે ગમે તેટલા સારા દઈએ, તો પણ એનાથી કંઈ ફરક નથી પડતો. એક વારમાં એક કર્મ "યોગ" છે, અને એક વારમાં અનેક કર્મ 'કામ' છે. એટલે ધ્યાનમાં રહે કે યોગી હંમેશાં સફળ અને સુખી રહેશે, જ્યારે કામી હંમેશાં અસફળ અને દુ:ખી રહેશે. ...અને હું તો આત્માથી જ કેમ, મનથી પણ યોગી હતો; એટલે જ તો મારું આ સુંદર સપનું જલ્દીથી હકીકતમાં પરિવર્તિત થઈ ગયું હતું.

ખેર! જ્યારે સ્વપ્ન હકીકતમાં તબ્દીલ થઈ જ ગયું હતું તો તેનો ભરપૂર આનંદ પણ ઉઠાવવાનો જ હતો. રથ નબળો જ ભલે, પણ કમાન તો મારા હાથોમાં હતી અને ભાઈ બાજુમાં બેઠા હતા, આવામાં ઉજ્જયિની પાર કરવામાં વાર ક્યાં લાગવાની હતી? અને એક વાર ઉજ્જયિની શું પાર કરી, અમને બંનેને તો જાણે કે પાંખો આવી ગઈ. બહારનાં મનમોહક દ્રશ્ય અને વહી રહેલી ઠંડી ઠંડી હવાએ અમને મદમસ્ત કરી દીધા. બપોર થતાં થતાં તો અમે જંગલના ક્ષેત્રમાં પ્રવેશ કરી લીધો. બસ, જંગલમાં ફળ-ફૂલોનાં વૃક્ષ જોતાં જ અમને ભૂખ લાગી. પછી શું હતું, નિશાનેબાજીનો અભ્યાસ પણ તાજો કરી લીધો અને પેટ પણ ભરી લીધું. ખરેખર બહુ મજા આવી. આમ તો ઘોડાની મરેલી હાલત જોઈને અમે તેને પણ પેટ ભરીને ઘાસ ખવરાવ્યું, એને પેટ ભરીને પાણી પીવરાવ્યું; સ્વાભાવિક રીતે હવે તો એ અમારા સુખદુ:ખનો સાથી હતો. એટલું જ નહીં, અમારી આગળની આખી યાત્રાનો આધાર પણ એના પર જ હતો. ...જો તે રીસાઈ ગયો તો અમે કુશસ્થળી પહોંચ્યા વિના જ રહી જવાના. એટલે અમે તેને વૃક્ષોનાં ગાઢ છાંયડા નીચે સૂવડાવ્યો, એટલું જ નહીં, એ બહાને અમે પણ પથ્થરને અઢેલીને સૂઈ ગયા. ખરેખર આ દ્રશ્ય ઘણું મજાનું હતું. પથ્થરને ઓશીકું બનાવીને સૂતેલા અમે, માથા પર છાંયડો આપતાં ઘટાદાર વૃક્ષોનું ઝુંડ, એમાંનાં એક વૃક્ષ સાથે બંધાયેલો સૂતો ઘોડો અને સામે પડેલો ખુલ્લો રથ. હું તો આ દ્રશ્યમાં એવો ખોવાયો કે યોગ જ ઉપલબ્ધ થઈ ગયો. આ મારું કર્મ હતું અને આજ મારું ફળ પણ. આમ પણ, યોગની અવસ્થામાં, કર્મ ભલા ક્યારેય પરિણામથી જુદું થઈ શક્યું છે? હકીકતમાં, વાત તો એ છે કે કર્મ અને ફળને અલગ અલગ જાણીને જ મનુષ્ય આટલો ભટકી ગયો છે. મેં ગીતામાં અર્જુનને આજ તો કહ્યું હતું, "કર્મ કર પણ પરિણામની ચિંતા ક્યારેય ના કર." સાચું કહું છું, મનુષ્યના ઉદ્ધાર માટે આનાથી ઉત્તમ બીજું કોઈ સૂત્ર ન હોઈ શકે. ...પરંતુ તેમ છતાં જુઓ, અર્જુન સમગ્ર ગીતામાં વારંવાર પરિણામની જ ચર્ચા કરી રહ્યો હતો. બીજી બાજુ હું વારંવાર હરીફરીને એક જ વાત કરી રહ્યો હતો કે આ યુદ્ધ જ તારું "કર્મ" છે, અને યુદ્ધમાં પોતાની વીરતા બતાવવાનો જે આનંદ છે, એજ તારું યુદ્ધ કરવાનું એકમાત્ર "ફળ" છે. જે રીતે આ સમયે, મારું કર્મ આ સુંદર દ્રશ્યને જોવાનું છે અને જેનું ફળ હું યાત્રાના પરમ આનંદના રૂપે હાથોહાથ માણી જ રહ્યો છું. વિચારો, મારી જગ્યાએ જો અર્જુન આ યાત્રા પર નીકળ્યો હોત તો એણે પોતાને હજારો સવાલોથી ગૂંચવી નાખ્યો હોત. પંચજન પાસે શા માટે જવું? એ કેટલો શક્તિશાળી હશે? કેવી રીતે યુદ્ધ કરીશું? પુનર્દત્ત

મળશે કે નહીં? હું જીવતો બચીશ કે નહીં? યુદ્ધ કોણ જીતશે? યાદ કરો, અર્જુન ગીતામાં આવા ઉટપટાંગ સવાલો જ તો પૂછી રહ્યો હતો. અને હું એના દરેક સવાલનો એક જ જવાબ આપી રહ્યો હતો કે મહાભારતનું યુદ્ધ એક યાત્રા છે અને તું વીર છે, તો બસ, વીરતા બતાવવાનો આનંદ લે; વીરતા બતાવવામાં મળનારો આનંદ જ તારા કર્મોનું ફળ છે. ...પછી યુદ્ધમાં કોણ જીતશે? કેવી રીતે મારું? શા માટે મારું? શું સગાવહાલાઓને મારવા યોગ્ય છે? રાજ્ય મળશે કે સ્વર્ગ? શાસ્ત્રોમાં શું લખ્યું છે? ...આ બધી વાતોનું કોઈ મહત્ત્વ નથી.

ખેર! જવા દો આ દૂરની વાતોને. હમણાં તો અહીં બપોર ચઢી રહી હતી. અમે બધા આગળની યાત્રા માટે તૈયાર પણ હતા. બસ, ઘોડાને રથથી બાંધ્યો અને યાત્રા શરૂ થઈ ગઈ. મને તો રથ હાંકવામાં ખૂબ જ મજા આવી રહી હતી. ત્યાં બાજુમાં બેઠેલા ભાઈ તો ખુલ્લા આકાશમાં ઊડવાનો આનંદ લઈ રહ્યા હતા. આશ્રમની કેદથી છુટવાની પ્રસન્નતા એમના આખા અસ્તિત્વ પર છવાયેલી હતી. રસ્તામાં ક્યારેક પહાડ, ક્યારેક નદીઓ અને ક્યારેક વસ્તી. વસ્તી જોતાં જ હું અને ભાઈ ખુશીથી નાચી ઊઠતા, મીઠાઈ અને પકવાનોની દુકાનો મળ્યા કરતી હતી. ...આવામાં ભોજનના શોખીન ગોવાળો આ મોકો ક્યાં છોડવાના હતા? આમ પણ છેલ્લા છ મહિનાથી સાદું ભોજન ખાઈને ઉબાઈ ગયા હતા. અમારા માટે સારું એ હતું કે નિકળતી વખતે, આચાર્યજીએ મને સહાયરૂપ થાય એ માટે થોડી મુદ્રા આપી દીધી હતી. જે ભલે વસ્ત્ર કે આભૂષણ ખરીદવા માટે પર્યાપ્ત નહોતી, તો પણ ભોજનની રુચિ સંતોષવા માટે પૂરતી હતી. ...બસ, આવામાં જો કોઈ પકવાન ખૂબ જ ભાવી જતું તો એને બંધાવવાનું પણ ભૂલતા નહીં. કહેવાનું તાત્પર્ય એ કે રસ્તામાં આવનારી દરેક સુંદર વસ્તુનો આનંદ લેતાં લેતાં અમારી આ યાત્રા પસાર થઈ રહી હતી. કેટલાય સરોવર પર અમે રથ રોકીને ઉતરી ગયા હતા. એટલુ જ નહીં, જ્યારે પણ નવા નવા ફળોના વૃક્ષ દેખાતા ત્યારે એને તોડીને ચોક્કસ ચાખી લેતા હતા, અને જે ફળ ભાવી જતું એનો તો ઢગલો કરી લેતા. ...જોકે આખો દિવસ રથ ચલાવીને થાકી જતો હતો. પરિણામસ્વરૂપ રાત્રે આડા પડતાં જ ઊંઘ આવી જતી હતી. આવામાં મારા થાકને જોતાં, રાત્રે સાવધ રહેવાની અને કપડાં ઈત્યાદિ ધોવાની જવાબદારી ભાઈએ જાતે જ સંભાળી લીધી હતી. હા, ઘોડાને પાણી પીવડાવવાની, સવારે યાત્રા પહેલાં રથને જોડવાની, એની મરામત કરવાની અને રાત્રિ વિશ્રામ પહેલાં ઘોડાને બાંધવાની અને રથ ખોલવાની જવાબદારી મારી જ હતી, કારણ કે ભાઈ હજુ સુધી આ બધાં કામ કરવાનું જાણતા ન હતા.

જોયું તમે! આચાર્યજીની સાથે મથુરાથી આશ્રમ જતી વખતે તમામ વાતોનું ધ્યાનથી નિરીક્ષણ કરવાનું આજે કેટલું ઉપયોગી પડી રહ્યુ હતું. કોઈએ મને રથની મરામત કરવાની કે એને ખોલવાની કે એને બાંધવાની જાણકારી આપી નહોતી. ...ન તો કોઈએ આ બધું શીખવાડવાની જરૂરિયાત પણ બતાવી હતી. આનો સીધો અર્થ એ કે જો તમારી નિરીક્ષણ-ક્ષમતા સારી હોય અને ગ્રહણ કરવાની ઈચ્છા હોય, તો તમે હજારો ચીજો શીખવાડ્યા વિના શીખી શકો છો. વળી એ પણ એટલું જ સત્ય છે કે જો ઉપરોક્ત બંને ગુણ ન હોય, તો એક જ અભ્યાસમાં જિંદગીભર અટવાયેલા રહી શકો છો. ...મારું જ ઉદાહરણ લઈ લો. જો શીખવા માટે હું પણ અન્ય મનુષ્યોની જેમ, મારી નિરીક્ષણ-ક્ષમતા અને ગ્રાહ્યતાને બદલે શિક્ષિત હોવા પર નિર્ભર રહેત, તો ચોક્કસપણે જીવનમાં માંડ માંડ દસ-વીસ વાતો શીખી શકત. રથ હાંકવો, ઘોડા પલાણવા, રથની મરામત અને લાંબી યાત્રાના વિષયમાં જાણવા અને શીખવા જાત તો કદાચ મહિનાઓ લાગી જાત. જ્યારે એજ વાત એક પણ ક્ષણ બગાડ્યા વિના એક લાંબી યાત્રા દરમિયાન પોતાની નિરીક્ષણ-ક્ષમતાને લીધે શીખી ગયો હતો. કહેવાનું તાત્પર્ય એ કે જીવનમાં આપણે કેટલું શીખી શકીએ છીએ, તે એ વાત પર નિર્ભર કરે છે કે આપણે કેટલું જલ્દી શીખી લઈએ છીએ. નહીં તો આશ્રમમાં શિક્ષિત થતાં રાજકુમારોને અને એમના પર થઈ રહેલા શિક્ષાના પ્રભાવોને જોઈને, હું એ ખાત્રીપૂર્વક કહી શકું છું કે શીખવાની ધગશ વિના તમામ અભ્યાસ વ્યર્થ છે. ...વધારે સ્પષ્ટતાથી કહું તો, ધગશ વિના આ તમામ અભ્યાસ, એ સમયની બરબાદી સિવાય બીજું કંઇ નથી.

ખેર! અત્યારે શિક્ષણને બહાને શિક્ષણ આપવાને બદલે, યાત્રાની જ વાત કરું તો યાત્રા દરમિયાન ભાઈ છાશવારે દિવસના રથની પાછળ જઈને સૂઈ જતા હતા. ચોક્કસપણે આ રાત્રિ જાગરણનું પરિણામ હતું. સ્વાભાવિક રીતે તે જ્યારે સૂઈ રહ્યા હતા ત્યારે હું આવા જ કોઈ ચિંતનમાં પ્રવૃત થઈને મારો સમય પસાર કરી લેતો હતો, નહીં તો અમે વાતો કરતાં રહેતા હતા. અત્યારે પણ હું રથ ચલાવતા, બહારનાં રમણીય દ્રશ્ય જોવાનો આનંદ લઈ રહ્યો હતો અને ભાઈ પાછળ આરામ ફરમાવી રહ્યા હતા. બસ, આ સમગ્ર યાત્રાનું એક જ દુ:ખદ પાસું હતું કે અમારી પાસે પૂરતું ધન ન હતું. આચાર્યજી શું આપી શકવાના હતા? એ તો આમ પણ કોઈની પાસેથી કશું લેતા ન હતા. એમણે તો જે કંઈ આપ્યું હતું તે જ તેમની કર્તવ્યનિષ્ઠા બતાવવા માટે પૂરતું હતું. જોકે બધું સમજતો હોવા છતાં પણ ધનની ખોટ એટલા માટે લાગી રહી હતી કેમકે બીજી બાજુ, રસ્તામાં આવતી દરેક વસ્તીમાં બજાર તો ભરાયેલાં જ હતા. ચોક્કસપણે ત્યાં કેટલીક ચીજો જરૂરિયાતની હતી, તો કેટલીક શોખની. પરંતુ, અમારી હાલત એવી હતી કે અમે ગરીબ વધુમાં વધુ એમને જોઈને દિલને બહેલાવી શકતા હતા, બહુ થાય તો લલચાતા પણ ખરા; પરંતુ ખરીદી નહોતા શકતા. અને કારણ કે પેટપૂજા અમને સૌથી વધારે પ્રિય હતી, સ્વાભાવિક રીતે અમારી તમામ મુદ્રાઓ મીઠાઈ અને પકવાન ખાવામાં જ ખર્ચાઈ રહી હતી. ...હું મારા વર્તમાન અનુભવથી કહી શકું છું કે દુનિયામાં ધનની લાચારીથી વધીને બીજી કોઈ જ લાચારી નથી હોતી, કારણ કે મનુષ્યતાનું બીજું નામ જ વૈભવતા છે, કે પછી વૈભવતાના નામે જરૂરિયાત છે. ...પરંતુ દરેક જણ ન તો આ વૈભવ ભોગવી શકે છે અને ન તો ઈચ્છાનુસાર જરૂરિયાત પૂરી કરી શકે છે. આવામાં સવાલ એ કે જે વૈભવ

નથી ભોગવી શકતો એ જીવનભર દુ:ખી જ રહે? ના, જરાય નહીં...! મનુષ્યજીવન તો આનંદ માટે જ હોય છે. પરંતુ ગરીબ વ્યક્તિ આનંદ લ્યે કઈ રીતે? અચાનક મારું ચિંતન પૂરજોરથી સક્રિય થઈ ગયું. આમ પણ ભાઈ આરામ કરી રહ્યા હતા અને હું રથ હાંકી રહ્યો હતો. એટલે અવસર પણ હતો અને પર્યાય પણ નહોતો. ...બસ, "મન" જીવનમાં ધન અને આનંદનો તાલમેલ કેવી રીતે ગોઠવવામાં આવે, એ ચિંતનમાં ગૂંચવાઈ ગયું. કારણ કે જો વૈભવ અને આનંદ જ મનુષ્યજીવનનું મુખ્ય લક્ષ્ય છે, તો પછી શા માટે બંને એકસાથે કોઈને મળતા દેખાતા નથી? તો શું બંને એકસાથે પ્રાપ્ત કરવા અને ભોગવવાં જ "ધર્મ" છે? આ વિચાર આવતાં જ ચિંતન વધારે ઝડપથી પાંખો પ્રસારવા લાગ્યું. ...ધ્યાનમાં રહે, આત્મજ્ઞાન તો માત્ર પોતાને ઓળખવાનું છે, માન્યું પોતાને ઓળખવું એક મોટી સિદ્ધી છે; પરંતુ એ મનુષ્યની આખરી ઉપલબ્ધિ તો નથી. બસ, આ ચિંતનની સાથે જ હું "પૂર્ણ"માં પણ "પૂર્ણતા" શોધવાની યાત્રા પર નીકળી પડ્યો.

...હવે ધનનો અભાવ મનુષ્યને કેટલો લાચાર બનાવી દે છે એનો અનુભવ તો હું કરી જ રહ્યો હતો. આથી એના પર કોઈ અન્ય ચિંતનની જરૂરિયાત નહોતી. ત્યાં આશ્રમમાં મારી સાથે અભ્યાસ કરનારા યુવરાજ ધનની એટલી વિપુલતામાં જીવી રહ્યા હતા, એ પણ હું જોઈ ચૂક્યો હતો. ...સાથે સાથે આનંદ લેવાની કળા એમને નથી આવડતી, એનો અનુભવ તેઓ પોતાના વર્તનથી કરાવી જ ચૂક્યા હતા. મેં હંમેશાં એમને ક્રોધિત અને વ્યગ્ર જ જોયા હતા... અને જ્યારે માંહ્યલો આટલો દુ:ખી હોય તો વૈભવનો શું ફાયદો? હું આ પણ અનુભવ કરી જ ચૂક્યો હતો કે સદૈવ આનંદિત રહેવા માટે એક પ્રકારની કલા જરૂરી છે, જ્યારે વૈભવ મેળવવા માટે બીજી જ રીતની કલાની જરૂરિયાત હોય છે. તો શું મનુષ્યમાં એકસાથે આ બંને કળાઓ વિકસિત નથી કરી શકાતી? હજુ આ વિષય પર વિચાર કરી રહ્યો હતો કે ચિંતને બીજી જ દિશા પકડી લીધી. પરંતુ આ રાજકુમારોએ તો વૈભવ પ્રાપ્ત કરવા માટે કશું કર્યું જ નહોતું, તો શું વૈભવ કોને દેવો, અને કોને ન દેવો, એ કુદરતના હાથમાં છે? શું જેને વૈભવ દેવો હોય એને કુદરત રાજાના ઘરમાં જન્મ આપે છે? નહીં... આવું તો હોઈ જ ન શકે. કુદરત શા માટે પક્ષપાત કરવા લાગે? તો શું કુદરત એમને વૈભવ આપીને એમની પાસેથી આનંદમાં રહેવાની કળા છીનવી લે છે, જેથી તેઓ જીવનભર દુ:ખી રહે? બનવામાં તો આવું પણ બનતું નથી; કેમકે એક રીતે જોતા તો આ પણ પક્ષપાત જ થયો.

ખેર! હાલ પૂરતું જો કોઈ ઊંડા ચિંતનમાં ના પણ ઊતરું, તો પણ એક વાત તો સ્પષ્ટ હતી કે આચાર્યજીની પાસે આનંદ હતો અને યુવરાજોની પાસે વૈભવ, અને મારી દ્રષ્ટિમાં બંને અધૂરા હતા. તો શું આચાર્યજી એમને જમીન પર સૂવાનું શિક્ષણ આપીને જીવનમાં આનંદ પામવાની કળા શીખવી રહ્યા હતા? પરંતુ અમે તો પહેલાથી જ આવું જીવન જીવતા આવ્યા હતા, આવામાં અમારે આ શિક્ષણની ક્યાં જરૂરિયાત હતી? એટલે એકંદરે બાબત ગૂંચવાતી જઈ રહી હતી અને આ તરફ હું મારા ચૈતન્યથી કોઈપણ કિંમતે એનું સમાધાન ઇચ્છતો હતો. અત્યાર સુધીના ચિંતનથી આટલું તો સ્પષ્ટ હતું કે ધનવાને આનંદ મેળવવાની કળા શીખવી જરૂરી છે, તો બીજી બાજુ, ધન કમાવવાની કળા શીખવી ગરીબોની મજબૂરી છે. ...સમસ્યા તરત ઉકલે કે નહીં, પણ મનમાં ને મનમાં એક સંકલ્પ દ્રઢ થતો જઈ રહ્યો હતો કે હું આ સમસ્યાનું સમાધાન મેળવીને જ રહીશ, ભલે આના માટે મને કુદરત સાથે પણ બાથ કેમ ભીડાવવી ન પડે. જો કુદરત એમ વિચારે છે કે વૈભવ માત્ર એમને મળશે, જેમને એ ચાહે છે, તો હું કુદરતનો આ ભ્રમ તોડી દઈશ. હું, દરેક વ્યક્તિ કેવી રીતે વૈભવશાળી બની શકે છે... એ કળા જરૂર શોધીશ. એટલું જ નહીં, મારી વાત સિદ્ધ કરવા માટે એક દિવસ હું સ્વયં કુદરતને વૈભવની પરમ ઊંચાઈ પર બેસીને બતાવીશ. આ બાજુ જેવો મારાથી આ સંકલ્પ થયો, મારા ચૈતન્યમાં બધું જ સ્પષ્ટ થતું ગયું. આનંદ મેળવવાનો કે સંન્યાસનું શિક્ષણ માત્ર ધનવાનો માટે છે. ગરીબોને તો આનંદ અને સંતોષ સ્વભાવમાં હોવા જોઈએ, જે મારા હતા. આજ મારો નિષ્કર્ષ હતો અને આજ ગરીબોને ધનવાન બનાવવાનું મારું સૂત્ર પણ. થોડું વધારે વિસ્તારથી કહું તો જો કોઈપણ સાધારણ મનુષ્ય વૈભવને ધ્યાનમાં રાખીને સતત દરેક "કર્તવ્યકર્મ" આનંદથી કરતો રહે, તો ચોક્કસપણે આજે નહીં તો કાલે, સતત આનંદમાં રહેવાનો એનો સ્વભાવ જ એને વૈભવની પરમ ઊંચાઈ પર બેસાડી દેશે. ધ્યાન રહે, ના તો વૈભવની ઇચ્છા કરવાની છે, ના તો વૈભવની ઈર્ષા કરવાની છે, માત્ર ગહન ધ્યાન ધરવાનું છે. કારણ કે વૈભવની ઇચ્છા કરતાં જ, આનંદ છૂમંતર થઈ જાય છે, અને આનંદ અદ્રશ્ય થતાં જ, વૈભવ મેળવવાની ઇચ્છા પણ ક્ષીણ થઈ જાય છે. અર્થાત્ સતત દરેક કર્મમાં આનંદ ઉઠાવતા જ્યારે પણ ધનવાન બનવાનો મોકો મળે તો એ મોકાને સંપૂર્ણ રીતે વટાવી લેનારા વૈભવના પરમ શિખર પર બેઠેલા જ સમજો. તો શું તમે પણ એક દિવસ આનંદ અને વૈભવનાં શિખરોને સર કરશો? કારણ કે તમે પણ દરેક કર્તવ્ય-કર્મ ખુશીપૂર્વક નિભાવતા આવો છો અને જીવનનો આનંદ પણ લઈ જ રહ્યા છો. હા બિલકુલ, કારણ કે એનો અર્થ એ થયો કે જો મારા આ સૂત્રમાં દમ છે, તો મારા જેવા સાધારણ ગોવાળે પણ આજે નહીં તો કાલે વૈભવના પરમ શિખર પર બેસવું જ જોઈએ.

ખેર! સૂત્રની સચ્ચાઈની વાત તો સમયએ નક્કી કરવાની હતી, પરંતુ અહીં આ સમજવું યોગ્ય છે કે જીવનને સાર્થક બનાવવા માટે આત્મજ્ઞાનીને પણ સાંસારિક જ્ઞાનની જરૂરિયાત હોય જ છે. માન્યું, આત્મા જાતને જાતથી ઓળખનારી છે, સાથે જ સંસારના તમામ રહસ્યોનો અનુભવ કરાવનારી પણ છે, પરંતુ તેમ છતાં, સંસારમાં જીતવાની કળા તો સંસારનું જ્ઞાન પ્રાપ્ત કરીને જ શીખી શકાય છે. અર્થાત્ મોટામાં મોટો આત્મજ્ઞાની પણ સાંસારિક જ્ઞાન મેળવ્યા વગર, ઇચ્છે તો પણ, ના તો વૈભવના શિખર પર બેસી શકે છે, અને ના તો સંસારમાં સફળતાપૂર્વક વિહરી શકે છે. અહીં એ વાત પણ ધ્યાન રાખવાયોગ્ય છે કે વૈભવને

ઠુકરાવવું સહેલું છે, જ્યારે વૈભવ કમાવવો ઘણોજ મુશ્કેલ. આથી, મારી દ્રષ્ટિમાં મનુષ્ય જો અંદરથી સંન્યાસી હોય અને બહારથી એ રાજા હોય, તો જ તે "પૂર્ણ" છે. જો સંન્યાસ મેળવવા માટે રાજ્ય છોડવું પડે તો વાત ઠેરની ઠેર રહી ગઈ. આનાથી તો એ ફરી એક વાર અધૂરો થઈ ગયો. એવી જ રીતે, જો રાજા હોવા છતાં પણ જીવવાનો આનંદ જ ન આવી રહ્યો હોય તો એનું રાજા બનવાનું જ વ્યર્થ થયું. અર્થાત્ અંદર આનંદ અને બહાર રાજવી ઠાઠમાઠ હોય તો જ મનુષ્યને "પૂર્ણ" કહી શકાય છે. હવે એક વાર વાત સમજાઈ ગઈ તો પૂર્ણ તો થવું જ પડશે. તમે તો જાણો જ છો કે મને તો આમ પણ પૂર્ણતા પસંદ હતી. એટલે આનંદની પરમ ટોચ પર બિરાજમાન તો હતો જ, હવે વૈભવના પરમ શિખર પર બિરાજમાન થવાનું બાકી રહી ગયું હતું.

વાહ કૃષ્ણ! આજ તો તારી ખૂબી છે. આકાશને આંબવાનું વિચારી રહ્યો છે અને વર્તમાનમાં જીવવાનાય સાંસા છે. તો શું...? એને જ તો સંકલ્પવાન કહે છે. અને જ્યારે ઈરાદો મજબૂત હોય, તો કુદરત પાસેથી મદદની આશા કરી જ શકાય છે. અને કંઈ નહિ તો સારું છે કે આ બહાને ઓછામાં ઓછું સાંસારિક જીવન જીવવાનું ધ્યેય તો મળ્યું. મારા જેવા કર્મવીર માટે તો વર્તમાન સ્થિતિમાં તક અને સાધન, બંને હાથવગા હતા. આ સમયે તો પાઈ પાઈ માટે મોહતાજ થઈ જ રહ્યો હતો, બીજી બાજુ જરાસંધને કારણે, ક્યાંય આશરો પણ નહોતો. અને આ બધું ઓછું હતું, તો પંચજન નામના સાક્ષાત્ મોત સામે બાથ ભીડવા જઈ રહ્યો હતો. એટલે કે આનાથી વધારે અંધકાર શક્ય જ નહોતો કે જ્યાં શ્વાસ કેટલા બાકી છે એ સુદ્ધાં ખબર નહોતી. અને હું તો કહું છું આવા સમયે જ ચાંદ પર રાજ કરવાના સપના જોવાની મજા છે. ...એટલે જ તો કહું છું કે પાંખો પ્રસારવી તો કોઈ મારી પાસેથી શીખે!

ખેર! આજ રીતે વસ્તી, બજાર ફરતા ફરતા અને મોજમસ્તી કરતાં કરતાં આ સફર વીતી રહી હતી. આમ પણ હાથમાં ઘોડાની લગામ હોય, બહાર સુંદર દ્રશ્ય હોય અને બાજુમાં ભાઈ હોય, તો યાત્રાના આનંદનું કહેવું જ શું? અને આનંદ એવો કે બાર દિવસ ક્યાં વીતી ગયા, એની ખબર પણ ન પડી. લગભગ બાર દિવસ પછી અમે પ્રભાસ પહોંચ્યા. યાત્રા તો સાત દિવસની જ હતી, પરંતુ હરવા ફરવામાં અને ખાવાપીવાને કારણે પાંચ દિવસ વધારે લાગી ગયા હતા. સાથેસાથે કેટલેક અંશે રથ અને ઘોડાની હાલત પણ આ માટે જવાબદાર હતી. આ બાજુ પ્રભાસ કંઈ વધારે વિશાળ કે વિકસિત ગામ લાગતું નહોતું, પરંતુ એની સૌથી મોટી ખાસિયત એજ હતી કે તે સમુદ્ર કિનારે વસેલું હતું અને સમુદ્ર જોવાનો મોકો અમને જીવનમાં પહેલીવાર મળી રહ્યો હતો. સમુદ્રની વિશાળતા ખરેખર કલ્પનાતીત હતી. દૂર દૂર સુધી જ્યાં સુધી નજર પહોંચે, બસ, પાણી જ પાણી... સમુદ્ર જોઈને મારી અને ભાઈની તો બુદ્ધિ બહેર મારી ગઈ. અમે તો અમારો રથ વસતિમાં લઈ જવાને બદલે, કિનારા તરફ વાળી લીધો. એક સ્થળે રથને રાખીને અમે તો ત્યાંજ બેસી ગયા. બેસી શું ગયા, કલાકો બેસી રહ્યા. સમુદ્રની ઉછળતી લહેરો અને એની વિશાળતાને જોતા રહ્યા. હું અને ભાઈ તેના કિનારે તો કોણ જાણે કેટલીયે વાર ચાલી ચૂક્યા હતા. ઘોડાને પણ સંપૂર્ણ રીતે ખૂલ્લો મૂકી દીધો હતો, જ્યાં મરજી આવે ત્યાં જાય. હું તો અત્યાર સુધીમાં કોણ જાણે કેટલીયે મુદ્રાઓ બનાવી બનાવીને ઉઠક-બેઠક કરી ચૂક્યો હતો. આટલું બધું પાણી અને તેય એક જગાએ..? ...વિશ્વાસ જ આવતો નહોતો. હું તો પાણી પીને પણ જોઈ ચૂક્યો હતો, પરંતુ આશ્ચર્યજનક રીતે તે થોડું ખારું હતું, કમસેકમ તરસ છીપાવવાલાયક તો નહોતું જ લાગી રહ્યું. નહાઈને તરસ છીપાવી લઈએ. બસ, આ વિચારની સાથે જ મેં અને ભાઈએ ડૂબકી લગાવી દીધી હતી. મજા તો એટલી આવી રહી હતી કે શું કહું..? આ બાજુ, બપોર તો ક્યારની થઈ ગઈ હતી અને હવે તો સાંજ થવામાં હતી, પરંતુ શું કરીએ... નાના-મોટા સરોવરોને જોઈને ખુશ થઈ જનારા ગોવાળોને સમુદ્ર કિનારા પાસેથી હટવાની ઈચ્છા થવાનો સવાલ જ પેદા થતો નહોતો. ...જોકે વિવશતા હતી, અમે "આચાર્યપુત્ર"ને મુક્ત કરાવવા નીકળ્યા હતા, કંઈ ફરવા તો આવ્યા નહોતા. તેથી, અંતે કોઈક રીતે મન મારીને, અમારે ત્યાંથી ઉઠવું જ પડ્યું. ઉઠતાં જ અમે સીધા આચાર્યશ્રીએ આપેલા સરનામે 'જૈવિક'ને ત્યાં જવા નીકળ્યા.

આ તરફ જેમ જેમ વસ્તી નજીક આવી રહી હતી કે લોકોનું દેખાવું શરૂ થઈ ગયું હતું. અહીં બધાનો રંગ પાક્કો હોય એવું લાગી રહ્યું હતું. મને સંતોષ એ હતો કે તેમની સામે મારો કાળો રંગ પણ સંપૂર્ણ રીતે નીખરી આવ્યો હતો. જીવનમાં પહેલી વાર મને ગોરો હોવાનું અભિમાન થયું હતું. આ તો ઠીક પણ બીજી બાજુ, વસ્તીમાં ઘૂસતા જ સાંકડી શેરીઓ અને એમાં અઢેલાં મકાનોનાં દર્શન થયાં. આવા એકબીજાને અઢેલાં મકાનો જોવાનો પણ આ મારો પહેલો જ પ્રસંગ હતો. હા, દરેક ઘરની બહાર પથ્થરનું બનેલું એક ખુલ્લું માળિયું અવશ્ય હતું. મકાન એટલા અડીને હતા કે વસ્તી તો આ માળિયાઓ પર ચઢીને જ ફરી શકાતી હતી. શેરીઓ પ્રવેશતાં જ એટલી સાંકડી થઈ ગઈ હતી કે રથ ચલાવવો અશક્ય થઈ ગયો હતો, એટલે રથને એક ખૂલા સ્થળે ઊભો રાખીને અમે સરનામું પૂછતા-પૂછતા પગપાળા જ ચાલી નીકળ્યા હતા. ઘર પણ એકદમ સાધારણ જ લાગતું હતું. એ તરફ, ખુશીની વાત એ હતી કે જેવું અમે જૈવિક પાસે "આચાર્યજી"નું નામ લીધું, એણે સ-સન્માન અમારું સ્વાગત કર્યું. એટલું જ નહીં, એજ ક્ષણે અમારા રોકાણ માટે એક ઓરડો પણ આપી દીધો. પછી શું હતું, આમ પણ હવે યાત્રાનો થાક લાગી જ રહ્યો હતો. વળી બાર દિવસની લાંબી યાત્રા કોઈ મજાક તો હતી નહીં; આથી પુનર્દત્તના વિષયમાં જિજ્ઞાસા ત્યાગીને, અનિચ્છાએ પણ અમારે એ દિવસે આરામ કરવો જ પડ્યો.

બીજા દિવસનું ભોજન અમે જૈવિકની સાથે જ કર્યું. બે ઓરડા અને એક દીવાનખાનાવાળું નાનું સરખું એનું મકાન હતું. ઘરમાં એની પત્ની અને બે બાળકો હતા. ભોજન કરવા અમે દીવાનખાનામાં જ બેઠા હતા. બેઠકને નામે પણ અહીં-તહીં પડેલા

આસન જ હતા, જેની ઉપર અમે વિરાજમાન હતા. હશે, આજે મારું સંપૂર્ણ ધ્યાન ગુરુદક્ષિણા ચૂકવવામાં જ લાગ્યું હતું. અને એ પણ એ હદે કે વાતવાતમાં મેં જૈવિક પાસેથી "પંચજન"ના વિષયમાં ઘણી બધી માહિતી પણ મેળવી લીધી હતી. ...તેના મતાનુસાર, પંચજન "રાક્ષસ રાજા" છે, પણ સાથે જ એ એક ખતરનાક ચાંચિયો અને લૂંટારો પણ છે. એની પાસે ઘણા શસ્ત્રો પણ છે. એટલું જ નહીં, એની પાસે અતિ આધુનિક અને સુસજ્જ સેના પણ છે. પરિણામસ્વરૂપ એ સમુદ્ર કિનારે વસેલા પ્રભાસ જેવા નાના ગામોમાં સ્વચ્છંદતાથી લૂંટફાટ કર્યા કરે છે. ઘણીવાર તો એના સૈનિક અહીંની વહુ-દીકરી સુદ્ધાંને પણ ઉઠાવીને લઈ જાય છે અને અમે કંઇ નથી કરી શકતા. ...અંતે કોઈ ઉપાય ન જોઈને આ કોપથી બચવા માટે એક વચલો માર્ગ શોધવામાં આવ્યો, જે મુજબ, દર મહિને પ્રભાસવાસીઓએ ચૌથ એટલે કે કરવેરો ચૂકવવાનું નક્કી થયું. ...અને આ કર સુરક્ષાના બદલામાં હજુ પણ ચૂકવવામાં આવી રહ્યો છે. ...બસ, એની પાસે પંચજન બાબતે આપી શકાય તેવી આટલી જ માહિતી હતી, અને મારા માટે આટલી જ પૂરતી પણ હતી. સમજ્યાં કે નહીં? હવે તમે સમજો કે ન સમજો, જૈવિકની વાતોથી હું તો એટલું ચોક્કસ સમજી ગયો હતો કે અજાણતા જ હું જીવનની કપરી યાત્રા પર નીકળી ચૂક્યો છું. ચોક્કસપણે મંજિલ કઠિન હતી, પરંતુ હવે કંઇ કરી શકાય તેમ નહોતું. કેમકે અડધા રસ્તેથી ભાગવું મારા સ્વભાવમાં નહોતું, આથી કોઈપણ હાલમાં વધવાનું તો અમારે આગળ ભણી જ હતું. પણ સવાલ એ હતો કે આગળ વધવાનો કોઈ માર્ગ તો દેખાય. આનાથી તો જરાસંધ સારો હતો, ઓછામાં ઓછું એનાથી ભાગી તો શકાતું હતું. આમ પણ એ અમારી પસંદગી તો હતો નહીં, એને તો મામીઓએ અમારી પાછળ લગાવી દીધો હતો. ...પરંતુ "પંચજન" તો મારી પોતાની પસંદગી હતો. ગુરુદક્ષિણાના નામ પર બહેકાઈ ગયો હતો. ભોળવાઈ શું ગયો હતો? શું ગુરુમાતાના આંસુ લૂછવાનો પ્રયત્ન કરવો, એ તારું કર્તવ્ય નહોતું? કેમ નહોતું, બિલકુલ હતું. અરે ભાઈ! આવા મહાન આચાર્યને ગુરુદક્ષિણા ચૂકવવાનો હાથમાં આવેલો આ અવસર કોઈ થોડો જવા દઈ શકે? આ તો એક પળ માટે અહંકાર આમ જ સ્હેજ ગભરાઈ ગયો હતો. ઠીક છે, ...પરંતુ આગળ શું? દુશ્મન એટલો શક્તિશાળી અને સજાગ છે કે એની આંખમાં ધૂળ નાખીને હવાને પણ દાખલ થવું અઘરું છે, આવામાં તારી શી ઔકાત? જે થાય તે, પણ કામને પૂરું તો કરવાનું જ છે. આથી, ઘણું વિચારીને મેં જૈવિકને એક સવાલ કર્યો- જો કોઈ કર ન ચૂકવી શકે તો?

જૈવિક બોલ્યો- તો એણે જામીનની વ્યવસ્થા કરવી પડે છે. એ જામીનને પોતાની સાથે લઈ જાય છે, તથા જેવો કર ચૂકવી દેવાય કે એ જામીનને છોડી દેવામાં આવે છે.

...બસ, મારા માટે તો એક રસ્તો ખૂલી ગયો હતો. આ આધાર પર જૈવિકનો જામીન બનીને કંઇ નહીં તો કમસે કમ યુદ્ધ કર્યા વિના સહેલાઈથી પંચજનની રાજધાની સુધી તો પહોંચી જ શકાતું હતું. ત્યાંનું ત્યાં જઈને વિચારીશું; ...આવું વિચારીને મેં જૈવિકને કહ્યું- આ વખતે તમે કર ચૂકવતા નહીં. બદલામાં અમે તમારા જામીન બનીને એમની સાથે જતા રહીશું.

જૈવિક તો આ સાંભળતા જ ગભરાઈ ગયો- નહીં... આવું કેવી રીતે બની શકે? એક તો તમે મારા મહેમાન છો, આથી હું તમને જામીન બનાવવાની ભૂલ તો કરી જ ન શકું. બીજું, એ જામીન પાસેથી ઘણા પ્રકારના કામ કરાવે છે, એટલું જ નહીં, એમને જાતભાતની યાતનાઓ પણ આપે છે. હું એક મહેમાનને આવા નર્કમાં કેવી રીતે ધકેલી શકું?

એની વાત તો સાચી હતી. મને સાંભળીને સારું પણ લાગ્યું. આ મનુષ્યને પોતાના સ્વાર્થથી વધારે કર્તવ્યોની અનુભૂતિ છે, ભલા મારા માટે આનાથી વધારે ખુશીની બીજી વાત કઈ હોઈ શકે? હવે વાત એની ગમે તેટલી સાચી હોય, પણ મારે તો કોઈપણ ભોગે જવાનું જ હતું. અને વળી જ્યાં દરમાં હાથ નાખ્યો છે તો સાપથી શું ડરવાનું? આપવા દો યાતનાઓ. ગુલામોની જેમ રાખશેને? બધું સહન કરી લઈશું. બસ, આવું જ બધું વિચારી, મેં એને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું- ડરો નહીં! હકીકતમાં અમે આચાર્યજીને ગુરુદક્ષિણામાં "પુનર્દત્ત"ને પંચજનના પંજામાંથી છોડાવવાનું વચન આપ્યું છે. તેથી અમારે તો કોઈપણ કિંમતે પંચજન સુધી પહોંચવાનું જ છે. ઉલટું તમે તો જામીન બનાવીને અમારી મદદ જ કરી રહ્યા છો.

...જોકે પુનર્દત્તને છોડાવવાની વાત જાણીને એણે વધારે રકઝક કરી નહીં. હું પણ સમજી ગયો કે આચાર્યજીનું દુઃખ એનાથી અજાણ્યું નથી. એ પણ સમજી ગયો કે તે પુનર્દત્તને મુક્ત જોવા માગે છે. આ બાજુ હું પણ એ વિચારીને ખુશ હતો કે ચાલો પંચજનના રાજ્યમાં ઘૂસવાની વ્યવસ્થા તો થઈ ગઈ. ...પરંતુ સવાલ એ હતો કે હજુ પંચજનનું જહાજ આવવામાં સાત દિવસ બાકી હતા. હવે કરવા માટે બીજું કોઈ કામ તો બચ્યું નહોતું. અમારે આ સાત દિવસ પ્રભાસમાં જ વિતાવવાના હતા. તેથી અમે અહીં પણ પોતાનો એક નિત્યક્રમ ગોઠવી દીધો. જી હા, નિત્યક્રમમાં સવાર-સાંજ સમુદ્ર કિનારે ફરવા અવશ્ય જતા હતા. બાકી રાતનું ભોજન જૈવિકને ઘરે જ કરતાં હતા. અને આ બધા પછી, સમય બચે તો પ્રભાસના ચક્કર લગાવી આવતા અથવા બજારમાં ફરી આવતા. ...પરંતુ વધારે સમય તો દરિયા કિનારે જ પસાર થઈ રહ્યો હતો. અમારું સંધ્યા-સ્નાન પણ રોજ ત્યાંજ થઈ રહ્યું હતું. કલાકો સુધી બેસીને સમુદ્રને જોતા રહેતા. આમ પણ અહીં કરવા માટે બીજું હતું ય શું? જામીન બનીને જવાનું તો નક્કી થઈ જ ગયું હતું. ખબર નહીં, ત્યાં શું વીતે? ઓછામાં ઓછું અહીં મુક્તમને સમુદ્રની મજા તો માણી લઈએ, જેણે અમને આ રીતે ઘેલા કરી દીધા છે. આમ તો આ દરમિયાન મેં જૈવિક પાસેથી પુનર્દત્તના વિષયમાં જાણકારી મેળવવાની પણ કોશિશ કરી, પરંતુ દુર્ભાગ્યથી એ પણ એની બાબતમાં માત્ર એટલું જાણતો હતો કે પંચજન એને ઉઠાવીને લઈ ગયો છે. એ ક્યાં છે, જીવે છે કે નહીં, એ વિશે એ કશું જાણતો નહોતો.

ખેર! આ બધું તો ચાલી જ રહ્યું હતું. પરંતુ અહીં પ્રભાસમાં એક ખાસ વાત જોવા મળી રહી હતી કે અહીં દરેક જણ મદિરાનું ભારે શોખીન હતું. આમ તો મથુરામાં પણ મદિરાનું અત્યાધિક ચલણ હતું, પરંતુ પ્રભાસમાં તો દરેક જણ ભોજનની સાથે બંને સમયે મદિરાપાન કરવાનો વ્યસની હતો. ત્યાં સુધી તો ઠીક, પણ ખાસ વાત એ થઈ કે ચાખતાં ચાખતાં જ ભાઈને પણ મદિરા ગમવા લાગી હતી. હું તો બચી ગયો હતો પરંતુ એમને તો મજા પડી ગઈ હતી. એમને તો આદત જ પડી ગઈ હતી. હવે તો રોજ સાંજે સમુદ્ર કિનારે બેસીને ભાઈ મદિરા પીધા કરતાં હતા. હું પણ વાંસળી વગાડીને એમને સાથ દીધા કરતો હતો. વળી અહીં બોલચાલમાં પણ ઘણા નવા શબ્દ સાંભળવા મળતા હતા. એટલું જ નહીં, અહીંની વેશભૂષા, ભોજન, સંસ્કાર, સંસ્કૃતિ, બધું જ તદ્દન જુદું હતું. મને આમાં પણ મજા આવી ગઈ હતી. હું અહીંની દરેક નાનામાં નાની ભિન્નતા ધ્યાનથી જોયા કરતો હતો.

આમ તો અમારી અને તેમની પસંદ, અને જરિયાતોમાં વિવિધતા તો અહીંનું બજાર જોઈને પણ જાણી શકાતી હતી. અહીંનાં વસ્ત્રો અને આભૂષણોથી લઈને અહીંની ભોજન સામગ્રીઓ સુધીની તમામ વસ્તુઓ સર્વથા જુદી હતી. અહીં અનેક રંગોની ધોતીઓ અને વસ્ત્રો પહેરવામાં આવતાં હતા. અન્યથા મથુરા-ઉજ્જયિનીમાં તો મેં વધુમાં વધુ સફેદ, પીળા, ગુલાબી અને કેસરી રંગનાં વસ્ત્રો જ જોયાં હતા. અહીં તો લાલ, લીલા, ભૂરા, જાંબલી, બધા ભડક રંગો જ પહેરવામાં આવતા હતા. અહીંનું બજાર પણ મથુરાથી સંપૂર્ણ રીતે અલગ હતું. અહીં વસ્ત્રો, આભૂષણો અને ખાનપાનની દુકાનો બજારમાં ઘણી ઓછી હતી. એનાથી ઊલટું, અન્ય વ્યાવસાયિકોની મોટી મોટી દુકાનો વધારે હતી. લોખંડ અને લાકડાંનું કામ અહીં વધારે સારું અને તે મોટા પાયે થતું હોય તેવું લાગી રહ્યું હતું. રસ્તાની બંને બાજુ લાગેલી દુકાનોમાંથી દિવસભર ખટખટનો અવાજ આવ્યા જ કરતો હતો. સહુથી મોટી વાત તો એ કે પાક્કા કાળા રંગોનાં સ્ત્રી-પુરુષો પર અલગ અલગ રંગનાં વસ્ત્રો ઘણાં અજીબ લાગી રહ્યાં હતાં. બની શકે કે પહેલી વાર જોવાને કારણે આવું લાગી રહ્યું હોય. ભલેને જે હોય તે, અમારા અહીં આવ્યાનો આજે સાતમો દિવસ હતો, એટલે કે પંચજનના જહાજ આજકાલમાં આવવાનું અપેક્ષિત હતું.

...એ દિવસે હું અને ભાઈ આમ જ બજારમાં ફરી રહ્યા હતા. રોજ આવવાને લીધે અને જૈવિકના મહેમાન હોવાને લીધે અહીં ઘણાની સાથે અમારી ઓળખાણ પણ થઈ ગઈ હતી. જોકે અમુક હદ સુધી ભાષાની સમસ્યા જરૂર હતી, છતાં પણ વાતચીત તો થઈ જ રહી હતી. આ સમયે ભાઈ, સામે આવેલી એક મોટી દુકાન પર લોખંડના બની રહેલાં ચક્રોની કારીગરી સમજવામાં વ્યસ્ત હતા અને હું વસ્ત્રોની એક નાની દુકાન પર બેઠો બેઠો વસ્ત્રોની બનાવટ સમજવાની કોશિશ કરી રહ્યો હતો. ત્યાંજ અચાનક બધે દોડધામ થવા લાગી. ધડાધડ દુકાનો બંધ થવા લાગી. આખા પ્રભાસમાં જાણે કે ભૂકંપ આવી ગયો. બધા ઝડપથી પોતપોતાના ઘર તરફ દોડી રહ્યા હતા. વહુ-દીકરીઓ તો રસ્તા પરથી એવી રીતે ગાયબ થવા લાગી હતી કે જાણે પૂરમાં ઊભો પાક ગાયબ થઈ જતો હોય. જોતજોતામાં આખા પ્રભાસમાં ભય અને આતંકનું વાતાવરણ છવાઈ ગયું હતું. બાબત સમજણની બહાર જઈ રહી હતી. ત્યારે ચારે બાજુ ‘જહાજ આવી રહ્યા છે’ના અવાજો થવા લાગ્યા. હવે ઘટના સમજાઈ. પ્રભાસવાસીઓને પંચજનના જહાજ દેખાઈ ગયા હતા. આ તો ઠીક, પણ પંચજનનો આટલો ભયાનક આતંક જોઈને મારા તો મોતિયા જ મરી ગયા. હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો, આ કોની સાથે બાથ ભીડવા નીકળી પડ્યા છો “કૃષ્ણ”? બીજા પ્રદેશોમાં જેનો આટલો આતંક છે, એ પોતાના રાજ્યમાં કેટલો શક્તિશાળી હશે? ...હશે. આ બધું પહેલાં વિચારવું જોઈતું હતું. હવે તો જે થશે તે જોયું જશે. અરે, મરીશું તો પણ ગુરુદક્ષિણા ચૂકવવાની ભાવદશા સાથે જ મરીશું, ઓછામાં ઓછું જીવન નકામું તો નહીં જાય.

બસ, આજ બધું વિચારતા અમે પાછા જૈવિકના ઘર તરફ દોડી પડ્યા. આ તરફ જૈવિક આજે વ્યસ્ત પણ લાગી રહ્યો હતો અને ગભરાયેલો પણ દેખાઈ રહ્યો હતો, એટલું જ નહીં, એનો આખો પરિવાર રસોડામાં ઘૂસી ગયો હતો. એકથી એક પકવાન પણ બનાવવામાં આવી રહ્યા હતા. કદાચ અમને પંચજનને ત્યાં બલીનો બકરો બનાવતા પહેલાં સારી રીતે ખવડાવી-પીવડાવીને મોકલવા માગતા હતા. હું અને ભાઈ ખુશ થયા કે ચાલો, આ બહાને આજે ભવ્ય ભોજન તો નસીબ થશે. ...પરંતુ, હકીકતમાં વૃતાંત તો કંઈ જુદો જ નીકળ્યો. વાત એમ હતી કે આજે પંચજનના સૈનિકોને ભોજન કરાવવાનો વારો જૈવિકનો હતો અને આખું કુટુંબ એની તૈયારીમાં વ્યસ્ત હતું.

આ તો ઠીક પણ અમને તો જોતાંવેંત જ ચૂપચાપ અમારા કક્ષમાં બેસાડી દેવામાં આવ્યાં. અમે બેસી પણ ગયા, પરંતુ બેસીને પણ કરીએ શું? બસ, પલંગ ઉપર બેઠા બેઠા, ઓરડીની નાની-સરખી બારીમાંથી બહાર જોઈ રહ્યા હતા. હાલત એવી હતી કે અમને ઓરડાની બહાર ન આવવાની સ્પષ્ટ સૂચના તો આપવામાં આવી જ હતી, ઉપરથી એમનામાંથી કોઈ અમારી પૂછપરજ કરવા પણ નહોતું આવી રહ્યું. ઉપરથી રસોડામાંથી આવી રહેલી મીઠાઈઓની સોડમે અમારી હાલત વધારે બગાડી દીધી હતી. વધુમાં, અમારા જેવા ખાઉંધરાઓના ભોજનનો સમય પણ થઈ ગયો હતો. આવામાં હું તો ઠીક, પણ ભાઈ ભારે ક્રોધથી લાલપીળા થવા લાગ્યા. તમે તો જાણો જ છો કે આમ પણ ભાઈથી ભૂખ સહન થતી ન હતી અને ઉપરથી મીઠાઈઓની સુગંધ, અને કરવામાં આવી રહેલી ઉપેક્ષાથી એમનું ગુસ્સે થવું સ્વાભાવિક હતું. એમણે મને કહ્યું પણ ખરું, જોઈ જૈવિકની દુષ્ટતા. હજી સુધી આપણને ભોજન માટે નથી બોલાવી રહ્યો. આપણા માટે રોજ સાદું ભોજન અને આ રાક્ષસો માટે મીઠાઈ.

એમની ઘણી આગતા-સ્વાગતા થઈ રહી છે. લાગે છે આ દુષ્ટને સીધો કરવો જ પડશે.

...સ્પષ્ટ હતું કે ભૂખને કારણે ભાઈનો અહંકાર કંઈક વધારે જ ઘવાઈ રહ્યો હતો. ભાઈ હવે પોતાને અપમાનિત પણ માનવા લાગ્યા હતા. એક તો ભૂખ, ઉપરથી અપમાન, બસ, આજ બંને ચીજ તો ભાઈની નબળાઈ હતી. હવે કમજોરી તો ભલે રહી, પણ એમાં જૈવિકને ઠીક કરવાની વાત ક્યાંથી આવી ગઈ? આમ તો એ સારું હતું કે મને અનેક પ્રસંગે સમયસર એમને શાંત કરવાનો સારો એવો અભ્યાસ હતો, નહિતર તો આજે કોઈ મોટી દુર્ઘટના થવાની જ હતી. મેં એજ ક્ષણે ભાઈને શાંત કરવાની ચેષ્ટા કરતાં કહ્યું પણ કે તમે નાહક કષ્ટ કરી રહ્યા છો; આ આગતા-સ્વાગતા રાક્ષસોની નહીં, પણ એમના આતંકની થઈ રહી છે. પરંતુ ભૂખ્યા ભાઈ કંઈ પણ સમજવા તૈયાર નહોતા. ઊલટા મારા પર ગુસ્સે થઈ ગયા. હાલ એ હતા કે ભૂખ ભાઈથી સહન થઈ રહી નહોતી અને ભારે મને પડી રહ્યુ હતું. આમ તો ભોજન મારી પણ દુખતી નસ હતી, પણ તેમ છતાં હું સામાન્ય રહી શકતો હતો તો એનું શ્રેય મારા સ્વભાવની એક નિરાળી વાસ્તવિકતાને જાય છે કે જેની હેઠળ, પ્રભાસમાં પહેલો કદમ મૂક્યો હતો ત્યારથી અમારી ગુરુદક્ષિણા ચૂકવવાની યાત્રા શરૂ થઈ ગઈ હતી. આથી હવે અમારી સાથે જે કંઈ પણ બને છે, અથવા અમારે જે કંઈ પણ સહન કરવું પડે છે, એ બધું મારા માટે ગુરુદક્ષિણા ચૂકવવાની દિશામાં પગ માંડવાથી વિશેષ બીજું કંઈ જ નહોતું.

ખેર! જેમતેમ એક જ પથારી પર બેઠા બેઠા અને બારીની બહાર જોતા જોતા આ સમય પણ પસાર થઈ ગયો. રાક્ષસ જતા રહ્યા હતા, અને જલ્દી જૈવિકનું નિમંત્રણ પણ મળ્યું. આ તરફ નિમંત્રણ મળતાં જ, ભાઈ થોડા શાંત થયા. ...અને જેવી એમની થાળીમાં મીઠાઈ પીરસાઈ કે એજ ક્ષણે એમનો ક્રોધ પૂરેપૂરો છૂમંતર થઈ ગયો. કહેવાની જરૂર નથી કે અમે બંનેએ પેટ ભરીને ભોજન કર્યું. જૈવિક તો અમારો ખોરાક જોઈને દંગ જ થઈ ગયો. આ તરફ ભાઈ તો ખાધા પછી સૂઈ ગયા, પણ મને ઊંઘ જ નહોતી આવી રહી. ચોક્કસપણે ખુલ્લી હવામાં શ્ર્વાસ લેવાનો આજે છેલ્લો દિવસ હતો. કાલે તો ગુલામો જેવું જીવન વિતાવવા જઈ જ રહ્યા હતા. આવામાં, મારું તો ઠીક, પણ મને ચિંતા તો ભાઈની થઈ રહી હતી. ફરી-ફરીને ભાઈનો ત્રાસ તો મારે માથે જ પડવાનો હતો. જો એક વખતની ભૂખે એમને આટલા પરેશાન કરી દીધા હતા ...તો કાલથી કોણ જાણે શું શું સહેવું પડશે, ત્યારે તે શું કરશે? શું... શું કરશે? જેટલું એમને સહેવું પડશે, એનાથી હજારગણું મારા પર વીતશે. બસ, આ ચિંતાએ મારી ઊંઘ ઉડાડી દીધી હતી. હવે ત્યાં હું ભાઈને સંભાળું કે પંચજનના કબજામાંથી પુનર્દત્તને છોડાવવાના ઉપાયો પર ધ્યાન આપું? આમ સરવાળે, આખી રાત હવે પછી આવનારી મુસીબતો માટે જાતને તૈયાર કરવામાં વીતી ગઈ.

આજે મારા જીવનમાં કર્મનો એક નવો જ અધ્યાય શરૂ થવાનો હતો. મહાન ગુરુને ગુરુદક્ષિણા ચૂકવવાની યાત્રા પર નીકળવાનું હતું. બસ, બપોરના ભોજન બાદ, જૈવિકની સાથે અમે પણ સમુદ્ર કિનારે પહોંચી ગયા. આ દ્રશ્ય તો ખૂબ જ અદ્દભુત હતું. સમુદ્રકિનારે જ પથ્થરોથી બનાવેલો એક વિશાળ કિનારો અર્થાત્ સપાટ જગ્યા બની હતી. જેમાં બે વિશાળ જહાજ લાંગરેલાં દેખાતાં હતા. હવે નાની નાની અર્થાત્ બે ચાર વ્યક્તિ બેસી શકે એવી નાવો અમે મથુરા અને ઉજ્જયિનીમાં પણ જોઈ હતી, પણ આ જહાજ તો પચીસથી વધુ નાવ સમાઈ શકે એટલાં વિશાળ હતા. બીજી બાજુ કિનારા પર કેવળ આવન-જાવન જ નહોતી, પરંતુ સામાનની આપ-લે પણ થઈ રહી હતી. આ સમયે કિનારા પર અંદાજે બસો જેટલા વ્યક્તિ નજરે ચડી રહ્યા હતા. ચોક્કસપણે એમાં હું અને ભાઈ સહુથી અલગ લાગી રહ્યા હતા. અમે દૂરથી જ જોયું કે એક 'જલયાન'ની બહાર લાંબી કતાર લાગેલી હતી. સ્વાભાવિક રીતે એ જામીનોની કતાર હતી. જૈવિકે લઈ જઈને અમને પણ તે કતારમાં ઊભા કરી દીધા. હું કતારમાં તો ઊભો રહી ગયો હતો, પરંતુ આશ્ર્ચર્યમાં ગરકાવ થયેલી મારી નજર હજુ પણ જહાજને નિરખી રહી હતી. બીજી તરફ, જૈવિકે પણ અમને જામીનોની કતારમાં ઊભા કરતાં તો કરી દીધા હતા, પણ અત્યારે અમને આ રીતે જામીનો તરીકે સોંપીને જૈવિક અત્યંત દુઃખી લાગી રહ્યો હતો. એને ચોક્કસ જ અમને જામીનના રૂપે સોંપવાનું સારું નહોતું લાગી રહ્યું. તો અમને વળી ક્યાં જામીન બનીને જવાનું સારું લાગી રહ્યું હતું? એ વાત અલગ છે કે કર્તવ્ય નિભાવ્યાના સંતોષની સામે દુઃખ ફિક્કું પડી રહ્યું હતું, ...પણ ભાઈનું એવું નહોતું. એ કતારમાં ઊભા ઊભા વ્યાકુળ થઈને ખિજાવા લાગ્યા હતા. ખિજાયા કરે... મારે શું? મેં મારું ધ્યાન જહાજ પર ચડઉતર કરી રહેલા સૈનિકોની ગતિવિધિઓ ઉપર લગાવી દીધું હતું. ...એમ પણ કહી શકાય કે હું માનસિક સ્તરે પંચજન સાથે યુદ્ધમાં ઊતરી ચૂક્યો હતો.

આ તરફ જેનું નામ બોલવામાં આવી રહ્યું હતું તે પોતાની સાથે લાવેલો સામાન સૈનિકોને સોંપી રહ્યો હતો. જે સામાન લાવવામાં નિષ્ફળ થયા હતા તે સાથે લાવેલા જામીનને આગળ ધરી રહ્યા હતા. બીજી તરફ, સિપાહી સામાન અને જામીન, બંનેને જહાજ પર ચડાવવામાં વ્યસ્ત હતા. એમની બેસાડવાની પદ્ધતિથી જ લાગી રહ્યું હતું કે તેમના માટે સામાન અને જામીનમાં કોઈ ફર્ક હતો નહીં. અર્થાત્ આગળનો સમય કેવો વીતવાનો છે, તે સ્પષ્ટ થઈ ગયું હતું. આ તરફ ઘણી લાંબી રાહ જોયા બાદ, જૈવિકનો વારો પણ આવી જ ગયો. યોજના અનુસાર જ, જેવી જૈવિકે બંને હાથ જોડીને વેરો ચૂકવી શકવામાં પોતાની અસમર્થતા જાહેર કરી કે ત્યાં ઊભેલા સૈનિક પ્રમુખે કડક અવાજમાં પૂછ્યું, તો જામીન સાથે લાવ્યા છો?

...જૈવિક બોલ્યો તો કંઈ નહીં, પણ અમારો હાથ પકડીને તેમની સાથે ધરી દીધા. પછી શું હતું, સૈનિકે ઘણી નિષ્ઠુરતા સાથે ધક્કો મારીને અમને જહાજ ઉપર ધકેલી દીધા, અને ચૂપચાપ ત્યાંજ જમીન પર બેસાડી દીધા. આ સ્થાન જામીનદારોથી ખીચોખીચ ભરાયેલું હતું. આટલું ઘોર અપમાન જોઈ, ભાઈનો અહંકાર અકળાવા લાગ્યો. એનાથી વિપરીત, હું ચૂપચાપ પલાંઠી

મારીને એવી રીતે બેસી ગયો માનો કે કશું થયું જ ન હોય. મારે માટે તો આ બધું ગુરુદક્ષિણા ચુકવવાની યાત્રા જ હતી, આવામાં માન શું અને અપમાન શું? ...આમ તો અમને જ્યાં બેસાડવામાં આવ્યા હતા, તે કદાચ જહાજનો પાછળનો ભાગ હતો. ધ્યાન આપવાલાયક ખાસ વાત એ પણ હતી કે અમે ચારે બાજુથી સૈનિકોથી ઘેરાયેલા હતા, જે સામે બનેલી લાકડાની પાટલીઓ ઉપર અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ થઈ, ખૂબ જ શાનથી બેઠા હતા. હું વિચારવા લાગ્યો કે જો જહાજ પર આટલી સુસજ્જ સેના છે, તો રાજ્યની સ્થિતિ શું હશે? ક્યાંક આ યાત્રા જીવનની અંતિમ યાત્રા તો નહીં બની જાય ને? ...આ શું! હું પણ શંકાપી કંપ અનુભવી રહ્યો છું? તરત મેં જાતને સંભાળી. અસ્તિત્વમાં નિશ્ચિંતતા લાવ્યો. કારણ, આપણી જ શંકાના કંપન તો પરિણામ બગાડે છે. આપણો જ "વિશ્ર્વાસ" તો આપણને વિજયી બનાવવામાં સહયોગ આપે છે. ...બસ, આજ વિચારીને ફરી એક વાર મેં પોતાની જાતને પૂરા આત્મવિશ્ર્વાસથી ભરી દીધી. પંચજન પાસે સેના છે, તો શું થયું...? મારી પાસે પણ એક ખતરનાક ફળદ્રુપ મગજ છે.

ખેર! આ તરફ સાંજ પડતા જ બંને જહાજ નીકળી પડ્યા. મને તો મજા આવી ગઈ. હું તો વારંવાર ઊભો થઈને બાળકોની જેમ બહાર ડોકિયું કરવા લાગ્યો. મને જ્યાં સૈનિક બેઠા હતા, ત્યાં બેસવાનું મન થવા લાગ્યું. ચોક્કસપણે ત્યાંથી બહારનું દ્રશ્ય સ્પષ્ટ દેખાતું હશે. પરંતુ અમારા ભાગ્યમાં આ સુખ ક્યાં હતું? ગુલામીનો આ મારો પહેલો અનુભવ હતો અને હું આ અનુભવ પછી વિશ્ર્વાસપૂર્વક કહી શકું છું કે ગુલામીથી મોટું કોઈ દુર્ભાગ્ય નથી. ખેર, પ્રત્યેક જહાજમાં લગભગ પચાસેક જામીન હતા. એમને જોઈને ક્મસેક્મ એકલા હોવાનો અહેસાસ થોડો ઓછો જરૂર થતો હતો. સ્પષ્ટ વાત છે, 'મુસીબતમાં સાથી સારા'. ...ત્યાંજ બીજી બાજુ, મારા અંદાજ મુજબ, દરેક જહાજમાં લગભગ પચીસ જેટલા સૈનિકો તો ચોક્કસ હશે. જહાજની બનાવટની વાત કરું તો લાકડાંનાં બનેલાં આ જહાજના કેન્દ્રમાં કંઈક ઘર જેવું બનેલું હતું અને તેની બંને બાજુ આ ખુલ્લો ભાગ હતો જ્યાં અમને બેસાડવામાં આવ્યા હતા. અમારી ચારે તરફ સૈનિકોને બેસવા માટે લાકડાની જ એક બેઠક બનાવાઈ હતી. જહાજના બંને ભાગમાં લગભગ આઠ આઠ લોકો લાકડીના બનેલા મોટા દંડાઓથી હલેસાં મારી જહાજને હાંકી રહ્યા હતા. અમારી સામેવાળા ખૂણામાં દોરડાની ગૂંથેલી એક ઊંચી જાળ હતી, જેના પર એક વિશાળ ધજા-પતાકા ફરફરી રહી હતી. ભલેને જે હોય તે, જેમ જેમ જહાજ ચાલી રહ્યું હતું, તેમ તેમ ફૂંકાનારી ઠંડી હવા ઘણો આરામ આપી રહી હતી.

આ બધું તો ઠીક, પણ આ તરફ જહાજ હજી થોડે દૂર જ ગયું હતું કે સૈનિકોએ ગુલામીની પાક્કી અનુભૂતિ કરાવી દીધી. બધાના હાથ દોરડાંથી બાંધવામાં આવ્યા. આ તો હદ થઈ ગઈ. ...ચાલો, મેં તો ચૂપચાપ હાથ બંધાવી લીધા, પરંતુ આ તરફ જ્યારે ભાઈના હાથ બાંધવાનું થયું તો એમણે મારી તરફ ભારે ઘુરકિયાં કર્યાં. વાત તો સાચી હતી. ગુનેગાર હું જ હતો. ગુરુદક્ષિણા ચૂકવવા માટે હું જ ઉતાવળો થયો હતો. હવે મનુષ્યએ પોતાના કર્મોની સજા તો સહન કરવી જ પડે છે. પણ વાત અહીં પૂરી નથી થતી. સૈનિકોને માત્ર આટલાથી સંતોષ ન થયો, તેઓ ભાઈના હળ અને ગદા છીનવી લેવા પણ બેબાકળા થયા. ચોક્કસપણે એમના આ કૃત્યએ ભાઈના મનમાં લાગેલી આગમાં ઘી હોમવાનું કામ કર્યું. એ બરાબરના ભડકી ગયા, તેઓ તો વિરોધ પર ઉતરી આવ્યા. આ બાજુ, વાત વણસતી જોઈને હું વચ્ચે કૂદી પડ્યો અને એમને સમજાવવા લાગ્યો કે આપણે ગુલામ છીએ, અને ભલા ગુલામ હથિયાર કેવી રીતે લઈ જઈ શકે? ત્યારે જઈને ભાઈ હથિયાર આપવા રાજી થયા. ભાઈએ ગદા અને હળ આપી તો દીધા, પરંતુ એમના હાવભાવથી સ્પષ્ટ હતું કે તે મારા ઉપર ખૂબ જ ગુસ્સે છે. એક તો ભાઈ આમ પણ સ્વભાવથી કોઈની ગુલામી સ્વીકારી શકતા નહોતા, ઉપરથી ગદા અને હળ ઝૂંટવી લેવા પર તો મહાયુદ્ધ થયું જ સમજો. આજ તો મારી અને અન્ય વ્યક્તિઓની સમજણ વચ્ચેનો ફરક હતો. મારી સમજણ મુજબ, જો ભાઈ આ સમયે ગુલામી સ્વીકારવા ન માગત તો એનો સીધો અર્થ એ થાય કે તેઓ "પુનર્દત્ત"ને છોડાવવા પણ નથી ઈચ્છતા. મારી દ્રષ્ટિમાં, તેઓ આમ કરીને ગુરુદક્ષિણા ચૂકવવાથી કતરાઈ રહ્યા હતા. એમનાથી વિપરીત, મારે માટે તો "ગુરુદક્ષિણા" ચૂકવવી એ કર્તવ્ય હતું. અને જો મેં એક વાર કોઈ કામ કર્તવ્ય માનીને સ્વીકારી લીધું હોય, તો પછી એજ ક્ષણથી એ કર્તવ્યને સમર્પિત થઈ જતો. વાત સમજવાલાયક છે; "પંચજન"ના પંજામાંથી પુનર્દત્તને છોડાવવાનું કામ ઘણું મોટુ હતું; એક લાંબી યાત્રા હતી. પહાડના શિખર પર ચડવા જેવું હતું એ, અને પહાડના શિખર પર એક એક સીડી કરીને જ ચઢી શકાય છે. એટલે મારે માટે અપમાન સહેવું, બેડીઓ બંધાવવી કે ગદા આપવી, એક એક સીડીઓ ચઢવા જેવું છે; અને ચોક્કસપણે આવી ઘણી સીડીઓ ચઢીને જ આ કામને અંજામ આપી શકાતો હતો.

ખેર! આ તો સારું હતું કે ભાઈના સ્વભાવથી હું સારી રીતે વાકેફ હતો. અને સાથે જ હું આ યાત્રાની કઠણાઈથી પણ અજાણ નહોતો. મને ખબર જ હતી કે આ સમગ્ર યાત્રા દરમિયાન મારે બે-બે સંઘર્ષોથી એકસાથે અવિરતપણે પસાર થવું પડશે. એક, ભાઈના અહંકારથી અને બીજું, પંચજનની શક્તિથી. અને હું પોતાને સંપૂર્ણ રીતે તૈયાર કરીને જ આ યાત્રા પર નીકળ્યો હતો. આમ પણ, મને આ બધી વાતોથી શું ફરક પડવાનો હતો? હું તો સંઘર્ષ કરવાનો, સંઘર્ષોમાં જીવવાનો અને એજ સંઘર્ષોને રાસ માનીને એમનો આનંદ લેવા ટેવાય ચૂક્યો હતો. કારણ કે જો હું મારા આનંદ માટે કુદરત કે પરિસ્થિતિઓના ભરોસે રહેત તો કદાચ અત્યાર સુધી હસવાનું જ ભૂલી ગયો હોત. ...આમ તો બે જ શા માટે? મારે એક સંઘર્ષ જાત સાથે પણ કરવો પડી રહ્યો હતો. મારે કોઈપણ સંજોગોમાં મારો આત્મવિશ્ર્વાસ પણ ટકાવી રાખવાનો હતો, નહીં તો વિજય કેવી રીતે પ્રાપ્ત થશે? આવામાં જીતવાની જે આદત પડી ગઈ છે તેનું શું થશે? તદ્ઉપરાંત આ લડાઈ તો મહાન ગુરુને દક્ષિણા આપવા માટે પણ

જીતવી અનિવાર્ય હતી. અને જો કોઈ મોટી લડાઈ જીતવી હોય તો ઘણાં મોરચા પર એકસાથે કામ કરવા જ પડે છે. અહીં પણ ઉપરોક્ત વાત સંપૂર્ણ રીતે ચરિતાર્થ થઈ રહી હતી. એક બાજુ જ્યાં હું સતત પંચજનની શક્તિનું વિશ્લેષણ કરી રહ્યો હતો, ત્યાં બીજી બાજુ, જહાજ પર ચાલી રહેલી સૈનિકોની ગતિવિધિનું નિરીક્ષણ કરતાં રહેવામાં પણ ચૂકતો નહોતો. જોકે મારા માટે આ બધી કોઈ મોટી સમસ્યા ન હતી, અસલી સમસ્યા તો ભાઈની હતી, જેને હું સાથે જ લઈને ચાલી રહ્યો હતો. કહેવાની જરૂર નથી કે મારી મોટા ભાગની શક્તિ એમને સંભાળીને રાખવામાં જ ખર્ચ થઈ રહી હતી. આ તો સારું હતું કે જીવનના કોઈપણ સંઘર્ષને હું એક રમતથી વધારે મહત્ત્વ નહોતો આપતો, અને ધ્યાનથી જોવામાં આવે તો જીવનના તમામ સંઘર્ષો પણ એક રમત જ છે. ...હું ખોટું નથી કહી રહ્યો, મારે મન તો અહીં ભાઈ અને પંચજનના સૈનિકો સાથે એક રમત રમવાનું ચાલુ જ હતું. પંચજનના સૈનિકો ભાઈના હાથ બાંધીને એમને ક્રોધિત કરવાની કોશિષ કરતાં, અને હું કોઈપણ રીતે ભાઈને શાંત કરી આ રમત જીતી જતો. પછી હારેલા સૈનિકો ભાઈની ગદા ઝૂંટવી, જીતવાનો પ્રયત્ન કરતાં, અને ફરી હું એમને શાંત કરીને આ રમત જીતી જતો. હવે તમે જ કહો કે, આ મારા અને પંચજનના સૈનિકો વચ્ચેની રમત નહીં તો બીજું શું ચાલી રહ્યું હતું? બસ, આ ખેલનું દુ:ખદ પાસું એ હતું કે ભાઈ આ રમતનું રમકડું બની ગયા હતા. આમ પણ અહંકારને હંમેશાં બીજાના હાથનું રમકડું બનીને જ જીવવું પડે છે. ...કારણ કે અહંકારનું પોતાનું કોઈ વ્યક્તિત્વ તો હોતું નથી, એ પોતાને પણ બીજાની નજરોથી જુએ-જાણે છે. આમ તો કહ્યું છે કે એકથી બે ભલા; પરંતુ હું મારા વર્તમાન અનુભવથી કહી શકું છું કે એ બંને એક જેવા હોય... તો, પણ જો અહંકારી સાથે ફસાઈ જવાય, તો નાહક એને સંભાળવામાં જ ઘણી બધી શક્તિ વેડફાઈ જાય છે.

ખેર! આમ રમતા-રમાડતાં રાત થઈ ગઈ. બંધાયેલા હોવાને લીધે, હાથ પગ જકડાઈ પણ ગયા હતા. હશે, પૂનમની રાત હતી અને ચાંદ સોળે કળાએ ઊગ્યો હતો. ચાંદ આમ પણ મારી દુખતી નસ હતી. ઉપરથી પૂનમનો ચાંદ દેખાય અને હું પાગલ ન થઈ જાઉં, એવું તો બની જ ના શકે! અને આમ પણ અહીંના સંજોગો જોતાં, ધ્યાન બીજે ક્યાંક લગાડવામાં જ ભલાઈ હતી. તેથી, હું તો બસ, બધું જ ભૂલીને ચાલતા જહાજમાંથી ચંદ્ર-દર્શનના આનંદમાં તરબોળ થઈ ગયો. અને તરબોળ પણ એવો થયો કે દુધિયા ચાંદની સુંદરતા જોઈ, ચાંદ પર રહેવાના સપનાં જોવા લાગ્યો. હતો ને પાગલ! ધરતી પર માળો નહીં, હાથોમાં બેડી પહેરેલી છે ને મોતનો કોળિયો બનવા જઈ રહ્યો હતો; અને ચાંદ પર વસવાના સપનાં જોઈ રહ્યો હતો! કહો ભલા આનાથી વધારે સકારાત્મક કોઈ શું વિચારે? જોકે આ વાતનું એક બીજું પાસું પણ હતું. ...હવે ગરીબ અને ગુલામ સપનાં નહીં જુએ તો બીજું કોણ જોશે? ગરીબ તો હું પહેલેથી જ હતો, રહ્યોસહ્યો હતો તો આ સમયે “પાક્કો ગુલામ” પણ બની જ ચૂક્યો હતો. આમ, જેવો દેશ, તેવો વેશ. સપનાં જુઓ અને મજા લો. આમ તો વિચારવા જેવી વાત એ પણ હતી કે જો ગુલામ સપનાં ન જોઈને હકીકતને જોવા લાગે, ...તો એની હાલત પણ ભાઈ જેવી ન થઈ જાય! જીવનમાં આજ તો એ પળ હોય છે, જ્યારે સપના જોવાનું જરૂરી બની જાય છે. આમ તો હવે ભોજનનો સમય પણ થઈ ગયો હતો. પેટમાં બિલાડા બોલવાનાં શરૂ થઈ ગયાં હતા. એમનો ક્રોધ પોતાની પરાકાષ્ઠાએ પહોંચી ચૂક્યો હતો. પરંતુ આ શું? ગુલામોને ભોજન પીરસાવાનું નહોતું. એમણે ભૂખ્યું જ સૂવાનું હતું. એક તો ભોજનનો સમય... પેટમાં બિલાડાં બોલે, અને ઉપરથી આંખ સામે ગપાગપ ખાઈ રહેલા સૈનિકો. મારું તો ઠીક, પણ ભૂખ્યા ભાઈની શું હાલત થઈ રહી હશે? કદાચ, હવે આ તમારા લોકો માટે પણ સમજવાનું વધારે મુશ્કેલ નહીં હોય! ઠીક સમજ્યાં, મોટી મુસીબતે કનૈયાના દ્વાર પર ટકોરા માર્યા હતા. નક્કી જ, હવે ભાઈને સંભાળવાનું સહેલું નહોતું. ...તો શું? મારા માટે તો આ બધું પણ એક રમત માત્ર હતું. ફર્ક માત્ર એટલો હતો કે હવે પ્રતિદ્વંદી બદલાઈ ગયા હતા. પહેલા સૈનિક ભાઈને ગુસ્સે કરી રહ્યા હતા, હવે ભૂખે ભાઈને ક્રોધિત કરી મૂક્યા હતા. મારે તો ગમે તે સંજોગોમાં, ભાઈના ક્રોધને શાંત કરીને આ રમત જીતવાની જ હતી.

...આમ તો ભૂખ મને પણ લાગી રહી હતી. પરંતુ ઉપાય વગરના વિષયમાં જાતને પરેશાન કરવી એ મારો સ્વભાવ નહોતો. આજ તો મેં ગીતામાં અર્જુનને કહ્યું હતું- “જીવનમાં ઉપાય વિનાના વિષય બાબતે નકામી ચિંતા ન કરવી જોઈએ [55] .” ખેર, હમણાં અહીં ધીમે ધીમે ભૂખ ભાઈના માથે ચઢીને બોલવા લાગી હતી. એમનો ક્રોધ પોતાની પરાકાષ્ઠાએ પહોંચી ચૂક્યો હતો. એમને તે જ ક્ષણે શાંત કરવાનું જરૂરી થઈ પડ્યું હતું, નહીંતર કાગારોળ મચી શકે તેમ હતી. તે મારામારી કરવા પર ઉતરી આવે તેમ હતા. મેં ચૂપચાપ મારા પ્રયત્નો શરૂ કરી દીધા. ભાઈને સમજાવતા કહ્યું, નકામો ક્રોધ શા માટે કરી રહ્યા છો? ક્રોધ આપણને જ બાળે છે.

ભાઈ બોલ્યા- રહેવા દે. તમામ મુસીબતનું મૂળ તું જ છે. જો એજ સમયે ગદા આપવાને બદલે મેં આમનું માથું ફોડી નાખ્યું હોત, તો... આટલું કહીને ભાઈ ચૂપ થઈ ગયા. હજી હું એમને શાંત કરવાના પ્રયાસ રૂપે મારું મોં ખોલવા જઈ જ રહ્યો હતો કે તે ફરી અકળાઈ ગયા... રહેવા દે, તું એટલા માટે કહી રહ્યો છે, કારણ કે તારી વાંસળી અને ચક્ર ઝૂંટવાયા નથી. ...લો, કરો વાત! પહેલાં હાથ બંધાવાનું દુ:ખ, પછી ગદા અને હળ લઈ લેવાનો ક્રોધ. પછી ભૂખ. હવે નવી વાત. મારા ચક્ર અને વાંસળી કેમ છીનવાયા નહીં? હવે ભાઈને કોણ સમજાવે કે ચક્ર અને વાંસળી કંઈ હથિયાર થોડાં જ છે? નાહક મારી સાથે સરખામણી કરીને શા માટે પરેશાન થવું? જોકે એક રીતે તો સારું પણ હતું કે કોઈને કોઈ બહાને એમના ક્રોધને દિશા તો મળી રહી હતી. કારણ કે મોટે ભાગે, ધરબાયેલો ક્રોધ વધારે ખતરનાક પરિણામ લઈને આવે છે.

ચાલો, આ પણ જવા દો... આ બાજુ અચાનક શું થયું કે મોજાંઓ એટલા ઉગ્ર થઈ ગયા કે જહાજ જોરથી હિલોળા લઈ રહ્યું હતું. જહાજ એટલું જોરથી હાલી રહ્યું હતું કે અમે તો અમે, સૈનિકો સુદ્ધાંની બોલતી બંધ થઈ ગઈ હતી. આટલું જ નહીં, જહાજનો નાયક તમસ પણ આમતેમ ભાગતો દેખાઈ રહ્યો હતો. એના ચહેરાનો ભય ચોક્કસપણે કોઈ મોટી ગરબડ તરફ ઈશારો કરી રહ્યો હતો. જોતજોતામાં આખા જહાજ પર હાહાકાર મચી ગયો હતો. મેં તો મારી નજર તમસ પર માંડી દીધી હતી. જે દિશામાં એ દોડતો એજ દિશામાં હું મારું માથું ફરાવી લેતો. ...કદાચ કંઈ સમજાઈ જાય. પરંતુ જ્યારે જહાજ જ પહેલીવાર જોયું હતું તો કંઈ સમજમાં આવવાનો પ્રશ્ર્ન જ ઊઠતો નહોતો, અને ના તો અમને કંઈ કહેવામાં આવી રહ્યું હતું. આમ તો સૈનિકોની હાલત પણ અમારા કરતાં ખાસ નોંખી નહોતી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે એમને પણ આ આખી ઘટમાળથી અલિપ્ત જ રાખવામાં આવ્યા હતા. ...તેમ છતાંય એમાંના એકે હિંમત કરી, આમ તેમ ભાગી રહેલા નાયકને પૂછી જ લીધું- શું થયું?

ગભરાઈ ગયેલા તમસે માથું ખંજવાળીને કહ્યું, ભૂલ થઈ ગઈ, મને ધ્યાનમાં જ ન રહ્યું કે આજે પૂનમની રાત છે. ઉપરથી સમુદ્ર પણ આજે કંઈક વધારે જ તોફાની છે. હવે આપણા લોકોનું બચવાનું મુશ્કેલ છે. લાગે છે જહાજ જળસમાધિ લઈને જ માનશે. આટલું કહેતા કહેતા એણે ચાર સૈનિકોને લાકડાઓ પકડાવી જહાજને હલેસા દેવાનો આદેશ આપ્યો. પરંતુ સાચું કહું તો જહાજ એટલા જોરથી હિલોળા લઈ રહ્યુ હતું કે મને તો આટલા-માત્રથી કંઈ થતું નજર નહોતું આવી રહ્યું. લો! આ તો પંચજનથી પહેલા પંચજનનું જહાજ જ અમારો ઘાટ ઘડી નાખવા માટે તૈયાર થઈ ગયું છે. ખરેખર! મોત અને મારો ગજબનો ચોલી-દામન જેવો સાથ હતો. ગમે ત્યાંથી અચાનક મોં ફાડીને ધસી આવતું હતું. જોકે મોત સાથે એટલી વાર મુઠભેડ કરી હતી કે હવે તો મોતને મ્હાત આપવાની મને પણ જાણે ટેવ પડી ગઈ હતી. આટલી સહેલાઈથી આ ખૂબસૂરત જીવન મોતને સમર્પિત તો કરી શકાય તેમ નહોતું. સંકટ તો આવે જ છે, મનુષ્યની કર્મક્ષમતાની પરીક્ષા લેવા માટે. આવામાં મનુષ્ય જો આફતના સમયે કર્મ નહીં કરે, તો ક્યારે કરશે? આફત જ તો એ સમય હોય છે જ્યારે મનુષ્યએ પોતાના તન અને મનની જ નહીં, આત્માની પણ પૂરી શક્તિ લગાવી દેવી પડે છે. બસ, આ બધું વિચારીને જહાજ પર ચાલી રહેલી દરેક ગતિવિધિ વધુ ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયાસ કરવા લાગ્યો.

પણ શું સમજવાનો હતો? મને તો આજે ખબર પડી કે પૂનમના દિવસે સમુદ્ર અતિ તોફાની બની જાય છે. હવે ખબર પણ કેવી રીતે પડે? સમુદ્ર અને જહાજ જ પહેલી વાર જોઈ રહ્યો હતો. તેમ છતાંય મોતથી પીછો છોડાવવાનો પ્રયત્ન તો કોઈપણ હાલમાં કરવાનો જ હતો. સીધી વાત છે ...જાન છે તો જહાન છે. આ તરફ મારા અત્યાર સુધીના જીવનનો અનુભવ પણ પોકારી પોકારીને એજ કહી રહ્યો હતો કે "કર્મ" એ જાદુ છે, જેનાથી અટલમાં અટલ મોતને પણ ટાળી શકાય છે. અંતે, થોડી વાર તમાશો જોયા પછી જ્યારે કંઈ પણ સમજમાં ન આવ્યું તો મેં હિંમત કરીને જહાજના નાયક તમસને સીધું જ પૂછી લીધું- શું જહાજને બચાવવાનો કોઈ જ ઉપાય નથી?

આ તરફ તમસે સવાલ સાંભળતા જ મારી તરફ કરડાઈથી જોયું. પણ બીજી જ ક્ષણે મને હસતો જોઈને તે દંગ રહી ગયો. મારી નિશ્ર્ચિંતતાએ એને ચકિત કરી દીધો. કહી શકું છું કે અચાનક આ ભયભીત લોકોની વચ્ચે મારા વિશ્ર્વાસે મને વિશિષ્ટ બનાવી દીધો. એજ તો મારામાં અને બીજાઓમાં ફરક હતો. વાતવાતમાં ડરવું અને ગભરાવું બધાને આવડતું હતું, પણ કર્મ પર વિશ્ર્વાસ કોઈને ન હતો. મારો વિશ્ર્વાસ કર્મમાં હતો. કંઈ કરી શકતા હોય તો કરી લો, નહીંતર પરિણામ સ્વીકારી લો; પણ, દરેક સ્થિતિમાં પ્રસન્ન રહો. ...અને આ સમયે મારો આ સ્વભાવ રંગ લાવ્યો. મારી નિશ્ર્ચિંતતાએ તમસને જવાબ દેવા પર મજબૂર કર્યો. એ ખૂબ લાચારીવશ બોલ્યો- એક ઉપાય છે. જો ઉપર બાંધેલી ધજાની દોરી કોઈ રીતે ખોલી દેવામાં આવે...તો.

મેં તત્કાળ ધજા તરફ જોયું, પછી રસ્સી તરફ જોયું. રસ્સી ખરેખર ઘણી ઊંચે બંધાયેલી હતી. આ હાલક-ડોલક જતા જહાજ પર દોરડાથી ચઢીને ધજા ખોલવી ચોક્કસપણે અસંભવ હતું. ...તો શું, હવે બચવાનો કોઈ ઉપાય નથી? ત્યારે બીજો વિચાર આવ્યો, જો મરવું જ છે તો જહાજ ડૂબવાની રાહ જોવાને બદલે દોરડા પર ચઢવાનો પ્રયત્ન કરીને મરવાનું સારું નથી? હજી આ અસમંજસમાં ગૂંચવાયો જ હતો ત્યારે અચાનક જ મારો હાથ મારા ચક્ર સાથે ટકરાયો. ...હવે તો બાજી મારા હાથમાં આવી ગઈ હતી. ચક્ર માટે આ ક્યાં અઘરું કામ હતું? કદાચ, ચક્ર ન છીનવી લેવાની ભૂલ પણ એટલા માટે જ થઈ હતી કે પંચજનના સૈનિકો પર છવાઈ જવાનો મને મોકો મળી શકે. આમ પણ જીવનમાં હંમેશાં મોતે જ તો મને જીવવાનો રસ્તો બતાવ્યો હતો. સ્વાભાવિક પથી ચક્ર શું ધ્યાનમાં આવ્યું, હું નાચી ઊઠ્યો. હવે તો પંચજનના જહાજનું ભવિષ્ય મારા હાથમાં હતું. આ આવેગમાં, મેં નટખટ નખરા સાથે તમસને પૂછ્યું- જો હું આ દોરડું ખોલી દઉં તો?

એ બોલ્યો- તો, જે તમે કહો.

મેં કહ્યું- અમારી બેડીઓ ખોલી દેશો?

હજી એ કંઈ વિચારે કે બોલે, ત્યાં તો ભાઈ વચ્ચે જ કૂદી પડ્યા- અને મારી ગદા અને હળ પણ પાછાં આપવા પડશે.

આ સાંભળી, મેં પણ હસતાં હસતાં કહ્યું- એટલું જ નહીં, એમને ભોજન પણ કરાવવું પડશે.

...એ તરફ મરવાના આરે ઊભેલો માણસ શું ન કરે. તમામ શરતો સ્વીકારી લેવાઈ. જોકે પહેલાં માત્ર મારી બેડીઓ ખોલવામાં આવી. કર્મ મારે કરવાનું હતું, તેથી સ્વાભાવિક રીતે બેડીઓ પણ મારી જ ખોલવાની હતી. આમ તો મેં પણ કહ્યું જ

હતું, દોરડું કંઇ ઓછું ખોલી દીધું હતું કે ભાઈની બેડીઓ પણ ખોલી દેવામાં આવે. આ તરફ મારી બેડીઓ ખોલતાં જ હું કેન્દ્રબિંદુમાં આવી ગયો. સમગ્ર જહાજની આંખો મારા પર ચોંટી ગઈ. બધા જ વિચારી રહ્યા હતા કે હું આ તોફાનમાં જહાજના દોરડા પર કેવી રીતે ચઢીશ? પણ મારે ક્યાં દોરડા પર ચઢવાનું હતું? મારે તો અહીં ઊભા ઊભા મારા ચક્રની કમાલ બતાવવાની હતી. ...મેં તે જ ક્ષણે "ચક્ર" કાઢીને, સમય બગાડ્યા વિના દોરડાનું નિશાન તાક્યું. ...દોરડું ખૂલી ગયું. દોરડું ખૂલવાની સાથે જ ધજા નીચે પડી ગઈ. આ જોતાં જ આખા જહાજમાં ખુશીની લહેર પ્રસરી ગઈ. તમસની ખુશીનો તો પાર ન રહ્યો. સૈનિકો પણ નાચી ઊઠ્યા. બસ, તરત જ ભાઈની બેડીઓ પણ ખોલી દેવામાં આવી. બેડીઓ ખૂલતાં જ ભાઈ રુઆબથી ઊભા થઈ ગયા. વાત પણ રુઆબ કરવા જેવી હતી; તેમના ભાઈએ જહાજને બચાવ્યું હતું. ...બસ, જોતજોતામાં આખા જહાજમાં અમારો વટ વધી ગયો.

આ તો ઠીક, પણ હું તો કૂદીને સીધો લાકડાંની બનેલી નાની પાટલી પાસે પહોંચીને તેના પર બેસી પણ ગયો. જ્યારથી જહાજ પર ચઢ્યો હતો ત્યારની આજ તમન્ના લઈને તો બેઠો હતો. ચાલતા જહાજ સાથે ટકરાતી સમુદ્રની લહેરો અને તેનો અવાજ અને ઉપરથી ઝળહળી રહેલો પૂનમનો ચાંદ- દ્રશ્ય જ કંઈક એવું હતું કે કોઈપણ પાગલ થઈ જાય. જોકે મારા પર છવાયેલી આ ખુમારી સાથે પણ મેં એક નજર બિચારા દોરડાથી બંધાયેલા જામીનો પર પણ નાખી. ખરેખર એ બધા ઘણું કષ્ટ ભોગવી રહ્યા હતા. આમ તો રાહતના નામ પર આ સમયે બધા મોતનું સંકટ ટળવાની ખુશીમાં ઝૂમી પણ ઊઠ્યા હતા. ત્યારે જ મેં જોયું, કોણ જાણે કેમ અચાનક તમસની ખુશી જ છૂમંતર થઈ ગઈ. એટલું જ નહીં; એ ચૂપચાપ એક ખૂણામાં જઈને ઊભો રહી ગયો. વાત સમજણની બહાર થઈ રહી હતી. જહાજ બચી જાય અને નાયક તેમ છતાંય દુ:ખી રહે, વાત સમજમાં આવે તેવી નહોતી. તેથી હું જિજ્ઞાસાવશ સીધો તમસની પાસે પહોંચી ગયો. હવે મારી ઉપર રોકટોક હતી જ ક્યાં? આ તરફ મને પાસે આવેલો જોઈને પણ તમસ કંઇ બોલ્યો નહીં. પણ એના હાવભાવથી સ્પષ્ટપણે એ કોઈ ઊંડી ચિંતામાં ડૂબેલો દેખાઈ રહ્યો હતો. જોકે જ્યારે મેં એમને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો તો વાત સામે આવી ગઈ. એણે ઘણી વિનમ્રતા સાથે પૂછ્યું- શું તમે પાછળ આવનારા જહાજના પણ બંધનો ખોલી શકો છો?

છેક હવે વાત મારી સમજણમાં આવી હતી. જોકે વાત સાફ હતી, જે મુસીબતે આ જહાજને ઘેર્યું હતું, ચોક્કસપણે બીજું જહાજ પણ એની સામે ઝઝૂમી રહ્યું હશે. એટલે જહાજ પ્રમુખની ચિંતા વાજબી હતી. મેં પ્રસંગની ગંભીરતા સમજીને ભાવ ખાવાને બદલે, તે જ ક્ષણે હકારમાં માથું ધૂણાવ્યું. મારી હા જોઈને તે નાચી ઊઠ્યો. પછી બંને હાથ જોડીને ઈશારો કર્યો, તેનો અર્થ સ્પષ્ટ હતો, 'તો ભાવ કેમ ખાવ છો મહારાજ, ...ખોલી દો ને.'

લો, નથી ખાતા ભાવ. પરંતુ જહાજ દેખાય તોને. અમે લોકોએ ચારે તરફ દૂર દૂર સુધી નજર દોડાવાનું શરૂ કરી દીધું પણ જહાજ ક્યાંય નજરે આવતું નહોતું. તમસ બરાબરનો ગભરાઈ ગયો, ...કદાચ જહાજ ડૂબી ગયું હતું. જોકે એની ચિંતા એની જગાએ હતી, પરંતુ એ મારા પ્રત્યે સંપૂર્ણપણે કૃતજ્ઞ હતો. મેં એના જીવની સાથે સાથે આ જહાજ પણ બચાવ્યું હતું. આથી બીજા જહાજની ચિંતામાં ડૂબ્યો હોવા છતાં, પરોણાગતની રસમ નિભાવતા એ અમને બંનેને સન્માનપૂર્વક પોતાના કક્ષમાં લઈ ગયો, જ્યાં અમને ભોજનની સાથે સાથે મદિરા પણ પૂરી પાડી. હવે સમજમાં આવ્યું કે મધ્યમાં ઘર જેવો દેખાતો આ ભાગ વાસ્તવમાં જહાજના પ્રમુખનો બેઠક-કક્ષ હતો. કક્ષ એકદમ નાનો હોવા છતાં ભવ્ય હતો. તેની ત્રણે બાજુ બેસવાની વ્યવસ્થા હતી. ત્યાં ડાબી બાજુ, ત્રણ બારીઓ પણ બનાવવામાં આવી હતી, જ્યાંથી સમુદ્રનું દ્રશ્ય સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. હવે જે હોય તે, હાલ તો અહીંનું વાતાવરણ સંપૂર્ણ રીતે બદલાઈ ગયું હતું. જ્યાં અમે મજા લૂંટવાનું શરૂ કરી દીધું હતું, ત્યાં બીજી બાજુ, સમયની સાથે તમસની વ્યગ્રતા વધતી જઈ રહી હતી. હજી થોડા સમય પહેલા ઘાટ એ હતો કે અમે કષ્ટમાં હતા અને તે મોજમાં હતો. ખરેખર, કાળને પડખું ફેરવતા જરા પણ સમય નથી લાગતો. ખેર, મેં આમ જ વાતચીત દ્વારા એની સાથેની મિત્રતા ગાઢ કરવાના હેતુ સાથે પૂછ્યું- તમે આટલાં ચિંતિત કેમ લાગો છો? કમસેકમ આપણું જહાજ તો અત્યારે સુરક્ષિત છે.

એ દુ:ખી થતાં બોલ્યો- એ તો ઠીક, પરંતુ મારી ભૂલને કારણે બીજું જહાજ ડૂબી તો ગયું છે... આ નુકસાન બદલ, 'રાજા-પંચજન' મને કદી માફ નહીં કરે. તે અવશ્ય મને મૃત્યુદંડ દેશે.

...આ તો ખરેખર ચિંતાનો વિષય હતો. એના માટે જ નહીં, મારા માટે પણ. હજુ માંડ માંડ એક પ્રમુખ સાથે દોસ્તી થઈ હતી, જો એને જ મૃત્યુદંડ મળી જશે તો હું આટલું મોટું કામ કેવી રીતે પાર પાડીશ? એ તો ઠીક, બીજી રીતે વિચારું તો આ વાત મારા માટે ગભરામણ દેનારી પણ હતી. પંચજનનો રુઆબ કેવો હશે કે તેનાથી તેનો મંત્રી સુદ્ધાં આ રીતે ડરી રહ્યો છે? અર્થાત્ દુશ્મન, કઠિનથી કઠિન લાગી રહ્યો હતો. ...આવામાં પુનર્દત્તને છોડાવવાનો કોઈ રસ્તો ક્યાંયથી ખુલી શકવાનો હતો, તો એ તમસ દ્વારા જ ખુલી શકે તેમ હતો. આ તમસ દ્વારા જ આટલા ખતરનાક અને અજાણ પ્રદેશમાં પરિચયવાળા મંત્રીના "સાથ" અને "સહયોગ"ની જરૂરિયાત હતી. આમ સરવાળે એને બચાવવો જરૂરી થઈ ગયું હતું. ...પરંતુ હું પંચજનથી એને કેવી રીતે બચાવી શકીશ? ત્યાંના રાજકીય ન્યાયમાં દખલઅંદાજી કેવી રીતે કરી શકું? હું તો એવું વિચારવા લાગ્યો કે જાણે પંચજન મારા કહ્યામાં હોય. હું કહીશ, તમસને છોડી દો અને તે છોડી દેશે. જ્યારે વાસ્તવિકતા એ હતી કે તમસના કહેવા મુજબ, પંચજન તેને માફ નહીં કરે અને હું માત્ર એક તમાશો જોનાર જ બનીને રહી જઈશ. એનાથી ન માત્ર મહામુસીબતે બનેલો એક પ્રભાવશાળી

મિત્ર ગુમાવી દઈશ, પરંતુ સાથે સાથે પંચજન પાસેથી પુનર્દત્તને છોડાવવાની મારી તમામ આશાઓ પણ ધૂળમાં મળી જશે. ...એટલે, દરેક રીતે તમસની દોસ્તી અને એના પ્રભાવ, બંનેની મારે સખત જરૂર હતી. હવે જરિયાતો તો મનુષ્યની હજારો હોય છે, પરંતુ તેની પૂર્તિ કેવી રીતે કરવી એ સવાલ મુખ્ય હોય છે. અહીં પણ ઘટના કંઈક આવી જ રીતે ગૂંચવાયેલી હતી. ભૂલ તમસે કરી હતી, સજા પંચજને આપવાની હતી, હવે ભલા આમાં હું શું કરી શકવાનો હતો? ...કરી તો કંઈ જ શકવાનો નહોતો, પણ જરૂરિયાત એવી આવી પડી હતી કે કોઈ પ્રયત્ન કરવો પડે જ, એવું હતું.

આ તરફ આ બધી વાતોથી બેફિકર, ભાઈ પોતાની ખાણીપીણીમાં મસ્ત હતા. આમ પણ એમના હિસ્સામાં મને પ્રેમ કરવાનો અને જરૂર પડ્યે, બળપ્રયોગ કરવો - એ બે જ કામ હતા. સમજવા-વિચારવાની જવાબદારી એમણે બાળપણથી જ મને સોંપી દીધી હતી અને હું મારા કાર્યમાં લાગેલો જ હતો. મારું તમસને બચાવવા પર સતત ચિંતન ચાલુ હતું. દ્રશ્ય પણ એવું હતું કે કક્ષમાં ત્રણ વ્યક્તિ બેઠેલા હતા અને ત્રણેની ભાવદશાઓ અલગ અલગ હતી. જ્યાં તમસ ચિંતિત હતો ત્યાંજ હું ચિંતનમાં ગરકાવ હતો, અને ભાઈ હજુ પણ ખાવા-પીવામાં વ્યસ્ત હતા. કોઈ વાત નહીં, હાલ તો કહે છે ને કે સાચી દિશામાં કરવામાં આવેલું સતત ચિંતન પ્રાય: કોઈક કમાલના ઉપાય શોધીને લાવે છે. બસ, મારી સાથે પણ એવું જ બન્યું. મને વિચાર આવ્યો કે જહાજ પર આટલા કર્મચારી છે, પછી મૃત્યુદંડ એકલા તમસને જ શા માટે? કદાચ એટલા માટે કે એ સૌથી મોટા હોદ્દા પર છે. એનો અર્થ એ થયો કે જો એનાથી પણ મોટા હોદ્દા પર બિરાજમાન વ્યક્તિ શોધીને એના માથા પર દોષ ઢોળવામાં આવે તો તમસનો જીવ અને મારી આશાઓ, બંને બચાવી શકાય એમ હતું. બસ, મેં તે જ ક્ષણે તમસને માથું ખંજવાળતા પૂછ્યું- એક વાત બતાવો, મિત્ર! શું આ જહાજ પર તમારાથી પણ કોઈ મોટો અન્ય મંત્રી સવાર છે?

એ બોલ્યો- હા! અમારા સેનાપતિ ‘ચંડક’ આ જહાજમાં યાત્રા કરી રહ્યા છે. એમને મહારાજે મહામંત્રીનો હોદ્દો પણ આપેલો છે. એ બાજુના જ કક્ષમાં આરામ કરી રહ્યા છે.

...હું તો આ સાંભળતા જ ઝૂમી ઊઠ્યો, તથા પૂરા આત્મવિશ્વાસ સાથે સંબોધન કરતાં તમસને કહ્યું- હવે ચિંતાની કોઈ વાત નથી. તમે મારી સાથે એમના કક્ષમાં ચાલો. એમને જહાજ ડુબવાની સૂચના આપી દો. સાથે જ આ જહાજ મેં બચાવ્યું છે, એમ કહીને મારો એમની સાથે પરિચય કરાવી દો. બસ, પછી જુઓ, હું તમને પંચજનના ક્રોધથી કેવી રીતે બચાવી લઉં છું!

એનું શું હતું? એક તો પહેલેથી જ એ મારો ભક્ત બની ચૂક્યો હતો, ઉપરથી એનો જીવ બચાવવાનું આશ્વાસન પણ દઈ રહ્યો હતો. ના પાડવાનો તો સવાલ જ ક્યાં ઉઠતો હતો? એ તો તરત ઊભો થઈ ગયો. તેની સાથે જ હું પણ તૈયાર થઈ ગયો, બસ, ભાઈને ત્યાં મૂકીને અમે બરાબર બાજુમાં આવેલા કક્ષમાં પહોંચ્યા અને ટકોરા દીધા. આ કક્ષ તમસના કક્ષ કરતાં ન માત્ર મોટો હતો, પરંતુ વધારે સુવિધાઓથી પરિપૂર્ણ પણ હતો. આ બાજુ, ચંડક સામે જ મોટી બેઠકમાં પગ લંબાવીને મદિરા પી રહ્યો હતો. આ બાજુ હું દ્વાર પર તમસની પાછળ જ ઊભો હતો. તમસ તો સાધારણ કદ કાઠીનો હતો પરંતુ ચંડક અત્યંત કદાવર હતો. એકદમ નાની નાની આંખો, કાળો રંગ અને લાંબો ચહેરો. મજાની વાત એ કે પરંગ ન હોવા છતાં તેનું વ્યક્તિત્વ ઘણું જ આકર્ષક અને રુઆબદાર લાગી રહ્યું હતું. આવામાં મારાથી એને સીધો છંછેડવાનો સવાલ જ ઊભો થતો ન હતો. આ તરફ જેવી તમસે તેને જહાજ ડૂબવાની સૂચના આપી, ચંડકે તેને બહુ જ ખરાબ રીતે ઘૂરીને જોયું. પછી થોડી વાર મૌન રહીને ગર્જના સાથે બોલ્યો- કેવી રીતે?

તમસ તો એનો કડક અવાજ સાંભળતા જ થરથર કાંપવા લાગ્યો. બિચારો ધ્રૂજતા ધ્રૂજતા જ બોલ્યો- વાસ્તવમાં હું ભૂલી ગયો હતો કે આજે પૂનમની રાત છે.

આ વખતે ચંડકે બહુ ઠંડા કલેજાથી કહ્યું- ...તો પછી મૃત્યુદંડ માટે તૈયાર રહો.

હું ચૂપચાપ ઊભો ઊભો આ તમાશો જોઈ રહ્યો હતો. ગરબડ એ કે ડરને કારણે, તમસ મારો પરિચય આપવાનું જ ભૂલી ગયો હતો. અંતે કોઈ ઉપાય ન જોઈને હું પરિચય વિના જ કૂદી પડ્યો અને આગળ આવીને ચંડકને સીધું સંબોધન કરતાં બોલ્યો- શું હું તમને કોઈ નિવેદન કરી શકું છું?

છેક હવે ચંડકની નજર મારા પર પડી. એણે ઘણી તુચ્છ નજરે મને જોઈને તમસને પૂછ્યું- આ કોણ છે, અને તેને અહીં કેમ લાવ્યો છે?

ત્યારે જઈને તમસને ભાન થયું કે તે મારો પરિચય આપવાનું જ ભૂલી ગયો છે. એજ ક્ષણે એણે ચંડકને મારો પરિચય કરાવતા કહ્યું- આ જૈવિકના જામીન છે, ખૂબ જ વીર અને હોશિયાર છે. આપણું આ જહાજ બચી ગયું છે, તે આમની મહેરબાનીનું જ પરિણામ છે.

ચંડક નખશિખ મને જોઈ રહ્યો, જાણે કે શોધી રહ્યો હોય કે શું ખરેખર હું જહાજ બચાવી શકું એમ છું કે નહીં. એને એવું તો નહોતું લાગી રહ્યું, ...પણ તમસે કહ્યું છે તો માનવું તો પડશે જ. આથી હવે સીધો મને સંબોધન કરીને બોલ્યો- કહો, શું કહેવા માગો છો?

મેં વિચાર્યું, ગોળ ગોળ ફેરવીને વાત કરવાની જગ્યાએ સીધો જ ઘા કરવામાં આવે. કદાચ બીજી વાર મોકો મળે ન મળે. ક્યાંક ગુસ્સે થઈને કક્ષની બહાર જ ન મોકલે? આથી મેં તરત જ ચિંતિત હાવભાવ બનાવીને કહ્યું- હું ક્યારનો અહીં ઊભો ઊભો

તમારી વાતચીત સાંભળી રહ્યો હતો. ક્ષમા કરજો, પણ મારી સમજણથી, મૃત્યુદંડ તો તમને પણ મળશે.

આ સાંભળતાં જ, ચંડક ચમકી ગયો- મ... મ... મ... મને કેમ?

...એના ચોંકવાનો અર્થ સાફ હતો કે તીર નિશાન પર વાગી ગયું હતું. હવે વાર શેની કરવાની? હું પણ ગોતીને દૂરની કોડી જ લાવ્યો હતો. આથી મેં સવિસ્તાર સમજાવતા કહ્યું- સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જો નાનો અધિકારી કોઈ ખોટો નિર્ણય લે, તો એ મોટા અધિકારીનું કર્તવ્ય છે કે તેના એ નિર્ણયને સુધારે. મને લાગે છે કે મહારાજ, એની સાથે સાથે તમને પણ બરાબર જ દોષી માનશે.

આ સાંભળતા જ ચંડકના તો હોશ ઊડી ગયા. એની સમજમાં પણ વાત આવી ગઈ. આખા કક્ષમાં સન્નાટો છવાઈ ગયો. આ સાંભળીને તમસ જરૂર થોડો સામાન્ય થયો. ચોક્કસપણે જ એણે વિચાર્યું હશે કે ચાલો, એકથી બે ભલા. આમ તો આ એમનો આંતરિક પ્રેમ હતો. મારા માટે તો ચંડકનો ડર સીડીનું કામ કરી રહ્યો હતો. કારણ કે હવે તમસની સાથે સાથે ચંડક પણ કાંપવા લાગ્યો હતો. અને ભયભીત થયેલાને વશ કરવાનું હંમેશાં સહેલું હોય છે. અંતે, કક્ષમાં છવાયેલું મૌન મારે જ તોડવું પડ્યું. બીજું કોણ તોડે? એ બંનેના માથે તો મોતનો ઓથાર છવાયેલો હતો. ...જ્યારે મારા માટે તો મોકો પણ હતો અને માર્ગ પણ... હું તરત મુદ્દાની વાત પર આવી ગયો. મેં ઘણા આત્મવિશ્વાસ સાથે કહ્યું- પરંતુ હું તમને બંનેને બચાવી શકું છું...

બંને એકસાથે બોલી ઊઠ્યા- એ કેવી રીતે? અમને બચાવી લો. અમારું બચેલું જીવન અમે તમારા નામે લખી દઈશું.

આજ આશ્વાસન તો હું ચાહતો હતો. આથી આ વેળા થોડા વધારે રુઆબથી બોલ્યો- ઠીક છે, એક કામ કરજો. જ્યારે તમને લોકોને “પંચજન”ની સામે રાજદરબારમાં ન્યાય માટે રજૂ કરવામાં આવે ત્યારે તમે મને પણ બોલાવી લેજો, ...સમજી લેજો, તમારું કામ થઈ ગયું. બંને મારી વાત સાંભળીને મહદ્અંશે સ્વસ્થ થઈ ગયા હતા. આમ પણ આવા સમયે મળેલું કોઈ મજબૂત આશ્વાસન જડીબુટ્ટીનું કામ કરી જ જાય છે અને આમ પણ મારી બુદ્ધિ અને શક્તિનો પરચો તો એ બંને જોઈ જ ચૂક્યા હતા. એમને જ કેમ, મને પણ જાત પર એટલો ભરોસો તો થઈ જ રહ્યો હતો કે જો બોલવાનો મોકો દેવામાં આવશે, તો હું બાજી અવશ્ય પલટી દઈશ. ...તમે જોયું? હજી તો જહાજ પર પ્રથમ રાત પણ પૂરી વિતાવી ન હતી, અને “પંચજન”ના બે પ્રમુખ મંત્રી મારા નિયંત્રણમાં હતા. ખરેખર, લક્ષ્ય દૂરથી જેટલું અઘરું દેખાય છે, એની તરફ દ્રઢતાથી આગળ વધવાથી એ ક્યારેય એટલું કઠિન સિદ્ધ નથી થતું. ...અહીં બચાવવાનું મજબૂત આશ્વાસન પામતા જ, ચંડક અને તમસ બંને અમારી સેવામાં લાગી ગયા હતા. બંને દ્વારા હવે અમારું મુખ્ય અતિથિ જેવું સ્વાગત થઈ રહ્યું હતું. એટલું જ નહિ, અમને વિશ્રામ માટે અલગથી એક કક્ષ પણ આપી દેવામાં આવ્યો હતો. સૌથી મોટી વાત તો એ કે આનાથી “ભાઈનો ક્રોધ” નામની બલા પણ મારા માથેથી ટળી ગઈ હતી. થઈ રહેલી આગતા-સ્વાગતા અને મળી રહેલા ભોજન અને મદિરાએ ભાઈને ખુશ ખુશ કરી દીધા હતા. હવે તો દ્રશ્ય જ બદલાઈ ગયું હતું. જહાજનાં એક નાના સરખા કક્ષામાં અમે બંને ભાઈઓ આરામ ફરમાવી રહ્યા હતા. અમારે માટે દ્વાર ઉપર એક સેવક તેનાત કરી દેવાયો હતો. ક્યાં જહાજમાં પગ મૂકતા જ દોરડાથી બાંધી દેવામાં આવ્યા હતા અને ક્યાં અત્યારે જહાજની શ્રેષ્ઠ સુવિધાઓનો આનંદ માણી રહ્યા હતા. ...જોકે હવે કદાચ સવાર થવામાં હતી. થાકેલા-હારેલા અમે સૂતા તો સીધા બપોરે જ ઊઠ્યા. બસ, હું તો ઉઠતાવેંત જ ભોજન ઇત્યાદિ કરીને જહાજમાં ચક્કર લગાવવા નીકળી પડ્યો. હવે તો જ્યાં જાઉં ત્યાં સન્માન પામતો. અર્થાત્ થઈ રહેલી આગતા-સ્વાગતા, મળી રહેલા સન્માન સાથે ચાલી રહેલા એ જહાજ પરથી વિશાળ સમુદ્રનો પૂરેપૂરો આનંદ ઉઠાવતા અમારી આ યાત્રા પસાર થઈ રહી હતી. અમારું માન તો એવું થઈ ગયું હતું કે જાણે અમે આ જહાજના માલિક જ ના હોઈએ. હવે આવામાં સમય પસાર થતાં ક્યાં વાર લાગે છે? લગભગ બે દિવસની યાત્રા પછી સવાર થતામાં અમે પંચજનના સામ્રાજ્ય “વૈવસ્વતપુર” પહોંચી ગયા.

હું અને ભાઈ જહાજના ખુલ્લા ભાગના કિનારે જ ઊભા હતા. દ્રશ્ય તો એવું સુંદર લાગી રહ્યું હતું કે શું કહું. સવારનો સમય હતો અને સૂરજ હજુ ઊગી જ રહ્યો હતો. બીજી બાજુ, મુકામ પર પહોંચવાના કારણે જહાજ પર સૈનિકોની ચહલપહલ પણ ઘણી વધી ગઈ હતી. ત્યાં, અમારી બરાબર પાછળ બિચારા જામીન હજી પણ બંધાયેલા પડ્યા હતા. હતો તો હું પણ એમાંનો જ એક, છતાં પણ આ સમયે લાકડાની બેઠક પર પગ ઉપર પગ ચઢાવીને ઘણા ઠાઠ સાથે દૂરથી દેખાઈ રહેલો વૈવસ્તપુરનો કિલ્લો જોઈ રહ્યો હતો... ત્યારે જ તમસ અને ચંડક મારી પાસે આવ્યા અને બે હાથ જોડીને મને જામીનોની સાથે બેસવા નિવેદન કર્યું. આમાં ખોટું લગાડવા જેવી તો કોઈ વાત જ નહોતી, અમે હવે પંચજનના વિસ્તારમાં પ્રવેશવાના હતા; અને તેના માટે તો અમે એક જામીન જ હતા. આથી ચૂપચાપ હું હસતો હસતો અને ભાઈ મોં બગાડીને બધાની વચ્ચે જઈને બેસી ગયા. ...આ તરફ જોતજોતામાં જહાજ વૈવસ્વતપુરના કિનારે આવી પહોંચ્યું. મજા એ કે રાજ્ય બરાબર સમુદ્ર કિનારા પર જ વસેલું હતું. કિનારાથી માત્ર સો ફર્લાંગ દૂર અને ચારે બાજુ મજબૂત દીવાલોથી ઘેરાયેલું આ રાજ્ય પ્રથમ દ્રષ્ટિમાં જ “અજેય” લાગી રહ્યું હતું. તેના પર આશ્ચર્યની વાત એ કે આખા વૈવસ્વતપુરમાં એક જ પ્રવેશદ્વાર હતું અને તે પણ અતિ મજબૂત લોખંડનું બનેલું. તેમ છતાં, તેની બહાર ઘણા સૈનિક સુરક્ષા કરી રહ્યા હતા. હવે ક્યાં પહોંચી ગયા હતા? એ તો આ દ્રશ્ય જોઈને જ અંદાજો આવી ગયો હતો. હશે, હમણાં તો જહાજ રોકાતા જ સર્વપ્રથમ અમો જામીનોને ઉતારવામાં આવ્યા. કહેવાની જરૂર નથી કે હું અને ભાઈ પણ તેમાં સામેલ હતા. ચોક્કસપણે જહાજની વાત જુદી હતી, પણ અહીં હવે અમે ચંડક તમસના

મહેમાન નહીં બલ્કે પંચજનના ગુલામ હતા. અને સ્વાગત પણ એવું જ થયું, જહાજમાંથી ઉતારતા જ અમને બધાને એક હારમાં ઊભા કરી દેવામાં આવ્યા. ત્યાં સુધી કે જહાજ પર સવાર તમામ સૈનિકોને પણ ચંડક અને તમસના નેતૃત્વમાં એક ખૂણામાં ઊભા રાખી દેવામાં આવ્યા. આ જોઈને મારી તો બુદ્ધિ બહેર મારી ગઈ. જો રાજ્યના સૈનિકોની સાથે આવો વ્યવહાર થઈ રહ્યો છે, તો અમારી સાથે આગળ જતાં શું શું ન થઈ શકે? અને આવામાં ભાઈ મારી સાથે શું શું નહીં કરી બેસે? કૃષ્ણ, જીવન સંઘર્ષનું જ બીજું નામ છે. બરાબર કહો છો, આવવા દો મુસીબતોને; કૃષ્ણ, હવે તમામ સંઘર્ષ માટે તૈયાર છે. હજી હું આ બધું વિચારી જ રહ્યો હતો કે આ તરફ તમસ અને ચંડકનાં નેતૃત્વમાં સૈનિકોની સુરક્ષાની વચ્ચે અમને વારાફરતી પ્રવેશદ્વારમાંથી અંદર મોકલવામાં આવ્યા. બધાની સાથે કતારમાં આગળ વધતા બંધાયેલા હાથવાળા ભાઈની સામે જોવાની તો હું હિંમત પણ કરી શકતો નહોતો. મુસીબતો પર મુસીબત કોણ વધારે? આ બાજુ અંદર પહોંચતા જ અમને એક વિશાળ મેદાનમાં ઊભા કરી દેવામાં આવ્યા. અને જોતજોતામાં મેદાનની ચારે તરફ ખાસ્સી ભીડ જમા થઈ ગઈ. ...આ તો અમે સારા એવા તમાશાની ચીજ બની ગયા. ...હજી આ તમાશો ચાલી જ રહ્યો હતો કે જોયું કે દૂરથી દસ-બાર સૈનિક એક લોખંડનું પિંજરું ઊંચકીને ચાલતા આવી રહ્યા હતા. પિંજરું આવતાં જ આખા મેદાનમાં સન્નાટો છવાઈ ગયો. મારા પરમ આશ્ચર્યની વચ્ચે એ આખેઆખું પિંજરું એક ઊંચા સિંહાસન પર મૂકી દેવામાં આવ્યું. તરત લગભગ વીસ સૈનિકોએ એ પિંજરાને ઘેરી લીધું. પિંજરામાં "પંચજન" હતો. હું તો એની આંતરિક સુરક્ષા જોઈને દંગ જ રહી ગયો. પ્રથમ પ્રતિક્રિયા એ આવી કે કોના પંજામાંથી પુનર્દત્તને છોડાવવા નીકળી પડ્યા છો, કૃષ્ણ...? અરે! આર્યાવર્તનો શક્તિશાળીમાં શક્તિશાળી રાજા પંચજનને હરાવી ન શકે. કદાચ... સમગ્ર આર્યાવર્તની સંયુક્ત સેના પણ આનું કંઇ બગાડી શકે તેમ નહોતી. ...બરાબરનો ફસાયો કૃષ્ણ! હવે ફસાયા તો ફસાયા. હાલ તો પંચજનની વાત કરું તો કદ-કાઠીમાં એ કંસથી પણ બમણો હતો. એની ગરદન પાતળી અને લાંબી હતી, જ્યારે ચહેરો એકદમ નાનો હતો. બીજી બાજુ પેટનો ભાગ ઘણો મોટો હતો, અને એનાથી ઊલટું, પગ લાંબા અને પાતળા હતા. આમ સરવાળે ઉપરથી નીચે સાંકડો અને વચ્ચેથી મોટો. એનો આકાર ખરેખર બહુ જ વિચિત્ર લાગી રહ્યો હતો. સાચું કહું તો, દૂરથી એ એક વિશાળકાય માછલી જેવો લાગી રહ્યો હતો. આ તરફ પંચજનના આગમનથી ચંડક અને તમસ ઘણા ગભરાયેલા લાગતા હતા. બંને ડરના માર્યા થર થર કાંપી રહ્યા હતા. સમુદ્ર તટ પર રેલાતી ઠંડી હવાની લહેરખીઓ છતાં પણ એ બંનેના ચહેરા પર પરસેવો વળ્યો હતો. કર્મના નામ પર બસ, બંને વારાફરતી આશાભરી નજરે મારી તરફ જોઈ રહ્યા હતા. સાચું કહું તો પંચજનનો પ્રભાવ જોઈને મારી પણ બોલતી બંધ થઈ ગઈ હતી, ...છતાં પણ મજા એ કે હું મારું કર્તવ્ય નિભાવતા, હસીને બંનેને આશ્ર્વાસન આપવાનું ચૂક્યો નહોતો.

...પરંતુ ખાલી આશ્ર્વાસનથી શું થવાનું હતું? જેવી પંચજનને જહાજ ડૂબવાની ખબર આપવામાં આવી, તરત ગર્જતા અવાજે બરાડા પાડીને તેણે ચંડક અને તમસની ધરપકડ કરવાના આદેશ આપી દીધા. ગજબનો રુઆબ હતો એનો, પળવારમાં કોઈ હોદ્દાનું માન રાખ્યા વિના, બંનેને પકડી લેવામાં આવ્યા. મારું તમામ સ્મિત ત્યાંનું ત્યાંજ રહી ગયું, હું ચૂપચાપ મોં લટકાવી આ તમાશો જોતો રહી ગયો. ...આમ પણ હું બીજું શું કરી શકવાનો હતો? કરવાની વાત કરો છો, અહીં તો એના પછી અમારો પણ વારો આવ્યો. અમને બધાને પકડીને કેદખાનામાં ઠૂંસી દેવામાં આવ્યા. દરેક કક્ષમાં અંદાજે પચીસ જેટલા જામીન ઠૂંસેલા હતા. આવા અંદાજે સાતથી આઠ કક્ષ એક કતારમાં બનાવાયેલા જોઈ શકાતા હતા. આ કક્ષોમાં ઉજાસ અને હવા-પાણી માટે બે હવાબારીઓ બનેલી હતી. પથ્થરની દીવાલોથી બનેલા આ કક્ષ લોખંડના મજબૂત બારણાંઓથી સુરક્ષિત હતા. એટલું જ નહીં, દરેક કક્ષની બહાર બે સૈનિકો ચોકીપહેરો પણ ભરી રહ્યા હતા. કક્ષમાં એવું કંઇ નહોતું જેનાથી એક ક્ષણ પણ ત્યાં રોકાઈ શકાય. પરંતુ બીજો ઉપાય પણ ક્યાં હતો? ચાલો, દિવસ તો જેમતેમ વીતી ગયો પણ રાત તો વધારે ભયાનક થઈ ગઈ. રાત્રિભોજન પણ ઘણું ગંદું પીરસવામાં આવ્યું હતું. ભોજન ગળેથી નીચે ઊતરે એવું ય નહોતું. માત્ર કાચું માંસ પીરસવામાં આવ્યું હતું. હવે આટલા તંગ વાતાવરણમાં એ પણ ભૂખ્યા પેટે, ઊંઘ આવવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. ઓઢવા-પાથરવા માટે પણ કંઇ નહોતું. રાહતના નામ પર એટલું જ કે બધા જામીનદાર અમારા જ જહાજના હતા, એટલે બિચારાઓ સન્માન અને સાંત્વના પણ આપી રહ્યા હતા. ..જોકે મધરાત થતાં થતાં બધા લોકો અહીંતહીં જમીન ઉપર ફેલાઈ ગયા હતા. જોતજોતામાં આખા કક્ષમાં નસકોરાં ગૂંજી રહ્યા હતા. બીજી બાજું આવા વાતાવરણમાં અમને તો ઊંઘ આવવાનો પ્રશ્ર્ન જ ઉઠતો નહોતો. બસ, હું અને ભાઈ ચૂપચાપ બારણું પકડીને ઊભા હતા. વચ્ચે વચ્ચે ઊભા ઊભા જ સહેજ ઝોકે પણ ચઢી જતા હતા. જોકે હું રાત વીતાવવાનો જેમ તેમ પ્રયત્ન કરી રહ્યો હતો પણ ભાઈ સાથે આંખો મિલાવી રહ્યો નહોતો. ...મરવું હતું શું? આમ સરવાળે આખી રાત અમે ઊભા ઊભા જ વીતાવી. એટલે કે પંચજને એક જ રાતમાં જીવતેજીવત નર્કનો અનુભવ કરાવી દીધો હતો. આવામાં તમે તો સમજી જ શકો છો કે અનિચ્છાએ પણ, ભાઈએ આખી રાત મારું કેવું મનોરંજન કર્યું હશે!

ખેર! આ ભયાનક રાતની પણ સવાર તો થવાની જ હતી, તો થઈ ગઈ. પણ સવાર થવાથી કોઈ વિશેષ પરિવર્તન તો આવવાનું નહોતું. પરિવર્તન તો રાજમહેલથી નિમંત્રણ આવ્યા પછી જ આવી શકવાનું હતું, અને એ પણ ચંડક અને તમસની સમજાવટ પર આધારિત હતું કે તેઓ પંચજનને આ વાત માટે રાજી કરી શકે છે કે નહીં? જો સમજાવવામાં અસફળ રહ્યા, તો એ બંને તો મરશે જ મરશે ...અમે પણ અહીં નરકમાં અકારણ સડી સડીને મરી જઈશું. સાચું કહું તો અહીં આવ્યા પછી પુનર્દત્તને

છોડાવવાનું તો બહુ દૂરની વાત બની ગઈ હતી, મને તો અમારું અહીંથી બચી નીકળવું જ અસંભવ લાગી રહ્યું હતું. જોકે સારું હતું કે આવું કંઇ થયું નહીં. બપોર થતાં થતાં રાજમહેલથી સંદેશો આવી ગયો. એની સાથે જ, આશાનું એક કિરણ પણ પ્રકટ્યું. અમે તે જ ક્ષણે એમની સાથે ચાલી નીકળ્યા. ચોક્કસપણે ચંડક અને તમસની સાથેસાથે અમારા પણ ચુકાદાની ઘડી આવી ગઈ હતી. મારી હાલત કંઈક વધારે જ અજીબ હતી. ચારે બાજુ સૈનિકોથી ઘેરાયેલો હું હજારો વિચારો અને ભાવોમાં ખોવાયેલો ચાલી રહ્યો હતો. આ અંતિમ તક હતી, ચોક્કસપણે આજે મારી વાકપટુતાની સહુથી મોટી પરીક્ષા હતી. જો આજે પંચજનને સાણસામાં ના લઈ શક્યો તો બધું ખતમ સમજો. ...પરંતુ સાણસામાં લઉં તો લઉં કેમ? બંનેની ભૂલને કારણે જહાજ ડૂબ્યું હતું. જહાજ ડૂબાડવા પર મૃત્યુદંડની જોગવાઈ હતી. આવામાં એમને બચાવવાની કોઈ પ્રયુક્તિ કેવી રીતે શોધી કાઢવી? આજ બધા વિચારોમાં રાજમહેલ ક્યારે આવી ગયો, ખબર જ ન પડી. મને સીધો લઈ જઈને પંચજનની સામે ઊભો કરી દેવામાં આવ્યો. આખા દરબારમાં સન્નાટો છવાઈ ગયો હતો. ચંડક અને તમસ સાંકળોથી બંધાયેલા હતા. આ તો અપેક્ષિત જ હતું, પરંતુ આશ્ચર્ય એ કે પંચજન દરબારમાં પણ લોખંડના પિંજરામાં જ બેઠેલો હતો. ચારેકોર અસંખ્ય સૈનિકો પણ ફેલાયેલા હતા. ચોક્કસપણે બાબત ધાર્યા કરતાં વધારે ભયાનક હતી.

ભલે હોય. અત્યારે તો મારા આવતાં જ, પંચજને કાર્યવાહી શરૂ કરી. કદાચ મારી જ રાહ જોવાતી હતી. એટલે કાર્યવાહી શરૂ કરતાં પહેલા જ મને બોલાવવામાં આવ્યો હતો. ઓછામાં ઓછું હું આને એક ખુશખબર માની શકતો હતો... આ બાજુ, પંચજનનો ઈશારો મળતા જ ઉદ્ઘોષકે કહ્યું- ચંડક અને તમસ! તમે જે ‘જામીન’ની રાહ જોતા હતા, તેને હાજર કરી દેવામાં આવ્યો છે. આમ ઔપચારિક રીતે હવે કાર્યવાહી શરૂ કરવામાં આવે છે. ...પછી તે સીધો મહારાજને સંબોધન કરતાં બોલ્યો- મહારાજ! ચંડક અને તમસ પર આરોપ છે કે આ બંનેની બેદરકારીને કારણે આપણે એક જહાજ ગુમાવી દીધું.

આ વાત પર પંચજન ગુસ્સામાં લાલપીળો થતાં બોલ્યો- તમસ અને ચંડક! તમારી બંનેની બેદરકારીને કારણે એક જહાજ ડૂબી ગયું છે. શું તમે આનો સ્વીકાર કરો છો? બંનેએ ડરને કારણે ચૂપચાપ ‘હા’માં માથું ધૂણાવ્યું. હવે પંચજન ખૂબ જ નાટકીય ઢબે બોલ્યો- તમારી આ બેદરકારીને કારણે અંદાજે સોએક લોકોનું મૃત્યુ થઈ ગયું. શું તમે આ વાતનો પણ સ્વીકાર કરો છો?

બંનેએ ફરી ‘હા’માં માથું ધૂણાવી દીધું. હા, આ વખતે માથું ધૂણાવતી વખતે બંનેએ આશાભરી નજરે મારી તરફ અવશ્ય જોયું. મેં પણ આશ્વાસન આપવા મારું ખૂબ પરિચિત સ્મિત રેલાવી દીધું. પરંતુ સાચું કહું તો જે પ્રકારે સીધેસીધી અને સપાટ કાર્યવાહી ચાલી રહી હતી, મને એમના બચવાની કોઈ આશા દેખાઈ નહોતી રહી. થયું પણ એમ જ. એ પહેલા કે હું મારી કોઈ યુક્તિ લગાવું, પંચજને એકદમ કડક ભાષામાં પોતાનો નિર્ણય સંભળાવી દીધો. આમ પણ એના માટે બાબત બે અને બે ચાર જેવી સાફ હતી. એણે એકદમ ઊંચા અવાજે કહ્યું- એક જહાજ ડૂબાડવાના અને સો મનુષ્યની હત્યાના ગુનામાં તમને બંનેને દોષી ગણવામાં આવે છે. અને નિયમાનુસાર બંનેને મૃત્યુદંડની સજા આપવામાં આવે છે, એ પણ સમગ્ર પ્રજાની સામે... ખુલ્લા મેદાનમાં.

ના સફાઈ, ના સુનાવણી. આ તો મૃત્યુદંડની સજા જ સંભળાવી દીધી. હાલ નહીં તો ક્યારેય નહીં. ...જાગ કનૈયા જાગ! કંઈક કમાલ કર! માંડમાંડ બે મિત્રો બન્યા હતા, એ પણ મંત્રી. જો એમને જ મૃત્યુદંડ મળી ગયો તો ગુરુદક્ષિણા શું ધૂળ ચૂકવીશ? બસ! તરત હું અચકાતા અચકાતા કૂદી પડ્યો. મેં કહ્યું- મ... મ... મ... મહારાજ, હું તમારી સમક્ષ એક નિવેદન કરવા માંગું છું.

પંચજન સીધેસીધો તિરસ્કાર સાથે બોલ્યો- અમારે ત્યાં કોઈ જામીનને બોલવાની રજા નથી.

મેં કહ્યું- હું જામીન જ ભલે, તેમ છતાં, તમારા રાજ્યોની સીમા પાર ‘આર્યાવર્ત’થી આવ્યો છું. સમગ્ર ‘આર્યાવર્ત’માં તમારી બુદ્ધિમાની, શક્તિ અને ન્યાયની ચર્ચાઓ છે. જો આજે તમે મને ન સાંભળ્યો, તો બની શકે છે કે તમારાથી અન્યાય થઈ જાય. બની શકે છે કે સમગ્ર ‘આર્યાવર્ત’માં તમારી પ્રતિષ્ઠા પર કાળી ટીલી લાગી જાય.

...મેં તો કોઈ ઉપાય ન દેખાતા એના અહંકારને પોરસાવવા પાસો ફેંક્યો હતો, પણ ખુશીની વાત તો એ કે તે એમાં ફસાતો દેખાઈ રહ્યો હતો. કહે છે ને કે દુનિયાના તમામ શસ્ત્રો અસફળ થઈ શકે છે, પરંતુ અહંકારને પોરસાવાવાળું શસ્ત્ર ક્યારેય નાકામ નથી બની શકતું. એજ પંચજન સાથે અત્યારે ફળીભૂત થતું દેખાઈ રહ્યું હતું. પોતાની આબરૂ પર કાળી ટીલી લાગે, એના કરતાં વાત સાંભળી લેવી સારી. ...તેણે રજા આપતા, કરડાકીભર્યા અવાજે કહ્યું- કારણ કે તું દૂરના પ્રદેશમાંથી આવે છે, એટલે હું તને બોલવાની રજા આપું છું. પરંતુ જે કંઇ કહેવું હોય તે ટૂંકાણમાં કહેજે.

હવે બાકી શું રહ્યું? મને મનગમતી તક મળી ગઈ હતી. તમે તો જાણો જ છો કે મને એક વાર બોલવાની છૂટ મળી જાય તો પછી હું કોઈને પણ મોહપાશમાં લઈ શકું છું. આ બાજુ ચંડક અને તમસે પણ મારી સામે એક આશાભરી નજરે જોયું. મેં પણ ખૂબ જ શાંતભાવથી મારી સમગ્ર ચેતના જગાવીને કહેવાનું શરૂ કર્યું. મેં કહ્યું- મહારાજ! આજે તમે તમારા જહાજમંત્રી તમસ અને મહામંત્રી ચંડકને મૃત્યુદંડ આપીને સાબિત કરી દીધું છે કે ન્યાય અને બુદ્ધિમાં તમારું કોઈ હરીફ નથી. એમાં કોઈ બેમત નથી કે આ બંનેની બેદરકારીને લીધે જ જહાજ ડૂબ્યું છે. અને તમે એમના હોદ્દાનો ખયાલ ન રાખીને, એમને મૃત્યુદંડ જેવી કઠોર સજા સંભળાવીને આ પણ સિદ્ધ કરી દીધું કે તમારા ન્યાયમાં નાના-મોટાનો કોઈ ભેદ નથી.

મારા મોઢે આ વાત સાંભળતા જ ચંડક અને તમસના ચહેરા ફિક્કા પડી ગયા. એમને લાગ્યું કે મેં એમને દગો આપ્યો. હું

એમને ભૂલીને મહારાજાની ખુશામત કરવા લાગ્યો. વાત એમની પણ ખોટી નહોતી. બહારથી તો એવું જ લાગી રહ્યું હતું, પણ મારી અંદર શું છે તે તો હું જ જાણતો હતો. માત્ર પંચજન મારા લક્ષ્ય પર હતો, અને કહી શકું કે તીર બરાબર લક્ષ્ય પર લાગતું દેખાતું હતું. મારી વાતે એના અહંકારને એવો તો પોરસાવ્યો કે એ થોડો વધારે રોફથી બેસી ગયો. કેમ ન બેસે! એને જાણ જો થઈ હતી કે એના ન્યાયની ચર્ચાઓ સમગ્ર આર્યાવર્તમાં થાય છે. ...મેં પણ વાત બનતી જોઈને હવે ઘણા આત્મવિશ્વાસથી મારી વાત આગળ વધારી. મેં કહ્યું- પણ મહારાજ આ બાબતે મારા મનમાં એક જિજ્ઞાસા જાગી છે, રજા હોય તો પૂછું?

પંચજન એટલા પ્રભાવમાં તો આવી જ ગયો હતો કે રજા આપી દે. અને થયું પણ એમ જ, આ વખતે એણે તરત જ ઘણી શાંતિથી કહ્યું- અવશ્ય પૂછો.

મેં પણ એકદમ વિનમ્રતાથી પૂછ્યું- મહારાજ! એક જહાજ ડૂબાડવાની સજા તો મૃત્યુદંડ સમજમાં આવી શકે છે, પરંતુ તમારા રાજ્યમાં એક જહાજ બચાવવાની સજા શું હોય છે?

પંચજન ખડખડાટ હસીને બોલ્યો- સજા! અરે, કોઈ મારું જહાજ ડૂબતું બચાવશે, તો હું એને ઇનામો-અકરામોથી માલામાલ નહીં કરી દઉં? એને તો થોકબંધ હીરા-ઝવેરાત અને સાત સુંદરીઓથી નવાજવામાં આવશે.

મેં કહ્યું- મહારાજ! જે જહાજ પર બેસીને અમે લોકો અહીં આવ્યા છીએ એ પણ ડૂબી જાત, જો ચંડક અને તમસે પોતાની સમજદારી અને બહાદુરીથી એને બચાવ્યું ન હોત તો.

...બિચારો પંચજન તો મારી વાત સાંભળતા જ ચકરાઈ ગયો. એની તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. વિચારોના એક ઊંડા વમળમાં ફસાઈ ગયો. એને આ બેતરફી વાતનો અર્થ સમજાયો નહીં. ચોક્કસપણે એની આ હાલત જોઈને હું ખૂબ ખુશ હતો. હું તો જાણતો જ હતો કે મને બોલવાનો મોકો આપવામાં આવે, તો કોઈને પણ મારી માયાજાળમાં બાંધી શકતો હતો. અહીં પણ પળવારમાં જ આખી ઘટના સંપૂર્ણ રીતે ગૂંચવીને રાખી દીધી હતી. એને તો એ સમજાઈ જ નહોતું રહ્યું કે આ બે અને બે પાંચ જેવી વાત ક્યાંથી અને કેવી રીતે ઉત્પન્ન થઈ ગઈ? આ બધું જોઈને હું અંદરથી ખૂબ જ ખુશ હતો, પણ બહારથી ગંભીર વર્તાતો હતો. પરંતુ આ બાજુ તમસ અને ચંડક આવું કરી શકવામાં અસમર્થ હતા. આશા શું જાગી કે તેમના ચહેરા ખીલી જ ઊઠ્યા હતા. જોકે અન્ય લોકાના હાવભાવનું કંઈ મહત્ત્વ નહોતું. મહત્ત્વ પંચજનનું હતું અને તેની હાલત એવી હતી કે તે હજુ પણ મારી વાતો સમજવાના પ્રયત્નોમાં રત હતો. ...જ્યારે ઘણું ચિંતન કર્યા બાદ પણ પંચજન કોઈ નિષ્કર્ષ પર પહોંચી ના શક્યો તો મેં વિચાર્યું, તેની મદદ કેમ કરવામાં ન આવે? તેને એક સારી સલાહ આપીને કેમ બચાવી લેવામાં ન આવે? આથી મેં ઘણી વિનમ્રતાનું નાટક કરીને કહ્યું- મહારાજા! જહાજ ડૂબાડવાની સજા તો તમે આ બંનેને આપી જ ચૂક્યા છો, હવે માત્ર જહાજ બચાવવાનું ઇનામ આપવાનું જ બાકી છે.

આ સાંભળતા જ, પંચજનના ચહેરા પર ચમક આવી ગઈ. એને મારી વાત ગમી ગઈ. ગમવાની જ હતી. તમે તો જાણો છો કે મારો કોઈ બદ્ઇરાદો તો હતો જ નહીં, હું તો માત્ર એની મદદ કરવા માંગતો હતો. અને જે તેના સુધી પહોંચી પણ ગઈ હતી. એ તરત બોલી ઊઠ્યો- ઠીક છે! તો પછી હું આ બંનેને પહેલા સંભળાવવામાં આવેલી મૃત્યુદંડની સજા યથાવત્ રાખીને, એમને જહાજ બચાવવાના બદલામાં હીરા-ઝવેરાત અને સાત સુંદરીઓ પ્રદાન કરું છું.

...હવે ચકિત થવાનો વારો દરબારનો હતો. જોકે એની વાત સાંભળીને મારું તો હસવું રોકાતું નહોતું. બસ, જેમતેમ કાબૂ રાખીને ચૂપચાપ ઊભો હતો. આ તરફ પંચજનને પણ લાગ્યું કે કોઈને કોઈ ગરબડ જરૂર થઈ ગઈ છે. ચંડક અને તમસને પણ સમજાઈ નહોતું રહ્યું કે તે પંચજનના ન્યાયથી ખુશ થાય કે માતમ મનાવે. બધા ભ્રમિત થઈ ગયા હતા. હકીકતમાં હું એક જ એવો હતો, જેને કોઈ અસમંજસ નહોતી. ભલા મને અસમંજસ કેવી...? મેં જ તો આ મૂંઝવણ પેદા કરી હતી. અને મૂંઝવણ પણ કંઇ જેવી તેવી નહીં, પણ એવી કે તેની અસરરૂપે ચારેબાજુ સન્નાટો છવાઈ ગયો હતો. કોઈ ને કંઇ સમજાઈ રહ્યું નહોતું. પંચજન પણ સતત કંઈક વિચારવાની કોશિશ તો કરી રહ્યો હતો પણ સફળ નહોતો થઈ શકતો. વિચારે પણ કઈ રીતે? મેં તો એની બુદ્ધિ પર જ પડદો નાખી દીધો હતો. પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી કે એ તો કંઇ વિચારી શકતો નહોતો અને બીજી બાજુ દરબાર પણ સંપૂર્ણ રીતે અસમંજસમાં પડી ગયો હતો. આ બધું જોઈને મને મારા ચલાવેલા ચક્કર પર ઘણો ગર્વ થઈ રહ્યો હતો. દરબારનું વાતાવરણ જોઈને ખૂબ મજા પણ આવી રહી હતી.

પરંતુ, છેવટે ચંડકથી ના રહેવાયું. એ લગભગ પરેશાન થતાં બોલી ઊઠ્યો- મહારાજ, જ્યારે અમે જ મરી જઈશું, તો હીરા-ઝવેરાત અને સુંદરીઓનું શું કરીશું?

મહારાજને પણ લાગ્યું કે એ વાત તો બરાબર જ કરી રહ્યો છે. બિચારો વિચારમાં પણ પડી ગયો કે આવી ગરબડ તો પહેલા ક્યારેય થઈ નહોતી. થાત પણ કઈ રીતે? હું તો પહેલા ક્યારેય આવ્યો નહોતો ને. બિચારો પંચજન. ...જે પહેલાથી જ કંઇ વિચારી શકતો નહોતો, ચંડકની વાત સાંભળતા જ, માથે હાથ દઈને બેસી ગયો. જ્યારે કંઇ ન સૂઝ્યું તો અંતે તેણે મને જ પૂછી લીધું- હવે શું કરવામાં આવે?

હું તો એની મદદ માટે તૈયાર જ બેઠો હતો. અને ઉપરથી, એ ઓછું હતું કે માછલી પોતે જ જાળનું સરનામું શોધતી આવી હતી. આવામાં એને નિરાશ કરવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. આથી મેં ઘણી ગંભીર મુખમુદ્રા બનાવતા કહ્યું- મહારાજ!

મારા અભિપ્રાયમાં, એમની મૃત્યુદંડની સજા પણ રદ કરી દેવી જોઈએ અને સાથેસાથે જ એમને ઈનામોથી પણ બેદખલ કરી દેવા જોઈએ. કારણ કે એમણે એક જહાજ ડૂબાડ્યું અને એક બચાવ્યું, આમ, વાત સમાપ્ત થઈ ગઈ.

મહારાજને મારી વાત ગમી ગઈ. એમણે તરત જ ચંડક અને તમસને આઝાદ કરવાનો હુકમ કરી દીધો. ...પછી મારી તરફ જોઈને પંચજને કહ્યું- આજે તેં મારા હાથથી એક અન્યાય થતાં બચાવી લીધો. આજથી તું અમારો ગુલામ નહીં, પણ એક અતિથિ બનીને અહીં રહેશે.

મનમાં ને મનમાં તો મને જગ જીતવાની ખુશી થઈ રહી હતી. પણ ઉપરથી થોડો ભાવ ખાતા કહ્યું- આ તો તમારી ભલમનસાઈ છે, નહીંતર હું તો તમારી ન્યાય-પ્રતિભાથી પ્રભાવિત થઈ ચૂક્યો છું. અત્યાર સુધી તો માત્ર સાંભળ્યું હતું. ...આજે જોઈ પણ લીધું.

આ વાત સાંભળીને ફરી તેનો અહંકાર પોરસાવા લાગ્યો. તેણે ગરદન ઉઠાવીને ચારે તરફ નજર પણ ફેરવી, જાણે દરબારીઓને કહી રહ્યો હોય- સાંભળ્યું, આર્યાવર્તમાં મારી શું પ્રતિષ્ઠા છે? ખુશ તો એટલો થઈ ગયો હતો કે એ ખુશીનો માર્યો, એણે પોતાની કમર પર બાંધેલો શંખ બહાર કાઢ્યો. શંખ એટલો સુંદર હતો કે શું કહું? અને જ્યારે તેણે એ શંખ ફૂંક્યો, તો એનો અવાજ ચારે તરફ ગૂંજવા લાગ્યો. શંખધ્વનિ એટલો તીવ્ર અને મીઠો હતો કે હું તો ઊભો ઊભો મંત્રમુગ્ધ જ થઈ ગયો. આ તરફ ચંડક અને તમસની ખુશીનો પણ કોઈ પાર નહોતો. અને જ્યાં સુધી મારો સવાલ છે, મને મંઝિલ હવે ઘણી પાસે લાગી રહી હતી. બે પ્રમુખ મંત્રીઓ પર કરેલો આટલો મોટો ઉપકાર એનો રંગ બતાવશે, એ નક્કી હતું. ઉપરથી પંચજનની કૃપા મળી ગઈ હતી, એ નફામાં. હવે તો ઠાઠ જ ઠાઠ હતો. દરબારની કાર્યવાહી પૂરી થતાં જ, અમને વિશ્રામાલયમાં સ્થળાંતરિત કરી દેવામાં આવ્યા હતા. હવે અમારા ઉપર કોઈ ચોકી પહેરો નહોતો, ત્યાં સુધી કે અમે પોતાની મરજી પ્રમાણે રાજ્યમાં હરવા-ફરવા માટે પણ સ્વતંત્ર હતા. એટલે મનપસંદ ભોજન, શ્રેષ્ઠ અતિથિભવન, અને મન-મરજી મુજબ સ્વતંત્રતા - બધું ઉપલબ્ધ હતું. કમાલ તો એ કે ગુલામથી મુખ્ય અતિથિ સુધીની આ સફર માત્ર ત્રણ રાત્રિમાં જ સંપન્ન કરી હતી, અને જે ચોક્કસપણે ભાઈની સમજણથી બહારની બાબત હતી. જોકે એ મારી દરેક કલાકારીને ચોક્કસ જોઈ રહ્યા હતા, પણ ચક્કર સમજી શકવું એ તેમની પહોંચ બહારની વાત હતી.

આ બધું તો ઠીક છે, પણ અમે અહીં કોઈ જલસા કરવા તો આવ્યા નહોતા. અહીં આવવાનો એકમાત્ર ઉદ્દેશ પુનર્દત્તને મુક્ત કરાવવાનો હતો. અને એ સ્પષ્ટ હતું કે ભલેને ચંડક અને તમસ મારા પૂરેપૂરા પ્રભાવમાં છે, છતાં પણ પંચજનની પ્રશાસન પરની સખત પકડ જોઈને, આ કામ સહેલાઈથી પાર પડે તેવું નહોતું. ...કારણ કે દુશ્મન ચાલાક પણ હતો અને શક્તિશાળી પણ. એ પણ સ્પષ્ટ હતું કે જો પંચજનને જરા પણ શંકા પડી ગઈ કે હું અહીં 'પુનર્દત્ત'ને મુક્ત કરાવવા આવ્યો છું, તો તે મને 'વૈવસ્વતપુર'થી જીવતો પાછો નહીં જવા દે. ચંડક અને તમસ બંને ત્યાં ને ત્યાં રહી જશે અને તે મારો ખેલ ખલાસ કરી નાખશે. આમ સરવાળે કાર્ય જેટલું જલ્દી પતાવવાની કોશિશ કરવામાં આવે, એજ સારું હતું. આથી હું કોઈક ચક્કર ચલાવવાની ફિરાકમાં ફરવા લાગ્યો હતો. સહુથી મોટી વાત તો એ હતી કે અહીં પંચજનનું એકચક્રી શાસન હતું, બાકી કોઈનો પણ અહીં જરાય અવાજ નહોતો. રાજ્યમાં બે જ વર્ગ હતા, સૈનિક અને સેવક. સૈનિક શાસનમાં મદદ કરતાં હતા અને સેવક સેવા કરતાં હતા. સાચું કહું તો અહીં બજાર જેવું પણ કંઈ નહોતું. વસ્તી પણ બધી મળીને ચાર પાંચ હજાર જેટલી જ દેખાઈ રહી હતી. આમ સરવાળે આને રાજ્ય કહી શકાય તેમ નહોતું. હતા તો આ બધા સમુદ્રી લૂંટારા જ, જે આજુબાજુના રાજ્યોમાં આતંક ફેલાવીને માલ-સામાન લૂંટી લાવતા હતા. અને તે માલ-સામાનથી જ તેમનું ગુજરાન ચાલતું હતું. અન્યથા ના તો અહીં કોઈ ઉત્પાદન થતું હતું, ના તો કોઈ વ્યવસાય. એટલે કે બધું માત્ર સૈન્યશક્તિના જોર પર જ ચાલી રહ્યું હતું. હશે, અત્યારે તો મને અહીંથી બહાર નીકળવાનું કે પુનર્દત્તને શોધવાનું કે મુક્ત કરાવવું સહેલું લાગતું ન હતું. હરી-ફરીને તમસ અને ચંડકની મદદથી કામ પાર પાડી શકાય તેમ હતું. આથી, મોકો મળતા જ મેં ચંડકને પકડ્યો, અને વાતવાતમાં મેં તેની પાસેથી 'પુનર્દત્ત' વિશે જાણવા ઈચ્છ્યું. મારા મુખેથી 'પુનર્દત્ત'નું નામ સાંભળતા જ તે ચોંકી ઊઠ્યો. ચોક્કસપણે આ મારે માટે શુભ સંકેત હતો કે ઓછામાં ઓછું એ 'પુનર્દત્ત'ના વિષયમાં કંઈક જાણે તો છે. આમ તો ચંડક હવે મારો વિશ્ર્વાસુ બની ચૂક્યો હતો, અને વળી દોસ્તોની વચ્ચે પડદો શું રાખવાનો? બસ, મેં એને નિ:સંકોચ સાંદીપનિજીને ત્યાં શિક્ષિત થવાની અને ગુરુદક્ષિણા આપવા સંબંધી તમામ વાતો વિસ્તારથી જણાવી દીધી. કારણ કે મારા મતાનુસાર, કોઈની પણ અને ખાસ કરીને મિત્રો પાસેથી જો પૂરી ક્ષમતા સાથે કામ કરાવવાનું હોય તો તેને નિખાલસતાથી સમગ્ર વાત બતાવી જ દેવી જોઈએ. તેને કાર્યની પાછળના અસલી કારણની ખબર હોવી જ જોઈએ, નહીંતર તેની મોટા ભાગની શક્તિ જિજ્ઞાસાઓ કરવામાં જ ખર્ચાઈ જતી હોય છે. સો વાતોની એક વાત એ કે વાત સંતાડીને કે ગોળ ગોળ ફેરવીને તો શત્રુઓ પાસેથી કામ કઢાવવામાં આવે છે, વિશ્ર્વાસુ મિત્રો પાસેથી નહીં.

...આ તરફ મારું દિલ ખોલીને વાત કરવું ચંડકને બહુ ગમ્યું. એણે પણ મને બધી વાતો મોકળા મનથી કરી. તેનાથી પણ સારું એ કે ચંડકે પુનર્દત્તના વિષયમાં જે માહિતી આપી તે ઘણી ઉત્સાહજનક હતી. સહુથી મહત્ત્વપૂર્ણ વાત તો એ હતી કે તે માત્ર જીવિત જ નહોતો, પરંતુ પંચજને તેને ચંડકના જ તાબામાં દેખરેખ માટે સોંપી રાખ્યો હતો. એનાથી પણ મહત્ત્વપૂર્ણ વાત તો એ કે ચંડક મને ''પુનર્દત્ત''ને મુક્ત કરાવવામાં પૂરી મદદ કરવા પણ તૈયાર હતો. હું તો આ બધું સાંભળીને ખુશીનો માર્યો નાચી

ઊઠ્યો હતો. અચાનક, અશક્ય દેખાતું લક્ષ્ય હાથવેંતમાં આવવા લાગ્યું હતું. જોકે આમાં ઘણી મુસીબતો હજુ પણ યથાવત્ હતી. સહુથી મોટો સવાલ ચારે તરફ ફેલાયેલા પંચજનના સૈનિકોના પહેરાનો હતો. મેં અને ચંડકે આ બાબતે ઘણી ચર્ચા પણ કરી, પરંતુ અમે કોઈ નિષ્કર્ષ પર પહોંચી ના શક્યા. પંચજનની જડબેસલાક સુરક્ષા વ્યવસ્થાની આંખમાં ધૂળ નાંખીને પુનર્દત્તને છોડાવવાનું કામ અશક્ય લાગી રહ્યું હતું. એવું નહોતું કે ચંડક કોઈ રમત રમી રહ્યો હતો, એ તો બિચારો સાચા હૃદયથી મારી મદદ કરવા તત્પર લાગી રહ્યો હતો... પરંતુ સમસ્યા એ હતી કે પુનર્દત્તવાળું રહસ્ય કોઈને કહી શકાય તેવું નહોતું; એનાથી તો ઊલ્ટો મારો જીવ જોખમમાં આવી શકે તેમ હતો. અને મુસીબત એ હતી કે રહસ્ય બતાવ્યા વિના કોઈ પાસેથી મદદ મળી શકે તેમ નહોતી. આમ સરવાળે ચંડકનો સાથ હોવા છતાં પણ આટલા જડબેસલાક પહેરા વચ્ચેથી એકલા હાથે પુનર્દત્તને છોડાવવો અને એને લઈને રાજ્યની બહાર નીકળવું, તોબા... તોબા... હવે જેની નજર તળેથી એક ચકલું ય ફરકી શકતું ન હોય, તેને ત્યાંથી ત્રણ વ્યક્તિઓનું જહાજ સહિત ભાગી છૂટવું કેવી રીતે શક્ય બની શકે તેમ હતું?

...પરંતુ કહે છે ને કે સમાધાન અને સમસ્યા એકસાથે જન્મે છે. આપણી સમસ્યા એ છે કે આપણે ડરીને સમસ્યામાં એવા ગૂંચવાઈ જઈએ છીએ કે એ ગૂંચવાડામાં ફસાઈને, સમાધાન સુધી આપણી નજર પહોંચી જ નથી શકતી. મારું તો હંમેશાંથી માનવું હતું કે કપરામાં કપરા પર્વતો ઉપર ચઢવા માટે પણ એક રસ્તો અવશ્ય હોય છે, જેમ ગાઢમાં ગાઢ જંગલોને પાર કરવા માટે પણ એકાદ રસ્તો તો શોધી જ શકાય છે; બરાબર એવી જ રીતે, દરેક સમસ્યાનો નિવેડો લાવવા માટે પણ કોઈક નહીં ને કોઈક રસ્તો શોધી જ શકાય છે. ભલેને આ બાબત અટપટી હતી, પણ એજ તર્ક પર થોડા ચિંતન બાદ આ સમસ્યાનો પણ એક ઉપાય સૂઝી જ ગયો. આ તો સ્પષ્ટ લાગી જ રહ્યું હતું કે જ્યાં સુધી પંચજન જીવિત છે, ત્યાં સુધી કંઈ થઈ શકવાનું નથી. તેનો પ્રભાવ જોતા, તેને ખતમ કર્યા વિના અહીં પાંદડું પણ હલી શકવાનું નથી. આથી સરવાળે, તેને મારવો એજ આ સમસ્યાનું એકમાત્ર સમાધાન નીકળતું દેખાઈ રહ્યું હતું. હવે સવાલ એ હતો કે ભલા હું એકલો તો તેને મારી શકું તેમ નહોતો. ચંડકની સાથે સાથે કેટલાય સૈનિકોની પણ એમાં મદદ જરૂરી છે. પરંતુ તેઓ પોતાના જ રાજાને શું કામ મારે? આવા કોઈ પ્રયત્નોમાં પોતાનો જીવ શા માટે જોખમમાં નાખે? ઓછામાં ઓછું પુનર્દત્તને મુક્ત કરાવવા માટે તો તેઓ આ બધું નહીં જ કરે. તો શું...? મહત્ત્વકાંક્ષાઓના ઘોડા દોડાવીને મારું કામ એમનું કામ તો બનાવી જ શકાતું હતું. જો ચંડકને રાજા બનવાના સપનાં બતાવવામાં આવે, તો પછી એ પોતાના વિશ્ર્વાસુ સૈનિકો તૈયાર કરી શકે તેમ હતો.

...જોકે આ બધું તો મારી એકતરફી યોજના અને મારા જ મનની વાત હતી. હકીકતમાં તો પંચજનને મોતને ઘાટ ઉતારવાનું પણ કોઈ સહેલું કામ નહોતું. એમાં પણ આ બાબત ઊલટી પડવાની વિપુલ શક્યતા હતી. છતાં પણ ઓછામાં ઓછું આ લક્ષ્ય શક્યતાની સીમાની અંદર લાગી રહ્યું હતું, ખાસ કરીને જો ચંડક અને તમસને આ હેતુ માટે રાજી કરી લેવામાં આવે તો. એટલે કે ગૂંચ અમુક હદે ખૂલતી નજરે ચડી રહી હતી. પહેલા સમસ્યા એ હતી કે પુનર્દત્તને કેવી રીતે બહાર કાઢવામાં આવે? એનું સમાધાન નજરે ચઢ્યું, 'પંચજનનું મોત'. હવે સમસ્યા હતી, પંચજનને કેવી રીતે મારવામાં આવે? એનો સ્પષ્ટ જવાબ હતો- ચંડક અને તમસને આ કામ માટે રાજી કરીને. અને તેમને પોતાના જ રાજવધ માટે કેવી રીતે રાજી કરવામાં આવે? ...તો જેમ કે હું કહી ચૂક્યો છું તેમ... મહત્ત્વાકાંક્ષાની ચાદર ઓઢાડીને. અને આ માટે હું તૈયાર જ હતો. આ બાજુ ચંડક મારો એવો તો હિતેચ્છુ બની ચૂક્યો હતો કે એ શક્ય એટલી બધી મદદ માટે તૈયાર જ ઊભો હતો; ત્યાં સુધી કે જ્યારે અમને કોઈ રસ્તો સૂઝી રહ્યો નહોતો ત્યારે તેણે અમારા હિતને ધ્યાનમાં રાખીને સુરક્ષિત રીતે અહીંથી નીકળી જવાની તૈયારી સુદ્ધાં કરી દીધી હતી. પરંતુ કેમકે હું પુનર્દત્તને લીધા વિના જઈ શકતો નહોતો, એટલા માટે અહીં એના માથા પર મક્કમ બનીને બેઠો હતો. આમ તો વાત બનતી ના જોઈને, ચંડક મને આ આશ્ર્વાસન પણ આપી જ ચૂક્યો હતો કે ભવિષ્યમાં ક્યારે પણ તક મળશે તો તે પુનર્દત્તને છોડાવીને સાંદીપનિજીના આશ્રમમાં જરૂર પહોંચાડી દેશે. ...હાલ એ જીવતો છે, તેથી હમણાં તો સમયની નાજુકતાને ધ્યાનમાં લેતા-એની આ ખબરથી સંતોષ માની લઉં. પરંતુ કાલ કોણે જોઈ છે? અને વળી કૃષ્ણનું ખાલી હાથે પરત ફરવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. આથી વાત કારગત ન થતી જોઈને, તે પણ મારી સાથે કોઈ ઉપાય શોધવાની ભાંજગડમાં તો લાગ્યો જ હતો.

...લાગ્યો હશે. પણ હાલ તો હું ત્યાં શું કરવું, તે નક્કી કરી જ ચૂક્યો હતો, તો વાટ શેની જોવાની હતી? તેથી બધી જૂની ચર્ચાઓ ભુલાવીને, હું તો જઈ ચઢ્યો સીધો ચંડકની પાસે. થોડી વાર ગોળગોળ વાતો કરીને હું સીધો મુખ્ય વાત પર આવી ગયો. મેં કહ્યું- હું જાણું છું કે પુનર્દત્તની બાબતે તમે મારી કોઈ મદદ નથી કરી શકતા એ વાતનું તમને પણ ઘણું દુ:ખ છે. ...ચાલો, આ વાતને હમણાં છોડો. પરંતુ સાચું કહું તો આપણો સંબંધ જ એવો થઈ ગયો છે કે પંચજને તમારા જેવા સમજદાર અને વફાદાર વ્યક્તિનું ભરસભામાં જે અપમાન કર્યું તે મને જરાયે સારું લાગ્યું નથી. ક્યાંય કોઈ રાજા પોતાના જ મહામંત્રીને આટલો બેઆબરૂ કરીને ભલા એને મૃત્યુદંડની સજા સંભળાવે ખરો? ...ચોક્કસપણે મેં એની દુ:ખતી નસ પર હાથ મૂકી દીધો હતો... અને એ પણ જોરથી. આનાથી પ્રકટેલા દુ:ખ અને ક્રોધ એના હાવભાવમાં સ્પષ્ટ રીતે જોઈ શકાતા હતા. પાસો બરાબર પડતો જોઈને, મેં એને વધારે ચક્કરમાં નાખવાનું શરૂ કર્યું. આ વખતે સહાનુભૂતિમાં પલાળી, એક દાર્શનિકની છટામાં કહ્યું- હકીકતમાં, કાયદા મુજબ તો તમારા જેવા કોઈ સમજદાર વીર યોદ્ધાએ જ અહીંના રાજા બનવું જોઈએ. જે રાજા ભરસભામાં સહુની સામે પોતાના સેનાપતિનું અપમાન કરે, એને કદાપિ રાજા બનવા માટે યોગ્ય ગણી શકાય નહીં. પંચજને તમારું અપમાન કરતાં પહેલાં એ

વિચારવું જોઈતું હતું કે સેના હંમેશાં સેનાપતિનાં નિયંત્રણમાં હોય છે. વળી, તમે તો 'વૈવસ્વતપુર'ના સન્માનનીય મહામંત્રી પણ છો, ઓછામાં ઓછું તમારું અપમાન કરતાં પહેલાં તેણે સો વાર વિચારી લેવું જોઈતું હતું.

જોકે મારે તો એક જ માછલી ફસાવવાની હતી, પણ મેં તો જાળ એવી ફેંકી હતી કે આખા સમુદ્રની તમામ માછલીઓ આવીને ફસાઈ જાય. આવામાં બિચારા ચંડકની શી વિસાત? સાચે જ મથુરામાં શીખેલી કૂટનીતિ અને કંસ-વધનો અનુભવ, બંને આ સમયે ઘણા કામમાં આવી રહ્યા હતા. આમ તો એ તરફ ચંડક કંઈ બોલ્યો તો નહીં, પરંતુ તેના ચહેરાના બદલાયેલા હાવભાવ જ કહી રહ્યા હતા કે વાત એને જરૂર ગમી રહી હતી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તેણે મનમાં ને મનમાં રાજા બનવાના સપનાં જોવાનું શરૂ પણ કરી દીધું હતું. એટલે કે તીર પોતાનું કામ કરી ચૂક્યું હતું. હવે બાકી શું રહ્યું હતું? મેં પણ મારી ભાવભંગિમાથી તેને સમજાવી જ દીધું કે "કૃષ્ણના હોવાથી શું શક્ય નથી?" જ્યારે એ ભાવો દ્વારા જ બધી વાતો કરે છે, તો મને વળી ક્યાં એ ભાષા નથી આવડતી? જોકે બધી વાતચીત તો કાંઈ હાવભાવોથી નહોતી કરી શકાતી. આમ પણ હાવભાવોનું શું છે? એને તો ફેરવી તોળાય. કહી શકાય કે નહીં... નહીં મારો કહેવાનો અર્થ આવો બિલકુલ નહોતો. શું હું આપણાં જ રાજાની વિરુદ્ધમાં બોલીશ? ...પરંતુ બોલેલા શબ્દો પાછા લઈ શકાતા નથી. આથી, અત્યાર સુધી હું જે વાતોને સંકેતોથી કહી રહ્યો હતો તેને શબ્દોનાં વાઘાં પહેરાવવા જરૂરી હતું. શબ્દોમાં પણ એ સ્થિરતા ઝળકે, તો વાત પાક્કી. બસ, મેં એકદમ ગંભીરતાથી સીધેસીધું કહ્યું- તમે અહીંના રાજા શા માટે નથી બની જતા?

આ સાંભળતા જ એના મોંમાંથી નીકળી ગયું- જ્યાં સુધી પંચજન જીવતો છે, આ શક્ય નથી.

લો, આજ સમજાવવા માટે તો હું અહીં આવ્યો છું. અને મજા જુઓ કે એક જ ઝટકામાં, આ વાત તેની જીભ પર આવી ગઈ. હવે 'કૃષ્ણ' ઊભો હોય અને અંદરની વાત અંદર જ રહી જાય, આ તો હોંશિયારથી હોંશિયાર મનુષ્ય માટે પણ સંભવ નથી. જોકે બોલતાવેંત જ તેને લાગ્યું કે આ હું શું બોલી ગયો. પરંતુ હવે શું, પડદો તો ઊઠી જ ગયો હતો. આમ પણ રાજા બનવાનો અહંકાર, હોશ ક્યાં રહેવા દે છે? અને વળી કનૈયો... જેની સામે ગોપિયો સુદ્ધાં હોશ ગુમાવી દેતી હતી, તો આ ચંડક શું ચીજ હતો? ...જોકે હજુ કામ પૂરું નહોતું થયું. આમ કસમયે પોતાની પ્રશંસામાં રચ્યું-પચ્યું રહેવું યોગ્ય નહોતું. આથી લોખંડ ગરમ જોઈને, મેં જલ્દીથી અંતિમ પ્રહાર કરવાનું યોગ્ય માન્યું. ક્યાંક એજ પોતાની વાત પરથી પલટી ન જાય. આથી, હવે મેં ખૂબ જ નાટકીય રીતે કહ્યું- જો હું એને મારી નાખું તો?

આ સાંભળતા જ એ ઊછળી પડ્યો- શું આ શક્ય છે?

મેં કહ્યું- અવશ્ય! જો તમે મારો સાથ આપો તો.

તે ઘણી વિનમ્રતાથી બોલ્યો- હું તો આમ પણ તમારી સાથે જ છું. આ બચેલું જીવન આમ પણ આપનું જ છે, ઉપરથી તમે મને રાજા પણ બનાવી રહ્યા છો. ગુલામને તો માત્ર તમારા હુકમની વાર છે.

ચંડકના રાજદ્રોહ માટે રાજી થતાવેંત કહી શકાય કે સફળતા મારા તરફ આવી અને મૃત્યુ પંચજનની નજીક સરક્યું. એક વાર ધ્યેય નક્કી થઈ ગયું તો વાર શેની? તરત અમે આગળના કાર્યોની વિચારણામાં લાગી ગયા. મેં એની પાસેથી પંચજનના મિત્રો અને શત્રુઓના વિષયમાં વિસ્તૃત જાણકારી મેળવી લીધી. પરંતુ દુર્ભાગ્યે, તેની પાસેથી કોઈ વધુ કામની વાત મળી નહીં. ખાસ તો એક જ વાત હતી કે 'પુણ્યજન' નામનો બીજો એક રાક્ષસ 'પંચજન'નો કાયમી શત્રુ હતો. પહેલા એ બંને ખાસ મિત્રો હતા. આમ પણ જ્યારે મિત્રોમાં શત્રુતા થાય છે, ત્યારે તે કંઈક વધારે પડતી જ ઊંડી બની જાય છે. ...જોકે તેમ છતાં આ સમયે 'પુણ્યજન' અમારા માટે કોઈ કામનો નહોતો. કારણ કે અત્યારે બહારના નહીં, ઘરની અંદરના શત્રુ કામ આવે એમ હતું. અમારે પુનર્દત્તને છોડાવવાનો હતો, કંઈ રાજ્ય થોડું જ જીતવાનું હતું? કોઈ વાંધો નહીં... જો ઘરમાં પંચજનના શત્રુ નથી, તો નથી! શત્રુ હું ઊભા કરી દઈશ. આ મારે માટે કંઈ કપરું કામ થોડું હતું? ચંડકને તો સાણસામાં લઈ જ ચૂક્યો હતો, બાકીનાઓને પણ સાણસામાં લઈ શકાય છે. આમ પણ તાકાતથી પંચજનને હરાવવાનું અશક્ય હતું. મારા તો શું, આર્યાવર્તના કોઈપણ રાજા માટે પંચજનને હરાવવાનું શક્ય નહોતું. તેને માત્ર કૂટનીતિથી જ હરાવી શકાય તેમ હતું. અને તેમાં તો હું દિવસે ને દિવસે ત્વરિત ગતિથી નિપુણ થતો જઈ રહ્યો હતો. જોકે એમાં એક સમસ્યા અવશ્ય હતી કે અહીં હું સીધેસીધું કંઈ કરી શકતો નહોતો. મારે દરેક પાસો ચંડક દ્વારા જ ફેંકવાનો હતો. એટલે હરીફરીને તે જ મારો એક પાસો હતો અને આશરો પણ. કહેવાનું તાત્પર્ય એ કે કોઈ કામ પોતે કરવું અને કોઈક પાસે કરાવવું, એમાં ફરક તો રહે જ છે.

પરંતુ 'કૃષ્ણ'ના મજબૂત ઈરાદાઓને શેની અડચણ? કાર્ય જેટલું અટપટું છે, તો તેનાં પ્રમાણમાં પ્રજ્ઞા, મહેનત અને સ્ફૂર્તિ વધારી લેવામાં આવશે. જરૂરી ઉત્સાહ અને વિશ્ર્વાસ પણ વધારી લેવામાં આવશે. વધારી લેવામાં આવશે? આ લ્યો, વધારી લીધા. તત્કાળ તમામ સમસ્યાઓને નજરઅંદાજ કરીને, હું મારા કામમાં લાગી ગયો. કામની શરૂઆત મેં ચંડકને ત્રણ કામ સોંપીને કરી. એક, પોતાની સેનાના ઉચ્ચ અધિકારીઓને વિશ્ર્વાસમાં લઈ લે. બીજું, તમસને પણ આ યોજનામાં પોતાની સાથે રાખે. ત્રીજું, પંચજનને થોડા સમય માટે જ ભલે, પણ પોતાના લોખંડી પિંજરામાંથી બહાર કાઢે. હવે જ્યાં સુધી તમસનો સવાલ હતો તો આમ તો એના તરફથી મારી વાત ટાળવાનો સવાલ ઊઠતો જ નહોતો, ઉપરથી તેને મહામંત્રી બનાવવાનું વચન પણ આપી રહ્યા હતા. થયું પણ એવું જ. ચંડકે જેવું તેને મારા નામે વાત કરી કે તે કંઈ પણ વિચાર્યા વિના રાજી થઈ ગયો. અને તેના રાજી

થવાની સાથે જ સેના અને જહાજ, અર્થાત્ રાજ્યની બે મુખ્ય શક્તિઓ મારા નિયંત્રણમાં આવી ગઈ હતી. ...જ્યાં સુધી 'પંચજન'ને પિંજરામાંથી બહાર કાઢવાનો સવાલ હતો, તો એ ખુશખબરી પણ ચંડક જલ્દી જ લઈ આવ્યો. તેણે આવનારી અમાસે 'વૈવસ્વતપુર'માં ભવ્ય મહોત્સવનું આયોજન કર્યું. આ સમારંભમાં 'નૃત્યોત્સવ' અને 'મલ્લોત્સવ'ના કાર્યક્રમો રાખવામાં આવ્યા. આજ સમારંભમાં 'પંચજન'નું સ્વાગત કરવાનું હતું, અને ખુશખબરી એ કે એજ સ્વાગત સમારંભ દરમિયાન એ પિંજરામાંથી બહાર આવે એવી વ્યવસ્થા પણ કરી લેવામાં આવી હતી. અર્થાત્ ચંડકની યોજના ઉત્સાહવર્ધક જ નહીં, પરિણામલક્ષી પણ લાગી રહી હતી. એટલું જ નહીં, જલ્દી તેણે પોતાના વિશ્ર્વાસુ સૈનિકોનું એક જૂથ પણ બનાવી લીધું હતું. સરવાળે, આ બાજુ ચંડક પોતાનું કામ કરી ચૂક્યો હતો. અને બીજી તરફ મારા ચિત્તમાં રણનીતિ પણ પોતાનું અંતિમ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. ...સાચું કહું તો હવે અચાનક, જીત મારી આંખ સામે હાથ લંબાવતી દેખાઈ રહી હતી. રાહ જોવાતી હતી, તો બસ, અમાસની. બીજી બાજુ, ભાઈની વાત કરું તો તેઓ પોતાની રીતે એક સુખી આત્મા હતા. તેમને આ બધા સાથે કંઈ લેવાદેવા નહોતી. એમના ખાવા-પીવા બાબત પુરું ધ્યાન અપાઈ રહ્યું હતું અને તેમને એનાથી જ સંતોષ હતો. તેઓ મને ભાગમદોડ કરતો જોઈને એટલું તો સમજી રહ્યા હતા કે હું કોઈક યોજનામાં પરોવાયેલો છું, પણ હજી સુધી એમણે એક વાર પણ પૂછ્યું નહોતું કે હું કઈ યોજનામાં પરોવાયેલો છું. આવા સુખી આત્માની સાથે રહેવું અને સૂવું એ પણ કોઈ મહાસુખથી ઓછું ક્યાં હતું?

અંતે અમાસની એ નિર્ણાયક રાત પણ આવી જ ગઈ. ઉત્સવ ખુલ્લા મેદાનમાં હતો. માનવું પડશે કે મેદાન સરસ રીતે શણગારવામાં આવ્યું હતું. અમારા આગમન સુધીમાં તો આખું મેદાન મશાલોના અજવાળાથી ઝળહળી રહ્યું હતું. અર્થાત્ ચંડકે પોતાની તરફથી પંચજન-વધના ઉત્સવની તૈયારી સારી રીતે કરી રાખી હતી. બીજું કંઈ નહીં તો પોતાના રાજાની અંતિમ વિદાય ધામધૂમથી કરી રહ્યો હતો. હશે! હાલ, મેદાનનું વર્ણન કરું તો, લંબચોરસ આકારવાળું આ મેદાન ઘણું વિશાળ હતું. બરાબર મારી સામે એક મોટો મંચ બનેલો હતો, કદાચ ત્યાં પંચજનને બેસવાનું હતું. તેની નીચેનો ખાસ્સો એવો મોટો વિસ્તાર ખાલી રાખવામાં આવ્યો હતો, ચોક્કસપણે નૃત્ય અને મલ્લયુદ્ધ ત્યાંજ થવાનાં હતા. ...તથા મેદાનના આખરી પડાવ પર મંત્રીમંડળના સભ્યો, મુખ્ય અધિકારીઓ અને મુખ્ય અતિથિઓની બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સન્માનની વાત એ કે અમારી બેસવાની વ્યવસ્થા પણ તેમની સાથે જ કરવામાં આવી હતી. આખરે હવે અમે 'મહારાજ પંચજન'ના વિશેષ અતિથિઓ હતાને. જોકે આ બધું તેની પોતાની જગાએ હતું, પણ અત્યારની વાત કરું તો હકીકત એ હતી કે ચારે તરફ ફેલાયેલા સૈનિકોને જોઈને, આ સમયે મારા ધબકારા વધી રહ્યા હતા. ખબર નહીં કે ચંડકે વ્યવસ્થા તો પાક્કી કરી છે કે પછી હવામાં કિલ્લાઓ ચણી રહ્યો છે? ચાલો એની ખબર પણ ઉત્સવ પૂરો થતાં સુધીમાં પડી જ જશે. હમણાં તો મેદાનની બંને તરફ ઊભેલી જનમેદની પર નજર કરું તો તે પણ ઘણી ઉત્સાહમાં લાગી રહી હતી. હજી હું આ બધું જોઈને સમજી જ રહ્યો હતો કે તમસ અમને બોલાવવા આવી ગયો. ...લો, ચાલી નીકળ્યા. અર્થાત્ મંચની પાસે ઊભેલા અમે આખું મેદાન ઓળંગીને ત્યાં પહોંચી ગયા જ્યાં અમારી બેસવાની વ્યવસ્થા થઈ હતી. ...લો, બેસી ગયા. બેસી શું ગયા, સંપૂર્ણ રીતે બેસી ગયા; કારણ કે અહીં મારા હાથમાં તો કરવા જેવું કંઈ નહોતું. મારે તો ચૂપચાપ એક પ્રેક્ષક બનીને ચંડકની કર્મઠતા અને પંચજનની સજાગતાની વચ્ચે થનારું યુદ્ધ જ જોવાનું હતું. જેમાં ચંડકનો વિજય થયા પછી જ મારે કંઈક કરવાપણું રહેતું હતું. ...આ તરફ અમારી તમામ યોજનાઓથી અજાણ, ભાઈ બિચારા બસ મલ્લ-યુદ્ધ શરૂ થવાની રાહ જોઈ રહ્યા હતા. મેં કહ્યું ને કે સુખી આત્મા હતા. આમ પણ કોઈને યોજનાપૂર્વક મારવો એ ભાઈની સમજ બહાર હતું. એમનો વિશ્ર્વાસ સીધી ગદા ઉઠાવીને બાથ ભીડવામાં હતો. પરિણામની બાબતે વિચારવાની માનસિક પળોજણ એમના વશની વાત નહોતી.

ખેર! જવા દો આ વાત. હાલ તો ચંડકે આવીને એવી ખુશખબર આપી કે ફરીથી પૂર્ણ રીતે વિશ્ર્વાસ પાછો ફર્યો. તેણે મારી બાજુમાં આવીને મારા કાનમાં કહ્યું કે તે યોજનાનુસાર પોતાના અતિ વિશ્ર્વાસુ ત્રણસો હથિયારબદ્ધ સૈનિકોની સાથે તૈયાર ઊભો છે. બસ, હવે શું હતું? મારી ચપળતા તેની ચરમ સીમાએ પહોંચી ગઈ. ચોક્કસપણે હજી સુધી તો બધું યોજનાનુસાર ચાલી રહ્યું હતું. યોજનાનુસાર, મારી બેસવાની વ્યવસ્થા પણ બરાબર પંચજનના પિંજરાની સામે જ કરવામાં આવી હતી. હા, આટલી મોટી યોજના પાર પાડતા પહેલા જે અકળામણ થાય છે, તે ચોક્કસ થઈ રહી હતી. આમ સરવાળે રાહ જોવાતી હતી તો બસ પંચજનની. સાચું કહું તો આ સમયે તેની થોડી રાહ પણ ઘણી વધારે લાગી રહી હતી, કારણ કે પાસું ઊલટું પડવા પર અમારા બધાનો સામૂહિક ખાતમો નક્કી હતો. ...એટલે કે આવનારી થોડી પળોમાં જિંદગી અને મોતનો નિર્ણય થવાનો હતો, અને ચોક્કસપણે આવામાં આવી ખતરનાક યોજનાને પાર પાડવા માટે સંતુલન બનાવી રાખવું જરૂરી હતું. એક બાજુ જ્યાં ચારે તરફની ગતિવિધિઓ પર બાજ નજર રાખવાની હતી, ત્યાંજ બીજી બાજુ જીવનની આખરી પળ હોવાની સંભાવનાની પણ અનુભૂતિ થઈ રહી હતી. જોકે જીવનમાં આવી પળો તો પહેલા પણ ઘણીવાર વિતાવી ચૂક્યો હતો. સાચું તો એ છે કે હું કોઈપણ કામ કરું, જીવ સટોસટની બાજી તો લાગી જ જતી હતી. સાચા અર્થમાં હું તો હંમેશાં જીવ હથેળીમાં લઈને જ ફર્યા કરતો હતો. આમ તો મોતના ઓથાર નીચે, કારાગૃહમાં જન્મેલા વ્યક્તિએ જીવન પાસેથી આનાથી વધારે અપેક્ષા કરવી પણ ન જોઈએ. ધ્યાનથી જોવામાં આવે તો મારી આજ સમજણ, તમામ વિપરીત પરિસ્થિતિઓ હોવા છતાં, મારામાં એક અજબ પ્રસન્નતા

બનાવી રાખતી હતી. હાલ જ જુઓ, પળવારમાં કેટલો મોટો નિર્ણય થવાનો હતો. મારી રણનીતિની સાથે સાથે ચંડકની કાર્યદક્ષતાનો પણ નિર્ણય થવાનો હતો. પંચજનને પિંજરામાંથી બહાર કાઢી શકે છે કે નહીં એ પહેલો સવાલ હતો. નીકળી આવ્યો તો તેનો ખાતમો તો મારે જ કરવાનો હતો. ...ચાલો, આ પાસું પણ બરાબર પડ્યું, તો જે સૈનિકોને તે પોતાના વફાદાર કહી રહ્યો છે તે વફાદાર છે કે નહીં, એ પણ તો સિદ્ધ થવાનું હજી બાકી જ હતું. એવું ન થાય કે પંચજનની હત્યાના ગુના માટે અમારી ધરપકડ જ કરી લેવામાં આવે? અને મારા વ્યક્તિત્વની ખૂબી એ કે આટલી મૂંઝવણો હોવા છતાં હું સતર્ક હતો, સહેજ પણ ગભરાયેલો નહોતો.

હશે! ...અત્યારે તો નિર્ણાયક પળ આવી જ પહોંચી હતી. 'પાંચજન્ય-શંખ'ના અવાજથી આખું મેદાન ગૂંજી ઊઠ્યું હતું. ચોક્કસપણે આ પંચજનના આગમનનો સંકેત હતો. તમામ લોકો પંચજનના સ્વાગત માટે પોતાના સ્થાન પર ઊભા થઈ ગયા. હું તો સહુથી પહેલો ઊભો થઈ ગયો. આ બાજુ પંચજનના પદાર્પણની સાથે જ તેના વફાદાર સૈનિકોએ તેનું પિંજરું મંચ પર ચઢાવી દીધું. હું સંપૂર્ણ રીતે સતર્ક અને સજાગ થઈ ગયો. ત્યારે જ કેટલીક બાળકીઓ હાથમાં ફૂલોની માળા લઈને પંચજનના સ્વાગત માટે મંચ તરફ આગળ વધી. હું સંપૂર્ણ રીતે તૈયાર હતો, જાણતો હતો કે આ એક જ તક છે મારી પાસે. આ તક ચૂકી ગયો, તો ખેલ ખલાસ. પછી તો પુનર્દત્તને છોડો, મારું પોતાનું અહીંથી બચી નીકળવાનું અશક્ય બની જશે. આ તરફ, હું જેટલો વ્યગ્ર થઈ ગયો હતો, સ્વાભાવિક રીતે તેનાથી ઘણા વધારે વ્યગ્ર ચંડક અને તમસ થઈ રહ્યા હતા. બધાના જીવ સટોસટનો દાવ હતો. ...આ બાજુ જેવો પંચજન હાર પહેરવા પિંજરાની બહાર નીકળ્યો, મેં તત્કાળ મારા ચક્રથી એની ગરદન પર નિશાન તાક્યું. ચક્ર છૂટતાં જ પળવારમાં તેની ગરદન ધડથી અલગ થઈ ગઈ. આવા નાજુક મોકા પર મારા ચક્રનું નિશાન ચૂકવાનો તો કોઈ સવાલ જ ઊઠતો નહોતો. હું મારા હેતુમાં સફળ થઈ ચૂક્યો હતો.

...ચારે બાજુ હાહાકાર મચી ગયો. પ્રજામાં ભાગદોડ મચી ગઈ. પંચજનના અંગરક્ષકોને તો સમજાણ જ ના પડી કે આ શું થઈ ગયું. મારી પાસે તો ખુશ થવાનો સહેજે સમય નહોતો. આ પરિસ્થિતિને તરત જ કાબૂમાં લેવાનું જરૂરી હતું. મેં તત્ક્ષણ ચંડકને આદેશ આપ્યો કે સહુથી પહેલા પંચજનના વિશ્ર્વાસુ અંગરક્ષકોને મારી નાખે. એમાંથી એક પણ જીવતો બચવો ના જોઈએ. ચંડકના સૈનિકો તૈયાર જ ઊભા હતા; જોતજોતામાં તેઓ અંગરક્ષકો પર તૂટી પડ્યા. થોડી જ વારમાં તેમણે તમામ અંગરક્ષકોનું કામ તમામ કરી નાખ્યું. મેં રાહતનો શ્ર્વાસ લીધો. અર્થાત્ ચંડક હવામાં વાતો નહોતો કરી રહ્યો. જોકે સમય નિરાંતનો શ્ર્વાસ લેવાની જરા પણ રજા આપતો નહોતો. હું તરત ચંડકને લઈને એ જગા પર ચાલી નીકળ્યો જ્યાં 'પંચજન'નો મૃતદેહ પડ્યો હતો. ચોતરફ ફેલાયેલી અંધાધૂંધી અને ભાગદોડની વચ્ચે, ચંડકના સૈનિકોથી ઘેરાયેલો હું, મંચ ભણી આગળ વધી રહ્યો હતો. અત્યારે મારા ચાલવામાં ગજબની ગતિ હતી. પાછળ-પાછળ, ભાઈ, ચંડક અને તમસ પણ દોડતા આવી રહ્યા હતા. ચોક્કસપણે, ચારે બાજુ ફેલાયેલી અરાજકતાને કાબૂમાં લેવાનો એક જ ઉપાય હતો કે તત્કાળ નવા રાજાની ઘોષણા કરી દેવામાં આવે. પરંતુ મારી બાળસહજ નાદાની તો જુઓ, જેવો 'પંચજન'ની લાશની પાસે મેં એનો શંખ પડેલો જોયો કે હું પોતાને એ અદ્ભુત શંખ ઉઠાવવાથી રોકી ન શક્યો. હવે આ પણ કોઈ શંખ-મોહનો સમય હતો? હવે તમે જ બતાવો કે આને હું મારી બાલિશતા કહું કે અનુભવની ખામી? ...કે પછી મારી શ્રેષ્ઠ વસ્તુઓને ઓળખી કાઢનારી આંખને દાદ આપું. હું ભલે ગમે તે કહું, પણ મારી બાળસહજ નાદાની આટલેથી જ ન રોકાઈ. શંખ હાથમાં આવતાં જ મેં એને વગાડ્યો. શું નાદ હતો એનો! તમને જણાવી દઉં કે પોતાના આ ભવ્ય નાદ પર જ આ 'પાંચજન્ય-શંખ' સમગ્ર આર્યાવર્તમાં વિખ્યાત હતો. જ્યાં સુધી મારો સવાલ છે, મને તો આ શંખ એટલો ગમી ગયો હતો કે પછી મેં એને જીવનભર સાચવીને રાખ્યો. તમને યાદ હશે કે મહાભારતનું યુદ્ધ પણ મેં આ શંખનાદ સાથે જ શરૂ કર્યું હતું.

ખેર! હાલ તો વર્તમાનમાં પાછો આવું. અને વર્તમાનનું સત્ય એ કે પંચજનની હત્યા કોઈ શંખ મેળવવા માટે તો કરવામાં આવી નહોતી. આ તો અસ્થાયી રીતે મારા ધ્યેયથી ભટકી ગયો હતો. સાચું ધ્યેય તો માત્ર પુનર્દત્તને છોડાવવો એ હતું, અને તેને માટે તાત્કાલિક ધોરણે ચંડકને રાજા ઘોષિત કરવાનું અનિવાર્ય હતું. આ બાજુ પાંચજન્ય-શંખ ફૂંકાતા જ એક પળ માટે તો ભાગદોડ જાણે થંભી ગઈ હતી. બધાને લાગ્યું કે ક્યાંક પંચજન જીવિત ન હોય. આ પણ કોઈ રમત જ ન હોય. ભલે જે હોય તે, મને તો આ થંભી ગયેલી ભાગદોડે તક આપી દીધી. મેં તકનો લાભ ઉઠાવતા, તત્કાળ સ્થિતિને મારા કાબૂમાં લેવાની શરૂઆત કરી દીધી. અને આ પ્રયત્નની પ્રથમ કડીપે, મેં તરત ચંડકને સંબોધન કરવા મોકલ્યો. તે તો મંચ પર ચઢ્યો તો ચઢ્યો, મજા એ કે હું પણ તેની પાછળ નેતાગીરી કરવા મંચ પર ચઢી ગયો. ત્યાંજ વળી મેં એને કહી દીધું કે તું પોતાના રાજા બનવાની જાહેરાતની સાથે સાથે પ્રજાને રાહતનાં મોટા-મોટા સપનાં બતાવ. હવે એ તો મહામંત્રી હતો, ભલા તેને વાત સમજતાં ક્યાં વાર લાગવાની હતી? બસ, તેના આગળ આવતા જ, દોડભાગ થંભી ગઈ. કેમ ના થંભે? એ મહામંત્રી પણ હતો અને સેનાપતિ પણ. સ્વાભાવિક રીતે, આવા નાજુક મોકા પર તેના કહેલા શબ્દોનું ઘણું મહત્ત્વ હતું. જોકે આટલો મોટો અવસર જોઈ તેનો આત્મવિશ્ર્વાસ ડગમગતો હતો, તેમ છતાં પણ રાજા બનવાની ઘોષણા ચંડકે જ કરવાની હતી; કોઈ બહારનો વ્યક્તિ અને એ પણ પંચજનનો હત્યારો તો આ ઘોષણા કરી શકતો નહોતો. આથી ગભરાતા ગભરાતા જ ચંડકે પ્રજાને સંબોધન કરતાં પોતાને 'વૈવસ્વતપુર'નો રાજા ઘોષિત કરી દીધો. સાથે જ વિસ્તારથી એ કારણો પર પણ પ્રકાશ પાડ્યો, જેના લીધે પંચજનની હત્યા કરવી પડી. આ બાજુ જેમ જેમ

પ્રજા તેની વાતોમાં સૂર પુરાવતી ગઈ, તેમ તેમ તેનો આત્મવિશ્વાસ વધતો ગયો. ...પછી તો તેણે તેના રાજ્યમાં પ્રજા પર કોઈ જુલમ નહીં થાય, સામાન્ય માણસનું જીવનધોરણ સુધારવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે, સૈનિક અને સેવકમાં કોઈ ભેદ નહીં રાખવામાં આવે- આવા અનેક લોભામણા વચનોની સાથે પોતાના ભાષણનું સમાપન કર્યું.

હવે તો બાજી પૂર્ણપણે હાથમાં હતી, આપણા ચંડક મહારાજ રાજા બની ગયા હતા. ...આમ તો અહીંની હાલત પણ મથુરાને મળતી આવતી હતી. ચંડકના સંબોધન પછી પ્રજામાં પંચજનની હત્યાનો કોઈ વિશેષ વિરોધ દેખાતો નહોતો. સાચું કહું તો ઊલ્ટું બધાએ હૃદયપૂર્વક ચંડકના રાજા બનવાનું સ્વાગત જ કર્યું હતું. મને આ બધું આટલું સહેલાઈથી પૂરું થઈ જશે તેની કોઈ આશા નહોતી. ચંડકને તો વિશ્વાસ જ નહોતો આવી રહ્યો કે પંચજનની હત્યા પણ થઈ ગઈ, અને પ્રજાએ તેનો રાજા તરીકે સ્વીકાર પણ કરી લીધો છે. તેને તો હજુ પણ આ બધું એક સપનાં જેવું જ લાગી રહ્યું હતું. એ પણ શું કરે...? અને હું પણ શું કરું? બધું પળવારમાં જ બની ગયું હતું. આજ તો 'કૃષ્ણની લીલા' છે; જ્યાં અઘરામાં અઘરું અને અશક્ય કરતાં પણ વધુ અશક્ય લાગતું કામ પણ સહેલાઈથી પૂરું કરી દેવામાં આવે છે. ...હવે જ્યાં આટલું મોટું તીર માર્યું છે, તો ઓછામાં ઓછું થોડી વાર માટે તો હવામાં ઊડી લઉં. આમ તો આનાથી પણ ઊંચી છલાંગ મારી લેત, પણ શું કરું, વાતાવરણ વધુ ઊંચા ઊડ્ડયન માટેની પરવાનગી નહોતું આપી રહ્યું. ...કારણ કે હજુ ના તો કામ પૂરું થયું હતું કે ના તો જોખમ સંપૂર્ણ રીતે ટળ્યું હતું. આમ તો મને હવે કોઈ નવા વિરોધની આશંકા નહોતી. છતાં પણ સાવધાની રાખવી અને સંપૂર્ણ રીતે સાવધ રહેવું જરૂરી હતું. તેથી, હું તરત ચંડકને પુનર્દત્તને લાવવાનો ઈશારો કરીને મંચ પરથી કૂદી પડ્યો. કૂદી પડતા જ ભાઈને પકડ્યા અને 'તમસ'ની સાથે જહાજ તરફ ચાલી નીકળ્યો. ...આ તમામ કાર્ય એક પછી એક એટલા જલ્દી થઈ રહ્યા હતા કે તમે કલ્પના પણ ના કરી શકો. સૈનિકોથી ઘેરાયેલા હું, ભાઈ અને તમસ કિનારા તરફ ઝડપથી આગળ વધી રહ્યા હતા. ભીડની બૂમાબૂમ થોડી ઓછી થઈ ગઈ હતી, પણ જે કંઇ થયું હતું તે પચાવવામાં સમય લાગે તેમ હતો. હવે આ બધું તો ચંડકે પતાવવાનું હતું, હું તો મારા સ્થાને પહોંચ્યું એટલે પત્યું. આમ તો વૈવસ્વતપુરનું પ્રવેશદ્વાર અમે નિર્વિઘ્ને પાર કરી લીધું. ...ત્યાં સામે જહાજ તૈયાર જોઈને, મારા જીવમાં જીવ આવ્યો. અને જહાજમાં ચઢતી વખતે, જેવા સૈનિકોએ અમને સલામ કરી કે મને મારા બચી નીકળવા પર પાક્કો વિશ્વાસ થઈ ગયો. ...જોકે સાવધાનીવશ હું તમસને હજી પણ છોડી નહોતો રહ્યો. ત્યાં બીજી બાજુ, દિલ ચંડકના આવવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું હતું. સાચું કહું તો પંચજનની હત્યા કરતાં તો કરી દીધી હતી, પણ ડર હજી પણ લાગી રહ્યો હતો. આટલા મોટા દસ્યુસમ્રાટનો વધ કોઈ મજાક નહોતી. હવે મજાક હોય કે હકીકત, હત્યા તો થઈ જ ગઈ હતી. હવે પછીના સંભવિત પરિણામના વિચારે હૃદય ધડકી જ રહ્યું હતું કે બસ ચંડક આવી જાય એટલે કામ પાર પડ્યું સમજો. સારું એ થયું કે આ પ્રતીક્ષા ધાર્યા કરતાં ટૂંકી નીકળી. સત્વરે પચાસ સૈનિકો સાથે ચંડક પુનર્દત્તને લઈને જહાજ પર આવી પહોંચ્યો. આ બાજુ મારા આશ્ચર્ય વચ્ચે, ચંડક પોતાની સાથે ભેટસ્વરૂપે ઘણા હીરા-ઝવેરાત અને પચાસ ગણિકાઓ પણ લાવ્યો હતો. હીરા-ઝવેરાત તો મેં સ્વીકારી લીધા, પરંતુ ગણિકાઓ તેને પરત કરી દીધી. કારણ કે ગણિકાઓ રાજ્યમાં શોભે છે, જ્યારે અમારી પાસે તો પોતાનું કોઈ રાજ્ય જ નહોતું. રાજ્ય તો જવા દો, રહેવા માટે જેની પાસે પોતાનું કહી શકે તેવું એક ઘર પણ ક્યાં હતું? ઘરની શું વાત કરું, આટલી મોટી ધરતી પર એક સુરક્ષિત ઠામ-ઠેકાણું સુદ્ધાં નહોતું. જરાસંધ નામનું ભૂત અહીંથી નીકળતા જ, ફરી પાછળ પડવાનું જ હતું.

છોડો! અત્યારે જરાસંધની ચિંતા શા માટે કરું? અત્યારે તો પુનર્દત્તને બચાવી શકવાની અને મહાન ગુરુને ગુરુદક્ષિણા આપી શકવાની ખુશી મનાવું. જરાસંધનું ગાણું તો ગુરુદક્ષિણા આપી દીધા બાદ પણ ગાઈ શકાશે. આ બાજુ મારું તો ઠીક, પણ ભાઈ સંપૂર્ણ રીતે સ્તબ્ધ થઈ ગયા હતા. ના તો એમને પહેલા કંઇ સમજમાં આવ્યું હતું, ના તો અત્યારે કંઇ સમજમાં આવી રહ્યું હતું. સાચું કહું તો એમને પુનર્દત્તની મુક્તિનો કે પંચજન-વધનો હજુ પણ વિશ્વાસ બેસતો નહોતો. આમ તો આમાં ભાઈનો પણ કોઈ દોષ નહોતો, એક તો મેં ખૂબ જ ઝડપી ચક્કર ચલાવ્યું હતું અને ત્યાં બીજી બાજુ, ઘટનાઓ પણ ધાર્યા કરતાં વધારે તીવ્ર ગતિથી ઘટી ગઈ હતી. ખેર, પુનર્દત્ત તો જહાજ પર આવી ગયો હતો, તે છતાં કામમાં ઉતાવળ કરવી જરૂરી હતી. હજુ કામ પૂરું થયેલું માની શકાય તેમ નહોતું. કારણ કે જ્યાં સુધી પુનર્દત્તને પંચજનની સીમાની બહાર ના લઈ જઈએ ત્યાં સુધી પુનર્દત્ત તો શું, અમે પણ જીવતા નીકળ્યા છીએ તેમ માની શકાય તેવું નહોતું. આ વિચારીને જ મેં ફટાફટ ચંડક અને તમસ પાસેથી રજા લીધી. બંનેએ અમને ઘણી ભાવભીની વિદાય આપી. સાથે જ પોતાના વિશ્વાસુ હોય તેવા દસ સૈનિકોને પણ અમારી સાથે મોકલ્યા. આ તો ઠીક, પણ એક સારા કર્તવ્યનિષ્ઠ વ્યક્તિની જેમ, જતાં જતાં મેં ચંડક પાસેથી પ્રજા પર જુલમ ના કરવા અને કિનારા પરના ગામોમાં અકારણ લૂંટફાટ ના કરવા અંગેનું સબળ આશ્વાસન પણ લઈ લીધું. અને એની સાથે જ અમારું જહાજ એક ભવ્ય વિજય મેળવીને 'પ્રભાસ' જવા રવાના થયું. સહુથી મોટી વાત તો એ હતી કે આ દોડભાગમાં મેં હજી સુધી પુનર્દત્તની સામે આંખ ઉઠાવીને જોયું પણ નહોતું અને જહાજ કિનારેથી રવાના થઈ ગયું હતું.

અધ્યાય - ૯

મારું રણ છોડીને ભાગવું

છેક હવે હું ધરતી પર પાછો ફર્યો હતો. જોકે ધરતી પર પાછો ભલે ફર્યો હતો, પણ મને તો હજુ પણ વિશ્વાસ નહોતો થઈ રહ્યો કે પુનર્દત્ત, મારી 'ગુરુદક્ષિણા', મારી આંખોની સામે છે. પણ સત્ય એજ હતું કે મારી નજર સમક્ષ જ એ જહાજના ખુલ્લા ભાગમાં ઊભો હતો. અને તમે નહીં માનો કે ઠેઠ હવે મેં એને ધ્યાનથી જોયો. અને સાચું કહું તો, જોયું તો જોતો જ રહી ગયો હતો. ભાવવિભોર તો એટલો થઈ ગયો હતો કે શું કહું? હજી પણ અમે લોકો જહાજના આગળના ભાગમાં જ ઊભા હતા. પુનર્દત્ત ક્યારેક આશ્ચર્યથી જહાજને તો ક્યારેક ખુલ્લા સમુદ્રને જોઈ રહ્યો હતો. અમને તો તે ઓળખતો પણ નહોતો. એ જેલમાંથી નીકળીને અહીં શું કામ આવ્યો હતો એની પણ તેને ખબર નહોતી. અને હું તેના ચહેરા પર આવતા-જતાં ભાવોને પ્રેમથી જોઈ રહ્યો હતો. અત્યારે સાંદીપનિજી મારી આંખોમાં પૂર્ણપણે ઊતરી આવ્યા હતા. હું એને જેટલી પણ વાર જોઉં પણ મારા મનમાંનો હરખ માતો જ નહોતો. હું તો બસ એને જોઈ જ રહ્યો હતો. એને જોઈને, ચંડકની એક વાત માટે તો પ્રશંસા કરવી જ પડશે કે તેણે તેનો ખયાલ બહુ સારી રીતે રાખ્યો હતો. એ તરફ ભાઈ પણ બહુ અજીબ રીતે તેને જોયા કરતાં હતા. જોકે અંતે આ રમતનો પણ અંત આવ્યો. હજી તો ઘણી લાંબી યાત્રા હતી. બસ, હું પુનર્દત્તનો હાથ પકડીને તેને કક્ષ તરફ લઈ ગયો, ભાઈ પણ પાછળ પાછળ ચાલી નીકળ્યા. મારા હાથ પકડવામાત્રથી પુનર્દત્તને મિત્રતાનો આભાસ થયો. હવે કક્ષમાં તે મારી આંખોની સામે જ બેઠો હતો. આશ્ચર્ય તો એ વાતનું કે પુનર્દત્ત પોતાના વિશે કંઇ જાણતો નહોતો. કદાચ ચંડકે તેને તેની ઓળખાણ બતાવીને દુઃખ પહોંચાડવાનું યોગ્ય નહીં માન્યું હોય. હવે જે હોય તે, પણ મેં વાતવાતમાં તેને તેના પિતા સાંદીપનિજી અને ગુરુમાતાનાં વિષયમાં વિસ્તારથી કહ્યું. આ બધું સાંભળતા જ સ્વાભાવિક રીતે એની આંખોમાં આંસુ આવી ગયા. ત્યાં સુધી કે એ તો મારા ચરણોમાં જ નમી ગયો. જોકે થોડી વારના સહયોગ માત્રથી એ સામાન્ય પણ થઈ ગયો. એટલું જ નહીં, જોતજોતામાં એની અને મારી ખાસ્સી મિત્રતા પણ થઈ ગઈ. હા, આટલા મહાન પિતાજીના સંતાન હોવા છતાં રાક્ષસરાજમાં ઉછરવું અને અશિક્ષિત રહી જવું તેને બરાબરનું ખૂચતું હતું. દુઃખ તો એ વાતનું પણ હતું કે એ બિચારો બહારની દુનિયા વિષે કંઇ પણ જાણતો નહોતો. તેનું બિચારાનું તો સમગ્ર જીવન ચાર દીવાલોમાં વીત્યું હતું. શું જહાજ અને શું સમુદ્ર, કદાચ પૂરેપૂરી સભાનતા સાથે એ બિચારો પહેલીવાર બહારની દુનિયા જોઈ રહ્યો હતો. હશે, હાલ તો આ મારા જીવનની એક મોટી કૂટનીતિક જીત હતી. મને તો આ કૂટનીતિ પસંદ આવી ગઈ હતી. ના બે સેનાઓનું યુદ્ધ, ના નકામી હિંસા, ન વ્યર્થ બરબાદી. સીધું કોઈક ચક્કર ચલાવ્યું, કોઈક તિકડમ લડાવ્યું, રાજાનો વધ કર્યો... અર્થાત્ સમસ્યાનું મૂળ કાપ્યું અને વાત પૂરી.

ખેર! અત્યારે તો કક્ષનું વાતાવરણ સંપૂર્ણ રીતે મિત્રતાભર્યું થઈ ગયું હતું. આવામાં સમય પસાર થતાં ક્યાં વાર લાગવાની હતી? ત્રીજા દિવસે સવારે અમે પ્રભાસ પહોંચી ગયા. અમે તો ઝડપથી પુનર્દત્તને અને ખજાનાને લઈને જહાજમાંથી ઊતર્યા અને જૈવિકના ઘર તરફ દોટ મૂકી. જૈવિકને તો વિશ્વાસ જ નહોતો આવી રહ્યો કે અમે પંચજનવધ કરીને આવી રહ્યા છીએ અને પુનર્દત્તને મુક્ત પણ કરાવી ચૂક્યા છીએ. ખુશ તો એટલો હતો કે જોતજોતામાં, એણે આ ખબર આખા પ્રભાસમાં ફેલાવી દીધી. આ તરફ જેમ જેમ પંચજનવધની ખબર ફેલાતી ગઈ, સમગ્ર પ્રભાસ અમારા દર્શનાર્થે ટોળે વળ્યું. ચોક્કસપણે આ સન્માન મારું ઓછું અને "પંચજનના હત્યારા"નું વધારે હતું. ચાહે જે હોય તે, અંતે સન્માન તો મારું જ થઈ રહ્યું હતું; અને ભલા સન્માન કોને નથી ગમતું? પરંતુ આ સમય આવા ચક્કરોમાં પડવાનો નહોતો. કારણ કે એક તો હજી માથેથી સંપૂર્ણ રીતે જોખમ ટળ્યું નહોતું અને ઉપરથી જૈવિકની ખબર ફેલાવવાની નાદાનીએ જોખમ વધારે વધારી દીધું. આથી આરામ કર્યા વિના જ, અમે અમારો રથ હંકારીને ફટાફટ બજાર ગયા. અમારી પાસે ચંડકે ભેટમાં આપેલો વિશાળ ખજાનો હતો જ, બસ, અમે બધાએ અમારા માટે ઘણાં વસ્ત્રો અને આભૂષણો જ નહીં, યાત્રા માટે જરૂરી ઘણી સામગ્રીઓ પણ ખરીદી લીધી. ...સાથે જ એ કહેવાની જરૂર નથી કે વસ્ત્ર અને આભૂષણો ખરીદતી વખતે પુનર્દત્તનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. એજ તો આ સમયે અમારો રાજકુમાર, અમારી "ગુરુદક્ષિણા" હતો. અને હવે તો અમારો ખાસ મિત્ર પણ હતો. હવે જે બિચારો જીવનભર રાક્ષસી પહેરવેશમાં જ ફર્યો હોય, એ વસ્ત્રો અને આભૂષણો દ્વારા સુસજ્જ કરવાથી કેટલો ખુશ થયો હશે, તેનો અંદાજો તો તમે લગાવી જ શકો છો. વળી સભ્ય વસ્ત્ર તેના પર શોભી પણ રહ્યા હતા. સાચું કહું તો આ સમયે મને એ કોઈ રાજકુમારથી ઉતરતો નહોતો લાગી રહ્યો. જોકે એને જોવા માટે તો આખો રસ્તો અને આખું જીવન પડ્યું હતું. હાલ તો ખરીદી પતાવીને તરત અમે લોકોએ પોતાનો સામાન રથ પર ચઢાવ્યો અને કોઈપણ બીજી વાતમાં પડ્યા વિના તરત જ ઉજ્જયિની જવા માટે રવાના થઈ ગયા. હવે તમારાથી શું છુપાવવાનું, હકીકતમાં હું જેમ બને તેમ જલ્દી પ્રભાસથી ભાગી જવા માંગતો હતો. કારણ કે પંચજનની હત્યા એક રીતે મોટામાં મોટી વાત હતી. એનો કોઈપણ વિશ્વાસુ સમર્થક કે હમદર્દ ગમે ત્યારે પ્રતિશોધની ભાવનાથી પ્રેરાઇને અમારા પર વળતો હુમલો કરે એમ હતું. હું ક્યારેય પણ ભયભીત રહેતો નહોતો, પરંતુ હંમેશાં સાવધાન રહેવાનું પસંદ કરતો

હતો. આટલું મહત્ત્વપૂર્ણ જીવન યુદ્ધમાં હોમવાનું મંજૂર હતું, પરંતુ વ્યર્થ અસાવધાનીવશ આ જીવન ગુમાવવું મને લગીરે મંજૂર નહોતું. આમ પણ કાર્ય પૂરું થયા બાદ સરકી જવાનું હંમેશાં સારું હોય છે.

ખેર! ફટાફટ અમે પ્રભાસ પાર કર્યું. પુનર્દત્તને મેં મારી સાથે આગળ જ બેસાડ્યો હતો. સ્વાભાવિક રીતે, ખજાનો પાછળ બેઠેલા ભાઈના મજબૂત હાથોમાં સોંપ્યો હતો. કહેવાની જરૂરત નથી કે પુનર્દત્ત રથની યાત્રા અને મિત્રોનો સાથ મેળવીને અત્યંત આનંદમાં હતો. ખોટું શું બોલું, નવાં વસ્ત્રો પહેરીને એ થોડો ગર્વાઈ પણ ગયો હતો. એક રીતે આ સારી નિશાની જ હતી. દરેક દ્રષ્ટિએ એ સામાન્ય થઈ રહ્યો છે એનું આ પ્રમાણ હતું. આ બાજુ પુનર્દત્તના સંગાથે સફરનો આનંદ ઘણો વધારી દીધો હતો. હવે તો રસ્તામાં આવતા દરેક બજારમાંથી અમે ખરીદી કરી રહ્યા હતા. ભાતભાતના પકવાન અને મીઠાઈ ખાઈને પુનર્દત્ત ધન્ય થઈ રહ્યો હતો. મારું અને ભાઈનું તો શું કહેવું? ખરેખર! જો પાસે ધન હોય અને સાથે દોસ્ત હોય તો જીવવાની મજા જ કંઈક અનોખી હોય છે. અને આ સમયે હું સંપૂર્ણ દ્રઢતા સાથે આ સત્યનો અનુભવ કરી રહ્યો હતો. ખાતા-પીતા, મસ્તી કરતાં... અને ખરીદી કરતાં કરતાં રસ્તો પસાર થઈ રહ્યો હતો. જીવનમાં પહેલીવાર ધન કમાયો હતો અને તેનો પૂરેપૂરો આનંદ ઉઠાવી રહ્યો હતો. ખરેખર આનાથી વધારે આનંદદાયક સફરની કલ્પના કરવાનું જ મને મૂર્ખતાપૂર્ણ લાગતું હતું.

લો! નથી કરતાં આ મૂર્ખતા અને અત્યારે જ એ વાત બતાવી દઈએ છીએ કે લગભગ બાર દિવસની લાંબી સફર બાદ અમે ઉજ્જયિની પહોંચી ગયા હતા. મારો ઉત્સાહ અને પુનર્દત્તની જિજ્ઞાસા, બંને એની ચરમસીમાએ હતા. આ તો ઠીક, પણ જેવા અમે આશ્રમમાં પ્રવેશ્યા, પુનર્દત્ત એકદમ ભાવુક થઈ ગયો. આ બાજુ અમને આવેલા જોઈને આચાર્યજી અને ગુરુમાતા તેમજ બધા મિત્રો દોડીને આવ્યા. પ્રવેશદ્વારની બાજુમાં જ મેળો ભરાઈ ગયો. અમે પણ રથ ત્યાંજ રોક્યો અને જલ્દીથી ઊતરી ગયા. મેં આચાર્યજી અને ગુરુમાતાના આશીર્વાદ લીધા, પણ આશ્ર્ચર્યજનક રીતે, ગુરુમાતા સિવાય કોઈનું પણ ધ્યાન હજુ સુધી પુનર્દત્ત પર પડ્યું નહોતું. બીજી બાજુ પુનર્દત્તની આંખો મા-બાપને મળવાની ખુશી છુપાવી શકતી નહોતી, પરિણામે પહેલેથી ભાવુક થયેલા પુનર્દત્તની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા. આ તરફ પ્રસંગનું મહત્ત્વ જોઈને મેં પણ તત્કાળ આચાર્યજીના ચરણસ્પર્શ કરીને પુનર્દત્તને તેમની સામે ધરી દીધો,... અને એકદમ વિનમ્રતાથી કહ્યું- આ મારી 'ગુરુદક્ષિણા'નો સ્વીકાર કરો...!

આ સાંભળતા જ, આચાર્યજીના ચહેરા પર આશ્ર્ચર્ય ફરી વળ્યું, અને ગુરુમાતાની આંખોમાંથી તો અશ્રુધારા જ વહેવા લાગી. આ બાજુ પુનર્દત્ત પણ માતાને ગળે વળગ્યો અને પિતાજીના આશીર્વાદ પામીને ધન્ય થઈ ગયો. મિત્રમંડળીને તો વિશ્ર્વાસ જ નહોતો આવી રહ્યો કે અમે બંનેએ, એકલા હાથે પંચજન જેવા અતિ શક્તિશાળી દસ્યુ-રાક્ષસ પાસેથી પુનર્દત્તને માત્ર ચાર મહિનામાં છોડાવી લીધો. વળી વિશ્ર્વાસ તો આચાર્યજી અને ગુરુમાતાને પણ નહોતો આવી રહ્યો. એમની શું વાત કરું, મારે મારી જાતને પણ ચૂંટી ખણીને આ વાતનો વિશ્ર્વાસ દેવડાવવો પડે એમ હતું.

ખેર! લાંબી યાત્રાના થાકને જોતા, પહેલા અમે ત્રણે જણાએ સ્નાન વગેરે કર્યું. ત્યાં સુધી ગુરુમાતાએ સેવકની સાથે મળીને ભોજન સાથે ખીર પણ તૈયાર કરી લીધી. ચોક્કસપણે માએ આ ખીર પોતાનાં લાલના પાછા ફરવાની ખુશીમાં બનાવી હતી. ભોજન વગેરે કરીને અમે બધા સ્વાભાવિક રીતે મેદાનમાં ઉપસ્થિત થઈ ગયા. જોતજોતામાં આ મિલન ઉત્સવમાં પલટાઈ ગયું હતું. મારા અને સુદામાના સૂર અને સંગીતના તાલમેલે સમગ્ર આશ્રમને ફરી એક વાર મંત્રમુગ્ધ કરી દીધો હતો. આજે તો મારી વાંસળીના સૂરમાં પણ ગુરુદક્ષિણા ચૂકવવાનો સંતોષ સ્પષ્ટ વર્તાઈ રહ્યો હતો. વાતાવરણમાં એટલો ઉત્સાહ હતો કે આચાર્યજી પણ પોતાને ભજન સંભળાવવાથી રોકી ના શક્યા. એટલું જ નહીં, આજે તો ગુરુમાતાએ પણ કેટલીક ઋચાઓ સંભળાવી હતી. આનાથી જ બંનેની ખુશીનો અંદાજો લગાવી શકાતો હતો. ...અને જ્યાં સુધી પુનર્દત્તનો સવાલ છે, તે ઉત્સવનો મુખ્ય અતિથિ પણ હતો અને પ્રમુખ શ્રોતા પણ. તે અત્યંત પ્રસન્નતાપૂર્વક દરેક વાતનો દિલથી આનંદ લઈ રહ્યો હતો. એ બિચારા માટે તો આ બધું નવું-નવું હતું. બીજી બાજુ ગુરુમાતામાં તો જાણે કે નવા પ્રાણનો સંચાર થયો હતો. એમનાં પગ જમીન પર પડવા તૈયાર જ નહોતા. આખા ઉત્સવ દરમિયાન એમણે પુનર્દત્તને પોતાની બાજુમાં જ બેસાડી રાખ્યો હતો, અને આંસુ હતા કે રહીરહીને વહ્યા કરતાં હતા. ...સાચું કહું છું જેટલી ખુશી મને પંચજનનો વધ કરીને કે હીરા-ઝવેરાત પામીને નહોતી મળી, તેનાથી ઘણી વધારે ખુશી મને ગુરુમાતાની પ્રસન્નતા જોઈને મળી રહી હતી. ખરેખર, કોઈના ચહેરા પર આત્મીય પ્રસન્નતા જોવાથી મોટી ખુશી દુનિયામાં બીજી કોઈ હોઈ જ નથી શકતી. ખાસ કરીને જો તે પ્રસન્નતા પોતાના જ કોઈ કામથી આવી હોય, તો ...તો પછી કહેવાનું જ શું?

લો! આ વિચારતા વિચારતા જ અચાનક ચિંતને પાસું બદલ્યું. હું વિચારવા લાગ્યો કે શું દરેક સ્થિતિમાં પ્રસન્ન રહેવું મનુષ્યનું કર્તવ્ય નથી? જે રીતે 'પુનર્દત્ત'ને પામીને ગુરુમાતા ખુશ છે, શું એટલી જ ખુશ તે શ્ર્વાસની આવન-જાવનથી નથી રહી શકતી? કારણ કે શ્ર્વાસ શું ઓછો મહત્ત્વનો છે? જે આવ-જા કરી રહ્યો છે, ત્યાં સુધી તો આ પૂરી રમત છે. હું તો જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી દરેક સ્થિતિમાં ખુશ રહેતો હતો. દરેક સંવેદના, દરેક પરિસ્થિતિમાં ગળાડૂબ રહીને જીવતો હતો. કારણ કે જે સામે આવી ગયું છે, સમજો કે એજ મેળવી લીધું છે. પછી સામે જરાસંધ આવે કે કાળિનાગ. જ્યારે આવી જ ગયો, તો પછી એનું દુ:ખ શું કરવાનું? પછી શા માટે રાધાની જેમ જ એનું પણ સ્વાગત ના કરવામાં આવે? આવામાં શા માટે આ સંઘર્ષને પણ એક ઉત્સવ ના બનાવી લેવામાં આવે? મેં જીવનભર, કાલીયનાગ હોય કે કેશી, તેમનું આવું જ તો સ્વાગત કર્યું છે. અને પરિણામ

જુઓ કે સંપૂર્ણ રીતે મોતના ઓથાર નીચે ઉછરવા અને જીવવા છતાં, કેટલી મસ્તીથી જીવતો આવ્યો છું. લો, આ બાજુ હું જાત પર અભિમાન થાય એવાં ચિંતનોમાં ખોવાયેલો રહી ગયો અને પેલી બાજુ આજનો આ ઉત્સવ સમાપ્ત પણ થઈ ગયો.

ખેર! હવે તો શું, આશ્રમમાં રોજ ઉત્સવ થતાં હતા. ચારે બાજુ ખુશી જ ખુશી હતી. પરંતુ આ ખુશીના વાતાવરણમાં પણ કોણ જાણે કેમ મને આચાર્યજીના હાવભાવ પરથી એવું લાગી રહ્યું હતું કે તેઓ કોઈ ગહન ચિંતામાં ડૂબેલા છે. આ વાત કોઈપણ રીતે મારી સમજમાં નહોતી આવી રહી. આમ આવા સુંદર પ્રસંગે એમનું ગંભીર થઈ જવાનું કોઈ કારણ સમજમાં આવે તેવું હતું પણ નહીં. તેમ છતાં તેમને ગંભીર જોઈને, ન ઈચ્છવા છતાં મારું મન રહી રહીને તેમની ગંભીરતામાં ગૂંચવાઈ રહ્યું હતું. પરંતુ મારી લાખ કોશિશો કરવા છતાં, તેમની ગંભીરતાનું કોઈ કારણ સમજી શકવામાં હું મારી જાતને અસમર્થ માની રહ્યો હતો. જોકે મને તેમની ભાવ-ભંગિમા પર સંપૂર્ણ ભરોસો હતો. જો તેઓ ગંભીર છે, તો કોઈને કોઈ ગંભીર વિષય જરૂર હોવો જોઈએ. ...હકીકતમાં દુઃખ મારી નાદાનીનું હતું. કારણ કે તેનો સીધો અર્થ એજ થયો કે હું પોતાને સર્વગુણ સમ્પન્ન સમજું છું, પણ મારે જીવનમાં હજુ ઘણું બધું શીખવાનું-સમજવાનું બાકી છે. આમ પણ મનુષ્ય જ્યાં સુધી જીવતો છે, તેણે શીખવાનું ચાલુ જ રાખવું જોઈએ. 'તત્ત્વજ્ઞાન' તો પળવારમાં મળી જાય છે, પરંતુ સાંસારિક જ્ઞાન તો મૃત્યુ સુધી શીખતા રહો, તો પણ ઘણું બધું શીખવાનું બાકી રહે છે. હશે! હાલ તો જ્યારે વાત સમજમાં આવતી જ નહોતી, તો મેં વાતાવરણમાં જ ઢળી જવામાં સાર માન્યો. કારણ કે આચાર્યજીની ગહનતા હજી મારી પહોંચથી ઘણી દૂર દેખાઈ રહી હતી.

ખેર! આજે પુનર્દત્તનો આશ્રમમાં કાયદેસરનો પ્રથમ જ દિવસ હતો. આ ખુશીમાં તમામ અનુશાસન હટાવી દેવામાં આવ્યા હતા. ભોજનમાં પણ બંને સમયે પકવાન પીરસવામાં આવ્યા હતા. આજની રાતે ફરી અમે ઉત્સવ મનાવ્યો. આજે ફરી મારી વાંસળી અને સુદામાના તાલે સહુનું મન મોહી લીધું હતું. ...એટલે કે આ બધું તો બરાબર ચાલી રહ્યું હતું, પણ આચાર્યજીનું મન આમાંથી એકે ચીજમાં લાગતું નહોતું. આવામાં હું ઈચ્છું કે ના ઈચ્છું, મારું ધ્યાન તેમના પર જતું જ રહેતું. ચાલો, એ તો જવાનું જ હતું, પણ ખાસ વાત એ કે મેં આજના ઉત્સવનું સમાપન 'પાંચજન્ય-શંખ' ફૂંકીને કર્યું. આ શંખે સહુને એવા સંમોહિત કર્યા કે પછી તો વાંસળીની જેમ એને પણ હું પ્રસંગોપાત ફૂંકવા લાગ્યો હતો. એટલું જ નહીં, પછી તો વાંસળી અને ચક્રની જેમ જ તે મારા અસ્તિત્વનો એક ભાગ બની ગયો હતો.

...જોકે આ બધું તો પત્યું, પણ મારી મુસીબત તો હવે શરૂ થઈ. આ બાજુ ઉત્સવ સમાપ્ત થયા બાદ થાકને કારણે બધા સૂવા જતા રહ્યા. થાક તો મને પણ હતો, ઊંઘ તો મને પણ આવી રહી હતી; બાર દિવસ સતત રથ ચલાવીને અહીં આવ્યો હતો; પરંતુ શું કહું... આચાર્યજીની ગંભીરતાએ મારા ન સૂવાની પૂરી વ્યવસ્થા ગોઠવી દીધી હતી. મારું ચૈતન્ય આટલા થાક પછી પણ આચાર્યજીની ગંભીરતાનું રહસ્ય સમજવાની કોશિશોમાં કાર્યરત થઈ ગયું હતું. મુસીબત એ કે અથાગ કોશિશો કરવા છતાં પણ મારી ચેતના આચાર્યજીની ગંભીરતા પરથી પડદો ઉઠાવી શકવામાં પોતાને અસમર્થ માની રહી હતી. કોઈ સમજે તો પણ કઈ રીતે? ના તો માત્ર પુનર્દત્તને પંચજનના પંજામાંથી છોડાવી લેવામાં આવ્યો હતો, પણ હું ય સલામત પાછો આવી ગયો હતો. ...ત્યાં સુધી કે મારો વાળ પણ વાંકો થયો નહોતો, છતાં પણ તેમણે ગંભીર થવા જેવી શું વાત હતી? અનિચ્છાએ પણ મારે આ ચિંતનમાં જ આખી રાત પડખાં ઘસીને વીતાવવી પડી.

અંતે આચાર્યજીની ગંભીરતાનું આ રહસ્ય બીજા દિવસે બપોરના ભોજન બાદ ખૂલી જ ગયું. જોકે મારી હોંશિયારીથી નહીં, પણ આચાર્યજીની મહેરબાનીથી. અને એ પણ ત્યારે કે જ્યારે એમણે મને જમ્યા બાદ એક ખૂણામાં લઈ જઈને ગંભીરતાપૂર્વક કહ્યું- જરાસંધના દૂત બે-ત્રણ વાર આશ્રમમાં આવી ગયા છે. એ ચારે તરફ ગાંડાઓની જેમ તારી શોધખોળ કરી રહ્યા છે. કોણ જાણે કેમ, તે તને મારી નાખવા માટે ખૂબ ઉતાવળો થઈ ગયો છે. એટલું જ નહીં, તેણે પોતાના તમામ મિત્ર રાજાઓને પણ આકરી ચેતવણી આપી છે કે જે કોઈ 'કૃષ્ણ-બલરામ'ને આશરો આપશે, તે જરાસંધનો અંગત દુશ્મન ગણાશે. મને તો તારું જીવન સંપૂર્ણ રીતે મુસીબતોથી ઘેરાયેલું લાગી રહ્યું છે.

...સારું, તો આમ વાત છે. આચાર્યજી નાહક ચિંતિત થઈ રહ્યા નહોતા, ઊલ્ટું હું જ નકામો નિશ્ચિંત થઈ રહ્યો હતો. ...તો એ નિશ્ચિંતતા તો આવી ગંભીર વાત સાંભળતાં જ છૂમંતર થઈ ગઈ હતી. ચોક્કસપણે હવે આગળ શું કરવું, તે માટે એક ગહન ચિંતનની જરૂરિયાત હતી. આમ તો જરાસંધ નામની તલવાર માથે લટકી જ રહી હતી, પણ આટલા મોટા રાજાને બીજું કંઇ કામ નથી, તે જરૂર ચિંતાનો વિષય હતો. સાથે જ હવે કોઈ રાજા અમને આશરો નહીં આપે, એ પણ ચિંતાનો વિષય હતો. સ્વાભાવિક રીતે, જરાસંધ સાથે બાથ ભીડવાની હિંમત આજે આર્યાવર્તના કોઈ રાજામાં નથી. અને જ્યાં સુધી મથુરાનો સવાલ છે, તે પહેલાથી જ જરાસંધના ડરથી અમને હદપાર કરવાના ચક્કરમાં લાગી જ હતી. અર્થાત્ ફરી એક વાર અમે સંપૂર્ણ રીતે 'નિરાશ્રિત' થઈ ગયા હતા. ના ઘર, ના બાર, ના ક્યાંય ઠામ-ઠેકાણું. જોતજોતામાં, આ બે બિચારા સહારા વિનાના થઈ ગયા હતા.

અજબ દ્રશ્ય હતું, સામે બેઠેલા આચાર્યજી મારા હાવભાવ જોવામાં વ્યસ્ત હતા અને હું ગહન વિચારોમાં ખોવાઈ ગયો હતો. ત્યારે જ આચાર્યજીએ એક એવી વાત કહી કે જેનાથી ફરી આશાનું એક કિરણ જાગ્યું. વાતવાતમાં આચાર્યજીએ કહ્યું કે તમે વૈવસ્વતપુર જવા નીકળ્યા પછી નાનાજીના દૂત તમારા માટે મથુરા-આગમનનું નિમંત્રણ લઈને આવ્યા હતા. ...આ ખરેખર એક

સારી વાત હતી, આનો અર્થ એ થયો કે મથુરાની પરિસ્થિતિઓ ફરી અનુકૂળ થઈ ગઈ છે. ઓછામાં ઓછી એટલી તો સુધરી જ ગઈ છે કે નાનાજી અમને નિમંત્રણ પાઠવી શકે. હજુ તો મેં આ પ્રમાણે વિચારવાનું શરૂ જ કર્યું હતું કે આચાર્યજીએ મથુરા ન જવાની સલાહ આપી દીધી. એમના મતાનુસાર, અમે ત્યાં વધારે દિવસો સુધી સલામત રહી શકીએ તેમ નહોતા.

આ બાજુ હું તેમની આ નવી વાત પર ધ્યાન આપું કે પરિસ્થિતિનું બરાબર રીતે વિશ્લેષણ કરી શકું, એ પહેલા જ આચાર્યજીએ એક નિરાળો પ્રસ્તાવ મારી સામે મૂકતા કહ્યું- મારી દ્રષ્ટિએ તમારા લોકો માટે એજ સારું છે કે તમે થોડા વધારે દિવસો અહીં આશ્રમમાં રોકાઈ જાવ. વિશ્ર્વાસ રાખો આનાથી વધારે સુરક્ષિત જગ્યા સમગ્ર આર્યાવર્તમાં બીજે ક્યાંય નથી. કારણ કે જરાસંધની મહત્ત્વાકાંક્ષા તેને ક્યારેય આશ્રમ પર હુમલો નહીં કરવા દે, અને એય ખાસ કરીને મારા આશ્રમ પર.

આચાર્યજીનો આ પ્રસ્તાવ સાંભળતા જ મારા ચિંતને એક નવી જ દિશા પકડી લીધી. મેં વિચાર્યું કે જવા માટે તો હું પાછો ચંડકને ત્યાં પણ જઈ શકું છું. કેટલી લાગણીથી તેણે ફરી આવવાનું નિમંત્રણ આપ્યું હતું. પહોંચવા માટે તો જરાસંધ ત્યાં પણ આ જનમે તો પહોંચી શકે તેમ નથી. આમ મેં થોડું વધારે ગહન ચિંતન કર્યું તો થયું કે અમે લોકો સંપૂર્ણ રીતે ઘર-બાર વિનાના નહોતા થઈ ગયા. હજી પળ વાર પહેલા કોઈ આશ્રય નહોતો, અને હવે બધે આશ્રય જ આશ્રય દેખાતા હતા. પસંદગી એ કે કોને પ્રાધાન્ય આપવામાં આવે. ...જોકે તેમ છતાં કોઈપણ નિષ્કર્ષ પર પહોંચવું એટલું સહેલું નહોતું, જેટલું કે લાગી રહ્યું હતું. હા, નિર્ણય એક બે દિવસોમાં લઈ લેવો જરૂરી બની ગયું હતું. અને હાલની વાત કરું તો આચાર્યજીની ચિંતા અને તેમની વાત, બંનેને મેં સમજી લીધી હતી. સાચું કહું તો તેમના આશ્રમમાં રોકાવાના પ્રસ્તાવે મને સંપૂર્ણ રીતે ભાવવિભોર કરી દીધો હતો. પરંતુ હાલ પૂરતું તો મેં થોડું ઘણું વિચારવા આચાર્યજી પાસે રજા લઈ લીધી હતી.

હવે કક્ષમાંથી તો નીકળી ગયો હતો, પણ બહાર નીકળતા જ સંપૂર્ણ રીતે ચિંતનમાં ગૂંથાઈ ગયો. આખો દિવસ હું આશ્રમમાં આ ખૂણેથી પેલે ખૂણે ફરતો રહ્યો. મેં તમામ પરિસ્થિતિઓ પર ઘણું બધું ચિંતન પણ કર્યું. પરંતુ ચિંતનને લીધે બાબત સુધરવાને બદલે વધારે ગૂંચવાતી જતી હતી. કારણ કે જો સુરક્ષાને મહત્ત્વ આપવામાં આવે તો ચોક્કસપણે આશ્રમથી વધારે સુરક્ષિત જગા બીજી એકે નથી, પરંતુ સાચું કહું તો મને આશ્રમની ગરિમા માટે આ સારું નહોતું લાગી રહ્યું. બીજું એ કે એવું કરવાથી તો જરાસંધના મનમાં હંમેશ માટે આશ્રમ પ્રત્યે વેરભાવ બંધાઈ જવાની શક્યતા હતી. સાથોસાથ સમજવાલાયક વાત એ પણ હતી કે આશ્રમ રાજકીય ભરણપોષણથી જ તો ચાલતો હતો. ચોક્કસપણે ઉજ્જયિનીના 'રાજા જયસેન' એવું ક્યારેય નહીં ઈચ્છે કે અમે તેમના રાજ્યની હદમાં આવેલા આશ્રમના શરણમાં રહીએ. કારણ કે જરાસંધનો શું ભરોસો? એ આશ્રમનો ક્રોધ 'જયસેન' પર પણ કાઢી બેસે. આમ તો ધ્યાનમાં રાખવા જેવી બીજી પણ એક વાત હતી કે કંઈ આખી જિંદગી તો આશ્રમમાં રહી શકાય તેમ નહોતું. જીવન તો વહેતી ધારા છે, આશ્રમમાં રોકાવું તો જીવન થંભાવી દેવા જેવું જ છે. આમ થોડું વિચાર્યા બાદ એ નિર્ણય પર પહોંચ્યો કે જીવનને થોભાવી દેવા કરતાં વહેવા દેવું જ યોગ્ય છે. ...અને મારે કારણે સાંદીપનિજી કે આશ્રમ પર કોઈ મુસીબત આવે, એ જરાય યોગ્ય નથી. જ્યાં સુધી વૈવસ્વતપુરનો સવાલ હતો, ચોક્કસપણે ચંડકને ત્યાં પણ આશરો લઈ જ શકાતો હતો. જરાસંધ આ જન્મે તો વૈવસ્વતપુર પર હુમલો કરવાનું વિચારી શકે તેમ નહોતો. પરંતુ ઘટના અહીં પણ ગૂંચવાયેલી હતી. સુરક્ષા જીવનનો એકમાત્ર ઉદ્દેશ થોડો જ છે? 'રાક્ષસ રાજ'માં રહેવું તો જીવનને આમ પણ પતનની ખાઈમાં ધકેલવા બરાબર હતું.. આજીવન રાક્ષસ-રાજમાં રહેવા કરતાં તો મોતના ઓથાર નીચે જીવવાનું સારું છે. હવે હરીફરીને બાકી હતી પ્યારી મથુરા. વર્તમાન સ્થિતિમાં તો એજ યોગ્ય લાગી રહ્યું હતું કે મથુરા પાછા જઈને જરાસંધનો સામનો કરી લેવામાં આવે. આમ પણ જરાસંધ જે હદે વૈરાગ્નિમાં સળગી રહ્યો હતો, એ બાબતનો અંત બેમાંથી એકના મરવાથી જ આવવાનો હતો, અથવા પછી જીવનને વધારનારા કોઈ વ્યવસ્થિત ઠામ-ઠેકાણે પહોંચ્યા બાદ. વળી જ્યારે પંચજન જેવાઓનો વધ કરી શકાય છે તો જરાસંધનો સામનો કેમ ન કરી શકાય? ઓછામાં ઓછું ત્યાં મથુરાની સેના અને શક્તિ તો અમારી સાથે હશે. જ્યારે પંચજનને એકલા હાથે પતાવી દીધો તો જરાસંધ કયા ખેતરનો મૂળો છે? થોડો વિશ્ર્વાસ શું જાગ્યો, મથુરા સ્પષ્ટપણે વિકલ્પ સ્વરૂપે ઉપસી આવી. આમ પણ અહીં-તહીં સંતાયા સિવાય કે નાસવા-ભાગવા કરતાં તો પોતાની ધરતી પર મરવાનું હંમેશાં શ્રેયસ્કર હોય છે. આ રીતે ઘણું વિચાર્યા બાદ, અંતે મથુરા જવાનું નક્કી કર્યું.

આ બાજુ રાત્રિ-ભોજન બાદ જ્યારે મેં આચાર્યજીને મારો નિર્ણય સંભળાવ્યો તો સ્વાભાવિક રીતે તેઓ મારા નિર્ણયથી ખુશ ના થયા. તેમનું હજી પણ એવું માનવું હતું કે અમે આશ્રમમાં જ સુરક્ષિત છીએ. ખરેખર, અમારા ગુરુ-શિષ્યના સંબંધોનો પાયો કેટલી નિસ્વાર્થ ભાવના પર ટકેલો હતો. એ મારી ચિંતામાં પાતળા થઈ રહ્યા હતા અને હું એમની ચિંતામાં અટવાઈ રહ્યો હતો. આમ પણ જો સંબંધમાં લેશમાત્ર સ્વાર્થ હોય, તો પછી સંબંધ જ ક્યાં બચ્યો? આ બાજુ અમારી આ ચર્ચા ચાલી જ રહી હતી કે અનુવિન્દ આવી પહોંચ્યો. કદાચ એણે ચર્ચાના કેટલાક અંશ સાંભળી પણ લીધા હતા. એણે તરત હમદર્દી સાથે પોતાની સલાહ આપી- આપણે પિતાજી પાસે કેમ ના જઈએ? બની શકે કે તેમની સાથે વિચાર-વિમર્શ કરવાથી કોઈક રસ્તો નીકળી આવે. ...તેની વાત તો સાચી હતી. ઉજ્જયિનીના રાજા 'જયસેન' વિન્દ-અનુવિન્દના પિતા હતા. પરંતુ હું એ કેવી રીતે ભૂલી જાઉં કે એ સંપૂર્ણ રીતે જરાસંધના પ્રભાવમાં હતા. વિન્દ-અનુવિન્દ હજુ રાજનીતિમાં કાચા હતા. આથી એમની વાત પોતાના મિત્ર માટે ઊભરી આવેલા બાલિશ પ્રેમથી વિશેષ કશું નહોતી. ...છતાં પણ એક વાર કોશિશ કરવામાં શું જાય છે? આમ પણ અપેક્ષા રાખ્યા

વગર જવાથી કોઈ નુકસાન તો થઈ શકે તેમ નહોતું. કારણ કે તમામ નુકસાનનું મૂળ તો આશાઓ ઉપર જ ટકેલું હોય છે. ...ત્યારે જ એક એવો વિચાર આવ્યો કે જેણે રાજા જયસેન પાસે જવાનું જરૂરી બનાવી દીધું. હું વિચારવા લાગ્યો કે રાજા જયસેન, જરાસંધના પ્રભાવમાં હોય તો એવું પણ બને કે એ અમારી અને આચાર્યજીની વધતી જતી નિકટતાથી ખુશ ન હોય. જો આવું હોય તો એનાથી આશ્રમ અને રાજમહેલના સંબંધોમાં તિરાડ પડે તેમ હતું, જે મને ક્યારેય મંજૂર નહોતું. ...આથી આ તિરાડ ના વધે તે હેતુથી પણ જયસેન પાસે જવાનું જરૂરી થઈ જ ગયું હતું.

જ્યાં નક્કી કરી લીધું, તો પછી સમય જ ક્યાં હતો? બસ, વિન્દ-અનુવિન્દની સાથે અમે તરત રાજા જયસેનને મળવા નીકળી પડ્યા. રાજમહેલ ખરેખર ઘણો સુંદર હતો. પરંતુ આ સમયે મન રાજમહેલ જોવામાં ક્યાં લાગવાનું હતું? અત્યારે તો અમે અમારા આશ્રયની ચિંતામાં આવ્યા હતા. આ બાજુ અમારી અકળામણ જોઈને વિન્દ-અનુવિન્દ બાકી બધી મહેમાનગતિ છોડી, અમને સીધા રાજા જયસેનના કક્ષમાં લઈ ગયા. સારા આશ્રમમાં ભણવાથી આજ ફાયદો થાય છે. જેટલો મોટો આશ્રમ એટલા શ્રેષ્ઠ યુવરાજો સાથે મિત્રતા થાય છે. ...નહીંતર વૃંદાવનના ગોવાળોને જયસેનના રાજમહેલમાં ઘૂસવા કોણ દે? ખેર! આ બાજુ જેવા વિન્દ-અનુવિન્દે પોતાના પિતા સાથે અમારો પરિચય કરાવ્યો, જયસેનનો ચહેરો ઉતરી ગયો. એમના આકર્ષક મુખ પર ચિંતાની રેખાઓ વરતાવા લાગી. સ્પષ્ટ હતું કે તેમને અમારું અહીં આવવું સારું લાગ્યું નહોતું. હું તો આ પરિસ્થિતિ માટે પહેલેથી તૈયાર હતો. પરંતુ આ બધી વાતોથી અજાણ, વિન્દે વગર વિચાર્યે પોતાના પિતાને અમને એમના રાજ્યમાં શરણ આપવાની વાત કહી દીધી. આ સાંભળતા જ ‘રાજા જયસેન’ના ચહેરા પર ભાવોના ઉતાર-ચઢાવની હારમાળા શરૂ થઈ ગઈ. ...જોકે થોડી વાર પછી આ હારમાળા રોકાઈ, તો તે ઘણી ગંભીરતા સાથે બોલ્યા- તમે તો વીર છો. તમે કંસ અને પંચજન જેવા શક્તિશાળી રાજાઓનો વધ કર્યો છે. તમે મારા પુત્રના મિત્ર પણ છો, અને અમારા રાજ્યના શ્રેષ્ઠ આચાર્યજીના શ્રેષ્ઠ વિદ્યાર્થી પણ. તમારા જેવા હોંશિયાર વ્યક્તિને પોતાના રાજ્યમાં આશરો આપવો કોઈપણ રાજા માટે ગૌરવની વાત હોઈ શકે છે. પરંતુ માફ કરજો, જરાસંધનો ભય અમને આ ગૌરવથી વંચિત કરી રહ્યો છે. હા, પરંતુ આચાર્યજી ઈચ્છે તો તમે એમના આશ્રમમાં અવશ્ય રહી શકો છો. આશ્રમ કોઈપણ પ્રકારના રાજકીય દબાણથી બધી રીતે મુક્ત છે.

આટલું કહીને એમણે રાહતનો શ્ર્વાસ લીધો. આ બાજુ પોતાના પિતાની આ વાત સાંભળતા જ વિન્દ-અનુવિન્દના ચહેરા ફિક્કા પડી ગયા. એમને તો કલ્પના જ નહોતી કે પિતાજી એમની આવી નાનકડી વાત પણ ટાળી શકે છે. હવે ભલા આશ્રમમાં ભણવાથી કંઇ થોડું વ્યાવહારિક જ્ઞાન મેળવી શકાય છે? એ તો જીવનની ભઠ્ઠીમાં તપીને જ મેળવી શકાય છે. જ્યાં સુધી મારો સવાલ છે, મને તો આ અપેક્ષિત જ હતું. બીજું કે આશ્રયની સલાહ તેમના પુત્રની જ હતી. આવામાં આ સમયે મારું કોઈ પ્રતિક્રિયા આપવાનું યોગ્ય નહોતું. આથી હું ચૂપચાપ જ ઊભો રહ્યો. આ બાજુ મને ગહન વિચારોમાં ખોવાયેલા જોઈને જયસેને પોતાનું મૌન તોડીને એકદમ ગંભીરતાથી કહ્યું- ...પરંતુ તમારા આશ્રમમાં રોકાવાથી પણ અમારે મુસીબતોનો સામનો તો કરવો જ પડે એમ છે. ઓછામાં ઓછી જરાસંધની નારાજગી તો સહેવી જ પડશે. વધુમાં તમે તો પોતે જ સમજદાર છો, જે નિર્ણય કરવા ઈચ્છો તે કરી શકો છો.

હું તો ‘રાજા જયસેન’ના પ્રભાવપૂર્ણ શબ્દોની પસંદગી અને બોલવાની છટા પર જ ફિદા થઈ ગયો. ના ગમતી વાત પણ કેટલી સારી રીતે કહેવામાં આવી હતી. અને કેમકે હવે તો વાત સીધી મારી સાથે જ કરવામાં આવી હતી, આથી તેનો યોગ્ય ઉત્તર પણ આપવાનો જ હતો. વળી મારે પણ મારા તરફથી વાતનું સ્તર જાળવી રાખવાનું જરૂરી હતું, તેથી મેં પણ શાંત ભાવે કહ્યું- તમે સાચું જ કહો છો. વાસ્તવમાં અમે પણ ના તો તમારા રાજ્યમાં આશરો ઈચ્છીએ છીએ, ના તો સાંદીપનિજીના આશ્રમમાં રોકાઈને તમારી કે આશ્રમની મુશ્કેલીઓ વધારવા ઈચ્છીએ છીએ.

...આ સાંભળતા જ રાજા જયસેને રાહતનો શ્ર્વાસ લીધો. પહેલી વાર તેમના ગંભીર ચહેરા પર સ્મિત રેલાઈ આવ્યું. હું પણ આ સ્મિતનો ફાયદો ઉઠાવવાનું ના ભૂલ્યો. અરે, સ્મિત આપ્યું છે, તો કરવેરો તો વસૂલવો જ પડશે. આથી તરત બોલી ઊઠ્યો- પરંતુ હું તમને એક વિનંતી જરૂર કરીશ. અમારી પાસે આ સમયે મથુરા જવા માટે કોઈ સાધન નથી. જો તમે બે રથ અને સારથિની વ્યવસ્થા કરી આપો, તો તમારી ઘણી મહેરબાની થશે.

આ સાંભળતા જ, એ બોલી ઊઠ્યા- બે નહીં, હું તમને ચાર રથ અને તે પણ ભેટરૂપે આપીશ. માત્ર બે-ચાર દિવસ રોકાઈ જાવ, મારા નવા રથ બનીને આવી જ રહ્યા છે.

...સાચું કહું તો આ સમયે આમ પણ મેં પૂરા અધિકારથી જ રથ માંગ્યા હતા. એક તો એમનું રાજ્ય છોડીને અમે એમની પર કૃપા તો આમેય કરી જ રહ્યા હતા, બીજું, હવે હું કોઈ સામાન્ય ગોવાળ તો હતો નહીં. ‘કંસ’ અને ‘પંચજન’ના વધ પછી તો હું ‘આર્યાવર્ત’ની ધરતી પર એક “પરાક્રમી” બનીને ઉભરી આવ્યો હતો. આવામાં મારા પર ઉપકાર દેખાડવાની તક આપીને હું ઊલ્ટું એમને કૃતજ્ઞ જ કરી રહ્યો હતો. કારણ કે મને વધુ બે-ચાર પરાક્રમ બતાવવાનો મોકો મળી જાય, તો આર્યાવર્તમાં મારા નામની બોલબાલા જ થઈ જાય. ભલા, કોઈપણ મને બે રથ આપીને મારી નજીક આવવાનો આ મોકો શું કામ છોડે? મથુરામાં રચ્યા-પચ્યા રહ્યા પછી આટલી રાજનીતિ તો હવે હું પણ સમજવા લાગ્યો હતો. ...વળી, એક રહસ્યની વાત કહું તો હું અહીં રથની જોગવાઈ થાય તે માટે જ આવ્યો હતો. અને તક મળતા જ તગડો હાથ મારી દીધો હતો. હકીકતમાં, ચંડકે આપેલો

ખજાનો સલામત રીતે મથુરા પહોંચાડવા માટે પણ અમારે રથની જરૂરિયાત હતી જ. હવે આચાર્યજી પાસે એક જ રથ હતો, એ પણ અમે લઈ જાત તો એમની પાસે શું બચત? અને સાચું કહું તો ચંડક પાસેથી મળેલો ખજાનો ઠેકાણે પાડવા માટે પણ પહેલા મથુરા જવું જરૂરી હતું. અર્થાત્ મથુરા જવાના નિર્ણય પાછળ ચંડકે દીધેલા ખજાનાનું પણ મોટું યોગદાન હતું. સાથોસાથ એ પણ જોઈ શકાય કે અહીં આવ્યા પછી મહારાજાએ મારા માનમાં જે ગુણગાન ગાયા હતા, તે પછી 'રથ' માંગવાનું વધારે જ જરૂરી બની ગયું હતું. એ તો જોવાનું જ હતું કે ખરેખર હું પરાક્રમી બની ગયો છું કે પછી મહારાજ મને ફુલાવીને પોતાનું કામ તો નથી કાઢી રહ્યાને? ક્યાંક મારી બાબત મારા વિચાર મારો ભ્રમ તો નથી ને? કારણ કે પંચજન-વધ અને ખજાનો મળ્યા બાદ, પરાક્રમી હોવાના અભિમાનથી હું પણ છલકાઈ જ ગયો હતો. પરંતુ હવે જયસેનના રથ દેવા માટે રાજી થતાં જ મને પાક્કી ખાતરી થઈ ગઈ હતી કે હું આર્યાવર્તનો એક મોભાદાર માણસ બની ચૂક્યો છું. ...અને તેની પાક્કી સાબિતી એ કે બરાબર પાંચમા દિવસે ચાર નવા રથ આવીને આશ્રમના દ્વાર પર ઊભા રહી ગયા. રથ આવતા જ હું અને ભાઈ મથુરા જવાની તૈયારીઓમાં લાગી ગયા. સાચું કહું તો ચાર-ચાર રથ જોઈને અમે લોકો થોડા ફૂલાઈ પણ ગયા. હશે, હમણાં તો અમે બીજા દિવસે સવારે જ નીકળવા ઈચ્છતા હતા. ચોક્કસપણે અમારા જવાના નિર્ણયથી બધા લોકો દુ:ખી હતા. પુનર્દત્ત તો છૂટા પડવાના નામમાત્રથી જ રડી રહ્યો હતો. આ બધાથી વિપરીત, આચાર્યજી દુ:ખી ઓછા અને ચિંતિત વધારે લાગી રહ્યા હતા. ચોક્કસપણે એમની ચિંતાના મૂળમાં અમે હતા. ક્યાંક અમારો મથુરા જવાનો નિર્ણય ખોટો તો નથી...? હવે જે થાય તે, અત્યારે તો આજની રાતે ઉદાસ વાતાવરણમાં જ ભલે, પણ અમે લોકો મોડી રાત સુધી સાથે બેઠા હતા.

ખેર! જીવનની આ નવી સવાર પણ ઊગી ગઈ. આશ્રમથી વિદાય લેવાનો સમય આવી જ ગયો. ગુરુમાતાએ રસ્તામાં ખાવા માટે થોડાં ફળ વગેરે સવારે જ રથમાં મુકાવી દીધાં હતા. કદાચ આજે બધા વહેલા જ ઊઠી ગયા હતા. મિત્રોને પણ અમે કેટલીય વાર ભેટી ચૂક્યા હતા. બિચારો પુનર્દત્ત તો હજી પણ અમને રોકાઈ જવા માટે વિનંતી કરી રહ્યો હતો. ...હવે તેની લાગણી તેની જગાએ હતી, પણ અમારે તો નીકળવાનું હતું જ. તમે નહીં માનો કે પ્રવેશદ્વાર પર પણ આ મિલનસમારંભ કેટલીય વાર સુધી ચાલતો રહ્યો. અંતે પુનર્દત્ત અને મિત્રોને ભેટીને તથા ગુરુમાતા અને આચાર્યજીના આશીર્વાદ લઈને અમે રથ પર સવાર થઈ ગયા. સહુની આંખો ભરાઈ ગઈ. સહુથી ખરાબ હાલત ગુરુમાતા અને પુનર્દત્તની હતી. ખેર, હું અને ભાઈ એક જ રથમાં બેસી ગયા અને રથની કમાન મેં સારથિને સોંપી દીધી હતી. કોણ જાણે કેમ, આજે મને રથ ચલાવવાનું જરાય મન થતું નહોતું. આ તો ઠીક પણ આગળ શું કહું, હું તો રથ પર એવા રોફથી બેઠો હતો, જાણે કોઈ મહારાજાધિરાજ બિરાજમાન હોય. ...હવે નથી, તો બની જશું. શરૂઆત તો થઈ જ ચૂકી હતી. ઓછામાં ઓછું આ સમયની યાત્રા તો શ્રીમંતો જેવી જ હતી. અમારી પાછળવાળા રથમાં ચંડક પાસેથી મળેલા હીરા-ઝવેરાત આવી રહ્યાં હતાં, અને આ બે રથોની આગળ-પાછળ બીજા બે રથ ચાલી રહ્યા હતા. આવામાં મારા જેવા ગોવાળનું રોફથી બેસવું સ્વાભાવિક જ હતું. રથ પણ અમારા હતા અને એમાં લદાયેલો ખજાનો પણ અમારો હતો. અને જ્યારે હું આટલા રુઆબથી બેઠો હતો, તો રોફ જમાવવામાં નિપુણ ભાઈનો રુઆબ કેવો હશે, તેનો તો તમે અંદાજો કાઢી જ શકતા હશો. ખરેખર અમે હવે સાધારણ ગરીબ ગોવાળ તો રહ્યા જ નહોતા. અને જ્યારે મોટા થઈ જ ગયા છીએ, તો મોટા સપના જોવામાં ખોટું શું છે? તમે નહીં માનો, હું અચાનક યુવરાજ બનવાના સપનામાં ખોવાઈ ગયો. હજી તો ઉજ્જયિની પણ પાર કરી નહોતી, અને ઉડવા લાગ્યો હતો.

આમ તો યાત્રા માત્ર સપનાઓના સહારે જ નહોતી વીતી રહી. હું કહી દઉં કે રહી રહીને આચાર્યજી, ગુરુમાતા, પુનર્દત્ત અને તમામ મિત્રોએ આપેલી ભાવભીની વિદાય પણ ખૂબ જ યાદ આવી રહી હતી. ગુરુમાતા અને પુનર્દત્તની આંખોમાંથી નીતરી રહેલી કૃતજ્ઞતા તો ભૂલ્યે ના ભૂલાય તેવી હતી. બરાબર એવી જ કૃતજ્ઞતા, મેં વિદાય વખતે ચંડક અને તમસની આંખોમાં પણ જોઈ હતી. હું વિચારવા લાગ્યો, વિદાય વખતે કોઈની આંખોમાં કૃતજ્ઞતાનો ભાવ જોવાનું કેટલું સારું લાગે છે, પરંતુ દુર્ભાગ્યથી આ એજ જાણી શકે છે જેણે ક્યારેય નિ:સ્વાર્થભાવથી બીજાનું કોઈ કામ કર્યું હોય. ચાલો, આ વાત પણ જવા દો, એક વધુ ગહન વાત કરું. ...મહારાજા જયસેન દ્વારા ભેટમાં અપાયેલ રથ અને સારથિ, બંને જરાસંધના આતંકની વારતા સંભળાવી રહ્યા હતા. ના તો રથો પર રાજકીય મહોર હતી અને ના તો સારથિઓના શરીર પર રાજકીય પોષાક. અર્થાત્ જયસેને મદદ તો કરી હતી, પરંતુ જરાસંધથી છુપાઈને. બરાબર જ છે! એમાં ખોટું લગાડવા જેવી કોઈ વાત પણ નહોતી. આ સમયે અમારો પ્રભાવ કંઈ જરાસંધથી વધારે તો હતો નહીં. સંસારનો તો સીધો નિયમ છે, જો તમારે સન્માન જોઈએ તો પોતાનો પ્રભાવ વધારો.

ચાલો, જીવતા રહીશું તો એ પણ વધારી લઈશું. હાલ તો હૈયું હળવું કરવા માટે મન સાથે મજાક કરતાં કરતાં મામાને ભાંડવા લાગ્યો- તમને પણ મામીઓ લાવવા માટે જરાસંધની જ પુત્રીઓ મળી હતી? જો કોઈ સાધારણ રાજાની પુત્રીઓ સાથે વિવાહ કર્યો હોત તો યશોદાની કસમ, એને ક્યારનો પતાવી દીધો હોત. ખબર નહીં, મારા જીવન પરથી કંસપી કાળી છાયા ક્યારે જશે? પહેલા તો જન્મ્યો ત્યારથી પોતાના મૃત્યુ સુધી તે મારી પાછળ પડતો રહ્યો, અને મર્યા બાદ, આ જરાસંધ નામના ભયાનક ભૂતને મારી પાછળ લગાડીને ગયા. વાહ રે મામા, તમારો જવાબ નથી. હવે મથુરા જવા નીકળ્યા છીએ, તો યાદ તો કંસ અને જરાસંધની જ આવશે.

ખેર! આ બાજુ જેમ જેમ અમારી યાત્રા આગળ વધતી ગઈ, ચિંતન અહીં-તહીંની નકામી વાતો પરથી હટીને મથુરા પર કેન્દ્રિત થતું ગયું; કારણ કે ત્યાં સામે આવનારી પરિસ્થિતિઓનું મનન કરવું પણ અત્યંત જરૂરી હતું. એ વિશે વાત કરું તો ચિંતન હરીફરીને એક જ જગાએ આવીને અટકી જતું હતું કે નાનાજીનું મથુરા આવવાનું નિમંત્રણ અવશ્ય છે, પરંતુ શું યાદવ-પ્રમુખ એ નિમંત્રણનું માન રાખશે? ચાલો, એક વાર નાનાજીના દબાણમાં આવીને તેમણે શરણ આપી પણ દીધું, તો પણ જરાસંધ નામની મુસીબતનું શું? કારણ કે મારા મથુરા આવવાની ખબર મળતા જ, તે મથુરા પર જરૂર આક્રમણ કરશે. એટલે, મથુરા પહોંચતા જ, અમારું અને તેનું યુદ્ધ નક્કી જ હતું. હવે જ્યારે અથડામણ નક્કી છે અને મોત માથે ભમી રહ્યું છે, તો આવી નકામી વાતોમાં ગૂંચવાઈને યાત્રાનો આનંદ શા માટે બગાડવામાં આવે? આમ પણ સેવક-સેવિકાઓની સાથે શ્રીમંતો જેવી યાત્રા કરવાનો આ અમારો પહેલો પ્રસંગ હતો. આવામાં યાત્રાનો આનંદ કંઈ થોડો જવા દેવાય? ઓછામાં ઓછું એને તો પૂર્ણપણે માણી લેવામાં આવે. તેથી બસ, અહીં-તહીંની બધી વાતોને ભૂલીને યાત્રાનો આંનદ માણવામાં મગ્ન થઈ ગયો. દિવસમાં કેટલીયે વાર તો ગળું ઊંચું કરી કરીને પોતાનાં ચાર રથોવાળા ભવ્ય કાફલાને જોઈ લેતો હતો. હવે યાત્રાનો આનંદ તો તેની પોતાની જગાએ હતો, પણ મજબૂરી એ કે રાત્રે મારે કે ભાઈએ બેમાંથી કોઈ એકે જાગવું પડી રહ્યું હતું. પહેલી કમાણી જો સાથે લઈ જઈ રહ્યા હતા, તો ધ્યાન રાખવું જ પડે ને. આ એક વાતને જવા દઈએ, તો યાત્રા દરેક રીતે અદ્ભુત હતી. શું નહોતું આ યાત્રામાં? બધું તો હતું. હું અને ભાઈ એકલા હતા. સાથે ચાર ભવ્ય રથ હતા. સારથિ અને સેવક હતા. જીવનમાં પહેલી વાર યુવરાજો જેવો ઠાઠ હતો. આવામાં યાત્રા પૂરી થવાની અનુભૂતિ જ ક્યાં થવાની હતી?

બસ, લગભગ દસ દિવસ પછી અમારા રથો મથુરા પહોંચ્યા. અમે લગભગ એક વર્ષ પછી મથુરામાં પ્રવેશ કર્યો હતો. સ્વાભાવિક રીતે, મથુરા આગમનની સાથે જ હું ખુશીથી નાચી ઊઠ્યો હતો. અંતે આપણું ઘર... એ આપણું ઘર હોય છે. ...અહીં સહુથી પહેલું કામ ખજાનાને યોગ્ય સ્થળે મૂકવાનું હતું, આથી રથોની દિશા અમે પિતાજીના ઘર તરફ કરી દીધી હતી. અન્ય પરિસ્થિતિ હોત તો ચોક્કસપણે સીધા રાજમહેલ જ પહોંચત. આમ તો અમારા પાછા ફરવાને લઈને પ્રજામાં ઘણો ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. પરંતુ એનું એક દુઃખદ પાસું એ કે અમારી સાથે ચાલી રહેલા ચાર રથોની જિજ્ઞાસા અમારા પાછા આવ્યાના ઉત્સાહ કરતાં ઘણી વધારે દેખાઈ રહી હતી. હવે પ્રજામાં જીજ્ઞાસા અમારા વિશે હોય કે અમારા રસાલા વિશે, કોઈપણ સંજોગોમાં પ્રજામાં સમાચાર તો ફેલાવાના જ હતા, એટલે પિતાજીને ત્યાં પહોંચતા પહોંચતા તો આખી મથુરામાં અમારા આવવાની ખબર ફરી વળી. આ બાજુ અમને જોતા જ મા અને પિતાજીની ખુશીનો પાર ન રહ્યો. બાળકોના શિક્ષિત હોવાનો ગર્વ એમની આંખોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. પરંતુ મારું સંપૂર્ણ ધ્યાન ખજાના પર લાગેલું હતું. સહુથી પહેલા મેં ચંડક પાસેથી મળેલા ખજાનાને સુરક્ષિત રીતે મારા ઓરડામાં મૂકાવ્યો. કારણ કે ખજાનો સુરક્ષિત રાખવા માટે જ તો હું રાજમહેલ જવાને બદલે સીધો પિતાજીને ત્યાં આવ્યો હતો. તમે તો જાણો જ છો કે કૃષ્ણના જીવનમાં પહેલા કર્તવ્ય, પછી 'ભાવના'. હા, ખજાનો યોગ્ય રીતે મૂકી દીધા પછી, મન ભરીને મા-પિતાજી સાથે વાતો કરી. ...ચાલો, આ બધું તો ઠીક, પણ અહીં મથુરામાં પગ શું મૂક્યો, મારું કૂટનીતિજ્ઞ મન ફરી પૂર્ણપણે સક્રિય થઈ ગયું; અને જેના પરિણામે સહુથી પહેલા મેં ભાઈને 'પંચજન'ના વિષયમાં કોઈને કંઈ પણ ન કહેવાની સૂચના આપી દીધી. મારી દ્રષ્ટિમાં 'પંચજન-વધ' આ સમયે અમારું એ હથિયાર હતું, જેનો સમય આવ્યે યાદવ-પ્રમુખો પર પોતાનો પ્રભાવ જમાવવા માટે ઉપયોગ કરી શકાતો હતો. અને શ્રેષ્ઠ હથિયાર વિશે એ બાબત જાણીતી છે કે યોગ્ય અવસરે જ એનો ઉપયોગ કરવો જરૂરી છે, નહીંતર પ્રાયઃ તેનું યોગ્ય પરિણામ ન આવવાની શક્યતા વધી જાય છે.

ખેર! ખજાનાની ચિંતા હળવી થતાં જ મેં ભાઈને ત્યાંજ છોડી, સીધો રાજમહેલનો રસ્તો લીધો. પ્રેમાળ નાનાજીને મળવાની ઈચ્છા તો ક્યારની થઈ જ રહી હતી, પરંતુ સાથે જ જલ્દીમાં જલ્દી એમને મળીને મથુરાની વર્તમાન પરિસ્થિતિ વિશે પણ જાણવા માંગતો હતો. પ્રથમ દ્રષ્ટિમાં જ રાજમહેલ જે હાલતમાં છોડી ગયો હતો તેનાથી ઘણો વધારે ખરાબ દેખાઈ રહ્યો હતો. ત્યાં સુધી કે બરખાસ્ત કરવામાં આવેલી માગધી સેના ફરી ઉપસ્થિત દેખાઈ રહી હતી, અને આને જરાય શુભસંકેત કહી શકાય નહીં. અર્થ સાફ હતો કે ભલેને જરાસંધે હજુ સુધી મથુરા પર હુમલો કર્યો નહોતો, પરંતુ રાજમહેલ પર એણે પોતાની પકડ મજબૂત કરી દીધી હતી. અર્થાત્ 'શિકાર' મોતના સકંજામાં સામેથી ચાલ્યો આવ્યો હતો. મને તો બસ એજ વાતથી સંતોષ હતો કે ભલે ને મથુરા પર જરાસંધનો પ્રભાવ વધ્યો હોય, પણ અહીં રાજ તો હજુ પણ મારા નાનાજીનું જ છેને. હરીફરીને મારે હાલ પૂરતું તો આ આશ્ર્વાસનથી કામ ચલાવવું પડે એવું હતું. એટલે એ આશ્ર્વાસન સાથે જ મેં નાનાજીના કક્ષમાં પ્રવેશ કર્યો. મારા આગમનની ખબર તો એમના સુધી પહોંચી જ ગઈ હતી. સ્વાભાવિક રીતે જ મને જોતા જ પ્રસન્નતાથી પાગલ થઈ ગયા. ચોક્કસપણે એ મને ખૂબ વહાલ કરતાં હતા. જોકે એમના ચહેરા પર ફરી વળેલી હતાશાને મારા આવવાની પ્રસન્નતા પણ છુપાવી શકતી નહોતી. અને મારે માટે ચેતવણીની વાત એ હતી કે હતાશા ઘણી ઊંડી હતી. એની સાબિતી એ કે તેઓ દિવસે પણ મદિરાના ઘૂંટ પર ઘૂંટ લગાવી રહ્યા હતા. કોઈ વાત નહીં, નાનાજીની આ સ્થિતિ જોઈને મેં પણ મારી જાતને ભવિષ્યની પરિસ્થિતિઓ માટે તૈયાર કરી જ લીધો.

ખેર! અત્યારે થોડી વાર તો અમે બે દુખિયારા, એટલે કે હું અને નાનાજી ચૂપચાપ એકબીજાને તાકતા રહ્યા. આ તરફ નાનાજીની પાસે કહેવાનું તો કંઈ નહોતું, તો બીજી બાજુ મારે પણ જેટલું સમજવાનું હતું એટલું રાજમહેલની સ્થિતિ જોઈને જ

સમજી લીધું હતું. સ્થિતિ એવી નાજુક હતી કે એકબીજાને સાંત્વનાના બે શબ્દો કહેવાનું પણ મુશ્કેલ થઈ પડ્યું હતું. આમ પણ સમજદાર માટે ઈશારો બસ થઈ પડે છે. એક બીજી વાત એ પણ ધ્યાનમાં આવી રહી હતી કે મથુરા આવવાનું નિમંત્રણ તો ચોક્કસ એકલા નાનાજીનું જ હશે. આમાં યાદવપ્રમુખોની જરાયે સહમતી નહીં હોય. અર્થાત્ મથુરામાં ટકી રહેવું હોય તો આ યાદવપ્રમુખો પર પોતાના પ્રભાવનો સિક્કો જમાવવો પડશે, નહીંતર ફરી વખત વાત ઠેરની ઠેર આવી જશે જ્યાં છોડીને ગયા હતા. તેઓ ફરી એક વાર નાનાજી પર અમને મથુરાથી ભગાડવાનું દબાણ કરશે અને ફરી એક વાર અમે 'ધોબીના કૂતરા, ન ઘરના ન ઘાટના' જેવા રહી જઈશું. ...અને જીવનના ઘણા યુદ્ધ એવા હોય છે જેમાં પહેલા હુમલો કરવો મહત્ત્વપૂર્ણ હોય છે. અમારું અને યાદવપ્રમુખોનું યુદ્ધ કંઈક એવું જ લાગી રહ્યું હતું. અર્થાત્ મથુરામાં ટકવા માટેનો એક જ ઉપાય નજરે આવી રહ્યો હતો કે યાદવપ્રમુખો અમને મથુરાથી ભગાડવાની વાત કરે તે પહેલા હું કંઈક એવું કરી દઉં કે ઊલટું એ અમારું સ્વાગત કરવા મજબૂર થઈ જાય. વિચાર શુભ હતો, સાથે સાથે અમલમાં પણ મૂકી દીધો. તત્ક્ષણ મેં નાનાજીને કહીને એક યાદવસભા બોલાવી, જેમાં યાદવપ્રમુખોની સાથે સાથે મથુરાની સામાન્ય પ્રજાને પણ આમંત્રિત કરવામાં આવી. જ્યારે સમય જ સિંહની ગુફામાં જઈને એને લલકારવાનો હતો, ત્યારે શા માટે સામાન્ય પ્રજાની સામે જઈને જ ન લલકારવામાં આવે? આમ તો નાનાજી પણ કમાલના હતા. એ મારો સાથ પામીને એટલા વિશ્ર્વાસ સભર થઈ જતા કે જાણે હવે કોઈ સંકટ રહ્યું જ ન હોય. સાબિતી તરીકે, જેવી મેં એમને યાદવસભા બોલાવવાની વાત કરી કે તરત એ રાજી થઈ ગયા. તમે નહીં માનો કે એમણે યાદવસભા બોલાવવાનો હેતુ પણ ન પૂછ્યો. એમણે કંઈ ખોટું પણ ન કર્યું. કારણ કે હું મારા તરફથી બધું વિશ્ર્લેષણ કરી ચૂક્યો હતો. રણનીતિ પણ બરાબર બનાવી દીધી હતી. હવે અમારા ભવિષ્યનો બધો આધાર યોગ્ય અમલ પર ટકેલો હતો. ચાલો, એ તો હું કરી જ લઈશ, અત્યારે તો મારે માટે ખુશીની વાત એ કે નાનાજીએ હાથોહાથ તિથિ નક્કી કરીને મહામંત્રીને સમગ્ર તૈયારીઓ કરવાની સૂચના આપી દીધી હતી. સભા અઠવાડિયા પછી રાખવામાં આવી હતી અને તે પણ મુખ્ય મેદાનમાં. આ બાજુ સ્થિતિનો તકાજો જોઈને, હું પણ તત્કાળ પ્રભાવથી યાદવસભાની તૈયારીઓમાં જોતરાઈ ગયો હતો, જેના ફળસ્વપે, હું સર્વપ્રથમ તો નાનાજીની રજા લઈ, ત્યાંથી નીકળી ગયો. ચોક્કસપણે હવે આગળનાં પ્રત્યેક પગલા પર વિચાર કરવા માટે એકાંત જરૂરી હતું.

...આ બધી ગડમથલથી અજાણ, ભાઈ તો મથુરા આવતા જ મસ્ત થઈ ગયા હતા. આમ તો હું અને ભાઈ આખા દિવસમાં મળતા પણ હતા, પરંતુ રાત્રે તો ભાઈ અચૂક રાજમહેલ જતા હતા અને હું પિતાજીને ત્યાં જતો રહેતો હતો. ચોક્કસપણે અમારા આ વિખૂટા પડવા પાછળ રાજમહેલમાં બેરોકટોક થઈ રહેલા મદિરા-પાનનું ઘણું મોટું યોગદાન હતું. અને જ્યાં સુધી સભાનો સવાલ હતો, મારો હેતુ બિલકુલ સાફ હતો. જેટલી વધારે સંખ્યામાં સામાન્ય લોકો ભેગા થશે, એટલો જ હું યાદવપ્રમુખો પર મારો દબદબો જમાવવામાં સફળ થઈ શકીશ. કારણ કે યાદવપ્રમુખ ભલેને મારા વિરોધમાં હોય, સામાન્ય પ્રજા પર મારો પ્રભાવ હજુ પણ યથાવત્ હતો. આ બાજુ રાજનીતિથી પર થઈને વાત કરું તો મથુરાની હાલત હજુ પણ દયનીય જ દેખાતી હતી. ના તો ઘરોના સમારકામનું કામ આગળ વધી શક્યું હતું, ના તો હજુ સુધી ખાવા-પીવાની કોઈ યોગ્ય વ્યવસ્થા થઈ શકી હતી. આમ સરવાળે કહું તો હાલત બદથી બદતર જ થઈ ગઈ હતી. વળી જો સભાની વાત કરું, તો મારા આગમન પછી રાજમહેલ દ્વારા અચાનક બોલાવવામાં આવેલી આ યાદવસભાએ મથુરાના યાદવોના મનમાં જિજ્ઞાસા વધારી દીધી હતી. મારા માટે સારું એ હતું કે એમની જીજ્ઞાસાએ એમની ઉપસ્થિતિ નક્કી કરી દીધી હતી. ત્યાં કેટલીક વાતો સામેથી ચાલીને મારા પક્ષમાં આવવી શરૂ થઈ ગઈ હતી. એક તો મથુરાના સામાન્ય યાદવોના મનમાં જરાસંધ સામે જીતેલા યુદ્ધની યાદ આજે પણ તાજી હતી. અર્થાત્ મારે મારી વીરતા એમની દ્રષ્ટિમાં પુનઃ સિદ્ધ કરવાની કોઈ જરૂરિયાત નહોતી. એનાથી પણ મહત્ત્વપૂર્ણ વાત એ કે જરાસંધના ડરને કારણે મને મથુરાની બહાર હાંકી કાઢવામાં આવ્યો હતો, આ વાત માત્ર યાદવપ્રમુખ અને નાનાજી જ જાણતા હતા. મથુરાના સામાન્ય યાદવ આ વાતથી સંપૂર્ણ રીતે અજાણ હતા. કહેવાનું તાત્પર્ય એ કે મારા પક્ષમાં જતી વાત જગજાહેર હતી, જ્યારે મારી વિરુદ્ધ જઈ રહેલી વાત ચાર દીવાલોની અંદર જ રહી ગઈ હતી.

હશે! હજી તો આ બધાં ચિંતનો કરતાં અને નાનાજી સાથે ચર્ચા કરતાં કરતાં અઠવાડિયું ક્યાં વીતી ગયું તેની ખબર જ ના પડી. આજે સભાનો દિવસ હતો. હું ઊઠતાની સાથે જ રાજમહેલ પહોંચી ગયો હતો. નિર્ણયોની રાતો તો જીવનમાં કેટલીયે જોઈ લીધી હતી, આજે નિર્ણયનો દિવસ હતો. અને કારણ કે સભા મેં એક યોજના હેઠળ બોલાવી હતી, એટલે સફળતાનો બધો આધાર મારી તૈયારીઓ પર જ નિર્ભર હતો. અને સ્વાભાવિક રીતે, ઘટનાનું મહત્ત્વ સમજતા મેં મારી તૈયારીમાં ને તેના ચિંતનમાં કોઈ ઢીલ રાખી નહોતી. દરેક નાનામાં નાની રણનીતિ પર મેં સંપૂર્ણ ધ્યાન આપ્યું હતું. ત્યાં સુધી કે હું અને નાનાજી સભામાં અલગ અલગ સમય પર જવાના હતા. આમ નાનાજીને તો મેં સમય પ્રમાણે જ રવાના પણ કરી દીધા હતા. આ બાજુ હું મારું મહત્ત્વ જાળવી રાખવા માટે થોડો મોડો જવાનો હતો. જોકે હવે એનો પણ સમય થઈ ગયો હતો. મારો રસાલો તૈયાર જ હતો. હું અને ભાઈ એક રથ પર ઠાઠથી સવાર થઈ ગયા અને પાછળ ત્રણ ખાલી રથ દોડાવી દીધા. કહી શકાય કે યાત્રાને સવારીનું સ્વરૂપ આપી દીધું હતું. આ બાજુ રસ્તામાં, મેદાનમાં જતી વખતે લોકો હજી પણ સામે મળી રહ્યા હતા. અર્થાત્ અમે સમયસર જ પહોંચી રહ્યા હતા. હશે, હજી તો મેદાનમાં પ્રવેશતાની સાથે જ હું અને ભાઈ જેવા રથમાંથી ઊતર્યા કે અમારો ઠાઠ જોઈને યાદવ-પ્રમુખ આશ્ર્ચર્યચકિત થઈ ગયા. ન કેમ થાય, એમને આશ્ર્ચર્યચકિત કરવા માટે જ તો ચાર રથનો રસાલો લઈને આવ્યો

હતો. હશે, અત્યારે તો આ બાજુ નાનાજી સિંહાસન પર બેસી ગયા હતા. બધા યાદવપ્રમુખો તેમને ઘેરીને જ બેઠા હતા. પરંતુ ચિંતાની વાત તો એ હતી કે પ્રજાએ કોઈ ખાસ ઉત્સાહ દેખાડ્યો નહોતો. માંડમાંડ પાંચસો લોકો જ દેખાતા હતા. જોકે લોકો પણ શું કરે? મથુરાના તમામ વેપાર-ધંધા ઠપ્પ થઈ ગયા હતા. બિચારાઓનું જીવનધોરણ ભૂખમરા સુધી પહોંચી ગયું હતું. મથુરાવાસી પોતાની જ ફિકર અને મુશ્કેલીઓમાં એવા ફસાઈ પડ્યા હતા કે અહીં નકામી નેતાગીરી કરવા કોણ આવત? ન આવો. જોકે જેવી અપેક્ષા હતી તેમ, અમારા પહોંચતા જ દેકારો મચી ગયો. કેટલાક લોકોએ સ્વાગતના નારા લગાવ્યા તો કેટલાક લોકોએ ધિક્કારના નારા લગાવ્યા. અને આજ મારા અદ્દ્ભુત વ્યક્તિત્વનું સહુથી મોટું પ્રમાણ હતું. કાં તો મનુષ્ય મને પ્રેમ કરી શકતો હતો, કાં તો મને નફરત કરી શકતો હતો, પરંતુ તટસ્થ જરાયે રહી શકતો નહોતો. ભલા કોઈ મારા જેવા વ્યક્તિત્વની ઉપેક્ષા કેવી રીતે કરી શકતું હતું? કહેવાનું તાત્પર્ય એટલું કે મારા હાજર થતાં જ, સભા બે સ્પષ્ટ છાવણીમાં વહેંચાઈ ગઈ હતી. જ્યાં એક બાજુ યાદવપ્રમુખ અને તેમનાં માણસો મને જોતા જ લાલપીળા થઈ રહ્યા હતા, ત્યાંજ આ જોઈને સામાન્ય પ્રજા મારા સમર્થનમાં સુત્રોચ્ચાર પર ઊતરી આવી હતી. અને આ બાજુ હું મનમાં ને મનમાં બંનેની વચ્ચે ચાલી રહેલી ખેંચતાણનો આનંદ લઈ રહ્યો હતો. આ તો મારી વાત થઈ, પણ બિચારા નાનાજી ઉંમરલાયક હોવા છતાં સહુને શાંત કરવા માટે તેમણે ઘણી મહેનત કરવી પડી રહી હતી. હવે પૌત્ર-પ્રેમમાં નાનાજીએ આટલું તો કરવું પડે તેમ હતું. આ બાજુ ઘણી મથામણ બાદ જેવી સભા શાંત થઈ કે યોજનાનુસાર, નાનાજીએ સભા પ્રારંભની ઘોષણા સાથે જ ઘોષણા કરી કે 'કૃષ્ણ' તમારી સાથે કેટલીક જરૂરી વાતો કરવા માંગે છે. આથી હું હવે તેને આમંત્રિત કરું છું. આ સાંભળતા જ મંચ પર સહુથી પાછળ બેઠેલો હું, ત્વરાથી ઊભો થઈ યાદવપ્રમુખોના ઝૂંડને વીંધીને નાનાજીની પાસે જઈ ચઢ્યો. હવે નીચે બેઠેલી પ્રજા મારી આંખો સામે હતી. જેવું મેં તેમની સામે મરકીને હાથ હલાવી અભિવાદન કર્યું કે લોકોએ મારી આ અદા પર મારો જયજયકાર કરીને આખું મેદાન ગજવી દીધું. આ જોઈને મારી બંને બાજુ બેસેલા યાદવપ્રમુખોના ચહેરા સાવ ઊતરી ગયા. પછી તો તેઓ ખુલ્લેઆમ મારા વિરોધ પર ઊતરી આવ્યા. મને ના બોલવા દેવા પર જ હઠે ભરાયા. આ જોઈને પ્રજા વધારે જોશમાં આવી ગઈ. હું એકદમ ઠાઠથી આ આખોયે તમાશો જોઈ રહ્યો હતો. જોયું તમે, મારું નામ બોલાતા જ સભામાં આ કેવો શોરબકોર સર્જાઈ ગયો હતો. આમ પણ મારું વ્યક્તિત્વ જ વિવાદાસ્પદ હતું. મારું નામ આવતા જ, મડદાંઓમાં પણ જીવ આવી જતો હતો, તો પછી આ તો યાદવસભા હતી.

જોકે મારા માટે આ તમાશો ભલે ગમે તેટલો મજાનો હોય કે મારી જ યોજનાનો એક ભાગ હોય, પણ આ બાજુ સતત થઈ રહેલી આ બૂમાબૂમ અને શોરબકોરથી નાનાજી થોડા ગભરાઈ ગયા હતા. છતાં પણ એમની પ્રશંસા કરવી પડશે કે તેઓ પોતાના કર્મથી પાછા પડ્યા નહોતા. તેઓ ફરી એક વાર સભા શાંત કરવા માટે તનતોડ કોશિશોમાં લાગી જ ગયા હતા. ચોક્કસપણે એમનો સહુથી વધારે વિરોધ યાદવપ્રમુખો તરફથી જ થઈ રહ્યો હતો. વાસ્તવમાં તે લોકો પહેલા બોલવા માંગતા હતા, જે હું જરાયે ઈચ્છતો નહોતો. મને ડર હતો કે ક્યાંક એ લોકો જરાસંધની બીક બતાવીને સામાન્ય પ્રજાને મારી વિરુદ્ધ ના કરી દે. પછી તો થઈ રહ્યું..., મારું બધું કહેવા-સાંભળવાનું વ્યર્થ થઈ જશે. એટલે હું મારી જગાએ મક્કમ થઈને ઊભો હતો. આ બાજુ નાનાજીને તો હકીકતમાં મારી ઈચ્છાને અનુપ રસ્તો જ સભાને બતાવવાનો હતો. પરિણામે એ બિચારા પણ મારા માટે જ અડગ ઊભા હતા. ...અંતે વડીલ રાજાની અવહેલના ક્યાં સુધી કરી શકાતી હતી, તેથી સભા જલ્દીથી શાંત થઈ ગઈ. હવે એની પહેલા કે ફરી કોઈ બૂમરાણ મચી જાય કે સભાની દિશા જ બદલાઈ જાય, હું મારી વાત કરી દેવા માંગતો હતો. આથી મેં સમય બગાડ્યા વિના તરત 'પાંચજન્ય-શંખ' વગાડીને મારું સંબોધન શરૂ કર્યું. શંખ અને તેનો નાદ એટલો પ્રભાવશાળી હતો કે આખી સભામાં આશ્ચર્યજનક શાંતિ છવાઈ ગઈ. 'પાંચજન્ય-શંખ' તો પોતાનું કામ કરી ચૂક્યો હતો, હવે મારો વારો હતો. અને ભભકાદાર વસ્ત્ર અને ઘરેણાંથી સજ્જ હું તો આમ પણ આજે છવાઈ જવાની તૈયારી સાથે જ આવ્યો હતો. કારણ કે સભા પર છવાઈ જવું એજ મારી આજની યોજનાનો પાયો હતો. તેથી જ, મેં મારા સંબોધનની શરૂઆત મારા જમણા હાથમાં રાખેલો 'પાંચજન્ય-શંખ' હલાવીને જ કરી...મેં ઘણા ગૌરવ સાથે કહ્યું- આ વિખ્યાત 'પાંચજન્ય-શંખ' છે, જે અમે પંચજનનો વધ કરીને મેળવ્યો છે. જ્યારે અમને ખબર પડી કે અમારા ગુરુજી આચાર્ય સાંદીપનિજીના એકના એક પુત્રને પંચજન બાળપણમાં જ ઉઠાવીને લઈ ગયો હતો, ...તો અમે ગુરુદક્ષિણામાં તેમનો પુત્ર પાછો લાવવાનો સંકલ્પ કર્યો. અમે જાણતા હતા કે 'પંચજન' જરાસંધ કરતાં અનેકગણો શક્તિશાળી છે, પરંતુ ગુરુદક્ષિણા તો ચૂકવવાની જ હતી. વળી અમને અમારી તાકાત પર પૂરો ભરોસો પણ હતો. આમ પણ જ્યારે સંકલ્પ દ્રઢ હોય અને શક્તિ પણ તમારો સાથ આપી રહી હોય, તો ઈચ્છિત પરિણામો આવે જ છે. તમે વિશ્ર્વાસ નહીં કરો કે મેં અને ભાઈએ એકલા હાથે જ ન માત્ર પંચજનની સેનાને હરાવી, બલ્કે પંચજનનો વધ પણ કર્યો. પરંતુ અમે ત્યાંના રાજા બનવાનું સ્વીકાર્યું નહીં, કારણ કે અમારો સંબંધ મથુરા સાથે છે.

...આ સાંભળતા જ આખી સભા તાળીઓના ગડગડાટમાં ગરકાવ થઈ ગઈ. બિચારા યાદવ-પ્રમુખોની તો બોલતી જ બંધ થઈ ગઈ. આ બિચારાઓને તો સમજમાં જ નહોતું આવી રહ્યું કે "કૃષ્ણ" આ શું કરીને આવ્યો. નાનાજીની આંખોમાંથી તો ખુશીને કારણે આંસુ છલકાઈ આવ્યા. અને સભાના ઉત્સાહની તો શું વાત કરવી! સેનાપતિ અને મહામંત્રી સુદ્ધાં ખીલી ઉઠ્યા. આમ પણ જરાસંધના આક્રમણને ધ્યાનમાં રાખતા, મથુરાની આજની જરૂરિયાત કોઈ "વીર"ની જ હતી, અને હું દરેક રીતે તેમની આ જરૂરિયાત પૂરી કરી રહ્યો હતો. તેથી, એક જ ઝાટકે મને સર્વેએ માથે ઉપાડી લીધો. આ તરફ, ચાલ સફળ થતી

જોઈને, હું પણ સંપૂર્ણપણે ઉત્સાહથી ભરાઈ ગયો હતો. ...બસ, આજ ઉત્સાહને કારણે મેં મારું સંબોધન આગળ વધારતા કહ્યું- અને અમે અમારા બદલે ત્યાંના મહામંત્રી ચંડકને વૈવસ્વતપુરના રાજ સિંહાસન પર બેસાડી દીધો, જે હવે અમારો વફાદાર છે. એટલું જ નહીં, રાજા બનવાની ખુશીમાં તેણે ભેટ સ્વરૂપે અમને અઢળક ખજાનો પણ આપ્યો છે. મને તમને એ કહેતા આનંદ થાય છે કે હવે અમે પણ 'સન્માનનીય-યાદવ' બની ગયા છીએ. સાચું કહું તો અમે આ સભા અમારી આ ખુશી તમારી વચ્ચે વહેંચવા માટે જ બોલાવી હતી. વળી એજ શું કામ, હકીકતમાં મથુરાની ચિંતા પણ અમને સતાવી રહી હતી. જેવું કે તમે બધા જાણો છો કે મથુરા આ સમયે અંદરની અને બહારની સમસ્યાઓથી ઘેરાયેલી છે. જ્યાં એક બાજુ મથુરાની વ્યાવસાયિક સ્થિતિ દયનીય છે, ત્યાંજ બીજી બાજુ જરાસંધના હુમલાનો ભય પણ માથે ભમે જ છે. જોકે જરાસંધ કોઈ મોટી સમસ્યા નથી. જ્યારે અમે પંચજનને ઠેકાણે પાડી શકીએ છીએ, તો ભલા જરાસંધ કઇ વાડીનો મૂળો છે? મને સંપૂર્ણ વિશ્ર્વાસ છે કે જો આપણે બધા યાદવ એકબીજા સાથે ઝઘડવાને બદલે, એક થઈ જઈએ, તો આપણે જરાસંધ નામની સમસ્યાનો કાયમી ઉપચાર જરૂર કરી શકીએ તેમ છીએ. એટલું જ નહીં, જો યાદવોમાં સંપ થઈ જાય તો મથુરાની વર્તમાન સ્થિતિમાંથી પણ બહાર આવવાનું કોઈ કપરું કામ નથી. એથી મારા અભિપ્રાય મુજબ, હવે એ જરૂરી બની ગયું છે કે આપણે આપણા 'યાદવપ્રમુખ'ની પસંદગી કરી લઈએ, જે ન કેવળ આપણને જરાસંધના હુમલાથી બચાવવામાં સક્ષમ હોય, પરંતુ સાથોસાથ મથુરાની દયનીય સ્થિતિમાં સુધારો લાવવા માટે કટિબદ્ધ પણ હોય.

બસ, આજ મારો મુખ્ય પાસો હતો જેને હું એકદમ ચાલાકીથી ફેંકી ચૂક્યો હતો. કારણ કે આવો તો 'હું' જ એક હતો. હવે હતો કે ન હતો, પણ મારા સંબોધનનો સાર તો એજ હતો. આનું ધાર્યું પરિણામ પણ આવ્યું. ચારેબાજુથી મારા નામના અવાજો ગુંજવા લાગ્યા. યાદવપ્રમુખોને તો જાણે સાપ સૂંઘી ગયો હતો. એમના તો નામનું ઉચ્ચારણ સુદ્ધાં કોઈ નહોતું કરી રહ્યું. મોટા આવ્યા હતા 'કૃષ્ણ' સામે બાથ ભીડવા, ...એ પણ 'વ્યુહબાજ કૃષ્ણ' સાથે. ...બસ, હું યાદવપ્રમુખ તરીકે ચૂંટાઈ ગયો. એની સાથે જ સભા બોલાવવાનો હેતુ પણ પૂરો થઈ ગયો. વૃંદાવનથી કાલે આવેલો ગોવાળ જોતજોતામાં આજે મથુરાના યાદવોનો સરદાર બની ગયો. લોકનિર્ણયની સાથે જ સન્માનનીય યાદવો તો સભા-સ્થળથી એવા સરકી ગયા કે પૂછો જ નહીં. સરકવા દો, હાલ તો નાનાજી ખુશીના માર્યા ઘેલા જ થઈ ગયા હતા. અને સામાન્ય લોકો..? એ લોકો તો મને ખભા પર બેસાડીને બે ત્રણ વાર ઢોલ-નગારાની સાથે આખા મેદાનનું ચક્કર લગાવી આવ્યા હતા. આ જોઈને ભાવુક ભાઈની આંખોમાં પણ આંસુ આવી ગયા. પોતાના નાના ભાઈનું થઈ રહેલું સન્માન તેમના હૃદયને સ્પર્શી ગયું. તેમને બાકીની કોઈ ભાંજઘડ સાથે લેવાદેવા નહોતી, તેઓ તો બસ આ વાતથી પોરસાતા હતા કે હું યાદવોનો સરદાર થઈ ગયો હતો. ...આમ તો આ બધું પણ ક્યાં સુધી ચાલવાનું હતું, અંતે આ તમાશો પણ પૂરો થયો અને અમે નાનાજીની સાથે ચાલી નીકળ્યા.

...ચોક્કસપણે આ મારા જીવનની સહુથી મોટી વ્યક્તિગત ઉપલબ્ધિ હતી. હું ખુશીનો માર્યો ફૂલીને ફાળકો થઈ રહ્યો હતો. સહુથી મોટી વાત તો એ હતી કે હવે કોઈ નાનાજી પર અમને મથુરાથી ભગાડવાનું દબાણ લાવી શકે તેમ નહોતું. ભલા પોતાના સરદારને થોડું કંઇ રાજ્ય છોડીને જવાનો હુકમ કરી શકાય છે? બીજું, હવે અમારે વારંવાર એ સિદ્ધ કરવાનું નહોતું કે અમે ગોવાળ નહીં, યાદવ છીએ. કારણ કે હું જ 'યાદવ-પ્રમુખ' હતો. જોકે આટલું બધું થઈ ગયા પછી પણ, મારા મનની વાત કહું તો આનાથી મારી ચિંતામાં લેશમાત્ર પણ ફરક પડ્યો નહોતો. જરાસંધ નામની સમસ્યાનું હજી પણ કોઈ સમાધાન મારી પાસે નહોતું. હવે ભલેને મેં મથુરાવાસીઓ પર પ્રભાવ જમાવવા માટે કહી દીધું હતું કે પંચજનને અમે યુદ્ધમાં હરાવ્યો હતો, પરંતુ વાસ્તવિકતાથી તો મોં ફેરવી શકાય તેમ નહોતું. હકીકત તો એ હતી કે તેને મેં કૂટનીતિથી માર્યો હતો, અને જરાસંધ પર કોઈ કૂટનીતિ ચાલવાનો સવાલ જ નહોતો. જરાસંધથી તો જ્યારે પણ યુદ્ધ થવાનું હતું ત્યારે આમને સામનેનું જ થવાનું હતું. અને એટલું તો હવે તમે પણ સમજી ગયા હશો કે જરાસંધને આમને સામનેના યુદ્ધમાં હરાવવો અશક્ય હતું.

જવા દો! હવે હું 'યાદવ-પ્રમુખ' હતો, અને યાદવપ્રમુખ વધારે ચિંતા કરતાં નથી. થોડી સકારાત્મક વાતો કરું. આ આખા ઘટનાક્રમ પછી નાનાજી સંપૂર્ણ રીતે નિશ્ર્ચિંત થઈ ગયા હતા. આમ તો મથુરાવાસીઓનો વિશ્ર્વાસ પણ ઘણી હદ સુધી પાછો આવી ગયો હતો. આ બધું જોઈને મારું મન પણ વારંવાર પોતાને શાબાશી આપવા થનગની રહ્યું હતું. મેં શું ખેલ પાડ્યો હતો! હવે કોણ છે જે અમને મથુરાથી ભાગવાનું કહી શકે? નાનાજી 'રાજા' અને હું તેમનો વહાલો પૌત્ર 'યાદવ-પ્રમુખ'. અર્થાત્ મથુરાની લગામ હવે સંપૂર્ણ રીતે અમારા હાથમાં હતી. ખરેખર! જૂઠ, રાજનીતિ, કૂટનીતિ, અભિનય, કપટ આ બધું મને ઘણું ફાવી ગયું હતું. ફાવી શું ગયું હતું, હું તો દિવસે ને દિવસે આ બધા ગુણોથી ઓતપ્રોત થઈ રહ્યો હતો. ...તો? અરે ભાઈ, તેના જ પરિણામે તો વૃંદાવનનાં પાંચ-પચાસ ગોવાળોનો સરદાર, આજે મથુરાના હજારો યાદવોનો પ્રમુખ બની બેઠો હતો. અને મજા તો એ હતી કે પ્રમુખ શું બન્યો, "પ્રમુખ-પદ"નો રુઆબ પણ આવી ગયો હતો. હવે તો બજાર સુધી ચારેય રથનો રસાલો લઈને જ આવ-જા કરતો હતો. અને બેસતો, તો પણ એવો અક્કડ થઈને કે મારા બેસવા માત્રથી યાદવપ્રમુખ જેવો પ્રભાવ પડતો હતો. બીજી બાજુ બિચારા સન્માનનીય યાદવોની હાલત ખરેખર ઘણી દયનીય થઈ ગઈ હતી. ચોક્કસપણે વૃંદાવનથી આવેલા એક નાનકડાં ગોવાળને પોતાનો સરદાર માનવામાં તેમને ઘણું કષ્ટ થઈ રહ્યું હતું. કેટલાય દિવસો સુધી તો મથુરાની ગલીમાં તેઓ દેખાયા જ નહોતા.

...જોકે આ બધું પણ થોડા જ દિવસોની વાત હતી. હજી આ યાદવપ્રમુખ બે-ચાર વાર પણ કુબ્જાને નહીં મળ્યો હોય, ત્યાં અચાનક ચિંતાઓથી ઘેરાઈ ગયો. અને એનું કારણ ભાઈ હતા. એમના પર અચાનક જ એક ખુમારી છવાઈ ગઈ હતી. ના...ના...! મારા યાદવપ્રમુખ બનવાની ખુશી તો જૂની થઈ ગઈ હતી, હવે તેમને ખુશી હતી, જરાસંધ સામે બાથ ભીડવા મળશે એની. છે ને કમાલની વાત, એમની મસ્તીએ અકારણ જ મને જરાસંધની યાદ અપાવી દીધી. એ ખતરો હજી ક્યાં ટળ્યો હતો? એટલે હાલત એ થઈ ગઈ કે જે વાતે મારી ઊંઘ ઊડાડી દીધી હતી, તેણે જ એમને ખુમારીથી મસ્ત કરી દીધા હતા. અને હરીફરીને વાતમાં દમ એટલો જ હતો કે તેમને પોતાની ગદા પર ઘણો ગર્વ હતો. પરંતુ હકીકત એ હતી કે તેમનો આ વિશ્વાસ વાસ્તવિકતાથી પર હતો. જરાસંધ સાથે કંઈ એમણે એકલા હાથે આમને સામને બાથ ભીડાવાની તો હતી નહીં. જોકે એમનો જ શા માટે, નાનાજી અને મથુરાવાસીઓનો પણ વિશ્વાસ તો ખોટો જ હતો. હું શું એમને ધૂળ જરાસંધથી બચાવી શકવાનો હતો? એ બિચારા શું જાણે કે આ બધું તરકટ ચલાવીને તો કોઈક રીતે મેં આશ્રય મેળવી લીધો હતો.

પરંતુ હવે સવાલ એ ઊઠતો હતો કે મારો આશ્રય નિશ્ચિત થઈ જવાથી શું થવાનું હતું? આ પણ જરાસંધ ન આવી ચઢે ત્યાં સુધીની વાત હતી. તેના આવવાથી જ નિરાશ્રિત અથવા તો નિષ્પ્રાણ થઈ જ જવાના હતા. એટલે કે યાદવપ્રમુખ બનીને ફરતો આ ભલો માણસ હવે દિવસ-રાત જરાસંધની ચિંતામાં ડૂબેલો રહેવા લાગ્યો હતો. આ બાજુ મારી ભીતર શું ચાલી રહ્યું છે, તેનાથી અજાણ બાકી બધાને તો મને ઠાઠથી ફરતો જોઈને મસ્તી સૂઝતી હતી. અને પછી, આગળ જતા એનું એક હાસ્યાસ્પદ પરિણામ પણ આવ્યું. યાદવસભામાં મારા દ્વારા કરવામાં આવેલા વીરતાથી પરિપૂર્ણ ભવ્ય સંબોધન બાદ, નાનાજી સહિત આખી મથુરા નિશ્ચિંત થઈ ગઈ, ...માનો જરાસંધનું કોઈ મહત્વ જ ન રહ્યું હોય. જ્યારે તેનાથી વિપરીત, જેના ભરોસે તે લોકો નિશ્ચિંતતાથી ઊંઘી રહ્યા હતા, તેની જ રાતોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ચાલો, એમની વાત ન પણ કરું તો મારી મુસીબત એ હતી કે જરાસંધની સામે કોઈ રણનીતિ બનાવી શકાય તેમ નહોતી, ના તો તે કોઈ તરકટ કે કલાકારીમાં ફસાય એમ લાગતું હતું. હવે ભલા હું તીર, ગદા કે તલવાર ચલાવવાનું તો જાણતો નહોતો. અને છળકપટ જેવું જે હથિયાર ચલાવવાનું હું જાણતો હતો, તે હાલ તો જરાસંધની સામે કોઈ કામનું નહોતું લાગી રહ્યું. આવામાં તમે જ કહો કે ભલા મુજ ગોવાળની ઊંઘ હરામ ના થાય તો શું થાય?

...પરંતુ સવાલ એ હતો કે ઊંઘ હરામ કરવાથી પણ થશે શું? અને વળી હજી ક્યાં જરાસંધ હુમલો કરવા નીકળી પડ્યો હતો? હજુ ઘણો સમય બાકી છે, આજે નહીં તો કાલે કોઈ રણનીતિ જરૂર સૂઝી જશે. હવે તમને શું કહું, બસ, પોતાને આજ ખોટું આશ્વાસન આપીને રોજ રોજ ફોસલાવી લેતો હતો. ઉપરથી મુસીબત એ કે હું કોઈક રીતે પોતાને થોડો નિશ્ચિંત કરતો કે મથુરાવાસીઓનો વ્યવહાર મને ફરી વ્યાકુળ થવા વિવશ કરી દેતો. કમાલ એ હતી કે જેટલી મારી ચિંતા વધતી જતી, એટલા જ એ મારા ભરોસે નિશ્ચિંત થતાં જતા હતા. લાગે છે કે યાદવસભામાં હું કંઈક વધારે જ બોલી ગયો હતો. હવે તો મને પોતાની જાત પર ક્રોધ આવી રહ્યો હતો. ...અંતે ખોટું બોલવાની અને ફેંકમ્ફેંક કરવાની પણ હદ હોય છે! આ બાજુ આ બધી સમસ્યાઓમાં સમય વીતતો જઈ રહ્યો હતો, તો બીજી બાજુ જરાસંધ સુધી અમારા મથુરા આવવાની ખબર પહોંચતા વાર ના લાગી. બસ, પછી શું હતું? એ તો હુમલો કરવા તૈયાર જ બેઠો હતો. અમારી ખબર મળવા માત્રની જ વાર હતી. આ વખતે, એણે કોઈ વિશેષ તૈયારીઓ તો કરવાની હતી નહીં. તત્ક્ષણ એણે સૈન્યદળ સાથે મથુરા તરફ કૂચ શરૂ કરી દીધી. જ્યારે નાનાજીના ગુપ્તચરોએ નાનાજીને આ ખબર આપી તો એમણે મને તરત બોલાવ્યો. હદ એ કે આ ગંભીર ખબર પણ એમણે મને એટલા ખુશ થઈને સંભળાવી, જાણે કે જરાસંધ કોઈ જમવાનું આમંત્રણ લઈને આવી રહ્યો હોય. ...એમણે કહ્યું- કૃષ્ણ! મારા ગુપ્તચરોએ ખબર આપી છે કે જરાસંધ મથુરા પર હુમલો કરવા નીકળી ચૂક્યો છે. બિચારો સામે ચાલીને 'કૃષ્ણ'નો કોળિયો બનવા આવી રહ્યોછે.

...મારી તો આ ખબર સાંભળતા જ બોલતી બંધ થઈ ગઈ. સાચું કહું તો નાનાજીના અંદાજે મને ઘણો વધારે ગભરાવી દીધો. ઈતિહાસમાં પહેલો રાજા હશે કે જે પોતાના કરતાં પચાસ ગણા જબરા દુશ્મનના હુમલાની ખબર સાંભળીને ઝૂમી ઊઠ્યો હતો. જોકે ભૂલ પણ મારી જ હતી. મેં યાદવસભામાં ડીંગ જ એવી હાંકી હતી કે આવામાં નાનાજીને શું કહું? વિચાર્યું કે જ્યારે ભૂલ પોતાની છે, તો નાહક એમના રંગમાં ભંગ શું કામ પાડું. આમ વિચારીને, ત્યાંથી ચૂપચાપ હસીને એવી રીતે નીકળી ગયો, જાણે એમને આશ્વાસન આપી રહ્યો હોઉં કે એ બરાબર જ વિચારી રહ્યા છે. આ બાજુ મારી વાત કરું તો સમજમાં જ નહોતું આવતું કે હવે કોને કહું... અને શું કરું? વિચાર્યું ભાઈને આ ખબર આપવામાં આવે, કદાચ કંઈક ગંભીર વિચાર વિમર્શ થાય. પરંતુ ભાઈ પણ ક્યાં ઓછા હતા? એમણે તો ખબર સાંભળતા જ ખુશીના માર્યા હવામાં ગદા એવી રીતે લહેરાવી કે જાણે અહીં ઊભા ઊભા જ જરાસંધનું માથું ફોડી નાખશે. મેં કપાળ કૂટી લીધું. ગજબના ગાંડાઓ સાથે પનારો પડ્યો હતો. કોઈ સમજવા જ તૈયાર નહોતું. ભાઈ તો પાગલ હતા જ, ઉપરથી હવે લાગે છે કે નાનાજી પણ ઉંમરની સાથે સાથે ઘેલા થઈ ગયા હતા. સાચું કહું તો આ સમયે જરાસંધના આગમન કરતાં મને ભાઈનું હવામાં ગદા લહેરાવવું અને નાનાજીનું ખુશખુશાલ થવું વધારે પરેશાન કરી રહ્યું હતું. ...હવે ભાઈ તો ઠીક નાદાન છે, પણ નાનાજી, તમે તો અનુભવી છો. એક અનુભવી રાજા છો. જરાસંધ હુમલો કરવા નીકળી ચૂક્યો છે, આ ખબર સાંભળીને પણ તમે ગંભીર કેમ નથી થતાં? મારા વહાલા નાનાજી, જરાસંધ હુમલો કરવા આવી

રહ્યો છે તો મંત્રીમંડળની બેઠક બોલાવો. સેનાપતિને બોલાવો. મુજ એકલા ગરીબ ગોવાળને આવી ખબર શા માટે આપી રહ્યા છો? જાગો નાના પ્યારે! પોતાનો ભ્રમ દૂર કરો. એ "કૃષ્ણ"નો કોળિયો બનવા નહીં, પરંતુ તમારા પ્રિય પૌત્ર 'કૃષ્ણ'ને પોતાનો કોળિયો બનાવવા આવી રહ્યો છે. પરંતુ તે કેવી રીતે સમજે...? યાદવસભામાં 'પંચજન વધ'નું ભવ્ય વર્ણન કરતાં મેં મારી વીરતાના એવા શાનદાર વખાણ કર્યા હતા કે કોઈપણ ભ્રમમાં પડી જાય. સાચું કહું તો મને હવે મારા એ સંબોધન પર ઘણો ક્રોધ આવી રહ્યો હતો. છોડો! હું તો નાદાન છું, પણ તમે તો પરિપક્વ છો. અરે, કહી દીધું તો કહી દીધું. હવે શું જરાસંધની સામે એની પરીક્ષા લેશો? બાળકનો જીવ લેશો શું? ...બસ, ડરને લીધે આખો દિવસ મનમાં ને મનમાં બબડવા લાગ્યો હતો. ધીમે ધીમે મારી જ હાંકેલી બડાઈને કારણે આ વિષય કોઈપણ ઉપાય વિનાનો થતો જઈ રહ્યો હતો. મારો બકવાસ મને જ ભારે પડી ગયો હતો.

હવે ભારે પડી ગયો તો પડી ગયો, પરંતુ હવે આગળ શું? આથી અંતે થાકીને મેં વિચાર્યું, જ્યારે રાજા પોતાના રાજ્ય પર થનારા હુમલાને ગંભીરતાથી નથી લઈ રહ્યો, જ્યારે કોઈ આ હુમલાને લઈને ગંભીર થવા તૈયાર જ નથી, તો સદૈવ પ્રસન્ન રહેવાવાળો હું શા માટે નકામી ચિંતા કરીને મારો સમય ખરાબ કરું? આનાથી તો બહેતર છે હું પણ એમની મૂર્ખતામાં શામિલ થઈ જાઉં. હવે મૂરખાઓમાં શામિલ તો મૂર્ખતા કરીને જ થઈ શકાય તેમ હતું, તો શરૂ કરી દીધી મૂર્ખતા. અને સ્વાભાવિક રીતે, તેની શરૂઆત મેં નાનાજીથી જ કરી. એક દિવસ મેં પણ નાનાજીને એકદમ બેફિકરાઈભર્યા અંદાજમાં કહી દીધું- જરાસંધની વિનાશ કાળે વિપરીત બુદ્ધિ જોઈ! મારી હાજરી હોવા છતાં મથુરા પર હુમલો કરવા નીકળી પડ્યો છે. પરંતુ તમે ચિંતા ના કરો! 'હું છું ને...!' જોકે આ કહેતી વખતે પણ મારી હાલત અજીબ હતી. હું કહી તો રહ્યો હતો કે ચિંતા ના કરો, પરંતુ ઈચ્છતો હતો કે થોડી ચિંતા કરો. ગુસ્સો તો ઘણો આવી રહ્યો હતો કે યુદ્ધ માથે ઝળૂંબી રહ્યું છે, ને તમે રાજા થઈને હસી રહ્યા છો? પણ આ બધી તો મારા મનની વાત હતી. એમના ઉપર મારી વીરતાની મસ્તી એવી તો છવાઈ ગઈ હતી કે અનિચ્છાએ પણ એમની સમક્ષ બેફિકરાઈ બતાવવી પડી રહી હતી. શું કહું! સ્થિતિ એવી દયનીય થઈ ગઈ હતી કે એક તો કોઈ રણનીતિ સૂઝી નહોતી રહી, અને ઉપરથી દિવસ-રાત બધાના બેદરકાર વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો હતો. આમ સરવાળે કહી શકાય કે હું આ દિવસોમાં એક સમજદાર વ્યક્તિ હોવાનો દંડ ભોગવી રહ્યો હતો. સહુથી મોટી દુર્ગતિ તો એ હતી કે અંદરથી ચિંતાના વમળમાં ફસાયેલા હોવા છતાં, ઉપરથી નિશ્ચિંતતાની ચાદર ઓઢીને સસ્મિત ફરવું પડી રહ્યું હતું. એના ઉપર કમાલ એ કે હું જેટલું હસતો ને હળવો થઈ ફરતો, બધા એટલા જ વધારે નિશ્ચિંત થતાં જતા હતા. બરાબરની અટપટી સમસ્યામાં ફસાઈ ગયો હતો. કરું તો શું કરું? હસું કે મરું? ગંભીરતા દાખવું તો કોઈ ગંભીર થવા તૈયાર નહોતું, અને મુસ્કુરાવું તો બધા અધિક બેફિકર બની જાય. અને આનું અંતિમ પરિણામ આ આવ્યું કે જેમ હું પોતાના દર્દ અને ઈચ્છાઓને છુપાવીને જીવતો આવ્યો હતો, આ સમયે ચિંતા છુપાવીને જીવવાનું પણ શીખવી દીધું હતું.

ચાલો આ પણ સારું. કમસેકમ મોતના મોંમાં પણ હસીને જવાનું તો નસીબમાં મળી રહ્યું હતું. આ બાજુ ધીમેધીમે જરાસંધના હુમલાની ખબર આખી મથુરામાં ફેલાઈ ગઈ હતી, પરંતુ નવાઈ એ કે તેમ છતાં આ વખતે મથુરામાં કોઈ ડર જોવા નહોતો મળી રહ્યો. અરે ભાઈ, એમનો વીર યાદવપ્રમુખ અર્થાત્ 'હું' જે એમની પાસે હતો. ચારેબાજુ ચાલી રહેલા આ નિશ્ચિંત પાગલપણાએ બાકી બધું તો ઠીક, પણ મારી બુદ્ધિ પૂર્ણપણે ભ્રષ્ટ કરી દીધી હતી. મારા જેવા સારા બુદ્ધિમાનને કંઈ ગતાગમ પડવાની બંધ થઈ ગઈ હતી. અહીં ના તો કોઈ યુદ્ધની તૈયારીઓ વિશે વાત કરી રહ્યું હતું કે ના તો કોઈ યુદ્ધની ચિંતા કરી રહ્યું હતું. આ મૂર્ખાઓનું તો મરવાનું પાકું જ હતું, લાગતું હતું કે સાથે સાથે મારા જેવા બુદ્ધિમાનને પણ ભેગો લઈ જશે. કોઈએ બરાબર જ કહ્યું છે કે મૂર્ખની દોસ્તી એ "જીવ"નું જોખમ. હરીફરીને મને આ મૂર્ખતાને રોકવાનો એક જ ઉપાય સૂઝી રહ્યો હતો કે ફરી એક વાર યાદવસભા બોલાવવામાં આવે, જેમાં મારી વીરતા બાબતે કેટલાક ખુલાસા કરવામાં આવે. થોડા પાછળ હટીને યુદ્ધની વાસ્તવિકતાથી સહુને માહિતગાર કરવામાં આવે. કદાચ એનાથી સહુ કોઈ યુદ્ધને ગંભીરતાથી લે? કારણ કે હવે તો સહુના મન પર ગાંડપણ એ હદે સવાર થઈ ગયું હતું કે જરાસંધના આવવાની ખબર એકબીજાને એટલી પ્રસન્નતાથી સંભળાવી રહ્યા હતા કે જાણે જરાસંધ મથુરાવાસીઓ માટે થોકબંધ ભેટસોગાદો લઈને આવી રહ્યો હોય.

ખેર! આ સમયે યાદવ-સરદાર તો હું જ હતો. તેથી, સભા પણ મારે જ બોલાવવાની હતી. અને બોલવાનું પણ મારે જ હતું. અને બોલવાનું શું હતું- પાછલી સભામાં પોતાના મોંએ મોંફાટ વખાણ કર્યા હતા, બસ, એને થોડા મઠારવાના હતા. હું મારી જાતને પણ ઘણી વખત સમજાવી રહ્યો હતો કે કનૈયા, આ વખતે ડંફાસ ન મારતો, જરા સંભાળજે... થોડો ધરતી પર રહેજે. આ બાજુ નાનાજી સહિત જે પણ યાદવ-સભાની ખબર સાંભળતા, આશ્ચર્યચકિત થઈ જતા. પછી વિચારતા, બની શકે છે મેં આ સભા સહુને રણનીતિ સમજાવવા અને ચિંતા ના કરવા માટે બોલાવી હોય. અર્થાત્ યુદ્ધની તૈયારીઓ કરવી કે કોઈ ગંભીરતાથી વિચારવાનું તો હવે કોઈના મગજમાં ઘૂસતું જ નહોતું. ...કાંઈ વાંધો નહીં, સમજાવી દેવામાં આવશે. હવે આ બધું સમજાવવા માટે જ તો સભા બોલાવી છે. આખરે સભાનો દિવસ પણ આવી ગયો. આજે નવો દિવસ હતો અને હું રણનીતિ પણ નવી જ ઘડી લાવ્યો હતો. એટલે, નવી રણનીતિ મુજબ નવો 'કૃષ્ણ' પણ પૂરી રીતે તૈયાર હતો. જેમ દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ છે, એજ રીતે આ વખતે સભામાં હાજરી આપવા માટે પણ સાધારણ વસ્ત્રોમાં જ નીકળી પડ્યો હતો. જોકે આજે પણ નાનાજીને મેં પહેલા જ મોકલી દીધા હતા. ત્યાં સુધી કે તેમને ભાઈને પણ સાથે લઈ જવાનું કહ્યું હતું. કહેવાની જરૂરત નથી કે હું

એક જ રથ લઈને નીકળ્યો હતો અને તે પણ હું જ હંકારતો હતો. આજની રણનીતિ ઝાકઝમાળની રજા નહોતી આપતી. આ બાજુ ખુશીની વાત એ કે આજે મેદાનમાં હાજરી ખાસ્સી નોંધપાત્ર હતી. નાનાજી અને ભાઈ મંચ પર સન્માનનીય-યાદવો અને મંત્રીપરિષદની સાથે પહેલેથી જ બેસી ગયા હતા. મેં ગરીબની જેમ ધીમા પગલે જ મંચ તરફ ચાલવાનું શરૂ કર્યું. રથ પણ આજે પ્રવેશદ્વાર પર જ છોડી દીધો હતો. અને સ્મિત પર તો એવું તાળું મારી દીધું હતું કે મોટામાં મોટા વ્યંગ પર પણ હાસ્ય ન ફરકે. આજે તો પાંચજન્ય-શંખ પણ ઘરે જ મૂકીને આવ્યો હતો. ગયે વખતે, એને વગાડવાના જોશમાં જ કંઈક વધુ પડતું બોલી ગયો હતો. આમ સરવાળે ઈરાદો સ્પષ્ટ હતો... બડાઈ તો પહેલા જ જરૂરિયાતથી વધારે મારી દીધી હતી, હવે તો મારેલી બડાઈને સંતુલિત કરવાની હતી. ...મારો આ સભા બોલાવવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ રાજમહેલ અને મથુરાવાસીઓ પર છવાયેલી ઘેલછાને ઓછી કરવાનો હતો. એટલે કે એમને નિશ્ચિંતતાની ગાઢ ઊંઘમાંથી જગાડીને યુદ્ધની તૈયારીઓમાં લગાડી દેવાનો હતો. પરંતુ અહીં તો બધું ઊલટું થઈ ગયું. સભા શરૂ થતાં પહેલા જ કાબૂ બહાર નીકળી ગઈ. સામૂહિક ઘેલછાનો દોર ચાલી રહ્યો હતો. હજી તો હું મંચ ઉપર પહોંચ્યો પણ નહોતો કે ચોતરફ મારો જયજયકાર બોલાવવામાં આવ્યો. અહીં સુધી તો ઠીક, પણ પછી તો જરાસંધ પર એકથી એક હાસ્ય-ટૂચકાઓ સંભળાવવામાં આવતા હતા. એ તો એ, નાનાજી સહિત તમામ જવાબદાર દરબારીઓ પણ આ હાસ્ય-ટૂચકાઓનો આનંદ લેવામાં લાગી ગયા હતા. ટૂચકા પણ કેવા? જાણે કે જરાસંધ ના હોય ને કોઈ કબૂતર હોય, જેને કૃષ્ણ ઝટ દઈને પાંજરામાં પૂરી દેશે. હદ તો એ કે મને ‘સિંહ’ અને જરાસંધને ‘બકરી’ બતાવનારાઓની હરીફાઈ લાગી હતી. મારું મન કહી રહ્યું હતું, જરા મને તો પૂછો ...સિંહ કોણ છે અને બકરી કોણ છે? સાચું કહું તો નગરમાં એકલા એકલા ફરી રહેલા ગાંડાઓ એટલા ભયાનક નહોતા લાગતા, જેટલા આ સભામાં સામૂહિક રીતે ગાંડપણ કરતાં આ ભેગા થયેલા લાગી રહ્યા હતા.

ખેર! ચાલી રહેલા આ હાસ્ય-ટૂચકાઓ અને શોરબકોરની વચ્ચે માંડમાંડ હું મંચ સુધી પહોંચ્યો. મારું મોં હજુ પણ સાવ ઉતરેલું હતું. ટૂચકાઓ તો એકથી એક ચઢિયાતા કાને પડી રહ્યા હતા, પણ હું બિલકુલ હસી રહ્યો નહોતો. ઊલટું મંચ પર ચઢતાંવેંત જ મેં મારી ચારે તરફ ઉદાસ નજર ફેરવી, વિચાર્યું કે આમ કરવાથી લોકો ગંભીર થઈ જશે, પણ નહીં... પોતાના યાદવપ્રમુખની આવી હાલતની પણ તેમના પર કોઈ અસર થઈ રહી નહોતી. અહીં તો સહુને આ પણ કોઈ સશક્ત નાટક જ લાગી રહ્યું હતું. મારી સામે લગભગ હજારેક યાદવ બેઠા હતા, પણ એમાંથી એકે ગંભીર દેખાતો નહોતો. ઊલ્ટું બધાએ પોતાના હાસ્યથી આકાશ ગજવી મૂક્યું હતું. હું બોલું તો પણ શું બોલું? કોઈ સાંભળવા જ તૈયાર નહોતું. હું મોં ખોલું ત્યાંજ મારો જયજયકાર બોલાવી દેતા. કદાચ એક એક કરીને તો પાગલોને ઠીક કરી પણ શકાતા હતા, પરંતુ પાગલોની આ ભીડ સામે બાથ ભીડવાનું મુશ્કેલ લાગી રહ્યું હતું. મેં બે ત્રણ વાર મારી વાત કરવાનો પ્રયત્ન પણ કર્યો, પરંતુ જ્યાં સામૂહિક ગાંડપણ ચાલી રહ્યું હોય, ત્યાં બુદ્ધિશાળીની વાત કોણ સાંભળે છે? વળી, આનો દોષ પણ એમને કયા મોઢે દઉં, ઘણી હદ સુધી આ લોકોના ગાંડપણ માટે જવાબદાર તો હું જ હતો. ખરેખર ‘પંચજન વધ’નું ભરાયેલી યાદવ સભામાં ભવ્ય વર્ણન કરીને હું તો બરાબરનો ફસાઈ ગયો હતો. મૂર્ખ લોકો અકારણ મસ્ત થઈ ગયા હતા. ...લાગે છે કુદરતને પણ મારું સત્ય બોલવાનું નહોતું ગમી રહ્યું, ત્યારે જ તો મને સત્ય કહેવાની તક સુદ્ધાં નહોતી મળી રહી.

...ચાલો, જેવી કુદરતની મરજી. અંતે થાકીને હું પણ પાગલોની ભીડમાં જોડાઈ ગયો. સભા બોલાવવાનો હેતુ તો પહેલા જ ધૂળધાણી થઈ ગયો હતો. સારું તો એ હતું પાગલોની સાથે થોડું ગાંડપણ જ કરી લેવામાં આવે. કારણ કે અહીં તો ચારે બાજુ બસ એક જ વાત હતી કે અમારા યાદવ સરદારે જ્યારે એકલા હાથે પંચજનની સેનાને હરાવી દીધી, ...તો આ જરાસંધ શું ચીજ છે? આ બધું સાંભળી સાંભળીને મારા મન પર શું વીતી રહી હતી, શું કહું? ખરેખર મારું બોલાયેલું અસત્ય આજે મને ઘણું ભારે પડી રહ્યું હતું. અને અસત્ય પણ કેવું...? જરાસંધના આવવા માત્રની વાર હતી કે બધી બહાદુરી છૂમંતર થઈ જ જવાની હતી. ...તો થવા દો. અત્યારે તો કોઈ ઉપાય ના જોઈને, મને પણ પાગલોના રંગમાં રંગાઈ જવાથી બહેતર ઉપાય નજર નહોતો આવી રહ્યો. આમ પણ હવે બધી ચિંતાઓ નકામી હતી, કેમકે કોઈ રણનીતિ સૂઝી રહી નહોતી અને યુદ્ધની તૈયારીઓ મથુરા નહોતું કરવા માંગતું. અહીં તો યુદ્ધની તૈયારીઓ છોડો, યુદ્ધની ચર્ચા સુદ્ધાં કરવા માટે કોઈ તૈયાર નહોતું. અને સામે દસેક દિવસોમાં જરાસંધનું મથુરા આવી પહોંચવું નક્કી હતું. આ આખરી અવસર હતો, પણ આમાંય કોઈ વાત બનતી નહોતી. હજી આ બધું વિચારીને હું હથિયાર હેઠા નાખવામાં જ હતો ત્યાં એક સમજદાર વડીલ યાદવે જરૂર મને એમ પૂછીને આશા બાંધી હતી કે કનૈયા! આ વખતે યુદ્ધની રણનીતિ શું હશે? ...સ્વાભાવિક રીતે એક વાર એમનો આ સવાલ સાંભળીને મેં થોડી આશા પણ બાંધી હતી. પરંતુ એની પહેલા કે હું થોડી પણ ગંભીરતા બતાવું, બધા એના પર તૂટી પડ્યા...? જરાસંધ આવ્યો નહીં કે મર્યો નથી. આપણા ‘યાદવ-સરદાર’નું બળ નથી જાણતા કે શું? હવે એકલા માણસનું કોઈ ચાલવા દે છે કે શું? બસ, આજ હાલત એ વડીલની કરી દીધી. એને ચૂપચાપ બળજબરીથી પોતાના સ્થાન પર બેસાડી દેવામાં આવ્યો. અર્થાત્ માંડમાંડ એકે બુદ્ધિની વાત કરી હતી, એને પણ ચૂપ કરી દેવામાં આવ્યો. મને તો સમજમાં જ નહોતું આવતું કે હું યાદવ સરદાર છું કે મૂર્ખાઓનો સરદાર? આમ તો મેં ગત સભામાં લાંબી લાંબી હાંકવાની જે હિંમત કરી હતી, ત્યાર બાદ મારી યોગ્યતા તો મૂર્ખાઓના સરદાર બનવાની જ રહી ગઈ હતી. અને હજી પણ હું એજ હોદ્દા પર બિરાજમાન હતો.

...તો સારું જ હતું ને! કારણ કે કેટલીય વારથી ચાલી રહેલા આ ગાંડપણના આવા સામૂહિક દોરને જોતા, સાચું કહું તો હવે મારું પણ એમાંથી બાકાત રહેવાનું મુશ્કેલ બનતું જતું હતું. ધીરે ધીરે રહીને થોડે ઘણે અંશે મને પણ મારી વીરતાનો એવો વિશ્ર્વાસ બેસી ગયો કે જાણે આખી દુનિયા પર વસુદેવજીનું જ રાજ હોય. ત્યાં સુધી તો ઠીક, પણ આગળ જતા આ વિશ્ર્વાસના આધારે મેં પણ એકદમ નિશ્ચિંતતાપૂર્વક આ કહીને સભાનું સમાપન કર્યું કે- 'યુદ્ધની રણનીતિ સમય આવ્યે જ ઉજાગર કરવાનું યોગ્ય હોય છે. હું આજે જ સેનાપતિજીને મળીને બધી ચર્ચાઓ કરવાનો છું. તમે લોકો ચિંતા ના કરો અને મસ્ત રહો. તમારો સરદાર છે ને. હું છું ને...!' અને મારું 'હું છું ને' કહેતા જ સભા તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠી. અને એ સાથે જ બધા નાચતા ગાતા પોતપોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. ...થોડી જ વારમાં આખું મેદાન ખાલી થઈ ગયું. ત્યાં સુધી કે મેં ભાઈ અને નાનાજીને પણ જવા માટે કહી દીધું. અને પછી ધીમા પગલે મારા રથ તરફ કૂચ કરી દીધી. આ સમયની મારી હાલતનું હું વર્ણન નથી કરી શકતો. હું ગાંડપણમાં શામેલ જરૂર થયો હતો, પણ કંઇ ખરેખર ગાંડો થોડો થયો હતો? બધાનું આ નાચવું-ગાવું મને મનમાં ને મનમાં કેટલું વ્યથિત કરી રહ્યું હતું એ હું કંઇ રીતે જણાવું? લોકોએ ઝટકો તો એવો દીધો હતો કે પૂર્ણપણે હોશમાં આવી ગયો હતો. સમય ઓછો હતો અને જલ્દીથી કંઇ કરવામાં નહીં આવે તો મોત નક્કી હતું. આ બધું વિચારતા વિચારતા હું રથ સુધી પહોંચી ગયો હતો. ત્યાં રથ પર બેસતા જ અચાનક મને શું થયું કે રથ યમુનાના કિનારે દૂર જંગલો તરફ દોડાવી દીધો. કદાચ મથુરાની હવાથી બહાર નીકળું તો બુદ્ધિ કંઈક કામ કરવા લાગે. થયું પણ કંઈક એવું જ. થોડી વાર જંગલમાં રથ શું દોડાવ્યો કે સેનાપતિજીના રૂપમાં આશાનું એક કિરણ નજરે ચડી રહ્યું હતું. કારણ કે ગાંડાઓની આખી સભામાં એકમાત્ર એજ હતા જે થોડા ગંભીર દેખાઇ રહ્યા હતા. આમ પણ યુદ્ધ તેમની જ જવાબદારીમાં આવે છે. મેં વિચાર્યું શા માટે એમની પાસેથી જ યુદ્ધની તૈયારીઓ વિશે પૂછવામાં ન આવે. ડૂબતાને તરણાનો સહારો પૂરતો. બસ, મેં ઘણી આશા સાથે રથ રાજમહેલ તરફ દોડાવી દીધો. ચોક્કસપણે ત્યાં પહોંચતા પહોંચતા સાંજ ઢળી ગઈ. તો શું, પોતાના જીવનની સાંજથી તો બચવાનું જ હતું.

પરંતુ આ શું! એમણે તો મારા રહ્યા સહ્યા હોશ પણ ઉડાવી દીધા. તેમના જણાવ્યા અનુસાર તો તમામ હથિયાર પર કાટ લાગી ગયો છે. ...ઉપરથી રાજ્યમાં ચોથા ભાગના સૈનિકો માગધી છે, જે જરાસંધની સામે કદાપિ નહીં લડે. વળી રાજકીય કોષ પહેલાંથી જ ખાલી થઈ ગયો છે. આ કારણે આપણી સેનાને પણ કેટલાક મહિનાથી અડધો પગાર જ આપવામાં આવી રહ્યો છે. બની શકે કે આ કારણે કદાચ અમારી સેના કારણ વગર મરવા માટે સહેલાઈથી રાજી ના પણ થાય. અરેરે! તો આ હતું એમની ગંભીરતાનું રહસ્ય. અર્થાત્ યુદ્ધની કોઈ રણનીતિ એમની પાસે પણ નહોતી, માત્ર કોઈ રણનીતિ નથી બનાવી શકાતી આ વાતની ચિંતા લઈને ફરી રહ્યા હતા મહાશય. આમ સરવાળે આ આશા પણ જતી રહી. કોઈ વાત નહીં. મેં તમામ પરિસ્થિતિ સમજ્યાં પછી એમને પણ આશ્ર્વાસન આપી દીધું- તમે ચિંતા શું કામ કરો છો? હું છું ને...! આની સાથે જ પૂરી બાબત સ્પષ્ટ થઈ ગઈ હતી. બધાને માટે 'હું' હતો અને મારે માટે 'જરાસંધ'. આખી મથુરા આ સમયે મારા ભરોસે મસ્ત હતી, અને એ તરફ જરાસંધ આવીને મારી સઘળી મસ્તી કાઢી નાખવાનો હતો. એટલે કોઈ સમજવા તૈયાર જ નહોતું કે તેઓ મારા તરફથી જે આશાઓ રાખીને બેઠા છે તે કોઈ ચમત્કારથી ઓછી નથી. ...અને પ્રકૃતિમાં કોઈ ચમત્કાર શક્ય નથી. અહીં બધું નિયમથી જ થાય છે. ઇચ્છિત પરિણામ મેળવવા માટેનો એકમાત્ર ઉપાય 'કર્મ' છે, અને એ કોઈ કરવા માંગતું નહોતું. અને હવે તો એના પણ બધા દરવાજા બંધ થઈ ગયા હતા. આ બાજુ મારી સમસ્યા આ હતી કે હું કારણ વિના મરવા માંગતો નહોતો. અને એ માટે હું પ્રત્યેક દ્વાર ખટખટાવવાની કોશિશ કરી રહ્યો હતો. એવું નહોતું કે હું મોતથી ડરી રહ્યો હતો, મોત તો ઘણીવાર જોઈ ચૂક્યો હતો... પણ દરેક વખતે તેની સામે સંઘર્ષ કર્યો હતો; અહીં સમસ્યા એ હતી કે સંઘર્ષનો રસ્તો જ ખૂલી રહ્યો નહોતો. અને સંઘર્ષ કર્યા વિના મરી જવું એ વાત જ અકળાવનારી હતી. ...પંચજન સામે બાથ ભીડવામાં કોઈ સમસ્યા આવી નહોતી. વાત એકદમ સ્પષ્ટ હતી; ગુરુદક્ષિણા ચૂકવવાની હતી. મોતના મોંમાં તો ત્યાં પણ જઈ રહ્યો હતો, પરંતુ સમજ્યાં વિચાર્યા બાદ. આમ પણ ગુરુદક્ષિણા ચૂકવવાના ગૌરવની સામે જીવવું-મરવું ક્યાં જોવાનું હોય છે? પરંતુ અહીં તો અકારણ મોતના મોંમાં સમાવા માટે જબરદસ્તીથી તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આખી મથુરા બરબાદીના આરે ઊભી હતી, છતાં પણ ના તો કોઈ સમજવા માંગતું હતું અને ના તો કોઈ કંઇ કરવા માંગતું હતું. એક ભાઈ હતા, પરંતુ એ પણ બેકાર. એમની પાસે પણ કોઈ વાત કરવામાં આવી શકે તેમ નહોતી. ઊલટું એ તો પોતાની ગદાને લહેરાવતા જરાસંધની એવી રીતે રાહ જોઈ રહ્યા હતા કે જાણે જરાસંધ આવીને પોતાની ગરદન એમના ચરણોમાં રાખી દેશે... અને કહેશે- ભાઈ બલરામ, કચડી નાખ આને. ક્રોધ તો એવો આવી રહ્યો હતો કે પૂછો જ નહીં... ખુશીના ભ્રમની પણ કોઈ હદ હોય છે. અને વળી સવાલ મારા એકલાના મોતનો થોડો જ હતો, આખી મથુરાનું અસ્તિત્વ હોડમાં મૂકાયું હતું. એ નક્કી હતું કે હવે જો બરબાદી આવશે તો એમાં મરવાના વાંકે જીવી રહેલી મથુરા કદાચ જીવવાનું જ ભૂલી જશે.

હશે! જ્યારે કોઈ ઉપાય જ નથી, તો કેટલું વિચારવામાં આવે? ઓછામાં ઓછું જે બે-ચાર દિવસો બચ્યા છે, તેને આરામથી જીવી લેવામાં આવે. આવામાં મારો એક જ સહારો હતો... મારી વાંસળી. કદાચ એ મને આ બે-ચાર દિવસો જીવવાનો આનંદ આપી દે. કદાચ તેના સહારે હું પણ બીજાની જેમ, આ બે-ચાર દિવસો આરામથી કાઢી શકું. આશ્ર્ચર્ય હતું, આજ સુધી હંમેશાં બીજાઓને અકારણ પરેશાન જોયા હતા... જ્યારે મેં દરેક સંજોગોમાં ચેનની વાંસળી વગાડી હતી. પરંતુ આજે બધું ઊલટું

થઈ ગયું હતું. બધા માનસિક શાંતિની વાંસળી વગાડી રહ્યા હતા અને હું ચિંતાને લીધે દૂબળો થતો જઈ રહ્યો હતો. આમ તો એના કેન્દ્રમાં પણ 'હું' જ હતો. મથુરા પર સંકટ પણ મારા જ કારણે આવી રહ્યું હતું, અને સહુ પર છવાયેલી મસ્તી પણ મારે કારણે જ હતી. વિચારવાલાયક વિષય એ પણ હતો કે આ સમયે મને છોડીને બધા મૂર્ખતાના આરે ઊભા હતા, અને બધા પ્રસન્ન હતા. વિચાર્યું નહોતું કે જીવવા માટે ક્યારેક મૂર્ખતા પણ આ હદે મદદરૂપ થઈ શકે છે...? ચોક્કસપણે આ મારા માટે એક નવો જ અનુભવ હતો. જવા દો આ વાતોને. હવે તેનો કોઈ અંત નથી. હાલ જે નક્કી કર્યું છે તેના પર કંઈક અમલ કરું. બસ, ચેનથી વાંસળી વગાડવા માટે હું રથ લઈને એકલો યમુનાકિનારે જવા નીકળી પડ્યો. સાંજ ઢળવામાં હતી. એટલે કે વાતાવરણ તો પહેલેથી સોહામણું હતું અને હવે અવસર પણ મળી ગયો. બસ, એકાંત શોધીને બેસી ગયો વૃક્ષની નીચે અને છેડી દીધા વાંસળીના સૂર. ...પરંતુ આજે વાંસળી પણ દગો દઈ રહી હતી. હવે જ્યારે સમય જ ખરાબ ચાલી રહ્યો હોય તો એ શું કામ સાથ આપે? આજે વાંસળી ના તો મને વૃંદાવન લઈ જવામાં સમર્થ સિદ્ધ થઈ હતી, ના તો રાધાને બોલાવી શકતી હતી અને ના તો રુક્મિણી સાથે મુલાકાત પણ કરાવી શકતી હતી. આવી હાલતમાં વાંસળી શું ધૂળ સમાધાન સૂઝાડી શકત? જ્યારે વાંસળીએ જ દગો દઈ દીધો તો કરવા માટે હવે ખાસ કંઈ બચ્યું નહોતું. ચૂપચાપ ઘરે જઈને સૂઈ ગયો.

વાંસળીએ દગો શું દીધો, બીજા દિવસની સવાર થતાં થતાં તો મારી બુદ્ધિ ઠેકાણે આવી ગઈ. પછી તો હું પણ દિવસ આખો ભાઈની સાથે મથુરાની ગલીઓમાં ફરવા લાગ્યો. ખબર નહીં, ફરી આ ગલીઓમાં ફરવા મળે ન મળે. હવે મથુરામાં જરાસંધ સિવાય કોઈ બીજો વિષય તો હતો નહીં. તેથી, ક્યાંક કોઈ જરાસંધની વાત કરતું તો હું મારો રટાયેલો જવાબ આપી દેતો 'હું છું ને...!' એ તરફ જરાસંધનું નામ સાંભળતા જ ભાઈ પણ ગદા હવામાં ઉછાળી દેતા. હવે ભલા મૂર્ખાઓની નગરીમાં બુદ્ધિશાળીનું શું કામ? સવારથી સાંજ સુધી ભટકતા પચાસો માણસોને આ જવાબ આપવાનો અમારો નિત્યક્રમ થઈ ગયો હતો. એક-બે દિવસ તો ઠીક ભાઈ, આ બધું ચાલતું રહ્યું, પણ પછી વિચાર આવ્યો; ભલા આ પણ કોઈ રીત છે જીવન સમાપ્ત કરવાની? અને વળી સવાલ એ કે જીવન સમાપ્ત થાય જ શા માટે? બસ, જરાસંધ ઈચ્છે છે માટે? ના, જાગ કનૈયા. અજબ મુસીબત હતી, અંતે આ મહત્ત્વપૂર્ણ દિવસ આમ જ થોડો ચિંતામાં વીતાવી શકાય અને ના તો મોતની સામે આ રીતે સમર્પણ કરી શકાતું હતું. સમજાતું નહોતું કે આટલી મહત્ત્વપૂર્ણ વાત સમજવાને બદલે કારણ વિના હું કેવી આલતુફાલતુ વાતોમાં ગૂંચવાઈ ગયો હતો. કદાચ મારા માનસ પર પણ મથુરાનું ગાંડપણ સવાર થઈ ગયું હતું. ...પણ હવે બહુ થયું. ...અરે કૃષ્ણ! તું તો કર્મવીર છે. આ રીતે મોતની સામે હથિયાર થોડા નાખી દેવાતા હોય છે? વળી મથુરા સંકટમાં તો તારે જ કારણે છે, તેથી તારે એને તો બચાવવું જ પડશે. અરે...! મથુરા દગો આપી રહી છે તો શું? વાંસળી દગો આપી રહી છે તો શું, બધું થોડું જ સમાપ્ત થઈ ગયું છે. ...ના 'કૃષ્ણ' ના, ચાલો! ગહન ચિંતનમાં ડૂબો. કોઈ નિવેડો લાવો. બસ, આ સકારાત્મક વિચારની સાથે જ મારો આત્મા, એટલે કે 'સર્વ-હિતાય'એ મને ગહન ચિંતનમાં ધકેલી દીધો. કમાલ હતી! હજુ થોડા મહિનાઓ પહેલા જે રણનીતિએ 'પંચજન'નો વધ કર્યો હતો, એજ રણનીતિ આજે કોઈ કામની રહી નહોતી. ખબર નહીં લોકોને હજારો વર્ષ જૂનાં શાસ્ત્રો કેવી રીતે કામ આવે છે? કદાચ તેઓ જીવનભર કોઈ ચમત્કારની રાહ જોતા રહેતા હશે. આમ પણ કર્મથી ભાગવાવાળો મનુષ્ય, બીજું કરી પણ શું શકે છે?

...મારી સાથે તકલીફ એ જ હતી કે એક વાર જો હું ચિંતનમાં ખોવાઈ જતો તો એક વિચારમાંથી બીજો વિચાર નીકળી જ આવતો હતો. ઘણીવાર તો મુખ્ય વાત જ આ ચિંતનોમાં અટવાઈને રહી જતી હતી. આ સમયે પણ મારી સાથે કંઈક એવું જ બની રહ્યું હતું. ઉપાય વિચારવા નીકળ્યો હતો અને કંઈક બીજું વિચારવા લાગી ગયો. વિચારી રહ્યો હતો કે શા માટે એવા કોઈ ગ્રંથની રચના ન કરવામાં આવે જે દરેક યુગમાં દરેક સમસ્યાનું સમાધાન આપે. ઈચ્છાનું શું છે, જે ચાહે તે કરી લો. પરંતુ હું તો સપના જોતો હતો. સંકલ્પ લેતો હતો. પછી વિચાર શુભ હોય તો વાર શા માટે લગાવવાની? મેં તત્ક્ષણ સંકલ્પ લીધો કે હું આવા જ કોઈ ગ્રંથની રચના જરૂર કરીશ, જેમાં સ્વયં તમામ સમસ્યાઓનું સમાધાન છુપાયું હોય. લો કરી લો વાત! અહીં નાનકડો ઉપાય તો સૂઝતો નથી અને ત્યાં અદ્ભુત ગ્રંથ રચવાની વાત કરી રહ્યા છો. કૃષ્ણ! ક્યાંક જરાસંધના હુમલાની ખબરે તને ઘેલો તો નથી કરી દીધોને? નહીં ભાઈ, એવી કોઈ વાત નથી. હવે જ્યાં ઐશ્વર્યના શિખર પર બેસવાનું અને રુક્મિણીને મેળવવાનું સપનું પહેલાથી આંખોમાં શણગારીને બેઠો હતો, ત્યાં એક બીજું ભલે. ...ત્યાંજ મેં સ્વયંને ઢંઢોળ્યો. આ પણ કોઈ સમય છે આવા સપનાં જોવાનો? અહીં જીવવાના સાંસા પડ્યા છે, ઉપરથી જરાસંધ આવીને આબરૂ ધૂળધાણી કરી દેશે, એ અલગ. ...આવામાં મહારાજ, તમે એક એવા ગ્રંથની રચના કરવાનું સપનું જોઈ રહ્યા છો, જેમાં દરેક યુગની તમામ સમસ્યાઓનું સમાધાન છુપાયેલું હોય. લાગે છે તું સાવ ઘેલો થઈ ગયો છે. અરે... પહેલા જરાસંધની સમસ્યાનું સમાધાન તો શોધી લે. એક વાર જરાસંધથી તો બચી જા, પછી એક નહીં હજાર ગ્રંથોની રચના કરી લેજે, લાખ સપનાં જોઈ લેજે. વાત તો સાચી હતી, જીવતો બચીશ તો હજાર કામ કરી લઈશ. બહેતર હશે કે પહેલા જરાસંધથી બચવાનો ઉપાય જ શોધી લેવામાં આવે.

પરંતુ એક સાચી વાત કહું, જે મોતના ઓથાર હેઠળ પણ બ્રહ્માંડ પર રાજ કરવાના સપના જોઈ શકે, તે જ સાચો સ્વપ્ન-દ્રષ્ટા છે. મારી દ્રષ્ટિમાં તો એજ સાચો સકારાત્મક છે. જે ક્યારેય કોઈપણ સ્થિતિમાં પોતાની આશા નથી છોડતો, ભલા એનાથી વધારે સકારાત્મક બીજું કોણ હોઈ શકે? આમ તો હવે જ્યારે આટલી વાત નીકળી છે તો બીજી એક વાત કહી દઉં. મારા આ

સુંદર સપનાનું આખરી પરિણામ આખી દુનિયા સામે છે. 'ભગવદ્‌ગીતા' એક એવો જ ગ્રંથ મારા મુખેથી નીસર્યો, જે યુગયુગાંતર સુધી મનુષ્ય પર આવવાવાળી દરેક સમસ્યાનું સમાધાન પોતાનામાં સમાવી બેઠો છે. ...ચોક્કસપણે આ ગ્રંથ પ્રકૃતિની મહેરબાની અને મારી ઇચ્છાનું પરિણામ હતું. જોકે આમાં અર્જુનનું યોગદાન પણ કંઈ ઓછું નહોતું. એજ તો આ મહાન ગ્રંથના જન્મનો નિમિત્ત બન્યો હતો. જ્યારે આટલી વાત નીકળી જ છે તો થોડું ગીતામાં છુપાયેલાં રહસ્યો વિશે પણ કહી દઉં. ...આખી ગીતાનો સાર આજ હતો કે મનુષ્યનો અંતરાત્મા દરેક પરિસ્થિતિમાં દરેક સમયે, દરેક સમસ્યાનું સમાધાન શોધી જ લે છે. અને 'ભગવદ્‌ગીતા' તમારા એ અંતરાત્માને સક્રિય કરવાનું સૂત્ર છે. વિશ્ર્વાસ કરો, એક વાર વ્યક્તિના અંતરાત્માએ તેને પોતાના શરણમાં લઈ લીધો, પછી એનો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નથી. કમાલ છે કૃષ્ણ મહારાજ, એક તરફ તો તમારું ચિંતન એકથી એક ઊંચી ઉડાનો ભરી રહ્યું છે, બીજી બાજુ, ભગવદ્‌ગીતામાં બધા સમાધાન સમાયા હોવાનો દાવો કરી રહ્યાં છો, પરંતુ દુર્ભાગ્યથી જરાસંધ નામની બીમારીનું કોઈ સમાધાન નથી મળી રહ્યું? તો હું શું કરું? એજ ચિંતનમાં તો મગ્ન છું. પણ કમનસીબી કે આ બાજુ મથુરામાં કોઈ યુદ્ધને ગંભીરતાથી લઈ જ નહોતું રહ્યું. ...ઉપરથી હથિયારમાં પણ કાટ લાગી ગયો છે. હવે જરાસંધને શું વાંસળી સંભળાવું? કે તેને વાંસળી-પ્રતિસ્પર્ધાની હરીફાઈનું નિમંત્રણ આપું? કે મારા મોટા-મોટા સપનાઓની યાદી એને પકડાવી દઈને ભાવુક કરવાનો પ્રયત્ન કરું? આ વિચારો કે એક તો હું કોઈ હથિયાર ચલાવવાનું જાણતો નહોતો કે યુદ્ધના મેદાનમાં બહાદુરી દેખાડવાના ભરોસે રહું. હરીફરીને કૂટનીતિ જાણતો હતો અને તે આ જરાસંધ સામે ચાલવાની નહોતી. એટલે કે કર્મ તો કરવા ઇચ્છું છું, પરંતુ કોઈ પરિણામજન્ય કર્મ સૂઝી જ નહોતું રહ્યું. તો ખોવાઈ જાઓ પોતાનાં અંતરાત્મામાં. હમણાં જ તો ગીતાનો સાર સમજાવી રહ્યા હતા કે ત્યાં બધા સમાધાન છૂપાયેલા છે. પોતે પણ બચો અને મથુરાને પણ બચાવી બતાવો, તો માની લઈશું ગીતાનો સાર. જોયું, શું હાલત થઈ હતી મારી? મારું જ મન મને ઉશ્કેરવા પર આવી ગયું હતું. શું કરે, મરવા તો એ પણ નહોતું ઈચ્છતું. એને તો પોતાના તમામ સપનાં ધૂળધાણી થતાં લાગી રહ્યા હતા. રાજા બનવાનું કે રુક્મિણીને પામવાનું તો ઘણી દૂરની વાત થઈ ગઈ હતી, બિચારાને તો મૃત્યુ જ એક બે દિવસની વાત લાગી રહ્યું હતું. આમ સરવાળે પરિસ્થિતિ એવી હતી કે વર્તમાન વીતાવ્યે વીતતો નહોતો અને ભવિષ્ય જરાસંધે લખવાનું હતું. આવામાં સારું તો એજ હતું કે હું ભૂતકાળની 'સોનેરી યાદો'માં ખોવાઈ જાઉં. ...વૃંદાવનમાં લાખ મુસીબતો હોવા છતાં, પોતાને "મા"ના પાલવમાં અને "રાધા"ના ખોળામાં સુરક્ષિત તો પામતો હતો. હવે મા અને રાધા તો અહીં આવવાથી રહ્યા. અને બચ્યા ભાઈ. એ તો ઊલટું હવામાં ગદા લહેરાવી લહેરાવીને મને પરેશાન કરવામાં લાગેલા છે. જોયું તમે, સમય ખરાબ હોય તો સોનેરી યાદો પણ ડંખ આપવા દોડે છે. આમ પણ જ્યારે મૃત્યુ બારણે ઊભું હોય તો ભૂતકાળ અને ભવિષ્ય, બંને નકામા બની જાય છે.

...અંતે હું થાકી ગયો. કોઈ કેટલું ચિંતન કરે? સારું છે કે બ્રહ્માસ્ત્ર છોડી દો. એટલે કે જ્યારે કરવા માટે કંઇ ના સૂઝે ત્યારે બધુંય કુદરતના ન્યાય પર છોડી દો. બસ, મેં પણ આજ કર્યું. બચવું યોગ્ય હોય તો બચવાનો કોઈ માર્ગ સૂઝાડી દેજે, નહીંતર જેવી તારી મરજી. ભવિષ્યની તો ખબર નહીં, પણ હાલ તો આનો એક ફાયદો તરત થયો. હું નિશ્ચિંત થઈ ગયો. બધું ભૂલીને મસ્ત થઈ ગયો. બસ, એક વાતનું દુઃખ અવશ્ય હતું કે પરિસ્થિતિએ મારા જેવા 'કર્મવીર'ને પણ મારીમારીને ચૂપચાપ મોતના શરણમાં જવા માટે મજબૂર કરી દીધો હતો. દુષ્ટોએ બચવા માટે કોઈ 'કર્મ' કરવા સુદ્ધાંની જગા છોડી નહોતી. ખરેખર! મોતની આવી પ્રતીક્ષા ઈતિહાસમાં કદાચિત જ કોઈએ કરી હશે. આમ જોવા જઈએ તો મારા જીવનની સાથે સાથે મારા તમામ કર્મ જ ઐતિહાસિક હતા, તો મારી આ મૃત્યુ-પ્રતીક્ષા પણ ઐતિહાસિક તો હોવાની જ. આમ જોવા જઈએ તો આ એક જ શા માટે, મારી તો દરેક પ્રતીક્ષા એની રીતે અનોખી હતી. પછી એ રાધાના આવવાની હોય કે વૃંદાવન જવાની કે પછી ભલે એ રાજા બનવાની હોય કે રુક્મિણીને પામવાની. ...આમ તો આ બધી નિરર્થક વાતો અત્યારે એટલે કરી રહ્યો હતો કેમકે હું આ સમયે 'કર્મ-રિક્તતા'ની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો. જેટલા ઉપાય કરી શકતો હતો, કરી લીધા હતા. જેટલું વિચારી શકાતું હતું, વિચારી લીધું હતું. કર્મ જેટલું કરી શકાતું હતું, કરી લીધું હતું. ભૂતકાળની યાદો અને ભવિષ્યના સપનામાં જેટલું જીવી શકાતું હતું, જીવી લીધું હતું. હવે ના તો કરવા માટે કંઇ રહી જતું હતું, ના તો જીવવાનું જ કંઇ બાકી રહી ગયું હતું. બસ, મૃત્યુનો સ્વીકાર કરીને કુદરતને સંપૂર્ણ રીતે સમર્પિત થઈ ગયો હતો. ...આવામાં સાચું કહું તો આ આખરી બે-ચાર દિવસ માત્ર જાત સાથે વીતાવવા માંગતો હતો. ચોક્કસપણે એના માટે વાંસળીથી સારું બીજું કોઈ માધ્યમ ન હોઈ શકે. આમ તો હજુ થોડા દિવસો પહેલા જ તે બરાબરનો દગો આપી ચૂકી હતી. પણ ફરી એક વાર એની શરણમાં જવામાં કશું ખોટું તો નહોતું. આમ પણ જરાસંધનું આગમન હવે બે-ચાર દિવસની જ વાત હતી. જ્યારે સમય જ નથી બચ્યો, અને તમામ ઉપાય વિચારીને થાકી ચૂક્યા, તો જૂના વિશ્ર્વાસુ પાસે જવામાં શી બુરાઈ?

આ વિચાર જ્યારે આવ્યો ત્યારે હું કુબ્જા પાસે હતો. ત્યાંથી રથ એવો તો દોડાવ્યો કે સીધો યમુનાકિનારે રોક્યો. તત્ક્ષણ મોકો, જગા અને એકાંત શોધીને વાંસળીના સૂર રેલાવી દીધા. પણ આ તો કમાલ થઈ ગઈ. બધું જ કુદરતના ન્યાય પર શું છોડ્યું કે વાંસળીએ સાથ દેવાનું શરૂ કરી દીધું. એક વાર વાંસળી સાથ આપી દે, તો મને શું દુઃખ અને શું કર્મ? બસ, વાંસળીની ધૂનમાં એવો ખોવાયો કે મોડી રાત સુધી વાંસળી વગાડતો રહ્યો. ત્યાં સુધી કે મા, રાધા અને રુક્મિણીને આખરી સલામ પણ કરીને આવ્યો. ...પરંતુ રાજા બનવાનું સ્વપ્ન ના તોડ્યું. મહાન ગ્રંથની રચનાનો સંકલ્પ ના છોડ્યો. એટલે કે ભવ્ય કર્મોની આશાઓ

ટકાવી રાખી હતી, બસ, સાંસારિક ક્રિયાકર્મ પતાવીને આવ્યો હતો. ...ભલા કુદરતને સમર્પિત સૈનિકને હોઠોથી વાંસળીની આવી મધુર ધૂન નીકળે અને સમાધાન ના સૂઝે... આવું ક્યારેય થયું છે? અચાનક મારા મનમાં એક યોજના સ્ફૂરી આવી. હવે જરાસંધ મારું કંઈ બગાડી શકતો નથી. મારું તો ઠીક, મારી પ્યારી વાંસળીએ પળવારમાં બાકીઓને પણ સુરક્ષિત રાખવાનો રસ્તો શોધી આપ્યો હતો. ખરેખર "કુદરત જેને બચાવવા માગે છે તેને કોઈ મારી શકતું નથી", બસ, એક વાર પોતાની સમસ્યા કુદરતના ન્યાય પર છોડી તો જુઓ. જોકે બધું શ્રેય કુદરતને દઈ દઈશ તો મારા માટે શું રહી જશે? તરત અહંકાર જાગ્યો. અરે, હજારો માનસિક હથિયારોથી સજ્જ કૃષ્ણને મારવો કોઈ મજાક થોડી છે? નહીં... જરા પણ નહીં. ...એની સાથે જ મેં કુદરતનો આભાર માનવાની સાથેસાથે મારી વાંસળીને પણ અનેક વાર ચૂમી. મન તો દિલ ખોલીને નાચવાનું થઈ રહ્યું હતું. પરંતુ આ સમય તેની મંજૂરી આપતો નહોતો. એક વાર બચી જાઉં, પછી જીવનભર નાચવાનું જ છેને. આથી તરત યોજનાના અમલીકરણ પર લાગી ગયો. ...રથ સીધો ઘર તરફ હંકારી દીધો.

...ઘરે પહોંચતા જ સહુથી પહેલા મેં મારો રથ એક લાંબી યાત્રા માટે સજ્જ કર્યો. રથ તૈયાર થતાં જ, તરત મેં પોતાને સજ્જ કર્યો. કારણ કે યોજના એવી હતી કે તેને માટે પોતાને પણ માનસિક રીતે તૈયાર કરવો જરૂરી હતું. આ બધી તૈયારીઓમાં જ અડધી રાત વીતી ગઈ. સમય ઓછો હતો એનું ભાન મને હતું, અને અત્યારે સમયને અનુપ, સ્ફૂર્તિથી સભર પણ હતો. બસ, ત્યાર બાદ મેં ફટાફટ ભાઈને ઉઠાડ્યા. ભાઈ પણ કમાલના હતા. ગાઢ ઊંઘમાંથી જગાડ્યા હોવા છતાં તેમણે પોતાની ગદા હવામાં લહેરાવી દીધી- શું દુષ્ટ જરાસંધ આવી ગયો છે, ચાલો અત્યારે જ એનું માથું ફોડી દઈએ. ...મેં માથું પકડી લીધું. ચૂપચાપ તેમને ઓરડામાંથી ખેંચીને બહાર લઈ ગયો. ક્યાંક અવાજથી મા અને પિતાજી જાગી ગયા તો પછી થઈ રહ્યું. ચાલો આ તો ઠીક, પણ આગળ શું? કારણ કે હાલ તો ભાઈના લક્ષણોથી એ સ્પષ્ટ હતું કે મુસીબત હજુ સંપૂર્ણ રીતે ટળી નહોતી, એણે માત્ર તેનું સ્વરૂપ બદલ્યું છે. મારે માટે તો જરાસંધ ના હોય તો ભાઈ તો છે, કદાચ મુશ્કેલીમાં ફસાવું એ મારા નસીબમાં જ હતું. હવે જ્યારે આ નક્કી હતું કે જરાસંધ સામે યુદ્ધમાં જીતી શકાય તેમ નથી, અને એ પણ નક્કી હતું કે તેની સામે સમર્પણ કરીશું તો પણ તે માર્યા વિના છોડવાનો નથી; તો પણ આવું જોશ..., જવા દો, સમય ઓછો હતો અને કામ તત્કાળ પૂરું કરવું પડે તેવું હતું. આથી હું તરત મુખ્ય વાત પર આવી ગયો. મેં કહ્યું- મારા ભાઈ! જરાસંધ આવ્યો નથી, પરંતુ આવી જરૂર જશે. મહેરબાની કરીને તમે સામાન બાંધો અને તરત રથમાં બેસો. પોતાના થોડા કપડાં વગેરે પણ સાથે લઈ લેજો.

ભાઈએ મારી તરફ આશ્ચર્યથી એવી રીતે જોયું જાણે કહી રહ્યા હોય કે જ્યારે જરાસંધ આવ્યો નથી, તો પછી આપણે રથમાં શા માટે બેસીએ? ભાઈનું આશ્ચર્ય કરવાનું વાજબી હતું. ...ક્યાં અને કેમ જઈ રહ્યા છીએ, હમણાં કહું છું. સમયની કટોકટી જોઈને, મેં ભાઈને હાવભાવના સહારા વિના સીધી જ વાત કરવાનું યોગ્ય માન્યું. મેં તરત કહ્યું- ના તો જરાસંધ હજુ મથુરા પહોંચ્યો છે અને ના તો આપણે યુદ્ધ પર જઈ રહ્યાછીએ.

ભાઈએ પણ હવે શબ્દોનો સહારો લીધો. એકદમ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું- તો પછી આટલી રાતે આપણે કપડાં લઈને ક્યાં જઈ રહ્યા છીએ?

મેં કહ્યું- આપણે મથુરાથી દૂર જઈ રહ્યા છીએ.

ભાઈએ પૂછ્યું- કેમ?

મેં કહ્યું- કારણ કે મને નથી લાગતું આપણે જરાસંધનો સામનો કરવામાં સક્ષમ છીએ [56] .

આ સાંભળતા જ ભાઈના હાવભાવ બદલાઈ ગયા. એમણે એકદમ કડક અવાજે કહ્યું- તો પછી એમ ન કહે 'મથુરાથી દૂર જઈ રહ્યા છીએ' પણ એમ કહે કે આપણે ગભરાઈને મથુરાથી ભાગી રહ્યા છીએ. સીધી વાત કર કે આપણે જરાસંધના ભયથી પીઠ બતાવીને ભાગી રહ્યા છીએ?

હું પણ મારું સંતુલન ગુમાવી બેઠો. એક તો મોત માથે ભમી રહ્યું છે અને વાદવિવાદ કરી રહ્યા છે. બસ, મેં અકળાઈને કહી દીધું- એવું જ સમજો.

ભાઈ બોલ્યા- અને આટલા દિવસો જે રોફ જમાવીને બધાને 'હું છું ને'...! 'હું છું ને'...! કહી રહ્યો હતો, એનું શું?

મેં પ્રેમપૂર્વક એમનો હાથ પકડતા સસ્મિત, એમને કહ્યું- ભૂલ થઈ! હવે હું તમને કહી દઉં છું ને કે 'હું નથી ને'...! 'હું નથી ને...!'

ભાઈ મારી બેશરમી જોઈને વધુ ગુસ્સે થઈ ગયા, અને ગુસ્સામાં જ મારા હાથને તરછોડીને બોલ્યા-તારે જવું હોય તો જા. હું યુદ્ધ છોડીને નથી ભાગી શકતો.

...આ તો હું પહેલાથી જાણતો જ હતો કે યુદ્ધ છોડીને ભાગી જવા માટે ભાઈ સહેલાઈથી રાજી નહીં થાય. શરૂઆતથી જ એમનો વિશ્ર્વાસ મરવા-મારવામાં છે. પરંતુ એમને સમજાવવાનું આટલું મુશ્કેલ થશે તેનો મને અંદાજો નહોતો. હવે જે થાય તે, એમને સમજાવવાનું તો કોઈપણ સંજોગોમાં હતું. આથી આ વખતે ધૈર્ય રાખીને મેં તેમને એકદમ વિનમ્રતાથી સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું- આપણે યુદ્ધનું મેદાન છોડી રહ્યા છીએ, યુદ્ધ નહીં. ધ્યાન રહે કે તલવારની સામે તલવાર ઉઠાવવી એજ વીરતા નથી, બલ્કે તલવારના પ્રહારથી બચવાનું પણ વીરતા જ કહેવાય છે. ...એ પણ સમજદારીપૂર્વક બતાવવામાં આવેલી

વીરતા.

મારી આ દાર્શનિક વાત સાંભળીને ભાઈ હવે પોતાની ગરદન વાંકી કરીને થોડા નખરા બતાવતા બોલ્યા- બરાબર છે, તો તું સમજદારીવાળી વીરતા બતાવ, ...મને તો ગદાવાળી વીરતા જ પસંદ આવશે.

હું સમજી ગયો કે ભાઈને યુદ્ધથી ભાગવા માટે સમજાવવાનું એટલું સહેલું નથી, છતાં પણ સમજાવવું તો પડે જ એવું હતું. ...નહીંતર તો ભાઈ નહીં રહે કે નહીં રહું હું. આમ તો ગણિત પણ સ્પષ્ટ હતું; જો જરાસંધ સાથેનો સંઘર્ષ ટાળવો છે, તો ભાઈ સાથે છેલ્લે સુધી સંઘર્ષ કરવો જ પડશે. અને આ સમયે ભાઈ સાથે સંઘર્ષ એક સહેલો રસ્તો હતો. આમ સરવાળે, ઓછો સમય હોવા છતાં પણ મારે એમની સાથે વિસ્તારથી વાત કરવી જ પડી. મેં એમને ઘણી રીતે સમજાવ્યા. જરાસંધની તાકાત, મથુરાની તૈયારી અને કોણ જાણે શું નું શું? ઘણી માથાકૂટ પછી, ભાઈને થોડા શાંત કરવામાં હું સફળ થઈ શક્યો. જ્યારે થોડા શાંત થયા તો એમણે મારી વાત પર ભાર દઈ વિચાર્યું. ત્યાર બાદ થોડું વિચારીને બોલ્યા- બાકી તો બરાબર છે, પરંતુ જો આપણે યુદ્ધ છોડીને ભાગી ગયા તો મથુરાવાસીઓ શું કહેશે?

એમની આ બાળક જેવી વાત સાંભળતા જ હું અકળાઈ ગયો. આ અકળામણમાં જ મેં કહ્યું- એ લોકો શું કહેશે એ સાંભળવા માટે પણ જીવતા હોવું અનિવાર્ય છે કે નહીં, મારા ભાઈ!

...ઠેરના ઠેર. ભાઈએ મારું બધું કહ્યું-કારવ્યું વ્યર્થ કરી દીધું. યુદ્ધ પરથી મન હટાવ્યું તો અહંકાર આડે આવી ગયો. આજ તો મનુષ્યની પરેશાની છે કે એ બાકી બધા સાથે એક વાર તો સમાધાન કરી શકે છે, પરંતુ પોતાના અહંકાર સાથે સમાધાન કરવાનું એને આવડતું જ નથી. જ્યારે સાચું તો એ છે કે જે પોતાના અહંકાર સાથે સમાધાન કરી શકતો નથી એ જીવનભર આમ જ ટુકડા ટુકડામાં સમાધાન કરતો જીવે જાય છે. જવા દો! આ કંઈ ચિંતન કરવાનો સમય થોડો જ હતો? હું તો બસ, જલ્દીથી ભાઈને લઈને ભાગવાની પેરવીમાં હતો. પરંતુ ભાઈ માને તો ને. ...જોકે ભાઈ માટે મારી પાસે એકથી એક બ્રહ્માસ્ત્ર હતા. આમ પણ જ્યાં પ્રેમ છે, ત્યાં બ્રહ્માસ્ત્રોની ક્યાં ખોટ? અને આ પણ સાફ દેખાઈ રહ્યું હતું કે બ્રહ્માસ્ત્ર ચલાવ્યા વિના કામ બનવાનું નહોતું. ...લો ચલાવી દીધું બ્રહ્માસ્ત્ર. જવાનો અભિનય કરીને મેં ભાઈને પૂછ્યું- તમે આવી રહ્યા છો કે હું એકલો નીકળું.

આ શું? ભાઈએ તો ગરદન હલાવીને જવાનો ઈશારો જ કરી દીધો. તો શું બ્રહ્માસ્ત્ર વિફળ? જે ભાઈ મારા વિના એક દિવસ પણ રહી શકતા નથી, તેની આવી અક્કડાઈ. હમણા મહા બ્રહ્માસ્ત્ર ચલાવીને ઠીક કરી દઉં છું. બસ, જવાનો અભિનય કરતાં મેં મારો સામાન રથ પર ચઢાવી જ દીધો. પણ ભાઈ પર તો આની પણ કંઈ અસર ના થઈ. ઠીક છે, લો હું તો રથ પર બેસી ગયો. પરંતુ ભાઈ હજી પણ પૂરી મક્કમતાથી અડીખમ ઊભા રહીને મારી દરેક ગતિવિધિ જોઈ રહ્યા હતા. કોઈ વાત નહીં, હમણાં જ ભીંજવીને ભાવુક કરી દઉં છું. બસ, હું રથની કમાન ખેંચીને એમની તરફ વળીને પૂર્ણ નાટકીય રીતે બોલ્યો- ભાઈ, તમારો પ્રેમ પામીને મારું બાળપણ ધન્ય થયું છે. તમારી જ આંગળી પકડીને હું ચાલતા શીખ્યો છું. તમે હંમેશાં દરેક સંકટમાં મારી રક્ષા કરી છે. અને આજે જ્યારે મારી પાસે કોઈ આશરો નથી, તો મને તમે એકલો છોડી રહ્યા છો. મારી સાથે આવવા સુદ્ધાં તૈયાર નથી.

મેં જોયું, બ્રહ્માસ્ત્રએ પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું હતું. ભાઈ થોડા નરમ અવશ્ય પડ્યા હતા. મેં પણ તક જોઈને પોતાને વધારે ઉદાસ કર્યો. પછી અચાનક રડમસ ચહેરો બનાવીને બોલ્યો- હવે ફરી જરાસંધે મને ઘેરી લીધો, તો પોતાને મોતના હવાલે કરી દઈશ. જરાસંધને કહીશ કે જે થાય તે કરી લે, પરંતુ યાદ રાખ, જો આજે મારા ભાઈ મારી સાથે હોત તો તને બતાવી દેત.

...આટલું કહીને મેં રથને ચાર ડગલાં આગળ વધાર્યો, અને પછી પાછું વળીને ભાઈની આંખોમાં જોયું. ભાઈ સ્પષ્ટ રીતે સંપૂર્ણપણે તૂટી ગયા હતા. એટલે કે બ્રહ્માસ્ત્ર બરાબર નિશાના પર બેઠું હતું. આજ તો 'બ્રહ્માસ્ત્ર'ની ખાસિયત હોય છે, પોતાનું નિશાન ક્યારેય ચૂકતું નથી. આ સમયે ઉપયોગમાં લેવાયેલ બ્રહ્માસ્ત્રને 'ભાવુક-બ્રહ્માસ્ત્ર' કહી શકાય છે. આમ તો મારી પાસે અગણિત બ્રહ્માસ્ત્ર હતા. 'અહં-બ્રહ્માસ્ત્ર', 'નાટક-બ્રહ્માસ્ત્ર', 'ભય-બ્રહ્માસ્ત્ર', 'આત્મવિશ્વાસ-બ્રહ્માસ્ત્ર'. હું જાણતો હતો કે મારા ભાઈ બધું જ સહી શકે છે પણ મને સંકટમાં જોઈ શકતા નથી. હવે નાનો હતો, તો થોડી જિદ્દ, થોડું નાટક તો કરીશ ને? અને વળી આ મારો અધિકાર પણ હતો. ચાલો આ તો સમજ્યાં, પણ અહીં હજી પણ એક અંતિમ પ્રહારની વાર હતી. ભાઈ હારી જવા તૈયાર જ દેખાઈ રહ્યા હતા. હું તરત જ રથથી નીચે ઉતર્યો, આંખમાં આંસુ લાવીને સીધો જ ભાઈના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લેવા પહોંચી ગયો. અને પછી પાછો ફરીને મોં લટકાવીને રથમાં જઈ ચઢ્યો. ચોક્કસપણે થોડી વાર માટે વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. સ્વાભાવિક રીતે, આખરી પહેલ પણ મારે જ કરવાની હતી. મેં નાટકને આગળ વધારતા, ઘોડાની લગામ મારા હાથમાં એવી રીતે લીધી જાણે કે હવે રથને આગળ ધપાવવાની જ વાર હતી. ફરી ભાઈની આંખોમાં જોઈને બોલ્યો- ઠીક છે ભાઈ, જાઉં છું. કદાચ ફરી ક્યારેય તમને મળવાનું થાય કે ના થાય. ...આટલું કહેતા કહેતા મેં રથ ચાર ડગલાં આગળ હંકાર્યો સુદ્ધાં. ફરી રોકીને પાછા વળીને ભાઈની આંખોમાં જોયું. મીણ સંપૂર્ણ રીતે પીગળી ચૂક્યું હતું. બિચારા ભાઈ મન મારીને જ ભલે, ચૂપચાપ ઉતાવળે પોતાનો સામાન બાંધી લઈને રથમાં બેસી ગયા. ...કંઈ પણ બોલ્યા નહીં. અર્થાત્ ક્રોધ એની જગાએ યથાવત્ હતો. એટલે કે એમનું આગમન મજબૂરીમાં જ થયું હતું. હવે મજબૂરીવશ આવ્યા હોય કે રાજીખુશીથી, પણ

મારું કામ તો થઈ ગયું હતું ને!

...આ બાજુ ભાઈના રથમાં બેસવા સાથે જ મેં નિરાંતનો શ્ર્વાસ લીધો. હું મનમાં ને મનમાં ઘણો ખુશ પણ થઈ રહ્યો હતો. પણ ખુશી વ્યક્ત થવા નહોતો દેતો. શું મરવાનું હતું? ભાઈ ખુશી પામી લેત તો રથથી નીચે ન ઉતરી જાત? સમજી ના જાત કે હું તેમની સાથે નાટક કરી ગયો? ...જોઈ 'કૃષ્ણની લીલા'? આખી મથુરા ઊંઘી રહી હતી અને એમનો સરદાર ભાગી ગયો હતો. ખબર નહીં લોકોને શા માટે મારું આ 'રણછોડ'રૂપ ઘણું ગમી ગયું. મારા ઘણા નામોમાં પ્રેમથી એક નામ આ પણ જોડાઈ ગયું 'રણછોડ'. જોકે બરાબર આનાથી ઊલટું, જ્યારે મહાભારતમાં અર્જુન 'રણછોડ' બનવા માંગતો હતો, ત્યારે તમને યાદ હશે કે મેં કેટલી દ્રઢતાથી તેનો વિરોધ કર્યો હતો. તે રણ ના છોડે તે માટે આખેઆખી 'ગીતા' એને કહી હતી. ...ભલા ઈતિહાસમાં બે રણછોડ કેવી રીતે હોઈ શકે? ખેર, આ તો મજાકની વાત હતી. હકીકતમાં, અર્જુન ભય અને મોહને કારણે ભાગવા ઈચ્છતો હતો, જે મને જરાયે સ્વીકાર્ય નહોતું. તેના ભાગવામાં નકારાત્મકતા હતી. મારા ભાગવામાં 'અહિંસા' હતી. ના હું મરું, ના ભાઈ. ન મથુરાવાસીઓએ પણ નાહકમાં પોતાનો જીવ ગુમાવવો પડે. ધ્યાનથી જોવામાં આવે તો મારા ભાગી જવામાં સકારાત્મકતા સિવાય બીજું કંઇ નહોતું. ...અને વિસ્તારથી કહું તો બે વિરોધાભાસોને ભેગા કરનારું બિંદુ જ સત્ય છે. હું જીવનભર સત્યનો સાથ નિભાવી શક્યો, કારણ કે બે વિરોધાભાસો વચ્ચે સંતુલન બનાવવાનું મને સારી રીતે ફાવતું હતું. ના સમજ્યાં; હમણાં સમજાવી દઉં છું. મારાથી વધારે કપટી બીજું કોઈ નહોતું. એટલે જ મારા જેવો ભોળો પણ બીજો કોઈ ક્યારેય નથી થયો. કારણ કે હું પરમ અહંકારી હતો, એટલે જ મારાથી વધારે 'અહંકાર-શૂન્ય' શોધવો પણ અઘરો. ...અને આ 'અહંકાર-શૂન્યતા'ને કારણે તો આ 'રણછોડ', અર્જુનના રણ છોડવાનો સંપૂર્ણ રીતે વિરોધ કરી શક્યો હતો. જો કોઈ અહંકારી રણ છોડી ચૂક્યો હોય, તો તે ક્યારેય બીજાના રણ છોડવાનો વિરોધ કરવાનું સાહસ ના કરી શકે. વિચારશે ...સામાવાળો વળતો સવાલ કરે કે તમે શા માટે રણ છોડ્યું હતું, તો શું જવાબ આપીશ?

સો વાતની એક વાત એ કે જીવનમાં દરેક ચીજનો એક સમય હોય છે. અહંકાર અને ક્રોધ બતાવવાનો પોતાનો એક સમય હોય છે. યુદ્ધ કરવા અને યુદ્ધથી ભાગવાનો પણ પોતાનો એક સમય હોય છે. મનુષ્યએ ક્યારે શું કરવું, તે સમય નક્કી કરે છે. જેમકે, કારણ કે આ સમય જ રણ છોડવાનો હતો, હું રણ છોડીને ભાગી રહ્યો હતો. પરંતુ જ્યારે અર્જુન ભાગવા ઈચ્છતો હતો, ત્યારે તે સમય યુદ્ધ કરવાનો હતો. તેણે કસમયે મોહ પકડ્યો હતો, આ માટે મેં તેનો વિરોધ કર્યો હતો. ...નહીંતર હું ક્યારેય યુદ્ધથી ના તો ભાગ્યો છું- ના તો ભાગી શકું છું. હું ના તો ક્યારેય ડર્યો છું- ના તો ડરાવી શકાયો છું. હા, પરંતુ મારી દ્રષ્ટિમાં જીવ લેવો કે દેવો આ અંતિમ ઉપાય હોવો જોઈએ. ત્યાંજ, અંતિમ ઉપાયમાં પણ હારવા માટે તો લડી શકાતું નહોતું. જીવન 'જીત'નું બીજું નામ છે. હારવા કે મરવા માટે સહેલાઈથી તૈયાર થઈ જવું, હતાશ વ્યક્તિનું લક્ષણ છે. આજે સમય જરાસંધનો છે, અને સમયથી ડરવું ચતુરાઈ છે. સમય એ કાળ છે કે જેની સામે પડવું તે મોતને આમંત્રણ આપવા જેવું છે. જ્યારે સમય જ જરાસંધનો છે, તો ભાગી જાઓ... જ્યારે સમય અમારો હશે, ત્યારે કાં તો અમારી પાસે મોટી સેના હશે કે જરાસંધ સાથે આમ જ એકલા હાથે બાથ ભીડાવશે કે પછી કોઈ કૂટનીતિ કામ કરી જશે. કહેવાનું તાત્પર્ય એ કે સમય બદલાતા જ બધું બદલાઈ જશે. પરંતુ સમય બદલાવાની રાહ તો જોવી જ પડશે.

ખેર! અત્યારે તો અમારી ભાગેડુઓની યાત્રા શરૂ થઈ ગઈ હતી. હું ઝડપથી રથ દોડાવી રહ્યો હતો. કઈ દિશામાં જઈ રહ્યા હતા તેનું બિલકુલ ભાન નહોતું. બસ, આટલી ચોક્કસ ખબર હતી કે જરાસંધ જ્યાંથી આક્રમણ કરવા આવી રહ્યો હતો તેનાથી ઊલટી દિશામાં જઈ રહ્યા હતા. આ યાત્રાનો શરૂઆતી આનંદ એ કે કહેવા માટે તો ભાઈ મારી સાથે હતા, પણ હકીકતમાં હું એકલો જ હતો. અમારી વચ્ચે કોઈ વાતચીત નહોતી થઈ રહી. કારણ કે તેઓ મજબૂરીવશ રથમાં બિરાજમાન હતા, આથી યાત્રા કમને જ કરી રહ્યા હતા. એ વિવશતા એમના વ્યવહારમાં દેખાતી જ હતી. તમે તો જાણો જ છો કે મારા 'બ્રહ્માસ્ત્ર'માં અટવાવાના કારણે આ સમયે ભાઈના દર્શન રથમાં થઈ રહ્યા હતા. નહીંતર તેઓ તો ત્યાં જરાસંધની વાટ જોવા જ ઈચ્છતા હતા. બસ, આ વાતને લઈને તેઓ હજુ પણ ક્રોધિત હતા. જ્યારે કંઇ ન થઈ શક્યું, તો ભાગેડુ બનવા પર વિવશ કરવાની નારાજગી વાત ના કરીને દર્શાવી રહ્યા હતા. હશે! હમણાં તો રથ દોડાવતા દોડાવતા, વચ્ચે વચ્ચે હું તેમની પર પણ નજર નાખી દેતો હતો. સ્વાભાવિક રીતે, એ જોવા માટે કે ગુસ્સો ઓછો થઈ રહ્યો છે કે નહીં. પરંતુ સવાલ જ પેદા થતો નહોતો. બલરામ જેવો "વીર" યુદ્ધનું મેદાન છોડીને ભાગ્યો હતો, અહંકાર ગુસ્સાને કંઇ આમ જ થોડો શાંત થવા દેવાનો હતો? છો ના થવા દે. તેઓ તેમનું કર્મ કરી રહ્યા હતા અને હું મારું કર્મ કરી જ રહ્યો હતો. જરાસંધથી દૂરની દિશામાં રથ દોડાવ્યે જ જઈ રહ્યો હતો. હવે તો સવાર પણ થવાની હતી, પણ રથ રોકવાનો તો સવાલ જ પેદા થતો નહોતો. અર્થાત્ જરાસંધનો ભય એવો છવાયો હતો કે હું બધું છોડીને બસ રથ દોડાવતો જઈ રહ્યો હતો. ...ક્યાંક એવું ના થાય કે ખબર પડી જાય, બે છોકરાઓ એકલા ભાગ્યા છે. ...ચાલો દસ-વીસ રથોથી જ તેમનો પીછો કરી લેવામાં આવે. એટલે કે રણ છોડવાની બદનામી બાદ પણ જો જીવ જોખમમાં પડી જાય, તો-તો આ બમણી નુકસાની થઈ. અને તમે તો જાણો છો કે ખોટનો ધંધો 'કૃષ્ણ'ને પસંદ નથી.

ખેર! હવે તો સૂરજ પણ સંપૂર્ણ રીતે ઊગી નીકળ્યો હતો, પરંતુ ભાઈના મનમાં હજુ શાંતિનો સૂરજ ઉગ્યો નહોતો. અને આવા અશાંત ભાઈ સાથે વાત કરવાની હિંમત મારામાં નહોતી, ખાસ કરીને ત્યારે કે જ્યારે તેઓને અશાંતિ મેં આપી હોય.

પરિણામસ્વરૂપ મારું અવિરત રથ દોડાવવાનું હજુ પણ ચાલુ હતું. ત્યારે એક સરોવર નજરે પડ્યું. આ ઠીક હતું. ...બસ, મેં ચૂપચાપ સરોવરની પાસે મારો રથ રોકી દીધો. પોતે મોં ધોયું. પછી ઘોડાઓ પલાણ્યા. તેમને પણ પાણી પિવડાવ્યું. ત્યાર બાદ પાસે જ એક પથ્થરના ટીલા પર આરામ કરવા બેસી ગયો. આ બાજુ ભાઈ પણ રથથી તો ઉતર્યા, એમણે પણ મોં ધોયું... પણ બેઠા તો મારાથી દૂર જઈને જ. તેમનું આ રીતે મારાથી દૂર બેસવું જ તેમની નારાજગીનું પ્રમાણ દર્શાવવા પર્યાપ્ત હતું. ...તેમ છતાં એક સારા ભાઈની જેમ, મેં હિંમત કરીને ભાઈની તરફ જોયું, પણ આ શું- તેમણે તો મોં જ ફેરવી લીધું. કોઈ વાત નહીં, મેં નફ્ફટાઈનું આવરણ ઓઢી લીધું અને થોડી વધું હિંમત કરીને એક બે વાર વાત કરવાની કોશિશ પણ કરી. પરંતુ ભાઈનું અક્કડપાણું હજુ પણ યથાવત્ હતું. ...તેઓ કોઈપણ વાતનો જવાબ નહોતા આપી રહ્યા. જ્યારે પણ કંઈ કહેતો, મોં ફેરવી લેતા. એટલે કે ક્રોધ સહેલાઈથી શાંત થાય તેવું નહોતું લાગતું. એક તો અત્યારે અમે ક્યાં હતા, એ ખબર નહોતી, ક્યાં જઈએ, એ સમજમાં નહોતું આવી રહ્યું; અને ઉપરથી ભાઈની આ નાદાની. અરે ચાલો, ક્યાં છીએ એ મહત્ત્વપૂર્ણ નથી, પણ ક્યાં જઈએ, એ તો વિચારવું જ પડશે. અને વિચારવા માટે વાતચીત પણ કરવી જ પડશે. પરંતુ મહારાજ તો સામે જોવા પણ તૈયાર નથી. કોઈ વાંધો નહીં, આપણે જ વિચારી લઈએ છીએ.

...હવે આમ તો મારી દ્રષ્ટિમાં જરાસંધના કોઈ શત્રુ રાજાને ત્યાં અમે વધારે સુરક્ષિત રહીએ એમ હતા. તેમ છતાં ભાઈનો અભિપ્રાય મળી જાત તો સારું હતું. પરંતુ તેમનો હાલનો ગુસ્સો જોતા તો, સલાહ દેવા માટે પણ ભાઈ પોતાનું મોં ખોલવા તૈયાર નહોતા. અંતે કોઈ ઉપાય ના જોઈને મેં પોતાને સમજાવવાનું ચાલું કરી દીધું- કનૈયા, જેટલું દુઃખ પડે, હસતા હસતા ઉઠાવી લો. આજે નહીં તો કાલે, કાળા વાદળ વિખરાઈ જ જશે. પહેલા એને જરા ઘેરાવા તો દો. કારણ કે અંધકાર સંપૂર્ણ રીતે ઘેરાયા વિના, આશાનું કિરણ ફૂટવાનું નથી. આજે નહીં તો કાલે, ભાઈ શાંત થઈ જ જશે અને વળી મારી પાસે આમ પણ રિસાયેલા ભાઈને મનાવવા સિવાયના પણ ઘણા કામ હતા. આથી, હું ચૂપચાપ એ કાર્યોમાં જોતરાઈ ગયો. સહુથી પહેલા ઘોડાઓને ઘાસ ખવરાવ્યું. પછી આસપાસથી થોડા ફળ વગેરે તોડી લાવ્યો. આમ તો થોડી ભોજનસામગ્રી રથમાં પણ પડેલી જ હતી. બસ, એક અંતિમ કોશિશની રીતે મેં બંનેને મેળવીને ઘણા પ્રેમથી ભાઈની સામે ભોજન ધરી દીધું. મારો હેતુ સ્પષ્ટ હતો. એક તો ભાઈને ભોજન થોડું શાહી લાગે, બીજું કદાચ પેટપૂજા કરીને તેમનો ક્રોધ થોડો શાંત થઈ જાય. અને ખુશીની વાત એ હતી કે થોડી હા-ના હા-ના કરીને જ ભલે, પણ અંતે ભાઈએ ભોજન ગ્રહણ કરી જ લીધું. ભાઈની આજ વિશેષતા હતી, ગમે તેટલા ક્રોધમાં કેમ ના હોય, પણ ગુસ્સો કદી પણ પેટ પર ઉતારતા નહોતા. ચોક્કસપણે મારા માટે આ શુભ સંકેત હતો. એક વાર ભોજન ગ્રહણ કર્યું છે તો વાતચીત પણ થઈ જશે. સંકેતો પણ કંઈક એવા જ બનતા હોય એમ લાગી રહ્યું હતું. ભોજન બાદ ભાઈના હાવભાવ થોડા શાંત જરૂર દેખાઈ રહ્યા હતા. મેં વિચાર્યું આજ યોગ્ય સમય છે, એક વાર ફરી હિંમત કરીને વાતચીત કરવાની કોશિશ કરવામાં આવે. અને વાતચીત વર્તમાન સમસ્યા પર હોય તો વધારે વાસ્તવિક લાગશે. ઓછામાં ઓછું એવું તો નહીં લાગે કે હું લાડ લડાવવા આવ્યો છું. આવું જ વિચારીને મેં ભાઈને પૂછ્યું- તમારા મતે આપણે હવે ક્યાં જવું જોઈએ?

સવાલ સાંભળતા જ ભાઈ એકદમ નાટ્યાત્મક રીતે બોલ્યા- તીર્થ-યાત્રા સિવાય બીજે ક્યાં જઈ શકીએ છીએ? કારણ કે યુદ્ધથી ભાગેલા લોકો 'તીર્થ-યાત્રા' પર જ તો જાય છે.

હું સમજી ગયો કે ભાઈની અંદરનો ક્રોધ હજી પણ ખડકની જેમ મજબૂત અને કઠોર છે. તો શું, મોટામાં મોટો ખડક પણ લગાતાર પાણી નાખતા રહેવાથી, એક ન એક દિવસ પીગળી જ જાય છે. મેં આ વાતથી સંતોષ માન્યો કે ભલેને ક્રોધ અને કઠોરતાથી, પણ ઓછામાં ઓછું સવાલોના જવાબો તો આપવા લાગ્યા. મેં આને જ શુભ સંકેત માનીને વાત આગળ વધારી- આપણે ચંડકને ત્યાં વૈવસ્વતપુર કેમ ના જઈએ?

...આ સાંભળતા જ, ભાઈ ગુસ્સે ભરાયા અને એજ ક્રોધિત દશામાં બોલ્યા- શું કહેશો એને? જુઓ પંચજનને મારવાવાળો વીર જરાસંધથી ડરીને તમારે ત્યાં આશરો લેવા આવ્યો છે. જાણે છે કનૈયા, ગોપીઓની પાછળ ભાગતા ભાગતા અને છોકરીઓની સાથે મજાક કરતાં કરતાં તારી વીરતાને કાટ લાગી ગયો છે. ...પણ યાદ રાખજે, હું હજી પણ વીર છું.

...કોઈ વાત નહીં. ભાઈ લાખ આડા જવાબ આપે, મારે તો વાતચીત ચાલુ રાખવાની જ હતી. આથી મેં ખૂબ જ વિનમ્રતાપૂર્વક વાત આગળ વધારી. મેં કહ્યું- ઠીક છે! ચંડકને ત્યાં નથી જતાં. હવે તમે જ કોઈ સલાહ આપો કે આપણે ક્યાં જઈએ?

આ વખતે ભાઈ થોડા ખીજાઈને બોલ્યા- રણ છોડવાનો નિર્ણય તારો હતો, તો ક્યાં જવું છે એ પણ તું જ નક્કી કર. હું તો માત્ર રથમાં બેસી જઈશ, જેવી રીતે રણ છોડતી વખતે બેસી ગયો હતો.

એટલે કે ભાઈનો ક્રોધ આટલી સહેલાઈથી શાંત થવાનો નથી. હજુ ઘણી વધારે મહેનત કરવી પડશે. અને તે પણ ફરી ક્યારેક કરી લેવામાં આવશે, બસ, આમ જ વિચારીને મેં એક વાર તો હથિયાર હેઠાં મૂક્યાં. ક્યાંક એવું ના થાય કે ઘણી મુશ્કેલી બાદ થોડાક શાંત થયેલા ભાઈ ફરી વધારે અકળાઈ જાય અને લેવાનું દેવું પડી જાય. આથી મેં ફટાફટ રથ બાંધ્યો અને અજાણ દિશા તરફ દોડાવી દીધો. ગણિતના નામ પર એટલું મગજ દોડાવ્યું કે જાણીતી દિશામાં જવાથી જરાસંધ માટે અમને શોધવાનું સહેલું બની જશે. લગભગ ચાર દિવસો સુધી આજ ક્રમ ચાલું રહ્યો, બસ, કોઈપણ જાતના સોચ-વિચાર વગર અજાણી દિશામાં રથ

હંકાર્યે જતો હતો. કોઈ નગરીમાં ઘૂસવા કે ફરવાનો તો સવાલ જ ઉઠતો નહોતો, કારણ કે ઓળખાઈ જવા પર જરાસંધ સુધી ખબર પહોંચવાનો ભય હતો. આમ સરવાળે આ ચાર દિવસોમાં એક જ નિત્યક્રમથી બંધાઈ ગયો હતો. સવારે રથ બાંધવો, પછી દિવસ આખો રથ હાંકવો, સાંજે રાત્રિ-વિશ્રામના સમયે રથ ખોલવો. પછી રાતના ભોજન પછી ભાઈ સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરવો. ...અને હારીને રાત્રે થાક ઉતારવા માટે વાંસળી વગાડવી. જોકે મારી સતત કરવામાં આવતી કોશિશ ધીમે ધીમે રંગ ચોક્કસ લાવી રહી હતી. દિવસે ને દિવસે ભાઈનો ક્રોધ ચોક્કસ નબળો પડતો લાગી રહ્યો હતો, પરંતુ તેમ છતાં આ વાત તો સ્વીકારવી જ પડશે કે તેની ગતિ અત્યંત ધીમી હતી. આમ તો મેં મારા તરફથી ભાઈનો ક્રોધ શાંત કરવાના પ્રયત્નોમાં કોઈ કસર છોડી નહોતી, અને અત્યારે આનાથી વધારે હું બીજું કંઈ કરી પણ શકતો નહોતો. પરિસ્થિતિ જ કંઈક એવી હતી કે કર્મ મારા હાથમાં હતું અને ફળ ભાઈના હાથમાં.

ચાલો આ બધું તો ઠીક, પણ આ જ દરમિયાન બે દિવસ અમે કોઈ ગાઢ અને સૂમસામ જંગલમાં ફસાઈ ગયા. દૂર દૂર સુધી વસ્તી નજરે નહોતી પડતી. અમારે આ બે દિવસ કાચાં-પાકાં ફળ ખાઈને જ વીતાવવા પડ્યા. બસ, આ અગડમ-બગડમ ભોજને મારું આરે આવેલું કામ બગાડી દીધું. ના સમજ્યાં... ભાઈના પેટ પર જુલમ થાય ને ભાઈનો ક્રોધ ના વધે, આ ક્યાં થવાનું હતું? આ તો સારું હતું કે ત્રીજા દિવસે બપોર થતાં વસ્તી નજરે ચઢી ગઈ હતી. મેં પણ રાહતનો દમ લઈને રથ સીધો પકવાનની દુકાને જઈને ઊભો કરી દીધો. હવે ધનની તો અમારી પાસે કોઈ કમી હતી નહીં. અમે ના માત્ર એકથી એક ચઢિયાતાં પકવાન ખાધાં, પણ ઘણા બંધાવીયે લીધા. પેટપૂજા થતાં જ બગડેલું કામ ફરી બનતું નજરે આવવા લાગ્યું. ભાઈ થોડા શાંત થયેલા લાગ્યા. હવે ભાઈ શાંત થયા તો આ બાજુ ઘોડાઓને પણ આરામ આપવાનું જરૂરી બની ગયું હતું. બસ, આ બહાને અમે પણ થોડી વાર આરામ કરી લીધો. આમ તો આ સમય દરમિયાન પણ મેં ભાઈ સાથે આંખ મિલાવવાના એક બે પ્રયત્નો કર્યા, પણ બધા બેકાર. ચાલ્યા કરે. અત્યારે તો ભાઈનો ક્રોધ શાંત થવાની આશા સાથે અમારી યાત્રા ફરી શરૂ થઈ ગઈ હતી. જોકે ક્યાં રોકાવું અને ક્યાં આશરો લેવો... આ તમામ પ્રશ્ર્ન હજુ પણ તેની જગાએ યથાવત્ હતા. આમ તો ભાઈની નારાજગી પણ ઘણી હદ સુધી તેની જગાએ કાયમ જ હતી. હવે તેઓ બોલે કે ન બોલે, પરંતુ હવે ક્યાં આશરો લેવો એ નક્કી કરવાનો સમય ચોક્કસ જ આવી ગયો હતો. કંઈ આમ અમથું જ જંગલમાં ફરી શકાય એમ નહોતું. હજુ હું આ અસમંજસમાં જ ખોવાયો હતો કે ત્યાંજ દૂરથી એક સંન્યાસી આવતા દેખાયા. મેં તરત રથ રોકીને તેમને પ્રણામ કર્યા. અને પ્રણામ કરતાં કરતાં જ હું રથમાંથી નીચે ઉતરી ગયો. ...અત્યાર સુધીમાં ભાઈ પણ રથમાંથી ઉતરીને મારી બાજુમાં ઊભા રહી ગયાં હતા. અમે રથની બાજુમાં અને સંન્યાસીની સામે ઊભા હતા. હમણાં સુધી તો બધું બરાબર ચાલી રહ્યું હતું, પણ મારી બુદ્ધિ પણ શું ભ્રષ્ટ થઈ કે એમ જ વાતચીત શરૂ કરવાના ઉદ્દેશથી મેં તેમનો પરિચય પૂછ્યો.

બસ, પરિચય શું પૂછ્યો, ભેંસના શિંગડાંમાં માથું નાખ્યા જેવો ઘાટ થયો. અચાનક તેમણે ગુસ્સે થઈને કહ્યું- સંત, સંત હોય છે. તેમનો કોઈ પરિચય નથી હોતો. તમે તમારો પરિચય આપો.

ક્ષણભર તો હું તેમનો કડક અવાજ સાંભળીને બરાબરનો ગભરાઈ ગયો. જોકે જલ્દીથી મેં મારી જાતને સંભાળીને મારો પરિચય આપતા કહ્યું [57] - હું કૃષ્ણ છું અને આ મારા ભાઈ બલરામ છે. અમે મથુરા નિવાસી છીએ. કોઈ પરિસ્થિતિને વશ થઈને અમારે ત્યાંના રાજા કંસનો વધ કરવો પડ્યો. હવે કંસ... કેમકે મગધ સમ્રાટ જરાસંધનો જમાઈ હતો, તેથી જરાસંધ બદલાની ભાવનાથી વશ થઈને અમારા લોહીનો તરસ્યો બની ગયો છે. બસ, અમે જરાસંધથી બચીને આશરો શોધવા નીકળ્યા છીએ. અમને એ પણ ખબર નથી કે અમે આ સમયે ક્યાં છીએ?

સંન્યાસી બોલ્યા- સારું! તો તમે 'કૃષ્ણ' છો. મેં તમારા વિશે ઘણું સાંભળ્યું છે. તમે જ છોને જેણે ગુરુદક્ષિણા ચૂકવવા માટે 'પંચજન'નો વધ કર્યો હતો?

...હું મનમાં ને મનમાં ઘણો ખુશ થયો કે ચાલો મારી વીરતાની ચર્ચાઓ ચારે તરફ ફેલાયેલી તો છે. જોકે બહારથી જાત પર કાબૂ રાખીને ચૂપચાપ હકારમાં માથું હલાવી દીધું હતું. મારા માટે આજ પર્યાપ્ત હતું કે પરિચય મળતા જ તેમના વ્યવહારમાં ઓચિંતુ પરિવર્તન આવ્યું હતું. તેઓ ઘણા નમ્ર થઈ ગયા હતા. ...અને પરિણામસ્વરૂપ હવે ઘણા શાંત ભાવથી તેમણે આગળ સંબોધન કરતાં કહ્યું- કારણ કે તમે આચાર્ય સાંદીપનિ જેવા મહાન આચાર્યને ત્યાં શિક્ષિત થયેલા છો, માટે આમ તો તમારે વધારે જ્ઞાનની જરૂરિયાત નથી, પરંતુ ખોટું ના લગાડતા... સાંદીપનિ યુદ્ધકળા કે રાજનીતિમાં વધારે વિદ્ધાન નથી. આથી હું તમને થોડી સમજણ જરૂર આપીશ કે આશ્રય શોધવાવાળો કમજોર હોય છે અને કમજોરને કોઈ આશ્રય આપતું નથી. કંસ અને પંચજન જેવાનો વધ કરવાવાળા વીરે તો પોતે જ પોતાનો આશ્રય બનવું જોઈએ. તેથી પોતાના આશ્રય સ્વયં બનો. અર્થાત્ આશ્રય શોધવાનું છોડીને, તમે તમારી શક્તિ વધારવા પર ધ્યાન આપો. તમે જેટલા પણ ભાગશો, તમારી ઓળખાણ કેટલીપણ છુપાવશો... તો પણ, આજે નહીં તો કાલે, જરાસંધ તમને શોધી જ લેશે. એ ના ભૂલો કે આર્યાવર્તના મોટા ભાગના રાજા તેના પ્રભાવમાં છે. ...માન્યું કે કંસ અને પંચજનનો વધ કરીને તમે ન કેવળ પોતાની વીરતા સિદ્ધ કરી છે, બલ્કે પાપનો નાશ પણ કર્યો છે. તમે તેથી જ શ્રેષ્ઠ પણ છો. પરંતુ એક વાત હંમેશાં યાદ રાખો કે શ્રેષ્ઠ પુરુષના જીવનમાં સ્વાર્થ અને પરમાર્થનો સંગમ હોવો જોઈએ. અર્થાત્, જે ચીજ તમારા હિતની હોય તે જ સર્વહિતની પણ હોવી જોઈએ. મારા મતે, ધન કમાવાનું અને સત્તા

મેળવવાનું ના માત્ર તમારા 'હિત'માં છે, પરંતુ 'સર્વહિત'માં પણ છે. કારણ કે જ્યારે ધન અને સત્તા શ્રેષ્ઠ પુરુષોના હાથોમાં હોય છે, ત્યારે જ સામાન્ય પ્રજા સુખી રહી શકે છે. ધ્યાનમાં રહે, ધન અને સત્તા એક બીજાને વધારે છે. આથી તમે પણ ધન કમાઓ, સત્તા મેળવો અને પોતાની શક્તિ વધારો. ...અને ત્યારે જ તમે જરાસંધથી કાયમ માટે બચી શકશો. ને હા, આ બધી સમજણ આપવામાં હું તમારા મુખ્ય સવાલનો જવાબ આપવાનું તો ભૂલી જ ગયો; આ સમયે તમે લોકો મથુરાથી ઘણા દૂર, વિદર્ભની સીમા પર ઊભા છો.

...એ સંન્યાસીની વાતોએ મારી તો તમામ જ્ઞાન-શક્તિને ઢંઢોળીને જ મૂકી દીધી. કેટલા મહાન અને કેટલા જ્ઞાની સંન્યાસી હતા! માનવું જ પડશે કે તેમણે યોગ્ય સમયે, યોગ્ય જ્ઞાન આપીને અમને યોગ્ય માર્ગ બતાવ્યો. આમ પણ યોગ્ય સમયે, યોગ્ય જ્ઞાન આપવું એજ તો મહાન સંન્યાસીઓની નિશાની હોય છે. હું તો ક્ષણભરમાં વિચારવા લાગ્યો, ક્યાંક આ સંન્યાસી કુદરત દ્વારા મોકલાયેલું 'નિમિત્ત' તો નથી ને? ક્યાંક ઐશ્ર્વર્યની ઊંચાઈ પર બેસવાના મારા સપનાની સાથે હવે કુદરતની ઈચ્છા તો નથી જોડાઈ ગઈ ને? ...કદાચ હા, એટલે જ તો જે મેળવવા માટે વર્ષો લાગે, એ જ્ઞાન ક્ષણોમાં મળી ગયું હતું, અને એ પણ અનાયાસે. ...જો એવું છે, તો ક્યાંક હાલનો આ રઝળપાટ મારા શક્તિશાળી થવાના દ્વાર ખોલવા માટે તો નથી આવ્યો ને?

...આમ તો આ બધી ભવિષ્યની વાત હતી. હાલ પૂરતું તો માથે આવી પડેલા સંકટનો ઉકેલ શોધવો જરૂરી હતો. અને એ પહેલા કે મને વિચારમગ્ન જોઈને સંન્યાસી પ્રસ્થાન કરી લે, મેં ધરતી પર આવીને એકદમ વિનમ્રતાથી બંને હાથ જોડીને સંન્યાસીને કહ્યું- ખરેખર શક્તિ વધારવાની તમારી સલાહ જીવનને નવો માર્ગ ચીંધનારી છે. ચોક્કસપણે, તમારા એક સંકેતે અમને ભટકવાથી બચાવી લીધા છે, પરંતુ હું ક્ષમા માંગું છું ...જ્યાં સુધી અમારી શક્તિ વધી નથી જતી ત્યાં સુધી તો અમારે સુરક્ષિત આશ્રય શોધવો જ પડશે. અને વળી, અમે રાજ-પરિવાર સાથે સંબંધિત નથી એ કારણે અમે આર્યાવર્તની રાજનીતિથી પણ બિલકુલ માહિતગાર નથી. સાચું કહું તો કોણ જરાસંધનો મિત્ર છે અને કોણ શત્રુ, અમને તો હજુ તેનું ઉપરછલ્લું જ્ઞાન પણ નથી. તેમ છતાં જો મારું અનુમાન ઠીક હોય તો 'કરવીરપુર' વિદર્ભની નજીકમાં જ છે. અને કદાચ ત્યાંના રાજા શૃંગલવ યાદવ પણ છે, અને અમારા દૂરના સંબંધી પણ. મારો ખયાલ છે કે અમને ત્યાં જરૂર આશ્રય મળવો જોઈએ. આ બાબતે હું તમારી સલાહ જાણવા માંગું છું.

આ સાંભળતા જ, સંન્યાસી જોરથી હસી પડ્યા. ...અને પછી હસીને જ બોલ્યા- ખરેખર! તમે આર્યાવર્તની રાજનીતિથી અજાણ છો. શૃંગલવ મહા સ્વાર્થી, ક્રૂર અને અહંકારી છે. એના માટે જાત કે સંબંધનું કોઈ મહત્ત્વ નથી. તે સત્તાના નશામાં ચૂર છે. તેણે રાજ્યના ઘણા પંડિતો અને આચાર્યોને કેદ કર્યા છે. બની શકે છે કે એક બાજુ એ તમને આશ્રય આપે, અને બીજી બાજુ જરાસંધ સાથે તમારા જીવની સોદાબાજી જ કરી બેસે. એવું પણ બની શકે કે એક રાતે તમે સૂતા જ રહી જાઓ અને આંખ ખૂલે ત્યારે ખબર પડે કે તમે જરાસંધના બંદી બની ગયા છો.

...હું તો બરાબરનો ગભરાઈ ગયો. એનો અર્થ એ થયો કે અત્યારની પરિસ્થિતિઓમાં અમને આર્યાવર્તની રાજનીતિ અને રાજાઓની જાણકારી હોવી જરૂરી હતી. અમારું આ અજ્ઞાન અમને ક્યારે પણ મોતને ઘાટ ઉતારી શકે છે. ...આ તો આભાર છે કુદરતનો કે જેણે સંન્યાસીને અમારો જીવ બચાવવા માટે નિમિત્ત બનાવીને મોકલ્યા, નહીં તો મારી બુદ્ધિથી તો હું શૃંગલવને ત્યાં આશરો લેત અને એવું બનત કે આજીવન જરાસંધની કેદમાં સડતો રહી જાત, ...અથવા તો કોને ખબર, તે અમને મારી જ નાખત. ખરેખર, ભારે ભયંકર ઘટના ઘટિત થઈ જાત. પણ છોડો, જે બન્યું નહીં તેના ઉપર વધુ શું વિચારવું? અને જે થયું છે તેનાથી એક વાત તો નક્કી થઈ ગઈ હતી કે કુદરત મને કોઈપણ સંજોગોમાં બચાવવા માંગે છે, જો એવું ના હોત તો રણછોડ બનવાનો વિચાર જ ના આવત. ચાલો આટલું સકારાત્મક ન પણ વિચારું, તો ઓછામાં ઓછું યોગ્ય સમય પર યોગ્ય રસ્તો બતાવનારા આ મહાન સંન્યાસી સાથે મુલાકાત તો ક્યારેય ના થાત. ખેર; હવે મારું રાજનૈતિક જ્ઞાન તો હું જોઈ જ ચૂક્યો હતો. તથા જરાસંધનો પ્રભાવ અને વર્ચસ્વ રોજબરોજ સમજમાં આવી જ રહ્યાં હતાં. ના તો જરાસંધના કોઈ મિત્ર રાજાના રાજ્યમાં ઘૂસી શકતા હતા, કે ના તો પોતાની ઓળખાણવાળા કોઈ રાજાને ત્યાં પોતાની બુદ્ધિથી જઈ શકતા હતા. ...અને હવે તો જરાસંધના શત્રુ રાજાને ત્યાં જવામાં પણ ડર લાગી રહ્યો હતો. ખબર નહીં તે ક્યારે જરાસંધના પ્રભાવમાં આવીને પલટાઈ જાય. સાચું કહું તો મને તો હવે આ ધરતી જ કોઈ રીતે સુરક્ષિત આશ્રય આપતી હોય એવું દેખાતું નહોતું. તેમ છતાં, જીવતા તો રહેવું જ હતું. વિચાર્યું... પોતાની બુદ્ધિ તો ચાલતી નથી, સંન્યાસીને જ પૂછી લેવામાં આવે. બસ, મેં એકદમ લાચારીવશ તેમને સીધું પૂછ્યું- તો પછી તમે ક્યાં જવાની સલાહ આપો છો?

સંન્યાસીએ તરત કહ્યું- ગોમંતની ટેકરી. તે તમારે માટે, હાલની પરિસ્થિતિમાં, દરેક રીતે સુરક્ષિત છે. જેમ માતા પોતાના ખોળામાં બાળકને છુપાવી લે છે, એમ ચારે તરફ ફેલાયેલી તેની ટેકરીઓ અને તેની કુદરતી સંપદા તમને ચારે તરફથી છુપાવી દેશે. તે પર્વત એટલો ઊંચો છે કે તેના પર ચઢવું અશક્ય છે. મેં તો એમ પણ સાંભળ્યું છે કે ત્યાં બે હજાર વર્ષો પહેલા એક સંપન્ન નગરી વસતી હતી જે કોઈ કુદરતી હોનારતને કારણે આજે ટેકરીમાં ફેરવાઈ ગઈ છે. એ ટેકરીથી દૂર દૂર સુધી કોઈ વસ્તી નથી. તે બાજુ કોઈ આવતું-જતું પણ નથી. આમ તો ટેકરીથી થોડા અંતરે એક આદિવાસી વસ્તી ચોક્કસ છે, બસ, તમારો રથ પણ ત્યાં સુધી જ જઈ શકશે. ત્યાર બાદ ઘણો લાંબો રસ્તો પાર કરીને તમારે આ ટેકરી પગપાળા જ ચઢવી પડશે. અને ચોક્કસપણે આ

ચઢાણ જરા પણ સહેલું નહીં હોય.

હું તો સંન્યાસીની વાત સાંભળીને ઉત્સાહથી છલકાઈ ગયો. ચાલો જિંદગીની સુરક્ષા તો મળી. આ તો એમણે બીજો રસ્તો પણ જડબેસલાક સૂઝાડ્યો. અનાયાસે હું સંપૂર્ણ રીતે આત્મવિશ્વાસથી છલકાઈ ગયો. બસ, આજ આત્મવિશ્વાસના આધારે મેં સંન્યાસીને આશ્વાસન આપતા કહ્યું- તમે ચિંતા ના કરો. અમે ગોવાળો છીએ. ટેકરીઓ ચઢવા અને ગાઢ જંગલોમાં ફરવા ટેવાયેલા છીએ.

મારી વાત સાંભળીને સંન્યાસી એકદમ ગંભીરતાથી બોલ્યા- આ તો ઠીક, પણ તમારે એક વાતની ભારે સાવધાની રાખવી પડશે. આ ટેકરી 'કરવીરપુર'ની હદમાં જ આવે છે. આથી ત્યાં પણ દરેક સમયે તમારે સાવધાન તો રહેવું જ પડશે અને તમારી ઓળખાણ પણ છુપાવી રાખવી પડશે.

મેં સંન્યાસીના ચરણ-સ્પર્શ કરતાં કહ્યું- તમે અમને જીવનનો સાચો માર્ગ બતાવ્યો. શૃંગલવને ત્યાં આશ્રય ના લેવાની સલાહ આપીને તમે અમને નવું જીવન આપ્યું. અમને સુરક્ષિત સ્થાન પણ સુઝાડ્યું. તમે આ સમયે મારા જીવનમાં ગુરુના રૂપમાં પરમાત્મા બનીને આવ્યા છો. આથી જો તમને ખોટું ના લાગે તો હું તમારા વિશે જાણવા માટે આતુર છું.

સંન્યાસી બોલ્યા- તમારા માટે આટલું જાણવું પર્યાપ્ત છે કે હું પરશુરામ છું.

સંન્યાસીએ આપેલા સાવ ટૂંકા જવાબ બાદ મારી આગળ પૂછવાની આતુરતા આપમેળે જ મરી ગઈ. સાચું તો છે, સંન્યાસીઓના નામ કે ઠામ-ઠેકાણાંથી ઘણી વધારે મહત્ત્વપૂર્ણ તેમની પ્રજ્ઞા હોય છે. અને તેનું દર્શન તેઓ બરાબર કરાવી જ ચૂક્યા હતા. હજી હું તેમના આશીર્વાદ લઈને ફર્યો જ હતો કે મેં જોયું કે તેમનું કમંડળ ખાલી છે. મેં વિચાર્યું- આટલા મહાન સંન્યાસીને કંઈક કામ આવું તો મારું જીવન ધન્ય થશે. આવું વિચારીને મેં ઘણી વિનમ્રતાથી પૂછ્યું- મહારાજ! તમે તમારું કમંડળ મને આપો, હું પાણી ભરીને લાવી દઉં છું.

તેમણે કહ્યું- નહીં! તરસ મને છે. તેથી પાણી લેવા પણ હું જ જઈશ.

મારી તો બોલતી જ બંધ થઈ ગઈ. મહાન આચાર્યો અને સંન્યાસીઓની સામે કોઈનું શું ચાલે? અને વળી હું તો આમ પણ આત્મજ્ઞાની હોવા છતાં પણ સામાન્ય જીવન જીવી રહ્યો હતો. અને સામાન્ય મનુષ્યની એક સાચા સંન્યાસીની સામે શું વિસાત? મેં ચૂપચાપ તેમના ચરણ-સ્પર્શ કર્યા અને વિદાય લીધી. હું તો આટલા મહાન સંતને મળીને ધન્ય થઈ ગયો હતો. ખરેખર સાંદીપનિજીને ત્યાં જે શીખવાનું બાકી રહી ગયું હતું તે આજે આ મહાન સંન્યાસીએ એક ગુરુનું રૂપ ધારણ કરીને પળવારમાં શીખવી દીધું હતું. પહેલા આચાર્ય શ્રુતિકેતુ, પછી સાંદીપનિજી અને પછી મહર્ષિ પરશુરામ. હું તો પોતાને ભાગ્યશાળી માની રહ્યો હતો કે એક ગોવાળ હોવા છતાં, આવા મહાત્માઓને મળવાનો મને મોકો મળ્યો હતો. ખેર! અત્યારે તો અમને માર્ગ બતાવીને સંન્યાસી પોતાના માર્ગે ચાલી નીકળ્યા હતા. હું તો ઘણા લાંબા સમય સુધી તેમને જતા જોઈ રહ્યો. સાચું કહું તો તેઓ જ્યાં સુધી આંખોથી ઓઝલ ના થયા, ત્યાં સુધી હું તેમને જોતો રહ્યો. હવે ક્યાં જવાનું હતું તે બાબતે કોઈ શંકા નહોતી. બસ, ભાઈ તો પાછા રથમાં બેસી જ ગયા હતા, મેં પણ ઝડપથી કૂદીને રથની કમાન મારા હાથોમાં સંભાળી. હવે મારા રથ હંકારવામાં એક સ્વયંસ્ફુરિત ઉત્સાહ હતો, અમે ઝડપથી આદિવાસી વસ્તી તરફ નીકળી પડ્યા હતા. આટલી ખુશીને કારણે, હું એ તો ભૂલી જ ગયો હતો કે ભાઈ નારાજ થઈને બેઠા છે. બસ, મેં મારી જ ધૂનમાં તેમને ખૂબ જ ચીડાવતા કહ્યું- જોયું, કેટલા મહાન સંત હતા? એમણે કેટલું મહાન શિક્ષણ આપ્યું? ત્યાં સુધી કે જ્યારે મેં એમની પાસે કમંડળ માંગ્યું તો તેમણે શું કહ્યું, સાંભળ્યું હતું ને? ...તરસ મને લાગી છે, પાણી ભરવા પણ હું જ જઈશ. વાહ...

ભાઈ તરત જ નખરા દેખાડતા બોલ્યા- નહીં કનૈયા! મેં બધું જોયું અને સાંભળ્યું હતું. એ તો તને કમંડળ ના આપવાનું એક બહાનું હતું. કારણ કે એ તારાથી ડરી રહ્યા હતા કે જે રણ છોડીને ભાગી શકે છે, તે કમંડળ લઈને પણ ભાગી જ શકે છે. અને એ બિચારાની પાસે કમંડળ સિવાય હતું પણ શું? એ પણ તું લઈને ભાગી જાત તો એમનો તો ઉદ્ધાર જ થઈ જાત.

મારી તો બોલતી બંધ તે બોલતી બંધ! ભાઈના કટાક્ષપૂર્ણ જવાબે પળવારમાં યાદ અપાવી દીધું કે તેઓ મારાથી સખત નારાજ થઈને બેઠા છે. સમજાતું નહોતું કે ભાઈનો ક્રોધ ક્યારે અને કેવી રીતે શાંત થશે. ઉપરથી હવે તો મહેણાં મારવાનું પણ શીખી ગયા હતા. કંઈ વાંધો નહીં, મેં પણ દરેક પરિસ્થિતિનો સામનો કરવાનું શીખી જ લીધેલું હતું. ...એટલે યાત્રા તો પસાર થઈ જ રહી હતી.

અધ્યાય - ૭
ગોમંતની ટેકરીમાં શરણ લેવી

અમે જંગલોમાંથી પસાર થઈ રહ્યા હતા. વસ્તીનું દૂર દૂર સુધી ક્યાંય ઠામઠેકાણું નહોતું. ભાઈ વાત નહોતા કરી રહ્યા. આથી, રથ હાંકતા હાંકતા હું સંન્યાસીની વાતો પર ધ્યાન આપવા લાગ્યો. એમની શક્તિ વધારવાની અને ધન કમાવવાની વાતો ખરેખર પ્રેરણાદાયી હતી. ...પણ સવાલ એ હતો કે આ બધું થશે કેવી રીતે? જવા દે કૃષ્ણ, આ વાસ્તવિકતાને ભૂલી, તું કયા ખયાલોમાં ખોવાઈ ગયો? વાત તો સાચી જ છે, ખબર નહીં શક્તિ ક્યારે વધશે, ક્યારે રાજા બનીશ અને ક્યારે રુક્મિણી મળશે. તો પછી સપનાં જોવાનું છોડીને વર્તમાનમાં કેમ પાછો નથી આવતો? વર્તમાનમાં તું અને ભાઈ બિલકુલ એકલા છો, અને તે પણ કોઈપણ જાતના સહારા વિનાના. આ સમયે જરાસંધથી બચવાનો જ તમારો એકમાત્ર ઉદ્દેશ છે, અને તેના માટે ગોમંત પર્વતમાળા એકમાત્ર સંભવિત ગંતવ્ય. બસ, રથ એ દિશામાં હંકારે રાખો. આ પણ ઠીક, પણ મેં મારું સંપૂર્ણ ધ્યાન ફરી જંગલ પાર કરતી આ યાત્રા પર લગાવ્યું. ભાઈ તો હજી પણ મોં ચડાવીને જ બેઠા હતા, સપનાં જોવાનાં નહોતા, એટલે બસ, જાતને જંગલની ગીચતા જોવામાં વ્યસ્ત કરી દીધી.

...અંતે બીજા દિવસે બપોર થતાં થતાં અમે આદિવાસી વસ્તી સુધી પહોંચી ગયા હતા. સાચું કહું તો વસ્તીમાં પ્રવેશતાની સાથે જ હું પોતાને સુરક્ષિત અનુભવી રહ્યો હતો. વસ્તી નાની પરંતુ પ્યારી હતી. ચારે તરફ ફેલાયેલા વીસ-પચીસ કાચાં-પાકાં ઝૂંપડાંઓમાં લગભગ બસો જેટલા આદિવાસી રહેતા હોય તેવું લાગતું હતું. ઘણા હતા, અહીં તો મથુરાથી નીકળ્યા હતા ત્યારથી માણસોને જોવા માટે જ તરસી ગયા હતા. ખેર! હજી તો વસ્તીમાં પ્રવેશ કરીને રથ રોક્યો જ હતો કે ચાર-છ આદિવાસીઓએ રથને ઘેરી લીધો. અમે તરત રથમાંથી નીચે ઊતરી ગયા. આ બાજુ સ્વાભાવિક રીતે, અજાણ વ્યક્તિને વસ્તીમાં ઘૂસેલા જોઈને, તત્ક્ષણ અમને તેમના સરદાર સામે રજૂ કર્યા. તેમના સરદારનું નામ આદેશ્ર્વર હતું. રાહતની વાત એ કે તે ઘણો સૌમ્ય અને સમજદાર લાગી રહ્યો હતો. તેણે સહુ પ્રથમ અમારા આવવાનો હેતુ અને અમારી ઓળખાણ માંગી. ઓળખાણ તો છુપાવવાની હતી જ, પરિચય પણ ખોટો જ આપવાનો હતો. હવે તમે તો જાણો જ છો કે ખોટું બોલવાનું આ શુભ કામ ભાઈ તો કરી શકતા નહોતા. આથી આ શુભ કામ મારા હાથે જ થવાનું હતું. આ મારું કર્તવ્ય પણ બની ગયું હતું. આમ પણ આ બાબતમાં હું બાળપણથી જ નિપુણ હતો, અને આજીવન રહ્યો. ...બસ, મેં તરત કહ્યું- અમે વિદર્ભથી આવ્યા છીએ. સંત પરશુરામે અમને તપસ્યા માટે ગોમંતની ટેકરી પર જવાની સલાહ આપી છે. અમે તેમના જ આદેશનું પાલન કરવા અહીં પધાર્યા છીએ.

આ સાંભળતા જ આદેશ્ર્વર બોલ્યો- તો પછી તમે અમારા મહેમાન છો. કારણ કે અમે સંત પરશુરામના અનુયાયીઓની ઘણી ઈજ્જત કરીએ છીએ. કૃપા કરીને અમારી મહેમાનગતિ સ્વીકારો.

અમે પણ આરામ તો કરવા માંગતા જ હતા. અને મનગમતું મળી જાય તો કંઇ ના થોડી જ પડાય છે? આશ્ર્ચર્ય એ કે આદેશ્ર્વર એક સારો યજમાન સાબિત થયો. તેણે અમને સીધું એક ઝૂંપડું જ આપી દીધું. સારું જ થયું, થોડી વારના વિશ્રામથી જ અમે સંપૂર્ણ રીતે તરોતાજા થઈ ગયા. ...જોકે તમે નહીં માનો કે ઓઢવાનું તો છોડો, પાથરવા માટે પણ પાંદડાં સિવાય કંઇ નહોતું; છતાં પણ આડા પડતાંવેંત અમે બંને નસકોરાં બોલાવવા લાગ્યા હતા. ચોક્કસપણે, સતત યાત્રા કર્યાના થાકનું આ પરિણામ હતું. કદાચ પથારીની જરૂરત મહેનત ના કરવાવાળાઓને જ પડતી હશે. જવા દો, હાલ તો ઉઠતાંવેંત જ હું વસ્તીભ્રમણ કરવા માટે નીકળી પડ્યો હતો. સહુથી મોટી વિશેષતા તો એ હતી કે વસ્તી કંઈક એવી રીતે બનાવવામાં આવી હતી કે બહારથી જંગલનો જ એક ભાગ લાગી રહી હતી. આ તો સારું હતું કે સંન્યાસીએ અમને વસ્તી વિશે બતાવ્યું હતું, નહીંતર અમે તો કદાચ આ વસ્તી પણ પાર જ કરી દીધી હોત. હવે નજર આવત, તો રોકાત ને! ખેર, અત્યારે તો વસ્તીના બે ચક્કર લગાવીને હું પાછો મારા ઝૂંપડા તરફ નીકળી પડ્યો. ભાઈ બહાર ફરસ પર જ બેઠા હતા. હું પણ તેમની બાજુમાં જઈને ચૂપચાપ બેસી ગયો. હજી થોડી વાર જ થઈ હતી કે આદેશ્ર્વર અમારા માટે રાત્રિ-ઉત્સવમાં શામેલ થવા માટેનું નિમંત્રણ લઈને આવ્યો. ઉત્સવનું નામ સાંભળીને તરત મારા અને ભાઈના ચહેરાનું નૂર જ બદલાઈ ગયું હતું. સ્વાભાવિક રીતે, જંગલોમાં આકુળ-વ્યાકુળ ફરતા બે બિચારાઓને ઉત્સવમાં સહભાગી થવાનો લહાવો મળી જાય, તો બીજું શું જોઈએ? મારું તો ઠીક, પણ ભાઈનું ખુશ થવું મારા આગળના ભવિષ્ય માટે ઘણું મોટું શુભ લક્ષણ હતું.

હશે, હજી તો સાંજ થતાં જ ઢોલ-નગારા વાગવા શરૂ થઈ ગયા. ઉત્સાહવશ હું અને ભાઈ પણ ઉત્સવમાં શામેલ થવા દોડી પડ્યા. બધા લોકો વસ્તીના અંતે આવેલા એક ખુલ્લા મેદાનમાં બેઠા હતા. વૃક્ષ પર લટકતી મશાલોએ આખા મેદાનને સારી રીતે ઝળહળાવી દીધું હતું. મુખ્ય વાત તો એ હતી કે અમારી બેસવાની વ્યવસ્થા આદેશ્ર્વરની સમકક્ષ જ કરવામાં આવી હતી. બીજી બાજુ, અમારી બરાબર સામે, ચાર સ્ત્રીઓ બધાનું ભોજન બનાવી રહી હતી. આ બાજુ, બધા પુરુષો માટે મદિરાના પ્યાલાઓ આવવા લાગ્યા હતા. આ જોતા જ ભાઈના ચહેરાનો તો રંગ જ બદલાઈ ગયો. મેં તો માત્ર શિષ્ટાચાર જ નિભાવ્યો

પણ ભાઈ તો કામે જ લાગી ગયા. મને તો સમજાતું જ નહોતું કે આટલા દિવસો બાદ ખુશ થયેલા ભાઈને જોઉં કે ચારે તરફ દેખાઈ રહેલા ભવ્ય દ્રશ્યને જોઉં. બસ, આદેશ્ર્વરની બાજુમાં જ જમીન ઉપર ઠાઠથી બેઠેલો હું, બંને દ્રશ્ય સમુચિતપણે જોવા લાગ્યો. અમે જ્યાં બેઠા હતા ત્યાં લગભગ વીસ બીજા લોકો અમારી સાથે બેઠા હતા. સામે દૂર બાળકો દોડાદોડી કરી રહ્યાં હતાં. દૂર થોડી મહિલાઓ ભોજન બનાવતી હતી, તે અહીંથી જ જોઈ શકાતું હતું. ત્યાંજ થોડી મહિલાઓ અને પુરુષો અલગ અલગ સ્થાનો પર ફેલાઈને બેઠા હતા. હું તો આ ખૂબસૂરત દ્રશ્ય આંખોમાં જ વસાવીને બેઠો હતો.

થોડી જ વારમાં, એ તરફ સંગીત અને નાટકનો કાર્યક્રમ પણ શરૂ થઈ ગયો. ઘણી સ્ત્રીઓ નાચી-ગાઈ રહી હતી. પુરુષો નગારા વગાડીને તેમનો સાથ આપી રહ્યા હતા. વાતાવરણ જામતા જ, મદિરાના પ્યાલા પર પ્યાલા પીવાનું પણ શરૂ થઈ ગયું હતું. ભાઈ પણ જે શરૂ થયા હતા તે રોકાવાનું નામ જ નહોતા લઈ રહ્યા. જોકે એક વાત સારી હતી કે મદિરા અંદર જતા જ એમનો ક્રોધ છૂમંતર થઈ ગયો હતો. સારું હતું, ઓછામાં ઓછું આટલા દિવસો પછી તે કોઈક બહાને ખુશ તો લાગી રહ્યા હતા. ...આવામાં મારા તરફથી એમને ટોકવાનો તો સવાલ જ પેદા થતો નહોતો. તેઓ તો એક ઘૂંટણ ઉપર કરીને એવી રીતે બેસી ગયા હતા કે જાણે ઉઠવાનાં જ ન હોય. બાકી બધું તો ઠીક, પણ મારી સ્થિતિ અજીબ થઈ ગઈ હતી. બધાને નાચતા-ગાતા જોઈને મને પણ વારંવાર નાચવાનું મન થઈ રહ્યું હતું. દિલ વાંસળી વગાડવા માટે પણ વ્યાકુળ થઈ ગયું હતું. તેમ છતાં પોતાનું મન મારીને ચૂપચાપ બેસી રહેવું પડ્યું હતું, કારણ કે પોતાની ઓળખાણ જાહેર ન થવા દેવી એ તેનાથી પણ વધારે જરૂરી હતું. સાચું કહું તો આ રીતે પોતાનું મન મારવું એ પણ મારા જીવનના નવા અનુભવોમાંથી એક હતો. તમે જોયું, જોતજોતામાં કેવા દિવસ આવી ગયા હતા કે વાંસળી પર પણ તાળા લગાવવા પડી રહ્યા હતા. જોકે આ સમયે મનને સમજાવવું ઘણું સરળ હતું, કારણ કે હાલની સ્થિતિમાં તો આ પણ શું ઓછું હતું કે નાચવા-ગાવાનું જોવા મળી રહ્યું હતું? જોકે આ બધું કંઈક લાંબુ જ ખેંચાયું હતું અને સમાપ્ત થવાનું નામ જ નહોતું લઈ રહ્યું. મને કકડીને ભૂખ લાગી રહી હતી, પરંતુ ભોજન ઉત્સવ પૂરો થયા બાદ જ પીરસાવાનું હતું. ...અંતે ઉત્સવ પણ પૂરો થયો. ભોજન પણ પીરસવામાં આવ્યું. પરંતુ અહીં પણ પૂરી રીતે પાસાં ઊલટાં પડ્યાં. ભોજનમાં કાચું માંસ મુખ્ય હતું, જે અમને જરાય ગમતું નહોતું. અંતે ભૂખ્યા પેટે જ સૂવું પડ્યું. સાચું જ છે, જ્યારે સમય ખરાબ હોય ત્યારે કંઈપણ સાથ દેતું નથી. આ પણ એની રીતે એક નવો જ અનુભવ હતો.

હશે! બીજા દિવસે વહેલી સવારે જલ્દી ઊઠીને ફરવા નીકળી પડ્યા. સાચું કહું તો ફરવું તો એક બહાનું હતું, હકીકતમાં બરાબરની કકડીને ભૂખ લાગી રહી હતી. વિચાર્યું જંગલમાં જઈને ફળ ઝાપટતો આવું અને થોડા તોડતો પણ આવું. ભૂખને કારણે મનમાં ને મનમાં અકળાઈ પણ રહ્યો હતો. ભાગ્યમાં કમાલની મહેમાનગતિ હતી કે પોતાના ભોજનની વ્યવસ્થા પોતે જ કરવી પડી રહી હતી. જોકે એટલું સારું હતું કે જંગલ ફળ-ફૂલથી લદાયેલું હતું. મેં ખૂબ ફળ ખાધાં પણ અને ઘણાં તોડીને સાથે પણ લઈ આવ્યો. આ બાજુ, સુખી ભાઈ બરાબર ભોજનના સમયે જ જાગ્યા હતા. અનાયાસે ભોજનમાં તાજાં ફળો જોઈને ભાઈ તો નાચી જ ઊઠ્યા. ગપાગપ બધા સફાચટ કરી ગયા. એજ સમયે, આદેશ્ર્વર બપોરનાં ભોજનનું નિમંત્રણ આપવા આવ્યો. એ સારું થયું કે અમને આ રીતે મનભરીને ભોજન કરતાં જોઈને, આદેશ્ર્વર સમજી ગયો કે અમને ભોજનમાં શું ભાવે છે. બસ, તેણે તત્ક્ષણ કેટલાક આદિવાસીઓને જંગલમાંથી તાજાં ફળો તોડી લાવવા માટે મોકલ્યા. મને અચાનક જ આદેશ્ર્વરની સમજદારી અને મહેમાનગતિ, બંને પ્રશંસનીય લાગવા માંડી. ખરેખર સ્વાર્થ મનુષ્યનો દ્રષ્ટિકોણ કેટલો જલ્દીથી બદલી દે છે? ચાલો આ પણ જવા દો. આ બાજુ ભાઈને તો આદિવાસીઓનો સાથ એટલો ફાવી ગયો હતો કે તેઓ તો અહીં જામી જ પડ્યા હતા. મજા તો મને પણ ઘણી આવી રહી હતી, તેમ છતાં સાવધાનીને કારણે હું જેમ બને તેમ જલ્દી, ગોમંત પર્વતમાળા પર આશરો લેવા ઈચ્છતો હતો. ...પરંતુ ભાઈના રંગમાં ભંગ પાડવાની હિંમત એકઠી નહોતો કરી શકતો, ખાસ કરીને એ જોઈને કે તેઓ ઝડપથી પહેલાની જેમ સામાન્ય થઈ રહ્યા હતા. અને મારા માટે તેમનું સામાન્ય થવું અતિ મહત્ત્વપૂર્ણ હતું, કારણ કે ખબર નહીં કેટલા દિવસો, મહીનાઓ કે વરસો મારે તેમની સાથે ટેકરી પર એકલા વીતાવવા પડે. ...અને વળી મને પણ આટલી લાંબી તણાવભરી યાત્રા પછી અહીં આદિવાસીઓની સાથે જરૂરી આરામ તો મળી જ રહ્યો હતો, બીજી બાજુ જરાસંધ અમને શોધતો શોધતો એટલી જલ્દીથી અહીં આવી પહોંચે એવી શક્યતા નહીંવત્ જ હતી. ...આવામાં ભાઈ થોડા વધારે દિવસ આનંદ લઈ લે એમાં શું ખોટું હતું?

...હવે બુરાઈ ભાઈ માટે ભલે ન હોય, પણ મારે માટે તો સામે છાતી ફુલાવીને ઊભી હતીને. ના... ના... જરાસંધ નહોતો ટપકી પડ્યો, ના તો એ ટપકી શકતો હતો. એક તો અમે રાતોરાત મથુરાથી ભાગ્યા હતા, અને ઉપરથી એટલે દૂર પણ આવી ગયા હતા કે અમારા સગડ મેળવવા કે અહીં સુધી પહોંચવાનું એમના માટે હજી દૂરની વાત હતી. મુસીબતોએ જે બારણું ખખડાવ્યું હતું તે એ કે અહીં રોજ મનાવવામાં આવતા ઉત્સવોએ મને વૃંદાવનની યાદ અપાવી દીધી. અને ઉપરથી જુલમ એ હતો કે હું વાંસળી પણ વગાડી શકતો નહોતો. આમ તો વસ્તીની રચના કે ઉત્સવ જ નહીં, તેમનો આંતરિક પ્રેમ પણ વૃંદાવનની યાદ અપાવવા વિવશ કરી મૂકે એવો હતો. સાચું તો એ છે કે આજ લોકો જીવન જીવવાની કળા જાણતા હતા. ભલેને આ લોકો થોડા અવિકસિત હતા, પરંતુ તેમનું જીવન, બરાબર વૃંદાવનની જેમ જ, તણાવમુક્ત હતું. હશે, હમણાં તો ભાઈની ઈચ્છા અને આદેશ્ર્વરના આગ્રહને વશ થઈને અમે પૂરા આઠ દિવસ આ આદિવાસી વસ્તીમાં વીતાવ્યા. આ આઠ દિવસોમાં આદેશ્ર્વર જ

નહીં, આખી વસ્તી અમારી સાથે હળીમળી ગઈ હતી. રોજ રાતે ઉત્સવમાં ભાગ લેવો અને ભાઈનું મદિરા પીને મસ્ત થઈ જવું, બસ, આજ અમારો નિત્યક્રમ હતો. અંતે નવમા દિવસે મેં ભાઈને મનાવી જ લીધા. અને આ સાથે જ અમે આદેશ્ર્વર અને સમગ્ર વસ્તી પાસે જવાની રજા માંગી. ...જોકે કોઈ અમને જવા દેવા માંગતું નહોતું. અમારા જવાનો નિર્ણય સાંભળીને બધાની આંખો ભીની થઈ ગઈ હતી. થોડો જ સંગાથ હોવા છતાં, અમારા બધા વચ્ચે એવો સ્નેહ બંધાઈ ગયો હતો, જાણે વર્ષોથી સાથે વસી રહ્યા હોઈએ. તમે નહીં માનો જે પ્રેમ મને વૃંદાવનવાસીઓ પાસેથી મળ્યો હતો તે પ્રેમનો અનુભવ મને અહીં આ વસ્તીમાં પણ થઈ રહ્યો હતો. આદેશ્ર્વર તો ઉંમરમાં ચાળીસનો હોવા છતાં પણ મારો મિત્ર બની ગયો હતો. આવામાં કોને જવાનું મન થાય? પરંતુ જીવનની હકીકત તો એજ હતી કે જવાનું જરૂરી હતું. સહુથી મોટી આશ્ર્વાસનજનક વાત તો એ હતી કે ક્યારેય પણ અને કોઈપણ પરિસ્થિતિમાં કોઈપણ કામ માટે પોતાને યાદ કરવાનું આદેશ્ર્વરે નિવેદન કર્યું. આમ સરવાળે આવી ભાવભીની વિદાય અને ભાવુક વાતોને કારણે, અમને નીકળતા નીકળતા બપોર થઈ ગઈ હતી. પચાસેક સ્ત્રી-પુષ તો અમને વસતિની બહાર સુધી વિદાય આપવા આવ્યા હતા. આ બાજુ મેં તરત જ મારો રથ ત્યાંજ આદેશ્ર્વરના તાબામાં સોંપી દીધો. બધું બરાબર થયે, પાછા ફરવાનું પણ આજ રથમાં હતું ને. અને હવે ચોક્કસપણે, અહીંથી આગળની યાત્રા અમારે પગપાળા જ કરવાની હતી.

...અને આની સાથે જ જીવનની એક વધુ કષ્ટદાયક યાત્રા શરૂ થઈ ગઈ હતી. આગળની યાત્રા ખરેખર ઘણી વિકટ લાગી રહી હતી. વસ્તી શું છોડી, એવું લાગી રહ્યું હતું કે જાણે આકાશમાં ઊડી રહેલા પંખીઓ ધરતી પર આવીને પડ્યા. કારણ કે આટલા ગાઢ જંગલોમાં યાત્રા પગપાળા કરવી પડે એ કોઈ સુખદ અનુભવ તો રહેવાનો નહોતો. માથેથી મુસીબત એ કે જેમ જેમ અમે આગળ વધી રહ્યા હતા, તેમ તેમ જંગલ વધારે ગાઢ થતું જઈ રહ્યું હતું. સાચું કહું તો આવું ગાઢ જંગલ મેં આ પહેલા ક્યારેય જોયું નહોતું. તમે નહીં માનો, જંગલ એટલું ગાઢ હતું કે ધીમે ધીમે પગપાળા ચાલવાનું જ મુશ્કેલ થઈ રહ્યું હતું. હવે તો અમારે ઝાડીઓને ચીરીને માર્ગ બનાવવો પડતો હતો, અને આ મથામણમાં, હમણાં સુધી હાથમાં કોણ જાણે કેટલાય કાંટા ભોંકાઈ ગયા હતા. જંગલી જાનવરોના અવાજ અને તેમની આવન-જાવન તો અવિરતપણે ચાલુ હતી. કોઈપણ પ્રાણીનાં અણધાર્યા હુમલાને પહોંચી વળવા માટે અમે ગદા અને ચક્ર તૈયાર જ રાખ્યા હતા. ખરેખર, યાત્રા આટલી અઘરી હશે એનો અંદાજો મને નહોતો. આ તો સારું હતું કે અમારી પાસે માત્ર એક ખજાનાની પોટલી અને બે જોડી કપડાં હતા, નહીંતર કદાચ ટેકરી ચઢવાનું કપરું બની જાત. ...તેમ છતાં, આ યાત્રા ક્યાં સહેલી દેખાતી હતી? સહુથી મોટી મુશ્કેલી તો એ કે અમારે જંગલમાં મળનારા કાચાં-પાકાં ફળ ખાઈને જ ગુજરાન ચલાવી લેવું પડતું હતું. ...સારું માત્ર એ હતું કે ગંતવ્ય, એટલે કે ગોમંતની ટેકરી સામે જ દેખાતી હતી. અને સ્વાભાવિક રીતે, જેમ જેમ અમે ટેકરીની પાસે આવતા જતા હતા, તેમ તેમ ટેકરી વિશાળ લાગતી જતી હતી. મને તો આજુબાજુ ઘણી નાની-મોટી ટેકરીઓથી ઘેરાયેલી આ ગોમંત પર્વતમાળા એવી લાગી રહી હતી કે જાણે તે આ બધી ટેકરીઓનો રાજા હોય. સાચું કહું તો આવી વિશાળ ટેકરી મેં પહેલા ક્યારેય જોઈ નહોતી. આમ સરવાળે, વૃંદાવનમાં ગાયો ચરાવવી અને ગોવર્ધન ચઢવાનું આજે ઘણું કામ આવી રહ્યું હતું. અન્યથા આટલા ગાઢ જંગલમાંથી પસાર થઈને ટેકરી પર ચઢવાનો વિચાર જ નિરર્થક હતો.

આમ તો એક રસપ્રદ વાત કહું તો સમસ્યા કપરા માર્ગ કે ગાઢ જંગલ માત્રની નહોતી, સમસ્યા બીજીય હતી જે હું મારી સાથે જ લઈને ચાલી રહ્યો હતો. હા, તમે બરાબર સમજ્યાં... 'ભાઈ'. એક તો કઠિન રસ્તા તેમને આમ પણ પરેશાન કરી રહ્યા હતા, ઉપરથી સાંજ ઢળતા જ તેમને મદિરાની યાદ આવી જતી હતી. તમે સમજી શકો છો કે આવામાં ભાઈને સંભાળવાનું મને કેટલું ભારે પડી રહ્યું હશે. જોકે આટલા વર્ષો સાથે રહેતા રહેતા હું આ બધાથી ટેવાઈ ગયો હતો, ...તેમ છતાં મુસીબત તો હતી જ.

આ બાજુ જંગલ એટલું ગાઢ હતું કે તેનો અંદાજો તમે આના પરથી લગાવી શકો છો કે અમે લોકો આખા દિવસમાં તડકાને માટે તરસી રહ્યા હતા. કર્મઠતા એટલી કે આમ હોવા છતાં, માર્ગ બનાવતા બનાવતા આગળ વધતા જતા હતા. અને સાંજ થતાં જ થાક્યા-પાક્યા અમે કોઈ ઘેઘૂર વૃક્ષ પર ચઢી જતા. થોડા કાચાં-પાકાં ફળ ખાતાં અને તેની ડાળી પર જ સૂતા-જાગતા, જેમ તેમ રાત પસાર કરી લેતા. આ જંગલોની રાત ખરેખર બહુ ભયાનક હતી. સામાન્ય મનુષ્ય માટે આવી એક રાત પણ પસાર કરવી અશક્ય હતી. રાત્રે સરરર સરરર કરતી ફૂંકાતી હવા અને એકથી એક ભયાનક જંગલી જાનવરોના અવાજોએ ભેગા મળીને ઊંઘ હરામ કરી દીધી હતી. સૂવાનું તો ઠીક, અહીં તો ઊંઘ આવે તો પણ સાવધાનીવશ જાગવું જ પડતું હતું. કારણ કે ક્યારે પણ કોઈપણ ખતરનાક જાનવર અમારી ઉપર હુમલો કરી શકતું હતું. જરાક બેદરકારી અને ખબર પડે કે અમે રાતે સૂતા સૂતા જ કોઈ કદાવર જાનવરનું ભોજન બની ગયા છીએ. આમ તો દિવસની યાત્રા દરમિયાન પણ કેટકેટલા જાનવરો સાથે બાથ ભીડવી જ પડતી હતી. તમે માનશો નહીં કે અત્યાર સુધીની ટૂંકી યાત્રા દરમિયાન જ કંઈ કેટલાય જાનવર ભાઈની ગદાનો શિકાર બની ગયા હતા. કહેવાનું તાત્પર્ય, યાત્રા દરેક રીતે કપરી અને કષ્ટદાયક હતી.

આખરે લગભગ પાંચ દિવસોની સતત યાત્રા બાદ, અમે 'ગોમંત-પર્વત'ની પાસે પહોંચી જ ગયા હતા. પર્વતની વિશાળતા ખરેખર કલ્પના બહારની હતી. જોકે આજે ને આજે પર્વત ચઢવાની અમારી કોઈ તાકાત નહોતી. આથી એક સુરક્ષિત ઝાડની શાખા પર ચઢીને અમે લોકો સાંજ પડતા જ ત્યાં સૂઈ ગયા. થાક અસહ્ય હતો જ. ને વળી અહીં જંગલી જાનવરોનું જોખમ પણ

ઓછું હતું. બસ, થોડી નિરાંત શું થઈ, સૂતા તો એવા સૂતા કે સીધા બીજા દિવસે બપોરે જ ઊઠ્યા. વિચારો કે ઝાડની ડાળી ઉપર બેઠા બેઠા આટલી લાંબી નિંદર ખેંચી લીધી. ખેર, આ બાજુ પૂરી ઊંઘ શું મળી, અમે ઘણી સ્ફૂર્તિ અનુભવવા લાગ્યા. બસ, પછી તો શું હતું? થોડા ફળ વગેરે ખાઈને તરત જ પર્વત ચઢવાનું શરૂ કરી દીધું. નાના-મોટા અને ઘેઘૂર વૃક્ષોથી ઘેરાયેલો આ પર્વત પણ ખાસ્સો ગાઢ દેખાતો હતો. એટલો ગાઢ કે ઉપર ચઢવાનો માર્ગ શોધવો કપરું લાગી રહ્યું હતું. અથાક મહેનત કરવા છતાં, અમારી એ હાલત હતી કે આખો દિવસ ચાલ્યા તોય માંડ બે ડગ. આમ તો મુસીબત આજ એક નહોતી. ભલેને આ પર્વત પર જંગલી જાનવરોનો ભય ઓછો હતો, પરંતુ બદકિસ્મતીથી, એ જાતભાતના ઝેરી સાપોથી ભરેલો હતો. જોકે આ સારું હતું કે સર્પો સાથે બાથ ભીડવામાં મેં અને ભાઈએ નિપુણતા મેળવી હતી. અને વળી મને તો 'કાલીય નાગ' જેવા ખૂંખાર સાપનો વધ કરવાનો અનુભવ પણ હતો. ...આમ પણ તમામ જૂના અનુભવોના સહારે જ તો આ યાત્રા પસાર થઈ રહી હતી.

ખેર! આ બાજુ સપાટ જમીનથી ટેકરી પર આવવા છતાં, અમારા નિત્યક્રમમાં કોઈ ફેરફાર થયો નહોતો. આખો દિવસ ચઢતા રહેવું, સાંજ થતાં જ કોઈ વિશાળ વૃક્ષની ડાળી ઉપર સૂઈ જવું અને બીજા દિવસે ફરી યાત્રા શરૂ કરી દેવી. બસ, અહીં પણ અમારો આજ નિત્યક્રમ હતો. એટલું જ નહીં, જેમ જેમ અમે આગળ વધતા જઈ રહ્યા હતા, તેમ તેમ મુસીબત ઘટવાની જગાએ વધતી જ જઈ રહી હતી. શું કહું, ધીમે ધીમે ચઢાણ એટલું સપાટ થઈ ગયું હતું કે ચઢવાનું જ મુશ્કેલ બની ગયું હતું. ત્યાં સુધી કે ઘણીવાર તો એકબીજાનો હાથ પકડીને ચઢવું પડી રહ્યું હતું. વારંવાર પગ લપસવાથી એકબીજાને સંભાળવા પણ પડતા હતા. લગભગ આઠ દિવસના અથાગ પ્રયત્નો બાદ, અમે આ ટેકરીની પહેલી સપાટ જગા પર પહોંચી શક્યા. કહેવાની જરૂર નથી કે સપાટ જમીન જોતાં જ અમે ઝૂમી ઊઠ્યા હતા. આટલી ઊંચાઈ ઉપર આટલી વિશાળ સપાટ જમીન પણ હોઈ શકે છે, તેની તો અમે ક્યારેય કલ્પના જ નહોતી કરી. બીજી એક સારી વાત એ હતી કે અહીં સાપ કે અન્ય જંગલી જાનવર બિલકુલ દેખાતા નહોતા. ઊલટાનું એનાથી વિપરીત, અહીં તો વચ્ચે વચ્ચે ઘણા સારા અને ઘેઘૂર વૃક્ષો પણ દેખાતાં હતા. ખુશીની વાત એ કે એમાંના મોટા ભાગના વૃક્ષો જાતભાતનાં ફૂલો અને ફળોથી લદાયેલાં હતા. એટલે ભોજનની પણ કોઈ કમી વર્તાઈ નહોતી રહી. ...ચાલો, ઓછામાં ઓછું હવે ભૂખ્યા ભાઈના ગુસ્સાનો ભોગ તો નહીં બનવું પડે.

આમ સરવાળે, ટેકરી દરેક રીતે રહેવા માટે યોગ્ય લાગી રહી હતી. સોનામાં સુગંધ જેવી વાત એ હતી કે જમીનના બીજા છેડે નાનકડું તળાવ પણ દેખાતું હતું. મને તો જાણે ત્રણેય લોક મળી ગયા. ગાઢ જંગલોમાંથી પસાર થયા બાદ પહેલા સપાટ જમીન, પછી ફળોથી લદાયેલાં આ વૃક્ષો, ઉપરથી પાણીનું તળાવ. ખરેખર! આ સમયે આ ટેકરી કોઈ સ્વર્ગથી ઓછી સુંદર નહોતી લાગી રહી, અને કદાચ હતી પણ નહીં. બસ, અમે અહીં જ અમારો પડાવ નાખવાનું નક્કી કર્યું. સુરક્ષાની દ્રષ્ટિએ તો આનો આમ પણ કોઈ મુકાબલો હતો નહીં. કારણ સ્પષ્ટ હતું કે જે ગાઢ જંગલ અને ટેકરીના આ શિખર પર અમને પહોંચતા આઠ દિવસ લાગ્યા, એટલે એ નક્કી હતું કે બીજું કોઈ અહીં ત્રીસ-ચાળીસ દિવસ પહેલા તો પહોંચી શકવાનું નહોતું. અમારી પાસે તો વૃંદાવનના જંગલોમાં ફરવાનો અને ગોવર્ધન ચઢવાનો અનુભવ હતો; જે ચોક્કસપણે રાજાઓ કે તેમની સેનાઓ પાસે હોવાનો તો સવાલ જ ઉઠતો નહોતો. એટલે જ તો કહેવાય છે કે જીવન જે શીખવાનો મોકો આપે તે શીખી લેવું જોઈએ, ખબર નહીં શીખેલું ક્યારે અને ક્યાં કામ આવી જાય? આમ તો મારો અનુભવ પોકારી પોકારીને કહી રહ્યો હતો કે જીવન પાસેથી શીખેલી ચીજ જીવનના ઉપયોગમાં આવે જ છે. વ્યર્થ શિક્ષણ તો ખોટા સંન્યાસી અને નિમ્ન સ્તરના ગુરુકુળોમાં મળે છે, જેનો જીવન સાથે કોઈ સંબંધ નથી હોતો. જ્યારે જીવન તો માત્ર એજ શીખવાનો મોકો આપે છે, જે આગળ જઈને કામ આવવાનું હોય.

ખેર! આ બધું જવા દો. હાલ તો મહત્ત્વપૂર્ણ એ કે મથુરાથી અમે લોકો કોઈ સુરક્ષિત સ્થાનની શોધમાં જ ભાગ્યા હતા, અને હું ખાત્રી સાથે કહી શકું છું કે અમારે માટે આ ટેકરીથી સુરક્ષિત બીજું કંઈ જ નહોતું હોઈ શકવાનું. જરાસંધ અમને શોધી કાઢે તો પણ આ આકરી ટેકરીઓ ચઢીને અમારા સુધી પહોંચવામાં એને ચોક્કસપણે મહિનાઓ લાગી જવાના હતા. અર્થાત્ ઓછામાં ઓછું આવનારા ત્રણ ચાર મહિના સુધી અમે સુરક્ષિત હતા જ. આમ તો આ પહાડી ઉપર આશ્રય લઈને, ન કેવળ જરાસંધનું જોખમ હાલ પૂરતું તો ટળી ગયું હતું, ઊલટું અજાણપણે, અમે ખરેખર એક સુંદર જગા પર આવી ગયા હતા. અહીં, ના તો ખાવા-પીવાની કોઈ કમી હતી અને ના તો સુંદરતાનો કોઈ અભાવ હતો. મને તો મજા પડી ગઈ હતી. વાતાવરણ જ કંઈક એવું બની ગયું હતું કે હું તો પહેલા દિવસથી જ અલમસ્ત બની ગયો હતો. ...પહાડીની આ સપાટ તળેટીની વાત કરું તો અહીં ચારે તરફ નજર કરો તો છૂટાંછવાયાં વૃક્ષો નજર આવતાં હતા. પહાડીની જમણી બાજુના ખૂણા પર એક રમણીય તળાવડી બનેલી હતી, જે સ્વાભાવિક રીતે અમારા પીવા-નહાવાની વ્યવસ્થા કરતી હતી. તો અહીંથી દૂર દૂર સુધી, જ્યાં જુઓ ત્યાં નીચેની તરફ એકદમ ગાઢ જંગલ દેખાતું હતું. હવા તો એટલી ફૂંકાઈ રહી હતી કે પૂછો જ નહીં. મારો તો બે દિવસમાં જ નિત્યક્રમ પણ જામી ગયો હતો. સવાર-સાંજ બંને સમયે ટેકરીના ચક્કર લગાવીને ફરવું, આખો દિવસ જાતભાતનાં ફળ તોડવાં અને ખાવાં. મજા તો એ કે ચેનની બંસરી તો વગાડી જ રહ્યો હતો, હવે અહીં સાચેસાચ વાંસળી વગાડવામાં પણ કોઈ જોખમ નહોતું. બસ, સાંજ ઢળી નહીં કે વાંસળીની ધૂનમાં ખોવાયો નહીં. વાંસળી ક્યારેક મને વૃંદાવનની ગલીઓમાં ફરવા લઈ જતી, તો ક્યારેક રાધા અને અન્ય ગોપીઓની સાથે રાસમાં લીન કરી દેતી. ત્યાં સુધી તો ઠીક, પણ જુલમ તો ત્યારે થઈ જતો કે જ્યારે મારી વ્હાલી વાંસળી મને રુક્મિણીની યાદોમાં ખોવાઈ જવા વિવશ કરી દેતી. તો એમાં આટલું પરેશાન થવાની શી વાત છે? કંઈ

રુક્મિણીનાં સપનાં જોવાનું થોડું જ બંધ કરી દીધું છે? ઉદાસ કેમ થાય છે, આજે જીવ બચ્યો છે, તો કાલે દુનિયા પણ જરૂર વસી જશે.

...આમ તો દિલ બહેલાવવા 'ખયાલે-કૃષ્ણ' સારો હતો, પણ સાચી હકીકત એ હતી કે માત્ર જીવ બચાવવાથી શું થવાનું હતું? હકીકતમાં પરિસ્થિતિઓ વધારે વિકટ થઈ ગઈ હતી. ક્યાં હું રુક્મિણીને મેળવવા માટે ધન કમાવા માંગતો હતો, પોતાનું રાજ્ય વસાવવા માંગતો હતો અને ક્યાં આ વિશાળ ટેકરીઓ પર બે ભાગેડું, ના મકાન, ના વાસણ, ના પથારી. અહીં તો સૂવાના નામ પર જમીન અને ઓઢવાના નામ પર આકાશ હતું. ચોક્કસપણે અહીંથી રુક્મિણીને લાયક બનવાનું કે તેને પામવાના સપનાં જોવાનું તે એક ઉદ્દંડતાથી વધીને કશું નહોતું. સાથે એ પણ હકીકત હતી કે તેને ભૂલવાનું પણ તેટલું જ અશક્ય હતું. આમ સરવાળે સાંજ સપનાં અને હકીકતના વિરોધાભાસની અવઢવ વચ્ચે વીતે જતી હતી. અને મારા દિલની વાત કહું તો મને આ ખેંચતાણ સહન કરવાનું તો મંજૂર હતું, પણ રુક્મિણીનું સપનું છોડવું મંજૂર નહોતું. ...ભલેને તમે વિચારો કે મોતના ઓથાર હેઠળ ઘેરાયેલો એક ગરીબ ગોવાળ, જેની પાસે ના ઘર છે ના બાર, અને જેનું જીવવું-મરવું સુદ્ધાં જરાસંધ પર નિર્ભર છે, તે જો રુક્મિણી જેવી રાજકુમારીને પામવાની કે રાજા બનવાની વાત કરે તો તમે કહેશો કે એ કાં તો ભ્રમમાં છે કાં તો ગાંડો થઈ ગયો છે. પણ જ્યાં સુધી મારો સવાલ છે, મારી બાબતમાં હું દાવાથી કહી શકું છું કે હું ગાંડો નહીં 'દીવાનો' હતો; અને એ આશા પર જીવતો હતો કે આજે નહીં તો કાલે દીવાનાઓને સંપૂર્ણ જગત મળી જ જતું હોય છે.

...હવે 'દુનિયા' મળે ના મળે, અત્યારે તો હું મારી વાંસળીના સહારે રોજ સાંજે બે દુનિયા મેળવવાનું સુખ પામી રહ્યો હતો. આમ તો વાંસળી મને બાળપણથી જ પ્રિય હતી, તો પણ તે મારી આટલી પ્રિય ક્યારેય બની શકી નહોતી જેટલી આજે હતી. કારણ કે આજે તે જ મારી રાધા હતી અને તે જ મારી રુક્મિણી પણ. મારું ધન પણ તે જ હતી અને મારું રાજ્ય પણ. ...એટલે તો કહું છું કે જીવનમાં જો કળાનો શોખ હોય, તો સહુથી મોટામાં મોટા સંકટમાં પણ આનંદથી જીવી શકાય છે. ચાલો, આ તો મારી વાત થઈ, જોકે મારાથી વિપરીત, ભાઈની પરિસ્થિતિ ઘણી દયનીય થઈ ગઈ હતી. એક તો સાંજ ઢળતાં જ તેમને મદિરાની યાદ આવી જતી હતી, બીજું તેમનો અને કલાનો આમ પણ છત્રીસનો આંકડો હતો. કલા છોડો, તેમને તો જીવન સંબંધિત જરીમાં જરૂરી શોખ પણ નહોતા. તેઓ ના તો વ્યાયામ કરતાં હતા, ના તો ફરવામાં કોઈ રુચિ દેખાડતા હતા. પરિણામસ્વરૂપ, સાંજ થતાં જ, મદિરાની યાદ તેમને કંઈક વધારે જ ઉગ્ર બનાવી દેતી હતી. ત્યાં સુધી કે આને લીધે, બિચારાને સમય પસાર કરવાનું જ મુશ્કેલ થઈ ગયું હતું. આખો દિવસ એક વૃક્ષથી બીજા વૃક્ષ સુધી ચક્કર લગાવતા રહેતા, ...અને જ્યારે થાકી જતા તો કલાકો સુધી એક જ વૃક્ષની નીચે મૂર્તિની જેમ બેસી રહેતા. ...ઉપરથી મુસીબત તો એ હતી કે ધીમે ધીમે એમની આ વ્યગ્રતા પાગલપણાંનું રૂપ ધારણ કરવા લાગી હતી. એટલું જ નહીં, હવે તો તેમનું આ વધતું પાગલપણું મારા જીવવામાં પણ વિઘ્નરૂપ સિદ્ધ થવા લાગ્યું હતું. ત્યાં સુધી કે તેમણે એક વાર ફરી મારી સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધું હતું. તેઓ આ સંકટભર્યા જીવનનું મૂળ મારી રણ છોડવાની નીતિને જ માની રહ્યા હતા, અને એ દ્રષ્ટિથી જોવામાં આવે તો તેમની પાસે નારાજ થવાનું વાજબી કારણ પણ હતું. ...અને જ્યાં સુધી મારો સવાલ છે, મારી પાસે હાલ પૂરતું આ સમસ્યાનું કોઈ સમાધાન નહોતું. અને મારા મત અનુસાર જે સમસ્યાનું કોઈ સમાધાન ના હોય, તેનો સ્વીકાર કરી લેવો જ શ્રેયસ્કર હોય છે. આથી ભાઈના પાગલપણાંની અવગણના કરતાં કરતાં મારું જીવવાનું મસ્તીથી ચાલું હતું. હા, સવાર-સાંજ વક્ર દ્રષ્ટિએ ભાઈની નારાજગી અને દુ:ખોનું દર્શન અવશ્ય કરી લેતો હતો. તેનાથી એ સ્પષ્ટ સમજી રહ્યો હતો કે આ બધું વધારે દિવસ ચાલવાનું નથી, આજે નહીં તો કાલે, ભાઈની ધીરજનો બંધ તૂટી જ જશે. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તેઓ ગમે ત્યારે બળવો પોકારી ઉઠશે. ખરેખર, આ તો ઘણી ભારે મુશ્કેલી ઉભી થઈ ગઈ હતી. અર્થાત્ ટેકરી પર ભાઈ જીવવા નહીં દે અને ટેકરી છોડીશ તો જરાસંધ જીવતો નહીં છોડે. આવામાં ચોક્કસપણે જાન છે તો જહાન છે, આવામાં 'ભાઈ' નામની મુસીબતને સહન કરવાનું વધારે યોગ્ય હતું.

હવે મારા યોગ્ય જાણવા કે સમજાવવાથી શું થવાનું હતું? અહીં તો સમસ્યા દિવસે ને દિવસે વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જતી હતી. આમ તો ટેકરી પર આશરો લીધે, હજુ દસ દિવસ જ થયા હતા, પરંતુ ભાઈની હાલત જોઈને એવું લાગી રહ્યું હતું કે જાણે અમે વર્ષોથી અહીં કષ્ટ ઉઠાવી રહ્યા છીએ. સાચું કહું તો તેમની વધતી જતી અકળામણે મને પણ વિચારવા માટે મજબૂર કરી દીધો હતો કે આ કેવું જીવન છે? આવું જીવન આખરે ક્યાં સુધી જીવી શકાશે? ...કેમેય કરીને, આજીવન તો નહીં જ. બીજી બાજુ, આ અંદાજો લગાવવાનું પણ સહેલું નહોતું કે જરાસંધ નામની આફત ક્યારે અને કેવી રીતે ટળશે? હજી તો તે મથુરા પહોંચ્યો હશે. ...ખબર નહીં અમારા ત્યાં ના હોવાની ખબર મળતાં તેણે શી પ્રતિક્રિયા આપી હશે? તેમજ અહીં બેઠા બેઠા એ સમજવાનું પણ સહેલું નહોતું કે તેની આગળની રણનીતિ શું હશે? સહુથી મોટી વાત તો એ કે અહીં અમારા સુધી કોઈ ખબર પહોંચશે તો પણ કેવી રીતે? આમ સરવાળે, જીવ તો બચી ગયો હતો પણ જીવનની સાથે સાથે બાકી બધી વાતો ઉપર પણ ઘોર અંધકારનો પડદો પડી ગયો હતો. જીવતે જીવત આનાથી વધારે કષ્ટદાયક જીવનની કલ્પના કરી શકાતી નહોતી. આવામાં જો ભાઈ પણ ધીરજ ગુમાવી ને વિફરી બેસે અને મારે દબાણમાં કોઈ ખોટો નિર્ણય લેવો પડે, તો તો પત્યું.

...એટલે કે એવું કંઈક થાય, એ પહેલાં અહીંયાં ભાઈનું મન લગાવવું અત્યંત જરૂરી હતું. તે દિવસે બપોરનો સમય હતો અને હું એક વૃક્ષની નીચે બેસીને આ બધું વિચારી રહ્યો હતો, બીજી બાજું ભાઈ અહીં જ થોડે દૂર એક વૃક્ષની નીચે સૂતા હતા.

સાચું કહું છું તે જે રીતે સૂતા હતા, તે ઢબ જ મારા ધબકારા વધારવા માટે પર્યાપ્ત હતી ત્યારે જ મને કોઈ વિચારે હસવું આવી ગયું. મેં મનમાં ને મનમાં ભાઈની સામે મન પરોવવા માટે વાંસળી અને નૃત્ય શીખવાનો પ્રસ્તાવ મૂક્યો. અને આ સાંભળતા જ, ભાઈ તો એવા ભડક્યા કે જાણે મને મારતા મારતા મગધ સુધી લઈ ગયા અને ત્યાં જઈને જરાસંધની સામે મને નૃત્ય શીખવવા મૂકી આવ્યા હોય. આ કાલ્પનિક દ્રશ્ય જ એવું હતું કે કોઈને પણ હસવું આવી જાય. જોકે તત્કાળ ભાઈ પર નજર પડતાં જ બધું હસવાનું છૂમંતર થઈ ગયું. મન તત્ક્ષણ વર્તમાન સમસ્યામાં ગૂંચવાઈ ગયું. ખરેખર, જીવનમાં કેટલાક રસ, કેટલીક મસ્તી, કેટલાક ધ્યેય તો હોવા જ જોઈએ. નહીંતર મનુષ્ય અને જાનવરના જીવનમાં શો ફર્ક રહી જશે? વાત તો ઠીક છે, પણ લાખ મુદ્રાઓનો સવાલ એ હતો કે જીવનમાં રસ કેવી રીતે ભરવામાં આવે? મસ્તી ક્યાંથી લાવવામાં આવે? અંતે આ ટેકરી પર શું કરવામાં આવે જેનાથી જીવન પાછું આવી જાય. હજાર વાર વિચાર્યા પછી પણ કંઇ સમજમાં આવી નહોતું રહ્યું. ...ધીરે ધીરે આ ચિંતામાં એવો ગૂંચવાયો કે આજે ના તો વ્યાયામમાં મન લાગી રહ્યું હતું, ના તો ફરવામાં ય કોઈ રુચિ રહી ગઈ હતી... વાંસળીના શરણે પણ જવાની કોશિશ કરી, પરંતુ વ્યગ્રતાની પકડ એવી હતી કે તેણે પણ એવો સાથ છોડ્યો કે જાણે મને ઓળખતી જ ન હોય. કદાચ તે પણ આ નીરસ જીવનથી કંટાળી ગઈ હતી. તેનો સાથ દેવા ના તો રાધા આવી રહી હતી કે ના તો રુક્મિણી. ત્યાં સુધી કે ગોપીઓ પણ નજર બચાવવા લાગી હતી. સાચું જ તો છે, કોઈ ક્યાં સુધી આવી જગાએ મરવા માટે આવે? અને જ્યારે કોઈ સાથ નહોતું આપી રહ્યું તો ઊંઘ શા માટે સાથ આપે? પડખાં તો ઘણા બદલી ચૂક્યો હતો, પરંતુ આજે ઊંઘ હતી કે આવવાનું નામ જ નહોતી લેતી. એટલે કે દિવસ તો પહેલાથી બગડી ગયો હતો, અને હવે રાતે પણ પરેશાન કરવામાં કોઈ કસર બાકી રાખી નહોતી.

...કોઈ વાત નહીં, વિચાર્યું કે જ્યારે ઊંઘ જ નથી આવી રહી, તો ચિંતન જ કરી લેવામાં આવે. બસ, પડ્યા પડ્યા આ કંટાળાભર્યા જીવનમાં રંગ ભરવાનો માર્ગ શોધવા લાગ્યો, ક્યાંકથી જીવન લાવવાની, કોઈ આનંદ પામવાની દિશા શોધવા લાગ્યો. ભાઈ તો ભાઈ, સાચું કહું તો હું પોતે પણ વધારે દિવસ આ રંગ-હીન જીવન જીવી શકવાનો નહોતો. હું પ્રેમ, ઉત્સવ અને આનંદનો શોધક, આવું નીરસ જીવન ક્યાં સુધી અને કેવી રીતે જીવી શકવાનો હતો? તેથી, આજે તો ચિંતનના બધાં જ થર ખોદવા લાગ્યો. ...પ્રત્યેક જીણાંમાં જીણી શક્યતાની તલાશ કરવા લાગ્યો. ...અંતે, ચિંતને પોતાનો રંગ બતાવ્યો, કહે છે ને કે કોશિશ પૂરી નિષ્ઠાથી કરવામાં આવે તો પરિણામ આવે જ છે. મને પણ આ ગહન અંધકારમાં પ્રકાશનું એક કિરણ નજરે ચડ્યું. હું ઉછળી પડ્યો, મને ટેકરી પર જીવન અને ઉત્સવ આવતો હોય તેવું લાગવા લાગ્યું. હવે તો આમ પણ ઊંઘ આવવાનો પ્રશ્ન જ ઊઠતો નહોતો. હવે તો બસ સવાર થવાની અને ભાઈના ઉઠવાની રાહ જોવાતી હતી. હું જલ્દીમાં જલ્દી તેમને મારી યોજના સંભળાવીને ખુશ કરી દેવા માંગતો હતો. સમય કાપ્યો કપાતો નહોતો. ઉપરથી પથ્થર પર પાંદડાં પાથરીને સતત પડખાં બદલવાનું પણ સહેલું નહોતું. બસ, હું ઊભો થઈને ફરવા લાગ્યો. ભાઈ બાજુમાં જ એક મોટા પથ્થર પર પાંદડાંની પથારી પર શાનથી સૂતા હતા. તેમને મારી ચહલપહલથી કોઈ ફરક પડતો નહોતો. સૂરજ ઊગી ગયો હતો, પણ તેમના નસકોરા યથાવત્ હતા. અંતે થાકીને, મેં અવાજ બમણો કરી દીધો. મહેનત રંગ લાવી; ભાઈ જલ્દીથી ઊઠી ગયા. બસ, મેં પણ ખુશી ખુશી તેમને મારી યોજના સાંભળવા કહ્યું. એમને તો શું, બસ, કાનને જ કષ્ટ આપવાનું હતું એટલે ડોકું ધૂણાવીને રજા આપી દીધી. રજા મળતા જ મેં કહ્યું- ભાઈ! જો ધ્યાનથી જોવામાં આવે તો આ ટેકરી અતિ સુંદર છે. અહીં ના તો જાનવરોનું જોખમ છે, ના તો જરાસંધનું. ના ખાવાની સમસ્યા છે, ના પીવાની. જો આ ટેકરી પર કોઈ ઊણપ છે તો તે જીવનની છે, અને ચોક્કસપણે જીવન વિના બધું નકામું છે. બીજું, આ તો ઠીક છે કે હમણાં ગરમીની ઋતુ છે, પરંતુ વર્ષાની અને શિયાળાની ઋતુમાં, અહીં મકાન વગર રહેવાનું અશક્ય બની જશે. આ દ્રષ્ટિએ પણ આપણે કોઈ વ્યવસ્થા તો કરવી જ પડશે. ચોક્કસપણે ભાઈ મારી વાત બહુ ધ્યાનથી સાંભળી નહોતા રહ્યા, પણ મારા માટે તો એટલું જ પૂરતું હતું કે સંપૂર્ણ રીતે ઉથાપી પણ નહોતા રહ્યા. આમ પણ વાત તેમના વિચારોથી થોડી ઘણી મેળ ખાઈ જ રહી હતી, આવામાં પૂરેપૂરી અવગણના તો કેવી રીતે કરત? બસ, આ ઉત્સાહની સાથે મેં મારી વાત આગળ વધારતા કહ્યું- ભાઈ, તમને યાદ છે... પેલા સંન્યાસીએ કહ્યું હતું કે આ ટેકરી એક પ્રાચીન સંપન્ન નગરી છે. એ દ્રષ્ટિથી બની શકે કે એમાં ઘણો ખજાનો છુપાયેલો પડ્યો હોઈ? આપણી પાસે ચંડકનું ભેટ આપેલું અપાર ધન પડેલું જ છે. તેને કામે લગાડીને આપણે આ ટેકરી પર કેમ જીવન ના લઈ આવીએ? અને ધન શોધવાનો પ્રયત્ન પણ કરીએ? આપણે એમ માનીશું કે આપણે આપણું ધન વધારે ધન કમાવા માટે વ્યવસાયમાં લગાવી દીધું... આ બાજુ 'આદેશ્ર્વર' આપણો સારો મિત્ર બની જ ગયો છે. તેની વસ્તી પર જંગલી જાનવરોના હુમલાનો ભય હંમેશાં તોળાઈ રહેતો હોય છે, તેમને પણ એક સુરક્ષિત સ્થાનની શોધ છે જ. આવામાં ચોક્કસપણે તેમના માટે આ ટેકરીથી વધારે સુરક્ષિત સ્થાન બીજું કયું હોય અને તે પણ તેમની પોતાની વસ્તીની આટલી નજીક. આથી હું વિચારી રહ્યો છું, આપણે શા માટે તે આદિવાસીઓને આપણી સાથે રહેવા માટે આ ટેકરી પર ના બોલાવી લઈએ, તેનાથી ટેકરી પર જીવન પણ આવી જશે અને ઉત્સવ પણ.

ભાઈ તો આ સાંભળતા જ ઝૂમી ઊઠ્યા. એટલે હવે તો આ ટેકરી પર રોજ નાચ-ગાન અને મદિરા. હજી સપનું જોવાનું શરૂ જ કર્યું હતું કે ...અચાનક ભાઈ ફરી ઉદાસ થઈ ગયા, જાણે કે તેમના ઉત્સાહને કોઈ ચિંતને રોકી દીધું હોય. આ બાજુ વાત મારી સમજણમાં ન આવી, તો બીજી બાજુ ભાઈથી પણ તે વધારે સમય છુપાવી ના શકાઈ. તેઓ ધીમેથી પૂછી ઉઠ્યા- શું આદેશ્ર્વર અને આદિવાસી અહીં આ ટેકરી પર આવવા માટે રાજી થઈ જશે? મેં કહ્યું- ચોક્કસ! કેમ નહીં? કારણ કે તેમાં એમનો

પણ ફાયદો સમાયેલો જ છે. ...બસ, તગડું આશ્ર્વાસન મળતા જ ભાઈ ફરી પ્રસન્ન થઈ ગયા. દસ દિવસ પછી પહેલી વાર ખુશ દેખાઈ રહ્યા હતા. ચોક્કસપણે એમની આ ખુશી મારી અંદર એક નવી ઊર્જાનો સંચાર કરી ગઈ. જોયું, કેવું સમાધાન શોધ્યું. હું પણ ખુશ અને ભાઈ પણ ખુશ અને આદિવાસી પણ... ચોક્કસપણે પ્રસન્ન. કપરી સમસ્યા - જડબેસલાક ઉપાય. અર્થાત્ 'બંનેને જીવન - બંનેનો ફાયદો' વાહ, કૃષ્ણ! સમસ્યા ગમે તેવી હોય, ઉપાય તો શોધી જ લે છે. શું કરું હવે તો પોતાની પર ગર્વ કરવો એ તો રોજનું થઈ ગયું હતું. એવું ના કહેતા કે હું મારા મોંઢે જ મારા વખાણ કરતો રહું છું. તમે જ ન્યાય કરો કે શું હું મારા મોંઢે જ મારા વખાણ કરું છું, કે કામ જ પ્રશંસા કરવા જેવાં કરું છું.

ખેર! જવા દો! હાલ તો અમે તરત જ દોડતા-કૂદતા વસ્તી તરફ ચાલી નીકળ્યા. એક તો હવે ટેકરી ચઢવાની નહીં, ઉતરવાની હતી અને ઉપરથી રસ્તો પણ જાણીતો હતો, સાથે જ ઉત્સાહથી ભરાયેલા પણ હતા; બસ, બીજા દિવસની બપોર થતાં થતાં અમે પાછા વસ્તીમાં પહોંચી ગયા. આદેશ્ર્વર જ નહીં, બધા આદિવાસી પણ અમને ફરી પોતાની વચ્ચે જોઈને ખુશીથી નાચી ઊઠ્યા. બીજી બાજુ મારા ભોળા ભાઈની ખુશીનું તો શું કહેવું? તેઓ તો બસ, સાંજની રાહ જોવામાં જ ગરકાવ થઈ ગયા હતા. તેમને નાચ અને મદિરાની મસ્તી અત્યારથી જ ચઢી ગઈ હતી. હું સ્પષ્ટ જોઈ શકતો હતો કે ધીમે ધીમે આ બંને શોખ તેમની કમજોરી બનતા જઈ રહ્યા હતા. આમ તો પ્રતીક્ષા મારાથી પણ થતી નહોતી, અકળામણ મને પણ હતી; પણ તેનું કારણ તદ્દન જુદું હતું. ...મારી અકળામણનું કારણ આદેશ્ર્વરને બરાબર રીતે યોજના સમજાવવાનું હતું. અને મારી અકળામણ દૂર કરવા માટેનો મોકો મળતા જ, હું આદેશ્ર્વરને એકાંતમાં લઈ ગયો. મેં એની સાથે મારા મનમાં આકાર લઈ રહેલી યોજના વિશે વિસ્તારથી ચર્ચા કરી. આદેશ્ર્વર નક્કી જ ઘણો સમજદાર વ્યક્તિ હતો. એટલા માટે નહીં કે તે તરત જ કોઈપણ વિરોધ વિના મારી યોજના સાથે સંપૂર્ણપણે સહમત થઈ ગયો, પરંતુ તે હકીકતમાં સીધો અને સમજદાર હતો. માન્યું કે ઘણીવાર હું પ્રશંસા કામ પાર પાડવા માટે જ કરતો હોઉં છું. પરંતુ તમે એ કેમ ભૂલી જાવ છો કે ભોળા અને સાચા લોકોની સાથે હું આવું નથી કરતો? ઊલટું હંમેશાં તેમને કામ જ આવું છું. આમ પણ હોંશિયારી બતાવવાની મજા તો હોંશિયારોની સાથે જ આવે છે.

...ખેર જુઓ, રાત્રિ-ઉત્સવમાં આદેશ્ર્વરએ પોતાની યોગ્યતાનો પરિચય આપીને મને સાચો સાબિત પણ કરી દીધો. એકદમ સરળતાથી તેણે તમામ આદિવાસીઓને રાત્રિ-ઉત્સવ સમયે મારી યોજનામાં શામિલ થવા માટે રાજી કરી લીધા. ભાઈને તો હવે બમણો નશો ચઢી રહ્યો હતો. એક મદિરાનો, બીજો આદિવાસીઓના રાજી થવાનો. મારી ખુશીનો પણ કોઈ પાર નહોતો. કારણ કે હું પણ વધારે સમય સુધી નીરસ જીવન જીવીને, માંડ માંડ મળેલા આ મનુષ્ય જીવનને નાહક ગુમાવવા માંગતો નહોતો. જ્યારે એક વાર વાત પાકી થઈ ગઈ હતી તો કોની રાહ જોવાની હતી? અમારો રથ તો પડેલો જ હતો, બસ, વહેલી સવારે જ હું, આદેશ્ર્વર અને કેટલાક આદિવાસીઓને લઈને કરવીરપૂરની પહેલા આવેલા એક નાનકડાં બજારમાં ગયો. ત્યાંથી મેં ઘર બનાવવાની અને વસાવવાની તમામ સામગ્રીઓ ખરીદી. ખોદવા માટેનાં કેટલાક સાધનો પણ ખરીદ્યાં. એટલું જ નહીં, મેં મારા અને ભાઈ માટે કેટલાક વસ્ત્રો પણ ખરીદ્યાં, જેથી ફરીથી મનુષ્ય જેવું જીવન જીવી શકીએ. આમ તો ભેટરૂપે આદેશ્ર્વરને પણ થોડા આધુનિક વસ્ત્રો અપાવવાનું ભૂલ્યો નહોતો. હવે તે જ તો અમારા જીવનનો અસલી રાજકુમાર હતો. અને વળી આમ પણ હવે ધનની તો કોઈ સમસ્યા નહોતી, આવામાં હું પોતાને બે ગાય અને બે ભેંસ ખરીદવાથી પણ ન રોકી શક્યો. અંતે એક ગોવાળ અકારણ દહીં-માખણ વિના શું કામ રહે? આ બાજુ અમારી ખરીદીએ ઉત્સાહની આગમાં ઘી હોમવાનું કામ કર્યું. બધા એટલા ઉત્સાહથી પોતપોતાના કામમાં જોતરાઈ ગયા કે બધાએ ભેગા મળીને ચાર દિવસમાં જ આખી વસ્તી સમેટી લીધી. હવે મુહૂર્ત ક્યાં જોવાનું હતું? સારું કામ સત્વરે શરૂ કરી દેવું જોઈએ, કારણ કે તે જ તેનું 'શુભ મુહૂર્ત' હોય છે. તે જ રીતે એનાથી વિપરીત, ખરાબ કામ માટે ના તો કોઈ સારો દિવસ હોય છે, ના તો તેના માટે કોઈ સારો સમય કુદરતે પણ નક્કી કર્યો હોય છે.

એટલે, બસ બીજા દિવસની સવારે જ અમે બધો સામાન ખભા પર ઊંચકીને ટેકરી તરફ ચાલી નીકળ્યા. શું આબાલ-વૃદ્ધ, શું સ્ત્રી-પુરુષ- બધાં ઉત્સાહિત હતા. બધા પોતપોતાની ક્ષમતા મુજબનો સામાન ખભા પર ઊંચકીને ચાલી રહ્યા હતા. આ બાજુ આદેશ્ર્વરએ લાખ ના પાડી હોવા છતાં, હું અને ભાઈ પણ અમારા ખભા પર સામાન લાદીને નીકળ્યા હતા. એટલે કે એક હાથથી ઘોડાની લગામ પકડીને રથને દિશા આપી રહ્યો હતો અને બીજા હાથમાં સામાન હતો. અને સ્વાભાવિક રીતે, મેં અને ભાઈએ રસ્તો જોયો હતો એટલે અમે બધાથી આગળ ચાલી રહ્યા હતા. અમારી સાથે કેટલાક યુવાનો અને આદેશ્ર્વર પણ ચાલી રહ્યો હતો. આમ સરવાળે, મથુરાનું નેતૃત્વ કરતાં કરતાં, આ સમયે બસ્સો આદિવાસીઓનું નેતૃત્વ કરી રહ્યો હતો. જ્યારે પણ પાછળ જોતો, તો એકની પાછળ એક ચાલી આવતા બસો લોકોનો કાફલો જોવા જેવો લાગતો હતો. ...જોકે વધારે સામાન, વડીલો અને સ્ત્રીઓ સાથે હોવાને કારણે આ વખતે ટેકરી ચઢવામાં પૂરા બાર દિવસ લાગ્યા. કહેવાની જરૂર નથી કે ટેકરીની સપાટી પર પહોંચતા પહોંચતા થાકને કારણે બધાની હાલત ખરાબ થઈ ગઈ હતી. આમ પણ એ નિયમ છે કે મોટું સુખ મેળવવા માટે નાના-મોટા દુ:ખ ઉઠાવવા જ પડે છે, આથી સહુએ ભેગા મળીને હસતા-હસાવતા આ દુ:ખ ઉઠાવી લીધું હતું. પરંતુ જેવો ટેકરીનો સપાટ હિસ્સો અને તળાવ સહુએ જોયું કે આખું દ્રશ્ય બદલાઈ ગયું. ખુશીના માર્યા બધાનો થાક દૂર થઈ ગયો હતો. ત્યાંજ ટેકરીની સુંદરતાએ બધાને મોહી લીધા હતા. પરિણામે, આરામ છોડીને બધા આમ તેમ ફરવામાં લાગી ગયા. દરેક જણ એક જ નજરે સમગ્ર ટેકરીને દિલમાં વસાવી લેવા માંગતું હતું. અને ભાઈનું તો કહેવું જ શું? એ તો કૂદી કૂદીને બધાને ટેકરીનો

દરેક ભાગ બતાવી રહ્યા હતા. એટલું જ નહીં, યુવાનોની ટોળીને લઈને ભાઈ ઘણાં ફળો પણ તોડી ચૂક્યા હતા. ચોક્કસપણે આજે રાત્રિ-ઉત્સવના નામે બધાએ આ ફળ ખાઈને જ રાત વીતાવી હતી. વળી આ કહેવાની જરૂરત જ નથી કે પોતપોતાની જગા શોધીને બધા જલ્દીથી સૂઈ ગયા. અહીંતહીં પથ્થરો અને ઘાસ પર બસો લોકોને સૂતેલા જોવાનું, એ પણ અદ્ભુત દ્રશ્ય હતું.

હશે, આજે તો મોટા ભાગના લોકો બપોર થતાં થતાં જ ઊઠ્યા હતા. આજનો દિવસ પણ કાલના દિવસ કરતાં કંઈ વધારે જુદો વીત્યો નહોતો. હવે બધાનો થાક ઊતરી ગયો હતો. હવે હું જલ્દી જલ્દી વસ્તી વસાવવા માંગતો હતો. બસ, બીજા દિવસે જ મેં બધાને કામ પર લગાવી દીધાં. ચોક્કસપણે કામની પૂર્ણ લગામ મેં મારા હાથમાં રાખી હતી. હું વસ્તીઓ વસાવવાનો અનુભવી પણ હતો અને જલ્દીમાં જલ્દી આ ટેકરી પર જીવનની ઊંચાઈઓને આંબવા માટે તત્પર પણ હતો. અને કહે છે ને કે 'સ્વાર્થ: પરમો ધર્મ:', આથી સહુથી પહેલા મેં બે આદિવાસી મહિલાઓને ગાય દોહવાનું, તેનું દૂધ કાઢવાનું અને પછી તેમાંથી દહીં અને માખણ બનાવવાનું શીખવી દીધું હતું. કારણ કે આ ગોપાલાથી વધારે દિવસ ભૂખ્યા પેટે ભજન કરવાનું અશક્ય હતું. ...બીજી બાજુ, આગળના બીજાં કામ કરવા માટે, મેં પુરુષ અને મહિલાઓની અલગ અલગ ટુકડીઓ બનાવી. એમાં મેં પહેલી ટુકડીમાં લગભગ દસ પુરુષ અને વીસ સ્ત્રીઓનો સમાવેશ કર્યો, જેમનું કામ પથ્થર અને માટી ખોદવાનું હતું. બીજી ટુકડી એનાથી થોડી મોટી હતી. એમાં ત્રીસ પુરુષ અને ત્રીસ સ્ત્રીઓ હતી. તેમનું કામ માટી અને પથ્થરોમાંથી ઘર બનાવવાનું હતું. વસ્તીનો આખો નકશો પણ મેં જ મારા મનમાં બનાવ્યો હતો. નકશો બનાવતી વખતે મેં વૃંદાવન, વૈવસ્વતપુર તથા સાંદીપનિજીના આશ્રમને ખાસ ધ્યાનમાં રાખ્યા હતા. આમ પણ વસ્તી અને નગરીના હિસાબે મને મથુરા જરાયે પસંદ નહોતી. વળી મેં વસ્તીની નજીક અને તળાવની પાસે જ એક મોટા મેદાનની જગા છોડી હતી, જ્યાં કોઈ નિર્માણકાર્ય કરવાનું નહોતું. જી હા, આ જગા મેં ઉત્સવ મનાવવા માટે સુરક્ષિત છોડી હતી. આમ તો બધાનાં આવી જવા બાદ, હવે ઉત્સવ મનાવવા માટે મેદાન બનાવવાની રાહ જોવાની ક્યાં જરૂર હતી? કેમકે આમ પણ ઉત્સવ અને ઉમંગ વિના, કામ કરવાનું બોજારૂપ લાગે છે, પરંતુ જ્યારે કામની સાથે ઉત્સવને જોડી દેવામાં આવે છે, તો તે 'કર્તવ્ય' જણાવા લાગે છે.

ખેર! કુલ પંદર મકાન આદિવાસીઓ માટે બનાવાઈ રહ્યા હતા. તે બધા ટેકરીના બંને કિનારા પર હતા. અમારું ઘર તળાવની બરાબર સામે બનાવાઈ રહ્યું હતું, જે સામાન્ય ઘરો કરતાં થોડું મોટું બનવાનું હતું. આ ઘર બરાબર વૃંદાવનના નંદજીના ઘરના નકશા પર જ બની રહ્યું હતું. તમે તો જાણો છો કે નંદજીનું ઘર મને કેટલું બધું પસંદ હતું? તમે એ પણ જાણો છો કે તે ઘર, તે ગલીઓ મને કેટલી યાદ આવે છે? જોકે મારા સપનાં પૂરાં કરતી વખતે, હું મારા કર્તવ્યને ભૂલ્યો નહોતો. સહુથી મોટું ભવન આદેશ્ર્વર માટે જ બનાવાઈ રહ્યું હતું. ચાલો, આ બધું તો થઈ ગયું હતું, પણ સહુથી મોટી ખુશીની વાત તો એ કે બધાં પોતપોતાનાં કાર્યમાં પૂર્ણ એકાગ્રતાથી લાગી ગયાં હતા. બધાનો ઉત્સાહ જોતા જ પામી શકાતો હતો. હું પણ ઘણા ઉત્સાહથી ભવન અને મેદાન-નિર્માણના દિશા-નિર્દેશ આપવામાં લાગેલો જ હતો. હવે અહીં મારી પાસે કંઈ કાગળ-કલમ તો હતા નહીં. ...હોત તો પણ મારા ક્યાં કામના હતા? કારણ કે ભવન-નિર્માણનું મને કોઈ વ્યાવસાયિક જ્ઞાન તો હતું જ નહીં. હું તો બસ, બે-ચાર રેખાઓ જમીન પર જ બનાવીને આદિવાસીઓ પર મારો રોફ જમાવી રહ્યો હતો. મજા એ વાતની હતી કે હું દિવસ આખો એક પથ્થરની મોટી શિલા પર ત્રણ-ચાર લાંબી લાકડીઓ લઈને બેસી રહેતો હતો. બિચારા આદિવાસીઓ મને પરમ જ્ઞાની સમજીને આગળના ભવનનિર્માણની યોજના સમજવા પોતપોતની ટુકડીઓ સાથે ગમે તે સમયે આવતા રહેતા હતા. હું પણ થોડા રોફથી તેમને જમીન પર લાકડીથી રેખાઓ ખેંચીને આગળનું માર્ગદર્શન આપતો રહેતો હતો. મને તો આ કામમાં મજા આવતી હતી. સાચું કહું તો આ કામ મને 'નેતાગીરી'નો પૂરેપૂરો સંતોષ પણ આપી રહ્યું હતું.

...જોકે કામની તલ્લીનતાનો અંદાજ તમે આનાથી જ લગાવી શકો છો કે પહેલી ખુશખબરી તો અઠવાડિયામાં જ મળી ગઈ હતી. તળાવની પાસે બનાવાઈ રહેલું રસોઈઘર તૈયાર પણ થઈ ગયું હતું. આમ પણ અહીં પત્થર-માટીની કોઈ સમસ્યા તો હતી નહીં, જ્યાં જુઓ ત્યાં પડેલા જ હતા. અહીં રસોઈઘર શું બન્યું, બધાનો ઉત્સાહ બમણો થઈ ગયો. આમ પણ આદિવાસીઓના ઘરોમાં અલગથી ભોજન બનાવવાની કોઈ પરંપરા તો હતી નહીં. અને સાચું કહું તો મને પણ તેમની આ સામૂહિક ભોજન બનાવવાની પરંપરાએ ઘણો પ્રભાવિત કર્યો હતો. અને હવે તો તેમના ભોજનની સાથે સાથે હું અમારા ભોજનની પણ પાકી વ્યવસ્થા કરી ચૂક્યો હતો. જ્યાં ચાર પુરુષોની એક ટુકડી આખો દિવસ ફળ અને બળતણના લાકડા તોડવામાં વ્યસ્ત રહેતી હતી, તો બીજી બાજુ, બે સ્ત્રીઓ દહીં-માખણ બનાવવામાં લાગેલી રહેતી. આમ પણ હું ભોજનના શોખને મનુષ્ય જીવનના કેટલાક ઉત્તમ શોખોમાંનો એક માનું છું.

ખેર! અત્યારે તો અહીં ચાલી રહેલાં કામોની પ્રગતિની જ ચર્ચા કરું. અહીં જોતજોતામાં આદિવાસીઓએ ઘણી મશાલો તૈયાર કરી દીધી હતી. હવે રાતના સમગ્ર ભોજનકક્ષ અને મેદાન મશાલોથી ઝળહળી ઉઠતું હતું. ખરેખર, આટલી ઊંચી ટેકરી પર આ દ્રશ્ય જોવા જેવું લાગતું હતું. મને તો ટેકરીઓ પર પ્રકટેલી આ મશાલોએ ઘેલો કરી દીધો હતો. જોકે આવી ઘેલછાઓ ધીમે ધીમે કરીને મારા જીવનનું અંગ બનતી જતી હતી. આવો જ દીવાનો હું સૌ પ્રથમ ત્યારે થયો હતો જ્યારે મેં પહેલી વાર છપ્પન ભોગ ખાધા હતા. એમ તો પ્રથમ વાર મથુરાનું બજાર જોયું હતું, ત્યારે પણ મારા મન પર કંઈક આવી જ દીવાનગી છવાઈ હતી. અને હા, જ્યારે પહેલી વાર મેં રથની લગામ મારા હાથોમાં સંભાળી હતી, ત્યારેય હાલ કંઈક આવા જ હતા. અને પહેલી વાર

રુક્મિણીને જોઈ હતી ત્યારે પણ... જવા દો, આ કંઇ આ સમયે કરવા જેવી વાત છે? હમણાં તો એક બીજી રસપ્રદ વાત કહું. ...કહેવાય છે ને કે મનુષ્ય પોતાની ગમતી વસ્તુ શોધી જ લે છે. એમ જ જેવી રીતે મેં પોતે દહીં-માખણની વ્યવસ્થા કરી લીધી હતી, તેવી જ રીતે આદિવાસીઓએ પણ પોતાના મદિરાપાનની વ્યવસ્થા કરી લીધી હતી. થયું એમ કે ટેકરી પર 'વરુણ'ના ઘણા વૃક્ષો હતા. આદિવાસીઓએ થોડા દિવસોમાં જ આ વૃક્ષોના રસ વરુણીથી 'મદિરા' બનાવવાનું શરૂ કરી દીધું હતું. આનાથી ઉત્સાહિત આદેશ્વરે પોતે ચાર આદિવાસીઓને આ કામમાં લગાવી દીધા હતા. હવે આને લીધે, બીજા બધાની સાથોસાથ ભાઈનું પણ કામ થઈ ગયું હતું. એટલે હવે આ ટેકરી પર કોઈ ગોપાલક ભૂખ્યો નહોતો. બધા તૃપ્ત હતા. આમ તો કામ કરવાની મજા પણ તૃપ્ત માણસો સાથે જ આવે છે. વળી સાચું કહું તો કામ પણ તૃપ્ત આત્માઓ પાસેથી કઢાવી શકાય છે.

જવા દો. આમ સરવાળે, હવે તો ટેકરી પર જીવન જ જીવન હતું. આખો દિવસ કઠોર પરિશ્રમ અને રાતે ઉત્સવ. ...ઉત્સવથી યાદ આવ્યું, પ્રકટેલી મશાલોએ તો 'રાત્રિ-ઉત્સવ'માં એવા ચાર ચાંદ લગાવી દીધા હતા કે હું વૃંદાવન ગયા વિના જ વૃંદાવન પહોંચી ગયો હતો. આમ તો મારા પર છવાયેલા આનંદનું બધું શ્રેય આદિવાસીઓના પ્રેમને જ જાય છે, જે કોઈપણ રીતે વૃંદાવનવાસીઓથી ઉતરતો નહોતો. જ્યારે વૃંદાવન સાથે ટેકરીની સરખામણી કરી જ રહ્યો છું તો બધી વાતે કેમ ના કરું? અહીં ના તો ફળ તોડી લાવવા માટે દૂર જવાની જરૂર પડી રહી હતી, ના તો જંગલી જાનવરોનો ડર હતો; અને આ રીતે તો અહીંનું જીવનધોરણ વૃંદાવન કરતાં અનેકગણું સારું હતું. ...હવે તમે જ બતાવો કે હું આ ભવ્ય કામ માટે પોતાને શાબાશી આપું કે ના આપું? હવે ના આપું તો મારી સાથે અન્યાય થશે, અને આપું તો તમે કહેશો કે આ વારંવાર શું પોતાની પીઠ થાબડે રાખે છે? હવે શાબાશી આપું કે ના આપું, પણ આ તો માનવું જ પડશે કે હજુ થોડા દિવસો પહેલા આ ટેકરી પર મોતનો સન્નાટો છવાયેલો હતો અને આજે, જોતજોતામાં એના પર એવું જીવન ઉતરી આવ્યું હતું કે જેને જોઈને મોટા-મોટા રાજાઓ ઈર્ષાથી બળી ઊઠે. શું કરું? હું ઈચ્છું કે ના ઈચ્છું, પણ કામ જ કંઈક એવા કરી બતાવું છું કે મને મારી જાત પર ગર્વ કરવો જ પડતો હતો. મારે જ શું કામ, ગર્વ તો તમને પણ મારા પર થઈ જ રહ્યો હશે કે 'વાહ! કેવા કર્મવીર હતા કૃષ્ણ, તમે'.

ખેર! વર્તમાનમાં પાછો આવું, તો સમગ્ર ટેકરી પર સહુથી વધારે ખુશ તો ભાઈ હતા. અને તેમની ખુશી મારે માટે કેટલું મહત્ત્વ રાખતી હતી, એ તમે બધા જાણો છો. પણ સમયની સાથે તેમનું એક દુઃખદ પાસું પણ આંખ સામે આવી રહ્યું હતું. વાસ્તવમાં નાચ, ઉત્સવ અને મદિરા ધીમે ધીમે ભાઈની દુઃખતી નસ બનતા જઈ રહ્યા હતા [58] . એટલું જ નહીં, સમયની સાથે તેમનો આ શોખ ઝડપથી વિકૃત રૂપ પણ ધારણ કરતો જઈ રહ્યો હતો. હવે તો તેઓ દિવસે પણ મદિરા-પાન કરવા લાગ્યા હતા. સાથે જ કોણ જાણે શું થયું હતું કે આદિવાસી સ્ત્રીઓ સાથે હળવા-મળવાનું પણ શરૂ કરી દીધું હતું. આમ તો જીવનભર ભાઈનો સ્ત્રીઓ સાથે છત્રીસનો આંકડો રહ્યો હતો, પરંતુ કદાચ એક તો ઉંમરનો તકાજો હતો અને ઉપરથી બાકી રહેલું કામ મદિરા અને વાતાવરણે કરી દીધું હતું. ...આમ તો ભાઈ સ્ત્રીઓની નજીક આવ્યા, એ ખુશીની વાત હતી, પરંતુ જે જગાએ અને જે સમયે તેમના મનમાં આ પ્રેમના ફુગ્ગા ફૂટી રહ્યા હતા, તેને જરા પણ સારો સંકેત માની શકાય તેમ નહોતો. મારું સ્પષ્ટ માનવું છે કે કાર્ય સારું કે ખરાબ ક્યારેય નથી હોતું, કરવામાં આવેલું કાર્ય યોગ્ય છે કે અયોગ્ય, તેનો નિર્ણય તે ક્યા સમયે અને કઈ પરિસ્થિતિમાં કરવામાં આવ્યું છે, તેના પર આધાર રાખે છે. આ માપદંડથી તો ભાઈના મનમાં ફૂટી રહેલા પ્રેમના ફુગ્ગાઓ કસમયના જ હતા.

જવા દો! આ બાજુ મહિના આખાની આકરી મહેનત બાદ નિર્માણકાર્ય પૂરું થયું હતું. વસ્તી સંપૂર્ણ રીતે વસી ગઈ હતી. ચોક્કસપણે તેનું તમામ શ્રેય આદિવાસીઓની કાર્યક્ષમતાને જતું હતું. તેઓ અઠવાડિયાનું કામ દિવસોમાં કરી રહ્યા હતા. આમ પણ અહીં કોઈ મહેલ તો બનાવવાના હતા નહીં. લઈ દઈને માટી-પથ્થરની દિવાલો જ તો બનાવવાની હતી, જે હવા અને પાણીથી અમારી રક્ષા કરી શકે. ખેર, આ તરફ વસ્તી શું બની, આદેશ્વર અને આદિવાસીઓની ખુશીનો પાર ના રહ્યો. હું પણ ખુશીને લીધે નાચી ઊઠ્યો હતો. ઉત્સાહ અને ઉમંગ તો એવા કે હાથમાં રહેતા નહોતા. ...અને દ્રશ્ય પણ એવું કે ટેકરીની આ ઊંચાઈ પર બનેલી પંદર-સત્તર ઘરોની એક નાની સરખી વસ્તી અને અહીંથી ઊભા ઊભા જ્યાં સુધી નજર જાય, ત્યાં હરિયાળી જ હરિયાળી. ...ખરેખર ભાગ્ય શું હોય છે? ...કંઈ નહીં. બધું મનુષ્યનું 'કર્મ' જ હોય છે. એટલે જ તો મેં મારા પર આવેલા કોઈ સંકટને ભાગ્ય માનીને સ્વીકાર્યું નહીં, પરંતુ તેને કર્મથી મારી ભગાડ્યું. એટલે જ તો કહું છું કે હું 'કર્મવીર' હતો... છું, અને રહીશ. હું જ શા માટે, દરેક મનુષ્યએ કર્મવીર બનવું જ પડશે, નહીંતર તેનું કોઈ અસ્તિત્વ નથી. જો તેને આ સંસારમાં સુખે જીવવું હશે, તો તેણે પોતાના દ્વારા પોતાનો ઉદ્ધાર કરવો જ પડશે. આ કુદરતમાં મનુષ્યની પાસે તેની પ્રજ્ઞા અને કર્મ સિવાય બીજો કોઈ આશરો નથી.

ખેર! હાલ તો આ જ્ઞાનગોષ્ઠી બાજુએ રાખું, તો આ બાજુ વસ્તી શું વસી, આદેશ્વર સહિત તમામ આદિવાસીઓમાં એક નવું જ પરિવર્તન આવ્યું. તેમનો પ્રેમ પૂજામાં પરિવર્તિત થઈ ગયો. આ પૂજ્યતાનો ભાવ મારે માટે એકદમ નવી વાત હતી. સાચું કહું તો તેમનો આ ભાવ મારો અહંકાર વધારી રહ્યો હતો. પ્રેમ અને સન્માન તો હું બાળપણથી મેળવતો આવી રહ્યો હતો, પરંતુ આ 'પૂજ્યતા' થોડી જોખમી લાગી રહી હતી. મારે આ કારણે, અકારણ મારું સમગ્ર ચૈતન્ય મારા અહંકારને નિયંત્રિત રાખવામાં લગાવી રાખવું પડતું હતું. આજ સુધી મેં કોઈને નથી પૂજ્યો, ના તો હું ઈચ્છું છું કે કોઈ મને પૂજે. મેં યોગ્ય વ્યક્તિઓનું સન્માન કર્યું અને તેમની પાસેથી શીખ્યો. હું ઈચ્છું છું કે મારું પણ સન્માન કરવામાં આવે, અને મારી પાસેથી શીખવા જેવું શીખવામાં

આવે, બસ.

ચાલો, જવા દો આ વાતને. હજી આ બાજુ વસ્તીની વાત કરું તો પથ્થરો અને માટીના સ્વાભાવિક રંગોથી રંગાયેલી આ વસ્તી ખરેખર ખૂબ જ સુંદર લાગી રહી હતી. આટલી ઊંચાઈ પર ફેલાયેલી વસ્તી અને તેની બરાબર સામે એક ખુલ્લુ મેદાન વૃંદાવનની યાદ અપાવવા પૂરતું હતું. તેમ છતાં વસ્તીની પાસે જ એક ખૂબસૂરત તળાવ અને તેની ચારે તરફ ઘેરાયેલું જંગલ અને પહાડ, પ્રાકૃતિક સૌંદર્યમાં આ વસતીને વૃંદાવનથી ઘણું વધુ સોહામણું બનાવતું હતું. મને તો એવું લાગી રહ્યું હતું કે જાણે અમે ઐશ્વર્યના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન થઈ ગયા હોઈએ. ઉપરથી, અહીં થઈ રહેલા રાત્રિ ઉત્સવે તો આ જંગલને સંપૂર્ણ રીતે મંગલમય બનાવી દીધું હતું. એકંદરે, વસ્તીની જેટલી પ્રશંસા કરું એટલી ઓછી હતી. ખરેખર તેણે ટેકરીમાં એવો જીવ ફૂંકી દીધો હતો કે આખેઆખી ટેકરી ઝૂમી ઊઠી હતી. બીજી બાજુ, શું ભાઈ, શું આદેશ્વર અને શું આદિવાસી-તમામે તમામ મદમસ્ત હાથી થઈ ગયા હતા. કેમ ના થાય? જીવવા માટે આનાથી સુંદર કોઈ વાતાવરણ હોઈ જ શકતું નહોતું, ના તો આનાથી વધુ સુંદર અને સુરક્ષિત કોઈ જગ્યા હોઈ શકતી હતી. મહિના પહેલા, આજ ટેકરી મોતની માયાજાળ વર્તાઈ રહી હતી, અને આજે આજ ટેકરી પર સ્વર્ગ જેવું જીવન ઊતરી આવ્યું હતું. જરા વિચારો, મનુષ્ય પોતાની બુદ્ધિ, ઈચ્છાશક્તિ અને કર્મઠતાથી શું નથી કરી શકતો?

...આમ તો તમને આ બધાથી અલગ એક વાત કહું કે ખુશ તો હું પણ ઘણો હતો... પણ ગર્વથી જરાયે ફૂલાયો નહોતો; કારણ કે મારે માટે તો કામ હજુ શરૂ જ થયું હતું. જીવન તો વસી ગયું હતું, પરંતુ આ જીવનને બચાવવાનું અને વધારવાનું પણ જરૂરી હતું. અને તે ત્યારે જ શક્ય હતું, જ્યારે આ ટેકરીને જરાસંધ સાથે યુદ્ધ કરવા માટે તૈયાર કરવામાં આવે. ચોક્કસપણે આ સ્વયં જ એક રીતે તો દુષ્કર કાર્ય હતું. ક્યાં જરાસંધની આધુનિક હથિયારોથી લદાયેલી સુસજ્જિત સેના અને ક્યાં કેટલાક આદિવાસીઓના ભરોસે પડેલો હું? હવે તમે સમજી જ ગયા હશો કે હું શા માટે ઉન્મત્ત નહોતો થયો. સાધારણ રીતે, સામાન્ય મનુષ્ય મસ્તીમાં સાવધાની ભૂલી જાય છે, જ્યારે સાવધાની મારા વ્યક્તિત્વનો એક મુખ્ય ભાગ હતી. માન્યું કે ટેકરી લાખ સુરક્ષિત છે, ભલે હાલ-તુરત જરાસંધનું કોઈ જોખમ નથી જણાતું, પરંતુ જોખમ થોડું કંઈ ખતમ થઈ ગયું હતું? હું આ હકીકતથી કેવી રીતે મોં ફેરવી શકું તેમ હતો કે આજે નહીં તો કાલે, જરાસંધ કાળ બનીને આ ટેકરી પર તૂટી જ પડશે. ...મારી પ્રશંસા તો કરવી જ પડશે કે મેં ક્યારનું મારા ચૈતન્યને આ કામમાં લગાવી રાખ્યું હતું. તમે નહીં માનો જ્યારે વસ્તીનિર્માણનું કામ ચાલી રહ્યું હતું, ત્યારે પણ મારું ચૈતન્ય તો જરાસંધ સામે કેવી રીતે બાથ ભીડી શકાય, બસ, તેના જ વિચારોમાં દિવસ-રાત ડૂબેલું રહેતુ હતું. હવે મોત અને જરાસંધ કંઈ પૂછીને તો આવવાના નહોતા કે કૃષ્ણ તૈયારીઓ થઈ ગઈ હોય તો અમે આવી જઈએ? સામે એ પણ નક્કી હતું કે જરાસંધ સાથે હવે યુદ્ધ બીજે ક્યાંય નહીં, આ ટેકરી પર જ થવાનું હતું; કારણ કે, આજે નહીં તો કાલે, તે અમને શોધતો શોધતો અહીં આવી જ પહોંચવાનો હતો. ત્યાં એ વાત પણ સ્પષ્ટ હતી કે અમે આ ટેકરી છોડીને બીજે ક્યાંય ભાગી પણ શકતા નહોતા. અરે, ભાગી ભાગીને તો અહીં પહોંચ્યા છીએ... હવે બીજે ક્યાં ભાગતા? અર્થાત્ જેવી રીતે જરાસંધ સાથેનું યુદ્ધ ઉપાય વિનાનો વિષય હતો, જેને ઈચ્છો કે ના ઈચ્છો, કરવું જ પડે તેવું હતું, બરાબર એ રીતે જ, આ અટલ યુદ્ધની રણનીતિ પર વિચારતા રહેવાનું પણ ઉપાય વિનાનો વિષય હતો, હું ઈચ્છું કે ના ઈચ્છું, દિવસ-રાત એના વિચાર આવતા જ રહેતા હતા. એકંદરે આ પહાડી ઉપર, ભવિષ્યની બેજ શક્યતાઓ જણાતી હતી, કાં તો અમારા મોત થશે અથવા તો જરાસંધને અહીંથી મારી ભગાડી મૂકવો પડશે. સ્વાભાવિક રીતે જ, મારી નજર તો બીજી શક્યતા પર સ્થિર થયેલી હતી.

...અંતે, એક દિવસ મારું ચિંતન રંગ લાવ્યું. એક એવી રણનીતિ સૂઝી જ ગઈ કે જેનાથી ભલે જરાસંધને હરાવી શકાય તેમ નહોતું, પણ હેરાન કરીને ભાગવા પર ચોક્કસ મજબૂર કરી શકાતો હતો. ...તો મારે એનાથી વધારે બીજું શું જોઈતું હતું? ભાગી જાય, જીવ બચે. બે-ત્રણ વાર હેરાન થયા બાદ, એ પણ મને ભૂલીને, બીજા કામે લાગી જ જશે. હું તો આ વિચારમાત્રથી ઉત્સાહિત થઈ ગયો, અને એ પણ એવી રીતે કે મેં તરત એના પર અમલ કરવાનું શરૂ કરી દીધું. સહુથી પહેલા મેં દસ હટ્ટા-કટ્ટા વ્યક્તિઓને ટેકરી પરથી નાના-મોટા અને વિશાળ કદના પથ્થરો લાવીને ટેકરીની ચારે તરફ કિનારા પર રાખવાનું કહ્યું. આ કામ દસ દિવસોમાં પૂરું થઈ ગયું. ત્યાર બાદ તેમને ક્રમથી ગોઠવવાનું શરૂ કરી દીધું. કિનારા પર નાના પથ્થર, તેની પાછળ કેટલાક મોટા અને અંતે, વિશાળ પથ્થર ગોઠવી દીધા. ...હવે તમે કહેશો 'કૃષ્ણ' પાગલ થઈ ગયો છે. આ પથ્થરોનું શું કરશે? ક્યાંક આ પથ્થરોના ભરોસે જરાસંધને હરાવવાનું સપનું તો જોઈ નથી રહ્યો ને? તો મારી એક વધુ વાત સાંભળી લો. બુદ્ધિમાન મનુષ્ય એજ છે, જે ઉપલબ્ધ સામગ્રીને પૂર્ણ અને શ્રેષ્ઠ સમજે અને વિજયની આશા સાથે તેનો શ્રેષ્ઠતમ્ ઉપયોગ કરે; ...ના કે તે જે સાધનસામગ્રીની ઊણપને હારવાનું બહાનું બનાવે. આ સૂત્ર માત્ર યુદ્ધ માટે જ નહીં પરંતુ જીવનના તમામ સંઘર્ષોનું પણ એક સારસૂત્ર છે. જ્યારે આટલી વાત નીકળી છે તો તમને બીજી એક રહસ્યની વાત કહી દઉં કે એક આ સૂત્રને કારણે જ તો કૃષ્ણ 'જય શ્રીકૃષ્ણ' બન્યો છે. ...વળી બીજી એક મજાની વાત કહું તો તમારી જેમ જ, આ પથ્થરોને ગોઠવવાનો ઉદ્દેશ ના આદેશ્વરને સમજાઈ રહ્યો હતો કે ના આદિવાસીઓને, પરંતુ એક વાત સારી હતી કે તેમના માટે ઉદ્દેશ નહીં, મારી સૂચના જ પર્યાપ્ત હતી. હશે, હાલ તો તેની સાથે જ મારું એક મોટું કામ પૂરું થયું હતું. કારણ કે આમ પણ હાલ પૂરતું તો સુરક્ષાની દ્રષ્ટિએ આનાથી વધારે બીજું કંઈ કરી શકાય તેમ હતું પણ નહીં. અને વળી જરાસંધ પણ ક્યાં આજ ને આજ હુમલો કરી રહ્યો હતો? કહેવાનું તાત્પર્ય, તેને પ્રારંભિક

તકલીફો પહોંચાડવાની વ્યવસ્થા પૂરી થઈ ગઈ હતી. હવે આ બાબતે કંઇ કરવાનું બાકી ન હતું, ના તો વિચારવાનું. કંઇ રાતોરાત તો ટેકરી પર હથિયાર અથવા સેના પેદા નહોતી થવાની, હિંમત તો જે હતું તેનાથી જ ટકાવી રાખવાની હતી. આથી આ તમામ તૈયારી થઈ જતા, એક વાર તો મેં જરાસંધ પરથી ધ્યાન હટાવવાનું જ યોગ્ય માન્યું.

...આ બાજુ, જેવું જરાસંધ પરથી ધ્યાન હટાવ્યું, મને મહર્ષિ પરશુરામની વાત યાદ આવી ગઈ. તેમણે કહ્યું હતું ને કે 'આ ટેકરીમાં એક સંપન્ન નગરી દટાયેલી પડી છે [59] .' લ્યો, જરાસંધના વિચારોમાં, હું આટલી મહત્વપૂર્ણ વાત ભૂલી ગયો હતો. પણ, હવે યાદ આવી જ ગઈ છે, તો પછી વાર શેની? શા માટે તેની શોધ શરૂ કરી દેવામાં ના આવે? આમ પણ મને મહર્ષિ પરશુરામની એ વાત સમજાઈ જ ગઈ હતી કે પોતે જ પોતાના તારણહાર બનો અને તે માટે, ધન અને શક્તિ, બંને વધારો. તેથી હું આ હાથવગો મોકો છોડવા નહોતો માંગતો. હવે તમારાથી શું છુપાવું, હું કોઈપણ કિંમતે એક સાધારણ ગોવાળ રહીને મરવા નહોતો માંગતો. ઐશ્ર્વર્યના કેટલાય શિખરો સર કરવા માંગતો હતો, ચાલો એ માની લો કે મારી પ્યારી રુક્મિણીને પામવા તો માંગતો જ હતો. આથી દરેક દ્રષ્ટિએ, કર્મવીર કૃષ્ણ માટે આ ખજાનાની શોધખોળ જરૂરી થઈ ગઈ હતી. હવે સવાલ હતો આદેશ્ર્વરને સ્પષ્ટ કહેવાનો. આમ તો તે મારો પરમ ભક્ત થઈ જ ગયો હતો, તેમ છતાં વાત પાક્કી તો કરવાની જ હતી. બસ, સંધ્યાઉત્સવના સમયે જ્યારે આખું મેદાન મશાલથી ઝળહળી રહ્યું હતું અને બધાં નાચી-ગાઈ રહ્યાં હતાં, હું તેને પકડીને તળાવની બીજી બાજુ લઈ ગયો. અર્થાત્ હું તેને માત્ર અવાજથી દૂર લઈ ગયો હતો, બાકી સાચું કહું તો અહીંથી દૂર ફેલાયેલી વસ્તી અને તેની સામે મેદાનમાં બધાં નાચતાં-ગાતાં વધારે સુંદર લાગી રહ્યાં હતાં. ખેર, મેં તેને સંપન્નનગરી દબાઈ હોવાની વાત સીધેસીધી કહી દીધી. એ તો આ સાંભળીને જ ખુશ થઈ ગયો. તેણે તત્ક્ષણ આ કામ માટે બધા આદિવાસીઓની મદદ આપવાનું વચન આપ્યું. જોકે મળનારા ખજાનામાંથી આદેશ્ર્વરના ભાગનો પ્રસ્તાવ મેં મૂક્યો જ હતો, પણ સાચું કહું તો તે ખજાનાનો લોભી ઓછો અને મારા પ્રેમનો વધારે ભૂખ્યો દેખાઈ રહ્યો હતો. તેની આજ સરળતા હતી જેના પર હું ઓળઘોળ થઈ ગયો હતો. બસ, પાછા ફરતી વખતે તો અમે પળવારમાં મેદાનમાં પહોંચી ગયા હતા. ત્યાં હજુ પણ નાચગાન ચાલી રહ્યું હતું. મદિરાનો પણ દોર પર દોર ચાલી રહ્યો હતો. ભાઈ તળાવની પાસે કેટલાક યુવાન આદિવાસીઓની સાથે મદિરાપાનમાં વ્યસ્ત હતા. આ બાજુ આદેશ્ર્વરે તો જતાં જ રસોઈઘરની સામે બનેલા એક મોટા પથ્થરના આસન પર મને બેસાડી દીધો અને પોતે મારી નજીક ઊભા રહીને મોટેથી એક તાળી વગાડી. તાળી વાગતા જ નાચગાન બંધ થઈ ગયું. ...બસ, તેણે ખજાનાવાળી વાત વિસ્તારથી બતાવી દીધી. આ સાંભળતા જ, બધા લોકોમાં ઉત્સાહની એક નવી લહેર ફરી વળી. પછી તો નાચ-ગાન અને મદિરાનો એવો દોર ચાલુ થયો જે મોડી રાતે જ અટક્યો. આજે તો મને અને આદેશ્ર્વરને પણ ઘેરીને નચાવવામાં આવ્યા. આ બહાને ના કેવળ મારો નાચવાનો શોખ પૂરો થયો, બલ્કે સહુના ઉત્સાહે મુજ સ્વપ્નદ્રષ્ટાને ધનવાન થઈ જવાનો ભરોસો પણ અપાવી દીધો.

ખેર! બીજા દિવસે બપોર થતાં સુધીમાં જ અમે મેદાનમાં એક સભા રાખી લીધી. સ્વાભાવિક રીતે, હું સમય બગાડ્યા વિના ખજાનાની શોધખોળ કરવા માંગતો હતો. કહેવાની જરૂરત નથી કે એક વાર ફરી કામની લગામ મેં મારા જ હાથમાં લઈ લીધી હતી. સહુથી પહેલા તો મેં સમસ્ત આદિવાસીઓને બે ટુકડીમાં વિભાજિત કરી દીધા. પ્રથમ ટુકડીનું નેતૃત્વ હું પોતે કરી રહ્યો હતો, જ્યારે બીજી ટુકડીનું નેતૃત્વ આદેશ્ર્વરને સોંપી દીધું હતું. એટલું જ નહીં, બીજા દિવસથી જ બંને ટુકડીઓએ કામે લાગવાનું પણ નક્કી કરી દીધું હતું. અમે બધો સામાન પણ સાંજ થતાં સુધીમાં જ મેદાનમાં ભેગો કરી દીધો હતો. સહુનો ઉત્સાહ જોઈને હું તો ઉત્સાહની ચરમસીમા પર બેસી ગયો હતો. ...કદાચ બધા લોકો સારી રીતે સમજી રહ્યા હતા કે જો ખરેખર આ ટેકરી જૂની સંપન્ન નગરી હશે, તો ઘણો બધો ખજાનો મળવાની આશાને નકારી શકાય તેમ નહોતી. આ બધું તો બરાબર હતું, પરંતુ આટલા મહત્ત્વપૂર્ણ કામમાં ભાઈની ગેરહાજરી મારા માટે ચિંતાજનક હતી. યુવાનોમાં એજ એક હતા કે જે કોઈ વાતમાં રસ નહોતા લઈ રહ્યા. એ તો બસ, પોતાની આદિવાસી સખીઓ સાથે વસ્તીમાં જ મસ્ત હતા. અને સાચું કહું તો ભાઈની આ કસમયની આશિકી મારે માટે ચિંતાનું કારણ બનતી જઈ રહી હતી. ...કારણ કે ભાઈની આ હરકતોથી કાલે અંદરોઅંદર કોઈ સમજફેર થશે તો બધું ત્યાંનું ત્યાંજ રહી જશે એ નક્કી હતું. આ સૂમસાન ટેકરી પર અમે આ આદિવાસીઓના સહારે જ તો છીએ, આવામાં જો આદેશ્ર્વર કે અન્ય કોઈના મનમાં જરા પણ સમસ્યા પેદા થઈ કે અમારી વચ્ચે કોઈ ગેરસમજ થઈ ગઈ, તો આનાથી ફરી એક વાર અમારા પર મુસીબતોના પહાડ તૂટી પડે એમ હતું. મારી ચિંતા એજ હતી કે ભાઈના મનમાં ખોટા સમયે ખોટી જગાએ ફૂટેલા પ્રેમના અંકુર ગમે ત્યારે અમારું જીવન ધૂળધાણી ના કરી દે.

...સાચું કહું તો હું તો આગળના કાર્યોની હજાર તૈયારીઓ છોડીને ભાઈની ચિંતામાં જ અટવાઈને રહી ગયો હતો. ખબર નહીં મનુષ્યને બધું કસમયે જ કેમ સૂઝે છે? વૃંદાવન-મથુરામાં પ્રેમનો સમય પણ હતો અને સ્થાન પણ યોગ્ય હતું. ના જાણે કેમ ત્યારે ભાઈને ગોપીઓની સાથે ક્યારેય ના બન્યું. ...ધ્યાનમાં રહે, સમય પ્રમાણે કરવામાં આવેલા કામમાં હંમેશાં માણસ સભાન રહે છે, પરંતુ કસમયે કરવામાં આવેલું કામ બેહોશીની સાબિતી છે. બીજા શબ્દોમાં કહું તો, માણસ અભાન છે એટલે જ તો ખોટા સમયે ખોટું કામ કરે છે. અર્જુનને ગીતામાં મેં આજ તો કહ્યું હતું કે તને "કસમયમાં આ મોહ કયા હેતુથી પ્રાપ્ત થયો છે [60] ?" જે સંન્યાસ માટે જીવનનો બધો સમય યોગ્ય હતો, તે સંન્યાસ અર્જુનને જીવનમાં ક્યારેય ના સૂઝ્યો, અને જ્યારે સૂઝ્યો તો પણ

યુદ્ધના મેદાનમાં આવીને. હવે તમે જ બતાવો કે યુદ્ધના મેદાનમાં ઉદ્ભવેલો સંન્યાસ ભય સિવાય બીજું શું છે? તેવી જ રીતે, મારી દ્રષ્ટિમાં કસમયે કરવામાં આવેલો પ્રેમ પણ હવસ સિવાય બીજું કંઇ નથી. આથી સીધે સીધું કહું તો ભાઈ આ સમયે હવસના શિકાર થઈ ગયા હતા. ...જોકે ભાઈ સાથે કંઇ હા-ના કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો, મારું જીવન તેમની ખુશી પર ન્યોછાવર હતું; પરંતુ તેમને સૂઝેલી આ કસમયની મસ્તીથી અમારા જ નહીં, પણ બધાના જીવ જોખમમાં મુકાઇ જાય તેમ હતા. અર્થાત્ સો વાતની એક વાત એ કે અત્યારે તેમને ટોકવું જરૂરી થઈ ગયું હતું. બસ, કોઈ રીતે હિંમત એકઠી કરીને મેં તેમની સાથે આ વિશે વાત કરવાનું નક્કી કર્યું. તેથી સભા પૂરી થતાં જ મેં એમને સાણસામાં લીધા. મેં તેમને સમજાવ્યું કે આ આદિવાસી આ સમયે આપણો એકમાત્ર સહારો છે. તેમની સાથે કોઈપણ પ્રકારની ગેરસમજ આપણને ફરી એક વાર નર્ક જેવું જીવન જીવવા મજબૂર કરી શકતી હતી. સારું એ છે કે તમે આદિવાસી સ્ત્રીઓથી દૂર રહો.

હવે મારી વાત તો એકદમ સીધી હતી, પણ ખબર નહીં કેમ, ભાઈને પસંદ ન આવી. તે બરાબરના ભડક્યા. કદાચ એક તો હોશમાં ન હતા, બીજું કે હું રંગમાં ભંગ પાડી રહ્યો હતો. પરિણામસ્વરૂપ તેઓ ઊલટા મારા પર જ વરસી પડ્યા. એટલું જ નહીં, લગભગ મને ઠપકો દેતા બોલ્યા- તું મને શિખામણ આપી રહ્યો છે? તું... જે વૃંદાવનમાં દિવસ-રાત ગોપીઓ સાથે ફર્યા કરતો હતો, જે મથુરામાં દિવસ-રાત કુબ્જાને ત્યાં પડ્યો રહેતો હતો. એ મને શું શિક્ષા આપશે? તેથી સારું છે કે તું તારી શિખામણ તારી પાસે જ રાખ.

...આ સાંભળતા જ મને પણ ક્રોધ આવી ગયો. ક્રોધ આવવો સ્વાભાવિક હતો. બસ, આ ક્રોધમાં જ હું પહેલી વાર ભાઈ સાથે ઊંચા અવાજે વાત કરવાની ભૂલ કરી બેઠો. મેં કહ્યું- મારી વાત શું કરો છો? હું તો ભોગ પણ યોગની જેમ કરું છું. મારી વાત ધ્યાન રાખજો ભાઈ, જો વાસના અને મદિરા મનુષ્યના માલિક થઈ જાય, તો તે અંધારામાં ભટકી જાય છે.

પરંતુ ભાઈ તો ભાઈ હતા. તેઓ મારા ઊંચા અવાજથી ક્યાં દબાવાના હતા? ઊલટું બમણા ગુસ્સે થઈ ગયા. તરત ક્રોધમાં લાલપીળા થઈને બોલ્યા- આ રોગ, ભોગ, યોગ બધા શબ્દ તારી પાસે જ રાખ. મને શબ્દોની માયાજાળમાં ભરમાવવાની કોશિશ ના કર. મારી આગળ તારી કોઈ મક્કારી નથી ચાલવાની.

...વાત પૂરી થઈ ગઈ. હું સમજી ગયો કે ભાઈને સમજાવવાનો કોઈ અર્થ નથી. હું ચૂપચાપ પગ પછાડતો ત્યાંથી ચાલી નીકળ્યો. શું કરું, જેવી ભાઈની મરજી. જે થશે તે જોયું જશે. હવે જે કાર્ય આપણે પૂરું ના કરી શકીએ, તેને કુદરતના ન્યાય પર છોડવાનું જ યોગ્ય છે. મારી સામે તો હજી આગળ ઉપર હજારો કામ મોં ફાડીને ઊભા હતા. બસ, હું ચૂપચાપ ત્યાંથી નીકળી ગયો. આશ્ચર્ય તો એ હતું કે આ પછી તો ભાઈ આજના રાત્રિ-ઉત્સવમાં મારાથી દૂર દૂર રહેવા લાગ્યા. રહેવા દો, હાલ તો કારણ કે કાલ સવારે બધાએ કામમાં લાગવાનું હતું એટલે આજનો ઉત્સવ જરા જલ્દીથી જ પૂરો થઈ ગયો હતો.

આ બાજુ બીજા દિવસે સવારમાં જ લોકો સમયસર મેદાનમાં ભેગા થઈ ગયા હતા. પાવડા, કુહાડી સહિત લોખંડના મોટા સળિયા મેદાનમાં પહેલેથી તૈયાર જ હતા. બસ, અમે લગભગ પચાસ જેટલા લોકો પોતપોતાનો સામાન લઈને નીકળી પડ્યા હતા. મેં ખભા પર કુહાડી ઉપાડી રાખી હતી અને આદેશ્વર હાથમાં પાવડો લઈને મારી સાથે સાથે ચાલી રહ્યો હતો. પાછળ લગભગ પચાસ આદિવાસી સ્ત્રી અને પુરુષો ચાલ્યાં આવતાં હતા. ચાલતા ચાલતા અમે ટેકરીની ટોચ પાસે પહોંચી ગયા. બસ, એક બાજુથી મારી અને બીજી બાજુથી આદેશ્વરની ટુકડી કામમાં જોતરાઈ ગઈ. અમે લોકો ધમાધમ ટેકરી ખોદવા લાગ્યાં હતા. બધાનો ઉત્સાહ તો સ્પષ્ટ જોઈ શકાતો હતો. સાંજ સુધી ખોદકામ ચાલતું રહ્યું, પછી પાછા આવ્યા. ત્યાર બાદ તો આ અમારો નિત્યક્રમ બની ગયો. સવારે થોડું ઘણું ખાઈને અમે લોકો જે નીકળતા, તે આખો દિવસ આકરી મહેનત કરીને સીધા સાંજે જ પાછા ફરતા. આ બાજુ સાંજે આદિવાસી સ્ત્રીઓ ભોજન બનાવીને અમારી રાહ જ જોયા કરતી. ભોજન કરતાં, થોડું નાચ-ગાન એટલે કે મનોરંજન કરતાં અને સૂઈ જતા. ફરી બીજા દિવસે સવારે થોડું ખાઈ-પીને નીકળી જતા. પરંતુ અફસોસ કે દસ દિવસોના સતત ખોદકામ બાદ પણ ક્યાંય કંઇ ના મળ્યું. નગરી તો છોડો, નગરીના અવશેષ સુદ્ધાં ના દેખાયા. સ્વાભાવિક રીતે, આ બધું જોઈને, બધાનો ઉત્સાહ ધીમે ધીમે ઓસરવા લાગ્યો. હવે તો દરેક જણ સંપન્ન નગરીની વાતને એક વાર્તા માનવા લાગ્યું હતું. આમ તો ઘણીવાર આવી પ્રચલિત વાતો વાર્તા જ સાબિત થતી હોય છે. પરંતુ તેમ છતાં, હું છેલ્લામાં છેલ્લી કોશિશ કરી લેવા ઈચ્છતો હતો. આમ પણ ઉત્સાહ મારો સ્વભાવ હતો, નિરાશ થવાનું મારા વ્યક્તિત્વમાં નહોતું; અને વળી ટેકરી પર કરવા માટે કોઈ બીજું મહત્ત્વપૂર્ણ કામ પણ તો નહોતું, જેના માટે હતાશ થઈને ખજાનાની શોધ પર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવે. મારું જુઓ! મને તો ખબર છે કે ક્યારે પણ જરાસંધ મોત બનીને ટેકરી પર ત્રાટકી પડશે, તો શું તેના ડરથી હું જીવવાની આશા જ છોડી દઉં? કંઇ આવી શક્યતાનો વિચાર કરીને સારા જીવનની આશા કે તેના માટેના કર્મ કંઇ થોડા ત્યાગી શકાતા હતા? મારા દ્રષ્ટિકોણમાં, અંધારું ગમે તેટલું ગાઢ કેમ ના હોય, ના માત્ર અજવાળાની આશા જીવંત રાખવી જોઈએ, બલ્કે અજવાળું શોધવાનો પ્રયત્ન પણ કરતાં જ રહેવું જોઈએ. બસ, મેં આજ રાહે ફરી બધાનો ઉત્સાહ વધારતા બમણા જોશથી ખજાનાની શોધ શરૂ કરાવી. સાથે જ આ વખતે રણનીતિમાં પણ થોડું પરિવર્તન કર્યું. હવે મેં પાંચ પાંચ વ્યક્તિઓની દસ ટુકડીઓ બનાવી અને તેમને સમગ્ર ટેકરી પર ફેલાવી દીધા. સાથે જ બધાને સૂચના પણ આપી દીધી કે જો કોઈને કંઇ પણ મળે તો તે તરત મને જાણ કરી દે. કૃષ્ણના હાજર હોવાથી કોઈ કર્મ પર પડદો શક્ય જ નહોતો.

ખેર! તમે નહીં માનો, ત્રીજા દિવસે જ આ ખોદકામનું સકારાત્મક પરિણામ આવ્યું. આમ પણ સકારાત્મક વિચારનું સકારાત્મક પરિણામ તો આવે જ છે. બસ, વસ્તીની પાછળના ભાગમાં નગરી હોવાના અવશેષ મળ્યાં. હું મારી પોતાની ટુકડી સાથે ટોચના ખોદકામમાં વ્યસ્ત હતો, કે ઉત્સાહિત આદિવાસીઓની એક ટુકડી આ ખબર આપવા આવી. હું તો ખબર સાંભળતાં જ નાચી ઊઠ્યો અને તેમની સાથે ચાલી નીકળ્યો. ખરેખર નગરીના અવશેષ મળ્યા હતા. હજી અમે આ બધું વિચારીને ખુશ જ થતાં હતા કે બીજી એક ટુકડી દોડતી આવી. તેમનો પણ ઉત્સાહ ચરમસીમાએ હતો. કેમ ના હોય, તેમને પણ ટેકરીની બીજી બાજુએ નગરી હોવાનું પ્રમાણ મળ્યું હતું. ઉત્સાહવશ, હું કેટલાક આદિવાસીઓ સાથે એ તરફ પણ દોડ્યો. ત્યાં પણ ખરેખર નગરીના હોવાના અવશેષ મળ્યા હતા. બસ, શું હતું, આજની રાતે ઉત્સવ છોડીને, મેં બધાની સાથે એક સભા કરી. સભામાં બે નિર્ણય લેવામાં આવ્યા. એક તો સવારે જલ્દી નીકળવું અને હવે માત્ર તે બે સ્થાનો પર જ ખોદકામ કરવું. બસ, આગલા દિવસથી અમે અમારી તમામ તાકાત એ બે સ્થાનો પર લગાવી દીધી. ઉત્સાહનો માર્યો હું પોતે ટેકરીની પાછળના ભાગના ખોદકામમાં જોતરાઈ ગયો. આ બાજુ આદેશ્ર્વરના નેતૃત્વમાં, ટોચ પર પણ ખોદકામ પૂરજોશમાં ચાલું થઈ ગયું હતું. આ બાજુ નગરીના અવશેષ શું મળ્યાં, ફરી એક વાર બધા ઉત્સાહથી તરબતર થઈ ગયા હતા. હું મારા પોતાના આ તાજા અનુભવથી કહી શકું છું કે આ સંસારમાં સફળતાથી વધારે ઉત્સાહિત કરનારું બીજું કશું નથી હોતું. ...પરંતુ ધ્યાન રહે કે સફળતા એમને જ મળે છે, જે નિરાશાની ક્ષણોમાં પોતાનો ઉત્સાહ જાળવી રાખવામાં સફળ રહે છે. મારી દ્રષ્ટિમાં તો અસફળતાના તોફાની વમળમાં પણ જે ઉત્સાહનો પાલવ ના છોડે, તે જ સફળતાનો સાચો હકદાર હોય છે. ...આમ પણ આ વાત મારાથી બહેતર બીજું કોણ સમજી શકતું હતું? મને તો આમ પણ આખી જિંદગી અંધારાએ જ પાળ્યો હતો. તમે તો જાણો જ છો કે મારો તો જન્મ જ કાળ-કોટડીના ગાઢ અંધારામાં થયો હતો. કહેવાનું તાત્પર્ય કે કુદરતે તેના તરફથી મારા જીવનમાં અંધારાની કોઈ ઊણપ છોડી નહોતી. આ તો હું મારા પુરુષાર્થ તથા મારા વ્યક્તિગત ગુણોથી તે અંધારાને હંમેશાં રોશનીમાં તબ્દિલ કરતો આવતો હતો. આજે તમને પણ આ વાત દ્રઢતાપૂર્વક કહી શકું છું કે જીવન પૂરજોશથી કર્મ કરવાનું અને જ્યારે મોકો મળે, દિલ ખોલીને આનંદ લેવાનું જ બીજું નામ છે. જીવનનું ત્રીજું કોઈ ધ્યેય છે જ નહીં.

ખેર! ચિંતન કરવાનું છોડીને વર્તમાન કર્મઠતા પર પાછો આવું, તો ત્રણ દિવસોના સતત ખોદકામ પછી કેટલાક કાટ ખાધેલા તેમજ બેકાર હથિયાર હાથ લાગ્યા. ચોક્કસપણે હથિયારોનું મળવું વસ્તી દબાયેલી હોવાનું પાક્કું પ્રમાણ હતું. મંઝિલ પાસે જ દેખાઈ રહી હતી. હું તો ખરો જ, પણ બીજા બધા જ ઉત્સાહમાં ગાંડા થઈ ગયા હતા. ...હવે તો બે-ચાર દિવસનું ખોદકામ અને ખજાનો મળવાનું શરૂ! આ નશો આજના રાત્રિ-ઉત્સવમાં પણ સંપૂર્ણ રીતે છવાયેલો રહ્યો. બધાંની આંખોમાં સપનાં તરતાં જોઈ શકાતાં હતા. પરંતુ આ લોકો મારો મુકાબલો શું કરશે? હું તો સપનાં જોવાનો જૂનો જોગી હતો. મારા મનમાં તો હું શ્રીમંત પણ થઈ ગયો હતો અને રુક્મિણી પર મારો રોફ પણ જમાવી ચૂક્યો હતો. પરંતુ કુદરતની નારાજી હોવાથી મારા જીવનમાં કોઈપણ કામ ક્યાં સીધું પાર પડવાનું હતું? વહાણ કિનારે આવતા આવતા ડૂબી જવાનું હોય તેમ લાગતું હતું. કુદરતે તો આમ પણ મારા જીવનમાં લગાતાર અડચણ ઊભી કરતાં રહેવાના સોગંદ લીધા હતા, અને આ વખતે પણ તે ના ચૂકી. ...જોકે એ વાત જુદી છે કે આ કારણે પણ હું કુદરતથી ક્યારેય ખફા થયો નહોતો, ઉલ્ટું મેં તો આને પણ હમેશા મારી અને કુદરત વચ્ચે ચાલી રહેલી એક રમતની જેમ માન્યું હતું. કુદરત તેના તરફથી સતત મારા ‘કર્મવીર’ હોવાની પરીક્ષા લેતી રહે અને હું દરેક વખતે તેમાં સફળ થઈને આગળ વધતો જાઉં. ...હશે, હાલ તો કુદરતના આ કરિશ્માની ચર્ચા કરું તો રાતે અચાનક તેજ તોફાન સાથે વરસાદે ટેકરી પર વર્ષાઋતુના આગમનની એંધાણી આપી દીધી. અત્યારે તો હું મારા ઓરડામાં પડ્યો પડ્યો રુક્મિણી સાથે ઝુલો ઝુલવાના સપના જોવામાં વ્યસ્ત હતો. ગડગડાટ કરતી વીજળીના અવાજે સ્વપ્ન તો તોડી જ નાખ્યું, નિંદર પણ સમૂળગી ઉડાડી દીધી. હું સીધો બહાર દોડ્યો. આટલો જોરદાર વરસાદ જોઈને મારા તો હોશ જ ઉડી ગયા. હવે વર્ષાઋતુમાં ખોદકામ કેટલું કપરું હોય છે તે તો તમે બધા જાણો છો. બસ, બધાં સપનાં ભૂલીને હું હકીકતની દુનિયામાં પાછો આવીને રાત આખી ફળિયામાં બેસીને વર્ષાનું આ તાંડવ જોતો રહ્યો.

ખેર! આ રાતની સવાર પણ થઈ ગઈ, પણ વર્ષાનાં તાંડવમાં કોઈ ફરક ના પડ્યો. કંઈ વાંધો નહીં, હું તો મારું નિત્યકર્મ પતાવીને સમયસર જ મેદાનમાં પહોંચી ગયો. આજે ત્યાં હજી સુધી કોઈ આવ્યું નહોતું. હશે, એક વૃક્ષની નીચે બેસીને હું પલળવાનો આનંદ લેવા લાગ્યો. ખાસ્સી વાર પછી આદેશ્ર્વર ત્રણ ચાર આદિવાસીઓની સાથે આવ્યો. પછી તો ધીમે ધીમે વીસેક લોકો ભેગા થઈ ગયા. પરંતુ બધા આવવા ખાતર જ આવ્યા હતા. ખોદકામ કરવા જવાનો ઉત્સાહ કોઈનામાં દેખાતો નહોતો. હવે ઉત્સાહ હોય કે ના હોય, હું મારા સપનાં ચકનાચૂર થવા દેવાનો નહોતો, અને આમ પણ ‘કૃષ્ણ’નો કર્મથી પાછળ હટવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. બસ, જેટલા આવ્યા હતા તેટલાને જ પોરસાવીને ખોદકામ માટે લઈ ગયો. પરંતુ તમે નહીં માનો કે વર્ષાના એક ઝાપટા માત્રએ બધા કર્યા-કારવ્યા પર પાણી ફેરવી દીધું હતું. એક તો આમ પણ અમે મોડા નીકળ્યા હતા, ઉપરથી માટી એ રીતે પલળી ગઈ હતી કે ઊંચાઈ પરથી લપસી જવાનો ડર પેદા થઈ ગયો હતો. અમે પહોંચ્યા ત્યાંજ અડધી બપોર વીતી ગઈ હતી. ખરેખર, બહુ જ સંભાળી-સંભાળીને ચાલવું પડી રહ્યુ હતું. આ તો ઠીક, પણ આગળ જતાં, માટી એટલી હદે ચીકણી થઈ ગઈ હતી કે ઊંચાઈથી લપસવાનો ભય પેદા થઈ ગયો હતો. કહેવાનું તાત્પર્ય એ કે એક તો સામાન્ય

સ્થિતિમાં પણ આ ટેકરી પર ખોદકામ કપરું હતું, ઉપરથી માટી ચીકણી થઈ જવાથી જાન-માલનું જોખમ પણ પેદા થઈ ગયું હતું. માટે આજે તો અમે ખોદકામ કર્યા વિના લૂલા લમણે જ પાછા ફર્યા.

...હવે, આજે તો ઠીક પણ રોજ રોજ આ ના ચાલી શકે. હવે જ્યારે વર્ષાઋતુ શરૂ થઈ ગઈ છે, તો વર્ષા તો થતી જ રહેશે. એટલે કે કાર્ય કઠિનથી અતિ કઠિન થઈ ગયું હતું. ...હવે આવામાં આવતા ચાર મહિના વર્ષાઋતુના જવાની રાહ તો જોઈ શકાતી નહોતી. અને વળી આટલો સમય તો અમારી પાસે હતો પણ ક્યાં? ભૂલી ગયા શું...? વર્ષાઋતુ ખતમ થતાં થતામાં જરાસંધ નામનું ભૂત પણ ટપકી પડવાની સંભાવના હતી. આમ સરવાળે, આ અતિ કઠિન પરિસ્થિતિઓમાં પણ ખોદકામ કર્યા વિના કોઈ આરો નહોતો. અને પહેલ પણ મારે જ કરવાની હતી. આથી મેં ફરી એક વાર રાત્રે બધાને ભેગા કર્યા અને બધાનો ઉત્સાહ ખૂબ જ વધાર્યો. એમને આવનારા સુંદર જીવનનાં ઊંચા ઊંચા સપનાઓ બતાવ્યા. પરિણામે, બીજે દિવસે સવારે બધા ઉત્સાહિત થઈને સમયસર મેદાનમાં હાજર થઈ ગયા હતા. બસ, પછી ઉત્સાહનું એક પડીકું આપતા, કોઈ રીતે ખોદકામ શરૂ કરાવી દીધું. ચોક્કસપણે વર્ષાના કારણે, હવે કાર્યમાં પહેલા જેવી ગતિ નહોતી, તેમ છતાં કાર્ય શરૂ તો થઈ જ ગયું હતું. ...કહેવાય છે ને કે મન લગાવીને કરેલું કર્મ જોઈતું પરિણામ લાવી જ આપે છે. અહીં પણ એજ થયું. આવનારા સાત દિવસોમાં વર્ષાની અડચણ હોવા છતાં, ઘણાં ઉત્સાહજનક પરિણામો આવ્યા. ખોદકામમાં સોના-ચાંદી અને હીરા-ઝવેરાતો જડેલા કેટલાક આભૂષણો મળ્યા. એક વાર હીરા-ઝવેરાત શું મળ્યા, બધાનો ઉત્સાહ આપમેળે સાતમા આસમાને પહોંચી ગયો. હવે મારે અલગથી ઉત્સાહ વધારવાની કોઈ જરૂરિયાત રહી નહોતી. હવે વર્ષા, ચીકણી માટી કે જાનમાલનું જોખમ કોઈના માટે કોઈ અડચણ નહોતી.

છોડો. એ લોકો તો કર્મ પર લાગી ગયા, પરંતુ, આ બાજુ ખજાનો મળવાનું શરૂ થતાં જ હું કર્મથી ભટકી ગયો. સાચેસાચું કહું તો ખજાના મળવાની શક્યતા લાગતા જ હું પૂરેપૂરો બેબાકળો થઈ ગયો. મને તો દરેક હીરા-મોતીમાં રુક્મિણીની છબિ દેખાવા લાગી. મારા પર પ્રણય રંગ છવાવા લાગ્યો. કેમ ના છવાય...? અંતે હીરા-ઝવેરાતોની આટલી શોધ હું બીજા શા માટે કરી રહ્યો હતો? તેને લાયક બનવાની જ તો આ બધી માથાકૂટ હતી. અને જુઓ, ધીમે ધીમે ઝવેરાતોથી ભરેલી પેટીઓ પર પેટીઓ મળવાની શરૂઆત થઈ ગઈ હતી. એટલે કે જોતજોતામાં, ટેકરી પરથી ધનની વર્ષા થવા લાગી હતી. અને કહેવાની જરૂર નથી કે ખજાનાની મળી રહેલી પેટીઓ સાથે આ દીવાનાને પોતાનું સપનું સાકાર થતું દેખાઈ રહ્યું હતું. જોકે એક વાત કહી દઉં કે હું બાંવરો ચોક્કસ થયો હતો, પરંતુ પોતાના કર્તવ્ય કે રણનીતિથી ભટક્યો નહોતો. આ બાજુ હું મળેલા સઘળાં હીરા-ઝવેરાતોને પેટીમાં રાખીને આદેશ્વરના ભવનમાં મૂકાવી રહ્યો હતો, જેથી આદિવાસીઓ તેને પોતાનું જ ધન સમજે અને તેમનો ઉત્સાહ યથાવત્ રહે. ...આમ પણ મળેલા ધનમાં તેમની ભાગીદારી તો હતી જ. ખેર, અહીં ગત વીસ દિવસોથી ચાલી રહેલા સતત ખોદકામ પછી, અપાર ખજાનો એકત્રિત થઈ ગયો હતો. અને આમ પણ હવે આગળ ખોદકામ કરવું શક્ય નહોતું. તોફાનની સાથે પડી રહેલી તેજ વર્ષાએ ખોદકામને લગભગ અશક્ય કરી દીધું હતું. મેં પણ લોભ ત્યજીને તત્ક્ષણ કામ રોકવાનો નિર્ધાર કર્યો. ચોક્કસપણે, આમ તો જે ખજાનો મળ્યો હતો, એ પણ કંઈ ઓછો નહોતો. અને ઓછામાં ઓછું એક ગોવાળ માટે તો ઘણો વધારે હતો. આથી ડહાપણ એમાં જ હતું કે કોઈ જાન-માલનું નુકસાન થાય એ પહેલા જ મળેલા ખજાનાથી સંતોષ માની લેવામાં આવે.

આ તરફ, કહેવાની જરૂર નથી કે આટલો બધો અઢળક ખજાનો મેળવીને બધાની ખુશીનો તો પાર જ નહોતો રહ્યો. તો પણ મારી ખુશીનો રંગ બધાથી અનોખો હતો. ખજાનો શું મળ્યો, મનમાં હજારો લાડુ ફૂટવા લાગ્યા હતા. રાતોરાત એક ગરીબ ગોવાળ શ્રીમંત બની બેઠો હતો, બસ, સપનાં એની આંખોમાં ઝૂમવા લાગ્યા હતા. પરંતુ જરાસંધ નામની બલા રહીરહીને તમામ નશો ઉતારી દેતી હતી. તેનો ડર, સપનાં સુદ્ધાં બરાબર રીતે નહોતો જોવા દઈ રહ્યો. ખરેખર આ બલા ટળી જાય તો જીવન સુધરી જાય. પણ ટળે કઈ રીતે...? આ કંઈ નાની-મોટી બલા તો હતી નહીં, હજારો બલાઓ કરતાં પણ ભારે હતી. ઓછામાં ઓછી સહેલાઈથી ટળી જાય, એવી તો જરાયે નહોતી. આમ પણ મારા હાથમાં કર્મ કરવા સિવાય બીજું હતું પણ શું અને હું પૂરી ઈમાનદારી સાથે કર્મ કરી જ રહ્યો હતો. આમ પણ જેમ જેમ સમય વીતતો જઈ રહ્યો હતો, તેમ તેમ તેના હુમલાનો સમય પણ નજીક આવતો જતો હતો. હું એ જાણતો જ હતો કે જરાસંધ અને તેના મિત્ર રાજાઓની ગુપ્તચર વ્યવસ્થાથી વધારે દિવસો સુધી છુપાઈ રહેવાનું અસંભવ છે. હરીફરીને વાત આજની નહીં તો કાલની જ હતી.

ત્યાંજ, જો એક ક્ષણ માટે જરાસંધને ભૂલીને જવામાં આવે, તો આ સમયે ટેકરી પર શું નહોતું? સુંદર જગ્યા, સોહામણું મોસમ, શ્રેષ્ઠ ભોજન અને રોજ ઉત્સવ... તથા ઉપરથી વર્ષાઋતુ. તમે તો જાણો જ છો કે વર્ષાઋતુ મારી સહુથી મનપસંદ ઋતુ હતી. આથી, ગમે તે રીતે જાતને સમજાવીને અને જરાસંધ નામની બલાને ભૂલાવીને, કૃષ્ણ મહારાજ વર્ષાનો આનંદ લેવામાં ડૂબી ગયા. હવે ઓળખાઈ જવાની બીકે વાંસળી તો વગાડી શકતો નહોતો, તેથી બસ, ચારે તરફ ફરતા ફરતા પલળવાનો આનંદ લઈ રહ્યો હતો. બહુ થાય તો કલાકો કોઈ મોટા પથ્થર પર બેસીને દૂર દૂર સુધી તાક્યા કરતો હતો. વાદળ તો, ટેકરીની ટોચ પર હોવાથી, અમને આખો દિવસ ઘેરીને રહેતાં હતા, એમાં ઉપરથી પડતી વર્ષામાં ચારે તરફ ઘેરાયેલાં ગાઢ જંગલને જોતાં રહેવાની મજા તો આમ પણ અવર્ણનીય હતી. હવે આવી રમણીય ઋતુમાં કોણ જરાસંધના નામનું રોવા બેસે? એટલે, હું તો હવે આનંદથી ફરવામાં મગ્ન હતો. હવે આ તો મારી વાત થઈ. બીજી બાજુ, ભાઈની વાત કરું તો તેમણે વર્ષાઋતુનો પોતાનો જ

આનંદ શોધી લીધો હતો. તેઓ પોતાના કેટલાક સાથીઓની સાથે સવારથી જ મદિરાપાન કરવામાં લાગી ગયા હતા. એક તો ભાઈ બાળપણથી જ મારા કરતાં વધારે તંદુરસ્ત હતા. ઉપરથી વ્યાયામ કર્યા વિના, અતિશય મદિરાપાન પછી આ સમયે તેઓ મારા કરતાં બમણા થઈ ગયા હતા. સ્પષ્ટ કહું તો મારા સુંદર ભાઈ ભદ્દા દેખાવા લાગ્યા હતા. પરંતુ આ સમયે તેમને ટોકીને હું મારા પર આફત વહોરવા નહોતો માંગતો. આમ તો હું પણ બાળપણથી તંદુરસ્ત હતો. પરંતુ નિયમિત વ્યાયામ અને સંતુલિત આહારને કારણે, હું ઉંમરની સાથે સાથે એકદમ સુડોળ અને આકર્ષક થતો જઈ રહ્યો હતો.

ચાલો! મારી તુલનાત્મક પ્રશંસા બંધ કરું અને અહીં શું ચાલી રહ્યું છે, તેની વાત કરું તો ચારે તરફ પડી રહેલી વર્ષાએ મને હાલ પૂરતો તો જરાસંધની બાબતે સંપૂર્ણ રીતે નિશ્ચિંત કરી દીધો હતો. એ એટલો પણ પાગલ નહોતો કે આટલી વર્ષામાં મને શોધવા નીકળી પડે. ...તેમ છતાં તે જરાસંધ હતો. તેના પાગલપણાંનો શું ભરોસો? ક્યાંક આક્રમણ કરી જ દે. આથી સાવધાનીવશ જ ભલે, પણ આદેશ્ર્વરને સંભવિત યુદ્ધ માટે તૈયાર કરવાનું મેં જરૂરી માન્યું. હવે તેને આ તો કહી શકાતું નહોતું કે જરાસંધ મારો અંગત શત્રુ છે, અને તેનું આક્રમણ ક્યારે પણ શક્ય છે. કારણ કે જો હું તેને સીધે સીધું કહી દઉં કે જરાસંધ મારો શત્રુ છે અને મને શોધતા શોધતા ગમે ત્યારે તેનું આક્રમણ શક્ય છે, તો એ તો ઠીક, પણ બની શકતું હતું કે આ મારી અંગત બાબત માનીને આદેશ્ર્વર કે આદિવાસી દિલ ખોલીને યુદ્ધ ના કરે. આથી, આદેશ્ર્વર સાથે વાત તો ગોળ ગોળ ફેરવીને જ કરવાની હતી, એટલે કોઈ વાર્તા જ ઘડવાની હતી. તો આ મારે માટે ક્યાં કોઈ મુશ્કેલ કામ હતું? વાર્તા ઘડી પણ લીધી અને સંભળાવી પણ દીધી. મેં આદેશ્ર્વરને સાવધાન કરતાં કહ્યું કે આ સત્ય જગજાહેર છે કે જ્યાં ખજાનો હોય છે, ત્યાં લુંટારાઓ આવે જ છે. આથી આપણે લુંટારાઓનો સામનો કરવા માટે હર હંમેશ તૈયાર રહેવું જોઈએ. હવે 'કૃષ્ણ' જાળ પાથરે અને પંખી ના ફસાય, એ ક્યાં શક્ય હતું? ભલા માંડ માંડ હાથ લાગેલો ખજાનો કોણ ગુમાવવા ઈચ્છે? વાત તો આદેશ્ર્વરની સમજણમાં આવવાની જ હતી. આદેશ્ર્વરે તત્ક્ષણ સભા બોલાવીને સમસ્ત આદિવાસીઓને ખજાનાના સંભવિત લુંટારાઓથી સાવધ કરી દીધા. હું આજ તો ઈચ્છતો હતો. હવે મારું કામ આસાન થઈ ગયું હતું. આદેશ્ર્વરના નેતૃત્વમાં સમસ્ત આદિવાસીઓની ફોજ મરવા-મારવા માટે તૈયાર હતી. તૈયાર કેમ ના થાત, હવે આ તેમનું પોતાનું યુદ્ધ હતું. તેમના મેળવેલા ખજાના પર લૂંટારાઓની નજર હતી. આમ આ બધું તો ઠીક, જરૂરી હતું... પણ એક વાત માટે આદેશ્ર્વરની પ્રશંસા કરવી પડશે કે મેં ઘણીવાર તેને સ્પષ્ટ કહી દીધું હતું કે આ ખજાના પર તારો પણ એટલો જ અધિકાર છે જેટલો અમારો, તેમ છતાં તે પોતાના તરફથી ખજાના ઉપર પોતાનો કોઈ અધિકાર નહોતો જમાવી રહ્યો. અને તેની આ સરળતા જ દિલને સ્પર્શી જનારી હતી. ત્યાંજ આ પણ એક દેખીતી હકીકત હતી કે મોકો મળે તો પણ સંપૂર્ણ ખજાનો અમે અમારી સાથે કદાપિ લઈ જઈ શકતા નહોતા. વળી આને ધ્યાનમાં રાખીને પહેલાથી જ મેં બે મોટી પેટીમાં અતિ કિંમતી હીરા-મોતી અને કેટલાક અમૂલ્ય ઝવેરાત અલગથી મુકાવી દીધા હતા. આમ પણ અમે આખું જીવન તો અહીં વીતાવીએ તેવી કોઈ શક્યતા નહોતી. કાં તો જરાસંધ અમને અહીં મારી નાખશે કાં તો થાકીને પાછો જતો રહેશે. પાછો જતો રહેશે તો ખજાનાનો આનંદ લઈશું અને મારી નાખશે તો ખજાનો તે લઈ જશે.

લો, હું પણ કમાલ હતો. એક તો વિચારતા વિચારતા વાત ખજાનાને લઈ જવા સુધી લઈ ગયો હતો અને એમાંય ઉપરથી મોકો મળવાનો જ હતો એમ માનીને, બે પેટીમાં ખજાનો ભરીને મારા કક્ષમાં મુકાવી પણ દીધો હતો. ચાલો, જીવનમાં આટલું સકારાત્મક તો હોવું પણ જોઈએ. પરંતુ હવે તો તેનાથી પણ આગળ, ખજાનો લઈ જવાની વ્યવસ્થા પર પણ ચિંતન શરૂ કરી દીધું હતું. અને તે માટે પહેલી વાત તો એ કે ખજાનો અને અમે, બંને જવાના તો રથથી જ, જ્યારે અમારી પાસે તો માત્ર એક જ રથ હતો. અને મને એક રથમાં બંને સમાય તેમ નહોતું લાગતું. અને કેમકે સવાલ ખજાનાનો હતો, આથી તેને સકારાત્મકતા કહો કે જરૂરિયાત કહો, તેના પર તરત અમલ કરવો જરૂરી હતું. બસ, તત્ક્ષણ આદેશ્ર્વરને લઈને હું 'કરવીરપુર'થી એક વધારે રથ ખરીદી લાવ્યો. જોકે વર્ષાઋતુ અને ગાઢ જંગલોમાંથી પસાર થઈને રથને ટેકરી સુધી લાવવામાં મારે ન કેવળ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, બલ્કે આ પ્રક્રિયામાં પુરા પંદર દિવસ પણ લાગી ગયા હતા. તો શું, આટલો અમૂલ્ય ખજાનો વિના મહેનતે મળે પણ ક્યાં? ...સાચું કહું તો ઠેઠ હવે મને લાગતું હતું કે મારા બધા કામ પુરા થઈ ગયાં છે. ખજાનો શોધી પણ લીધો હતો અને તેને પેટીઓમાં ભરાવી પણ લીધો હતો. આદેશ્ર્વરના નેતૃત્વમાં આદિવાસીઓને સંભવિત યુદ્ધ માટે તૈયાર પણ કરી ચૂક્યો હતો. અને મોકો મળતા, ભાગી છૂટવા માટે રથ પણ તૈયાર જ ઊભા હતા.

...હવે કાર્ય પૂર્ણ થવા પર આનંદ લેવાની ક્ષમતા આમ પણ અનેકગણી વધી જતી હોય છે. ઉપરથી હું તો આમ પણ આનંદપસંદ વ્યક્તિ હતો. આટલી સુંદર ટેકરી, દૂર દૂર જ્યાં સુધી જુઓ બસ, હરિયાળી જ હરિયાળી નજરે પડતી હતી અને ઉપરથી આ વર્ષાઋતુ. આ ઓછું હતું કે રોજ મનાવવામાં આવતા ઉત્સવ અને તેના પર ચારે તરફ ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ. ના પ્રેમની કમી કે ના ભોજનની. ના સંકટ ના સંઘર્ષ. બસ, મારા પર તો દીવાનગી છવાઈ ગઈ હતી. આવામાં મારી મસ્તીનું તો કહેવાનું જ શું? આનંદ કહો કે મસ્તી, જીવન કહો કે શાંતિ, બધું તેનાં સર્વોચ્ચ શિખરે હતું. ખરેખર માનસિક રીતે હળવા થવાથી આનંદ કેટલો વધી જાય છે, તેનો આ સમયે હું બરાબર અનુભવ કરી રહ્યો હતો. સાચું જ છે, કર્મ કરીને કર્મથી નિવૃત્ત થવાનો આનંદ જ કંઈક જુદો હોય છે. આ આનંદ કર્મથી ભાગવાવાળા ના તો ક્યારેય લઈ શકે છે, ના તો કદી સમજી શકે છે. તમે નહીં માનો કે મને એવી મસ્તી સૂઝી રહી હતી કે હું આદિવાસીઓની સાથે મન મૂકીને તેમની જેવો જ નાચ પણ કરવા

લાગ્યો હતો. રમણીય ટેકરી અને રોજ રોજના ઉત્સવોએ મને ફરી એક વાર વૃંદાવનની યાદોમાં ખોવાઈ જવા પર મજબૂર કરી દીધો હતો. મન-પાંખો કહેતી હતી કે કેવું સારું થાત જો આ સમયે મા, રાધા અને ગોપ-ગોપીઓ બધા અહીં હાજર હોત. જો ખરેખર આવું થઈ જાય અને જરાસંધનું જોખમ ટળી જાય તો... તો હું આ ટેકરી છોડીને ક્યારેય ના જાઉં. બસ, અહીં જ વસી જાઉં.

પરંતુ મારા જીવનમાં આટલો આનંદ અને આટલો આરામ? અને એ પણ કુદરતના હોવા છતાં? અશક્ય! ક્યારેક તો મને શંકા થવા લાગતી હતી કે મને મુસીબત કે સંઘર્ષ મોકલવા સિવાય કુદરત પાસે બીજું કોઈ કામ છે કે નહીં...? ...જુઓ ને, આનંદપૂર્વક હરતાફરતા અને ઉત્સવ મનાવતા મનાવતા વર્ષાઋતુ તો વીતી ગઈ, પરંતુ વર્ષાઋતુ જતાં જ, ફરી વાત ત્યાંની ત્યાં આવી ગઈ. વર્ષા પોતાની સાથે સુરક્ષા માટે પાથરવામાં આવેલા પથ્થરો પણ વહાવી ગઈ, જેણે એક વાર ફરી જરાસંધની યાદ તાજી કરાવી દીધી. મન ફરી બરાબરનું ગૂંચવાઈ ગયું. ...અને તે પણ કેવું? એક બાજુ ખજાનો મળવાની ખુશીમાં ધડકી ધડકીને રુક્મિણીને પામવા માટે ભાવુક થઈ રહ્યું હતું, તો ત્યાંજ બીજી બાજુ, હું આ બધો આનંદ લેવા માટે બચીશ કે નહીં, આ સવાલ પર જરાસંધ નામની લટકી રહેલી તલવાર રહી રહીને પરેશાન કરી રહી હતી. એટલે કે જીવન એવી દ્વિધામાં સપડાયું હતું, જ્યાં જીવનના બંને ‘અતિ’ સંભવ હોય તેમ દેખાઈ રહ્યું હતું. જ્યાં એક બાજુ જરાસંધના હાથે મરી જવા પર જીવન ખતમ થવાના અણસાર હતા, તો બીજી બાજુ બચી જવા પર જીવનની સંપૂર્ણ ઊંચાઈઓને પામવાનો અવસર પણ હતો. અને આ બે મૂંઝવણોની વચ્ચે વર્તમાનમાં કેવી રીતે જીવવામાં આવે, એ કોઈ સામાન્ય મૂંઝવણ તો હતી નહીં. ...ત્યાં એક હકીકત એ પણ હતી કે ભવિષ્ય તો વર્તમાનમાંથી જ નીકળવાનું હતું. એટલે કે જરાસંધ નામની બીમારીનો ઈલાજ વર્તમાનમાં શોધી લેવામાં આવે, તો બધું ઠીક. ...પણ આ બીમારીથી કેવી રીતે બચવામાં આવે? તેની સામે લડવા માટે અમારી પાસે સાધન જ ક્યાં હતા? ભલે જે હોય તે, તેના આવવાની પ્રતીક્ષા કરવા કરતાં તેની સામે સંઘર્ષની તૈયારીઓ કરવાનું જ શ્રેયસ્કર હતું. એટલે બસ, વર્ષાઋતુ જતા જ હું સક્રિય થઈ ગયો. જ્યાં એક બાજુ બધા આનંદ અને ઉત્સવમાં ડૂબેલા હતા, ત્યાં હું એકાંત શોધીને જાતભાતની રીતે મારા ચિંતનોમાં ડૂબેલો રહેવા લાગ્યો. હવે હજારો ચિંતનોમાં ડૂબું તો પણ અહીં ટેકરી પર હથિયારના નામે અમારી પાસે હરીફરીને હતા તો પથ્થર જ, અને તે પણ અત્યારે વર્ષા પોતાની સાથે વહાવીને લઈ ગઈ હતી. આવામાં ચોક્કસપણે હવે નવેસરથી પથ્થર ગોઠવવાનું પહેલાથી વધારે અઘરું બની ગયું હતું. કારણ કે વર્ષા પોતાની સાથે અમારા ગોઠવેલા જ નહીં, પણ મોટા ભાગના પથ્થરો વહાવીને લઈ ગઈ હતી, એટલે કે પહેલા પથ્થરોને શોધવાના હતા અને પછી તેમને ગોઠવવાના હતા. જોકે તકલીફ કંઇ આ એકલી જ નહોતી, સાથે જ ઘણું ઊંચુ અને ગાઢ ઘાસ પણ ઊગી નીકળ્યું હતું, જેના કારણે પથ્થરોને શોધવાનું અઘરું બની ગયું હતું. જોકે આનો એક સીધેસીધો ફાયદો પણ દેખાઈ રહ્યો હતો, અને તે એ કે આ ઊંચુ ઊંચુ ગાઢ ઘાસ, જરાસંધની સેનાને ટેકરી ચઢવામાં સારી એવી મહેનત કરાવી શકે તેમ હતું. ...અને રહી વાત અમારી, તો અમારું શું હતું? અમે ગોવાળ અને સાથી આદિવાસી. બંને સ્વભાવથી જ મહેનતુ. બસ, તત્ક્ષણ મહેનતમાં જોતરાઈ ગયા. આઠ-દસ દિવસ પથ્થર ગોતવામાં લાગી ગયા અને ત્રણ ચાર દિવસ તેને ગોઠવવામાં લાગી ગયા. લ્યો, વાત ફરી ત્યાંની ત્યાંજ આવી ગઈ. તે સિવાય, જ્યાં સુધી આગળની રણનીતિનો સવાલ છે, તે તો એજ જૂની રણનીતિ હતી કે જરાસંધને થકાવવાનો અને ભગાડવાનો. બસ, કંઇ પણ કરીને એ બદમાશને એટલો થકાવી દેવાનો કે તે ખાલી હાથે પાછો જાય. હવે તે જ રણનીતિને અમલમાં મૂકવા માટે પથ્થર તો ગોઠવી જ દીધા હતા, બીજું વિઘ્ન ગાઢ ઘાસ ઉગાડીને ખુદ વર્ષાઋતુએ ઉત્પન્ન કરી દીધું હતું. હવે આટલું ગાઢ ઘાસ હોવાથી જરાસંધની સેનાને ટેકરી ચઢવામાં મહિનો લાગી શકે તે નક્કી હતું. ત્યાંજ ટેકરી ચઢ્યા વિના તે અમારા સુધી પહોંચી નથી શકવાનો તે પણ નક્કી હતું. તેનાથી પણ વધારે નક્કી તો એ હતું કે અમે યુદ્ધ કરવા તેના સુધી જવાના નથી. હજાર કોશિશો કરીને પણ તેણે જ ઉપર આવવાનું હતું.

ખેર! આમ સરવાળે, થોડી મારા તરફથી અને થોડી કુદરતની મદદથી, તેને થકાવવાની રણનીતિ બનતી જતી હતી, પરંતુ આટલાથી કામ થવાનું નહોતું. જૂના અનુભવોના આધારે, એ આવશે તો પૂરી તૈયારી સાથે જ. સાથે જ બીજું કંઇ નહીં તો ત્રણ ચાર મહિના સુધી અડગ રહેવાની ક્ષમતા સાથે જ તેનું પદાર્પણ થશે. વળી એ પણ નક્કી હતું કે બે વાર માર ખાધા પછી, તેનું ખુન્નસ પણ તેની ચરમ સીમાએ હશે. એટલે કે કંઇ બીજું પણ વિચારવું જ પડશે. ...લો, વિચારવાનું શરૂ જ કર્યું કે એક ઊલટી શક્યતા ઉભરીને સામે આવી. હું વિચારવા લાગ્યો કે જે ઘાસને અમે અડચણ માની રહ્યા છીએ, બની શકે કે તેને આગ લગાડીને જરાસંધ તેનો જ ઉપયોગ માર્ગ સહેલો કરવામાં કરી બેસે. જો આવું થયું, તો અહીં ટોચ ઉપર અમારા માટે એક નવી મોટી સમસ્યા પેદા થઈ શકે તેમ હતી. એટલે હું વિચારી રહ્યો હતો, સાવ એવું પણ નહોતું. શક્યતા બંને બાજુ બરાબરની બનેલી હતી. આ ઊગી નીકળેલું ઘાસ વરદાન સિદ્ધ થઈ શકતું હતું, જો જરાસંધને આગ લગાવવાનો વિચાર ના આવે તો. ત્યાંજ બીજી બાજુ, આગ લગાવ્યા પછી આ ઘાસ કાળ બનીને અમને પરેશાન પણ કરી મૂકે એમ હતું. ...હવે આવી હાલતમાં આ ઊગી નીકળેલાં ઘાસનું શું કરવું, આ એક વિચારવાયોગ્ય વિષય બનીને સામે આવ્યો હતો. બાબત ખરેખર જટિલ હતી, પરંતુ જલ્દીથી કોઈ એક નિષ્કર્ષ પર પહોંચવું જરૂરી હતું. થોડી વાર વિચાર કર્યા પછી, મેં એક જડબેસલાક ઉપાય વિચારી લીધો. મેં ટેકરીની ઉપરથી થોડે નીચે સુધીનું ઘાસ કપાવવાનું નક્કી કર્યું. તેના બે કારણો હતા. એક તો તેનાથી ટેકરી ચઢવા માટે જરાસંધને ઘાસની

અડચણ યથાવત્ બની રહેવાની હતી અને બીજું તેના દ્વારા આગ લગાવવાની ઘટનામાં પણ ઉપરનું ઘાસ કપાવી નાંખવાના કારણે, તે આગ અમારા સુધી પહોંચવાની સંભાવના નષ્ટ થઈ જતી હતી. તેની સાથે જ વર્તમાન પરિસ્થિતિ અને સાધનોને જોતા, યુદ્ધ કરવા અને જીવન બચાવવા જેટલા સંભવિત ઉપાય થઈ શકતા હતા, તે કરી ચૂક્યો હતો. એટલે કે જેટલું 'કર્મ' મારા હાથમાં હતું, તેને પૂર્ણતાથી પાર પાડી ચૂક્યો હતો. અને જરાસંધના માર્ગમાં બીજાં વિઘ્ન ઊભા કરવા માટેના ઉપાયો પણ સતત વિચારી જ રહ્યો હતો. ખબર નહીં કે મારું તુક્કાબાજ દિમાગ ક્યારે ક્યો તુક્કો શોધી લાવે.

ચાલો! આ તુક્કા તો સૂઝશે ત્યારે સૂઝશે. હાલ તો તમને બતાવી દઉં કે ગોમંત પર્વતમાળા પર અમે આશરો લીધાને લગભગ છ માસ જેટલો સમય વીતી ચૂક્યો હતો. અને આ છ મહિના અમે કઠિન સંઘર્ષ, મોટા આનંદોત્સવ અને કેટલીક વ્યક્તિગત ઉપલબ્ધિઓથી સમ્મિશ્રિત અનુભવોની સાથે વીતાવ્યા હતા. પણ હવે સમય પાસું બદલે તેવી સંભાવના હતી. જરાસંધ મહારાજનું આગમન ગમે ત્યારે શક્ય હતું. કારણ કે તેના ગુપ્તચરોની કાબેલિયત તથા આટલા રાજાઓની ગુપ્તચર વ્યવસ્થાનો સહયોગ હોવા બાદ... તેને હજુ સુધી ગોમંત પર્વતમાળા પર અમારા આશ્રય લેવાની જાણ ના થઈ હોય, તે શક્ય નહોતું લાગી રહ્યું. આ તરફ મારું અનુમાન સાચું જ નીકળ્યું. જેમ કોઈપણ પ્રતીક્ષાની પળનો ક્યારેક ને ક્યારેક તો અંત આવે જ છે, જરાસંધની રાહ જોવાનો પણ અંત આવ્યો. જલ્દીથી જરાસંધની સેના અમને શોધતી અહીં આવી પહોંચી. સહુથી પહેલા જરાસંધની સેનાના દર્શન મને જ થયા. આમ પણ આક્રમણનો અંદાજો મને જ હતો અને ટેકરી પરથી હું જ તાકતો પણ રહેતો હતો, અને વળી સેના પણ મારા જ માટે તો આવી રહી હતી; આવામાં સેનાના પ્રથમ દર્શનનો અધિકાર પણ મારો જ બનતો હતો.

આ તો ઠીક, પણ આગલા બે દિવસોમાં તો આ 'નયનસુખ' બધાને મળ્યું હતું [61] . દૂરથી આવી રહેલી સેના હવે ટેકરી પરથી સ્પષ્ટ દેખાઈ રહી હતી. આ બાજુ સ્વાભાવિક રીતે, આદેશ્વર સહિત સમસ્ત આદિવાસીઓ આટલી વિશાળ સેનાને ટેકરી તરફ આવતી જોઈ ગભરાઈ ગયા હતા. હવે બધાનો શરૂઆતનો ડર તો તેની જગાએ હતો, પણ જેમ જેમ સેના નજીક આવતી જઈ રહી હતી, આદિવાસીઓનો ડર વધતો જઈ રહ્યો હતો. આ સારા લક્ષણ નહોતા. હવે હરીફરીને એજ મારી સેના હતી. જો એમની જ હિમ્મત તૂટી જાય, તો તો થઈ રહ્યું. તેથી, મારે તરત એમને આશ્વાસન આપવા કૂદવું પડ્યું. મેં બધાને ભેગા કરી, તેમને સમજાવતા ખૂબ જ દાર્શનિક ઢબે કહ્યું કે- આટલો ખજાનો કમાવવો સહેલો નથી હોતો, આથી લુંટારા તો આવવાના જ હતા. પરંતુ તમે શા માટે ચિંતા કરો છો? આપણે બધા ભેગા મળીને ચોક્કસપણે તેમને મારી ભગાડશું. સાથે જ કાંઈ ઊણપ ન રહે, તે માટે મારી તાકાતના વખાણ કરવાવાળા બે ચાર કિસ્સા પણ મોણ નાખીને સંભળાવી દીધા. આમ પણ અત્યાર સુધી સહુને મારી પર એટલો ભરોસો તો બેસી જ ગયો હતો કે હાલ પૂરતું કામ ચાલી જાય.

...હવે બીજાઓને તો લાખ સમજાવી દઉં, પણ હું સ્વયં તો નાસમજ નહોતો થઈ શકતો. મોત ચારે તરફથી ઘેરો ઘાલી રહ્યું હતું, એટલું તો હું સમજી જ શકતો હતો. અને હવે તો રથની ધજા જ નહીં, રથ અને સેના પણ સ્પષ્ટ દેખાઈ રહ્યાં હતાં. હવે શું હતું...? બે ચાર દિવસોની જ વાત હતી. જોતજોતામાં સેના ટેકરીની બિલકુલ પાસે આવી ગઈ. અર્થાત્ જેની મને પ્રતીક્ષા હતી, તેનું વાજતે ગાજતે આગમન થઈ ગયું હતું. જોકે આ વખતે સેના ઘણી નાની નજરે પડતી હતી. કદાચ આ ગત વખતના અનુભવોની અસર હતી. હવે પહેલાના યુદ્ધોના અનુભવો પછી તેણે આટલું તો શીખવાનું જ હતું કે વિશાળ સેના લાંબુ યુદ્ધ નથી કરી શકતી અને વળી હરીફરીને તેને બાથ તો બે છોકરાઓ સાથે જ ભીડવાની હતી. હવે જે હોય તે, પણ અહીં ટોચ પરથી જોવા મળતું સેનાનું દ્રશ્ય ઘણું સારું લાગી રહ્યું હતું. એ જેટલી નજીક આવી રહી હતી તેટલી વધારે મોટી અને સ્પષ્ટ દેખાતી હતી. હવે તો એટલી નજીક આવી ગઈ હતી કે રથ અને ગાડાં જ નહીં, ઘોડા અને હાથી પણ સ્પષ્ટ રીતે અલગ અલગ દેખાઈ રહ્યાં હતાં. તેની સેનાનું વર્ણન કરું તો તેમાં લગભગ બસો રથ હતા, એટલા જ ઘોડા અને લગભગ પચાસ હાથી હતા. સાથે જ ત્રણસો-ચારસો પાયદળના સિપાહીઓ હતા. અનુભવની કમાલ જુઓ કે આટલી નાની સેના માટે પણ સાધનસામગ્રીઓથી લદાયેલા લગભગ પચીસ બળદગાડાં સાથે ચાલી રહ્યા હતા. અર્થાત્ આ વખતે તે પાક્કા ઈરાદા સાથે આવ્યો હતો. કોઈપણ કિંમતે ખાલી હાથે પાછો ફરવા માંગતો નહોતો. ...એટલે જ તો અમારા મોતની યથાયોગ્ય સાધન સામગ્રી સાથે લઈને આવ્યો હતો. ખરેખર, જરાસંધની વેરભાવના અનોખી જ હતી. હું તો વિચારવા લાગ્યો કે આટલા મોટા રાજાને મને ઠેકાણે પાડવા સિવાય બીજું કોઈ કામકાજ છે કે નહીં? અથવા એવું તો નથી ને કે કુદરતે મને પરેશાન કરવા માટે તેને પોતાના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યો છે?

...કનૈયા! હવે શું કરશો? હવે મોતથી કેવી રીતે બચશો? એક વાર જરાસંધની સેના ટેકરી પર ચઢી ગઈ... પછી તો બચવું એક સપનું બનીને જ રહી જશે. અને ઉપરથી ભ્રમ એ કે ...ખજાનો લઈ જવા માટે રથ તૈયાર ઊભા રાખ્યા છે. હવે તો તમારા જીવની સાથે સાથે ખજાનો પણ જરાસંધનો જ સમજો. મ... મ... મ... મારું તો ઠીક, પણ રુક્મિણીનું શું થશે? ...હવે તેનાં ભાગ્યમાં જ સુખ નથી, તો તું શું કરીશ? અરે બહુ-બોલકા! રુક્મિણીને તો એકથી એક ચઢિયાતા રાજકુમારો મળી જશે, તું તારા ભાગ્યની ચિંતા કર! લો, કરો વાત! હવે મારે ચિંતા કરવા જેવું શું રહી ગયું છે? મારી ચિંતા કરવા જરાસંધ અહીં આવી તો પહોંચ્યો છે. અચાનક હું મનમાં ને મનમાં એવું બડબડવા લાગ્યો હતો જાણે કે પાગલ થઈ ગયો હોઉં. ...કદાચ થઈ જ ગયો હતો. આટલી

ગજબની તૈયારી જોઈને કોઈપણ પાગલ થઈ જાય. જીવવાના આટલા શોખીન અને આનંદના શોધક એવા મારા જેવાની કુદરતે બરાબરની વ્યવસ્થા કરી રાખી હતી. આરામથી જીવવાનું તો છોડો, આરામથી મરવા સુદ્ધાં દેતી નહોતી. અરે...! આટલી જલ્દી હતાશ થઈ ગયો? તું તો પાક્કો કર્મવીર છે ...હાર ક્યાં માનવા લાગ્યો? મક્કમતાથી ઊભો થઈ જા. ચૈતન્યને જગાડ. તું તો એ છે જેણે કાલીય નાગની ફેણ પર નાચ કર્યો હતો. હાર્યા પહેલા હારવાનું અને મર્યા પહેલા મરવાનું તારી પ્રકૃતિમાં નથી. તારે માટે તો દરેક સંઘર્ષ એક ખેલ છે, તૈયાર થઈ જા આ ખેલ માટે પણ.

એકદમ બરાબર. હવે કનૈયો આ ખેલ માટે સંપૂર્ણ રીતે તૈયાર હતો. અરે ન સમજ્યાં! જોયું, જરાસંધની સેના ટેકરી પર ચઢવાનો પ્રયત્ન કરશે, અને હું તેમને રોકવાની કોશિશ કરીશ. તે મને મારવાનું વિચારશે અને હું તેમને ભગાડવાની ચાલો ચાલીશ. થયો ને મજાનો ખેલ. બહુ મજા આવશે. જોઈએ, કોણ જીતે છે? જોયું તમે! મારી આવી વિચારણા જ તો મને ક્યારેય વધારે વાર સુધી ઉદાસ રહેવા દેતી નથી. હતાશા અને નિરાશા તો મારી આસપાસ ફરકી પણ શકતી નહોતી. જ્યારે આખું જીવન જ એક ખેલ છે, તો જીવનનો દરેક સંઘર્ષ પણ એક ખેલ જ તો થયો ને. તો પછી દરેક સ્થિતિમાં આ ખેલનો આનંદ લઈને કેમ જીવવામાં ના આવે? આ બધું વિચારીને હાલ કોઈક રીતે જાતને સંભાળીને ઉત્સાહથી સભર થયો જ હતો કે બીજી મુસીબતે બારણું ખખડાવ્યું. ના સમજ્યાં? મારી સાથે મારા પ્યારા ભાઈ તો હતા જ. અને તેમનો ઉત્સાહ તો તમે જાણો જ છો. અહીં મારા હોશકોશ ઊડી ગયા હતા, અને ત્યાં તેઓ જરાસંધને જોતા જ જોશમાં આવી ગયા હતા. હવે તમે જ કહો, એમનું આ જોશ મારે માટે એક સમસ્યા નહોતી તો બીજું શું હતું? હું ચેનથી કિનારા પર પડેલા એક મોટા પથ્થર પર બેસીને જરાસંધની સેનાનું સારું એવું નિરીક્ષણ કરવામાં લાગ્યો હતો કે ભાઈ હવામાં ગદા લહેરાવતા ટપકી પડ્યા. અને જરાસંધની સેનાને જોઈ, ઉછળી તો એવા પડ્યા કે જાણે જરાસંધ તેમના માટે કોઈ ભેટ લઈને આવ્યો હોય. અને ત્યાં સુધી તો ઠીક, પણ ગદા વારંવાર હવામાં એવી રીતે લહેરાવી રહ્યા હતા જાણે કે આ વખતે તેનું માથું ફોડીને જ દમ લેશે. તેમના ઉત્સાહની તો એવી સ્થિતિ હતી કે જો હું તેમને ના રોકત તો તેઓ તો ક્યારના નીચે જતા રહ્યા હોત, જાણે કે જરાસંધ તેમની સાથે એકલો જ યુદ્ધ કરવાનો હોય. જાણે તેની સાથે આટલી મોટી સેના માત્ર ગોમંત-ટેકરી પર ફરવા જ આવી હોય. ...હવે એમને કોણ સમજાવે કે જોશ ત્યારે કામ આવે, જ્યારે તેની સાથે હોશ પણ હોય. આ કસમયે 'રણછોડ'થી 'રણવીર' બનવાની ઉતાવળ, ઘેલછા સિવાય બીજું કશું નહોતું. 'રણવીર' તો હું પણ બનવા માંગતો હતો, પરંતુ જરા સમજી-વિચારીને. કારણ કે યુદ્ધ કોઈપણ હોય, રણનીતિ વિના જીતી શકાતું નથી. જ્યારે આ સ્પષ્ટ થઈ ગયું હતું કે હું અને ભાઈ આટલી મોટી સેનાને હરાવી નથી શકવાના, તો રણનીતિ વધુમાં વધુ એમને થકવીને ભગાડવાની બનાવી શકાય તેમ હતી. અને યુદ્ધને લાંબુ ખેંચીને જ તેમને થકવી શકાય એમ હતું. બસ, આજ રણનીતિ હું જમાવીને બેઠો હતો, પણ ભાઈ સમજ્યાં વિના વારંવાર તેમાં હસ્તક્ષેપ કરી રહ્યા હતા. હું આગળની રણનીતિ વિચારું કે ભાઈને સમજાવું? આમ સરવાળે મારે જરાસંધથી પહેલા, વારંવાર ભાઈ સાથે માથાકૂટ કરવી પડતી હતી. કેટલીયે વાર સમજાવો, તોય ફરી હવામાં ગદા લહેરાવતા ચાલ્યા આવતા.

ખેર! છોડો ભાઈને. હાલ તો જરાંસઘની સેનાની જ વાત કરું. આટલી નાની સેના હોવા છતાં, જરાસંધની સાથે યુદ્ધમાં અનેક રાજાઓ શામેલ હતા, જેમાં શાલ્વ, દમઘોષ, વગેરે મુખ્ય હતા. તેનો અર્થ સ્પષ્ટ હતો કે સેના નાની હતી, પરંતુ શ્રેષ્ઠ યોદ્ધાઓથી સજ્જ હતી. ઉપરથી જરાસંધના ઉત્સાહનું તો કહેવું જ શું? ટેકરીના કિનારા સુધી પહોંચતા જ તેણે સાથે આવેલા તમામ રાજાઓ અને સેનાને ગર્જના સાથે આહ્વાન કરતાં કહ્યું કે બધા મળીને કાલ સવાર થતાં જ, ટેકરીને સામેની બાજુએથી સંપૂર્ણ રીતે ઘેરી લો અને તત્ક્ષણ ટેકરી પર ચઢવાનું શરૂ કરી દો. ઉપર પહોંચતા જ ચારેબાજુએ, એ છોકરાઓને શોધો અને મળતા જ તેમનું માથું ધડથી અલગ કરી દો. અને જ્યાં સુધી તે બંને મરી ન જાય, ત્યાં સુધી ટેકરી પર જ પડ્યા રહો. એટલે કે જરાસંધે પોતાના તરફથી બધાને એક જ રાત આરામ માટે આપી હતી. કંઈ વાંધો નહીં, આજની રાત તો આરામથી સૂઈ જાઓ.

અને તમે નહીં માનો કે આજની રાતે તો હું ખરેખર નિરાંતે સૂઈ ગયો. અને સવાર તો સવાર હતી, ઊઠીને નિત્યકર્મ પતાવીને સીધો જ પહાડીના કિનારે જઈને એક પથ્થર પર બેસી ગયો. સાચું કહું તો આજે તો નહાવા-ધોવાની પણ મહેનત કરી નહોતી. તો શું, સારી રીતે નવરાવવા-ધોવરાવવા મહારાજ જરાસંધ તો પધારી ચૂક્યા હતા. બસ, એમણે તો પોતાનું કાલવાળું જોશપૂર્ણ આહ્વાન ફરી કર્યું અને તેની સાથે જ બધાએ એકદમ શીઘ્રતાથી ટેકરીને ચારેબાજુએથી ઘેરી લીધી. બધાની સ્ફૂર્તિ અને જોશ જોઈને હું તો સ્તબ્ધ થઈ ગયો. જરાસંધ તો જરાસંધ, સાથે આવેલા રાજા પણ ઓછા જોશમાં હોય તેવું નહોતું લાગતું. ...પરંતુ ઉત્સાહ માત્રથી શું થવાનું હતું? એક દિવસના પ્રયત્નમાં જ જરાસંધને એ સમજાઈ ગયું કે આ ટેકરી પર રથ નથી ચઢાવી શકાતા. હવે જ્યારે રથ જ ચઢી નથી શકતા, તો હાથીઓને આટલે દૂરથી લાવવાનું એમજ નકામું થઈ ગયું. આ બાજુ, સવારે જ્યાં હું એકલો આ તમાશો જોનારો હતો, બપોર સુધીમાં તો આદેશ્વર સહિત લગભગ વીસ લોકો ભેગા થઈ ગયા હતા. બસ, બધા પોતપોતાના હિસાબે, અહીંતહીં પથ્થરો પર બેસી ગયા હતા. હમણાં તો બધાને લૂંટારાઓના સરદાર એટલે કે જરાસંધની અકળામણ જોઈને મજા આવી રહી હતી. તે પોતાના તરફથી હજી પણ રથચાલકોને રથ ચઢાવવાના પ્રયત્નો કરવા માટે ઉત્સાહિત કરી રહ્યો હતો, પરંતુ આટલા સપાટ ઢોળાવ પર રથ ચઢે તો પણ કઈ રીતે? પ્રયત્ન કરતાં જ રથ પાછા પડતા હતા. હું તો ઠીક, હવે તો બધાને આ તમાશો જોવામાં મજા આવી રહી હતી.

ખેર! આમ સરવાળે તેમનો આજનો દિવસ તો આ કઢંગા પ્રયત્નમાં જ વીતી ગયો. હું ઘણો ખુશ થયો. આમ પણ મારું સ્પષ્ટ માનવું છે કે જીવનના તમામ યુદ્ધ શારીરિક ઓછા અને માનસિક વધારે હોય છે. કારણ કે પહેલી માનસિક પરેશાની જરાસંધે ભોગવી હતી, આથી કહી શકાય કે યુદ્ધનું પ્રથમ ચરણ અમારા નામે રહ્યું. જોકે ભલેને નીચે ચાલી રહેલા યુદ્ધમાં તો મારે કંઈ કરવાનું નહોતું, પરંતુ ઉપર એક માનસિક યુદ્ધ મારે પણ લડવું પડી જ રહ્યું હતું. ભાઈ, આ બધું જોઈ, રાત સુધીમાં પૂરેપૂરા આવેશમાં આવી ગયા હતા. તેઓ વારંવાર મને નીચે જઈને યુદ્ધ કરવા માટે ઉશ્કેરી રહ્યા હતા અને મારે દસ કામ છોડીને સતત એમને રોકવાના અતિ કઠિન કામમાં લાગી જવું પડતું હતું. તેમણે તો એક જ રટ પકડી રાખી હતી કે 'આજે હું જરાસંધનું માથું ફોડી નાખીશ.' હું વારંવાર સમજાવી રહ્યો હતો કે જરા શાંત રહો, હજુ યુદ્ધનો સમય નથી આવ્યો. ભલા તમને કંઈ જરાસંધ સાથે એકાંતમાં બાથ ભીડવાની તક થોડી મળવાની છે? તે સંપૂર્ણ 'સુસજ્જિત-સેના'ની સાથે છે, જેમાં એકથી એક ચઢિયાતા વીર યોદ્ધાઓ પણ શામેલ છે. પળવારમાં જ આપણો ખાત્મો બોલાવી દેશે. દુશ્મનને જરા થાકવા દો. તેની શક્તિ થોડી ક્ષીણ થવા દો, તેમના થોડા સૈનિકોને મરવા દો... આપણે તો ઊંચે ટેકરી પર બેઠા છીએ. પહેલા તેમને ટેકરી પર ચઢવા તો દો. એક વાર ટેકરી ચઢી ગયા, તો ઈચ્છો કે ના ઈચ્છો, યુદ્ધ તો થઈ જ જશે. તમે નહીં માનો, આવા કપરા વખતમાં પણ મારી અડધાથી વધારે ઊર્જા ભાઈને સંભાળવામાં ખર્ચાઈ રહી હતી. ...સમજમાં નહોતું આવતું કે ભાઈ કોના પક્ષમાં છે?

ખેર! બીજા દિવસે તો સવારે હું એકલો જ નહીં, ઘણા લોકો ટેકરીના કિનારે આવી પહોંચ્યા હતા. બધાને બેઠા બેઠા જોવા મળી રહેલા આ તમાશાએ મજા કરાવી દીધી હતી. એ તો ઠીક, જેમ જેમ દિવસ ચઢતો જતો હતો, તેમ તેમ તમાશો જોવાવાળાઓની સંખ્યામાં પણ વધારો થતો જતો હતો. કોઈ આવો મોકો છોડે પણ કેમ? નીચે તમાશો જ અજબગજબનો ચાલી રહ્યો હતો. અને મજાની વાત તો એ કે રથ નહોતા ચઢી શકતા, એ નક્કી કરવામાં જ જરાસંધના બે દિવસ નીકળી ગયા હતા. ત્યારબાદ તેમણે ઘોડાઓને અજમાવ્યા. બધા રથ ખોલીને ઘોડાઓને સ્વતંત્ર કરી દીધાં હતા. ...બિચારા રથ બેસહારા થઈ ગયા. બસ, આમ સરવાળે નીચે એક પછી એક દિવસ આમ જ બગડી રહ્યા હતા. અમારા માટે તો શુભ સમાચાર એ હતા કે સાત દિવસ વીતવા છતાં પણ સપાટ ઢોળાવ હોવાને કારણે જરાસંધની સેનાનો એક પણ ઘોડો ટેકરી પર ચઢી શક્યો નહોતો. સહુથી સારી વાત તો એ હતી કે આ બધું જોઈને, સાથે આવેલા રાજાઓ અકળાઈ ગયા હતા. એક તો આટલી લાંબી યાત્રા પછી તેઓ અહીં પહોંચ્યા હતા. ચોક્કસપણે હાથીઓએ યાત્રા વધારે લાંબી કરી જ દીધી હશે. ઉપરથી આ સપાટ ટેકરી એક નવી જ જાતની મુસીબત બનીને સામે ઊભી હતી. અને વળી વિચારવાલાયક વાત એ કે આ રાજાઓની મારી સાથે કોઈ અંગત દુશ્મની તો હતી નહીં. વેરની આગમાં તો જરાસંધ બળી રહ્યો હતો. ...આ એક નિર્વિવાદ સત્ય છે કે જે કાર્યમાં મનુષ્યનો પોતાનો રસ નથી હોતો, તેમાં તે જલ્દીથી થાકી જાય છે. આમ સરવાળે, અત્યારથી જ આવી હાલત જરાસંધની સાથે આવેલા રાજાઓની થઈ ગઈ હતી. ત્યાંજ એક બે દિવસના વધારે પ્રયત્ન પછી એ પણ સ્પષ્ટ થઈ ગયું હતું કે ઘોડા પણ સૈનિકોને લઈને આ ટેકરી ઉપર ચઢી શકે તેમ નહોતા. એટલે તેમણે જો અમારા સુધી પહોંચવું હોય તો સહુએ પોતે સૈનિકોની સાથે પગપાળા જ ઉપર ચઢવું પડશે. હવે રાજાઓ, જે હજુ સુધી જમીન પર બરાબર રીતે ચાલવાના આદિ નહોતા, તેઓ આટલાં કપરા સીધા ચઢાણ કેવી રીતે ચઢવાના હતા? પરંતુ જરાસંધનો હુકમ હતો, પાલન તો કરવાનું જ હતું. આ તો દ્રશ્ય હજુ વધુ રોમાંચક થઈ ગયું. બિચારા રાજા માંડમાંડ થોડું ચઢતા કે લપસીને ફરી નીચે પહોંચી જતા. કમાલનું દ્રશ્ય હતું. અમને તો મજા પડી રહી હતી. અમને તો અહીં બેઠા બેઠા મફતમાં મજાનો તમાશો જોવા મળી રહ્યો હતો. એક તો ટેકરી પર ગાઢ જંગલ, ઉપરથી સીધા ચઢાણ અને તેની ઉપર વ્યવસ્થિત માર્ગનો અભાવ. તમે સમજી શકો છો કે નીચે કેવા કેવા ખેલ ચાલી રહ્યા હશે? ઘટના એવી હતી કે ચાર પાંચ દિવસોના અથાક પ્રયત્નો પછી પણ તેઓ થોડું જ ચઢાણ ચઢી શક્યા હતા. જોકે જેટલું ચડ્યા હતા, એટલા તો અમારી પાસે આવી જ ગયા હતા.

ખેર! આ બાજુ જો એમના નિત્યક્રમની વાત કરું તો સાંજ થતાં થતાં આખી સેના થાકીને લોથપોથ થઈ જતી હતી, અને રાત થતાં થતાં તો બધા સૂઈ જતા હતા. તેમ છતાં એ માનવું પડશે કે ધીમે ધીમે તેઓ ચઢાણથી ટેવાઈ રહ્યા હતા. અને આ જરાય સારા સમાચાર નહોતા. અર્થાત્ જલ્દીથી કંઈક કરવામાં નહીં આવે તો તેમના ઉપર સુધી પહોંચી જવાની શક્યતા દેખાવા લાગી હતી. સહુથી વધારે તો જરાસંધનું જોશ જ પ્રશંસાજનક હતું, જે આ ઉંમરે પણ સહુથી આગળ જ ચાલી રહ્યો હતો. તેની ઉંમરનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય કે તે મારા મામાનો પણ સસરો હતો. એ જે હોય તે, પણ હવે તો તમાશો જોવાનો સમય પૂરો થઈ જ ગયો હતો. કારણ કે સેના ધીમે ધીમે પરંતુ ચોક્કસ ગતિથી અમારા તરફ આગળ વધી રહી હતી. જલ્દીથી કંઈક ઉકેલ શોધવામાં નહીં આવે, તો તમાશો જોતાં જોતાં તો અમારો તમાશો બનતા વાર લાગવાની નહોતી, તે નક્કી હતું. પણ વિચારું તો વિચારું કેવી રીતે? ભાઈનું જોશ તો વારંવાર વિઘ્ન બની સમય ખાતુ હતું, ઉપરથી એક વધુ મુસીબત આવી પડી હતી. ...આ બાજુ તેમને સતત ઉપર ચઢતા જોઈ હવે આદેશ્વર અને અન્ય આદિવાસીઓમાં પણ ડર ફેલાવાનું શરૂ થઈ ગયું હતું. અર્થાત્ હવે ભાઈની સાથે સાથે તે લોકોને પણ સંભાળવાનું એક નવું કામ માથે આવી ગયું હતું. હવે જ્યારે હરીફરીને સમસ્યા તો એક જ હતી કે આગળ વધતી સેનાને ઉપર આવતા કેવી રીતે રોકવામાં આવે? કેવી રીતે પાછી પાછળ ધકેલવામાં આવે? એટલે કે આમ સરવાળે તેમની 'પીછેહઠ' જ સુનિશ્ચિત કરવાની હતી. પણ કેવી રીતે? બસ, આની પર અવિરત ચિંતન ચાલું હતું. ત્યારે જ એક ખતરનાક વિચાર આવ્યો. વિચાર આવતા જ હું ખુશ થઈ ગયો. અરે હા, કાલ સુધી જે જરાસંધનું

હથિયાર હતું તે આજે અમારું હથિયાર થઈ શકતું હતું. ...શા માટે ટેકરીની નીચેની તરફ આગ લગાડીને જરાસંધની સેનાને આશ્ચર્યચકિત ન કરી દેવામાં આવે? તેની પર જો રાતના આગ લગાવી દેવામાં આવે તો... તો... તો... ઘટના જ ગજબની ઘટી જાય. આનાથી ના માત્ર તેમની પીછેહઠ સુનિશ્ચિત થઈ જાય, પરંતુ દુશ્મન સેનામાં ડર પણ પ્રસરી જાય. ...આમ તો રાત્રે આક્રમણ કરવું કે કોઈ રીતે નુકસાન પહોંચાડવું તે યુદ્ધના સમકાલીન નિયમોની વિરુદ્ધ હતું. પરંતુ સમયની માંગ મુજબ, હું ક્યાં કોઈ નિયમમાં બંધાવાનો હતો? હું તો યુદ્ધનો એક જ નિયમ જાણતો હતો- 'યુદ્ધમાં જીતવું.'

બસ, મેં રાતોરાત આદિવાસીઓને કહીને ટેકરી પર ઉપરની બાજુએથી આગ લગાવી દીધી. આગ વધારે ભયાનક તો નહોતી લગાવડાવી, તેમ છતાં તત્ક્ષણ તે જરાસંધ અને તેના સૈનિકો સુધી પહોંચી જ ગઈ. હવે આગ તો આમ પણ આગ હોય છે, તે પણ મોડી રાતે લાગેલી આગનો તો આતંક જ કંઈક જુદો હોય છે. તેથી, જેવી ધારણા હતી, આગ જરાસંધના સૈન્યશિબિરમાં શું પહોંચી, ડર પ્રસરી ગયો. ચારેબાજુ ભાગદોડ મચી ગઈ. ડરના માર્યા બધા પાછા નીચે તળેટી તરફ ભાગી ગયા. હું તો ઉપરથી આ તમાશો જોઈને ઘણો ખુશ થઈ રહ્યો હતો. લગભગ પંદર દિવસના અથાક પ્રયત્નો પછી માંડમાંડ થોડું ચઢાણ કર્યું હતું, તે પણ પાણીમાં ગયું. બસ, આ જોઈને આદેશ્વર અને આદિવાસીઓનું તો કહેવું જ શું? એમણે તો દિવસમાં જ ઢોલ-નગારા વગાડવાનું શરૂ કરી દીધું. આ તો અમારી સ્થિતિ હતી, પણ તે બાજુ, આને લીધે ચોક્કસપણે તમામ રાજાઓના ચહેરા પર નિરાશાનાં ઘનઘોર વાદળાં છવાઈ ગયાં. પરેશાન તો જરાસંધ પણ કંઈ ઓછો નહોતો. પરંતુ માનવું પડશે કે તેની કટિબદ્ધતા તેને ટકાવી રાખતી હતી. આ વખતે કોઈપણ કિંમતે તે ખાલી હાથે જવા નહોતો માંગતો. બસ, ત્યાં આગળના બે દિવસ સુધી વિચારવિમર્શનો દોર ચાલતો રહ્યો. આ ચર્ચાવિચારણા દરમિયાન શાલ્વએ સમગ્ર ટેકરી પર આગ લગાવવાની સલાહ આપી. તેનું માનવું હતું કે આનાથી તે બે છોકરા આ આગમાં બળીને રાખ થઈ જશે, અને જો તેઓ બચી પણ જશે તો પણ ઓછામાં ઓછું ટેકરી પર બચેલું ઘાસ પૂરી રીતે ભસ્મ થઈ જશે. આનાથી આપણે સહેલાઈથી ટેકરી પર ચઢી શકીશું. જરાસંધને શાલ્વની આ સલાહ પસંદ આવી. બસ, આગળના બે દિવસ આગ લગાવવાની તૈયારીઓ ચાલતી રહી. ...મારું તો માથું જ ભમી ગયું. અમે તો સાધારણ આગ લગાવી હતી, આ તો સમગ્ર ટેકરીને રાખ કરવા પર ઊતરી આવ્યા છે. પરંતુ આમાં હવે હું શું કરી શકવાનો હતો? હવે પ્રેક્ષક બનવાનો વારો મારો હતો.

...આ તરફ, અંતિમ યોજના મુજબ, ત્રીજા દિવસે આગ લગાડવામાં આવી. જોતજોતામાં, સમગ્ર ટેકરીને ભયાનક આગની જ્વાળાઓએ ઘેરી લીધી, પણ ખુશખબરી એ હતી કે અમે સંપૂર્ણ રીતે સુરક્ષિત રહ્યા. આજે મને રહી રહીને મારી દૂરંદેશી પર ગર્વ થઈ રહ્યો હતો. કારણ કે ટેકરીની ઉપરનું ઘાંસ હું પહેલાથી જ સંપૂર્ણપણે સાફ કરાવી ચૂક્યો હતો. પરિણામસ્વરૂપ, આગની ગરમી તો અમારા સુધી પહોંચી રહી હતી, પરંતુ આગ અમારાથી ઘણી દૂર હતી. ...હવે આ બધું તો ઠીક, પણ ત્યાં એક એવો ચમત્કાર થઈ ગયો, જેનો મેં ક્યારેય વિચાર પણ નહોતો કર્યો. સાંજ થતાં થતાં, તેઓ પોતાની જાળમાં જ બરાબરના ફસાઈ ગયા. થયું એવું કે આગને કારણે ટેકરી પર વસતા વિશાળ ઝેરી સર્પોમાં ભાગદોડ ફેલાઈ ગઈ. તેઓ ટેકરી છોડીને નીચે જંગલ તરફ ભાગવા લાગ્યા. ત્યાં સુધી તો ઠીક, પણ જતા જતા તેમણે એવો ઉત્પાત મચાવ્યો કે જરાસંધના ઘણા હાથી-ઘોડા અને સૈનિકોને તેમણે ડંખ માર્યા. અર્થાત્ સર્પોએ પોતાનો બધો ક્રોધ જરાસંધની સેના પર ઉતાર્યો. અને આ ઓછું હોય તેમ રાત થતાં થતાં, આગે પણ નીચેની જ દિશા લીધી. પછી શું હતું, પાછી ફરતી આગ અને આમતેમ ભાગી રહેલા સર્પોપી બે તરફના આક્રમણથી જરાસંધની સૈન્યશિબિરમાં હાહાકાર મચી ગયો. બધાએ પાછા પગલે દોટ મૂકી અને દૂર જઈને જંગલમાં આશરો લીધો. ...આ તો મોટી દુર્ગતિ થઈ. ક્યાં તો તેઓ આ ટેકરી પર ચઢાઈ કરવા ઈચ્છતા હતા, અને ક્યાં ટેકરીથી કોસો દૂર ભાગવું પડી રહ્યું હતું. ઉપરથી કેટલાય સૈનિકો આગમાં બળી ગયા હતા, અને કેટલાયને સર્પોએ ઘાયલ કરી દીધા હતા, તે અલગ. હવે તો બધાને આ ટેકરી માયાવી લાગી રહી હતી. ડરના માર્યા બધાનો જીવ તાળવે ચોંટી ગયો હતો. કોઈ આગળનું યુદ્ધ કરવા તૈયાર જ નહોતું. કારણ કે વીસ દિવસ વીતી જવા છતાં, સફળતા દૂર દૂર સુધી દેખાતી નહોતી... ઉપરથી, કારણ વગર જાન-માલનું નુકસાન ઉઠાવવું પડતું હતું.

મારી ખુશીનો પાર નહોતો. આવું તો મેં ક્યારેય વિચાર્યુ પણ નહોતું. આ તો કર્મોની ઉપરાંત કુદરતનો સાથ પણ નસીબ થઈ ગયો હતો. સાચું કહું તો નીચેની હાલત જોઈને મને તો મારા સપનાં સાચા પડતા દેખાવા લાગ્યા. હવે જરાસંધ ટેકરી પર ફરી ચઢાઈ કરી શકે તેવું લાગતું નહોતું. આ બાજુ આદેશ્વર અને આદિવાસીઓની સ્થિતિ પણ મારાથી અલગ નહોતી. ખજાનાના લુંટારાઓએ હાર માનવી પડી હતી, આ જોઈને તેમની આંખોમાં પણ સપનાં તરવા લાગ્યા હતા. પરંતુ શું કહું, અમારી આ ભ્રમિત ખુશી વધારે વાર ટકી ના શકી. ટેકરીની આગ તો શાંત થઈ ગઈ હતી, પરંતુ અસફળતાની દાઝે જરાસંધની અંદર ધરબાયેલી વેરની આગને વધારે ભડકાવી દીધી હતી. તે કોઈપણ કિંમતે પાછો પડવા તૈયાર નહોતો. તે આરપારની એક વધુ લડાઈ લડવા કટિબદ્ધ દેખાઈ રહ્યો હતો. ...ત્યાં સુધી કે એણે એક જોશપૂર્ણ ભાષણ આપી બધાને એક અંતિમ યુદ્ધ માટે તૈયાર પણ કરી લીધા. આ ઉંમરે પણ જરાસંધનો ઉત્સાહ ખરેખર પ્રશંસાને પાત્ર હતો. આમ તો મનુષ્ય જીવન છે એટલે ઉત્સાહ તો અંતિમ શ્વાસ સુધી ટકી જ રહેવો જોઈએ. જોકે એ તરફ બિચારા રાજાઓની પણ મજબૂરી હતી. એ બિચારા અકારણ જરાસંધને સાંભળ્યો-ના સાંભળ્યો તો કરી શકતા નહોતા. પરિણામે, ઈચ્છા-અનિચ્છાએ પણ બધાએ એક વાર ફરી યુદ્ધ માટે તૈયાર થવું જ

પડ્યું. અને આ જરાયે શુભ લક્ષણ નહોતું. જેવું કે તમે જાણો છો, ટેકરી પરનું ઘાસ હવે સંપૂર્ણ રીતે બળી ગયું હતું, એટલે કે હવે તેમને ચઢાણ ચઢવામાં અવરોધ જેવું કંઈ નહોતું. મારું તો સપનાં જોવાનુ શરૂ થવું જ મને ભારે પડી ગયું હતું.

કંઈ વાંધો નહીં, આગળ જે થશે તે જોયું જશે. આ તરફ ચોક્કસપણે બળી ગયેલાં ઘાસના સહારે જરાસંધે ફરી બધાનો ઉત્સાહ વધારતા ટેકરી પર ચઢીને અમને બંનેને ખતમ કરવાનું ફરી એક વાર આહ્વાન કર્યું. એ સાંભળતા જ સહુએ કોઈપણ રીતે મને-કમને ફરી ચઢાઈ શરૂ કરી. આમ તો હવે ન તો કોઈનામાં તાકાત બચી હતી, અને ના તો કોઈ આ યુદ્ધ કરવા માંગતુ હતું, પણ બસ, જરાસંધની જિદ્દની સામે બધા લાચાર હતા. અને તમે તો જાણો છો કે અનિચ્છાએ થતાં કાર્યની ગતિ આમ પણ ધીમી જ પડી જાય છે. જોકે બીજી બાજુ ઘાસપી અડચણ હવે લગભગ નાબૂદ થઈ ગઈ હતી. અર્થાત્ ચઢાણ હવે એટલું આકરું નહોતું રહ્યું. પરિણામસ્વરૂપ, પાંચ-સાત દિવસોના ચઢાણ પછી જ તેઓ અમારી ઘણી નજીક આવી પહોંચ્યા હતા. આ જોઈને, સ્વાભાવિક રીતે આ તરફ આદિવાસીઓમાં ડર ફેલાઈ ગયો હતો. પરંતુ મારી પાસે હજી એક અંતિમ હથિયાર બચ્યું હતું, એટલા માટે હું થોડે ઘણે અંશે નિશ્ચિંત હતો. આમ તો હવે તેનો પણ ઉપયોગ કરવાનો સમય આવી જ ગયો હતો. હા, જો તે અસર ના દેખાડે તો પછી દૂર દૂર સુધી મારી પાસે તેમને રોકવાનો કોઈ બીજો ઉપાય નહોતો. ખેર, હાલ તો આ બધું વિચારવાને બદલે એ અંતિમ ઉપાય પર ધ્યાન દેવાનું જરૂરી હતું. તેઓ પોતાનું કર્મ શરૂ કરી ચૂક્યા હતા, અને પ્રત્યુત્તરમાં હવે કર્મ કરવાનો મારો વારો હતો. તમે કદાચ ભૂલી ગયા હશો કે આવા જ કોઈ સમય માટે મેં ટેકરી પર પથ્થરો ગોઠવી રાખ્યા હતા. પરંતુ માત્ર આટલાથી જ મને સંતોષ નહોતો. આથી, મેં આદેશ્ર્વરને કહીને અમારા છૂમંતર થવાની પણ પૂરી તૈયારી કરાવી દીધી. ભાગવા માટે રથ પહાડીના પાછળના ભાગે તૈયાર ઊભા હતા. એટલું જ નહીં, અમારા ભાગનો ખજાનો પણ બે પેટીઓમાં ભરાવીને પહેલેથી જ રથો પર ચઢાવી દેવાયો. અને આ મહત્ત્વપૂર્ણ કામ મેં કોઈના ભરોસે છોડ્યું નહોતું, બલ્કે સ્વયં આદેશ્ર્વરને રથ અને ખજાનાની સુરક્ષા સોંપી દીધી હતી. કહેવાનું તાત્પર્ય એ કે એક તરફ, જો જરાસંધ અડધી ટેકરી ચઢી ચૂક્યો હતો, તો બીજી બાજુ હું પણ ચારે તરફથી તૈયારીઓમાં જરાય પાછળ નહોતો. ...આમ પણ હવે લડાઈ આરપારની સ્થિતિએ પહોંચી ગઈ હતી. અમે કંઈ તેમને આખી ટેકરી ચઢીને અમારા સુધી પહોંચવા દેવાની વાટ નહોતા જોવાના. બસ, ખજાનાની સાથે અમારા છૂમંતર થવાની વ્યવસ્થાથી સંતુષ્ટ થતાં જ, સર્વપ્રથમ તો મેં બધાને ભેગા કરીને તેમને મજબૂત કર્યા. સ્વાભાવિક રીતે, આગળનો બધો ખેલ આ અંતિમ પ્રહારની અસર પર જ નિર્ભર હતો.

...આ તરફ મેં જેવી તેમને યોજના સંભળાવી, બધા ખુશીથી નાચી ઊઠ્યા. બસ, આજની રાતે જ અમે બધાએ તેના પર અમલ કરી દીધો. બીજી તરફ જરાસંધ મહારાજ રોજની જેમ પોતાની સેના સાથે સાંજ સુધી ટેકરી પર ચઢતા રહ્યા. સાંજ ઢળતા જ તેમણે એક જગા પર આશરો લીધો. તમામ રાજાઓ સહિત, લગભગ બસ્સો માણસો અમને મારવા માટે આ અઘરું પર્વતારોહણ કરી રહ્યા હતા. મને તો મુલાયમ પથારી પર સૂવાવાળા રાજાઓને અહીંતહીં જમીન પર પડેલા જોઈને આશ્ર્ચર્ય થઈ રહ્યું હતું. બિચારાઓ ખરેખર જરાસંધના ચક્કરમાં ભારે કષ્ટ ઉઠાવી રહ્યા હતા. મને સહુથી મોટું આશ્ર્ચર્ય તો જરાસંધ પર થઈ રહ્યું હતું કે આટલું મોટું કષ્ટ ઉઠાવીને તે મને મારી પણ નાખશે તો તેના હાથમાં શું આવશે? માત્ર બદલો લીધાનો સંતોષ? ...એ માટે કંઈ આટલાં કષ્ટો ઉઠાવાતા હશે?

હશે! હાલ તો સાંજ ઢળી ગઈ હતી. થોડી જ વારમાં ભોજન કરીને એમની મોટા ભાગની સેના સૂવા માટે પણ જતી રહી હતી. પરંતુ મને ઉતાવળ નહોતી. હજી ઊંઘ ઘેરાવા દો, પછી કૃષ્ણ કમાલ બતાવે છે. બસ, હું પચાસેક આદિવાસીઓ સાથે કમાલ બતાવવા માટે કિનારે મક્કમ ઊભો હતો. બધા પૂરી રીતે તૈયાર જ હતા, બસ, મારા ઈશારાની વાર હતી. ...પણ મેં ચતુરે ઈશારો પણ લગભગ મધરાતે જ કર્યો. તેની સાથે જ ટેકરી પરથી પથ્થર ટપકાવવાના શરૂ કરી દીધા. પછી જોતજોતામાં, ટેકરી પરથી તો રીતસરની પથ્થર-વર્ષા જ શરૂ થઈ ગઈ. પહેલા આગળ પડેલા નાના પથ્થર ફેંકવામાં આવી રહ્યા હતા. તેમને ઊંઘમાંથી ઉઠાડવા માટે આ પર્યાપ્ત હતા. ચોક્કસપણે, આ અચાનકની પથ્થર-વર્ષાએ બધાને આશ્ર્ચર્યચકિત કરી દીધા. બધા એવા સફાળા જાગ્યા કે પૂછો જ નહીં. હવે ટેકરી પરથી અનાયાસે પથ્થર-વર્ષા કેવી રીતે થઈ શકે છે, તે કોઈની સમજણમાં આવી રહ્યું નહોતું. તેઓ ભૂલી ગયા કે કૃષ્ણના હોવામાત્રથી કંઈ પણ બની શકે છે. ...જોકે જરાસંધના દબાણ હેઠળ હજુ પણ બધા પોતપોતાના સ્થાન પર ઊભા તો હતા, પણ ગભરાટ સારી પેઠે ફેલાઈ ગયો હતો. સાથે જ વિચારવિમર્શનો એક લાંબો દોર જરૂર ચાલ્યો હતો. મને તો તેમની આ અજબ હાલત જોઈને એવું હસવું આવી રહ્યું હતું કે શું કહું? હું તો એ વિચારી વિચારીને હસી રહ્યો હતો કે અંતે ક્યાં સુધી આ લોકો પોતાની જગા પર અડગ રહેશે. જ્યારે નાના પથ્થરોએ તેમની આવી હાલત કરી દીધી છે તો મોટા પથ્થરોનો કાળો કેર આ લોકો શું ધૂળ સહી શકશે? આમ તો સારા કામમાં શું મુહૂર્ત જોવાનું, હવે 'વિશાળ પથ્થરો'પી બ્રહ્માસ્ત્ર ચલાવવાનો સમય પણ આવી ગયો હતો. બસ, એ પણ ચલાવી દીધું. ત્રણ-ત્રણ ચાર-ચાર આદિવાસીઓએ ધક્કા મારીને આ પથ્થર ગબડાવવા પડી રહ્યા હતા. આજ તેમની વિશાળતા સમજવા માટે પૂરતું છે. બસ, ગર્જના જેવા અવાજો સાથે આ પથ્થર નીચેની તરફ ઝડપથી રગડવા લાગ્યા. આ મહાકાય ખડકો જેવા પથ્થરોએ ઘણો કાળો કેર વર્તાવ્યો. ચારેબાજુ હાહાકાર મચી ગયો. આ પથ્થરોએ કેટલાય ઘોડા જ નહીં, ઘણાં સૈનિકોને પણ ઘાયલ કર્યા. કેટલાયનો તો જીવ જ લીધો. હવે અડધી રાત્રે ઊંડી ઊંઘમાં આ આફત સહન કેવી રીતે થાય? સમગ્ર સૈન્યશિબિરમાં ફરી હાહાકાર મચી ગયો. દોડ તો એવી લગાવી કે આંખના

પલકારામાં જ બધા ફરીથી હતા ત્યાંને ત્યાંજ તળેટીમાં પહોંચી ગયા. એટલું જ નહીં, ડર એ હદે પ્રસરી ગયો હતો કે તળેટીમાં પહોંચ્યા પછી પણ બધા દોડી રહ્યા હતા. જેને રથ મળ્યો તે રથ લઈને ભાગી રહ્યો હતો, જેને ઘોડો મળ્યો તે ઘોડો લઈને દોડી રહ્યો હતો. જેને કંઇ ના મળ્યું તે પગ માથે મૂકીને ભાગી રહ્યા હતા. ...મજાની વાત તો એ કે બધા ભાગતા જઈ રહ્યા હતા અને બૂમો પણ પાડી રહ્યા હતા, ભાગો... આ શેતાન ટેકરી છે. ભાગો... શેતાન ટેકરી છે. જીવ બચાવો... આ બહુ જ માયાવી લાગી રહી છે. બિચારો જરાસંધ બૂમો પાડતો રહી ગયો કે એવું કંઇ નથી, આ પેલા બે છોકરાઓની ચાલ છે, પરંતુ હવે ત્યાં સાંભળવાવાળું કોઈ નહોતું. બિચારો ગળું ફાડીફાડીને બૂમો પાડતો રહી ગયો કે ...અરે! યુદ્ધ છોડીને ક્યાં ભાગી રહ્યા છો, આપણે એ બે છોકરાઓને ખતમ કર્યા વિના જવાનું નથી. પણ હવે અહીં કોઈ એક પળ માટે પણ રોકાવા તૈયાર નહોતું. જરાસંધના હુકમનું આ સમયે કંઇ મૂલ્ય નહોતું. સ્પષ્ટ વાત છે, ડરની ચરમસીમા પર મનુષ્ય કોઈના ય હુકમનો ગુલામ થોડો જ હોય છે? ...અને તેની સાથે જ, કૃષ્ણના જીવનની સહુથી મોટી સમસ્યા અલવિદા કહીને ભાગી ગઈ હતી.

અંતે સફળતાએ ફરી એક વાર મારા કદમ ચૂમી જ લીધા. જરાસંધની તાકાત મારા બુદ્ધિ ચાતુર્યની સામે એક વાર ફરી નતમસ્તક થઈ ગઈ હતી. પરંતુ આ સમય અહંકાર કરવાનો જરાયે નહોતો. જ્યાં સુધી અહીંથી સલામત નીકળી ના જઈએ, વાત પૂરી થઈ હોય એમ કહી શકાય તેમ નહોતું. અને જ્યારે બધા જ ભાગી રહ્યા છે, તો હું પણ શું કામ ન ભાગું? હું તો જૂનો ભાગેડુ છું. આમ પણ હવે અમારા ભાગવાનો સમય પણ આવી જ ગયો હતો; કારણ કે સમય વીતતા, બની શકે કે જરાસંધ ફરી બધાને એકઠા કરવામાં સફળ થઈ જાય. નહીં... ભાઈ નહીં... ભાગો... કૃષ્ણ ભાગો... શુભ કાર્યમાં શેની વાર? તરત નાચતા ગાતા આદિવાસીઓને આવજો કહી, હું ભાઈને લઈને પાછળના રસ્તેથી ત્યાં જઈ પહોંચ્યો જ્યાં ખજાનાથી ભરેલા અમારા રથ ઊભા જ હતા. આદેશ્ર્વર ત્યાં પહેલેથી રથો પાસે ખજાનો લઈ તૈયાર જ ઊભો હતો. ત્યાં પહોંચતા જ અમે પણ સંપૂર્ણ રીતે તૈયાર હતા. ...આમ પણ કોઈ ચીજમાં વાર લગાડો તો પાલવે, પરંતુ ભાગવામાં સમય બગાડવો કોઈપણ રીતે ન પાલવે. કારણ કે ભાગવામાં મોડું કરવાના હંમેશાં ગંભીર દુષ્પરિણામ આવતા હોય છે. બસ, આ વિચારીને ઉતાવળમાં જ આદેશ્ર્વરનો આભાર માન્યો અને જલ્દીથી ફરી મળવાનું આશ્ર્વાસન આપતા, હું અને ભાઈ પોતપોતાના રથ હંકારતા નીકળી પડ્યા.

...હજી અમે સપાટ મેદાન સુધી જ પહોંચ્યા હતા કે અચાનક મને યાદ આવ્યું કે જ્યાં બધું બરાબર જ થઈ ગયું છે તો ભાઈને પણ સંતુષ્ટ થવાનો મોકો કેમ ન આપવામાં આવે? આમ પણ ભાઈનો સંતોષ મારી માનસિક તંદુરસ્તી માટે અતિ આવશ્યક હતો. ભલેને જરાસંધ ભાગી ગયો હતો, પણ આ સત્યથી પણ મોં ફેરવી શકાય તેમ નહોતું કે અમે પણ ભાગી જ રહ્યા હતા. ક્યાંક ફરી એક વાર ભાઈ એમ ના સમજી લે કે મેં ફરી વાર તેમને રણ છોડવા માટે મજબૂર કર્યા છે. મને ડર એ હતો કે ક્યાંક એમણે આ રીતે વિચાર્યું તો આ વખતે તો મારું જીવવાનું જ હરામ કરી દેશે. બસ, આ વિચારતા જ મેં ભાઈને ભાગતી સેના પર આક્રમણ કરી દેવાનું કહ્યું. આ સાંભળતા જ ભાઈની ખુશીનો પાર ના રહ્યો. તેમનો રથ તો હવામાં ઊડવા લાગ્યો. પળવારમાં તેઓ ભાગતી સેનાની પાસે પહોંચી ગયા. ખુશ એ હદે થયા કે તેમણે પોતાના ક્રોધને શાંત પાડવાનો અને ગદાને તૃપ્ત કરવાનો એક પણ અવસર જવા ના દીધો. જોતજોતામાં તેમણે અનેક ભાગતા સૈનિકોનાં માથાં ફોડી નાખ્યાં. તેમના ઉત્સાહનો અંદાજો આનાથી જ લગાવી શકાય છે કે સારો રથચાલક હોવા છતાં, અત્યારે મારો રથ તેમનાથી ઘણો પાછળ રહી ગયો હતો. આમ હું તો બસ, દૂરથી આ મજાનું દ્રશ્ય જોવાનો આનંદ લઈ રહ્યો હતો. પરંતુ હું પણ ક્યાં સુધી માત્ર મૂકપ્રેક્ષક બનીને રહેત? અંતે મારે પણ આત્મતૃપ્તિ તો કરવાની જ હતી. આથી, બે ચાર ભાગતા સૈનિકોનો મેં પણ ખાતમો કર્યો. લાગવું જોઈએ ને કે જરાસંધને મારીને ભગાડ્યો છે. ...આમ તો આ યુદ્ધનું આનાથી વધુ કોઈ ઔચિત્ય પણ નહોતું. આમ પણ એ ભાગી રહ્યા હતા, પ્રશ્ર્ન ભ્રામક આનંદને પંપાળીને પોતાનો સિક્કો જમાવવાનો હતો કે અમે જરાસંધને મારી ભગાવ્યો. તેથી અત્યારે આનાથી વધારે, કારણ વગરની હિંસા કરવાનો કોઈ અર્થ નહોતો. જે સ્થાપિત કરવા ઇચ્છતો હતો તે સ્થાપિત થઈ જ ગયું હતું. હવે ગમે તે થાય પણ એ વાત સમગ્ર આર્યાવર્તમાં ફેલાવાની જ હતી કે જરાસંધની 'સંયુક્ત સેના' બે છોકરાઓના ડરથી ભાગી છૂટી. બંને છોકરા જબરા શક્તિશાળી નીકળ્યા. હવે આ કોઈ થોડું જ જાણતું હતું કે અમે કઈ કઈ કૂટનીતિના પાસા ફેંકીને તેમને મારી ભગાડ્યા છે? ના તો કોઈ એ જાણી શકશે કે ટેકરી પર અમે બે એકલા નહોતા; એટલે કે હરીફરીને વીરતા તો અમારી બે ભાઈઓની જ સ્થાપિત થવાની હતી. અને ચોક્કસપણે આ વીરતાનો સિક્કો જીવનભર કામ આવવાનો હતો. આથી અત્યારની હિંસાને કોઈપણ દ્રષ્ટિકોણથી નકામી કહી શકાય એમ નહોતું. ...હતી તો એ ઘણી જ ઉપયોગી.

ખેર! તેમ છતાં, બહુ થઈ ગયું હતું. આનાથી વધારે વ્યર્થ હિંસા મને બરાબર નહોતી લાગતી. હું વારંવાર ભાઈને બૂમો પાડી રહ્યો હતો, પણ ભાઈને તો એટલી મજા આવી રહી હતી કે પાછા ફરવા તૈયાર જ નહોતા. મને સમજાતું નહોતું કે હવે શું ભાઈ જરાસંધને મગધ સુધી મૂકવા જશે? ખબર નહીં કેમ, તેમને ભાગતા સૈનિકોને મારી ભગાડવામાં એટલી તે શી મજા આવી રહી હતી કે તેમની પાછળ જ પડ્યા હતા. અને તમે તો જાણો જ છો કે ખુશખુશાલ ભાઈને જોઈને હું બધું ભૂલી જતો હતો. આવામાં જબરજસ્તી કરીને એમનાં આનંદમાં અડચણ પહોંચાડવાનો તો સવાલ જ ઊભો નહોતો થતો. આથી મેં ચૂપચાપ મારો રથ ત્યાંજ એક વૃક્ષ નીચે ઊભો કરી દીધો અને ભાગતા સૈનિકોને ભગાડી મૂકવાનો આનંદ ઉઠાવતા ભાઈને જોવાનો આનંદ લેતો રહ્યો.

...ત્યારે જ એક રાજા મારી પાસે આવ્યા. હું તત્ક્ષણ સાવધ થઈ ગયો, પણ તેમના હાવભાવથી કોઈ જોખમ લાગતું નહોતું. આમ તો જોખમનો પ્રશ્ન એટલે પણ નહોતો કારણ કે તેઓ એકલા જ આવી રહ્યા હતા, એમનો રથ અને સૈનિકો દૂર જ ઊભા હતા. તેમ છતાં હું તો હું હતો. હું ન કેવળ રથમાંથી નીચે કૂદી પડ્યો હતો, બલ્કે સાવધાનીવશ મેં ચક્ર પણ હાથમાં ધારણ કરી લીધું હતું. એટલામાં તેઓ પાસે આવી જ ગયા. હજી હું કંઈ સમજી શકું તે પહેલા જ તેમણે મને પ્રણામ કર્યા. ...બસ, તેના પ્રણામ કરતાં જ એ બરાબર પાક્કું થઈ ગયું હતું કે હવે જોખમની કોઈ વાત નથી. હું પણ પ્રત્યુત્તરમાં પ્રણામ કરીને તરત સહજ થઈ ગયો. તેમણે પણ રાહ જોયા વિના પોતાનો પરિચય આપતા કહ્યું- હું તમારા પિતાની બહેનનો પતિ, એટલે કે તમારો ફુઓ 'ચેદિરાજ દમઘોષ' છું [62] . પરિચય પામતા જ, મેં તત્ક્ષણ તેમના ચરણસ્પર્શ કર્યા. મેં તેમના વિશે માના મુખેથી ઘણું બધું સાંભળ્યું હતું, પરંતુ મુલાકાતનો તો આ પહેલો પ્રસંગ હતો. હું નકામો ગર્વ કરી રહ્યો હતો કે એક ગોવાળ એટલો મોટો થઈ ગયો છે કે મોટા-મોટા રાજા સુદ્ધાં એને પ્રણામ કરવા લાગ્યા છે. પરંતુ અહીં તો બાબત જ સંબંધોની નીકળી. ...ક્યારેક આવું થઈ જાય છે. ખાસ કરીને એવા વ્યક્તિ સાથે જેને વાત વાત પર ગર્વ કરવાનું સારું લાગતું હોય.

ખેર! ચેદિરાજે વાત શરૂ કરતાં ઘણી ગંભીરતાપૂર્વક કહ્યું- હું તમને મળવા માટે જ રોકાયો હતો. આમ તો તમે બંને ભાઈઓએ જે હાહાકાર મચાવ્યો હતો તેને જોઈને હું પણ ભાગી છૂટવા ઇચ્છતો હતો, પરંતુ હું શું કરું? તમારા સુધી એક જરૂરી ખબર પહોંચાડવી જરૂરી હતું, એટલે રોકાવું પડ્યું. ...આમ તો એ સ્પષ્ટ કરી દઉં કે દિલથી હું જરાસંધનો કટ્ટર વિરોધી છું, પરંતુ શું કહું, મારો પુત્ર અને તમારો ભાઈ 'શિશુપાલ' સંપૂર્ણ રીતે જરાસંધના નિયંત્રણમાં છે. બસ, એના ચક્કરમાં મને અહીં આવવું પડ્યું. આમ તો જરાસંધની સાથે શિશુપાલ આવવાનો હતો, પરંતુ એક ભાઈ બીજા ભાઈ સાથે યુદ્ધ કરે તે હું જરા પણ ઇચ્છતો નહોતો. આથી મજબૂરીવશ હું જ જરાસંધની સાથે ચાલી નીકળ્યો. એના બે કારણ હતા, એક તો વિકટ પરિસ્થિતિમાં જરૂર પડ્યે હું તમારી મદદ કરી શકું, અને બીજું કે આ બહાને તમારા બે ભાઈઓનું યુદ્ધ પણ ટાળી શકું. ચોક્કસપણે તમે જરાસંધને ભગાડીને મોટું પરાક્રમ કર્યું છે.

...વાત તો સાચી હતી. જેનાથી સમગ્ર આર્યાવર્ત થર થર ધ્રૂજતું હતું, તેને એકલા હાથે અમે યુદ્ધમાં હરાવ્યો હતો. વાત તો ચોક્કસપણે અહંકારના પરમ શિખર પર બિરાજમાન થવા જેવી જ હતી, અને તમારી સામે શું જૂઠ્ઠું બોલું, જરાસંધના ભાગતા જ હું તો ત્યાં બિરાજમાન થઈ જ ગયો હતો. આમ પણ આવો મોકો ચૂકનારામાંનો હું હતો પણ નહીં અને ચૂકવું જોઈએ પણ નહીં. જ્યારે પરાક્રમ કર્યું છે, તો તેનાથી ગર્વિત થવાનો પૂરો અધિકાર પણ છે. વળી, આ કોઈ સામાન્ય પરાક્રમ તો હતું જ નહીં, મારા 'પરમ શત્રુ', જેના કારણે મારે રણ છોડીને ભાગવું પડ્યું હતું, આજે એજ મારાથી ડરીને દળ-કટક સહિત રણ છોડીને ભાગી ગયો હતો. જવા દો, અહંકાર કરવા માટે તો આખી જિંદગી છે. પહેલા એ જરૂરી ખબર તો સાંભળી લેવામાં આવે, જેના માટે ફુઆજી આટલી મહેનત ઉઠાવીને અહીં રોકાયા છે. આમ તો જેટલો વ્યાકુળ હું ખબર સાંભળવા માટે હતો, એનાથી ઘણાં વધારે વ્યાકુળ ખબર સંભળાવવા માટે ફુઆજી વર્તાઈ રહ્યા હતા. કદાચ સૂચનાની ગંભીરતા ધ્યાનમાં રાખતા, તેઓ થોડીવાર તો શાંત થઈ ગયા હતા. સાથે જ તેમની ગંભીરતા ખબરનું મહત્ત્વ પણ બતાવી રહી હતી. પરંતુ ફુઆજીને એવી તે કઈ મહત્ત્વની ખબર પહોંચાડવાની હશે, એ મારી સમજણની બહાર હતું. કારણ કે મારા માટે જરાસંધ સિવાય અન્ય કોઈ ખબર હોઈ જ નહોતી શકતી, અને તેને તો હું તેમની સામે જ ભગાડી ચૂક્યો હતો.

ખેર! આ બાજુ એમણે મને જેવો પોતાની ખબર સાંભળવા તૈયાર જોયો, તેઓ બહુ ગંભીરતાપૂર્વક બોલ્યા- હકીકતમાં, તમારા માટે એક ખરાબ ખબર છે. તમારા નાનાજી એટલે કે રાજા ઉગ્રસેને તમને શોધવા પોતાના કેટલાક ગુપ્તચર મોકલ્યા હતા. એમની સાથે તેમણે ઉદ્ધવને પણ મોકલ્યો હતો, કારણ કે એમનું માનવું હતું કે એક ઉદ્ધવ જ છે, જે તમને કોઈપણ રૂપમાં ઓળખી શકતો હતો. પરંતુ દુર્ભાગ્યવશ, જરાસંધના ગુપ્તચર અતિ સજાગ હતા. તેમણે ઉદ્ધવનો પીછો કર્યો અને તેનો પીછો કરતાં કરતાં તેમને તમારા અહીં હોવાની ખબરમળી.

...આ બધું તો ઠીક છે, પરંતુ ઉદ્ધવનું શું થયું? કારણ કે એ તો અહીં પહોંચ્યો જ નથી. સ્વાભાવિક રીતે મને ચિંતાએ ઘેરી લીધો. અંતે બાબત ઉદ્ધવની હતી. અને હું ઉદ્ધવ વિશે કોઈ સવાલ પૂછું, તે પહેલા મને આ રીતે ગંભીર જોઈને, તેમણે એક ઊંડો શ્વાસ લઈને ફરી કહેવાનું શરૂ કર્યું- ...પરંતુ દુર્ભાગ્યવશ, ઉદ્ધવ તમને શોધતા શોધતા કરવીરપુર જઈ ચઢ્યો. તેણે કરવીરપુરમાં તમારી ઘણી શોધખોળ કરી. પરંતુ આ દરમિયાન તેની સાથે એક ઘટના ઘટી. ત્યાં, કોઈ કારણસર કરવીરપુરના રાજા શૃંગલવે તેને પોતાનો બંદી બનાવી લીધો. પરિણામસ્વરૂપ, ઉદ્ધવ ત્યાંજ ફસાઈ ગયો અને જરાસંધ અહીં આવી ચઢ્યો. તમારા સુધી આ ખબર પણ એ કારણે પહોંચી રહી છે કે ઉદ્ધવને મોકલતી વખતે, નાનાજીએ પોતાના અનુભવનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો. હકીકતમાં, એમણે ઉદ્ધવને યથાયોગ્ય મદદ આપવા અને તમને શોધવા માટે મારા જેવા કેટલાક મિત્ર રાજાઓ પાસે ગુપ્ત મદદ માંગી હતી. અને કારણ કે મારું રાજ્ય કરવીરપુરની બાજુમાં જ પડે છે એટલે ઉદ્ધવની ખબર અમારા ગુપ્તચરોને તરત મળી ગઈ.

...આ સાંભળતા જ, મારા તો હોશ ઊડી ગયા. મારો પ્રિય ઉદ્ધવ મારા કારણે આટલી મોટી મુસીબતમાં ફસાઈ ગયો? સ્વાભાવિક રીતે, આ સાંભળતા જ જરાસંધને મારી ભગાડવાનો અને ખજાનો પ્રાપ્ત કરવાનો તમામ આનંદ પળવારમાં ઉતરી

ગયો. આ બાજુ, આ રીતે મને સ્તબ્ધ થયેલો જોઈને ફુઆજીએ મને સાંત્વના આપતા કહ્યું કે- ઉદ્ધવને કેદ કરવાનું ખરેખરું કારણ તો જાણતો નથી, પણ હવે આગળ જતા શૃંગલવની કેદમાંથી ઉદ્ધવને છોડાવવાનું તમારું કર્તવ્ય છે. ...હવે એમાં તો કોઈ બેમત હતા જ નહીં. હવે ક્યાં જવું, એ સવાલ પણ બચ્યો નહોતો. ચોક્કસપણે અહીંથી સીધા ઉદ્ધવને છોડાવવા કરવીરપુર જ જવાનું હતું. હજી પળવાર પણ રાહતનો શ્ર્વાસ લીધો નથી કે ત્યાં બીજું એક ભયાનક કર્મ મોં ફાડીને સામે ઊભું હતું. મારું જીવન પણ કમાલ હતું. ...સાચું કહું તો હરીફરીને જીવન ભયાનક કર્મોની એક અંતહિન હારમાળા બનીને રહી ગયું હતું. એ પણ એવું કે જ્યાં આરામ અને આનંદ વધારે વાર ટકી જ નહોતા શકતા. ખેર; હજી ફુઆજીએ વાત પૂરી જ કરી હતી અને હું આ ચિંતનોમાં પડવાનો જ હતો કે ભાઈ પાછા આવ્યા. મેં તત્ક્ષણ તેમનો પરિચય ફુઆજી સાથે કરાવ્યો. પરંતુ તેઓ તેમની જ ધૂનમાં હતા. વારંવાર મારી અને ફુઆજીની સામે હવામાં ગદા લહેરાવીને બૂમો પાડી રહ્યા હતા- મારી ભગાડ્યો દુષ્ટ જરાસંધને. મારી સામે બાથ ભીડવા નીકળ્યો હતો. જોયું ને, કેવો પૂંછડી દબાવીને ભાગી નીકળ્યો.

...હું તો ભાઈનું આ સ્વરૂપ જોઈને એક ક્ષણ માટે ઉદ્ધવને ભૂલી જ ગયો. ખુશ પણ થયો કે ઓછામાં ઓછું આ બહાને ભાઈ સંપૂર્ણ રીતે સામાન્ય તો થઈ ગયા. આમ પણ આજ તો કારણ હતું જેના લીધે મેં ભાઈને જરાસંધની ભાગતી સેના પર પ્રહાર કરવા મોકલ્યા હતા. હું ભાઈને સારી રીતે જાણતો હતો કે જો યુદ્ધ કર્યા વિના અમે અહીંથી નીકળી જઈશું તો ભાઈ ફરી આ બાબતને રણ છોડવાનું જ માની લેત. અને તમને તો યાદ હશે કે ગત વખતે રણ છોડ્યું હતું તો સાત મહિના નારાજ રહ્યા હતા. આ વખતે આવું થાત તો કદાચ સાત વર્ષ નારાજ રહેત. આમ સરવાળે મારો આ નિર્ણય બંને માટે સારો રહ્યો હતો. જોકે આ તો પળવારની ખુશી હતી. ઉદ્ધવને બંદી બનાવી લીધાની મનને ભારે ચિંતા હતી. ખરેખર, આ ખબરે મને બરાબરનો હચમચાવી મૂક્યો હતો. આ બાજુ આ વાતથી અજાણ, ભાઈ પોતાની એવી મસ્તીમાં હતા કે તેમનું ધ્યાન અમારી ગંભીર મુખમુદ્રા પર પણ ગયું નહોતું. પરંતુ હવે બહુ થઈ ગયું. ...હવે ક્યાં સુધી? આ વિચારે, જ્યારે મેં તેમને ગંભીર કરવા માટે ઉદ્ધવની ખબર સંભળાવી, તો પણ તેમણે તેમની ધૂનમાં જ જવાબ આપી દીધો- જ્યારે જરાસંધને મારી ભગાડ્યો, તો શૃંગલવ શું ચીજ છે? હવે હું એમને કેવી રીતે સમજાવું કે જરાસંધને એક રણનીતિ મુજબ મારી ભગાડ્યો હતો. બની શકે છે શૃંગલવ સાથે યુદ્ધ જ કરવું પડે. પરંતુ જીતથી ફુલાયેલા ભાઈને આ બધું સમજાવવું વ્યર્થ હતું. અજબ દ્રશ્ય થઈ ગયું હતું. અમારા જ બે રથની આગળ હું, ભાઈ અને ફૂઆજી ઊભા હતા, પણ ત્રણેયની મનોદશા અલગ-અલગ હતી. જ્યાં ભાઈ મસ્તીમાં હતા, હું ચિંતિત હતો. અને ફૂઆજી બિચારા ક્યારેક ભાઈને તો ક્યારેક મને નિહાળી રહ્યા હતા. મને તો ભાઈની દશા જોઈને એજ સમજાતું નહોતું કે આગળ શું અને કેવી રીતે કરવામાં આવે?

...જોકે આવામાં ફુઆજી મોટો સહારો બનીને સામે આવ્યા. તેઓ સરળ અને સ્નેહશીલ જ નહીં, સમજદાર પણ લાગી રહ્યા હતા. તત્ક્ષણ તેમણે અમારી વર્તમાન જરૂરિયાત સમજતા, પાંચ રથ અને કેટલાક સૈનિકો અમને ભેટસ્વરૂપે આપી દીધા. સોનામાં સુગંધ જેવી બાબત એ કે આ સૈનિકો ના માત્ર કરવીરપુરની રજેરજથી માહિતગાર હતા, પરંતુ અહીંના વાતાવરણથી પણ પરિચિત હતા. મદદ તો ઘણા કરે છે, પરંતુ યોગ્ય જગાએ અને યોગ્ય સમયે, માંગ્યા વિના મદદ તો કોઈ બુદ્ધિશાળી પુરુષ જ કરી શકે છે.

...ચાલો આ તો ઠીક, પણ આ બાજુ ફુઆજીનો સહારો શું મળ્યો, મારી બુદ્ધિ ફરી કામ કરવા લાગી. સર્વપ્રથમ તો મેં ઉદ્ધવના સમાચાર પહોંચાડવા માટે અને તેમની આ ભવ્ય ભેટ માટે તેમનો ખૂબ આભાર માન્યો. ...આમ તો સંબંધમાં તેઓ ઉદ્ધવના ફુઆજી પણ થતાં જ હતા. લો, આનાથી યાદ આવ્યું કે મેં એક વાત તો તમને ક્યારેય કહી જ નથી કે ઉદ્ધવ દૂરના સંબંધે મારો ભાઈ થતો હતો. જોકે કદાચ સંબંધ મિત્રતાનો વધારે મજબૂત હતો, એટલા માટે આ બતાવવાનું ભૂલી ગયો હોઈશ. હશે, હાલ તો અમે ફુઆજીના આશીર્વાદ લઈને, તરત કરવીરપુર જવા માટે રવાના થયા. હવે હું અને ભાઈ એક જ રથ પર સવાર થઈ ગયા હતા. સ્વાભાવિક રીતે મેં ખજાનો પણ તે જ રથમાં મુકાવી દીધો હતો, જેથી ખજાનાની ચિંતાથી મુક્ત થઈને ઉદ્ધવની ચિંતામાં ડૂબી શકું. ...ખબર નહીં કેવી હાલતમાં હશે? શું વીતી રહી હશે એની ઉપર? એકંદર સાત રથનો અમારો કાફલો, ધીમી પણ મક્કમ ગતિએ કરવીરપુર તરફ આગળ વધી રહ્યો હતો. એ તરફ ભાઈ હજુ પણ ગંભીર નહોતા. તેમના પર તો જરાસંધને મારી ભગાડવાનો ઉન્માદ એવો સવાર હતો કે ઉતરવાનું નામ જ નહોતો લઈ રહ્યો. કંઈ વાંધો નહીં, પણ આ ઉન્માદ કરવીરપુર પહોંચતા પહોંચતા ઊતરી જાય તો સારું હતું.

અધ્યાય - ૮

શૃંગલવનું ઉદ્ધવને બંદી બનાવવું

કરવીરપુરની યાત્રા એક દિવસની જ હતી. પરંતુ કેમકે અમારા પહોંચતા પહોંચતાં રાત થઈ ગઈ હતી, આથી અમારી પાસે આરામ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. અમે શહેરની બહાર જ એક આશ્રમમાં ધામા નાખ્યા. ધામા નાખતા જ સહુથી પહેલા મેં ખજાનાની પેટીઓને અમારા ઓરડામાં રખાવી દીધી. સાથે જ સાવધાનીપૂર્વક રથોને પણ આશ્રમના પાછળના ભાગમાં ઊભા રાખી દીધા. ...તેના પર કોઈની નજર પડે એ અમારા માટે જોખમરૂપ હતું. આમ તો ભાઈનો ઉન્માદ પણ હવે શમી ગયો હતો. હવે તેમને પણ ઉદ્ધવની ચિંતા સતાવી રહી હતી. બીજુ બાજુ, ચોક્કસપણે આરામ કરવો એ આજે અમારી મજબૂરી હતી, બાકી ઊંઘ આવવાનો તો પ્રશ્ન જ નહોતો. સવારની રાહમાં અને ઉદ્ધવની ચિંતામાં, પથારીમાં પડખાં ફેરવતા ફેરવતા જ રાત પૂરી થઈ.

...આ તરફ સવાર થતાં જ હું ભાઈને લઈને નગરયાત્રા માટે નીકળી પડ્યો. અમે સામાન્ય લોકો જેવાં જ વસ્ત્રો ધારણ કર્યા હતા. હકીકતમાં, પહેલા હું નગરમાં ફરીને કરવીરપુરનાં વાતાવરણનો તાગ લેવા માગતો હતો. સીધી વાત છે કે દુશ્મન પર હુમલો કરતાં પહેલા એક સારા યોદ્ધા માટે દુશ્મનને સારી રીતે જાણી લેવો એ મહત્ત્વનું હોય છે. હું ભલે એક સારો યોદ્ધા નહોતો, પણ એક સારો રાજનીતિજ્ઞ અવશ્ય હતો જ. ...આ તરફ બે દિવસના શહેર પરિભ્રમણ પછી મેં જે કંઈ પણ આ શહેરમાં જોયું તે ખરેખર ખૂબ જ ખતરનાક હતું. જે સાંભળ્યું હતું, તેનાથી ઘણી વધુ ગંભીર પરિસ્થિતિ દેખાઈ રહી હતી. ...એવું થયું હતું કે રાજા શૃંગલવ પોતાને જ "ભગવાન વિષ્ણુ" સમજવા લાગ્યો હતો. કદાચ માનસિક પાગલપણના દોરમાંથી પસાર થઈ રહ્યો હતો. ચાલો આ પણ ઠીક, પણ અસલી વાત તો એ હતી કે જે કોઈપણ તેને ભગવાન માનવાની ના પાડે, તેને અહીં ઘણી યાતનાઓમાંથી પસાર થવું પડતું હતું. હદ તો એ કે આવા લોકો માટે તેણે એક "નર્ક" બનાવ્યું હતું, જ્યાં માનવતાની બધી સીમાઓ તોડીને માનવીને પીડાઓ અપાતી હતી. ખૂબી એ હતી કે રાજ્યના મોટા ભાગના આચાર્યોને તેણે એજ નર્કમાં નાખી દીધા હતા, કેમકે સૌથી વધુ વિરોધનો સ્વર તેમનામાંથી જ ઉઠ્યો હતો. ...ચોક્કસપણે તેના કારણે, સામાન્ય પ્રજામાં ભયનો એક જબરજસ્ત માહોલ પેદા થઈ ગયો હતો. અને એવામાં આ ડરેલા લોકો પાસે રાજા શૃંગલવને "ભગવાન વિષ્ણુ" માન્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. આ બધી બાબતોમાં સૌથી દુર્ભાગ્યપૂર્ણ વાત એ હતી કે એ પોતાના રથોને પણ આચાર્યો અને બ્રાહ્મણો પાસે ખેંચાવતો હતો. ચોક્કસપણે આ ખૂબ જ દુ:ખદાયક બાબત હતી કે તે પોતાની ધાક યથાવત્ રાખવા ઘોડાઓ અને બળદોનું કાર્ય પણ પૂજનીય આચાર્યો પાસેથી લઈ રહ્યો હતો. તેમના પર એવો જુલમ ગુજારવામાં આવતો કે જો રથની ગતિ ધીમી પડી જાય, બે-ચાર આચાર્યો રસ્તામાં થાકી જાય તો તેમના પર કોરડા વીંઝતાં પણ તે અચકાતો નહીં. ...આટલો ક્રૂર તો કંસ પણ નહોતો. શું પોતાની જ નિર્દોષ પ્રજા પર કોઈ આટલો જુલમ કરે ખરો? આ મનુષ્યનો અહંકાર જ તો છે, જે તેને જાનવરથી પણ નીચી કક્ષાએ અધ:પતિત કરે છે.

ખેર! વર્તમાન સમસ્યા પર પાછો આવું તો મને એ ખાત્રી થવા લાગી કે ઉદ્ધવને પણ નર્કમાં નાખી દીધો હશે. હું તેના સ્વભાવથી સારી રીતે પરિચિત હતો; હું જાણતો હતો કે એ કોઈ દિવસ આવા દુષ્ટ રાજાને ભગવાન ન માની શકે. અને કદાચ એટલે જ તે અત્યારે એની સજા ભોગવી રહ્યો હશે. ચોક્કસ જ અહીંની પરિસ્થિતિ અને શૃંગલવના પ્રભાવને જોતાં, ઉદ્ધવને નર્કથી છોડાવવો બહુ દુષ્કર કાર્ય જણાતું હતું. જોકે અત્યારે આની ઉપર વિચાર કરવો વ્યર્થ હતો. પહેલા હું એ નક્કી કરવા માંગતો હતો કે વાસ્તવમાં ઉદ્ધવ નર્કમાં છે કે નહીં. એક વાર એ પાકું થઈ જાય, તો પછી એ બાબત પર બધો વિચાર થઈ શકશે. ચાલો આ પણ ઠીક, પણ સવાલ એ કે એ નર્કમાં છે કે નહીં, એ વાતનું સમર્થન પણ નર્કમાં ગયા વગર તો થઈ શકે તેમ નહોતું. હવે નર્ક સુધી પહોંચવું પણ કાંઈ આસાન તો હતું નહીં. ...જોકે આમ જોવા જઈએ તો ઘણું જ સરળ હતું, બસ, શૃંગલવને ભગવાન માનવાનો ઈન્કાર જ તો કરવાનો હતો. પણ સમસ્યા એ હતી કે ઉદ્ધવને છોડાવવો તો દૂર, સ્વયં નર્કની આગમાં ધકેલાઈ જઈને સડવું પડે તેમ હતું. એટલે બધું જોતા, નર્કમાં જવું જેટલું જરૂરી હતું એથી વધારે તો તેમાંથી બહાર નીકળવું મહત્વપૂર્ણ હતું. એટલે કે મામલો અત્યંત જટિલ હતો. જોકે સાચું કહું તો હવે સરળ રમત રમવામાં મને ખાસ મજા પણ નહોતી આવતી. નાની મોટી ચાલો ચાલવામાં, મારા કૂટનીતિક મનને સંતોષ જ નહોતો થતો. ...ત્યારે જ તો જુઓ ને, જલ્દીથી મેં આનો પણ એક ખાસ ઉપાય શોધી લીધો. જોકે તેમાં ભાઈની મદદની ખાસ જરૂર હતી. અને તમે તો જાણો જ છો કે ભાઈ પણ ભાઈ જ હતા. ખાસ કરીને ત્યારે, જ્યારે વાત અહંકારનો ત્યાગ કરવાની હોય. તમે તો જાણો છો કે લડવું એ ભાઈની પ્રકૃતિ હતી પણ હારવું તેમને જરાય પસંદ નહોતું. ચોક્કસપણે ઝૂકવા માટે તેમને રાજી કરવા એ લોઢાના ચણા ચાવવા જેવું હતું. પણ કેમકે મામલો ઉદ્ધવના જીવનો હતો, અને ઉદ્ધવ ભાઈને પણ બહુ પ્રિય હતો, તેથી અંતમાં, કેટલીક આજીજી પછી, ભાઈ રાજી થઈ ગયા. અને તેની સાથે જ પ્રથમ યુદ્ધ જીતી લીધું.

બસ, યોજના પ્રમાણે બીજા દિવસે સવારે જ પૂજાના સમયે, ભાઈને લઈને હું રાજમહેલ પહોંચી ગયો. હું તો રાજમહેલનાં પ્રાંગણથી જ ભગવાન વિષ્ણુની જય... ભગવાન વિષ્ણુની જયની બૂમો પાડતો જતો હતો. ચમકો નહીં, કેમકે ભગવાનના શ્રદ્ધાળુઓને દરબારમાં આવવા-જવા પર કોઈ રોકટોક નહોતી, અને એવામાં મને ભક્ત બનવામાં શું વાર લાગવાની હતી? બીજી બાજુ, ભક્ત બનવાથી લાભ પણ તરત જ થયો. સખત સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં, અમે લોકો મહેલમાં વિઘ્ન વગર પ્રવેશ પામી ચૂક્યા હતા. દરબાર શું હતો, મજાનું મંદિર જ હતું. અમારી બરાબર સામેના ઊંચા આસને "ભગવાન વિષ્ણુ"ના રૂપમાં શૃંગલવ બિરાજમાન હતો. કાળા રંગનો ઠીંગણો શૃંગલવ થોડો ધૂળ ધૂળ હોવાને કારણે વિચિત્ર લાગી રહ્યો હતો. વિચિત્ર તો તેનો આ દરબાર પણ લાગી રહ્યો હતો. દરબારીઓની પાછળની બાજુએ કડક સુરક્ષા વચ્ચે, ભક્તોને બેસવા અને ઊભા રહેવાની વ્યવસ્થા હતી. મજા તો એ હતી કે માત્ર દરબાર જ ભક્તોથી ભરાયેલો હતો એવું નહોતું, પરંતુ ભગવાન વિષ્ણુના જાપના અવાજોથી આ સમયે એમણે દરબાર પણ ગૂંજવી દીધો હતો. જો મારો અંદાજ બરાબર હોય, તો આ સમયે તેમના દરબારમાં... ના ખોટું કહ્યું, 'ભગવાન વિષ્ણુ'ના મંદિરમાં, લગભગ પાંચસો ભક્તો હાજર હતા. હું તો આ દ્રશ્ય જોઈને એક પળ માટે પ્રવેશદ્વારની નજીક જ ખોડાઈ ગયો હતો. ભાઈ પણ હસીને મારી પડખે જ ઊભા રહી ગયા હતા. દ્રશ્ય જ એવું હતું કે આશ્ચર્ય જાણે કે મારા અસ્તિત્વનો ભાગ બની ગયું હતું. સાચે જ અહંકાર મનુષ્ય પાસે કેવા કેવા ખેલ કરાવી લે છે. તેમાં પણ પૂજનીયતાનો અહંકાર પકડયો, તો તો સત્યાનાશ વળ્યો જ સમજો.

ખેર! આ તરફ હું મૂર્તિ જેવો ખોડાઈ ગયો ને તે તરફ, થોડી જ વારમાં 'ભગવાન'ની આરતીનો સમય પણ થઈ ગયો. બધા ભક્તો આરતી ઉતારવા માટે પોતપોતાની જગ્યાએ ઊભા થઈ ગયા. આરતી પણ મોટે મોટેથી ગવાઈ. અમે પણ ભક્તોમાં સામેલ થઈને, આરતીનો ભરપૂર આનંદ માણ્યો. અને આરતી પૂરી થતાં જ મેં જોર જોરથી ફરી વાર ભગવાન વિષ્ણુની જય... ભગવાન વિષ્ણુની જય ચિલ્લાવવાનું શરૂ કરી દીધું. અને બૂમો પાડતા પાડતા જ, યોજના પ્રમાણે શૃંગલવની વધારે નજીક પહોંચી ગયો. તમે નહીં માનો પણ હું એટલી જોરથી બૂમો પાડતો હતો કે બધાનું ધ્યાન મારા તરફ જ કેંદ્રિત હતું. એટલે સુધી કે શૃંગલવ પણ મારાથી આકર્ષિત થયા વિના ન રહી શક્યો. ...હવે તેની કૃપાદ્રષ્ટિ મેળવવા જ તો હું આ બધી કડાકૂટ કરી રહ્યો હતો. આ તરફ ભાઈને આ બધું સારું તો નહોતું લાગી રહ્યું, પણ કારણ કે ઉદ્ધવના જીવનનો સવાલ હતો, એટલે મોં ફુલાવી ચૂપચાપ મારી પાછળ પાછળ ચાલી રહ્યા હતા. ત્યાં સારું એ પણ થયું કે બીજા કેટલાક ભક્તો પણ મારી સાથે આવી ગયા હતા. આ તો ઠીક, પણ હવે હું બધાને ઓળંગીને બરાબર શૃંગલવની સામે ઊભો હતો. આશ્ચર્ય તો એ કે ઠેઠ હવે મારી નજર તેની બરાબર બાજુમાં જ બેઠેલી એક સુંદર સ્ત્રી પર પડી. પૂછતા જાણવા મળ્યું કે તે તેની બહેન 'શૈવ્યા' છે. આ પણ ખરું કહેવાય, બહેન પણ આ દુષ્ટ કૃત્યમાં તેનો બરાબર સાથ આપતી હતી. ...હશે. મેં તો એક સાચા ભક્ત તરીકે ચૂપચાપ શૃંગલવનાં ચરણસ્પર્શ કર્યાં અને બે હાથ જોડીને ત્યાંજ ઊભો રહ્યો. ચોક્કસપણે ભાઈનો અહંકાર મારું આ અતિ સહન કરી શક્તો નહોતો. તેઓ એક ક્ષણ માટે તો ઉકળી પણ ઉઠ્યા હતા. ખરેખર દરેક એવા સમયે જ્યારે બળની જગ્યાએ કળથી કામ લેવાનું હોય, ભાઈ એક હરતું ફરતું મુસીબતનું પોટલું સાબિત થતાં હતા. પરિણામે આવા સમયે, હરહંમેશ મારે એકસાથે બે મોરચે લડવું પડતું હતું. તેનાથી વિપરીત, મારી વાત કરું તો ચોક્કસપણે હું ભાઈ જેટલો બળવાન નહોતો, ઉપરથી મુસીબત એ કે હંમેશાં મારે મારાથી અનેકગણા શક્તિશાળીઓ સાથે બાથ ભીડવી પડતી હતી; અને આ રીતે, હું ચાહું કે ના ચાહું, 'કળ'થી કામ લેવું મારી મજબૂરી હતી. અને મજબૂરી માનવીને નિપુણ બનાવી જ દે છે. આમ પણ બળથી કોઈ એકલા હાથે આખી સેનાને ભગાડી તો શકતું નથી. આ કાર્ય તો કૂટનીતિથી જ શક્ય બને છે. હશે, હમણાં તો આ તરફ સારો મોકો મળતા જ એક સાચા ભક્તની જેમ મેં બંને હાથ જોડીને શૃંગલવને કહ્યું- પ્રભુ! હું તમને એક વાત કહેવા માંગુ છું.

તે મારી ભક્તિથી પ્રભાવિત હતો જ, એટલે ઘણાં ગર્વથી બોલ્યો- અવશ્ય કહો, વત્સ!

મેં કહ્યું- મહારાજ, આ મારો મિત્ર છે અને દૂર દેશથી આવ્યો છે. તેથી તે તમારી ભવ્ય લીલાઓને જાણતો નથી. નાદાન તમને ઈશ્વર માનવાનો નકાર કરી રહ્યો છે. હું ઇચ્છું છું કે તેને એક વાર નર્કના દર્શન કરાવી દેવામાં આવે. મને વિશ્વાસ છે કે નર્ક જોઈને જ તેની બુદ્ધિ ઠેકાણે આવી જશે.

ખેર! આ તરફ મેં મારો પાસો ફેંકી દીધો હતો, અને તે તરફ શૃંગલવ વિચારમાં પડી ગયો હતો. ચોક્કસપણે આજ સુધી નર્ક જોવાનો પ્રસ્તાવ કોઈએ મૂક્યો હોય, એવું બન્યું નહોતું. એ વિચારે એનાથી મને કંઇ વાંધો નહોતો, પણ આ બાજુ મારા પ્રસ્તાવથી ભાઈ ધૂંઆપૂંઆ થાય તો મને જરૂર વાંધો હતો. એ પાગલ તો ધીમે ધીમે મારા કાનમાં ગણગણ્યા પણ ખરા - આ શું ચલાવે રાખ્યું છે? દુષ્ટનો વધ જ કરી દઈએ. તેના જ દરબારમાં તેનો ભગવાન તેને યાદ કરાવી દઈએ. ...તમે નહીં માનો, મારે આ નાજુક ક્ષણે પણ તેમને ધીરજપૂર્વક સમજાવવા પડ્યા. દરબારમાં ચારે તરફ એના સૈનિકો હતા. આ સમયે કંઇ કહેવું કે હુમલો કરવો મોતને આમંત્રણ આપવા સમાન હતું. પહેલા ઉદ્ધવનું ઠેકાણું જાણવાની જરૂર હતી, પછી તેનું માથું-બાથું ફોડી નાખવામાં આવશે. ...જોકે, હું એ હકીકત પણ જાણતો હતો કે ગમે તેમ ફોસલાવીને ભાઈને હવે વધારે સમય સુધી શાંત રાખી શકાય તેમ નહોતું. એટલે કે મામલો બને એટલો ઝડપથી પતાવવો ખાસ જરૂરી હતું. અહંકારની આજ તો તકલીફ છે કે એ મરવું અને મારવું તો જાણે છે, પણ પરિસ્થિતિના તકાજાને સમજીને, ઝૂકીને બચી નીકળવાનું જાણતો નથી. ...પોતાના કાર્યને સિદ્ધ કરતાં તેને

આવડતું જ નથી. મને જુઓ; મારી વાત જ નિરાળી છે. હું મારા ઉદ્દેશ્યને સિદ્ધ કરવા, કોઈપણ સ્તરે ઝૂકવા તૈયાર રહું છું. ઝૂકવું શું, હજી હમણાં જ તો શૃંગલવનાં ચરણસ્પર્શ કરી ચૂક્યો છું. સારું કાર્ય પાર પાડવા કસર શું કામ છોડવી? આને જ કહેવાય 'અહંકાર-શૂન્યતા.'

હશે, અત્યારે તો મારી ભક્તિ રંગ લાવી. મારી યોજના સફળ થઈ. શૃંગલવે મારી વિનંતી માનીને, કેટલાક સૈનિકો સાથે મને તેમજ ભાઈને 'નરક-દર્શન' માટે મોકલી દીધા. ...અરે બાપ-રે-બાપ, આ નર્ક તો શાસ્ત્રોમાં વર્ણવેલા નર્કથી પણ બદ્તર હતું. બંદીજનો ન જાણે કેવી કેવી અસહ્ય યાતનાઓ વેઠી રહ્યા હતા. મારું તો માથું જ ફરી ગયું. એક તો, એક એક કક્ષમાં ત્રીસ-ત્રીસ ચાળીસ-ચાળીસ માનવીઓ ભર્યા હતા. એકંદરે, મને તો આવા વીસેક કક્ષ નજર આવી રહ્યા હતા. ત્યાંજ સામે એક ખુલ્લા મેદાન પર કેટલાક કેદીઓને અકારણ કોરડા ફટકારવામાં આવતા હતા, તો કેટલાકને પથરાળ ધરતી પર સૂવડાવીને લાતો મારવામાં આવી રહી હતી. દ્રશ્ય ખરેખર ભયાનક હતું. માનવી સાથે આવો દુર્વ્યવહાર? મારું રોમ રોમ કંપી ઊઠ્યું. સ્પષ્ટ નજર આવી રહ્યું હતું કે યાતનાઓ આપવા માટે એકએક ઉપાય તેણે વ્યર્થ શાસ્ત્રોમાંથી જ શોધી કાઢ્યા હશે. હવે આવાં શાસ્ત્રો લખનાર પણ કંઈ ઓછા દુષ્ટ તો નહીં હોય. હશે, હાલ તો આ તરફ સૈનિક ઠસ્સાથી અમને નર્ક-દર્શન કરાવી રહ્યા હતા. હું પણ મારી ભાવનાઓને નિયંત્રણમાં રાખીને મારું પૂરું ધ્યાન ઉદ્ધવને શોધવામાં જ લગાવી રહ્યો હતો. ત્યારે ચાલતા ચાલતા અચાનક મારી નજર યાતના વેઠી રહેલા ઉદ્ધવ પર પડી. તેની દાઢી વધી ગઈ હતી. ચહેરો ફિક્કો પડી ગયો હતો. મારા માટે તો તેને આ હાલતમાં જોવો એજ કોઈ યાતનાથી ઓછું નહોતું. એ બાજુ ઉદ્ધવ અમને જોઈને ખુશીથી જોરથી બૂમ પાડવા જતો જ હતો, ત્યાં મેં તેને તાત્કાલિક આંખનો ઈશારો કરીને ચૂપ રહેવા કહ્યું. એ તો ચૂપ રહ્યો, પણ ભાઈથી તેમની આ દશા જોઈને ચૂપ ન રહેવાયું. તેઓ બરાડવા લાગ્યા. ચોક્કસપણે, ઉદ્ધવની આ હાલત જોવી તેમના માટે અસહ્ય હતું. આજ ભાઈની નબળાઈ હતી કે તેઓ દેખાવમાં અને બોલવામાં તો કઠોર હતા પણ વાસ્તવમાં ખૂબ જ મુલાયમ અને ભોળા હતા. જ્યારે તેનાથી વિપરીત, આ બધી બાબતે હું ભારે પાક્કો હતો. ખોટા સમયે, ખોટી જગ્યાએ તેમજ ખોટા માનવી માટે મારી ભાવનાઓ ક્યારેય પ્રગટ કરતો નહીં. એટલે જ તો સૈનિકોના પૂછવા પર મેં વાત વાળી લીધી. મેં કહ્યું કે નર્કની યાતનાઓ જોઈને તે ગભરાઈ ગયા છે.

આમ પણ અમારા માટે આ સમયે એ જાણવું જ પૂરતું હતું કે ઉદ્ધવ નર્કમાં છે. તેને છોડાવવાની યોજના તો અહીંથી બહાર નીકળ્યા પછીની વાત હતી. અને અત્યારે તો આ મામલો પણ ગૂંચવણભર્યો જ હતો. કેમકે અહીંથી બહાર નીકળવા માટે પણ ભાઈની પૂરી મદદની તાતી જરૂર હતી, જે તેઓ આપે તેવું જણાય નહોતું રહ્યું. જોકે એક વાર તો ભાઈની મદદ મળી યે જાય, પણ ઉદ્ધવને આ હાલતમાં જોયા પછી તેમની મદદ મેળવવી થોડી વધુ મુશ્કેલ થઈ ગઈ હતી. હવે મુશ્કેલ હોય કે સરળ, બહાર તો નીકળવાનું જ હતું, અને તે માટે ભાઈને પટાવવાના જ હતા. બસ, મેં ભાઈને બે હાથ જોડીને વિનંતી કરી કે મહેરબાની કરીને તમે પણ પાછા વળતાં સમયે, ભગવાન વિષ્ણુનો જય-જયકાર કરતાં નીકળજો. શૃંગલવને એ ખાત્રી થઈ જવી જોઈએ કે નર્ક જોતા જ, તમારી બુદ્ધિ ઠેકાણે આવી ગઈ. અમારો દરબારથી સુરક્ષિત જવાનો આજ એકમાત્ર ઉપાય છે. તમે સમજી શકો છો કે આ સાંભળીને ભાઈએ મારા શું હાલ કર્યા હશે. જોકે હું પણ હું હતો, ઉદ્ધવની સોગંદ દઈને મેં તેમને આમ કરવા રાજી કરી જ લીધા. અને આમ ફરી એક વાર મેં જીતનો ઝંડો ફરકાવી દીધો. 'ભગવાન વિષ્ણુની જય, ભગવાન વિષ્ણુની જય' એમ બૂમો પાડતાં પાડતાં, હું અને ભાઈ દરબારમાંથી સહીસલામત બહાર નીકળી ગયા.

ખેર! આશ્રમમાં તો સહીસલામત પાછા આવ્યા હતા, પણ સુખ-શાંતિ પૂર્ણપણે લૂંટાઈ ગઈ હતી. લાખ વિચારો કર્યા પછી પણ ઉદ્ધવને છોડાવવાની કોઈ યુક્તિ સૂઝતી નહોતી. સમસ્યા ગહન હતી અને તેનું ઝડપથી નિવારણ લાવવું ખાસ જરૂરી હતું. આ બાજુ ભાઈએ તો જ્યારથી ઉદ્ધવની દશા જોઈ હતી, દુ:ખની ઊંડી ખાઈમાં ઉતરી ગયા હતા. રહીરહીને તેમનું દુ:ખ ક્રોધાવેશમાં ભભૂકી ઊઠતું હતું. જોકે દુ:ખી તો હું પણ ઓછો નહોતો, મને પણ ભાઈ કરતાં વધુ ક્રોધ આવી રહ્યો હતો, પણ એનો અર્થ એવો નહોતો કે ભર દરબારમાં શૃંગલવનું માથું ફોડવા જેવા ઉપાય પર વિચાર કરવો. સમસ્યા એક ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ માગી રહી હતી. પણ ભાઈને કોઈ વિચાર-વિમર્શમાં રસ નહોતો, તેમને તો બસ, શૃંગલવનું માથું ફોડવું હતું. જાણે કે તેમના સામે આવવાથી જ શૃંગલવ માથું નમાવીને કહે- લો, બલરામ... ભાઈ, માથું ફોડી નાખો. ખેર, આ તરફ સતત ચિંતનથી મારો ક્રોધ કરુણાની દરેક સીમાઓ પાર કરી ચૂક્યો હતો. માત્ર ઉદ્ધવ જ નહીં, અન્ય બધાને પણ શૃંગલવના રચેલા નર્કમાંથી આઝાદ કરવાની તમન્ના હતી. તેને જ કેમ, હું તો સમગ્ર કરવીરપુરની પ્રજાને તેમની આઝાદી અને ખુશી પાછી અપાવવા માગતો હતો. ...પણ કેવી રીતે? કોઈ ચાર સૈનિકોના ભરોસે તો યુદ્ધ લડી શકાય તેમ હતું નહીં. બીજી તરફ સમજાવટથી મામલો પતે તેમ નહોતો. તો પછી આખરે તેનો ઉપાય શો? દરેક દ્રષ્ટિકોણ પર વિચાર કર્યા પછી તેનો સીધો અને સરળ એક જ ઉપાય હતો અને તે હતો 'શૃંગલવનો વધ'. કેમકે મુસીબતના મૂળને નેસ્તોનાબૂદ કર્યા વિના કોઈ જ રસ્તો જડતો નહોતો. કારણ કે મારું માનવું હતું કે જ્યાં સુધી તે જીવિત છે, ત્યાં સુધી પ્રજા અને સૈનિકો તેના વશમાં રહેવાના હતા. તેને જ મારી નાખવામાં આવે તો પછી કોણ પૂછવાનું હતું? પ્રજા કે સેનાનો આવા દુષ્ટ રાજા સાથે રહેવાનો તો સવાલ જ પેદા થતો નહોતો. છેવટે મેં શૃંગલવનો વધ કરવાનું નક્કી કર્યું. જોકે માત્ર નક્કી કરવાથી શું વળવાનું હતું? કોઈ ભાઈના કહેવાથી રાજ દરબારમાં જઈને તેનું માથું વાઢી નખાઈ તેમ તો હતું નહીં. દરબારમાં જઈને આવું દુ:સાહસ કરવું એ જીવના જોખમ સમાન હતું. માટે આ કાર્ય તો બુદ્ધિપૂર્વક

જ કરવું પડે તેમ હતું. એટલે કે કોઈ ઓછા સુરક્ષિત સ્થાન પર જ તેનો વધ કરી શકાય તેમ હતું. એ પણ ચોક્કસ હતું કે આવું સુરક્ષિત સ્થાન રાજદરબારની બહાર જ સંભવ હતું. વળી ચારે તરફ ચુસ્ત સુરક્ષાવ્યવસ્થા જોતાં, આવું સ્થાન શોધવું સરળ પણ નહોતું.

...જોકે એક વાર દિશા નક્કી થઈ ગઈ, પછી એ દિશામાં કાર્ય કરવાનો પણ પ્રારંભ કરી દીધો. ઘણી શોધખોળ પછી એક મોકો દેખાયો. દર પૂનમે તેની રથયાત્રા નીકળતી હતી. એ સમયે રસ્તાની બંને બાજુ ખાસ્સી એવી ભીડ જમા થતી હતી. અને આટલી ભીડભાડ વચ્ચે સુરક્ષા વ્યવસ્થામાં છીંડું પાડવું એ મુશ્કેલ કામ નહોતું. એક બીજી બાબત સારી હતી કે પૂનમ આજથી ત્રીજા દિવસે જ હતી. એટલે કે કાર્યને અંજામ આપવા માટે ઝાઝો સમય રાહ જોવી પડે તેમ પણ નહોતું. આમ તો અહીં રહેતા રહેતા બીજી એક બાબત ચોક્કસ નજરે ચડતી હતી કે પ્રજા શૃંગલવથી પૂર્ણતઃ ત્રાસી ગઈ હતી. વાત માત્ર એટલી હતી કે તેમના અસંતોષ પર શૃંગલવના ભયનો ઓથાર હતો. સાચું કહું, મને તો રાજ્યના મોટા ભાગના સૈનિકો પણ તેનાથી અસંતુષ્ટ જણાઈ રહ્યા હતા. આમ પણ આવા પાપી રાજા સાથે તેના પાપ સિવાય અન્ય કોઈ નથી હોતું. ...આમ પણ મને આ બાબતના ઘણા એવા જાતઅનુભવો હતા. તમને યાદ હશે કે જ્યારે કંસનો વધ કર્યો ત્યારે પણ પરિસ્થિતિ કંઈક આવી જ હતી. 'પંચજન-વધ' સમયે પરિસ્થિતિ જુદી ક્યાં હતી? તમને યાદ હશે... ન પ્રજા, ન સેના, કોઈએ પણ વિરોધ ક્યાં કર્યો હતો? તો પછી અહીં પણ કોણ શૃંગલવના વધનો વિરોધ કરનાર હતું? વાત દીવા જેવી સ્પષ્ટ હતી. જે રાજાની પ્રજામાં શાખ હોય, જે રાજાના રાજ્યમાં પ્રજા સુખી હોય અને જે સૈનિકો ખરા હૃદયથી રાજાની આજ્ઞાનું પાલન કરતાં હોય- એવા રાજાનો વધ કરીને નીકળવું અશક્ય છે. પણ સો વાતની એક વાત એ કે આવા રાજાનો વધ કરવાની મારે જરૂર પણ ક્યાં હોય? છોડો, આ ચર્ચા ફરી ક્યારેક. હમણાં તો સરવાળે, મારી યોજના નક્કી હતી, બસ, પૂનમની રાહ જોવાતી હતી.

...તો એ પણ ક્યાં દૂર હતી? આવી જ ગઈ. હું સવારે વહેલો જ ઉઠી ગયો. જોકે ઉઠવાથી શું વળવાનું હતું, રથયાત્રા તો સાંજે જ નીકળવાની હતી. અને સાંજ તો થવાનું નામ જ નહોતી લેતી. હું તો સવારથી જ તૈયાર હતો. આમ પણ તૈયારી શું કરવાની હતી, એકમાત્ર ચક્ર જ તો લેવાનું હતું. બસ, વ્યાકુળતાની ટોચ પર બેઠા બેઠા અને ઓરડાના એક ખૂણેથી બીજા ખૂણા તરફ ચક્કર લગાવતા લગાવતા જ આ લાંબી પ્રતીક્ષાનો અંત આવ્યો. રથયાત્રા નીકળવાના થોડા સમય પહેલા જ, હું અને ભાઈ કરવીરપુરના મુખ્ય ચાર રસ્તા પર પહોંચી ગયા. સવાલ થોડીક ક્ષણોનો હતો, તેમ છતાં કોણ જાણે સમય કપાતો જ નહોતો. ...કદાચ એટલા માટે કે મામલો ઉદ્ધવનો હતો.

ખેર! હમણાં તો હું અને ભાઈ એક વૃક્ષ પાસે ઊભા હતા. આ વૃક્ષ થોડી ઊંચાઈ પર હોવાને કારણે, ચાર રસ્તા અમને અહીંથી સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. બીજી તરફ, બધા રસ્તા પર અત્યારથી જ ઘણી ભીડ જમા થઈ ગઈ હતી. બધા પોતાના ભગવાનના દર્શનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. આમ તો ભીડ અમે જ્યાં ઊભા હતા ત્યાં પણ ઓછી નહોતી. હશે, હાલ તો મારાથી આ પ્રતીક્ષાની પળ કપાતી નહોતી. ...ત્યાંજ રાજમહેલના માર્ગ પરથી ચાર રથ ધસધસતા આવ્યા. એમાં બેઠેલા સૈનિકો કોરડા વરસાવીને ભીડને દૂર ધકેલી રહ્યા હતા. બોલો, આ રીતે તેઓ ભગવાનની યાત્રા માટે જગા બનાવી રહ્યા હતા! એટલે કે 'ભગવાન'નો રથ ગમે તે ક્ષણે આવવાનું અપેક્ષિત હતું. આખરે આ પ્રતીક્ષાનો પણ અંત આવ્યો. બાર આચાર્યોથી હંકારાઈ રહેલા ભગવાન વિષ્ણુ, એટલે કે શૃંગલવ મહારાજનો વિશાળ રથ ચાર રસ્તે આવી પહોંચ્યો. રથની પાછળ લગભગ બસો જેટલા ભક્તો નાચ-ગાનમાં મસ્ત થઈ આવી રહ્યા હતા. તેમજ રસ્તા પર પણ હજારેક લોકોની ભીડ એકઠી થઈ હતી. એક પછી એક દ્રશ્યો ખરેખર ભયાનક હતા, પરંતુ અત્યારે મારું ધ્યાન સંપૂર્ણ રીતે શૃંગલવ પર કેન્દ્રિત થયું હતું. આશ્ચર્યજનક રીતે આ સમયે પણ તેની બહેન 'શેવ્યા' તેની બાજુમાં જ બેઠી હતી. આ તરફ ભગવાનની આરતી ઉતારનારા તેમજ હાર પહેરાવવાવાળાઓની લાંબી કતાર લાગી હતી. હું શાંત ચિત્તે ઊભો ઊભો ભયભીત પ્રજાનો આ સામૂહિક અભિનય જોઈ રહ્યો હતો. જોકે આ તમામ દ્રશ્યો જોતાં જોતાં પણ મારી નજર તો સંપૂર્ણ રીતે શૃંગલવની ગરદન પર જ મંડાયેલી હતી. હું પૂર્ણપણે સાવધ અને તૈયાર હતો. રથયાત્રા અમારી તરફ જ આગળ વધી રહી હતી. હવે તો મેં ધીમેથી આંગળી પર ચક્ર પણ ધારણ કરી લીધું હતું. અને જેવો રથ મારી પાસેથી પસાર થયો કે તરત મેં ચક્રથી તેની ગરદનનું નિશાન તાક્યું. આવી નાજુક ક્ષણોમાં મારા ચક્રના નિશાન ચૂકવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નહોતો. બસ, પળવારમાં જ તેનું માથું ધડથી અલગ થઈ ગયું.

...આ બાજુ, અચાનક પોતાના ભગવાનનું માથું ધડથી જુદું થયેલું જોઈને, જનમેદની સ્તબ્ધ થઈ ગઈ. એક ક્ષણ માટે તો ચારે બાજુ હાહાકાર મચી ગયો. સ્થિતિની નાજુકતા જોતાં અને સમજતા, આ તરફ, મેં પણ લોકોનું ધ્યાન ખેંચવા જોરજોરથી બૂમો પાડવાનું શરૂ કર્યું- પાપીઓનો અંત આવો જ હોય છે... આજ પાપીની સજા છે... આ તરફ ભાઈ પણ ક્યાં પાછળ રહેવાના હતા. મેં તો કળથી કામ લીધું, તેમણે તો બળનો પ્રયોગ પણ કરી નાખ્યો. તાત્કાલિક પોતાની ગદા ફેરવીને ચાર-પાંચ સૈનિકોને ત્યાંજ ઢાળી દીધા. અને કોઈ કંઈ સમજી શકે કે શૃંગલવના પક્ષમાં ઊભા થાય, એ પહેલા જ અમે વિરોધનું વાતાવરણ બનાવવાનું શરૂ કરી દીધું. સાચે જ, ભાઈની 'લહેરાતી ગદા' અહીં સહાયક સિદ્ધ થઈ રહી હતી. તેમણે ચાર-પાંચ સૈનિકોને શું માર્યા કે બધા પાછળ હટી ગયા. હવે કોઈ હિંમત કરીને શૃંગલવના પક્ષમાં આગળ આવી શકે તેમ નહોતું. ...આમ પણ બધા શૃંગલવના જુલમથી પરેશાન તો હતા જ. મનમાં ને મનમાં તેનાથી છુટકારો મેળવવાની પ્રાર્થના કરતાં જ હશે; એવામાં પ્રજાને આવરી

લેવામાં સમય ક્યાં લાગવાનો હતો? હકીકત તો એ હતી કે જેવો શૃંગલવના મૃત્યુનો પ્રજાને પાક્કો અહેસાસ થયો કે વાતાવરણ સંપૂર્ણપણે મારા તરફી થઈ ગયું. સૈનિકો પણ નતમસ્તક થઈ ગયા. જોતજોતાંમાં ચારે બાજુ મારો જયજયકાર થવા લાગ્યો. એકમાત્ર અપવાદરૂપે તેની બહેન 'શેવ્યા' હતી. તે રથમાં બેઠી બેઠી જરૂર ક્રોધથી લાલચોળ થઈ રહી હતી. સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે પોતાના ભાઈના મોતને પચાવી શકી નથી. એટલું જ નહીં, તે સતત ક્રોધિત નજરે મને જોઈ રહી હતી. તેનો ક્રોધ એટલો આકરો હતો કે મારી આંખો પણ તેના ક્રોધનો સામનો ન કરી શકી. એ પણ શું કરે, ભાઈનું કપાયેલું માથું અને ધડ હજી પણ રથમાં જ પડેલાં હતા.

હશે! અત્યારે તો શૃંગલવની બહેન ક્રોધથી કશુંક કરે તે પહેલા મને આગળનું કાર્ય પતાવવું ઉચિત લાગ્યું. પ્રજાનો શું ભરોસો? અત્યારે તો જોશને લીધે મારી સાથે છે, પણ હોશ ખોઈને, ભાવાવેશમાં તણાઈ જાય અને મારી વિરુદ્ધમાં ઊભી થઈ જાય. ના બાબા ના, પછી તો કરેલાં કાર્ય પર પાણી ફરી વળે; અને ઉપરથી જીવ ખોવો પડે... એ વધારામાં. આથી હું તત્ક્ષણ સક્રિય થઈને ભીડને ઓળંગીને આગળ વધ્યો. આમ પણ અત્યાર સુધીમાં અડધી ભીડ આ દુર્ઘટનાના ડરને લીધે પોતપોતાનાં ઘરે જતી રહી હતી. આવામાં રસ્તો પસાર કરવો કંઈ અઘરું નહોતું. બસ, આગળ વધીને હું શૃંગલવના રથ પર જ ચઢી ગયો. ભાઈ પણ પાછળ પાછળ ગદા લહેરાવતા રથ પર ચઢી ગયા. શેવ્યાને તો સમજાતું જ નહોતું કે અમે તેના રથ પર શા માટે ચઢી ગયા? હમણાં જ સમજાઈ જશે. તત્ક્ષણ મેં પ્રજાની દુખતી નસ પર હાથ મૂકીને સહુને નરકની કેદમાંથી છોડાવવા માટે મારી સાથે ચાલવા આહ્વાન કર્યું. આ સાંભળતા જ, પ્રજામાં ખુશીની લહેર છવાઈ ગઈ. સૈનિકો પણ કંઈ ઓછા ખુશ નહોતા. જોતજોતામાં મારો જયજયકાર બોલાવવામાં આવ્યો. આ તો થવાનું જ હતું, અંતે કેદીઓ પણ હતા તો પ્રજા અને સૈનિકોના સંબંધીઓ જ ને.

ખેર! હાલ તો હું પ્રજાનો સાથ પામીને ઉત્સાહથી છલકાઈ ગયો હતો. એજ ઉત્સાહના સહારે તરત રથ લઈને અમે લોકો નરક તરફ ચાલી નીકળ્યા. અમારી પાછળ લગભગ ત્રણસો-ચારસો લોકોની ભીડ અને લગભગ પચીસેક સૈનિકો પણ ચાલ્યા આવતા હતા. ...એટલે કે કૃષ્ણ મહારાજ આવતાવેંત જ કરવીરપુરના નેતા બની ગયા હતા. આશ્ચર્ય તો એ કે અમે નિર્વિઘ્ન રીતે આગળ વધી રહ્યા હતા. અમારો ક્યાંય કોઈ પ્રકારનો વિરોધ થઈ નહોતો રહ્યો. અને પળવારમાં તો અમારું સરઘસ નરકના પ્રવેશદ્વાર સામે ઊભું હતું. શૃંગલવના મૃત્યુના સમાચાર અહીં પણ પહોંચી જ ગયા હતા. રહ્યું-સહ્યું કામ, સાથે આવેલા સૈનિકોએ ત્યાં હાજર રહેલા સૈનિકોને સમજાવીને પૂરું કરી દીધું. તત્ક્ષણ ન માત્ર નર્કનું પ્રવેશદ્વાર ખોલી નાખવામાં આવ્યું, પણ અંદરના તમામ કક્ષોના પણ તાળા ખોલી નાખવામાં આવ્યા. અને જોતજોતાંમાં, ઉદ્ધવ સહિત બધાંને આ અમાનવીય નર્કમાંથી છુટકારો મળ્યો. ઉદ્ધવને અમારી સામે આઝાદ થયેલો જોઈને, હું અને ભાઈ ખુશીથી રડી પડ્યા. ઉદ્ધવ પણ અમને ગળે મળીને ખૂબ રડ્યો. ખરું કહેવાય. કમાલ હતી, આટઆટલી યાતનાઓ વેઠ્યા પછી પણ તેની આંખોમાં આંસુ બચ્યાં હતા. એ પણ શું કરે, એ બિચારાને તો અમારી ત્યાં પહોંચવાની આશા પણ નહીં રહી હોય. કદાચ એ તો જીવનભર આ નર્કમાં સડવાની માનસિકતા બનાવી ચૂક્યો હશે. એવામાં અસંભવિત રીતે અચાનક છુટકારો મળતાં આંસુઓ વહી આવવાં સ્વાભાવિક જ હતું.

ખેર! આ તરફ નર્કમાંથી મુક્ત થયેલા કેદીઓએ ચારે તરફ અમારો જયજયકાર કર્યો. ત્યાંજ બીજી તરફ, કેદીઓને છુટકારો મળતાં પ્રજાનું જોશ પણ અનેકગણું વધી ગયું. ભીડનો ઉત્સાહ અને ઉન્માદ એટલો કે લગભગ પાંચસો વ્યક્તિઓની ભીડ અમારો જય જયકાર કરતી અમને નરકના દ્વારથી આશ્રમ સુધી મૂકવા આવી. એટલું જ નહીં, ઘણા સમય સુધી આશ્રમની બહાર ઊભા ઊભા અમારો જય જયકાર કરતાં રહ્યા. પ્રજાનો ખુશમિજાજ અને મને અપાઈ રહેલા માન-સન્માન પછી, એટલું ચોક્કસ માની શકાય કે હવે ચિંતાની કોઈ વાત નહોતી. ખાસ કરીને સૈનિકોના સહયોગ પછી તો હું આ બાબતે સંપૂર્ણ રીતે નિશ્ચિંત હતો. આમ તો સાચું કહું તો આ બેફિકરાઈને કારણે જ અહીં ચૂપચાપ આશ્રમમાં પડ્યો હતો, નહીં તો ક્યારનોય ભાગી ગયો હોત. તમે તો જાણો છો કે સહેજ પણ ભયનો અહેસાસ થાય કે તરત હું ભાગી છૂટું છું.

ખેર! આ તો અમારી વાત થઈ, પણ આ તરફ, રાત થતાં થતામાં તો આખું કરવીરપુર ઉત્સવમાં ડૂબી ગયું હતું. એવું લાગતું હતું કે જાણે શૃંગલવના મૃત્યુનો ઉત્સવ મનાવવામાં આવી રહ્યો હતો. આમ તો તેમનો આનંદ યોગ્ય પણ હતો. કેમકે કેદીઓ જ નહીં, એક દ્રષ્ટિએ આખા કરવીરપુરે પહેલી વાર, વર્ષો પછી ખુલ્લી હવામાં શ્વાસ લીધો હતો. એવામાં આઝાદીનો ઉત્સવ તો ધામધૂમથી જ મનાવવાનો હતો. રાતભર લોકો રસ્તાઓ પર અહીંથી તહીં ઘૂમતા રહ્યા, એકબીજાને શુભેચ્છાઓ આપતાં રહ્યા, પોતાની ખુશીઓ પ્રગટ કરતાં રહ્યા અને અમારો જય જયકાર કરતાં રહ્યા. હું એ લોકોને પોતાના રાજાના મોત પર આનંદ વ્યક્ત કરતાં જોઈને વિચારતો હતો કે એ રાજા ખરેખર કેટલો દુર્ભાગ્યશાળી હોય છે, જેના મોત પર તેની જ પ્રજા આ રીતે ઉત્સવ મનાવે છે. ...પછી તે કંસ હોય કે શૃંગલવ, વિચારણીય બાબત એ છે કે અહમ્‌ને પોષીને તેઓને શું મળ્યું? આ તરફ સત્યની અંતિમ ઊંચાઈથી આ વાતને સમજું તો આ બધું એકમાત્ર ઉદ્ધવને કારણે જ શક્ય બન્યું હતું. કરવીરપુરની પ્રજાને શૃંગલવના જુલમથી છુટકારો મેળવવાનું એજ તો 'નિમિત્ત' બન્યો હતો. ...લો, ઉદ્ધવથી યાદ આવ્યું, એ બિચારાની હાલત તો હાલમાં પણ ગંભીર જ હતી. વાસ્તવમાં તેની માનસિક હાલત વધારે ખરાબ જણાતી હતી. તેને વધુ આત્મવિશ્વાસની જરૂરિયાત હતી. અમે પણ તત્કાળ અમારું ધ્યાન કરવીરપુર તેમજ તેની પ્રજા પરથી હટાવીને, ઉદ્ધવની સેવામાં લગાવ્યું. રાતભરની સેવા પછી સવારે એ માંડ થોડોક સ્વસ્થ જણાતો હતો. ચોખ્ખું નજરે આવી રહ્યું હતું કે નર્કની યાતનાઓની તેના મન પર કેટલી ગંભીર અસર પડી

હતી.

ચાલો, એ તો સમય આવતા જોઈ લેવામાં આવશે, પણ હાલ તો સવારે ઊઠીને શું કરવું એ વિચારતો હતો કે રાજ્યનો સૈનિક સંદેશ લાવ્યો કે મહારાણી પદ્માવતી તમને મળવા પધાર્યાં છે. મારે માટે આ બિલકુલ અણધાર્યું હતું. તેમનું અચાનક અહીં આવવાનું કોઈ ચોક્કસ કારણ પણ મને સમજાતું નહોતું. હવે કારણ સમજાય કે ન સમજાય, સામનો તો કરવાનો જ હતો. એટલે હું મળવાના કારણની શક્યતાઓને ખોળતાં, તરત તેમને મળવા માટે નીકળી પડ્યો. તેઓ આશ્રમના દ્વાર પર જ ઊભાં હતા. હું તો તેમને જોઈને જ દંગ રહી ગયો. શૃંગલવની પત્ની એટલે કે મહારાણી પદ્માવતી, પાંસઠ વર્ષની આયુ હોવા છતાં, એકદમ આકર્ષક અને પ્રભાવશાળી દેખાતાં હતા. એટલું જ નહીં, તેઓ એકદમ નિશ્ચિંત, સામાન્ય તેમજ આત્મવિશ્વાસથી ભરપૂર જણાતાં હતા. જોકે તેઓ એકલાં નહોતાં આવ્યાં, તેમની સાથે શૈવ્યા તો હતી જ, પરંતુ સાથે એક નાનું બાળક પણ હતું. તે લગભગ છ રથોની સવારી લઈને આવ્યાં હતા. સાથે પચીસેક સૈનિકો પણ હાજર હતા. ત્યાંજ બીજી બાજુ, તેમની પાછળ અમારા દર્શન માટે લગભગ સોએક લોકો પણ હાજર હતા. જવા દો. તેમના પર કોણ ધ્યાન આપે? મેં તરત જ મહારાણીના ચરણસ્પર્શ કર્યાં. પણ આ શું? ના તો તેમણે આશીર્વાદ આપ્યા કે ન કોઈ પ્રત્યુત્તર આપ્યો. હાં, ઉપરથી નીચે સુધી મને ધ્યાનથી જોયો. જાણે કે તેઓ કંઇ સમજવા કે કશુંક કહેવાની મથામણ કરી રહ્યા હોય. હું તેમનો વ્યવહાર જોઈને સાવધ થઈ ગયો. એક તો તેમના આવવાના હેતુથી જ સાવ અજાણ હતો, ઉપરથી તેઓ શૃંગલવના પત્ની હતા. તેમણે પોતાનો પતિ ગુમાવ્યો હતો. તેથી, તેમની પ્રતિક્રિયા જાણવા હું જિજ્ઞાસુ પણ હતો તેમજ તેમની પ્રતિક્રિયા જાણવી મારા માટે જરૂરી પણ બની ગયું હતું. અજબનું દ્રશ્ય હતું. હું તેમની સામે જ ઊભો હતો. તેઓ મને સમજવાની કોશિશ કરી રહ્યાં હતાં અને મારી જિજ્ઞાસા તેમના અહીં આવવા પાછળના કારણ શોધવામાં લાગી હતી. અને આ બંને બાબતોથી અજાણ, ભીડ ચારે તરફ નારાબાજીમાં વ્યસ્ત હતી. ક્યારેક મારી જય બોલાતી તો ક્યારેક મહારાણીની.

...જોકે મારે વધારે સમય જિજ્ઞાસાના વમળમાં ના ફરવું પડ્યું. થોડી વાર કશુંક ફંફોસ્યા પછી, મહારાણી-પદ્માવતીએ ચૂપકીદી તોડી. તેઓ મને સંબોધિત કરતાં બોલ્યા- આ તેની બહેન ‘શૈવ્યા’ છે. ...પછી એક બાળકને આગળ ધરતાં બોલ્યા- અને આ અમારો પુત્ર ‘શક્રદેવ’ છે. ...ત્યાર બાદ, એક ઠંડો શ્વાસ લીધા પછી, તેમણે પોતાની વાત આગળ વધારી - સાચે જ, કરવીરપુરની પ્રજા તમારા પર બહુ ખુશ છે. ચારે તરફ તમારો જયજયકાર થઈ રહ્યો છે. હું તમને અહીં એ પૂછવા આવી છું કે તમે મારા પતિનો ‘રાજા’ બનવા માટે વધ કર્યો છે?

...મારા માટે તો આમ પણ મહારાણીનું અહીં આવવું આશ્ચર્યજનક હતું, ઉપરથી તેમના એક સીધા સવાલે મારી બધી શક્યતાઓના કિલ્લાઓ તોડી પાડ્યા. મેં મૌનપૂર્વક ધ્યાનથી તેમની આંખોમાં ડોકિયું કર્યું. તે એકદમ શાંત દેખાતી હતી. પોતાના રાજાના મોતનું કોઈ દુ:ખ તેની આંખોમાં નજર આવતું નહોતું. ...સ્વભાવમાં આટલી સ્થિરતા અને પરિપક્વતા! હું તો દંગ જ રહી ગયો. કદાચ આજ શ્રેષ્ઠ મહારાણી તેમજ મહારાજાઓના ગુણ હોય છે. આમ પણ કોઈપણ ઘટનાથી પર રહીને તાત્કાલિક સામાન્ય થઈ જવું, એજ તો મનુષ્યનો સર્વશ્રેષ્ઠ ગુણ માનવામાં આવે છે. અને એક રાજામાં આ ગુણ હોવા જ જોઈએ. કેમકે મારી દ્રષ્ટિએ, એક સંવેદનશીલ રાજા એટલો જ ક્રૂર હોઈ શકે છે, જેટલો એક દુષ્ટ અને અભિમાની રાજા.

છોડો આ વાતને. ...હું મારી વાત કરું તો મહારાણીની શાંત આંખો મને આહ્લાદક શાંતિ આપતી હતી. ઓછામાં ઓછું આ આંખોમાં કોઈ ખતરનાક ઈરાદાઓ નજર આવતા નહોતા. એટલે હાલમાં તો મારા માટે આજ પરમ સંતોષની વાત હતી. જો સંતોષની વાત કરી છે તો, ભેગાભેગ અસંતોષનું કારણ પણ જણાવી દઉં. સફેદ કપડામાં સજ્જ શૈવ્યા આજે કાલથી પણ વધારે ક્રોધિત દેખાઈ રહી હતી. મને તો તેનો વધેલો ક્રોધ જોઈને અંદર કંઈક કંઈક થઈ રહ્યું હતું. સીધી વાત કરું તો, હું થોડો ડરી ગયો હતો. ...જોકે થોડીક ક્ષણોમાં મેં જાતને સંભાળી પણ લીધી. પણ હવે શું? સો વાતની એક વાત, હું કાંપ્યો કેમ? જીવનમાં પહેલી વાર મેં મારી અંદર કંપનનો અનુભવ કર્યો હતો. અને આ અનુભવના આધારે, હું એ કહી શકું છું કે કંપારી અને મોતમાં કોઈ ફર્ક નથી. જે ક્ષણે મેં કંપારી અનુભવી હતી, એ ક્ષણે હું મૃત્યુ જ તો પામ્યો હતો. ...બની શકે કે કંપનની ભયાનકતાનો અનુભવ કરવા કંપ્યો હોઉં. નહીં તો હું, અને કાંપું? જે કૃષ્ણ કાળિયા-નાગ કે કેશીનો સામનો કરતાં સમયે કાંપ્યો નહીં, જેને કંસ કે જરાસંધ કંપાવી ન શક્યા, કમાલ છે એને શૈવ્યાના એક ક્રોધે કંપાવી દીધો? ...કદાચ, મામીઓના ક્રોધનો કડવો અનુભવ એ સમયે પણ મારી અંદર તાજો હતો. અને કેમ ન હોય? એ ક્રોધને કારણે જ તો આજ સુધી હું ઠેર ઠેર ઠોકરો ખાઈ રહ્યો છું. એ ક્રોધે જ તો જરાસંધ નામનું ભૂત મારી પાછળ મૂક્યું છે. ...ગમે તે થાય, આજે હું મારા અનુભવને આધારે કહી શકું છું કે ભયથી કંપી ઉઠવાથી વધીને મનુષ્યના જીવનમાં બીજું કોઈ પાપ નથી. તમને યાદ હશે કે મારો આજ અનુભવ મેં ગીતામાં અર્જુનને સંભળાવ્યો હતો. “હે અર્જુન! તું કૌરવોની વિશાળ સેનાને જોઈને ભયથી કેમ કંપી રહ્યો છે? આ કંપન જ તો પાપ છે. સુખ હોય કે દુ:ખ, મનુષ્યએ સમ-ભાવથી જીવવું જોઈએ. કંપન સુખમાં હોય કે દુ:ખમાં, બંને રીતે જીવતેજીવ નર્ક સમાન છે [63] .”

ખેર! શૈવ્યાની ચર્ચા ઘણી થઈ. શૃંગલવના પુત્ર વિશે પણ કંઈક કહું. શૃંગલવનો પુત્ર ‘શક્રદેવ’ દસ વર્ષનો હતો. એ અતિ સુંદર તેમજ પ્રભાવશાળી દેખાતો હતો. તેના પર પણ તેના પિતાના મોતની કોઈ ખાસ અસર થઈ હોય એવું મને લાગતું નહોતું. અને મૂળ સવાલ પર ફરી આવું તો આ દરમિયાન મહારાણીના અસંભવિત પ્રશ્નનો ઉત્તર આપવા હું મારી જાતને સંપૂર્ણ રીતે

તૈયાર કરી ચૂક્યો હતો. આ બાજુ મહારાણી જ નહીં, એકઠી થયેલી ભીડ પણ મારા ઉત્તરની કાગડોળે રાહ જોતી હતી. જોકે કેટલાક લોકો સૂત્રોચ્ચાર કરીને મને રાજપાટ સ્વીકારવા ઉશ્કેરી રહ્યા હતા. પણ હું ક્યાં કોઈ ચક્કરમાં પડવાનો હતો? મારે તો પોતાના જ નિષ્કર્ષના સહારે આગળ વધવાનું હતું. તેથી મેં એકદમ શાંત ભાવ અને વિનમ્રતાથી હાથ જોડીને મહારાણી પદ્માવતીજીને કહ્યું [64] - ના માતાજી. મેં શૃંગલવનો વધ રાજા બનવાના પ્રયોજનથી નથી કર્યો. મહારાજ શૃંગલવનો વધ કરતી વખતે, તેમનો જુલમ તેમજ પ્રજાનું હિત જ મેં ધ્યાનમાં રાખ્યું હતું. સાચું તો એ છે કે મહારાજાનો વધ તેમનાં કર્મોના કારણે જ થયો છે. હું તો 'નિમિત્ત-માત્ર' છું. તેમ છતાં, તમને જાણ્યે-અજાણ્યે દુ:ખ પહોંચાડવા બદલ હું તમારી માફી માંગુ છું.

મહારાણી પદ્માવતી મારા દ્વારા કહેવાયેલા એક-એક શબ્દને ધ્યાનથી સાંભળી રહી હતી. સાથે એટલા જ ધ્યાનથી હું મારા કહેલા શબ્દોની એમના પર થતી અસરને જોઈ રહ્યો હતો. કહી શકાય કે બંને તરફથી એકબીજાના ઈરાદાઓને સમજવાના પ્રયાસો થતાં હતા. જોકે મારી અત્યાર સુધીની વાતોનો તેમના પર સાનુકૂળ પ્રભાવ જ પડ્યો હતો. પડવો જ જોઈતો હતો; કેમકે મારી વાત અને મારો ઈરાદો, બંને સ્પષ્ટ હતા. ...આમ તો, આવી જ પરિસ્થિતિનો સામનો મેં કંસના વધ સમયે પણ કર્યો જ હતો. કહેવાનો અર્થ એ કે અનુભવ તો મારી પાસે હતો જ. તેથી પોતાની પરિપક્વતાની સાબિતી આપતાં મેં આગળની વાત વધુ આત્મવિશ્વાસથી કહી. મેં કહ્યું- હું ઇચ્છું છું કે મહારાજ શૃંગલવના અંતિમ સંસ્કાર પૂરા રાજકીય-સન્માન સાથે કરવામાં આવે. હું જાતે તેમને સન્માન આપવા તેમાં સામેલ થઈશ. સાથે જ હું એ પણ ઇચ્છું છું કે એ પછી રાજકુમાર શક્રદેવનો રાજ્યાભિષેક પણ કરવામાં આવે. હું તો પરદેશી છું. રાજકુમાર-શક્રદેવના રાજ્યાભિષેક પછી, પોતાના વતને પરત ફરીશ.

આ સાંભળતાં જ લોકોએ પહેલાં મારો અને પછી મહારાણી પદ્માવતી તેમજ રાજકુમાર શક્રદેવનો જય જયકાર કર્યો. એ તરફ સ્વાભાવિક રીતે જ, મારી પૂરી વાત સાંભળી તેમજ મારો આશય જાણીને મહારાણી માત્ર સ્વસ્થ જ ન થયા, બલ્કે ખુશ પણ થયા, એ તેમના હાવભાવ તેમજ તેમની આંખોમાં મને સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. આમ પણ હું મારી વાત કરી ચૂક્યો હતો, હવે વારો મહારાણીનો હતો.

તેમની અદાની શું વાત કરું? સૌપ્રથમ તો તેમણે એકત્ર થયેલી ભીડનું હાથથી અભિવાદન કર્યું ત્યાર બાદ ભીડને શાંત કરતાં, મારી સામે જોઈ બોલ્યાં- તમારી વાત અને તમારા આશય, બંનેથી હું સંપૂર્ણ રીતે સંતુષ્ટ છું. પરંતુ હું કંઇ કહું એ પહેલાં તમારો પરિચય ઇચ્છું છું.

મેં તાત્કાલિક પૂરી વિનમ્રતાથી કહ્યું- હું મથુરાનિવાસી વસુદેવજીનો પુત્ર, કૃષ્ણ છું.

પરિચય મેળવ્યા પછી, તે ન જાણે શું વિચારીને સંપૂર્ણ રીતે સહજ થઈ ગયા. એટલું જ નહીં, એમણે મને આશીર્વાદ પણ આપ્યા. સાચું કહું તો તેમના આશીર્વાદ મેળવીને હું સ્વયં ધન્ય થઈ ગયો. કેમકે હવે ખતરાનું કોઈ કારણ બચ્યું નહોતું. આ તરફ આ આત્મીયતા અહીં જ પૂરી નથી થઈ. શક્રદેવનું રાજકુમાર બનવાનું નક્કી થતાં જ, તેણે મહારાણી પદ્માવતીના કહેવા પ્રમાણે મારા ચરણસ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા. મારી ખુશીઓનો તો પાર ન રહ્યો... ચાલો, 'કૃષ્ણ' હવે એટલો તો મોટો થઈ જ ગયો કે યુવરાજ પણ તેમના આશીર્વાદ લેવા લાગ્યા છે. ખેર; જ્યારે પરિસ્થિતિ એટલી ઝડપથી સામાન્ય થઈ રહી હતી, આથી મેં આશાભરી નજરે શૈવ્યા તરફ જોયું. કદાચ તે પણ સહજ થઈ ગઈ હોય. પરંતુ નહીં...તેનો ક્રોધ હજુ પણ યથાવત્ હતો. ...કમાલ કહેવાય, હું શૃંગલવના પુત્ર શક્રદેવનો રાજ્યાભિષેક કરાવી રહ્યો હતો, કરવીરપુર પર પોતાનો કોઈ અધિકાર પણ દર્શાવી રહ્યો નહોતો, તો પછી કઈ વાત પર એ આ રીતે દાંત પીસતી હતી? અને ક્રોધ પણ એવો કે નમસ્કારના પ્રત્યુત્તરમાં નમસ્કાર પણ કરતી ન હતી. હું તો દસ કામ છોડીને તેને સહજ કરવામાં લાગી ગયો. કેમકે આવો જ ક્રોધ કંસના વધ પછી, હું મામીઓની આંખોમાં જોઈ ચૂક્યો હતો. અને એ સમયે તેમના ક્રોધ પર ધ્યાન ન આપવાને કારણે, આજે પણ હું 'જરાસંધ' નામની ભયાનક બીમારી વેઠી રહ્યો હતો. સાચું કહું તો, હું હવે બીજી વાર એ ભૂલ કરવા માંગતો નહોતો. સ્ત્રીઓનો પ્રેમ સારો, પણ એમનો ક્રોધ તો તોબા...તોબા... ...ક્યાંક એવું ન થાય કે તેનો ક્રોધ શાંત ન કરી શકું અને એ મારા માટે કોઈ નવી મુસીબત ઊભી કરી દે. સો વાતની એક વાત, મામીઓનો કડવો અનુભવ થયા પછી અને ઠેર ઠેર ઠોકરો ખાધા પછી, હું 'સ્ત્રીના વેર'થી કોઈપણ ભોગે બચવા માંગતો હતો. આમ પણ સાવધાની એ મારો સ્વભાવ જ હતો, અને વળી મુસીબત આવે એ પહેલા તેને માપીને ટાળી દેવી એ 'બુદ્ધિશાળી'નું લક્ષણ કહેવાય છે. એક તો શૈવ્યા રાજકુમારી હતી, અને ઉપરથી અતિ સુંદર. કોઈપણ તેનો પ્રેમ પામવા, મારી સામે બદલો લેવા તૈયાર થઈ શકે તેમ હતું. તેથી તેને સહજ કર્યા વિના, હું અહીંથી જવા ઇચ્છતો નહોતો.

ખેર! અહીં હું આ બધું વિચારતો રહી ગયો અને તે તરફ મહારાણીનો રસાલો તમામ વાતો પાક્કી કરીને પાછો પણ ફર્યો. હું પણ ભીડનું અભિવાદન કરીને ચૂપચાપ મારા કક્ષમાં જતો રહ્યો. હવે તો મારા હાથમાં એકમાત્ર કામ, શૈવ્યાના ક્રોધને શાંત કરવાનું હતું. અને એટલા માટે જ હું શૃંગલવના અંતિમ સંસ્કારમાં પણ સામેલ થયો અને શક્રદેવના રાજ્યાભિષેકમાં પણ. કદાચ મને આ રીતે રસ લેતો જોઈને તેનો ક્રોધ શાંત થઈ જાય. એટલું જ નહીં, એ મને જ્યાં મળતી ત્યાં હું તેને નમસ્કાર કરવાનું ભૂલતો નહીં. તેની સામે જોઈને સ્મિત પણ ફરકાવતો. એટલે કે મારા તરફથી સતત પ્રયાસો ચાલુ હતા. સારી વાત એ હતી કે મારા સતત પ્રયત્નો સફળ થતાં લાગ્યા. શક્રદેવના રાજ્યાભિષેક બાદ તેનો ક્રોધ થોડો નરમ પડ્યો હતો. મારા માટે આજ શુભ સંકેત હતો. મેં તેને સહજ કરવાના પ્રયત્નો વધારી દીધા. સાચું કહું તો મહારાણી પદ્માવતીનો પણ આ કાર્યમાં મને ખાસ્સો સહયોગ મળ્યો.

પરિણામે, હું તેને ઝડપથી બહેન બનાવવામાં સફળ થઈ ગયો. આ તરફ શૈવ્યાએ પણ ભાઈ ગુમાવીને, ભાઈ મળ્યાનો સંતોષ માન્યો. આ સાથે જ, મારા અહીંનાં કાર્યો પૂરાં થઈ ગયાં હતા. તેમજ મારા માથા પરથી એક ભાર હળવો થયો હતો.

હવે અહીંથી જવાનો સમય થઈ ગયો હતો. ક્યાં જવું એ બાબતે કોઈ મૂંઝવણ ન હતી. જે જરાસંધની બીકથી મથુરાનું રણમેદાન છોડી ભાગ્યો હતો, એ જરાસંધને ભગાડીને હવે હું 'રણ-વીર' બની ગયો હતો. ...એટલે કે જવાનું તો મથુરા જ હતું. આ સમયે સાચું કહું તો મથુરા જઈને મને મારું રણવીર સ્વરૂપ દેખાડવાના ઓરતા હતા. મનમાં તો એવું થતું હતું કે ઊડીને મથુરા પહોંચી જાઉં. જોકે મહારાણી મને જલ્દી જવા દેવા માગતા નહોતા. એટલું જ નહીં, શૈવ્યા પણ ઈચ્છતી હતી કે હું થોડાક વધુ દિવસ અહીં રહી જાઉં. બીજી કોઈ પરિસ્થિતિ હોત તો હું શૈવ્યાની વાત જરૂર માનત, પણ હું શું કરું? મેં કહ્યું ને... મારું મન મથુરા જવા માટે ભારે તલપાપડ થતું હતું. કદાચ મારો અહંકાર મથુરાવાસીઓ ઉપર પોતાના રણવીર હોવાનો સિક્કો જમાવવા ઉતાવળો થયો હતો. એટલે જવાનું નક્કી કરી લીધું અને સહુને સમજાવીને મનાવી પણ લીધા.

આ તરફ મહારાણી પદ્માવતી મારાથી એટલાં ખુશ હતા કે એમણે જતી વખતે મને ભેટસ્વરૂપે અઢળક હીરા-ઝવેરાત, વીસ રથ અને લગભગ ત્રીસેક સૈનિકો આપ્યા. હું તો એમનું આ પ્રેમ-પૂર્ણ નજરાણું પામીને ધન્ય થઈ ગયો હતો. આ બાજુ માત્ર રાજમહેલ જ નહીં, સમગ્ર કરવીરપુરે અમને ભાવભીની વિદાય આપી. કેટલાક લોકો તો અમારો જય જયકાર કરતાં કરવીરપુરની સીમા સુધી અમને મૂકવા આવ્યા. આટલું મોટું બહુમાન, અને એ પણ એક અજાણ્યા પ્રદેશમાં મેળવવું, ચોક્કસપણે કોઈને પણ માટે સન્માનની વાત હતી. અને જ્યાં સુધી મારો સવાલ છે, તો હું પોતાને આ સન્માનનો અધિકારી પણ માનતો જ હતો. આ સન્માન મારા મહાન કર્મને કારણે મળી રહ્યું હતું. અને બસ, આ રીતે સ્વયં સ્ફૂર્ત અહંકાર સાથે અમારી યાત્રા શરૂ થઈ ગઈ હતી. પચીસેક જેટલા રથો અને પચાસેક જેટલા સૈનિકો સાથે અમે કરવીરપુરની સીમા છોડી. સ્વાભાવિક રીતે હું, ભાઈ અને ઉદ્ધવ બધા અલગ અલગ રથો પર સવાર થઈ ગયા હતા. સહુએ પોતપોતાના રથની કમાન પણ સારથિઓના હાથમાં સોંપી દીધી હતી. તક મળી છે તો યાત્રા પણ ઠાઠથી જ કરવાની હતી.

...ચાલો, આ તો ઠીક, પણ મારા સ્વભાવનું પણ શું કહેવું? હજુ કરવીરપુરમાં મળેલા સન્માનનો નશો ઉતર્યો પણ નહોતો ને મથુરામાં મળનારા સંભવિત સન્માનનો નશો માથે ચઢવા લાગ્યો. આમ પણ પોતાના નગરમાં મળનારા સન્માનની વાત જ કંઈક ઓર હોય છે. અને વળી 'કૃષ્ણ' હવે કોઈ સાધારણ ગોવાળિયો તો રહ્યો નહોતો. પહેલા કંસ-વધ, પછી પંચજન-વધ, ત્યાર પછી જરાસંધને યુદ્ધ મેદાનમાંથી ભગાડ્યો અને હવે શૃંગલવ-વધનો નિમિત્ત બન્યો હતો. સાચે જ, વૃંદાવનનો સાધારણ કાનુડો હવે આર્યાવર્તનો 'પરમવીર-શ્રીકૃષ્ણ' બની ચૂક્યો હતો. એટલું જ કેમ...? હવે અમે વૃંદાવનના ગરીબ ગોવાળો નહીં, પણ મથુરાના ધનિક માણસો બની ગયા હતા. આમ તો ધન બાબત મને બહુ જ્ઞાન નથી, ...છતાં, જો મારો અંદાજો ખોટો ન હોય, તો કદાચ જ મથુરામાં એટલું ધન કોઈની પાસે હશે, કે જેટલું હાલ અમારી પાસે હતું. તમને યાદ હશે કે ચંડકએ ભેટમાં આપેલું અપાર ધન અમારી પાસે પહેલાથી જ હતું. ઉપરાંત ગોમંતની ટેકરીમાંથી ખૂબ હીરા-જવેરાત મળ્યા જ હતા, અને હવે મહારાણી પદ્માવતિએ ભેટસ્વરૂપે દીધેલો ખજાનો પણ અમારી પાસે હતો. એટલે હવે અમે ચોક્કસ મોટા ધનિક તો થઈ જ ચૂક્યા હતા. અને યાત્રા પણ ધનિકોની જેમ જ કરી રહ્યા હતા. અનેક રથોનો રસાલો અમારી સાથે ચાલી રહ્યો હતો. ચોક્કસપણે આવા વીર અને ધનિકોને મથુરા આજે ભગાડશે નહીં, પણ આશ્રય આપીને ગૌરવાન્વિત થશે. એમનું ભવ્ય સ્વાગત કરવા માટે વિવશ થશે. એવામાં હું અહંકારને વશમાં કેવી રીતે રાખું? ...અને રાખું પણ શું કામ? જ્યારે કામ જ એવા કર્યા છે તો તેના ગર્વનો અનુભવ કરવામાં ખોટું શું છે? આમ સરવાળે, આજે જીવનમાં પહેલી વાર મારો અહંકાર ભૂતકાળ અને ભવિષ્યકાળમાં વિભાજિત થઈ ગયો હતો. એક બાજુ કરવીરપુરમાં મળેલું બહુમાન આંખો સામે તરવરી રહ્યું હતું, તો બીજી તરફ મારો અહમ્ મથુરામાં થનારા સ્વાગતના સપનાંમાં પણ ખોવાયેલો હતો. સાચું કહું તો સન્માન મનુષ્યના અહંકારને કેટલો વધારી દે છે. ...આજે હું તેનો સાચો અનુભવ કરી રહ્યો હતો. આખરે આ અહંકાર છે શું? એક શબ્દમાં કહેવામાં આવે તો 'વર્તમાનથી દૂર થવું', ...બીજું શું! અને જુઓ, આ સમયે પણ મારું મન ભૂતકાળમાં મળેલાં સન્માન અને ભવિષ્યમાં અપેક્ષિત સ્વાગતની વચ્ચે જ તો ઝૂલી રહ્યું હતું. વર્તમાનમાં યાત્રા હતી. પણ તેની પર તેનું ધ્યાન જ ક્યાં હતું?

ખેર! ત્યારે જ વિચાર આવ્યો કે હવે જ્યારે વર્તમાનથી દૂર થવું જ છે, તો સુંદર યાદોમાં કેમ ન ખોવાઈ જવું? બસ, વૃંદાવનમય થઈ ગયો. પ્રેમ અને સન્માન તો મને ત્યાં પણ ક્યારેય ઓછાં નહોતા મળ્યાં. હવે ત્યાંની તો વાત જ શું કરવી? ત્યાંના પ્રેમની તો વાત જ નિરાળી હતી. જેટલા મારા જીવનમાં રંગો હતા, એમણે એટલાં જ મારા નામ રાખ્યાં હતા. મારા નામોની યાદી એમને લીધે જ તો બહુ લાંબી છે 'કાનો', 'કાનુડો', 'કનૈયો' અને 'કૃષ્ણ'ના નામથી તો મને બાળપણથી બોલાવવામાં આવતો હતો. રંગ શ્યામ હતો તો કેટલાક લોકો મને 'શ્યામ'ના નામે પણ બોલાવવા લાગ્યા. નંદનો પુત્ર હોવાથી 'નંદ-કિશોર' કહેવાયો. મટકીઓ ફોડી તો 'મટકી-ફોડ' અને માખણ ચોરતો હોવાથી 'માખણચોર' પણ કહેવાયો. એટલે કે જેટલા મારા જીવનના રંગો હતા, તેનાથી ઓછાં મારા નામ નહોતાં. કહેવાનો અર્થ એ કે પ્રેમ અને સન્માનની કમી તો મારા જીવનમાં બાળપણથી જ નથી રહી. નવાઈની વાત એ કે આટલું હોવા છતાં, મને ક્યારેય એટલું અભિમાન નહોતું ચઢ્યું, જેટલું આ સમયે ચઢી રહ્યું હતું. કદાચ એટલા માટે કે અનાયાસે એક પછી એક મળેલી સફળતાને હું પચાવી શક્તો નહોતો. પંચજન-શૃંગલવ જેવા

વીર રાજાઓનો વધ, જરાસંધને ભગાડવો તેમજ અઢળક ધન કમાવવું, એક સાધારણ ગોવાળ માટે આ બધું પચાવવું ...તો પચાવવું કેવી રીતે?

...પરંતુ આખરે ક્યાં સુધી? જે જાતે કર્મ કરીને હાંસિલ કર્યું હોય તેનું અભિમાન શું કરવું? તરત મેં પોતાની ચેતના જાગૃત કરી. અરે..., તું તો આ બધાનો નિમિત્ત-માત્ર છે, અને આ વાત તારાથી વધુ સારી રીતે કોણ જાણે છે? અને ભલા નિમિત્તને વળી ગર્વ કેવો? નિમિત્તને શું ભૂતકાળ અને શું ભવિષ્યકાળ? તેથી આ બે ખતરનાક ભાગોથી બચો, અને તરત વર્તમાનના ધરાતલ પર આવી જાવ. ...લો, આવી ગયો. પણ અહીં તો ખરું થયું. વર્તમાનમાં આવતાં જ, સહુથી પહેલા મેં મારા કાફલા પર નજર નાખી. પચીસેક રથ અને પચાસેક સેવક-સૈનિકોની સાથે આગળ વધતા અમારા કાફલાએ મને વર્તમાનમાં પણ અહંકારની અનુભૂતિ કરાવી. ક્યાં તો હમણાં મથુરાથી નિરાશ્રિતની જેમ ભાગ્યા હતા અને ક્યાં હવે યુવરાજોને શરમાવે એવા ભવ્ય કાફલા સાથે ફરી મથુરા જઈ રહ્યા હતા. જોકે વર્તમાનનો અહંકાર વધારે નક્કર નથી હોતો. એટલે મેં જલ્દીથી મારું ધ્યાન યાત્રા પર કેન્દ્રિત કર્યું. અને ધ્યાન યાત્રા પર કેન્દ્રિત થતાં જ, સહુ પ્રથમ તો મેં રથની કમાન મારા હાથોમાં લીધી અને ભાઈ તેમજ ઉદ્ધવને પણ મારી સાથે જ બેસાડી દીધા. હવે ઠાઠ બાઠ એની જગાએ છે પણ યાત્રાનો આનંદ તો મિત્રોની સાથે એક રથ પર સવાર થવામાં તેમજ કમાન પોતાના હાથમાં રાખવાથી જ મળે છે. હવે તો યાત્રાની વાત જ શું કરવી! જોતજોતામાં રસ્તામાં આવનારા નદી, પર્વત, જંગલ, સરોવર-બધું પહેલા કરતાં વધારે સુંદર લાગવા માંડ્યું. વાતચીત અને મજાક-મસ્તીનો એવો દોર શરૂ થયો કે રોકાયો જ નહીં. સાચે જ, વર્તમાનમાં જીવવાનો આનંદ જ કંઇ અનેરો હોય છે. સાચું તો એ છે કે વર્તમાનનું બીજું નામ જ આનંદ છે. આ અહંકારના ચક્કરમાં પડીને, નક્કામો હું ભૂતકાળ અને ભવિષ્યકાળના વિચારોમાં અટવાઈ રહ્યો હતો. કોઈ અર્થ વિના હું આ સૌંદર્યસભર યાત્રાના આનંદમાં ભંગ પાડી રહ્યો હતો.

...આટલી લાંબી અને સુંદર યાત્રા. સાથે પચીસેક રથ. પચાસેક સેવક તેમજ સૈનિકો. મિત્રોનો સથવારો. ન તો રાત્રે જાગવું પડતું હતું, ન તો ઘોડાને જાતે પાણી પિવડાવવું પડતું હતું. એટલું જ નહીં, ભોજનની વ્યવસ્થા પણ નહોતી કરવી પડતી. ખરેખર, આ જીવનની પહેલી એવી યાત્રા હતી જેમાં અમારો ઠાઠ રાજકુમારો જેવો હતો. આજે પહેલી વાર એવો અહેસાસ થતો હતો કે ઠાઠ-માઠ શું મજાની ચીજ છે. અમે તો ઠીક, પણ ઉદ્ધવ તો સમજી જ નહોતો શકતો કે અમારા આટલા રાજવી ઠાઠમાઠ કેવી રીતે થયા? એ બિચારો તો એમ સમજીને અમને શોધવા નીકળ્યો હતો કે અમને ભોજન-પાણી પણ મળતાં હશે કે નહીં, અને ક્યાં આ ઠાઠમાઠ. અરે... આજ તો કૃષ્ણની કર્મલીલા છે, જે પળવારમાં બધું જ બદલી નાખે છે. અત્યારે જ જુઓ, ક્યારેક અમે ત્રણેય એક રથ પર બેસી જતાં, અને ક્યારેક આરામ કરવાની ઈચ્છા થાય તો અમે પોતપોતાના રથમાં જઈ આડા પડતા. હાં, રાત્રે આરામ માટે જ્યાં પણ રોકાતા ત્યારે આનંદ-ઉલ્લાસમાં વાંસળીના સૂર ચોક્કસ રેલાવવામાં આવતા. અને એક વાર વાંસળી વાગતી ત્યારે વૃંદાવનની ખાસ યાદ પણ જરૂર આવી જતી. હવે આવી શાંતિ અને મસ્તી ભરેલી યાત્રા હોય, અને વૃંદાવનની યાદ ન આવે એ બને ખરું? ખૂબી તો એ હતી કે વાંસળીના સૂર રેલાતા જ વૃંદાવનની યાદ એટલી સઘન અને તાજી થઈ જતી કે જાણે એજ અમારો વર્તમાન હોય. શું મસ્ત અને અલ્લડ ત્યાંનું જીવન હતું. મન તો કરતું હતું... અત્યારે જ ઊડીને વૃંદાવન પહોંચી જાઉં.

...પરંતુ સવાલ એ હતો કે હું મનની વાત સાંભળું કે કુદરતની? કુદરતની જ...! મેં ક્યાં ક્યારેય પોતાની ઈચ્છાઓ કુદરતના માથે થોપી હતી... તે આજે થોપું. આમ પણ ક્યાં રહેવું એ તો કુદરતની સત્તા નક્કી કરી શકે છે, પણ હૃદયમાં કોને સ્થાન આપવું એ સત્તા તો આપણી પાસે જ હોય છે. અને તમે તો જાણો છો કે એનો ભરપૂર લાભ ઉઠાવતાં, મેં ક્યારેય વૃંદાવનની યાદોને મારા હૃદયથી અળગી કરી નથી. મારી સમજ પ્રમાણે, મેં ક્યારેય તેને ભૂતકાળ થવા નહોતી દીધી. ...અને મારા 'કર્મવીર-મન' માટે વૃંદાવન, મથુરા કે ગોમંત-ટેકરીમાં શું તફાવત? રાધા હોય કે માલિની, મેં તો જ્યારે જે સામે આવ્યું તે સ્વીકાર્યું. હું ક્યારેય પસંદ-નાપસંદના ચક્કરમાં નથી પડ્યો. મેં તો જ્યારે જે સામે આવ્યું તેનો સ્વીકાર કર્યો. ...અને તેનો ભરપૂર આનંદ લીધો. મેં ક્યારેય કુદરતને કોઈ ફરિયાદ નથી કરી કે મસ્તીખોર તેમજ રંગીન મિજાજવાળો, સંગીતશોખીન, નૃત્યના રસિક એવા કલાકારને તું કેમ વારંવાર હાથમાં હથિયાર પકડાવીને યુદ્ધમાં ધકેલી દે છે? કેમ આ કલાકારના દિલને સતત સંકટ અને સંઘર્ષમાં જીવવા વિવશ કરે છે? નહીં..! મેં જીવનને સંપૂર્ણ રીતે સ્વીકાર્યું છે. મેં ક્યારેય વાંસળી અને ચક્રમાં કોઈ ભેદ નથી કર્યો. મેં ક્યારેય કોઈ પસંદગી જ નથી કરી. કુદરતે વાંસળી વગાડવાનો મોકો આપ્યો તો ખુશ થઈને વાંસળી વગાડી અને કુદરતને ધન્યવાદ આપ્યા. કુદરતે ચક્ર ચલાવવા વિવશ કર્યો તો પોતાનું કર્તવ્ય સમજીને એટલા જ પ્રેમથી ચક્ર પણ ચલાવ્યું. સ્વભાવે સરળ હોવાં છતાં, કુદરતે વારંવાર એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું, જ્યાં મારે કપટી બનવું પડ્યું, તો કુદરતની મરજી જાણીને મેં સહજતાથી કપટ પણ કરી લીધું. ...કેમકે આટલા વિશાળ બ્રહ્માંડને ચલાવનાર કુદરત પર મને અતૂટ વિશ્વાસ હતો. આપણું જીવન અને આપણું હિત એ આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે. તેની દિવ્ય દ્રષ્ટિમાં વૃંદાવન પણ કુદરતની, મથુરા પણ તેની જ. રાધા પણ તેનું જ સર્જન છે અને કુબ્જા પણ. એવી જ રીતે સરળતા અને કપટીપણું, બંને તેણે જ ઉત્પન્ન કરેલા ભાવ છે. પછી પસંદગી કરનાર હું કોણ? પક્ષપાત કરવાવાળો હું કોણ? મરજી તેની, કાર્ય મારું. ન સારું, ન ખરાબ. આજ વાત તો મેં વારંવાર ગીતામાં અર્જુનને કહી હતી- "પાપ અને પુણ્યમાં સમભાવ રાખ. બંનેને જીવતા જીવત કાપી નાંખ અને તેની મરજી સ્વીકારી લે [65] ."

ખેર! જવા દો અર્જુનની વાત. હાલ તો અમારી યાત્રા ખૂબ જ મજાથી પસાર થઈ રહી હતી. જ્યારે અમે એક રથ પર સવાર થતાં, તો ગપ્પા મારવામાં વ્યસ્ત રહેતા. અને જ્યારે અલગ અલગ રથો પર સવાર થતાં તો મોકો મળતા જ, હું ચિંતન અને વિચારોમાં ગરકાવ થઈ જતો. ઠાઠ તો એવો થઈ ગયો હતો કે માત્ર ફળ માટે ઈશારો કરવાનો હતો અને સેવક ઢગલો કરી દેતાં. ક્યાંય આશ્રમ વગેરે ના મળે અને રાત જંગલમાં જ વીતાવવાની થાય તો અમારી પથારી પણ સારા એવાં પાંદડાંઓથી બિછાવીને સેવકો જ તૈયાર કરતાં હતા. હા, રસ્તામાં આવતા દરેક નવા બજારમાંથી ખરીદી અમે પોતે કરતાં હતા. ભલા વસ્ત્રો અને આભૂષણો તો એમની પસંદગીથી ના પહેરાય ને! સાચું કહું તો વસ્ત્રો અને આભૂષણોનો શોખીન હું તો દરેક બજારમાંથી બે-ચાર રંગબેરંગી પીતાંબર ખરીદી લેતો હતો. હવે શોખમાં શું કચાશ રાખવાની? અને જ્યારે હું શોખોમાં કચાસ નથી રાખી રહ્યો, તો મારા સપના શું કામ કંજુસી કરે? એક દિવસ આવી જ રીતે કંઈક ચિંતન કરતાં કરતાં હું બપોરે ભોજન લીધા પછી રથમાં જ સૂઈ ગયો. હજુ પૂરી આંખ પણ મીંચાઈ નહોતી ને આંખો સામે રુક્મિણી આવી ગઈ. રુક્મિણી શું આવી... આવતાં જ મારા સમગ્ર અસ્તિત્વ પર છવાઈ ગઈ. હવે તમારાથી શું છુપાવું, રુક્મિણીનાં સ્મરણ-માત્રથી મારા રૂવાડાં ઊભાં થઈ ગયાં. જોતજોતામાં દિલ અને દિમાગથી હું 'રુક્મિણીમય' થઈ ગયો. તો એમાં ખોટું શું? આજના સંજોગોમાં હું રુક્મિણીના સપનાં જોવાનો અધિકારી પણ બની ગયો હતો. હવે હું માત્ર જરાસંધને ભગાડનારો વીર યોદ્ધો ન હતો, બલ્કે ગભરુ પણ થઈ ગયો હતો. એટલું જ નહીં, વૃંદાવન, મથુરા જ નહીં પણ કરવીરપુર સહિત કેટલાય રાજ્યોની પ્રજા માટે હું તેમની આંખોનો તારો બની ગયો હતો. સાચું કહું તો પહેલી વાર રુક્મિણીનું સપનું હકીકતની ઘણું નજીક લાગી રહ્યું હતું.

ચાલો, આ ખુશીને કારણે થતો ભ્રમ ભલે હોય, તો પણ સારો જ હતો. કારણ કે આ વિચાર સાથે જ, હું ઉત્સાહથી છલોછલ થઈ ગયો હતો. અને હવે તો રાજકુમારો જેવા ઠાઠ સાથે અમારી યાત્રા સાનંદ આગળ ધપી રહી હતી. ત્યાં એક દિવસ, અમે જ્યાં રાત્રિરોકાણ કર્યું હતું ત્યાં એક વિસ્મયજનક પણ અતિ મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી. હું અને ભાઈ એમ જ કંઈક વાતો કરી રહ્યા હતા. વાતો શું, ગપ્પાં મારતાં હતા. ઉદ્ધવ સૂઈ ગયો હતો. અચાનક અમારા કાને સૈનિકોની ચહલપહલ સંભળાઈ. મહારાણી પદ્માવતી અને ફુઆજીએ આપેલા સૈનિકો એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. ...તેમાં એક સૈનિક બહુ દુ:ખી થતાં બોલ્યો- આપણે સૈનિકો તો છીએ પણ આપણો કોઈ સમૂહ નથી.

...બીજો બોલ્યો- સાચું કહો છો, ભાઈ! આપણું નસીબ જ કંઈક એવું છે.

...ત્રીજો બોલ્યો- બહુ શરમજનક સ્થિતિ છે આપણી. કોઈ આપણને પૂછે કે તમે કયા રાજ્યના સૈનિકો છો અને તમારા રાજાનું નામ શું છે, તો આપણે શું જવાબ આપવો?

...તેમની વાતો સાંભળીને હું અને ભાઈ સ્તબ્ધ થઈ ગયા. હું પૂરી રીતે સંકટમાં આવી ગયો હતો. સૈનિકોની વાત તો સાચી હતી. એટલે કે અમે હજુ જે મેળવ્યું હતું, તેનાથી ઘણું વધુ મેળવવાનું બાકી હતું. સફળતાનો કેફ તો પળવારમાં જ ઉતરી ગયો હતો. ...જોકે હું દરેક ઘટનાને કુદરતનો ઈશારો માની રહ્યો હતો. કેમકે અમારા જાગવાનો અને સૈનિકોની વાત કરવાનો સંયોગ આમ જ થોડો થયો હતો? ઘણા ચિંતન-મનન પછી, હું એ નિર્ણય પર પહોંચ્યો કે માનો કે ન માનો, કુદરતનો ઈશારો અમારું પોતાનું કોઈ રાજ્ય બનાવવા તરફ છે. તાત્કાલિક મેં મારો આ નિષ્કર્ષ ભાઈને જણાવ્યો. મેં કહ્યું- કદાચ કુદરતનો એ સંદેશ છે કે હવે આપણે પોતાનું એક રાજ્ય બનાવવું જોઈએ.

ભાઈ આ સાંભળીને તરત હસી પડ્યા. જ્યારે હસવું બંધ થયું, તો પૂરી ગંભીરતાથી બોલ્યા- કનૈયા! નવું રાજ્ય બનાવવું કોઈ મજાક નથી. રાજ્યનાં ત્રણ મુખ્ય અંગ હોય છે. પહેલું જમીન, બીજું પ્રજા તેમજ સૈનિક અને ત્રીજું ધન. અને જો રાજા બનવાનો આટલો બધો શોખ હતો તો મથુરાના સિંહાસનને કેમ ઠોકર મારી? ચાલો મથુરાને છોડો, પણ કરવીરપુરનું સિંહાસન પણ તને મળી રહ્યું હતું, તેનો કેમ સ્વીકાર ન કર્યો?

મેં કહ્યું- નહીં ભાઈ! અન્ય રાજ્ય પર કબજો જમાવવો કે કોઈનો અધિકાર છીનવીને રાજા બનવું આપણા સ્વભાવમાં નથી. અને જ્યાં સુધી મહેનતનો સવાલ છે, તો મારા અત્યાર સુધીના જીવનનો અનુભવ એમ કહે છે કે કંઈક મેળવવા માટે એટલી બધી મહેનત જરૂરી નથી, જેટલું તેનું કુદરત સાથે સમરસ બનીને વહેવાનું. કેમકે ઘટનાઓ પોતાની મેળે જ ઘટતી રહે છે, સવાલ એ છે કે તમે પોતાને એ ઘટનાઓ સાથે વહાવી શકો છો કે નહીં? ...વિચારો, ભાઈ! ક્યાં આપણે વૃંદાવનમાં અભણ અને મૂર્ખ જેવું જીવન જીવતા હતા, અને આજે આપણે ક્યાં પહોંચી ગયા છીએ! બતાવો એના માટે આપણે શું પ્રયત્નો કર્યા છે? કયા સંકલ્પો કર્યા, અને કઈ મહેનત કરી? કંસે નિમંત્રણ આપ્યું, આપણે મથુરા આવી પહોંચ્યા. કુદરતે પરિસ્થિતિ ઊભી કરી, આપણે કંસનો વધ કરવો પડ્યો. ગુરુદક્ષિણા આપવાની પેરવીમાં પંચજનનો વધ કર્યો. કંસ તેમજ પંચજનનો વધ શું કર્યો, આપણું કદ જ વધી ગયું. આપણે માત્ર ચંડકને રાજા નથી બનાવ્યો, બલ્કે કરવીરપુરમાં શક્રદેવનો રાજ્યાભિષેક પણ આપણા જ હાથે થયો. આજ બધી ઘટનાઓ ઘટતા, આપણે ઘણું બધું ધન પણ મેળવ્યું છે. સાથોસાથ આર્યાવતના સૌથી શક્તિશાળી રાજા જરાસંધને મારી ભગાડીને રાતોરાત આપણે આર્યાવતના સૌથી મોટા વીર બની ગયા. ...ધ્યાનથી જોવામાં આવે તો આ બધી પ્રગતિ એક પછી એક બનેલી ઘટનાઓનું પરિણામ છે. એ માટે આપણે શું કર્યું? આપણે તો બસ, માત્ર ઘટનાઓને સાથ આપ્યો છે. કહેવાનો અર્થ એ છે કે જો આગળ જતા ક્યારેય આપણું રાજ્ય બનવાનું હશે તો એજ પ્રમાણે ઘટનાઓ ઘટશે. આપણે તો

બસ, એ ઘટનાઓનું માત્ર નિમિત્ત બનતા રહેવાનું છે. ભાઈ! વળી તમે એ વાત કેમ ભૂલી જાઓ છો કે હવે તો મથુરા, વૈવસ્વતપુર તથા કરવીરપુર ત્રણ-ત્રણ રાજ્યોની પ્રજા આપણને પૂજે છે. આપણે જ તેમને કંસ, પંચજન અને શૃંગલવ જેવા દુષ્ટ રાજાઓના ત્રાસમાંથી મુક્તિ અપાવી છે. દિવસ-રાત મળનારી આ અસંખ્ય દુઆઓ પણ આપણો સાથ દેતી રહેશે. માત્ર સાથ જ નહીં આપે, પણ જોજો, એક દિવસ આજ બધી દુઆઓ આપણને આપણું રાજ્ય પ્રસ્થાપિત કરવા માટે વરદાનરૂપ સિદ્ધ થશે.

...હવે ભાઈ મારી વાત કઈ હદે સમજ્યાં એ ખબર નથી, પરંતુ તમે જો પ્રગતિ કરવા ઈચ્છતા હો, તો ઉપરની બધી બાબતો ધ્યાનથી સમજી લો, ન સમજાય, તો એ વાતને વારંવાર વાંચી લો; કોઈ ગેરસમજણ ન સંઘરતા; અને પછી ભવિષ્યમાં, જીવનમાં જે પણ બને, તે બનવા દેજો. જે થઈ રહ્યું છે તેને થવા દો, તેનો સાથ આપતા રહો. અને વિશ્ર્વાસ રાખજો કે તમારે જ્યાં પહોંચવું છે, ત્યાં એક દિવસ તમે પહોંચી જ જશો.

ખેર! હવે અમે મથુરાથી બહુ દૂર નહોતા. ઈચ્છત તો યાત્રા કરીને આજની મધરાત સુધીમાં મથુરા-પ્રવેશ કરી શકત. પણ આટલા મોટા કાફલા સાથે રાત્રિના સમયે થોડો પ્રવેશ કરી શકાય? દિવસે પ્રવેશ કરીને આખા મથુરા પર પોતાનો રોફ જમાવવાનો આ અવસર ક્યાંક ચૂકાઈ જાય તો? એટલે બીજા દિવસે સવારે પણ નહીં; બપોર થતાં થતાં અમે મથુરામાં પ્રવેશ્યા. રથ હું જ હાંકતો હતો અને ભાઈ બાજુમાં બેઠા હતા, ઉદ્ધવ પાછળ બિરાજમાન હતો. અને અમારી પાછળ પચીસેક રથોનો રસાલો આવી રહ્યો હતો. હું અને ભાઈ થોડા અક્કડ થઈને બેઠા હતા. આખરે વિજયી યોદ્ધાઓ પોતાની જ નગરીમાં રાજકુમારો જેવા રોફ સાથે પ્રવેશ કરી રહ્યા હતાને! આ તરફ મથુરામાં અમારા પ્રવેશતાવેંત જ અમારા આગમનની વાત આગની જેમ આખી મથુરામાં ફેલાઈ ગઈ. શરૂ શરૂમાં જે જોતું તે દંગ રહી જતું. પરંતુ ધીમેધીમે આશ્ર્ચર્ય સ્વાગતમાં પરિવર્તિત થઈ ગયું. જેમ જેમ અમારા આગમનની વાત ફેલાતી ગઈ, તેમ તેમ સ્વાગત માટે ભીડ ઉમટતી રહી. વાસ્તવમાં, જરાસંધને મારી ભગાડવાની વાત અહીં સુધી પહોંચી ગઈ હતી, અને ફળસ્વરૂપે અહીં દરેક બાળકના મોં પર અમારી વીરતાની જ વાતો હતી. એવામાં ભીડ તો જમા થવાની જ હતી. ઉપરથી સાથે આવી રહેલો મોટો રસાલો ભીડને ભેગી થવા કંઈક વધારે જ ઉશ્કેરી રહ્યો હતો. આ વિશાળ કાફલાને લઈને સમગ્ર મથુરામાં ઉમંગની એક લહેર ફરી વળી હતી. લગભગ બસો લોકો અત્યારે અમારા કાફલા સાથે જોડાઈ ગયા હતા. અને જેમ જેમ રસાલો આગળ વધતો હતો, તેમ તેમ ભીડ પણ વધતી જઈ રહી હતી. ધીમે ધીમે તો પરિસ્થિતિ એવી આવી ગઈ કે રસાલાનું આગળ વધવું જ દુષ્કર થઈ ગયું. તો મારે પણ ક્યાં જલ્દી હતી? હું તો સ્વાગતની આ ઘટમાળ ના રોકાય, એવું જ ઈચ્છતો હતો. ઘણા બેઆબરૂ થઈને અહીંથી ભાગ્યા હતા, આવામાં સન્માન જેટલું મળે, એટલું ઓછું જ લાગવું સ્વાભાવિક હતું. અને વધતી ભીડ દરેક રીતે અમારી આ જરૂરિયાત પૂરી કરવા માટે પર્યાપ્ત હતી. હવે તો ચારે બાજુ અમારો જયજયકાર થઈ રહ્યો હતો. લોકો હાર અને ફૂલતોરા ચઢાવી રહ્યા હતા. મહિલાઓ તિલક લગાવીને અમારું સ્વાગત કરી રહી હતી. શું કહું, મને પોતાની જ નગરીમાં મળતું આ સન્માન બહુ સારું લાગતું હતું. સાચું કહું તો મારા અહંકારને આજ પળની પ્રતીક્ષા હતી. આ સન્માન મેળવવા તો એ કેટલાય દિવસોથી અધીરો થઈ રહ્યો હતો. જોકે આ સન્માન મેળવવું તેનો અધિકાર પણ થતો હતો. આજે મેં મારા અહંકારને પૂરી છૂટ આપી હતી. એ જેટલો વિસ્તરવા ઈચ્છે તેટલો વિસ્તરવાની છૂટ હતી. આમ પણ મારા રાજમાં એ બિચારાને ક્યારેક જ તો મોકો મળે છે.

હશે! અત્યારે આ તરફ ભાઈની પ્રસન્નતા તો દેખાઈ જ દેતી હતી અને તે હજી વધુ નિરાળી હતી. એ તો આનંદથી ગદ્ગદિત થઈ ગયા હતા. સ્વાભાવિક રીતે જ તેઓ રણ છોડવાનો એટલા માટે જ વિરોધ કરી રહ્યા હતા કે તેનાથી લોકોમાં અમારી શું આબરૂ રહેશે? પણ આજે આટલું ભવ્ય સ્વાગત જોઈને તેઓ ધન્ય થઈ ગયા હતા. તેમનો અહંકાર આકાશને આંબી રહ્યો હતો. મારા દિલની વાત તો તમે જાણો જ છો કે તેને તો હંમેશાં ભાઈની અહંકાર-તૃપ્તિથી સૌથી વધુ ખુશી થતી હતી, એટલે મને તો એકસાથે બમણી ખુશીનો અનુભવ થઈ રહ્યો હતો. ચાલો આ તો મારી વાત થઈ પણ, એ તરફ અમારા બંનેથી વિપરીત, ઉદ્ધવની હાલત કંઈક વિચિત્ર થઈ ગઈ હતી. એ બિચારો તો જ્યારથી મળ્યો હતો, ત્યારથી જ અમારા ઠાઠમાઠ, સેવક-સૈનિકો તેમજ રથોનો કાફલો જોઈને આશ્ર્ચર્યમાં ગરકાવ થઈ ગયો હતો; અને હવે ઉપરથી થઈ રહેલા ભવ્ય સ્વાગતે તેને 'આશ્ર્ચર્ય'નું હરતુંફરતું યંત્ર બનાવી દીધો હતો. એથી પણ વિશેષ તો એ કે અમારું આવું સ્વાગત જોઈને અમારી સાથે આવેલા સૈનિકોનું દર્દ પણ દૂર થઈ ગયું હતું. ઊલટું આ બધું જોઈ, તેઓ ગૌરવાન્વિત થઈ રહ્યા હતા. એમને ખાતરી થઈ ગઈ હતી કે ભલે એમનો માલિક કોઈ રાજા નહોતો પણ તેનું માન-સન્માન કોઈ રાજાથી ઓછું પણ નહોતું. તેમની વાત ખોટી પણ નહોતી. ભલે મારી પાસે 'રાજ' કરવા માટે રાજ્ય નહોતું, પણ હું કેટલાય રાજ્યોની પ્રજાના દિલો પર 'રાજ' તો કરી જ રહ્યો હતો.

ખેર! આ તરફ ધીમેધીમે અમારું મથુરા-આગમન એક "વિજય-યાત્રા"નું સ્વરૂપ ધારણ કરી રહ્યું હતું. અમારા રથોની સાથે સાથે, અને રથોની આગળ-પાછળ હવે તો પાંચસો થી વધુ લોકોની ભીડ પગપાળા ચાલી રહી હતી. અને જેવી અમારી યાત્રા મારા માનિતા મુખ્ય બજારમાંથી પસાર થઈ, ફૂલો અને હારતોરાનો વરસાદ થવા લાગ્યો. પ્રજા પોતાના વીરોના દર્શનાર્થે, દુકાનના વરંડાઓ ઉપર ચઢી ગઈ હતી. ભીડ એટલી વધી ગઈ હતી કે હવે તો પગ મૂકવાની પણ જગા નહોતી. કાફલો જાણે થંભી ગયો હતો. સહુથી ખુશીની વાત તો એ હતી કે કુબ્જા પણ સ્વાગત માટે આવી પહોંચી હતી. હું તો તેને જોતા જ ઝૂમી ઊઠ્યો. તેણે પોતાના હાથથી તિલક કરીને હાર પહેરાવ્યો. હું પણ રથમાંથી ઉતરીને પોતે તેના વરંડા સુધી ગયો. એ જોઈ, તે અત્યંત ખુશ થઈ

ગઈ હતી અને પોતાને ગૌરવાન્વિત અનુભવી રહી હતી. કેમ ન કરે, તેનો મિત્ર વીરતાની પતાકા લહેરાવીને આવ્યો હતો. તેના આ મિત્રની સ્થિતિ કહું તો તે ગૌરવાન્વિત થઈને સર્વોચ્ચ શિખર પર બેઠો હતો. સાચે જ મથુરાનું આ સ્વાગત કાયમ માટે મારા હૃદયમાં સ્થાપિત થઈ ગયું હતું. જોકે આવું જ સ્વાગત કરવીરપુરમાં પણ થયું હતું, પણ એ સમયે અહંકાર આટલો પ્રબળ નહોતો. ...કદાચ અહંકાર પણ પોતાના લોકો વચ્ચે વધારે જોર પકડે છે.

ખેર! અંતમાં આ સ્વાગત-સત્કારથી પણ પરવાર્યા, પરંતુ આ ગતિવિધિમાં રાજમહેલ પહોંચતાં પહોંચતાં સાંજ પડી ગઈ હતી. સ્વાભાવિક રીતે અમારો રસાલો રાજમહેલ પહોંચે તેની રાહ નાનાજી કાગડોળે જોઈ રહ્યા હતા. તેમણે પણ રાજમહેલમાં પ્રવેશ વેળાએ અમારા માટે ભવ્ય સ્વાગતની તૈયારી કરી જ રાખી હતી. આ છેલ્લા સ્વાગત પછી જ અમે રાજમહેલમાં પ્રવેશ કર્યો. પ્રવેશતાંની સાથે, સૌથી પહેલા નાનાજીએ અમને અમારી વીરતા માટે અભિનંદન આપ્યા... પરંતુ થોડી જ વારમાં શું થયું કે વધામણી આપતા આપતા તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. આમ પણ તેઓ મને અનહદ પ્રેમ કરતાં હતા અને આવામાં હું જે સ્થિતિમાં મથુરા છોડીને ગયો હતો, ચોક્કસ એ સમયથી, આખું વર્ષ તેમના માટે કપરું રહ્યું હશે. આથી મારી વીરતા અને પ્રગતિ જોઈને તેમની આંખો તો ભીની થવાની જ હતી. જોકે મારી આંખો પણ નાનાજીને સળંગ એક વર્ષ પછી મળ્યા બાદ ભીની થઈ હતી. આમ પણ હું કેવી રીતે ભૂલી જાઉં કે મારી વીરતા અને પ્રગતિનું સંપૂર્ણ શ્રેય એમણે દરેક અવસરે વધારેલા પ્રોત્સાહન-પ્રેરણાને જ આભારી હતું. કહેવાની જરૂર નહોતી કે અમે બંને નાના-પૌત્રએ સાથે ભોજન કર્યું. ઘણી વાતચીત પણ કરી. મનમાં તો એવી ઈચ્છા થતી હતી કે આખી રાત નાનાજી સાથે વાતો કરું, પણ રથોમાં પડેલો ખજાનો તેની રજા આપતો નહોતો. બીજી તરફ થાકને કારણે મારી આંખો પણ ઘેરાવા લાગી હતી. આથી થોડી વાર અહીંતહીંની વાતો કરી, મારે તેમની પાસેથી આજ્ઞા લેવી જ પડી. હા, ભાઈ નાનાજીના આગ્રહને કારણે ત્યાંજ રાજમહેલમાં રોકાઈ ગયા હતા. કંઈ વાંધો નહીં, હું અને ઉદ્ધવ ઘરે પહોંચી ગયા.

...જોકે સ્વાગતની ઘટમાળ હજુ સુધી અટકી નહોતી. ઘરે પહોંચતાં જ, મા અને પિતાજીએ પણ પોતાના વીર પુત્રનું ભવ્ય સ્વાગત કર્યું. માતાના ગર્વનો તો પાર નહોતો. ચોક્કસપણે મારા જેવા 'પરાક્રમી-પુત્ર'ને પામીને કદાચ તે પોતાનાં સાતેય સંતાનોને ગુમાવ્યાનું દુઃખ ભૂલી ગઈ હતી. જોકે હાલમાં મારે પોતાની સાથે લાવેલા ખજાનાની પેટીઓને વ્યવસ્થિત રીતે મૂકવાનું અગત્યનું કામ કરવાનું હતું. આથી મેં અને ઉદ્ધવે મળીને સૌથી પહેલા એ ખજાનાની પેટીઓને અમારા ઓરડામાં સુરક્ષિત રીતે મૂકી દીધી. અને તરત જ સાથે આવેલા સૈનિકોમાંથી સહુથી કામગરા એવા ચારની પસંદગી કરીને તેમને તત્કાળ અસરથી ઘરની રખેવાળી સોંપી દીધી. બચેલા રથ અને સૈનિકો રાજમહેલ મોકલી દીધા. હજી હું આ બધા કામ આટોપીને નવરો થયો પણ નહોતો કે માએ ભોજન પીરસી દીધું. આ પણ જબરું થયું. હમણાં તો હું નાનાજી સાથે ભોજન કરીને જ આવ્યો હતો, પણ ન ખાઈને હું માતાનું દિલ દુભાવવા માગતો નહોતો. એક તો મારી પ્રતીક્ષામાં તેણે પણ હજુ સુધી ભોજન નહોતું કર્યું. બીજું, મારા જેવા ખાઉંધરાને બીજી વાર ભોજન કરવામાં શું અડચણ હતી? જોકે એક વાત કહું તો આટલી મોડી રાત્રે ભોજન કરવાનો મારો આ પહેલો અનુભવ હતો. આમ પણ તમે ગમે તેટલા બત્રીસ જાતના પકવાન જમો, પણ માતાના હાથે બનેલા અને પિરસાયેલા ભોજનનો આનંદ કંઈક જુદો જ હોય છે. વિચારો કે બે વાર ભોજન કરેલા અને થાકેલા કાનુડાનું શું થશે? થવાનું શું હતું? પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયો.

આ બાજુ સ્વાભાવિક રીતે જ બીજા દિવસે ઊઠતાં ઊઠતાં બપોર થઈ ગઈ. ઊંઘ પૂરી થવાથી મન પ્રફુલ્લિત થઈ ગયું હતું અને શરીર પણ હળવું થઈ ગયું હતું. બસ, ઝડપથી તૈયાર થઈને હું નાનાજીને મળવા રાજમહેલ પહોંચી ગયો. નાનાજી સાથે આમ પણ મારે વધારે બનતું હતું, અને વળી હું આજે જે જગા પર પહોંચ્યો હતો તે બધું એમને આભારી હતું. આથી તેમની સાથે શાંતિથી બે વાતો કરવાનું બહુ મન થતું હતું. પરંતુ ત્યાં પહોંચ્યો તો દંગ રહી ગયો. નાનાજી એટલે કે 'મહારાજ-ઉગ્રસેન'ના ચહેરા પર કાલે હતી એવી પ્રસન્નતા આજે નહોતી દેખાતી. ચિંતાની કરચલીઓ તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. ...કદાચ, બીજાં પણ દુઃખ હતા જમાનામાં 'જરાસંધ' સિવાય. ચાલો, એ દુઃખ કયા છે, તે પણ સમજી લઈએ. આથી, મારા પૂછવાથી તેમણે ચિંતાનાં સઘળાં કારણો ઘણાં વિસ્તારથી જણાવ્યાં. તેમના મતે મથુરાના બધાં વેપાર-ધંધા પૂર્ણપણે પડી ભાંગ્યા હતા. પરિણામે, મથુરાનો રાજકોષ ખાલીખમ થઈ ગયો હતો. હવે તો સ્થિતિ એવી બગડી ગઈ હતી કે છેલ્લા બે-ત્રણ મહિનાથી રાજ્યના કર્મચારીઓને પગાર પણ ચૂકવાયો નહોતો. ઉપરથી મોટા ભાગના સન્માનનીય-યાદવો અંદરોઅંદર ઝઘડતાં હતા. આટલું ઓછું હોય તેમ, સત્રાજિતે પણ પોતાનો કાયમી વસવાટ અહીં જ કર્યો હતો. અને કોણ જાણે કેમ, તે રોજેરોજ યાદવોને રાજમહેલ વિરુદ્ધ ભડકાવતો હતો. શરૂઆતમાં તો ઠીક, પણ હવે તો એ પોતાના આ બદ્ઈરાદાઓમાં સફળ પણ થતો જતો હતો. સાત્યકિ સહિત કેટલાય પ્રભાવશાળી યાદવોને તેણે ભડકાવીને રાજમહેલના વિરોધમાં ઊભા કરી દીધા હતા. અને કારણ કે એ પહેલેથી જ મારો કટ્ટર શત્રુ છે, આથી નાનાજીને બીક હતી કે મારા પાછા ફર્યા બાદ, એ રાજમહેલ માટે કોઈ ગંભીર સમસ્યા ઊભી ન કરે.

...જોકે સાચું કહું તો સમસ્યા નાનાજી કહેતા હતા એટલી જટિલ મને નહોતી લાગતી. ...અથવા તો મારા રાજકીય-અજ્ઞાનનું આ પરિણામ હોઈ શકે. તેમ છતાં મેં થોડુંક વિચારીને નાનાજીને પૂછ્યું- આ પરિસ્થિતિમાં તમે આ યાદવો પર, ખાસ

કરીને સત્રાજિત પર વળતો પ્રહાર કેમ નથી કરતાં? તેમની પાસે રાજ-કોષ માટે મદદ કેમ નથી માગતા? નાનાજી બહુ દુ:ખી થતાં બોલ્યા- શું કહું, કનૈયા? સત્રાજિત યાદવોનો સૌથી પ્રભાવશાળી નેતા છે. તેની પાસે એક 'સ્યમંતક મણિ' છે, જે રોજ કેટલાય તોલા સોનું આપે છે. એજ સોનાએ તેને એટલો ધનવાન બનાવ્યો છે કે તેણે સૌરાષ્ટ્રની પાસે પોતાનું એક નાનું રાજ્ય પણ બનાવ્યું છે. તેની પાસે માત્ર અઢળક ધન જ નહીં, પણ હજારો સૈનિકો પણ છે. બસ, તેના લીધે જ તેનો યાદવો પર ખાસ્સો પ્રભાવ છે. ખબર નહીં, પણ પોતાનું રાજ્ય હોવા છતાં, તે મથુરામાં શા માટે આટલો રસ લે છે? અને માત્ર મથુરા જ નહીં, કેટલાય રાજ્યોના યાદવો તેને પોતાનો રાજા માને છે. ચોક્કસપણે તેનું એકમાત્ર કારણ કદાચ તેનું આર્યાવર્તના સૌથી 'પ્રતિષ્ઠિત યાદવ' હોવું છે. આમ સરવાળે તેની નકારાત્મક દખલગીરી મથુરામાં ક્યારે પણ ગંભીર પરિણામો લાવી શકે છે. તું રાજ-કોષ માટે તેની મદદની વાત કરે છે, અને એ તો ઊલટું બધાને કરવેરો ન ભરવા માટે ભડકાવી રહ્યો છે. તે બધાને કહેતો ફરે છે કે રાજમહેલ ન તો આપણી સુરક્ષા કરી શકે તેમ છે અને ન તો આપણા વ્યવસાયનો યોગ્ય વિકાસ થઈ રહ્યો છે. વધુમાં, ન તો મથુરામાં કોઈ નવું નિર્માણકાર્ય પણ ચાલી રહ્યું છે અને અહીંના બધા બગીચા પણ ઉજ્જડ થઈ ગયા છે. આવી સ્થિતિમાં, રાજમહેલને કરવેરો શું કામ ચૂકવવો?

ખેર! અત્યારે તો હું નાનાજી સાથે હાએ હા કરીને તથા આશ્ર્વાસનના બે શબ્દ કહીને નીકળી ગયો. પરંતુ મારું ચિંતન પછીના ઘણા દિવસો સુધી આજ બધી વાતોમાં અટવાતું રહ્યું. સુખશાંતિથી રહેવાનું તો દૂર, હું તો અશાંતિના વમળમાં અટવાઈ રહ્યો હતો. ...કારણ કે નાનાજી દ્વારા કહેવાયેલી વિસ્તારપૂર્વકની વાતના મર્મને હું સારી રીતે સમજી ગયો હતો. સત્રાજિત ન માત્ર સૌથી શક્તિશાળી યાદવ છે, બલ્કે તેની પાસે ધનની પણ કોઈ કમી નથી. પણ તે કદાચ પોતાના નાના રાજ્યથી સંતુષ્ટ નહોતો, આથી મથુરા પર પ્રભાવ વધારીને તે ચોક્કસપણે પોતાની મહત્ત્વાકાંક્ષાઓને તૃપ્ત કરવા આ ફિસાદ પેદા કરતો હતો. સાથે જ, એમાં પણ કોઈ શંકા નહોતી કે તે મથુરા પર પોતાની સમાંતર સત્તા પ્રસ્થાપિત કરવામાં સફળ પણ થઈ ગયો હતો. બની શકે કે આમ કરીને તે પોતાના કોઈ માનિતા ઉત્તરાધિકારીને રાજમહેલનું સુકાન સોંપવા ઈચ્છતો હોય? એવામાં ચોક્કસપણે હું તેના બદ્દઈરાદામાં બાધાપ બની શકતો હતો. કેમકે હું માત્ર નાનાજીનો વફાદાર જ નથી, બલ્કે શક્તિશાળી પણ છું. તેનો અર્થ એ થયો કે એનો વિરોધ વ્યક્તિગત નથી પણ એક લાંબી રણનીતિનો ભાગ છે. સાચું કહું તો ઠેઠ હવે તેનું સતત મારા વિરોધમાં રહેવાનું મારી સમજમાં આવી રહ્યું હતું. ...અને એ દ્રષ્ટિએ ધ્યાનથી જોવામાં આવે, તો સત્રાજિતના ઈરાદા ખરેખર ખતરનાક હતા. તેનાથી માત્ર મથુરા પતનની ગર્તામાં ધકેલાય એટલું જ નહીં, પણ મારે ફરી એક વાર ઠેરઠેર ઠોકરો ખાવાનો વારો આવે તેમ હતું. ભલે સમસ્યાની ગતિ ધીમી હતી, પણ તેના ભવિષ્યનાં પરિણામો અત્યંત ગંભીર દેખાઈ રહ્યાં હતાં. કેમકે જો સાચે જ મથુરાની સત્તા નાનાજીના હાથમાંથી સરકી ગઈ, તો પછી જરાસંધના ત્રાસથી બચવું મુશ્કેલ થઈ જશે. લાંબો વિચાર કર્યા પછી આ સમસ્યાનો એક જ ઉપાય દેખાઈ રહ્યો હતો, અને એ હતો પોતાને સત્રાજિતની વિરુદ્ધમાં અડીખમ રાખીને યાદવો પર પોતાનું પ્રભુત્વ જમાવવું.

...ચાલો, એક વારને માટે આ તો સમય આવશે ત્યારે જોઈ લેવાશે, પણ રાજમહેલની આજની સમસ્યાનું શું? રાજકોષની કથળતી સ્થિતિનું શું? આમ તો ખજાનો મારી પાસે હતો. રાજમહેલની મદદ હું પણ કરી શકતો હતો. પણ આવું કરવાથી તો હું પોતે કમજોર થઈ જઈશ. તેનાથી મારી લાંબા ગાળાની યોજના એટલે કે સત્રાજિતથી વધુ શક્તિશાળી બનવું, એ અધ્ધરતાલ થઈ જાય તેમ હતું. જ્યારે મારું પ્રથમ ધ્યેય યાદવો પર પોતાનો પ્રભાવ પાડીને સત્રાજિતના બદ્દઈરાદાઓને ખતમ કરવાનું હતું. હવે તમે જ જુઓ, હું ઈચ્છું કે ન ઈચ્છું પણ કુદરત મને એક સંઘર્ષમાંથી નીકળ્યા પછી તરત બીજા સંઘર્ષમાં ધકેલવાની તૈયારી કરી રાખે છે કે નહીં? અત્યારે મથુરામાં આવ્યાને એક જ દિવસ થયો છે, વિચાર્યું હતું કે હવે ન તો જરાસંધ નામની બલાનો કોઈ ડર છે અને ન તો માન-સન્માન કે ધનની કોઈ કમી છે. આવા સમયમાં મથુરામાં દિવસો કેવા આનંદથી પસાર થશે! શાંતિથી વૃંદાવન પણ જઈશ, માત્ર જઈશ નહીં, બધાને મારી સાથે મથુરામાં ફરવા માટે લેતો આવીશ. ...પરંતુ હું ભૂલી જ ગયો હતો કે કુદરત મને શાંતિથી જીવવા દેવા માગતી જ નથી. છોડો એ બધું, કુદરતનું કુદરત જાણે. મારા માટે તો આજની વાતચીતમાં પણ એક સારા સમાચાર હતા જ. આજે એક નવી વાત જાણવા મળી કે પાસે ધન હોય તો સત્રાજિતની જેમ રાજા બની શકાય છે. એટલે કે રાજા બનવા માટે રાજપરિવારમાં પેદા થવું જરૂરી નથી. જો આવું હોય, તો મારી વ્હાલી રુક્મિણી જીવનમાં આવી જ સમજો. હવે તમે જ કહો કે મારા માટે આનાથી વધારે શુભ-સમાચાર બીજા કયા હોઈ શકે?

બસ, મારું ચિંતન રાજ્યના વિચારોમાં ખોવાઈ ગયું. ...અને ખોવાતા ખોવાતા જ ચિંતા થઈ. ભલે અમે હવે ખાસ્સા એવા ધનવાન થઈ ચૂક્યા હતા, પણ કદાચ એક સારા રાજ્યની સ્થાપના માટે જોઈએ તેટલું ધન હજી અમારી પાસે નહોતું. ...તો પછી આ ધન આવશે કેવી રીતે? અમારી પાસે ન તો કોઈ કાયમી વ્યવસાય છે, ન તો સ્યમંતક મણિ જેવી કોઈ ચીજ, જેનાથી દિવસ-રાત ધન મેળવી શકાય. અમારી પાસે જે કંઇ પણ હતું એ તો બસ, મારા પરાક્રમોને લીધે મળ્યું હતું. એટલે કે હજુ પણ સપનાં જોવા એક બાબત હતી અને સપનાંઓને હકીકતમાં પરિવર્તિત કરવા, એ દૂરની વાત હતી. આથી, મેં પણ સમજદારીથી તરત આ વિચારો થકી નિર્ણય કરી લીધો. રાજ્યની સ્થાપના તેમજ ધન કમાવવું ભવિષ્યની બાબત હતી. ...અને ભવિષ્ય ક્યાં કોઈના હાથમાં હોય છે? અત્યારે તો સામે સત્રાજિત દ્વારા ઊભો કરાયેલો સંઘર્ષ છે, તેથી પહેલા તેના પર ધ્યાન આપવામાં

આવે. આમ પણ "ભવિષ્ય" વિચારવા, સમજવા કે સપનાં જોવાથી નહીં, એ નીકળવાનું તો વર્તમાનમાંથી જ છે. અને વર્તમાન સ્પષ્ટ હતો, જો સત્રાજિત પોતાના બદ્ઈરાદામાં સફળ થઈ ગયો તો પોતાનું રાજ્ય તો છોડો, પણ બીજાના રાજ્યમાં પણ આશ્રય લેવાને લાયક નહીં રહીએ. બસ, કનૈયા મહારાજ સપનાં જોવાનું છોડીને, પૂરી તાકાતથી કર્મ કરવામાં લાગી ગયા. બિચારા કરે પણ શું, તેનાં સપનાં જ નહીં, પણ હવે તો જીવનનો આધાર પણ આ સંઘર્ષના પરિણામ પર નિર્ભર થઈ ગયો હતો.

જોકે આ વખતનો સંઘર્ષ પહેલાના તમામ સંઘર્ષો કરતાં સાવ જુદો હતો. આ વખતે મારે સત્રાજિત સાથે ન તો યુદ્ધ કરવાનું હતું, ન તો તેને મારવાનો હતો. મારે તો બસ, તેના કરતાં યાદવોમાં મારું પ્રભુત્વ વધારવું હતું. હવે જ્યાં સુધી પ્રભાવનો સવાલ હતો, એ તો સ્પષ્ટ હતું કે અમે જે સ્થિતિમાં મથુરા છોડીને ગયા હતા, અને જે પરાક્રમો કરીને પાછા આવ્યા હતા, ચોક્કસપણે તેને લીધે અમારા પ્રભાવમાં અનેકગણો વધારો તો આમેય થઈ ગયો હતો. જરાસંઘને યુદ્ધમેદાનમાંથી ભગાડીને વીરતાનો સિક્કો તો પહેલા જ જમાવી દીધો હતો; અને બાકી બચેલી કસર ધનવાન થઈને આવ્યા હોવાની જાહેરાત કરીને પૂરી કરી શકાય તેમ છે. યાદવો જ કેમ, સમગ્ર દુનિયા ધન અને શક્તિની સામે ઝૂકી જ જાય છે. આમ પણ શક્તિની બાબતમાં સત્રાજિત અમારો કોઈપણ રીતે મુકાબલો કરી શકે નહીં, રહ્યો સવાલ ધનનો, તો અમે પણ ખાસ્સા એવા ધનવાન બની જ ગયા હતા. લો, આમ સરવાળે વાત ફરી ફરીને ત્યાંની ત્યાંજ આવી ગઈ. અર્થાત્ જે મથુરાના હિતમાં હતું, એજ મારા હિતમાં હતું. જેવી રીતે, મથુરાનું સત્તા-સુકાન નાનાજીના હાથમાં રહે એ મારા અને મથુરા, બંનેના હિતમાં હતું, તેવી જ રીતે મારું ધનવાન અને શક્તિશાળી બનવું પણ બંનેના હિતમાં હતું. ...કહેવાય છે કે સર્વહિતમાં આપણું હિત સમાયેલું જ હોય છે. આમ પણ બંને જુદા જુદા કેવી રીતે હોઈ શકે છે? છેવટે 'સર્વ'માં 'સ્વ' પણ સમાયેલો હોય જ છે. મારું જ દ્રષ્ટાંત લો. મેં હંમેશાં 'સ્વાર્થ'થી ઉપર ઉઠીને 'સર્વહિત'નો જ વિચાર કર્યો છે. પછી ભલે તે કાલીયા-વધ હોય કે કેશી-વધ, ઈન્દ્રપૂજા રોકવાની હોય કે ગોવર્ધન-પૂજા કરવાની હોય, આ બધું આખા વૃંદાવનના હિતમાં હતું. મારો આમાં કોઈ જ લેશ-માત્ર વ્યક્તિગત સ્વાર્થ નહોતો. અને જુઓ..., તેનાથી વૃંદાવનનું હિત તો થયું જ છે, સાથે જ આ બધાએ ન માત્ર મારી વીરતાનો પાયો નાખ્યો હતો, પણ પછી તો સમગ્ર આર્યાવર્તમાં મારી વીરતાનો ડંકો વગાડ્યો હતો. એવી જ રીતે પંચજન-વધ હોય કે શૃંગલવ-વધ, ભલા એમાં મારો શો સ્વાર્થ? ઊલટી મેં તો મારા જીવ સટોસટની બાજી લગાવી હતી, પણ તેનું અંતિમ પરિણામ એ આવ્યું કે આ બંને વધના પરિણામે, અમારા ધનવાન હોવાનો પાયો નાખી દીધો. કહેવાનો અર્થ એ છે કે જો હું પણ અન્યની જેમ, પોતાનું જ વિચારતો હોત તો કદાચ હજુ આજે પણ વૃંદાવનમાં ગોવાળો સાથે સંતાકૂકડી કે પકડદાવ રમતો હોત. ...તો પછી તમે પણ સ્વાર્થથી ઉપર ઊઠીને વિચારવાની શરૂઆત કેમ નથી કરતાં?

ખેર! તમારી તમે જાણો, હાલ તો હું મારી વાર્તા આગળ વધારું. આમ તો ધનવાન બનવાની ઈચ્છા હું વર્ષોથી સેવતો આવતો હતો. ઉપરથી મારા પ્રેમને અર્થાત્ રુક્મિણીને પામવા માટેની પરમ આવશ્યકતા પણ હતી. અને સારી વાત એ કે હવે તો કુદરતની મરજી હોવાના સ્પષ્ટ સંકેત પણ મળી રહ્યા હતા. કેમકે કાલ સુધી જે મારા કે મારા પ્રેમના હિતમાં હતું, તે જ આજે મથુરાના હિતમાં પણ છે. અને...'જ્યાં સ્વાર્થ અને પરમાર્થ એક જ બિંદુ પર આવી જાય છે, ત્યાંજ તો કુદરતની મરજી હોય છે.' હવે ભલા સ્વાર્થ અને પરમાર્થ એક બિંદુ પર મળી જ ગયા છે, તો મોડું શું કામ કરવું? તાત્કાલિક મારા ચિંતને સત્રાજિત સામે એક અઘોષિત સંઘર્ષ ચાલુ કરી દીધો. અને એની સાથે જ પહેલો વિચાર એ આવ્યો કે જો હું સત્રાજિતની આંખોનો કણો બની ગયો છું તો ચોક્કસપણે એ મારા જરાસંઘને મારી ભગાડવાના કે મારા શૃંગલવ-વધના પરાક્રમથી ખુશ તો નહીં જ થયો હોય. તો પછી શા માટે આ વિષયમાં સત્રાજિતની પ્રતિક્રિયા જાણવાને બહાને તેને છંછેડીને ઔપચારિક યુદ્ધની શરૂઆત જ ન કરી દઉં? આમ પણ શત્રુને પરાસ્ત કરવા માટે તેને જાણવો અને તેની નજીક જવું જરૂરી હોય છે, ખાસ કરીને મારા જેવા માટે, જે કૂટનીતિથી યુદ્ધ લડતા હોય.

...બસ, આજ વિચારો થકી મને એક દિવસ સત્રાજિતને ત્યાં જવાની ચાનક ચઢી ને હું એકલો જ રથ લઈને તેના ભવન પર પહોંચી ગયો. આમ પણ સામાન્ય પરિસ્થિતિમાં ધરતીના બે છેડા સરળતાથી મળતા નથી, કોઈ એકએ તો પહેલ કરવી જ પડે છે; આથી વિચાર્યું કે જાતે જઈને સીધો પ્રયત્ન કરી લઉં. તેનું ભવન શું હતું, એક ભવ્ય રાજમહેલ જ હતો. હું તો જોતો જ રહી ગયો. ...પણ ઘટમાળ અહીં જ અટકી નહીં. પ્રવેશ સાથે જ, એક મીઠા આશ્ચર્યમાં ડૂબી ગયો. ભવનનું પ્રવેશદ્વાર એક બાર-તેર વર્ષની સુંદર બાળકીએ ખોલ્યું. શત્રુના ઘરે આવા ખૂબસૂરત સ્વાગતની કોઈ અપેક્ષા નહોતી. હકીકતમાં તે સત્રાજિતની પુત્રી 'સત્યભામા' હતી. આટલી સુંદર, સૌમ્ય અને શાંત, તેમ છતાં ચંચળ... હવે તમારી સામે શું જૂઠ્ઠું બોલું, હું મારા સ્વભાવ પ્રમાણે તેનાથી પ્રભાવિત થયા વગર ન રહી શક્યો. જોકે વાત આટલેથી જ અટકી નહીં, તેને પ્રભાવિત કરવાના ઉદ્દેશ્યથી પોતાના જાદૂઈ સ્મિત સાથે જ તેને મારો પરિચય આપ્યો. આશ્ચર્ય એ કે હું હજી પણ દ્વારની બહાર ઊભો હતો અને તે અંદર. તેનાથી પણ મોટું આશ્ચર્ય એ કે આ તરફ મારો પરિચય મળતાં જ તેના ચહેરા પર આશ્ચર્યના કેટલાય ભાવ ઊપસી આવ્યા અને ગયા. હું પોતે આશ્ચર્યચકિત રહી ગયો. તેનો અર્થ તો એ થયો કે એ મારા નામથી પરિચિત છે. પછી તો તેના તરફથી પણ વાત અહીં જ ન અટકી, તરત જ એ અતિ ઉત્સાહિત મુદ્રામાં મને પોતાની સાથે જ સીધી ભવનના સભાખંડમાં લઈ ગઈ. તે આગળ આગળ અને હું તેની પાછળ પાછળ જઈ રહ્યો હતો. ભવન બહારથી જ નહીં, અંદરથી પણ કોઈ રાજમહેલથી ઓછું નહોતું દેખાતું.

અંદરની દરેક ચીજવસ્તુઓ પોતાની ભવ્યતાની વાર્તા પોતે જ કહી રહી હતી. આ ભવ્ય ભવનને પહેલી નજરે જ મને એ અનુભવ કરાવી દીધો કે હું મનમાં ગમે તેટલો હરખાઉં, પણ હજુએ મારી અને સત્રાજિત વચ્ચે ખાસ્સું અંતર છે. મજાની વાત તો એ હતી કે હું જેટલો ભવનને જોઈને દંગ થઈ રહ્યો હતો, એટલી જ નવાઈ સત્યભામાને મને જોઈને થતી હતી. જોકે તેમ છતાં તેણે પોતાની સ્થિરતાની સાબિતી આપતાં મને બેસવા માટે કહ્યું, અને એ પોતે મારા માટે ગુલાબના શરબતનો એક પ્યાલો લઈને તરત આવી. મેં બહુ પ્રેમથી શરબત લીધું. શરબત આપતાવેંત એ પણ મારી બરાબર સામેની બેઠક ઉપર પગ પર પગ ચડાવીને બેસી ગઈ. આ તરફ, ટેવવશ હું શરબત પીતાં પીતાં પણ ત્રાંસી નજરે તેને જ નિહાળી રહ્યો હતો. એ પણ ઓછી નહોતી; ધારી ધારીને મને જ જોઈ રહી હતી. ઘણા સમય સુધી આ કાર્યક્રમ ચાલતો રહ્યો. ...આખરે સત્યભામાએ જ મૌન તોડ્યું. તે ઘણી સૌમ્યતાથી બોલી- મેં તમારાં પરાક્રમો વિશે ઘણું સાંભળ્યું છે. હું વિચારતી હતી કે તમે કોઈ આધેડ ઉંમરના વ્યક્તિ હશો. પરંતુ મને એ આશ્ચર્ય થાય છે કે આટલી નાની ઉંમરમાં તમે આટલાં પરાક્રમ કેવી રીતે કરી દેખાડ્યાં? સાચું કહું તો હું તમારાથી અત્યંત પ્રભાવિત થઈ રહી છું.

...હવે તેને શું કહું! હું પણ તેનાથી કંઈ ઓછો પ્રભાવિત નહોતો થઈ રહ્યો. તેની વાતોમાં સૌમ્યતાની સાથે સાથે ભરપૂર આત્મવિશ્વાસ પણ હતો. અને સૌથી મોટી કમાલ એ હતી કે એ ઉંમરમાં મારાથી લગભગ દસ વર્ષ નાની હતી. સાચું કહું તો જ્યારે પહેલી વાર મેં રાધાને જોઈ હતી અને ત્યારે મારી જે સ્થિતિ થઈ હતી... બસ, લગભગ એવી જ સ્થિતિ મને જોઈને સત્યભામાની થઈ હતી. ફરક માત્ર એટલો હતો કે રાધા મારાથી ઘણી મોટી હતી, જ્યારે હું સત્યભામાથી ઘણો મોટો છું. પાત્રો બદલાઈ ગયાં હતા, વાત તો એજ હતી; આજના આ ખેલમાં, સત્યભામા કૃષ્ણ હતી અને હું તેની રાધા બની બેઠો હતો. ખેર; થોડી વાર અહીં-તહીંની વાતો કરીને તેણે જ મારું અહીં આવવાનું કારણ પૂછ્યું. આ જુઓ, હું તો સત્યભામાની રૂપજાળમાં ફસાઈને મારા આવવાનું કારણ સુદ્ધાં ભૂલી ગયો હતો. સત્રાજિતને છોડીને સત્યભામામાં પરોવાઈ ગયો હતો. ...અરે, મારા કૃષ્ણ! ક્યારેક તો સુધરો. ક્યારેક તો ગંભીર થાવ. પણ કેમ? તમે જ વિચારો, શું માનવજીવનમાં ગંભીરતાથી મોટો કોઈ અભિશાપ હોઈ શકે છે? શું મનુષ્ય માટે આનંદથી મોટું કોઈ વરદાન હોય શકે છે? ...વાસ્તવમાં, આપણું હૃદય તો એ ભવ્ય બગીચો છે, જેને જ્યારે જ્યારે સમય મળે ત્યારે જુદાં જુદાં ફૂલોથી શણગારતા જ રહેવું જોઈએ. સાચું તો એ છે કે શુષ્ક જીવન જીવવું એ માનવજીવનનું સૌથી મોટું અપમાન છે. મને જ જોઈ લો! હું જીવનમાં મળનારા નાનામાં નાના આનંદની ક્ષણોને કેટલી હદે માણ્યા કરતો હતો. આમ પણ જીવનમાં મળનારા આનંદ અને ઉત્સવના અવસરોને માણવામાં મારા જેવો નિપુણ કોઈ હોઈ પણ ન શકે. આમ તો જીવન કોઈપણ હોય, આનંદનો અવસર આવે કે તરત તેને જરૂર માણી જ લેવો જોઈએ. ખાસ કરીને મારા જેવાના જીવન માટે, જેમાં સંઘર્ષની લાંબી ઘટમાળ હોય, જેમાં આનંદ તેમજ શાંતિની ક્ષણો મળવી ખૂબ જ મુશ્કેલ હોય છે. આવામાં તેને પણ ગુમાવી દઉં, તો આ જીવનમાં... જીવન જેવું બચશે જ શું?

ખેર! વાત સત્યભામા દ્વારા આવવાનું કારણ પૂછવા પર અટકી હતી. આથી વિચારોની ઘટમાળ અટકતા જ મેં મારું અહીં આવવાનું કારણ જણાવતા કહ્યું- હું તમારા પિતાજી સત્રાજિતને મળવા માટે આવ્યો છું.

એ તો આ સમયે ઘરમાં નથી- એ બોલી.

મેં કહ્યું- કંઈ વાંધો નહીં, પછી ક્યારેક આવીશ. આમ પણ કોઈ ખાસ કામ નહોતું. બસ, એમ જ શિષ્ટાચારવશ તેમને મળવા માટે આવ્યો હતો.

...વાતચીતનો દોર તો કેટલીક ક્ષણો માટે અહીં જ થંભી ગયો, પણ સત્યભામાના હાવભાવથી સ્પષ્ટ થતું હતું કે હું જેમ રાધાને જોતા જ ચકિત થઈ ગયો હતો, એમ જ એ પણ મને જોઈને ચકિત થઈ ગઈ હતી. તેમ છતાં બંને વાતોમાં એક તફાવત હતો. રાધાને જોઈને હું પોતે સ્વયં પર નિયંત્રણ ખોઈ બેઠો હતો, જ્યારે સત્યભામા ઘણી જ સ્વસ્થ દેખાઈ રહી હતી. કદાચ આ એક ગોવાળ અને જાગીરદાર વચ્ચેનો તફાવત હતો. ત્યારે જ તો હું જેવો ઊઠ્યો ત્યારે તે ખૂબ શાંત ભાવથી બોલી શકી- કંઈ વાંધો નહીં, ફરી ક્યારેક આવજો...

એનાં કહેવાના લહેકાએ એક ક્ષણ માટે તો મારા પગ થંભાવી જ દીધા. હું મારી જાતને પાછું વળીને તેને જોવાથી રોકી ના શક્યો; પરંતુ પછી હસીને નીકળી જ ગયો. હવે ખબર નહીં મારી આ ભાવમુદ્રાએ તેને એવી તો મંત્રમુગ્ધ કરી કે એ મને ન કેવળ દરવાજા સુધી છોડવા આવી, બલ્કે મારો રથ જ્યાં સુધી દેખાતો બંધ ન થયો, ત્યાં સુધી એ મને જોતી પણ રહી. તેની સાથે મારી આ પહેલી તેમજ ટૂંકી મુલાકાત હતી, જોકે સાચું કહું તો આ ટૂંકી મુલાકાત હોવા છતાં, એક યાદગાર પ્રસંગ બની ગયો હતો. બની ગયો હશે, હાલ તો ફરી સત્રાજિત પર પાછો ફરું અને આ સંદર્ભમાં જ એ મુલાકાતની વાત કરું તો તેણે મારી સામે મોરચો માંડી જ દીધો હતો, અને આ બાજુ મેં આ યાદગાર મુલાકાત દ્વારા તેના ઘરે જઈને પોતાના તરફથી પણ તૈયારી દર્શાવી દીધી હતી. હવે મને તેની પ્રતિક્રિયાની પ્રતીક્ષા હતી.

પરંતુ સત્રાજિત ઘણોજ પરિપક્વ નીકળ્યો. અઠવાડિયું વીતી ગયું પણ તેણે એક પણ વાર સામેથી એ જાણવાની ચેષ્ટા ના કરી કે હું તેને ત્યાં શા માટે ગયો હતો. પણ હા, ત્યાર બાદ તેણે મારા પર અને રાજમહેલ પર પ્રહારો વધારી દીધા હતા. આ જોઈને, આ બાજુથી હું પણ રાજમહેલ તરફથી મોકો મળતા જ, તેના વિરુદ્ધ કોઈને કોઈ હરકત કરી દેતો હતો. અને સાચું કહું

તો એકંદરે સત્રાજિત અને મારી વચ્ચે શરૂ થયેલા આ અઘોષિત સંઘર્ષે સત્વરે એક મહિનામાં, આખી મથુરાનું વાતાવરણ તંગ કરી નાખ્યું હતું. ભલે મોટા ભાગના સમૃદ્ધ-યાદવો તેમજ યાદવપ્રમુખ સત્રાજિત સાથે હતા, પણ પ્રજાની આંખોનો તારો તો હું જ હતો. પરિણામસ્વરૂપ, આ ખેંચતાણમાં મજા પડવાની પણ પૂરેપૂરી આશા હતી.

એ તો ઠીક, પણ આ બધું ચાલતા મારો નિત્યક્રમ પણ ઘણો અટપટો થઈ ગયો હતો. હા, સવારે નિયમિતરૂપે ફરવા જરૂર જઈ રહ્યો હતો. બાકી હું દિવસમાં એક વાર નાનાજી પાસે તેમનું દુ:ખ હળવું કરવા પણ અવશ્ય પહોંચી જ જતો હતો. અન્યથા એકલો ભટકતો રહેતો હતો. આ બાજુ ઉદ્ધવ બિચારો ક્યારેક ભાઈ સાથે ફરતો તો ક્યારેક મારી સાથે. બીજી બાજુ ભાઈને તો મથુરામાં શું ચાલી રહ્યું છે, તેની સાથે કોઈ લેવાદેવા જ નહોતી. જોકે તેનાથી વિપરીત, ઉદ્ધવ જરૂર ક્યારેક મારી અને નાનાજીની ચર્ચાઓ સાંભળીને વાત સમજવાની કોશિશ કર્યા કરતો હતો. હવે તો હું પણ આ વિષયમાં તેની સમજદારી જોઈને, ક્યારેક ક્યારેક તેની સાથે આ વિષયની ચર્ચા કરી લેતો હતો. અને હા, જ્યારે પણ મોકો મળે, કુબ્જાને ત્યાં શાંતિની બે ઘડી વીતાવવા જરૂર જતો હતો. ...જોકે આ તમામ ગતિવિધિઓ દરમિયાન પણ મારું ચિંતન તો સત્રાજિતમાં જ અટવાયેલું રહેતું. અને સત્રાજિત વિશે ઘણાં વિચાર કર્યા પછી એક સીધી વાત સમજાઈ રહી હતી, તે એ હતી કે તેનું જે કંઇ પણ વર્ચસ્વ હતું તે માત્રને માત્ર સ્યમંતક મણિને કારણે જ હતું. ...જ્યારે હકીકતમાં જોઈએ તો તેમાં તેનો પોતાનો કોઈ ફાળો નહોતો. તે કંઇ તેણે કમાયેલી ચીજ થોડી જ હતી? એ તો તેને અનાયાસે મળી હતી. તે કંઇ તેના પોતાના કર્મનું ફળ તો હતું નહીં કે તેને માથે ચઢાવવો જોઈએ. બસ, આ વિચાર આવતાં જ સ્યમંતક મણિના અધિકારને લઈને મારા મનમાં હજારો સવાલો ઊઠવા લાગ્યા. સો વાતની એક વાત એ કે આ વિચાર આવ્યા બાદ, સ્યમંતક મણિ પર તેનો એકલાનો અધિકાર હોવાની વાત મને પચતી નહોતી. કેમકે જેવી રીતે સૂર્ય, ચંદ્ર, હવા, નદી કે પર્વત પર કોઈ એકનો અધિકાર હોતો નથી, તેવી જ રીતે જોવા જઈએ તો સ્યમંતક મણિ પણ કુદરતની દેન છે, જેના પર એકમાત્ર સત્રાજિતનો અધિકાર બિલકુલ ન હોઈ શકે. મારા મગજમાં તો આ વાત સાફ હતી. જેવી રીતે યમુના પર બધા મથુરાવાસીઓનો એકસરખો અધિકાર છે, એવી જ રીતે "સ્યમંતક મણિ" પર પણ સમગ્ર પ્રજાનો એકસમાન અધિકાર હોવો જોઈએ. અને તેના પર બધાંનો સમાન અધિકાર ત્યારે જ થઈ શકે, જ્યારે તેને રાજકીય-સંપત્તિ જાહેર કરવામાં આવે.

આમ સરવાળે, હમણાં તો ચિંતને અનાયાસે એકદમ યોગ્ય દિશા પકડી લીધી હતી. કારણ કે જો સાચે જ આવું બની શકે, તો બધાનું કામ થઈ જાય. સૌથી પહેલાં તો તેનાથી રાજ-કોષની સમસ્યાનો તાત્કાલિક હલ નીકળી જાય. બીજું કે પોતાને શક્તિશાળી બનાવવામાં સમય લાગે તેમ હતું, પરંતુ આ એક જ દાવમાં સત્રાજિતને નાનો બનાવવો એકદમ સરળ કામ હતું. સ્યમંતક મણિ તેનાથી અલગ કરી દો, તે નાનો થઈ ગયો. આમ પણ તેનો યાદવો પર જે કંઇ પણ પ્રભાવ હતો, તે કંઇ તેની શક્તિ કે સ્વભાવને કારણે તો હતો નહીં. આ બધો જ વૈભવ અને પ્રભાવ "સ્યમંતક મણિ"નો જ હતો. આથી એક વાર જો સ્યમંતક મણિ તેના હાથમાંથી સરકી ગયો, તો પછી તેને પૂછવાવાળું કોણ હતું? પછી તો યાદવો પર મારો જ પ્રભાવ બાકી રહેશે. એટલે કે આ એક તીરથી કેટલાય શિકાર એકસાથે કરી શકાય તેમ હતું. અર્થાત્, આ તીર તો છોડવાનું જ હતું. ...પણ કેવી રીતે? કેમકે સત્રાજિતથી મણિ અલગ કરવો, તેના શરીરથી તેનો જીવ જુદો કરવા બરાબર છે. તો શું..? જ્યારે કાર્ય ઉત્તમ છે, તો તેનો ઉપાય પણ શોધવો જ પડશે. બસ, મનમાં ને મનમાં સત્રાજિતથી મણિ દૂર કરવાના વિચારોમાં ઓતપ્રોત થઈ રહ્યો હતો.

આ કટિબદ્ધતા તો સારી હતી, પણ તેનો ઉપાય શોધવાનું સહેલું નહોતું. આથી, આ પેરવીમાં મારું યમુનાકિનારે જવાનું અને વાંસળી વગાડવાનું કંઈક વધારે જ થઈ ગયું હતું. તો એમાં કંઇ ખોટું પણ નથીને. પરંતુ થયું એવું કે વારંવાર યમુનાકિનારે જતા જતા અચાનક યમુનાકિનારે રહેવાની ઈચ્છા જાગ્રત થઈ ઉઠી. આ તો ખૂબ જ શુભ ઈચ્છા હતી. હવે અમારી પાસે ધનની તો કોઈ કમી નહોતી, પછી અમારી ઈચ્છા પ્રમાણે મોજ-મસ્તીથી કેમ ન જીવવું? જીવન કંઈ માત્ર સંઘર્ષનું નામ તો છે નહીં; સ્વાભાવિક રીતે, આનંદ, મસ્તી તેમજ આરામ તેની પ્રથમ જરૂરિયાત છે. બસ, આજ વિચારે યમુનાકિનારે એક ઘર બનાવવાનું નક્કી પણ કર્યું. હવે આ નિર્ણય તો સારો હતો પણ બીજી તરફ એક નવી મુસીબત આવીને ઊભી રહી ગઈ. ઉદ્ધવનું મન હવે મથુરામાં સહેજ પણ લાગતું નહોતું. તે વારંવાર મારી તેમજ ભાઈ પાસે વૃંદાવન જવા માટે જીદ કરતો હતો. મારું મન પણ અત્યારે વૃંદાવન જવા ઈચ્છી રહ્યું હતું, પણ હું પૂરેપૂરી રીતે વૃંદાવન જવા માગતો હતો, આમ ઉચ્ચક મને નહીં. તો ન જાવ, પણ આ બાજુ, ઉદ્ધવ જીદ પકડી બેઠો છે, તેનું શું? આથી મેં ઉદ્ધવને સત્રાજિતના ઘાતક ઈરાદાઓ તેમજ રાજમહેલની ભયાનક પરિસ્થિતિ વિશે વિગતે વાત કરી. મેં તેને સમજાવ્યું કે જો આવી હાલતમાં મેં મથુરા છોડ્યું તો રાજમહેલ પર સત્રાજિતના પ્રતિનિધિઓની પક્કડ વધુ મજબૂત થશે. મેં તેને એ પણ સમજાવ્યું કે રાજમહેલ પર સત્રાજિતનો વધતો જતો પ્રભાવ મથુરાના હિતમાં બિલકુલ નથી. વળી આવી હાલતમાં નાનાજીને એકલા છોડવા પણ યોગ્ય નથી. ...અને એ મારા ભવિષ્ય માટે પણ શુભસંકેત નથી. આથી મેં ઉદ્ધવને પણ યોગ્ય લાગે અને વૃંદાવનવાસીઓને પણ ભરોસો પડે એ માટે ભાઈને પણ ઉદ્ધવની સાથે મોકલવાનું નક્કી કર્યું. જોકે આનાથી ગોપીઓનું વધુ ગુસ્સે થવું નક્કી જ હતું. સ્વાભાવિક રીતે જો બલરામ આવી શકે છે તો કૃષ્ણ કેમ નહીં? કદાચ આનાથી કપટી અને સ્વાર્થી હોવાની પાક્કી છાપ મારા પર લાગી જાય; પણ તમે તો જાણો જ છો કે આ બધી વાતોની મેં ક્યાં ક્યારેય ચિંતા કરી છે? આથી બસ, તત્કાળ મેં મારા આ નિર્ણયની ભાઈ અને ઉદ્ધવને જાણ કરી. કહેવાની

જરૂર નથી કે બંને ખુશીના માર્યા નાચી ઉઠ્યા અને જવાની તૈયારીઓમાં તરત જ વ્યસ્ત થઈ ગયા. આ બાજુ મારા માટે તો આજ સંતોષકારક હતું કે બંને વૃંદાવનમાં જઈને બધાનાં ખબર-અંતર પણ લેતાં આવશે અને સાથે જ મારા પરાક્રમોની પણ બધાને જાણ કરે. હા...હા... ખાસ કરીને રાધાને, બસ!

...આ બધું તો ઠીક, પણ એમના જવાની તૈયારીઓમાં વ્યસ્ત થતાં જ, આ તરફ હું વૃંદાવનના જ વિચારોમાં ખોવાઈ ગયો. ખોવાયો શું, મારા પરાક્રમો પર બધાની પ્રતિક્રિયા પણ જાણી આવ્યો. રાધા..., રાધા તો પોતાના કાનુડાનાં પરાક્રમો સાંભળીને હરખથી માતી નહોતી. માતા-પિતા અને ગોવાળો-ગોપીઓ તો આ બધું જાણીને ખુશીથી ઝૂમી જ ઊઠ્યાં હતા. પણ હાં..! મારા ન આવવાનું બધાને બહુ દુઃખ લાગ્યું હતું. ...જોકે ઉદ્ધવ પોતાની રીતે બધાને મારી મજબૂરી સમજાવવાનો પ્રયત્ન કરી જ રહ્યો હતો. બીજા બધાં તો ઠીક, પણ રાધા અને ગોપીઓ કંઇ સમજવા તૈયાર જ નહોતાં. ...બિચારો ઉદ્ધવ! બસ, ઉદ્ધવની આ હાલત જોઈને જ હસવું આવી ગયું, અને તેની સાથે જ આ સુંદર સપનું તૂટી ગયું. અને હું પાછો મથુરામાં આવી ગયો અને મારું મન ઉદ્ધવમાં ખોવાયું. આમ પણ આજની તિથિએ તે એક જ તો હતો જેના કારણે આજે પણ મારા તાર વૃંદાવન સાથે જોડાયેલા હતા. તમે જોયું... વૃંદાવનનું નામ લેતાં જ મારા રૂવેરૂવે મસ્તી છવાઈ ગઈ. મનમાં તો થતું હતું કે ફરી ઉઘાડા પગે આખા વૃંદાવનમાં જ્યાં-ત્યાં ફરતો ફરું. જોકે મનની દરેક ઈચ્છા પૂરી થાય એ જરૂરી તો હોતું નથી. આખરે સમય, સંજોગ અને પરિસ્થિતિ નામની પણ કોઈ ચીજ હોય છે. આ રીતે જાતને આશ્ર્વાસન તો આપી દીધું, પણ આ વૃંદાવનનું ભૂત જે મારા પર હાવી થયું હતું, એમાં કંઈ ફરક ન પડ્યો. ખરેખર ઉદ્ધવ બહુ નસીબદાર હતો કે જ્યારે ઈચ્છે ત્યારે વૃંદાવન જઈ શકતો અને ઈચ્છે ત્યારે મથુરા આવી શકતો. આ બધા વિચાર એટલે જ આવતા હતા કે આ વખતે મારું મન વૃંદાવન જવા તલપાપડ થઈ રહ્યું હતું. સાચું કહું છું કે વૃંદાવન જવાની આટલી તીવ્ર ઈચ્છા પહેલા ક્યારેય નહોતી થઈ. મનમાં તો થતું હતું કે વીસે વીસ રથ લઈને અને બધા માટે અઢળક વસ્ત્રો લઈને વૃંદાવન પહોંચી જાઉં. એમને એમના કનૈયાનો વટ દેખાડતો જ આવું. બની શકે કે મન પોતાનો રુઆબ દેખાડવા માટે જ વૃંદાવન જવા તલપાપડ થયું હોય. ભલે કારણ ગમે તે હોય, પણ વૃંદાવન જઈ શકાય તેમ નહોતું, એ હકીકત હતી.

હવે આ હકીકત હતી તો એની પાછળની એક વધુ હકીકત એ પણ હતી કે બંનેના ગયા બાદ, વૃંદાવનની યાદમાં એવો તો ખોવાયો હતો કે હું પૂર્ણપણે એકાંતપ્રિય થઈ ગયો હતો. યમુનાકિનારે જતો, નિર્માણાધીન ઘરને કલાકો સુધી તાક્યા કરતો અને એકાંત મળતા જ, વાંસળીના સૂર રેલાવી દેતો. પરંતુ આ બધું પણ ક્યાં સુધી? જલ્દીથી આ દુઃખમાંથી પણ બહાર આવી ગયો. પણ વૃંદાવનથી બહાર હજુ પણ આવી શક્યો નહોતો. મનમાં દુઃખની જગા, જિજ્ઞાસાએ લઈ લીધી હતી. હવે તે રાધા અને યશોદાના ખબર મેળવવામાં તેમજ મારા પરાક્રમો વિશે માતા અને રાધાની સાચી પ્રતિક્રિયા જાણવા માટે ઉત્સુક હતું. આમ પણ તમે તો જાણો જ છો કે રાધાની પ્રતિક્રિયા મારા માટે ખાસ મહત્ત્વની હોય છે. આખરે મને રાધાના પ્રેમે જ તો "પરાક્રમી" બનાવ્યો હતો. હું આજે જે કંઈ પણ હતો, તે બધું તેના કારણે જ હતો. એટલે તેની પ્રતિક્રિયા જાણવા માટે મારું ઉત્સુક હોવું સ્વાભાવિક હતું. બસ, એ પ્રતિક્રિયા જાણવાની ઉત્સુકતાને લઈને એક નવી રાહ જોવાની ઘટનાનું જીવનમાં આગમન થયું. ભાઈ અને ઉદ્ધવના પરત આવવાની પ્રતીક્ષામાં મન અટવાઈને રહી ગયું. ...ત્યાંજ બીજી તરફ એક અન્ય પ્રતીક્ષાનો પણ અંત આવ્યો. અમારું યમુનાકિનારે બની રહેલું ઘર તૈયાર થઈ ગયું હતું. બરાબર યમુનાતટે જ બગીચો હતો. નદીના ખળખળ વહેણનો અવાજ મનને તૃપ્ત કરી દેતો હતો. રમણીય વાતાવરણ તેમજ નદી-કિનારો, સાચે જ આ ઘર મારી પસંદનું હતું.

ઉપરથી ખુશખબરી એ કે ભાઈ પણ વૃંદાવનથી પાછા આવી ગયા હતા. પણ આ વખતે ઉદ્ધવ આવ્યો નહોતો. કંઈ વાંધો નહીં, વૃંદાવન અને ખાસ કરીને ગોપીઓની પ્રતિક્રિયા માટે પ્રતીક્ષા કરી લઈશું. હવે ભાઈને તો ગોપીઓ વિશે પૂછાય નહીં! હા, મા અને પિતાજીના સકુશળ હોવાના સમાચાર સાંભળીને જરૂર સંતોષ થયો. આથી, એક વાર વૃંદાવનને વીસરીને યમુનાકિનારે બનેલાં ઘરમાં ખોવાઈ ગયો. બસ, હું અને ભાઈ સાંજ થતાં ત્યાં પહોંચી જતા. કેટલીક વાર રાત્રે પણ ત્યાં રોકાઈ જતા. હું વાંસળીની ધૂનમાં લીન થઈ જતો અને ભાઈ મદિરામાં ડૂબી જતા. આ ઘર શું બન્યું કે મથુરાના શુષ્ક જીવનમાં આનંદ છવાઈ ગયો. મને પોતાનું ઘર બનાવવાના નિર્ણય પર ગર્વ થતો હતો. કેટલીયે વાર તો માતા-પિતા પણ અમારી સાથે ત્યાં રહેવા આવી ગયા હતા. એમ તો એક-બે વાર નાનાજીના આશીર્વાદ પણ મળી ચૂક્યા હતા. હવે આ બધી મોજમસ્તી તો તેની જગાએ ચાલી રહી હતી, પરંતુ તેનો અર્થ એ નથી કે સત્રાજિત નામની આફત ટળી ગઈ હતી. એણે હજી પણ પોતાની હરકતો બિલકુલ યથાવત્ રાખી હતી. તે રોજેરોજ રાજમહેલના કામમાં અવરોધ ઊભા કર્યા જ કરતો હતો. તો શું, આ બધી મોજમસ્તીની વચ્ચે, મારું ચિંતન પણ તેની વિરુદ્ધમાં યોજના તૈયારી કરી ચૂક્યું હતું. ...બસ, પ્રતીક્ષા હતી તો યોગ્ય સમયની.

અધ્યાય - ૯

મારો પાંડવો સાથે પરિચય

...બસ, સત્રાજિત પર વળતો પ્રહાર કરવા યોગ્ય અવસરની પ્રતીક્ષામાં સમય વીતી રહ્યો હતો. પરંતુ આપણું ધાર્યું ક્યાં થાય છે? એ પહેલાં કે હું સત્રાજિત પર પોતાનું આધિપત્ય જમાવી શકું, એક નવા જ કાર્યમાં લાગી ગયો. નહીં..નહીં..! કોઈ ભયાનક કર્મમાં નહીં, પણ જીવનમાં એક નવા અણધાર્યા આનંદનું પદાર્પણ થયું. બન્યું એવું કે હજી ઉદ્ધવના વૃંદાવન ગયાને થોડા જ દિવસો થયા હતા કે હસ્તિનાપુરથી કુંતી ફઈબા પોતાના પાંચ પુત્રોની સાથે પિતાજીને ત્યાં પધાર્યા. એ પાંચે લગભગ અમારા સમવયસ્ક જ હતા. ...ઘરમાં મહેમાનનું આવવું-જવું અને તે પણ સમવયસ્ક, એટલે મારું ખુશ થવું સ્વાભાવિક જ હતું. તમે તો જાણો જ છો કે મને આમ પણ સમવયસ્ક મિત્રો બહુ ગમે છે. પરંતુ વૃંદાવનથી શું નીકળ્યો, મિત્રો માટે તો તરસી જ રહ્યો હતો. અહીં મથુરામાં તો કોઈની ખાસ મિત્રતા નહોતી થઈ. હરીફરીને મારા મિત્ર, માર્ગદર્શક કે પૂજ્ય, જે કહો તે, સર્વે કંઇ નાનાજી જ હતા. હા, આશ્રમમાં વિતાવેલા કેટલાક દિવસો દરમિયાન મિત્રોની સંગતનો આનંદ જરૂર સાંપડ્યો હતો. સાચું કહું તો મારા જીવનમાં જેટલું પ્રેમનું મહત્ત્વ હતું, તેટલું જ મહત્ત્વ મિત્રતાનું પણ હતું. કદાચ એટલે જ વારંવાર મને મુખ્યત્વે વૃંદાવનની યાદ આવતી હશે. આથી આ પાંચેય ભાઈઓના આવવાથી મારા જીવનમાં આનંદ પ્રસરી ગયો. પાંચે-પાંચ દેખાવમાં ઘણાં સૌમ્ય, શિક્ષિત તેમજ પ્રતિભાશાળી જણાતા હતા. હવે તમે જ કહો કે આવા સંજોગોમાં સત્રાજિતને કોણ યાદ કરે?

ખેર! હું તમને મારા પાંચેય નવા મિત્રોનો પરિચય કરાવી દઉં. સૌથી મોટા યુધિષ્ઠિર હતા, જે ખાસ્સા ધીરગંભીર જણાતા હતા. તેઓ ઉંમરમાં પણ મારાથી ચાર-પાંચ વર્ષ મોટા હતા. બીજો મિત્ર ભીમ હતો, અત્યંત બળવાન તેમજ લોખંડી સ્નાયુઓવાળો. ત્રીજો અર્જુન, તે લગભગ મારી જ ઉંમરનો હતો. તેણે તેના ખભા પર ધનુષ્ય લટકાવ્યું હતું. અને પછી સહદેવ તથા નકુલ. બંને મારાથી નાના હતા. તેઓ ઘણા શાંત અને બુદ્ધિશાળી દેખાતા હતા. આ તરફ એકાદ-બે દિવસની વાતચીત પછી જ અમે બધા એકબીજા સાથે ઘણા હળીમળી ગયા હતા. જોકે વધારે વાતચીત તો મારે ભીમ તેમજ અર્જુન સાથે જ થતી હતી. બાકી બધા તો ‘હા’ કે ‘ના’ જ ભણતા. તમે નહીં માનો પણ થોડા જ દિવસોમાં અમારી મિત્રતા આકાશને આંબવા લાગી. જોકે આમ તો સંબંધની દ્રષ્ટિએ બધા અમારા ભાઈઓ હતા, પણ સમવયસ્ક હોવાને કારણે સ્વાભાવિક રીતે જ સંબંધ કરતાં મિત્રતાનું મૂલ્ય વધુ હતું. ...જોકે એક સમસ્યા સતત અમારા આનંદમાં અડચણપ બનતી હતી. ઘરમાં વડીલો હોવાથી, અમે અમારી નવી નવી મિત્રતાનો પૂરેપૂરો આનંદ માણી નહોતા શકતા, ખાસ કરીને ભાઈ. હું તો પાંડવો સાથે હળીમળી ગયો હતો, પરંતુ ભાઈ મારા જેટલી સરળતાથી હળીમળી શકતા નહોતા. ભાઈને પાંડવોની સંગત તો પસંદ હતી, પણ મદિરાથી દૂર રહેવું તેમના માટે અસહ્ય હતું. બસ, આજ તેમના મૌનનું રહસ્ય હતું. પાંડવોના આવવાથી ભાઈને પરાણે ઘરમાં રહેવું પડતું હતું, નહીંતર તો તેઓ રાજમહેલમાં જ ડેરાતંબુ નાખીને પડ્યા રહેતા. અને ભાઈ રાજમહેલમાં ડેરાતંબુ નાખીને એટલા માટે જ પડ્યા રહેતા હતા, કારણ કે ત્યાં તેઓ છૂટથી મદિરાપાન કરી શકતા હતા. આથી ભાઈનું દુ:ખ દૂર કરવા તેમજ નવા મિત્રો ખૂલીને આનંદ લઈ શકે તે માટે હું બધાને લઈને યમુનાકિનારે આવેલા ઘરે રહેવા ચાલ્યો ગયો. હવે અત્યારે અમારી પાસે ન તો સેવાચાકરી કરનાર સેવકો-સૈનિકોની કમી હતી કે ન તો રથોની કમી હતી. સાચું કહું તો મહારાણી પદ્માવતીએ ભેટમાં આપેલા રથો તેમજ સૈનિકો હવે સાચા અર્થમાં અમારા કામમાં આવી રહ્યા હતા.

આથી, કુલ પાંચ રથોમાં સામાન ભરીને અમે ત્યાં જવા નીકળી પડ્યા. ચાલો આ તો ઠીક કે સેવક-સૈનિકો અને રથના રસાલાની સાથે અમે અમારા નવા ઘરમાં ડેરો જમાવી દીધો, પણ અહીં પહોંચતા જ અમને એક નવી કમીનો અનુભવ થયો. હકીકતમાં યમુનાકિનારે આવેલું ઘર નાનું પણ હતું અને સુવિધાની દ્રષ્ટિએ ઘણું અગવડભર્યું હતું. કેમકે અમે ક્યારેય એવું વિચાર્યું નહોતું કે મિત્રો સાથે અમારે અહીં રાતવાસો પણ કરવો પડશે. અહીં કુલ બે ઓરડા, એક નાનો ઓરડો અને એક બગીચાને અડીને બનેલું ફળિયું હતું. પરંતુ તેનાથી શું ફર્ક પડવાનો હતો? સત્વરે સ્વતંત્રતાએ સુવિધા પર કબજો જમાવી લીધો. ભાઈ તો અહીં આવવાના નિર્ણયમાત્રથી જ ઝૂમી ઊઠ્યા હતા. સાંજ થતાં થતાં તો તેમણે મદિરાની વ્યવસ્થા પણ કરી નાખી હતી. હવે પ્રતીક્ષા કોણ કરે? સાંજ થતાં તો અમે બહાર બગીચામાં અડિંગો જમાવી લીધો. અમે બધા મુલાયમ ઘાસ પર જ બેસી ગયા હતા. હવે મિત્રોની સાથે શું જમીન શું આસન? બગીચાનું વર્ણન કરું તો તેની બરાબર સામે યમુના વહી રહી હતી. ખળ ખળ વહેતા પાણીનો અવાજ સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. ત્યાંજ પાછળ ફળિયામાં બે હિંચકા લગાવાયા હતા. આમ સરવાળે મિત્રોની સાથે સમય વીતાવવા માટે આનાથી સુંદર બીજી કોઈ જગા હોઈ જ ના શકે. આ બધું તો ઠીક, પણ વાતાવરણમાં વધારે રંગ ત્યારે આવ્યો જ્યારે ભાઈનો ઈશારો મળતા જ, સેવકોએ મદિરા મોકલવાનું શરૂ કર્યું. તો આ તરફ મદિરા જોતાં જ, ભીમ અને અર્જુનના ચહેરા પર પણ ચમક આવી ગઈ. તે બંને પણ મદ્યપાનના શોખીન જણાતા હતા. ...અને હતા પણ. તેનાથી વિપરીત, યુધિષ્ઠિર, નકુલ, સહદેવ એ બધા માત્ર ચાખવા પૂરતાં શોખીન હતા. આ બધું તો ઠીક, પણ ત્યાં ટૂંકમાં જ એક અજબ દ્રશ્ય જોવા

મળ્યું. આ બાજુ ભોજન પીરસાતા ભીમે તો મદિરા મૂકી દીધી, પણ અર્જુન તેમજ ભાઈ તો ભોજનની સાથે પણ... અને ભોજન પછી પણ મદિરાપાનમાં લાગેલા રહ્યા. ચાલો આ છોડી પણ દઉં તો પણ સૌથી આનંદની વાત તો એ હતી કે મદિરા પેટમાં જતાં ભાઈનો અવાજ બહાર આવ્યો હતો. અત્યાર સુધી બીજા બધા કરતાં સૌથી વધુ હું જ બોલતો હતો, પણ હવે તો ભાઈ, ભીમ તેમજ અર્જુને પણ વાતચીતમાં સરખો ભાગ લીધો. ચોક્કસપણે આ કમાલ તેમની ઓછી અને મદિરાની વધુ હતી. હા, યુધિષ્ઠિર, નકુલ તેમજ સહદેવ તો પહેલાથી ચૂપ હતા, તે હજુ પણ ચૂપ જ હતા. ...ભલેને કેટલાક ચૂપ હતા, કેટલાક મસ્ત, પણ સહુનો આનંદ પોતપોતાની ચરમસીમાએ હતો.

સાચે જ, મહેલ હોય કે ઝૂંપડી, તે એટલું મહત્વપૂર્ણ નથી, જેટલી મહત્વપૂર્ણ સ્વતંત્રતા છે. આખરે આનંદ છે શું? એ પણ મનનાં મુક્ત ઉડ્ડયનોનું બીજું નામ જ તો છે. સ્વાભાવિક રીતે જ નિયમ તેમજ અનુશાસન મનનાં સ્વતંત્ર ઉડ્ડયનમાં પરમ અડચણ ઊભી કરે છે. હવે અહીં જ જુઓ, સહેજ સ્વતંત્રતા શું મળી કે મજાક-મસ્તી એવી જામી હતી કે ભોજન પછી પણ તેનું વાતાવરણ જામેલું જ હતું. ...ત્યાંજ આવી મજાકમસ્તીના દોરમાં અચાનક અર્જુનને શું સૂઝ્યું કે વાતને ગંભીર સ્વરૂપ આપતાં મને સંબોધીને એ બોલ્યો- તમે તો ખૂબ પરાક્રમી છો, તમે પંચજન, કંસ તેમજ શૃંગલવ જેવા શક્તિશાળી રાજાઓનો વધ કર્યો છે.

મેં કહ્યું- તમે પણ કંઈ ઓછા પરાક્રમી નથી લાગતા.

હવે મેં તો સાધારણ વાત કહી હતી પણ આ સાંભળતાં જ ભીમ ખાસ્સો ક્રોધિત થઈને બોલ્યો- કેવા પરાક્રમી? જગત આખું જાણે છે કે અમે કૌરવોના ભાઈ છીએ. અમે પણ રાજકુમાર છીએ. હકીકતમાં હસ્તિનાપુર રાજ્ય પર પહેલો અધિકાર અમારો જ છે, તેમ છતાં અમે ત્યાં આશ્રિતો જેવું જીવન વ્યતીત કરી રહ્યા છીએ.

આ સાંભળતાં જ પરમ આશ્ર્ચર્ય સાથે હું બોલ્યો- એવું કેમ?

...અને સૌથી વધુ આશ્ર્ચર્ય તો ત્યારે થયું જ્યારે ભીમ કંઈ કહે તે પહેલા જ યુધિષ્ઠિરે તેને ચૂપ કરી દીધો. સાચું કહું તો મને યુધિષ્ઠિરે ભીમને ચૂપ કરાવ્યો તે ગમ્યું નહીં. એનો અર્થ તો એજ થયો કે યુધિષ્ઠિર હજુ પણ અમને પારકા જ માને છે. જોકે યુધિષ્ઠિરના સ્વભાવ વિશે અર્જુન ઘણું કહી ચૂક્યો હતો. ખાસ કરીને તેની કટ્ટરતાના કિસ્સાઓ સાંભળીને હું આમેય તેનાથી ગભરાઈ ગયો હતો. આમ પણ નીતિવાદી અને સિદ્ધાંતવાદી હંમેશાં શંકાશીલ હોય જ છે. આ એક ઐતિહાસિક તથ્ય છે કે તેઓ ક્યારેય કોઈના નથી હોતા. મને તો આમ પણ નીતિ અને સિદ્ધાંતોથી નફરત હતી. એટલે યુધિષ્ઠિર સાથે મારે વધુ બને તેવું લાગતું પણ નહોતું. આથી મેં પણ ત્યારબાદ આ વિષય પર કોઈ વાત ના કરી. અને તેની સાથે, વાતચીત પર અહીં જ પૂર્ણવિરામ મુકાઈ ગયો. આમ પણ ઊંઘવાનો સમય થઈ જ ગયો હતો. આંખોમાં નીંદરનું આગમન પણ થઈ ચૂક્યું હતું. તેથી આજનો આ આનંદદાયક દોર અહીં જ પૂરો થયો. હું અને અર્જુન બહાર પરસાળ પર જ સૂઈ ગયા. મને તો આમ પણ ખુલ્લામાં સૂવાનું વધુ પસંદ હતું. ભાઈ અને ભીમ એક ઓરડામાં સૂઈ ગયા. યુધિષ્ઠિર, નકુલ અને સહદેવે બીજા ઓરડામાં લંબાવ્યું. ...એટલે કે ઘર ભલે નાનું હતું, પણ એણે સહુને સારી રીતે સમાવી લીધા.

ખેર! બીજા દિવસથી તો ઉપદ્રવની એક નવી ઘટમાળ શરૂ થઈ ગઈ, જે અમારો નવો નિત્યક્રમ પણ બની ગયો. ...હવે તો સવારે ઊઠવું, યમુનામાં સ્નાન કરવું; પછી વ્યાયામ કરવો અને ટહેલવું. દિવસભર મથુરાના બજારોમાં ફરવું. જાતભાતનાં પકવાન ખાવા. પકવાન પરથી યાદ આવ્યું, બાકી બધું હોય કે ન હોય, ભીમના ખોરાકે મને બહુ પ્રભાવિત કર્યો હતો. અમારા બધા જેટલું તો તે એકલો ઓહિયા કરી જતો. ખોરાક તો મારો, ભાઈનો અને અર્જુનનો પણ સારો એવો હતો, પણ ભીમ સામે અમે બધા ફિક્કા પડતા. એટલું જ નહીં, મને તો આ બધામાં સૌથી સરળ પણ ભીમ જ દેખાતો હતો. જોકે તેનાથી વિપરીત, અર્જુન વાતચીતમાં હોંશિયાર દેખાતો હતો. અને યુધિષ્ઠિરની તો શું વાત કરું, તેના સ્વભાવ સાથે મારે સહેજ પણ મેળ ખાતો નહોતો. એ તો ભોજન પણ એવી રીતે કરતાં, જાણે અમારા બધા પર ઉપકાર કરતાં હોય. ખબર નહીં આ નીતિવાદી અને સિદ્ધાંતવાદી અહંકારી થઈ જાય છે કે અહંકારી જ નીતિવાદી હોય છે?

હશે. હાલ તો મસ્તીમાં વીતતા અમારા દિવસોની જ વાત કરું. એક દિવસ વાતવાતમાં ભીમ પોતાનાં પરાક્રમોની ચર્ચા કરી રહ્યો હતો. અમે બધા બહાર બગીચામાં જ બેઠા હતા. હા, આજે ભીમ, ભાઈ અને નકુલ-સહદેવ તો નીચે બેઠક પર જ બેઠા હતા, પરંતુ હું અને અર્જુન હિંચકા પર બિરાજમાન હતા. અમારી દેખાદેખીમાં ત્યાં યુધિષ્ઠિર મહારાજે પણ બીજા હિંચકા પર કબજો કરી લીધો હતો. સાચું કહું તો વાતચીતનું વાતાવરણ આજે કાલ કરતાં પણ વધારે રમણીય લાગતું હતું. એમાં પણ આજે મોટી વાત એ કે ભીમ કંઈક વધારે જ ખીલ્યો હતો. તે વાતેવાતે પોતાની ગદાબાજીનાં વખાણ કરી રહ્યો હતો. અમને તો એમાં કાંઈ વાંધો નહોતો, પણ આ બધું ભાઈથી વધારે સમય સહન ન થયું. કેમકે ભીમની જેમ તેઓ પણ ગદાધારી હતા, અને ભાઈના અહંકારથી તો તમે માહિતગાર છો જ. એવામાં તમે જ કહો તેઓ ભીમની મોટી મોટી આપવડાઈને ક્યાં સુધી સહન કરે? બસ, તરત જ પોતાની દાઝ દેખાડવા મેદાનમાં કૂદી પડ્યા. ...માત્ર વાતે જ જોર નહોતું પકડ્યું, પણ તેમાં મદિરાએ પણ પોતાનો ભાગ ભજવ્યો હતો. તો એમાં અમારું શું જવાનું હતું? ઊલ્ટું અમને તો આ ચડસાચડસીથી વધારે મજા પડતી હતી. જોકે ભીમ અને ભાઈની વાતચીતમાં એક પાયાનો તફાવત સ્પષ્ટ જણાતો હતો. ભીમ હજુ પણ સહજ હતો, જ્યારે ભાઈની દરેક વાતમાં અહંકાર સાફ વર્તાતો હતો. સાચું કહું તો ભીમની આજ સહજતાના કારણે હું તેની પાછળ ગાંડો થયો હતો. જવા દો, હાલ

ચર્ચાની વાત કરું તો એ એટલો રસપ્રદ વળાંક લઈ ચૂકી હતી કે બંને પોતપોતાની વીરતાના એક પછી એક કિસ્સાઓ યાદ કરીને સંભળાવતા હતા. ત્યારે જ અચાનક ભાઈ એટલા છંછેડાઈ ગયા કે એમણે ભીમને ગદાથી પ્રહાર કરવાનું આમંત્રણ આપી દીધું. હવે આવામાં ભીમ પણ ક્યાં પાછો પડે એમ હતો? અને જ્યારે શક્તિપ્રદર્શન કરવાનું નક્કી થઈ જ ગયું તો પછી રાહ શેની જોવાની? બંને તાત્કાલિક બાથ ભીડવા ઊભા થઈ ગયા. અમે તો પ્રેક્ષકો હતા. અને તમને તો અનુભવ હશે કે આવા સમયે પ્રેક્ષકોને જ સૌથી વધારે મજા આવે છે. પરંતુ આ સમયે તેનું એક દુ:ખદ પાસું પણ આંખ સામે આવ્યું હતું. હકીકતમાં રાત માથે ચઢી હતી, એટલે કે અમારા ભોજનનો સમય થઈ ગયો હતો. પેટમાં બિલાડા બોલતા હતા. કદાચ આ ચડસાચડસી ન થઈ હોત તો ભોજન પીરસાઈ પણ ગયું હોત. કંઇ વાંધો નહીં, જો ભૂખ વેઠવાની હતી તો સામે ભવ્ય તમાશો જોવાનો આનંદ માણવા પણ મળી જ રહ્યો હતો.

...એટલે ભૂખનું દુ:ખ તો ક્ષણભરની વાત હતી, છતાં હજુ તો ક્ષણભર માટે હું ભોજનના વિચારોમાં ખોવાયો જ હતો કે બંને લંગોટ પહેરીને પોતપોતાના હાથમાં ગદા લઈને સામસામા આવી પણ ગયા હતા. સ્વાભાવિક રીતે, ગદાયુદ્ધ બગીચામાં જ થવાનું હતું. બસ, વાતાવરણ જામ્યું હતું એ જોઈને અમે પણ ઝુલા છોડીને, બગીચાને લાગીને જે વરંડો હતો, ત્યાં પલાઠી મારીને બેસી ગયા. આશ્ચર્ય તો એ વાતનું હતું કે હજી તો અમે બધા બેઠા નહોતા અને અહીં યુદ્ધ શરૂ પણ થઈ ગયું. દ્રશ્ય તો એવું જામ્યું હતું કે શું કહું? એક તરફ ઠંડીની ઋતુએ વાતાવરણને ખુશનુમા બનાવી દીધું હતું, તો બીજી તરફ વહેતી યમુના સુંદરતાને વધારી રહી હતી; અને આવામાં હવે અમારી અને યમુનાની મધ્યમાં આ ભવ્ય ગદાયુદ્ધની શરૂઆત થઈ હતી. અમને બધાને મજા આવી ગઈ. બંને એકમેકથી ચડિયાતા યોદ્ધા લાગી રહ્યા હતા. યુદ્ધ બરાબરનું જામ્યું હતું. વાતાવરણ પણ એવું જામી ગયું હતું કે બંનેને દરેક સારા દાવ પર સારું પ્રોત્સાહન પણ મળી રહ્યું હતું. બંનેનું ગદાયુદ્ધ ઘણું લાંબુ ચાલ્યું. ન કોઈ હાર્યું, ન કોઈ જીત્યું. બીજી તરફ, આ ગદાયુદ્ધનો એક ખાસ ફાયદો એ થયો કે ત્યારબાદ બંને પાક્કા મિત્રો બની ગયા. આવું ભવ્ય ગદાયુદ્ધ જીવનમાં હું બીજી વાર જોઈ રહ્યો હતો. તમને યાદ જ હશે કે આ પહેલા, ભાઈ અને જરાસંધ વચ્ચેનું ગદાયુદ્ધ જોવાનું સદ્ભાગ્ય પણ મને સાંપડ્યું હતું. જોકે ભાઈની ગદા ફેરવવાની અને ચલાવવાની સ્ફૂર્તિ ભીમ કરતાં વધારે સારી જણાતી હતી. આમ પણ ભાઈના યુદ્ધ કૌશલ્ય તેમજ વીરતા પર મને પહેલાથી જ ગર્વ હતો. હશે, હમણાં તો કામની વાત એ હતી કે હવે જ્યારે બંને વચ્ચે ગાઢ મિત્રતા થઈ ગઈ હતી તો સ્વાભાવિક રીતે જ, તેનો આનંદ પણ વધવાનો જ હતો, અને તેની સૌથી મોટી સાબિતી એ હતી કે યુદ્ધ પૂરું થયા પછી બધા ભરપેટ જમ્યા.

...પછી તો કહેવાની જરૂર નથી કે બીજા દિવસે મજાકમસ્તી હજી વધી ગઈ. દિવસભર આખા મથુરામાં અહીંથી ત્યાં રથ દોડાવતા રહ્યા. કોણ જાણે કેટલીય દુકાનોના પકવાન હજમ કરી ગયા! હાલત તો એવી થઈ ગઈ કે સાંજ થતાં થતાં, ખાધેલું પચાવવા માટેના રસ્તાઓ શોધવા પડ્યા. પરિણામસ્વરૂપ, સાંજે બધાએ એકસાથે યમુનામાં સ્નાન કર્યું. બહુ જળક્રિડાઓ કરી. એકબીજા પર ખૂબ પાણી ઉછાળ્યું, તરવાની સ્પર્ધાઓ પણ યોજી. તમે નહીં માનો, ત્યાર પછી ઘેર પહોંચીને માનવીના સ્વરૂપમાં આવ્યા. અને માનવી થતાં જ, ફરી વાર અર્જુન અને ભાઈના મદિરાપાનનો દોર શરૂ થયો. એજ બેઠક, એજ બગીચો અને વાત પણ હરીફરીને કાલની જેમ ગદાયુદ્ધ પર આવીને અટકી. બધા ભાઈ અને ભીમના ગદાયુદ્ધની ખૂબ જ પ્રશંસા કરવા લાગ્યા. થોડી વાર તો બધું ઠીકઠાક ચાલ્યું, પરંતુ ભીમ અને ભાઈની સતત થઈ રહેલી પ્રશંસાએ અર્જુનના અહંકારને ઠેસ પહોંચાડી. પરિણામસ્વપે, આજે તેનો વારો આવ્યો અને તે પોતાની વીરતાના કિસ્સાઓ સંભળાવવા લાગ્યો. તેણે જણાવ્યું કે તે એક શ્રેષ્ઠ બાણાવળી છે, એટલું જ નહીં, તે અંધારામાં પણ જોયા વિના નિશાન તાકી શકે છે. હું અને ભાઈ તો આ સાંભળીને દંગ જ રહી ગયા. આમ પણ અમે ધનુષ્યવિદ્યામાં શૂન્ય હતા. એટલે અમારું પ્રભાવિત થવું સ્વાભાવિક હતું. આ તરફ અમારા પ્રભાવિત થવાની સાથે જ વાત પૂરી થઈ ગઈ, કેમકે આ જોઈને અર્જુન પણ પોતાની વીરતાનાં વખાણ કરીને સંતુષ્ટ થઈ ગયો હતો.

આમ પણ હવે મદિરાપાનનો દોર પૂર્ણતાના આરે જ હતો. અને ભોજન પીરસાવાનું શરૂ થઈ ગયું હતું. વળી વાતાવરણ તો કંઈક એવું જામી ગયું હતું કે આજે જમવા, સહુ વરંડામાંજ બેસી ગયા હતા. અને ભૂખ તો બધાને એવી લાગી હતી કે જેવું ભોજન પીરસાયું કે બધા ખાવામાં મસ્ત થઈ ગયા. ત્યાંજ અચાનક શું થયું કે તીવ્ર હવાના ઝપાટાને કારણે બધી મશાલો ઓલવાઈ ગઈ. બધાનું જમવાનું આપોઆપ બંધ થઈ ગયું. મેં તત્કાળ સેવકને ઝડપથી બધી મશાલો ફરી પેટાવવાનો આદેશ આપ્યો. એ તો ઠીક પણ આ અંતરાયથી અમારા જેવા ખાઉંધરાઓની હાલત ખરાબ થઈ ગઈ. ભોજન સામે પડ્યું હતું, તેની સોડમ પણ ચારે તરફ ફેલાયેલી હતી, અને તેમ છતાં અમે ભોજન કરી શકતા નહોતા. આ પણ અમારા બધા માટે એક આગવો જ અનુભવ હતો.
...ત્યારે મેં અનુભવ કર્યો કે સામેથી ના માત્ર કંઈક ખખડવાનો અવાજ આવી રહ્યો હતો, પણ કોઈ ચાવતું હોય એવો અવાજ પણ આવી રહ્યો હતો. આશ્ચર્ય, ઘોર અંધારામાં પણ ભીમનું જમવાનું ગપાગપ ચાલી જ રહ્યું હતું. અમે પોતાને મોટા ખાઉંધરા સમજતા હતા, પરંતુ ભીમે અમારી બધી ધારણાઓ ખોટી પાડી દીધી. તેની સાથે જ એક હાસ્યનું મોજું પણ ફરી વળ્યું. ભીમને આ રીતે ભોજન કરતો જોઈને, અર્જુને તેને ટોક્યો- શું તને આટલા અંધારામાં પણ ભોજન દેખાય છે, કે પછી એમ જ ખાઈ રહ્યો છે?

ભીમ હસતા હસતા બોલ્યો- બિલકુલ! અંધારામાં પણ હું ભોજન પર નિશાન તાકવાનું ક્યારેય નથી ચૂકતો. અરે મારા

ભાઈ! અંધારામાં તીર ચલાવતાં શીખવાનો શું ફાયદો? તેની જગ્યાએ અંધારામાં ભોજન પર નિશાન સાધતા શીખ્યો હોત તો આ રીતે ભૂખે ન મરવું પડત.

...ભીમની આ વાત સાંભળીને હાસ્યની છોળો ઊડવા લાગી. આમ સરવાળે પાંડવોના આવવાથી દિવસો સારી રીતે પસાર થઈ રહ્યા હતા. જોકે આટલા દિવસ પાંચ ભાઈઓની સાથે રહીને એક વાતનું મેં અવશ્ય મૂલ્યાંકન કર્યું હતું કે બધા યુધિષ્ઠિરની વાત બહુ સન્માનથી સાંભળતા હતા. યુધિષ્ઠિરનો ઈશારો પણ તેમના માટે કોઈ આજ્ઞાથી કમ નહોતો. સાચું કહું તો આજ વાત મને રહી રહીને સતત ચિંતામાં નાખતી હતી. જેવી રીતે આ લોકો યુધિષ્ઠિરની આજ્ઞાઓનું પાલન કરતાં હતા, મને તો તેમનું ભવિષ્ય અધંકારમય દેખાઈ રહ્યું હતું. ચાલો, જવા દો, આ તો કારણ વગરનું કંઈક લાંબુ જ વિચારી લીધું. અત્યારે તો અહીં ચાલી રહેલી મોજમસ્તીની જ ચર્ચા કરું. એક દિવસે સાંજે આમ જ વાતવાતમાં શિક્ષણની વાત નીકળી. તેમણે દ્રોણાચાર્યના આશ્રમમાં શિક્ષણ દરમિયાન બનેલા ઘણા રસપ્રદ પ્રસંગો જણાવ્યા. તમે તો જાણો જ છો કે વૃંદાવનની યાદોની જેમ, આશ્રમમાં વિતાવેલા દિવસો પણ હંમેશ માટે મારા દિલમાં વસી ગયા હતા. આથી સ્વાભાવિક રીતે જ આશ્રમના પ્રસંગો મને ઘણા જ રસપ્રદ લાગી રહ્યા હતા. હું ખૂબ ધ્યાનથી એ પ્રસંગોને સાંભળી રહ્યો હતો. એ તરફ મને આ રીતે ધ્યાનથી સાંભળતો જોઈને અર્જુને પણ અમારા શિક્ષણ દરમિયાનના અનુભવો જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. આમ તો તેમના રસપ્રદ કિસ્સાઓ સાંભળ્યા પછી અમારા શિક્ષણના અનુભવોમાં બતાવવા જેવું શું હતું? તો પણ અર્જુનની જિજ્ઞાસા હતી એટલે જવાબ તો આપવાનો જ હતો. આથી મેં સહજ રીતે કહી દીધું કે શિક્ષણ માટેની કોઈ વિશેષ તક અમને કુદરતે આપી નથી. અમને તો જે કંઈ પણ શિક્ષણ મળ્યું છે તે વાસ્તવિક જીવન પાસેથી જ મળ્યું છે. હા, શિક્ષણ મેળવવાની ઉંમર વીતી ગયા પછી અમને છ મહિના માટે મહાન આચાર્ય સાંદીપનિજીના ઉજ્જયિની સ્થિત આશ્રમમાં શિક્ષણ મેળવવાની તક જરૂર મળી હતી. અને આ અમારું સદ્ભાગ્ય હતું કે આચાર્ય સાંદીપનિ, ...આચાર્ય દ્રોણની જેવા નહોતા, જેમણે શિક્ષણ આપ્યા વિના એકલવ્યનો અંગૂઠો ગુરુ-દક્ષિણામાં માગી લીધો હતો.

...આ બાજુ મારી વાત તો અહીં પૂરી થઈ ગઈ, પણ ખબર નહીં કેમ આચાર્ય દ્રોણ પર કરેલો આ વ્યંગ અર્જુનને ગમ્યો નહીં. આશ્ચર્ય હતું, આચાર્ય દ્રોણના ખોટા નિર્ણયનો વિરોધ પણ તે સહન કરી શકતો નહોતો. અચાનક વાતાવરણ ગંભીર બની ગયું. આથી મેં તરત વાત વાળવાના હેતુથી કહ્યું- હા, યાદ આવ્યું! જોકે બાળપણમાં મને આચાર્ય શ્રુતિકેતુજી પાસેથી સંગીત-શિક્ષણ મેળવવાનો અવસર પણ મળ્યો હતો. વાંસળી વગાડતાં તેમણે જ મને શીખવ્યું હતું.

આ સાંભળતાં જ ભીમ તરત બોલ્યો- તો વગાડો વાંસળી. અમે કેવી રીતે માની લઈ કે તમને વાંસળી વગાડતાં આવડે પણ છે કે નહીં?

આ સાંભળતા જ બધા હસી પડ્યા. સ્વાભાવિક રીતે તેની આ વાતે ફરી એક વાર વાતાવરણને હળવું બનાવી દીધું. પણ ખબર નહીં શું વિચારીને આ વખતે, યુધિષ્ઠિરને આ ગમ્યું નહીં. તેઓ તરત ભીમને ટોકતાં બોલ્યા- આ રીતે ન બોલાય. બોલતાં પહેલા કંઈક તો વિચાર કરી લેતા જાવ.

અહીં મને યુધિષ્ઠિરનું ભીમને આ રીતે સહજ મજાકની બાબતમાં પણ ટોકવું ગમ્યું નહીં. છોડો..., યુધિષ્ઠિરની તો દરેક વાત મારી સમજણની બહાર હતી. આથી મેં યુધિષ્ઠિર પરથી પોતાનું ધ્યાન હટાવતાં ભીમની વાત માનીને બધાને પોતાની વાંસળીની ધૂનથી મોહિત કર્યા. ભીમ વાંસળી સાંભળીને ઘણો ખુશ થયો. એટલો ખુશ કે તરત બોલ્યો- અરે કનૈયા! તું તો સારો કલાકાર જણાય છે.

આ તરફ ભીમે કલાકાર શબ્દનો પ્રયોગ શું કર્યો કે ભાઈ મર્માળુ હસ્યા. તે આવો મોકો ક્યાં ચૂકવાના હતા? તેમણે કટાક્ષમાં કહ્યું- એનામાં તો આ સિવાય પણ ઘણી કલાઓ છે. તેની બધી કલાઓનો અનુભવ કરવો હોય તો તેને પોતાની સાથે હસ્તિનાપુર લઈ જાઓ.

ભાઈના વ્યંગથી હાસ્યનું મોજું ફરી વળ્યું. પરંતુ અહીં પણ એક આશ્ચર્ય સર્જાયું. બધા હસી રહ્યા હતા, એક ભીમ સિવાય. વાત મારી સમજણની બહાર હતી. ...જોકે જલ્દીથી સ્પષ્ટ પણ થઈ ગઈ. જેવું બધાનું હાસ્ય રોકાયું કે ભીમે એકદમ નિર્દોષતાથી પૂછ્યું કે બીજી કઈ કઈ કલાઓ જાણે છે, કનૈયા...! છેક ત્યારે વાત સમજાઈ કે ભલાભોળા ભીમે વ્યંગને પણ ખૂબ ગંભીરતાથી લીધો હતો. ચાલો, આ બધું તો ચાલ્યા જ કરે છે. પરંતુ અહીં ભીમની સહજતાથી ભાઈ વધારે ઉમંગમાં આવી ગયા. તેમને તો જાણે દોડવું હતું અને ઢાળ મળી ગયો. તરત બોલ્યા- 'ચક્કર' ચલાવવાની કલામાં ઉસ્તાદ છે અમારો કનૈયો.

...એ તો સારું હતું કે ભાઈનો આ વ્યંગ કોઈને બરાબર સમજાયો નહીં. તેના કારણે આ વાત આટલે જ અટકી ગઈ. પછી થોડી વાર આડીઅવળી વાતો થતી રહી. ત્યારે અર્જુને અચાનક ગંભીરતાપૂર્વક એક અદ્ભુત સવાલ કર્યો- આ સિવાય તમને કયા કયા વિષયમાં રુચિ છે?

મારા મોંઢામાંથી નીકળી ગયું- મારી એકમાત્ર રુચિ પાપીઓનો નાશ કરવામાં, અને પોતાનો વિકાસ કરવામાં છે.

...હું આ શું બોલી ગયો તે તો મારી સમજમાં પણ આવ્યું નહીં, પરંતુ ભીમને આ વાતમાં જબરો રસ પડ્યો. એ તાડુકીને બોલ્યો- તો તો તું બહુ કામનો માણસ છે, કનૈયા. કેમકે હસ્તિનાપુરમાં પણ બે મહાપાપી છે, દુર્યોધન અને દુ:શાસન. તો એવું કેમ

ન કરવામાં આવે કે તું અમારી સાથે હસ્તિનાપુર આવીને તેમનો પણ નાશ કરી નાખે? અમારા માથેથી આફત ટળશે અને તારો શોખ પણ પૂરો થઈ જશે.

યુધિષ્ઠિરને ભીમની આ વાત બિલકુલ ગમી નહીં. તેમણે ભીમને તરત જ ટોકતાં કહ્યું- શું કંઇ પણ સમજ્યાં-વિચાર્યા વિના બોલવાના તે સોગંદ ખાધા છે?

...હવે મારાથી ન રહેવાયું. મારા ધૈર્યએ જવાબ આપી દીધો. છેવટે ક્યાં સુધી યુધિષ્ઠિરની વાતે વાતે ટોકવાની ખોટી ટેવને સહન કરું? મેં યુધિષ્ઠિરને જરા દાઢમાંથી જ કહી દીધું- ભીમે કોઈ ખોટી વાત તો નથી કરી.

આ બાજુ યુધિષ્ઠિરને સ્વાભાવિક રીતે ન તો મારી વાત ગમી કે ન તો મારી રીત પસંદ આવી. તેઓ ગુસ્સે થઈ ગયા. અત્યારે મામલો વધુ વણસતો જોઈને, અર્જુન વાત સંભાળવા કૂદી પડ્યો. બિચારો મામલો સંભાળતા બોલ્યો- હકીકતમાં ભાઈ એટલા માટે નારાજ થઈ રહ્યા છે, કેમકે એ બંને પણ અમારા ભાઈઓ જ છે.

પરંતુ અહીં અર્જુનની આવી વાહિયાત સફાઈ મને ગમી નહીં. હું વધુ ગુસ્સે થઈ ગયો. મેં તત્કાળ ઊંચા અવાજે કહ્યું- પાપી... પાપી હોય છે. તેઓ દરેક રીતે અને સ્થિતિમાં, ધરતી પર બોજ હોય છે. પાપી ભલા કોઈના સગા કેવી રીતે હોઈ શકે? કંસ પણ મારા સગા મામા જ હતા. તને તો સારી રીતે ખબર હશે કે જીવનમાં પહેલો વધ મેં તેમનો જ કર્યો હતો.

મારી આ દલીલ ભીમને કંઈક વધારે જ ગમી ગઈ. તે એકદમ ખુશ થતાં બોલ્યો- આજ જ્ઞાન તો હું આમને બાળપણથી આપતો આવ્યો છું.

આ સાંભળીને જ યુધિષ્ઠિરનો ચહેરો ઉતરી ગયો. તે કંઇ બોલ્યા તો નહીં, પણ તેમના હાવભાવ બધું કહી જ રહ્યા હતા. વાતે વાતે ભીમ મારા દરેક વિચારનું ખુલ્લી રીતે સમર્થન કરતો હતો તેનાથી યુધિષ્ઠિરના અહંકારને ઠેસ પહોંચતી હતી. હશે, મારે જે કહેવું હતું એ કહી દીધું હતું. હવે વાત વધુ વણસે એ પહેલા મેં વાતને હાસ્યમાં પરિવર્તિત કરવાનું યોગ્ય માન્યું. કંઈ ઝઘડો થોડો જ કરવાનો હતો. તેથી આગળ જતાં, બે ચાર હાસ્ય સભર વાતો કરી દીધી અને આ રીતે આજનો દોર અહીં જ પૂરો થયો.

...સાચે જ, પાંચેય ભાઈઓના આવવાથી બહુ મજા પડી ગઈ હતી. દિવસો તો પલકારામાં પસાર થઈ રહ્યા હતા, કે કદાચ આખું જીવન પણ વીતી જાય તોય ખબર ન પડે. સાચું કહું તો હું તો હોશ કોશ જ ખોઈ બેઠો હતો. મજાની વાત તો એ કે આટલા દિવસોમાં એવી કોઈ રમત નહોતી જે અમે ન રમ્યા હોઈએ. યમુનામાં દડો ફેંકવો પછી તેને પકડવા માટે કૂદી પડવું, આ મારી સૌથી વધુ મનપસંદ રમત હતી. મેં તમને જણાવ્યું તો હતું કે હું એક શ્રેષ્ઠ તરવૈયો છું. આથી હું જ સૌથી પહેલા દડો પકડવા કૂદી પડતો. અને તમે તો જાણો જ છો કે જીતવું મને બાળપણથી કેટલું પસંદ છે. આથી આ રમત તો મને પસંદ પડવાની જ હતી. આમ તો ઘણી બધી રમતો હતી, જેમાં મારો કોઈ સ્પર્ધક નહોતો. રથ-સ્પર્ધા પણ હું જ જીતતો. હાથમાં પથ્થર લઈ નિશાન તાકવાની રમતમાં કોઈ મારાથી સારી રીતે નિશાન સાધી શકતું ન હતું. ચક્રનું નિશાન તાકવાની આદત હતી ને! હા, કેટલીક એવી પણ રમતો છે જેમાં હું શૂન્ય હતો. ...જેમ કે દૂર સુધી પથ્થર ફેંકવો અને મલ્લ-યુદ્ધ. આમ પણ આમાં હંમેશાં ભાઈ અને ભીમ વચ્ચે મુકાબલો થતો. આ બધી રમતોમાં તો અમે બધા પ્રેક્ષક બનીને તમાશો જોતા. એટલું જ નહીં, તમે વિશ્ર્વાસ નહીં કરો કે એક દિવસ તો અમે દોડપકડ અને સંતાકૂકડી જેવી બાળકોની રમતો પણ રમ્યા હતા. એટલે કે ઉંમર એકવીસની અને ખેલ...? જવા દો, હાલ તો એક ખાસ વાત કહું તમને. આટલા દિવસોમાં હું અને અર્જુન ઘણા નજીક આવી ગયા હતા. વળી જો તેની થોડીક વિશેષતાઓ જણાવું તો અર્જુનને બડાઈ હાંકવા અને મદિરા પીવા સિવાય, સવાલો પૂછવાનો અને વિવાદ કરવાનો જબરો શોખ હતો. તેમજ તેની કેટલીય એવી આદતો હતી જેના લીધે તેનો મારી સાથે મેળ ખાતો હતો. તેની સૌથી મોટી ખાસિયત તો એ હતી કે એ ઊઠવામાં બહુ નિયમિત હતો. ઘણીવાર અમે બંને વહેલા ઊઠીને સવાર-સવારમાં યમુનાકિનારે ટહેલવા નીકળી પડતા. બીજી બાજુ, ભીમ અને ભાઈને તો હંમેશાં ઉઠાડવા જ પડતા હતા.

ખેર! આમ સરવાળે સ્વભાવ ભલેને બધાના અલગ અલગ હોય, પણ મજા ખૂબ આવી રહી હતી. ખરેખર, જીવનમાં ગજબનું પરિવર્તન આવ્યું હતું. ક્યાં હજી થોડા દિવસ પહેલા જ અમે ગોમંત-ટેકરી પર એકાંતભર્યું જીવન વિતાવી રહ્યા હતા અને ક્યાં અત્યારે આનંદ અને ઉમંગભર્યા દિવસો પાછા આવી ગયા હતા. હવે ખબર નથી પડતી કે સારા દિવસો ખરાબ દિવસોનો પીછો કરે છે કે ખરાબ દિવસો સારા દિવસોની પાછળ ચાલ્યા આવે છે. જે કંઇ પણ હોય, સત્ય એજ છે કે સારા અને ખરાબ દિવસો તેમજ સારો અને ખરાબ સમય આજ બે રંગોથી મનુષ્ય-જીવન ભર્યું ભર્યું છે. જીવન ગમે તેવું હોય અને મનુષ્ય કોઈપણ હોય, આ બંનેની આવ-જા થતી જ રહે છે. આથી જીવનભર આનંદમાં એજ રહી શકે છે જે ખરાબ દિવસો અને ખરાબ સમયને પણ સારી રીતે જીવતા શીખી લે છે. અને આ એજ શીખી શકે છે જે એ સમજવા તૈયાર હોય કે મનુષ્ય-જીવન મળ્યું છે તો ખરાબ સમય પણ આવ્યા જ કરશે. એટલે કે એ ખરાબ દિવસોને સ્વીકારીને તેમાં પણ આનંદ અને ઉત્સવ શોધવાની કળા જે શીખી લે છે, એજ પોતાનું જીવન સાર્થક કરી શકે છે. ...નહીં તો 'રડવું' એ મનુષ્યના ભાગ્યમાં છે જ.

...જવા દો, આ બધાં ચિંતન તો ચાલતા જ રહેશે. અત્યારે તો એક મજાની વાત કહું, એક દિવસ હું અને અર્જુન આમ જ યમુનાકિનારે ફરવા નીકળી પડ્યા હતા. વાતવાતમાં તેણે મને હસ્તિનાપુરની બધી પરિસ્થિતિ વિસ્તારથી સમજાવી. જેનો સાર એ હતો કે ત્યાંની રાજગાદી પર તેમનો અધિકાર હોવા છતાં પણ દુર્યોધનની હઠને કારણે, ના તો તેમને રાજગાદી મળી રહી છે અને

ના તો રાજમહેલમાં યોગ્ય મહત્ત્વ મળી રહ્યું છે. જોકે દુર્યોધનના પિતા, એટલે કે મહારાજ ધૃતરાષ્ટ્ર, અને પિતામહ ભીષ્મ તેમનું હિત ઈચ્છે છે, પરંતુ તે બિચારા, દુર્યોધનની આગળ લાચાર છે. હકીકતમાં, અર્જુને આ બધી વાતો એટલા માટે કહી હતી કે આવી સ્થિતિમાં શું કરવું યોગ્ય છે, તે એ સમજવા માંગતો હતો. હવે અર્જુનની વાત તો અર્જુન જાણે, પણ આ બધું સાંભળીને, મને તો મજા આવી. કારણ કે તમે તો જાણો જ છો કે આવી વાતો સમજાવવા માટે હું હંમેશાં તત્પર રહું છું. તેથી, મેં તરત કહ્યું- સૌથી પહેલા તો તમારે તમારા વિચારો બદલવાની જરૂર છે. તમારું માનવું છે કે ભીષ્મ-પિતામહ અને ધૃતરાષ્ટ્ર તમારું સમર્થન કરે છે, પણ દુર્યોધનના દબાણને કારણે એ કોઈપણ યોગ્ય નિર્ણય લઈ શકતા નથી. જો આવું માની પણ લઈએ તો પણ મારી દ્રષ્ટિએ, જે ભાવના પરિણામ ન લાવી શકે, તે બે કોડીની છે. સાચી વાત તો એ છે કે જુલમ કરનાર, જુલમ સહન કરનાર અને જુલમને ચૂપચાપ જોનાર, ત્રણેય સરખા ગુનેગાર છે. ...દુર્યોધન અને દુ:શાસન જુલમ કરે છે, તમે લોકો આ જુલમ સહન કરી રહ્યા છો, અને ભીષ્મપિતામહ તથા ધૃતરાષ્ટ્ર જુલમ થતો જોઈ રહ્યા છે. આમ, બરાબર જોવા જઈએ તો તમે ત્રણેય સરખા પાપી છો. ખાસ કરીને જ્યાં સુધી તમે સ્વયં નહીં સુધરો, ત્યાં સુધી કોઈની પણ પાસે તમને ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી. એ તરફ, મારી સ્પષ્ટ વાત સાંભળીને અર્જુન ઘણીવાર સુધી ઊંડા વિચારોમાં ખોવાયેલો રહ્યો. જાણે મારી વાત સમજવાનો પ્રયત્ન કરી રહ્યો હોય. કરવા દો, હું તો મારું ભાષણ આપીને તૃપ્ત થઈ જ ચૂક્યો હતો. તેથી મારા તરફથી હવે અન્ય કોઈ અંતરાય પાડવાનો પ્રશ્ન જ નહોતો ઉઠતો. બસ, યમુના નિહાળતા, અમે કદમથી કદમ મેળવીને ચાલી રહ્યા હતા. હવે, ખબર નથી તેણે શું વિચાર્યુ કે કેટલું સમજ્યો, પરંતુ અચાનક એણે એક બેહૂદો સવાલ પૂછ્યો. તેણે પૂછ્યું- શું તમે જાણો છો, ધર્મ શું છે અને અધર્મ શું છે?

...હું તો સવાલ સાંભળતા જ નવાઈ પામ્યો. તે સમયે મને ક્યાં ખબર હતી કે આજ સવાલ અર્જુન મહાભારતનાં યુદ્ધમાં ફરીથી પૂછશે. ખેર! હાલ તો મને પણ પોતાનું ચિંતન પ્રકટ કરવાનો આટલો મોટો અવસર પહેલી વાર મળી રહ્યો હતો. હું આ મોકો ક્યાં ચૂકવાનો હતો? જોકે તેને સંયોગ કહું કે બીજું કંઇ, પરંતુ જીવનમાં પહેલી વાર ચિંતન વ્યક્ત કરવાનો મોકો પણ અર્જુને જ મને આપ્યો હતો. અને ચિંતનનું સર્વશ્રેષ્ઠ ઉડ્ડયન, એટલે કે 'ભગવદ્ગીતા' કહેવાનું નિમિત્ત પણ અર્જુન જ બન્યો હતો. હશે, હાલ તો મેં એકદમ વ્યાવહારિક ભાષામાં કહ્યું- અર્જુન! હકીકતમાં ધર્મ અને અધર્મનો નિર્ણય દરેક વ્યક્તિનો અંતરાત્મા પોતે જ નક્કી કરે છે. આ અંતરાત્મા બધું જ જાણે છે. તેથી, જે તેના અવાજ પર કાર્ય કરે છે તે ધાર્મિક, અને જે પોતાના અંતરાત્માનું નથી સાંભળતો... તે અધાર્મિક. પરંતુ દુ:ખદ પરિસ્થિતિ એ છે કે મનુષ્ય તેના શરણે જવાને બદલે, બીજી હજારો વાતો પર વિચાર કરે છે, તેનાથી તે ન માત્ર સરળતાથી અધર્મમાં જીવી શકે છે, બલ્કે અધર્મ કરી પણ શકે છે.

...મને ખબર નહોતી કે 'ધર્મ-અધર્મ'ની જે પરિભાષા મેં અર્જુનને અત્યારે ચાર વાક્યોમાં કહી હતી, તે જ પરિભાષા મારે તેને ભગવદ્ગીતામાં સાત સો શ્લોકોમાં કહેવી પડશે. હશે, અત્યારે તો અર્જુન વધારે કાંઈ સમજ્યો હોય, એવું મને લાગ્યું નહીં. આમ પણ અર્જુન સમજવા કરતાં, સમજાવવામાં વધારે વિશ્વાસ રાખતો હતો. આખી ગીતા દરમિયાન તે એજ તો કરી રહ્યો હતો. માટે જવા દો તેની વાતને. હાલ તો એક નવી વાત કહું. એક દિવસ એમ જ હું, ભીમ અને અર્જુન ફળિયામાં બેઠા હતા. વાતવાતમાં ભીમે જણાવ્યું કે યુધિષ્ઠિરે સત્ય બોલવાની પ્રતિજ્ઞા લીધી છે. હું તો એકદમ જ આશ્ચર્ય પામી ગયો. મારા માટે તો એ બિલકુલ નવાઈપ્રેરક હતું. જોકે તેનાથી હવે મારા માટે યુધિષ્ઠિરના અહંકારને સમજવાનું સરળ થઈ ગયું હતું. ભલા કોઈ કેવી રીતે હાલની પ્રકૃતિમાં હંમેશાં સાચું બોલવાની મૂર્ખતાપૂર્ણ તથા અધાર્મિક પ્રતિજ્ઞા લઈ શકે? ચોક્કસ છે કે આવી પ્રતિજ્ઞા કોઈ પરમ અહંકારી જ લઈ શકે છે. ...આ તરફ હું આવા વિચારોમાં ડૂબેલો હતો કે અર્જુને પૂછ્યું- કયા વિચારોમાં ખોવાઈ ગયા, મિત્ર?

મેં કહ્યું- આ યુધિષ્ઠિરની સાચું બોલવાની પ્રતિજ્ઞા મને સમજાઈ નહીં. એના માટે કમસેકમ સત્ય-અસત્યનું જ્ઞાન હોવું જરૂરી છે.

હવે મારી આવી સ્પષ્ટ વાત સાંભળીને એક ક્ષણ માટે તો અર્જુન થોડો ચોંક્યો, જોકે કંઇ બોલ્યો નહીં. માત્ર ખબર નથી એવા ભાવાર્થમાં માથું હલાવી વાત પર ધ્યાન ન દીધું. પરંતુ તેના હાવ-ભાવથી એ સ્પષ્ટ હતું કે પોતાના મોટાભાઈ વિશે આવી વાત તેને નહોતી ગમી. કોઈ વાંધો નહીં; વાત અર્જુનને ગમે કે ન ગમે, મારે તો આજે એ વાતનો ફેંસલો કરીને જ રહેવું છે. હજી હું એવું વિચારતો જ હતો કે ભાઈ પણ આવી ગયા. અમે ત્રણે જણા તો યમુના તરફ મોં કરીને જમીન પર બેઠેલા જ હતા. અમને વાતોમાં આટલા મશગૂલ જોઈને એ પણ અમારી સાથે જ બેસી ગયા. તેમને વાતચીતમાં શામેલ થતાં જોઈને હું ઉત્સાહિત થઈ ગયો. મારા મત પ્રમાણે તો હવે મારી વાત દ્રઢતા સાથે મૂકવા માટેનું વાતાવરણ પણ બની ગયું હતું. બસ, અર્જુનની ઈચ્છા ન હોવા છતાં પણ મેં મારી વાત આગળ વધારવાના ઉદ્દેશથી અર્જુનને પૂછ્યું- કદાચ તને મારી સત્ય-અસત્યના જ્ઞાનવાળી વાત સમજાઈ નહીં હોય. અર્જુને નીચી મૂંડી કરીને જ હકારમાં માથું હલાવ્યું. આજ તો હું ઈચ્છતો હતો. હવે મને વાત આગળ વધારવાનો સીધેસીધો અવસર મળી ગયો હતો. એટલે મેં તરત જ મોકો જોઈને કહ્યું- અર્જુન! એક ઈન્દ્રિયોના સત્યના આધારે ક્યારેય મોટા ધાર્મિક કાર્યો કરી શકાતા નથી. હવે મારું જ ઉદાહરણ લો. મેં અત્યાર સુધી જેટલાં પણ મોટા કાર્યો કર્યાં છે અથવા કહું કે જેટલાં પણ મહાન ધાર્મિક કાર્યો કર્યા છે, તે કાં તો જુઠ્ઠું બોલીને કર્યા છે... અથવા કોઈ અસત્યનો આધાર લઈને કર્યા છે.

મારી આ વાતે ભીમ અને અર્જુન, બંનેને બરાબરના ચોંકાવી દીધા. એકમાત્ર ભાઈ સામાન્ય હતા. સામાન્ય શું હતા, તેમણે તો મારા પર એક જોરદાર વ્યંગ પણ કરી દીધો. તે આવેશમાં આવીને બોલ્યા- એમ તો કનૈયાએ પણ દિવસમાં એક વાર સત્ય

બોલવાની પ્રતિજ્ઞા લીધી છે. ...અને આ સાથે જ, ભાઈના કસમયના પરંતુ ભવ્ય કટાક્ષે ફરી વાત હવામાં ઉડાવી દીધી. અને જ્યારે ગંભીર વાત હવામાં ઓગળી જ ગઈ, તો મજાકમસ્તીનો દોર ચાલ્યો. અને આ મજાકમસ્તીના વાતાવરણમાં આજની બેઠક પૂરી પણ થઈ. એટલે કે ભાઈની એક અડચણના કારણે, મારા હાથમાંથી સત્ય-અસત્ય વિશે એક મોટું ચિંતન કરવાનો અવસર સરી ગયો. હશે, આમ સરવાળે આ બધી વાતોમાં તથા રમત-ગમતમાં એક મહિનો ક્યાં વીતી ગયો, કાંઈ ખબર જ ન પડી. ...પછી જેમ દરેક પ્રવાસીનો જવાનો સમય થાય છે તેમ પાંડવોનો જવાનો સમય પણ થઈ ગયો. હું એ બધાની મિત્રતામાં એટલો બધો ખોવાઈ ગયો હતો કે હું તો ભૂલી જ ગયો હતો કે તે હંમેશ માટે નથી આવ્યા. સ્વાભાવિક રીતે, તેમના જવાના નામથી હું ઘણો ઉદાસ થઈ ગયો હતો, પરંતુ જનારાને કોણ રોકી શક્યું છે? બસ, આવું જ બધું વિચારીને મેં મારું મન મનાવી લીધું અને જતાં જતાં શિષ્ટાચારવશ નાનાજીને મળવા માટે પણ લઈ ગયો. તમે નહીં માનો, આજે પૂરા એક મહિના પછી નાનાજીને મળી રહ્યો હતો. એ ખૂબ જ ચિંતિત જણાતા હતા. મેં પણ પૂરા એક મહિનાથી એમના કોઈ જ ખબર-અંતર લીધા નહોતા. જોકે નાનાજીનો ઉતરી ગયેલો ચહેરો જોઈને અચાનક મને મથુરા પર સત્રાજિત નામની લટકતી તલવાર યાદ આવી ગઈ હતી. જોકે આ મુલાકાત શિષ્ટાચારવશ હતી. અને આમેય પાંડવોની ઉપસ્થિતિમાં બીજી કોઈ ચર્ચા તો કરી શકાય તેમ નહોતું, માટે મારી અને નાનાજી વચ્ચે આ બાબતે ન તો કોઈ વાત થઈ કે ન તો હંમેશાંની જેમ આશ્વાસનની આપ-લે પણ થઈ શકી. બસ, અમારી આ ઔપચારિક મુલાકાત અહીં જ પૂરી થઈ. ત્યાંથી અમે સીધા ઘરે પહોંચ્યા જ્યાં કુંતીફોઈ તૈયાર જ ઊભાં હતા. મેં અને ભાઈએ તેમનાં આશીર્વાદ લીધાં અને એ સાથે જ કુલ પાંચ રથોના રસાલામાં ચાર સેવક-સૈનિકોને લઈને આવેલા પાંડવોનો કાફલો બપોર થતાં થતાં હસ્તિનાપુર જવા નીકળી પડ્યો. તેમનાં જવાથી તો અમે મા-દીકરો ઘણા દુ:ખી થયા. ભાવુક તો ભીમ અને અર્જુન પણ ઘણા હતા. પરંતુ છૂટા તો પડવાનું જ હતું, એટલે છૂટા પડ્યા.

ખેર! પાંડવો તો ચાલ્યા ગયા, પણ જતાં જતાં હંમેશ માટે મારા મનમાં એમની મિત્રતાની સુંદર યાદો છોડતા ગયા. ખરેખર, પાંડવોની સાથે વૃંદાવન છોડ્યા પછીના સૌથી સુંદર દિવસો વિતાવ્યા હતા. આટલા દિવસોમાં મેં ન તો રાજમહેલના સમાચાર લીધા હતા કે ન તો નાનાજીના ખબર-અંતર જાણવાનો પ્રયત્ન કર્યો હતો. છેક ત્યાં સુધી કે સત્રાજિત નામની બીમારીને પણ યાદ નહોતી કરી. બીજું તો ઠીક, ...રાધા, વૃંદાવન કે રુક્મિણીની પણ યાદ નહોતી આવી. વાત પણ સાચી છે. જ્યારે જીવન આમ પણ પોતાની ઊંચાઈઓ સિદ્ધ કરી રહ્યું હોય ત્યારે આ બધી વ્યર્થ વાતો પર કોણ ધ્યાન આપે છે? જોકે અમુક મૂર્ખ માણસો ચોક્કસ હોય છે કે જે વ્યર્થ ચિંતાઓમાં ફસાઈને હાથમાં આવેલી જીવનની સુંદર પળોને નાહક જ ગુમાવી દે છે. ચાલો, એક જીવવાના શોખીન હોવાના નાતે, મેં તો આ અવસર ગુમાવ્યો નહીં, પણ એક નવી મુસીબતમાં જરૂર ફસાઈ ગયો. પાંડવોના ગયા પછી પણ ભીમ તથા અર્જુનની યાદો મારા મનમાંથી જતી નહોતી. સાથે રહી રહીને મારા મનમાં યુધિષ્ઠિરની સત્ય બોલવાની પ્રતિજ્ઞાવાળી વાત ઘુમરાતી જ રહેતી હતી. હકીકતમાં થોડા દિવસોના સહવાસમાં જ મને પાંડવો સાથે લગાવ થઈ ગયો હતો. અને આવામાં યુધિષ્ઠિરની આ સાચું બોલવાની પ્રતિજ્ઞા વાળી વાત યાદ આવતાની સાથે જ મન ખૂબ જ ઊંડી શંકાઓ તથા ચિંતાઓમાં ડૂબવા લાગતું હતું. અને તે સાથે જ હું પાંડવોના ભવિષ્યને લઈને શંકિત થતો જતો હતો. મને સમજાતું નહોતું કે જ્યારે પ્રકૃતિ પૂર્ણ વર્તમાન છે, એ પળેપળ જીવી રહી છે... નિત્ય નવો સમય અને નવી પરિસ્થિતિઓ લાવે છે; તો આવી પરિસ્થિતિમાં દરેક સમયે દરેક સ્થિતિમાં, કોઈ સત્ય બોલવાની પ્રતિજ્ઞા કઈ રીતે લઈ શકે? ધારો કે યુધિષ્ઠિરને પણ ક્યારેક ખોટું, અસત્ય કે કપટનું નિમિત્ત બનવાનો સમય આવ્યો, ત્યારે પણ શું તે સત્યનો આશ્રય જ લેશે? શું તે સત્ય બોલવાની વાતને ધર્મ માનીને આટલો મોટો અધર્મ કરી બેસશે? ...જો આવું થયું, તો તે પોતાની સાથે સાથે બધા ભાઈઓને પણ લઈ ડૂબશે. કેમકે તે બધા મૂર્ખાઓ યુધિષ્ઠિરની તમામ આજ્ઞાઓનું પૂર્ણ વિનમ્રતાપૂર્વક પાલન કરે છે. એક તો પાપ અને ઉપરથી મહાપાપ... એટલે કે એક તો અસત્યનું નિમિત્ત બનતી વખતે યુધિષ્ઠિર દ્વારા સત્ય બોલવાનું પાપ, અને ઉપરથી બધા ભાઈઓ દ્વારા એમની આજ્ઞાનું બરાબર રીતે મૂલ્યાંકન કર્યા વગર એને માની લેવાનું મહાપાપ. ક્યાંક આ આજ્ઞાકારી ભાઈઓ યુધિષ્ઠિરની આ એક પ્રતિજ્ઞાને કારણે ક્યારેક કોઈ મોટી મુસીબતમાં તો નહીં ફસાઈ જાય ને? ...જોકે આ બધી તો ભવિષ્યની વાત હતી અને એને ભવિષ્ય પર છોડી દેવી જ સમજદારી હતી. આવું જ વિચારીને, ફરી એક વાર મારું ચિંતન એ વાતો પરથી હટાવીને ફરીથી મથુરાની વર્તમાન પરિસ્થિતિ સમજવા પર કેન્દ્રિત કરવાનું જ યોગ્ય લાગ્યું. અને આ વિચાર સાથે જ હું પાછો સંપૂર્ણ રીતે મથુરામય થઈ ગયો.

અધ્યાય - ૧૦

મારી પ્રાણ-પ્યારીનો સ્વયંવર

'કર્મ' સમયની જરૂરિયાત પ્રમાણે કરવામાં આવતા કાર્યોનું નામ છે. એક વાત ખાસ યાદ રાખો, માત્ર કર્મોથી સમય ક્યારેય નથી બદલી શકાતો. હા, સમયાનુસાર કર્મ કરતાં રહેવાથી આજે નહીં તો કાલે, ખરાબ સમય ચોક્કસ ટળી શકે છે. અને આ બાજુ હાલના સમયની માંગ મથુરાની પરિસ્થિતિઓનું યોગ્ય રીતે વિશ્લેષણ કરવાની હતી. 'સત્રાજિત'ના તમામ બદ્ઈરાદાઓ પર પાણી ફેરવીને, રાજમહેલ સામે યાદવ પ્રમુખોની વધતી એકતાને તોડવાની હતી. ...આથી રાત્રિ થતાં થતાં મેં મારી જાતને સમયની માંગ પ્રમાણે ઢાળી દીધો. અર્થાત્ પાંડવોને મારા ચિત્તમાંથી હટાવીને મારું ધ્યાન મથુરાની વર્તમાન પરિસ્થિતિ પર કેન્દ્રિત કરવા લાગ્યો. હવે કેમકે આટલા દિવસો પછી આ માથાકૂટમાં પડ્યો હતો, એટલે ચિંતન સાથ નહોતું આપતું, સાથે સાથે ઊંઘ પણ દગો દઈ રહી હતી. કદાચ પાંડવોની ઊણપ સાલી રહી હતી. હવે મહિનાથી દિવસ-રાત એમની સાથે રહેવા માટે ટેવાઈ ગયો હતો. ...એટલે કે પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી કે પાંડવોને વીસરીને સૂવાના પ્રયત્નો પણ કરું, તો સત્રાજિતનું ષડયંત્ર ઊંઘ ઉડાડી દેતું હતું. અને એના વિશે કંઈ વિચારવાના પ્રયત્નો કરતો હતો તો પાંડવો યાદ આવી જતા હતા. ટૂંકમાં રાત પડખાં ઘસી ઘસીને જ કાઢવી પડી હતી.

ખેર! એક રાત બગડી, કંઈ વાંધો નહીં. પરંતુ રોજ રોજ તો ઊંઘ ખરાબ ન જ કરી શકાય. ઉપાય સ્પષ્ટ હતો, મથુરાના વાતાવરણમાં ભળી જઈશ તો પાંડવોને આપોઆપ ભૂલી જઈશ. આમ પણ જેનો ઉપાય નથી એવા વિષયને ભૂલવાની એક જ રીત છે. 'જેનો ઉપાય હોય એવા વિષયમાં ડૂબી જવું.' બસ, પછી બીજું શું હતું. ઊઠતાંની સાથે જ, ઊંઘ પૂરી ન થઈ હોવા છતાં પણ તૈયાર થઈને સીધો રાજમહેલ જઈ ચડ્યો. નાનાજી તેમના શયનખંડમાં જ આડા પડ્યા હતા. મને જોતાં જ, તેઓ ઊઠી ગયા. હું તેમના ચરણ સ્પર્શ કરીને તેમની પાસે જ ગાદલા પર બેસી ગયો. પૂછવાનો તો સવાલ જ નહોતો, નાનાજીની મુખમુદ્રા જ બધું કહી રહી હતી. ...છતાં પણ હું પરિસ્થિતિની વાસ્તવિકતા સંપૂર્ણપણે જાણવા માગતો હતો. મેં પૂછ્યું એટલે નાનાજીએ તમામ વાતો ઘણાં વિસ્તારથી જણાવી. કદાચ તેઓ મહિનાથી આજ દિવસની રાહ જોઈ રહ્યા હતા. ખરેખર મારા વગર તે સાવ એકલા પડી ગયા હતા. કોઈ વાંધો નહીં, હવે બિલકુલ તાજો થઈને આવ્યો છું... બધું જ ઠીક કરી દઈશ.

ચાલો, આ તો વિશ્વાસની વાત થઈ. અત્યારે તો નાનાજીએ કહેલી વાતોનો સાર કહું, તો એમના કહ્યા અનુસાર મથુરાનો રાજકોષ સંપૂર્ણપણે ખાલી થઈ ગયો હતો. પરિસ્થિતિ તો એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે રાજમહેલના ખર્ચા ઉપાડવા પણ મુશ્કેલ બની ગયા હતા. ઉપરથી સત્રાજિતના પ્રભાવમાં આવીને, અત્યારે કોઈ કર પણ નહોતું ભરતું. આટલું જ નહીં, હવે સત્રાજિતે એક નવો જ રાગ આલાપવાનું શરૂ કર્યું હતું. તે બૃહદ્લને યુવરાજ બનાવવાની માંગણી કરી રહ્યો હતો. આટલું ઓછું હતું તેમ, ધીમે ધીમે બધા યાદવપ્રમુખો જ નહીં, પ્રજા પણ સત્રાજિતની આ માંગણીને સમર્થન આપી રહી હતી. આ બધું તો ઠીક પણ આ વાતનું સહુથી ભયાનક પાસું એ હતું કે નાનાજી એવું સ્પષ્ટપણે માનતા હતા કે આટલા ઓછા સમયમાં સત્રાજિત બધું જ આટલી સરળતાથી એટલે કરી શક્યો હતો, કેમકે તે બધાને એવું સમજાવવામાં સફળ રહ્યો હતો કે કૃષ્ણની નજર મથુરાની રાજગાદી પર છે; તે નાનાજીને ફોસલાવીને મથુરાનો રાજકુમાર બનવાના ચક્કરમાં છે. ...અને જો કૃષ્ણ યુવરાજ બનશે તો જરાસંધ, જે એક છંછેડાયેલા સાપની જેમ તડપી રહ્યો છે, તે ચોક્કસ મથુરા પર ભીષણ આક્રમણ કરી દેશે. અને જો આવું થશે, તો આ વખતે તો આર્યાવર્તના નકશા પરથી મથુરાનું નામ જ ભૂંસાઈ જશે. પણ જો બૃહદ્લ યુવરાજ બનશે તો જરાસંધે વચન આપ્યું છે કે તે મથુરા પર ક્યારેય હુમલો નહીં કરે.

આ સાંભળતા જ મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. હું પાંડવોની સાથે મોજમસ્તી કરી રહ્યો હતો અને અહીં સત્રાજિતે મારો ઘાટ ઘડી નાખ્યો હતો. દુષ્ટે વાત જ કંઈક એવી રીતે સમજાવી હતી કે આખા મથુરાએ એની સાથે સહમત થવું જ પડે. પ્રશ્ન એ હતો કે બૃહદ્લના યુવરાજ બનવાથી મને શું ફેર પડવાનો હતો? ...મારે તો મથુરાના યુવરાજ બનવું નહોતું. શું વાત કરે છે, કનૈયા... સાચી વાત સમજ! જો એક વાર સત્તા સત્રાજિતના હાથમાં આવી ગઈ, તો પછી તને અહીંયાં રહેવા કોણ દેશે? એટલે કે આ આખી વાત તારા વધી રહેલા પ્રભાવને ભૂંસી નાખવા માટે છે. ...સમજ્યો કે નહીં? હા હા, સમજ્યો... હું તો સમજી ગયો, પણ તમે સમજ્યાં કે નહીં? મામલો એટલો ગંભીર હતો કે હું મનોમન બબડવા લાગ્યો હતો. સવાલ એ છે કે સત્રાજિતને જે સમજવું હોય તે સમજે, પણ સામાન્ય પ્રજાને આ શું થઈ ગયું? તે મારાથી વિમુખ કઈ રીતે થઈ ગઈ? જરાસંધને બે બે વાર ભગાડનારા વીરને તે કેવી રીતે ભૂલી ગઈ? ભૂલી શકે છે, અહીંની સામાન્ય પ્રજામાં હતું પણ શું? એની સ્થિતિ તો રાજકીય પરિસ્થિતિ કરતાં પણ ખરાબ હતી. ન તો એમની પાસે કોઈ વ્યવસાય હતો, કે ન તો એમને કોઈ કામ કરવાની પ્રેરણા પણ આપી રહ્યું હતું. વળી કમાલ તો એ કે દિવસ-રાત વેશ્યાલયોમાં ભીડ વધતી જતી હતી. આમ પણ યાદવો પહેલેથી જ માંસ-મદિરાના શોખીન હતા. ઉપરથી આખો દિવસ ચોપાટ અને જુગાર રમવાની ટેવે એમની કાર્યદક્ષતા સંપૂર્ણપણે ખતમ કરી નાખી

હતી. આવી પરિસ્થિતિમાં, વધતા જતા નૃત્ય અને ગાયનના શોખે એમને બરબાદીના આરે લાવીને મૂકી દીધા હતા. હવે આવું કાર્ય વગરનું ખાલી મગજ શેતાનના ઘર સમાન હોય જ છે. ખરું કહું તો આજ સુધીમાં મેં ક્યાંય પણ કોઈપણ રાજ્યમાં માંસ-મદિરાનું આટલું સેવન કે જુગાર અને વેશ્યાઓની આવી લત જોઈ નહોતી. આમ તો મથુરા જ શું કામ, અન્ય અનેક યાદવ રાજ્યોની સ્થિતિ પણ આવી જ હતી. હકીકત તો એ હતી કે યાદવો પોતાની આ ખરાબ ટેવને લીધે સમગ્ર આર્યાવર્તમાં બદનામ હતા. ...તેમ છતાં, અન્ય રાજ્યોની હાલત મથુરા જેવી તો જરાયે નહોતી. હવે આવી નાકામ પ્રજા પાસેથી વફાદારીની કે પછી સત્ય અને ન્યાયની આશા રાખવી જ નકામી હતી. કહી શકાય કે જ્યારે કંઈ સમજાતું નહોતું તો 'દીવાની દાઝ કોડિયા પર'નાં ન્યાયે, સત્રાજિતની દાઝ પ્રજા પર કાઢી રહ્યો હતો. પરંતુ તે પણ ક્યાં સુધી? બસ, અમે, નાના-પૌત્રએ થોડાં ફળ વગેરે ખાધાં, મેં તેમને કોઈને કોઈ ચક્કર ચલાવીને સત્રાજિત પર લગામ કસવાનું આશ્વાસન આપ્યું અને ત્યાંથી સરકી ગયો.

પરંતુ સરકીને પણ ક્યા જાત? પરિસ્થિતિની ગંભીરતા જોઈને, ચેન પડવાનો તો કોઈ સવાલ જ નહોતો ઊઠતો. તેમ છતાં પણ અવસર શોધીને બસ, હું ચૂપચાપ યમુનાકિનારાવાળા ઘરમાં એકાંત વીતાવવા ચાલી નીકળ્યો. હકીકતમાં હું પહેલા પરિસ્થિતિના દરેક પાસાં પર યોગ્ય રીતે વિચાર કરી લેવા માંગતો હતો. એક વાર સમસ્યાનું ખરું હાર્દ સમજાઈ જાય, તો ઉપાય શોધવાનું ખાસ્સુ સહેલું બની જતું હોય છે. બસ, ક્યારેક હિંચકા ઉપર બેસીને વિચારતો, તો ક્યારેક બગીચામાં ચક્કર લગાવતા લગાવતા ચિંતનોમાં ખોવાઈ જતો. એક પણ સેવક-સૈનિક સાથે લઈ ગયો નહોતો કે ક્યાંક વિચારવામાં અડચણ થાય. વિચારતા વિચારતા થાકી જતો તો આસપાસના વૃક્ષો પરથી ફળ તોડી લાવતો. અને પછી આખો દિવસ તે ફળો ઉપર જ નભાવી લેતો. અને મારા આવા ગળાડૂબ ચિંતનનું પરિણામ પણ આવ્યું. હું જલ્દીથી કેટલાક મહત્ત્વપૂર્ણ નિષ્કર્ષો પર પહોંચી ગયો હતો. સૌથી ખતરનાક વાત, જે મને સમજાઈ રહી હતી તે એ હતી કે જરાસંધ હવે મારો પહેલાં કરતાં પણ વધારે જીવલેણ દુશ્મન બની ગયો છે. જ્યારે આનાથી વિપરીત, હું તો એવું સમજી રહ્યો હતો કે ગોમંતથી હાંકી કાઢવામાં આવેલી જરાસંધ નામની આફત હાલ પૂરતી તો માથેથી ટળી ગઈ છે. પણ લાગે છે કે કદાચ ગોમંત-ટેકરીથી ભાગવાની બદનામીએ એના અહંકારને એવી ઠેસ પહોંચાડી હતી કે હવે લઈ-દઈને એની પાસે માત્ર મને ઠેકાણે પાડ્યા સિવાય બીજું કોઈ કામ જ નહોતું રહ્યું. ...પણ, કારણ કે અત્યારે તે હુમલો કરી શકવાની સ્થિતિમાં નહોતો, વળી સાથોસાથ પાછલા અનુભવોને જોતા, તે ઉતાવળમાં ફરી એવી કોઈ ભૂલ પણ કરવા નહોતો માગતો; બસ, એટલે પહેલાં તે મથુરામાં મારા માટે વિકટ પરિસ્થિતિ ઊભી કરી રહ્યો હતો. અને એનું સૌથી ભયંકર પાસું એ હતું કે તે પોતાના આ કામ માટે સત્રાજિતનો સારી રીતે ઉપયોગ કરી રહ્યો હતો. હવે તમે જ વિચારો, જરાસંધ અને સત્રાજિત જેવા મારા કાયમી શત્રુઓના મિલનથી વધારે ખરાબ ખબર મારા માટે બીજી કઈ હોઈ શકે? ...કનૈયા, આ વખતે તો તું ગયો કામથી. જો માત્ર સત્રાજિત જ એક મુશ્કેલી હોત તો એને નિવારી શકાત. જરાસંધને તો પહેલાં પણ બે વાર પછાડી ચૂક્યો છે, પણ બંનેના સંયુક્ત ષડયંત્રને કેવી રીતે નાથી શકીશ? કારણ કે મનુષ્ય કાં તો માત્ર ઘરના શત્રુઓ સાથે લડી શકે કે પછી બહારના શત્રુઓ સામે, પરંતુ જ્યારે બંને તરફના શત્રુઓથી ઘેરાઈ જાય, તો મામલો વધારે ગંભીર થઈ જાય છે.

...સાચું તો એ છે કે સ્થિતિ આ વખતે વધારે વિકટ એટલા માટે થઈ ગઈ હતી કે પોતાના સ્વભાવથી વિરુદ્ધ, જરાસંધ પોતાના ક્રોધ પર કાબૂ રાખી રહ્યો હતો. હું જે કહી રહ્યો છું એનો અનુભવ કદાચ જરાસંધની સાથે સાથે તમે પણ કરી જ ચૂક્યા હશો. પહેલા બે હુમલાઓ એણે ક્રોધમાં આવીને કર્યા હતા, પરિણામે બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી... અને તેથી, બંને વાર બરાબરની લપડાક ખાવી પડી હતી. પણ આ વખતે કેમકે તેણે પોતાના ગુસ્સા પર કાબૂ રાખ્યો હતો, એટલે એક સારી રાજનૈતિક ચાલ ચાલવામાં તે સફળ થયો હતો. પહેલાં તે સત્રાજિત દ્વારા બૃહદ્દલને યુવરાજ બનાવવા માગતો હતો. પછી વિકટ પરિસ્થિતિ ઊભી કરીને તે મને મથુરામાંથી હાંકી કાઢવા માગતો હતો. ...એટલે કે કાં મથુરાવાસીઓને મારી વિરુદ્ધ એટલા બધા ભડકાવવા કે મથુરાવાસીઓ મને મથુરામાંથી હાંકી કાઢે, અથવા તો મારા માટે એટલી બધી ખરાબ સ્થિતિ ઊભી થાય કે મજબૂર થઈને હું જાતે જ મથુરા છોડી દઉં. તમે જોયુંને, જ્યાં સુધી જરાસંધ બદલાની આગમાં સળગી રહ્યો હતો ત્યાં સુધી તે આટલો ખતરનાક નહોતો, પણ કહેવાય છેને કે ઠંડો ક્રોધ વધારે ખતરનાક અને અસરકારક સિદ્ધ થતો હોય છે. ...મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ હતી. એક વાર તો ગોમંત ટેકરી પર નિરાશ્રિત જીવન વિતાવી ચૂક્યો હતો. હવે તો આવા જીવનના નામથી જ હૃદય કંપી ઊઠતું હતું. મારી વાત તો બાજુએ રાખો, પણ મથુરાના દૃષ્ટિકોણથી જોઈએ તો પણ બૃહદ્દલ કોઈપણ રીતે યુવરાજ બનવાને લાયક નહોતો. બદીઓમાં તે ખરેખર યાદવોનો પણ સરદાર હતો. જોકે સગપણમાં તે મારો ભાઈ જ હતો, મારી સગી માસીનો દીકરો હતો. પણ જે મદિરા અને વેશ્યાઓમાં રાતદિવસ ડૂબેલો હોય, એને મથુરાનો યુવરાજ કેવી રીતે બનાવી શકાય? પહેલેથી જ મુશ્કેલીઓના વમળોમાં અટવાયેલી મથુરાની કમાનને આવાના હાથમાં કઈ રીતે સોંપી શકાય, જે આખો દિવસ સતત નશામાં ધૂત રહેતો હોય?

...પરિસ્થિતિ ખરેખર ખૂબ જ ગંભીર હતી. મારું જ નહીં, મથુરાનું ભવિષ્ય પણ સંપૂર્ણપણે અંધકારમય લાગતું હતું. મારા બચવાનો તો કોઈ ઉપાય જ નહોતો દેખાતો, પણ મથુરાનો ય કોઈ આરોવારો નહોતો દેખાતો. એક તો મથુરા આમ પણ ભૂખમરામાં સબડી રહ્યું હતું, ઉપરથી કામચોરી એના લોહીમાં વણાઈ ગઈ હતી. ...આવી પરિસ્થિતિમાં એને કોઈ માર્ગદર્શકની જરૂર હતી અને મથુરાની આ જરૂરિયાત હું ચોક્કસપણે પૂરી કરી શકું એમ હતો. હું મારી કર્મઠતા દ્વારા મથુરાને બચાવી પણ

શકત અને તેને સાચો માર્ગ પણ બતાવી શકત, પણ કુદરતની કરામત જ કંઈક એવી હતી કે મારે પોતાને જ મથુરામાં ટકવાના ફાંફા પડી રહ્યા હતા. ગમે તે થાય, પણ સમસ્ત મથુરાના લોકોને બરબાદ થતાં તો ન જોઈ શકાય. એમને બચાવવાના પ્રયત્નો તો કરવા જ પડશે. એમને બચાવવા પણ પડશે. ...પણ કેવી રીતે? અહીં તો "કર્મવીર કૃષ્ણ"નાં કર્મો પર જ ચારેબાજુથી નિયંત્રણ મૂકી દેવામાં આવ્યું છે. પરિસ્થિતિ એવી હતી કે સત્રાજિત અને જરાસંધ વચ્ચે તિરાડ તો પડાવી શકાય એમ નહોતું, અને બંને એક રહે તો બચી શકાય એમ નહોતું. વળી બીજી તરફ ન તો મથુરામાં મારા વિરુદ્ધ ઊભા કરવામાં આવેલ વાતાવરણને રોકી શકાય એમ હતું કે ન તો આવા વાતાવરણમાં વધારે સમય મથુરામાં રહી શકાય એમ હતું. ટૂંકમાં સમસ્યા ખરેખર ખૂબ જ જટિલ અને ગંભીર હતી. ન તો મારા બચવાની કે ન તો મથુરાને બચાવવાની કોઈ આશા દૂર દૂર સુધી દેખાતી હતી.

તો શું, કર્મવીર કૃષ્ણ હાથ પર હાથ રાખીને બેસી રહે? બિલકુલ નહીં. આવું તો થઈ જ ન શકે. મેં તાત્કાલિક ઉપાયો પર વિચારવાનું શરૂ કરી દીધું. થોડા જ દિવસોના ચિંતન પછી હું એક તારણ પર તો આવી ગયો કે મથુરા અને મારી સમસ્યા એક જ છે અને શત્રુ પણ એક જ છે. અને જ્યારે સર્વહિતમાં જ પોતાનું હિત સમાયેલું છે તો પછી મથુરાને બચાવવાના પ્રયત્નથી જ આ અઘરા કામની શરૂઆત કેમ ન કરવામાં આવે? શક્ય છે કે મથુરાને બચાવતા બચાવતા પોતાના બચાવનો પણ કોઈ રસ્તો મળી જાય. આમ જોવા જઈએ તો મારા ફક્ત બે જ શત્રુ હતા- જરાસંધ અને સત્રાજિત. પરંતુ મથુરાનો તો આ બંને સિવાય એક ત્રીજો પણ શત્રુ હતો... અરે ભાઈ, મથુરા પોતે!

હશે, હાલ તો નિષ્કર્ષ પર પહોંચતા જ હું ફરી પિતાજીના ઘરે પાછો ફર્યો હતો અને સાથે આખા મથુરાની ચિંતા પણ લઈ જ આવ્યો હતો. ...ખરેખર આ દુષ્ટોએ પોતાની જાતને એવી સ્થિતિ પર લાવીને મુકી દીધી હતી કે એમને બચાવવા હોય તો પણ કઈ રીતે બચાવવા? અને જ્યાં સુધી મથુરાની સ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી એમના વિચાર પણ બદલી શકાવાના નહોતા. અને જ્યાં સુધી રાજમહેલ અને મારા માટે એમની માનસિકતા ન બદલાય, ત્યાં સુધી સત્રાજિતને નાથી શકાય એમ નહોતું. વાત બે અને બે ચાર જેવી હતી. મારે બચવું હોય તો તેનો એક જ ઉપાય હતો કે સત્રાજિતની હરકતો પર લગામ લગાવી દેવામાં આવે. જે વર્તમાન પરિસ્થિતિઓમાં, મારા કે નાનાજીના એકલાના હાથની વાત રહી નહોતી. હા, જો આ માટે સામાન્ય મથુરાવાસીઓનો સાથ મળી જાય, તો આ શક્ય બની શકે તેમ હતું. અને મથુરાની સ્થિતિ સુધાર્યા વિના મથુરાવાસીઓની સાન ઠેકાણે આવવાની નહોતી. કામ-ધંધાવાળા લોકોને રાજમહેલની ચિંતા હોય છે, પણ બેકાર માણસને તો અંધાધૂંધીમાં જ રસ હોય છે. અને અહીંની પરિસ્થિતિ અને લોકો, બંને એટલા બદતર હતા કે વિચારતાવેંત જ માથું ભમી જતું હતું. અહીંના તમામ વેપાર-ધંધા પહેલેથી જ નષ્ટ થઈ ચૂક્યા હતા. કોઈની પાસે એટલી બચત પણ નહોતી કે ફરીથી વેપાર જમાવી શકાય. ન તો એવો કોઈ કામ ધંધો હતો કે જેમાંથી ધન એકઠું કરી શકાય. રાજકોષ પહેલેથી જ ખાલી હતો. માટે રાજમહેલ પણ સામાન્ય મથુરાવાસીઓની કોઈપણ મદદ કરવામાં અસમર્થ હતો. ઉપરથી સત્રાજિતે પાથરેલી જાળ અને મથુરાવાસીઓની ખરાબ લતના કારણે, આજે નહીં તો કાલે મથુરામાં ગૃહયુદ્ધની સ્થિતિનું નિર્માણ થવાની સંભાવના સ્પષ્ટ દેખાઈ રહી હતી. હવે તમને તો શું કહું, યાદવોની આ ખરાબ લતને કારણે જ મેં ચંડક તથા મહારાણી પદ્માવતીએ ભેટમાં આપેલી પચાસેક ગણિકાઓનો અસ્વીકાર કર્યો હતો. સારી ગણિકાઓ દરેક રાજ્યની જરૂરિયાત હોય છે એ ખરું, જેથી આખા દિવસનો થાકેલો વ્યક્તિ અઠવાડિયામાં એકાદ વાર એમનું ગાન સાંભળવા જાય. પરંતુ અહીં મથુરામાં તો આ ગણિકાઓ એક રોગચાળાનું રૂપ ધારણ કરી ચૂકી હતી. અહીં ગણિકાઓ કામકાજનો થાક દૂર કરવાનું સાધન નહીં, પણ ઐયાશીનું પ્રતિક બની ગઈ હતી.

હશે! હાલ તો મારી પાસે પોતાને બચાવવા માટેનો કોઈ ઉપાય નજરે ચડતો નહોતો. આવામાં આ બધી વાતોનો શું ફાયદો? અત્યારે તો મારે પરિસ્થિતિ પર નજર રાખીને મોકાની પ્રતીક્ષા જ કરવાની હતી. અને જ્યાં સુધી મથુરાને બચાવવાનો સવાલ છે, તો આ સમયે મથુરાની મુખ્ય જરૂરિયાત ધનની હતી. ધનથી અમુક વ્યવસાય ઊભા કરી શકાય. જો વ્યવસાય વધશે તો રોજગાર વધશે અને જો રોજગાર વધશે તો લોકો ઐયાશીમાંથી બહાર આવીને કામકાજ પર ધ્યાન આપશે. આવું થવાથી, શક્ય છે કે ફરીથી રાજમહેલને કરવેરો મળવા લાગે. જોકે આ બધા માટે લોકોને મહેનતની પ્રેરણા આપવાની પણ જરૂર હતી. જો દરેક ઘરની એક વ્યક્તિ પણ ગોવાળ તરીકેનું કામ કરે, તો પણ ઓછામાં ઓછું હાલના ભૂખમરામાંથી તો છુટકારો મેળવી જ શકાય. પરંતુ આ બધાં કામ દેખાતા હતા તેટલા સરળ નહોતાં બલ્કે તેના કરતાં અનેકગણા કઠિન હતા. અત્યારે તો બેહાલ મથુરામાં વ્યવસાય જમાવવો અને આ આળસુઓને કામે લગાડવા કંઈ મજાક થોડી જ હતી, એ પણ ત્યારે કે જ્યારે સત્રાજિત સહુને ગેરમાર્ગે દોરી રહ્યો હતો. એટલે વાતને ગમે તે છેડેથી પકડો, પણ હરી ફરીને ત્યાંજ આવીને ઊભી રહેતી હતી. સત્રાજિતની સ્થિતિ મજબૂત હોય ત્યાં સુધી મથુરાને સાચા રસ્તે લાવી શકાય તેમ નહોતું, અને મથુરાને સાચા રસ્તે લાવ્યા વિના, મારું વધારે સમય મથુરામાં ટકી શકવું શક્ય નહોતું.

...ચાલો મારું તો ઠીક, વધુમાં વધુ માત્ર બે વ્યક્તિઓના જીવનનો પ્રશ્ન છે. સત્રાજિત, મારો અને જરાસંધનો ઝઘડો તો ચાલતો જ રહેશે, પણ એ ક્યાંનો ન્યાય કે આ ઝઘડાને કારણે, આખી મથુરાએ વેઠવું પડે? બધાના હિતનો આવો શુભ વિચાર આવતાં જ, મને થયું કે શા માટે મારી પાસે રહેલા ખજાનામાંથી થોડો ભાગ રાજકોષમાં ન જમા કરાવી દઉં? એનાથી મારું તો ઠીક, પણ ઓછામાં ઓછું મથુરાની સ્થિતિમાં થોડો તો સુધારો થશે. તત્ક્ષણ મને એક બીજો વિચાર આવ્યો, કે એના કારણે તો હું

પોતે જ નિર્બળ બની જઈશ અને મારી નિર્બળતા મથુરા માટે ક્યારેય હિતકર નહીં હોય. એટલે કે ઉપાય એવો વિચારો કે આપણી અને સત્રાજિતના પ્રભાવની સ્થિતિમાં જરા જેટલો પણ ફેર ન પડે. તો પછી હું એ પ્રસ્તાવ શા માટે ન રાખું કે જો સમગ્ર યાદવ-પ્રમુખો રાજકોષને મદદ કરવા તૈયાર હોય, તો હું પણ રાજમહેલની મદદ કરવા તત્પર છું. હા, આ બરાબર છે. ખરેખર જો એક વાર રાજમહેલની આર્થિક સ્થિતિ સુધરે તો જન-કલ્યાણ માટે કેટલાય કામ કરીને ઓછામાં ઓછું મથુરાને તો બચાવી જ શકાય. અને આનાથી રાજમહેલની પરિસ્થિતિ પણ સુધરશે જ. અને જ્યારે રાજમહેલને સધ્ધર બનાવવો જ છે તો તેમાં કચાશ શું રાખવાની? અર્થાત્ ધીમે ધીમે ભલે, હું પોતાની ચિંતા છોડીને, મથુરાની ચિંતામાં ડૂબતો જતો હતો. ...અને કહેવાય છે ને કે બીજાના હિતનું વિચારવાથી જ પોતાના હિતનો રસ્તો નીકળે છે, બરાબર એજ રીતે, સતત મથુરાના ઉદ્ધાર અંગે ચિંતન કરતાં કરતાં મારા મનમાં એક અપ્રતિમ વિચાર ઉદ્ભવ્યો. એ પણ એટલો સચોટ કે એક તીર અને અનેક શિકાર. બધી જ સમસ્યાઓનો એકસાથે અંત આવે તેમ હતું. મારા માથા પરથી આફત પણ ટળી શકતી હતી અને મથુરાનો ઉદ્ધાર પણ થઈ શકતો હતો.

હવે તમે કહેશો કે કૃષ્ણ, શું કોઈ જડીબુટ્ટી હાથ લાગી છે? કંઈક અમને પણ કહો... હમણાં જ કહું છું... હું વિચારી રહ્યો હતો કે સ્યમંતક મણિ કુદરતની દેન છે. કાયદેસર તો એના પર મથુરાનો અધિકાર થાય છે, તો પછી સત્રાજિત પાસેથી સ્યમંતક મણિ જ માગી લેવામાં આવે. જો સ્યમંતક મણિ રાજભંડારમાં જમા થઈ જાય, તો બધી જ સમસ્યાઓનો એકસાથે અંત આવી જશે. મથુરાની સમસ્યા તો ઉકેલાશે જ, પણ સાથોસાથ સત્રાજિત પણ ઠેકાણે પડી જશે. કારણ કે એનું જે પણ વર્ચસ્વ છે, તે આ મણિને કારણે જ છે. જેવો મણિ તેના હાથમાંથી નીકળ્યો, કે તરત જ યાદવ-પ્રમુખો પણ એની સાથે છેડો ફાડી નાખશે. પછી તો બધા યાદવો પણ આપોઆપ રાજમહેલના વફાદાર બની જશે. ...ઉપાય તો એકદમ જોરદાર શોધીને લાવ્યો છે, કૃષ્ણ. પણ તું તો એવી રીતે કહી રહ્યો છે જાણે સત્રાજિત તારા કહેવામાં હોય. તે મણિ આપવા રાજી થાય તો ને! ત્યાં સુધી તો બધી વાતો હવામાં જ સમજો. કેમકે સત્રાજિત પાસેથી મણિ છોડાવવો એ સિંહના મોઢામાંથી મારણ છિનવવા સમાન છે. તો આ સત્ય, તો હું પણ જાણું છું, પણ માત્ર આ એક જ ઉપાય છે. અને યોગ્ય પણ આજ છે. અને તે ના માન્યો તો? તો તેને 'સામ, દામ, દંડ, ભેદ'થી મનાવવામાં આવશે. ...છતાં પણ ના માન્યો તો? તો હું સમજીશ કે મથુરાના ઉદ્ધારમાં કુદરતની મરજી સામેલ નથી. પછી તો હું પણ રાજમહેલને કંઇ ખાસ મદદ નહીં કરું. લો, આણે તો ફેરવી તોળ્યું. છતાં પણ તું શા માટે તારો બધો ખજાનો રાજકોષમાં નથી જમા કરાવી દેતો? લો.. આ શું વાત થઈ? સત્રાજિતથી વાત મારા પર લઈ આવ્યા? સાચું કહું છું, મને ખરા હૃદયથી મથુરાની ચિંતા છે, પણ હું કોઈ પાગલ કે ભાવુક વ્યક્તિ થોડો જ છું કે વાત સમજાયા પછી પણ પોતાની જૂની વાતને વળગી રહું.

ન સમજ્યાં, હમણાં સમજાવું છું. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું કે મથુરાને તો હું ક્યારનીયે મારી પોતાની માની બેઠો હતો, પરંતુ આ યાદવપ્રમુખોએ મળીને હંમેશાં એવી પરિસ્થિતિઓ પેદા કરી હતી કે હજુ સુધી મથુરાએ મને પૂર્ણપણે અપનાવ્યો નહોતો. હવે ભલા આવી સ્થિતિમાં, હું કેવી રીતે મારું બધું ધન મથુરા પર લૂંટાવી દઉં? ...અને ખાસ કરીને એ જોતાં કે મારા કંગાળ થવાથી શીઘ્ર જ સત્રાજિતના બદ્ઈરાદા વધુ મજબૂત થઈ જશે. અને જ્યાં સુધી મથુરાવાસીઓને પ્રેરણા આપવાનો પ્રશ્ન છે, તો એ બાબતમાં મને મારી ક્ષમતા પર શંકા ઉઠવાનો પ્રશ્ન જ નહોતો ઉઠતો. હું મારા અથાગ પ્રયત્નો અને સમજાવટથી આ યાદવોને બૂરી આદતોમાંથી છુટકારો પણ અપાવી શકતો હતો, અને તેમને મહેનતના માર્ગે પણ વાળી શકતો હતો. ...અર્થાત્ તેમને મહેનતુ બનાવવા મારા હાથની વાત હતી, તેમજ તેમાં મને કોઈ નુકસાન પણ નહોતું થતું અને વળી આવા સેવાના કામ માટે તો હું હંમેશાં તત્પર પણ રહું છું. બાકી ધન વગેરેની વાત કરીને મને પરેશાન ના કરો. કારણ કે મારી સમજમાં આવી ગયું કે જો ખરેખર મથુરાને બચાવવી છે, તો મારું બચવું પણ વધારે જરૂરી છે. અને વળી હું કર્મવાદી શા માટે તમામ સંભાવનાઓને સાથે લઈને ના ચાલું? બસ, હું પણ બચીશ અને મથુરાને પણ બચાવીશ. પણ ધન વિના મથુરાનો ઉદ્ધાર કરીશ કેવી રીતે? અને વળી તને અહીં ઉદ્ધાર કરવા પણ કોણ દેશે? વાત તો સાચી છે, સત્રાજિત અને અન્ય યાદવ-પ્રમુખો મારા આ કાર્યમાં બની શકે એટલાં રોડાં ચોક્કસ નાખવાના હતા. કેમકે તેમનું તો લક્ષ્ય જ મથુરાને મુસીબતમાં નાખીને નાનાજી પર દબાણ લાવવાનું છે, જેથી તેઓ ના છૂટકે બૃહદ્દલને યુવરાજ બનાવવા રાજી થઈ જાય. ત્યાં બીજી બાજુ એ પણ નક્કી હતું કે નાનાજી કોઈપણ ભોગે બૃહદ્દલને યુવરાજ બનાવીને, મથુરાને વિનાશના માર્ગે લઈ જવા તૈયાર નહોતા. ...તેઓ હજારો દબાણ સહન કરીને પણ આ બાબતે રાજી નહીં થાય. અર્થાત્ આનાથી તો મથુરામાં ગૃહયુદ્ધ ફાટી નીકળશે.

નહીં, આવું કંઇ થવા નહીં દઉં. હું આ બાબતે વધારે ચિંતન કરીશ પણ ઉપાય તો કોઈપણ સંજોગોમાં, મને અને મથુરા, બંનેને બચાવવાનો જ શોધીશ. આથી, હાલ તો આ વાતને છોડો. હમણાં તો હું તમને આ વાતના એક બીજા પાસાથી માહિતગાર કરું છું. હકીકતમાં નાનાજી ખરા હૃદયથી મને યુવરાજ બનાવવા ઈચ્છતા હતા. અને જ્યાં સુધી મારો સવાલ છે, તો હું ન તો યુવરાજ બનવા માગતો હતો કે ન તો યુવરાજ બનવા માટે પરિસ્થિતિ પણ અનુકૂળ હતી. જે યાદવ-પ્રમુખો મારું મથુરામાં રહેવું પણ સહન કરી શકતા નહોતા, તેઓ મને યુવરાજ બનાવવા કેવી રીતે રાજી થાય? બીજી બાજુ ઉંમરને લીધે નાનાજી ઈચ્છે તો પણ આ દબાણ કેટલા દિવસ સુધી સહન કરી શકવાના હતા, એ પણ સવાલ હતો. અને નાનાજી કમજોર, તો હું મથુરાથી બહાર. કહેવાનો અર્થ એ કે સમસ્યા એક ઠેકાણે નહીં, પણ અનેક ઠેકાણે મોઢું ફાડીને ઊભી હતી. આથી સરવાળે, સમયની જરૂરિયાત જોતાં, ઊંચી ઉડાન ભરવાને બદલે ક્રમાનુસાર એક એક કાર્ય પતાવવું જ યોગ્ય લાગ્યું. ...આવામાં અત્યારે

યાદવોને સુધારવા કે મથુરાના પુન:નિર્માણ વિશે વિચારવું બહુ દૂરની વાત હતી. પ્રથમ જરૂરિયાત યાદવો પર પોતાનું પ્રભુત્વ જમાવવાની હતી, જેથી નાનાજી પરનું દબાણ હળવું કરી શકાય; અને તેના કારણે મારે કોઈપણ ભોગે ફરી વાર મથુરા છોડવાની નોબત ન આવે. વાત સીધી અને સાફ હતી. અહીંયાં રહી શકીશ તો મથુરા માટે કંઈક કરી શકીશ ને? એટલે કે વાત હરી ફરીને, ફરી એક વાર મારા અસ્તિત્વ સાથે જોડાઈ ગઈ હતી. હવે કર્મ કરવા માટે પણ જીવિત રહેવું તો જરૂરી છે જ. અને એનો એક જ રસ્તો છે કે સત્રાજિત અને એના મળતિયાઓને ઠેકાણે પાડી દેવામાં આવે. બસ, હું રાત-રાતભર એ ગડમથલમાં ખોવાયેલો રહેવા લાગ્યો કે સત્રાજિત અને અન્ય યાદવ-પ્રમુખો પર પોતાની ધાકનો સિક્કો કેવી રીતે જમાવી શકાય? જ્યારે બહુ વિચાર કર્યા પછી કોઈ ઉપાય ન જડ્યો તો મેં સત્રાજિતની સીધી મુલાકાત લેવાનું યોગ્ય માન્યું. કારણ કે સમય ઝડપથી પસાર થઈ રહ્યો હતો અને વહી જતા સમયની સાથે, રાજમહેલ પર સત્રાજિતનો સકંજો બરાબર કસાતો જતો હતો. અને સત્રાજિત મને અને મથુરાને ઠેકાણે પાડી દે એ પહેલાં વિચાર્યું કે કંઈ નહીં તો કમસેકમ આ બહાને એનું મન તો જાણી લેવામાં આવે.

બસ, બીજા દિવસે બપોરે હું સત્રાજિતના ઘરે પહોંચી ગયો. લો, ગયો હતો સત્રાજિતના આશયને સમજવા અને પોતાનું જ ધ્યાન વિચલિત થવાની સ્થિતિ આવીને ઊભી રહી. દ્વાર ફરીથી સત્યભામાએ જ ખોલ્યું. એનો નિખાલસ ચહેરો જોતાં જ એની સાથેની પહેલી મુલાકાત યાદ આવી ગઈ. ...આ તરફ સત્યભામા મને જોતાં જ પળવાર માટે તો ખુશ થઈ ગઈ, પણ પછી શું થયું કે અચાનક પૂતળીની જેમ ઊભી રહી ગઈ. મારા માટે તેનો આ બદલાયેલો અભિગમ સમજવાનું ક્યાં અઘરું હતું? હું સ્પષ્ટ જોઈ રહ્યો હતો કે એ સહજ નહોતી. આમ પણ મને જોઈને યુવતીઓ માટે સહજ રહી શકવું મુશ્કેલ જ થતું હતું. હવે તમારાથી શું છુપાવું? સત્યભામાની આ હાલતે મને ફરી રાધાની યાદ અપાવી દીધી. તમને યાદ હશે કે હું જ્યારે જ્યારે રાધાને જોતો, મારી હાલત પણ આવી જ થઈ જતી હતી. ખેર, આ સમયે આ બાબતો પર વિચારવું કે તેને વધુ મહત્ત્વ આપવું યોગ્ય નહોતું. આથી દ્વાર પર ઊભા ઊભા જ મેં સીધું સત્રાજિત વિશે પૂછ્યું. મારો સીધો સવાલ સાંભળીને સત્યભામાએ પણ સીધો જવાબ આપ્યો કે તેઓ મણિવાળા ઓરડામાં ગયા છે, અને તેમને આવતાં થોડી વાર લાગે એમ છે. ...ખરેખર તેણે શુષ્ક રીતે કઠોરતાથી જવાબ આપ્યો હતો. ...અને ન કેમ આપે? મારા સવાલમાં જ કઠોરતા હતી. ...શું કરું? એટલો મૂંઝવણમાં હતો કે ઈચ્છત તો પણ પ્રેમપૂર્વક ન પૂછી શક્યો હોત. હશે, મારું કામ તો થઈ ગયું. હું સમજી ગયો હતો કે મણિ અહીં જ છે અને અત્યારે સત્રાજિત મણિ દ્વારા સોનું કાઢી રહ્યો છે. એટલે કે શિકારી જ નહીં, શિકાર પણ મથુરામાં જ મોજૂદ છે. હવે આટલી મોટી વાત જાણ્યા પછી, સત્રાજિતની રાહ જોવાનો કોઈ અર્થ નહોતો. વિચાર્યું, મારું કામ થઈ ગયું, હવે ચૂપચાપ ચાલી નીકળું. ...ત્યારે બીજો વિચાર આવ્યો. જ્યારે મારું કામ પતી ગયું છે તો ભોળી સત્યભામાને શું કામ દુ:ખી કરું? જો રાધાએ મારી સાથે આવું કર્યું હોત તો? બસ, મેં તત્કાળ મારું રૂપ બદલ્યું. અને ઘરમાં પ્રવેશ કરતાં, અત્યંત પ્રેમપૂર્વક તેની પાસે શરબત માંગ્યું. મારો અભિગમ બદલાતા જ એનો અભિગમ પણ બદલાયો... એ આનંદથી દોડતી ગઈ અને શરબત લઈ આવી. એને પ્રસન્ન જોઈને હું પણ ખુશ થયો. ચાલો, હવે મારું આ કામ પણ પૂરું થયું. હવે અહીં રોકાવાનું કોઈ કારણ નહોતું. આથી શરબત પીને મેં સસ્મિત તેની રજા માગી. આ સાંભળીને એણે આશ્ચર્યથી પૂછ્યું- પિતાજીની રાહ નહીં જુઓ?

વાત તો સાચી છે, પણ જ્યાં આટલું મોટું રહસ્ય જાણી લીધું છે તો પછી હવે મુલાકાતનો શો અર્થ? એટલે વાતને વાળી લેતા કહ્યું- કાંઈ ખાસ કામ નહોતું, હું એમ જ શિષ્ટાચારવશ એમને મળવા આવ્યો હતો. મહેરબાની કરીને મારા આવ્યાની એમને સૂચના આપી દેજો.

...આટલું કહીને હું તો ઊભો થઈ ગયો, પરંતુ સત્યભામા મને આ રીતે જવા દેવા માગતી નહોતી. તો, હું રાધાને ક્યાં જવા દેતો હતો? બસ, એ નિખાલસ યુવતીએ રોકવાના આશય સાથે ભાવનાપૂર્ણ રીતે કહ્યું- જ્યારે મળવા જ આવ્યા છો તો થોડી વાર રાહ કેમ નથી જોતા?

મને સત્યભામા પાસે બેસવામાં કોઈ વાંધો નહોતો. પણ મારી કૂટનીતિ આ સમયે મને સત્રાજિતને મળવાની બિલકુલ રજા આપતી નહોતી, કેમકે હું હાથ આવેલા આ અવસરને આગળ ધરીને તેના મનને મૂંઝવણમાં જ રાખવા માગતો હતો. મારું માનવું હતું કે કંઈ નહીં તો કમસેકમ થોડા સમય માટે પણ એ મારા આગમનનો આશય જાણવાની પેરવીમાં રહે. તેનો સીધો ફાયદો એ કે જ્યારે તમારા દુશ્મનો તમારા વિશે જાણકારી મેળવવામાં રોકાયેલા હોય ત્યારે તે હુમલો નથી કરતાં. એટલે કે થોડા સમય માટે તમે તેના આક્રમણથી બચી શકો છો. હવે આ વાત તો મારા અને તમારા વચ્ચેની છે કે સત્રાજિતને ત્યાં હું શું કામ ગયો હતો, એ હું પોતે પણ નહોતો જાણતો, તો સત્રાજિત શું ધૂળ જાણવાનો હતો? બની શકે કે મારા આવવાનું કારણ ન જાણી શકવાના કારણે વ્યગ્ર થઈને એ કોઈ ભૂલ કરી બેસે, અને મને બેઠા બેઠા જ કોઈક રસ્તો મળી જાય. બસ, આવી જ આશા સાથે અને મણિના મથુરામાં હોવાના હાથ લાગેલા રહસ્ય સાથે સત્યભામાની ઈચ્છા ના હોવા છતાં પણ હું પરાણે તેની રજા લઈને નીકળી ગયો.

...પણ શું કહું? સત્રાજિત કૂટનીતિનો જૂનો ખેલાડી હતો. હું તો રાહ જોતો રહ્યો, પણ તેણે તો પાછા વળી મારો સંપર્ક કરવાની ચેષ્ટા પણ ન કરી અને ન તો મારી કોઈ નોંધ પણ લીધી. તેને ચોંકાવવા ગયો હતો, પણ તેણે તો મને જ ચોંકાવી દીધો. કોઈ વાંધો નહીં. કોઈ બીજા અવસરની રાહ જોવામાં આવશે. કોઈ નવી ચાલ વિચારવી પડશે. બસ, એક વાર ફરી આ

ગડમથલમાં પડી ગયો. આ દરમિયાન કોઈ નવી ચાલ તો ન સૂઝી, પણ એક દિવસ આમ જ ઘરે બેઠો હતો, ત્યાં ઝટપટ નાનાજીએ બોલાવ્યો. હું તત્ક્ષણ ચાલી નીકળ્યો. તેઓ ભરબપોરે પણ પોતાના શયનકક્ષમાં જ બેઠા હતા. આજે તેઓ કંઇક વધારે ચિંતામાં જણાઈ રહ્યા હતા. હું સમજી જ નહોતો શકતો કે કઈ નવી મુસીબત આવી પડી? પહેલાથી જ મુસીબતોની લાંબી લંગાર લાગી હતી. ...તેમાં વધુ એક! હું વિચારવા લાગ્યો કે મથુરા છે કે 'મુસીબતોની નગરી'? એટલે સુધી કે મેં તો શું હોય શકે તેના પર વિચાર કરવાની પણ જરૂર ન સમજી, ચૂપચાપ ઉદાસ બની નાનાજીની બાજુમાં બેસી ગયો. ...એ બાજુ થોડી વારની ખામોશી પછી એક લાંબો શ્ર્વાસ લેતાં તેમણે જ રહસ્ય પરથી પડદો હટાવ્યો. તે ઘણા દુ:ખી થતાં બોલ્યા- તું તો જાણે છે કનૈયા, કે અહીંના યાદવ-પ્રમુખોએ પહેલાથી મારી હાલત એવી કરી નાખી છે કે અહીંનો રાજા હોવા છતાં પણ હકીકતમાં મથુરા પર અત્યારે મારું કોઈ શાસન રહ્યું નથી. હું તો બસ, નામનો જ 'રાજા' રહી ગયો છું.

...વાત તો તેમની સાચી હતી. મારાથી પણ તેમની આ દયનીય સ્થિતિ જોઈ શકાતી નહોતી. પરંતુ આ સમયે મારી પોતાની સ્થિતિ શું ઓછી વિકટ હતી? એવા સમયે હું એમની શું સહાયતા કરી શકું અને શું સાંત્વના આપું? સાચું કહું તો આ સમયે બે તણખલાં એકબીજાના સહારે કિનારે આવવાની કોશિશમાં લાગ્યા હતા. ...પરિણામે, કિનારે તો પહોંચી શકતા નહોતાં, પણ માત્ર ડૂબે નહીં એ માટે ફફડતા હતા. એવામાં કહેવા-સાંભળવાનું તો ખાસ કાંઈ હતું નહીં, બસ, હંમેશાંની જેમ વાત જાણવાની ચેષ્ટા કર્યા વિના મેં નાનાજીને બે શબ્દો સાંત્વનાના કહ્યા, અને રજા માગી. જોકે સાચું કહું તો હવે આ અમારો સાપ્તાહિક કાર્યક્રમ બની ગયો હતો. નાનાજી મને તેમના દુખડાં સાંભળવા માટે બોલાવતા અને હું તેમને સાંત્વનાના બે શબ્દો કહી પાછો આવી જતો. ...પરંતુ આ શું થયું? આજે નાનાજીએ મને પાછો બેસાડી દીધો. અચાનક થોડા વધુ જ ગંભીર થઈ ગયા. અને હું કંઇ સમજું-વિચારું એ પહેલાં એ ખામોશી તોડતાં ઉદાસ સ્વરે બોલ્યા- કૃષ્ણ, બીજું બધું તો ઠીક પણ હવે આર્યાવર્તમાં પણ મથુરાની આબરૂ પર હુમલો થવા લાગ્યો છે. એક તરફ મથુરામાં મને રાજા માનવામાં નથી આવતો, અને બીજી તરફ આર્યાવર્તમાં મથુરાને રાજ્ય માનવામાં નથી આવતું. હું આવા અપમાન હવે વધુ સહન કરી શકું તેમ નથી. વિચારું છું કે બધું છોડીને શરણાગતિ જ સ્વીકારી લઉં.

...લો! અહીં તો મારું મુખ્ય મહોરું જ પીછેહટ કરી રહ્યું છે. જો નાનાજીએ દુ:ખી થઈને કે ગભરાઈને રાજગાદી છોડી દીધી તો કનૈયા તારું તો આવી જ બન્યું સમજજે. પછી શરણ લેવા માટે કોઈ નવી ગોમંત-ટેકરી શોધતો રહેજે. જોકે હું નાનાજીના કહેવાનો અર્થ બિલકુલ સમજ્યો નહોતો, પણ એટલું ચોક્કસ સમજ્યો હતો કે આજની હતાશા કંઈક વધારે પડતી ઊંડી હતી. અને એટલું તો બરાબર સમજાતું હતું કે જો ઝડપથી એમને સંભાળી લેવામાં નહીં આવે, તો બધું નષ્ટ થયું જ સમજો. એ પણ સ્પષ્ટ જ હતું કે જે પરિસ્થિતિઓમાં અને ઉંમરના જે પડાવ પર તેઓ રાજગાદી સંભાળી રહ્યા હતા, ચોક્કસ રીતે ત્યાં એમના માટે એક એક પળ વિતાવવી એ મૃત્યુની ભયાનકતાથી કમ નહોતું. હું એ પણ સમજી રહ્યો હતો કે આજે મજબૂત આશ્ર્વાસન અને પાક્કી યોજના સિવાય કામ બની શકે તેમ નહોતું. અને મજબૂત આશ્ર્વાસન માટે પૂરી વાત જાણવી જરૂરી હતી. મથુરાની પરિસ્થિતિઓથી તો હું વાકેફ હતો, પણ આ આર્યાવર્તથી કઈ નવી મુસીબત આવી પડી છે એ વાત મારા માટે કોયડા સમાન હતી. આથી મેં નાનાજીને પૂરી વાત વિગતવાર સમજાવવા કહ્યું. વાત સાંભળુ અને સમજું તો કાંઇક રસ્તો કાઢવા માટે વિચારુંને. એ બિચારા તો પોતાના દુ:ખડા સંભળાવવા તૈયાર જ બેઠા હતા. એમણે પૂરી વાત વિસ્તારથી જણાવવાનું શરૂ કર્યું. નાનાજીએ જણાવ્યું કે એમના ગુપ્તચરોએ ખબર આપી છે કે આવતા મહિને કુંડીનપુરની રાજકુમારી 'રુક્મિણી'નો સ્વયંવર રાખવામાં આવ્યો છે. ખબર મળી છે કે સમગ્ર સ્વયંવર જરાસંધની દેખરેખ હેઠળ યોજવામાં આવી રહ્યો છે [66] .

નાનાજીના મુખેથી આટલું સાંભળતાં જ મારા જ્ઞાન-ચક્ષુઓ તો કામ કરતાં બંધ જ થઈ ગયા. અચાનક મારા હૃદયના ધબકારા વધી ગયા. જોકે તરત જ મેં જાતને સંભાળી પણ લીધી. કેમકે નાનાજીની વાત હજુ પૂરી નહોતી થઈ. તેમનું બોલવાનું હજુ પણ ચાલુ જ હતું. અને કેમકે વાત રુક્મિણીની હતી, આથી તેનો એકએક શબ્દ ધ્યાનપૂર્વક સાંભળવો બહુ જરૂરી હતું. ...આ તરફ નાનાજીએ આગળ જે કંઇ પણ કહ્યું તેનો સાર એ હતો કે રુક્મિણીનો ભાઈ રુક્મી જરાસંધને ખુશ રાખવા માટે તેનો વિવાહ બળજબરીપૂર્વક શિશુપાલ સાથે કરાવવાનો છે. આમ તો આ એ લોકોની આંતરિક બાબત છે, પરંતુ ચિંતાની વાત એ હતી કે જરાસંધના નિર્દેશ મુજબ, મથુરાને સ્વયંવરનું નિમંત્રણ આપવામાં આવ્યું નહોતું. આ માત્ર મથુરાનું ઘોર અપમાન ન હતું પણ વ્યક્તિગત રીતે એક રાજાની દ્રષ્ટિએ મારો બહુ મોટો તિરસ્કાર છે. ...આટલું કહીને તે થોડી વાર માટે ચૂપ થઈ ગયા, પણ પછી અચાનક ભાવુક થતાં બોલ્યા- તું જ કહે, કનૈયા! ઘરમાં અપમાન, બહાર અપમાન! હું આખરે કેટલા અપમાન સહન કરું? અપમાનોના કેટલા ઘૂંટડા પીવું? અને આટલાં અપમાનો પછી પણ આ ઉંમરે શું કામ રાજા તરીકે સિંહાસન પર બેસી રહું?

વાત તો સાચી હતી. ...પણ સાચી નહોતી. એ તો ચોખ્ખું દેખાઈ રહ્યું હતું કે નાનાજી એટલા થાકી ગયા હતા કે હવે તેમના પર વધુ દબાણ આવશે તો તેઓ રાજગાદી છોડી દેશે. અને વળી આ ઉંમરમાં એ આટલું દબાણ શું કામ સહન કરે? પણ બીજી તરફ એમના રાજગાદી છોડવાનો એ અર્થ પણ થતો હતો કે મને મથુરામાંથી તરત જ દેશવટો અપાય. એટલે એ રીતે જોઈએ તો એમનું આ રીતે ભાંગી પડવું મારા માટે બધી રીતે અયોગ્ય હતું. સમસ્યા ગંભીર હતી અને ઉપાય તાત્કાલિક શોધવો બહુ જરૂરી હતું. ...પરંતુ શું કરું, રુક્મિણીનું નામ શું આવ્યું, ...મારું ચિંતન સો કામ પડતાં મૂકીને રુક્મિણીમાં અટવાઈ ગયું.

બિચારું ચિંતન પણ શું કરે, એ પણ દિલથી મજબૂર હતું. ...લો, હું અહીં પોતાની સમસ્યાઓમાં જ અટવાયેલો રહ્યો અને ત્યાં મહારાણીનો સ્વયંવર રચાઈ રહ્યો હતો. ...એ પણ જબરજસ્તીથી અને શિશુપાલ જેવા દુષ્ટ સાથે. એટલે કે હું અહીં સપનાં જોતો રહી જાઉં અને ત્યાં મારા સપનાંની રાણી શિશુપાલની થઈ જાય. હવે તમને શું કહું, પળવારમાં મારા મનમાં આવા હજારો વિચારો આવ્યા અને ગયા. હવે જરાસંધ અને સત્રાજિતની સમસ્યા હતી એ તો હતી જ ને ઉપરથી નાનાજીના થાકની સમસ્યાએ તે સમસ્યાને વધુ જટિલ બનાવી દીધી હતી. આવા સમયે જ્યાં હૃદયને કોઈક આશ્ર્વાસનની જરૂર હતી, ત્યાં રુક્મિણી-સ્વયંવરના સમાચારે જાણે એના પર અસંખ્ય ઘા કરી દીધા હતા. હવે તમે જ બતાવો કે હૃદયથી ઘાયલ થયેલો હું બિચારો ચારે તરફ લડું તો કેવી રીતે લડું? કંઈક બીજું વિચારું તો વિચારું કેવી રીતે?

ચાલો, મારા જીવ અને મારા અસ્તિત્વ પર તો હું જન્મ્યો ત્યારથી હુમલા થતાં જ આવ્યા છે. પણ આ વખતે તો મારા સપનાંની રાણી રુક્મિણી પર જ સંકટનાં વાદળો ઘેરાયેલાં હતા. આવા સમયે મારી સ્થિતિની કલ્પના કરવાનું પણ અસંભવ હતું. મારે મારું જીવન અને સપનાં, બંનેને સલામત રાખવાના હતા. રુક્મિણીને કોઈપણ ભોગે સંકટમાંથી ઉગારવાની હતી. ભલે મારા માટે નહીં, પણ માનવતાની દ્રષ્ટિએ જોવા જઈએ તો પણ કોઈ છોકરીના વિવાહ જબરજસ્તીથી કરવા એ એને જીવતેજીવ મારી નાખવા સમાન નહીં તો બીજું શું છે? રુક્મિણીને પામી ન શકું તો કોઈ વાંધો નહીં, પણ તેને નર્ક સમાન જીવન જીવતા કેવી રીતે જોઈ શકું? હવે જોઈ શકું કે નહીં, પણ હકીકત એ હતી કે આ સિવાય હું બીજું કરી પણ શું શકવાનો હતો? વાત પણ સાચી છે, જેના પોતાના અસ્તિત્વ પર પ્રશ્ર્નાર્થ લાગી ગયો હોય, એ ભલા કરી પણ શું શકે છે? અરે, આ કેવી હતાશા કૃષ્ણ? કંઈ આ રીતે હથિયાર થોડા હેઠાં નાખી શકાય છે? બસ, મેં મારા સમગ્ર અસ્તિત્વને ઢંઢોળ્યું. કેમકે સંકટના આ સર્વોચ્ચ શિખર પર અંતરતમ્-ચૈતન્યનો જ સહારો હતો. આખરે તેના માટે પણ 'અત્યારે નહીં, તો ક્યારેય નહીં'નો જ સવાલ હતો. તમે નહીં માનો, તત્ક્ષણ મારી ચેતનામાં એક યોજનાએ જન્મ પણ લઈ લીધો. અરે ભાઈ, જ્યારે મામલો રુક્મિણીનો હોય ત્યારે ચેતનાએ પણ પોતાની પૂરેપૂરી તાકાત અજમાવવાની જ હતીને. મજાની વાત તો એ હતી કે રુક્મિણી-સ્વયંવરની જે સૂચનાએ મારા સમગ્ર અસ્તિત્વને છેછેડીને મૂકી દીધું હતું, ચિંતનના એક જ ઉડ્ડયને તેને મારા માટે વરદાન-સ્વરૂપ બનાવી દીધું હતું. જો પાસું સંપૂર્ણપણે યોગ્ય રીતે પડી જાય, તો તો વર્તમાન સમસ્યાનું નિરાકરણ જ થઈ જાય. અત્યારે, મનમાં યોજના તો સ્પષ્ટ હતી, પણ હવે સૌથી પહેલી આવશ્યકતા નાનાજીને સંભાળવા એ હતી. કેમકે યોજના પર અમલીકરણ તો તેમના દ્વારા જ કરાવવાનું હતું. ...જોકે યોજના મનમાં આવતાં જ આત્મવિશ્ર્વાસ પણ સંપૂર્ણ રીતે પાછો આવી જ ગયો હતો. અને એજ આત્મવિશ્ર્વાસ દર્શાવતાં મેં નાનાજીને કહ્યું- આપણી બે સમસ્યા છે. તેમાં પહેલી અને મહત્ત્વની મથુરાની આંતરિક પરિસ્થિતિ છે. મારું માનવું છે કે રાજાએ પ્રજાની ઈચ્છાનું સન્માન કરવું જોઈએ. જ્યારે બધા યાદવ-પ્રમુખો એવું ઈચ્છે છે કે બૃહદ્દલને યુવરાજ બનાવવો જોઈએ, તો તમે તેને યુવરાજ કેમ નથી બનાવી દેતા? તમે ખોટી હઠ કરો છો.

નાનાજી બોલ્યા- આ તું કહી રહ્યો છે, કનૈયા! તું તો તેની બધી ખરાબ આદતોથી સારી રીતે પરિચિત છે. એ તારો ભાઈ છે. તારાથી વધારે સારી રીતે એને કોણ જાણી શકે છે?

મેં કહ્યું- નાનાજી...! તમે એવું કેમ નથી વિચારતા કે એક વાર જવાબદારી માથે આવી પડી તો એ આપોઆપ સુધરી જશે. હું તો કહું છું કે તમે ઝડપથી યાદવ-સભા બોલાવો, અને તેનો સ્પષ્ટ અને એકમાત્ર હેતુ યુવરાજની વરણીનો રાખો. પરંતુ એ વાત ગુપ્ત રાખો કે આપણે બૃહદ્દલને યુવરાજ બનાવવાનું નક્કી કરી નાખ્યું છે. બાકી બધું મારા પર છોડી દો, હું બધું ઠીક કરી દઈશ. ...ડૂબતો શું ચાહે? એક નક્કર આશ્ર્વાસન. વળી નાનાજી તો આમ પણ મારા દિમાગ પ્રમાણે જ ચાલતા હતા. બીજી બાજુ તેમને મારા પર પૂરો ભરોસો પણ હતો, આથી તેઓ રાજી તો થવાના જ હતા. બધો મામલો જામી ચૂક્યો હતો. મારી યોજનાની પહેલી ચાલ હું ચાલી પણ ચૂક્યો હતો. હું ખુશ હતો. ચેતનાના પહેલાજ ધડાકાએ શક્યતાઓનાં બધાં દ્વાર ખોલી નાખ્યાં હતા. એટલે જ તો કહું છું... 'કૃષ્ણ'ના ચૈતન્ય અને બુદ્ધિની હયાતિમાં, કોઈ તેને કેવી રીતે હરાવી શકે?

ખેર! રાત થોડી ને વેશ ઝાઝા હતા. હજુ તો યોજના જ સ્ફૂરી હતી, કોઈ સફળતા નહોતી મળી ગઈ. આથી તત્કાળ વધતાં જતાં અહંકાર પર કાબૂ મેળવ્યો અને નાનાજીની રજા માગી. હાં, જતાં જતાં બીજી સમસ્યા, એટલે કે રુક્મિણીના સ્વયંવરનો ઉપાય અને યોજનાનું બીજું પાસું પણ ફેંકવાનું ન ભૂલ્યો. ઊઠતાં ઊઠતાં તેમને શિખામણ આપીને નીકળ્યો કે તમે રુક્મિણીના સ્વયંવરની અને તેના નિમંત્રણ ન આવ્યાની વાત કોઈને પણ કહેશો નહીં. તેનાથી ખોટી આપણી જ બદનામી થશે. ભલેને જરાસંધ અને રુક્મી મળીને તેનો વિવાહ જબરજસ્તીથી શિશુપાલ સાથે કરતાં હોય, આપણે તેનાથી શું? આ વાત તો મથુરામાં ન ફેલાય, એમાં જ આપણી આબરૂ છે.

...ખરેખર આ સમયે મારી ચાલમાં તેજી અને દિમાગમાં સ્ફૂર્તિ, બંને કમાલની હતી. જોકે તેનાથી વધુ કમાલનો હું હતો. જેવો રાજમહેલની બહાર નીકળ્યો કે તરત જ પૂરી રીતે 'રુક્મિણીમય' થઈ ગયો. મારી 'રુક્મિણી', મારા સપનાંની રાણીનો વિવાહ, અને મારી સાથે નહીં? ચાલો નહીં તો નહીં, પણ શિશુપાલ જેવા દુષ્ટ સાથે, અને એ પણ જબરજસ્તીથી... એક પૂર્વયોજના પ્રમાણે!! નહીં... આવું ક્યારેય શક્ય નહીં બને. આ જરાસંધનો બચ્ચો મારા જીવનો દુશ્મન તો હતો જ, હવે એ જાણે-અજાણ્યે મારો જીવ જેનામાં હતો એનો પણ દુશ્મન બની બેઠો છે. પણ હું એનો આ બદ્ઈરાદો બર નહીં આવવા દઉં.

મનમાં તો થતું હતું કે ચારે તરફ જરાસંધનો હુરિયો બોલાવું. પણ જરાસંધનો હુરિયો બોલાવવા-માત્રથી મારી પ્રાણપ્યારી રુક્મિણીને આ અત્યાચારથી નહોતી બચાવી શકાતી. વાત પણ સાચી છે, મનની ભડાસ કાઢવા માટે તો આખું જીવતર પડ્યું છે. અત્યારે કામ પર ધ્યાન આપું. કરવાના કામની આમ પણ એક લાંબી સૂચિ પડી છે, અને સામે સ્વયંવરમાં પણ એક મહિના કરતાં થોડો જ વધારે સમય બાકી છે. હમણાં તો સત્રાજિતે ઊભી કરેલી સમસ્યા જ મારી સામે જડબું ફાડીને ઊભી છે. સૌથી પહેલા આ સત્રાજિત અને બૃહદ્‌લના બચ્ચા સાથે ભરી પીઉં. તેમની સાથે ભરી પીધા પછી જ રુક્મિણી સુધી પહોંચી શકીશ ને.

બસ, આ વિચાર સાથે જ ફરી કર્મ પર ધ્યાન લગાવી દીધું. અને અત્યારે તો કર્મના નામ પર યોજનાનુસાર બોલાવવામાં આવેલી યાદવસભાને પાર પાડવાનું જ મારા હાથમાં હતું. અને આજ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને યાદવોની આ સભા નાનાજીને કહીને મથુરાના સૌથી મોટા પ્રાંગણમાં રાખવામાં આવી હતી. નાનાજીની પણ પ્રશંસા કરવી પડશે. આટલી નબળી પરિસ્થિતિમાંથી પસાર થતાં હતા તો પણ એમણે સાત દિવસોમાં જ સભાનું આયોજન ગોઠવી કાઢ્યું હતું. મારા આ સાત દિવસો તો પાણીની જેમ પસાર થઈ ગયા, અને આજે સભાનો દિવસ આવી પણ ગયો હતો. હું નાનાજી અને ભાઈની સાથે જ સમયસર સભાસ્થળે જવા નીકળી ગયો હતો. સભામાં આમંત્રિત મોટા ભાગના યાદવો સમયસર જ એકત્રિત થઈ ગયા હતા. મથુરાના યુવરાજની વરણીને લઈને બધા ખરેખર ઉત્સાહમાં હતા. આખે આખી મંત્રીપરિષદ પણ નજરે ચડતી હતી. ચાલો, આ ઉત્સાહ તો સમજી શકાય તેવો હતો. ...પણ હાલ તો એક રહસ્યની વાત કહું કે નાનાજીની સાથે જવું એ પણ મારી રણનીતિનો જ એક ભાગ હતો. મારો ઈરાદો સ્પષ્ટ હતો, હું બધાંને એ ભ્રમમાં નાખવા માગતો હતો કે નાનાજી યુવરાજ તરીકે મારા નામની ઘોષણા કરવાના છે... જેથી યુવરાજપદ માટે જ્યારે અમે બૃહદ્‌લના નામનો પ્રસ્તાવ રાખીશું ત્યારે સત્રાજિત સહિત બધા તેને પોતાની જીત સમજશે, ...નહીં કે મારી કોઈ યોજનાનો ભાગ. આ તરફ મારા નાનાજી સાથે પહોંચતા જ સભામાં હોબાળો મચી ગયો. જેવું કે મેં કહ્યુ કે સત્રાજિત સહિત બધા યાદવ આગેવાનો તથા સમુચું મંત્રીમંડળ પહેલેથી જ મંચ પર બિરાજમાન હતું, અને તેઓ મને નાનાજી સાથે આવેલો જોઈને પૂર્ણપણે બેચેન થઈ ઉઠ્યા હતા. થવા દો, અત્યારે તો નાનાજી સાથે, હું પણ મંચ ઉપર ચડી ગયો હતો. વળી જો સાધારણ યાદવોની વાત કરું તો ત્યાં લગભગ હજારેક જેટલા યુવાન યાદવો બેઠેલા સ્પષ્ટ દેખાતા હતા. એમાંના મોટા ભાગનાને પહેલેથી જ બરાબર પાઠ ભણાવીને લાવવામાં આવ્યા હતા એમ જણાતું હતું. અને કદાચ અત્યારના હોબાળાનું આ પણ એક કારણ હતું. હશે, હમણાં તો મેં અને નાનાજીએ પોતપોતાનું સ્થાન પણ ગ્રહણ કરી લીધું હતું. સ્વાભાવિક રીતે, હું નાનાજીની પાસે પહેલી જ હરોળમાં બેઠો હતો. એ તો ઠીક, પણ અમારા બેસતાની સાથે જ, ચારે તરફથી બૃહદ્‌લના સમર્થનમાં સુત્રોચ્ચાર થવા લાગ્યો. ખાસ કરીને સત્રાજિતના જુથમાં વાતાવરણ ખાસ્સું ગરમ થઈ ગયું હતું. અને હવે મારી વાત કરું તો હું મારી આંખ સામે મથુરામાં પોતાની હેસીયતનો નજારો જોવા માટે વિવશ હતો. જોકે આમ જોવા જઈએ તો એ મારી જ રાજનીતિનું પરિણામ હતું. આ બધો હોબાળો એ ભ્રમની સાબિતી હતી જે મેં નાનાજી સાથે આવીને ઊભો કર્યો હતો. બધા એ ભ્રમમાં જ હતા કે આ સભા નાનાજીએ મને યુવરાજ બનાવવા માટે ભરી છે. જોકે વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક મારા નામના પણ સુત્રો સંભળાતાં હતા. ...અને મને તેનાથી જ સંતોષ હતો, કેમકે આમ તો સભાનો માહોલ જ મથુરા પર સત્રાજિતની પકડ અને મારી બેહાલીને રજૂ કરતો હતો.

ખેર! આ તરફ થોડા સમય સુધી મારી બેહાલીનો આ તમાશો ચાલતો રહ્યો. આખરે યોજના પ્રમાણે, નાનાજીએ મને બોલવા માટે આમંત્રણ આપ્યું. હું તરત જ મારી જગા પરથી બોલવા માટે ઊભો થઈ ગયો. પણ કોઈ બોલવા દે, તો ને. આ બાજુ જેવી આશા હતી, એ પ્રમાણે જ મારું નામ બોલતાની સાથે જ સભામાં વધારે હોબાળો મચી ગયો. ઘણી સમજાવટ પછી નાનાજી સભાને એમ આશ્ર્વાસન આપીને શાંત કરી શક્યા કે જે કંઇ નિર્ણય લેવામાં આવશે તે હળીમળીને જ લેવામાં આવશે, પહેલાં તમે કનૈયાને સાંભળી તો લો. જોઈ મારી હાલત? જ્યારે નાનાજી પાસેથી આટલું નક્કર આશ્ર્વાસન મેળવ્યું, છેક ત્યારે બધા મને સાંભળવા તૈયાર થયા. હવે ફરી કોઈ હોબાળો થાય એ પહેલા જ મેં તરત બોલવાની શરૂઆત કરી. મેં કહ્યું- સૌથી પહેલા એ સ્પષ્ટ કરવા ઇચ્છું છું કે મને યુવરાજ બનવામાં કોઈ રુચિ નથી.

...આ સાંભળતાવેંત જ સત્રાજિતના જુથમાં ખુશીની લહેર ફરી વળી. આ સ્વાભાવિક પણ હતું. પરંતુ તેની પછી જે કંઇ પણ થયું તેણે મથુરાના માનસ પર મારા વ્યક્તિત્વની છાપ ઉજાગર કરી દીધી. ભીડમાંથી કોઈએ મારા પર અતિ તીખો કટાક્ષ કર્યો- ...અરે રણછોડરાય! તને યુવરાજ બનાવે પણ કોણ છે?

...આ સાંભળતા જ આખા પ્રાંગણમાં હાસ્યની લહેર ફરી વળી. હું તો ખૂબ જ ચોંકી ગયો. આ તરફ ભાઈ પણ ક્રોધથી તપતા હતા. ચોક્કસપણે કટાક્ષ ઘણો વેધક હતો. હજુ હું સ્વસ્થ થાઉં કે ભાઈને શાંત કરું, એ પહેલા કોઈએ બીજો કટાક્ષ કર્યો- અરે ભાઈ! જો કૃષ્ણને યુવરાજ બનાવ્યો તો જરાસંધના આક્રમણની ખબર સાંભળતાં જ એ ફરી પાછો ભાગી જશે. આપણે શોધતા જ રહી જશું. ...આપણા યુવરાજ ક્યાં ગયા?

...આ તરફ એક પછી એક વ્યંગબાણોની રમઝટ સાંભળ્યા પછી, મારા મનમાં ભાવોના હજારો તોફાન આવ્યાં અને ગયાં. અન્ય પરિસ્થિતિ હોત તો ખબર નહીં શું થાત, પણ અત્યારે મામલો રુક્મિણીનો હતો. આથી બધાને સાંભળ્યા ન સાંભળ્યા કરીને, મારી વધુ ફજેતી થાય એ પહેલા મેં સભાને યોગ્ય દિશા આપવાનો પ્રયાસ શરૂ કરી દીધો. તરત જ મારું સંબોધન ફરીથી

શરૂ કરી, મેં ખૂબ જ ગંભીરતાપૂર્વક કહ્યું- જેમ કે તમે બધાં જ જાણો છો કે મહારાજા-ઉગ્રસેને આ યાદવ-સભા મથુરાનાં યુવરાજની પસંદગી કરવાના ઉદ્દેશ્યથી બોલાવી છે. આથી તમે બધાં જ મળીને સંભવિત યુવરાજનું નામ પ્રસ્તાવિત કરો. બધાનો અભિપ્રાય એજ રાજમહેલની ઈચ્છા રહેશે. જેવી અપેક્ષા હતી, તે પ્રમાણે ચારે બાજુથી એક જ નામ ગૂંજવા લાગ્યું-બૃહદ્દલ - બૃહદ્દલ... અને અંતમાં બધાની ઈચ્છાને માન આપીને બૃહદ્દલને સર્વાનુમતિથી યુવરાજ ઘોષિત કરવામાં આવ્યો. મારી રણનીતિ સફળ થઈ, સત્રાજિત એને પોતાના પ્રભાવનો વિજય માની રહ્યો હતો. હું પણ એવું જ ઈચ્છતો હતો કે તે આ ગેરસમજમાં જ રહે. બસ, પોતાની રણનીતિની પહેલી સફળતાના ઉત્સાહમાં મેં તરત બૃહદ્દલનું નામ પોકારીને એને મંચ પર બોલાવ્યો, અને સાથોસાથ અભિનંદન આપીને એને ભેટી પણ લીધું. આ જોઈને ચારે બાજુથી બૃહદ્દલનો જય હો જેવા સૂત્રોચ્ચાર એક સ્વરે ગૂંજી ઊઠ્યા. ક્યાંક-ક્યાંક મારો પણ જય-જયકાર થઈ રહ્યો હતો. ચારેબાજુ હોબાળો મચેલો હતો. હવે તો બેઠેલા લોકો પણ ઊભા થઈ ગયા હતા. કેટલાકે તો નાચવાનું અને ગાવાનું પણ શરૂ કરી દીધું હતું. સરવાળે ચારેકોર ઉત્સવ જેવું વાતાવરણ થઈ ગયું હતું. એ તરફ, સત્રાજિત તથા બૃહદ્દલને અભિનંદન આપનારાઓની પણ કતાર લાગી ગઈ હતી. બીજી બાજુ અનાદરને લીધે, હું ચૂપચાપ ખૂણામાં ઊભો-ઊભો આ તમાશો જોઈ રહ્યો હતો. એનું પણ કારણ હતું, હજી મારી યોજનાનું પ્રથમ ચરણ જ પૂરું થયું હતું. મુખ્ય પાસા તો હજી ફેંકવાના બાકી હતા. બસ, તેના માટે જ આ તોફાન અટકવાની રાહ જોઈ રહ્યો હતો. તેથી, જેવું જોશ ઠંડુ પડ્યું કે મેં ફરીથી મારું સંબોધન શરૂ કર્યું-હું તમારા બધા તરફથી બૃહદ્દલને મથુરાના યુવરાજ બનવા બદલ અભિનંદન આપું છું. જેમ કે તમે બધાં જાણો જ છો, આપણા યુવરાજ બૃહદ્દલ એક વીર પુરુષ છે. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે મથુરાની ગરિમા પર થોડી પણ આંચ આવશે તો બૃહદ્દલ મથુરાને બચાવવા માટે ગમે તે કરી છૂટશે. કેમ, બૃહદ્દલ...?

...હવે એવું ક્યારેય બન્યું છે કે મેં જાળ નાખી હોય અને માછલી એમાં ના ફસાઈ હોય? બૃહદ્દલ પણ મારી જાળમાં બરાબરનો ફસાઈ ગયો હતો. મારા સંબોધને તેનામાં એટલો બધો જુસ્સો ભરી દીધો હતો કે તે ખૂબ જ જોશથી બોલ્યો- હું પ્રતિજ્ઞા કરું છું કે મથુરા સામે કોઈપણ જો આંગળીયે ચીંધશે તો હું તેનું માથું વાઢી નાખીશ.

...બસ, બૃહદ્દલના આ પ્રભાવપૂર્ણ ભાષણની સાથે જ સભા સમાપ્ત થઈ ગઈ. હું ખુશ હતો! બધું જ મારી યોજના પ્રમાણે થયું હતું. એમ તો તમે જાણો જ છો કે જ્યાં હું હોઉં છું, ત્યાં બધું મારા હિસાબ પ્રમાણે જ થાય છે. તેમ છતાં પાર પડી જાય, ત્યારે વાત પાક્કી. સભા યોજના મુજબ સંપન્ન શું થઈ, સ્વાભાવિક રીતે જ, અહંકાર ફરફરવા લાગ્યો હતો. ...પરંતુ હજી યોજનાનાં કેટલાય ચરણોનો અમલ કરવાનો બાકી હતો. તમે કહેશો કે આ તે યોજના છે કે યોજનાની હારમાળા. એ તો વખત આવતા ખબર પડી જશે, પહેલા મને પોતાના ઉદ્દિપ્ત અહંકાર સાથે તો ભરી પીવા દો. સીધી વાત છે, યોજના પૂરી થતાં પહેલા અહંકારને વધારે ઊંચી ઉડાન ભરવા દેવાનો તો પ્રશ્ન જ નહોતો ઉઠતો. તેથી, તેને નિયંત્રિત કરી મેં મારું બધું જ ધ્યાન રુક્મિણી સ્વયંવર પર કેન્દ્રિત કર્યું અને ઘર ભણી પગલા માંડ્યા. ...ભલા હું કેવી રીતે મારા સપનાંની રાણીના લગ્ન જબરજસ્તીથી શિશુપાલ જેવી દુષ્ટ વ્યક્તિ સાથે થતાં જોઈ શકું? જોકે શિશુપાલ સંબંધમાં મારો ભાઈ હતો. તમે તો જાણતા જ હશો કે તે મારા ફુવાનો છોકરો હતો. તો શું? ભાઈ તો મારો બૃહદ્દલ પણ હતો. તે મારી માસીનો છોકરો હતો. ખબર નહીં કેમ અચાનક ઋતુ જ ભાઈઓ સાથે કૂટનીતિક યુદ્ધ કરવાની આવી ગઈ હતી. હશે, તો જે માથે આવી પડ્યું હતું, એનાથી હું પણ ક્યાં પાછો પડવાનો હતો?

ખેર! પછીના બે-ચાર દિવસો તો મેં કોઈપણ રીતે વીતાવી દીધા, પણ હવે યોજનાનાં બીજા ચરણ તરફ આગળ વધવાનો સમય થઈ ગયો હતો. આ માટે મને બૃહદ્દલના સહયોગની જરૂર હતી. તો એમાં મને કોઈ અડચણ દેખાતી પણ નહોતી, કારણ કે મારી પ્રતિભાઓથી અજાણ, તે નાદાન આ સમયે મારાથી ખૂબ જ ખુશ હતો. મેં તરત જ બૃહદ્દલને મળીને દસ દિવસ પછી મથુરામાં એક ભવ્ય રથ-સ્પર્ધાનું આયોજન કરાવ્યું. હું તેને સરળતાથી સમજાવવામાં સફળ થઈ ગયો હતો કે આવા ઉત્સવનું આયોજન કરવાથી માત્ર પ્રજાનું મનોરંજન થશે એટલું જ નહીં, પરંતુ લોકોની નજરમાં તારું માન પણ વધશે. ...તે બિચારો આને મારો ભ્રાતૃ-પ્રેમ સમજી રહ્યો હતો. એટલે, આ વાત એકદમ સહેલાઈથી પાક્કી થઈ ગઈ. હવે મારી ખતરનાક યોજનાના આગળના ચરણ મુજબ, હું ઈચ્છતો હતો કે વધારેમાં વધારે લોકો આ સ્પર્ધામાં ભાગ લે. આ ઉદ્દેશની પૂર્તિ માટે, મેં જાતે મારા દસ રથોનાં નામ સ્પર્ધામાં લખાવી દીધાં હતા. એટલું જ નહીં, હું પોતે પણ આ પ્રતિસ્પર્ધામાં ભાગ લેવાનો હતો. કેમકે આગળનો બધો આધાર આ રથ-સ્પર્ધાની સફળતા પર જ ટકેલો હતો. ભાઈ સહિત કોઈને પણ આ પ્રતિસ્પર્ધાની પાછળ છૂપાયેલા મારા કૂટનીતિક ઈરાદાઓની કાંઈ ખબર નહોતી. બધાં લોકો તેને બૃહદ્દલના યુવરાજ બનવાની ખુશીમાં, કૃષ્ણ દ્વારા રાખવામાં આવેલો એક ઉત્સવ જ માનતા હતા. આખા મથુરામાં ઉત્સવનું વાતાવરણ હતું. કદાચ મથુરાનાં ઈતિહાસમાં રથ-સ્પર્ધાનું આયોજન પહેલી વાર જ કરવામાં આવી રહ્યું હતું. હવે જ્યાં કૃષ્ણ હોય, ત્યાં ઘણું બધું પહેલી વાર થતું જ હોય છે!

...આ તરફ સ્પર્ધામાં ભાગ લેનારાઓનો આનંદ જોવા જેવો હતો. આખા મથુરામાં, જ્યાં જુઓ ત્યાં રથ-સ્પર્ધાની જ ચર્ચા હતી. બૃહદ્દલને કહીને મેં સત્રાજિત સહિત ખાસ કરીને બધાં જ યાદવ-પ્રમુખોને વિશેષરૂપે આ સ્પર્ધા જોવા માટે આમંત્રણ અપાવડાવ્યું હતું. બધાં જ રથ-સ્પર્ધાના ભ્રમમાં હતા. દેખીતી રીતે, બધાં જ તેના સાચા હેતુથી અજાણ હતા. ...આ બધું વિચારીને, ઘણીવાર હું રાત્રે એકલો કલાકો સુધી હસતો રહેતો. કેવી કેવી દૂરગામી યોજનાઓ બનાવવા લાગ્યો હતો. ખરેખર

સમયની સાથે દિવસે-દિવસે હું ખૂબ જ ખતરનાક થતો જતો હતો. કેટલા ચક્કર ચલાવતો હતો હું...કદાચ એટલા માટે જ મારું પ્રિય હથિયાર પણ 'ચક્ર' જ હતું. પ્રાય: વિચારતો હતો કે ક્યાંક ચક્કર ચલાવતા ચલાવતા સીધું કામ કરવાનું જ ભૂલી ન જાઉં?

હશે, હાલ તો રથ-સ્પર્ધાનો દિવસ નજીક આવી રહ્યો હતો. મારી તૈયારીઓ પણ તડામાર ચાલી રહી હતી. એકંદરે અત્યાર સુધી બધું યોજના પ્રમાણે જ ચાલી રહ્યું હતું. એક બાજુ જ્યાં મેં મારા વીસ સૈનિકોને હથિયાર સહિત રથ-સ્પર્ધામાં ઉપસ્થિત થવાનો આદેશ આપી રાખ્યો હતો, ત્યાં બીજી બાજુ રાજમહેલના એકસો સૌથી શ્રેષ્ઠ સિપાહીઓને સ્પર્ધાસ્થળ પર ઉપસ્થિત થવાનો આદેશ પણ આપી જ દીધો હતો. સાથે જ એક એવી ઘટના પણ બની રહી હતી, જે મારી યોજનાનો હિસ્સો નહોતી. વાસ્તવમાં આ દિવસોમાં મારે મારા સ્મિતનો મોકળાશથી ઉપયોગ કરવો પડતો હતો. મારું સ્મિત પણ મારું ગજબનું હથિયાર હતું. જ્યારે પણ કોઈ રથ-સ્પર્ધાનો હેતુ પૂછે, તો હું માત્ર સ્મિત ફરકાવતો. સીધી વાત છે, જ્યારે કોઈ વાતનો સીધો જવાબ ન આપવો હોય તો વાતને હસીને ટાળવી જ પડે છે. ...આમ તો મારી જેમ જ, મારા હાસ્યનાં પણ હજારો ૫ હતા. મારું સ્મિત બહુમુખી પ્રતિભાનું માલિક હતું. સમયે સમયે એ ખૂબ જ કામ આવતું. જ્યારે કોઈ વાત સંતાડવી હોય કે જુઠ્ઠું બોલવું હોય તો તેનો જ સહારો લેવો પડતો. કોઈને ચક્કરમાં લેવો હોય તો તેનાથી શ્રેષ્ઠ કોઈ હથિયાર જ નહોતું મારી પાસે. એટલું જ નહીં, કોઈને શંકામાં નાખવો હોય કે ઉશ્કેરવો હોય, તો મારું હાસ્ય ક્યારેય એ મોકો ચૂકતું નહીં. અદ્ભુત વાત તો એ છે કે ક્યારેય કોઈ તેનું રહસ્ય સમજી નથી શક્યું, અને તેમાં ફસાવાથી પણ કોઈ પોતાને બચાવી નથી શક્યું.

બસ, આવી જ રીતે સ્મિત વેરતા વેરતા આખરે રથ-સ્પર્ધાનો દિવસ પણ આવી જ ગયો. હું સમયથી ઘણો વ્હેલો જ સ્પર્ધાસ્થળે પહોંચી ગયો હતો. સ્પર્ધા સ્વાભાવિક રીતે મથુરા શહેરથી દૂર મુખ્ય રસ્તાની પાસે આવેલા એક વિશાળ મેદાનમાં રાખવામાં આવી હતી. જેવી આશા હતી તે પ્રમાણે, સ્પર્ધા જોવા આખી મથુરા ઊમટી પડી હતી. લોકોમાં ખૂબ જ ઉત્સાહ હતો. આખો ચોક ખીચોખીચ ભરેલો હતો. આટલું જ નહીં, સ્પર્ધાના રસ્તાની બંને બાજુ સવારથી જ ભીડ જામી ગઈ હતી. આશરે સો રથ સ્પર્ધામાં ભાગ લેવાના હતા. બૃહદ્દલ પોતાના ગુરુ સત્રાજિતની સાથે જ આવ્યો હતો. બધા યાદવ-પ્રમુખો પણ સમયસર પહોંચી ગયા હતા. ત્યાં સુધી કે નાનાજી પણ ભાઈ સાથે આવી પહોંચ્યા હતા. સરવાળે બધાનો જુસ્સો જોવા જેવો હતો. કેમ ના હોય, તેમના પ્રિય બૃહદ્દલના યુવરાજ બન્યા પછી મથુરામાં પહેલો મોટો ઉત્સવ મનાવવામાં આવી રહ્યો હતો.

ખેર! જ્યારે વાતાવરણ સંપૂર્ણ રીતે જામી ગયું તથા ત્યાં હાજર રહેલા લગભગ બે હજાર વ્યક્તિઓના સમૂહને સ્પર્ધા જોવા માટે મેં તૈયાર જોયા કે હું પણ સંપૂર્ણ રીતે સતર્ક થઈ ગયો. હું આ સમયે નાનાજી, ભાઈ, બૃહદ્દલ અને સત્રાજિત સહિત ઘણા યાદવોની સાથે રસ્તાની બિલકુલ અડોઅડ લાગેલા એક મોટા મંચ પર બેઠો હતો. સામે જ લગભગ સો જેટલા રથ હારબંધ ઊભા હતા. અને તેમને ચારે તરફથી ઘેરીને ઊભી રહેલી હજારોની ભીડ અહીંથી જ જોઈ શકાતી હતી. ...અર્થાત્ વાતાવરણ તૈયાર હતું, માટે વધારે પ્રતીક્ષા કરવી વ્યર્થ હતી. રથ-સ્પર્ધાના આયોજનની લગામ તો મારા જ હાથોમાં હતી. આથી મેં મારા જ સંબોધનથી રથ-સ્પર્ધાની વિધિવત્ શરૂઆત કરી. મારું સંબોધન શું હતું, મારી જ યોજનાનો એક અંતિમ ભાગ હતો. મેં મંચ પર જ મારી જગાએ ઊભા થઈને કહ્યું- મને ખુશી છે કે આપણા યુવરાજ બૃહદ્દલનાં નેતૃત્વમાં આટલી મોટી રથ-સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટે હું સર્વપ્રથમ આપણા યુવરાજને વધામણી આપવા માંગુ છું. સાથે જ એ પળને યાદ કરી કરીને ગર્વ અનુભવું છું કે જ્યારે આપણા યુવરાજે પોતાનો પદભાર સંભાળતી વખતે તેમની અંદર છુપાયેલી દ્રઢતા અને બહાદુરી સાથે આપણો પરિચય કરાવ્યો હતો. ...તમને બધાને પણ સારી રીતે યાદ હશે કે તે સમયે યુવરાજે આપણા બધાની સામે મથુરાની આન-બાન અને શાનની સુરક્ષાનું વચન આપ્યું હતું. એટલું જ નહીં, તેમણે મોટું આશ્ર્વાસન આપતા મથુરાના ગૌરવને લલકારનારાનું માથું ધડથી અલગ કરવાની ઘોષણા સુદ્ધાં કરી હતી. ...કુદરતની કરામત જુઓ કે નસીબજોગે આજે આપણા યુવરાજને પોતાની વીરતા દેખાડવાનો અને પોતાનું વચન નિભાવવાનો મોકો પણ મળ્યો છે.

...મારી વાત સાંભળતા જ ચારે તરફ આશ્ર્ચર્ય છવાઈ ગયું. બધા અસમંજસમાં પડી ગયા કે આ સમયે મથુરાના ગૌરવનો એવો તે કયો પ્રશ્ર્ન આવીને ઊભો રહ્યો છે કે યુવરાજને પોતાની બહાદુરી દેખાડવાની જરૂરત આવી પડી? સ્વાભાવિક રીતે, સત્રાજિત અને બૃહદ્દલની છાવણીમાં ભયની એક લહેર છવાઈ ગઈ. ભલા એવી કઈ બહાદુરી બતાવવાની છે કે જેની આપણને ખબર નથી અને કૃષ્ણને ખબર છે? આશ્ર્ચર્યચકિત તો નાનાજી પણ હતા. વાત કોઈની સમજમાં નહોતી આવી રહી. હવે 'કૃષ્ણ'ની વાત 'કૃષ્ણ'ના સમજાવ્યા વિના થોડી જ સમજાવાની હતી? આમ પણ આ મારી યોજનાનું અંતિમ પાસું હતું, જે બધાને ચત્તાપાટ કરીને જ ચાલવાનું હતું. જોકે વધારે સમય લોકોને અસમંજસમાં નાખવાને બદલે, મેં સત્વરે રહસ્ય પરથી પડદો ઉઠાવવાનું જ યોગ્ય માન્યું. આથી મેં સંપૂર્ણ નાટકીય રીતે આગળ કહેવાનું શરૂ કર્યું- મને આજે સવારે જ નાનાજી પાસેથી સૂચના મળી છે કે કુંડિનપુરની રાજકુમારી રુક્મિણીનો સ્વયંવર યોજવામાં આવ્યો છે. પરંતુ હદ એ છે કે તેમાં મથુરાને નિમંત્રણ મોકલવામાં નથી આવ્યું. આ મથુરાનું... અને ખાસ કરીને આપણા યુવરાજ બૃહદ્દલનું અપમાન છે. ચોક્કસપણે અમારા વીર યુવરાજ આ અપમાન જરાયે સહન નહીં કરે.

આ તરફ આટલું કહેતા કહેતા જ મેં 'બૃહદ્દલની જય હો' અને 'મથુરાની આનમાં જ યુવરાજની શાન' જેવાં સૂત્રોચ્ચાર કરાવવાનું શરૂ કરી દીધું. ભીડ એકદમ ઉત્સાહમાં આવી ગઈ. ...પછી તો ચારે તરફ યુવરાજ અને મથુરાના સમર્થનમાં સૂત્રોચ્ચાર

થવા લાગ્યો. બૃહદ્‌લ, સત્રાજિત કે અન્ય યાદવ પ્રમુખોને તો સમજાતું જ નહોતું કે આ શું થઈ રહ્યું છે? અચાનક આ રુક્મિણી-સ્વયંવરવાળી વાત ક્યાંથી આવી ગઈ, અને તેને બૃહદ્‌લની મથુરાનું ગૌરવ બચાવવાની પ્રતિજ્ઞા સાથે શું લેવાદેવા? ...અજબ દ્રશ્ય થઈ ગયું હતું. એક તરફ સત્રાજિતની છાવણીમાં સોપો પડી ગયો હતો, તો બીજી બાજુ પ્રજા ઉત્સાહમાં હતી. મજાની વાત તો એ હતી કે જેમ જેમ પ્રજાનો ઉત્સાહ વધતો જઈ રહ્યો હતો, તેમ તેમ સત્રાજિતના તંબૂમાં ચિંતા પણ વધતી જતી હતી. થોડી વાર તો હું પણ બહુ મજાથી આ તમાશો જોતો રહ્યો. સાચું કહું તો બૃહદ્‌લ અને સત્રાજિતને આ રીતે ગૂંચવણમાં પડેલા જોઈને મને ખૂબ હસવું પણ આવી રહ્યું હતું. મનમાંને મનમાં ખુશી પણ હતી કે અત્યાર સુધી બધું મારી યોજનાનુસાર ચાલી રહ્યું છે. ...પરંતુ હજી યોજનાના ઘણા પાસા ફેંકવાના બાકી હતા. ચોક્કસપણે આ સમય ના તો તમાશો જોતા રહેવાનો હતો કે ના તો ભાવોના ઉતાર-ચઢાવોને સહન કરવાનો હતો. હજી તો શત્રુઓને ગૂંચવણમાંથી બહાર કાઢીને ડરની ઊંડી ખીણમાં ધકેલવાનું બાકી હતું.

આથી, તરત અંતિમ પાસું ફેંકવા માટે મેં પાસે જ બેઠેલા બૃહદ્‌લને પણ ઊભો કરી દીધો અને તેનો હાથ ઉઠાવીને કહ્યું- તમે લોકો શાંત થઈ જાવ. આપણા યુવરાજ તમારી ભાવનાઓને સમજી રહ્યા છે. તેઓ મથુરાનું ગૌરવ બચાવવા માટે કંઈ પણ કરી છૂટવા દ્રઢ સંકલ્પિત છે. જોકે આ સ્વયંવરનું આયોજન જરાસંધની દેખરેખમાં થઈ રહ્યું છે. ...તો શું થયું, આપણા યુવરાજ તેની પરવા નથી કરતાં. હું તો કહું છું કે બૃહદ્‌લ નસીબદાર છે કે તેમને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવાની તક આટલી જલ્દી મળી રહી છે. ...અમે ઇચ્છીએ છીએ કે આપણા વીર યુવરાજ અહીંથી પોતાની સાથે તમામ રથ અને સૈનિક લઈને 'કુંડિનપુર' જાય, અને મથુરાના ગૌરવની રક્ષા માટે કાં તો આ સ્વયંવર અટકાવે અથવા તો રુક્મિણીનું અપહરણ કરીને તેને મથુરા લઈ આવે. આપણે બધા જાણીએ છીએ કે સદીઓથી સ્વયંવરનું નિમંત્રણ ન મળે એવી સ્થિતિમાં ગૌરવ બચાવવા આમ જ કરવામાં આવે છે. મને સંપૂર્ણ વિશ્ર્વાસ છે કે આપણા યુવરાજ પણ પાછી પાની નહીં કરે.

...મારી આ વાત સાંભળતાં જ નાદાન જનમેદની આ વખતે વધારે ઉત્સાહથી બૃહદ્‌લનો જયજયકાર સહ સૂત્રો પોકારવા લાગી. આ બાજુ સત્રાજિતે એકદમ વક્ર દ્રષ્ટિથી મારી તરફ જોયું. સ્પષ્ટ છે કે આ સમયે એજ મારી ચાલ બહુ સારી રીતે સમજી શકતો હતો. સમજવા દો, અત્યારે તો મારા તરફથી અંતિમ પ્રહાર કરવાનો સમય આવી ગયો હતો. બસ, મેં એકદમ ઠંડા કલેજે વાત આગળ વધારતાં કહ્યું- હા! કારણ કે આ સ્વયંવર જરાસંધની છત્રછાયામાં થઈ રહ્યો છે એટલે બની શકે કે આપણા વીર યુવરાજે જરાસંધના વિરોધનો પણ સામનો કરવો પડે. પરંતુ મને વિશ્ર્વાસ છે કે આપણા બહાદુર યુવરાજ જરૂર પડ્યે, મથુરાના ગૌરવ માટે જરાસંધનું માથું વાઢવાનું પણ ચૂકશે નહીં.

...તેની સાથે જ મેં એક વાર ફરી જોરથી 'બૃહદ્‌લની જય'ના સુત્રો પોકારવાનાં શરૂ કરી દીધા. એનાથી ભીડનો ઉત્સાહ અધિક વધી ગયો. બધાએ પૂરા જુસ્સાથી મારી સાથે બૃહદ્‌લનો જયજયકાર બોલાવી દીધો, અંતે સવાલ મથુરાના ગૌરવનો હતો. જોતજોતામાં આખો મંડપ મારા પ્રેમાળ ભાઈ અને મથુરાના યુવરાજના જયજયકારથી ગૂંજી ઊઠ્યો. મારા ભાઈનું આ સન્માન જોઈને સાચું કહું તો મારી આંખો ભીની થઈ ગઈ. હવે પોતાના ભાઈનો આવો જયજયકાર જોઈને મારી આંખો તો ભીની થવાની જ હતી. પરંતુ આ શું, બૃહદ્‌લ તો બરાબરનો ડરી ગયો હતો. સત્રાજિતની તો જાણે કે બુદ્ધિ બહેર મારી ગઈ હતી. કોઈ યાદવપ્રમુખને સમજાતું જ નહોતું કે હવે તેઓ શું કરે?

વાતાવરણ જ એવું જામી ગયું હતું કે એક તરફ પ્રજા યુવરાજ પાસે મથુરાનું ગૌરવ બચાવવા માટે આહ્વાન કરી રહી હતી, તો બીજી બાજુ ખુદ યુવરાજનો જીવ તાળવે ચોંટ્યો હતો. કૃષ્ણે ફેંકેલા એક જ પાસાએ જરાસંધના પિઠ્ઠુઓને જરાસંધની સામે જ લાવીને ઊભા કરી દીધા હતા. બરાબરના ફસાયા હતા બિચારા. હવે પાછા હટ્યા તો મથુરાથી ગયા અને ફૂલાઈને વીરતા બતાવવા ગયા તો જરાસંધના હાથે મર્યા. ખરેખર, કૃષ્ણના માર્યા આ બિચારા એક બાજુ કૂવો તો બીજી તરફ ખીણમાં નહીં, બંને બાજુ ઊંડી ખીણની વચ્ચે ફસાઈ ગયા હતા. હાડકું ગળામાં એવું ફસાયું હતું કે ના તો ગળવું સહેલું હતું કે ના તો કાઢવું. ...આ બાજુ યોજનાને સફળ થતી જોઈને મારી નાટકીયતા પણ તેની ચરમ સીમાએ પહોંચી ગઈ હતી. આ નાટકીયતાના ભાગરૂપે જ મેં બૃહદ્‌લના ગળામાં હાથ નાખીને કહ્યું- ચાલો, વીર યુવરાજ. જરાસંધનું અભિમાન ચૂરચૂર કરી દો. સમગ્ર મથુરા ન માત્ર તમારી સાથે છે, પરંતુ તમને વિદાય આપવા માટે પણ તત્પર છે.

આ સાંભળતાં જ તે પોક મૂકીને રોઈ પડ્યો, અને રોતા રોતા જ બોલ્યો- હું મથુરાનો યુવરાજ બનવા નથી માંગતો...

...તો સીધે સીધું સમજાવી રહ્યા હતા ત્યારે નહોતું સમજાઈ રહ્યું? અને હવે જ્યારે સમજમાં આવ્યું ત્યારે એ હદે કે કહેતા કહેતા તે મેદાન છોડીને ભાગવા લાગ્યો. આ બાજુ આ રીતે મેદાન છોડી જવા બદલ ચારે તરફથી તેના પર થૂ...થૂ... થવા લાગી. સત્રાજિત અને અન્ય યાદવો તો માથે હાથ મૂકીને બેસી ગયા. તેમની યોજના અને તેમનું મહોરું, બંને બરાબરનાં પિટાઈ ગયાં હતા. તેની સાથે જ તેમની મથુરા પર નિયંત્રણ વધારવાની તમામ આશાઓ પણ ભસ્મીભૂત થઈ ગઈ હતી. અહીં બૃહદ્‌લના મેદાન છોડી જતાવેંત આખું મેદાન ઉદાસ થઈ ગયું હતું. એમના યુવરાજના કાયર હોવાનો શોક ચારે તરફ જોઈ શકાતો હતો. સત્રાજિતની તો પ્રતિષ્ઠા જ ધૂળમાં મળી ગઈ હતી. તેની આંખો જે ઝુકી તે ઊંચી થવાનું નામ જ નહોતી લઈ રહી. આમ તો હું સત્રાજિતની વ્યુહરચના તોડી ચૂક્યો હતો, પરંતુ તેનાથી કંઈ રુક્મિણીની સમસ્યા થોડી દૂર થવાની હતી. હા... હા, તો તેના માટે પણ મારી આ યોજનામાં એક પાસો તૈયાર જ હતો. અરે ભાઈ, બધું જ કર્યું, પણ જો પોતાની પ્રાણેશ્ર્વરીને જ ના બચાવી, તો

શું કર્યું...? અને કારણ કે હવે મામલો મારી 'પ્રાણેશ્વરી'નો હતો, આથી મેં છેલ્લો પાસો એકદમ સાવધાનીપૂર્વક ફેંક્યો. મેં ભીડને શાંત કરતાં કહ્યું- તમે ઉદાસ ના થાઓ. જો બૃહદ્દલ મથુરાના ગૌરવની રક્ષા નથી કરી શકતો, તો આ જવાબદારી મારે મારા માથે લેવી પડશે. કારણ કે મથુરાના ગૌરવને કોઈ લલકારે, તે પણ જરાસંધ જેવો, ના... ના, આ હું કદાપિ સહન ન કરી શકું. અને વળી, તમે બધા જાણો જ છો કે જરાસંધને તો આ પહેલા પણ હું બે વાર હરાવી ચૂક્યો છું... તો, ફરી એક વાર વધારે.

આ સાંભળતાં જ મેદાનમાં છવાયેલી ઉદાસી ઉત્સાહમાં બદલાઈ ગઈ. ચારે તરફ મારો જયજયકાર થવા લાગ્યો. મથુરાનો સાચો વીર તો કેવળ 'કૃષ્ણ' છે- એવા અવાજો ગૂંજવા લાગ્યા. ...છે જ, એમાં કોઈ શંકા છે! જોકે આ સમયે મને પોતાની જયજયકાર કે બૃહદ્દલના થૂ-થૂ કરતાં મારી પ્રાણેશ્વરીને બચાવવામાં વધારે રસ હતો. માટે, તરત સો રથનો રસાલો અને દળ-કટક લઈને મારી સપનાંની રાણીને બચાવવા કુંડિનપુર જવા નીકળી પડ્યો.

કહેવાની જરૂરત નથી કે પ્રજાએ જોશભેર મને એક નાયક જેવી વિદાય આપી. ભોળી પ્રજા એ નહોતી સમજી રહી કે હું, જે હજી સુધી મારા ગૌરવ માટે નથી લડ્યો, તે મથુરાના ગૌરવ માટે શું ધૂળ લડવાનો? એ ગાંડા શું જાણે કે 'કૃષ્ણ' એમને મૂરખ બનાવીને પોતાના સપનાંની રાણીને બચાવવા માટે નીકળી પડ્યો છે. ...ખરેખર, શું યોજના બનાવી હતી! ન તીર, ન તલવાર... તોય બધા દુશ્મનો ભોંય ભેગા. વાહ... કૃષ્ણ, કેવા કેવા ચક્કર ચલાવો છો? સાચું કહું તો મને આજે મારા પર ઘણો ગર્વ થઈ રહ્યો હતો.

ખેર! અમારા રથ મથુરાનું ગૌરવ બચાવવા 'કુંડિનપુર' તરફ આગળ ધપી રહ્યા હતા. બધા સારથિ અને સૈનિક ઉત્સાહથી તર હતા. ના કેમ હોય, તેમને મથુરાનું ગૌરવ બચાવવાનો ભવ્ય અવસર જે મળી રહ્યો હતો. એ બિચારા શું જાણે કે હું મારા સપનાંની રાણી રુક્મિણીને બચાવવા માટે તેમનો ઉપયોગ કરી રહ્યો છું. જોયો મારો જાદૂ? 'નામ મથુરાનું- કામ કૃષ્ણનું.' જોકે એક રહસ્યની વાત કહું. સત્રાજિત, યાદવ પ્રમુખ કે મથુરાવાસીઓને જ ચક્કરમાં નહોતા લીધા... ભાઈને પણ ગોળ ગોળ ફેરવીને જ આ યાત્રા પર નીકળી પડ્યો હતો [67] . વાસ્તવમાં હું ભાઈને સાથે લઈ જવા માંગતો નહોતો. કારણ કે આવા નાજુક મોકા પર તેમને સાથે લઈ જવા, જીવ પરની મુસીબત સાબિત થઈ શકે તેમ હતું. આથી એમને પણ સાણસામાં લેવા પડે તેમ હતું. બિચારાને એવું સમજાવી દીધું હતું કે મથુરાની વર્તમાન પરિસ્થિતિમાં એકસાથે બંને જણાનું મથુરા છોડવું યોગ્ય નથી. શું કરું? ભાઈ પર ચક્કર ચલાવું જ પડે એમ હતું. કારણ કે જો એમને સાથે લઈ જાત અને વાત રુક્મિણી હરણ સુધી પહોંચત, તો ચોક્કસપણે તેઓ મારા એ કાર્યમાં સમસ્યાપ બનત. અને રુક્મિણી બાબતે હું કોઈપણ જોખમ લેવા માંગતો નહોતો. આજની તારીખમાં તે ન માત્ર મારું સપનું હતી, પણ મારું જીવન પણ હતી. ભલા કૃષ્ણ અને પોતાના જીવન સાથે છેડછાડ કરે? ...ક્યારેય નહીં. આમ તો આ વાતનું બીજું એક પાસું પણ હતું. ભાઈ બિચારા મદદગાર ત્યારે જ સિદ્ધ થઈ શકવાના હતા જ્યારે તેઓ મારા દિલની વાત જાણતા હોત. પરંતુ મારા દિલમાં ઊઠી રહેલા તોફાન વિશે ભાઈ અને ઉદ્ધવ બંને અજાણ હતા. તેમનું શું કહું, રુક્મિણી પોતે આ બાબતે ક્યાં કશું જાણતી હતી? તમારો 'કનૈયો' તો બસ, એકતરફી પ્રેમમાં પડ્યો હતો.

ખેર! આ બાજુ એક વાત માટે તો હું નિશ્ચિંત હતો કે બૃહદ્દલ અને સત્રાજિતને મારી જાળમાં ફસાવીને તેમની સમગ્ર મથુરામાં જે હદે થૂ થૂ કરાવી હતી, તેનાથી કદાચ યાદવ-પ્રમુખોની સમસ્યા ઓછામાં ઓછી હાલ પૂરતી તો ટળી જ ગઈ હતી. આમ પણ એ બિચારાઓને તત્કાળ માથું ઉંચકી શકે એવી હાલતમાં છોડ્યા જ ક્યાં હતા? ચોક્કસપણે મથુરામાં મળેલી આ રાહતથી હું ઘણો ખુશ હતો. પોતાના પર પણ ઘણો ગર્વ થઈ રહ્યો હતો. જોકે આ વાત તો મથુરાની થઈ, પણ તે બાજુ કુંડિનપુર બાબતે તો મન હજી પણ અનેક શંકાઓમાં ઘેરાયેલું જ પડ્યું હતું. કારણ કે આ સમગ્ર યોજનાની સફળતા રુક્મિણીને બચાવવા પર નિર્ભર હતી. અંતે આ સમગ્ર ચક્કરના મૂળમાં તો 'પ્રાણની પ્રાણ'ને બચાવવાનું જ હતું. અને તે એટલું સહેલું નહોતું. ...હવે તમને શું કહું? માથા પર કફન બાંધીને નીકળી તો પડ્યો હતો, પરંતુ આ પચાસ-સો સૈનિકોની સાથે જરાસંધના ગઢમાં જવાનું અને તેના સકંજામાંથી રુક્મિણીને છોડાવી લાવવાનું, એ દુ:સાહસથી વિશેષ કંઈ નહોતું લાગતું. ક્યાંક એવું ના થાય કે છેલ્લા ઘણા વર્ષોથી જે તકની રાહમાં જરાસંધ ફરી રહ્યો છે, રુક્મિણીના પ્રેમમાં એજ તક હું પોતે સામે ચાલીને તેને આપવા નીકળી પડ્યો હોઉં? ક્યાંક એવું ના થાય કે પ્રાણેશ્વરીને પણ ના બચાવી શકું અને પોતાના વ્હાલા પ્રાણ પણ ગુમાવી બેસું?

...કૃષ્ણ! આ તો તને નિરાશા ઘેરવા લાગી. હવે નકારાત્મક વિચારશો તો હતાશા તો ઘેરશે જ ને. તત્ક્ષણ મેં જાતને સકારાત્મક વિચારો તરફ વાળી. અરે મારા વીર, જ્યારે કંઈ નહોતું, છતાં પંચજન અને શૃંગલવને તેમના જ ગઢમાં ઢેર કરી નાખ્યા હતા, તો પછી આ જરાસંધ શું ચીજ છે? વિશ્વાસ રાખ, તારા જેવા ચક્કરબાજ માટે તો પોતાની પ્રાણેશ્વરીને... પોતાનો જીવ સાબૂત રાખીને બચાવવી કોઈ અઘરું કામ નથી. બસ, આવા સકારાત્મક વિચાર આવતા જ ધીમે ધીમે હું વિશ્વાસથી ભરાતો ગયો. અને તેની સાથે જ મનમાં ને મનમાં એ નક્કી પણ કરતો ગયો કે રુક્મિણીનો વિવાહ તેની મરજી વિરુદ્ધ 'શિશુપાલ' સાથે કોઈપણ કિંમતે નહીં થવા દઉં. રુક્મિણી પર તો પહેલેથી જ ન્યોછાવર થઈ ગયો હતો, હવે તેને બચાવવા માટે પણ જાન જોખમમાં મૂકવા કટિબદ્ધ થઈ ગયો હતો. ...લો, આ તો વાત હરીફરીને ત્યાંની ત્યાંજ આવી ગઈ. મારવાનું તો ઠીક છે, પણ અહીં મરવાની વાત ક્યાંથી આવી ગઈ? રુક્મિણી પર મરવું તે એક વાત છે, પરંતુ પોતાના કાયમી શત્રુ જરાસંધના હાથે થોડું કંઈ મરી શકાય છે? આમ તો વાત મરવા-મારવા પર ખોટી જ આવી ગઈ. આટલી નાની ફોજ કાંઈ મરવા-

મારવા માટે થોડી કામ આવવાની હતી? હું તો વધુમાં વધુ, કોઈ રીતે અડચણ ઊભી કરીને આ સ્વયંવર અટકાવી શકતો હતો. ત્યાં રુક્મિણીનું હરણ કરવાનો તો સવાલ જ ઊભો થતો નહોતો. કારણ કે આજની તારીખમાં ના તો હું પોતાને તેને માટે યોગ્ય સમજતો હતો, ના તો તેને લાવીને રાખવા માટે મારી પાસે કોઈ મહેલ કે રાજ્ય પણ હતું. આથી વર્તમાન સ્થિતિમાં તો કોઈક રીતે સ્વયંવર રોકી શકવાનું જ મારે માટે સહુથી મોટી સફળતા હતી. બસ, રુક્મિણીનો વિવાહ ન થવા દઈને હું પોતાને સહીસલામત ફરી પાછો મથુરા લઈ જાઉં તો યોજના સફળ થઈ સમજો. ચાલો, સારું હતું, રણનીતિ પર વિચારતા વિચારતા યોજના સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈ ગઈ હતી.

ખેર! પાંચમા દિવસે સાંજ થતાં જ અમારો રસાલો 'કુંડિનપુર'ની સરહદે પહોંચી ગયો. જોકે હું તો ચિંતનોમાં એવો ખોવાયો હતો કે પાંચ દિવસની યાત્રા ક્યાં પૂરી થઈ ગઈ તે કંઇ ખબર જ પડી નહોતી. અમે કુંડિનપુરની સરહદની બહાર જ એક આશ્રમમાં પડાવ નાખ્યો. એક તો સતત યાત્રાને કારણે પહેલેથી જ ઘણો થાક લાગ્યો હતો, બીજું સુરક્ષાની દ્રષ્ટિએ પણ પારકી નગરીમાં રાત્રિ-પ્રવેશ જરાય યોગ્ય નહોતો. પરંતુ સામે અકારણ પ્રતીક્ષાનો પણ સવાલ ઊભો થતો નહોતો. બસ, બીજા દિવસે વહેલી સવારે સૂરજ ઊગતાં સુધીમાં જ અમે 'કુંડિનપુર'ની સીમામાં પ્રવેશ કર્યો. સો રથનો ભવ્ય રસાલો, જે જોતાં તે આશ્ચર્યચકિત થઈ જતા. તેનું પરિણામ એ આવ્યું કે મારા આગમનની ખબર 'કુંડિનપુર'માં વાયુવેગે પ્રસરી ગઈ. હું આજ ઈચ્છતો હતો. એટલા માટે તો મેં આમ સવાર સવારમાં ભવ્ય રસાલા સાથે 'કુંડિનપુર'માં પ્રવેશ કર્યો હતો. અને હું મારી આ ચાહત સાથે જ આ 'શોભાયાત્રા' કલાકો સુધી કુંડિનપુરના જુદા જુદા રસ્તાઓ પર ફેરવતો રહ્યો. જ્યાંથી અમારો કાફલો પસાર થતો, લોકો ખાસ અમને જોવા માટે એકઠા થતાં. મારો ઈરાદો સ્પષ્ટ હતો. હું મારા આવવાની ખબર જરાસંધ અને રુક્મિણી સુધી જ નહીં, સામાન્ય પ્રજા સુધી પણ જલ્દીમાં જલ્દી ફેલાવી દેવા માંગતો હતો. અને બપોર થતાં સુધીમાં તો હું મારા આ ઈરાદામાં સંપૂર્ણ રીતે સફળ પણ થઈ ગયો હતો. ખબર ચારે તરફ ઝડપથી ફેલાઈ ગઈ હતી. અંતે સાંજ થતાં થતાં અમે શહેરની મધ્યમાં આવેલા એક ભવ્ય આશ્રમમાં આશરો લીધો.

આમ તો રુક્મિણીના સ્વયંવરમાં હજુ પૂરા આઠ દિવસ બાકી હતા, પરંતુ મારી સમસ્યા એ હતી કે હું સીધો 'મહારાજ ભીષ્મક'ના દરબારમાં જઈ શકતો નહોતો. હું કંઈ સ્વયંવરમાં આમંત્રિત થોડો જ હતો, કે સીધો દરબારમાં પહોંચી જતો. કહેવાનું તાત્પર્ય એ કે મહારાજની મહેમાનગતિથી હું સંપૂર્ણ રીતે વંચિત હતો. હું તો આ બધી નાટકબાજી કરીને કોઈને કોઈ રીતે મારા આવવાની ખબર તેમના સુધી પહોંચાડવા માંગતો હતો, જેથી મારા માટે નિમંત્રણના દ્વાર ખોલી શકું. ત્યાં બીજી બાજુ હું આ વાતથી પણ અજાણ નહોતો કેમકે સ્વયંવરની લગામ જરાસંધના હાથોમાં છે, આથી આ નિમંત્રણ સહેલાઈથી તો મળવાનું જ નહોતું. હા, ત્યાંજ એક આશ્ર્વાસન આપવા જેવી વાત તો એ હતી કે સ્વયંવરની લગામ ભલેને જરાસંધના હાથોમાં છે, પરંતુ તમામ રાજકીય શિષ્ટાચાર તો ભીષ્મકે જ નિભાવવાના છે. કારણ કે સ્વયંવર તેમની સુપુત્રીનો છે, તો પ્રતિષ્ઠા પણ તેમની જ દાવ પર લાગેલી છે. હવે ભીષ્મક કંઈ એટલા સાધારણ રાજા પણ નહોતા કે તેમને જરાસંધની હામાં હા કરવી જ પડે. અને સાચું કહું તો માત્ર આજ એક વિશ્ર્વાસ પર હું અહીં આવવાનું દુ:સાહસ કરી બેઠો હતો. હવે ભીષ્મક મને દરબારમાં નિમંત્રિત કરી શકે કે નહીં, પરંતુ જરાસંધને મારી બાબતે અન્ય કોઈ નાદાની કરવાનો મોકો બિલકુલ નહીં આપે, એટલું નક્કી હતું. ...અર્થાત્ રાજકીય શિષ્ટાચારની લગામમાં બાંધીને જરાસંધને પોતાનો બદલો નહીં લેવા દે. કહેવાનું તાત્પર્ય એટલું કે સિંહની બોડમાં આવ્યા પછી પણ હું સંપૂર્ણ રીતે સુરક્ષિત હતો. તો, ...નહીંતર કંઈ ગાંડો થોડો હતો કે મરવા માટે આટલે દૂર સુધી ચાલ્યો આવત?

ખેર! આમ તો સુરક્ષિત થવાની રાહત એની જગાએ હતી અને રુક્મિણીની ચિંતા એની જગાએ. અને આ સમયે હું રુક્મિણીની ચિંતામાં દૂબળો પડી રહ્યો હતો. ...અને એ દિશામાં, સારી ખબર એ કે મારી આ ચાલ સફળ રહી હતી. ભવ્ય રસાલા સાથેના મારા આગમને રાજમહેલને મને આમંત્રિત કરવા માટે મજબૂર કરી દીધો હતો. હવે જરાસંધને બે વાર ભગાડી મૂકનાર અને પંચજન તથા શૃંગલવ જેવાઓની હત્યા કરનારા વીરની આનાથી વધારે અવહેલના કરી પણ શકાતી નહોતી. બસ, બીજા દિવસે સવારે જ કુંડિનપુરના સહ-સેનાપતિ, મહારાજ ભીષ્મક વતી સન્માન સાથે થોડી ભેટ લઈને મારા ખબરઅંતર પૂછવા આવી પહોંચ્યા. ચાલો, ઓછામાં ઓછું આટલું સન્માન તો મળ્યું.

...અરે, આ શું! કુંડિનપુરના સહ-સેનાપતિ 'શ્ર્વેતકેતુ' તો મારો સાંદીપનિજીના આશ્રમનો મિત્ર નીકળ્યો. હું તો તેને જોતાં જ ખુશીનો માર્યો નાચી ઊઠ્યો. ખરેખર, જ્યારથી જન્મ્યો હતો ...કુદરતની ચોપાટની આ પહેલી બાજી હતી જે મારા પક્ષમાં પથરાયેલી લાગી રહી હતી. ચોક્કસપણે આ તો ગાઢ અંધકારમાં પ્રકાશનાં કિરણો ફૂટી નીકળ્યાં હતા. ત્યાંજ બીજી દ્રષ્ટિએ વિચારું તો સ્વયંવરની લગામ જરાસંધના હાથોમાં હોવા છતાં પણ મહારાજ તરફથી ભેટ મળવી એક રીતે તો સ્વયં જ મોટી સફળતા હતી. અર્થાત્ આવવાના બીજા જ દિવસે પ્રાણેશ્ર્વરીની નગરીમાંથી બે ખુશખબરી હતી. એક, મહારાજ ભીષ્મકનો શિષ્ટાચાર નિભાવવો એ મારા માટે સુરક્ષિત હોવાની સાબિતી હતી, તો બીજી બાજુ શત્રુ રાજ્યના સહ-સેનાપતિનું મારા મિત્ર નીકળવું, આગળ ઉપર એક મોટી આશા જન્માવનારું હતું.

જોકે સમય ઓછો હતો અને ઘણી મંઝિલો હજી તય કરવાની હતી. આથી બે-ચાર ક્ષણ આનંદ માણીને તથા થોડી હેત-પ્રિતની વાતો કરીને હું તરત જ મતલબની વાત પર આવી ગયો. મારા પૂછવાથી શ્ર્વેતકેતુએ જણાવ્યું કે ગયા દોઢ વર્ષથી

મહારાજા ભીષ્મકની સેવામાં 'સહ-સેનાપતિ' તરીકે એને નિમણૂક આપવામાં આવી છે. મારે માટે તો આનાથી મોટી બીજી કોઈ ખુશખબરી હોઈ જ નહોતી શકતી. તે અહીં સહ-સેનાપતિ હોવાથી, મારો તો આપમેળે જ રાજમહેલની અંદર ગુપ્ત પ્રવેશ થઈ ગયો હતો. હવે મારા માટે રાજમહેલનાં વિચાર પ્રવાહનો ખરેખરો અંદાજો મેળવવો કોઈ મુશ્કેલ કામ નહોતું. કહેવાય છે ને કે દુશ્મનના મનનો તાગ મેળવી લેવાય તો અડધું યુદ્ધ તો તમે આપોઆપ જીતી ગયા છો એમ માની શકાય છે. આ સમયે ઉપરોક્ત કહેવત મારા માટે યથાર્થ સાબિત થઈ રહી હતી. આની સાબિતી એ કે રાજમહેલના અનેક ખાનગી રહસ્યો હું શ્ર્વેતકેતુ પાસેથી સહેલાઈથી કઢાવી ચૂક્યો હતો. એક રીતે તો શ્ર્વેતકેતુએ મારા માટે વિજય-દ્વાર જ ખોલી દીધું હતું. ...તેના મતાનુસાર, 'રુક્મિણીનો સ્વયંવર' જરાસંધ અને રુક્મીની જિદ્દનું પરિણામ છે. જોકે મહારાજા ભીષ્મક આ સ્વયંવરથી જરા પણ ખુશ નથી, પરંતુ તેઓ રુક્મીની સામે લાચાર છે. ...આવામાં તેના જણાવ્યા મુજબ, જો કોઈ મહોરું અત્યારે કામ આવી શકે તેમ હોય તો તે છે 'પિતામહ કૈશિક'. કારણ કે તેઓ જરાસંધ અને રુક્મીની જબરદસ્તીથી એટલા નારાજ છે કે તેમણે રાજમહેલ જ છોડી દીધો છે, તથા તેઓ આજકાલ નજીકમાં જ આવેલા એક આશ્રમમાં નિવાસ કરી રહ્યા છે. એટલું જ નહીં, આજની તારીખમાં રુક્મિણી પણ માત્ર એમની જ નજીક છે. ત્યાં સુધી કે તે પોતાની વ્યથા પણ પિતામહ કૈશિક પાસે જ વ્યક્ત કરે છે.

આખી વાત સાંભળીને, મારી અંદર ના માત્ર એકસાથે અનેક ભાવ જન્મ્યા, પરંતુ થોડી વાર સુધી વિચારોની એક લાંબી હારમાળા આવ-જાવ કરતી રહી. જોકે આમ સરવાળે સમાચાર તો આનંદના જ હતા. પહેલી વાત તો એ કે રુક્મિણી આ સ્વયંવરથી રાજી નથી. બીજી ખુશી કૂટનીતિની હતી કે ચાલો પિતામહ ખુદ આ વિવાહના વિરોધમાં ઊભા છે. ત્યાંજ બીજી બાજુ આ ખબરને જો સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં જોઉં તો આર્યાવર્તમાં ઉપદ્રવી દીકરાઓના વધતા પ્રભાવને ધ્યાનમાં લેતા આ ખબર અત્યંત ચિંતાજનક પણ હતી. ત્યાં હસ્તિનાપુરમાં દુર્યોધનની સામે તેના પિતા ધૃતરાષ્ટ્રનું કંઈ પણ ચાલતું નહોતું, તો અહીં મહારાજ ભીષ્મક રુક્મીની સામે લાચાર દેખાઈ રહ્યા છે. એક તરફ મહારાજ દમઘોષ શિશુપાલની સામે સંપૂર્ણ રીતે હથિયાર હેઠા નાખીને બેઠા છે, તો ત્યાં કંસ પોતાના જ પિતા રાજા ઉગ્રસેનને કેદ કરીને રાજસિંહાસન પર બેઠો હતો. ચિંતાનો વિષય આ કે ક્યાંક પિતા-પુત્રોનો સત્તા અને વર્ચસ્વ માટે ચાલી રહેલો આ સંઘર્ષ એક દિવસ સમગ્ર આર્યાવર્તને તો લઈને નહીં ડૂબેને?

લો, ...રુક્મિણીની ચિંતા કરતાં કરતાં અચાનક હું સર્વહિતમાં ખોવાઈ ગયો. જોકે તત્ક્ષણ મેં પોતાને સંભાળી પણ લીધો. આ પણ કોઈ સમય છે સર્વહિતની ચિંતા કરવાનો? અરે, મારા પ્યારા કનૈયા, પહેલા પોતાની અને પોતાની પ્રાણપ્યારીની ચિંતા કરો. ભવિષ્યની ચિંતા આજે કરવાથી શો ફાયદો? આ વિચાર આવતા જ તરત રુક્મિણીની ચિંતા પર પાછો ફર્યો. આમ પણ શ્ર્વેતકેતુએ હજુ સુધી તેનાં વિષયમાં ખાસ કંઈ બતાવ્યું નહોતું. પરિણામસ્વરૂપ હું મારી જિજ્ઞાસા વધારે સમય સુધી દબાવી ના શક્યો. મેં તત્ક્ષણ તેને રુક્મિણીનાં ખબર-અંતર પૂછ્યાં. ...આ બાબતે તેણે જે કંઈ જણાવ્યું તે ખરેખર ખૂબ જ ચિંતાજનક હતું. તેના જણાવ્યા અનુસાર, રુક્મિણી આ બળજબરીથી યોજવામાં આવેલા સ્વયંવરથી અત્યંત દુ:ખી છે. તે હજાર વાર પોતાનો વિરોધ અને ક્રોધ વ્યક્ત કરી કરીને હવે તો થાકી પણ ગઈ છે. આખે આખો દિવસ તે રોયા કરે છે, પરંતુ તેનાથી પણ રુક્મીનું દિલ નથી પીગળી રહ્યું. અને જો કોઈ કારણસર ક્યારેક રુક્મીનું દિલ પોતાની બહેનનાં આંસુ જોઈને પીગળે પણ છે... તો પણ તે અંતે તો પોતાને જરાસંધ અને શિશુપાલની સામે લાચાર જ પામે છે. આ બધાથી થાકેલી દુખિયારી રુક્મિણીએ દબાણ બનાવવા માટે પોતાના અંતિમ પ્રયાસ સ્વરૂપે કાલથી ખાવા-પીવાનું જ છોડી દીધું છે. વિચારી રહી છે, કદાચ આનાથી કોઈ વાત બની જાય. ...આ બધું સાંભળતાં જ હું તો બરાબરનો હચમચી ગયો. હવે પ્રાણેશ્ર્વરી પર મુસીબત હોય તો આપણો જીવ કેમ તાળવે ના ચોંટે?

ખેર! અમારી વ્યક્તિગત વાતચીતનો આ દોર અહીં જ પૂરો થયો. અને હવે ક્યાંક જઈને તેને ભાન થયું એટલે એણે મારું કુંડિનપુર આવવાનું કારણ પૂછ્યું. મહારાજાએ તેને આ જાણવા માટે જ તો અહીં મોકલ્યો હતો. આ પણ જબરું થયું. મેં અઢળક સવાલો કરીને બધી વાતો જાણી લીધી અને તેણે બધા જવાબો આપીને મારી જિજ્ઞાસા પણ શાંત કરી દીધી. પરંતુ તેને હજુ સુધી એ પણ ખબર નથી કે હું આ બધું શા માટે પૂછું છું. ...હવે હું કહું તો ખબર પડે ને? જોકે સમસ્યા મારી સામે પણ હતી. કહું તો શું કહું? આમ તો મિત્ર છે. દિલની વાત કહી જ દેવી જોઈએ. આમ પણ આજની તારીખમાં તે મારે માટે 'ભગવાન સ્વરૂપ' છે અને ભગવાનથી કંઈ છુપાવવું યોગ્ય પણ નથી. પરંતુ પછી વિચાર્યું, દિલની વાત કહેવા માટે ઘણો સમય પડ્યો છે. સહુથી પહેલા તો મહારાજ સુધી સંક્ષિપ્ત રાજનૈતિક જવાબ મોકલવો અત્યંત જરૂરી છે. એટલે છેવટે જવાબ મેં કૂટનીતિક અંદાજમાં જ આપ્યો. મેં કહ્યું- વાસ્તવમાં મથુરાને સ્વયંવરનું નિમંત્રણ આપવામાં આવ્યું નથી. કદાચ જરાસંધની સૂચના પર આમ થયું હોય, પણ મથુરા તેને પોતાનું અપમાન સમજે છે. આથી હું દળ-બળ સહિત મથુરા તરફથી આ અપમાનનો વિરોધ નોંધાવવા અને સ્વયંવર અટકાવવા માટે આવ્યો છું.

...શ્ર્વેતકેતુ તો મને જોતો જ રહી ગયો. એ સમજી ગયો કે તેનો મિત્ર અહીં ઘણાં જ ખતરનાક ઈરાદાઓથી આવ્યો છે. ઈરાદો ભલે જે કોઈપણ હોય, પણ તે અહીં મારા આવવાનો હેતુ જાણવા માટે આવ્યો હતો, જે જાણી ચૂક્યો હતો. જોકે જતા જતા તેણે એક નિરાળી ખુશખબરી આપી કે તેના લગ્ન થઈ ગયા છે. આ તો ખરેખર ખુશીની વાત હતી. મેં તરત જ તેને શુભેચ્છાઓ આપી. ...તે સાથે જ શ્ર્વેતકેતુ તો ચાલ્યો ગયો, પણ મને ઘણી હદ સુધી નિશ્ચિંત કરતો ગયો. દુશ્મનને ત્યાં કોઈ

દોસ્ત મળી જાય તો નિશ્ચિંતતા અનુભવાતી જ હોય છે.

આગળ જતા તેની અસર ઊંઘ પર પણ પડી. આજની રાતે કોઈ બેચેની ના થઈ, એકદમ આરામની ઊંઘ આવી. ઊંઘ પૂરી થઈ તો તેની અસર સ્ફૂર્તિ પર પણ પડી. બીજે દિવસે સવાર થતાં જ કુંડિનપુરના ચક્કર લગાવવા નીકળી પડ્યો. વિચાર્યું, મારા સંદેશ પર મહારાજની પ્રતિક્રિયા તો આવશે ત્યારે આવશે; ત્યાં સુધી શા માટે સ્વયંવર બાબત પ્રજાની પ્રતિક્રિયા ના જાણી લેવામાં આવે. આ બાજુ એક દિવસના ભ્રમણથી જ આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે પ્રજામાં સ્વયંવરને લઈને કોઈ વિશેષ ઉત્સાહ નથી. ઊલટું મોટા ભાગના લોકો રાજકુમાર રુક્મીથી નારાજ છે. તેઓ પોતાની મનપસંદ રાજકુમારીના બળજબરીથી યોજવામાં આવેલા સ્વયંવરથી ખુશ નથી. હું પણ આજ વિચારી રહ્યો હતો કે ભલા રાજકુમારીનો સ્વયંવર હોય અને આખું રાજ્ય ઉત્સવમાં ના ડૂબેલું હોય, એવું ક્યારેય બની શકે ખરું? હશે, હાલ તો પ્રજાની આ ઉદાસી પણ મારે માટે તો લાભદાયી જ હતી. ...મહારાજ અને પિતામહની સાથે સાથે પ્રજા પણ સ્વયંવરના વિરોધમાં હોવાથી મારો ઉત્સાહ અનેક ગણો વધી ગયો હતો. ...જ્યારે મથુરાથી નીકળ્યો હતો તો સામે અંધકાર જ અંધકાર હતો. આશાનું કોઈ કિરણ નજરે ચડતું નહોતું. અને હવે... કુંડિનપુર આવ્યાના બે દિવસોમાં જ આશાનાં અનેક કિરણો ફૂટી નીકળ્યાં હતા. ચોક્કસપણે મારી ખુશીનો કોઈ પાર નહોતો. હવે મને પ્રતીક્ષા હતી તો શ્ર્વેતકેતુની મહારાજ સુધી ખબર પહોંચાડીને પાછા ફરવાની. સ્વાભાવિક રીતે મારા ઈરાદા જાણ્યા પછી મહારાજની પ્રતિક્રિયા શું હશે તેના પર જ હવે તો આગળની રણનીતિ નિર્ભર કરતી હતી.

...આમ તો મારે વધારે પ્રતીક્ષા ના કરવી પડી. શ્ર્વેતકેતુ સમય પહેલા જ સજોડે આવી પહોંચ્યો. હજુ મેં તેના સ્વાગત માટે દ્વાર ખોલ્યા જ હતા કે હું બરાબરનો ચોંકી ગયો. તેની પત્ની બીજું કોઈ નહીં, મારી મોં બોલી બહેન શેવ્યા હતી. હું તો તેને જોતા જ આશ્ર્ચર્યચકિત થઈ ગયો. તે પણ મને જોઈને આશ્ર્ચર્યચકિત થઈ ગઈ. ભાઈ-બહેનનાં આ મિલનથી વાતાવરણ ખુશનુમા થઈ ગયું. મને પણ વિશ્ર્વાસ બેસવા માંડ્યો કે કુદરત આ બાબતમાં સંપૂર્ણ રીતે મારી સાથે છે, એટલે જ તો આ અજાણ નગરીમાં પણ એક પછી એક મિત્ર પ્રકટ થઈ રહ્યા છે. આ બાજુ આશ્ર્ચર્યમિશ્રિત ખુશીની આ હારમાળાને શેવ્યાએ જ વાતચીતમાં પરોવી. તે બોલી-અરે, ભાઈ, તમે!

લો, એનો અવાજ સાંભળ્યો ત્યારે હું હોશમાં આવ્યો. નહીંતર હું તો વિચારોમાં જ ખોવાયો હતો. ખેર, હાલ તો તત્કાળ મેં તેમને અંદર આવીને બેસવાનો સંકેત કર્યો. અને પ્રવેશતા પ્રવેશતા જ એકદમ અદ્ભુત અંદાજમાં જવાબ આપ્યો- હા, બહેન હું!

આ બાજુ અમને આ રીતે વાત કરતાં જોઈને શ્ર્વેતકેતુના આશ્ર્ચર્યનો પણ પાર ના રહ્યો. સ્વાભાવિક રીતે મારી અને શેવ્યાની નિકટતા તેના માટે કોઈ આશ્ર્ચર્યથી ઓછી નહોતી. હશે, હાલ તો મજા એ કે આ બાબત રાજકીય હોવા છતાં પણ આ સમયે સંપૂર્ણ રીતે પારિવારિક બની ગઈ હતી. અમે ત્રણે જણાએ એકસાથે પથારી પર જ બેઠક જમાવી લીધી હતી. ...આ તરફ વાતવાતમાં શેવ્યાએ જણાવ્યું કે તેણે જ કરવીરપુરમાં સહ-સેનાપતિ તરીકે શ્ર્વેતકેતુની નિમણૂંક કરાવી હતી. વખત જતા જલ્દીથી બંને વચ્ચે પ્રેમ પાંગર્યો, અને બંને જણાએ લગ્ન કરી લીધાં. પરંતુ લગ્ન બાદ, શ્ર્વેતકેતુ કરવીરપુરમાં સહ-સેનાપતિ બનીને રહેવા માંગતો નહોતો. તેની ખુદ્દારી આડે આવતી હતી. પરિણામસ્વરૂપ તે લોકો કુંડિનપુર આવી ગયાં. ...શેવ્યાએ આગળ જણાવ્યું કે અહીં આવીને તે આજકાલ રુક્મિણીની અંગત સખી બની ગઈ છે. આ વાત સીધેસીધા મારા સ્વાર્થની હતી. મારા માટે આનાથી મોટી બીજી કોઈ ખુશખબરી હોઈ જ નહોતી શકતી. ખરેખર, તમારી મરજીમાં કુદરતની મરજી પણ ભળી જાય, તો બધું કેટલું સહેલું બની જાય છે. એટલે જ તો કહે છેને કે તેની પાસે લાખો હાથ છે.

...હવે શું હતું? મેં પણ તે બંનેની સામે મારા દિલની વાત કરી દીધી. પહેલી વાર કોઈને રુક્મિણી પ્રત્યેનાં મારા આકર્ષણની વાત કહી હતી. તેનો ભાઈ રુક્મિણીનાં પ્રેમમાં પડી ગયો છે... એ વાત સાંભળીને શેવ્યાની ખુશીનો પાર ના રહ્યો. પરંતુ પળવારમાં જ તેની ખુશી ચિંતામાં બદલાઈ ગઈ. કારણ કે રુક્મિણીનો તો સ્વયંવર થવા જઈ રહ્યો હતો અને તે પણ બળજબરીથી, તેની મરજીથી વિરુદ્ધ. અને આ ઓછું હતું તેમ, ઉપરથી તેની તબિયત પણ દિવસે ને દિવસે બગડી રહી હતી. બસ, આજ બધી ચિંતા વ્યક્ત કરીને એકદમ લાચારી સાથે તેણે મારી સામે જોયું. તેનાં આ રીતે મારી સામે જોવામાત્રએ મને ચિંતાની એક ઊંડી ખીણમાં ધકેલી દીધો. મને સમજાઈ નહોતું રહ્યું કે કોઈ બાપ કે ભાઈ, તે પણ સાધારણ વ્યક્તિ નહીં 'રાજા', કોઈના દબાણમાં પોતાની ચાંદ જેવી દીકરી કે બહેન શિશુપાલ જેવા દુષ્ટના હવાલે કેવી રીતે કરી શકે છે? મારું તો ઠીક, પણ સાચું કહું તો મને રુક્મિણીની વર્તમાન સ્થિતિ ઘણી પીડા પહોંચાડી રહી હતી. મન તો થતું હતું કે તેને મળું, તેને સાંત્વના આપું. પરંતુ આ ક્યાં શક્ય હતું? સાચું કહું છું, મેં પોતાને જીવનમાં આટલો લાચાર પહેલા ક્યારેય નહોતો પામ્યો. વળી, ઉપરથી શ્ર્વેતકેતુ પણ મારા અહીં આવવાનો હેતુ મહારાજને કહ્યા પછી તેમની પ્રતિક્રિયા જાણી શક્યો નહોતો. આમ પણ મહારાજની પોતાની વાત ક્યાં મહત્ત્વ ધરાવતી હતી? તેઓ ઘણી હદે જરાસંઘ પર નિર્ભર હતા. અને મારી બાબતે જરાસંધના ઈરાદા સંપૂર્ણ રીતે સ્પષ્ટ હતા.

ખેર! હજી તો શ્ર્વેતકેતુ પાસે મને આપવા માટે કોઈ સૂચના નહોતી. ચોક્કસપણે તેનું આજનું આ આગમન સંપૂર્ણ રીતે પારિવારિક હતું. અને પછી છ દિવસ બાદ જ સ્વયંવર હતો અને તેમને કામ પણ ઘણાં હતા. માટે, કાલે ફરી તાજા સમાચાર સાથે

આવવાનું વચન આપીને તે લોકો ચાલ્યા ગયા. અને આ તરફ હું, શું કહું? બસ, જિજ્ઞાસાની ઊંડી ખીણમાં હિંચકા ખાતો રહી ગયો. સહુથી મોટી વાત તો એ કે મારા આવવાની બાબત પર રાજમહેલની પ્રતિક્રિયા જાણ્યા વિના, આગળની રણનીતિ પર કોઈપણ પ્રકારનું ચિંતન કરવું પણ સંપૂર્ણ રીતે વ્યર્થ હતું. એટલે હજાર સમસ્યાઓ હોવા છતાં, પ્રતીક્ષા તો શ્ર્વેતકેતુ તરફથી આવનારી નવી સૂચનાની જ કરવાની હતી. બીજી તરફ આ પણ શક્ય હતું કે જરાસંધ, શિશુપાલ અને રુક્મી, ત્રણે મારા મહાશત્રુઓને જ્યારે મારા આવવાની ખબર મળી હશે, ત્યારે તેમણે ચોક્કસપણે ક્રોધમાં આવીને એક વાર તો મને ખતમ કરવા સુધીનો પણ વિચાર કરી લીધો હશે. ...આમ તો હું તેમના કોઈપણ અણધાર્યા હુમલા પ્રત્યે સાવધાન હતો જ, પરંતુ અહીં કુંડિનપુરમાં મારા પર કોઈ આક્રમણ થાય તેની સંભાવના નહિવત્ હતી. આ વાત હું એટલી દ્રઢતાથી એટલા માટે કહી શકું છું કે હું અહીં યુદ્ધ કરવા માટે નહીં, મથુરાનો વિરોધ દર્શાવવા આવ્યો હતો. ...અને વિરોધ કરવો એ મથુરાનો ‘રાજનૈતિક અધિકાર’ હતો. આ રીતે હું આ સમયે મહારાજા ભીષ્મકનો મહેમાન હતો. ...ભલેને વણનોતર્યો જ કેમ નહીં. આથી જો અહીં મારો વાળ પણ વાંકો થાય, તો ભીષ્મકની સમગ્ર આર્યાવર્તમાં થૂ થૂ થઈ જશે. અને જરાસંધનો વિરોધ તો એટલો વધી જશે કે એનું ‘ચક્રવર્તી સમ્રાટ’ બનવાનું સપનું ઠેરનું ઠેર રહી જશે.

...અર્થાત્ ભીષ્મક, જે રાજનીતિના જૂના અઠંગ ખેલાડી છે, તે શિશુપાલ કે રુક્મીની કોઈપણ બાલિશ સલાહમાં ક્યારેય નહીં આવે, એ વાતનો મને પૂર્ણ વિશ્ર્વાસ હતો. બસ, આજ ગણિત મારી આ બાબતની નિશ્ર્ચિંતતાનું કારણ હતું. અને સાચું કહું તો આજ એક ગણિતના ભરોસે તો હું અહીં મોતના મોંમાં ચાલ્યો આવ્યો હતો. ...સ્થિતિ એવી હતી કે ના તો તેઓ મારા પર હુમલો કરી શકતા હતા કે ના તો મારા આવવાનો વિરોધ કરી શકતા હતા. ત્યાં સુધી કે તેઓ મને રાજ્ય છોડીને પાછા જવાનો આદેશ પણ આપી શકતા નહોતા. તથા બીજી બાજુ, મારી હાજરી સહી શકવાનું પણ એમના માટે સહેલું નહોતું. અર્થાત્ હું પ્રકટ તો ગળાનું હાડકું બનીને જ થયો હતો, એ પણ એવું કે જે ના તો અંદર ગળી શકાતું હતું કે ના તો બહાર કાઢી શકાતું હતું. ...જોકે આ બધી વાતો મારા માટે આ સમયે લાખ રસપ્રદ ભલે હોય, પરંતુ મહત્ત્વપૂર્ણ જરાયે નહોતી. મારા માટે મહત્ત્વ માત્ર રુક્મિણી-સ્વયંવર રોકવાનું હતું, અને જે હજુ પણ એની સંપૂર્ણ જટિલતા સાથે યથાવત્ ઊભો હતો. આટલું બધું સકારાત્મક થયા બાદ પણ તેનો કોઈ ઉપાય મને હજુ પણ સૂઝી નહોતો રહ્યો. બીજી બાજુ આ વાત પણ નક્કી હતી કે મારા આવવાનો હેતુ જાણ્યા બાદ, સ્વયંવરમાં સુરક્ષા વ્યવસ્થા એટલી કડક થઈ જશે કે રુક્મિણીના હરણ વિશે વિચારવું પણ ઘેલછા હશે. અર્થાત્ આવ્યા બાદ મળી રહેલી તમામ ખુશખબરી હકીકતમાં, સ્હેજ ઊંડાણપૂર્વક વિચાર્યા પછી, પાણી પરના પરપોટા જેવી જ સાબિત થઈ હતી. તેનાથી સીધેસીધી રીતે રુક્મિણીના ઉદ્ધારનો કોઈ રસ્તો ખૂલતો હોય તેવું વર્તાઈ રહ્યું નહોતું.

મારી હાલત શું કહું તમને, બસ, આજ બધા વિચારો સાથે હું આખો દિવસ મારા કક્ષમાં વ્યાકુળતાથી આંટા મારી રહ્યો હતો. અને આ વ્યાકુળતાના વાતાવરણમાં, આશાનું કોઈ કિરણ હતું તો એ હતું શ્ર્વેતકેતુનું મહારાજની પ્રતિક્રિયા બાબતે કોઈ સકારાત્મક ખબર લઈને આવવું. અને જે એ નહોતો લઈ આવતો. ...આ પ્રતીક્ષામાં આજનો દિવસ તો વ્યર્થ જ ગયો, ઉપરથી હું રાતભર પડખાં બદલતો રહી ગયો, એ અલગ. ...પરંતુ હવે બહુ થઈ ગયું હતું. આમ હાથ પર હાથ રાખીને માત્ર મહારાજની પ્રતિક્રિયાની પ્રતીક્ષામાં કિમતી દિવસો બરબાદ કરી શકાતા નહોતા. હવે જે થાય તે, સ્વયંવર તો કોઈપણ સંજોગોમાં રોકવાનો જ હતો, મેં વિચાર્યું કે ભલે હું રાજમહેલના વિચાર બદલી નથી શકતો, પરંતુ પ્રજાને ભડકાવીને રાજમહેલ પર દબાણ તો લાવી જ શકું છું. આમ પણ જ્યારે કરવા માટે કંઇ ના હોય તો આજ કરી લેવામાં આવે. બસ, બીજા દિવસે સવારે તત્કાળ પ્રભાવથી આ કાર્યમાં લાગી ગયો. પછીના બે દિવસ મેં સામાન્ય પ્રજાને સ્વયંવરની વિરુદ્ધમાં ખૂબ ભડકાવી. ...હવે જે પ્રજા બળજબરીથી કરવામાં આવી રહેલા આ સ્વયંવરની વિરુદ્ધમાં પહેલેથી જ હતી, તેમને હું આ સમજાવીને સહેલાઈથી ભડકાવવામાં સફળ થઈ ગયો કે રાજકુમારી રાજાની જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યની ઈજ્જત હોય છે. એને ના તો માત્ર પોતાની દીકરી માનવામાં આવે, પણ તેને બળજબરીથી કોઈ દુષ્ટના ગળે બાંધવાનો પણ જોરદાર વિરોધ કરવામાં આવે. અંતે મારો પ્રયત્ન રંગ લાવ્યો. કુંડિનપુરમાં ચૌરે-ચોટે સ્વયંવરના વિરોધમાં અવાજ ઊઠવા લાગ્યો. આ અવાજ એટલો વ્યાપક હતો કે જોતજોતામાં તેણે રાજમહેલની દીવાલોને હચમચાવી દીધી. પ્રજાનું શું હતું, જ્યારે ખોટી વાત માટે પણ તેમને સહેલાઈથી ઉશ્કેરી શકાતી હતી, તો પછી સાચી વાત માટે તેમને ઉશ્કેરવાનું કામ ક્યાં અઘરું હતું? બે ભાવનાત્મક શબ્દ, દુ:ખી ચહેરો અને પ્રજા ઉશ્કેરાઈ ગઈ. ઉપરથી મેં રુક્મિણીની મનોદશાનું શું ઓછું ભાવનાત્મક વર્ણન કર્યું હતું? ભલા કુંડિનપુરની ભાવુક પ્રજા પોતાની પ્રિય રાજકુમારીને આટલા અસહ્ય કષ્ટમાં કેવી રીતે જોઈ શકતી હતી? એણે તો ઉશ્કેરાવાનું જ હતું.

...બસ, મારી આ ચાલે સફળતાનાં શિખરો સર કરી દીધા. જે રાજમહેલ હજુ સુધી મારી અવગણના કરતો આવતો હતો, ત્યાંથી મને વિધિવત્ નોતરું આવી ગયું. શ્ર્વેતકેતુ પોતે મહારાજા ભીષ્મકનું નિમંત્રણ લઈને આવ્યો. સ્વાભાવિક રીતે પ્રજામાં ભડકેલા વિદ્રોહે પહેલેથી અશક્ત ભીષ્મકને ભીંસમાં લઈ લીધા હતા. આમ તો તેઓ પણ આ સ્વયંવરથી ખુશ તો હતા નહીં, કદાચ ઊલટું આ બહાને તેમને પોતાના મનની વાત સાંભળવાની તક મળી ગઈ હતી. નહીંતર સામાન્ય પરિસ્થિતિમાં તો પ્રજાના નાના-મોટા વિરોધની અવગણના કરવી એ રાજમહેલ માટે કોઈ મોટી વાત નથી હોતી. હવે જે હોય તે, મારું તો કામ થઈ ગયું હતું. મારી પ્રસન્નતાનો તો પાર જ નહોતો. મેં ખુશીના માર્યા દસેક વાર શ્ર્વેતકેતુને ચૂમી લીધો હતો. ...ખરેખર, રાજમહેલ પર

દબાણ લાવવાની યોજનાએ તેનો રંગ બતાવ્યો હતો. હવે એક વાર વાતચીતનો માર્ગ ખૂલ્યો છે, તો બાકી માર્ગ પણ આપમેળે ખૂલી જશે. ચોક્કસપણે આ મોટી સફળતા હતી. મને પોતાની પર ગર્વ પણ થઈ રહ્યો હતો. ખરેખર મારી યોજનાઓ ક્યારેય નિષ્ફળ નથી જતી. કદાચ મારા ઈરાદા એટલા પાક્કા હોય છે કે પરિસ્થિતિઓએ મારી સામે ઝૂકવું જ પડતું હતું.

આમ તો એક અગત્યની વાત કહું તો મારી હરહંમેશાં થનારી જીતની પાછળ એક કારણ એ પણ હતું કે કપરામાં કપરી પરિસ્થિતિઓમાં પણ જ્યાં સુધી એક પણ ઉપાય બાકી રહી ગયો હોય, ત્યાં સુધી મેં ક્યારેય હાર માની નથી. મને ક્યારેય હતાશા ઘેરી વળતી જ નહોતી. વસ્તુ-સ્થિતિને બરાબર સમજવી, તેનું બરાબર વિશ્લેષણ કરવું અને પછી કરવા જેવા દરેક પ્રયત્ન સંપૂર્ણ તાકાત સાથે કરવા અને તે પણ નિ:સ્વાર્થ ભાવથી; ...પછી તમે જ કહો ભલા, ઈચ્છિત પરિણામ કેમ ના આવે?

હું જાણતો હતો કે રુક્મી અને જરાસંધ જેવા પર પ્રજાનું કોઈ દબાણ નથી ચાલવાનું. પરંતુ મહારાજા ભીષ્મક પર તો રાજ્યસંચાલનની જવાબદારી છે. તેઓ એક હદથી વધુ પ્રજાની અવગણના નથી કરી શકતા. તેમણે દરેક હાલમાં પ્રજાની ઈચ્છાઓનું સન્માન કરવાનું જ હતું. ખરેખર, પ્રજાની નારાજગીએ એ કરીને બતાવ્યું હતું, જેની મને અહીં આવવાની સાથે પ્રતીક્ષા હતી. મહારાજા ભીષ્મકના વિધિપૂર્વકના નિમંત્રણમાત્રએ એક રીતે તો મારા પ્રેમની જીતનો પાયો નાખી દીધો હતો. હું અહીં આવ્યા બાદ, બીજું ચાહતો પણ શું હતો? એજ ને કે મને બોલાવવામાં આવે, મારી સાથે વાતચીત કરવામાં આવે. ...કારણ કે હું જાણતો હતો કે મને વાર્તાલાપની તક આપવામાં આવે અને જો મારી સાથે ચર્ચા કરવામાં આવે તો હું તોફાનોનો પણ રસ્તો બદલી શકું છું. હું તો જે દિવસથી આવ્યો હતો તે દિવસથી જ રાજમહેલ જવા માટે તડપી રહ્યો હતો. હવે જે શુભ પળની આવવાની સાથે જ હું પ્રતીક્ષા કરી રહ્યો હતો, તેમાં સમય શું બગાડવાનો? હું જલ્દીથી તૈયાર થઈને શ્વેતકેતુની સાથે ચાલતો થયો. હું સંપૂર્ણ શાન અને આત્મવિશ્વાસ સાથે જ આગળ વધ્યો હતો. એ તરફ શ્વેતકેતુ ચાર રથોનો રસાલો લઈને મને લેવા આવ્યો હતો, તો આ તરફ શાન વધારવામાં તો હું પણ કંઈ ઓછો નહોતો. હું પણ મારો વીસ રથનો રસાલો લઈને તેની સાથે ચાલી નીકળ્યો હતો. ...આખરે સાસરીયામાં જઈ રહ્યો હતો, શાનથી તો જવાનું જ હતું. હશે, આ તો મજાકની વાત હતી. ગંભીર વાત એ કે આજે નિર્ણયની પળ હતી. મારા વાક્ચાતુર્યની સાચી પરીક્ષા હતી. અને હું આ પરીક્ષા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતો.

આ બાજુ મારા ધાર્યા કરતાં ઊલ્ટું, દરબાર રાજાઓ અને યુવરાજોથી ખીચોખીચ ભરેલો હતો. હું વિચારીને આવ્યો હતો કે મારે સીધું ભીષ્મક સાથે વાત કરવા જવાનું છે, પણ અહીં તો પ્રેક્ષકોની આખી મંડળી જામી હતી. કદાચ ભીષ્મક તમામ નિર્ણયો બધાની સામે જ કરવા માંગતા હતા, જેથી પાછળથી કોઈ આંગળી ના ચીંધે. હશે, હમણાં તો તેમના આ પ્રયત્નને કારણે, મારા વાક્ચાતુર્યની પૂરેપરી પરીક્ષા લેવામાં આવવાની હતી. એકલા ભીષ્મકને પટાવી લેવું સહેલું હતું, પરંતુ આટલા રાજાઓ અને યુવરાજોને એકસાથે પટાવી લેવાનું? ...કંઈ વાંધો નહીં, ઉત્સાહ વધારવા માટે દરબારમાં મારો ખાસ પ્રિય જરાસંધ પણ હાજર તો હતો જ. એ ના માત્ર હાજર હતો, પરંતુ સંપૂર્ણ અકકડથી બિરાજમાન હતો. તેના સિંહાસનની ઊંચાઈ જ તેના વિશિષ્ટ હોવાની સાબિતી આપી રહી હતી. ત્યાંજ તેના ચેલા શિશુપાલ અને રુક્મી તેની આજુબાજુ જ ચોંટીને બેઠેલા હતા. ...હવે શત્રુઓને નાપાક ઈરાદા સાથે આટલી મક્કમતાથી બેઠેલા જોઈને કનૈયાનો ઉત્સાહ તો વધવાનો જ હતો. મારો તો સીધો નિયમ છે 'જેટલી તોફાની નદી, એટલું શ્રેષ્ઠ તરવાનું.' એટલે કે પરિસ્થિતિ જેટલી ગંભીર, એટલો તેજ-તર્રાર કનૈયો હાજર. અને તેની સાબિતી એ કે આવી કપરી પરિસ્થિતિમાં પણ મજાકિયા સ્વભાવે મારો પીછો છોડ્યો નહોતો. હું જરાસંધ તરફ જોઈને એવી રીતે હસ્યો જાણે કે કોઈ તુચ્છ વ્યક્તિ બેઠો હોય. આમ તો સ્વભાવ જરાસંધે પણ છોડ્યો નહોતો, એ મને જોઈને એવો ગિન્નાયો હતો કે જાણે કાચો જ ખાઈ જશે. હવે મને એનાથી શું ફરક પડવાનો હતો? જરાસંધ આર્યાવર્ત માટે ભલે જે હોય તે, અથવા તો ભીષ્મકના દરબારમાં તેની કોઈપણ હેસિયત હોય, પણ મારે માટે તો તે અનેક વાર યુદ્ધનું મેદાન છોડીને ભાગી જનારો એક સાધારણ રાજા જ હતો. હવે તમે જ બતાવો ભલા, જરાસંધને હું મારી નજરે જોઉં કે દુનિયાની નજરે?

ખેર! હું આ આખું દ્રશ્ય પ્રવેશદ્વાર પર ઊભા ઊભા જ જોઈ રહ્યો હતો. ત્યાં આખો દરબાર પણ મને જોવામાં જ વ્યસ્ત હતો. ખાસ કરીને બહારથી આવેલા રાજા અને યુવરાજ મને જોવામાં કંઈક વધારે જ રસ લઈ રહ્યા હતા. એક સાધારણ ગોવાળ, જેની ઉંમર હજી માંડ ચોવીસ વર્ષની હતી, તે આટલા મોટા-મોટા રાજાઓની સામે સહુથી વિશિષ્ટ બનીને ઊભો હતો. સાચું કહું તો મારો અહંકાર તો આ વિચારીને જ ઉછળી રહ્યો હતો. બીજી બાજુ બહારથી આવેલા રાજાઓ અને યુવરાજોની હાલત પણ ઓછી અજબ નહોતી. તેઓ સતત વારંવાર મને અને જરાસંધને એવી રીતે જોઈ રહ્યા હતા કે જાણે અમારા બંનેનું શક્તિપરીક્ષણ કરી રહ્યા હોય! તેમને મને જોઈને વિશ્વાસ જ આવતો નહોતો તે આ છોકરો જરાસંધને ત્રણ વાર પરાજિત પણ કરી શકે છે. ત્યાં મજા એ હતી કે જરાસંધ પણ રાજાઓની આ તુલનાત્મક દ્રષ્ટિથી અજાણ નહોતો, તે આ બધું જોઈને મનમાં ને મનમાં ખૂબ જ અકળાઈ પણ રહ્યો હતો; પરંતુ પરિપક્વ હતો એટલે બધું મનમાં ને મનમાં સંઘરી શાંત બેઠો હતો.

ખેર! તેનું જવા દો. હાલ તો હું જેના દરબારમાં આવ્યો છું તેની વાત કરું તો મહારાજા ભીષ્મકે પોતાના તરફથી શિષ્ટાચાર નિભાવવામાં સહેજે ચૂક ન કરી. તેમણે આવતા જ મને બેસવા માટે કહ્યું. એકસાથે આટલા બધા રાજાઓ સાથે બેસવાનો મોકો મને પહેલી વાર નસીબ થયો હતો. સ્વાભાવિક રીતે આવો આદર-સત્કાર મેળવીને હું હરખથી ફૂલ્યો સમાતો નહોતો. ચોક્કસપણે

એક સાધારણ ગોવાળ માટે આ ખૂબ ગર્વની વાત હતી. અને હું પણ આને આ સમયે એક તકની રીતે જ જોઈ રહ્યો હતો. જો આજે દરબારમાં છવાઈ ગયો, તો સમગ્ર આર્યાવર્તે આ ગોવાળને એક રાજાના રૂપમાં સ્વીકારવાનું નક્કી હતું. આથી મેં પણ એક પંકાયેલા રાજાના રૂપમાં શિષ્ટાચાર નિભાવ્યો. મારું સ્થાન ગ્રહણ કરતાં પહેલા મેં મહારાજા ભીષ્મકને પ્રણામ કર્યા. પછી જરાસંધ અને અન્ય રાજાઓનું અભિવાદન કર્યું. ત્યાર બાદ જ આ ગોવાળે ખૂબ રોફથી રાજાઓની બરાબરી પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સાચું કહું તો આ એક મુદ્રાથી હું તત્ક્ષણ પોતાને રુક્મિણીને લાયક સમજવા લાગ્યો. આ ગેરસમજે, બીજું કંઇ નહીં તો મારા ઉત્સાહમાં લાગલો જ બમણો ઉમેરો કરી દીધો. આમ પણ આ કપરી પરિસ્થિતિમાં એક ઉત્સાહનો જ તો સહારો હતો.

હશે, તે તો આગળ ઉપર ખબર પડશે જ. હાલ તો આ બાજુ મારા બેસતા જ થોડી વાર માટે તો દરબારમાં શાંતિ છવાઈ ગઈ. સ્પષ્ટ હતું કે મારા આવ્યા પહેલા ઘણી ચર્ચા વિચારણા થઈ ગઈ હતી. બધાની હાજરી આ વાતની સાબિતી પણ હતી. ચોક્કસપણે વાત એકલા ભીષ્મક કે જરાસંધથી પૂરી નહીં થતી હોય, એટલે જ તો બધાની સામે મને આમંત્રિત કરવામાં આવ્યો હતો. વળી એ કહેવાની પણ જરૂર જ નથી કે જરાસંધ, રુક્મી અને શિશુપાલ મને આ રીતે બોલાવવામાં આવ્યો તેનાથી જરા પણ રાજી નહોતા. નહોતા તો નહોતા, આ બાજુ આદતથી લાચાર, હું ઘણીવાર જરાસંધ સાથે ફરી આંખ મિલાવવાની નિષ્ફળ કોશિશ કરી ચૂક્યો હતો. પરંતુ એ આંખ મિલાવવામાં બરાબરનો કતરાઈ રહ્યો હતો. પણ તેમ છતાં તે પોતાની અંદરનો ક્રોધ સંતાડી નહોતો શકતો. આ બાજુ, દરબારમાં પ્રસરેલી ચૂપકીદી હજી પણ યથાવત્ હતી. આમ તો આ મહારાજ ભીષ્મકનો દરબાર હતો અને વાતચીતનો દોર પણ તેમણે જ શરૂ કરવાનો હતો, પરંતુ એવું લાગી રહ્યું હતું કે તેમને પોતાની વાત શરૂ કરવા માટે શબ્દો નહોતા મળી રહ્યા. ક્યાંક એવું ન થઈ જાય કે ચૂપચાપ રહેવામાં જ સ્વયંવરનો સમય આવી જાય. આથી હું જલ્દીથી મારી ધીરજ ગુમાવી બેઠો. આમ પણ સારું એ હતું કે ભીષ્મક ...'જરાસંધ'નું ગોખાવેલું કંઇ બોલે, તે પહેલાં જ હું મારી રીતે મારી વાત કરી લઉં. આવું વિચારીને, મેં મારા સ્થાન પર ઊભા થઈને સીધું મહારાજ ભીષ્મકને સંબોધન કરતાં, પૂરા આત્મવિશ્વાસ સાથે મારી વાત શરૂ કરી દીધી. મેં કહ્યું- હું આ આમંત્રણ માટે આપનો આભારી છું, પરંતુ મારું માનવું છે કે મને આ નિમંત્રણ એ દિવસે મળી જવું જોઈતું હતું, જે દિવસે મેં કુંડિનપુરની સીમામાં પ્રવેશ કર્યો હતો.

મારી વાત એટલી સચોટ હતી કે તેણે ભીષ્મક સહિત તમામના મોં સીવી દીધા. સાથે જ આટલા મોટા રાજાઓની વચ્ચે મારા પ્રભાવનો પહેલો સિક્કો પણ જમાવી દીધો. અને મજા એ કે મારા એક જ વારથી બિચારા ભીષ્મક પોતાનું સંતુલન સંપૂર્ણ રીતે ગુમાવી બેઠા. તરત હાંફળાફાંફળા થઈને બોલ્યા- હું તો નિમંત્રણ મોકલવાનો જ હતો, પરંતુ...

હવે હું વાત પૂરી થવા દઉં તો ને. જ્યારે જીભ લપસી જ ગઈ, તો પૂરો ફાયદો કેમ ના ઉઠાવું? બસ, મેં સીધી વાત કાપીને હસીને કહ્યું- પરંતુ જરાસંધે આની રજા નહીં આપી હોય... તો શું? તમે તો જાણો જ છો કે તેમની અને અમારી બહુ જૂની મિત્રતા છે. અને જ્યાં સુધી મારો ખયાલ છે, કુંડિનપુરના મહારાજ તો હજુ પણ તમે જ છો.

...મારા આ ધારદાર વ્યંગ સામે જરાસંધ તો પોતાની પરિપક્વતા બતાવવા ચૂપ રહેવામાં સફળ રહ્યો, પરંતુ રુક્મી બરાબરનો અકળાઈ ગયો. હવે તે 'સાળા'ની કોણ પરવા કરે છે? જ્યારે બરાબરી પર બેસી જ ગયો છું, તો બરાબરીથી બોલવાનો અધિકાર પણ આપમેળે જ મળી ગયો છે. અને પછી બરાબરીપૂર્વક બોલવાથી જ તો મને વિશ્વાસ આવશે કે હું આ રાજાઓની બરાબરીનો થઈ ગયો છું. જોકે મહારાજા ભીષ્મક હવે સંપૂર્ણ રીતે સભાન થઈ ગયા હતા. મારા આ વ્યંગ પર આ વખતે તેમણે કોઈ પ્રતિક્રિયા ના આપી. આજ પરિપક્વતા હોય છે. ઊલટું, હવે વાતચીતનો નવો દોર ભીષ્મકે જ શરૂ કર્યો. મારા કરેલા વ્યંગને સંપૂર્ણ રીતે નજરઅંદાજ કરતાં, એકદમ શાંત ચિત્તે બોલ્યા- આમ તો કુંડિનપુર તમારું પોતાનું રાજ્ય છે, તમે જ્યારે ઈચ્છો ત્યારે આવી શકો છો. પરંતુ આ સમયે રુક્મિણીનાં સ્વયંવરમાં આવવાવાળી વાત સમજમાં ના આવી.

મેં તરત હસતા હસતા કહ્યું- મહારાજ, તમે જાણીને પણ અજાણ બનવાનો પ્રયત્ન કરી રહ્યા છો. બધા જાણે છે કે તમે આ સ્વયંવરમાં મથુરાને આમંત્રિત નથી કરી. આથી વગર બોલાવ્યા મહેમાનની જેમ ટપક્યા વિના તમે મારા માટે કોઈ ઉપાય જ ક્યાં છોડ્યો હતો? જોયું, રાજાઓની સાથે બેસવાનો મોકો શું મળ્યો, હું મારા પૂરા રંગમાં આવી ગયો. હવે હું જ્યારે મારા રંગમાં હોઉં અને સામે જરાસંધ બેઠો હોય, તો તેને છંછેડવાનું મન થાય તે સ્વાભાવિક જ હતું. સાચું કહું તો મને તેને છંછેડીને તેની પરિપક્વતાને લલકારવાનું મન થઈ રહ્યું હતું. આજ ઉદ્દેશથી મેં તરત મહારાજ સાથે હમદર્દી બતાવતા સંપૂર્ણ નાટ્યાત્મકતાથી કહ્યું- લાગે છે કેટલાક 'નાસમજો', જેમને મથુરા પહેલા ઘણીવાર પાઠ ભણાવી ચૂકી છે, તેમના પ્રભાવમાં આવીને તમે મથુરાને નિમંત્રણ ના મોકલવાનું દુ:સાહસ કરી બેઠા છો.

બોલતા તો બોલી ગયો હતો, પણ તરત અહેસાસ થયો કે હું કંઈક વધારે જ બોલી ગયો હતો. તો શું, હું જે ચાહતો હતો તે તો થઈ જ ગયું. મારા આ વ્યંગ પર જરાસંધ એટલો બધો અકળાયો કે તે પોતાનું નિયંત્રણ જ ગુમાવી બેઠો. તે ક્રોધનો માર્યો પોતાની ખુરશી પરથી ઊભો થઈ ગયો. એટલું જ નહીં, તેણે તેની તલવાર પણ મ્યાનમાંથી બહાર કાઢી. બસ, આજ તો હું ચાહતો હતો. આમ પણ દુશ્મનને જ્યાં સુધી ક્રોધિત કરવામાં ના આવે ત્યાં સુધી તે ભૂલ નથી કરતો. જોકે આ તો મારી અને જરાસંધની વાત થઈ, પરંતુ આ બાજુ વાતાવરણને તંગ થતું જોઈને મહારાજા ભીષ્મકના ચહેરા પર ચિંતાની હજારો રેખાઓ ઊપસી આવી. કોઈ રીતે હજારો કાલાવાલા કરીને એ બિચારા માંડમાંડ જરાસંધને શાંત કરવામાં સફળ રહ્યા. આ બાજુ

જરાસંધની અત્યારની હાલત જોઈને, મને રહીરહીને હસવું આવી રહ્યું હતું. જેનું આર્યાવર્ત પર એકહથ્થું રાજ્ય છે, તેણે આજે એક સાધારણ ગોવાળ દ્વારા અપમાનિત થયા બાદ પણ ચૂપચાપ બેસી રહેવું પડતું હતું. ...હવે આવામાં હસવું તો આવવાનું જ હતું. આ બાજુ મહારાજા ભીષ્મક જ્યારે જરાસંધને શાંત પાડી ચૂક્યા, તો થોડા ખીજાઈને મને કહેવા લાગ્યા- તમે વાતવાતમાં વ્યંગ કરવાને બદલે, તમારી વાત કરો તો સારું થશે.

...સારું છે, હું મારી વાત કરું છું. મહારાજનું નિવેદન આંખ-માથા પર. આ વખતે મેં બહુ ગંભીરતાપૂર્વક મારી વાત કહી. મેં કહ્યું- તમે બધા જાણો છો કે હું અહીં માત્ર મારો વિરોધ દર્શાવવા આવ્યો છું. જો મથુરાને નિમંત્રણ મોકલવામાં આવ્યું હોત તો કદાચ મારે અહીં આવવું જ ન પડત. કારણ કે ના તો મને, ના તો મથુરાને રુક્મિણીમાં કોઈ રસ છે. આથી મારી આ યાત્રા સંપૂર્ણ રાજકીય કારણોસર માનવામાં આવે અને તે પણ મજબૂરીને લીધે.

આ વાત પર મહારાજા ભીષ્મક તરત બોલ્યા- તમારા આવવાનું કારણ તો અમારી સમજમાં આવી ગયું, પરંતુ પ્રજાને ઉશ્કેરવાવાળી વાત સમજમાં ન આવી.

અંતે દિલની વાત હોઠ પર આવી જ ગઈ. પરંતુ હું ક્યાં પાછો પડું તેવો હતો? મેં તરત ચહેરા પર માસુમિયતનો અંચળો ઓઢી લીધો અને એકદમ ભોળા થઈને કહ્યું- વાસ્તવમાં, અહીં આવ્યા બાદ સામાન્ય પ્રજા મને આ સ્વયંવર રોકાવવાની વિનંતી કરવા લાગી. તેમનું માનવું હતું કે આ સ્વયંવર એક નાટક છે. રુક્મિણીને બળજબરીથી શિશુપાલ સાથે વિવાહ કરવા માટે વિવશ કરવામાં આવી રહી છે. મેં તો ઊલટું તમારી પ્રજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ના એવું નથી. અરે, આર્યાવર્તના એકથી એક ગુણવાન અને વીર યુવરાજ આમંત્રિત છે. જો આવો કોઈ પ્રયાસ કરવામાં આવશે તો તેઓ પોતાની તલવાર ખેંચીને આ સ્વયંવરને અટકાવી નહીં દે? મારી પાસે સફાઈ માંગવામાં આવી હતી, અને જુઓ મેં સફાઈ દેતા દેતા પણ તીર તો ચલાવી જ દીધું હતું. મારી પ્રજાને ભડકાવવાવાળી વાત સાંભળીને જરાસંધ અને ભીષ્મકના ચહેરા તો એવા ઊતરી ગયા કે એ જોવા જેવા લાગતા હતા. પરંતુ હું આટલું કહીને થોડો માનવાનો હતો. મેં આગળ સીધું યુવરાજોને સંબોધિત કરતાં કહ્યું- શું મારા વીર ભાઈઓ, મેં કંઈ ખોટું કહ્યું?

...આ સાંભળતા જ એકસાથે કેટલાય યુવરાજોએ હા હા કહેતા પોતાની તલવારો ખેંચી લીધી. એટલું જ નહીં... એમાંથી એક બોલ્યો પણ કે જો એવી કોઈ કોશિશ કરવામાં આવી, તો અહીં ખૂન-ખરાબો નહીં થઈ જાય? બસ, મારું કામ થઈ ગયું હતું. દરબાર તો જાણે રીતસરનો અખાડો બની ગયો હતો. આ બાજુ આ બધો તમાશો જોઈને ભીષ્મક થર-થર કાંપવા લાગ્યા હતા. તેમને પરિસ્થિતિ બેકાબૂ બનતી દેખાઈ રહી હતી. તે એટલા ગભરાઈ ગયા હતા કે કંઈ બોલી જ શકતા નહોતા. ...આ બાજુ ભીષ્મકની આ હાલત જોઈને, જરાસંધ મેદાનમાં કૂદી પડ્યો. તેણે નવી રીતે સ્થિતિ સંભાળવાની કોશિશ કરી. તે સીધો મને સંબોધીને કહેવા લાગ્યો- તમે અહીં આમંત્રિત નથી છતાં પણ કોણ જાણે શા માટે સ્વયંવરમાં વિઘ્ન નાખવા મથુરાથી ચાલ્યા આવ્યા છો? અને તેનાથી પણ તમારું દિલ ના ભરાયું તો અહીંની પ્રજાને ભડકાવી, ઉપરથી ભોળા બની રહ્યા છો? ...આ શું ઓછું હતું કે અહીં બેઠા બેઠા અમારી આંખો સામે આ યુવરાજોને પણ ભડકાવી રહ્યા છો?

...લાચારી તેની વાતોમાં જ નહીં, તેના હાવ-ભાવથી પણ સ્પષ્ટ વર્તાઈ રહી હતી. ...અરે જરાસંધ! યુદ્ધનું મેદાન હોય કે કૂટનીતિનો અખાડો, તું હંમેશાં પોતાને મારી સામે લાચાર જ જોઈશ. અને લાચારી પણ કેવી...! હું તમારી ફજેતી કરતો રહું અને તમે તમાશો જોનારા બનીને જોતા જ રહી જાવ. હવે જરાસંધ પણ એટલો પરિપક્વ તો હતો જ કે પરિસ્થિતિ માપી લે. તે આ સમજી જ રહ્યો હતો કે હું વારંવાર તેની ફજેતી કરીને તેને ઉકસાવી રહ્યો છું, જેથી કરીને મામલો બગડી જાય. તેની પરિપક્વ મજબૂરી એ કે તે એક વાર ફજેતી તો સહન કરી શકતો હતો, પણ વાત વધુ વણસે તે તેના હિતમાં નહોતું. કારણ કે સ્વયંવર પર આંચ આવી, તો સમગ્ર આર્યાવર્તમાં તેની ધાક જ શું રહી જવાની? ...પછી તો બધા કહેશે કે જ્યારે એક સ્વયંવર પણ પાર પાડી નથી શકતો, તો હવે અમે તેનાથી ડરીએ શું કામ? આથી અંતમાં કોઈ ઉપાય ના જોઈને, હવે બિચારો મને લગભગ નિવેદન કરતાં બોલ્યો- અંતે તમે શું ઈચ્છો છો? શા માટે આ શુભ કાર્યમાં વિઘ્ન લાવી રહ્યા છો?

હવે આવ્યો ને સાચા માર્ગ પર! હું તેની લાચારીને સારી રીતે સમજી રહ્યો હતો. અને સાચું કહું તો તેનો જ તો ફાયદો ઉઠાવી રહ્યો હતો. ચક્રવર્તી સમ્રાટ બનવું તે તેની દુખતી નસ હતી. અને આવામાં આ સ્વયંવર તેણે નિર્વિઘ્ને પાર પાડવાનો જ હતો. જોકે આ બાજુ હું પણ મારી મર્યાદા અને અત્યારની હેસિયત, બંને સારી રીતે જાણતો હતો. આખરે તે પણ જરાસંધ હતો, આર્યાવર્તનો બેતાજ બાદશાહ. એને આનાથી વધારે ઉશ્કેરવાનું ગમે ત્યારે ભારે પડી શકે એમ હતું. બસ, આ વિચાર આવતા જ, મેં પણ તત્ક્ષણ મારો રંગ બદલી દીધો. જોકે વાત તો હજુ પણ મારે ઉશ્કેરવાની જ કરવાની હતી, પણ થોડી વિનમ્રતાપૂર્વક. આથી મેં હવે ઘણાં શાંત ભાવથી જરાસંધને કહ્યું- વાસ્તવમાં હું તો મહારાજા ભીષ્મકને બદનામીના કલંકથી બચાવવા ઈચ્છું છું. જુઓ, પિતામહ કૈશિક તો પહેલેથી જ નારાજ થઈને રાજમહેલ છોડીને ચાલ્યા ગયા છે. હવે તમે જ વિચારો કે આવામાં જો કુંડિનપુરની પ્રજા અને આ યુવરાજો પણ નારાજ થઈ ગયા, તો મહારાજ તો કોઈને મોં બતાવવા લાયક પણ નહીં રહે. અને પછી પોતાની જ પુત્રીનાં વિવાહમાં ખૂન-ખરાબો થઈ ગયો, તો તેની અસર ના માત્ર રુક્મિણીનાં ભવિષ્ય પર, પરંતુ સંપૂર્ણ રાજ્ય ઉપર પણ પડી શકે છે. આગળ જેવી મહારાજની મરજી. પરંતુ હું છતાં પણ ભાર દઈને કહું છું કે મારા મતે, મહારાજા ભીષ્મકે આ

સ્વયંવરને રદ કરી દેવોજોઈએ.

આ સાંભળતા જ આખા દરબારમાં શાંતિ છવાઈ ગઈ. માત્ર શિશુપાલ અને રુક્મી લાલઘૂમ આંખોથી મને એવી રીતે ઘૂરી રહ્યા હતા કે જાણે તે બંને અત્યારેને અત્યારે અહીંયાં જ મારો ઘડો લાડવો કરી નાખશે. આ બાજુ બિચારા જરાસંધને તો એ સમજમાં આવતું જ ન હતું કે આ હું શું કહી ગયો હતો...? અને આનો અર્થ શું કાઢવામાં આવે? અજબ વાતાવરણ થઈ ગયું હતું. એક તરફ જરાસંધ હેરાન હતો, તો બીજી તરફ તેના પીઠ્ઠુઓ ક્રોધથી લાલચોળ થઈ રહ્યા હતા. આ ઓછું હતું કે મારા દ્વારા ઉશ્કેરવામાં આવેલા યુવરાજો પણ તલવાર ખેંચીને મરવા-મારવા માટે તૈયાર ઊભા હતા. કેટલાક રાજા જરાસંધની આબરૂ બચાવવાની કવાયતમાં લાગ્યા હતા, તો કેટલાક ભીષ્મક અને રુક્મિણીનાં ભવિષ્ય વિશેની ચર્ચામાં લીન થઈ ગયા હતા. આશ્ચર્ય એ કે આ બધાને કામે લગાવવાવાળો, અર્થાત્ 'હું', એક જ માત્ર શાંતિથી મારા સ્થાન પર, પગ પર પગ ચઢાવીને આ તમાશો જોઈ રહ્યો હતો. અને મજા તો એટલી આવી રહી હતી કે શું કહું? આ બાજુ આ દ્રશ્ય જોઈને મહારાજા ભીષ્મક સંપૂર્ણ રીતે ભાંગી પડ્યા હતા. બીજી બાજુ આખો દરબાર પણ મારી વાતોની જાળમાં ફસાઈ ગયો હતો. જરાસંધની તો બોલતી એવી રીતે બંધ થઈ ગઈ હતી કે ક્યાંક આજીવન મૌનવ્રત ના લઈ લે. હું પહેલા જ કહેતો હતો કે જો મને એક વાર બોલવાનો મોકો આપવામાં આવે, તો બધું ધૂળધાણી થયું જ સમજો. બસ, અંતે હું જે ચાહતો હતો તે થઈ જ ગયું. ભીષ્મક લગભગ સંપૂર્ણ લાચારીમાં રોતા રોતા જ બોલ્યા- મારી પુત્રી રુક્મિણી કાલથી જ બેહોશ છે. રાજવૈદ્ય તેનાં સ્વાસ્થ્યથી સંતુષ્ટ નથી. મારું પણ સ્વાસ્થ્ય ઠીક નથી. કૃપા કરીને તમે લોકો શાંતિ જાળવી રાખો.

બાકીનાઓએ તો તેમની હાલત પર દયા રાખીને શાંતિ ગ્રહણ કરી લીધી, પરંતુ શિશુપાલથી ના રહેવાયું. તે બરાબરનો અકળાઈ ગયો હતો. આમ તો તેનો ક્રોધ વાજબી પણ હતો. સ્વયંવરમાં વિઘ્ન ઊભું થવા બદલ સહુથી વધારે ચિંતિત તો 'વરરાજા'એ જ થવું જોઈએ. પરંતુ તેની પણ એક મર્યાદા હોય છે, પરંતુ આ પાગલ તો પોતાની હદ જ વટાવી ગયો. અને પોતાના મન પરનો કાબુ ગુમાવીને, સીધો જ મારા પર તૂટી પડ્યો અને બોલ્યો- મથુરાને નિમંત્રણ ના મોકલ્યું તો ના મોકલ્યું, અમારી મરજી. તમે બેશરમોની જેમ અહીં સ્વયંવરમાં વિઘ્ન નાખવા શા માટે ચાલ્યા આવ્યા છો? આમ પણ સ્વયંવરમાં રાજા અને યુવરાજને નિમંત્રિત કરવામાં આવે છે, ગોવાળો નહીં.

થઈ ગયું. ...બિચારાએ જેટલો ક્રોધ હતો તે એક જ વારમાં બહાર કાઢી દીધો. પરંતુ મેં મારી પરિપક્વતા બતાવતા શાંતિ જાળવી રાખી. તેના ગોવાળ કહેવા છતાં, હું ન ઉશ્કેરાયો. મારે તો જરાસંધ અને ભીષ્મકની રાહ પર ચાલવાનું હતું. કોઈ બાલિશ હરકત નહોતી કરવાની. આથી મેં એકદમ શાંત ભાવથી જ શિશુપાલની સામે જોઈને કહ્યું- હું ગોવાળ છું કે રાજકુમાર તેનો નિર્ણય તમારે નહીં, મહારાજા ભીષ્મકે કરવાનો છે, અને તેઓ મને સન્માન આપીને તે નિર્ણય કરી ચૂક્યા છે. જ્યાં સુધી મારા આવવાનો સવાલ છે, તો હું એ સ્પષ્ટ કરી દઉં છું કે મથુરાના અપમાનની કિંમત તો આ સ્વયંવરે ભોગવવી જ પડશે.

...આ સાંભળતા જ, હવે રુક્મીનો વારો આવ્યો. તે લગભગ બૂમો પાડતો ઊભો થઈ ગયો- તો શું તમે રુક્મિણીનું હરણ કરી લેશો?

...તેના આમ બોલતાવેંત જ વાતાવરણ વધારે તંગ થઈ ગયું. હું આજ ચાહતો હતો. વાતાવરણ જેટલું ગરમ થશે, તેટલું જ ભીષ્મક પર દબાણ વધશે. હું તો ઈચ્છતો હતો કે એટલી બૂમરાણ મચી જાય કે ભીષ્મક ગભરાઈ જાય. આખરે થયું પણ એવું જ. ચર્ચા રુક્મિણી-હરણ સુધી પહોંચેલી જોઈને, ભીષ્મક સંપૂર્ણપણે ભાંગી પડ્યા. કયો બાપ પોતાની દીકરીનાં હરણની ચર્ચા સાંભળીને ભાંગી ન પડે? ...પણ ભીષ્મક કંઈક વધારે જ ભાવુક થઈ ગયા હતા. તે એટલી હદે ભાંગી પડ્યા હતા કે પોતાના દરબારમાં જ બધાની સામે પોક મૂકીને રોઈ પડ્યા. તેમને આ રીતે પોક મૂકતા જોઈને આખો દરબાર હતપ્રભ થઈ ગયો. સારું તો મને પણ ના લાગ્યું. ચોક્કસપણે આ એક બાપનું આક્રંદ હતું. સ્વાભાવિક રીતે હમદર્દી સ્વરૂપ આખા દરબારમાં શાંતિ છવાઈ ગઈ. હવે કોઈ કંઇ બોલવાની હિંમત કરી શકતું નહોતું. હું તો સંપૂર્ણ રીતે ખામોશ થઈ ગયો. શું કરત, બધું મારું જ તો કર્યું-કરાવ્યું હતું. ...અંતે દરબારમાં છવાયેલો સન્નાટો ભીષ્મકે જ તોડ્યો. તે ઘણા દુ:ખી થઈને બોલ્યા- જેવું કે હું પહેલા જ કહી ચૂક્યો છું કે મારી પુત્રી રુક્મિણી ગઈ કાલથી જ બેહોશ છે. રાજવૈદ્યનું કહેવું છે કે રુક્મિણીની અત્યારની હાલતમાં તેનો સ્વયંવર કરવો યોગ્ય નથી. આથી હું આ સ્વયંવર રદ કરવાની ઘોષણા કરું છું. તથા સાથે જ આમંત્રિત રાજાઓની ક્ષમા માંગુ છું. ...પછી સીધું મને સંબોધન કરતાં બોલ્યા-મથુરાને નિમંત્રણ ના મોકલવાની ભૂલ માટે હું તમારી પાસે પણ ક્ષમા માંગુ છું.

આ સાંભળતા જ હું તો ખુશીથી નાચી ઊઠ્યો. મારી ઈચ્છા પૂરી થઈ. મારો પ્રેમ સલામત રહ્યો. રુક્મિણીને માથેથી કમસેકમ હાલ પૂરતી તો ઘાત ટળી ગઈ. બસ, મારું રોમેરોમ ઉત્સાહથી છલકાઈ ગયું. આજ ઉત્સાહનો માર્યો, મેં જતા જતા મહારાજને એક સલાહ પણ આપી દીધી- કૃપા કરીને ફરી વખત હવે જ્યારે પણ સ્વયંવર રાખો, મથુરાને નિમંત્રિત કરવાનું ના ભૂલતા.

...વિચાર્યું, કમસેકમ આ બહાને, ભવિષ્ય માટે તો હું મારી ઉમેદવારી પાકી કરી લઉં. આ બાજુ મહારાજા ભીષ્મકના આ નિર્ણયથી આખા દરબારમાં સન્નાટો છવાઈ ગયો હતો. બીજી બાજુ જરાસંધ, શિશુપાલ અને રુક્મીના ચહેરા તો જોવા જેવા થઈ ગયા હતા. એવુ લાગી રહ્યું હતું કે જાણે કોઈ મોટું મહાયુદ્ધ હારી ગયા હોય. જોકે સહુથી ખરાબ હાલત "વરરાજા", એટલે કે

શિશુપાલની જ હતી. તે બિચારાના તો બધા સપનાં જ ચકનાચૂર થઈ ગયા હતા. અને બિચારો જરાસંધ, તેને તો સ્વયંવર રદ થતાં જ ફરી એક વાર એક ગોવાળને હાથે પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો. ...હવે, કૃષ્ણ સાથે ટકરાશો, તો આ તો થશે જ.

ચાલો, આ બધો અહમ કરવા માટે તો જીવન પડ્યું છે. હાલ તો સારી વાત એ બની કે સ્વયંવર રદ કરવાની ઘોષણા સાથે જ, મહારાજા ભીષ્મક સારા એવા સ્વસ્થ થઈ ગયા હતા. સ્પષ્ટ હતું, આ બહાને તેમના દિલની તમન્ના પણ પૂરી થઈ ગઈ હતી. કદાચ એટલે જતા જતા મહારાજાએ સ્વયંવર નિમિત્તે રાખવામાં આવેલા ભોજન માટે બધાને આમંત્રિત કર્યા. અર્થાત્ એટલા તો સ્વસ્થ થઈ જ ગયા હતા કે શિષ્ટાચાર નિભાવી શકે. અને સહુથી ખાસ વાત એ કે આ વખતે મને પણ નિમંત્રણ આપવાનું ભૂલ્યા નહોતા. મારું કહું તો, હું તો નિમંત્રણ મેળવીને હરખથી ફૂલીને ફાળકો થઈ ગયો હતો. પહેલા રાજાઓની બરાબરીમાં બેસવાનો મોકો મળ્યો, અને હવે તેમની સાથે સ-સન્માન ભોજન માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો. ગોવાળના તો જલસા થઈ ગયા હતા, તે ખરેખર મોટો થઈ ગયો હતો, પણ તેનું રમતિયાળપણું ગયું નહોતું. બધુંય શાંતિપૂર્વક, મારા મન મુજબ થઈ ગયું હતું છતાં પણ હું હતો કે મારી હરકતો છોડતો નહોતો, અને એને લીધે ચાલતા ચાલતા પણ મેં એક ટીખળ કરી જ લીધું. મેં મહારાજા ભીષ્મકને ધન્યવાદ આપતા કહ્યું- ...સ્વયંવરમાં ભલે નિમંત્રણ ન આપ્યું પણ કમસેકમ ભોજન માટે આમંત્રણ આપવાની સત્તા તો તમારી પાસે છે, એ જાણીને ખૂબ આનંદ થયો.

મારો વ્યંગ એટલો ધારદાર હતો કે જરાસંધ, શિશુપાલ અને રુક્મીની ત્રિપુટી બરાબરની અકળાઈ ઊઠી. આ બાજુ ભીષ્મકની નજરો તો શરમથી એવી ઝૂકી કે ઝૂકેલી જ રહી ગઈ. તેની સાથે જ બધા દુ:ખી મનથી પોતપોતાના ઉતારે જતા રહ્યા. હું પણ દેખાડવા માટે તો ઉતરેલો ચહેરો લઈને જ બહાર નીકળ્યો હતો, પણ મનમાં ને મનમાં ઘણો ખુશ થઈ રહ્યો હતો. ...શું કહું...? સ્વયંવર રદ કરાવવાનો નશો માથે ચઢી ગયો હતો. મારા સપનાની દુનિયાને પૂર્ણવિરામ લાગવાથી બચાવી શકાયાની પ્રસન્નતા સમગ્ર અસ્તિત્વ પર છવાઈ ગઈ હતી. ઉપરથી ભોજન પર રુક્મિણીનાં દર્શન પણ સંભવિત હતા. એટલું જ નહીં, જરાસંધને ફરી એક વાર તેના જ ગઢમાં જઈને પરાજિત કરવાનો ગર્વ પણ હતો. અર્થાત્ કનૈયો ખુશીઓનું આકાશ આંબી રહ્યો હતો. પણ નાટકબાજ એટલો કે રાજમહેલની બહાર આ કનૈયો મોં લટકાવીને જ નીકળ્યો હતો.

પરંતુ હા, પોતાના કક્ષમાં પહોંચીને જ તે સંપૂર્ણ રીતે ઝૂમી ઊઠ્યો હતો. કેટલીયે વાર તો પોતાને જ ગળે લગાવવાની કોશિશો કરી ચૂક્યો હતો. અને નટખટ એટલો કે જરાસંધનો ઊતરેલો ચહેરો તો તેની આંખો સામેથી ખસતો જ નહોતો. ...ખરેખર જરાસંધ અને મારી શત્રુતા પણ અજીબ હતી. તે મારા જીવનો દુશ્મન બની ગયો હતો અને હું તેની ઈજ્જતનો. તે વારંવાર મારા જીવન પર હુમલો કરતો હતો, અને હું રહીરહીને તેની આબરૂના ધજાગરા કરતો રહેતો હતો. ...જોકે આમ જોવા જઈએ તો મારો અને તેનો શું મેળ? ક્યાં જરાસંધ, જેની સામે આર્યાવર્તના મોટા-મોટા રાજા નતમસ્તક છે, અને ક્યાં હું, જેની પાસે ના તો રાજ્ય છે ના સેના. આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે અને સમજવા જેવી પણ, છતાંયે વારંવાર તેને જ હારવું પડે છે. તેનો સીધો જવાબ દઉં તો ભલેને મારી પાસે સેના, શક્તિ કે મોભો ના હોય, પણ મારી પાસે મારો આત્મવિશ્ર્વાસ છે. મારી પાસે મારી સંકલ્પક્ષમતા અને પોતાનું શ્રેષ્ઠ ચિંતન છે. સાથે જ મારી પાસે પોતાની એક વિલક્ષણ બુદ્ધિ પણ છે. ...અને આ બધાથી ઉપર, નિ:સ્વાર્થ ભાવના અને સર્વહિતની દ્રઢ ઈચ્છાશક્તિ પણ છે, જેને લીધે મારું કઠિનમાં કઠિન કામ પણ સહેલાઈથી પૂરું થઈ જાય છે. અને આ હવામાં ઉડવાની વાત નથી, હમણાં હમણાં જ ભીષ્મક જેવા રાજાને ત્યાં જરાસંધ જેવા સંરક્ષક હોવા છતાં, સ્વયંવર રદ કરાવીને ફરી એક વાર હું મારી ક્ષમતાઓનું પ્રમાણ આપી ચૂક્યો હતો. કહેવાનું તાત્પર્ય એ કે આજે હું માત્ર મારા ગુણોને કારણે સમગ્ર આર્યાવર્ત પર ભારે પડી રહ્યો હતો.

...હવે આવામાં બાકી બધું તો ઠીક પણ આજની રાતે ઊંઘ આવવાનો તો પ્રશ્ર્ન જ ઉઠતો નહોતો. એક તરફ રુક્મિણીનાં સપનાંમાં ખોવાયેલો હતો, તો બીજી બાજુ ગર્વને કારણે ફૂલ્યો નહોતો સમાતો. અને અહંકાર પણ રહીરહીને ઊંચો ઊઠી જ રહ્યો હતો. હવે અહંકાર પણ એક હોય તો બતાવું ને? તેણે પણ પોતાના અગણિત રૂપ બનાવીને મને ચારે તરફથી ઘેરી લીધો હતો. એક તરફ ભવ્ય યોજના બનાવવાનો અહંકાર હતો, તો બીજી તરફ રુક્મિણીને બચાવી શકવાની ખુશીનો અહંકાર. આ બાજુ રાજાઓની સાથે બરાબરી પર બેસવાથી ફૂલ્યો સમાતો નહોતો, તો બીજી બાજુ ભોજન પર બોલાવ્યાની ખુશીમાં અત્યારથી ઝૂમી રહ્યો હતો. અને આ બધાથી છૂટું, તો રુક્મિણીનાં સપનાં પરેશાન કરવા ચાલ્યાં આવ્યાં હતા. શું કહું, આખી રાત પડખાં બદલતા બદલતા જ વીતી.

ખેર! રાત તો જેમતેમ વીતી, પણ સવાર થતાં જ એક શુભ વિચારથી સભર થઈ ગયો. વાસ્તવમાં મથુરા પાછા ફરતા પહેલા હું પિતામહ કૈશિકના દર્શન કરવા ઈચ્છતો હતો. કારણ કે એક તેઓ જ હતા કે જે શરૂઆતથી આ સ્વયંવરની વિરુદ્ધમાં હતા. વિચાર્યું, તેમને ખુશખબરી પણ આપી આવું અને આ બહાને તેમનું મનોબળ પણ વધારતો આવું. જોકે તેમને મળવાના ઘણા અન્ય ચુંબકીય કારણ પણ હાજર હતા. જેમકે રુક્મિણી પર તેમનો ખાસ્સો ઊંડો પ્રભાવ અને રુક્મીનું તેમને કોઈ કાળે ના ગમવું. અર્થાત્ આજે નહીં તો કાલે, જો મારે રુક્મિણીને પામવી છે તો તેઓ બહુ કામમાં આવી શકે તેમ હતા. હવે આટલા કારણો બાદ આ શુભ વિચાર ટાળવાનો કોઈ સવાલ જ ઊઠતો નહોતો. બસ, વહેલી સવારે જ હું તેમના દર્શન કરવા પહોંચી ગયો. શહેરથી દૂર એક વિશાળ આશ્રમમાં તેમણે પોતાનો તંબૂ તાણ્યો હતો. સુખ, સુવિધા અને સુરક્ષાની દ્રષ્ટિએ તે કોઈ

રાજમહેલથી ઓછો નહોતો. મારા આવવાની સૂચના મળતા જ, એમણે મને તત્ક્ષણ મળવા બોલાવી લીધો. કદાચ મારા દ્વારા સ્વયંવર રોકાવવાની ખબર તેમના સુધી પહોંચી ગઈ હતી. હશે, હાલ તો હું તેમનું વ્યક્તિત્વ જોતો જ રહી ગયો. ઉંમરે તેમને વધારે મોહક જ બનાવી દીધા હતા. બીજી તરફ જેટલો ખુશ હું તેમને મળીને થયો હતો, તેનાથી વધારે ખુશ તેઓ મને મળીને થયેલા લાગતા હતા. અર્થાત્ મારો અંદાજો સાચો હતો કે સ્વયંવર અટકાવ્યાની ખબર તેમના સુધી પહોંચી ચૂકી હતી. ચાલો, આ પણ સા જ થયું હતું કે મારી પ્રતિભાથી તેઓ અજાણ રહ્યા નહોતા. આમ પણ એક રહસ્યની વાત કહું તો કહેવા માટે હું આ મુલાકાત શિષ્ટાચાર-વશ જ કરવા આવ્યો હતો, પરંતુ સાચું કહું તો ખૂબ ઊંડે હું તેમને તેમના થનારા જમાઈના દર્શન કરાવવા પણ માંગતો હતો. અર્થાત્ કહી શકાય કે હું તેમને મળવા ઓછો પણ પોતાને મળાવવા વધારે ગયો હતો. અને હું કહી શકું છું કે આ રીતે પણ આ મુલાકાત ખૂબ શુભ રહી હતી.

ખેર! બપોર થતાં પહેલા હું તેમના આશીર્વાદ લઈને આશ્રમ પાછો આવ્યો હતો. અહીં ખુશીની વાત એ કે પિતામહ કૈશિકની જ જેમ કુંડિનપુરની સામાન્ય પ્રજા પણ મારાથી ઘણી ખુશ હતી. ચારે બાજુ મારો જયજયકાર થઈ રહ્યો હતો. તેમની પ્રિય રાજકુમારીને બચાવવાનું તમામ શ્રેય મને જ આપવામાં આવી રહ્યું હતું. અને ચોક્કસપણે આ બધાથી વિપરીત, જરાસંધની ત્રિપુટી બરાબરની અકળાઈ ગઈ હતી. ...અર્થાત્ તે પણ પોતાના ખતરનાક ઈરાદાઓ પર પાણી ફેરવવાનું સંપૂર્ણ શ્રેય મને જ આપી રહ્યા હતા. આપવું જ જોઈએ. જ્યાં હું હાજર હોઉં ત્યાંનો કર્તા-ધર્તા હું જ હોઉં છું. અર્થાત્ કક્ષમાં આવતા જ મને અહંકારે ચારે તરફથી ઘેરી લીધો હતો. પણ છોડો, આવા સુંદર મોકા પર તો શું અહંકાર કરવાનો અને શું જરાસંધ જેવાઓની વાત કરવાની? રુક્મિણીની કોઈ વાત થઈ જાય. ...અર્થાત્ થોડી વાતો મારા મનની પણ કરી લેવામાં આવે. સાચું કહું તો આ વિજય બાદ હું મનમાં ને મનમાં તેને મેળવવા માટે બરાબરનો વિહ્વળ થઈ ગયો હતો. એટલું જ નહીં, હું તેને પામવા માટે દ્રઢ સંકલ્પિત પણ થતો જતો હતો. આમ તો તેને પામવામાં હવે કોઈ બાધા પણ બાકી નહોતી રહી. હું સ્વયંને તેને લાયક સિદ્ધ કરી જ ચૂક્યો હતો. ઉપરથી હવે તો તેને શિશુપાલની ચુંગાલમાંથી છોડાવીને તેનો તારણહાર પણ બની ચૂક્યો હતો. આ દ્રષ્ટિએ પણ મારો તેના પર કોઈને કોઈ અધિકાર તો બનતો જ હતો. આમ સરવાળે સફળતાનો નશો એવો ચઢ્યો હતો કે કક્ષમાં અહીંથી તહીં ચક્કર લગાવતા લગાવતા દિવસે જ સપનાં જોવાનું શરૂ કરી દીધું હતું.

ચાલો, તેનાં પર અધિકાર દેખાડવાના અને તેને પામવાનાં સપનાં જોવા માટે તો આખું જીવન પડ્યું છે. આથી, જેવો કંઈક નશો ઊતર્યો કે મન થોડા સકારાત્મક વિચારોથી ભરાઈ ગયું. અચાનક મારી આ સફળતાની પાછળ શૈવ્યા અને શ્ર્વેતકેતુનું નિર્ભિક યોગદાન યાદ આવ્યું. યોગદાન યાદ આવતા જ હું તેમનાં પ્રતિ કૃતજ્ઞતાના ભાવથી ભરાઈ ગયો. પરંતુ મનએ ફરી પડખું ફેરવ્યું. તે એક વાર ફરી 'રુક્મિણીમય' થઈ ગયું. લાગે છે અચાનક મળેલી આટલી મોટી સફળતાએ મને ઘેલો કરી દીધો હતો. મારું મન મને જ ઝુલાવવા લાગ્યું હતું. અચાનક શૈવ્યા અને શ્ર્વેતકેતુને પણ રુક્મિણીના પરિપ્રેક્ષ્યમાં જ જોવા લાગ્યો. આમ તો વાત પણ સાચી હતી, આજની તારીખમાં એક તેઓ જ હતા જે મારી અને રુક્મિણીની વચ્ચે સેતુનું કામ કરી શકતાં હતા. જો મારે રુક્મિણીને પામવી છે તો આ સેતુનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું ખૂબ જ જરૂરી હતું. બસ, ધ્યાન રુક્મિણીનાં બહાને આ બંને પર આવીને અટક્યું અને તેની સાથે જ મન તેમને લઈને ભવિષ્યની યોજનાઓમાં અટવાઈ ગયું. ભવિષ્યની યોજના પણ શું હતી? બસ, રુક્મિણી પર અધિકાર જમાવવાનો હતો. તેને પામવાના માર્ગ ખોલવાના હતા. આજ બધા વિચારોમાં સાંજ થઈ ગઈ. આ બાજુ સાંજ ઢળતા જ આનંદિત શૈવ્યા અને શ્ર્વેતકેતુ મને વધામણી આપવા માટે પધાર્યા. શૈવ્યાને તો બમણી ખુશી હતી. તેને મારી સાથે સાથે પોતાની સહેલીને શિશુપાલથી મુક્તિ મળ્યાંની પણ ખુશી હતી. થોડી વાર તો વધામણીનો આ દોર ચાલતો રહ્યો, પણ જલ્દીથી હું ગંભીર મંત્રણાઓ પર આવી ગયો. સહુથી પહેલા તો મેં રુક્મિણી સંબંધિત કોઈપણ સૂચના, ખાસ કરીને જો તે તેનાં વિવાહ કે સ્વયંવર સંબંધિત હોય તો મારા સુધી સત્વરે પહોંચાડવાનો ખાસ આગ્રહ કર્યો. સાથે જ રુક્મિણીને મારા આકર્ષણ બાબતે કંઈ પણ ના જણાવવાનું પણ નિવેદન કર્યું. ખબર પડી કે એક જ ઝાટકે દિલ તૂટી ગયું. તેનાથી તો આ સપનું ચાલું રહે એજ આ ગોવાળ માટે વધારે સારું હતું. આ બધું તો ઠીક પણ તેનાથી આગળ, શૈવ્યા પાસે એક ઘણી જ અજબ માંગણી કરી બેઠો. મેં શૈવ્યાને એ નિવેદન કર્યું કે હવે જ્યારે પણ મોકો મળે, તે રુક્મિણીની સામે મારી યોજના અને વીરતાના ગુણગાન ગાતી રહે. તેને વારંવાર અહેસાસ કરાવે કે મેં કેવી રીતે તેને શિશુપાલથી બચાવી અને મેં કેવી રીતે તેને સ્વયંવરપી નર્કથી ઉગારી. મારો તે સમયે કોઈ બદ્દઈરાદો નહોતો. મારો ઈરાદો સાફ હતો. હું તો માત્ર પોતાની વીરતા અને યોજનાની ચર્ચાઓથી તેના મનમાં મારે માટે થોડું આકર્ષણ જન્માવવા ઈચ્છતો હતો. એક તરફ લાગેલી આ આગને બીજી તરફ પ્રગટાવવા ઈચ્છતો હતો. હવે આટલો પ્રયત્ન તો આ દીવાનાએ કરવાનો રહેતો જ હતો. બસ, આ સાથે જ શૈવ્યા અને શ્ર્વેતકેતુએ ખુશી ખુશી તમામ પ્રકારના સહયોગનું વચન આપીને રજા માંગી. આમ તો ભોજનવાળા દિવસે ફરીથી તેમની સાથે મુલાકાતની અપેક્ષા હતી જ, પરંતુ તે સમયે આ બધી વાતો ક્યાંથી થવાની હતી?

ખેર! તે લોકો તો ચાલ્યા ગયા પણ આ બાજુ મને, દીવાનાને, ભોજન યાદ શું આવ્યું કે મેં ફરી મારા રાત્રિ-જાગરણનો પ્રબંધ કરી લીધો. હું સીધો ભોજનનાં સપનાંમાં જ ખોવાઈ ગયો. રુક્મિણી સાથે મુલાકાત થશે. પોતાનાં હાથેથી તે મને ભોજન પીરસશે. મને રાજાઓની વચ્ચે સન્માનિત બેઠેલો જોઈને કેટલી ખુશ થશે તે. ...બસ, કનૈયા, બેહોશ ના થઈ જતો. જોકે

'ભોજન' આવતી કાલે જ હતું; પરંતુ મેં આ રાત કેમ વીતાવી હશે તે એને જઈને પૂછો જે જમીન પર બેઠા બેઠા આકાશની ઊંચાઈઓને પ્રેમ કરી બેઠો હોય, અને જેને આગલા દિવસે અનાયાસે જ તેની બરાબરી પર બેસવાનો મોકો મળવાનો હોય.

હશે, અંતે આ રાતની પણ સવાર થઈ જ ગઈ. આજે ફરી એક નિર્ણાયક પળ હતી. રાજાઓની બરાબરીમાં બેસવાના અવસરને સંપૂર્ણ રીતે નિભાવવાનો હતો. આજે રુક્મિણી પર પોતાના વ્યક્તિત્વનો સિક્કો જમાવવાનો જ હતો. બસ, મેં તો સવારથી જ જે શણગાર સજવાનું શરૂ કર્યું તો ભોજનના સમય સુધી સજતો-ધજતો જ રહ્યો. આ દરમિયાન જાણે કેટલીય વાર પીતાંબર પહેર્યાં અને જાણે કેટલાય ઘરેણાં પહેર્યાં અને ઉતાર્યાં. સારું હતું કે ભોજનના સમય સુધી તૈયાર થઈ ગયો હતો. રાજમહેલ તરફ પ્રસ્થાન પણ સંપૂર્ણ રોફ સાથે જ કર્યું. જરૂરિયાત તો નહોતી, તેમ છતાં દસ રથોના રસાલા સાથે જ પહોંચ્યો હતો. પોતાને શણગાર્યો પણ એવી રીતે કે યશોદા અને રાધા મળીને પણ શું શણગારત? અંતે રુક્મિણી સાથે આંખો ચાર થવાની હતી; અને વળી પોતાના પ્રતિસ્પર્ધી યુવરાજોથી શ્રેષ્ઠ પણ દેખાવાનું હતું. અંદાજો લગાવવાનું જરા પણ મુશ્કેલ નહોતું કે હું કેટલો સજી-ધજીને ગયો હોઈશ. અને એક વાર સારી રીતે સજી-ધજી લો, તો ચાલ જ બદલાઈ જાય છે. આથી, કહેવાની જરૂર નથી કે મેં ખૂબ રોફથી રાજમહેલમાં પ્રવેશ કર્યો. પ્રવેશદ્વાર પર જ બધાનું અત્તર લગાવીને સ્વાગત કરવામાં આવી રહ્યું હતું. ...મારું પણ થયું. અર્થાત્ યુવરાજોમાં ગણના કરી લેવામાં આવી. મારો તો પ્રભાવ જ બદલાઈ ગયો. થોડા વધારે રોફ સાથે જ ભોજન-પ્રાંગણમાં પહોંચ્યો. ભોજન રાજમહેલની પાછળ આવેલા વિશાળ બગીચામાં રાખવામાં આવ્યું હતું. તે ત્રણે બાજુથી ખૂબસૂરત રંગબેરંગી કપડાંઓથી શણગારવામાં આવ્યો હતો. લગભગ સો જેટલા રાજા અને યુવરાજોની સાથે બેસવાની વ્યવસ્થા સ્પષ્ટ દેખાઈ રહી હતી. નહીં... નહીં... હું સહુથી પહેલા નહોતો પહોંચ્યો. સંપૂર્ણ ઘેલો પણ નહોતો થઈ ગયો. મને પણ મારી આબરૂનો થોડો ખયાલ હતો. કેટલાય યુવરાજ મારા પહોંચ્યા પહેલા જ ત્યાં આવી ચૂક્યા હતા. જો આ તરફ ભોજન-વ્યવસ્થાની વાત કરું તો કુલ ત્રણ કતાર લાગેલી સાફ દેખાઈ રહી હતી. મને છેલ્લી કતારમાં બેસાડવામાં આવ્યો હતો. આ ત્રણે કતાર ઉપરાંત, બાજુમાં ઠીક રાજમહેલ સાથે જોડાયેલ સ્થાન પર છ બીજા લોકોને બેસવાની વ્યવસ્થા હતી. કદાચ, મહારાજ, જરાસંધ અને મહામંત્રીશ્રી વગેરે માટે હશે. હોવા દો, હાલ તો અહીં રાજાઓ અને યુવરાજોનું આવવું સતત ચાલું હતું. જોકે તેમ છતાં વાતાવરણમાં કોઈ ઉમંગ જેવું વર્તાતું નહોતું. સ્વયંવર રદ થવાની ઉદાસી દરેક ખૂણામાં વર્તાઈ રહી હતી. હા, છતાં પણ મંડપ સંપૂર્ણ રીતે ભરાઈ અવશ્ય ગયો હતો. સારું એ પણ થયું કે કોઈએ વધારે રાહ ના જોવી પડી. થોડી જ વારમાં મહારાજા ભીષ્મક, જરાસંધ, શિશુપાલ અને રુક્મીની સાથે આવી પહોંચ્યા. સહુએ પોતાના સ્થાન પર ઊભા થઈને તેમનું અભિવાદન કર્યું. તેની સાથે જ તેમણે પણ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

...આ બાજુ સ્થાન ગ્રહણ કરતાની સાથે જ ભોજન પીરસાવાનું શરૂ થઈ ગયું. ભોજનના થાળ વગેરે તો પહેલેથી જ બેઠકની સામે રાખવામાં આવ્યા હતા. બસ, એકસાથે વીસ સેવક અલગ અલગ વાનગીઓ લઈને શરૂ થઈ ગયા હતા. વાતાવરણ તો જામી જ ગયું હતું અને ભવ્ય ભોજન મારી કમજોરી પણ હતી; પરંતુ આજે મન ભોજનમાં લગીરેય નહોતું. કારણ કે આજે મને મારી તેનાથી પણ મોટી કમજોરીનો ઇંતઝાર હતો. હું તો એક સારા પ્રેમીની જેમ એકીટશે પ્રવેશદ્વાર તરફ જ જોઈ રહ્યો હતો. ખબર નહીં ક્યારે રુક્મિણી પ્રકટ થઈ જાય. આજે તેને મન ભરીને જોઈ લઉં, ફરી ખબર નહીં ક્યારે તેનાં દર્શન થાય ...કે ના પણ થાય! સારું હતું જે જીવનનો આ સહુથી સુંદર ઇંતઝાર જલ્દી સમાપ્ત થઈ ગયો હતો, નહીંતર આ પ્રેમી તો એકીટશે જોવામાં જ મરી જાત. ચાલો, જે થયું નથી તેની વાત શું કરવાની? હાલ તો સોનેરી રંગનાં વસ્ત્રોમાં સજ્જ રુક્મિણી જોવા જેવી લાગતી હતી. દૂરથી જ તે ચાંદનો ટુકડો લાગતી હતી. એવું લાગી રહ્યું હતું ...જાણે પૂનમનો ચાંદ ધરતી પર ઉતરી આવ્યો હોય. હું તો તેને જોતો જ રહી ગયો. ઘાયલ પ્રેમી બેહોશ થવામાં જ હતો કે તરત મેં જાતને સંભાળી. કારણ કે શિશુપાલ કે રુક્મીને મારા પ્રેમનો જરા જેટલો પણ અણસાર આવી ગયો તો મારા ભવિષ્યની તમામ યોજનાઓ ખાડામાં પડે એમ હતું. બસ, આ એક ડરે મને સંપૂર્ણ રીતે સંભાળી લીધો. ખરેખર ક્યાંક મારી આંખો મારા હૃદયની સ્થિતિ જાહેર ના કરી દે. રુક્મિણીને હંમેશાં માટે ગુમાવવા કરતાં તો સારું છે હાલ તેને જોવાનો આનંદ ત્યાગી દેવામાં આવે. અને મતલબની વાત સમજવામાં કનૈયાને શું વાર લાગવાની હતી? ચૂપચાપ સામાન્ય થઈને બેસી ગયો. જોકે આ સામાન્ય હોવું પણ સંપૂર્ણ રીતે બહારથી હતું, ભીતર તો ભાવનાઓના હજારો તોફાન ઊઠી જ રહ્યા હતા. એક તરફ જ્યાં પોતાનાં સપનાંઓને બચાવી શકવાની ખુશી હતી, તો ત્યાંજ બીજી તરફ આકાશમાં બિરાજમાન મારી સપનાની રાણીને ત્યાં મહેમાન બનીને યુવરાજોની સાથે બરાબરી પર બેઠેલો હોવાને કારણે હું ઘેલો થતો જતો હતો. ...સાથે જ રુક્મિણી-દર્શનની મદહોશી તો છવાઈ જ હતી. એટલું જ નહીં, આ સમયે તો બદલાયેલી પરિસ્થિતિઓ પણ મનને સામાન્ય થવા દેતી નહોતી. મન સપનાંઓની નવી નવી ઊંચાઈઓ આંબવા લાગ્યું હતું. તમને યાદ હશે કે પહેલી વાર જ્યારે હું રુક્મિણી પર મોહિત થયો હતો ત્યારે મારી અને એની વચ્ચે ઘણું મોટું અંતર હતું. તે રાજકુમારી હતી અને હું એક અભણ, ગરીબ ગોવાળ. પરંતુ હું હવે ન માત્ર શિક્ષિત છું, પરંતુ ધનાઢ્ય પણ છું. અને આજે મારા વ્યક્તિત્વનો પ્રભાવ પણ કોઈ કિંમતે રાજાઓથી ઉતરતો નથી. ...હવે રાજાઓની વચ્ચે તેનાં જ પિતાજી દ્વારા ભોજન પર આમંત્રિત છું, ભલા આનાથી વધારે આ વાતનું પ્રમાણ બીજું શું લેશો?

આમ સરવાળે મારી હાલત જોવા જેવી હતી. જેના ખયાલ માત્રથી હું ઝૂમી ઊઠતો હતો આજે તે જ મને પીરસવા

પધારી હતી. સ્વાભાવિક રીતે મારી અંદર રોમાંચ તેની ચરમસીમાએ હતો, પરંતુ ઉપરથી આ જુલ્મ થઈ રહ્યો હતો કે મારે સંવેદના વ્યક્ત કર્યા વગર ચૂપચાપ બેસી રહેવું પડતું હતું. કહેવા અને જોવા માટે આખું જગત આંખ સામે હાજર હતું, પરંતુ તેમ છતાં, સ્વયં આંખ-મોં પર પટ્ટી બાંધીને ગુમસુમ બેસી રહેવું પડતું હતું. ખરેખર 'કનૈયા'ની આજની સ્થિતિ કનૈયો જ જાણી શકતો હતો. હશે, હજી તો આ તરફ રુક્મિણીની પાછળ પકવાનનો થાળ લઈને ચાર સેવક ચાલ્યા આવી રહ્યા હતા. શૈવ્યા, રુક્મિણીના હાથમાં હાથ નાખીને તેની સાથે ચાલી આવી રહી હતી. રુક્મિણી થોડી કમજોર ચોક્કસ લાગી રહી હતી, પરંતુ આ કમજોરીની તેની સુંદરતા પર કોઈ અસર પડી હોય તેમ લાગતું નહોતું. તે મોં નીચું રાખીને જ એક પછી એક રાજાઓ અને યુવરાજોને પકવાન પીરસી રહી હતી. આ બધું તો ઠીક પણ ત્યાં શિશુપાલ એટલો ક્રોધિત હતો કે તેણે રુક્મિણીનાં હાથે પીરસાયેલા પકવાન સુદ્ધાંને ઠુકરાવી દીધા હતા. ...બિચારો ઘાયલ પ્રેમી ચોક્કસપણે પોતાનો ક્રોધ ખોટી જગાએ કાઢી રહ્યો હતો. જોકે આ તમામ વાતોથી બેખબર, રુક્મિણી માત્ર શિષ્ટાચાર નિભાવી રહી હતી. તે કોને અને શું પીરસી રહી છે તેના પર પણ તેનું ધ્યાન નહોતું. આમ તો તે આટલું કરી રહી હતી તે પણ પૂરતું હતું. આનાથી વધારે કરી શકવાની તેની સ્થિતિ પણ ક્યાં હતી? આ તરફ મારું કહું તો હું શૈવ્યા અને રુક્મિણીની નિકટતા જોઈને ખાસ્સી રાહત અનુભવી રહ્યો હતો. ખરેખર આ નિકટતાએ મારે માટે રુક્મિણીને પામવા માટેનું સહુથી મોટું દ્વાર ખોલી નાખ્યું હતું. ...આમ તો તમારાથી શું છુપાવું, સીધું તો નહીં પર વાંકી નજરોથી તો મારું ધ્યાન રુક્મિણી પર લગાવીને જ બેઠો હતો. ...અચાનક શું થયું કે સામેની કતારમાં પીરસતા પીરસતા રુક્મિણીની નજર મારા પર પડી. મને જોતા જ તેનાં ચહેરા પર કેટલાય ભાવ આવ્યા અને ગયા. ચોક્કસપણે તેણે મારા અહીં હોવાની રતીભાર અપેક્ષા નહીં રાખી હોય. ઉપરથી રાજાઓની બરાબરીએ બેસવાવાળી વાત તો તેને બિલકુલ સમજમાં નહીં આવી હોય. અને મારું શું કહું? હું તો તેના જોતા જ મીણની જેમ પીગળી ગયો હતો. ખેર, મારો વારો પણ આવી જ ગયો. તેણે મને પણ પકવાન પીરસ્યા, પરંતુ કોઈ વિશેષ ધ્યાન આપ્યું હોય તેવું ન લાગ્યું. મેં આ વાતનું ખોટું પણ ન લગાડ્યું. ધ્યાન ન દીધું...તો ન દીધું. ભલે, પોતાના હાથે પકવાન તો પીરસ્યા. હું તો આનાથી જ હોશ ખોઈ બેઠો. રાજકીય શિષ્ટાચાર ભૂલી જઈને ગોવાળની જેમ તમામ પકવાન આંગળી ચાટી ચાટીને ખાઈ ગયો. સાચું કહું છું, પકવાનોની આવી મીઠાશનો પહેલા ક્યારેય અનુભવ કર્યો નહોતો.

ખેર! ભોજન સમાપ્ત થયું અને ભોજનની સાથે જ ભીષ્મકની ચિંતા પણ. આમ તો મારું કામ પણ સમાપ્ત થઈ ગયું હતું. હું તરત મથુરા પાછો જવા ઈચ્છતો હતો. આમ પણ કામ પૂરું કર્યા બાદ અકારણ રોકાવું મોટે ભાગે મુસીબત ઊભી કરનારું સિદ્ધ થાય છે. અને અહીં તો વિશેષ પથી સાવધાન રહેવું જરૂરી હતું. જરાસંધની ત્રિપુટી તો લાગમાં જ બેઠી હશે, અને તે ગમે ત્યારે મુસીબત ઊભી કરવા માટે સક્ષમ પણ હતી જ. બસ, આ શુભ વિચાર આવતા જ હું ફટાફટ વિશ્રામાલયમાં ગયો અને તત્ક્ષણ જવાની તૈયારીઓમાં લાગી ગયો. તૈયારી શું કરવાની હતી, કપડાં જ બદલવાના હતા. બસ, રસાલાને તૈયાર રહેવાની સૂચના આપીને રાજમહેલ આવી પહોંચ્યો. જી હા, બે દિવસ રાજાઓ સાથે શું રહ્યો હતો, રાજકીય શિષ્ટાચાર પણ સારી રીતે શીખી ગયો હતો. આથી જતા પહેલા હું મહારાજા ભીષ્મકને મળવા અને તેમની પાસેથી આજ્ઞા લેવાનું ભૂલ્યો નહીં. આ બધું તો ઠીક પણ આદતથી મજબૂર, હું તો હું જ હતો. વિચાર્યું, જતા જતા શા માટે જરાસંધની હાલત પણ ના જાણી લઉં? હવે મહારાજાએ તેને ઉતારો આપ્યો હતો પોતાની બાજુવાળા કક્ષમાં જ. અને વળી ભવિષ્ય માટે અને સાવધાનીરૂપે પણ તેના મિજાજનો હાલચાલ જાણવો જરૂરી જ હતો. અર્થાત્ કામનું કામ થઈ જશે અને સાથોસાથ શોખ પણ પૂરો થઈ જશે. બસ, હું તમામ શિષ્ટાચારોને બાજુ પર મૂકીને સીધો તેના કક્ષમાં જ જઈ ચઢ્યો. મને અચાનક પોતાના કક્ષમાં જોઈને તે બરાબરનો ગભરાઈ ગયો. આમ પણ મને લોકોને ચોંકાવવામાં બહુ મજા આવતી હતી, અને એમાં ય આ તો જરાસંધ હતો. મારી તમામ મુદ્રાઓ પર પહેલો અધિકાર તેનો જ બનતો હતો. હા, કક્ષમાં પ્રવેશ કર્યા બાદ મેં શિષ્ટાચાર અવશ્ય નિભાવ્યો. તેને પ્રણામ કર્યા. એના માટે તો મારા પ્રણામનો ઉત્તર આપવાનો પ્રશ્ન જ ઊઠતો નહોતો. એ તો પોતાની પથારીમાં બેઠો હતો... ત્યાંજ બેઠો રહ્યો. તેણે મને બેસવાનું સુદ્ધાં ના કહ્યું. ખરો હતો, મને સામે જોતા જ તે રાજકીય શિષ્ટાચાર પણ ભૂલી ગયો હતો. તો મારે ક્યાં કોઈ નિમંત્રણ જોઈતું હતું. હું બેશરમોની જેમ તેની સામેના આસન પર જઈને બેસી ગયો.

સ્વાભાવિક રીતે વાતચીત પણ મારે જ શરૂ કરવાની હતી, તે તો મારી સાથે વાત કરવાથી રહ્યો. આવામાં હું શું કામ વાર કરવાનો હતો? મેં તરત વાતચીત શરૂ કરતાં એકદમ વિનમ્રતાથી કહ્યું- તમારી છત્રછાયામાં આવ્યો હતો, આવતી કાલે વહેલી સવારે પાછો મથુરા જવાનું વિચારી રહ્યો હતો. વિચાર્યું, જતા જતા તમારી રજા લઈ લઉં અને બની શકે તો આ બહાને તમારા આશીર્વાદ પણ મેળવી લઉં.

કમાલનો માણસ હતો! હું આટલી વિનમ્રતાપૂર્વક આજ્ઞા અને આશીર્વાદ માંગી રહ્યો હતો, છતાં પણ તે કોઈ પ્રતિસાદ નહોતો આપી રહ્યો. તો એનાથી મને બેશરમને ક્યાં ફર્ક પડવાનો હતો? મેં ફરી વાત આગળ વધારતા કહ્યું- આમ તો છેલ્લા ઘણા વર્ષોથી હું સતત તમારી કૃપાને પાત્ર બનતો આવ્યો છું. ખરા અર્થમાં તમે જ મારા જીવનના સાચા 'માર્ગદર્શક' બન્યા છો. ...આટલું કહીને એક ક્ષણ માટે હું ફરી ચૂપ થઈ ગયો. જરાસંધ આ બધું ચૂપચાપ સાંભળી તો રહ્યો હતો પણ તે હજુ પણ કોઈ પ્રતિક્રિયા વ્યક્ત નહોતો કરી રહ્યો. હા, અંદર ને અંદર તે ઘણો ઉકળી રહ્યો હતો. આમ તો મેં હરકત પણ કંઈ તેને ઠંડક પહોંચાડે

એવી તો કરી નહોતી. જોકે મારા સ્વભાવથી વિપરીત, હજી સુધી મેં કોઈ એવી વાત પણ નહોતી કરી કે તેને ખરાબ લાગે. ના તો કોઈ કટાક્ષ પણ કર્યો હતો. પરંતુ સાચું કહું તો પહેલી વાર મારા માર્ગદર્શક સાથે એકાંતમાં આમને-સામને મુલાકાત થઈ રહી હતી, અને આમ જ શુષ્ક શુષ્ક પતી જાય? ...સારું નહોતું લાગી રહ્યું. ...જી હા, બરાબર સમજ્યાં. મને તેને પરેશાન કરવાનું મન થયું. આમ પણ આ સમયે તે પિંજરામાં બંધ ઘાયલ સિંહથી વધારે કંઈ નહોતો. રાજકીય શિષ્ટાચારને ધ્યાનમાં રાખીને તે ઈચ્છવા છતાં પણ આ સમયે મને કોઈ નુકસાન તો પહોંચાડી શકતો નહોતો. આથી, જ્યારે ચીડાવવામાં જોખમ જ નથી તો શા માટે ન ચીડવી લેવામાં આવે? ખુલ્લા મેદાનમાં તો તેનો સામનો કરવાની હિંમત મારામાં નથી; ખુલ્લા મેદાનમાં તો તેણે મને દોડાવી દોડાવીને થકાવી દીધી હતો. તો પછી આવામાં હાથ લાગેલો આ મોકો શા માટે ગુમાવું? આથી જતા જતા મેં તેને ચીડવી જ દીધો. મેં કહ્યું- આશા છે હવે તમારી સાથે એક વાર ફરી મથુરામાં મુલાકાત થશે. પરંતુ આ વખતે પૂરી તૈયારી સાથે આવજો, ક્યાંક ફરી પરાજયનો સ્વાદ ના ચાખવો પડે.

આ સાંભળતા જ તે બરાબરનો અકળાયો, પરંતુ હજી પણ કંઈ બોલ્યો નહીં. મને આટલાથી જ સંતોષ હતો. ચીડવી પણ દીધો અને જે કંઈ સમજવું હતું તે સમજી પણ લીધું. સાથે જ જે સમજાવવાનું હતું તે સમજાવી પણ દીધું. અને તારણ સ્પષ્ટ હતું, હજી મથુરા પાછા ફરતા સુધી જરાસંધની મારા પર હુમલો કરવાની કોઈ યોજના નહોતી. અર્થાત્ યાત્રા સુરક્ષિત હતી. બસ, જરાસંધ પાસેથી એકતરફી રજા લઈને હું ત્યાંથી નીકળી ગયો. ...છતાં પણ તમે બધા જાણો છો કે સાવધાની રાખવી એ મારો સ્વભાવ હતો. ભલેને જરાસંધનો રસ્તામાં વળતો હુમલો કરવાનો કોઈ ઈરાદો નહોતો, છતાં પણ આ વાત વિશ્ર્વાસથી થોડી કહી શકાતી હતી? હવે તમારાથી શું છુપાવું, જરાસંધને વહેલી સવારે નીકળવાની વાત પણ તેને ગેરમાર્ગે દોરવા જ કહી હતી. મારું તો હમણાં બપોરે જ કુંડિનપુર છોડવાનું નક્કી હતું, જેથી જરાસંધનો કોઈ ખતરનાક ઈરાદો હોય તો પણ તે કાલે નીકળવાની ગણતરીમાં રહે, અને હું આજે જ ભાગી જાઉં. માન્યું કે તે કુંડિનપુરમાં હુમલો નથી કરી શકતો પણ કુંડિનપુરની સીમા અને મથુરાની વચ્ચે રસ્તામાં તો મને પકડી જ શકે છે. મારું જીવન પણ અજીબ હતું, જીવતા રહેવા માટે પણ કોણ જાણે કેટલા ચક્કર ચલાવવા પડતા હતા. ક્યારેક ક્યારેક તો વિચારતો હતો કે ક્યાંક જરાસંધ દોડાવી દોડાવીને જ મારો જીવ તો નહીં લઈ લેને? ચાલો, જ્યારે આટલી વાત નીકળી છે તો તમને મારી ચતુરાઈની કેટલીક બીજી વાતો પણ કહી દઉં. જરાસંધ સાથે મુલાકાત કરવાનું એક દુરોગામી કારણ બીજું પણ હતું. વાસ્તવમાં જરાસંધને ચીડાવીને હું તેના ક્રોધ અને નફરતનું ઊંડાણ માપવા માંગતો હતો. એ તો વર્તાઈ જ રહ્યું હતું કે એક પછી એક મળેલી અસફળતાએ તેના અહંકાર પર ઊંડો ઘા કર્યો હતો. સાથે જ એ પણ નક્કી હતું કે તે આજે નહીં તો કાલે મથુરા પર એક ભયાનક અને નિર્ણાયક આક્રમણ જરૂર કરશે. નક્કી એ પણ હતું કે તેનું આ આક્રમણ એટલું ભયાનક હશે કે તેમાં તે મારા સહિત આખી મથુરાને ધૂળમાં મેળવી દેશે. ...હવે આ બધી તો નક્કી બાબતો હતી. આ બધી આંટીઘૂંટી ઉકેલવાની જ હતી. પણ ક્યારે...? બસ, હું આ આંટીઘૂંટી ઉકેલવા ઈચ્છતો હતો, અને જે થોડે ઘણે અંશે ઉકેલાઈ પણ ગઈ હતી. તેની સાથે મુલાકાત કરીને એ પાક્કું કરી લીધું હતું કે હાલ પૂરતી તો આવા આક્રમણની તેની કોઈ યોજના નથી. ચોક્કસપણે આ જાણી લેવું મારી આ યાત્રાની એક વધુ મોટી ઉપલબ્ધિ હતી. થોડા સમય માટે જ ભલે, જીવન સુરક્ષિત હતું, ...આ જાણીને કનૈયો ઘણો ખુશ થયો. આમ તો મારી ચતુરાઈની વધારે હદ કહું તો કદાચ તમે ધ્યાન નહીં આપ્યું હોય કે મેં તેને અંતિમ વાક્ય ખૂબ જ પરિણામકારી કહ્યું હતું. મેં ઉઠતા ઉઠતા તેને કહ્યું હતું ને કે 'આ વખતે પૂરી તૈયારી સાથે આવજો, ક્યાંક ફરી પરાજયનો સ્વાદ ના ચાખવો પડે'. ના સમજ્યાં, જેથી તે ઉતાવળમાં આક્રમણ ના કરે. કંઈક વિચારે, પાક્કી તૈયારી કરે, પરિણામસ્વરૂપ મને લાંબો સમય મળી જાય. નહીંતર ત્યાં મથુરામાં અમારી પાસે હતું શું? તેની નાની-મોટી સેના જ અમને ખતમ કરવા માટે પૂરતી હતી. હશે, અત્યારે તો તેની સામે જ હું એક વધુ વિજય મેળવીને, પોતાના ભવ્ય રસાલા સાથે મથુરા તરફ નીકળી ચૂક્યો હતો. ફરક માત્ર એટલો હતો કે આ મારો વ્યક્તિગત વિજય હતો. તદ્દન વ્યક્તિગત...!

---

[38] . શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, અધ્યાય-૧૬, શ્ર્લોક-૧૯-૨૦

[39] . શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, અધ્યાય-૩, શ્ર્લોક-૧૯

[40] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૨, શ્ર્લોક-૧૮-૫૩; ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૪૫, શ્ર્લોક-૧૨; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૧, શ્ર્લોક-૯

[41] . શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, અધ્યાય-૧૮, શ્ર્લોક-૫૬

[42] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૬, શ્ર્લોક-૧૩-૨૩; ગર્ગ સંહિતા, દ્વારકા ખંડ, અધ્યાય-૧, શ્ર્લોક-૪૧-૪૭; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૨, શ્ર્લોક-૮-૯

[43] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૭, શ્ર્લોક-૯

[44] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૩, શ્ર્લોક-૩; ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૪૫, શ્ર્લોક-૩૧; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૧, શ્ર્લોક-૧૮-૧૯

[45] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૧૧, શ્લોક-૫૩-૫૪

[46] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૯, શ્લોક-૩૨-૩૩, અધ્યાય-૧૦, શ્લોક-૨૮, ૩૬

[47] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૩૮

[48] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૨૨-૨૪

[49] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૨૧

[50] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૧૦, શ્લોક-૨૮

[51] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૨, શ્લોક-૨૦

[52] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૨૬

[53] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૨૬

[54] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૩, શ્લોક-૯-૧૧; ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૪૫, શ્લોક-૩૬-૩૭; ગર્ગ સંહિતા, મથુરા ખંડ, અધ્યાય-૯, શ્લોક-૧૫-૧૬; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૧, શ્લોક-૨૩-૨૪

[55] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૨, શ્લોક-૨૭

[56] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૯, શ્લોક-૮; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૨, શ્લોક-૧૭

[57] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૯, શ્લોક-૨૦-૭૦

[58] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૧, શ્લોક-૮-૩૦

[59] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૩૯, શ્લોક-૮૦

[60] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૨, શ્લોક-૨

[61] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૧, શ્લોક-૫૧-૫૩

[62] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૩, શ્લોક-૭૯-૮૦

[63] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૨, શ્લોક-૧૨-૧૫

[64] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૪, શ્લોક-૫૫-૫૮

[65] . શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૨, શ્લોક-૫૦

[66] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૭, શ્લોક-૧-૧૧

[67] . હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૪૭, શ્લોક-૧૫-૧૮